
પ્રકરણ (૩૪)

સૂરએ સબા

સૂરએ સબા મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૫૪ આયતો અને છ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૧-૨)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

સઘળા વખાણ અલ્લાહ માટે જ છે, જે કંઈ કે આસમાનોમાં અને જમીનમાં છે તેનું જ છે અને આખિરતમાં તેના જ વખાણ છે અને તે જ છે હિકમતોવાળો સઘળુ જાણનારો. (૧) સઘળુ જાણે છે જે કંઈ કે જમીનની અંદર ઘુસે (ઊતરે) છે અને જે કંઈ કે તેમાંથી બહાર નીકળે છે અને જે આસમાનથી ઊતરે છે અને જે તેમાં ઉપર ચઢે છે અને તે જ મહાદયાળુ મહાન મા'ફ કરનાર છે. (૨)

તફસીર :

સઘળા વખાણ (અને સ્તુતી) તે જ અલ્લાહને ઘટે છે જેની મિલ્કત છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ ધરતીમાં છે અને (જે રીતે તે હરહંમેશ

VISIT…

LANZAROTE

Caliente.COM

વખાણનો હકદાર છે તે જ પ્રમાણે) તેને જ વખાણ (અને સ્તુતી) આખિરતમાં (પણ) ઘટે છે (તેની જાહેરાત એ પ્રમાણે થશે કે જન્નતવાળા જન્નતમાં પ્રવેશ થયા પછી અલ્લાહ તઆલાના વખાણ આ શબ્દો વડે કરશે اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ هَدَانَا لِهٰذَا، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَذْهَبَ عَنَّا الْحَزَنَ، اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ صَدَقَنَا وَعْدَهٗ، વગેરે) અને તે હિકમતવાળો છે (કે તે આસમાન અને જમીનની બધી જ મખ્લૂકોને અગણિત મસ્લિહતો અને લાભ ઉપર આધારિત બનાવ્યા છે અને તે) સઘળી ખબર રાખનાર (પણ) છે (કે આ મસ્લિહતો અને લાભોને પેદા કરતાં પહેલાં જ જાણે છે, દરેક વસ્તુમાં હિત અને લાભોને ઘણી હિકમત સાથે રાખી દીધા અને તે એવો સર્વજ્ઞ છે કે) તે સઘળુ કંઈ જાણે છે જે વસ્તુ જમીનની અંદર દાખલ થાય છે (દાખલા તરીકે વરસાદનું પાણી) અને જે કંઈ તેમાંથી નીકળે છે (દાખલા તરીકે વૃક્ષો અને સામાન્ય વનસ્પતિ) અને જે વસ્તુ આસમાનથી ઊતરે છે અને જે વસ્તુ તેમાં ચઢે છે (દાખલા તરીકે ફરિશ્તા જેઓ આસમાનથી ઊતરતા અને ચઢતા રહે છે અને દાખલા તરીકે શરીઅતના હુકમો જે આસમાનથી ઉતારવામાં આવે છે અને નેક અમલો જે આસમાનમાં લઈ જવામાં આવે છે) અને (કારણ કે આ બધી વસ્તુઓમાં શારીરિક અથવા આધ્યાતિમક લાભો છે જેનો તકાદો એ છે કે બધા લોકો સંપૂર્ણ શુક્ર અદા કરે અને પાડ માને અને જે તેમાં ઉણપ રાખે તે સજાનો હકદાર હોય પરંતુ) તે (અલ્લાહ) મહાકૃપાળુ (અને) મા'ફ કરનાર (પણ) છે (અને પોતાની રહમતથી નાના સગીરહ ગુનાહને નેક અમલોથી અને મોટા કબીરહ ગુનાહને તવબહથી અને ક્યારેક બંને પ્રકારના ગુનાહને માત્ર પોતાની કૃપાથી મા'ફ કરી આપે છે અને જે ગુનાહ કુફ્ર અને શિર્કની હદ સુધી પહોંચી જાય તેને ઈમાન લાવવાથી મા'ફ કરી આપે છે).

આયતો : (સૂરએ સબા : આયત નં. ૩ થી ૯)

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَا تَاْتِيْنَا السَّاعَةُ ؕ قُلْ بَلٰى وَرَبِّىْ لَتَاْتِيَنَّكُمْ ۙ عٰلِمِ الْغَيْبِ ۚ
لَا يَعْزُبُ عَنْهُ مِثْقَالُ ذَرَّةٍ فِى السَّمٰوٰتِ وَلَا فِى الْاَرْضِ وَلَاۤ اَصْغَرُ مِنْ ذٰلِكَ
وَلَاۤ اَكْبَرُ اِلَّا فِىْ كِتٰبٍ مُّبِيْنٍ ۙ﴿۳﴾ لِّيَجْزِىَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ؕ

أُولَٰٓئِكَ لَهُم مَّغْفِرَةٌ وَرِزْقٌ كَرِيمٌ ۝٤ وَالَّذِينَ سَعَوْ فِىٓ ءَايَٰتِنَا مُعَٰجِزِينَ أُولَٰٓئِكَ
لَهُمْ عَذَابٌ مِّن رِّجْزٍ أَلِيمٌ ۝٥ وَيَرَى الَّذِينَ أُوتُوا الْعِلْمَ الَّذِىٓ أُنزِلَ
إِلَيْكَ مِن رَّبِّكَ هُوَ الْحَقَّ وَيَهْدِىٓ إِلَىٰ صِرَٰطِ الْعَزِيزِ الْحَمِيدِ ۝٦ وَقَالَ
الَّذِينَ كَفَرُوا هَلْ نَدُلُّكُمْ عَلَىٰ رَجُلٍ يُنَبِّئُكُمْ إِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ إِنَّكُمْ
لَفِى خَلْقٍ جَدِيدٍ ۝٧ أَفْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا أَم بِهِۦ جِنَّةٌ بَلِ الَّذِينَ لَا يُؤْمِنُونَ
بِالْءَاخِرَةِ فِى الْعَذَابِ وَالضَّلَٰلِ الْبَعِيدِ ۝٨ أَفَلَمْ يَرَوْا إِلَىٰ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُم
مِّنَ السَّمَآءِ وَالْأَرْضِ إِن نَّشَأْ نَخْسِفْ بِهِمُ الْأَرْضَ أَوْ نُسْقِطْ عَلَيْهِمْ كِسَفًا
مِّنَ السَّمَآءِ إِنَّ فِى ذَٰلِكَ لَءَايَةً لِّكُلِّ عَبْدٍ مُّنِيبٍ ۝٩ ع

તરજુમો :

અને કાફિરો કહેવા લાગ્યા અમારા ઉપર કયામત આવશે નહીં, તમે કહો ! કેમ નહીં ?! કસમ છે મારા પરવરદિગારની અલબત્ત તમારા ઉપર આવશે, તે આલિમુલ ગયૂબ (અદૃષ્ય બાબતોના જાણનાર)થી કોઈ વસ્તુ રજકણ બરાબર પણ આસમાનોમાં અને ન જ જમીનમાં ગુપ્ત રહી શકે છે અને કોઈ વસ્તુ એનાથી નાની નથી અને ન જ એનાથી મોટી જે "કિતાબુમ્મુબીન" (લવહે મહફૂઝ)માં ન હોય. (૩) જેથી બદલો આપે તેમને જેઓ ઈમાન (યકીન) લાવ્યા અને ભલા કામ કર્યા, તે જ લોકો છે જેમના માટે મા'ફી અને ઈજ્જતની રોજી છે. (૪) અને જે લોકો અમારી આયતોને હરાવવા માટે દોડયા તેમના માટે કઠોર દર્દનાક અઝાબ છે. (૫) અને જોઈ લો જેને સમજ મળી છે કે જે તમારા ઉપર તમારા પરવરદિગાર તરફથી ઊતર્યું તે જ સત્ય છે અને માર્ગ સુઝાડે છે તે મહાન ખુબીઓવાળાનો. (૬) અને કાફિર કહેવા લાગ્યા, અમે તમને એક પુરુષ બતાવીએ કે જે તમને ખબર આપે છે કે જ્યારે તમે ફાટીને ટૂકડે ટૂકડા થઈ જશો નિઃશંક તમારે ફરી નવેસરથી બનવાનું છે. (૭) અલ્લાહ ઉપર કેવું જૂઠ ઘડી લાવ્યો છે ! અથવા તે માનસિક અસ્થિર

છે? કંઈ પણ નથી પરંતુ જેઓ આખિરતનું ઈમાન નથી રાખતા આફતમાં છે અને ભૂલમાં દૂર જઈ પડયા. (૮) શું જોતા નથી જે કંઈ તેમની આગળ છે અને પાછળ છે આસમાન અને જમીનમાં ? જો અમે ઈચ્છીએ તો તેમને જમીનમાં ગરકાવ કરી આપીએ અથવા તેમના ઉપર આસમાનનો ટૂકડો નાંખી દઈએ, બેશક ! તેમાં દરેક રુજૂઅ્ કરનાર (શરણે આવનાર) બંદા માટે નિશાની છે. (૯)

તફસીર :

અને આ કાફિરો કહે છે અમારા ઉપર કયામત આવશે નહીં, તમે કહી આપો કે કેમ નહીં (આવે) ? કસમ મારા પરવરદિગારે આલિમુલ ગયૂબની કે તે અવશ્ય તમારા ઉપર આવશે (તેનું જ્ઞાન એટલું વિશાળ અને સર્વવ્યાપી છે કે) તેના (જ્ઞાન)થી કોઈ રજકણ બરાબર પણ છુપું નથી, ન તો આસમાનોમાં, ન જ જમીનમાં (બલકે બધું જ તેના જ્ઞાનમાં હાજર છે) અને ન જ કોઈ વસ્તુ તેના (પ્રસ્તુત પ્રમાણ)થી નાની અને ન જ કોઈ વસ્તુ (તેનાથી) મોટી પરંતુ એ બધું (અલ્લાહના જ્ઞાનના ઘેરાવાના કારણે) કિતાબે મુબીન (એટલે કે લવહે મહફૂઝ)માં (લખાયેલ) છે, (કયામત વિશે કાફિરોને કેટલીય શંકાઓ હતી, એક એ કે જો તે આવનારી છે તો તેનો સમય બતાવો كَمَا قَالَ تَعَالَىٰ اَيَّانَ مُرْسٰهَا બીજું એ કે જેના અવશેષોને એકઠા કરીને તેમાં જીવન પેદા કરવાનું બતાવવામાં આવે છે તેની કોઈ નિશાની પણ રહેવાની નથી પછી તે અવશેષો કઈ રીતે એકઠા થશે?

આ વિષયની સાબિતી ઈલ્મે ગયૂબની પ્રથમ શંકાનો જવાબ થઈ ગઈ કે તેનું ઈલ્મ હિકમતના કારણે અલ્લાહ તબારક વ તઆલાની સાથે ખાસ છે, જો નબી અલૈ.ને તેનો નિશ્ચિત સમય ખબર ન હોય તો જરૂરી નથી કે તેનું અસ્તિત્વ જ ન હોય, અલ્લાહ તઆલાનું ફરમાન છે, قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ અને તેના સર્વવ્યાપી જ્ઞાનની સાબિતીથી બીજી શંકાનો જવાબ થઈ ગયો કે તે બધા જ અવશેષો જમીનમાં વિખરાઈ ગયા અને ફેલાઈ ગયા છતાં અમારા જ્ઞાનથી બહાર નથી, અમે જ્યારે ઈચ્છશું ત્યારે તેને ભેગા કરી લઈશું, અલ્લાહ તઆલાનું ફરમાન છે, ... اَفَلَمْ يَرَوْ હવે કયામતની પરિસ્થિતિ બતાવવામાં આવે છે કે તે કયામત એટલા માટે આવશે કે) જેથી તે લોકોને (ભલો) બદલો આપે જેઓ

ઈમાન લાવ્યા હતા અને તેમણે નેક કામો કર્યા હતા, (બસ) એવા લોકો માટે મા'ફી અને (જન્નતમાં) ઈજ્જતની રોજી છે અને જે લોકોએ અમારી આયતો વિશે (તેને રદ કરવા માટેની) કોશીશ કરી હતી (નબી ﷺને) હરાવવા માટે (બસ આ પ્રયત્નમાં તેઓ નિષ્ફળ જ રહ્યા) એવા લોકો માટે કઠોર કષ્ટદાયક અઝાબ હશે અને (કુર્આનની આયતોને જૂઠાડવા ઉપર આવી સજા હોવી જ જોઈએ, કારણ કે પ્રથમ તો કુર્આન પોતે અલ્લાહ તઆલા તરફથી સત્યનો હુકમ છે અને એવા સત્યના હુકમને જૂઠાડવો પોતે અલ્લાહ તઆલાને જૂઠાડવા સમાન છે, તેના ઉપર જેટલી સજા થાય યોગ્ય છે; બીજું, કુર્આન સત્ય માર્ગની તા'લીમ અને માર્ગદર્શન આપે છે જે વ્યક્તિ તેને માનશે નહીં તે સત્ય માર્ગથી ઈરાદાપૂર્વક દૂર રહેશે, ન તો તેને સાચી માન્યતાઓની જાણ થશે અને ન જ ભલા કર્મોની અને જે છુટકારાનો તરીકો હતો, બસ છુટકારાના માર્ગથી ઈરાદાપૂર્વક દૂર રહેવા ઉપર શિક્ષા થવી અયોગ્ય વાત નથી અને કુર્આનનું સત્ય અને માર્ગદર્શક હોવું એવું સ્પષ્ટ છે કે આ ઉપરાંત એ વિશેની ઘણી બધી દલીલોથી તે સાબિત થઈ ચૂક્યું છે, એક સહેલી પદ્ધતિ તેની સાબિતીની એ પણ છે કે) જે લોકોને (આસમાની કિતાબોનું) જ્ઞાન આપવામાં આવ્યું છે તે આ કુર્આનને કે જે તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે મોકલવામાં આવ્યું છે એવું સમજે છે કે તે સત્ય છે અને તે વર્ચસ્વ ધરાવનાર વખાણપાત્ર અલ્લાહ(ની ખુશી)નો માર્ગ બતાવે છે, (આ દલીલોની ચર્ચા સૂરએ શુઅ્રાના શરૂના રુકૂઅ્ના અંતે પસાર થઈ ચૂકી છે અને કદાચ ટૂંકમાં સમગ્ર ઈમાનના વાજિબ હુકમોનું વર્ણન કુર્આનની શૈલીના કારણે છે એટલા માટે ફરમાવવામાં આવ્યું કે આ ઈમાનના વાજિબ હુકમો ઉપર આધારિત છે ખાસ કરીને કયામતની ખબર કે જેના વિશે આ સ્થળે વર્ણન થયું છે, બસ આ બીનાએ ખુલાસો એ થયો કે કયામતના દિવસે આ જ કયામતના જૂઠાડવા ઉપર પણ સજા થશે) અને (આગળ ફરી કયામતની સાબિતી છે એટલે કે) આ કાફિરો (પરસ્પર) કહે છે કે શું અમે તમને એક એવો વ્યક્તિ બતાવીએ જે તમને એ (અજબ) ખબર આપે છે કે જ્યારે તમે બિલકુલ ક્ષતવિક્ષત થઈ જશો તો (ત્યારબાદ કયામતમાં) તમે જરૂર એક નવા જન્મમાં આવશો, ખબર નહીં આ વ્યક્તિ અલ્લાહ ઉપર (ઈરાદાપૂર્વક) જૂઠો આક્ષેપ લગાવે છે અથવા તેને કોઈ પ્રકારનો માનસિક રોગ છે (કે વિના ઈરાદે જૂઠું બોલી રહ્યો છે, કારણ કે આ બાબત તો અશક્ય છે'તો તેના

અસ્તિત્વમાં આવવાની ખબર બિલકુલ ખોટી છે, ભલે ઈરાદાપૂર્વક હોય અથવા માત્ર કાલ્પનિક ધારણાઓથી હોય, અલ્લાહ તઆલા તે બંને શંકાઓને રદ કરે છે કે અમારા નબી ﷺ તો જૂઠો આક્ષેપ લગાવનાર અથવા માનસિક રીતે અસ્થિર બિલકુલ નથી) બલકે તે લોકો આખિરતમાં વિશ્વાસ નથી ધરાવતા (તે જ) અઝાબ અને ગુમરાહીમાં ખૂબ દૂર સુધી (સપડાઈ ચૂક્યા) છે (આ ગુમરાહીની હાલની અસર એ છે કે તેમને સાચો વ્યક્તિ પણ આક્ષેપ ઘડનાર માનસિક રોગી નજરે પડે છે અને તેની આખિરતની અસર એ છે કે તેમને અઝાબ ભોગવવો પડશે અને આ અજ્ઞાનીઓ જે આ બધા અવશેષોને ભેગા કરીને નવેસરથી જીવન આપવાનું અશક્ય સમજી રહ્યા છે) તો શું તેમણે (અલ્લાહની કુદરતની મહાનતાની દલીલોમાંથી) આસમાન અને જમીન તરફ નજર નથી કરી જે તેમની આગળ (પણ) અને તેમની પાછળ (પણ) મોજૂદ છે (કે જે સ્થળે જુએ તે નજરે પડી રહ્યું છે, બસ આ મહાન રચનાઓને શરૂઆતમાં પેદા કરનારો શું નાના અવશેષોને એકઠા કરી ફરીવાર પેદા કરવા શક્તિમાન નથી ? અલ્લાહ તઆલાનું ફરમાન છે, ... لَخَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ اَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ અને આ સત્ય દલીલો હોવા છતાં પણ જો કોઈ ઈન્કાર અને તેનાથી દુશ્મનાવટ કરે તો તે એ પાત્ર જ છે કે તેને સજા આપવામાં આવે અને સજા પણ એવી કે આસમાનોની કુદરતની દલીલોમાંથી જે તેમના માટે મહાન નેઅ્મત છે તેને જ તેમના માટે અઝાબનો સામાન બનાવી દેવામાં આવે કે જે નેઅ્મતનો ઈન્કાર કર્યો તે જ નેઅ્મતને نِقْمَتْ એટલે કે અઝાબ બનાવવાથી સખત અફસોસ થાય છે અને અમે આવી સજા આપવા માટે પણ શક્તિમાન છીએ તેથી) જો અમે ઈચ્છીએ તો તેમને જમીનમાં ધસાવી દઈએ અથવા (જો ઈચ્છીએ તો) તેમના ઉપર આસમાનના ટૂકડા તોડી પાડીએ (પરંતુ હિકમતનો તકાદો છે મોડું કરવું એટલા માટે તેમને મહોલત આપવામાં આવી છે, મતબલ કે આ લોકોને પોતાની ભ્રમણાઓ અને ખોટી માન્યતાઓને દૂર કરવા માટે આસમાન અને ધરતી ઉપર દૃષ્ટિ નાંખવી જોઈએ કારણ કે) આ (પ્રસ્તુત વર્ણન)માં (અલ્લાહની કુદરતની) સંપૂર્ણ દલીલ છે (પરંતુ) તે બંદા માટે જે (અલ્લાહ તરફ) ધ્યાન (પણ) ધરે (અને સત્યની પ્રાપ્તિ માટે આતુર પણ હોય એટલે કે દલીલ તો પૂરતી છે પરંતુ તેના સ્વીકાર પ્રત્યે આતુર નથી એટલા માટે વંચિત છે).

મસ્અલા અને બોધપાઠ :

عَالِمِ الْغَيْبِ (આલિમિલ ગયૂબ) આ સિફત પરવરદિગારની છે જેના ઉપર કસમ ખાવામાં આવી છે અને અલ્લાહ જલ્લ શા'નુહૂની બધી જ સિફતોમાંથી આ સ્થળે "ઈલ્મે ગયૂબ" (અદષ્ય બાબતોનું જ્ઞાન) અને "ઈલ્મે મુહીત" (સમગ્ર છવાયેલા જ્ઞાન)ને કદાચ એટલા માટે ખાસ વર્ણન કરવામાં આવ્યું કે વાતચીત કયામતના ઈન્કારીઓની છે અને કયામતના ઈન્કારનું મોટું કારણ કાફિરો માટે એ હતું કે જ્યારે બધા મનુષ્યો મૃત્યુ પામી માટી જઈ જશે અને આ માટીના રજકણો પણ દુનિયામાં વિખરાઈ જશે તો સમગ્ર દુનિયામાં ફેલાયેલા અવશેષોને એકઠા કરવા, પછી દરેક મનુષ્યના અવશેષોને બીજા મનુષ્યોના અવશેષોથી અલગ કરીને દરેક અવશેષોને તેના જ અસ્તિત્વમાં પ્રવેશ કરાવવો કઈ રીતે શક્ય છે ? અને તેને અશક્ય સમજવું એ બીના ઉપર હતું કે તેમણે અલ્લાહ તઆલાનું જ્ઞાન અને તેની શક્તિને પોતાના જ્ઞાન અને શક્તિ ઉપર અનુમાનિત કરી રાખ્યું હતું. અલ્લાહ તઆલાએ બતાવી આપ્યું કે અલ્લાહ તઆલાનું ઈલ્મ સમગ્ર દુનિયા ઉપર એવું છવાયેલું છે કે આસમાનો અને જમીનમાં જે કંઈ પણ વસ્તુ છે તે સઘળી તેને ખબર છે અને તેને એ પણ ખબર છે કે તે ક્યાં અને કેવી છે ? કોઈ મખ્લૂકને ભલે ફરિશ્તા હોય અથવા પયગમ્બર! આવું ઈલ્મે મુહીત એટલે કે દુનિયાનું કોઈ રજકણ પણ તેના ઈલ્મથી બાકાત ન હોય, પ્રાપ્ત નથી થઈ શકતું અને જે પવિત્ર જાતને આવું ઈલ્મે મુહીત પ્રાપ્ત છે તેના માટે મનુષ્યના અવશેષોને સમગ્ર દુનિયામાંથી એકઠા કરી લેવા અને તેને અલગ અલગ કરી લેવા, પછી તેમના અવશેષોમાંથી તેમને ફરીવાર અસ્તિત્વમાં લાવવા શું મુશ્કેલ છે ?

لِيَجْزِىَ الَّذِيْنَ اٰمَنُوْا આ વાક્યનો સંબંધ તેનાથી આગલા વાક્ય لَتَاْتِيَنَّكُمْ સાથે છે, એટલે કે કયામત જરૂર આવશે અને કયામત આવવાનો હેતુ એ હશે કે ઈમાનવાળાઓને બદલો અને ઉચ્ચ કક્ષાની જન્નતની રોજી અર્પણ કરવામાં આવે અને તેનાથી વિપરીત اَلَّذِيْنَ سَعَوْا فِىْٓ اٰيٰتِنَا તે લોકો જેમણે અમારી આયતો ઉપર વાંધો ઉઠાવ્યો અને લોકોને તેના માનવાથી અટકાવવાનો પ્રયત્ન કર્યો.

مُعٰجِزِيْنَ તેમનો આ પ્રયત્ન જાણે એટલા માટે હતો કે તેઓ અમને પકડથી લાચાર કરી દે અને કયામતની હાજરીથી મુક્તિ પ્રાપ્ત કરે.

رِجْزٍ اَلِيْمٍ .أُولٰٓئِکَ لَهُمْ عَذَابٌ مِّنْ رِّجْزٍ اَلِيْمٍ એવા લોકો માટે અઝાબ હશે. (રિજ્ઝે અલીમ)નો અર્થ "કઠોર અઝાબ" છે જે દર્દનાક હોય.

وَيَرَى الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ આ કયામતના ઈન્કારીઓથી વિપરીત તે મો'મિનોનું વર્ણન છે જે કયામત ઉપર ઈમાન લાવ્યા હતા અને અલ્લાહ તઆલા તરફથી જે જ્ઞાન રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થયું હતું તેઓ તે જ્ઞાનથી લાભાન્વિત થયા.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا هَلْ نَدُلُّكُمْ عَلٰى رَجُلٍ يُّنَبِّئُكُمْ اِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ اِنَّكُمْ لَفِيْ خَلْقٍ جَدِيْدٍ આ કયામતના ઈન્કારી કાફિરોનું નિવેદન નકલ કરવામાં આવ્યું છે જે હાંસી અને ઠેકડી ઉડાવવા માટે એવું કહ્યા કરતા હતા કે આવો ! અમે તમને એક એવા અજબ માણસનું સરનામું આપીએ જે એવું કહે છે કે જ્યારે તમે સંપૂર્ણ રીતે ક્ષત-વિક્ષત થઈ જશો, ત્યારબાદ પછી તમને નવી પેદાઈશ આપવામાં આવશે અને પછી તમને તે જ સ્વરૂપમાં તૈયાર કરીને સજીવન કરવામાં આવશે.

આ બાબતમાં દેખીતું છે કે તે વ્યક્તિથી ભાવાર્થ નબીએ કરીમ ﷺ છે જેઓ લોકોને કયામત અને કયામતમાં બધા મૃતકોને ફરીવાર સજીવન કરવાની ખબર આપે છે અને લોકોને તેના ઉપર ઈમાન લાવવાની તાકીદ કરતા હતા અને આ બધા લોકો રસૂલે કરીમ ﷺને પૂરી રીતે ઓળખતા હતા પરંતુ અહીંયાં એક ભિન્ન પ્રકારની શૈલીથી વર્ણન કરવામાં આવ્યું કે જાણે તેઓ આપ ﷺ વિશે કશું જ નથી જાણતા, માત્ર એ સિવાય કે આપ ﷺ કયામતમાં મુરદાઓને સજીવન થવાની ખબર આપે છે. આ વાતચીતની પદ્ધતિ હાંસી અને ઠેકડી ઉડાવવા માટે અપનાવવામાં આવી હતી.

અને مُزِّقْتُمْ (મુઝ્ઝિકતુમ) એ مَزْقٌ (મઝ્ક)થી બને છે જેનો અર્થ "ચીરફાડ અને ટૂકડે ટૂકડા કરવાનો" થાય છે અને كُلَّ مُمَزَّقٍનો ભાવાર્થ મનુષ્યનું શરીર ક્ષતવિક્ષત થઈને વિખરાઈ જવાનો છે, આગળ રસૂલે કરીમ ﷺના નિવેદન અને કયામત વિશે પોતાના વિચારોની જાહેરાત તેઓ આ પ્રમાણે કરે છે, اَفْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَمْ بِهٖ جِنَّةٌ નો ભાવાર્થ એ છે કે શરીરના ક્ષતવિક્ષત થઈ ગયા પછી બધા અવશેષોને એકઠા કરી માનવ શરીર બની જવું અને સજીવન થવું તો એવી સમજવિહોણી વાત છે જેને સ્વીકાર કરવાનો અને માનવાનો કોઈ પ્રશ્ન જ

ઉપસ્થિત નથી થતો એટલા માટે આ કાફિરોના મતે રસૂલે કરીમ ﷺનું આ નિવેદન યા તો જાણીબૂઝીને અલ્લાહ તઆલા ઉપર તોહમત અને આક્ષેપ છે અથવા તો પછી એવું કહેનાર માનસિક અસ્થિર છે જેની વાતચીતની કોઈ બુનિયાદ સાચી નથી હોતી.

أَفَلَمْ يَرَوْا إِلَىٰ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ જેમકે તફસીરના ખુલાસાથી જાણ થઈ ચૂકી છે આ આયતમાં કયામત કાયમ થવાની દલીલો પણ છે કે આસમાન અને જમીનના સર્જનમાં વિચાર કરવાથી અને અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનો સાક્ષાત્કાર કરવાથી એ શંકાઓ દૂર થઈ શકે છે જે કયામતના ઈન્કારીઓને તેના સ્વીકાર કરવા માટે અવરોધ સ્વરૂપ હતી અને સાથે જ ઈન્કારીઓ માટે સજાની ધમકી પણ છે કે આ આસમાન અને જમીનના બધા જ મહાન સર્જન જે તમારા માટે મોટી નેઅ્મતો છે, જો તેમના સાક્ષાત્કાર પછી પણ તમે જૂઠાડવા ઉપર અને ઈન્કાર કરવા ઉપર અડેલા રહ્યા તો અલ્લાહ તઆલાની કુદરતમાં એ પણ છે કે આ જ નેઅ્મતોને તમારા માટે અઝાબ બનાવી દે કે જમીન તમને ગળી જાય અથવા આસમાન તમારા ઉપર પડી જાય.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૧૦ થી ૧૪)

وَلَقَدْ آتَيْنَا دَاوُودَ مِنَّا فَضْلًا ۖ يَا جِبَالُ أَوِّبِي مَعَهُ وَالطَّيْرَ ۖ وَأَلَنَّا لَهُ الْحَدِيدَ ﴿١٠﴾
أَنِ اعْمَلْ سَابِغَاتٍ وَقَدِّرْ فِي السَّرْدِ ۖ وَاعْمَلُوا صَالِحًا ۖ إِنِّي بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿١١﴾
وَلِسُلَيْمَانَ الرِّيحَ غُدُوُّهَا شَهْرٌ وَرَوَاحُهَا شَهْرٌ ۖ وَأَسَلْنَا لَهُ عَيْنَ الْقِطْرِ ۖ وَمِنَ
الْجِنِّ مَنْ يَعْمَلُ بَيْنَ يَدَيْهِ بِإِذْنِ رَبِّهِ ۖ وَمَنْ يَزِغْ مِنْهُمْ عَنْ أَمْرِنَا نُذِقْهُ مِنْ
عَذَابِ السَّعِيرِ ﴿١٢﴾ يَعْمَلُونَ لَهُ مَا يَشَاءُ مِنْ مَحَارِيبَ وَتَمَاثِيلَ وَجِفَانٍ
كَالْجَوَابِ وَقُدُورٍ رَاسِيَاتٍ ۚ اعْمَلُوا آلَ دَاوُودَ شُكْرًا ۚ وَقَلِيلٌ مِنْ عِبَادِيَ الشَّكُورُ ﴿١٣﴾
فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ الْمَوْتَ مَا دَلَّهُمْ عَلَىٰ مَوْتِهِ إِلَّا دَابَّةُ الْأَرْضِ تَأْكُلُ مِنْسَأَتَهُ ۖ فَلَمَّا
خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ أَنْ لَوْ كَانُوا يَعْلَمُونَ الْغَيْبَ مَا لَبِثُوا فِي الْعَذَابِ الْمُهِينِ ﴿١٤﴾

તરજુમો :

અને અમે દાવુદ (અલૈ.)ને પોતાના તરફથી મોટાઈ આપી છે, હે પહાડો ! સુમધુર અવાજે તેમની સાથે પઢો અને ઊડતા પક્ષીઓને (પણ તેમની સાથે અલ્લાહની તસ્બીહ પઢવાનો હુકમ આપ્યો) અને અમે તેમના માટે લોઢું નરમ કરી દીધું. (૧૦) કે ખુલાસાવાળા બખ્તરો બનાવો અને અંદાજો લગાવી (પ્રમાણસર) કડીઓને જોડો અને તમે બધા ભલા કામ કરો, બેશક તમે જે કંઈ કરો છો તેને હું જોઈ રહ્યો છું. (૧૧) અને સુલયમાન (અલૈ.)ના માટે હવાને (તા'બે કરી જેથી) તેમની સવારની મંઝિલ એક મહિનાની (મુસાફરી જેટલી) થતી અને સાંજની મંઝિલ એક મહિનાની (મુસાફરી જેટલી) અને અમે તેમના માટે પીગળેલા તાંબાનો ઝરો વહાવી દીધો અને જિન્નાતોમાંથી કેટલાય એવા હતા જે તેમની સામે મહેનત કરતા તેમના પરવરદિગારના હુકમથી અને જે કોઈ તેમનામાંથી અમારા હુકમથી ફરી જાય અમે તેમને આગનો અઝાબ ચખાડીશું. (૧૨) તેમના માટે બનાવતા જે કંઈ ઇચ્છતા કિલ્લા અને ચિત્રો અને હોજ જેવા તળાવ અને ચૂલાઓ ઉપર જમાવેલી દેગો, હે દાવુદ (અલૈ.)ના ઘરવાળાઓ ! ઉપકાર માનીને (નેક) કામ કરો અને મારા બંદાઓમાંથી ઘણા થોડા ઉપકાર માનનારા છે. (૧૩) પછી જ્યારે અમે તેમના ઉપર મોતને નક્કી કર્યું તેમને (જિન્નાતોને) તેમનું મૃત્યુ જણાવા ન દીધું પરંતુ ઉધઈ તેમની લાકડી ખાતી રહી, પછી જ્યારે તે પડી ગયા (ત્યારે) જિન્નાતોએ જાણ્યું કે જો (અમે) ગયૂબની જાણકારી રાખતા હોત તો અપમાનજનક તકલીફમાં ન રહ્યા હોત. (૧૪)

તફસીર :

અને અમે દાવુદ (અલૈ.)ને પોતાના તરફથી મોટી નેઅ્મત આપી હતી (એટલા માટે અમે પહાડોને હુકમ આપ્યો હતો કે) હે પહાડો ! દાવુદ (અલૈ.)ની સાથે વારંવાર તસ્બીહ કરો (એટલે કે જ્યારે તેઓ ઝિક્રમાં પ્રવૃત્ત થાય તમે પણ તેમને સાથ આપો) અને (એ જ પ્રમાણે) પક્ષીઓને પણ હુકમ આપ્યો (કે તેમની સાથે તસ્બીહ કરો, અલ્લાહનું ફરમાન છે إِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهُ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْإِشْرَاقِ وَالطَّيْرَ مَحْشُورَةً..... કદાચ તેમાં એક હિકમત એ હોય કે તેમના

ઝિક્રમાં મધુરતા હોય અને એ પણ હિકમત હોઈ શકે છે કે તેમનો એક મોઅ્જિઝો જાહેર કરવો હશે અને પહાડો અને પક્ષીઓની આ તસ્બીહ લગભગ એવી હશે કે સાંભળનાર પણ સમજી લે નહિતર ન સમજી શકાય એવી તસ્બીહ તો સામાન્ય છે, તેમાં દાવુદ અલૈ.ને કોઈ વિશેષતા નથી, અલ્લાહ તઆલાનું ફરમાન છે, (وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِیْحَهُمْ) અને (એક નેઅ્મત આ આપી કે) અમે તેમના માટે લોઢાને (મીણ જેવું) નરમ કરી દીધું (અને એ હુકમ આપ્યો) કે તમે (આ લોખંડથી સારું) ખુલાસાવાર બખ્તર બનાવો અને (કડીઓને) જોડવામાં (યોગ્ય) અંદાજ(નો ખ્યાલ) રાખો અને (જેમ અમે તમને નેઅ્મતો આપી છે તેના શુક્રમાં) તમે સૌ (એટલે કે દાવુદ અલૈ. અને તેમના સંબંધીઓ) નેક કામ કર્યા કરો હું તમારા સૌના અમલોને જોઈ રહ્યો છું (એટલા માટે મર્યાદાઓના પાલનની સંપૂર્ણ કાળજી રાખો) અને સુલયમાન (અલૈ.) માટે હવાને કામે લગાડી દીધી કે તે (હવા)નું સવારનું ચાલવું મહિનાભરની મુસાફરીનું અંતર હતું અને (એ જ પ્રમાણે) તેનું સાંજનું ચાલવું મહિનાભરની મુસાફરીનું અંતર હતું (એટલે કે તે હવા હઝરત સુલયમાન અલૈ.ને એટલે દૂર દૂર સુધી પહોંચાડતી હતી, અલ્લાહ તઆલાનું ફરમાન છે, (وَسَخَّرْنَا لَهُ الرِّيْحَ تَجْرِیْ بِاَمْرِهٖ) અને (એક નેઅ્મત તેમની એ હતી કે) અમે તેમના માટે તાંબાનું ઝરણું વહાવી દીધું (એટલે કે તાંબાને તેમના કામે લગાડી દીધું જેથી વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવવામાં કોઈ યંત્રોની જરૂરત પણ ન પડે અને સહૂલત હોય, પછી તે પ્રવાહી તાંબુ જેવો ઘાટ આપે તેવું જામી જતું હતું. આ પણ એક મોઅ્જિઝો હતો) અને (એક નેઅ્મત એ હતી કે અમે જિન્નાતોને તેમના તા'બે કરી દીધા હતા જેથી) જિન્નાતમાં અમુક તે હતા જે તેમની આગળ (જાતજાતના) કામ કરતા હતા તેમના પરવરદિગારના (તસ્ખીરી) હુકમથી (એટલા માટે કે અલ્લાહ તઆલાએ તેમને હઝરત સુલયમાન અલૈ.ના તા'બે કરી દીધા હતા) અને (તસ્ખીરી હુકમની સાથે તેમને શરઈ હુકમ પણ ચેતવણી સાથે એ આપવામાં આવ્યો હતો કે) તેમનામાં જે વ્યક્તિ અમારા (આ) હુકમ (કે સુલયમાન અલૈ.ની આજ્ઞાનું પાલન કરો તેના) વિરુદ્ધ બળવો કરશે (એટલે કે તેને સ્વીકારશે નહીં અને તેમના હુકમ પ્રમાણે કામ નહીં કરે, ભલે તસ્ખીરી હુકમના કારણે હઝરત સુલયમાન અલૈ. તેમની પાસેથી બળજબરીપૂર્વક કામ લેવા માટે શક્તિ ધરાવતા હશે જેમકે બંધકો પાસેથી લેવામાં

આવે છે તો પણ) અમે તેમને (આખિરતમાં) દોઝખનો અઝાબ ચખાડીશું (તેનાથી આ ભાવાર્થ પણ થયો કે જે સ્વીકારશે અને હુકમ પ્રમાણે કામ કરશે અને સંપૂર્ણ હુકમ પ્રમાણે કામ કરવું એ છે કે ઈમાન પણ અપનાવશે, કારણ કે દરેક નબી પોતાના હાથ નીચેનાઓને તેનો હુકમ કરે છે તો તેના વિના તેમણે હુકમનું પાલન કર્યું ગણાશે નહીં, બસ ખુલાસો એ છે કે જે જિન્નાત ઈમાન અને આજ્ઞાપાલન અપનાવશે તે અઝાબથી સુરક્ષિત રહેશે જેમકે ઈમાનનો તકાદો છે, આગળ એ કાર્યો બતાવ્યા છે જેના ઉપર જિન્નાતોને કામે લગાવવામાં આવ્યા હતા) એટલે કે તે જિન્નાત તેમના માટે એવી એવી વસ્તુઓ બનાવતા હતા જે તેમને (બનાવવું) મંજૂર હતું મોટી મોટી ઈમારતો અને શિલ્પો અને લગન (સરોવર) જેવા મોટા હોજ અને (મોટી મોટી) દેગો જે એક જ જગ્યાએ જડેલી રહે (હલાવે તો હલી ન શકે અને અમે તેમને એ હુકમ આપ્યો કે જેમકે અમે તમને નેઅ્મતો પણ આપી છે) હે દાવુદ (અલૈ.)ના કુટુંબીઓ ! (એટલે કે હઝરત સુલયમાન અલૈ. અને તેમના સંબંધીઓ) તમે સૌ (આ નેઅ્મતોના) શુક્રિયામાં નેક કામ કર્યા કરો અને મારા બંદાઓમાં શુક્રગુઝાર ઓછા જ હોય છે (એટલા માટે આ શુક્રગુઝારી કરવાથી જેની પદ્ધતિ અને હેતુ નેક કાર્યો છે તો તમને બહુમતી મખ્લૂક ઉપર વિશિષ્ટતા પ્રાપ્ત થઈ જશે, બસ તે વાક્યમાં શુક્ર અને નેક કાર્યો કરવાનો હુકમ થઈ ગયો, જેમકે હઝરત દાવુદ અલૈ.ને પણ اِعْمَلُوْا صَالِحًا નેક કામ કરવાનો હુકમ થયો હતો અને તે જ પ્રમાણે ત્યાં પહાડો અને પક્ષીઓને પણ કામે લગાડવામાં આવ્યા હતા અને અહીંયાં હવા અને જિન્નાતોને કામે લગાડવાનું વર્ણન થયું છે અને ત્યાં લોખંડને નરમ કરી દેવાનું હતું અને અહીંયાં તાંબાને, મતલબ કે જિંદગીભર હઝરત સુલયમાન અલૈ.ની સામે જિન્નાતોનો આ મા'મલો રહ્યો), પછી જ્યારે અમે તેમના ઉપર (એટલે કે હઝરત સુલયમાન અલૈ. ઉપર) મોતનો હુકમ લાગુ પાડ્યો (એટલે કે તેઓ ઈન્તેકાલ કરી ગયા) તો (એવી રીતે મોત આવ્યું કે જિન્નાતોને ખબર ન પડી, તે એ કે હઝરત સુલયમાન અલૈ. મોતની નજીકના સમયે લાકડીને બંને હાથોથી પકડીને તેને ટેક લગાવીને તખ્ત ઉપર બેસી ગયા અને એવી હાલતમાં રૂહ કબ્જે થઈ ગઈ અને એ જ પ્રમાણે એક વર્ષ સુધી બેઠા રહ્યા, જિન્નાત તેમને બેઠેલા જોઈને જીવીત સમજતા રહ્યા, કોઈની મજાલ એવી ન હતી કે પાસે જઈને અથવા એકટશે જોઈ શકે, ખાસ કરીને

જ્યારે કે કોઈ શંકાનું કારણ ન હોય અને જીવીત સમજીને એ જ પ્રમાણે કામ કરતા રહ્યા અને) કોઈ વસ્તુને તેમના મોતની ખબર બતાવવામાં ન આવી પરંતુ ઉધઈ તે સુલયમાન (અલૈ.)ની લાકડી ખાતી હતી (એટલે સુધી કે તેનો એક ભાગ ખાઈ લીધો તો તે લાકડી પડી ગઈ તેના પડવાથી હઝરત સુલયમાન અલૈ. પડી ગયા) બસ જ્યારે તેઓ પડી ગયા (અને ઉધઈએ લાકડી ખાવાથી અનુમાન આધારે જાણ થઈ કે તેમની તો વફાત થયે એક વર્ષ થઈ ચૂક્યું છે) ત્યારે જિન્નાતોને (પોતાના ગયૂબની વાતો જાણવાના દા'વાની) હકીકત જાણ થઈ (તે એ કે) જો તે ગયૂબ જાણતા હોત તો (એક વર્ષ સુધી) આ અપમાનજનક મુસીબતમાં ન રહ્યા હોત (તેનો ભાવાર્થ તકલીફવાળા મહેનતના કામ છે જેમાં પોતે તા'બે હોવાના કારણે અપમાન પણ હતું અને મહેનતના કારણે મુસીબત પણ હતી).

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત વર્ણનમાં કયામતના ઈન્કારી કાફિરોને સંબોધન હતું જે મૃત્યુ પછી શરીરના અવયવો ક્ષતવિક્ષત થઈ ગયા પછી ફરીવાર તેને એકઠા કરવાને અને તેમાં જીવન પેદા કરવાને બુદ્ધિની વિરુદ્ધ સમજીને ઈન્કાર કરતા હતા. પ્રસ્તુત આયતોમાં તેમની આ શંકાનું નિવારણ કરવા માટે અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.) અને હઝરત સુલયમાન (અલૈ.)ના કિસ્સા એટલા માટે વર્ણન કર્યા કે અલ્લાહ તઆલાએ તેમના હાથે આ દુનિયામાં એવા કામોનો સાક્ષાત્કાર કરાવી દીધો જેમને આ લોકો અશક્ય સમજ્યા કરતા હતા. દાખલા તરીકે લોઢાને મીણ જેવું નરમ બનાવી દીધું, હવાને હુકમના તા'બે કરી દીધી, તાંબાને એક પ્રવાહી જેવું બનાવી દીધું.

وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ مِنَّا فَضْلًا એટલે કે, અમે દાવુદ (અલૈ.)ને પોતાનો ફઝ્લ અર્પણ કર્યો. فَضْل (ફઝ્લ)નો શાબ્દિક અર્થ "વધારા"નો થાય છે. ભાવાર્થ તે ખાસ લક્ષણો છે જે બીજાઓથી વધારે અર્પણ કરવામાં આવે છે. અલ્લાહ તઆલાના દરેક નબી અને પયગમ્બર (અલૈ.)ને ખાસ વિશેષ લક્ષણો અર્પણ કરવામાં આવ્યા છે જે તેમની ખાસ ફઝીલત (વિશેષતા) સમજવામાં આવે છે. હઝરત દાવુદ (અલૈ.)ની ખાસ સિફતો એ હતી કે તેમને પોતાની નુબુવ્વત અને રિસાલતની સાથે જ સમગ્ર દુનિયાની બાદશાહત અને હુકૂમત પણ આપવામાં

આવી હતી અને તેમને સુમધુર અવાજની એવી સિફત અર્પણ કરવામાં આવી હતી કે જ્યારે તેઓ અલ્લાહનો ઝિક્ર અથવા ઝબૂરની તિલાવતમાં મશ્ગૂલ થઈ જતા તો પક્ષીઓ હવામાં ઊડતા ઊડતા સાંભળવા માટે એકઠા થઈ જતા હતા, એ જ પ્રમાણે બીજા અનેક ખાસ મોઅ્જિઝાઓ આપવામાં આવ્યા હતા જેનું વર્ણન આગળ આવે છે. يَـاجِبَالُ اَوِّبِىْ માં اَوِّبِىْ (અવ્વિબી) એ تَـاْوِيْب (તઅ્વીબ)થી બનેલ શબ્દ છે જેનો અર્થ પુનરાવર્તન કરવાનો અને પાછા આપવાનો થાય છે. ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાએ પહાડોને હુકમ આપ્યો હતો કે જ્યારે હઝરત દાવુદ (અલૈ.) અલ્લાહનો ઝિક્ર અને તસ્બીહ કરે તો પહાડ પણ તે શબ્દો પઢીને પાછા આવે.

એ જ પ્રમાણે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ "અવ્વિબી"ની તફસીર سَبِّـحِـىْ (સબ્બિહી) કરી છે. (ઈબ્ને કષીર) આ પહાડોની તસ્બીહ જે હઝરત દાવુદ (અલૈ.)ની સાથે તેઓ કરતા હતા તે સામાન્ય તસ્બીહ ઉપરાંતની છે જેમાં સમગ્ર મખ્લૂક સામેલ છે અને તે દરેક જગ્યાએ, દરેક સમયે, દરેક યુગમાં ચાલું છે જેમકે કુર્આનમાં છે وَاِنْ مِّنْ شَىْءٍ اِلَّا يُسَبِّحُ بِحَـمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ એટલે કે દુનિયાની કોઈ વસ્તુ એવી નથી જે અલ્લાહ તઆલાની તા'રીફ અને વખાણની તસ્બીહ ન પઢતી હોય પરંતુ તમે તેમની તસ્બીહને સમજતા નથી. અહીંયાં જે તસ્બીહનું વર્ણન છે, એ હઝરત દાવુદ (અલૈ.)ના મોઅ્જિઝાઓનું સ્વરૂપ ધરાવે છે એટલા માટે એ દેખીતું છે કે આ તસ્બીહને સામાન્ય સાંભળનારા પણ સાંભળતા અને સમજતા હશે નહિતર પછી એ મોઅ્જિઝો જ ન હોત.

આથી જ એ જાણ થઈ કે હઝરત દાવુદ (અલૈ.)ના અવાજની સાથે સાથે પહાડોનો અવાજ ભળી જવો અને તસ્બીહનું પુનરાવર્તન કરવું એ આ અવાજના પડઘા સ્વરૂપે ન હતું જે સામાન્ય રીતે ગુંબજો અથવા કૂવાઓ વગેરેમાં અવાજ આપવાથી તેના પડઘા સ્વરૂપે સાંભળવામાં આવે છે, કારણ કે કુર્આને કરીમે તેને હઝરત દાવુદ (અલૈ.) ઉપર પોતાની ખસ કૃપા અને ઈનામ સ્વરૂપે હોવાનું વર્ણન કર્યું છે. જે પડઘાના અવાજનો કોઈ ખાસ ફઝીલત કે વિશિષ્ટતા સાથે કોઈ સંબંધ નથી તે તો દરેક વ્યક્તિ ભલે તે કાફિર જ કેમ ન હોય પડઘાના સ્થળોએ પોતાનો જ અવાજ પાછો સાંભળે છે.

وَالطَّيْرَ (વત્તયૂર) આ શબ્દ નહ્વી તરકીબમાં سَخَّرْنَا (સખ્ખરના) મહ્ઝૂબનો કર્તા હોવાના કારણે મન્સૂબ છે. (રૂહ) ભાવાર્થ એ છે કે અમે પક્ષીઓને હઝરત દાવુદ (અલૈ.) માટે કામે લગાડી (મુસખ્ખર કરી) દીધા હતા, આ "તસ્ખીર"નો ભાવાર્થ એ છે કે પક્ષીઓ પણ તેમના અવાજ ઉપર હવામાં જ એકઠા થઈ જતા.... અને તેમની સાથે પહાડોની જેમ તસ્બીહ કરતા હતા. જેમકે એક બીજી આયતમાં વર્ણન થયું છે, اِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهٗ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ وَالطَّيْرَ مَحْشُوْرَةً એટલે કે અમે પહાડોને હઝરત દાવુદ (અલૈ.)ના મુસખ્ખર કરી દીધા હતા કે, સવાર-સાંજ તેમની સાથે તસ્બીહ કર્યા કરે અને પક્ષીઓને પણ મુસખ્ખર કરી (કામે લગાડી) દીધા હતા. (૩૮:૧૮)

وَاَلَنَّا لَهُ الْحَدِيْدَ اَنِ اعْمَلْ سٰبِغٰتٍ وَّقَدِّرْ فِي السَّرْدِ આ બીજો મોઅ્જિઝો છે કે તેમના માટે લોખંડને નરમ કરી દીધું હતું. હઝરત હસન બસરી (રહ.), કતાદહ (રદિ.) અને અઅ્મશ (રહ.) વગેરે તફસીરના ઈમામોએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા સ્વરૂપે લોખંડને તેમના માટે મીણ જેવું નરમ કરી દીધું હતું કે તેનાથી કોઈપણ વસ્તુ બનાવવામાં ન તો તેમને આગની જરૂર પડતી હતી અને ન જ કોઈ હથોડા કે બીજા ઓજારોની આવશ્યકતા હતી. આગળ આયતમાં એનું જ વર્ણન છે કે લોખંડને તેમના માટે એટલા માટે નરમ બનાવવામાં આવ્યું હતું કે તે લોઢાના બખ્તર સરળતાથી બનાવી શકે અને એક બીજી આયતમાં એ પણ પ્રસ્તુત છે કે અલ્લાહ તઆલાએ બખ્તર બનાવવાની કારીગરી તેમને પોતે શીખવાડી હતી. وَعَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ એટલે અમે તેમને બખ્તર બનાવવાની કારીગીરી શીખવાડી (૨૧:૮૦) અને આ આયતમાં પણ આગળ જે قَدِّرْ فِي السَّرْدِ આવ્યું છે એ પણ તે કારીગરી શીખવાડવાની પૂર્ણતા છે. શબ્દ قَدِّرْ (કદ્દિર) એ تَقْدِيْر (તકદીર)થી બને છે જેનો અર્થ એક અંદાજા ઉપર બનાવવાનો થાય છે અને سَرْد (સર્દ)નો શાબ્દિક અર્થ "ગૂંથવું" થાય છે, ભાવાર્થ એ છે કે બખ્તર બનાવવામાં તેની કડીઓને યોગ્ય રીતે પ્રમાણસર બનાવવી કે કોઈ નાની, કોઈ મોટી ન હોય જેથી તે મજબૂત બને અને જોવામાં પણ સારી લાગતી હોય. قَدِّرْ فِي السَّرْدِ ની આ તફસીર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થઈ છે.

(ઈબ્ને કષીર)

ખુલાસો :

આથી એ પણ જાણ થઈ કે કળા કારીગીરીમાં બાહ્ય દેખાવ પણ પસંદ કરવામાં આવેલ બાબત છે કે તેના માટે અલ્લાહ તઆલાએ ખાસ સૂચના આપી.

ખુલાસો :

અમુક લોકોએ قَدِّرْ فِي السَّرْدِ ની તફસીરમાં "તકદીર"નો એ ભાવાર્થ લીધો છે કે આ કારીગીરી માટે એક નિશ્ચિત સમય નક્કી કરી લેવો જોઈએ, બધા સમયો તેમાં ખર્ચ ન થઈ જાય જેથી ઈબાદત અને રાજ્ય કારભારના કાર્યોમાં તેના કારણે દખલગીરી આવવા ન પામે. આ તફસીરથી જાણ થઈ કે ઉદ્યોગપતિઓ અને મહેનત કરનાર મજૂર લોકોએ પણ ઈબાદત અને જાણકારી પ્રાપ્ત કરવા માટે પોતાના કામમાંથી થોડો સમય બતાવીને કાઢવો જોઈએ અને સમયનું સમયપત્રક બનાવવું જોઈએ. *(રૂહુલ મઆની)*

ઉદ્યોગ અને સંશોધન (રિસર્ચ)ની ઘણી અગત્યતા છે :

પ્રસ્તુત આયતથી સાબિત થાય છે કે આવશ્યક ચીજવસ્તુઓનું સંશોધન અને ઉદ્યોગ એવી મહત્ત્વની વસ્તુ છે કે અલ્લાહ તઆલાએ પોતે તેની તા'લીમ આપવાનો બંદોબસ્ત કર્યો અને પોતાના મહાન પયગમ્બરોને તે શિખવાડ્યું છે, હઝરત દાવુદ (અલૈ.)ને બખ્તર બનાવવાની કળા શીખવાડવી આ જ આયતથી સાબિત થયું. હઝરત નૂહ (અલૈ.)ને વહાણ બનાવવાની કળા આ જ રીતે શીખવાડવામાં આવી હતી. وَاصْنَعِ الْفُلْكَ بِأَعْيُنِنَا એટલે કે, "અમારી સામે વહાણ બનાવો." (૧૧:૩૭) અમારી સામે બનાવવાનો ભાવાર્થ એ છે કે અમે જે પ્રમાણે બતાવીએ તે પ્રમાણે બનાવો. આ જ પ્રમાણે બીજા અંબિયા (અલૈ.)ને પણ વિવિધ કળા કારીગીરી શીખવાડવું અમુક રિવાયતોથી સાબિત છે. "તિબ્બે નબવી ﷺ"ના નામથી એક કિતાબ હદીષના ઈમામ હાફિઝ શમસુદીન ઝહબી (રહ.) તરફ સંબંધ જોડીને છપાઈ છે, તેમાં તો એક રિવાયત આ નકલ કરી છે કે મનુષ્યની જિંદગી માટે જેટલી મહત્ત્વની અને જરૂરી કળા કારીગીરી છે, દાખલા તરીકે મકાન બનાવવું, કાપડ વણવું, વૃક્ષ વાવવા અને ઊગાડવા, ખાવા પીવાની વસ્તુઓ તૈયાર કરવી, મુસાફરી માટે અને ભાર વહન કરવા માટે પૈડાંઓની ગાડી બનાવીને ચલાવવી વગેરે... આ બધી જરૂરી કારીગીરી અલ્લાહ તઆલાએ વહી દ્વારા પોતાના અંબિયા (અલૈ.)ને શીખવાડી હતી.

કારીગરોને તુચ્છ સમજવા ગુનોહ છે :

અરબમાં વિવિધ લોકો વિવિધ કારીગરી અપનાવતા હતા, કોઈ કારીગીરી અથવા ઉદ્યોગને નાનો અથવા તુચ્છ સમજવામાં આવતો ન હતો અને કારીગરો કળા કારીગરીના પાયા ઉપર કોઈ વ્યક્તિને ઊંચો અશવા નીચો સમજવામાં આવતો ન હતો, ન જ ધંધા કે વ્યવસાયના આધારે કોઈ જાતી બનતી હતી. વ્યવસાયના આધાર ઉપર જાતીઓ બનાવવી અને અમુક વ્યવસાયને તે વ્યવસાયના આધારે તુચ્છ અને અપમાનિત સમજવા એ હિંદુસ્તાનના હિન્દુઓની પેદાવાર છે, તેમની સાથે રહેવા સહેવાથી મુસલમાનોમાં પણ આ અસરો કાયમ થઈ ગઈ.

હઝરત દાવુદ (અલૈ.)ને બખ્તર બનાવવાની કલા શીખવાડવાની હિકમત :

તફસીરે ઈબ્ને કષીરમાં ઈમામે હદીષ હઝરત હાફિઝ ઈબ્ને અસાકિર (રહ.)ની રિવાયત નકલ કરવામા આવી છે. હઝરત દાવુદ (અલૈ.) પોતાની ખિલાફત અને સલતનતના સમયમાં વેશ બદલીને બજારો વગેરેમાં જતા અને વિવિધ પ્રદેશોમાંથી આવનાર લોકોને પૂછ્યા કરતા હતા કે દાવુદ કેવો વ્યક્તિ છે? કારણ કે હઝરત દાવુદ (અલૈ.)ની બાદશાહતમાં ન્યાય અને ઈન્સાફ હતો અને બધા મનુષ્યો આરામ કરતા હતા અને સુખી જીવન ગાળતા હતા, કોઈને હુકૂમતથી કોઈ ફરિયાદ ન હતી એટલા માટે જેને પણ પ્રશ્ન કરતા તે હઝરત દાવુદ (અલૈ.)ના વખાણ અને તા'રીફ કરતા, તેમના ન્યાય અને ઈન્સાફ ઉપર આભાર વ્યક્ત કરતા.

અલ્લાહ તઆલાએ તેમની તા'લીમ માટે પોતાના એક ફરિશ્તાને માનવ સ્વરૂપે મોકલી આપ્યો, જ્યારે દાવુદ (અલૈ.) આ કામ માટે નીકળ્યા તો આ ફરિશ્તો તેમને મળ્યો, તે જ પ્રમાણે તેને પણ તે જ પ્રશ્ન કર્યો. ફરિશ્તાએ જવાબ આપ્યો, દાવુદ ઘણો સારો વ્યક્તિ છે અને બધા માનવોમાંથી તે પોતાની જાત માટે પણ અને પોતાની ઉમ્મત અને રય્યત માટે પણ બહેતર છે પરંતુ તેમાં એક ટેવ એવી છે કે તે ન હોત તો તેઓ બિલકુલ સંપૂર્ણ હોત. હઝરત દાવુદ (અલૈ.)એ પૂછ્યું, એ ટેવ કઈ છે. ફરિશ્તાએ કહ્યું કે તે પોતાનું ભોજન પાણી અને પોતાના

બાળ બચ્ચાંનું ભરણ પોષણ મુસલમાનોના માલ એટલે કે બયતુલ માલમાંથી લે છે.

આ વાત સાંભળીને હઝરત દાવુદ (અલૈ.)એ અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફ કાકલૂદી અને દુઆ કરી કે મને કોઈ એવું કામ શીખવાડી આપો જે હું પોતાના હાથની મજૂરીથી પૂરું કરું અને તેના વળતરથી પોતાના બાળ બચ્ચાંનું ગુજરાન ચલાવું અને મુસલમાનોની સેવા અને રાજકારભારના બધા જ કામો વળતર લીધા વિના જ કરું, તેમની દુઆને અલ્લાહ તઆલાએ કબૂલ કરી અને તેમને બખ્તર બનાવવાની કળા શીખવાડી અને તેમને પયગમ્બરી પ્રતિષ્ઠા એવી આપી કે લોખંડને તેમના હાથે મીણ જેવું નરમ બનાવી દેવામાં આવ્યું જેથી આ કળા ઘણી સરળ થઈ જાય અને થોડા સમયમાં પોતાનું ગુજરાન ઉત્પન્ન કરીને બાકી સમય ઈબાદત અને રાજકારભારના કાર્યમાં લગાવી શકે.

મસ્અલો :

તત્કાલીન ખલીફા અથવા સુલ્તાન જે પોતાનો સંપૂર્ણ સમય રાજકારભારને પૂર્ણ કરવામાં ખર્ચ કરતો હોય શરઈ રીતે એ જાઇઝ છે કે પોતાનું મધ્યમ કક્ષાનું ભરણ પોષણ બયતુલ માલમાંથી લઈ લે પરંતુ ભરણ પોષણનું કોઈ બીજું સ્વરૂપ હોઈ શકે તો તે વધારે પસંદ કરવામાં આવેલ બાબત છે. હઝરત દાવુદ (અલૈ.) ઉપર અલ્લાહ તઆલાએ સમગ્ર દુનિયાના ખજાનાઓ ખોલી દીધા હતા અને હીરા ઝવેરાત તથા બધી જ જરૂરતની વસ્તુઓની ખૂબ છૂટછાટ હતી અને અલ્લાહ તઆલા તરફથી તેમને બયતુલ માલમાં ઈચ્છા મુજબ દરેક પ્રકારનો ખર્ચ કરવાની પરવાનગી પણ આપવામાં આવી હતી. આયત فَامْنُنْ اَوْاَمْسِكْ بِغَيْرِ حِسَابٍ (૩૮:૩૯)માં એ પણ સંતોષ આપવામાં આવ્યો હતો કે તમે જે પ્રમાણે ઈચ્છો ખર્ચ કરો, તમારા માથે હિસાબ આપવાનો નથી પરંતુ અંબિયા (અલૈ.)ને અલ્લાહ તઆલા અતિ ઉચ્ચ સ્થાન ઉપર રાખવા ઈચ્છે છે તો એ તકાદાથી ઘટના સામે આવી અને ત્યારબાદ હઝરત દાવુદ (અલૈ.) આટલી મોટી સલતનત હોવા છતાં પોતાની મજૂરીથી જ પોતાનું ગુજરાન ઉત્પન્ન કરતા અને તેના ઉપર કરકસર કરતા હતા.

ઉલમા જે તા'લીમ અને તબ્લીગની સેવા મફત આપતા હોય અને

ન્યાયાધીશ અને મુફતી જે લોકોના કામમાં પોતાનો સમય ખર્ચ કરતા હોય તેમનો પણ આ જ હુકમ છે કે બયતુલ માલ (ઈસ્લામી સરકારની તિજોરી)માંથી પોતાનો ખર્ચ લઈ શકે છે પરંતુ ભરણ પોષણનું બીજું કોઈ સ્વરૂપ ઉપસ્થિત હોય જે દીની સેવામાં દખલગીરી પણ કરતું ન હોય તો એ ઉત્તમ છે.

ખુલાસો :

હઝરત દાવુદ (અલૈ.)ની ટેવ હતી કે પોતાના અમલો અને ટેવો વિશે લોકોનો અભિપ્રાય ખચકાટ વિના સ્વતંત્ર રીતે જાણવાની કાળજી રાખતા હતા, આથી સાબિત થયું કે પોતાની ખામીઓ કારણ કે વ્યક્તિને પોતે જાણ નથી હોતી એટલા માટે અન્યોથી તહકીક કરવી જોઈએ. ઈમામ માલિક (રહ.) પણ એ બાબતની કાળજી લેતા કે એવી ખબર રાખતા હતા કે સામાન્ય લોકો તેમના વિશે શું અભિપ્રાય ધરાવે છે.

وَلِسُلَيْمٰنَ الرِّيْحَ غُدُوُّهَا شَهْرٌ وَّرَوَاحُهَا شَهْرٌ હઝરત દાવુદ (અલૈ.)ની વિશિષ્ટ શ્રેષ્ઠતા અને ઈનામોના વર્ણન પછી હઝરત સુલયમાન (અલૈ.)નું વર્ણન કર્યું અને એવું કહેવામાં આવ્યું કે જે પ્રમાણે હઝરત દાવુદ (અલૈ.) માટે અલ્લાહ તઆલાએ પહાડો અને પક્ષીઓને કામે લગાડી દીધા હતા એ જ પ્રમાણે હઝરત સુલયમાન (અલૈ.) માટે હવાને મુસખ્ખર કરી (કામે લગાડી) દીધી હતી અને હઝરત સુલયમાન (અલૈ.)ના તખ્તને જેના ઉપર તેઓ પોતાના મંત્રીમંડળ અને દરબારીઓની મોટી સંખ્યા સાથે સવાર થતા હતા અને હવા તેમના હુકમના તા'બે તેઓ જ્યાં ઈચ્છતા ત્યાં લઈ જતી હતી. હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે હવાની તસ્ખીર (ફરમાનના તા'બે)નો મોઅ્જિઝો હઝરત સુલયમાન (અલૈ.)ના આ અમલના બદલામાં અર્પણ થયો હતો કે એક દિવસે તેઓ પોતાના ઘોડાઓની દેખરેખમાં પ્રવૃત્ત હતા તેમાં એવા ઓતપ્રોત થઈ ગયા કે અસરની નમાઝ કઝા થઈ ગઈ, કારણ કે ઘોડાઓ આ બેદરકારીનું કારણ બન્યા હતા એ બેદરકારીના કારણને સમાપ્ત કરવા માટે હઝરત સુલયમાન (અલૈ.)એ તે ઘોડાઓને ઝબહ કરીને કુરબાન કરી દીધા, કારણ કે હઝરત સુલયમાન અલૈ.ની શરીઅતમાં ગાય, બળદની જેમ ઘોડાઓની કુરબાની પણ જાઈઝ હતી અને આ ઘોડાઓ પોતે હઝરત સુલયમાન અલૈ.ની મિલકતમાંથી હતા એટલા માટે બયતુલ માલના નુકસાનનો સવાલ જ પેદા થતો ન હતો અને કુરબાનીના કારણે પોતાનો

માલ બરબાદ કરવાની શંકા પણ અસ્થાને છે. તેની સંપૂર્ણ વિગત سُـــــورَةُ صٓ (સૂરએ સુવાદ)માં આવશે, કારણ કે હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાની સવારીના જાનવરો કુરબાન કરી દીધા હતા એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને તેનાથી ઉત્તમ સવારી અર્પણ કરી. *(કુર્તુબી)*

غُـدُوُّهَـا شَهۡـرٌ وَّرَوَاحُهَـا شَهۡرٌ માં શબ્દ غُدُوٌّ (ગુદુવ્વુ)નો અર્થ "સવારના પહોરમાં ચાલવું" અને رَوَاحٌ (રવાહુ)નો અર્થ "સાંજે ચાલવું" છે. આયતનો અર્થ એ થયો કે સવારથી બપોર સુધી આ તખ્તે સુલયમાની હવાના ખભાઓ ઉપર એક મહિનાની મુસાફરીનું અંતર પસાર કરી લેતો હતો અને ફરી સાંજથી રાત સુધીમાં એક મહિનાની, આ રીતે બે મહિનાની મુસાફરીનું અંતર પાર પાડી લેતા હતા.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે હઝરત સુલયમાન (અલૈ.) સવારે બયતુલ મુકદસથી રવાના થતા તો બપોરે اِصۡـطَـخۡـرُ (ઈસ્તખર)માં જઈને થોભતા અને બપોરનું ભોજન ત્યાં કરતા હતા અને પછી ત્યાંથી ઝુહ્ર પછી પાછા ચાલતા તો કાબુલમાં જઈને રાત થતી હતી અને બયતુલ મુકદસથી اِصۡـطَـخۡـرُ વચ્ચે એટલી મુસાફરી છે જે તેજ સવારી ઉપર ચાલનાર એક મહિનામાં પૂર્ણ કરી શકે છે એ જ પ્રમાણે اِصۡـطَـخۡـرُ થી કાબુલ સુધીની મુસાફરી પણ તેજ ગતિએ સવારી ચલાવનાર એક મહિનામાં પૂર્ણ કરી શકતો હતો. *(ઈબ્ને કષીર)*

وَاَسَلۡنَا لَهٗ عَيۡنَ الۡقِطۡرِ એટલે કે અમે સુલયમાન (અલૈ.) માટે તાંબાનું ઝરણું વહાવી દીધું. એટલે કે તાંબા જેવી કઠણ ધાતુને અલ્લાહ તઆલાએ સુલયમાન (અલૈ.) માટે પાણી જેમ વહેનારી પ્રવાહી બનાવી દીધી જે પાણીના ઝરણાની જેમ વહેતી હતી અને ગરમ પણ ન હતી જેથી સરળતાથી તેના વાસણો અને બીજી જરૂરિયાતની વસ્તુઓ બનાવી શકે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, આ ઝરણું એટલું દૂર સુધી વહેતું હતું જેની લંબાઈ ત્રણ દિવસ ત્રણ રાતની મુસાફરીથી પૂર્ણ થઈ શકે અને એ યમનની ભૂમિમાં હતું તથા મુજાહિદ (રહ.)ની રિવાયતમાં છે કે આ ઝરણું સનઆ યમનથી શરૂ થઈ ત્રણ દિવસ અને ત્રણ રાતની મુસાફરી સુધી પાણીના ઝરણાની જેમ વહેતું રહ્યું. ખલીલ નહ્વી (રહ.)એ ફરમાવ્યું છે કે શબ્દ قِطۡـرٌ (કિત્ર) જે આ આયતમાં આવ્યો છે તેનો ભાવાર્થ "પીગળેલું તાંબું" થાય છે. *(કુર્તુબી)*

سَخَّرْنَا مَحْذُوفٌ وَمِنَ الْجِنِّ مَنْ يَّعْمَلُ بَيْنَ يَدَيْهِ આ વાક્ય પણ (સખ્ખરના મહઝૂફ)થી સંબંધ ધરાવે છે, અર્થ એ છે કે અમે સુલયમાન (અલૈ.) માટે જિન્નાતોમાંથી એવા લોકોને જે તેમની સામે તેમના કામોને પૂર્ણ કરે પોતાના પરવરદિગારના હુકમ પ્રમાણે મુસખ્ખર કરી (કામે લગાડી) દીધા. بَيْنَ يَدَيْهِ (બયન યદયહિ) એટલે કે "તેમની સામે" આ શબ્દો વધારવાથી કદાચ એ બતાવવું હોય કે હઝરત સુલયમાન (અલૈ.) માટે જિન્નાતોની તસ્ખીર એ પ્રમાણે ન હતી જે પ્રમાણે ચાંદ સૂરજ વગેરેને મનુષ્ય માટે મુસખ્ખર કરવાનું ફરમાન કુર્આનમાં આવ્યું છે, બલકે આ તસ્ખીર એવી હતી કે જિન્નાત નોકરો ચાકરોની જેમ તેમની સામે સેવા ચાકરીમાં લાગેલા રહેતા હતા.

જિન્નાતની તસ્ખીર (Subjugation-તા'બે થવા)નો મસ્અલો :

જિન્નાતની તસ્ખીર જે આ સ્થળે ઉપસ્થિત છે તે તો અલ્લાહ તઆલાના હુકમથી છે, તેમાં તો કોઈ સવાલ પેદા જ નથી થઈ શકતો અને અમુક સહાબએ કિરામ (રદિ.) વિશે જે રિવાયતમાં આવ્યું છે કે જિન્નાત તેમના મુસખ્ખર અને તા'બે હતા તો આ તસ્ખીર પણ તે પ્રકારની تَسْخِيْرُ بِاِذْنِ اللّٰهِ (તસ્ખીર બિઈઝ્નિલ્લાહ) "અલ્લાહના હુકમથી તા'બે" થતી જે કરામત સ્વરૂપે તે લોકોને અર્પણ કરવામાં આવી હતી, તેમાં કોઈ અમલ અથવા વઝીફાની કોઈ દખલગીરી ન હતી, જેમકે અલ્લામહ શરબીની (રહ.)એ તફસીરે સિરાજુલ મુનીરમાં આ આયત હેઠળ હઝરત અબૂ હુરયરહ, હઝરત ઉબય ઈબ્ને કઅ્બ, હઝરત મઆઝ ઈબ્ને જબલ, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ, હઝરત અબૂ ઐયૂબ અન્સારી અને હઝરત હઝરત ઝૈદ બિન ષાબિત (રદિ.) વગેરેની અનેક ઘટનાઓ એવી લખી છે, જેનાથી સાબિત થાય છે કે જિન્નાત તેમની આજ્ઞાનું પાલન અને સેવા કરતા હતા પરંતુ આ બધું માત્ર અલ્લાહ તઆલાની મહેરબાની અને કૃપા હતી કે હઝરત સુલયમાન (અલૈ.)ની જેમ અમુક જિન્નાત આ લોકોના મુસખ્ખર બનાવી દેવામાં આવ્યા હતા પરંતુ જે تَسْخِيْرِ عَمَلِيَّاتٌ (તસ્ખીરે અમલિયાત) "અમલોથી તા'બે કરવું" આમિલોમાં મશ્હૂર છે તે વિચારપાત્ર છે કે શરીઅતમાં તેનો શું હુકમ છે? કાઝી બદરૂદ્દીન શિબલી હનફી (રહ.) જે આઠમી સદીના ઉલમામાંથી છે તેમણે જિન્નાતોની બાબતમાં અને તેના અહકામ ઉપર એક આગવી કિતાબ "આકામુલ મરજાન ફિ અહકામિલ જાન્ન" લખી છે, તેમાં વર્ણન કર્યું છે કે જિન્નાતોથી સેવા

લેવાનું કાર્ય સૌ પ્રથમ હઝરત સુલયમાન (અલૈ.)એ અલ્લાહના હુકમથી મોઅ્જિઝા સ્વરૂપે કર્યું છે અને ફારસના નિવાસી જમશેદ બિન ઓન્જહાન તરફ સંબંધ થાય છે કે તેમણે જિન્નાતોની સેવા લીધી છે. એ જ પ્રમાણે આસિફ બિન બરખિયા વગેરે જેમનો સંબંધ હઝરત સુલયમાન (અલૈ.) સાથે રહ્યો છે તેમના વિશે પણ જિન્નાતો પાસે સેવા કરાવવાની ઘટનાઓ મશ્હૂર છે અને મુસલમાનોમાં સૌથી વધારે પ્રખ્યાત અબૂ નશર અહમદ બિન હિલાલ અલ બકીલ અને હિલાલ બિન વસીફની છે જેમના વિશે જિન્નાતો પાસેથી સેવાના કાર્યો લેવાની આશ્ચર્યજનક ઘટનાઓ ઉપસ્થિત છે. હિલાલ બિન વસીફની એક આગવી કિતાબમાં જિન્નાતોના વાક્યો જે તેમણે હઝરત સુલયમાન (અલૈ.)ને રજુ કર્યા તથા જે કરાર અને વચનો સુલયમાન (અલૈ.)એ તેમનાથી લીધા તેને એકઠા કરી દીધા.

કાઝી બદરૂદ્દીને આ જ કિતાબમાં લખ્યું છે કે સામાન્ય રીતે જિન્નાતોની તસ્ખીર (તા'બે કરવા)નો અમલ કરનાર આમિલો કુફ્રિય્યહ શયતાની શબ્દોથી તથા જાદૂથી કામ લેતા હતા જેને કાફિર જિન્નાત અને શયતાનો પસંદ કરતા હતા અને તેમના મુસખ્ખર તથા તા'બે થવાનું રહસ્ય માત્ર એ છે કે તેઓ તેમના કુફ્રિય્યહ અને શિર્કિય્યહ અમલોથી ખુશ થઈને લાંચ સ્વરૂપે તેમના અમુક કામો પણ કરી દેતા હતા અને એટલા જ માટે તેમના અમલોમાં મોટે ભાગે કુર્આને કરીમને નાપાકી અથવા લોહી વગેરેથી લખે છે જેનાથી કાફિર જિન્નાતો અને શયતાનો રાજી થઈને તેમના કામ કરી આપે છે, અલબત્ત એક વ્યક્તિ ઇબ્નુલ ઈમામ વિશે લખ્યું છે કે તે ખલીફા મુસ્તઝીદ બિલ્લાહના સમયમાં હતો, જિન્નાતોને તેણે અલ્લાહના ના'મો દ્વારા તા'બે કર્યા હતા તેમાં કોઈ વાત શરીઅતના વિરુદ્ધ ન હતી. *(આકામુલ મરજાન, પેજ : ૧૦૦)*

ખુલાસો એ છે કે જિન્નાતોની તસ્ખીર જે કોઈના માટે કોઈ ઇરાદા કે અમલ વિના માત્ર અલ્લાહ તઆલા તરફથી થઈ જાય જેમકે હઝરત સુલયમાન (અલૈ.) અને અમુક સહાબએ કિરામ (રદિ.) વિશે સાબિત છે તે તો મોઅ્જિઝા અથવા કરામતમાં સામેલ છે અને જે તસ્ખીર અમલો દ્વારા કરવામાં આવે છે તેમાં જો કુફ્રના શબ્દો અથવા કુફ્રિય્યહ અમલો હોય તો તે માત્ર કુફ્ર અને ગુનાહો ઉપર આધારિત ગુનાહે કબીરહ છે અને જે અમલોમાં એવા શબ્દો ઉપયોગ કરવામાં

આવે જેનો અર્થ ખબર નથી તેને પણ ફુકૂહાએ એ બીનાએ નાજાઇઝ કહ્યું છે કે બની શકે છે કે આ શબ્દો કુફ્ર અને શિર્ક તથા ગુનાહો ઉપર આધારિત હોય, કાઝી બદરૂદ્દીને "આકામુલ મરજાન"માં આવા અર્થ ન સમજી શકાય એવા શબ્દોના ઉપયોગને પણ નાજાઇઝ લખ્યા છે.

અને જો આ તસ્ખીરનો અમલ અલ્લાહના નામો અથવા કુર્આનની આયતો દ્વારા કરવામાં આવે અને તેમાં નાપાકી વગેરેના ઉપયોગ જેવો કોઈ ગુનોહ પણ ન હોય તો તે આ શરત સાથે જાઇઝ છે કે તેનો હેતુ જિન્નાતના ત્રાસથી બચવાનો અથવા અન્ય મુસલમાનોને બચાવવાનો હેતુ હોય, એટલે કે નુકસાનને દૂર કરવાનો હેતુ હોય, લાભ ઉઠાવવાનો હેતુ ન હોય કારણ કે જો તેને માલ કમાવવાનો ધંધો બનાવવામાં આવ્યો તો તે એટલા માટે જાઇઝ નથી કે તેમાં اِسْتِرْقَاقِ حُرٍّ એટલે કે આઝાદને પોતાનો ગુલામ બનાવવો અને શરઈ હક વિના તેનાથી કામ લેવું છે જે હરામ છે. વલ્લાહુ અઅ્લમુ.

وَمَنْ يَّزِغْ مِنْهُمْ عَنْ اَمْرِنَا نُذِقْهُ مِنْ عَذَابِ السَّعِيْرِ એટલે કે, અમે જિન્નાતોને હઝરત સુલયમાન (અલૈ.)ની સેવા અને આજ્ઞાપાલનનો જે હુકમ આપ્યો છે જો તેમાં કોઈ જિન્નાત તેમના આજ્ઞાપાલનથી ફરી જશે તો તેને આગનો અઝાબ આપવામાં આવશે. ઘણા તફસીરકારોએ તેનો ભાવાર્થ..... આખિરતમાં જહન્નમના અઝાબ સ્વરૂપે લીધો છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે દુનિયામાં પણ અલ્લાહ તઆલાએ તેમના ઉપર એક ફરિશ્તાને થોપી દીધો હતો કે જે જિન્નાત હઝરત સુલયમાન (અલૈ.)ની આજ્ઞાપાલનમાં આળસ કરે તેને આગના ચાબુક મારીને કામ કરવા મજબૂર કરતા હતા. (કુર્તુબી) અને એ બાબતે શંકા નથી થઈ શકતી કે જિન્નાત તો પોતે આગથી બનેલા છે આગની તેમના ઉપર શું અસર થઈ શકે છે ? કારણ કે જિન્નાતના આગથી બનવાનો અર્થ તે જ છે જે મનુષ્યનો માટીથી બનવાનો છે, એટલે કે મનુષ્યના શરીરના તત્ત્વોમાં મોટું પ્રમાણ માટીનું છે પરંતુ જો તેને માટી અથવા પથ્થરથી મારવામાં આવે તો તેને અવશ્ય તકલીફ પહોંચે છે એ જ પ્રમાણે જિન્નાતોનું મૂળ તત્ત્વ અગ્નિ છે પરંતુ માત્ર તેજ આગથી પણ તેઓ સળગી જઈ શકે છે.

وَيَعْمَلُوْنَ لَهٗ مَا يَشَآءُ مِنْ مَّحَارِيْبَ وَتَمَاثِيْلَ وَجِفَانٍ كَالْجَوَابِ وَقُدُوْرٍ رّٰسِيٰتٍ

આ આયતમાં તે કાર્યોની અમુક વિગત છે જે હઝરત સુલયમાન (અલૈ.) જિન્નાતો પાસેથી લેતા હતા. مَحَارِيب (મહારીબ) એ مِحْرَاب (મિહરાબ)નું બહુવચન છે જે મકાનોના આગળના અને ઊંચા ભાગ માટે બોલવામાં આવે છે, બાદશાહો અને મોટા લોકો જે પોતાના માટે હુકૂમતના ઓરડાઓ બનાવે તેને પણ "મિહરાબ" કહેવામાં આવે છે અને શબ્દ مِحْرَابْ حَرْبٌ (મિહારાબ હર્બ) "યુદ્ધ"થી બનેલ શબ્દ છે. કોઈ વ્યક્તિ જે પોતાના રાજકારભાર ચલાવવા માટે જે મકાનને ખાસ બનાવે છે તેને અન્યોની પહોંચથી સુરક્ષિત રાખે છે, જો તેમાં કોઈ ઘુસવાનો પ્રયત્ન કરે તો તેના વિરુદ્ધ યુદ્ધ કરવામાં આવે છે. આ આધારે મકાનના ખાસ ભાગને પણ "મિહરાબ" કહે છે. મસ્જિદોમાં ઇમામના ઊભા થવાની જગ્યાને પણ આ જ વિશિષ્ટતાની બીનાએ મહરાબ કહેવામાં આવે છે અને ક્યારેક પોતે મસ્જિદોને "મહારીબ"ના શબ્દથી ઓળખવામાં આવે છે. પ્રાચીન સમયમાં "મહારીબે બની ઇસ્રાઇલ" અને ઇસ્લામમાં "મહારીબે સહાબા (રદિ.)"થી તેમની મસ્જિદો ભાવાર્થ સ્વરૂપે છે.

મસ્જિદોમાં મિહરાબ માટે આગવું મકાન બનાવવાનો હુકમ :

રસૂલે કરીમ ﷺ અને ખુલફાએ રાશીદીન (રદિ.)ના સમયકાળ સુધી ઇમામના ઊભા રહેવાની જગ્યાને એક આગવા મકાન સ્વરૂપે બનાવવાનો રિવાજ ન હતો. "કુરૂને ઊલા" પ્રાથમિક યુગ પછી સુલતાનોએ તેનો રિવાજ પોતાની સુરક્ષા માટે બનાવ્યો અને સામાન્ય મુસલમાનોમાં તેનો રિવાજ એ મસ્લિહતથી પણ થયો કે ઇમામ જે જગ્યાએ ઊભા થાય છે તે સંપૂર્ણ સફ ખાલી રહે છે, નમાઝીઓનું મોટું પ્રમાણ અને મસ્જિદોની તંગીને નજર સમક્ષ રાખી માત્ર ઇમામોના ઊભા રહેવાની જગ્યાને કિબ્લા બાજુની દિવાલમાં સહેજ અંદરની બાજુથી ઊંડી બનાવવામાં આવે છે જેથી તેમની પાછળ બધી જ સફો સંપૂર્ણ ઊભી થઈ શકે, કારણ કે આ પદ્ધતિ "કુરૂને ઊલા" (ઇસ્લામના શરૂઆતના સમય)માં ન હતી એટલા માટે અમુક ઉલમાએ તેને બિદ્અત કહી છે. શૈખ જલાલુદ્દીન સુયૂતિ (રહ.)એ આ મસ્અલા ઉપર આગવી કિતાબ "અઅ્લામુલ અરાનીબ ફી બિદ્અતુલ મહારીબ" લખી છે અને તહકીક તથા સાચી વાત એ છે કે જો આ પ્રમાણેના મિહરાબો નમાઝીઓની સહૂલત અને મસ્જિદની સુધારણાને નજર

સમક્ષ રાખી બનાવવામાં આવે અને તેને સુન્નતનો હેતુ સમજવામાં ન આવે તો તેને બિદ્અત કહેવાનું કોઈ કારણ નથી. હા ! જો તેને સુન્નતનો હેતુ બનાવી લેવામાં આવે અને તેના વિરુદ્ધ કરનારની ટીકા થવા લાગે તો આવા ગુલુ (અતિશયોક્તિ)થી આ અમલ બિદ્અતોમાં સામેલ થઈ શકે છે.

મસ્અલો :

જે મસ્જિદોમાં ઈમામનો મિહરાબ એક આગવા મકાનના સ્વરૂપમાં બનાવવામાં આવે છે ત્યાં ઈમામ માટે જરૂરી છે કે તે મિહરાબથી થોડું બહાર એ રીતે ઊભા થાય કે તેના પગ મિહરાબથી બહાર નમાઝીઓ તરફ રહે જેથી ઈમામ અને મુક્તદીઓનું એક જ મકાન ગણી શકાય નહિતર આ સ્વરૂપ મકરૂહ અને નાજાઇઝ છે કે ઈમામ અલગ મકાનમાં એકલા ઊભા થાય અને મુક્તદી બીજા મકાનમાં. અમુક મસ્જિદોમાં મિહરાબ એટલી પહોળી અને વિશાળ બનાવવામાં આવે છે કે મુક્તદીઓની નાની સરખી સફ મહરાબમાં ઊભી થાય અને ઈમામ તેમની આગળ સંપૂર્ણ રીતે મિહરાબમાં ઊભા થાય તો ઈમામ અને મુક્તદીઓનું મકાન એકસમાન થઈ જવાના કારણે કોઈ કરાહત કે સૂગ રહેતી નથી.

تَمَاثِيلَ (તમાષીલ) એ تِمْثَالٌ (તિમષાલ)નું બહુવચન છે. કામુષમાં છે કે "તમષાલ બફત્હે તાઅ્" ક્રિયાપદ છે અને "બકસ્રે તાઅ્ તિમષાલ" તસવીર (ચિત્ર)ને કહેવામાં આવે છે. ઈબ્ને અરબીએ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે "તિમષાલ" એટલે કે તસવીર બે પ્રકારની હોય છે. એક જેનામાં રૂહ છે તેવા સજીવોની તસવીર અને બીજું જેનામાં રૂહ નથી તેવી નિર્જીવ વસ્તુની તસવીર, પછી નિર્જીવોમાં બે પ્રકારો છે. એક સ્થૂળ વસ્તુઓ જેમકે જેનામાં વૃદ્ધિ અથવા વિકાસ નથી હોતો જેમકે માટી, પથ્થર વગેરે.... અને બીજી વૃદ્ધિ વિકાસવાળી વસ્તુઓ હોય છે જેમાં વૃદ્ધિ થતી રહેતી હોય છે, જેમકે વૃક્ષો, ખેતી વગેરે. જિન્નાતો હઝરત સુલયમાન (અલૈ.) માટે આ બધા જ પ્રકારોની વસ્તુઓની તસવીર બનાવતા હતા. પ્રથમ તો શબ્દ "તમાષીલ"ના સામાન્ય અર્થમાં જ આ વાત સમજી શકાય છે કે આ ચિત્રો કોઈ ખાસ પ્રકારના નહીં બલકે દરેક પકાર માટે સામાન્ય હતા. બીજી ઐતિહાસિક રિવાયતોમાં સુલયમાન (અલૈ.)ના તખ્ત ઉપર પક્ષીઓના ચિત્રો હોવાનું પણ વર્ણન છે.

શરીઅતે ઇસ્લામમાં સજીવોના ચિત્રો બનાવવાનો તથા તેનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ :

પ્રસ્તુત આયતથી જાણ થાય છે કે હઝરત સુલયમાન (અલૈ.)ની શરીઅતમાં સજીવોના ચિત્રો બનાવવા અને તેનો ઉપયોગ કરવો હરામ ન હતું પરંતુ કારણ કે અગાઉ થઈ ચૂકેલ ઉમ્મતોમાં તે બાબતોનો સાક્ષાત્કાર થયો કે લોકોની તસ્વીરો તેમની યાદગાર સ્વરૂપે બનાવી અને તેમને પોતાના ઈબાદતખાનાઓમાં એ હેતુથી રાખતા કે તેમને જોઈને તેમની ઈબાદતગુઝારીનો નકશો નજર સમક્ષ આવે તો પોતાને પણ ઈબાદતની પ્રેરણા મળે પરંતુ ધીરે ધીરે તે લોકોએ તે જ ચિત્રોને પોતાના પૂજ્ય (મઅ્બૂદ) બનાવી લીધા અને મૂર્તિપૂજાની શરૂઆત થઈ ગઈ.

ખુલાસો એ છે કે અગાઉની ઉમ્મતોમાં સજીવોની તસવીરો મૂર્તિપૂજાનું માધ્યમ બની ગઈ. શરીઅતે ઈસ્લામ કારણ કે કયામત સુધી કાયમ અને બાકી રાખવી તકદીરે ઈલાહી છે એટલા માટે તેમાં એ બાબતની ખાસ કાળજી રાખવામાં આવી છે કે જે રીતે મૂળ હરામ વસ્તુઓ અને ગુનાહને હરામ તથા પ્રતિબંધિત કરવામાં આવ્યા છે એ જ પ્રમાણે તેના માધ્યમો અને નજીકના કારણોને પણ અસલ ગુનાહની સાથે જોડીને હરામ કરી દેવામાં આવ્યા છે, મૂળ મોટો ગુનોહ શિર્ક અને મૂર્તિપૂજા છે તેની મનાઈ કરવામાં આવી તો જે માર્ગોએ થઈને મૂર્તિપૂજા આવી શકતી હતી તે માર્ગો ઉપર પણ શરીઅતે પહેરો બેસાડી દીધો અને મૂર્તિપૂજાના માધ્યમો તથા નજીકના કારણોને પણ હરામ ઠરાવવામાં આવ્યા. સજીવોની તસવીરો બનાવવી અને તેનો ઉપયોગ કરવો આ જ સિદ્ધાંતની બીનાએ હરામ કરવામાં આવ્યું. રસૂલે કરીમ ﷺની સહીહ અને મુતવાતિર હદીષોથી તે હરામ હોવાનું સાબિત છે.

એ જ પ્રમાણે દારૂ હરામ કરવામાં આવ્યું તો તેને વેચવું, ખરીદવું, તેને લાવવા લઈ જવાની મજૂરી કરવી, તેને બનાવવું.... બધું જ હરામ કરવામાં આવ્યું કે જે દારૂ પીવાના માધ્યમો છે. ચોરી હરામ કરવામાં આવી તો કોઈના મકાનમાં પરવાનગી વિના પ્રવેશ કરવાની બલકે બહારથી અંદર ઝાંખવાની પણ મનાઈ કરવામાં આવી, વ્યભિચાર હરામ કરવામાં આવ્યો તો ગેરમહરમ તરફ

ઈરાદાપૂર્વક નજર કરવાને પણ હરામ કરવામાં આવ્યું. શરીઅતે ઈસ્લામમાં આવા અનેક ઉદાહરણો મોજૂદ છે.

સજીવની તસવીર (ચિત્ર) હરામ હોવા વિશે એક સામાન્ય શંકા અને તેનો જવાબ :

સામાન્ય લોકો એવું કહી શકે છે કે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં સજીવોની તસવીરોનો જે સ્વરૂપે ઉપયોગ કરવામાં આવતો હતો તે મૂર્તિપૂજાનું માધ્યમ બની શકતું હતું પરંતુ વર્તમાન સમયમાં તસવીરોથી જે પ્રમાણે કામ લેવામાં આવે છે જેમકે અપરાધીઓની ઓળખ, વેપારનો ખાસ ટ્રેડમાર્ક, દોસ્તો, સગાં સંબંધીઓથી મુલાકાતના પ્રસંગો અને પરિસ્થિતિઓની યાદગીરીમાં મદદ વગેરે, જેના કારણે ચિત્રો જિંદગીની જરૂરી ચીજ વસ્તુઓમાં સામેલ કરી લેવામાં આવી છે તેમાં મૂર્તિપૂજા અને ઈબાદત કે પૂજાની કોઈ કલ્પના દૂર દૂર સુધી નથી તો આ પ્રતિબંધ જે મૂર્તિપૂજાના ભયના કારણે કરવામાં આવ્યો હતો હવે માન્ય રહેવો જોઈએ નહીં.

જવાબ એ છે કે પ્રથમ તો એવું કહેવું પણ જાઇઝ નથી કે વર્તમાન સમયમાં ચિત્રો મૂર્તિપૂજાનું માધ્યમ રહ્યું નથી, આજે પણ કેટલાક સંપ્રદાયો અને વર્ગો છે જે પોતાના પીરોના ચિત્રોનો પૂજાપાઠ કરે છે અને જે હુકમ કોઈ જાહેર પરિસ્થિતિ આધારે આપવામાં આવે તો એ જરૂરી નથી કે તે દરેક વ્યક્તિમાં જોવા મળે, તદુપરાંત ચિત્રોની મનાઈનું કારણ માત્ર એક એ જ નથી કે તે મૂર્તિપૂજાનું માધ્યમ છે બલકે સહીહ હદીષોમાં તેની મનાઈના બીજા કારણો પણ ઉપસ્થિત છે, દાખલા તરીકે એ કે ચિત્રો બનાવવા અલ્લાહ તઆલાની ખાસ સિફતની નકલ ગણાય છે. ''મુસવ્વીર'' અલ્લાહ તઆલાના ખાસ ''અસ્માએ હુસ્ના'' (અલ્લાહના પવિત્ર નામો)માંથી છે અને ચહેરા બનાવવા વાસ્તવમાં તેના જ માટે યોગ્ય છે અને તે તેની જ શક્તિમાં છે કે સર્જનના હજારો પ્રકારો અને ભિન્ન ભિન્ન મખ્લૂકોમાં વળી દરેક પ્રકારમાં તેના કરોડો જીવ હોય છે પરંતુ એકનો ચહેરો બીજાને નથી મળતો. મનુષ્યને જ લઈ લો તો પુરુષના ચહેરા અને સ્ત્રીના ચહેરામાં ઉઘાડો ફરક હોય છે, પછી સ્ત્રીઓ અને પુરુષોના કરોડો વ્યક્તિઓમાં કોઈ પણ બે વ્યક્તિ બિલકુલ સરખા હોતા નથી, એવો ખુલ્લો તફાવત હોય છે કે

જોનારા માટે કોઈ લાંબો વિચાર કે ફિકર ચિંતા કર્યા વિના જ તે તફાવત સ્પષ્ટ થઈ જાય છે, શું આ ચહેરો બનાવવાની કળા અલ્લાહ રબ્બુલ ઈજ્જત સિવાય કોઈના કાબૂમાં છે ? જે મનુષ્ય કોઈ સજીવનું પૂતળું અથવા તેનો નકશો અથવા રંગથી એક ચિત્ર બનાવે છે તે પોતાના અમલથી જાણે એ બાબતનો દા'વેદાર છે કે તે પણ ચહેરો બનાવી શકે છે, એટલા માટે સહીહ બુખારી વગેરેની હદીષોમાં છે કે કયામતના દિવસે ચિત્રો બનાવનારને કહેવામાં આવશે કે જ્યારે તમે અમારી નકલ ઊતારી તો પૂર્ણ કરીને બતાવો, જો તમારી શક્તિમાં હોય કે અમે તો માત્ર ચહેરો જ નથી બનાવ્યો તેમાં રૂહ પણ નાંખી છે, જો તમે આ સર્જનનો દા'વો કરો છો તો પોતાના બનાવેલા ચહેરામાં રૂહ નાંખીને પણ બતાવો.

ચિત્રોની મનાઈનું એક કારણ સહીહ હદીષોમાં એ પણ આવે છે કે અલ્લાહ તઆલાના ફરિશ્તાઓને ચિત્રો અને પૂતળાંઓથી નફરત છે, જે ઘરમાં આ વસ્તુઓ હોય છે તેમાં રહમતના ફરિશ્તા દાખલ નથી થતા જેના કારણે તે ઘરની બરકત અને નૂરાનિયત સમાપ્ત થઈ જાય છે. ઘરમાં વસનારાઓની ઈબાદત અને આજ્ઞાપાલનની તવફીક ઘટી જાય છે અને સાથે જ એ પ્રખ્યાત કહેવત પણ ખોટી નથી કે خانۂ خالی را دیو می گیرد એટલે કે, ખાલી ઘર ઉપર જિન્નાત ભૂતો કબ્જો કરી લે છે, જ્યારે કોઈ ઘર રહમતના ફરિશ્તાઓથી ખાલી હશે તો શયતાનો તેને ઘેરી લેશે અને તેમાં વસનારાઓના દિલોમાં ગુનાહોની ભ્રમણાઓ અને પછી ઈરાદાઓ પેદા કરતો રહેશે.

એક કારણ અમુક હદીષોમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે ચિત્રો દુનિયાની વધારાની જરૂરતનો શણગાર છે અને આ યુગમાં જે પ્રમાણે ચિત્રોથી ઘણા લાભો પ્રાપ્ત કરવામાં આવે છે, હજારો ગુનાહો અને નિર્લજ્જતાઓ પણ આ જ ચિત્રો દ્વારા જન્મ લે છે, મતલબ કે શરીઅતે ઈસ્લામે માત્ર એ કારણથી નહીં ઘણા બધા કારણો ઉપર દૃષ્ટિ કરીને સજીવોના ચિત્રો બનાવવાને અને તેના ઉપયોગ કરવાને હરામ ઠરાવી દીધા છે. હવે જો કોઈ ખાસ વ્યક્તિમાં ધારી લો કે તે અપવાદ સ્વરૂપે મોજૂદ ન હોય તો કોઈ ખાસ અપવાદના કારણે શરીઅતનો કાનૂન બદલાઈ નથી શકતો.

સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયતથી એ હદીષ આવી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَشَدُّ النَّاسِ عَذَابًا يَوْمَ الْقِيٰمَةِ الْمُصَوِّرُوْنَ એટલે કે, સૌથી વધારે સખત અઝાબમાં કયામતના દિવસે (સજીવના) ચિત્રો બનાવનારો હશે.

અમુક હદીષની રિવાયતમાં ચિત્રો બનાવનારા ઉપર રસૂલે કરીમ ﷺએ લા'નત કરી છે અને સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, كُلُّ مُصَوِّرٍ فِي النَّارِ ، الحديث એટલે કે દરેક ચિત્રકાર (સજીવોના ચિત્રો દોરનાર) જહન્નમમાં જશે.

આ મસ્અલા વિશે હદીષની રિવાયતો અને પુરોગામી બુઝૂર્ગોની કાર્યપદ્ધતિની વિગતો સાબિતીઓ સાથે મુજ નાચીઝે પોતાની પુસ્તિકા ''અત્તસવીરુલ અહકામિલ તસવીર''માં એકઠા કરી દીધા છે અને લોકોની શંકાઓના જવાબો પણ તેમાં વિગતવાર છે, જરૂરત હોય તો ત્યાં જોઈ શકાય છે.

ફોટોગ્રાફીથી લીધેલ ચિત્ર પણ ચિત્ર જ છે :

અમુક લોકોનું એ કહેવું સદંતર ખોટું છે કે ફોટોગ્રાફી એ ચિત્રો બનાવવાથી બાકાત છે કારણ કે તે તો પડછાયો અથવા આકૃતિ છે, જેમકે આયના અથવા પાણી વગેરેમાં જોવામાં આવે છે તો જે રીતે આયનામાં પોતાનો ચહેરો જોવો જાઈઝ છે તે રીતે ફોટોગ્રાફીથી લીધેલ ચિત્ર પણ જાઈઝ છે, તેનો જવાબ સ્પષ્ટ અને ખુલ્લો છે કે આકૃતિ અને પડછાયો તે સમય સુધી પડછાયો કે આકૃતિ છે જ્યાં સુધી તે કોઈ માધ્યમ દ્વારા સ્થાપિત અને ટકાઉ બનાવી લેવામાં ન આવે, જેમકે અરીસા અથવા પાણીમાં પોતાની છબી જે સમયે પાણી અથવા અરીસા સામેથી તમે હટી જશો તો સમાપ્ત થઈ જશે, જો આયના ઉપર કોઈ ટેક્નોલૉજી દ્વારા આ છબી કે આકૃતિને ટકાઉ બનાવી દેવામાં આવે તો તે તસવીર (ચિત્ર) બની જશે જેનું હરામ હોવું અથવા મનાઈ હોવી મુતવાતિર હદીષોથી સાબિત છે. ફોટોગ્રાફીની વિસ્તૃત ચર્ચા પણ પ્રસ્તુત પુસ્તિકા ''અત્તસવીરુલ અહકામિલ તસવીર''માં લખવામાં આવી છે.

جِفَانٍ (જિફાનિન) એ جَفْنَةٌ (જફ્નહ)નું બહુવચન છે જે પાણીના મોટા વાસણો જેમકે ટબ અથવા પીપ વગેરેને કહેવામાં આવે છે. كَالْجَوَابِ (કલ્જવાબી) એ جَابِيَةٌ (જાબિયહ)નું બહુવચન છે, નાના હોજને ''જાબિયહ'' કહેવામાં આવે છે. ભાવાર્થ એ છે કે પાણી ભરવા મોટા વાસણો એવા બનાવતા

હતા જેમાં નાના હોજ સમાન પાણી ભરી શકાતું હતું. قُدُوْر (કુદૂર) એ قِدْر بِكَسْرِ الْقَاف (કદ્ર બ કસ્રે કા'ફ)નું બહુવચન છે, તે "હાંડલીઓ"ને કહેવામાં આવે છે.

رَاسِيَات (રાસિયાત)નો અર્થ "પોતાના સ્થળે થોભેલી" થાય છે, ભાવાર્થ એ છે કે એટલી વજનવાળી અને મોટી દેગો બનાવતા હતા જે હલાવવાથી ન હલે અને શક્ય છે કે આ દેગો પથ્થરમાંથી કોતરીને પથ્થરના જ ચૂલાઓ ઉપર લાગેલી બનાવવામાં આવી હોય જે હટાવી કે ખસેડી શકવાપાત્ર ન હોય. તફસીરના ઈમામ ઝહ્હાક (રહ.)એ قُدُوْرٍ رَّاسِيَات ની આ જ તફસીર કરી છે.

اِعْمَلُوْٓا اٰلَ دَاوٗدَ شُكْرًا ؕ وَقَلِيْلٌ مِّنْ عِبَادِیَ الشَّكُوْرُ હઝરત દાવુદ (અલૈ.) અને હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ તઆલાએ પોતાના ખાસ ફઝ્લથી નવાઝ્યા અને ખાસ ઈનામો અર્પણ કર્યા તેમનું વર્ણન કર્યા પછી તેમને પોતાના બાળ બચ્ચાંઓ ઘરવાળાઓ સહિત શુક્રગુઝારીનો હુકમ આ આયતમાં આપવામાં આવ્યો છે.

શુક્ર (અલ્લાહનો આભાર માનવા)ની હકીકત અને તેના હુકમો :

કુર્તુબીએ ફરમાવ્યું કે શુક્રની વાસ્તવિકતા એ છે કે એ બાબતનો સ્વીકાર કરે કે આ નેઅ્મત ફલાણા નેઅ્મત આપનારે આપી છે અને પછી તે નેઅ્મતને તેની આજ્ઞા અને મરજી પ્રમાણે ઉપયોગ કરે અને કોઈની આપેલી નેઅ્મતને તેની મરજી વિરુદ્ધ ઉપયોગ કરવો નાશુક્રી અને નેઅ્મતની નાકદ્રી છે, આથી જાણ થઈ કે શુક્ર જે રીતે જીભથી હોય છે એ જ પ્રમાણે અમલથી પણ શુક્ર હોય છે અને અમલી શુક્ર તે નેઅ્મતના આપનારની આજ્ઞા અને મરજી પ્રમાણેનો ઉપયોગ છે.... અને અબૂ અબ્દુર્રહમાન અસ્લમી (રહ.)એ ફરમાવ્યું કે નમાઝ શુક્ર છે, રોઝા શુક્ર છે, દરેક નેક કાર્ય શુક્ર છે. મુહમ્મદ ઈબ્ને કઅ્બ કરઝી (રહ.)એ ફરમાવ્યું કે શુક્ર તકવો અને નેક અમલોનું નામ છે. *(ઈબ્ને કષીર)*

પ્રસ્તુત આયતમાં કુર્આને હકીમે શુક્રના હુકમ માટે ટૂંકો શબ્દ اُشْكُرُوْنِیْ (ઊશ્કુરૂની)ના બદલે اِعْمَلُوْا شُكْرًا (ઈઅ્મલૂ શુક્રન) અપનાવીને કદાચ તે તરફ પણ ઈશારો કર્યો કે હઝરત દાવુદ (અલૈ.)ની અવલાદથી અમલી શુક્ર ઈચ્છવામાં આવી રહ્યો છે એટલા માટે આ હુકમનો અમલ હઝરત દાવુદ (અલૈ.) અને

હઝરત સુલયમાન (અલૈ.) અને તેમના કુટુંબે કથની અને કરણી બંનેથી એ પ્રમાણે કર્યો કે તેમના ઘરમાં કોઈ સમય એવો પસાર ન થતો હતો કે તેમના ઘરનો કોઈ વ્યક્તિ અલ્લાહની ઈબાદતમાં લાગેલો ન હોય. કુટુંબના સભ્યો ઉપર સમયની વહેંચણી કરી દેવામાં આવી હતી, એ જ પ્રમાણે હઝરત દાવુદ (અલૈ.)નો મુસલ્લો કોઈપણ સમયે નમાઝ પઢનારથી ખાલી રહેતો ન હતો.

(ઈબ્ને કષીર)

બુખારી અને મુસ્લિમમાં હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે નમાઝીઓમાં અલ્લાહ સમીપ ખૂબ પ્રિય નમાઝ હઝરત દાવુદ (અલૈ.)ની છે, તે અડધી રાતે સૂતા હતા, પછી ત્રીજા પહોરની રાત્રે ઈબાદતમાં ઊભા રહેતા હતા, પછી અંતિમ છઠ્ઠા ભાગમાં સૂતા હતા અને બધા રોઝાઓમાં અતિપ્રિય રોઝો અલ્લાહ સમીપ હઝરત દાવુદ (અલૈ.)નો છે કે તે એક દિવસ રોઝો રાખતા અને એક દિવસ ઈફતાર કરતા હતા. (ઈબ્ને કષીર)

હઝરત ફુઝૈલ (રદિ.)થી નકલ થયું છે કે જ્યારે હઝરત દાવુદ (અલૈ.) ઉપર આ શુક્રનો હુકમ લાગુ થયો તો તેમણે અલ્લાહ તઆલાથી વિનંતી કરી કે હે મારા પરવરદિગાર ! હું તારો આ શુક્રિયહ કઈ રીતે પૂર્ણ કરી શકું છું જ્યારે કે મારો શુક્ર મૌખિક હોય અથવા અમલી, તે પણ તારી જ આપેલી નેઅ્મત છે, તેના ઉપર પણ આગવો શુક્ર અદા કરવો વાજિબ છે. અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો, اَلْاٰنَ شَكَرْتَنِيْ يَادَاوٗدُ એટલે કે, હે દાવુદ (અલૈ.) ! હવે તમે શુક્ર અદા કરી દીધો કારણ કે શુક્રનો હક અદા કરવાથી પોતાને આજિઝ અને લાચાર સમજી લીધો તથા તેનો સ્વીકાર કરી લીધો.

હકીમ તિરમિઝી અને ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ હઝરત અતાઅ્ બિન યસાર (રદિ.)થી રિવાયત કરી છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ اِعْمَلُوْٓا اٰلَ دَاوٗدَ شُكْرًا તો રસૂલે કરીમ ﷺ મિમ્બર ઉપર તશરીફ લાવ્યા અને આ આયતને તિલાવત કરી, પછી ઈરશાદ ફરમાવ્યો કે ત્રણ કામ એવા છે કે જે વ્યક્તિ તેને પૂર્ણ કરી લે તો જે શ્રેષ્ઠતા દાવુદ (અલૈ.)ની અવલાદને અર્પણ કરવામાં આવી હતી તે તેને પણ મળી જશે, સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે તે ત્રણ કાર્યો કયા છે ? આપ ﷺએ ફરમાવ્યું કે, ખુશી અને ક્રોધ બંને પરિસ્થિતિઓમાં ન્યાય ઉપર કાયમ રહેવું અને ગિના (આર્થિક છૂટછાટ) તથા

ગરીબી બંને પરિસ્થિતિઓમાં મધ્યમ માર્ગ અને સમતોલપણું અપનાવવું તથા ગુપ્ત અને જાહેર બંને પરિસ્થિતિઓમાં અલ્લાહથી ડરવું.

(કુર્તુબી, અહકામુલ કુર્આન, જસ્સાસ)

وَقَلِيْلٌ مِّنْ عِبَادِيَ الشَّكُوْرُ શુક્રના હુકમોની તાકીદ પછી એ બાબતની પણ જાહેરાત કરી કે મારા બંદાઓમાં શુક્રગુઝાર ઓછા જ થશે, તેમાં પણ મો'મિન માટે ચેતવણી અને શુક્ર કરવાની તાકીદ છે.

فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ الْمَوْتَ.... આયતમાં શબ્દ مِنْسَاَةٌ એ عَصَاءٌ અને લાઠી મારવાના અર્થમાં છે. અમુક લોકોએ ફરમાવ્યું કે આ હબશી ભાષાનો શબ્દ છે જેનો અર્થ "લાઠી" થાય છે અને અમુકે ફરમાવ્યું, આ અરબી ભાષાનો શબ્દ છે, نَسْــــاءٌ નો અર્થ "હટાવવું" અથવા "પાછલા ક્રમે કરવું" થાય છે. લાઠી દ્વારા મનુષ્ય નુકસાનકારક વસ્તુઓને હટાવે છે તેથી તેને مِنْسَاَةٌ કહેવામાં આવ્યું. એટલે કે, "હટાવવાનું સાધન". આ આયતમાં હઝરત સુલયમાન (અલૈ.)ની મોતની આશ્ચર્યજનક ઘટના વર્ણન કરીને ઘણા બોધપાઠ અને માર્ગદર્શનોના દરવાજા ખોલવામાં આવ્યા.

હઝરત સુલયમાન (અલૈ.)ના મોતની આશ્ચર્યજનક ઘટના :

આ ઘટનામાં ઘણા બધા માર્ગદર્શનો છે, પ્રથમ એ કે હઝરત સુલયમાન (અલૈ.) કે જેમને આવી અજોડ સત્તા અને રાજ્યશાસન પ્રાપ્ત થયું હતું કે સમગ્ર દુનિયા ઉપર જ નહીં બલકે જિન્નાત અને પક્ષીઓ અને હવાઓ ઉપર પણ તેમની હુકૂમત હતી પરંતુ બધા સરસામાન હોવા છતાં મોતથી તેમને પણ છુટકારો ન મળ્યો હતો અને એ કે મોત તો નિશ્ચિત સમય પણ આવવાની જ હતી. બયતુલ મુકદસનું બાંધકામ જે હઝરત દાવુદ (અલૈ.)એ શરૂ કર્યું પછી હઝરત સુલયમાન (અલૈ.)એ તેની પૂર્ણતા કરી તેમાં અમુક બાંધકામ બાકી હતું અને આ બાંધકામ જિન્નાતોને સોંપવામાં આવ્યું હતું જેમના સ્વભાવમાં બળવાનું જોર હતું. તેઓ હઝરત સુલયમાન (અલૈ.)ના ડરથી કાર્ય કરતા હતા. જો તેમની વફાતની જિન્નાતોને જાણ થઈ જાય તો તેઓ તરત જ કામ છોડી દેશે અને બાંધકામ અધૂરું રહી જાય. તેની વ્યવસ્થા હઝરત સુલયમાન (અલૈ.)એ અલ્લાહના હુકમથી એ કરી કે જ્યારે મોતનો સમય આવ્યો તો મોતની તૈયારી કરીને પોતાના મિહરાબમાં

દાખલ થયા જે સ્વચ્છ પારદર્શક કાચથી બનેલ હતો, બહારથી અંદરની બધી વસ્તુઓ દેખાતી હતી અને પોતાના નિત્યક્રમ પ્રમાણે ઈબાદત માટે એક ટેકો લઈને ઊભા થઈ ગયા કે રૂહ નીકળી ગયા પછી પણ શરીર આ લાઠીના સહારે પોતાના સ્થળે સ્થિર રહે. હઝરત સુલયમાન (અલૈ.)ની રૂહ નિશ્ચિત સમયે કબ્જે કરી લેવામાં આવી પરંતુ તેઓ પોતાની લાઠીના સહારે પોતાની જગ્યાએ સ્થિર ઊભેલા એવા દેખાતા હતા કે જાણે ઈબાદતમાં મશ્ગૂલ છે, જિન્નાતોની એવી મજાલ કે હિંમત ન હતી કે પાસે આવીને જોઈ શકે, હઝરત સુલયમાન (અલૈ.)ને જીવીત સમજીને કામમાં પ્રવૃત્ત રહ્યા. એટલે સુધી કે એક વર્ષ પસાર થઈ ગયું અને બયતુલ મુકદ્દસના બાંધકામનું બાકી કામ પૂર્ણ થઈ ગયું તો અલ્લાહ તઆલાએ ઉધઈના કીડાને કે જેને ફારસીમાં دِیــــوَکْ અને ઉર્દૂમાં دِیــــمَکْ કહેવામાં આવે છે અને કુર્આને કરીમે તેને دَابَّةُ الْاَرْضِ ના નામથી ઓળખાવ્યું છે. હઝરત સુલયમાન (અલૈ.)ની લાઠી ઉપર થોપી દીધું, ઉધઈએ તે લાઠીને અંદરથી ખાઈને કમજોર કરી નાંખી, લાઠીનો સહારો સમાપ્ત થયો તો હઝરત સુલયમાન (અલૈ.) પડી ગયા, તે સમયે જિન્નાતોને તેમના મોતની ખબર પડી.

જિન્નાતોને અલ્લાહ તઆલાએ લાંબા અંતરની મુસાફરી અમુક ક્ષણોમાં પૂર્ણ કરવાની શક્તિ અર્પણ કરી છે તે ઘણી બધી એવી પરિસ્થિતિઓ અને ઘટનાઓથી વાકેફ થતા હતા જેને માનવી જાણતા નથી હોતા, જ્યારે તે માનવોને આ ઘટનાઓની ખબરો આપતા તો મનુષ્ય એવું સમજતો હતો કે આ ગયૂબની ખબર છે અને જિન્નાતોને પણ ગયૂબનું ઈલ્મ પ્રાપ્ત છે. પોતે જિન્નાતોનો પણ ઈલ્મે ગયૂબ જાણવાનો દા'વો હોય તો તે દૂરની વાત નથી. મોતની આશ્ચર્યજનક ઘટનાએ તેની વાસ્તવિકતા ખોલી નાંખી કે પોતે જિન્નાતોને પણ ખબર પડી ગઈ અને બધા માનવોને પણ કે જિન્નાત આલિમુલ ગયૂબ નથી, કારણ કે જો તેમને ગયૂબનું ઈલ્મ હોત તો હઝરત સુલયમાન (અલૈ.)ના મોતની એક વર્ષ પહેલાં જ ખબર પડી ચૂકી હોત અને આ આખા વર્ષની મહેનત અને તકલીફ જે તેમને જીવીત સમજીને વેઠતા રહ્યા તેનાથી બચી ગયા હોત. આયતના અંતિમ વાક્યમાં તેનું જ વર્ણન છે. فَلَمَّا خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ اَنْ لَّوْ كَانُوْا يَعْلَمُوْنَ الْغَيْبَ مَا لَبِثُوْا فِی الْعَذَابِ الْمُهِيْنِ તેમાં عَذَابٍ مُّهِيْنٍ (અઝાબિન મુહીન)થી ભાવાર્થ તે મહેનત અને તકલીફના કામ છે જેના ઉપર બયતુલ મુકદ્દસના બાંધકામની પૂર્ણતા માટે હઝરત

સુલયમાન (અલૈ.)એ તેમને કામે લગાડયા હતા. હઝરત સુલયમાન (અલૈ.)ની મોતની આ આશ્ચર્યજનક ઘટના અમુક તો પોતે કુર્આને કરીમની આ આયતમાં ઉપસ્થિત છે, બાકી વિગત હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરે તફસીરના ઈમામોથી નકલ થઈ છે જે ઈબ્ને કષીર વગેરે તફસીરોમાં નકલ કરવામાં આવી છે.

આ આશ્ચર્યજનક ઘટનાથી એ ઈબ્રત પણ પ્રાપ્ત થઈ કે મોતથી કોઈનો છૂટકારો નથી અને એ પણ કે અલ્લાહ તઆલાને જે કામ લેવાનું હોય છે તેની જે પ્રમાણે ઈચ્છે વ્યવસ્થા કરી શકે છે જેમકે આ ઘટનામાં બન્યું કે મોત થયું છતાં હઝરત સુલયમાન (અલૈ.)ને એક વર્ષ સુધી પોતાના સ્થળે કાયમ રાખીને જિન્નાતો પાસે કામ પૂર્ણ કરાવી લીધું અને એ પણ કે દુનિયાનો બધો સામાન અને યંત્રો તે સમય સુધી જ કાર્ય કરે છે જ્યાં સુધી અલ્લાહને મંજૂર હોય છે, જ્યારે તેને મંજૂર નથી હોતું તો યંત્રો અને સામાન જવાબ આપી દે છે, જેમકે અહીંયાં લાઠીનો સહારો ઉધઈ દ્વારા ખતમ કરી દેવામાં આવ્યો અને એ પણ કે હઝરત સુલયમાન (અલૈ.)ની વફાત પછી એ ભય હતો કે લોકો જિન્નાતના આશ્ચર્યજનક કામો અને કારનામાઓ અને ગયૂબની વાતોથી દેખીતી રીતે તેઓ જાણકાર હોવા વગેરેના આશ્ચર્યજનક અમલોને જોઈને ક્યાંક તેમને જ પોતાના મઅ્બૂદ (પૂજ્ય) ન બનાવી બેસે, આ ભયને પણ આ મોતની ઘટનાએ સમાપ્ત કરી દીધો, સૌએ જિન્નાતોની બેખબરી અને લાચારીની જાણ થઈ ગઈ.

પ્રસ્તુત ચર્ચાથી એ પણ જાણ થઈ કે હઝરત સુલયમાન (અલૈ.)એ મોતના સમયને એક ખાસ પદ્ધતિએ બે કારણોએ અપનાવ્યો હતો, પ્રથમ એ કે બયતુલ મુકદસના બાંધકામનું બાકી રહેલ કાર્ય પૂર્ણ થઈ જાય, બીજું એ કે આ લોકો ઉપર જિન્નાતોની બેખબરી અને લાચારી જાહેર થઈ જાય જેથી તેમની ઈબાદત થવાનો ભય ન રહે. *(કુર્તુબી)*

ઈમામ નસાઈ (રહ.)એ સહીહ સનદથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર (રદિ.)થી આ રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યારે હઝરત સુલયમાન (અલૈ.) બયતુલ મુકદસના બાંધકામથી ફારેગ થયા તો અલ્લાહ તઆલા પાસે અમુક દુઆઓ કરી જે સ્વીકારવામાં આવી, તેમાંથી એક દુઆ એ છે કે જે વ્યક્તિ આ મસ્જિદમાં માત્ર નમાઝની નિય્યતથી દાખલ થાય અને કોઈ

દુનિયવી હેતુ ન હોય તેને મસ્જિદમાંથી નીકળતા પહેલાં બધા ગુનાહોથી એવો પાક કરી દે જેમકે તે સમયે પાક હતો જ્યારે તે માતાના પેટે પેદા થયો હતો.

સુદ્દીની રિવાયતમાં પણ છે કે બયતુલ મુકદસના બાંધકામથી ફારેગ થયા પછી હઝરત સુલયમાન (અલૈ.)એ શુક્રિયહ સ્વરૂપે બાર હજાર ગાય, બળદ અને વીસ હજાર બકરીઓની કુર્બાની કરીને લોકોને જાહેર દા'વત આપી અને તે દિવસની ખુશી મનાવી તથા સખ્રએ બયતુલ મુકદસ ઉપર ઊભા થઈને અલ્લાહ તઆલાથી એ દુઆ માંગી કે યા અલ્લાહ ! તેં જ મને આ શક્તિ અને સ્ત્રોત અર્પણ કર્યા જેનાથી બયતુલ મુકદસનું બાંધકામ પૂર્ણ થયું તો યા અલ્લાહ ! મને એવી પણ તવફીક આપ કે હું તારી આ નેઅ્મતનો શુક્ર અદા કરું અને મને પોતાના દિવસ ઉપર વફાત આપજે અને હિદાયત પછી મારા દિલમાં કોઈ ખોટ કે ઉણપ ન નાંખજે અને અરજ કરી કે હે મારા પરવરદિગાર ! જે વ્યક્તિ આ મસ્જિદમાં પ્રવેશ કરે હું તેના માટે તારી પાસે પાંચ વસ્તુઓ માંગું છું, એક એ કે જે ગુનેહગાર તવબહ કરવા માટે આ મસ્જિદમાં દાખલ થાય તો તું તેની તવબહ કબૂલ કરી લે અને તેના ગુનાહોને મા'ફ કરી દે, બીજું એ કે જે વ્યક્તિ કોઈ ડર અથવા ભયથી બચવા માટે આ મસ્જિદમાં સામેલ થાય તો તું તેને સલામતી આપજે અને ભયથી છુટકારો અર્પણ કરજે, ત્રીજું એ કે જે બીમાર વ્યક્તિ તેમાં પ્રવેશ કરે તેને તંદુરસ્તી આપજે, ચોથું એ કે જે ફકીર વ્યક્તિ તેમાં પ્રવેશ કરે તેને માલદાર બનાવે અને પાંચમું એ કે જે વ્યક્તિ તેમાં દાખલ થાય તે જ્યાં સુધી તેમાં રહે તું પોતાની કૃપાદષ્ટિ અને રહમત તેના ઉપર રાખજે તે વ્યક્તિ સિવાય કે જે જુલમ અથવા બેદીનીના કામમાં પ્રવૃત્ત થાય.

આ હદીષથી જાણ થાય છે કે બયતુલ મુકદસના બાંધકામનું કાર્ય હઝરત સુલયમાન (અલૈ.)ની હયાતીમાં સંપૂર્ણ થઈ ચૂક્યું હતું જે ઘટના ઉપરોક્ત વર્ણન થઈ છે તે કંઈ તેનાથી વિપરીત નથી કે અસલ બાંધકામ સંપૂર્ણ થયા પછી મોટા બાંધકામનું અમુક કામ બાકી રહી જતું હોય છે, તે બાકી હોય તેના માટે હઝરત સુલયમાન (અલૈ.)એ પ્રસ્તુત યુક્તિ અપનાવી હોય.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એ પણ નકલ થયું હતું કે મોત પછી લાઠીના સહારે હઝરત સુલયમાન (અલૈ.) એક વર્ષ સુધી ઊભા રહ્યા. (કુર્તુબી) અને અમુક રિવાયતોમાં છે કે જ્યારે જિન્નાતોને એ જાણ થઈ કે હઝરત સુલયમાન

(અલૈ.)ની મોતને લાંબી મુદત વીતી ચૂકી છે અને અમે બેખબર રહ્યા તો મોતનો સમય જાણવા માટે આ યુક્તિ કરી કે એક લાકડી ઉપર ઉધઈ છોડી દીધી, એક દિવસ અને રાતમાં જેટલી લાઠી ઉધઈએ ખાધી તેનો હિસાબ લગાવી લીધો કે હઝરત સુલયમાન (અલૈ.)ની લાઠી ઉપર એક વર્ષ આ રીતે પસાર થયું હશે.

ખુલાસો :

બગવીએ ઇતિહાસના વિદ્વાનોના હવાલાથી વર્ણન કર્યું છે કે હઝરત સુલયમાન (અલૈ.)ની ઉંમર કુલ ૫૩ વર્ષ હતી અને તેમની સત્તા અને હુકૂમત ચાલીસ વર્ષ સુધી રહી, તેર વર્ષની ઉંમરમાં રાજ્યકારભારનું કામ સંભાળી લીધું હતું અને બયતુલ મુકદસનું બાંધકામ પોતાના રાજ્યકારભારના ચોથા વર્ષે શરૂ કર્યું હતું. *(મઝહરી, કુર્તુબી)*

આયતો : (સૂરએ સબા : આયત નં. ૧૫ થી ૧૯)

لَقَدْ كَانَ لِسَبَإٍ فِي مَسْكَنِهِمْ آيَةٌ ۖ جَنَّتَانِ عَن يَمِينٍ وَشِمَالٍ ۖ كُلُوا مِن رِّزْقِ
رَبِّكُمْ وَاشْكُرُوا لَهُ ۚ بَلْدَةٌ طَيِّبَةٌ وَرَبٌّ غَفُورٌ ﴿١٥﴾ فَأَعْرَضُوا فَأَرْسَلْنَا عَلَيْهِمْ
سَيْلَ الْعَرِمِ وَبَدَّلْنَاهُم بِجَنَّتَيْهِمْ جَنَّتَيْنِ ذَوَاتَيْ أُكُلٍ خَمْطٍ وَأَثْلٍ وَشَيْءٍ مِّن سِدْرٍ
قَلِيلٍ ﴿١٦﴾ ذَٰلِكَ جَزَيْنَاهُم بِمَا كَفَرُوا ۖ وَهَلْ نُجَازِي إِلَّا الْكَفُورَ ﴿١٧﴾ وَجَعَلْنَا بَيْنَهُمْ
وَبَيْنَ الْقُرَى الَّتِي بَارَكْنَا فِيهَا قُرًى ظَاهِرَةً وَقَدَّرْنَا فِيهَا السَّيْرَ ۖ سِيرُوا
فِيهَا لَيَالِيَ وَأَيَّامًا آمِنِينَ ﴿١٨﴾ فَقَالُوا رَبَّنَا بَاعِدْ بَيْنَ أَسْفَارِنَا وَظَلَمُوا أَنفُسَهُمْ
فَجَعَلْنَاهُمْ أَحَادِيثَ وَمَزَّقْنَاهُمْ كُلَّ مُمَزَّقٍ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُورٍ ﴿١٩﴾

તરજુમો :

ખરેખર, કોમે સબા માટે તેમની વસ્તીમાં નિશાની હતી બે (હારબંધ) બગીચા જમણે અને ડાબે; પોતાના પરવરદિગારની રોજી ખાઓ અને તેનો શુક્ર કરો, શહેર પવિત્ર છે અને પરવરદિગાર ગુનાહ મા'ફ કરનારો છે.

(૧૫) બસ તેઓએ લક્ષ ન આપ્યું, પછી અમે તેમના ઉપર એક જોશભેર નાળું (ડેમ) છોડી (પૂર વહાવી) દીધું અને તેમને તે બે બગીચાઓના બદલે અમે બીજા બે બગીચાઓ આપ્યા જેમાં અમુક કડવાં સ્વાદવાળા ફળો અને છીંણી (Tamarisk) તથા અમુક બોરડીના વૃક્ષો (Lot-trees) હતા. (૧૬) આ અમે તેમને એના ઉપર બદલો આપ્યો કે નાશુક્રી કરી અને અમે આ બદલો તેને જ આપીએ છીએ જે નાશુક્રો હોય. (૧૭) અને અમે તેમાં અને તે વસ્તીઓમાં જેમાં અમે બરકત રાખી છે એવી વસ્તીઓ રાખી છે જે માર્ગ ઉપર નજરે પડતી હતી અને અમે તેમાં આવવા જવાની મંઝિલો નિશ્ચિત કરી દીધી, હરો ફરો તેમાં રાતોએ અને દિવસોએ સલામતીથી. (૧૮) પછી કહેવા લાગ્યા, હે પરવરદિગાર ! અમારી મુસાફરીઓને લાંબી કર અને પોતે જ પોતાનું બુરું કર્યું, પછી અમે તેમને કહાણીઓ (ઈતિહાસ) બનાવી દીધી અને ચીરીને ટૂકડે ટૂકડા કરી (વેરવિખેર કરી) નાંખ્યા, તેમાં દરેક સબ્ર કરનાર શુક્રગુઝાર માટે બોધપાઠ છે. (૧૯)

તફસીર :

સબા(ના લોકો) માટે (પોતે) તેમના વતન(ની સંપૂર્ણ પરિસ્થિતિ)માં (અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન જરૂરી હોવાની) નિશાનીઓ મોજૂદ હતી (તેમાંથી એક નિશાની) બગીચાઓની બે હારો હતી, (તેમની સડકના) જમણે અને ડાબે (એટલે કે તેમના બધા જ વિસ્તારોમાં બે બાજુઓએ સમાંતર બગીચાઓ ચાલ્યા જતા હતા કે જેમાં આવક પણ થતી હતી અને ફળો પણ મળતા હતા, એ પ્રમાણે કે વાપર્યે ખૂંટે જ નહીં, તેનો છાંયડો અને ભપકો પણ ખૂબ હતો, અમે અંબિયા અલૈ. અને સુધારકો દ્વારા હુકમ આપ્યો કે) પોતાના પરવરદિગારની (આપેલી) રોજી ખાઓ અને (ખાઈને) તેનો શુક્ર કરો (એટલે કે તેનું આજ્ઞાપાલન કરો અને બે પ્રકારની નેઅ્મતો આજ્ઞાપાલન માટે તકાદો કરે છે, એક દુનિયામાં રહેવા માટે) ઉમદા શહેર; અને (એક આખિરતની નેઅ્મત સ્વરૂપે ઈમાન અને આજ્ઞાપાલનમાં જો કોઈ ઉણપ રહી જશે તો ગુનાહો મા'ફ કરવા) મા'ફ કરનાર પરવરદિગાર છે (બસ આવા તકાદાઓ ઉપર તે તકાદા સ્વરૂપે જે આજ્ઞા છે તેના ઉપર અમલ જરૂર કરવો જોઈએ) બસ (તેના ઉપર પણ) તેમણે (આ હુકમનું) ઉલ્લંઘન કર્યું (કદાચ આ લોકો સૂર્યના પૂજારી પણ

હોઈ શકે છે જેમકે અમુક વિશે સૂરએ નમ્લમાં وَجَدْتُهَا وَقَوْمَهَا يَسْجُدُونَ لِلشَّمْسِ આવ્યું છે) તો અમે (તેમના ઉપર પોતાનો ક્રોધ એ પ્રમાણે નાઝિલ કર્યો કે) તેમના ઉપર બંધનું પૂર છોડી દીધું (એટલે કે જે પાણી બંધ બાંધીને રોકવામાં આવ્યું હતું બંધ તૂટીને તે પૂરનું પાણી ચઢી આવ્યું જેમાં તેમના બંને તરફના બગીચાઓ બધા નષ્ટ થઈ ગયા) અને અમે તેમને તે બે તરફના બગીચાઓના બદલે બીજા બે બગીચાઓ આપી દીધા જેમાં આ વસ્તુઓ રહી ગઈ, સ્વાદ વિનાના ફળ અને છીંણી અને બોરડીના થોડા વૃક્ષો (અને તે પણ દેશી નહીં જંગલી જે આપમેળે ઊગી જાય છે જેમાં ઘણા કાંટા હોય છે અને ફળ સ્વાદ વિનાના હોય છે) તેમને આ સજા તેમની નાશુક્રી કરવાના કારણે આપી અને અમે નાશુક્રાઓને આવી જ સજા આપ્યા કરીએ છીએ (નહિતર મા'મૂલી ભૂલો ઉપર તો અમે દરગુઝર જ કરતા રહીએ છીએ અને દેખીતું છે કે કુફ્રથી વધીને બીજી નાશુક્રી શું હોઈ શકે છે તેમાં તેઓ સંડોવાયેલા હતા) અને (આ પ્રસ્તુત નેઅ્મત એટલે કે જાહેર મકાનો સિવાય એક અન્ય નેઅ્મત મુસાફરી વિશે આ હતી કે) અમે તેમના અને તે વસ્તીઓના વચ્ચે જ્યાં અમે (ઉત્પાદનના આધારે) બરકત મૂકી છે ઘણા ગામો આબાદ કરી રાખ્યા હતા જે (સડક ઉપરથી) નજરે પડતા હતા (તે મુસાફરોને મુસાફરીમાં ભય ન લાગે અને ત્યાં થોભવા ઈચ્છે તો ત્યાં જવામાં કોઈ અડચણ કે આનાકાની ન થાય) અને અમે આ ગામો વચ્ચે તેમના ચાલવાનો એક ખાસ અંદાજો રાખ્યો હતો (એટલે કે એક ગામથી બીજા ગામ સુધી અંતરના હિસાબે એવી મંઝિલો નક્કી કરી રાખી હતી કે મુસાફરી દરમિયાન સ્વાભાવિક રીતે મુસાફર આરામ કરે અને વખત ઉપર કોઈને કોઈ ગામ મળી જાય જ્યાં ખાઈ પી શકે અને આરામ કરી શકે) કે નીડર અને નચિંત થઈ તેમાં (ચાહે તો) રાત્રે અને (ઈચ્છે તો) દિવસે ચાલે (એટલે કે ન તો લૂંટારાઓનો ભય હતો કે ગામો પાસે પાસે હતા અને ન જ ભોજન પાણીની અછતનો ભય, ન જ મુસાફરીની અન્ય અડચણોનો ભય કે દરેક સ્થળે દરેક પ્રકારનો સામાન મળતો હતો) બસ (આ નેઅ્મતોને તેમણે જે રીતે તેની અસલ શુક્રગુઝારી એટલે કે અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન કરવું જોઈએ તે ન કર્યું, એ જ પ્રમાણે જાહેર આભાર એટલે કે અલ્લાહની નેઅ્મતોને ગનીમત સમજવી અને તેની કદર કરવી જોઈએ તે ન કરી એટલા માટે) તેઓ કહેવા લાગ્યા, હે અમારા પરવરદિગાર ! (આવાં પાસે પાસે

ગામડાંઓ હોવાના કારણે મુસાફરીની મજા નથી આવતી, મજા તો ત્યારે જ આવે જ્યારે કે મુસાફરીનો સામાન ખતમ થઈ ગયો હોય, તરસ લાગે અને પાણી ન મળે અને રાહ જોવામાં જ મજા આવે, ક્યાંક ચોરોનો પણ ભય હોય, નોકરો પહેરા આપી રહ્યા હોય, હથિયારો બાંધેલા હોય જેમકે બની ઈસ્રાઈલ મન્ન અને સલવાથી કંટાળી ગયા હતા અને આદુ, લસણ, ભાજી, કાકડી વગેરેની દરખાસ્ત કરી હતી એ જ પ્રમાણે વળી અત્યારની વર્તમાન હાલતમાં અમને અમારી નેતાગીરીનો શૉ કરવાની પણ તક નથી મળતી, અમીર ગરીબ બધા એક સરખી મુસાફરી કરે છે એટલા માટે મન એવું ઇચ્છે છે કે) અમારી મુસાફરીઓમાં લંબાણ (અને અંતર) કરી આપ (એટલે કે વચ્ચેના ગામડાંઓને ઉજાડી દે કે મંઝિલોમાં ખૂબ અંતર થઈ જાય) અને (આ નાશુક્રી ઉપરાંત) તેમણે (અન્ય પણ નાફરમાનીઓ કરીને) પોતાની જાત ઉપર જુલમ કર્યો, બસ અમે તેમને વાર્તાઓ બનાવી દીધા અને તેમને બિલકુલ વેરવિખેર કરી નાંખ્યા (આ તો એ પ્રમાણે થયું કે અમુકનો નાશ કરી નાંખ્યો કે તેમની વાર્તાઓ જ બાકી રહી ગઈ અને અમુકને તકલીફમાં નાંખી દીધા અને તેઓને નેઅ્મતનો શુક્ર કરનારાઓ માટે બોધપાઠ બનાવી દીધા أَیْ جَعَلْنَاهُمْ ذَاتَ حِكَايَاتٍ يُعْتَبَرُ بِهَا મતલબ કે પોતે તેમના મકાનો અને બગીચાઓ પણ અને તે માર્ગોની આજુબાજુની વસ્તીઓ પણ બધું વેરાન અને ખંડેર થઈ ગયું) બેશક ! આ (કિસ્સા)માં દરેક સબ્ર કરનાર, શુક્ર કરનાર (એટલે કે મો'મિનો) માટે મોટા મોટા બોધપાઠો છે.

મસ્અલા અને બોધપાઠ :

નુબુવ્વત અને રિસાલતના ઇન્કારીઓ અને કયામતના ઇન્કારીઓને અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતથી ચેતવવા માટે અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ના હાથે માનવ સ્વભાવ વિરુદ્ધ આશ્ચર્યજનક ઘટનાંઓ અને મોઅ્જિઝાઓના જાહેર થવાના ક્રમમાં પહેલાં હઝરત દાવુદ અને હઝરત સુલયમાન (અલૈ.)ની ઘટનાઓનું વર્ણન કર્યું, હવે તે જ ક્રમમાં કોમે સબા ઉપર અલ્લાહ તઆલાના અગણિત ઈનામોનું પછી તેમની નાશુક્રીના કારણે તેમના ઉપર અઝાબ આવવાનું વર્ણન પ્રસ્તુત આયતોમાં કરવામાં આવ્યું.

કોમે સબા અને તેમના ઉપર અલ્લાહ તઆલાના ખાસ ઇનામો :

ઈબ્ને કષીરે ફરમાવ્યું કે સબા યમનના બાદશાહો અને તે મુલ્કના

નાગરિકોનો લકબ (ઉપનામ) છે تَبَابِعَة (તબાબિઅહ) જે તે દેશનો આગેવાન અને શાસક હતો તે પણ આ કોમે સબામાંથી જ હતો અને રાણી બિલ્કીસ જેનો કિસ્સો હઝરત સુલયમાન (અલૈ.)ની સાથે સૂરએ નમ્લમાં આવી ચૂક્યો છે તે પણ આ જ કોમમાંથી હતી. અલ્લાહ તઆલાએ તેમના ઉપર રોજીના દરવાજા ખોલી નાંખ્યા હતા અને તેમને શહેરમાં આરામ તથા રાહતનો બધો જ સામાન ઉપલબ્ધ કરાવી દીધો હતો અને પોતાના અંબિયા (અલૈ.) દ્વારા તેમને અલ્લાહની તવહીદ અને તેના હુકમોના આજ્ઞાપાલન દ્વારા નેઅ્મતોનો શુક્ર અદા કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો. એક સમય સુધી તે લોકો આ હાલત ઉપર કાયમ રહ્યા અને દરેક પ્રકારની રાહત અને આનંદથી માલામાલ રહ્યા, પછી તેમણે અય્યાશી અને આનંદ પ્રમોદમાં રાચી મૂર્ખતાપૂર્ણ રીતે અલ્લાહ તઆલાથી ગફલત વર્તી, બલકે અલ્લાહના ઈન્કાર સુધી નોબત પહોંચી ગઈ ત્યારે અલ્લાહ તઆલાએ તેમને ચેતવવા માટે પોતાના તેર અંબિયા (અલૈ.) મોકલ્યા જેમણે તેમને સુધારવા અને સીધા માર્ગ ઉપર લાવવા ભરપૂર પ્રયત્નો કર્યા પરંતુ આ લોકો પોતાની ગફલતની બેહોશીથી પાછા ન ફર્યા તો તેમના ઉપર એક પૂરનો અઝાબ મોકલવામાં આવ્યો જેણે તેમના શહેર અને બગીચાઓ બધા જ વેરાન અને બરબાદ કરી દીધા. *(રવાહુ મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક, ઈબ્ને કષીર)*

ઈમામ અહમદ (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એ રિવાયત નકલ કરી છે કે એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને પૂછયું કે સબા જેમનું કુર્આનમાં વર્ણન છે એ કોઈ પુરુષ અથવા સ્ત્રીનું નામ છે અથવા જમીનના કોઈ ભૂ ભાગનું ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે આ એક પુરુષનું નામ છે જેની અવલાદમાં દશ પુત્રો થયા જેમાંથી છ યમનમાં આબાદ થયા અને ચાર સિરીયા ચાલ્યા ગયા, યમનમાં રહેનારાઓના નામ આ પ્રમાણે છે. મુદજિજ, કિન્દહ, અઝ્દ, અશ્અરી, અન્માર અને હિમયાર. (આ છ પુત્રો દ્વારા છ કુટુંબો પેદા થયા જે આ જ છ નામોથી મશ્હૂર છે).

અને સિરીયામાં વસનારાઓના નામ આ પ્રમાણે છે. લખામ, જૂધામ, આમિલહ અને ગસ્સાન. (તેમના વંશજ કબીલાઓ પણ આ જ નામોથી પ્રખ્યાત થયા) આ રિવાયત હાફિઝ ઈમામ ઈબ્ને અબ્દુલ બર્રએ પણ પોતાની કિતાબ "અલ કસ્દ વલ અમાન બી મઆરિફતી અન્સા બિલ અરબ વલ અજમ"માં નકલ કર્યું છે.

ઈબ્ને કષીર (રહ.)નું સંશોધન વિદ્વાનોના હવાલાથી એ છે કે આ દશ છોકરાઓ સબાના સગા અને સીધે સીધા પુત્ર ન હતા બલકે સબાની બીજી, ત્રીજી અથવા ચોથી પેઢીમાં આ લોકો થયા છે, પછી તેમના કબીલા સિરીયા અને યમનમાં ફેલાઈ ગયા અને તે જ નામોથી ઓળખાવા લાગ્યા અને સબાનું અસલ નામ "અબ્દુશ્શમ્સ" હતું. સબા અબ્દુશ્શમ્સ બિન યશઅબ બિન યઅ્રબ બિન કુહતાન તેમનું પેઢીનામું સ્પષ્ટ થઈ જાય છે અને ઈતિહાસકારોએ લખ્યું છે કે સબા અબ્દુશ્શમ્સે પોતાના સમયમાં નબી આખિરૂઝઝમાં મુહમ્મદ મુસ્તફા ﷺની ખુશખબરી સંભળાવી હતી, શક્ય છે કે તેમને તેનું જ્ઞાન પ્રાચીન કિતાબો તવરાત અને ઈન્જીલથી થયું હોય અથવા જ્યોતિષીઓ ભવિષ્યની આગાહીઓ કરનારાઓ દ્વારા જાણ્યું હોય, તેણે રસૂલે કરીમ ﷺની શા'નમાં અમુક અરબી શે'રો પણ કહ્યા છે જેમાં રસૂલે કરીમ ﷺના આગમનનું વર્ણન કરીને એ તમન્ના પણ જાહેર કરી છે કે કાશ ! હું તેમના સમયમાં હોત તો હું તેમની મદદ કરત અને તેણે પોતાની કોમને તેમના ઉપર ઈમાન લાવવાની અને મદદ કરવાની સૂચના આપી.

પ્રસ્તુત હદીષમાં જે એ ઉપસ્થિત છે કે સબાના દશ પુત્રોમાંથી છ પુત્રોએ યમનમાં વસવાટ કર્યો અને ચાર સિરીયા તરફ ચાલ્યા ગયા. આ ઘટના તેમના ઉપર પૂરના અઝાબ આવ્યા પછીની છે કે પૂર આવવાના સમયે આ લોકો વિવિધ દિશાઓ અને શહેરોમાં વિખેરાઈ ગયા ? *(ઈબ્ને કષીર)*

કુર્તુબીએ કુશયરીના હવાલાથી કોમે સબાનો સમય હઝરત ઈસા (અલૈ.) પછી રસૂલે કરીમ ﷺના આગમન પહેલાંનો "ઝમાનએ ફતરત" (ફતરતનો સમયકાળ) હોવાનું વર્ણન કર્યું છે.

બંધનું પૂર سَيْلِ عَرِم (સયલે અરીમ) અને سَدِّ مَارِبْ (સદ્દે મા'રિબ) "મા'રિબનો બંધ" :

فَاَرْسَلْنَا عَلَيْهِمْ سَيْلَ الْعَرِمِ શબ્દ عَرِم (અરિમ) એ અરબી ભાષાના આધારે કેટલાય અર્થો ધરાવે છે અને વિવરણકાર વિદ્વાનોએ દરેક અર્થના આધારે આ આયતની તફસીર કરી છે પરંતુ તેમાં કુર્આનની શૈલી પ્રમાણે તે ભાવાર્થ છે જે કામુષ અને સિહાહ્ ઝવહરી વગેરે લૂગતની કિતાબોમાં છે કે "અરિમ"નો અર્થ

سَدّ (સદ) એટલે કે "બંધ"નો થાય છે જે પાણી રોકવા માટે બાંધવામાં આવે છે જે વર્તમાન સમયમાં "ડેમ"ના નામથી પ્રખ્યાત છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ પણ "અરિમ"નો અર્થ સદ એટલે કે બંધ હોવાનું વર્ણન કર્યું છે. *(કુર્તુબી)*

આ બંધ અથવા ડેમની ઘટના ઈબ્ને કષીરના વર્ણન પ્રમાણે એ છે કે યમન દેશમાં તેના પાટનગર સનઆથી ત્રણ મંઝિલના અંતરે એક શહેર મા'રિબ હતું તેમાં કોમે સબાનો વસવાટ હતો, બે પહાડો વચ્ચેની ખીણમાં શહેર વસેલું હતું. બંને પહાડો વચ્ચેથી અને પહાડોની ઉપરથી વરસાદનું પૂર આવતું હતું, આ શહેર હંમેશા તે પૂરના ઓથારમાં રહેતું હતું. આ શહેરના રાજાઓએ (જેમાં મલિકા બિલ્કીસનું નામ વિશિષ્ટ સ્વરૂપે વર્ણન કરવામાં આવે છે) આ બંને પહાડો વચ્ચે એક બંધ (ડેમ) ખૂબ મજબૂત અને ટકાઉ બાંધ્યો જેમાં પાણી અસર ન કરી શકે, આ બંધે પહાડો વચ્ચેથી આવનાર પૂરને રોકીને પાણીનું એક ખૂબ મોટું સરોવર બનાવી દીધું. પહાડોના વરસાદનું પાણી પણ તેમાં એકઠું થવા લાગ્યું અને બંધની ઉપર નીચે પાણી કાઢવા માટે ત્રણ દરવાજા મૂકવામાં આવ્યા જેથી પાણીના આ સંગ્રહની વ્યવસ્થા સાથે શહેરના લોકોને પાણી મળે અને તેમની જમીનો તથા બગીચાઓની સિંચાઈ થઈ શકે. પ્રથમ ઉપરના દરવાજા ખોલીને ત્યાંથી પાણી દેવામાં આવતું હતું, જ્યારે ઉપરનું પાણી પૂરું થઈ જતું તો તેની નીચેનું અને ત્યારબાદ સૌથી નીચેનો ત્રીજો દરવાજો ખોલવામાં આવતો હતો, એટલે સુધી કે બીજા વર્ષના વરસાદનો સમય આવી જતો અને ફરીવાર પાણી ઉપર સુધી ભરાઈ જતું. બંધની નીચે એક ઘણું જ મોટું સરોવર બાંધવામાં આવ્યું હતું જેમાં પાણીના બાર માર્ગો બનાવીને બાર નહેરો શહેરના વિવિધ વિસ્તારોમાં પહોંચાડવામાં આવી હતી અને બધી જ નહેરોમાં પાણી એક સમાન રીને વહેતું હતું અને શહેરની જરૂરતોમાં કામ આવતું હતું. *(મઝહરી)*

શહેરના ડાબે જમણે જે બે પહાડ હતા તેના કિનારા ઉપર બગીચાઓ બનાવવામાં આવ્યા હતા જેમાં પાણીની નહેર વહેતી હતી, આ બગીચાઓ એકબીજાથી જોડાયેલા સમાંતર રીતે બંને તરફ પહાડોના કિનારાઓ ઉપર હતા. આ બગીચાઓ જો કે ઘણી મોટી સંખ્યામાં હતા પરંતુ કુર્આને કરીમે તેને جَنَّتٰنِ (જન્નતાન) એટલે કે, "બે બગીચાઓ"ના શબ્દથી એટલા માટે ઓળખાવ્યા કે એક દિશાના બધા જ બગીચાઓ તે સમાંતર હોવાથી એક બગીચો અને બીજી

બાજુના બગીચાઓ માટે બીજો બગીચો, આ રીતે બે બગીચાઓ ઠરાવવામાં આવ્યા.

આ બગીચાઓમાં દરેક પ્રકારના વૃક્ષો અને દરેક પ્રકારના ફળો એવા ભરપૂર પ્રમાણમાં પેદા થતા હતા કે અઈમ્મએ સલફ હઝરત કતાદહ (રહ.) વગેરેના બયાન પ્રમાણે આ બગીચાઓમાં એક સ્ત્રી પોતાના માથા ઉપર ખાલી ટોપલો લઈને ચાલતી તો વૃક્ષોએથી તૂટીને પડનાર ફળોથી તે આપોઆપ ભરાઈ જતો હતો, તેને હાથ લગાવવાની પણ જરૂરત પડતી ન હતી. *(ઈબ્ને કષીર)*

كُلُوا مِنْ رِّزْقِ رَبِّكُمْ وَاشْكُرُوا لَهُ بَلْدَةٌ طَيِّبَةٌ وَّرَبٌّ غَفُوْرٌ અલ્લાહ તઆલાએ પોતાના અંબિયા (અલૈ.) દ્વારા તેમને એ હુકમ આપ્યો હતો કે તમે અલ્લાહની અર્પણ કરેલ તે વિશાળ રોજીનો ઉપયોગ કરો અને તેની શુક્રગુઝારી તથા નેક અમલો અલ્લાહ તઆલાના હુકમોના આજ્ઞાપાલન સાથે કરતા રહો કે અલ્લાહ તઆલાએ તમારા આ શહેરને بَلْدَةٌ طَيِّبَةٌ (બલ્દએ તય્યિબહ) "પવિત્ર શહેર" બનાવ્યું છે જેમાં ઠંડી અને ગરમીનું વાતાવરણ પણ સમઘાત હતું અને આબોહવા પણ એવી સ્વાસ્થ્યપ્રદ અને ખુશ્નૂમા હતી કે તેમના સમગ્ર શહેરમાં મચ્છર, માંખી, ચાંચડ, સાપ, વીંછી જેવા જીવજંતુઓ અને ઝેરી સરીસૃપોનું નામ સુદ્ધાં ન હતું, બલકે બહારથી આવનાર મુસાફર જ્યારે આ શહેરમાં પહોંચતા તો જો તેમના કપડાંમાં જૂ અથવા બીજા નુકસાનકારક જીવાણુઓ કે કીટાણુઓ હોય તો તે ત્યાં પહોંચીને આપોઆપ ખતમ થઈ જતા હતા. *(ઈબ્ને કષીર)*

بَلْدَةٌ طَيِّبَةٌ ની સાથે رَبٌّ غَفُوْرٌ ફરમાવીને પોતાની નેઅ્મતને એ પ્રમાણે પૂર્ણ કરી દીધી કે આ આનંદ અને રાહત માત્ર દુનિયાની જિંદગી સુધી નહીં બલકે જો તમે શુક્રગુઝારી ઉપર કાયમ રહ્યા તો આખિરતમાં તેનાથી મોટી અને કાયમી નેઅ્મતોનો પણ વાયદો છે, કારણ કે બધી જ નેઅ્મતોનો સર્જનહાર અને માલિક અને તમારો પાલનહાર ગફૂર (મા'ફ કરનાર) છે કે જો ક્યારેક સંજોગવસાત્ તમારી શુક્રગુઝારીમાં કોઈ કમી અથવા કોઈ ગફલત અથવા કોઈ ઉણપ પણ રહી ગઈ તો અલ્લાહ તઆલા તેને મા'ફ કરી દેશે.

فَاَعْرَضُوْا فَاَرْسَلْنَا عَلَيْهِمْ سَيْلَ الْعَرِمِ એટલે કે અલ્લાહ તઆલાની આવી વિશાળ નેઅ્મતો અને અંબિયા (અલૈ.)ની સૂચનાઓ છતાં જ્યારે કોમે સબાના

લોકોએ અલ્લાહના હુકમોથી બળવાખોરી કરી અને ચહેરો ફેરવ્યો તો અમે તેમના ઉપર سَيۡلَ الۡعَرِمِ (સયલે અરિમ) છોડી દીધું. "ઇરમ"નો અર્થ ઉપર પસાર થઈ ચૂક્યો છે, ઇરમ બંધને કહે છે. આ પૂરને બંધ સાથે જોડવામાં આવ્યું કે જે બંધ તેમનું રક્ષણ અને તેમની ખુશહાલીનું માધ્યમ હતું તેને જ અલ્લાહ તઆલાએ તેમના માટે આફત અને મુસીબત બનાવી દીધું, તેની ઘટના હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.), વહબ બિન મુનબ્બહ, કતાદહ, ઝહ્હાક (રહ.) વગેરે તફસીરના ઇમામોએ એ વર્ણન કરી છે કે જ્યારે અલ્લાહ તઆલાએ આ કોમને સજા આપવા માટે "સદ્દે મા'રિબ" એટલે કે બંધને તોડીને પૂરથી તબાહ કરવાનો ઇરાદો કર્યો તો તે પાણીના મહાન બંધ ઉપર આંધળા ઉંદર છોડી દીધા જેમણે તેના પાયાઓને ખોખરા અને કમજોર કરી નાંખ્યા, જ્યારે વરસાદ અને પૂરનો સમય આવ્યો તો પાણીના દબાણથી આ કમજોર થયેલા પાયાઓ તૂટીને તેમાં તિરાડો પડી ગઈ અને અંતે આ બંધમાં સંગ્રહાયેલું પાણી આ સંપૂર્ણ ખીણમાં પ્રસરી ગયું જેમાં આ શહેર મા'રિબ વસતું હતું, બધા જ મકાનો જમીનદોસ્ત થઈ ગયા અને વૃક્ષો નાશ પામ્યા અને બંને તરફના પહાડો ઉપર જ્યાં બગીચાઓ હતા તેનું પાણી સુકાઈ ગયું.

વહબ બિન મુનબ્બહની રિવાયતમાં છે કે આ લોકોની કિતાબોમાં એ વાત પણ લખેલી ચાલી આવતી હતી કે આ બંધની ખરાબી અને તબાહી ઉંદરો દ્વારા થઈ હશે, જ્યારે લોકોએ આ બંધની પાસે ઉંદરો જોયા તો ભય ઊભો થયો, તેની યુક્તિ એ કરવામાં આવી કે બંધની નીચે ઘણી બધી બિલાડીઓ પાળવામાં આવી જે ઉંદરોને બંધની પાસે આવવા ન દે પરંતુ જ્યારે અલ્લાહની તકદીર લાગુ પડી ગઈ તો આ ઉંદરો બિલાડીઓ ઉપર છવાઈ ગયા અને બંધના પાયાઓમાં પ્રવેશી ગયા. *(ઇબ્ને કસીર)*

ઐતિહાસિક રિવાયતોમાં એ પણ છે કે અમુક હોશિયાર અને દુરંદેશ લોકોએ ઉંદરોને જોતાં જ આ સ્થળ છોડીને કોઈ બીજી તરફ રવાના થઈ જવાનો ઇરાદો કરી લીધો અને તેની ધીરે ધીરે વ્યવસ્થા કરીને નીકળી ગયા, બાકી લોકો ત્યાં રહ્યા પરંતુ જ્યારે પૂર શરૂ થયું તે સમયે ત્યાંથી અન્યત્ર ચાલ્યા ગયા અને ઘણા લોકો આ પૂરની ભેટ ચઢી ગયા, મતલબ એ કે સમગ્ર શહેર તબાહ અને બરબાદ થઈ ગયું. શહેરના અમુક નિવાસીઓ જે બીજા દેશોના શહેરો તરફ

ચાલ્યા ગયા તેમની અમુક વિગત મુસ્નદે અહમદની હદીષમાં જે ઉપર વર્ણન થઈ ચૂકી છે એ પ્રમાણે તેમના છ કબીલાઓ યમનમાં વિખરાઈ ગયા અને ચાર સિરીયામાં. મદીના તય્યિબહની વસ્તી પણ આ જ કબીલાના અમુક લોકોથી શરૂ થઈ જેની વિગત ઈતિહાસની કિતાબોમાં ઉપસ્થિત છે, પૂર આવ્યા પછી અને શહેર તબાહ થયા પછી બંને તરફના બગીચાઓની જે હાલત થઈ છે તે આગળ આ પ્રમાણે વર્ણન કરી છે.

وَبَدَّلْنٰهُم بِجَنَّتَيْهِمْ جَنَّتَيْنِ ذَوَاتَىْ اُكُلٍ خَمْطٍ وَّاَثْلٍ وَّشَىْءٍ مِّنْ سِدْرٍ قَلِيْلٍ

એટલે કે અલ્લાહ તઆલાએ તેમના કિંમતી ફળો અને મેવાઓના વૃક્ષોના બદલે એવા વૃક્ષો ઉગાડયા જેના ફળ સ્વાદ વિનાના અને ખરાબ હતા. શબ્દ خَمْط (ખમ્ત)નો અર્થ મોટા ભાગના તફસીરકારોએ دَرَخْتِ اَرَاک (Arak–રણમાં થતું એક કાંટાળુ વૃક્ષ) વર્ણવ્યો છે અને ઝવહરીએ શબ્દકોષમાં લખ્યું છે કે "અરાક" વૃક્ષોનો એક એવો પ્રકાર પણ છે જેના ઉપર અમુક ફળો પણ થાય છે અને જેને ખાવામાં પણ આવે છે પરંતુ આ વૃક્ષના ફળો પણ ખરાબ સ્વાદના હતા અને હઝરત અબૂ ઉબયદહ (રદિ.)એ ફરમાવ્યું કે ખમ્ત દરેક એવા વૃક્ષાને કહેવામાં આવે છે જે કાંટાવાળું પણ હોય અને કડવું પણ હોય તથા શબ્દ اَثْلٍ (અષ્લિન) જમહૂર તફસીરકારો સમીપ એક પ્રકારનું બાંટવું (Tamarisk) છે તેના ઉપર લાગતા કોઈ ફળ ખાવા યોગ્ય હોતા નથી અને અમુક લોકોએ કહ્યું છે કે اَثْل (અષ્લ) એ سَمُر (સમ્ર) એટલે કે કાંટા (Mimosa-Egyptian Thorn) અથવા બાવળિયા અથવા કીકાર (Acracia Arabica જે અરબના રણપ્રદેશમાં જોવા મળે છે)ના કાંટાવાળા ઝાડ છે જે બકરીઓને ખવડાવવામાં આવે છે.

سِدْر (સિદ્ર)નો અર્થ "બોરડી" થાય છે, આ બે પ્રકારની હોય છે. એક જે બગીચાઓમાં કાળજીપૂર્વક ઉછેરવામાં આવે છે અને તેના ફળ મીઠાં તથા સ્વાદિષ્ટ હોય છે, તેના વૃક્ષમાં કાંટા ઓછા અને ફળો વધારે હોય છે. બોરડીનો બીજો પ્રકાર જંગલી બોરડી હોય છે જે જંગલોમાં આપમેળે ઊગી જાય છે અને કાંટાવાળી ઝાડીઓ સ્વરૂપે હોય છે, તેમાં કાંટા વધારે અને ફળો ઓછા હોય છે અને ફળ પણ ખાટાં હોય છે. પ્રસ્તુત આયતમાં سِدْر (સિદ્ર)ની સાથે قَلِيْل (કલિલ)ના શબ્દથી લગભગ ઈશારો એ તરફ છે કે તે બોરડીઓ પણ જંગલી હતી જેના ઉપર ફળો ઓછા અને ખાટાં હોય છે. (વલ્લાહુ અઅ્લમુ)

ذٰلِكَ جَزَيْنٰهُمْ بِمَا كَفَرُوْا એટલે કે, આ સજા અમે તેમને એટલા માટે આપી કે તેમણે કુફ્ર કર્યું. કુફ્રનો અર્થ નાશુક્રીનો પણ આવે છે અને દીને હક્કથી ઈન્કારનો પણ આવે છે, અહીંયાં બંને અર્થ હોઈ શકે છે કારણ કે તેમણે નાશુક્રી પણ કરી અને જે તેર અંબિયા (અલૈ.) તેમના તરફ મોકલવામાં આવ્યા હતા તેમને પણ જૂઠાડ્યા.

ખુલાસો :

આ ઘટનામાં જે એ વર્ણન થયું છે કે સબાની કોમ તરફ અલ્લાહ તઆલાએ પોતાના તેર પયગમ્બરો મોકલ્યા હતા અને તેની સાથે સાથે ઉપરની ચર્ચામાં એ પણ વર્ણન થયું છે કે આ કોમ અને "સયલે અરિમ" બંધના પૂરની ઘટના હઝરત ઈસા (અલૈ.) પછી રસૂલે કરીમ ﷺના આગમન પહેલાં વચ્ચેના સમયકાળની હતી જેને ફતરતનો યુગ કહેવામાં આવે છે અને જમહૂર ઉલમા સમીપ આ સમયકાળમાં કોઈ નબી અથવા પયગમ્બર મોકલવામાં આવ્યા નથી એટલા માટે આ સમયકાળને "ફતરત"ના સમયકાળથી ઓળખવામાં આવે છે તો આ તેર અંબિયા (અલૈ.)નું આગમન કઈ રીતે સાચું હોઈ શકે છે ? રૂહુલ મઆનીમાં તેનો જવાબ આ પ્રમાણે આપવામાં આવ્યો છે કે સયલે અરિમની ઘટનાને ફતરતના સમયકાળમાં હોવાથી એ જરૂરી નથી બનતું કે આ અંબિયા (અલૈ.) તે જ સમયકાળમાં આવ્યા હોય, બની શકે છે કે અંબિયા (અલૈ.)નું આગમન આ કોમ તરફ ફતરતના સમયકાળથી પહેલાંનું પણ હોય અને તેમની બળવાખોરી અને કુફ્ર ફતરતના સમયકાળમાં વધી ચૂક્યું હોય જેના ઉપર સયલે અરિમનો અઝાબ ફતરતના સમયકાળમાં તેમના ઉપર મોકલવામાં આવ્યો હોય. વલ્લાહુ અઅ્લમુ.

وَهَلْ نُجٰزِىْٓ اِلَّا الْكَفُوْرَ માં શબ્દ كَفُوْر (કફૂર) એ كَافِرْ (કાફિર)નો અતિશયોક્તિ અલંકાર છે જેનો અર્થ થાય છે "ખૂબ કુફ્ર કરનાર". આ આયતનો અર્થ એ થયો કે અમે ઘણું કુફ્ર કરનારાઓ સિવાય કોઈને સજા આપતા નથી. આ દેખીતી રીતે કુર્આનની બધી જ આયતો અને સહીહ હદીસોથી વિપરીત છે જેનાથી સાબિ થાય છે કે મુસલમાન ગુનેહગારોને પણ જહન્નમની સજા તેમના અમલ પ્રમાણે આપવામાં આવશે, જો કે અંતે સજા ભોગવ્યા પછી તેઓ ઈમાનના કારણે

જહન્નમમાંથી કાઢીને જન્નતમાં દાખલ કરવામાં આવશે. આ શંકાના જવાબમાં અમુક લોકોએ કહ્યું છે કે અહીંયાં ભાવાર્થ કાયમી અઝાબ નથી બલકે એવો જાહેર અઝાબ છે જેમકે કોમે સબા ઉપર મોકલવામાં આવ્યો અને એ અઝાબ કાફિરો સાથે ખાસ છે મુસલમાન ગુનેહગારો ઉપર એવો અઝાબ નથી આવતો. (રૂહ)

તેનું સમર્થન એક સહાબી ઈબ્ને ખયરહ (રદિ.)ના નિવેદનથી થાય છે, તેમણે કહ્યું, جَزَاءُ الْمَعْصِيَةِ الْوَهْنُ فِى الْعِبَادَةِ وَالضِّيقُ فِى الْمَعِيْشَةِ وَالتَّعَسُّرُ فِى اللَّذَّةِ قَالَ لَا يُصَادِفُ لَذَّةً حَلَالًا اِلَّا جَآئَهُ مَنْ يُّنَغِّصُهُ એટલે કે, ગુનાહોની સજા એ છે કે ઈબાદતમાં સુસ્તી પેદા થઈ જાય, આર્થિક ઉપાર્જનમાં તંગી પેદા થઈ જાય અને આનંદ પ્રમોદ લુપ્ત થવા માંડે, જેનો ભાવાર્થ ઈબ્ને ખયરહ (રદિ.)એ એ વર્ણન કર્યો કે જ્યારે તેમને કોઈ હલાલ સ્વાદ પ્રાપ્ત થાય છે તો કોઈને કોઈ એવું કારણ પેદા થઈ જાય છે જે આ આનંદને ખરાબ કરી નાંખે છે. (ઈબ્ને કષીર) જાણ થઈ કે મો'મિન ગુનેહગારોની સજા દુનિયામાં આ પ્રકારની હોય છે, તેના ઉપર આસમાનથી અથવા જમીનથી કોઈ ખુલ્લો અઝાબ આવતો નથી આ કાફિરો સાથે જ ખાસ છે.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું, صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ لَا يُعَاقَبُ بِمِثْلِ فِعْلِهٖ اِلَّا الْكَفُوْرُ એટલે કે, અલ્લાહ તઆલાએ સાચું ફરમાવ્યું કે ખરાબ અમલોની સજા (بِجَزْ كَفُوْرُ) કાફિરો સમાન આપવામાં આવતી નથી. (ઈબ્ને કષીર) કારણ કે જે કાફિરો નથી એટલે કે મો'મિનો છે તેમના અમુક ગુનાહો પણ દરગુઝર કરવામાં આવે છે.

રૂહુલ મઆનીમાં કશ્શફના હવાલાથી આ આયતના ભાવાર્થનો ખુલાસો એ કર્યો છે કે વાત પોતાની જગ્યાએ હકીકત છે કે સજા એ સજા સ્વરૂપે તો માત્ર કાફિરોને જ આપવામાં આવે છે અને મો'મિન ગુનેહગારોને જે તકલીફ આગ વગેરેની આપવામાં આવે છે તે માત્ર સજાનું સ્વરૂપ હોય છે, વાસ્તવમાં તેમના ગુનાહોને પાક કરવાનો હેતુ હોય છે, જેમકે સોનાને ભઠ્ઠીમાં તપાવીને તેનો મેલ દૂર કરવાનો હેતુ હોય છે. એ જ પ્રમાણે મો'મિનોને પણ જો કોઈ ગુનાહના કારણે જહન્નમમાં નાંખવામાં આવ્યો તો તે એટલા માટે છે કે શરીરના તે ભાગો સળગી જાય જે હરામથી પેદા થયા હતા અને જ્યારે એવું થઈ ચૂકે છે તો તે જન્નતમાં જવાપાત્ર બની જાય છે તે સમયે તેને જહન્નમમાંથી કાઢીને જન્નતમાં દાખલ કરવામાં આવે છે.

وَجَعَلْنَا بَيْنَهُمْ وَبَيْنَ الْقُرَى الَّتِي بَرَكْنَا فِيهَا قُرًى ظَاهِرَةً وَّقَدَّرْنَا فِيهَا السَّيْرَ....

આ આયતમાં વર્ણન છે કે સબાના નિવાસીઓએ અલ્લાહ તઆલાની આ નેઅ્મતને બદલીને કઠણાઈની દુઆ તથા તમન્ના કરી. الْقُرَى الَّتِي بَرَكْنَا નો ભાવાર્થ દેખીતી રીતે સિરીયા દેશના ગામડાંઓ છે, કારણ કે અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયેલ રહમતનું વર્ણન અનેક આયતોમાં શામ દેશ માટે જ આવે છે અને આયતનો ભાવાર્થ એ છે કે જે વસ્તીઓને અલ્લાહ તઆલાએ બરકતવાળી બનાવી હતી એટલે કે શામ દેશની વસ્તીઓ અને ત્યાંના લોકોને પોતાના વેપાર વગેરે માટે શામ દેશનો સફર મોટે ભાગે કરવો પડતો હતો, સામાન્ય દુનિયાની પરિસ્થિતિઓ પ્રમાણે મા'રિબ શહેરથી સિરીયાનું લાંબુ અંતર છે અને માર્ગ સમથળ નથી. અલ્લાહ તઆલાએ કોમે સબા ઉપર એ ઈનામ કર્યું કે તેમની મઆરિબ શહેરથી લઈને સિરીયા સુધી થોડા થોડા અંતરે વસ્તીઓ બનાવી દીધી હતી, વસ્તીઓ સડકની આસપાસ હતી એટલા માટે તે માર્ગ ઉપરથી નજરે પડતી હતી અને આ એકધારી માર્ગ ઉપરની વસ્તીઓનો લાભ એ થતો હતો કે તેમનો મુસાફર ઘરેથી નીકળીને બપોરે આરામ કરવા અથવા ભોજન કરવા ઈચ્છતો તો સરળતાથી કોઈ વસ્તીમાં પહોંચીને નિત્યક્રમ પ્રમાણે ભોજન કરીને આરામ કરી શકતો હતો, પછી એ જ રીતે ઝુહ્ર પછી રવાના થઈને સૂર્યના આથમવા સુધી આગળની વસ્તીમાં પહોંચીને રાતવાસો કરી શકતો હતો. قَدَّرْنَا فِيهَا السَّيْرَ.... નો આ જ ભાવાર્થ થાય છે કે આ વસ્તીઓ એવી સમાન અંતરે અને સરખી રીતે બનાવવામાં આવી હતી કે એક નિશ્ચિત સમયની અંદર એક વસ્તીથી બીજી વસ્તી સુધી પહોંચી જતા.

سِيرُوا فِيهَا لَيَالِيَ وَأَيَّامًا آمِنِينَ આ એક બીજી નેઅ્મતનું વર્ણન છે જે કોમે સબા ઉપર નાઝિલ થયું હતું કે તેમની વસ્તીઓ એવા સમાન અને સરખા અંતર ઉપર હતી કે મુસાફરીના રોકાણમાં કોઈ વધારો ઘટાડો થતો ન હતો અને બધા માર્ગો સલામત હતા, કોઈ ચોર ડાકૂનો ત્યાં ભય ન હતો, રાત દિવસમાં ગમે ત્યારે નચિંત થઈને મુસાફરી કરી શકાતી હતી.

فَقَالُوا رَبَّنَا بَاعِدْ بَيْنَ أَسْفَارِنَا وَظَلَمُوا أَنفُسَهُمْ فَجَعَلْنَاهُمْ أَحَادِيثَ وَمَزَّقْنَاهُمْ كُلَّ مُمَزَّقٍ એટલે કે આ જાલિમોએ અલ્લાહ તઆલાની મુસાફરીની તકલીફ જ ન રહે એ નેઅ્મતની નાકદરી અને નાશુક્રી કરીને પોતે એવી દુઆ માંગી કે અમારી

મુસાફરીમાં લંબાણ પેદા કરવામાં આવે અને ગામો નજીક નજીક ન રહે, જંગલ અને વેરાન પ્રદેશ આવે જેમાં થોડી મહેનત અને તકલીફ પણ ઉઠાવવી પડે, તેનું ઉદાહરણ તે જ છે જે બની ઈસ્રાઈલનું હતું કે વિના મહેનતે ઉત્તમ રોજી મન્ન અને સલવા તેમને મળતી હતી, તેઓએ તેનાથી ધરાઈ જઈને અલ્લાહ તઆલાથી એ માંગણી કરી કે અમને આના બદલે લીલોતરી અને શાકભાજી આપવામાં આવે, અલ્લાહ તઆલાએ કોમે સબાની નાકદરી અને નેઅ્મતની નાશુક્રીની એ શિક્ષા આપી કે જે ઉપરોક્ત અરિમ બંધના પૂરના વિષય હેઠળ આવી ચૂક્યું છે, તેનું જ અંતિમ પરિણામ આ આયતમાં એ વર્ણન કરવામાં આવ્યું કે તેમને એવા તબાહ બરબાદ કર્યા કે દુનિયામાં તેમનો આનંદ પ્રમોદ અને દોલત તથા નેઅ્મતની માત્ર વાર્તાઓ જ રહી ગઈ અને આ લોકો ઈતિહાસ બની ગયા.

مَزَّقْنٰهُمْ (મઝ્ઝકનાહુમ) એ تَمْزِيْق (તમ્ઝીક)થી બને છે જેનો અર્થ ટૂકડે ટૂકડા કરવાનો તથા ક્ષત વિક્ષત કરવાનો થાય છે, ભાવાર્થ એ છે કે આ સ્થળ એટલે કે મા'રિબ શહેરના વસનારા અમુક એવા વેરવિખેર થઈ ગયા કે તેમના સમૂહો વિવિધ દેશોમાં ફેલાઈ ગયા. અરબમાં કોમે સબાની તબાહી અને તેમનું વિખરાઈ જવું એક ઉદાહરણ બની ગયું. આવી ઘટનાઓ માટે અરબનો રૂઢિપ્રયોગ છે, تَفَرَّقُوْا اَيَادِىْ سَبَا એટલે કે, આ લોકો એવા વિખરાઈ ગયા જેમકે કોમે સબાની નેઅ્મત ઉપર તે લોકો વિખરાઈ ગયા હતા.

ઈબ્ને કષીર વગેરે તફસીરકારોએ આ સ્થળે જ્યોતિષીનો લાંબો કિસ્સો વર્ણન કર્યો છે કે પૂરના અઝાબ આવવાથી અમુક સમય પહેલાં એક જ્યોતિષીને તેની (શયતાની શક્તિઓ દ્વારા) જાણ થઈ ગઈ હતી, તેણે એક આશ્ચર્યજનક યુક્તિ દ્વારા પ્રથમ તો પોતાની જમીન જાયદાદ, મકાન વગેરે બધું વેચી દીધું, જ્યારે બધી રકમ તેના હાથમાં આવી ગઈ તો તેણે પોતાની કોમને આવનાર પૂર અને અઝાબથી ચેતવી દીધા અને કહ્યું કે જે પોતાના જીવની સલામતી ઈચ્છતો હોય તે તરત ત્યાંથી નીકળી જાય, ત્યાંના લોકોને એ પણ બતાવ્યું કે તમારામાં જે લોકો લાંબી મુસાફરી કરીને સુરક્ષિત સ્થળોએ ઈરાદો કરે તે સલામત રીતે ચાલ્યા જાય અને જે લોકો દારૂ તથા નશો અથવા ફળ અને રોટી ઈચ્છતા હોય તે સિરીયા દેશના બુશરાના સ્થળે ચાલ્યા જાય અને જે લોકો એવી સવારીઓ ઈચ્છે જે કાદવ કીચડમાં ટકી રહે અને દુષ્કાળના સમયમાં કામ આવે અને જલદી મુસાફરીના

સમયે સાથ આપે તો તે યષરબ એટલે કે મદીના મુનવ્વરહ ચાલ્યા જાય જેમાં ખજૂર મોટા પ્રમાણમાં થાય છે. ત્યાંની કોમે આ સલાહ ઉપર અમલ કર્યો. કબીલાએ અઝ્દ અમ્માન તરફ ચાલ્યો ગયો અને જસ્સાન બુશરા મુલ્કે શામ તરફ રવાના થયો તથા ઔસ અને ખજરજ અને બનુ ઉસ્માન યષરબ જાતુન્નખ્લ તરફ નીકળી ગયો. બત્નમુર્રના સ્થળ ઉપર પહોંચીને બનુ ઉસ્માને તો તે સ્થળને પસંદ કરી લીધું અને ત્યાં જ રહી પડ્યા અને આ જ પોકારના કારણે બનુ ઉસ્માનનો લકબ ખુઝાઆ થઈ ગયો. આ લોકો બત્નમુર્ર જે મક્કા મુકર્રમહની નજીક છે ત્યાં રહી પડ્યા અને ઔસ અને ખજરજ મદીના પહોંચીને સ્થાયી થઈ ગયા. ઈબ્ને કષીરમાં લાંબા કિસ્સા પછી લોકોના વિવિધ સ્થળોમાં વિખરાઈ જવાની આ જ વિગત સઈદ અન કતાદહ અનશ્શુઅ્બીથી નકલ કરીને નોંધવામાં આવ્યું છે કે આ રીતે આ કોમે સબા ટૂકડે ટૂકડા થઈ ગઈ જેનું વર્ણન مَزَّقْنَاهُمْ كُلَّ مُمَزَّقٍ માં આવ્યું છે. اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَاتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ એટલે કે, કોમે સબાના ઉતાર ચઢાવ અને તેમની પરિસ્થિતિઓના પરિવર્તનમાં મોટી નિશાનીઓ અને બોધપાઠ છે તે વ્યક્તિ માટે જે ઘણો સબ્ર કરનાર અને ઘણો શુક્ર કરનાર હોય, એટલે કે કોઈ મુસીબત અને તકલીફ પડે તો તેના ઉપર સબ્ર કરે અને કોઈ નેઅ્મત અને રાહત પ્રાપ્ત થાય તો તેના ઉપર અલ્લાહનો શુક્ર કરે. એ જ પ્રમાણે તે જિંદગીની દરેક પરિસ્થિતિમાં લાભ જ લાભ કમાઈ છે, જેમકે સહીહૈનમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મો'મિનની પરિસ્થિતિ આશ્ચર્યજનક છે કે તેના વિશે અલ્લાહ તઆલા જે કંઈ પણ તકદીરી હુકમ લાગુ પાડે છે બધો લાભ જ લાભ અને નફો જ નફો હોય છે કે જો તેમને કોઈ નેઅ્મત, રાહત અને તેમની ખુશીની વસ્તુ પ્રાપ્ત થાય છે તો તે અલ્લાહનો શુક્ર અદા કરે છે અને તે તેની આખિરત માટે લાભ અને નફો બની જાય છે અને જો કોઈ તકલીફ અને મુસીબત આવે છે તો તેના ઉપર સબ્ર કરે છે જેનો તેને ઘણો મોટો બદલો અને સવાબ મળે છે, એ જ પ્રમાણે આ મુસીબત પણ તેના માટે લાભ અને નફો બની જાય છે.

(ઈબ્ને કષીર)

અને અમુક તફસીરકારોએ શબ્દ صَبَّارٍ (સબ્બાર)ને સબ્રના સામાન્ય અર્થમાં લીધો છે જેમાં આજ્ઞાપાલન ઉપર અડગ રહેવું અને ગુનાહોથી બચવું પણ

સામેલ છે, આ તફસીર પ્રમાણે મો'મિન દરેક પરિસ્થિતિમાં સબ્ર અને શુક્રમાં મજબૂત રહે છે અને દરેક શુક્ર અને સબ્ર આ જ છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૨૦-૨૧)

وَلَقَدْ صَدَّقَ عَلَيْهِمْ إِبْلِيسُ ظَنَّهُ فَاتَّبَعُوهُ إِلَّا فَرِيقًا مِّنَ الْمُؤْمِنِينَ ۝٢٠ وَمَا كَانَ لَهُ عَلَيْهِم مِّن سُلْطَانٍ إِلَّا لِنَعْلَمَ مَن يُؤْمِنُ بِالْآخِرَةِ مِمَّنْ هُوَ مِنْهَا فِي شَكٍّ ۗ وَرَبُّكَ عَلَىٰ كُلِّ شَيْءٍ حَفِيظٌ ۝٢١

તરજુમો :

અને ખરેખર ઈબ્લીસે તેમના ઉપર પોતાની અટકળ સાચી કરી દેખાડી, પછી તેના માર્ગે ચાલ્યા પરંતુ થોડા મો'મિનો સિવાય. (૨૦) અને તેનું (ઈબ્લીસનું) તેમના ઉપર કોઈ જોર ન હતું પરંતુ એટલા માટે કે અમે તેને જાણી લઈએ જે આખિરત ઉપર ઈમાન લાવે છે તેનાથી અલગ તારવીને જે આખિરત વિશે ધોકામાં રહે છે અને તારો પરવરદિગાર દરેક વસ્તુ ઉપર નિગેહબાન (સંરક્ષક) છે. (૨૧)

તફસીર :

અને ખરેખર ઈબ્લીસે પોતાની ધારણા તે લોકો વિશે (એટલે કે આદમપુત્રો વિશે) સાચી પામી (એટલે કે તેને એવી ધારણા હતી કે હું આદમ અલૈ.ના ઘણા વંશજોને ગુમરાહ કરીશ, કારણ કે તે માટીથી અને હું આગથી પેદા થયો છે. -દૂર્રે મન્સૂર, તેની આ ધારણા સાચી પડી) કે આ સૌ તે જ માર્ગ ઉપર થઈ ગયા પરંતુ ઈમાનવાળાઓનો સમૂહ (કે તેમનામાંથી સંપૂર્ણ ઈમાનવાળા તો બિલકુલ સુરક્ષિત રહ્યા અને કમજોર ઈમાનવાળાઓ ગુનાહમાં સપડાઈ ગયા પરંતુ શિર્ક અને કુફ્રથી તે પણ સુરક્ષિત રહ્યા); અને ઈબ્લીસનું તે લોકો ઉપર (જે) વર્ચસ્વ (તેમને કાબૂમાં રાખવા સ્વરૂપે છે એ) એના સિવાય અન્ય કોઈ કારણે નથી કે અમે (જાહેર સ્વરૂપે) તે લોકોને જેઓ આખિરત ઉપર ઈમાન રાખે છે એવા લોકોથી (અલગ તારવીને) જાણી લઈએ જે તેના વિશે શંકામાં છે (એટલે કે

તેનો હેતુ કસોટી છે કે મો'મિન અને કાફિરોમાં તફાવત થઈ જાય જેથી ન્યાય અને હિકમતનો તકાદો સવાબ અને અઝાબના હુકમો ઉપર લાગુ પડે) અને (કારણ કે) તમારો પરવરદિગાર દરેક વસ્તુનો રક્ષક છે (જેમાં લોકોનું ઈમાન અને કુફ્ર પણ સામેલ છે તેથી દરેકને યોગ્ય બદલો અને સજા મળશે).

આયતો : (સૂરએ સબા : આયત નં. ૨૨ થી ૨૭)

قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ۚ لَا يَمْلِكُوْنَ مِثْقَالَ ذَرَّةٍ فِي السَّمٰوٰتِ وَلَا
فِي الْاَرْضِ وَمَا لَهُمْ فِيْهِمَا مِنْ شِرْكٍ وَّمَا لَهٗ مِنْهُمْ مِّنْ ظَهِيْرٍ ﴿۲۲﴾ وَلَا تَنْفَعُ الشَّفَاعَةُ
عِنْدَهٗۤ اِلَّا لِمَنْ اَذِنَ لَهٗ ؕ حَتّٰۤى اِذَا فُزِّعَ عَنْ قُلُوْبِهِمْ قَالُوْا مَاذَا ۙ قَالَ رَبُّكُمْ ؕ
قَالُوا الْحَقَّ ۚ وَهُوَ الْعَلِيُّ الْكَبِيْرُ ﴿۲۳﴾ قُلْ مَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
قُلِ اللّٰهُ ۙ وَاِنَّاۤ اَوْ اِيَّاكُمْ لَعَلٰى هُدًى اَوْ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۲۴﴾ قُلْ لَّا تُسْـَٔلُوْنَ عَمَّاۤ
اَجْرَمْنَا وَلَا نُسْـَٔلُ عَمَّا تَعْمَلُوْنَ ﴿۲۵﴾ قُلْ يَجْمَعُ بَيْنَنَا رَبُّنَا ثُمَّ يَفْتَحُ بَيْنَنَا
بِالْحَقِّ ؕ وَهُوَ الْفَتَّاحُ الْعَلِيْمُ ﴿۲۶﴾ قُلْ اَرُوْنِيَ الَّذِيْنَ اَلْحَقْتُمْ بِهٖ شُرَكَآءَ كَلَّا ؕ بَلْ هُوَ
اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۲۷﴾

તરજુમો :

તમે કહો ! તેમને પોકારો જેમને અલ્લાહ સિવાય (માલિક) ધારો છો, તેઓ એક રજકણ સુદ્ધાંના પણ માલિક નથી આસમાનોમાં અને ન જ જમીનમાં અને ન જ તેમની આ બંનેમાં કોઈ ભાગીદારી છે અને ન જ તેમનામાં કોઈ તે (અલ્લાહ)નો મદદગાર છે. (૨૨) અને તેની પાસે સિફારસ કામ નથી લાગતી પરંતુ તેને કે જેના માટે હુકમ કરી આપે એટલે સુધી કે જ્યારે તેમના દિલોમાંથી ગભરામણ દૂર થઈ જાય, પૂછે; તમારા પરવરદિગારે શું કહ્યું ? તેઓ કહે; કહ્યું જે વ્યાજબી છે અને તે જ સૌથી સર્વોપરી મહાન છે. (૨૩) તમે કહો ! કોણ તમને આસમાનથી અને જમીનથી રોજી આપે છે ? તમે

બતાવી આપો કે અલ્લાહ ! અને અમે અથવા તમે બેશક હિદાયત ઉપર છીએ અથવા ખુલ્લી ગુમરાહીમાં પડયા છીએ. (૨૪) તમે કહો ! તમને તેની પૂછતાછ થશે નહીં જે અમે ગુનાહો કર્યા અને અમારાથી તેની પૂછતાછ થશે નહીં જે તમે કરો છો. (૨૫) તમે કહો ! આપણ સૌને આપણો પરવરદિગાર એકઠા કરશે, પછી આપણામાં ન્યાયનો ફેંસલો કરશે અને તે જ ખરો ન્યાય તોલનાર સઘળું જાણનાર છે. (૨૬) તમે કહો ! મને બતાવો તો ખરા જેને તેની સાથે ભાગીદાર ઠરાવીને ભેળવો છો !? કોઈ નથી, માત્ર તે જ અલ્લાહ છે જબરદસ્ત હિકમતોવાળો. (૨૭)

તફસીર :

તમે (તે લોકોને) કહી આપો કે જે (મઅ્બૂદો)ને તમે અલ્લાહના બદલે (અલ્લાહ તઆલાની કુદરતમાં સામેલ) સમજી રહ્યા છો તેમને (પોતાની જરૂરતો માટે) પોકારો (તો ખરા ? જાણ થઈ જશે કે કેટલી શક્તિ અને અધિકાર તેઓ ધરાવે છે, તેમની વાસ્તવિક પરિસ્થિતિ તો એ છે કે) તે રજકણ સમાન (પણ કોઈ વસ્તુનો) અધિકાર નથી ધરાવતા, ન તો આસમાનો(ના સર્જન)માં અને ન જ જમીન(ની મખ્લૂક)માં અને ન જ તેમની આ બંને(ના પેદા કરવા)માં કોઈ ભાગીદારી છે અને ન તો તેમાં અલ્લાહનો કોઈ (કાર્યમાં કોઈ) સહાયક છે અને અલ્લાહની સામે (કોઈની) સિફારસ કોઈના માટે કામ નથી આવતી (બલકે સિફારસ જ નથી થઈ શકતી) પરંતુ તેના માટે જેના વિશે તે (કોઈ સિફારસ કરનારને) પરવાનગી આપી દે (કાફિરો અને મુશ્રિકોમાં અમુક અજ્ઞાનીઓ તો એવા હતા કે જેઓ પથ્થરોને પોતે કંડારીને તે મૂર્તિઓને જ જરૂરત પૂરી કરનાર અને ખુદાઈના ભાગીદાર સમજતા હતા, તેમના રદિયા માટે આ આયત છે لَا يَمْلِكُونَ مِثْقَالَ ذَرَّةٍ وَّمَا لَهُمْ فِيهِمَا مِنْ شِرْكٍ અને અમુક લોકો મૂર્તિઓનું એટલું શકિતશાળી હોવાનું માનતા ન હતા પરંતુ એવી માન્યતા ધરાવતા હતા કે મૂર્તિઓ અલ્લાહ તઆલાના કાર્યોમાં તેની સહાયક છે, તેમના રદિયા માટે કહેવામાં આવ્યું, مَا لَهُ مِنْهُمْ مِّنْ ظَهِيرٍ અને અમુક એવા સમજદાર લોકો હતા કે તેઓ નિર્જીવ મૂર્તિઓને કોઈ વસ્તુના સર્જનહાર અથવા સર્જનહારના સહાયક માનતા ન હતા પરંતુ માન્યતા એવી ધરાવતા હતા કે તે અલ્લાહ સમીપ સ્વીકૃત છે કે જેની સિફારસ કરે તેનું કામ બની જાય છે, જેમકે તેઓ કહ્યા કરતા હતા,

هٰٓـؤُلَآءِ شُفَعَاءُنَا عِنْدَ اللّٰهِ તેના રદિયા માટે ફરમાવ્યું, وَلَا تَنْفَعُ الشَّفَاعَةُ عِنْدَهٗ જેનો ખુલાસો એ છે કે મૂર્તિઓમાં કોઈ ક્ષમતા હોવાની તો તમે માન્યતા ધરાવતા નથી પરંતુ તમે તે ધોકામાં છો કે તેઓ અલ્લાહ નજીક સ્વીકૃત છે, આ માત્ર તમારી પાયા વિનાની ધારણા છે, ન તો તેમનામાં કોઈ ક્ષમતા છે અને ન જ તે અમારા સમીપ સ્વીકૃત છે. આગળ ઈરશાદ ફરમાવ્યો કે તેમનામાં ન તો ક્ષમતા છે અને ન જ સ્વીકૃતી, જેમનામાં ક્ષમતા હોય અને જે સ્વીકૃત પણ હોય જેમકે અલ્લાહના ફરિશ્તા; તેઓ પણ કોઈની સિફારસ કરવા માટે પોતે અધિકારી નથી, બલકે તેમના માટે સિફારસ કરવાનો કાયદો એ છે કે જે વ્યક્તિ માટે સિફારસ કે ભલામણ કરવાની પરવાનગી મળે માત્ર તેની જ સિફારસ કરી શકે છે અને તે પણ ખૂબ મુશ્કેલીથી; કારણ કે તે પોતે અલ્લાહ તઆલાની હેબત અને જલાલના પ્રભાવ હેઠળ હોય છે, જ્યારે તેમને કોઈ સામાન્ય હુકમ આપવામાં આવે છે અથવા કોઈના માટે સિફારસ કરવાનો હુકમ મળે છે તો તેઓ હુકમ સાંભળવાના સમયે હેબતથી મુર્છિત થઈ જાય છે, જ્યારે તે હેબતની પરિસ્થિતિ દૂર થાય છે તે સમયે હુકમ ઉપર વિચાર કરે છે અને પરસ્પર એકબીજાને પૂછીને તહકીક કરી લે છે કે આપણે જે હુકમ સાંભળ્યો છે તે શું છે ? આ તહકીક પછી તે હુકમ ઉપર અમલ કરે છે જેમાં કોઈની સિફારસ કરવાનો હુકમ પણ સામેલ છે.

ખુલાસો એ છે કે જ્યારે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને કે જે ક્ષમતા પણ ધરાવે છે અને અલ્લાહ સમીપ સ્વીકૃત પણ છે તે પણ કોઈની સિફારસ આપમેળે વિના પરવાનગીએ નથી કરી શકતા અને જ્યારે કોઈના માટે પરવાનગી મળી પણ જાય છે તો પોતે હેબતથી મૂર્છિત થઈ જાય છે, ત્યારબાદ જ્યારે સભાનાવસ્થા પરત ફરે છે ત્યારે સિફારસ કરે છે તો આ પથ્થરો તો તમે જાતે કંડારેલા છે, જેમનામાં ન તો કોઈ પ્રકારની ક્ષમતા છે અને ન જ સ્વીકૃત છે, તે કેવી રીતે કોઈની સિફારસ કરી શકે છે ? ફરિશ્તાઓનું મુર્છિત થવું વગેરેનું વર્ણન આગલી આયતમાં આ પ્રમાણે આવ્યું છે કે) એટલે સુધી કે જ્યારે તેમના દિલોથી ગભરામણ (જે હુકમ સાંભળવાના સમયે થઈ હતી) દૂર થાય છે તો એકબીજાને પૂછે છે કે તમારા પરવરદિગારે શું હુકમ ફરમાવ્યો, કહે છે કે (ફલાણી) સત્ય વાતનો હુકમ કર્યો (જેમકે વિદ્યાર્થી ઈલ્મ શીખ્યા પછી ઉસ્તાદની તકરીરને સહીહ કરવા અને યાદ કરવા માટે પરસ્પર એકબીજાની સહાયતા કર્યા કરે છે, આ

ફરિશ્તઓ પણ પોતાના સાંભળેલા હુકમની પરસ્પર એકબીજાથી તહકીક, સમર્થન અને ખરાઈ કરે છે, ત્યારબાદ હુકમ ઉપર અમલ કરે છે અને (અલ્લાહ તઆલા સામે ફરિશ્તાઓની આવી હાલત થઈ જવી કોઈ અસંભવ વાત નથી), તે સર્વોપરી સૌથી મહાન છે.

અને તમે (તેમને તવહીદની તહકીક માટે) એ પણ પૂછો કે તમને આસમાન અને જમીનથી (પાણી વરસાવીને વનસ્પતિ કાઢીને) કોણ રોજી આપે છે ? (કારણ કે તેનો જવાબ તેમની પાસે પણ નિશ્ચિત છે એટલા માટે) તમે (જ) કહી આપો કે અલ્લાહ તઆલા (રોજી આપે છે) અને (એ પણ કહો કે તો આ તવહીદના મસ્અલામાં) બેશક ! અમે અથવા તમે જરૂર સીધા માર્ગ ઉપર છે અથવા તો ખુલ્લી ગુમરાહીમાં (એટલે કે એવું નથી બની શકતું કે બે વિરોધાભાસી વિચારસરણીઓ તવહીદ અને શિર્ક બંને સાચી અને સત્ય હોય અને બંને તરફના અકીદા રાખનાર સાચા માર્ગ ઉપર હોય, બલકે અવશ્ય આ બંને અકીદાઓમાંથી એક સાચો અને બીજો ખોટો છે, સાચા અકીદહ રાખનાર હિદાયત ઉપર અને ખોટા અકીદહ રાખનાર ગુમરાહી ઉપર છે, હવે તમે વિચાર કરી લો કે આમાંથી કયો અકીદહ સાચો છો અને કોણ સચ્ચાઈ અને હિદાયત ઉપર છે અને કોણ માર્ગ ભટકેલ છે ?) તમે (તેમને આ બહષ અને મુનાજરા–Debate માં આ પણ) કહી આપો (કે અમે સ્પષ્ટ કરીને ખોલી ખોલીને સત્ય અને અસત્યને સ્પષ્ટ રીતે વર્ણન કરી દીધું છે, હવે તમે અને અમે દરેક પોતાના કર્મોના જવાબદાર છે) તમને અમારા અપરાધો વિશે પૂછપરછ થશે નહીં અને અમને તમારા કર્મો વિશે પૂછતાછ થશે નહીં અને (તમે તેમને એ પણ) કહી આપો કે (એક સમય જરૂર આવવાનો છે જેમાં) આપણો પરવરદિગાર સૌને (એક સ્થળે) એકઠા કરશે, પછી આપણા વચ્ચે ઠીક ઠીક ફેંસલો (અમલી સ્વરૂપે) કરી આપશે અને તે ફેંસલો કરનારો અને (સૌની હાલત) જાણનારો છે, તમે (એ પણ) કહી આપો (કે તમે અલ્લાહ તઆલાની સર્વોચ્ચ શા'ન અને સંપૂર્ણ કુદરતની દલીલો સાંભળી લીધી અને પોતાની મૂર્તિઓની લાચારી પણ જોઈ લીધી) મને જરા એ પણ બતાવો જેને તમે ભાગીદાર બનાવીને (ઈબાદતના હકમાં) અલ્લાહ સાથે મિલાવી રાખ્યા છે, કદાપિ (તેનો કોઈ ભાગીદાર) નથી, બલકે (વાસ્તવમાં) તે જ અલ્લાહ (એટલે કે મઅ્બૂદે બરહક સાચો પૂજ્ય) જબરદસ્ત હિકમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં રબ્બાની હુકમો નાઝિલ થવાના સમયે જે ફરિશ્તાઓનું મુર્છિત થઈ જવું અને પછી પરસ્પર એકબીજાને પૂછવા પાછવાનું વર્ણન છે તેનું વર્ણન સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી આ પ્રમાણે આવ્યું છે કે જ્યારે અલ્લાહ તઆલા આસમાનમાં કોઈ હુકમ નાઝિલ ફરમાવે છે તો ફરિશ્તા ખુશૂઅ્ અને ખુજૂઅ્થી પોતાની પાંખો ફફડાવવા લાગે છે અને મૂર્છાવસ્થા જેવી હાલતમાં પહોંચી જાય છે, જ્યારે તેમના દિલોએથી ગભરામણ, હેબત અને જલાલનો તે પ્રભાવ દૂર થઈ જાય છે તો પૂછે છે કે તમારા પરવરદિગારે શું ફરમાવ્યું અને બીજા કહે છે કે ફલાણો હુકમ અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે. –હદીષ.

સહીહ મુસ્લિમમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) કોઈ સહાબીને રિવાયત કરે છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે આપણો રબ્બે તબારક ઈસ્મહુ જ્યારે કોઈ હુકમ આપે છે તો અર્શને ઉઠાવનારા ફરિશ્તાઓ તસ્બીહ કરવા લાગે છે, તેમની તસ્બીહ સાંભળીને તેમની પાસેવાળા આસમાનના ફરિશ્તાઓ તસ્બીહ કરવા લાગે છે, પછી તેમની તસ્બીહ સાંભળીને તેમની નીચેવાળા આસમાનના ફરિશ્તા તસ્બીહ કરવા લાગે છે, એટલે સુધી આ નોબત સમાએ દુનિયા (દુનિયાના આકાશ) સુધી પહોંચી જાય છે અને બધા આસમાનોના ફરિશ્તાઓ તસ્બીહમાં મશ્ગૂલ થઈ જાય છે, પછી તે ફરિશ્તાઓ જે અર્શની નજીકના છે તેમને પૂછવામાં આવે છે કે તમારા પરવરદિગારે શું ફરમાવ્યું? તેઓ બતાવે છે; એ જ પ્રમાણે તેમની નીચેવાળા આસમાનના ફરિશ્તાઓને પ્રશ્ન કરે છે એટલે સુધી કે સવાલ અને જવાબનો આ ક્રમ સમાએ દુનિયા સુધી પહોંચી જાય છે. –હદીષ

(મઝહરી)

બહસ અને મુનાજરા (Debate)માં સંબોધકે સ્વભાવની કાળજી રાખવી જોઈએ અને ઉશ્કેરાવાથી બચવું જોઈએ :

وَاِنَّآ اَوْ اِيَّاكُمْ لَعَلٰى هُدًى اَوْ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ આ મુશ્રિકો અને કાફિરોને ભેગું સંબોધન છે, સ્પષ્ટ દલીલોથી અલ્લાહ તઆલાનું સર્જનહાર અને માલિક હોવું તથા સંપૂર્ણ સર્વશક્તિમાન હોવું સ્પષ્ટ કરવામાં આવ્યું. મૂર્તિઓ અને

ગયરૂલ્લાહની લાચારી તથા કમજોરીનો સાક્ષાત્કાર કરાવવામાં આવ્યો. આ બધી વાતો પછી એ બાબતની તક હતી કે મુશ્રિકોને સંબોધન કરીને કહેવામાં આવે કે તમે જાહિલ અને ગુમરાહ છો કે અલ્લાહ તઆલાને છોડીને મૂર્તિઓ અને શયતાનોની પૂજા કરો છો પરંતુ કુર્આને હકીમે આ સ્થળે જે હિકમતપૂર્ણ વિષય અપનાવ્યો એ દા'વત અને તબ્લીગ તથા ઈસ્લામના વિરોધીઓને બાતિલ લોકોથી બહસ અને મુનાજરો કરવા માટેનું એક મહત્ત્વનું સૂચનાપત્ર અને માર્ગદર્શિકા છે કે આ આયતમાં તેમને કાફિર અને ગુમરાહ કહેવાના બદલે વિષય એવો અપનાવવામાં આવ્યો કે આ સ્પષ્ટ દલીલોના પ્રકાશમાં કોઈ સમજદાર વ્યક્તિ કહી નથી શકતો કે તવહીદ અને શિર્ક બંને વાતો શકય છે અને તવહીદવાળા તથા મુશ્રિકો બંને સત્યના પૂજારી છે બલકે એ ચોક્કસ વાત છે કે આ બંનેમાંથી એક સત્ય અને હક ઉપર અને બીજો ગુમરાહી ઉપર છે, હવે તમે જાતે વિચારી લો અને ફેંસલો કરી લો કે અમે હક ઉપર છીએ અથવા તમે ? સંબોધકને પોતે કાફિર અને ગુમરાહ કહેવાથી તેની ઉશ્કેરણી થઈ શકે છે, તેનાથી બચવામાં આવ્યું અને એવો લાગણીસભર વિષય અપનાવવામાં આવ્યો કે પથ્થર હૃદય વિરોધી પણ વિચાર કરવા મજબૂર થઈ જાય. *(કુર્તુબીમાંથી, બયાનુલ કુર્આન)*

આ પયગમ્બરી દા'વત અને શિખામણ પછી તથા مُجَادَلَهٗ بِالَّتِیْ هِیَ اَحْسَنُ નો તરીકો ઉલમાએ દરેક સમયે નજર સમક્ષ રાખવો જોઈએ, તેના ઉપેક્ષિત થવાથી દા'વત અને તબ્લીગ તથા ચર્ચા અને મુનાજરો અસરવિહોણો બલકે નુકસાનકારક થઈને રહી જાય છે, વિરોધીઓ જીદ ઉપર આવી જાય છે અને તેમની ગુમરાહી પાકી થઈ જાય છે.

આયત : (સૂરએ સબા : આયત નં. ૨૮)

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٢٨﴾

તરજુમો :

અને અમે તમને જે મોકલ્યા બસ બધા લોકો માટે ખુશી અને ડર સંભળાવવા માટે પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૨૮)

તફસીર :

(હે નબી ﷺ !) અને અમે તો તમને સૌના માટે (ભલે જિન્નાત હોય અથવા મનુષ્ય, અરબ હોય અથવા બિનઅરબ, ઉપસ્થિત હોય કે ભવિષ્યમાં આવનાર, સૌના માટે) પયગમ્બર બનાવીને મોકલ્યા છે (ઈમાન લાવવા ઉપર તેમને અમારા રાજીપા અને સવાબની) ખુશખબરી સંભળાવનાર અને (ઈમાન ન લાવવા ઉપર અમારા ક્રોધ અને અઝાબથી) ડરાવનાર; પરંતુ ઘણા લોકો સમજતા નથી (અજ્ઞાનતા અથવા દુશ્મનાવટના કારણે ઈન્કાર કરવામાં અને જૂઠાડવામાં લાગેલા રહે છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં તવહીદ અને અલ્લાહ તઆલાના સર્વશક્તિમાન હોવાનું વર્ણન હતું, આ આયતમાં રિસાલતનું અને ખાસ કરીને આપણા નબીએ કરીમ ﷺનું આગમન સમગ્ર દુનિયાની બધી જ ઉપસ્થિત અથવા ભવિષ્યમાં આવનારી કોમો માટે સર્વસામાન્ય હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે.

كَآفَّةً لِّلنَّاس (કાફ્ફતલ્લિન્નાસ)માં શબ્દ كَآفَّة (કાફ્ફહ) અરબી રૂઢિપ્રયોગમાં કોઈ વસ્તુ સૌના માટે સર્વસામાન્ય અને સામેલ હોવાના અર્થમાં ઉપયોગ થાય છે જેમાં કોઈ અપવાદ ન હોય. મૂળ શબ્દપ્રયોગના વ્યાકરણનો તકાદો એ હતો કે لِلنَّاسِ كَآفَّةً (લિન્નાસી કાફ્ફતન) કહેવામાં આવે કારણ કે શબ્દ "કાફ્ફહ" એ વર્તમાન છે "નાસ"નું પરંતુ આગમન સર્વસામાન્ય હોવાની બાબતને સ્પષ્ટ કરવા માટે શબ્દ "કાફ્ફહ"ને અગ્ર ક્રમે રાખવાની કાળજી રાખવામાં આવી.

રસૂલે કરીમ ﷺથી પહેલાં જેટલાય અંબિયા (અલૈ.)નું આગમન થયું છે તેમની રિસાલત અને નુબુવ્વત કોઈ ખાસ કોમ અથવા જમીનના કોઈ ખાસ ભૂ ભાગ માટે હતી, એ હઝરત ખાતમુન્નબિય્યિન ﷺની આગવી વિશિષ્ટતા અને પ્રતિષ્ઠા છે કે આપ ﷺની નુબુવ્વત સમગ્ર દુનિયા માટે સર્વસામાન્ય છે અને માત્ર મનુષ્યો જ નહીં જિન્નાતો માટે પણ છે અને માત્ર તે લોકો માટે નથી જેઓ રસૂલે કરીમ ﷺના સમયમાં મોજૂદ હતા બલકે કયામત સુધી આવનાર માનવવંશો માટે સર્વસામાન્ય છે અને રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને

રિસાલતનું કયામત સુધી બાકી રહેવાનો અને સતત ટકી રહેવાનો તકાદો એ છે કે રસૂલે કરીમ ﷺ ખાતમુન્નબિય્યિન (નબીઓના ક્રમની અંતિમ કડી) હોય, રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબી આવવાના ન હોય, કારણ કે બીજા નબીનું ત્યારે જ આગમન થાય છે જ્યારે આગલા નબીની શરીઅત અને શિક્ષણમાં પરિવર્તન અથવા રદ થાય છે તો બીજા નબી મખ્લૂકની સુધારણાના હેતુ સાથે આવી જાય છે, અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺની શરીઅત અને પોતાની કિતાબ કુર્આનની સુરક્ષાની કયામત સુધી જવાબદારી લીધી છે એટલા માટે તે કયામત સુધી પોતાની અસલી હાલત ઉપર કાયમ રહેશે અને કોઈ અન્ય નબીના આવવાની જરૂરત બાકી રહેશે નહીં.

સહીહ બુખારી અને મુસ્લિમ વગેરેમાં હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મને પાંચ વસ્તુઓ એવી અર્પણ કરવામાં આવી છે જે મારાથી અગાઉ કોઈને મળી નથી, એક એ કે મારી મદદ અલ્લાહ તઆલાએ મને એવો રૂઆબ આપીને કરી કે એક મહિનાની મુસાફરીના અંતર સુધી લોકો ઉપર મારો રૂઆબ છવાઈ જાય છે, બીજું એ કે મારા માટે સમગ્ર જમીનને મસ્જિદ અને પાક ઠરાવી દેવામાં આવી છે. (પાછલા અંબિયા અલૈ.ની શરીઅતોમાં તેમની ઈબાદત ખાસ ઈબાદતગાહોમાં જ થતી હતી, મસ્જિદોથી બહાર મેદાન અથવા ઘરમાં તેમની ઈબાદત થતી ન હતી. અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે સમગ્ર પૃથ્વીને આ અર્થમાં મસ્જિદ બનાવી દીધી કે દરેક સ્થળે નમાઝ અદા થઈ શકે છે અને જમીનની માટીને પાણી ન મળવાના અથવા પાણીનો ઉપયોગ નુકસાનકર્તા હોવાના સ્વરૂપમાં પાકી માટે પાક કરનાર બનાવી દીધી કે તેનાથી તયમ્મુમ કરી લેવામાં આવે તો વૂઝુના સ્થાને થઈ જાય છે). ત્રીજું એ કે મારા માટે માલે ગનીમત હલાલ કરી દેવામાં આવ્યો, મારાથી અગાઉ કોઈ ઉમ્મત માટે આ માલ હલાલ ન હતો (બલકે એ હુકમ હતો કે યુદ્ધમાં કાફિરોનો જે માલ હાથ લાગે તેને એકઠો કરીને એક સ્થળે મૂકી દેવામાં આવે, ત્યાં એક આસમાની આગ વીજળી વગેરે આવીને તેને સળગાવી દેતી અને આ સળગાવી દેવું જ તે જિહાદની સ્વીકૃતિની નિશાની હતી. ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે માલે ગનીમત કુર્આનના બતાવેલા સિદ્ધાંતો પ્રમાણે વહેંચણી કરી લેવાની અને પોતાની જરૂરિયાતમાં ખર્ચ કરવાની પરવાનગી સાથે જાઈઝ

ઠરાવવામાં આવ્યું). ચોથું એ કે મને મોટી સિફારસ (શફાઅતે કુબરા) કરવાનું સ્થાન અર્પણ કરવામાં આવ્યું. (એટલે કે હશ્રના મેદાનમાં જે સમયે કોઈ પયગમ્બર સિફારસ કરવાની હિંમત કરશે નહીં મને તે સમયે સિફારસ કરવાની તક આપવામાં આવશે). પાંચમું એ કે મારાથી આગલા દરેક નબી પોતાની ખાસ કોમ તરફ મોકલવામાં આવતા હતા, મને દુનિયાની સમગ્ર કોમો તરફ પયગમ્બર બનાવીને મોકલવામાં આવ્યો છે. *(ઈબ્ને કસીર)*

આયતો : (સૂરએ સબા : આયત નં. ૨૯ થી ૩૩)

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٩﴾ قُلْ لَّكُمْ مِّيْعَادُ يَوْمٍ لَّا تَسْتَاْخِرُوْنَ
عَنْهُ سَاعَةً وَّلَا تَسْتَقْدِمُوْنَ ﴿٣٠﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَنْ نُّؤْمِنَ بِهٰذَا
الْقُرْاٰنِ وَلَا بِالَّذِيْ بَيْنَ يَدَيْهِ ۭ وَلَوْ تَرٰٓى اِذِ الظّٰلِمُوْنَ مَوْقُوْفُوْنَ عِنْدَ
رَبِّهِمْ ښ يَرْجِعُ بَعْضُهُمْ اِلٰى بَعْضِۨ الْقَوْلَ ۚ يَقُوْلُ الَّذِيْنَ اسْتُضْعِفُوْا
لِلَّذِيْنَ اسْتَكْبَرُوْا لَوْلَآ اَنْتُمْ لَكُنَّا مُؤْمِنِيْنَ ﴿٣١﴾ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْا
لِلَّذِيْنَ اسْتُضْعِفُوْٓا اَنَحْنُ صَدَدْنٰكُمْ عَنِ الْهُدٰى بَعْدَ اِذْ جَاۗءَكُمْ بَلْ
كُنْتُمْ مُّجْرِمِيْنَ ﴿٣٢﴾ وَقَالَ الَّذِيْنَ اسْتُضْعِفُوْا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْا بَلْ مَكْرُ
الَّيْلِ وَالنَّهَارِ اِذْ تَاْمُرُوْنَنَآ اَنْ نَّكْفُرَ بِاللّٰهِ وَنَجْعَلَ لَهٗٓ اَنْدَادًا ۭ
وَاَسَرُّوا النَّدَامَةَ لَمَّا رَاَوُا الْعَذَابَ ۭ وَجَعَلْنَا الْاَغْلٰلَ فِيْٓ اَعْنَاقِ الَّذِيْنَ كَفَرُوْا ۭ
هَلْ يُجْزَوْنَ اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٣٣﴾

તરજુમો :

અને કહે છે, ક્યારે છે આ વાયદો જો તમે સાચા છો? (૨૯) તમે કહો! તમારા માટે એક દિવસનો વાયદો છે, તેનાથી એક ક્ષણ (પણ) મોડું કરી શકશો નહીં, ન જ જલદી. (૩૦) અને કાફિરો કહેવા લાગ્યા, અમે આ

કુર્આનને કદાપિ માનીશું નહી અને ન જ તેનાથી આગલાને અને જો કદી તમે જુઓ જ્યારે કે ગુનેહગારો (જાલિમો) પોતાના પરવરદિગારની પાસે ઊભા કરવામાં આવે (ત્યારે) વાત (વાંક)ને એકબીજા ઉપર ઢોળે છે; તે લોકો જેઓ કમજોર સમજવામાં આવતા હતા બડાઈ હાંકનારાઓને કહે છે, જો તમે ન હોત તો અમે ઈમાનવાળા હોત ! (૩૧) બડાઈ હાંકનારાઓ જેઓ કમજોર થઈ ગયા હતા તેમને કહેવા લાગ્યા, શું અમે તમને સત્ય વાતથી રોક્યા હતા તમારી પાસે તે પહોંચી ચૂક્યા પછી ? કંઈ નથી, (બલકે) તમે જ મુજરિમો હતા. (૩૨) અને તે લોકો જેઓ કમજોર ગણાતા હતા બડાઈ હાંકનારાઓને કહેવા લાગ્યા, રાત દિવસના પ્રપંચથી કોઈ બાકાત નથી, જ્યારે તમે અમને હુકમ કરતા હતા કે અમે અલ્લાહને ન માનીએ અને તેની સાથે સમાન ભાગીદાર ઠરાવીએ અને છુપા છુપા પસ્તાવા લાગ્યા જ્યારે અઝાબ જોઈ લીધો અને અમે કાફિરોની ગરદનોમાં "તોક" નાંખ્યો છે, એવો જ બદલો પામે છે જેવો અમલ કરતા હતા. (૩૩)

તફસીર :

અને આ લોકો (કયામત વિશેનો વિષય ....يَجْمَعُ بَيْنَنَا رَبُّنَا ثُمَّ يَفْتَحُ સાંભળીને) કહે છે કે આ વાયદો ક્યારે (જાહેર) થશે જો તમે (એટલે કે નબી અને આપના અનુયાયીઓ) સાચા છો ? (તો બતાવો) તમે કહી આપો કે તમારા માટે એક ખાસ દિવસનો વાયદો (નિશ્ચિત) છે, તેનાથી ન તો એક ઘડી પાછળ હટી શકો છો ન જ આગળ વધી શકો છો, (ભલે અમે સમય ન બતાવીએ જે તમે પૂછી રહ્યા છો પરંતુ તે અવશ્ય આવશે જેને પૂછવું તમારા ઈન્કાર કરવાના હેતુના કારણે છે) અને આ કાફિરો (દુનિયામાં તો ઘણી વાતો બનાવે છે અને) કહે છે કે અમે કદાપિ આ કુર્આન ઉપર ઈમાન લાવીશું નહીં અને ન જ તેનાથી અગાઉની કિતાબો ઉપર અને (કયામતમાં આ બધી મોટી મોટી વાતો સમાપ્ત થઈ જશે તેથી) જો તમે (તેમની) તે સમયની હાલત જુઓ (તો એક ભયાનક દૃષ્ય નજરે પડશે) જ્યારે કે આ જાલિમો પોતાના પરવરદિગારની સામે ઊભા કરવામાં આવશે, એકબીજા ઉપર વાત (દોષ) ઢોળતા હશે, (જેમકે કોઈ કામ બગડી જવાના સમયે સ્વાભાવિકપણે થાય છે એટલા માટે) ઓછા દરજ્જાવાળા લોકો (એટલે કે અનુયાયીઓ) મોટા લોકોને (એટલે કે જેમની તાબે'દારી કરી હતી

તેમને) કહેશે કે (અમે તો તમારા કારણે બરબાદ થઈ ગયા) જો તમે ન હોત તો અમે અવશ્ય ઈમાન લઈ આવ્યા હોત (આથી) આ મોટા લોકો તે ઓછા દરજ્જાવાળા લોકોને કહેશે કે શું અમે તમને હિદાયત (ઉપર અમલ કરવા)થી (બળજબરીએ) રોક્યા હતા ત્યારબાદ કે તે (હિદાયત) તમને પહોંચી ચૂકી હતી ? નહીં ! બલકે તમે જ કુસૂરવાર છો (કે સત્યના જાહેર થયા પછી પણ તેનો સ્વીકાર ન કર્યો, હવે અમારા માથે પાડો છો ?) અને (તેના જવાબમાં) આ ઓછા દરજ્જાવાળા લોકો તે મોટા દરજ્જાવાળા લોકોને કહેશે કે (અમે એવું નથી કહેતા કે તમે બળજબરી કરી હતી) નહીં ! બલકે તમારા રાત દિવસના ષડયંત્રોએ અટકાવ્યા હતા, જ્યારે તમે અમને ફરમાઈશ કરતા રહેતા હતા કે અમે અલ્લાહની સાથે કુફ્ર કરીએ અને તેના માટે ભાગીદાર ઠરાવીએ (ષડયંત્રોથી ભાવાર્થ તે પ્રેરણા અને પ્રોત્સાહન છે એટલે કે રાત દિવસનું તેમનું શિક્ષણ અને તેમની યુક્તિઓની અસર થઈ ગઈ અને તબાહ બરબાદ થઈ ગયા, બસ અમને તમે જ ખરાબ કર્યા) અને (આ વાતચીત દરેક વ્યક્તિ એકબીજા ઉપર આક્ષેપ મૂકવા માટે કહેશે પરંતુ દિલમાં પોતપોતાના કુસૂર પણ સમજશે કે માર્ગ ભટકાવનારા સમજશે કે ખરેખર અમે એવું કર્યું તો હતું અને જેઓને તેમણે માર્ગ ભટકાવ્યો હતો તેઓ સમજશે કે ભલે તેમણે અમને ખોટો માર્ગ બતાવ્યો હતો પરંતુ અંતે અમે પણ તો પોતાનો નફો અને નુકસાન સમજી શકતા હતા, અવશ્ય અમારો પણ બલકે વધારે પડતો અમારો જ વાંક છે પરંતુ) તે લોકો (પોતાની આ) ભોંઠપને (એકબીજાથી) ગુપ્ત રાખશે જ્યારે કે (પોતપોતાના અમલ ઉપર) અઝાબ (થતો) જોશે અને (તે સૌને એ સમાન અઝાબ આપવામાં આવશે કે) અમે કાફિરોની ગરદનોમાં તોક નાંખીશું (અને હાથ પગમાં સાંકળો કસીને બાંધવામાં આવશે અને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે) જેવું કર્યું તેવું જ ભર્યું !

આયતો : (સૂરએ સબા : આયત નં. ૩૪ થી ૩૮)

وَمَآ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ مِّنْ نَّذِيْرٍ اِلَّا قَالَ مُتْرَفُوْهَآ ۙ اِنَّا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ
كٰفِرُوْنَ ﴿٣٤﴾ وَقَالُوْا نَحْنُ اَكْثَرُ اَمْوَالًا وَّاَوْلَادًا ۙ وَّمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿٣٥﴾ قُلْ اِنَّ
رَبِّيْ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٦﴾ وَمَآ

اَمْوَالُكُمْ وَلَآ اَوْلَادُكُمْ بِالَّتِيْ تُقَرِّبُكُمْ عِنْدَنَا زُلْفٰٓى اِلَّا مَنْ اٰمَنَ وَعَمِلَ صَالِحًا ۡ

فَاُولٰٓئِكَ لَهُمْ جَزَآءُ الضِّعْفِ بِمَا عَمِلُوْا وَهُمْ فِي الْغُرُفٰتِ اٰمِنُوْنَ ﴿۳۷﴾ وَالَّذِيْنَ يَسْعَوْنَ

فِيْٓ اٰيٰتِنَا مُعٰجِزِيْنَ اُولٰٓئِكَ فِي الْعَذَابِ مُحْضَرُوْنَ ﴿۳۸﴾

તરજુમો :

અને અમે કોઈ વસ્તીમાં ડરાવનાર નથી મોકલ્યો પરંતુ ત્યાંના ખુશહાલ લોકો કહેવા લાગ્યા જે કંઈ તમારા હાથે મોકલવામાં આવ્યું છે અમે તેને માનતા નથી. (૩૪) અને કહેવા લાગ્યા, અમે માલ અને અવલાદમાં અધિક છીએ અને અમારા ઉપર આફત આવવાની નથી. (૩૫) તમે કહો ! મારો પરવરદિગાર છે તે રોજી વિસ્તારી આપે છે જેને ચાહે અને (જેને ચાહે) માપીને આપે છે પરંતુ ઘણા લોકો સમજ ધરાવતા નથી. (૩૬) અને તમારો માલ અને તમારી અવલાદ તે નથી કે તે તમારો દરજ્જો અમારી પાસે નિકટ (માનીતો) કરી આપે પરંતુ જે કોઈ ઈમાન લાવ્યો અને નેક કામ કર્યા, બસ તેમના માટે કરેલા કર્મનો બમણો બદલો છે અને તેઓ ઝરૂખાઓમાં સલામતીપૂર્વક (ચેનથી) બેઠા છે. (૩૭) અને જે લોકો અમારી આયતોને પરાજિત કરવા માટે દોડે છે તેઓ અઝાબમાં પકડાયેલા આવશે. (૩૮)

તફસીર :

અને (હે પયગમ્બર ﷺ ! તે લોકોના ગુમરાહીયુક્ત અજ્ઞાનતાભર્યા નિવેદનોથી તમે દિલગીર ન થશો, કારણ કે આવો વ્યવહાર માત્ર તમારી સાથે જ નથી થયો બલકે) અમે કોઈ વસ્તીમાં કોઈ ડર સંભળાવનાર (પયગમ્બર) નથી મોકલ્યો પરંતુ ત્યાંના ખુશહાલ લોકોએ (હાલના કાફિરોની જેમ જ) એવું કહ્યું કે અમે તો એ હુકમોના ઈન્કારી છીએ જે તમને આપીને મોકલવામાં આવ્યા છે અને તેમણે એ પણ કહ્યું કે અમે માલ અને અવલાદમાં તમારાથી અધિક છીએ (كَمَا قَالَ فِي الْكَهْفِ اَنَا اَكْثَرُ مِنْكَ مَالًا وَّاَعَزُّ نَفَرًا) અને (આ દલીલ છે અમારા સ્વીકૃત અને અલ્લાહ પાસે સન્માનનીય હોવાની કે બસ) અમને ક્યારેય અઝાબ થશે નહીં (અને આવી જ વાત મક્કાના કાફિરો પણ કહે છે قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَيُّ الْفَرِيْقَيْنِ خَيْرٌ مَّقَامًا બસ ગમ ન કરો અલબત્ત તેમના નિવેદનોને

રદ કરો અને તેમને એવું) કહી આપો કે (રોજીની વિશાળતાનો આધાર અલ્લાહ નજીક સ્વીકૃત હોવું નથી બલકે માત્ર તેની ઈચ્છા છે કારણ કે) મારો પરવરદિગાર જેને ઈચ્છે છે વધારે રોજી આપે છે અને જેને ઈચ્છે છે ઓછી રોજી આપે છે (અને તેમાં હિકમતો હોય છે) પરંતુ ઘણા લોકો (તેનાથી) વાકેફ નથી (કે તેનો આધાર બીજી મસ્લિહતો છે, અલ્લાહ તઆલા નજીક સ્વીકૃત હોવા ઉપર નથી) અને (હે કાફિરો ! આ પણ સાંભળી લો કે જે રીતે તમારો માલ અને અવલાદ અલ્લાહ તઆલા નજીક સ્વીકૃત હોવાની નિશાની કે દલીલ નથી એ જ પ્રમાણે) તમારો માલ અને અવલાદ એવી વસ્તુઓ નથી જે તમને અમારી પાસે દરજ્જામાં માનીતા બનાવી આપે (એટલે કે માનીતા બનાવવાનું તે માધ્યમ નથી ન તો માલ અને ન જ અવલાદ; એ જ રીતે ન તો માલ અને ન જ અવલાદ સ્વીકૃત બતાવી શકે છે), હા ! પરંતુ જેઓ ઈમાન લાવે અને સારા કર્મો કરે (આ બંને વસ્તુઓ નિકટતાનું અને માનીતા બનવાનું કારણ બની શકે છે) બસ એવા લોકો માટે તેમના (નેક) અમલનો બમણો બદલો છે (એટલે કે અમલથી વધારે ભલે બમણાથી પણ વધારે لِقَوْلِهٖ تَعَالٰى مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا) અને તેઓ (જન્નતના) ઝરૂખાઓમાં ચેનથી (બેઠેલા) હશે અને જે લોકો (તેના વિરુદ્ધ માત્ર માલ અને અવલાદ ઉપર ગર્વ કરે છે અને ઈમાન તથા નેક અમલોને અપનાવતા નથી બલકે તેઓ) અમારી આયતો વિશે (તેમના રદિયાની) કોશીશો કરી રહ્યા છે (નબીને) પરાજિત કરવા માટે, એવા લોકો અઝાબમાં લાવવામાં આવશે.

મસ્અલા અને બોધપાઠ :

દુનિયાની દોલત અને ઇજ્જતને અલ્લાહ તઆલા સમીપ સ્વીકૃતીની દલીલ સમજવાનો શયતાનનો પરાપૂર્વેથી ચાલતો આવતો ફરેબ (છેતરપિંડી) :

દુનિયાની શરૂઆતથી દુનિયાની દોલત, રાહત તથા અય્યાશીના નશામાં ચકચૂર રહેનારાઓએ હંમેશા સત્યના અવાજ વિરુદ્ધ અને અંબિયા (અલૈ.) તથા સુલહાઓથી દુશ્મનાવટની પદ્ધતિ અપનાવી છે, માત્ર ઘણા થોડા જેમને અલ્લાહ ચાહે તેઓ એનાથી બાકાત હતા. દોલત અને અય્યાશીના નશામાં ચકચૂર લોકોની રીતભાત એ હતી કે તેઓ સત્યવાદીઓના મુકાબલામાં પોતાની હાલની

પરિસ્થિતિ ઉપર મગ્ન રહેવાની અને સંતોષિત રહેવાની એ દલીલ પણ આપતા હતા કે જો અમારા કર્મો અને ટેવો અલ્લાહને પસંદ ન હોત તો અમને દુનિયાની ઈજ્જત અને સત્તા કેમ આપી છે ? કુર્આને કરીમે તેનો જવાબ વિવિધ આયતોમાં વિવિધ વિષયો હેઠળ આપ્યો છે. પ્રસ્તુત આયતોનું ઊતરાણ પણ આ જ રીતે એક ઘટનાના સંદર્ભમાં તેમની વાહિયાત દલીલના જવાબ સ્વરૂપે થયું છે.

હદીષમાં છે કે ઈસ્લામ અગાઉના જહાલત કાળમાં બે વ્યક્તિઓ એક કારોબારમાં ભાગીદાર હતા, પછી તેમનામાંથી એક એ સ્થળ છોડીને કોઈ દરિયા કિનારાના વિસ્તારમાં ચાલ્યો ગયો, જ્યારે રસૂલે કરીમ ﷺનું આગમન થયું અને આપ ﷺની નુબુવ્વત અને રિસાલતની ચર્ચા થઈ તો દરિયા કિનારાવાળા મિત્રએ મક્કાવાળા મિત્રને પત્ર લખ્યો અને પૂછ્યું કે તેમના નુબુવ્વતના દા'વાની તમે લોકોએ શું અસર લીધી ? આથી મક્કી સાથીએ જવાબ લખ્યો કે કુરૈશમાંથી તો કોઈપણ તેમનો અનુયાયી નથી થયો, માત્ર ગરીબ, ફકીર, હેસિયત વિનાના લોકો તેમની પાછળ લાગેલા છે, પેલા કિનારાવાળો મિત્ર ત્યાંથી પોતાનો વેપાર છોડીને મક્કા મુકર્રમહ આવ્યો અને પોતાના મિત્રને કહ્યું કે મને તેમનું ઠેકાણું બતાવો જેઓ નુબુવ્વતનો દા'વો કરે છે, આ દરિયા કિનારાનો મિત્ર અમુક પ્રાચીન કિતાબો તવરાત અને ઈન્જીલ વગેરેનો અભ્યાસ કરતો હતો, રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને પૂછ્યું કે આપ કઈ બાબત તરફ આમંત્રણ આપો છો ? રસૂલે કરીમ ﷺએ પોતાની ઈસ્લામની દા'વતના અગત્યના વિભાગોનું વર્ણન કર્યું. ઈસ્લામની દા'વત રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી સાંભળતા જ તેણે કહ્યું, اَشْهَدُ اَنَّكَ رَسُوْلُ اللّٰهِ (અશહદુ અન્નક રસૂલુલ્લાહ) એટલે કે હું ગવાહી આપું છું કે બેશક ! તમે અલ્લાહના રસૂલ છો. રસૂલે કરીમ ﷺએ તેને પૂછ્યું કે તમને એ કેવી રીતે જાણ થઈ ? તેણે કહ્યું કે (આપ ﷺની દા'વતનું સત્ય હોવું તો બુદ્ધિથી પણ સમજી શકાય છે અને તેની નિશાની મેં એ જોઈ કે) જેટલા અંબિયા (અલૈ.) અગાઉ આવ્યા છે બધાના માનનારા શરૂઆતમાં ગરીબ અને દુનિયાના હેસિયત વિનાના ફકીર લોકો જ હોય છે, આ ઘટના ઉપર આ આયત નાઝિલ થઈ.

مَآ اَرْسَلْنَا فِىْ قَرْيَةٍ مِّنْ نَّذِيْرٍ اِلَّا قَالَ مُتْرَفُوْهَا (ઈબ્ને કષીર અને મઝહરી) مُتْرَفْ (મુતરફ) એ تَرَفْ (તરફ)થી બનેલ શબ્દ છે જેનો અર્થ નેઅ્મતો અને

રાહતની છૂટછાટ થાય છે. مُتْرَفِيْنَ (મુતરફીન)થી ભાવાર્થ માલદારો અને કોમના રઈસો થાય છે, કુર્આને કરીમે પ્રસ્તુત પ્રથમ આયતમાં ફરમાવ્યું છે કે જ્યારે પણ અમે કોઈ રસૂલ મોકલ્યા છે તો માલ દોલતના નશામાં અને રાહતો તથા અય્યાશીઓમાં પોષણ પામતા લોકોએ જ તેનો મુકાબલો કુફ્ર અને શિર્કથી કર્યો છે.

બીજી આયતમાં તેમનું આ નિવેદન નકલ કર્યું છે, نَحْنُ اَكْثَرُ اَمْوَالًا وَّاَوْلَادًا وَّمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ એટલે કે અમે તમારાથી માલ અને દોલતમાં પણ અધિક છીએ એટલા માટે અમે અઝાબમાં સંડોવાઈ શકતા નથી.

દેખીતી રીતે તેમના આ નિવેદનનો હેતુ એ હતો કે અલ્લાહ તઆલા સમીપ અમે અઝાબપાત્ર હોત તો અમને આટલી દોલત અને ઈજ્જત કેમ આપી છે ? કુર્આને કરીમે ત્રીજી અને ચોથી આયતમાં તેનો જવાબ આપ્યો છે, قُلْ اِنَّ رَبِّىْ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ અને مَآ اَمْوَالُكُمْ وَلَآ اَوْلَادُكُمْ.... જવાબનો ખુલાસો એ છે કે દુનિયામાં માલ અને દોલત અથવા ઈજ્જત અને હોદ્દાની વધઘટ અલ્લાહ નજીક સ્વીકૃત કે ધિક્કારપાત્ર હોવાની દલીલ નથી બલકે તે તક્વીની મસ્લિહતના કારણે દુનિયામાં અલ્લાહ જેને ચાહે માલ અને દોલત છૂટછાટથી આપે છે અને જેને ઈચ્છે છે ઓછી આપે છે જેની તક્વીની હિકમતને તે જ જાણે છે પરંતુ માલ અને અવલાદનું અધિક હોવું અલ્લાહ નજીક સ્વીકૃતીની દલીલ સમજવી અજ્ઞાનતા છે, કારણ કે તેના માનીતા અથવા સ્વીકૃત હોવાનો આધાર માત્ર ઈમાન અને નેક કર્મો છે, જેને એ પ્રાપ્ત નથી તેની પાસે માલ અને અવલાદ ગમે તેટલી વધારે હોય તે તેને અલ્લાહનો માનીતો કે સ્વીકૃત બનાવી શકતી નથી.

આ જ વિષયને કુર્આને કરીમે વિવિધ આયતોમાં વર્ણન કર્યો છે. એક સ્થળે اَيَحْسَبُوْنَ اَنَّمَا نُمِدُّهُمْ مِنْ مَّالٍ وَّبَنِيْنَ نُسَارِعُ لَهُمْ فِى الْخَيْرٰتِ بَلْ لَّا يَشْعُرُوْنَ ફરમાવ્યું, એટલે કે શું આ લોકો એવું સમજે છે કે અમે જે માલ અને અવલાદની અધિકતાથી તેમની મદદ કરીએ છીએ એ કંઈ તેમના માટે આખિરતના પરિણામના આધારે ભલાઈ છે ? (કદાપિ નહીં !) બલકે આ લોકો હકીકતથી બેખબર છે (કે જે માલ અને અવલાદ મનુષ્યને અલ્લાહથી ગાફેલ કરે તે તેના માટે વબાલ છે). (૨૩:૫૫-૫૬)

બીજી આયતમાં ફરમાવ્યું, فَلَا تُعْجِبْكَ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُعَذِّبَهُمْ بِهَا فِى الْحَيٰوةِ الدُّنْيَا وَتَزْهَقَ اَنْفُسُهُمْ وَهُمْ كٰفِرُوْنَ (૯:૮૫) એટલે કે, આ કાફિરોના માલ અને અવલાદથી તમે આશ્ચર્ય ન કરો, કારણ કે અલ્લાહ તઆલાનો ઈરાદો એ છે કે તેમને આ જ માલ અને સંતાનો દ્વારા દુનિયામાં અઝાબમાં સપડાવે અને પરિણામે તેમના પ્રાણ આ જ કુફ્રની હાલતમાં ચાલ્યા જાય જેનું પરિણામ આખિરતનો કાયમી અઝાબ છે, માલ અને સંતાનો દ્વારા દુનિયામાં અઝાબ આપવાનો અર્થ એ છે કે તેઓ દુનિયામાં માલ અને અવલાદના પ્રેમમાં એવા ઓતપ્રોત થઈ જાય છે કે પોતાના પરિણામ અને અલ્લાહ તથા આખિરત તરફ ક્યારેય ધ્યાન જતું જ નથી જેનું પરિણામ કાયમી અઝાબ છે અને ઘણા બધા માલ અને સંતાનોવાળાઓને આ દુનિયામાં પણ માલ અને સંતાનો માટે જ બલકે તેમના દ્વારા જ મુસીબતો અને તકલીફો ઉઠાવવી પડે છે તેમની સજા અને અઝાબ આ જ દુનિયાથી શરૂ થઈ જાય છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તમારા ચહેરાઓને અને તમારા માલને નથી જોતો તે તો તમારા દિલોને અને અમલોને જુએ છે. *(રવાહુ અહમદ, ઈબ્ને કષીર)*

اُولٰٓئِكَ لَهُمْ جَزَآءُ الضِّعْفِ بِمَا عَمِلُوْا وَهُمْ فِى الْغُرُفٰتِ اٰمِنُوْنَ આ ઈમાન અને નેક કર્મોવાળાઓની હાલત બતાવવામાં આવી છે કે અલ્લાહ સમીપ સ્વીકૃત આ જ લોકો છે, દુનિયામાં કોઈ તેમની કદર કરે અથવા ન કરે, આખિરતમાં તેમને جَزَاءِ ضِعْفٌ (જઝાએ દિઅ્ફ) મળશે. ضِعْفٌ بِكَسْرِ ضَادْ (દિઅ્ફ બ કસ્રે દુઆદ) ક્રિયાપદ છે જેનો અર્થ એક વસ્તુનું ઉદાહરણ અથવા દષ્ટાંત સ્વરૂપ થાય છે, ભાવાર્થ એ છે કે જે રીતે દુનિયામાં દોલતવાળા પોતાની દોલતને વધારવામાં લાગ્યા રહે છે અલ્લાહ તઆલા તેમના અમલોના બદલાને આખિરતમાં વધારી આપશે કે એક અમલનો બદલો તેના દશ બરાબર હશે અને એટલાથી પણ મર્યાદિત નહીં હોય બલકે તેના કર્મની નિખાલસતા અને બીજા કારણોથી એક અમલનો બદલો તેના સાતસોઘણા સુધી મળવો પણ સહીહ હદીષોથી સાબિત છે અને એમાં પણ તે મર્યાદિત નથી, તેનાથી પણ વધારે હોઈ શકે છે અને આ લોકો જન્નતના ઝરૂખાઓમાં ચેનથી હશે અને હંમેશા માટે દરેક રંજ ગમથી સુરક્ષિત રહેશે. غُرُفَاتٌ (ગુરુફાત) એ غُرْفَةٌ (ગુરફહ)નું બહુવચન છે. મકાનનો જે ભાગ

બીજા ભાગો કરતાં ઊંચો અને શ્રેષ્ઠ સમજવામાં આવે છે તેને "ગુરફહ" કહેવામાં આવે છે. *(મઝહરી)*

આયત : (સૂરએ સબા : આયત નં. ૩૯)

قُلْ اِنَّ رَبِّیْ یَبْسُطُ الرِّزْقَ لِمَنْ یَّشَآءُ مِنْ عِبَادِهٖ وَیَقْدِرُ لَهٗ ؕ وَمَآ اَنْفَقْتُمْ مِّنْ
شَیْءٍ فَهُوَ یُخْلِفُهٗ ۚ وَهُوَ خَیْرُ الرّٰزِقِیْنَ ﴿۳۹﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો ! મારો પરવરદિગાર છે જે રોજી વિસ્તારી આપે છે પોતાના બંદાઓમાંથી જેને ઇચ્છે અને માપીને આપે છે (જેને ચાહે) અને જે કોઈ વસ્તુ ખર્ચ કરો છો તે તેનો બદલો આપે છે અને તે બહેતર છે રોજી આપનારો. (૩૯)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (મો'મિનોને) એવું કહી આપો કે મારો પરવરદિગાર પોતાના બંદાઓમાંથી જેને ઇચ્છે વિશાળ રોજી આપે છે અને જેને ઇચ્છે તંગી આપે છે અને (ખર્ચમાં કાપકૂપ અથવા કંજૂસીથી રોજી વધી નથી શકતી તથા શરીઅત પ્રમાણે ખર્ચ કરવાથી ઘટી નથી શકતી એટલા માટે તમે માલથી દિલ ન લગાવો બલકે જ્યાં જ્યાં અલ્લાહ તઆલાના હકો અને પોતાની અવલાદના હકો તથા ફકીરો અને ગરીબો વગેરેમાં ખર્ચ કરવાનો હુકમ છે તે બેધડક ખર્ચ કરતા રહો કે તેમાં રોજી ઘટી જવાની અથવા નસીબમાંથી ઘટી જવાનું કોઈ નુકસાન ન થશે બલકે આખિરતમાં તેનો લાભ અવશ્ય પ્રાપ્ત થશે, કારણ કે) જે વસ્તુ તમે (અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે) ખર્ચ કરશો તો અલ્લાહ તઆલા તેનો (આખિરતમાં અવશ્ય અને દુનિયામાં પણ) બદલો આપશે અને તે બધાથી ઉત્તમ રોજી આપનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયત લગભગ આ જ શબ્દો સાથે ઉપર પસાર થઈ ચૂકી છે,

قُلْ اِنَّ رَبِّىْ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ અત્રે દેખીતી રીતે આ જ વિષય પુનરાવર્તિત સ્વરૂપે આવ્યો છે, એટલે કે આ સ્થળે مَنْ يَّشَآءُ (મય્યંશાઉ) પછી مِنْ عِبَادِهٖ (મિન ઈબાદિહી) અને يَقْدِرُ (યક્દિરુ) પછી لَهٗ (લહુ)નો વધારો છે. مِنْ عِبَادِهٖ (મિન ઈબાદિહી)ના શબ્દથી એ સમજવામાં આવે છે કે આ હુકમ પોતાના ખાસ બંદાઓ એટલે કે મો'મિનો માટે ઈરશાદ થયો છે અને તેનો હેતુ એ છે કે ઈમાનવાળાઓ માલની મહોબ્બતમાં એવા ન લાગે કે અલ્લાહ તઆલાના બતાવેલા હકો અને સ્થળોએ ખર્ચ કરવાથી દિલ તંગ થવા લાગે અને તેની પ્રથમ જે આયત આ જ વિષય સાથે આવી છે તેનું સંબોધન કાફિરો અને મુશ્રિકોને હતું જે દુનિયાના માલ અને અવલાદ ઉપર ગર્વ કરતા હતા અને તેમને પોતાની આખિરતની સફળતા બતાવતા હતા, આ જ પ્રમાણે સંબોધન અને વાતચીતના હેતુના આધારે આ પુનરાવર્તિત સ્વરૂપે આયતનું આવવું એ પુનરાવર્તન ન કહેવાય બલકે તફસીરના ખુલાસામાં શરૂ આયતની તફસીરમાં مُؤْمِنِيْنَ (મુઅ્મિનીન)નો શબ્દ વધાર્યો છે આ તે જ વિષય તરફ વધારો છે.

અમુક લોકોએ આ બંને આયતોમાં એ ફરક વર્ણન કર્યો છે કે પ્રથમ આયતમાં તો વિવિધ મનુષ્યોમાં રોજીની વહેંચણીનું વર્ણન હતું કે અલ્લાહ તઆલા પોતાની હિકમત અને દુનિયાની સુધારણાને નજર સમક્ષ રાખી કોઈને વધારે માલ તો કોઈને ઓછો માલ આપે છે અને આ આયતમાં એક જ વ્યક્તિની વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન છે કે એક જ વ્યક્તિને ક્યારેક આર્થિક છૂટછાટ અને વિશાળતા અર્પણ થાય છે તો ક્યારેક તે જ તંગી અથવા આર્થિક સંકડામણનો ભોગ બને છે. શબ્દ لَهٗ (લહુ) જે આ આયતમાં يَقْدِرُ (યક્દિરુ) પછી આવ્યો છે તેમાં આ તરફ ઈશારો નીકળે છે, આ ચર્ચા પ્રમાણે પણ આ પુનરાવર્તન કહેવાય નહીં બલકે આગલી આયત અલગ અલગ લોકો વિશે અને આ આયત એક જ વ્યક્તિની પરિસ્થિતિઓ વિશે છે.

وَمَآ اَنْفَقْتُمْ مِّنْ شَىْءٍ فَهُوَ يُخْلِفُهٗ આ આયતનો શાબ્દિક અર્થ એ છે કે તમે જે વસ્તુ પણ ખર્ચ કરો છો અલ્લાહ તઆલા પોતાના ગયૂબના ખજાનામાંથી તમને તેનો બદલો આપી દે છે, ક્યારેક દુનિયામાં અને ક્યારેક આખિરતમાં અને ક્યારેક બંનેમાં; દુનિયાની સૃષ્ટિની બધી જ વસ્તુઓમાં તેનો સાક્ષાત્કાર થાય છે કે આકાશથી પાણી વરસે છે, મનુષ્ય અને પ્રાણીઓ તેનો બેધડક ઉપયોગ કરતા રહે

છે, ખેતીઓ અને વૃક્ષોને સીંચે છે, તે પાણી સમાપ્ત નથી થતું કે તરત બીજું તેની જગ્યાએ ફરી વરસાવવામાં આવે છે. આ જ પ્રમાણે જમીનમાંથી કૂવાઓ ખોદીને જે પાણી કાઢવામાં આવે છે તેને જેટલું કાઢીને વાપરવામાં આવે છે તેના સ્થળે બીજું પાણી અલ્લાહ તઆલાની કુદરત તરફથી એકઠું થઈ જાય છે, મનુષ્ય ખોરાક ખાઈને દેખીતી રીતે તેને ખતમ કરી નાંખે છે પરંતુ અલ્લાહ તઆલા તેની જગ્યાએ બીજો ખોરાક ઉપલબ્ધ કરાવી આપે છે, શરીરનું હલન ચલન અને મહેનતથી જે અવયવો અશક્ત થઈ જાય છે તેની જગ્યાએ બીજા અવયવો તેનો بَدَلُ مَايَتَحَلَّلُ (બદલો) બની જાય છે, મતલબ કે મનુષ્ય દુનિયામાં જે વસ્તુઓનો ઉપયોગ કરે છે અલ્લાહ તઆલાની સામાન્ય ટેવ છે કે તેને તેના સ્થાને એવી જ બીજી વસ્તુઓ આપી દે છે ક્યારેક કોઈને સજા આપવા માટે અથવા તો કોઈને ક્યારેક તક્વીની મસ્લિહત તેના વિરુદ્ધ હોવાથી આ બાબતો અલ્લાહના નિયમોનો નકાર કરતી નથી.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે દરરોજ જયારે લોકો સવારમાં પ્રવેશે છે તો બે ફરિશ્તાઓ આસમાનથી ઊતરે છે અને આ દુઆ કરે છે, اَللّٰهُمَّ اَعْطِ مُنْفِقًا خَلَفًا وَاَعْطِ مُمْسِكًا تَلَفًا યા અલ્લાહ ! ખર્ચ કરનારાઓને તેનો બદલો આપ અને કંજૂસી કરનારનો માલ બરબાદ કરી આપ અને એક બીજી હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મને હુકમ કર્યો છે કે તમે લોકો ઉપર ખર્ચ કરો હું તમારા ઉપર ખર્ચ કરીશ.

જે ખર્ચ શરીઅત પ્રમાણે ન હોય તેના બદલાનો વાયદો નથી :

હઝરત જાબિર (રદિ.)ની હદીષ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે નેક કામ સદકહ છે અને કોઈ વ્યક્તિ જે પોતાની જાત અથવા પોતાના સંતાનો ઉપર ખર્ચ કરે છે તે પણ સદકહના હુકમમાં છે અને સવાબનું કારણ છે અને જે વ્યક્તિ કંઈ ખર્ચ કરીને પોતાની આબરૂ બચાવે તે પણ સદકહ છે અને જે વ્યક્તિ અલ્લાહના હુકમ પ્રમાણે કંઈ ખર્ચ કરે છે તો અલ્લાહ તઆલાએ પોતાના માથે લીધું છે કે તેને તેનો બદલો આપી દેશે પરંતુ તે ખર્ચ જે વ્યર્થ અને વધારાનો (જરૂરત વગરના) બાંધકામમાં અથવા કોઈ ગુનાહના કામમાં કર્યો હોય તેના બદલાનો વાયદો નથી.

હઝરત જાબીર (રદિ.)ના શાગિર્દ હઝરત ઈબ્નલ મુકંદિરે આ હદીષ સાંભળીને તેમને એ પૂછ્યું કે આબરૂ બચાવવા માટેના ખર્ચનો શું અર્થ છે ? તેમણે કહ્યું કે જે વ્યક્તિ વિશે આ ધારણા હોય કે તે આપશે નહીં તો તે વાંક શોધશે, બુરૂં કહેતો ફરશે અથવા ટીકા ટિપ્પણી કરતો રહેશે, તેણે પોતાની આબરૂ બચાવવા માટે આપવાનો ભાવાર્થ છે. *(રવાહુ દાર કતની, કુર્તુબી)*

જે વસ્તુનો ઉપયોગ ઘટી જાય છે તેનું ઉત્પાદન પણ ઘટી જાય છે :

આ આયતના ઈશારાથી એ પણ જાણ થઈ કે અલ્લાહ તઆલાએ જે વસ્તુઓ માત્ર મનુષ્ય અને પ્રાણીઓ માટે પેદા કરી છે જ્યાં સુધી તેનો ખર્ચ થતો રહે છે તેનો બદલો અલ્લાહ તરફથી પેદા થતો રહે છે, જે વસ્તુનો ખર્ચ વધારે થાય છે અલ્લાહ તઆલા તેનું ઉત્પાદન પણ વધારી આપે છે. પ્રાણીઓમાં બકરા અને ગાય સૌથી વધારે ખર્ચ થાય છે, તેને ઝબહ કરીને તેનું માંસ આરોગવામાં આવે છે અને શરઈ કુરબાનીઓ તથા કફ્ફારાઓમાં તથા અકીકહ વગેરેમાં તેને ઝબહ કરવામાં આવે છે, તે જેટલા વધારે કામ આવે છે અલ્લાહ તઆલા એટલું જ તેનું ઉત્પાદન વધારી આપે છે જેનો દરેક સ્થળે સાક્ષાત્કાર થાય છે કે બકરીઓની સંખ્યા દરેક સમયે છરીની નીચે રહેવા છતાં દુનિયામાં વધારે છે. કૂતરાં, બિલાડીઓની સંખ્યા એટલા પ્રમાણમાં નથી, જ્યારે કૂતરાં બિલાડીની જાતી દેખીતી રીતે વધારે હોવી જોઈએ કે તે એક જ વખતના ગર્ભમાં ચાર પાંચ બચ્ચાં પેદા કરે છે, ગાય બકરી વધારેથી વધારે બે બચ્ચાં આપે છે, ગાય બકરી દરેક સમયે ઝબહ થતા રહે છે, કૂતરાં બિલાડાંને કોઈ હાથ નથી લગાવતું પરંતુ ફરી આ સાક્ષાત્કાર ઈન્કાર ન કરી શકાય એવી બાબત છે કે દુનિયામાં ગાય બકરીઓની સંખ્યા કૂતરાં બિલાડાં કરતાં વધારે છે. જ્યારથી હિન્દુસ્તાનમાં ગાયના ઝબહ કરવા ઉપર પ્રતિબંધ લાડવામાં આવ્યો છે તે વખતથી ભારતમાં ગાયનું ઉત્પાદન એ જ પ્રમાણમાં ઘટી ગયું છે નહિતર દરેક વસ્તી દરેક ઘર ગાયોથી ભરેલું રહેવું જોઈએ કે તે ઝબહ ન થવાના કારણે બચેલી રહે છે પરંતુ એવું થતું નથી.

અરબોએ જ્યારથી સવારી અને ભારવહન માટે ઊંટોથી કામ લેવાનું ઓછું કરી દીધું ત્યાં ઊંટોનું ઉત્પાદન પણ ઘટી ગયું, તેનાથી તે નાસ્તિકોની

શંકાનો રદિયો થઈ ગયો જે કુર્બાનીના હુકમના મુકાબલામાં આર્થિક અને ધંધાકીય તંગીનો ભય રજુ કર્યા કરે છે.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૪૦-૪૧-૪૨)

وَيَوْمَ يَحْشُرُهُمْ جَمِيعًا ثُمَّ يَقُولُ لِلْمَلَٰٓئِكَةِ أَهَٰٓؤُلَآءِ إِيَّاكُمْ كَانُوا۟ يَعْبُدُونَ ﴿٤٠﴾
قَالُوا۟ سُبْحَٰنَكَ أَنتَ وَلِيُّنَا مِن دُونِهِم ۖ بَلْ كَانُوا۟ يَعْبُدُونَ ٱلْجِنَّ ۖ
أَكْثَرُهُم بِهِم مُّؤْمِنُونَ ﴿٤١﴾ فَٱلْيَوْمَ لَا يَمْلِكُ بَعْضُكُمْ لِبَعْضٍ نَّفْعًا وَلَا ضَرًّا
وَنَقُولُ لِلَّذِينَ ظَلَمُوا۟ ذُوقُوا۟ عَذَابَ ٱلنَّارِ ٱلَّتِى كُنتُم بِهَا تُكَذِّبُونَ ﴿٤٢﴾

તરજુમો :

અને જે દિવસે તે સૌને એકઠા કરશે પછી ફરિશ્તાઓને કહેશે, શું આ લોકો તમારી પૂજા કરતા હતા ? (૪૦) તેઓ કહેશે, પવિત્ર છે તારી જાત, અમે તારા પક્ષે છીએ તેમના પક્ષે નથી, બલકે જિન્નાતોને પૂજતા હતા, તેઓ મોટા ભાગે તેમના ઉપર જ યકીન રાખતા હતા. (૪૧) બસ આજે તમે એકબીજાની ભલાઈના માલિક નથી, ન જ બુરાઈના; અને અમે તે ગુનેહગારોને કહીશું, તે આગની પીડા ચાખો જેને તમે જૂઠી બતાવતા હતા. (૪૨)

તફસીર :

અને (તે દિવસ વર્ણનપાત્ર છે) જે દિવસે અલ્લાહ તઆલા તે સૌને (કયામતના મેદાનમાં) એકઠા કરશે, પછી ફરિશ્તાઓને કહેશે, શું આ લોકો તમારી ઈબાદત કર્યા કરતા હતા ? (ફરિશ્તાઓને આ પ્રશ્ન મુશ્રિકોને નિરુત્તર બનાવવા માટે હશે જેઓ ફરિશ્તાઓની અને ફરિશ્તાઓ સિવાય અન્ય વસ્તુઓની પૂજા કર્યા કરતા હતા કે તેઓ રાજી થઈને અમારી સિફારસ કરશે જેમકે એક આયતમાં આ જ પ્રમાણેનો પ્રશ્ન હઝરત ઈસા અલૈ.ને કરવામાં આવ્યો છે, ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ સવાલનો હેતુ આ છે કે શું તમારી ખુશીથી તેઓ તમારી ઈબાદત કર્યા કરતા હતા ? વળી જવાબમાં પણ એ જ ઈશારો છે જેમકે જવાબના

તરજુમાથી જાહેર થશે) તેઓ (પ્રથમ અલ્લાહ તઆલાનું ભાગીદારીથી ઉપરવટ અને પવિત્ર હોવું જાહેર કરવા માટે) વિનંતી કરશે કે તું (ભાગીદારીથી) પવિત્ર છે (આ જવાબ આપતાં પહેલાં એટલા માટે કહેવામાં આવ્યું કે તેમના તરફ જે ભાગીદારીના સંબંધની વાત કરવામાં આવી છે તેનાથી ગભરાઈને પ્રથમ આવી વિનંતી કરશે, પછી આગળ આ પ્રશ્નનો ઉત્તર આપશે કે) અમારો તો (માત્ર) તારી સાથે સંબંધ છે ન કે તેમની સાથે (તેનાથી ખુશી અને હુકમ બંનેનો નકાર થશે એટલે કે ન તો અમે તેમને કહ્યું અને ન જ અમે તેમની પ્રવૃત્તિથી રાજી થયા, અમે તો તારા આજ્ઞાપાલક છીએ, જે વસ્તુ તને નાપસંદ છે દાખલા તરીકે શિર્ક વગેરે તેનાથી અમે પણ નાખુશ છીએ, જ્યારે આ શિર્કમાં ન તો અમારો કોઈ હુકમ છે અને ન જ અમારી કોઈ ખુશી; વાસ્તવમાં તેઓ અમારી ઈબાદત કરતા ન હતા) બલકે આ લોકો શયતાનોની પૂજા કરતા હતા (કારણ કે શયતાનો જ તેનું પ્રોત્સાહન આપતા હતા અને તેમનાથી તેઓ રાજી પણ હતા એટલા માટે તે જ તેમના મઅ્બૂદ થયા, કારણ કે ઈબાદત સંપૂર્ણ આજ્ઞાપાલકના તા'બે થવાનું નામ છે કે તેની આગળ કોઈની આજ્ઞા ન માને, એ જ પ્રમાણે આવી સંપૂર્ણ આજ્ઞાનું પાલન કરવું ઈબાદતનો તકાદો છે, બસ જ્યારે અમારા તરફથી ખુશી અથવા હુકમની કોઈ બાબત નથી તો તે અમારું આજ્ઞાપાલન ન થયું અને જ્યારે શયતાનોનું સંપૂર્ણ આજ્ઞાપાલન કર્યું તો વાસ્તવમાં ઈબાદત પણ તેમની જ કરી ભલે લોકો તેમનું નામ કંઈપણ રાખી લે, ફરિશ્તાઓની ઈબાદત કહે અથવા મૂર્તિઓની પૂજા પરંતુ વાસ્તવમાં તે શયતાનોની જ ઈબાદત છે જેમકે પ્રસ્તુત ચર્ચાથી આ લોકોનું શયતાનના પૂજારી હોવું જરૂરી ઠર્યું, એ જ પ્રમાણે તેમનામાંના ઘણા ખરા લોકો વાસ્તવમાં પણ) તેઓ (શયતાનો)ના જ ઉપર યકીન ધરાવનાર હતા (એટલે કે ઈરાદાપૂર્વક પણ ઘણા બધા લોકો તેમને પૂજતા હતા જેમકે સુરએ જિન્નની આયતમાં છે, وَاَنَّهٗ كَانَ رِجَالٌ مِّنَ الْاِنْسِ يَعُوْذُوْنَ بِرِجَالٍ مِّنَ الْجِنِّ વગેરે (وَغَيْرُ ذٰلِكَ مِنَ الْاٰيَاتِ) બસ, (કાફિરોને કહેવામાં આવશે કે જેનાથી તમે આશા રાખતા હતા) આજે (પોતે તેમની આ લેવાદેવા ન હોવાની વાતથી પણ અને તેમની લાચારી અને અશક્તિથી પણ તમારી ધારણા વિરુદ્ધની આ પરિસ્થિતિ જાહેર થઈ કે) તમારા (બધા જ એટલે કે પૂજકો અને પૂજ્યો)માંથી ન તો કોઈને લાભ પહોંચાડવાનો અધિકાર ધરાવે છે અને ન જ નુકસાન પહોંચાડવાનો

(મતલબ તો એ છે કે આ પૂજ્યો તમને લાભ પહોંચાડી શકતા નથી પરંતુ વધારે સ્પષ્ટ કરવા માટે તેને بَعْضُكُمْ لِبَعْضٍ થી ઓળખાવવામાં આવ્યું જેથી આ શબ્દપ્રયોગથી બંનેનું સરખું હોવું સાબિત થઈ જાય કે જેવી રીતે તમે પૂજકો લાચાર છે એવી જ રીતે આ પૂજ્યો પણ લાચાર છે) અને (તે સમયે) અમે જાલિમો (એટલે કે કાફિરો)ને કહીશું કે જે દોઝખના અઝાબને તમે જૂઠાડ્યા કરતા હતા (હવે) તેની મજા ચાખો.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૪૩ થી ૫૦)

وَإِذَا تُتْلَىٰ عَلَيْهِمْ آيَاتُنَا بَيِّنَاتٍ قَالُوا مَا هَٰذَا إِلَّا رَجُلٌ يُرِيدُ أَنْ يَصُدَّكُمْ عَمَّا
كَانَ يَعْبُدُ آبَاؤُكُمْ ۚ وَقَالُوا مَا هَٰذَا إِلَّا إِفْكٌ مُفْتَرًى ۚ وَقَالَ الَّذِينَ كَفَرُوا
لِلْحَقِّ لَمَّا جَاءَهُمْ إِنْ هَٰذَا إِلَّا سِحْرٌ مُبِينٌ ﴿٤٣﴾ وَمَا آتَيْنَاهُمْ مِنْ كُتُبٍ يَدْرُسُونَهَا
وَمَا أَرْسَلْنَا إِلَيْهِمْ قَبْلَكَ مِنْ نَذِيرٍ ﴿٤٤﴾ وَكَذَّبَ الَّذِينَ مِنْ قَبْلِهِمْ وَمَا
بَلَغُوا مِعْشَارَ مَا آتَيْنَاهُمْ فَكَذَّبُوا رُسُلِي ۖ فَكَيْفَ كَانَ نَكِيرِ ﴿٤٥﴾ قُلْ إِنَّمَا أَعِظُكُمْ
بِوَاحِدَةٍ ۖ أَنْ تَقُومُوا لِلَّهِ مَثْنَىٰ وَفُرَادَىٰ ثُمَّ تَتَفَكَّرُوا ۚ مَا بِصَاحِبِكُمْ مِنْ
جِنَّةٍ ۚ إِنْ هُوَ إِلَّا نَذِيرٌ لَكُمْ بَيْنَ يَدَيْ عَذَابٍ شَدِيدٍ ﴿٤٦﴾ قُلْ مَا سَأَلْتُكُمْ
مِنْ أَجْرٍ فَهُوَ لَكُمْ ۖ إِنْ أَجْرِيَ إِلَّا عَلَى اللَّهِ ۖ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ شَهِيدٌ ﴿٤٧﴾ قُلْ
إِنَّ رَبِّي يَقْذِفُ بِالْحَقِّ عَلَّامُ الْغُيُوبِ ﴿٤٨﴾ قُلْ جَاءَ الْحَقُّ وَمَا يُبْدِئُ الْبَاطِلُ
وَمَا يُعِيدُ ﴿٤٩﴾ قُلْ إِنْ ضَلَلْتُ فَإِنَّمَا أَضِلُّ عَلَىٰ نَفْسِي ۖ وَإِنِ اهْتَدَيْتُ فَبِمَا
يُوحِي إِلَيَّ رَبِّي ۚ إِنَّهُ سَمِيعٌ قَرِيبٌ ﴿٥٠﴾

તરજુમો :

અને જ્યારે તેમની પાસે અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે (ત્યારે) કહે,

બીજું કંઈ નથી પરંતુ આ એક પુરુષ છે જે ઈચ્છે છે કે તમને અટકાવી દે તેનાથી જેમને તમારા બાપ દાદા પૂજતા રહ્યા અને કહે, બીજું કંઈ નથી આ જૂઠાણું છે ઘડી કાઢેલું, અને કાફિર સત્ય વાત વિશે કહે છે જ્યારે તે તેમના સુધી પહોંચે, બીજું કંઈ નથી આ એક ઉઘાડો જાદૂ છે. (૪૩) અને અમે તેમને કંઈ કિતાબો આપી નથી કે જેને તેઓ પઢે છે અને તેમની પાસે તમારા પહેલાં કોઈ ડરાવનાર મોકલ્યો નથી. (૪૪) અને તેમનાથી આગલાઓએ જૂઠાડયા છે અને આ તેના દશમાં ભાગે પણ નથી પહોંચ્યા જે અમે તેમને આપ્યું હતું, પછી તેમણે મારા મોકલેલાઓને જૂઠાડયા તો કેવો થયો મારો ઈન્કાર(નો અંજામ) ! (૪૫) તમે કહો ! હું તો તમને એક જ નસીહત કરું છું કે અલ્લાહના નામ ઉપર ઊભા થઈ જાઓ, બે બે, એક એક, પછી ચિંતન કરો કે આ તમારા મિત્રને કંઈ ચિત્તભ્રમ નથી, આ તો તમને એક મોટી આફત આવવાથી ડરાવનાર છે. (૪૬) તમે કહો જો મેં તમારાથી કોઈ બદલો માંગ્યો હોય બસ તે તમે જ રાખો, મારો બદલો તે જ અલ્લાહ ઉપર છે અને તેની સામે દરેક વસ્તુ (હાજર) છે. (૪૭) તમે કહો, મારો પરવરદિગાર સાચા દીનને થોપી રહ્યો છે અને તે ગુપ્ત વસ્તુઓને જાણે છે. (૪૮) તમે કહો, દીન સત્ય છે અને જૂઠાણું ન તો કોઈ વસ્તુને પેદા કરે છે અને ન જ પાછું લાવે છે. (૪૯) તમે કહો, જો હું માર્ગ ભટકેલ હોય તો પોતાના જ નુકસાન માટે માર્ગ ભટક્યો હોઈશ અને જો સીધા માર્ગ ઉપર છું તો એ કારણે કે મને મારો પરવરદિગાર વહી મોકલે છે, બેશક તે સઘળું સાંભળે છે ખૂબ નિકટ છે. (૫૦)

તફસીર :

અને જ્યારે આ લોકો સામે અમારી આયતો જે (સત્ય અને માર્ગદર્શક હોવાના લક્ષણમાં) સ્પષ્ટ ચોખ્ખે ચોખ્ખી પઢવામાં આવે છે તો આ લોકો (પઢનાર એટલે કે નબીએ કરીમ ﷺ વિશે) કહે છે કે (નઊઝુબિલ્લાહ !) આ માત્ર એક એવો વ્યક્તિ છે જે એવું ઈચ્છે છે કે તમને તે વસ્તુઓ(ની પૂજા)થી અટકાવી રાખે જેને (પ્રાચીન સમયથી) તમારા વડીલો પૂજતા (આવી રહ્યા) હતા (અને તેમને અટકાવી રાખીને પોતાના તા'બે કરવા ઈચ્છે છે, મતલબ કે તે દુર્ભાગીઓ એવું કહેતા હતા કે આ નબી નથી અને તેમનું આમંત્રણ આપવું

અલ્લાહ તઆલા તરફથી નથી, બલકે તેમાં તેમનો વ્યક્તિગત સ્વાર્થ પોતાની રાજ્યસત્તા વગેરેનો છે) અને (કુર્આન વિશે) કહે છે કે (નઊઝુબિલ્લાહ !) આ માત્ર એક ઘડી કાઢેલ જૂઠાણું છે (એટલે કે અલ્લાહ તરફ તેનો સંબંધ જોડવો માત્ર ઘડી કાઢેલ વાત છે) અને આ કાફિરો તે સત્ય હુકમ (એટલે કે કુર્આન) વિશે જ્યારે કે તે તેમની પાસે પહોંચ્યું (આ વાંધાના જવાબ માટે કે જો આ ઘડી કાઢેલ જૂઠાણું છે તો પછી ઘણા બધા બુદ્ધિશાળીઓ તેનું અનુસરણ કેમ કરે છે અને આ આટલું અસરકારક કેમ છે ?) એવું કહે છે કે આ માત્ર એક ખુલ્લો જાદૂ છે (બસ તેને સાંભળીને લોકોની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે અને તેઓ તેના ઉપર ફિદા થઈ જાય છે) અને (તેમણે તો કુર્આનની અને નબીની ઘણી કદર કરવી જોઈતી હતી, કારણ કે તેમના માટે તો આ માત્ર માંગણી વિનાની નેઅ્મતો હતી એ કારણે કે) અમે (આ કુર્આનથી પહેલાં) તેમને (ક્યારેય આસમાની) કિતાબો આપી ન હતી કે તેમને પઢતા પઢાવતા હોય (જેમકે બની ઈસ્રાઈલ પાસે કિતાબો હતી, આમ આ કાફિરોના હકમાં તો કુર્આન બિલકુલ નવી વસ્તુ હતી એટલા માટે તેમણે તેની કદર કરવી જોઈતી હતી) અને (એ જ પ્રમાણે) અમે તમારાથી પહેલાં તેમની પાસે કોઈ ડરાવનાર (એટલે કે પયગમ્બર) મોકલ્યો ન હતો (તો તેમના હકમાં નબી પણ એક નવી દોલત હતી તેથી તેમની પણ કદર કરવી જોઈતી હતી, ખાસ કરીને જ્યારે કે નવી નેઅ્મતો હોવા છતાં પોતે તેમની ઇચ્છા પણ હતી કે તેમની પાસે કોઈ નબી આવે તો તેઓ તેમનું અનુસરણ કરે, જેમકે આ આયતમાં છે وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ لَئِنْ جَآءَهُمْ نَذِيْرٌ لَّيَكُوْنُنَّ اَهْدٰى مِنْ اِحْدَى الْاُمَمِ પરંતુ આ લોકોએ તો પણ કદર ન કરી જેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે., فَلَمَّا جَآءَهُمْ نَذِيْرٌ مَّا زَادَهُمْ اِلَّا نُفُوْرًا.... બલકે તેમને જૂઠાડયા) અને (આ લોકો જૂઠાડીને નચિંત થઈને ન બેસે, કારણ કે જૂઠાડવાનો વબાલ ઘણો કઠોર છે એટલા માટે) તેમનાથી અગાઉ જે (કાફિર) લોકો હતા તેમણે (પણ અંબિયા અલૈ. અને તેમની વહીને) જૂઠાડયા હતા અને આ (અરબના મુશ્રિકો) તો તે સામાન કે જે અમે તેમને આપી રાખ્યો હતો તેના દશમાં ભાગે પણ નથી પહોંચ્યા (એટલે કે તેમના જેવી તાકાત, તેમના જેવી ઉંમર, તેમના જેવી આર્થિક છૂટછાટ તેમને નથી મળી કે જે ગર્વનું કારણ હોય છે, જેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે, كَانُوْٓا اَشَدَّ مِنْكُمْ قُوَّةً وَّاَكْثَرَ اَمْوَالًا وَّاَوْلَادًا) બસ તેમણે મારા રસૂલને જૂઠાડયા, બસ (જુઓ)

મારો (તેમના ઉપર) કેવો અઝાબ થયો (બસ આ બીચારા તો શું વસ્તુ છે કે તેમની પાસે તો એટલો સામાન પણ નથી, જ્યારે આ પ્રમાણેની આર્થિક છૂટછાટ અને દોલત પણ પેલા લોકોના કામ ન આવી તો આ લોકો કયા ધોકામાં છે ? વળી જ્યારે તેમની પાસે સામાન પણ ઓછો છે જે અભિમાનનું કારણ બનતું હોય છે તો તેમનો ગુનોહ પણ સખત છે, પછી આ લોકો કેવી રીતે બચી જશે ? આટલે સુધી નુબુવ્વતના ઈન્કાર ઉપર કાફિરોને ધમકી આપીને આગળ તેમને નુબુવ્વતના સમર્થનનો એક તરીકો બતાવે છે કે હે મુહમ્મદ ﷺ !) તમે (તેમને) એવું કહો કે હું તો માત્ર એક (ટૂંકી) વાત સમજાવવા આવ્યો છું, (તેનાથી સ્પષ્ટ થઈ જશે, બસ તેને કરી લો) તે એ જ કે તમે (માત્ર) અલ્લાહ માટે (કે તેમાં પોતાનો કોઈ વ્યક્તિગત સ્વાર્થ કે પૂર્વગ્રહ ન હોય) ઊભા (એટલે કે તૈયાર) થઈ જાઓ (કોઈ તક ઉપર) બે બે અને (કોઈ તકે) એક એક (એટલે કે હેતુ ચિંતન અને મનનનો છે જેમકે આગળ આવે છે અને આ ચિંતનનો કાયદો છે કે અમુક સમયે અને અમુક સ્વભાવની પ્રકૃતિના આધારે બે વ્યક્તિના મળવાથી દરેક વ્યક્તિના ચિંતનને બીજા વ્યક્તિના ચિંતનથી મજબૂતી પ્રદાન થાય છે અને અમુક સમયે અમુક સ્વભાવની પ્રકૃતિના આધારે એકલા એકલા ચિંતન કરવામાં ઢીલાશ આવતી હોય છે અને ઘણી મોટી સભામાં મોટે ભાગે આ ચિંતનનું તત્ત્વ ઓગળી જતું હોય છે એટલા માટે આ એક એક અને બે બે ઉપર બસ કરવામાં આવ્યું, મતલબ કે એ રીતે તૈયાર થઈ જાઓ) પછી (ખૂબ) વિચારો (કે જે દા'વો હું કરું છું, દાખલા તરીકે આ કુર્આનનું કોઈ સમકક્ષ ઉદાહરણ નથી, જેમકે કેટલીય મક્કી સૂરતોમાં આ વિષય આવ્યો છે. આવો દા'વો માત્ર બે જ વ્યક્તિઓ કરી શકે છે, યા તો તે જેની માનસિક સ્થિરતામાં ખલેલ પડયો હોય કે તેને પરિણામની ખબર નથી અને અથવા તો તે કે જે નબી હોય જેને પોતાના દા'વા ઉપર સંપૂર્ણ ભરોસો અને અલ્લાહ તરફથી સત્ય હોવાનું યકીન હોય, નહિતર જો નબી ન હોય અને માનસિક રીતે સ્વસ્થ પણ હોય તો તે આવા દા'વાના કારણે અપમાનજનક પરિસ્થિતિથી ડરશે કે જો તેનું ઉદાહરણ બનાવી લાવશે તો મારું શું રહી જશે ? આ ઉપસ્થિત રદિયા પછી સમગ્ર પરિસ્થિતિઓ ઉપર વિચાર કરીને એવું ચિંતન કરો કે ભલા ! મારી માનસિક સ્થિતિ ઠીક છે અથવા નહીં ? બસ આ બાબત સાક્ષી સાથે જાણ થઈ જશે) કે તમારા આ મિત્રને (કે જે દરેક સમયે તમારી સામે રહે છે

અને જેની બધી જ પરિસ્થિતિ તમે નજરે નિહાળ્યા કરો છો એટલે કે તેમને) દીવાનગી નથી (જ્યારે વાસ્તવિકતાની બે પરિસ્થિતિઓમાંથી એક પરિસ્થિતિનો રદિયો થઈ ગયો તો બીજી બાબત નિશ્ચિત થઈ જશે) તે (તમારો મિત્ર પયગમ્બર છે અને પયગમ્બરની હેસિયતથી) તમને એક સખત અઝાબ આવતાં પહેલાં ડરાવનારો છે (બસ આ રીતે નુબુવ્વતની સાબિતી અને તેની ખરાઈ ઘણી સરળ છે અને બીજા સ્થળે પણ લગભગ આ જ પ્રમાણેનો વિષય છે, كَمَا قَالَ اَمْ لَمْ يَعْرِفُوْا رَسُوْلَهُمْ.... હવે આગળ નુબુવ્વતની સાબિતી પછી કાફિરોની આ શંકાનો જવાબ છે કે તેઓ શંકા કરતા હતા કે આ રસૂલ નથી, માત્ર પોતાની સત્તા અને રાજ્યશાસન સ્થાપવા ઈચ્છે છે, કહેવામાં આવે છે કે મુહમ્મદ ﷺ) તમે (એ પણ) કહી આપો કે હું તમારી પાસેથી (આ પ્રચારના બદલામાં) કોઈ વળતર માંગતો હોય તો તે તમારી જ પાસે રાખો (એટલે કે તમે પોતાની જ પાસે રાખો, આ એક નકારાત્મક કહેવત છે) મારું વળતર તો બસ (અલ્લાહની કૃપાના વાયદા પ્રમાણે) અલ્લાહના જ જિમ્મે છે અને તે જ દરેક વસ્તુની જાણકારી રાખનાર છે (બસ તે પોતે જ મારી પરિસ્થિતિ પ્રમાણે મને બદલો આપશે, વળતરમાં માલ, હોદ્દો અને સત્તા બધું જ સામેલ છે, મતલબ એ કે હું તમારી પાસેથી કોઈ લાભની માંગણી નથી કરતો જેમાં રાજ્યસત્તાનો પણ સમાવેશ થઈ ગયો અથવા રહી એ વાત કે હું લોકોની પરિસ્થિતિઓ અને વ્યવહારોની સુધારણા કરું છું, ગુનેહગારોને સજા આપું છું, પરસ્પરના વિવાદોમાં ન્યાયથી ફેંસલો કરું છું તો આ બાબત શંકાનું કારણ એટલા માટે નથી હોઈ શકતું કે તેમાં મારો કોઈ સ્વાર્થ નથી એટલા માટે આપ ﷺની સામાજિક અને આર્થિક પરિસ્થિતિથી સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે તે વસ્તુઓથી કોઈ વ્યક્તિગત લાભ ક્યારેય પ્રાપ્ત કર્યો નથી બલકે તેમાં તે કોમનો જ લાભ હતો કે તેમના પ્રાણ, માલ, આબરૂ સુરક્ષિત રહેતું હતું. બાપ જે પ્રમાણે પોતાના નાના બાળકોનું રક્ષણ અને તેમની કેળવણી માત્ર ભલાઈ માટે જ કરે છે તેને સ્વાર્થ અથવા રાજ્યસત્તાથી કોઈ સંબંધ નથી હોતો, જ્યારે નુબુવ્વત પણ સાબિત થઈ ચૂકી અને બધી શંકાઓ પણ નિર્મૂળ થઈ ગઈ તો તેની શંકાઓના રદિયાને તેની સાબિતીઓથી અગ્રક્રમે રાખીને કહેવામાં આવે છે કે હે મુહમ્મદ ﷺ!) તમે કહી આપો કે મારો પરવરદિગાર સત્ય વાતને (એટલે કે ઈમાન અને ઈમાનની સાબિતીઓને કુફ્ર ઉપર) વર્ચસ્વ આપી રહ્યો છે (સંવાદ

અને બહષથી પણ જેમકે હમણા જોયું; અને યુદ્ધનો તથા વિજયનો પણ સામાન જલદી જ કરનારો છે, મતલબ કે દરેક બાજુ સત્યનું વર્ચસ્વ છે અને) તે સમગ્ર ગયૂબની વાતો જાણનાર છે (તેને પહેલેથી જ ખબર હતી કે સત્ય ગાલિબ થશે, અન્યોને તો હવે તે સ્થિતિ આવ્યા પછી જાણ થઈ, એ જ પ્રમાણે તેને ખબર છે કે ભવિષ્યમાં વર્ચસ્વ સ્થપાશે એટલા માટે મક્કા વિજયમાં રસૂલે કરીમ ﷺનું આ આગલી આયતનું પઢવું, –કમા રવાહુ ઈબ્ને કષીર અન શૈખેન –વગેરે પ્રમાણે એ બાબતનો ઈશારો છે કે આ વિષયમાં જે વિજયની ખબર આપવામાં આવી છે તેમાં તલવાર દ્વારા વિજય પ્રાપ્ત કરવો પણ સામેલ છે. આગળ આ જ વિષયની વધારે સ્પષ્ટતા માટે કહેવામાં આવ્યું છે કે હે મુહમ્મદ ﷺ !) તમે કહી આપો કે (દીનનું) સત્ય આવી ગયું અને બાતિલ (જૂઠા ધર્મોનું જૂઠ) કોઈ કામનું ન રહ્યું (એટલે કે માત્ર નકામું બનીને રહી ગયું, તેનો એ અર્થ નથી કે બાતિલના અનુયાયીઓને ક્યારેય દબદબો કે શકિત પ્રાપ્ત ન થશે, બલકે તેનો અર્થ એ છે કે જેવી રીતે આ સત્ય દીનને આવતાં પહેલાં ક્યારેક બાતિલ ઉપર સત્ય હોવાની શંકા થઈ જતી હતી, હવે બાતિલ આ સિફતની હેસિયતથી બિલકુલ નેસ્તો નાબૂદ થઈ ગયું, એટલે કે તેનું બાતિલ અને જૂઠાણું હોવું સારી પેઠે જાહેર થઈ ગયું અને હંમેશા કયામતના નિકટ સુધી આ જ રીતે જાહેર રહેશે, આગળ સત્ય વાતની સાબિતી વિશેષરૂપે સ્પષ્ટ થઈ ગયાં પછી છુટકારો દીને હકના અનુસરણમાં અવલંબિત હોવાનું વર્ણન થયું છે કે હે મુહમ્મદ ﷺ !) તમે (આ પણ) કહી આપો કે (જ્યારે આ દીનનું સત્ય હોવું સાબિત થઈ ગયું તો તેનાથી એ પણ જરૂરી બની ગયું કે) જો (ધારો કે) હું (આ સત્યને છોડીને) ગુમરાહ થઈ જાઉં તો મારી ગુમરાહી મારા ઉપર જ વબાલ બનશે (અન્યોની શું જરૂર છે ?) અને જો હું (આ સત્યનું અનુસરણ કરીને) સીધા માર્ગ ઉપર રહું તો આ તે કુર્આનના કારણે (અને સત્ય દીનના કારણે) છે જેને મારો પરવરદિગાર મારી પાસે મોકલી રહ્યો છે (અસલ હેતુ જેને સંબોધન કરવામાં આવે છે તે શ્રોતાઓને સંભળાવવાનો છે કે સાબિતી હોવા છતાં જો તમે સત્યનું અનુસરણ ન કર્યું તો તમે ભોગવજો, મારું શું બગડવાનું છે ? અને જો માર્ગ ઉપર આવી ગયા તો આ તે જ સત્ય દીનના કારણે હશે, બસ તમારે સીધા માર્ગ ઉપર આવવા માટે આ દીનને અપનાવવો જોઈએ અને માર્ગથી ભટકવું અથવા તો માર્ગ ઉપર આવવું એ ખાલી જશે નહીં કે તેમાં

નચિંત થઈ જવાની કોઈ સંભાવના હોય બલકે દરેકની પરિસ્થિતિ અલ્લાહને ખબર છે, કારણ કે) તે સઘળું કંઈ સાંભળનાર (છે અને) ઘણો નિકટ છે (તે દરેકને તેના યોગ્ય બદલો આપશે).

મસ્અલા અને બોધપાઠ :

وَمَا بَلَغُوا مِعْشَارَ مَآ اٰتَيْنٰهُمْ માં શબ્દ مِعْشَارَ (મિઅ્શાર) અમુકે عُشُر (ઉશ્ર)ના અર્થમાં કહ્યો છે. એટલે કે, "દશમો ભાગ" અને અમુક વિદ્વાનોએ عُشُرُ الْعُشُر (ઉશ્રુલ ઉશ્ર) એટલે કે, "સોમો ભાગ" અને અમુકે عُشُرُ الْعَشِير (ઉશ્રુલ અશીર) એટલે કે "હજારમો ભાગ"ને مِعْشَارَ (મિઅ્શાર) કહ્યું છે અને દેખીતું છે કે આ શબ્દમાં "ઉશ્ર" કરતાં અતિશયોકિત છે. આયતનો અર્થ એ છે કે આ દુનિયાની આર્થિક છૂટછાટ અને દોલત, સત્તા, લાંબી ઉંમર, તંદુરસ્તી, શકિત વગેરે જે પાછલી ઉમ્મતોને આપવામાં આવી હતી મક્કાવાળાઓને તેના દશમાં ભાગ બલકે હજારમાં ભાગ જેટલું પણ પ્રાપ્ત થયું નથી એટલા માટે તેમણે આ પાછલી ઉમ્મતોની પરિસ્થિતિઓ અને ખરાબ પરિણામોથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ કે તે લોકો રસૂલોને જૂઠાડીને અલ્લાહ તઆલાના અઝાબમાં સપડાઈ ગયા અને તે અઝાબ આવ્યો ત્યારે તેમની શકિત અને બહાદુરી, માલ અને દોલત, તેમના સુરક્ષિત કિલ્લાઓ, કશું જ કામ ન લાગ્યું.

મક્કાના કાફિરોને આમંત્રણ :

اِنَّمَآ اَعِظُكُمْ بِوَاحِدَةٍ તેમાં મક્કાના કાફિરો ઉપર દલીલ પૂર્ણ કરવા માટે તેમને સત્યની તહકીક માટે એક ટૂંકો માર્ગ બતાવવામાં આવ્યો છે કે માત્ર એક કામ કરી લો કે અલ્લાહ માટે ઊભા થઈ જાઓ બે બે અને એક એક ! અલ્લાહ તઆલા માટે ઊભા થવાનો ભાવાર્થ શારીરિક રીતે ઊભા થવાનો નથી બલકે તેનો ભાવાર્થ રૂઢિપ્રયોગ પ્રમાણે કાર્યની સંપૂર્ણ કાળજી રાખવાનો છે અને અહીંયાં قِيَام (કિયામ)ની સાથે શબ્દ لِلّٰهِ (લિલ્લાહી) વધારીને એ બતાવવાનું મંજૂર છે કે માત્ર અલ્લાહને જ રાજી કરવા માટે પાછલી માન્યતાઓ અને વિચારસરણીઓથી દિલ દિમાગને પાક કરીને સત્યની શોધમાં લાગો જેથી ભૂતકાળની માન્યતાઓ અને પ્રવૃત્તિઓ સત્યના માર્ગમાં અવરોધક ન બને અને બે બે અથવા એક એકમાં કોઈ ખાસ સંખ્યાનો હેતુ નથી, ભાવાર્થ એ છે કે વિચાર કરવાની બે પદ્ધતિઓ હોય છે,

એક એ કે એકાંતમાં પોતે વિચાર કરવો, બીજું એ કે પોતના મિત્રો અને વડીલો સાથે સલાહ મશ્વરો અથવા પરસ્પર ચર્ચા વિચારણ કે દલીલ પ્રતિદલીલ પછી કોઈ પરિણામ ઉપર પહોંચવું. આ બંને પદ્ધતિઓને અથવા તો આ બેમાંથી કોઈ એકને જે પસંદ હોય અપનાવો.

ثُمَّ تَتَفَكَّرُوْا (ષુમ્મ તતફક્કરૂ) આ વાક્યનો عَطَفْ (અતફ) એ اَنْ تَقُوْمُوْا (અન તકૂમૂ) ઉપર છે જેમાં ઊભા થવાના હેતુને સ્પષ્ટ કરવામાં આવ્યો છે કે બધી જ વિચારસરણીઓથી દિલ દિમાગ ખાલી કરીને માત્ર અલ્લાહ તઆલા ખાતર એ કામ માટે તૈયાર થઈ જાઓ કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના આમંત્રણમાં ચિંતન અને મનન કરો કે તે સત્ય છે અથવા નહીં, ભલે આ ચિંતન અને મનન એકાંતમાં એકલા જ કરો અથવા બીજાઓની સાથે સલાહ મશ્વરો તથા ચર્ચા વિચારણા પછી કરો.

આગળ આ ચિંતન અને મનન વિશે એક સ્પષ્ટ માર્ગ બતાવવામાં આવ્યો છે તે એ કે એકલો વ્યક્તિ જેની સાથે ન તો કોઈ શક્તિશાળી જથ્થો અથવા જૂથ છે અને ન જ માલ અને દોલતની છૂટછાટ છે, તે પોતાની સમગ્ર કોમ બલકે પૂરી દુનિયાના વિરુદ્ધ કોઈ એવી માન્યતાનું એ'લાન કરે જે સદીઓથી તેમનામાં પ્રચલિત છે અને તે બધા તેના ઉપર સહમત છે, આવું એ'લાન માત્ર બે સ્વરૂપોમાં થઈ શકે છે, એક તો એ કે આવું કહેનારો બિલકુલ ચિત્તભ્રમ અને માનસિક રીતે અસ્થિર હોય જે પોતાના નફા નુકસાનનો વિચાર ન કરે અને સમગ્ર કોમને પોતાનો દુશ્મન બનાવીને મુસીબતને આમંત્રણ આપે, બીજું એ કે તેની તે વાત સાચી હોય કે તે અલ્લાહ તઆલા તરફથી મોકલેલ રસૂલ છે, તેના હુકમ ઉપર અમલ કરવામાં તે કોઈની પરવા કરતો નથી.

હવે તમે દિલ દિમાગને ખાલી કરી તટસ્થ થઈ ચિંતન મનન કરો કે આ બંને વાતોમાંથી કઈ વાત અસ્તિત્વ ધરાવે છે ? આ પદ્ધતિથી વિચાર કરશો તો તમને એ બાબત ઉપર વિશ્વાસ કરવા સિવાય કોઈ છૂટકો રહેશે નહીં કે આ વ્યક્તિ માનસિક રીતે અસ્થિર અથવા ચિત્તભ્રમ નથી હોઈ શકતો. તેમની બુદ્ધિ અને સમજદારી તથા તેમનું કર્તવ્યપાલન અને કર્મોથી સમગ્ર મક્કા અને સૌ કુરૈશીઓ વાકેફ છે, તેમણે ઉંમરના ચાલીસ વર્ષો પોતાની કોમ વચ્ચે પસાર કર્યા,

બચપનથી યુવાની સુધીની સમગ્ર પરિસ્થિતિઓ તેમની નજર સમક્ષ છે, ક્યારેય કોઈએ તેમના કોઈ નિવેદન અથવા પ્રવૃત્તિને બુદ્ધિ, સમજદારી અથવા ગંભીરતા અથવા શરાફતથી વિરુદ્ધ નથી જોયું અને માત્ર એક કલિમો لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ) જેની તેઓ દા'વત આપે છે તેના સિવાય આજે પણ કોઈ તેમના કોઈ નિવેદન અથવા પ્રવૃત્તિ ઉપર એવી ધારણા સુદ્ધાં નથી કરી શકતું કે આ બાબત બુદ્ધિ અને સમજદારી વિરુદ્ધની છે. આવી પરિસ્થિતિઓમાં એ તો જાહેર થઈ ગયું કે તેઓ માનસિક રીતે અસ્થિર નથી હોઈ શકતા, તેની જ જાહેરાત આયતના આગલા વાક્યમાં આ રીતે કરવામાં આવી. مَا بِصَاحِبِكُمْ مِّنْ جِنَّةٍ તેમાં શબ્દ صَاحِبُكُمْ (સાહિબુકુમ)થી તે તરફ ઈશારો છે કે કોઈ અજનબી મુસાફર બહારથી આવી જાય જેની પરિસ્થીત તમને ખબર ન હોય, તેની કોઈ વાત સમગ્ર કોમ વિરુદ્ધ સાંભળો તો કોઈ કહી શકે છે કે આ વ્યક્તિ પાગલ છે પરંતુ આ વ્યક્તિ જો તમારા શહેરમાં રહેનાર તમારા કબીલાનો અને દિવસ રાતનો તમારો મિત્ર છે જેની કોઈ પરિસ્થિતિ અથવા હાલત તમારાથી ગુપ્ત નથી અને તમે પણ ક્યારેય આથી પહેલાં તેમના ઉપર કોઈપણ પ્રકારની શંકા નથી કરી.

જ્યારે પહેલું સ્વરૂપ ન હોવું સ્પષ્ટ થઈ ગયું તો હવે બીજું સ્વરૂપ નિશ્ચિત થઈ ગયું જેનું વર્ણન આયતમાં આ રીતે કરવામાં આવ્યું છે. اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ لَّكُمْ بَيْنَ يَدَىْ عَذَابٍ شَدِيْدٍ એટલે કે, આપ ﷺની પરિસ્થિતિ એ સિવાય કંઈ નથી કે તેઓ લોકોને કયામતના આવનારા સખત અઝાબથી બચાવવા માટે તેનાથી ડરાવનાર છે.

اِنَّ رَبِّىْ يَقْذِفُ بِالْحَقِّ عَلَّامُ الْغُيُوْبِ એટલે કે, મારો પરવરદિગાર જે عَلَّامُ الْغُيُوْبِ (અલ્લામુલ ગુયૂબ) "દરેક ગુપ્ત વસ્તુઓને જાણનાર" છે તે સત્યને જૂઠ ઉપર થોપી દે છે. (જેનું પરિણામ એ હોય છે કે જૂઠ ટૂકડે ટૂકડા થઈ જાય છે, જેમકે અલ્લાહનું ફરમાન છે, فَاِذَا هُوَ زَاهِقٌ તેમાં શબ્દ قَذَفَ "કઝફ"નો શાબ્દિક અર્થ થોપી મારવાનો થાય છે. અહીંયાં જૂઠના મુકાબલામાં સત્યને રજુ કરવાનો ભાવાર્થ છે અને શબ્દ يَقْذِفُ (યકિઝફ)થી ઓળખાવવામાં કદાચ એ હિકમત હોય કે જૂઠ પર સત્યની માર પડવાનો પ્રભાવ બતાવવાનો હેતુ હોય, આ એક રૂપક છે કે જે રીતે કોઈ ભારે વસ્તુ કોઈ નાજુક વસ્તુ ઉપર ફેંકવામાં આવે છે તો તે

નાજુક વસ્તુના ટૂકડે ટૂકડા થઈ જાય છે. એ જ પ્રમાણે સત્યના મુકાબલામાં બાતિલ એટલે કે જૂઠ ટૂકડે ટૂકડા થઈ જાય છે, એટલા માટે આગળ ફરમાવ્યું, وَمَا يُبْدِئُ الْبَاطِلُ وَمَا يُعِيْدُ એટલે કે, સત્યના મુકાબલામાં બાતિલ એવું પરાસ્ત અને નિષ્ફળ થઈને રહી જાય છે કે તે કોઈ વસ્તુની શરૂઆત કરવાપાત્ર નથી રહેતું અને ન જ ફરીવાર પાછું આપવાના પાત્ર હોય છે.

આયતો : (સૂરએ સબા : આયત નં. ૫૧ થી ૫૪)

وَلَوْ تَرٰىٓ اِذْ فَزِعُوْا فَلَا فَوْتَ وَاُخِذُوْا مِنْ مَّكَانٍ قَرِيْبٍ ۝٥١ وَّقَالُوْٓا اٰمَنَّا
بِهٖ ۚ وَاَنّٰى لَهُمُ التَّنَاوُشُ مِنْ مَّكَانٍۢ بَعِيْدٍ ۝٥٢ وَّقَدْ كَفَرُوْا بِهٖ مِنْ قَبْلُ ۚ
وَيَقْذِفُوْنَ بِالْغَيْبِ مِنْ مَّكَانٍۢ بَعِيْدٍ ۝٥٣ وَحِيْلَ بَيْنَهُمْ وَبَيْنَ مَا
يَشْتَهُوْنَ كَمَا فُعِلَ بِاَشْيَاعِهِمْ مِّنْ قَبْلُ ۭ اِنَّهُمْ كَانُوْا فِيْ شَكٍّ مُّرِيْبٍ ۝٥٤

તરજુમો :

અને કદી તમે જુઓ જ્યારે આ ગભરાય પછી નાસભાગથી પણ ન બચે અને નિકટના સ્થળેથી જ પકડાઈને આવે. (૫૧) અને કહેવા લાગે, અમે તેનું યકીન માની લીધું અને હવે ક્યાં તેમનો હાથ દૂરના સ્થળેથી પહોંચી શકે છે!? (૫૨) અને તેનાથી પ્રથમથી ઈન્કારી રહ્યા અને જોયા વિનાના નિશાના ઉપર દૂરના સ્થળેથી ફેંકતા રહ્યા. (૫૩) અને અવરોધ ઊભો થઈ ગયો તેમનામાં અને તેમની તમન્નાઓમાં જેમકે આથી અગાઉ તેમના તરીકાવાળાઓ સાથે કરવામાં આવ્યું, તે લોકો એવી શંકામાં હતા જે ચેનથી ન બેસવા દે. (૫૪)

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) જો તમે તે સમયને જુઓ (તો તમને આશ્ચર્ય થશે) જ્યારે આ કાફિરો (કયામતની કઠોર અને ભયંકર પરિસ્થિતિઓથી) ગભરાયેલા ફરશે, પછી નાસી છૂટવાનું કોઈ સ્વરૂપ ન હશે અને આસપાસથી (એટલે કે તરત જ) પકડી લેવામાં આવશે અને (તે સમયે તેઓ) કહેશે કે અમે

આ સત્ય ઉપર ઈમાન લઈ આવ્યા (અને જેટલી બાબતો અને હુકમો તેમાં બતાવવામાં આવ્યા છે બધાને માની લીધી, એટલા માટે અમારી તવબહ કબૂલ કરી લો, ભલે ફરીવાર દુનિયામાં મોકલીને અથવા વિના મોકલ્યે) અને આટલી દૂરની જગ્યાએથી (ઈમાનનું) તેમના હાથમાં આવવું ક્યાં સંભવિત છે ?! (એટલે કે ઈમાન લાવવાનું સ્થળ "દારુલ અમલ" કામ કરવાના સ્થળના કારણે દુનિયા હતું જે ઘણી દૂર જતી રહી, હવે આખિરતની દુનિયા છે તે દારુલ અમલ નથી, "દારુલ જઝા" એટલે કે "બદલાનું સ્થળ" છે તેમાં ઈમાન સ્વીકાર્ય નથી, કારણ કે હવે જે ઈમાન હશે તે ઈમાન બિલ ગયૂબ –અદષ્ય બાબતો ઉપર ઈમાન નહીં હોય બલકે નજરે જોયા પછીનું ઈમાન છે અને પ્રત્યક્ષ જોઈ લીધા પછી કોઈ વસ્તુનો સ્વીકાર કરવો તે સ્વાભાવિક બાબત છે, તેમાં હુકમની આજ્ઞાપાલનનું કોઈ પાસું નથી) જ્યારે કે પ્રથમથી (દુનિયામાં) આ લોકો તે સત્યનો ઈન્કાર કરતા રહ્યા અને (તેમનો ઈન્કાર પણ એવો કે જેનો કોઈ સાચો હેતુ પણ ન હતો બલકે) વિના તહકીકની વાતો દૂર દૂરથી હાંકયા કરતા હતા (દૂરનો ભાવાર્થ એ છે કે તેની તહકીકથી દૂર હતા, એટલે કે દુનિયામાં તો કુફ્ર કરતા રહ્યા, હવે ઈમાન સૂઝયું છે અને તે સ્વીકાર્ય હોવાની તમન્ના કરે છે) અને (કારણ કે આખિરત દારુલ અમલ નથી તેથી) તેમનામાં અને તેમની (ઈમાન કબૂલ કરવાની) તમન્નામાં એક આડશ કરવામાં આવશે (એટલે કે તેમની તમન્નાઓ પૂરી થશે નહીં) જેમકે તેમના જેવા જ ચલણવાળાઓ સાથે (પણ) આ જ (વર્તાવ) કરવામાં આવશે જે તેમનાથી અગાઉ (કુફ્ર કરી ચૂક્યા) હતા આ બધા શંકામાં હતા જેણે તેમને અસમંજસમાં નાંખી રાખ્યા હતા.

મસ્અલા અને બોધપાઠ :

وَاُخِذُوْا مِنْ مَّكَانٍ قَرِيْبٍ ઘણા મુફસ્સિરો સમીપ આ પરિસ્થિતિ હશ્રના દિવસની છે કે કાફિરો અને ફાજિરો ગભરાઈને નાસી છૂટવા ઈચ્છશે તો પણ છૂટી શકશે નહીં અને એવું પણ થઈ શકશે નહીં જેમકે દુનિયામાં કોઈ અપરાધી નાસી છૂટે છે તો તેની શોધખોળ કરવી પડે છે, બલકે દરેકે દરેક પોતાના સ્થળે જ પકડીને લાવવામાં આવશે અને તેના ઉપર ગભરામણ છવાયેલી હશે, કોઈ ફરિશ્તાઓના હાથે છૂટી શકશે નહીં અને ત્યાં જ પોતાના સ્થળે તેમને જકડીને પકડી રાખવામાં આવશે.

وَقَالُوٓا اٰمَنَّا بِهٖ وَاَنّٰى لَهُمُ التَّنَاوُشُ مِنْ مَّكَانٍ بَعِيْدٍ માં تَنَاوُش (તનાવુશ)નો ભાવાર્થ હાથ લાંબો કરી કોઈ વસ્તુને ઉઠાવી લેવાનો થાય છે અને એ દેખીતું છે કે હાથ લાંબો કરી તે જ વસ્તુ ઉઠાવી શકાય છે જે ખૂબ દૂર ન હોય હાથ ત્યાં સુધી પહોંચી શકે. આયતનો વિષય એ છે કે કાફિરો અને ઈન્કારીઓ કયામતના દિવસે હકીકત સામે આવી ગયા પછી કહેશે, અમે કુર્આન ઉપર અથવા રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા પરંતુ તેમને ખબર નથી કે ઈમાનનું સ્થાન તેમનાથી ખૂબ દૂર થઈ ચૂક્યું છે, કારણ કે ઈમાન માત્ર દુનિયાની જિંદગીમાં સ્વીકાર્ય છે, આખિરત દારુલ અમલ નથી ત્યાંનો કોઈ અમલ ગણતરીમાં નથી આવી શકતો એટલા માટે એવું કેવી રીતે થઈ શકે છે કે તેઓ ઈમાનની દોલતને હાથ લાંબો કરી ઉઠાવી લે ?!

وَقَدْ كَفَرُوْا بِهٖ وَيَقْذِفُوْنَ بِالْغَيْبِ مِنْ مَّكَانٍ بَعِيْدٍ માં શબ્દ قَذْف (કઝ્ફ)નો ભાવાર્થ છે કે કોઈ વસ્તુ ફેંકીને મારવામાં આવે. અરબીની કહેવત છે કે જે વ્યક્તિ કોઈ દલીલ વિના માત્ર પોતાની કલ્પનાથી વાતો કરે છે તેને رَجْمٌ بِالْغَيْبِ (રજમ બિલ ગયૂબ) અને قَذْفٌ بِالْغَيْبِ (કઝ્ફ બિલ ગયૂબ)ના શબ્દોથી ઓળખાવવામાં આવે છે કે તે અંધારામાં તીર ચલાવનાર છે જેનું કોઈ નિશાન નથી હોતું અને مِنْ مَّكَانٍ بَعِيْدٍ ના શબ્દોથી ભાવાર્થ એ છે કે તેઓ જે કંઈ કહે છે તેમના દિલોથી દૂર હોય છે, દિલમાં તેની માન્યતા ધરાવતા નથી હોતા.

وَحِيْلَ بَيْنَهُمْ وَبَيْنَ مَا يَشْتَهُوْنَ એટલે કે, આ લોકોને જે વસ્તુઓ પ્રિય અને હેતુ સ્વરૂપ હતી તેમના અને તે વસ્તુઓ દરમિયાન પડદો ઊભો કરીને તેનાથી તેમને વંચિત કરી દેવામાં આવશે. આ વિષય કયામતની પરિસ્થિતિ ઉપર ફીટ બેસે છે કે કયામતમાં આ લોકો છુટકારો અને જન્નતના ઇચ્છુક હશે પરંતુ ત્યાં સુધી પહોંચી શકશે નહીં અને દુનિયામાં મોતનો સમય પણ ફીટ બેસે છે કે દુનિયામાં તેમનો અહીંયાંની દોલત અને માલ સામાન હેતુ સ્વરૂપે હતો, મોતે તેમની આ ઇચ્છા વચ્ચે અવરોધ સ્વરૂપે ઊભા થઈને તેનાથી તેમને અલગ કરી દીધા.

كَمَا فُعِلَ بِاَشْيَاعِهِمْ તેમાં اَشْيَاعٌ (અશયાઅ્) એ شِيْعَةٌ (શીઆ)નું બહુવચન છે, તે કોઈ વ્યક્તિના તા'બે હોવાને અથવા તેના સમકક્ષ વિચારસરણી ધરાવનારને "શીઆ" કહેવામાં આવે છે. ભાવાર્થ એ છે કે જે અઝાબ આ લોકોને

આપવામાં આવ્યો કે પોતાની પ્રિય અને ઇચ્છિત વસ્તુથી વંચિત કરી દેવામાં આવ્યા આ જ અઝાબ તેમનાથી પહેલાં તેમના જ જેવા કુફ્રના અમલો કરનારાઓને આપવામાં આવી ચૂક્યો છે, કારણ કે આ બધા લોકો શંકામાં પડ્યા હતા, એટલે કે રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને કુર્આન ઈલાહી કલામ હોવા ઉપર શ્રદ્ધા અને ઈમાન ન હતું. વલ્લાહુ અઅ્‌લમુ.

સૂરએ સબા પૂરી થઈ. અલ્હમ્દુલિલ્લાહ !

મુહર્રમનો છેલ્લો દિવસ, સન હિજરી ૧૩૯૨

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ સબાનો અનુવાદ પૂર્ણ થયો.

□□□□□□□□□□□□

તારીખ : ૧૩ જુલાઈ ૨૦૧૦ મુતાબિક ૨૯ રજબ ૧૪૩૧ હિજરી.


Jehangir

પ્રકરણ (૩૫)

સૂરએ ફાતિર

સૂરએ ફાતિર મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૪૫ આયતો અને પાંચ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૧-૨-૩)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

સઘળા વખાણ અલ્લાહ માટે જ છે જેણે આસમાનો અને જમીન બનાવી, જેણે ફરિશ્તાઓને સંદેશાવાહકો ઠરાવ્યા જેમની પાંખો છે બે બે અને ત્રણ ત્રણ અને ચાર ચાર, જે ઈચ્છે પેદાઈશમાં વધારી આપે છે, બેશક અલ્લાહ દરેક વસ્તુ કરી શકે છે. (૧) જે કંઈ કે અલ્લાહ લોકો ઉપર રહમતમાંથી ખોલી નાંખે તો તેને રોકનાર કોઈ નથી અને જે કંઈ રોકી રાખે તો તેને તેના

સિવાય મોકલનારો કોઈ નથી અને તે જ જબરદસ્ત હિકમતવાળો છે. (૨) હે લોકો ! અલ્લાહનું પોતાના ઉપરનું અહેસાન યાદ કરો, શું અલ્લાહના સિવાય કોઈ સર્જન કરનાર છે ? તમને આસમાનથી અને જમીનથી રોજી આપે છે, કોઈ હાકિમ (મઅ્બૂદ) નથી પરંતુ માત્ર તે જ; પછી ક્યાં અવળા જાઓ છો !? (૩)

તફસીર :

સઘળા વખાણ (અને સ્તુતિ તે) અલ્લાહ માટે જ યોગ્ય છે જે આસમાનો અને જમીનનો પેદા કરનારો છે, જે ફરિશ્તાઓને સંદેશાવાહક બનાવનારો છે, જેમને બે બે અને ત્રણ ત્રણ અને ચાર ચાર પાંખો છે, (સંદેશો લાવવાથી ભાવાર્થ અંબિયા અલૈ. તરફ વહી લઈને આવવું છે ભલે તે શરીઅતના હુકમો વિશે હોય અથવા માત્ર ખુશખબરી વગેરે માટે અને પાંખોની સંખ્યા કંઈ ચાર ચાર ઉપર જ અવલંબિત નથી બલકે) તે પેદાઈશમાં જે ઇચ્છે છે વધારે કરી આપે છે (એટલે સુધી કે અમુક ફરિશ્તાઓની છસો પાંખો પેદા કરી છે, જેમકે હદીષમાં હઝરત જિબ્રઈલ અલૈ. વિશે આવ્યું છે) બેશક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે (અને કાબૂ પણ એવો જેની સામે કોઈ વિદ્રોહ ન કરી શકે કે તે) અલ્લાહ જે રહમત લોકો માટે ખોલી આપે (દાખલા તરીકે વરસાદ, વનસ્પતિ અને જાહેર રોજી) તો તેને કોઈ બંધ કરનારો નથી અને જેને બંધ કરી દે તો (બંધ કર્યા) પછી તેને કોઈ ચાલુ કરનાર નથી (અલબત્ત તે પોતે જ બંધ કરેલ રહમતને ખોલી શકે છે) અને તે જ સર્વત્ર છવાયેલ (એટલે કે જબરદસ્ત અને) હિકમતોવાળો છે (એટલે કે ખોલવા અને બંધ કરવા ઉપર કાબૂ પણ તે જ ધરાવે છે તથા રહમતનું ખુલવું અને બંધ થવું હંમેશા હિકમત આધારિત હોય છે) હે લોકો ! (જે રીતે તેની શક્તિ સંપૂર્ણ છે એ જ પ્રમાણે તેની નેઅ્મત પણ સંપૂર્ણ છે, તેની નેઅ્મતોની કોઈ ગણતરી નથી તેથી) તમારા ઉપર જે અલ્લાહના અહેસાનો છે તેને યાદ કરો (અને તેનો શુક્ર અદા કરો અને તે શુક્ર એ છે કે તવહીદને અપનાવો અને શિર્કને છોડીને ઓછામાં ઓછું તેની બે મોટી નેઅ્મતોમાં વિચાર કરો જે સર્જનની ઉત્પત્તિ પછી તેના અસ્તિત્વને ટકાવી રાખવા સાથે સંબંધિત છે) શું અલ્લાહ તઆલા સિવાય કોઈ સર્જનહાર છે જે તમને આસમાન અને જમીનથી રોજી પહોંચાડતો હોય ? (એટલે કે તેના સિવાય ન તો કોઈ સર્જન અને ઉત્પત્તિ કરી

શકે છે અને ન જ કોઈ સર્જન થયેલ વસ્તુને ટકાવવા અને કાયમ રાખવા માટે રોજી પહોંચાડવાનું કાર્ય કરી શકે છે, આથી જાણ થઈ કે તે દરેક રીતે સંપૂર્ણ છે, માટે ખરેખર) તેના સિવાય કોઈ ઈબાદતના લાયક (પણ) નથી તો (જ્યારે મઅ્બૂદ હોવું માત્ર તેનો જ અધિકાર છે તો) તમે (શિર્ક કરીને) ક્યાં ઊંધા જઈ રહ્યા છો !?

મસ્અલા અને બોધપાઠ :

جَاعِلِ الْمَلٰٓئِكَةِ رُسُلًا ફરિશ્તાઓને رَسُوْلٌ (રસૂલ) એટલે કે, અલ્લાહ તઆલાના સંદેશ અને હુકમો પહોંચાડનાર બનાવવાનો ભાવાર્થ દેખીતી રીતે એ છે કે તેમને અંબિયા (અલૈ.) તરફ અલ્લાહના સંદેશવાહક અને રસૂલ બનાવીને મોકલવામાં આવે છે, તે અલ્લાહ તઆલાની વહી અને હુકમો તેમને પહોંચાડે છે અને એ પણ શક્ય છે કે રસૂલથી ભાવાર્થ આ સ્થળે અલ્લાહ તઆલા અને તેની સામાન્ય મખ્લૂક વચ્ચે માધ્યમ હોય જેમાં અંબિયા (અલૈ.) સૌથી ઉચ્ચ અને શ્રેષ્ઠ છે તેમના અને અલ્લાહ તઆલા દરમિયાન પણ વહીનું માધ્યમ બને છે અને સામાન્ય મખ્લૂક સુધી અલ્લાહ તઆલાની રહમત અથવા અઝાબ પહોંચાડવાનું માધ્યમ પણ ફરિશ્તા જ હોય છે.

اُولِيْٓ اَجْنِحَةٍ مَّثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ એટલે કે, અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને પાંખોવાળી ભૂજાઓ અર્પણ કરી છે જેનાથી તેઓ ઊડી શકે છે, તેની હિકમત દેખીતી છે કે તેઓ આસમાનથી જમીન સુધીની મુસાફરી વારંવાર કરે છે, આવું ત્યારે જ થઈ શકે છે જ્યારે તેમનામાં શક્તિ અને ઊડવાની તાકાત અર્પણ કરવામાં આવે અને તે ઊડવાની શક્તિના સ્વરૂપમાં જ આવી મુસાફરી કરી શકે છે.

શબ્દ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ થી દેખીતું اَجْنِحَةٌ નું લક્ષણ એ છે કે ફરિશ્તાઓની પાંખો વિવિધ સંખ્યાઓ ઉપર આધારિત છે. અમુકની માત્ર બે બે પાંખો હોય છે, અમુકની ત્રણ ત્રણ અને અમુકની ચાર ચાર અને તેમાં કોઈ મર્યાદા નથી, જેમકે સહીહ મુસ્લિમની હદીષથી હઝરત જિબ્રઈલ (અલૈ.)ની ૬૦૦ પાંખો સાબિત થયેલ છે. ઉદાહરણ સ્વરૂપે ચાર સુધી વર્ણન કરવામાં આવ્યું છે.

(કુર્તુબી, ઈબ્ને કષીર)

એવું પણ બની શકે છે કે શબ્દ مَثْنٰى وَثُلٰثَ એ رُسُلًا ની સિફત હોય, એટલે કે આ ફરિશ્તાઓ જેઓ અલ્લાહ તઆલાની એક બાજુએથી રિસાલત (સંદેશો) દુનિયામાં પહોંચાડે છે, ક્યારેક બે બે આવે છે અને ક્યારેક ત્રણ ત્રણ અથવા ચાર ચાર અને એ પણ દેખીતું છે કે આ સ્વરૂપમાં પણ ચારની સંખ્યા મર્યાદિત નથી, માત્ર દષ્ટાંત સ્વરૂપે છે કારણ કે તેમાંથી ઘણી મોટી સંખ્યામાં ફરિશ્તાઓનું નાઝિલ થવું પોતે કુર્આને કરીમથી સાબિત છે. *(અબૂ હય્યાન ફિલ બહરે મુહીત)*

يَزِيْدُ فِى الْخَلْقِ مَا يَشَآءُ એટલે કે, અલ્લાહ તઆલાને બધો અધિકાર છે કે પોતાના મખ્લૂકના સર્જનમાં જેટલો ઈચ્છે અને જે પ્રમાણે ઈચ્છે વધારો કરે, તેનો સંબંધ દેખીતી રીતે તો اَجْنِحَةٍ સાથે છે કે ફરિશ્તાઓની પાંખોની ભૂજાઓ કંઈ બે કે ચારમાં મર્યાદિત નથી અલ્લાહ તઆલા ઈચ્છે તો તેનાથી ઘણું વધારે પણ આપી શકે છે. ઘણા તફસીરકારોનો અભિપ્રાય આ જ છે અને ઝહરી, કતાદહ (રહ.) વગેરે તફસીરના ઈમામોએ કહ્યું છે કે આ વધારાના સર્જનના સામાન્ય ભાવાર્થમાં ફરિશ્તાઓની પાંખોવાળી ભૂજાઓનો વધારો પણ સામેલ છે તથા વિવિધ મનુષ્યોના સર્જનમાં ખાસ ખાસ લક્ષણોનો વધારો પણ; જેમાં ખૂબસૂરતી, સારો સ્વભાવ, સારી ટેવો વગેરે બધું સામેલ છે. અબૂ હય્યાને બહરે મુહીતમાં તેને જ અપનાવીને ફરમાવ્યું છે કે આ સર્જનના વધારામાં સારો સ્વભાવ, સારી ટેવો, સદ્‌વ્યવહાર અને ખૂબસૂરતી તથા બુદ્ધિ અને જ્ઞાનમાં વિશિષ્ટતા, વાત કરવાની મીઠી શૈલી વગેરે બધું જ સામેલ છે. આ બીજી તફસીરથી સાબિત થયું કે કોઈપણ વસ્તુની ખૂબસૂરતી અને વિશિષ્ટતા જે મનુષ્યને પ્રાપ્ત છે તે અલ્લાહ તઆલાની નેઅ્‌મત અને ઈનામ છે તેનો આભાર માનવો જોઈએ.

مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا અત્રે શબ્દ رَحْمَتٌ (રહમત) સર્વત્ર છવાયેલ રહમત છે, તેમાં દીની અને આખિરતની નેઅ્‌મતો પણ સામેલ છે જેમકે ઈમાન અને જ્ઞાન તથા નેક કર્મો અને નુબુવ્વત તથા વિલાયત વગેરે તથા દુનિયાની નેઅ્‌મતો પણ સામેલ છે, જેમકે રોજી તથા રાહત અને આરામનો સામાન, સ્વાસ્થ્ય તથા માલ અને ઈજ્જત આબરૂ વગેરે... આયતનો ભાવાર્થ જાહેર છે કે અલ્લાહ તઆલા જે વ્યક્તિ માટે પોતાની રહમત ખોલવાનો ઈરાદો કરે તેને કોઈ અટકાવી નથી શકતું.

એ જ પ્રમાણે બીજું વાક્ય وَمَا يُمْسِكْ જાહેર છે કે જે વસ્તુને અલ્લાહ

તઆલા અટકાવે છે તેને કોઈ ખોલી નથી શકતું, તેમાં દુનિયાની મુસીબતો અને આફતો પણ છે કે જ્યારે અલ્લાહ તઆલા તેમને પોતાના કોઈ બંદાઓ ઉપરથી અટકાવવા ઈચ્છે તો કોઈની મજાલ નથી કે તેને કોઈ નુકસાન કે મુસીબત પહોંચાડી શકે અને તેમાં રહમત પણ સામેલ છે કે અલ્લાહ તઆલા પોતાની કોઈ હિકમતથી કોઈ વ્યક્તિને રહમતથી વંચિત કરવા ઈચ્છે તો કોઈની મજાલ નથી કે તેને આપી શકે. *(અબૂ હય્યાન)*

આયતના આ જ વિષયના સંદર્ભમાં એક હદીષ આ પ્રમાણે આવી છે કે હઝરત મુઆવીયા (રદિ.)એ પોતાના કુફાના આમિલ (ગવર્નર) હઝરત મુગયરા બિન શુઅ્બા (રદિ.)ને પત્ર લખ્યો કે મને કોઈ હદીષ લખીને મોકલો જે તમે રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળી હોય. હઝરત મુગયરા (રદિ.)એ પોતાના મીર મુન્શી (મુખ્ય સચીવ) રવાદને બોલાવીને લખાવ્યું કે મેં રસૂલે કરીમ ﷺને તે સમયે કે જ્યારે આપ ﷺ નમાઝથી ફારેગ થયા આ વાક્યો પઢતાં સાંભળ્યા, اَللّٰهُمَّ لَا مَانِعَ لِمَا اَعْطَيْتَ وَلَا مُعْطِيَ لِمَا مَنَعْتَ وَلَا يَنْفَعُ ذَاالْجَدِّ مِنْكَ الْجَدُّ (એટલે કે, યા અલ્લાહ ! તું જે વસ્તુ કોઈને અર્પણ કરે તેને કોઈ રોકનાર નથી અને જેને તું રોકી લે તેને કોઈ આપનાર નથી, તારા ઈરાદા વિરુદ્ધ કોઈ પ્રયત્ન કરનારનો પ્રયત્ન ચાલતો નથી). *(ઈબ્ને કષીર અઝ મુસ્નદે અહમદ)*

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ સઈદ ખુદરી (રહ.)ની રિવાયત એ છે કે આ વાક્યો આપ ﷺએ રુકૂઅ્થી માથું ઉઠાવતી વખતે કહ્યા અને આ વાક્યોથી પહેલાં ફરમાવ્યું, اَحَقُّ مَا قَالَ الْعَبْدُ وَكُلُّنَا لَكَ (એટલે કે આ વાક્યો તે બધા જ વાક્યોમાં કે જે બંદો કહી શકે છે વધારે સત્ય અને શ્રેષ્ઠ તથા ઠોસ છે).

અલ્લાહ તઆલા ઉપર ભરોસો અને વિશ્વાસ સમગ્ર મુસીબતોથી છુટકારો છે :

પ્રસ્તુત આયતે મનુષ્યને જે બોધપાઠ આપ્યો છે કે ગયરૂલ્લાહ પાસેથી લાભ અને નુકસાનની આશા અને ડર ન રાખો માત્ર અલ્લાહ તઆલા તરફ દૃષ્ટિ રાખો, દીન અને દુનિયાની દુરુસ્તી અને કાયમી રાહતનો નુસ્ખો અક્સીર છે અને મનુષ્યને હજારો ગમ અને ચિંતાઓથી છુટકારો અપાવનાર છે. *(રૂહુલ મઆની)*

હઝરત આમિર બિન અબ્દ કૈસ (રદિ.)એ ફરમાવ્યું કે જ્યારે હું સવારે

કુર્આને કરીમની ચાર આયતો પઢી લઉં તો મને એ ચિંતા નથી રહેતી કે સવારે શું થશે અને સાંજે શું થશે ? તે આયતો આ છે, એક આ જ આયત مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا وَمَا يُمْسِكْ فَلَا مُرْسِلَ لَهٗ مِنْۢ بَعْدِهٖ બીજી તેના જ અર્થ જેવી છે તે આ છે, اِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ، وَاِنْ يُّرِدْكَ بِخَيْرٍ فَلَا رَآدَّ لِفَضْلِهٖ (૧૦:૧૭) ત્રીજી આયત سَيَجْعَلُ اللّٰهُ بَعْدَ عُسْرٍ يُّسْرًا અને ચોથી આયત وَمَا مِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا (૧૧:૬) *(ઈબ્નુલ મુંઝર, રૂહ)*

હઝરત અબૂ હુરયરહ (રદિ.) જ્યારે વરસાદ પડતો જોતાં તો ફરમાવ્યા કરતા હતા, مُطِرْنَا بِنَوْءِ الْفَتْحِ અને પછી આ આયત مَا يَفْتَحِ اللّٰهُ مِنْ رَّحْمَةٍ (૩૫:૨) પઢતા હતા. આ અરબની તે જૂઠી માન્યતાઓનો રદિયો છે કે જે વરસાદને ખાસ ખાસ તારાઓ સાથે સંબંધ જોડીને કહ્યા કરતા હતા કે અમને આ વરસાદ ફલાણા તારાના કારણે મળ્યો છે. હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે અમને આ વરસાદ આયતે ફતહથી મળી છે, આયતે ફતહનો ભાવાર્થ આ જ પ્રસ્તુત આયત છે જેને તેઓ એવા સમયે તિલાવત કર્યા કરતા હતા. *(રવાહુ માલિક ફિલ મુઅત્તા)*

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૪ થી ૮)

وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ ۭ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ④
يٰۤاَيُّهَا النَّاسُ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا ۫ وَلَا يَغُرَّنَّكُمْ
بِاللّٰهِ الْغَرُوْرُ ⑤ اِنَّ الشَّيْطٰنَ لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوْهُ عَدُوًّا ۭ اِنَّمَا يَدْعُوْا حِزْبَهٗ
لِيَكُوْنُوْا مِنْ اَصْحٰبِ السَّعِيْرِ ⑥ۭ اَلَّذِيْنَ كَفَرُوْا لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ڛ وَالَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ كَبِيْرٌ ⑦ اَفَمَنْ زُيِّنَ لَهٗ سُوْۤءُ عَمَلِهٖ ع
فَرَاٰهُ حَسَنًا ۭ فَاِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَاۤءُ وَيَهْدِيْ مَنْ يَّشَاۤءُ ڮ فَلَا تَذْهَبْ
نَفْسُكَ عَلَيْهِمْ حَسَرٰتٍ ۭ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا يَصْنَعُوْنَ ⑧

તરજુમો :

અને જો તમને જૂઠાડે તો તમારા પહેલાં કેટલાય રસૂલ જૂઠાડવામાં આવ્યા

અને અલ્લાહ સુધી સૌ કર્મો પહોંચે છે. (૪) હે લોકો ! બેશક અલ્લાહનો વાયદો સત્ય છે, બસ તમને દુનિયાની જિંદગી બહેકાવે નહીં અને તમને તે ધોકેબાજ (શયતાન) અલ્લાહના નામથી છેતરવા ન પામે. (૫) બેશક ! શયતાન તમારો દુશ્મન છે બસ તમે પણ તેને દુશ્મન જાણી રાખો, તે તો પોતાના ટોળાને એટલા માટે બોલાવે છે કે દોઝખવાળા થાય. (૬) જેઓ કાફિર થયા તેમને સખત અઝાબ છે અને જેઓ ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા તેમના માટે મા'ફી અને મોટો સવાબ છે. (૭) ભલા ! એક વ્યક્તિ કે તેને તેના કર્મની બુરાઈને ભલી સમજાવવામાં આવી પછી તેણે તેને ભલી જાણી, કારણ કે અલ્લાહ જેને ઈચ્છે ભટકેલ રાખે છે અને જેને ઈચ્છે હિદાયત આપે છે; બસ તમારા પ્રાણ તેમના ઉપર પસ્તાઈ પસ્તાઈને ન ચાલ્યા જાય, અલ્લાહ સઘળું જાણે છે જે કંઈ તેઓ કરે છે. (૮)

તફસીર :

અને (હે પયગમ્બર ﷺ !) જો આ લોકો (તવહીદ અને રિસાલત વિશે) તમને જૂઠાડે તો (તમે દિલગીર ન થાઓ કારણ કે) તમારાથી અગાઉ પણ ઘણા પયગમ્બરો જૂઠાડવામાં આવી ચૂક્યા છે (એક તો તેનાથી સાંત્વના પ્રાપ્ત કરો) અને (બીજી વાત એ કે) સઘળા કાર્યો અલ્લાહ સમક્ષ જ રજુ કરવામાં આવશે (તે પોતે બધા સાથે જોઈ લેશે, તમે શા માટે ચિંતામાં પડો છો, આગળ સામાન્ય લોકોને સંબોધન છે કે) હે લોકો ! (إِلَى اللّٰهِ تُرْجَعُ الْأُمُورُ જેમાં કયામતની ખબર છે તેને સાંભળીને આશ્ચર્ય અને શંકા ન કરો) અલ્લાહ તઆલાનો (આ) વાયદો અવશ્ય સાચો છે, બસ એવું ન થાય કે આ દુનિયવી જિંદગી તમને ધોકામાં નાંખી રાખે (કે તેમાં ઓતપ્રોત થઈને તે આવનારા દિવસથી ગાફેલ રહો) અને એવું ન થાય કે તમને ધોકેબાજ (શયતાન) અલ્લાહથી ધોકામાં નાંખી દે (કે તમે તેના આ બહેકાવવામાં ન આવી જાઓ કે અલ્લાહ તઆલા તમને અઝાબ આપશે નહીં, જેમકે તેઓ કહ્યા કરતા હતા وَلَئِنْ رُّجِعْتُ إِلٰى رَبِّىٓ إِنَّ لِى عِنْدَهٗ لَلْحُسْنٰى અને) આ શયતાન (જેની દગાબાજીનું ઉપર વર્ણન થયું છે) બેશક ! તમારો દુશ્મન છે, બસ તમે તેને (પોતાનો) દુશ્મન (જ) સમજતા રહો, તે તો પોતાના ટોળાને (એટલે કે પોતાનું અનુસરણ કરનારાઓને) માત્ર એટલા માટે (બાતિલ તરફ) બોલાવે છે જેથી તે લોકો દોઝખીઓમાંથી થઈ જાય, (બસ) જે લોકો કાફિર થઈ ગયા (અને

તે શયતાનના આમંત્રણ અને અભિમાનમાં ફસાઈ ગયા) તેમના માટે કઠોર અઝાબ છે અને જે લોકો ઈમાન લાવ્યા અને ભલા કામો કર્યા (અને તેના આમંત્રણ અને છેતરપિંડીમાં ફસાયા નહીં) તેમના માટે (ગુનાહોની) મા'ફી અને (ઈમાન અને નેક અમલો ઉપર) મોટો સવાબ છે, (અને જ્યારે કાફિરનું પરિણામ સખત અને મો'મિનોનો અંજામ મા'ફી અને મહાન બદલો છે) તો શું (બંને સમાન થઈ શકે છે ? એટલે કે) એવો વ્યક્તિ જેને તેના ખરાબ કર્મો સારા કરીને બતાવવામાં આવ્યા પછી તે તેને ભલા સમજવા લાગ્યો અને એવો વ્યક્તિ જે બુરાને બુરું સમજે છે, કેવી રીતે બરાબર હોઈ શકે છે ? (પ્રથમ વ્યક્તિથી ભાવાર્થ કાફિર છે જે શયતાનના બહેકાવવાથી બાતિલને સત્ય અને નુકસાનકર્તા વસ્તુને લાભદાયક વસ્તુ સમજે છે અને બીજા વ્યક્તિથી ભાવાર્થ તે વ્યક્તિ છે જે અંબિયા અલૈ.નું અનુસરણ કરે છે અને શયતાનનો વિરોધી છે, બાતિલને બાતિલ અને સત્યને સત્ય તથા ગુમરાહીને ગુમરાહી અને લાભને લાભ જાણે છે, એટલે કે બંને સમાન કેવી રીતે થઈ શકે છે ! બલકે એક જહન્નમી અને બીજો જન્નતી છે, બસ શયતાનના ધોકામાં આવનારા અને તેને દુશ્મન સમજનારાઓમાં આ તફાવત છે. તેથી અમે કહીએ છીએ, لَا يَغُرَّنَّكُمْ અને اِنَّ الشَّيْطٰنَ لَكُمْ عَدُوٌّ અને જો આ બાબત ઉપર આશ્ચર્ય થાય કે તે બુદ્ધિશાળી વ્યક્તિ ખરાબને ભલું કઈ રીતે સમજી લે છે ?) બસ (તેનું કારણ એ છે કે) અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે ગુમરાહ રાખે છે (તેની બુદ્ધિ અવળા માર્ગે જાય છે) અને જેને ઈચ્છે છે હિદાયત આપે છે (કે તેની સારું-નરસું પારખવાની શક્તિ સાચી રહે છે, પછી જ્યારે હિદાયત અને ગુમરાહીનો આધાર અલ્લાહની ઈચ્છા છે) તો તેના ઉપર અફસોસ કરીને ક્યાંક તમારા પ્રાણ ચાલ્યા ન જાય ! (એટલે કે કંઈ અફસોસ ન કરો, સબ્ર કરીને બેઠા રહો) અલ્લાહ તઆલાને તેમના કામોની બધી ખબર છે (સમય આવ્યે તેમની સાથે સમજી લેશે).

મસ્અલા અને બોધપાઠ :

لَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ માં શબ્દ غَرُوْرٌ بِفَتْحِ غَيْن (ગરૂર બ ફત્હે ગૈન) અતિશયોક્તિનું ક્રિયાપદ છે જેનો અર્થ ખૂબ ધોકો આપનાર થાય છે અને તેનો ભાવાર્થ "શયતાન" છે કે તેનું કાર્ય જ લોકોને ધોકામાં નાંખી કુફ્ર અને ગુનાહમાં સંડોવવાનું છે અને لَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ એટલે કે તે તમને અલ્લાહ વિશે ધોકામાં ન

નાંખી દે. આ ધોકાનો ભાવાર્થ એ છે કે શયતાન ખરાબ કર્મોને સારા સાબિત કરીને તમને તેમાં સંડોવી ન દે અને તમારી હાલત એવી થઈ જાય કે ગુનાહ કરતા રહો અને સાથે જ એવું સમજતા રહો કે અમે અલ્લાહ તઆલા સમીપ સ્વીકૃત છે, અમને અઝાબ થશે નહીં. *(કુર્તુબી)*

فَاِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ઇમામ બગવી (રહ.)એ હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કર્યું છે કે આ આયત તે સમયે નાઝિલ થઈ હતી જ્યારે કે રસૂલે કરીમ ﷺએ આ દુઆ કરી હતી કે યા અલ્લાહ ! ઈસ્લામને ઇજ્જત અને શક્તિ અર્પણ કર હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.) દ્વારા અથવા અબૂજહલ દ્વારા; અલ્લાહ તઆલાએ તેમનામાંથી હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.)ને હિદાયત આપીને ઈસ્લામની ઇજ્જત અને શક્તિનું કારણ બનાવી દીધા અને અબૂજહલ પોતાની ગુમરાહીમાં રહ્યો. *(મઝહરી)*

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૯ થી ૧૪)

وَاللّٰهُ الَّذِيْٓ اَرْسَلَ الرِّيٰحَ فَتُثِيْرُ سَحَابًا فَسُقْنٰهُ اِلٰى بَلَدٍ مَّيِّتٍ فَاَحْيَيْنَا
بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ كَذٰلِكَ النُّشُوْرُ ﴿۹﴾ مَنْ كَانَ يُرِيْدُ الْعِزَّةَ فَلِلّٰهِ الْعِزَّةُ جَمِيْعًا ؕ
اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ الطَّيِّبُ وَالْعَمَلُ الصَّالِحُ يَرْفَعُهٗ ؕ وَالَّذِيْنَ يَمْكُرُوْنَ السَّيِّاٰتِ
لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ وَمَكْرُ اُولٰٓئِكَ هُوَ يَبُوْرُ ﴿۱۰﴾ وَاللّٰهُ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ
مِنْ نُّطْفَةٍ ثُمَّ جَعَلَكُمْ اَزْوَاجًا ؕ وَمَا تَحْمِلُ مِنْ اُنْثٰى وَلَا تَضَعُ اِلَّا بِعِلْمِهٖ ؕ وَمَا يُعَمَّرُ
مِنْ مُّعَمَّرٍ وَّلَا يُنْقَصُ مِنْ عُمُرِهٖٓ اِلَّا فِيْ كِتٰبٍ ؕ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ﴿۱۱﴾ وَمَا يَسْتَوِي
الْبَحْرٰنِ ۖ هٰذَا عَذْبٌ فُرَاتٌ سَآئِغٌ شَرَابُهٗ وَهٰذَا مِلْحٌ اُجَاجٌ ؕ وَمِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِيًّا
وَّتَسْتَخْرِجُوْنَ حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ وَتَرَى الْفُلْكَ فِيْهِ مَوَاخِرَ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ
وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۱۲﴾ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ ۙ وَسَخَّرَ الشَّمْسَ
وَالْقَمَرَ ۖ كُلٌّ يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ؕ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ لَهُ الْمُلْكُ ؕ وَالَّذِيْنَ تَدْعُوْنَ

مِنْ دُوْنِهٖ مَا يَمْلِكُوْنَ مِنْ قِطْمِيْرٍ ﴿١٣﴾ اِنْ تَدْعُوْهُمْ لَا يَسْمَعُوْا دُعَآءَكُمْ ۚ وَلَوْ سَمِعُوْا
مَا اسْتَجَابُوْا لَكُمْ ۗ وَيَوْمَ الْقِيٰمَةِ يَكْفُرُوْنَ بِشِرْكِكُمْ ۗ وَلَا يُنَبِّئُكَ مِثْلُ خَبِيْرٍ ﴿١٤﴾

તરજુમો :

અને અલ્લાહ છે જેણે હવાઓ ચલાવી છે, પછી તે વાદળોને ઉઠાવે છે, પછી અમે તેને હાંકીને એક મૃત પ્રદેશ તરફ લઈ ગયા, પછી અમે તેનાથી જમીનને તેના મૃત્યુ પછી સજીવન કરી દીધી, એ જ પ્રમાણે ફરીવાર સજીવન થવાનું હશે. (૯) જેને ઈજ્જત જોઈતી હોય તો (જાણી લે) સઘળી ઈજ્જત માત્ર અલ્લાહના જ માટે છે, તેના તરફ પવિત્ર વાતો ચઢે છે અને નેક કામ તેને ઉપર ઉઠાવે છે અને જે લોકો બુરાઈઓના પ્રપંચમાં છે તેમના માટે કઠોર અઝાબ છે અને તેમના પ્રપંચ નિષ્ફળ જશે. (૧૦) અને અલ્લાહે તમને માટીથી બનાવ્યા, પછી ટીપા પાણીથી, પછી તમને જોડીમાં બનાવ્યા અને ન તો ગર્ભવતી થાય છે કોઈ માદા અને ન જ તેની જાણ વિના તે જણે છે અને ન તો કોઈ મોટી ઉંમરવાળો (મોટી ઉંમર) પ્રાપ્ત કરે છે અને ન જ કોઈની ઉંમર ઘટે છે પરંતુ કિતાબમાં (સઘળું) લખ્યું છે, બેશક ! આ અલ્લાહ માટે ખૂબ સહેલું છે. (૧૧) અને બે સમુદ્રો સમાન નથી, આ મીઠો છે તરસ છીપાવે છે, પીવા લાયક (સ્વચ્છ) ! અને આ ખારો કડવો અને બંનેમાંથી તાજું માંસ ખાઓ છો અને ઘરેણા કાઢો છો જેને પહેરો છો અને તમે તેમાં જહાજોને જુઓ કે પાણીને ચીરતા ચાલે છે જેથી તેની કૃપા (રોજી)ની શોધખોળ કરો અને જેથી તમે ઉપકાર માનો. (૧૨) રાતને દિવસમાં ઘુસાડે છે અને દિવસને રાતમાં ઘુસાડે છે ! અને કામે લગાડી દીધા સૂર્ય અને ચંદ્રને; દરેક એક નિશ્ચિત સમયસીમા સુધી ગતિ કરે છે; આ અલ્લાહ તમારો પરવરદિગાર છે તેના જ માટે બાદશાહી છે અને જેને તમે તેના સિવાય પોકારો છો તે ખજૂરના એક ઠળિયાના એક છાણા (પડ)ના પણ માલિક નથી. (૧૩) જો તમે તેમને પોકારો તો તમારી પોકાર સાંભળે નહીં અને જો સાંભળે પણ તો તમારું કામ કરશે નહીં અને કયામતના દિવસે તમારા ભાગીદાર ઠરાવવાના ઈન્કારી થયા અને કોઈ તમને બતાવશે નહીં જેવું ખબર રાખનાર (અલ્લાહ) બતાવશે. (૧૪)

તફસીર :

અને અલ્લાહ એવો (સર્વશક્તિમાન) છે જે (વરસાદ પહેલાં) હવાઓને મોકલે છે, પછી તે (હવાઓ) વાદળોને ઉઠાવે છે, (જેનું સ્વરૂપ સૂરએ નૂરના પાંચમાં રુકૂઅની આયત اَللّٰهُ الَّذِىْ اَرْسَلَ الرِّيٰحَ ની તફસીરમાં આવી ચૂક્યું છે) પછી અમે તે વાદળોને સુક્કા ભૂ-ભાગ તરફ હાંકીને લઈ જઈએ છીએ, (જેનાથી ત્યાં વરસાદ થાય છે) પછી અમે તેના દ્વારા (એટલે કે આ વાદળના પાણી દ્વારા) જમીનને (વનસ્પતિથી) જીવતી કરીએ છીએ (અને જે રીતે જમીનના યોગ્ય છે એ પ્રમાણેની જિંદગી અર્પણ કરીએ છીએ) એ જ પ્રમાણે (કયામતમાં મનુષ્યોનું) જીવી ઉઠવું છે (કે તેમને તેમના યોગ્ય સ્વરૂપનું જીવન અર્પણ થશે, આ સમાનતાનું દૃષ્ટાંત આપવાથી દેખીતું છે કે બંનેમાં એક સરખું લક્ષણ એટલે કે નષ્ટ થઈ જવાનું જોવા મળે છે, રૂહ વિશેનો વિષય તથા સજા અને જઝાની દલીલો તવહીદના સંદર્ભમાં સ્વાભાવિક રીતે આવી ગઈ છે પછી આ પ્રસ્તુત દલીલ પ્રમાણે એક બીજો વિષય પણ છે તે એ કે જ્યારે કયામતમાં સજીવન થવાનું છે તો ત્યાંનું અપમાન અને રુસ્વાઈથી બચવાની ફિકર કરવી જરૂરી છે, મુશ્રિકો પોતે ઘડી કાઢેલા પોતાના પૂજ્યોને શયતાનના ધોકામાં આવીને ઈજ્જત પ્રાપ્ત કરવાનું માધ્યમ સમજતા હતા, તેઓ કહેતા હતા هٰٓؤُلَآءِ شُفَعَآؤُنَا عِنْدَ اللّٰهِ એટલે કે તેઓ અમારા સિફારસ કરનાર છે દુનિયાના કાર્યોમાં પણ અને કયામત જો કોઈ વસ્તુ છે તો તે આખિરતના છુટકારા માટે પણ અમારા સિફારસી છે, જેમકે અલ્લાહ તઆલાએ સૂરએ મરયમમાં ઈરશાદ ફરમાવ્યો છે, وَاتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً لِّيَكُوْنُوْا لَهُمْ عِزًّا તેના વિશે અત્રે ઈરશાદ થાય છે) જે વ્યક્તિ (આખિરતમાં) ઈજ્જત પ્રાપ્ત કરવા ઈચ્છે (અને આ ઈચ્છવું એટલા માટે જરૂરી પણ છે કે આખિરતનું આવવું નિશ્ચિત બાબત છે) તો (તેણે અલ્લાહ તઆલા પાસેથી ઈજ્જત પ્રાપ્ત કરવી જોઈએ કારણ કે) બધી જ ઈજ્જત અલ્લાહ(ની જાત)ને જ (પ્રાપ્ત) છે (અને બીજાના માટે જ્યારે તે પ્રાપ્ત થશે તો તે અલ્લાહની આપેલી હશે અને આપેલી ઈજ્જત હંમેશા આપનારની ઋણી હોય છે, બસ તેમાં બધા જ અલ્લાહ તઆલાના મોહતાજ છે અને અલ્લાહ તઆલાથી તેને પ્રાપ્ત કરવાની રીત આ છે કે નિવેદનથી અથવા કર્મથી તેનું આજ્ઞાપાલન અને અનુસરણ અપનાવે કે અલ્લાહ તઆલા સમીપ આ જ વસ્તુઓ પસંદ કરવામાં આવેલ છે

એટલા માટે) સારી વાત તેના જ સુધી પહોંચે છે (એટલે કે તે તેને કબૂલ કરે છે) અને સારું કાર્ય તેને પહોંચે છે (સારી વાતમાં કલિમએ તવહીદ તથા બધા જ અલ્લાહના ઝિક્ર અને બધા જ સારા કાર્યોમાં દિલની સચ્ચાઈ તથા નેક કર્મો ઉપર મક્કમ રહેવું જાહેર હોય કે ગુપ્ત બધું સામેલ છે તો ભાવાર્થ એ થયો કે કલિમએ તવહીદ અને બધા જ ઝિક્ર સ્વીકૃત બનાવવાનું માધ્યમ નેક કર્મો છે અને જાહેર સ્વીકૃતી, મૂળ સ્વીકૃતી અને સંપૂર્ણ સ્વીકૃતી બંનેનો અને તેની વિગતનો બીજી દલીલો દ્વારા એ રીતે ખુલાસો કરવામાં આવ્યો કે દિલથી સમર્થન તો કલિમએ તય્યિબહ ઉપર અડગ રહેવું તથા તેને સ્વીકારવું મૌખિક રીતે અને દિલથી શરત છે, તેના વિના કોઈ ઝિક્ર સ્વીકાર્ય નથી અને બીજા નેક કાર્ય કબૂલ થવાની શરત કલિમએ તય્યિબહના તકાદાઓ ઉપર અવલંબિત છે, કારણ કે ફાસિક વ્યક્તિ જો કલિમએ તય્યિબહના કોઈ તકાદા ઉપર અમલ કરે છે તો તે કબૂલ તો થઈ જાય છે પરંતુ તેની સંપૂર્ણ સ્વીકૃતિ નથી થતી, બસ જયારે જે વસ્તુઓ અલ્લાહ તઆલાને પસંદ છે તો જે વ્યક્તિ તેને અપનાવશે તે પ્રિય થશે) અને જે લોકો (તેના વિરુદ્ધનો તરીકો અપનાવીને આપ ﷺનો વિરોધ કરી રહ્યા છે તે અલ્લાહ તઆલાનો જ વિરોધ છે અને તમારી સાથે) ખરાબ ખરાબ પ્રપંચ કરી રહ્યા છે તેમને સખત અઝાબ થશે (જે તેમના અપમાનનું કારણ બનશે અને તેમના ઘડી કાઢેલા મઅ્બૂદો તેમને લેશમાત્ર આબરૂ આપી શકશે નહીં, બલકે તેનાથી વિપરીત પોતે તેમના વિરોધી થઈ જશે, જેમકે અલ્લાહ તઆલા સૂરએ મરયમમાં ફરમાવે છે, سَيَكْفُرُوْنَ بِعِبَادَتِهِمْ وَيَكُوْنُوْنَ عَلَيْهِمْ ضِدًّا આ તો તેમનું આખિરતનું નુકસાન છે) અને (દુનિયામાં પણ તેમને એ નુકસાન થશે કે) તે લોકોના આ પ્રપંચ નેસ્તો નાબૂદ થઈ જશે (એટલે કે તેમના પ્રપંચમાં તેઓ સફળ થશે નહીં એટલા માટે એવું જ થયું કે તેઓ ઈસ્લામનો નાશ કરવા ઈચ્છતા હતા પરંતુ પોતે જ નષ્ટ થઈ ગયા, આ વિષય جُمْلَةٌ مُعْتَرِضَةٌ થી પૂર્ણ થઈને આગળ ફરી તવહીદના વિષય તરફ આવે છે, એટલે કે હક તઆલાની કુદરતનો એક નજારો તો આ હતો જે ઉપર اَللّٰهُ الَّذِىْٓ اَرْسَلَ....માં વર્ણન કરવામાં આવ્યો) અને (બીજો નજારો જે તવહીદ ઉપર દલીલ કરે છે તે એ છે કે) અલ્લાહ તઆલાએ તમને (એટલે કે માનવ પ્રજાતિને હઝરત આદમ અલૈ.ના સર્જન સ્વરૂપે) માટીથી પેદા કર્યા, પછી નુત્ફહ (વીર્ય)થી પેદા કર્યા, પછી તમને જોડાંમાં બનાવ્યા (એટલે કે

કોઈને પુરુષ તો કોઈને સ્ત્રી બનાવ્યા, આ તો તેની કુદરત છે) અને (તેનું ઈલ્મ એવું છે કે) કોઈ સ્ત્રીને ન તો ગર્ભ રહે છે અને ન જ તે જણે છે પરંતુ સઘળું તેની જાણકારીથી થાય છે (એટલે કે તેને પ્રથમથી બધાની ખબર હોય છે) અને (એ જ પ્રમાણે) ન તો કોઈની ઉંમર વધારે (નક્કી) કરવામાં આવે છે અને ન જ કોઈની ઉંમર ઓછી (નક્કી) કરવામાં આવે છે પરંતુ એ બધું લવહે મહફૂઝમાં (લખેલું) હોય છે (જેને અલ્લાહ તઆલાએ પોતાના કાયમી ઈલ્મ પ્રમાણે તેમાં લખી રાખ્યું છે અને જો કે તેની જાણકારી અમર્યાદિત અને અનંત છે પરંતુ એવું આશ્ચર્ય ન કરો કે ઉપસ્થિત થતાં પહેલાં બધી ઘટનાઓને કેવી રીતે લખી રાખી અને નિશ્ચિત કરી રાખી છે કારણ કે) આ સઘળું અલ્લાહ માટે ખૂબ સહેલું છે (કારણ કે તેનું જ્ઞાન પોતાનું છે, તેના માટે સઘળી જાણકારીની સાથે કોઈ બાબત બનતાં પહેલાં અને બન્યા પછી સરખી છે) અને (આગળ કુદરતની અન્ય દલીલો પણ સાંભળો કે પાણી એક ભૌતિક બંધારણ પ્રમાણે સરખું હોય છે પરંતુ તે છતાં તેમાં એ પ્રમાણે પાત્રતા અનુસાર તફાવત કરવામાં આવ્યો કે તે બે અલગ અલગ પ્રકારના પદાર્થો બની ગયા) બંને સમુદ્રો સમાન નથી (બલકે) એક તો મીઠો તરસ છીપાવનાર છે જેને પીવું પણ (માનવ સ્વભાવ પસંદ કરતો હોવાના કારણે) સરળ છે અને એક ખારું કડવું છે (તો આ અલ્લાહ તઆલાની કુદરતની અજાયબીઓ છે) અને (કુદરતની બીજી દલીલો પણ છે જે તેની નેઅ્મતોની પણ દલીલ છે, અમુક તો આ જ સમુદ્રો વિશે છે, દાખલા તરીકે) તમે દરેક (સમુદ્ર)માંથી (માછલીઓ કાઢીને તેનું) તાજું માંસ આરોગો છો અને (વળી) ઘરેણાં (એટલે કે મોતી) કાઢો છો જેને તમે પહેરો છો અને (હે શ્રોતા !) તું વહાણોને તેમાં જુએ છે પાણીને ચીરતા ચાલ્યા જાય છે જેથી તમે (તેના દ્વારા મુસાફરી કરીને) તેની રોજી શોધો અને જેથી (રોજી પ્રાપ્ત કરીને) તમે (અલ્લાહ તઆલાનો) ઉપકાર માનો (અને અમુક અન્ય નેઅ્મતો છે દાખલા તરીકે એ કે) તે રાત્રિ(ના ભાગો)ને દિવસ(ના ભાગો)માં પ્રવેશ કરાવી આપે છે અને દિવસ(ના ભાગો)ને રાત્રિ(ના ભાગો)માં દાખલ કરાવી આપે છે (જેમાં દિવસ અને રાત ઘટવા અને વધવા વિશેના લાભો પ્રાપ્ત થાય છે) અને (દાખલા તરીકે એ કે) તેણે સૂર્ય અને ચંદ્રને કામે લગાડી રાખ્યા છે (તેમનામાંથી) દરેક નિશ્ચિત સમય (એટલે કે કયામત) સુધી (આ જ પ્રમાણે) ચાલતા રહેશે, આ જ અલ્લાહ (જેની એ શા'ન છે કે તે) તમારો

પરવરદિગાર છે, તેની જ બાદશાહત છે અને તેના સિવાય જેને પોકારો છો તે તો ખજૂરના ઠળિયાની છાલ બરાબર પણ અધિકાર નથી ધરાવતા (એટલા માટે વનસ્પતિઓમાં તો દેખીતું છે અને તે ભૂચર અને ખેચરમાં પણ લાગુ પડે છે, તેનો ભાવાર્થ એ છે કે તેઓ પોતે કોઈ અધિકાર ધરાવતા નથી અને તેમની હાલત તો એ છે કે) જો તમે પોકારો તો પણ તેઓ (પ્રથમ તો) સાંભળશે જ નહીં (વનસ્પતિ તો એટલા માટે કે તેમનામાં સાંભળવાની ક્ષમતા નથી અને સજીવો એ અર્થમાં કે મૃત્યુ પછી તેમનું સાંભળવું જરૂરી અને કાયમી નથી, જ્યારે અલ્લાહ તઆલા ચાહે સંભળાવી આપશે, જ્યારે ન ઈચ્છે તો ન સંભળાવે) અને જો (ધારી લો કે) સાંભળી પણ લે તો તમારું કહ્યું કરશે નહીં અને કયામતના દિવસે તેઓ (પોતે) તમારા શિર્ક કરવાનો વિરોધ કરશે (અલ્લાહ તઆલાનું ફરમાન છે مَا كَانُوْٓا اِيَّانَا يَعْبُدُوْنَ وَغَيْرِ ذٰلِكَ مِنَ الْاٰيٰتِ) અને (અમે જે કંઈ કહીએ છીએ તેની ખરાઈ અને સત્યતામાં જરા પણ શંકા કે સંદેહ નથી, કારણ કે અમે દરેક બાબતોની સંપૂર્ણ ખબર રાખનાર છે અને હે શ્રોતા) તને સર્વજ્ઞ જેવી કોઈ ખબર આપશે નહીં (બસ અમારું બતાવેલું સૌથી વધારે અને સત્ય જ છે).

મસ્અલા અને બોધપાઠ :

اِلَيْهِ يَصْعَدُ الْكَلِمُ الطَّيِّبُ وَالْعَمَلُ الصَّالِحُ يَرْفَعُهٗ આનાથી આગલી આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે જે વ્યક્તિ ઈજ્જત અને શકિતનો ઈચ્છુક હોય તો તેણે સમજી લેવું જોઈએ કે તે અલ્લાહ તઆલાના સિવાય કોઈના સામર્થ્યની વાત નથી, જે વસ્તુઓને તેમણે પૂજ્ય બનાવી રાખી છે તો જેમનાથી ઈજ્જત આબરૂની આશા ઉપર મિત્રતા કરી રાખી છે તે કોઈને ઈજ્જત નથી આપી શકતા. આ આયતમાં અલ્લાહ તઆલાથી ઈજ્જત અને શકિત પ્રાપ્ત કરવાની રીત બતાવવામાં આવી છે જેના બે વિભાગો છે, એક કલિમએ તય્યિબહ. એટલે કે કલિમએ તવહીદ અને અલ્લાહની જાત તથા સિફતોનું જ્ઞાન, બીજું નેક કર્મો, એટલે કે દિલથી ઈમાન લાવવું. પછી તેના તકાદાઓ પ્રમાણે શરીઅતના તા'બે રહી અમલ કરવો. હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.)એ مُوْضِحُ الْقُرْاٰن (મુદિહુલ કુર્આન)માં કહ્યું છે કે ઈજ્જત આબરૂની પ્રાપ્તિનો આ નુસ્ખો બિલકુલ સાચો અને અકસીર છે, શરત એ છે કે અલ્લાહ તઆલાનો ઝિક્ર અને નેક કર્મો સાતત્ય સાથે હોય. આ સાતત્ય એક નિશ્ચિત સીમા સુધી પહોંચી

જાય છે તો અલ્લાહ તઆલા તે પ્રવૃત્તિ કરનારને તે કદી પૂર્ણ ન થનાર ઈજ્જત દુનિયા અને આખિરતમાં નસીબ ફરમાવે છે જેનું કોઈ ઉદાહરણ નથી.

પ્રસ્તુત આયતમાં આ બંને વસ્તુઓની વ્યાખ્યાઓ આ શબ્દોમાં કરવામાં આવી છે કે સારી વાતચીત અલ્લાહ તરફ ચઢે છે અને પહોંચે છે અને નેક કર્મો તેને ઊંચે ચઢાવે છે અને પહોંચાડે છે. اَلْعَمَلُ الصَّالِحُ يَرْفَعُهُ ના નહ્‌વી (વ્યાકરણ) બંધારણમાં અમુક સંભાવનાઓ છે, દરેક સંભાવનાઓના આધારે વાક્યનો અર્થ એક થઈ જાય છે. તફસીરના ઈમામોએ આ સંભાવનાઓ પ્રમાણે પોતપોતાની તફસીર પોતાની દીર્ઘદષ્ટિ પ્રમાણે કરી છે, પ્રથમ સંભાવનાઓ તો એ છે કે જેના વિશે તફસીરના ખુલાસામાં તરજુમો કરવામાં આવ્યો છે કે يَرْفَعُهُ (યરફઉહુ)ની ઝમીર ફાઈલ (કર્તા) સાલિહ તરફ રાજેઅ્ હોય અને ઝમીર મફઊલ (કર્મ) કલિમએ તય્યિબહ તરફ; તો અર્થ એ થશે કે કલિમએ તય્યિબહ અલ્લાહ તઆલા તરફ ચઢે છે પરંતુ તેને ચઢાવવાનું માધ્યમ અમલે સાલિહ (નેક કર્મો) હોય છે. જમહૂર તફસીરના ઈમામો હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી (રહ.), ઈબ્ને ઝુબૈર (રદિ.), મુજાહિદ (રહ.), ઝહ્‌હાક (રહ.), શહ્‌ર બિન હૌશબ (રહ.) વગેરેએ તેને જ અપનાવ્યું છે અને અલ્લાહ તઆલાની તરફ ચઢવા અને ચઢાવવાનો ભાવાર્થ અલ્લાહ સમીપ સ્વીકૃત હોવું છે એટલા માટે આ વાક્યનો ખુલાસો એ થશે કે કલિમએ તય્યિબહ ભલે કલિમએ તવહીદ હોય અથવા બીજા ઝિક્ર કે તસ્બીહ અથવા અલ્લાહના વખાણ અને સ્તુતિ વગેરે, તેમનામાંથી કોઈ વસ્તુ નેક કર્મો વિના અલ્લાહ પાસે સ્વીકૃત નથી, તેમાં નેક કર્મોનો મહત્ત્વનો ભાગ દિલથી સત્ય માનવું છે, એટલે કે દિલથી અલ્લાહ ઉપર અને તેની તવહીદ ઉપર ઈમાન લાવવું. આ તો સદંતર અમલની સ્વીકૃતિની જરૂરી શરત છે, તેના વિના ન તો કલિમએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ) સ્વીકૃત છે અને ન જ કોઈ બીજું ઝિક્ર.

અમલે સાલિહના બીજા વિભાગો નમાઝ, રોઝા વગેરે નેક અમલો તથા પ્રતિબંધિત અને સૂગપાત્ર વસ્તુઓથી બચવું છે. આ જો કે સમૂળગી સ્વીકૃતીની શરત નથી પરંતુ અમલો સ્વીકૃત થવાની સામાન્ય શરત આ અમલો પણ છે, તો જો કોઈ વ્યક્તિ દિલમાં ઈમાન અને તેની સત્યતાનો વિશ્વાસ નથી ધરાવતો તો તે ગમે એટલો જીભથી કલિમએ તવહીદ પઢે અને અલ્લાહની સ્તુતિ કે વખાણ કરે

તેને સ્વીકૃતીનો કોઈ ભાગ પ્રાપ્ત થશે નહીં અને જે ઈમાન અને દિલમાં તેનો વિશ્વાસ તો ધરાવે છે પરંતુ બીજા નેક કર્મો નથી કરતો અથવા તેમાં ઉણપ રાખે છે, તેનો ઝિક્ર અને કલિમએ તવહીદ બિલકુલ વ્યર્થ તો નહીં જાય પરંતુ માત્ર એટલું કામ આપશે કે તે હંમેશાના અઝાબથી છુટકારો પામશે પરંતુ તેને સંપૂર્ણ સ્વીકૃતી પ્રાપ્ત થશે નહીં જેની એ અસર થશે કે પોતાના અમલને છોડવાના પ્રમાણમાં અને ઉણપ રાખવાના પ્રમાણમાં અલ્લાહ ચાહશે તો અઝાબ ભોગવશે.

એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા કોઈ નિવેદનને અમલ વિના અને કોઈ નિવેદન અને અમલને નિય્યત વિના અને કોઈ નિવેદન અને અમલ અને નિય્યતને સુન્નતના અનુસરણ વિના કબૂલ નથી કરતો. *(કુર્તુબી)*

આથી જાણ થઈ કે સંપૂર્ણ સ્વીકૃતીની શરત સુન્નત પ્રમાણે હોવું છે, જો નિવેદન પણ અમલ પણ અને નિય્યત પણ આ બધું જ ઠીક હોય પરંતુ અમલની પદ્ધતિ સુન્નત પ્રમાણે ન હોય તો સંપૂર્ણ સ્વીકૃતી પ્રાપ્ત થશે નહીં.

અમુક તફસીરકારોએ આ વાક્યની "તરકીબે નહ્વી" (વ્યાકરણ) આ ઠરાવી છે કે, يَرۡفَعُهٗ (યરફઊ)ની "ઝમીરે ફાઈલ" (કર્તા) કલિમએ તય્યિબહ તરફ અને "ઝમીરે મફઊલ" (કર્મ) નેક કર્મો તરફ રાજેઅ્ છે. આવા સ્વરૂપમાં વાક્યનો અર્થ પ્રથમથી બિલકુલ ઊલટો એ થશે કે કલિમએ તય્યિબહ એટલે કે અલ્લાહનો ઝિક્ર અમલે સાલિહને ઊંચે ચઢાવે છે અને ઉઠાવે છે, એટલે કે તેને સ્વીકૃતીપ્રાપ્ત બનાવે છે. તેનો ખુલાસો એ થશે કે જે વ્યક્તિ અમલે સાલિહ સાથે અલ્લાહનો ઝિક્ર પણ મોટા પ્રમાણમાં કરે છે તો આ અલ્લાહનો ઝિક્ર તેના અમલને શણગારે છે અને સ્વીકૃત બનાવી આપે છે.

અને વાસ્તવિકતા એ છે કે જે પ્રમાણે માત્ર કલિમએ તવહીદ અને અલ્લાહ તઆલાની સ્તુતિ નેક કર્મો વિના પૂરતી નથી એ જ પ્રમાણે નેક કર્મો અને તેના હરામ હલાલના હુકમોની પાબંદી પણ અલ્લાહ તઆલાના ઝિક્રના મોટા પ્રમાણ વિના રોનક વિનાની રહે છે, અલ્લાહ તઆલાનો ઝિક્ર વધારે પ્રમાણમાં કરવાથી જ નેક અમલોનો શણગાર થાય છે અને તે તેને સ્વીકૃત બનાવે છે.

وَمَا يُعَمَّرُ مِنۡ مُّعَمَّرٍ وَّلَا يُنۡقَصُ مِنۡ عُمُرِهٖۤ اِلَّا فِىۡ كِتٰبٍ આ આયતનો

ભાવાર્થ જમહૂર તફસીરકારો સમીપ એ છે કે અલ્લાહ તઆલા જે વ્યક્તિને લાંબી ઉંમર અર્પણ કરે છે તે પ્રથમથી જ "લવહે મહફૂઝ"માં લખેલું હોય છે, એ જ પ્રમાણે જેની ઉંમર ઓછી રાખવામાં આવે છે તે પણ બધું "લવહે મહફૂઝ"માં પ્રથમથી લખાયેલું છે જેનો ખુલાસો એ છે કે અહીંયાં ઉંમરનું લંબાણ તથા તેનું ટૂંકું હોવું એક વ્યક્તિ વિશે ભાવાર્થ સ્વરૂપે નથી બલકે આ વાતચીત સમગ્ર માનવજાતિ વિશે છે કે માનવજાતિમાંથી કોઈ વ્યક્તિની ઉંમર લાંબી આપવામાં આવે છે અને કોઈને ઓછી. આ તફસીર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી હઝરત ઈબ્ને કષીર (રહ.)એ નકલ કરી છે અને જસ્સાસે હસન બસરી અને ઝહ્હાકનું આ જ નિવેદન વર્ણન કર્યું છે એટલા માટે ઈબ્ને જરીર, ઈબ્ને કષીર, રૂહુલ મઆની વગેરે તફસીરોમાં તેને જ જમહૂરની તફસીર ઠરાવવામાં આવી છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે જો ઉંમરના વધવા ઘટવાને એક જ વ્યક્તિ વિશે કહેવામાં આવે તો ઉંમરમાં ઘટાડો કરવાનો એ અર્થ છે કે દરેક વ્યક્તિની જે ઉંમર અલ્લાહ તઆલાએ લખી દીધી છે તે નિશ્ચિત છે અને જે દિવસ પસાર થાય છે તે જિંદગીના નિશ્ચિત સમયમાંથી એક દિવસ ઓછો કરી દે છે અને બે દિવસ પસાર થાય છે તો બે દિવસો ઓછા થઈ જાય છે. એ જ પ્રમાણે દરેક દિવસ બલકે દરેક શ્વાસ તેની જિંદગીને ઘટાડી રહેલ છે. આ તફસીર શોઅ્બી, ઈબ્ને ઝુબૈર, અબૂમાલિક, ઈબ્ને અતિય્યહ અને સુદ્દી દ્વારા વર્ણન થઈ છે. *(રૂહુલ મઆની)*

આ વિષયને આ શે'રમાં વર્ણન કરવામાં આવ્યો છે.

حَيَاتُكَ اَنْفَاسٌ تُعَدُّ فَكُلَّمَا مَضٰى نَفَسٌ مِّنْهَا اِنْتَقَصَتْ بِهٖ جُزْءٌ

તારી જિંદગી અમુક ગણતરીના શ્વાસોનું નામ છે તો જ્યારે પણ એક શ્વાસ પસાર થાય છે તારી જિંદગીનો એક વિભાગ ઘટી જાય છે.

ઈમામ નસાઈએ આ આયતની તફસીરમાં હઝરત અનસ બિન માલિક (રદિ.)થી આ રિવાયત કરી છે કે તેમણે રસૂલે કરીમ ﷺથી સાંભળ્યું કે આપ ﷺએ ફરમાવ્યું, مَنْ سَرَّهٗ اَنْ يُّبْسَطَ لَهٗ فِىْ رِزْقِهٖ وَيُنْسَاَ فِىْ اَثَرِهٖ فَلْيَصِلْ رَحِمَهٗ બુખારી, મુસ્લિમ, અબૂ દાવુદે પણ આ હદીષ યૂનુસ બિન યઝીદ અઈલીની રિવાયતથી વર્ણન કરી છે. હદીષનો ભાવાર્થ એ છે કે જે વ્યક્તિ ઇચ્છે છે કે તેની રોજીમાં વિશાળતા અને ઉંમરમાં વધારો થાય તો તેણે સીલારહમી કરવી જોઈએ,

એટલે કે પોતાના લોહીના સગાંઓ સાથે સારો વર્તાવ કરે. દેખીતી રીતે તેનાથી જાણ થાય છે કે સીલારહમીથી ઉંમર વધે છે પરંતુ તેનો અર્થ એક બીજી હદીષે પોતે સ્પષ્ટ કરી દીધો છે તે આ છે,

ઈબ્ને અબી હાતિમે હઝરત અબૂ દરદઅ્ (રદિ.)થી રિવાયત કરી છે કે તેઓ ફરમાવે છે કે અમે (આ વિષયનું વર્ણન) રસૂલે કરીમ ﷺની સામે કર્યું તો આપ ﷺએ ફરમાવ્યું કે (ઉંમર તો અલ્લાહ તઆલા નજીક એક જ અને નિશ્ચિત છે) જ્યારે નિશ્ચિત મુદત પૂરી થઈ જાય છે તો કોઈ વ્યક્તિને જરા પણ મહોલત આપવામાં નથી આવતી બલકે ઉંમરના વધારાથી એ ભાવાર્થ છે કે અલ્લાહ તઆલા તેને નેક અવલાદ અર્પણ કરે છે, તે તેના માટે દુઆ કરતા રહે છે, આ વ્યક્તિ હયાત નથી હોતો અને આ લોકોની દુઆઓ તેને કબ્રમાં મળતી રહે છે. (એટલે કે મૃત્યુ પછી પણ તેને લાભ પહોંચતો રહે છે જે પોતે જીવતા રહેવાથી પ્રાપ્ત થતો હોય છે, આ રીતે જોઈએ તો તેની ઉંમર વધી ગઈ, હઝરત ઈબ્ને કષીર રહ.એ આ બંને રિવાયતો નકલ કરી છે). ખુલાસો એ છે કે હદીષોમાં અમુક અમલો વિશે એ આવ્યું છે કે ઉંમર વધી જાય છે તેનો ભાવાર્થ ઉંમરની બરકત વધી જવાનો છે.

وَمِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْنَ حِلْيَةً تَلْبَسُوْنَهَا એટલે કે, ખારા અને મીઠા સમુદ્રો બંનેમાંથી તમને તાજો માંસ ખાવા મળે છે અને તેનો ભાવાર્થ તેમાંની માછલીઓ છે. આ આયતમાં માછલીને માંસના શબ્દથી ઓળખાવવામાં તે તરફ ઈશારો આપવામાં આવ્યો છે કે માછલી પોતે હલાલ માંસ છે તેને ઝબહ કરવાની આવશ્યકતા નથી, તેનાથી વિપરીત ભૂચર પ્રાણીઓ કે જ્યાં સુધી તેમને અલ્લાહ તઆલાના નામ ઉપર ઝબહ ન કરો તે હલાલ નથી, માછલીમાં આ શરત નથી એટલા માટે તે તૈયાર માંસ છે અને حِلْيَة નો ભાવાર્થ ઘરેણા છે, તેનો અર્થ મોતી છે. આયતથી એ જાણ થઈ કે મોતી જે રીતે ખારા દરિયામાં પેદા થાય છે મીઠા દરિયામાં પણ હોય છે જે સામાન્ય રીતે પ્રચલિત નથી, કારણ કે પ્રચલિત અને પ્રખ્યાત વાત એ છે કે મોતી ખારા સમંદરમાં પેદા થાય છે પરંતુ વાસ્તવિકતા એ જ છે જે કુર્આનના શબ્દોથી જાહેર થાય છે કે મોતી ખારા અને મીઠા બંને પાણીમાં પેદા થાય છે, અલબત્ત મીઠા સરોવરોમાં ઘણા ઓછા અને સમંદરમાં

મોટા પ્રમાણમાં થાય છે, વધારાના કારણે આ બાબત પ્રચલિત થઈ ગઈ કે મોતી માત્ર ખારા સમુદ્રમાંથી નીકળે છે.

અને تَلْبَسُوْنَهَا (તલબસૂનહા)માં પુરુષવાચક સર્વનામ ઉપયોગ કરવાથી એ તરફ ઈશારો છે કે મોતીઓનો ઉપયોગ પુરુષો માટે પણ જાઈઝ છે સોના ચાંદીથી વિપરીત કે તેનો ઘરેણા તરીકે ઉપયોગ કરવો પુરુષો માટે જાઈઝ નથી.

(રૂહુલ મઆની)

اِنْ تَدْعُوْهُمْ لَا يَسْمَعُوْا دُعَاءَكُمْ وَلَوْ سَمِعُوْا مَا اسْتَجَابُوْا لَكُمْ એટલે કે, આ મૂર્તિઓ અથવા અમુક નબીઓ અથવા ફરિશ્તાઓ જેને તમે પૂજ્ય સમજીને પૂજા કરો છો જો તેમને મુસીબતના સમયે પોકારશો તો પ્રથમ તો તેઓ તમારી વાત સાંભળી જ નહીં શકે, કારણ કે મૂર્તિઓમાં તો સાંભળવાની ક્ષમતા જ નથી હોતી. અંબિયા (અલૈ.) અને ફરિશ્તાઓમાં જો કે સાંભળવાની ક્ષમતા હોય છે પરંતુ ન તો તેઓ દરેક સ્થળે મોજૂદ છે અને ન જ બધાની વાત સાંભળી શકે છે, આગળ ફરમાવ્યું, ધારી લો કે તેઓ સાંભળી પણ લે જેમકે ફરિશ્તાઓ અને અંબિયા (અલૈ.) તો પણ તેઓ તમારી દરખાસ્ત પૂરી કરશે નહીં, કારણ કે તેમનામાં પોતે કોઈ શક્તિ નથી અને અલ્લાહ તઆલાની પરવાનગી વિના તેઓ કોઈની સિફારસ કરી શકતા નથી.

سَمَاعِ مَوْتٰى (સમાઊલ મવતા) "મૃતકોની સાંભળવાની શક્તિ"નો મસ્અલો જે આગળ આવી ચૂક્યો છે. આ આયતથી ન તો તેની સાબિતી સાબિત થાય છે અને ન જ તેનો નકાર થાય છે, તે ચર્ચાની દલીલો બીજી છે જેનું વર્ણન સૂરએ રૂમમાં વિગતપૂર્વક આવી ચૂક્યું છે.

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૧૫ થી ૨૬)

يٰۤاَيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى اللّٰهِ ۚ وَاللّٰهُ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿١٥﴾ اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَيَاْتِ
بِخَلْقٍ جَدِيْدٍ ﴿١٦﴾ وَمَا ذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ ﴿١٧﴾ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَاِنْ
تَدْعُ مُثْقَلَةٌ اِلٰى حِمْلِهَا لَا يُحْمَلْ مِنْهُ شَيْءٌ وَّلَوْ كَانَ ذَا قُرْبٰى ؕ اِنَّمَا تُنْذِرُ الَّذِيْنَ يَخْشَوْنَ

رَبَّهُمْ بِالْغَيْبِ وَاَقَامُوا الصَّلٰوةَ ۚ وَمَنْ تَزَكّٰى فَاِنَّمَا يَتَزَكّٰى لِنَفْسِهٖ ۚ وَاِلَى اللّٰهِ
الْمَصِيْرُ ﴿١٨﴾ وَمَا يَسْتَوِي الْاَعْمٰى وَالْبَصِيْرُ ﴿١٩﴾ وَلَا الظُّلُمٰتُ وَلَا النُّوْرُ ﴿٢٠﴾ وَلَا الظِّلُّ وَلَا
الْحَرُوْرُ ﴿٢١﴾ وَمَا يَسْتَوِي الْاَحْيَآءُ وَلَا الْاَمْوَاتُ ۚ اِنَّ اللّٰهَ يُسْمِعُ مَنْ يَّشَآءُ ۚ
وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِي الْقُبُوْرِ ﴿٢٢﴾ اِنْ اَنْتَ اِلَّا نَذِيْرٌ ﴿٢٣﴾ اِنَّآ اَرْسَلْنٰكَ
بِالْحَقِّ بَشِيْرًا وَّنَذِيْرًا ۚ وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ ﴿٢٤﴾ وَاِنْ يُّكَذِّبُوْكَ
فَقَدْ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۚ جَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ وَبِالزُّبُرِ وَبِالْكِتٰبِ
ع الْمُنِيْرِ ﴿٢٥﴾ ثُمَّ اَخَذْتُ الَّذِيْنَ كَفَرُوْا فَكَيْفَ كَانَ نَكِيْرِ ﴿٢٦﴾

તરજુમો :

હે લોકો ! તમે અલ્લાહના મોહતાજ છો અને અલ્લાહ તે જ છે ગની (સઘળી જરૂરિયાતોથી પાક) સઘળા વખાણોવાળો ! (૧૫) જો ચાહે તો તમને લઈ જાય અને એક નવી મખ્લૂક લઈ આવે. (૧૬) અને આ વાત અલ્લાહ માટે મુશ્કેલ નથી. (૧૭) અને કોઈ ભાર વેંઢારનાર બીજાનો ભાર વેંઢારશે નહીં અને જો કોઈ ભાર વેંઢારનાર પોતાના ભારને હટાવવા માટે પોકારે તો કોઈ એમાંથી તણમાત્ર પણ નહીં ઉઠાવે ભલે તે નજીકનો સંબંધી હોય; તમે તો તેમને ડર સંભળાવી આપો છો જેઓ પોતાના પરવરદિગારથી જોયા વિના ડરે છે અને નમાઝ કાયમ રાખે છે અને જે કોઈ પવિત્રતા પ્રાપ્ત કરશે તો એ જ છે કે તે પોતાના લાભ માટે પવિત્રતા પ્રાપ્ત કરશે અને અલ્લાહ તરફ જ સૌએ પાછા જવાનું છે. (૧૮) અને આંધળો તથા બહેરો એકસમાન નથી. (૧૯) અને ન તો અંધારું અને ન જ અજવાળુ. (૨૦) અને ન તો છાંયડો અને ન જ લૂ. (૨૧) અને જીવંત અને મૃત એકસમાન નથી, અલ્લાહ જેને ઈચ્છે સંભળાવે છે અને તમે કબ્રમાં પડેલાઓને સંભળાવવાના નથી. (૨૨) તમે તો બસ ડરની ખબર પહોંચાડનારા છો. (૨૩) અમે તમને સાચો દીન આપીને ખુશી અને ડર સંભળાવનારા મોકલ્યા છે અને કોઈ વર્ગ નથી જેમાં કોઈ ડર સંભળાવનારો ન થઈ ચૂક્યો હોય. (૨૪) અને જો તે તમને જૂઠાડે

તો અગાઉ જૂઠાડવામાં આવી ચૂક્યા છે તે લોકો કે જે તેમનાથી પહેલાં હતા, તેમની પાસે તેમના રસૂલ સ્પષ્ટ વાતો લઈને પહોંચ્યા અને સહીફા અને રોશન કિતાબ. (૨૫) પછી મેં તે કાફિરોને પકડ્યા, બસ મારો ઈન્કાર કરવો કેવો (વિધ્વંશક) રહ્યો ?! (૨૬)

તફસીર :

હે લોકો ! તમે (જ) અલ્લાહના મોહતાજ છો અને અલ્લાહ (તો) બેનિયાઝ (અને પોતે જ સંપૂર્ણ) ખુબીઓવાળો છે (બસ તમારા લાભ માટે જ તવહીદ વગેરેની તા'લીમ આપવામાં આવી છે, જો તમે માનશો નહીં તો તમે પોતાનું જ નુકસાન કરશો, બાકી અલ્લાહ તઆલાને તો પોતે ગની હોવાના કારણે તથા તેની સંપૂર્ણ સિફતોના કારણે તમારી અથવા તમારા અમલની કોઈ જરૂર નથી કે તેમાં કોઈ નુકસાનની સંભાવના હોય તથા કુફ્ર ઉપર જે નુકસાન થવાનું છે અલ્લાહ તઆલા અત્યારે તેને સ્થાપિત કરવા ઉપર શક્તિ ધરાવે છે એટલા માટે) જો તે ઇચ્છે તો (તમારા કુફ્રની સજામાં) તમને ફના કરી દે અને એક નવી મખ્લૂક પેદા કરી દે (જે તમારી જેમ કુફ્ર અને ઈન્કાર ન કરે) અને આ વાત અલ્લાહ માટે કોઈ મુશ્કેલ નથી (પરંતુ મસ્લિહતના કારણે મહોલત આપી રાખી છે, મતલબ કે અત્રે તો તે નુકસાન માત્ર સંભવિત છે પરંતુ કયામતમાં તે નુકસાન અવશ્ય થશે) અને (તે સમયે એવી હાલત હશે કે) કોઈ એક કોઈ બીજાનો (ગુનાહનો) ભાર ઉઠાવશે નહીં અને (પોતે તો કોઈ કોઈની શું મદદ કરે બલકે હાલત એ હશે કે) જો કોઈ ભારથી લદાયેલો (ગુનેહગાર) કોઈને પોતાનો ભાર ઉઠાવવા માટે બોલાવશે (પરંતુ) તે છતાં તેમાંથી કંઈપણ ભાર હટાવવામાં આવશે નહીં, ભલે તે વ્યક્તિ (જેને તે બોલાવી રહ્યો હતો) તેનો સગો જ (કેમ ન) હોય ! (તે સમયે સંપૂર્ણ નુકસાન આ કુફ્ર અને દુષ્કર્મોનું તેણે જ ભોગવવું પડશે. આ તો ઈન્કારીઓની સજાનું વર્ણન થયું, આગળ રસૂલે કરીમ ﷺને સાંત્વના આપવામાં આવી છે કે હે મુહમ્મદ ﷺ ! તમે તેમના ઈન્કાર ઉપર કે જેની સજા આ લોકો અવશ્ય ભોગવશે, આ પ્રમાણે ગમ અને અફસોસ શા માટે કરો છો !?) આપ (ﷺ) તો (એવા ડરાવનાર છો જેના ઉપર લાભ નિશ્ચિત થયો છે) માત્ર એવા લોકોને ડરાવી શકો છો જેઓ વિના જોયે તમારા પરવરદિગારથી ડરે છે અને નમાઝની પાબંદી કરે છે (اَلَّذِيْنَ) થી ભાવાર્થ મો'મિનો છે, એટલે કે તમારા ડરાવવાથી માત્ર

મો'મિનો લાભ ઉઠાવે છે કે હાલની હાલતમાં હોય કે ભવિષ્યમાં અને બંનેમાં એકસમાન સત્યની તલબ છે, મતલબ એ છે કે સત્યના સંશોધકને લાભ થતો હોય છે અને આ લોકો સત્યના ઇચ્છુક જ નથી બલકે તેમનાથી કોઈ આશા પણ રાખવા જેવી નથી) અને (આપ ﷺ તેમના ઈમાન ન લાવવાથી આટલી ફિકર ચિંતા શા માટે કરો છો ?) જે વ્યક્તિ (ઈમાન લાવીને શિર્ક અને કુફ્રથી) પવિત્ર હોય છે તે પોતાના (લાભ) માટે પવિત્ર હોય છે અને (જે ઈમાન નથી લાવતા તે ત્યાં ભોગવશે કારણ કે સૌને) અલ્લાહ તરફ પાછા વળીને જવાનું છે (બસ લાભ છે તો તેમનો ! તમે શા માટે ચિંતા કરો છો ?) અને (તે લોકોથી શું આશા રાખવામાં આવે કે તેમનું જ્ઞાન અને સમજશક્તિ મુસલમાનો પ્રમાણે હોય અને મુસલમાનોની જેમ તેઓ પણ સત્યનો સ્વીકાર કરી લે તો સત્યના દીની લાભાલાભમાં આ લોકો પણ ભાગીદાર થઈ જાય, કારણ કે મો'મિનોનું દષ્ટાંત સત્ય જોવામાં દષ્ટિવાળા વ્યક્તિ જેવું છે અને આ લોકો સત્ય બાબતે આંધળા વ્યકિત જેવા છે અને એ જ પ્રમાણે મો'મિન સત્યને સમજ દ્વારા જે રીતે હિદાયત અપનાવે છે એ જ પ્રમાણે સત્યનું ઉદાહરણ એક પ્રકાશ જેવું છે અને કાફિરો સત્યની સમજ ધરાવતા ન હોવાના કારણે એક અંધારાનું ઉદાહરણ છે, જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે وَجَعَلْنَا لَهُ نُورًا يَمْشِي بِهِ فِي النَّاسِ كَمَنْ مَثَلُهُ فِي الظُّلُمَاتِ لَيْسَ بِخَارِجٍ مِنْهَا અને આ જ પ્રમાણે સત્ય સ્વીકારવાનો લાભ જન્નત વગેરે છે, તેમનું ઉદાહરણ ظِلٍّ بَارِدٍ -છાંયડાનું છે અને જે જહન્નમ વગેરે બાતિલ તરીકા ઉપર ચાલવાથી પરિણામ સ્વરૂપે આવશે તેનું ઉદાહરણ બાળી નાંખનાર તડકા જેવું છે, જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે, ظِلٍّ مَمْدُودٍ الى قوله فِي سَمُومٍ અને દેખીતું છે કે) આંધળો અને દષ્ટિવાળો સમાન નથી અને ન જ અંધારું અને પ્રકાશ તથા છાંયડો અને તડકો (બસ ન તો તેમનું અને ન જ મો'મિનોનું જ્ઞાન તથા સમજશક્તિ સમાન હશે અને ન તો તેમનો તરીકો અને ન જ આ તરીકાનો લાભ) અને (મો'મિન અને કાફિરોમાં જે તફાવત આંધળા અને દેખતાનો વર્ણન કરવામાં આવ્યો છે તો તેનો હેતુ ઉણપનો નકાર કરવાનો છે, ન કે વધારાનો. કારણ કે તેમાં તફાવત જીવંત અને મૃત જેવો છે, બસ તેમની સમાનતાના નકાર માટે એવું કહેવું પણ સાચું છે કે) જીવંત અને મૃત સમાન નથી હોઈ શકતા (અને જ્યારે તેઓ મૃત છે તો મુરદાંઓને જીવીત કરવા તો માત્ર અલ્લાહના કાબૂમાં છે

બંદાના કાબૂમાં નથી, બસ જો અલ્લાહ જ તેમને હિદાયત આપી દે તો તે બીજી વાત છે કારણ કે) અલ્લાહ જેને ઈચ્છે સંભળાવી આપે છે (નહિતર પોતાના પ્રયત્નથી આ લોકો સત્યનો સ્વીકાર કરશે નહીં, કારણ કે તેમનું દષ્ટાંત તો મુરદાંઓ જેવું છે) અને તમે તે લોકોને સંભળાવી નથી શકતા જે કબરોમાં (દફન થઈ ચૂક્યા) છે (માટે જો તેઓ માને નહીં તો તમે ગમ ન કરો કારણ કે) તમે તો (કાફિરોના હકમાં) માત્ર ડરાવનારા છે (તમારી જવાબદારી એ નથી કે તે કાફિરો ડરીને માની પણ જાય અને તમારું આ ડરાવવું તમારા તરફથી નથી જેમકે નુબુવ્વતના ઈન્કારીઓ કહેતા હતા બલકે અમારા તરફથી છે કારણ કે) અમે જ તમને સત્ય (દીને હક્ક) આપીને (મુસલમનોને) ખુશખબરી સંભળાવનાર અને (કાફિરોને) ડર સંભળાવનાર બનાવીને મોકલ્યા છે અને (આ મોકલવું કોઈ અનોખી બાબત નથી જેમકે કાફિરો કહેતા હતા બલકે) કોઈ એવી ઉમ્મત નથી થઈ જેમાં કોઈ ડર સંભળાવનાર (એટલે કે પયગમ્બર) ન થયા હોય અને જો આ લોકો તમને જૂઠાડે તો (તમે તે અગાઉ થઈ ચૂકેલા પયગમ્બરોને જેમનું ટૂંકમાં હમણાં વર્ણન થયું છે અને વિગતવાર બીજી આયતોમાં વર્ણન થયું છે, કાફિરોના તેમની સાથેના દુર્વ્યવહારને યાદ કરીને પોતાના દિલને સમજાવી લેજો કારણ કે) જે લોકો તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે તેમણે પણ (પોતાના સમયના પયગમ્બરોને) જૂઠાડયા હતા (અને) તેમની પાસે પણ તેમના પયગમ્બર મોઅૂજિઝા અને સહીફા અને રોશન કિતાબો લઈને આવ્યા હતા (એટલે કે અમુક સહીફાઓ અને અમુક મોટી કિતાબો અને અમુક માત્ર નુબુવ્વતની ખરાઈ માટે મોઅૂજિઝાઓ અને હુકમો લઈને આવ્યા) પછી (જ્યારે તેમને જૂઠાડવામાં આવ્યા તો) મેં તે કાફિરોને પકડી લીધા, બસ (જુઓ) મારો અઝાબ કેવો થયો ! (એ જ પ્રમાણે આ લોકોને પણ સમય આવ્યે સજા આપીશ).

મસ્અલા અને બોધપાઠ :

وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰی એટલે કે, કયામતના દિવસે કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિના ગુનાહોનો ભાર ઉઠાવી શકશે નહીં, દરેકે પોતાનો ભાર પોતે જ વેંઢારવો પડશે અને સૂરએ અનકબૂતમાં જે આ આયત આવી છે, وَلَيَحْمِلُنَّ اَثْقَالَهُمْ وَاَثْقَالًا مَّعَ اَثْقَالِهِمْ એટલે કે, માર્ગ ભટકાવનારા લોકો પોતાના માર્ગ ભટકવાનો ભાર પણ ઉઠાવશે અને એટલો જ બીજો ભાર તેનો ઉઠાવશે કે તેમણે

અન્યોને ગુમરાહ કર્યા હતા, તેનો ભાવાર્થ એ નથી કે જેમને ગુમરાહ કર્યા હતા તેમનો ભાર આ લોકો કંઈક હલકો કરી આપશે બલકે તેમનો ભાર પોતાની જગ્યાએ તેમના ઉપર પૂરેપૂરો રહેશે અને ગુમરાહ કરનારાઓના ગુનાહો બમણા હોવાના કારણે તેમનો ભાર પણ બેવડાઈ જશે, એક પોતે ગુમરાહ થવાનો અને બીજો અન્યને ગુમરાહ કરવાનો એટલા માટે આ બંને આયતોમાં કોઈ વિરોધાભાસ નથી. *(રૂહુલ મઆની)*

હઝરત ઈકરીમા (રદિ.)એ પ્રસ્તુત આયતની તફસીરમાં ફરમાવ્યું કે તે દિવસે એક બાપ પોતાના દિકરાને કહેશે કે તમે જાણો છો કે હું તમારો કેવો કૃપાળુ અને દયાળુ બાપ હતો, તે સ્વીકાર કરશે કે નિઃશંક ! તમારા ઉપકારો અગણિત છે અને મારા માટે તમે દુનિયામાં ખૂબ કષ્ટો વેઠયા; ત્યારે બાપ કહેશે, બેટા ! આજે હું તારો મોહતાજ છું, પોતાની નેકીઓમાંથી મને થોડી આપી દે કે જેથી મારો છુટકારો થઈ જાય. બેટો કહેશે કે અબ્બાજાન ! તમે ખૂબ નાની વસ્તુની માંગણી કરી પરંતુ હું શું કરું ? જો હું તે તમને આપી દઈશ તો મારી આવી જ હાલત થઈ જશે એટલા માટે મજબૂર છું. પછી તે પોતાની પત્નીને આવું જ કહેશે કે મેં દુનિયામાં તારા ઉપર પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું આજે મને તારી થોડી નેકીઓની જરૂરત છે તે આપી દે, પત્ની પણ એવો જ જવાબ આપશે જેવો દિકરાએ આપ્યો હતો.

હઝરત ઈકરીમા (રદિ.)એ ફરમાવ્યું કે આ આયતનો આ જ ભાવાર્થ છે, لَا تَــزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْـرٰى અને ફરમાવ્યું કે કુર્આને કરીમે અનેક આયતોમાં આ વિષયને વર્ણન કર્યો છે. એક સ્થળે لَا يَـجْزِىْ وَالِدٌ عَنْ وَّلَدِهٖ وَلَا مَوْلُوْدٌ هُوَ جَازٍ عَنْ وَّالِدِهٖ شَيْـئًا એટલે કે, તે દિવસે ન તો કોઈ બાપ પોતાના બેટાને અઝાબથી છોડાવી શકશે અને ન જ બેટો બાપને. ભાવાર્થ એ જ છે કે કોઈ બીજાના ગુનાહો પોતાના ઉપર લઈને તેને બચાવી શકશે નહીં. સિફારસની બાબત આનાથી અલગ છે, એ જ પ્રમાણે બીજી આયતમાં يَوْمَ يَفِـرُّ الْـمَـرْءُ مِنْ اَخِيْـهِ وَاُمِّهٖ وَاَبِيْهِ وَصَاحِبَتِهٖ وَبَنِيْهِ ફરમાવ્યું, એટલે કે તે દિવસે મનુષ્ય પોતાના ભાઈ અને માં બાપથી અને પોતાની પત્ની અને અવલાદથી દૂર ભાગશે. ભાગવાનો ખુલાસો એ જ છે કે તે ડરતો હશે કે ક્યાંક આ લોકો પોતાના ગુનાહો મારા ઉપર નાંખવાની અથવા મારી કોઈ નેકી લેવાની દરખાસ્ત ન કરે. *(ઈબ્ને કષીર)*

وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِى الْقُبُوْرِ આ આયતની શરૂઆતમાં કાફિરોનું દષ્ટાંત મૃત લોકો જેવું અને મો'મિનોનું સજીવન લોકો જેવું આપવામાં આવ્યું છે, આ જ સંદર્ભથી અત્રે مَنْ فِى الْقُبُوْرِ નો ભાવાર્થ કાફિરો છે, મતલબ એ છે કે જે રીતે આપ ﷺ મુરદાઓને નથી સંભળાવી શકતા એ જ પ્રમાણે જીવંત કાફિરોને પણ સંભળાવી શકતા નથી.

આ આયતે પોતે એ વાત સ્પષ્ટ કરી દીધી છે કે અહીંયાં સંભળાવવાથી ભાવાર્થ તે સંભળાવવું છે જે લાભદાયક, અસરકારક અને નફાકારક હોય નહિતર કાફિરોને સંભળાવવું તો હંમેશા જ થતું રહ્યું અને જોવામાં આવતું રહ્યું છે કે તેમને તબ્લીગ કરવામાં આવતી હતી અને તેઓ સાંભળતા હતા એટલા માટે આ આયતનો ભાવાર્થ એ છે કે જે રીતે તમે મુરદાઓને સત્ય પાઠ સંભળાવીને સાચા માર્ગ ઉપર નથી લાવી શકતા, કારણ કે તેઓ દુનિયાની કર્મભૂમિથી આખિરતના બદલાના ઘર તરફ રવાના થઈ ચૂક્યા છે અને ત્યાં જો તેઓ ઈમાનનો સ્વીકાર પણ કરી લે તો પણ સ્વીકૃત નથી, એ જ પ્રમાણે કાફિરોની હાલત છે. તેનાથી સાબિત થયું કે મુરદાઓને સંભળાવવાનો જે નકાર આ આયતમાં કરવામાં આવ્યો છે તેનો ભાવાર્થ ખાસ લાભદાયક વાતો સંભળાવવી છે જેના કારણે સાંભળનાર ખોટા માર્ગને છોડીને સાચા માર્ગે આવી જાય. આ ચર્ચાથી સ્પષ્ટ થયું કે મુરદાઓને સાંભળવાના મસ્અલાથી આ આયતને કોઈ સંબંધ નથી, તેની વિગતવાર તહકીક સૂરએ રૂમમાં અને સૂરએ નમ્લમાં પસાર થઈ ચૂકી છે.

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૨૭-૨૮)

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۚ فَاَخْرَجْنَا بِهٖ ثَمَرٰتٍ مُّخْتَلِفًا اَلْوَانُهَا ۭ
وَمِنَ الْجِبَالِ جُدَدٌۢ بِيْضٌ وَّحُمْرٌ مُّخْتَلِفٌ اَلْوَانُهَا وَغَرَابِيْبُ سُوْدٌ ﴿۲۷﴾ وَمِنَ النَّاسِ
وَالدَّوَآبِّ وَالْاَنْعَامِ مُخْتَلِفٌ اَلْوَانُهٗ كَذٰلِكَ ۭ اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا ۭ
اِنَّ اللّٰهَ عَزِيْزٌ غَفُوْرٌ ﴿۲۸﴾

તરજુમો :

શું તમે જોયું નથી કે અલ્લાહે આસમાનથી પાણી ઊતાર્યું, પછી અમે તેમાંથી ફળફળાદિ કાઢી ભાતભાતના તેના રંગ અને પહાડોમાં ખીણો છે સફેદ અને લાલ ભાતભાતના તેમના રંગ અને કાળાચટ્ટ ! (૨૭) અને લોકોમાં અને કીટકોમાં અને ચોપગા(પશુ)ઓમાં એ જ પ્રમાણે કેટલા રંગ છે ! અલ્લાહથી તેના બંદાઓમાં તે જ ડરે છે જેમનામાં સમજ છે, બેશક ! અલ્લાહ જબરદસ્ત છે બખ્શનારો. (૨૮)

તફસીર :

(હે શ્રોતા !) શું તેં એ વાત ઉપર નજર નથી કરી કે અલ્લાહ તઆલાએ આસમાનથી પાણી ઉતાર્યુ ? પછી અમે તે (પાણી) દ્વારા વિવિધ રંગોના ફળ લગાવ્યા (ભલે એ રીતે કે તે ભિન્ન ભિન્ન પ્રકારના હોવાના કારણે અલગ અલગ રંગ ધરાવતા હોય અથવા એક જ પ્રકારના ફળો વિવિધ રંગોના હોય) અને (એ જ પ્રમાણે) પહાડોના પણ વિવિધ વિભાગો છે (અમુક) લાલ કે (પછી પોતે) તે (સફેદ અને લાલ)ના વિવિધ રંગો છે (અમુક ખૂબ સફેદ અને ઘણા લાલ અને અમુક હલકા સફેદ અને હલકા લાલ) અને (અમુક ન તો સફેદ અને ન જ લાલ બલકે) ખૂબ ઘેરા કાળા રંગના અને એ જ પ્રમાણે મનુષ્યો અને જાનવરો અને ચોપગાઓમાં પણ અમુક એવા છે કે તેમના રંગો વિવિધ પ્રકારના છે (અમુક સમયે વિવિધ પ્રકારના હોવાને કારણે અમુક ભિન્ન જાતીઓ સાથે આ રંગો ખાસ જોડાયેલા હોય છે અને અમુક વખતે એક જ પ્રકારની પ્રજાતિમાં વિવિધ રંગો હોય છે તો જે લોકો કુદરતની દલીલોમાં વિચાર કરે છે તેમને અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતાનું જ્ઞાન થાય છે) અને અલ્લાહથી તેના તે જ બંદાઓ ડરે છે જેઓ (તેની શ્રેષ્ઠતાનું) જ્ઞાન ધરાવે છે (જો શ્રેષ્ઠતાનું જ્ઞાન માત્ર માન્યતા અને બૌદ્ધિક રીતે છે તો આ ડરવું પણ માન્યતાની અને બુદ્ધિની રૂએ જ રહેશે અને જો શ્રેષ્ઠતાનું જ્ઞાન હાલની પરિસ્થિતિએ પહોંચી ગયું છે તો આ ડરવું પણ હાલના દરજ્જાનું હશે કે તેના વિરુદ્ધ સ્વાભાવિક નફરત અને તકલીફ થવા લાગશે) વાસ્તવમાં અલ્લાહ તઆલા(થી ડરવું સ્વાભાવિક રીતે ડરવું પણ જરૂરી છે, કારણ કે તે) જબરદસ્ત છે (કે સઘળું કંઈ કરી શકે છે અને વ્યક્તિના પોતાના હિત માટે પણ ડરવું જરૂરી છે, કારણ કે તે ડરનારાઓના ગુનાહોને) મહાન મા'ફ કરનારો છે.

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

અમુક લોકોએ કહ્યું છે કે આ આયતોમાં તવહીદના વિષયનું સત્વ છે જેની દલીલો કુદરતની નિશાનીઓ દ્વારા સાબિત કરવામાં આવી છે અને અમુકે કહ્યું કે આગળ આવી ચૂકેલી આયતોમાં લોકોની વિવિધ પરિસ્થિતિઓનું હોવું અને તેના ઉદાહરણો વર્ણન કર્યા છે. وَمَا يَسْتَوِى الْاَعْمٰى وَالْبَصِيْرُ وَلَا الظُّلُمٰتُ وَلَا النُّوْرُ وَلَا الظِّلُّ وَلَا الْحَرُوْر આ આયતો તેમાં વધારે સ્પષ્ટતા અને ખુલાસો કરે છે કે અલ્લાહ તઆલાની મખ્લૂકોમાં પરસ્પરનો તફાવત એક સર્જનાત્મક અને સ્વાભાવિક બાબત છે તથા વનસ્પતિ, ભૂચર, ખેચર વગેરેમાં પણ ઉપસ્થિત છે અને આ તફાવત માત્ર રંગ રૂપ સ્વરૂપનો નથી, બલકે દરેકની સ્વભાવની પ્રકૃતિમાં પણ હોય છે.

اِخْتِلَافِ اَلْوَانُ ثَمَرَاتٍ مُّخْتَلِفًا اَلْوَانُهَا માં ثَمَرَاتٌ (ષમરાત) એ (ઇખ્તિલાફે અલવાન)ને તરકીબે નહ્વીના આધારે "હાલ" (વર્તમાન) બનાવીને مُخْتَلِفًا مَنْصُوْب (મુખ્તલિફન મન્સૂબ) વર્ણન કર્યું છે અને આગળ પહાડોના રંગોનું વિવિધ પ્રકારના હોવું, એ જ પ્રમાણે મનુષ્યો અને પશુઓ વગેરેમાં આ વિવિધતા એક સિફત અને લક્ષણ સ્વરૂપે વર્ણન કરી છે એટલા માટે અહીંયાં مُخْتَلِفٌ مَرْفُوْعٌ ને મરફૂઅ્ લાવવામાં આવ્યું છે, તેમાં એ ઇશારો હોઈ શકે છે કે ثَمَرَاتٌ ના اِخْتِلَافِ اَلْوَانُ એટલે કે ફળોના વિવિધ પ્રકારો એક પરિસ્થિતિ ઉપર નથી અને વિકાસના ક્રમમાં થોડા થોડા સમયે બદલાતા રહે છે, તેનાથી વિપરીત પહાડો, મનુષ્યો અને પશુઓ કે તેમના જે રંગ છે તે સામાન્ય રીતે કાયમી છે અને બદલાતા નથી.

પહાડોમાં جُدَدٌ (જુદદૂન) કહ્યું, તે جُدَّةٌ (જુદહ)નું બહુવચન છે જેનો પ્રચલિત અર્થ તે નાના માર્ગનો છે જેને جَادَةٌ (જાદહ) કહેવામાં આવે છે અને અમુક લોકોએ "જુદહ" હિસ્સા અથવા વિભાગના અર્થમાં પણ ઠરાવ્યો છે. મતલબ કે બંને સ્વરૂપોમાં પહાડોના વિભાગોનું વિવિધ પ્રકારના હોવાનું વર્ણન છે જેમાં સૌ પ્રથમ સફેદનું અને અંતે કાળાનું વર્ણન થયું છે, વચ્ચે اَحْمَرُ (અહ્મર) એટલે કે, લાલ રંગના વર્ણન સાથે مُخْتَلِفٌ اَلْوَانُهٗ (મુખ્તલિફુન અલવાનુહ)

ફરમાવ્યું છે, તેમાં એ તરફ ઈશારો નીકળી શકે છે કે મૂળ રંગ દુનિયામાં બે જ છે, સફેદ અને કાળો અને આ જ સફેદ અને કાળા રંગના વિવિધ દરજ્જાઓથી તે વિવિધ પ્રકારના રંગો બને છે.

كَذٰلِكَ ۗ اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا આ સ્થળે શબ્દ كَذٰلِكَ (કઝાલિક) ઉપર જમહૂર નજીક وَقْف (વકફ) છે જે એ બાબતની નિશાની છે કે આ શબ્દ પાછલા વિષયની સાથે સંબંધ ધરાવે છે, અમુક મખ્લૂકોને (સર્જનને) વિવિધ પ્રકારો અને પ્રજાતિઓ તથા વિવિધ રંગો ઉપર બનાવવામાં ઘણી બધી હિકમતો રહેલી છે અને આ અલ્લાહ તઆલાની કુદરતની અને હિકમતની ખાસ નિશાની છે.

અમુક રિવાયતોથી જાણ થાય છે કે આ શબ્દનો સંબંધ આગલા વાક્ય સાથે છે, એટલે કે જે રીતે ફળો, પહાડો, પશુઓ અને મનુષ્યો વિવિધ રંગોમાં વહેંચાયેલા છે એ જ પ્રમાણે અલ્લાહનો ડર રાખવામાં પણ લોકોના વિવિધ દરજ્જાઓ છે, કોઈને તેનો ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત થાય છે, કોઈને ઓછો અને તેનો આધાર તેના જ્ઞાન ઉપર છે જે દરજ્જાનું જ્ઞાન મળ્યું છે તે જ દરજ્જાનું ડરવું પણ છે. *(રૂહુલ મઆની)*

પાછલી આયતોમાં ફરમાવવામાં આવ્યું હતું, اِنَّمَا تُنْذِرُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ જેમાં નબીએ કરીમ ﷺને સાંત્વના આપવા માટે ફરમાવવામાં આવ્યું હતું કે આપ ﷺના ડરાવવાનો અને તબ્લીગનો લાભ તો માત્ર તે જ લોકો ઉઠાવે છે જેઓ દીઠા વિના અલ્લાહ તઆલાનો ડર અને ખૌફ રાખે છે, તેના જ સંદર્ભથી આ આયત اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا માં તે લોકોનું વર્ણન છે જેમને અલ્લાહ તઆલાનો ડર પ્રાપ્ત થયો છે અને જેમકે પહેલાં કાફિરો અને ઈન્કારીઓનું અને તેમની હાલતોનું વર્ણન આવ્યું છે અને આમાં ખાસ અલ્લાહ તઆલાના વલીઓનું વર્ણન છે, શબ્દ اِنَّمَا (ઈન્નમા) અરબી ભાષામાં તાકીદ વર્ણન કરવા માટે આવે છે એટલા માટે આ વાક્યનો ભાવાર્થ દેખીતી રીતે એ જ છે કે માત્ર જ્ઞાનીઓ જ અલ્લાહથી ડરે છે પરંતુ ઈબ્ને અતિય્યહ વગેરે તફસીરના ઈમામોએ કહ્યું કે શબ્દ اِنَّمَا (ઈન્નમા) જે રીતે તાકીદ માટે આવે છે એ જ પ્રમાણે કોઈની ખાસિયત વર્ણન કરવા માટે પણ ઉપયોગ થાય છે અને અહીંયાં આ જ ભાવાર્થ છે કે, خَشْيَةُ اللّٰهِ (ખશિય્યતુલ્લાહ) "અલ્લાહનો ખૌફ" જ્ઞાનીઓની

ખાસ સિફત છે અને તે જરૂરી છે એનાથી આ જરૂરી નથી બનતું કે જે જ્ઞાનીઓ નથી તેમનામાં અલ્લાહનો ડર ન હોય શકે. *(બહરે મુહીત, અબૂ હય્યાન)*

આયતમાં શબ્દ عُلَمٰٓؤُا (ઉલમાઉ)થી ભાવાર્થ તે લોકો છે જેઓ અલ્લાહ તઆલાની જાત અને સિફતોનું સાચું જ્ઞાન ધરાવે છે અને વિશ્વની મખ્લૂકોમાં તેની કુદરત ઉપર અને તેના અહેસાનો તથા તેના ઈનામો ઉપર નજર રાખે છે, માત્ર અરબી ભાષા અથવા તેના માત્ર નહ્‌વ અને ઉચ્ચ કક્ષાની સાહિત્યિક કળા જાણનારાઓને કુર્આનની પરિભાષામાં આલિમ કહેવામાં આવતા નથી, બલકે જ્યાં સુધી તે અલ્લાહ તઆલાની મઆરિફત (પરિચય) પ્રસ્તુત પદ્ધતિથી પ્રાપ્ત ન કરે !

હઝરત હસન બસરી (રહ.)એ આ આયતની તફસીરમાં ફરમાવ્યું, આલિમ તે વ્યક્તિ છે જે એકાંતમાં અથવા જાહેરમાં અલ્લાહથી ડરે અને જે વસ્તુની અલ્લાહ તઆલાએ તાકીદ કરી છે તે તેને પસંદ હોય અને જે વસ્તુ અલ્લાહ તઆલા નજીક ધિક્કારપાત્ર છે તેનાથી તેને નફરત હોય.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) ફરમાવે છે,

لَيْسَ الْعِلْمُ بِكَثْرَةِ الْحَدِيْثِ وَلٰكِنَّ الْعِلْمَ عَنْ كَثْرَةِ الْخَشْيَةِ،

"ઘણી બધી હદીસો યાદ કરી લેવી અથવા ઘણી વાતો કરવી કોઈ જ્ઞાન નથી બલકે ઈલ્મ તે છે જેની સાથે અલ્લાહનો ડર હોય."

ખુલાસો એ છે કે જેટલા પ્રમાણમાં જેમાં અલ્લાહ તઆલાનો ડર છે તો તે તે દરજ્જાનો આલિમ છે, અહમદ બિન સાલિહ મિસરી (રહ.)એ ફરમાવ્યું કે ખશિયતિલ્લાહ (અલ્લાહના ડર)ને રિવાયતોના વધારે પ્રમાણમાં જાણવાથી અથવા વધારે પ્રમાણની જાણકારીથી નથી ઓળખવામાં આવતો બલકે તેને કિતાબ અને સુન્નતના અનુસરણથી ઓળખવામાં આવે છે. *(ઈબ્ને કસીર)*

શૈખ શિહાબુદીન સુહ્‌રવર્દી (રહ.)એ ફરમાવ્યું કે આ આયતમાં ઈશારો જોવા મળે છે કે જે વ્યક્તિમાં અલ્લાહનો ડર ન હોય તે આલિમ નથી. (મઝહરી) તેનું સમર્થન અકાબીરે સલફના નિવેદનોથી પણ થાય છે.

હઝરત રબીઅ્ બિન અનસ (રદિ.) ફરમાવે છે કે,

مَنْ لَّمْ يَخْشَ فَلَيْسَ بِعَالِمٍ

"જે અલ્લાહથી નથી ડરતો તે આલિમ નથી."

હઝરત મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું,

اِنَّمَا الْعَالِمُ مَنْ خَشِىَ اللّٰهَ

"આલિમ તો માત્ર તે જ છે જે અલ્લાહથી ડરે."

હઝરત સઈદ બિન ઈબ્રાહીમને કોઈએ પૂછ્યું કે મદીનામાં સૌથી વધારે اَفْقَهُ (અફકહ) કોણ છે? તો ફરમાવ્યું, اَتْقَاهُمْ لِرَبِّهٖ (અત્કાહુમ લિરબ્બિહી) એટલે કે જેઓ પોતાના પરવરદિગારથી સૌથી વધારે ડરનારા છે.

હઝરત અલી મુર્તઝા (રદિ.)એ ફકીહની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે,

اِنَّ الْفَقِيْهَ حَقَّ الْفَقِيْهِ مَنْ لَّمْ يُقَنِّطِ النَّاسَ مِنْ رَّحْمَةِ اللّٰهِ وَلَمْ يُرَخِّصْ لَهُمْ فِىْ مَعَاصِى اللّٰهِ تَعَالٰى وَلَمْ يُؤْمِنْهُمْ مِنْ عَذَابِ اللّٰهِ تَعَالٰى وَلَمْ يَدَعِ الْقُرْاٰنَ رَغْبَةً عَنْهُ اِلٰى غَيْرِهٖ اَنَّهٗ لَا خَيْرَ فِىْ عِبَادَةٍ لَا عِلْمَ فِيْهَا وَلَا عِلْمٍ لَا فِقْهَ فِيْهِ وَلَا قِرَاءَةٍ لَا تَدَبُّرَ فِيْهِ

(قُرْطُبِى)

"ફકીહ સંપૂર્ણ ફકીહ તે છે જે લોકોને અલ્લાહ તઆલાની રહમતથી હતાશ પણ ન કરે અને તેમને ગુનાહોની છૂટ પણ ન આપે અને તેમને અલ્લાહ તઆલાના અઝાબથી (છૂટી જ જશો એમ) સંતોષ પણ ન આપે અને કુર્આનને છોડીને કોઈ બીજી વસ્તુ તરફ આકર્ષણ ન ઉપજાવે. (અને ફરમાવ્યું) તે ઈબાદતમાં કોઈ ભલાઈ નથી જે જ્ઞાન વગરની હોય અને તે ઈલ્મમાં કોઈ ભલાઈ નથી જે فِقْه *એટલે કે સમજ્યા વિનાની હોય અને તે કિરાઅતમાં કોઈ ભલાઈ નથી જે ચિંતન વિના હોય."*

પ્રસ્તુત ખુલાસાઓથી એ શંકા પણ નિર્મૂળ થઈ જાય છે કે ઘણા બધા ઉલમાને જોવામાં આવે છે કે તેમનામાં અલ્લાહનો ડર અને ખૌફ નથી હોતો, કારણ કે ઉપરોક્ત ખુલાસાથી જાણ થઈ કે અલ્લાહ સમીપ માત્ર અરબી જાણવાનું નામ ઈલ્મ અને જાણકારીઓ ધરાવનારનું નામ આલિમ નથી જેનામાં અલ્લાહનો ડર ન હોય તે કુર્આનની પરિભાષામાં આલિમ જ નથી, અલબત્ત

અલ્લાહનો ડર (ખશિય્યત) ક્યારેક માત્ર માન્યતાની રૂએ કે બૌદ્ધિક હોય છે જેના કારણે વ્યકિત ખચકાટ વિના શરીઅતના હુકમોનો પાબંદ બને છે અને ક્યારેક આ خَشِيَّةٌ حَالِي (ખશિયતે હાલી) અને مَلَكَهْ رَاسِخَهْ (મલકએ રાસિખહ)ના દરજ્જામાં હોય છે જેમાં શરીઅતનું અનુસરણ સ્વભાવનો એક તકાદો બની જાય છે, ખશિયત (અલ્લાહના ડર)નો પ્રથમ દરજ્જો مامور અને આલિમો માટે જરૂરી છે, બીજો દરજ્જો શ્રેષ્ઠ અને ઉચ્ચ પ્રકારનો છે. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૨૯ થી ૩૭)

إِنَّ الَّذِينَ يَتْلُونَ كِتَٰبَ اللَّهِ وَأَقَامُوا الصَّلَوٰةَ وَأَنفَقُوا مِمَّا رَزَقْنَٰهُمْ سِرًّا وَعَلَانِيَةً
يَرْجُونَ تِجَٰرَةً لَّن تَبُورَ ﴿٢٩﴾ لِيُوَفِّيَهُمْ أُجُورَهُمْ وَيَزِيدَهُم مِّن فَضْلِهِۦ ۚ إِنَّهُۥ
غَفُورٌ شَكُورٌ ﴿٣٠﴾ وَالَّذِىٓ أَوْحَيْنَآ إِلَيْكَ مِنَ الْكِتَٰبِ هُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا
بَيْنَ يَدَيْهِ ۗ إِنَّ اللَّهَ بِعِبَادِهِۦ لَخَبِيرٌۢ بَصِيرٌ ﴿٣١﴾ ثُمَّ أَوْرَثْنَا الْكِتَٰبَ الَّذِينَ اصْطَفَيْنَا
مِنْ عِبَادِنَا ۖ فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهِۦ ۚ وَمِنْهُم مُّقْتَصِدٌ ۚ وَمِنْهُمْ سَابِقٌۢ بِالْخَيْرَٰتِ بِإِذْنِ اللَّهِ ۚ
ذَٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيرُ ﴿٣٢﴾ جَنَّٰتُ عَدْنٍ يَدْخُلُونَهَا يُحَلَّوْنَ فِيهَا مِنْ أَسَاوِرَ
مِن ذَهَبٍ وَلُؤْلُؤًا ۖ وَلِبَاسُهُمْ فِيهَا حَرِيرٌ ﴿٣٣﴾ وَقَالُوا الْحَمْدُ لِلَّهِ الَّذِىٓ أَذْهَبَ
عَنَّا الْحَزَنَ ۖ إِنَّ رَبَّنَا لَغَفُورٌ شَكُورٌ ﴿٣٤﴾ الَّذِىٓ أَحَلَّنَا دَارَ الْمُقَامَةِ مِن فَضْلِهِۦ ۚ
لَا يَمَسُّنَا فِيهَا نَصَبٌ وَلَا يَمَسُّنَا فِيهَا لُغُوبٌ ﴿٣٥﴾ وَالَّذِينَ كَفَرُوا لَهُمْ نَارُ
جَهَنَّمَ ۚ لَا يُقْضَىٰ عَلَيْهِمْ فَيَمُوتُوا وَلَا يُخَفَّفُ عَنْهُم مِّنْ عَذَابِهَا ۚ كَذَٰلِكَ
نَجْزِى كُلَّ كَفُورٍ ﴿٣٦﴾ وَهُمْ يَصْطَرِخُونَ فِيهَا ۚ رَبَّنَآ أَخْرِجْنَا نَعْمَلْ صَٰلِحًا غَيْرَ
الَّذِى كُنَّا نَعْمَلُ ۚ أَوَلَمْ نُعَمِّرْكُم مَّا يَتَذَكَّرُ فِيهِ مَن تَذَكَّرَ وَجَآءَكُمُ النَّذِيرُ ۖ
فَذُوقُوا فَمَا لِلظَّٰلِمِينَ مِن نَّصِيرٍ ﴿٣٧﴾

તરજુમો :

જે લોકો અલ્લાહની કિતાબ પઢે છે અને નમાઝની પાબંદી કરે છે અને અમારું આપેલું કંઈક ખર્ચ કરે છે ગુપ્ત અને જાહેર, એક વેપારના આશાવાદી છે જેમાં ખોટ ન હોય. (૨૯) જેથી તેમને તેમનો સવાબ પૂરેપૂરો આપે અને પોતાના ફઝ્લ(કૃપા)થી વધારે આપે, બેશક ! તે મહાન બખ્શનારો કદરદાન છે. (૩૦) અને જે અમે તમારા ઉપર કિતાબ ઊતારી તે જ સત્ય છે, પોતાની આગલી કિતાબોની ખરાઈ કરનારી, બેશક ! અલ્લાહ પોતાના બંદાઓની બધી ખબર રાખનાર, જોનાર છે. (૩૧) પછી અમે કિતાબના વારસ બનાવ્યા તે લોકોને જેમને અમે પોતાના બંદાઓમાંથી ચૂંટી લીધા, પછી કોઈ તેમનામાં પોતાની જાતનું બુરું કરે છે અને કોઈ તેમનામાં મધ્યમ માર્ગે ચાલે છે અને કોઈ તેમનામાં અલ્લાહના હુકમથી ખૂબીઓ લઈને આગળ વધી ગયા છે, આ જ મહાન કૃપા છે. (૩૨) રહેવા માટેના બગીચા છે જેનામાં તેઓ જશે, ત્યાં તેમને ઘરેણું પહેરાવવામાં આવશે સોનાના કંગન અને મોતીનું; અને ત્યાં તેમનો પોશાક રેશમી છે. (૩૩) અને કહેશે અલ્લાહનો શુક્ર છે જેણે અમારાથી ગમ દૂર કર્યો, બેશક ! અમારો પરવરદિગાર મહાન બખ્શનાર, કદરદાન છે. (૩૪) જેણે અમને પોતાની કૃપાથી આબાદ રહેનારા ઘરમાં ઉતાર્યા, તેમાં અમને ન તો તકલીફ પહોંચે અને ન જ અમને તેમાં થાકવાનું. (૩૫) અને જે લોકો ઈન્કારી છે તેમના માટે દોઝખની આગ છે, ન તો તેમના ઉપર હુકમ પહોંચે કે મૃત્યુ પામે અને ન જ તેમના ઉપર ત્યાંનો અઝાબ હળવો થાય, આ સજા અમે દરેક નાશુક્રા(કાફિર)ને આપીએ છીએ. (૩૬) અને તેઓ તેમાં ચીસો પાડે, હે પરવરદિગાર ! અમને (આ દોઝખમાંથી) કાઢ કે અમે કંઈક ભલા કામ કરી લઈએ તે નહીં કે જે કરતા રહ્યા હતા ! શું અમે તમને એટલી જિંદગી ન આપી હતી કે જેમાં વિચારી લે જેને વિચારવું હોય ? અને તમારી પાસે (અમારો) ડરાવનાર પહોંચ્યો, હવે ચાખો કે કોઈ જાલિમોનો મદદગાર નથી. (૩૭)

તફસીર :

અને જે લોકો અલ્લાહની કિતાબ (એટલે કે કુર્આન)ની તિલાવત (અ્મલ

સાથે) કરતા રહે છે અને (ખાસ પાબંદીની સાથે) નમાઝની પાબંદી રાખે છે અને જે કંઈ અમે તેમને અર્પણ કર્યું છે તેમાંથી ગુપ્ત અને જાહેર રીતે (જે પ્રમાણે બની શકે યથાશક્તિ) ખર્ચ કરે છે તેઓ (અલ્લાહ તઆલાના વાયદાના કારણે) એવા (કાયમી લાભના) વેપારના આશાવાદી છે જેમાં ક્યારેય ખોટ નથી, (કારણ કે તે સોદાનો ખરીદાર મખ્લૂકમાંથી નથી જે ક્યારેક તો સોદાની કદર કરે છે અને ક્યારેક નથી કરતો, બલકે તેનો ખરીદાર પોતે હક તઆલા શા'નુહૂ હશે જે જરૂર વાયદા પ્રમાણે પોતાની ગરજે નહીં પરંતુ માત્ર તેમને નફો પહોંચાડવા માટે તેની કદર કરશે) જેથી તેમને તેઓ(ના અમલો)નો બદલો (પણ) પૂરેપૂરો આપે (જેનું વર્ણન આગળ આવશે ....جَنّٰتُ عَدْنٍ) અને (બદલા ઉપરાંત) તેમને પોતાની કૃપાથી બીજું વધારે (પણ) આપશે (દાખલા તરીકે એક નેકીનો સવાબ દશ બરાબર આપે, જેમકે અલ્લાહનું ફરમાન છે مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا) બેશક ! તે મહાન બખ્શનારો મોટો કદરદાન છે (બસ તેમના અમલોમાં કંઈક ઉણપ પણ રહી ગઈ હશે તો તેમની એવી કદર કરી કે બદલા ઉપરાંત ઈનામ પણ આપ્યું) અમે (કુર્આન મજીદ ઉપર અમલ કરવાની બરકતથી જે તેમને સવાબ અને કૃપા મળી, બસ ખરેખર કુર્આને કરીમ એવી જ વસ્તુ છે કારણ કે) આ કિતાબ જે અમે આપ (ﷺ)ની પાસે વહી સ્વરૂપે મોકલી છે કે જે બિલકુલ સત્ય છે જે પોતાનાથી આગલી કિતાબોનું પણ (એ અર્થમાં) સમર્થન કરે છે (કે તેમને મૂળ સ્વરૂપે અલ્લાહ તરફથી નાઝિલ થયેલ બતાવેલ છે, જો કે પાછળથી તેમાં હેરફેર થઈ ગઈ, મતલબ કે મૂળ કિતાબો દરેક રીતે સંપૂર્ણ છે અને કારણ કે) અલ્લાહ તઆલા પોતાના બંદાઓ(ની હાલત)ની સંપૂર્ણ ખબર રાખનાર (અને તેમની મસ્લિહતોને) સારી પેઠે જોનાર છે (એટલા માટે આ સમયે આવી જ સંપૂર્ણ કિતાબનું નાઝિલ કરવું હિકમત પ્રમાણે યોગ્ય જ હતું અને સંપૂર્ણ કિતાબ ઉપર અમલ કરનાર સંપૂર્ણ બદલાનો હકદાર થશે કે તે મૂળ બદલાનો અને વધારાની કૃપાનું મિશ્રણ છે, બસ આ બદલા અને કૃપાના વધારા માટે આ કિતાબ અમે પ્રથમ આપ ﷺ ઉપર નાઝિલ કરી અને) પછી આ કિતાબ અમે તે લોકોના હાથમાં પહોંચાડી જેમને અમે પોતાના (તમામ જગતના) બંદાઓમાંથી (ઈમાનના આધારે) પસંદ કર્યા (ભાવાર્થ તેનાથી ઈસ્લામના અનુયાયીઓ છે જે આ "ખસિયતે ઈમાન"થી સમગ્ર દુનિયાવાળાઓમાં અલ્લાહ નજીક સ્વીકૃત છે,

ભલે તેમનામાં કોઈ બીજું કારણ દાખલા તરીકે ખરાબ કૃત્યો ટીકાપાત્ર પણ હોય, મતલબ એ કે મુસલમાનોના હાથમાં તે કિતાબ પહોંચાડી) પછી (આ ચૂંટી કાઢેલા અને પસંદ કરવામાં આવેલા લોકોના ત્રણ પ્રકારો છે કે) અમુક તો તેમનામાં (કોઈ ગુનાહ કરીને) પોતાના પ્રાણો ઉપર જુલમ કરનારા છે અને અમુક તેમનામાં (જે ન તો ગુનાહ કરે છે અને ન જ આજ્ઞાપાલનમાં જરૂરિયાતથી આગળ વધનારા છે) વચ્ચેના દરજ્જાના છે અને અમુક તેમનામાં તે છે જે અલ્લાહની તવફીકથી નેકીઓમાં પ્રગતિ કરતા ચાલ્યા જાય છે (કે ગુનાહોથી પણ બચે છે અને ફરજોની સાથે ફરજ ન હોય તેવા સારા અમલો કરવાની પણ હિંમત કરે છે, મતલબ કે અમે ત્રણે પ્રકારના મુસલમાનોના હાથોમાં તે કિતાબ પહોંચાડી અને) આ (એટલે કે એવી સંપૂર્ણ કિતાબનું પહોંચાડી દેવું અલ્લાહ તઆલાની) મોટી કૃપા છે (કારણ કે તેના ઉપર અમલ કરવાના કારણે તેઓ મહાન સવાબના હકદાર થઈ ગયા, આગળ આ જ સવાબ અને કૃપાનું વર્ણન છે કે) તે (સવાબ અને કૃપા) બગીચાઓ છે હંમેશા રહેવાના; જેમાં આ લોકો (પ્રસ્તુત આયત ...إِنَّ الَّذِينَ يَتْلُونَ મુજબ) દાખલ થશે (અને) તેમને સોનાના કંગન અને મોતી પહેરાવવામાં આવશે અને તેમનો પોશાક ત્યાં રેશમનો હશે અને (ત્યાં દાખલ થઈને) કહેશે, અલ્લાહનો મહાન ઉપકાર છે જેણે અમારાથી હંમેશા માટે (રંજ અને) ગમ દૂર કર્યો, બેશક ! અમારો પરવરદિગાર મહાન બખ્શનારો મોટો કદરદાન છે જેણે અમને પોતાની કૃપાથી હંમેશા રહેનારા સ્થાનમાં લાવીને ઉતાર્યા જ્યાં ન તો અમને કોઈ તકલીફ પહોંચશે અને ન જ અમને કોઈ થાક લાગશે, (આ તો અલ્લાહની કિતાબ ઉપર અને તેના હુકમો ઉપર અમલ કરનારાઓની પરિસ્થિતિ થઈ) અને જે લોકો (તેનાથી વિપરીત) કાફિરો છે તેમના માટે દોઝખની આગ છે, ન તો તેમને મોત આવશે કે મૃત્યુ પામે (અને મૃત્યુ પામીને છૂટી જાય) અને ન જ દોઝખનો અઝાબ તેમના ઉપરથી હલકો કરવામાં આવશે, અમે દરેક કાફિરને આવી જ સજા આપીએ છીએ અને તે લોકો એ (દોઝખ)માં (પડયા પડયા) ચીસો પાડશે કે હે અમારા પરવરદિગાર ! અમને (આ દોઝખમાંથી) કાઢી લે, અમે (હવે ખૂબ) સારા (સારા) કામ કરીશું તે કામોથી વિરુદ્ધ જે (પહેલાં અમે) કર્યા કરતા હતા, (કહેવામાં આવશે કે) શું અમે તમને એટલી જિંદગી આપી ન હતી કે જેને સમજવું હોય તે સમજી શક્યો હોત !? અને

(માત્ર જિંદગી જ આપીને બસ નથી કર્યું બલકે) તમારી પાસે (અમારા તરફથી) ડરાવનાર (એટલે કે પયગમ્બર) પણ પહોંચ્યા હતા (ભલે પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે પરંતુ તમે તેમની એક વાત ન સાંભળી) બસ (હવે તેને ન માનવાના કારણે) મજા ચાખો આવા જાલિમોનો (અહીંયાં) કોઈ મદદગાર નથી (અમે તો નારાજગીના કારણે મદદ નહીં કરીએ અને અન્ય લોકોમાં મદદ કરવાની શક્તિ જ નથી).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોથી આગલી આયતોમાં ઉલમાએ હક જેઓ આરિફબિલ્લાહ (અલ્લાહનો પરિચય પામનાર) હોય તેમના એક એવા લક્ષણનું વર્ણન હતું જેનો સંબંધ દિલ સાથે છે, એટલે કે ખશિયતિલ્લાહ (અલ્લાહનો ડર). પ્રસ્તુત પ્રથમ આયતમાં આ જ અવલિયા અલ્લાહના અમુક એવા લક્ષણોનું વર્ણન છે જે શરીરના અવયવો દ્વારા અદા કરવામાં આવે છે, તેમાંથી પ્રથમ લક્ષણ કુર્આનની તિલાવત છે અને તેનો ભાવાર્થ તે લોકો છે જેઓ અલ્લાહ તઆલાની કિતાબની તિલાવત ઉપર સાતત્ય જાળવે છે, يَتْلُوْنَ (યત્લૂ-ન) بِصِيْغَةِ مُضَارِعْ (બ સેગએ મુજારેઅ્) એ બાબત તરફ ઈશારો કરે છે અને અમુક લોકોએ આ સ્થળે يَتْلُوْنَ (યત્લૂ-ન) તેના શાબ્દિક અર્થમાં લીધું છે, એટલે કે તે અમલમાં કુર્આનનું અનુસરણ કરે છે પરંતુ પહેલી તફસીર વધારે પ્રચલિત છે, જો કે વર્ણનશૈલી પ્રમાણે એ પણ નિશ્ચિત છે કે તિલાવત તે જ ભરોસાપાત્ર છે જેની સાથે કુર્આન ઉપર અમલ પણ હોય પરંતુ શબ્દ તિલાવત પોતાના પ્રચલિત અર્થમાં છે, એ જ પ્રમાણે હઝરત મુતર્રફ બિન અબ્દુલ્લાહ બિન શિખ્ખીર (રહ.)એ ફરમાવ્યું છે, هٰذِهٖ اٰيَةُ الْقُرَّاءِ એટલે કે આ આયત કારીઓ માટે છે જેઓ કુર્આનની તિલાવતને પોતાની જિંદગીની રોજિંદી પ્રવૃત્તિ બનાવે છે.

તેમની બીજી સિફત (લક્ષણ) નમાઝની પાબંદી અને ત્રીજી અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવો છે. ખર્ચ કરવાની સાથે ગુપ્ત અને જાહેર રહીને તે તરફ ઈશારો કરવામાં આવ્યો કે ઘણી ઈબાદતોમાં رِيَاءْ (રિયા) દેખાડો કરવાથી બચવા માટે ગુપ્ત રીતે તે પ્રવૃત્તિ કરવી ઉત્તમ હોય છે પરંતુ અમુક સમયે દીની હિતોના કારણે એ બાબતનો પણ તકાદો હોય છે કે જાહેરાત કરીને આ પ્રવૃત્તિ કરવામાં

આવે જેમકે જમાઅતની નમાઝ કે મિનારાઓ ઉપર અઝાન આપીને અને વધારેથી વધારે સમૂહ સાથે જાહેર રીતે તેને અદા કરવાનો હુકમ છે, આ જ પ્રમાણે અમુક સમયે અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવાની જાહેરાત પણ બીજાઓની પ્રેરણા અને પ્રોત્સાહન માટે જરૂરી હોય છે. ફુક્હાએ નમાઝ અને અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવું બંનેમાં એ વિગત કહી છે કે ફરજ અને વાજિબ અથવા તો સુન્નતે મુઅક્કિદહ હોય તેને તો જાહેર રીતે કરવું ઉત્તમ છે તેના સિવાય નફલ નમાઝોને ગુપ્ત રીતે અદા કરવી બહેતર છે. એ જ પ્રમાણે જ્યાં માલ ખર્ચ કરવો ફરજ અથવા વાજિબ છે જેમકે ફરજ ઝકાત અથવા સદકએ ફિત્ર અથવા કુર્બાની, તેમાં જાહેર રીતે ખર્ચ કરવું શ્રેષ્ઠ અને ઉત્તમ છે બાકી નફલ સદકાઓને ગુપ્ત રીતે ખર્ચ કરવું શ્રેષ્ઠ છે.

જે લોકો આ ત્રણ લક્ષણો ધરાવતા હોય એટલે કે કુર્આનની તિલાવત પાબંદીથી કરતા હોય અને નમાઝની પાબંદી કરતા હોય તથા અલ્લાહના માર્ગમાં ખુશી ખુશી માલ ખર્ચ કરતા હોય કે માત્ર ફરજ અને વાજિબની હદો સુધી જ મર્યાદિત ન રહે બલકે, નફલ સદકાઓ પણ અદા કરે. આગળ તેમનું એક લક્ષણ આ બતાવ્યું છે કે, يَرْجُوْنَ تِجَارَةً لَّنْ تَبُوْرَ તેમાં لَنْ تَبُوْرَ (લન તબૂર) એ بَوَارٌ (બવાર)થી બને છે જેનો અર્થ વ્યર્થ જવાનો થાય છે. આયતનો અર્થ એ છે કે પ્રસ્તુત સિફતના પાબંદ મો'મિનો એક એવા વેપારના આશાવાદી છે જેમાં કદી ખોટ નથી હોતી, આશાવાદી હોવાના શબ્દથી તે તરફ ઈશારો છે કે મો'મિનને દુનિયામાં પોતાના કોઈપણ નેક અમલ ઉપર વિશ્વાસ કરવાની સંભાવના નથી કે આ અમલ અમને જરૂર મા'ફ કરાવી આપશે અને તેનો સવાબ અને બદલો અમને ચોક્કસ મળશે જ, કારણ કે સંપૂર્ણ મા'ફી અને બખ્શીશ તો કોઈપણ મનુષ્યની તેના અમલોથી નથી થઈ શકતી કારણ કે માનવી ગમે એટલા નેક કૃત્યો કરે પરંતુ તે અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતા અને તેની ઈબાદતના હકને પૂર્ણ નથી કરી શકતો એટલા માટે સૌની મગફિરત અલ્લાહ તઆલાની કૃપા વિના થશે નહીં, જેમકે એક હદીષમાં આ વિષયનો ખુલાસો આવ્યો છે, તદુપરાંત દરેક નેક અમલની સાથે માનવીએ એ બાબતના ભયથી ગાફેલ ન રહેવું જોઈએ કે ઘણા બધા નેક અમલોમાં કોઈ ગુપ્ત બાબત શયતાની અથવા નફ્સાની સામેલ થઈ જાય છે જેના કારણે તે સ્વીકૃત થતા નથી અથવા અમુક સમયે એક નેક અમલની

સાથે કોઈ ખરાબ અમલ એવો થઈ જાય છે જે નેક અમલની સ્વીકૃતી માટે અવરોધક બની જાય છે એટલા માટે આયતમાં શબ્દ يَرْجُوْنَ (યરજૂ-ન) લાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે બધા જ નેક અમલોની પાબંદી પછી પણ કોઈએ પોતાના છુટકારા અને ઉચ્ચ દરજ્જાનો વિશ્વાસ કરી લેવો સાચું નથી, બસ વધારેથી વધારે ઉમ્મીદ કરી શકાય છે. *(રૂહુલ મઆની)*

નેક અમલોનું ઉદાહરણ વેપાર જેવું છે :

આ આયતમાં ઉપરોક્ત પ્રમાણેના નેક કર્મોને દૃષ્ટાંત સ્વરૂપે એક વેપારનું ઉદાહરણ આપી ઓળખવામાં આવ્યા છે, જેમકે એક બીજી આયતમાં ઈમાન અને અલ્લાહ તઆલાના માર્ગમાં જિહાદ ફી સબીલિલ્લાહને વેપારથી ઓળખવામાં આવ્યું છે. هَلْ اَدُلُّكُمْ عَلٰى تِجَارَةٍ تُنْجِيْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ، تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُجَاهِدُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ، (૬૧:૧૦) વેપારનું દૃષ્ટાંત એ સ્વરૂપમાં છે કે વેપારી પોતાની મૂડી અને સમય કોઈ કાર્ય માટે તે સમયે લગાવે છે કે જેનાથી તેની મૂડી વધી જાય અને નફો મળે પરંતુ દુનિયાના દરેક વેપારમાં નફાની સાથે ખોટ અને નુકસાનની હંમેશા સંભાવના રહેલી હોય છે, પ્રસ્તુત આયતમાં વેપારની સાથે لَنْ تَبُوْرَ (લન તબૂર)નો શબ્દ વધારીને ઈશારો કરવામાં આવ્યો છે કે આ આખિરતના વેપારમાં નુકસાન અથવા ખોટની કોઈ સંભાવના નથી અને અલ્લાહ તઆલાના નેક બંદાઓ જે નેક કર્મોમાં તકલીફ અને મહેનત ઉઠાવે છે તે સામાન્ય વેપારોની જેમ વેપાર નથી કરતા બલકે એક એવા વેપારના આશાવાદી છે જેમાં ક્યારેય ખોટ નથી હોતી અને તેમના આશાવાદનું વર્ણન કરવાથી ગુપ્ત ઈશારો એ તરફ પણ છે કે અલ્લાહ તઆલા કરીમુલ કર્મા (એટલે કે મહેરબાનોનો મહેરબાન) છે તે આશાવાદીઓની આશાને ઠગારી કરશે નહીં બલકે પૂરી કરશે, બલકે આગલા વાક્યમાં એ પણ કહેવામાં આવ્યું કે તેમની ઉમ્મીદ તો માત્ર પોતાના અમલોનો પૂરો બદલો મળવા સુધી મર્યાદિત છે પરંતુ અલ્લાહ તઆલા પોતાની કૃપાથી તેમને તેમની આશાઓથી પણ વધારે અર્પણ કરશે. لِيُوَفِّيَهُمْ اُجُوْرَهُمْ وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ માં શબ્દ لِيُوَفِّيَهُمْ (લિયુ વફ્ફિહીમ)નો સંબંધ لَنْ تَبُوْرَ (લન તબૂર) સાથે છે, એટલે કે તેમનો વેપાર ખોટથી માત્ર બાકાત જ નહીં બલકે તેમનો બદલો અને સવાબ પૂરેપૂરો મળશે

અને અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી તેમને પોતાના બદલા અને સવાબના હક કરતાં પણ કેટલુંય ઘણું વધારે અર્પણ કરશે.

આ કૃપા અને વધારામાં અલ્લાહ તઆલાનો વાયદો પણ સામેલ છે કે મો'મિનના અમલનો બદલો અલ્લાહ તઆલા વધારે કરીને આપે છે જેનું સૌથી ઓછું પ્રમાણ અમલના દશ ઘણા અને વધારે સાતસો ઘણા બલકે તેનાથી પણ વધારે હોય છે અને બીજા ગુનેહગારોના હકમાં તેમની સિફારસ કબૂલ કરવી પણ આ કૃપામાં સામેલ હોય છે, જેમકે એક હદીષમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ રસૂલે કરીમ ﷺથી આ કૃપાની તફસીરમાં આ રિવાયત કરી છે કે તે લોકો ઉપર દુનિયામાં જેણે અહેસાન કર્યું હતું આ લોકો તેમની સિફારસ કરશે તો તેઓ જહન્નમની સજાના હકદાર હોવા છતાં તેમની સિફારસથી તેમને છુટકારો પ્રાપ્ત થશે. (તફસીરે મઝહરી ઈબ્ને હાતિમના હવાલાથી) અને દેખીતું છે કે સિફારસ માત્ર ઈમાનવાળાઓ માટે જ થઈ શકશે, કાફિરો માટે સિફારસ કરવાની કોઈ પરવાનગી હશે નહીં, એ જ પ્રમાણે જન્નતમાં અલ્લાહ તઆલાનો દીદાર પણ આ કૃપાના મહાન ભાગમાંથી છે.

ثُمَّ اَوْرَثْنَا الْكِتٰبَ الَّذِيْنَ اصْطَفَيْنَا مِنْ عِبَادِنَا તેમાં શબ્દ ثُمَّ (ષુમ્મ) એ عَطْف (અતફ) માટે આવે છે અને તે એ બાબત ઉપર દલીલ કરે છે કે આ શબ્દથી પહેલી અને પાછળની બંને વસ્તુઓ ખાસિયતમાં સમાન હોવા છતાં અગ્ર અને પાછળનો ક્રમ ધરાવે છે. પ્રથમ વસ્તુ અગ્રસ્થાને અને પાછળની વસ્તુ પાછલા ક્રમે હોય છે, પછી આ અગ્રસ્થાને અને પાછલા ક્રમે હોવું ક્યારેક સમયના આધારે હોય છે, ક્યારેક હોદ્દા અને દરજ્જાના આધારે. આ આયતમાં શબ્દ ثُمَّ (ષુમ્મ) એ عَطْف (અત્ફ) છે, તેનાથી પહેલી આયતનો શબ્દ اَوْحَيْنَا (અવહયના) ઉપર અર્થ એ છે કે અમે કિતાબ એટલે કે કુર્આન જે ખાલિસ સત્ય છે અને આગલી બધી જ આસમાની કિતાબોની ખરાઈ કરે છે પ્રથમ વહી સ્વરૂપે રસૂલે કરીમ ﷺની પાસે મોકલ્યું, ત્યારબાદ અમે આ કિતાબના વારિસ એવા લોકોને બનાવી દીધા જેમને અમે પોતાના બંદાઓમાંથી ચૂંટી કાઢી પસંદ કરી લીધા છે. આ પ્રથમ અને અંત તથા અગ્રક્રમ અને પાછલા ક્રમે હોવું હોદ્દા અને દરજ્જાના આધારે દેખીતું તો છે જ કે કુર્આનને વહી દ્વારા રસૂલે કરીમ ﷺ પાસે મોકલવું રૂત્બા અને દરજ્જામાં અગ્રક્રમે છે અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને

અર્પણ કરવું ત્યાર પછીના ક્રમે છે અને જો ઉમ્મતને કુર્આનના વારસ બનાવવાનો અર્થ એ લેવામાં આવે કે આપ ﷺએ પોતાના પછીની ઉમ્મત માટે માલ દોલતનો વારસો છોડવાના બદલે અલ્લાહ તઆલાની કિતાબ વારસામાં છોડી, જેમકે એક હદીષમાં તેની સાક્ષી મોજૂદ છે કે અંબિયા (અલૈ.) દિરહમ અને દીનાર (માલ દોલત) વારસામાં નથી છોડતા તેઓ વારસામાં ઈલ્મ છોડે છે અને એક બીજી હદીષમાં ઉલમાને વારિસુલ અંબિયા કહેવામાં આવ્યા છે તો આ આધારે અગ્ર ક્રમ અને પાછલો ક્રમ સમયના આધારે પણ હોઈ શકે છે કે, અમે આ કિતાબ રસૂલે કરીમ ﷺને અર્પણ કરી છે પછી આપ ﷺએ તેને ઉમ્મત માટે વારસા સ્વરૂપે છોડી તેના વારસ બનાવ્યા. તેનો ભાવાર્થ તેને અર્પણ કરવો થાય છે. આ અર્પણ કરવાને શબ્દ مِيرَاثٌ (મીરાસ)થી ઓળખાવવા માટે એ તરફ ઈશારો છે કે જે રીતે વારસાનો મીરાસનો ભાગ તેમના કોઈ અમલ અને પ્રયત્ન વિના જ મળી જાય છે, કુર્આને કરીમની આ દોલત પણ આ ચૂંટી કાઢેલા બંદાઓને પણ તે જ પ્રમાણે કોઈ મહેનત કે તકલીફ વિના જ અર્પણ કરવામાં આવી છે.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ખાસ કરીને તેમના ઉલમાનું મહત્ત્વ અને શ્રેષ્ઠતા :

الَّذِينَ اصْطَفَيْنَا مِنْ عِبَادِنَا એટલે કે જેમને પોતાના બંદાઓમાંથી અમે ચૂંટી કાઢ્યા અને પસંદ કરેલ ઠરાવ્યા. જમહૂર તફસીરકારોના મતે તેનો ભાવાર્થ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ છે તેમના ઉલમા પ્રત્યક્ષ રીતે અને અન્ય લોકો ઉલમા દ્વારા; અલી બિન અબી તલ્હાએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ આયતની તફસીરમાં નકલ કર્યું છે કે, الَّذِينَ اصْطَفَيْنَا (અલ્લઝીનસ્તફયના)નો ભાવાર્થ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ છે. અલ્લાહ તઆલાએ તેમને દરેક તે કિતાબના વારસ બનાવ્યા છે જે તેણે ઊતારી છે. (એટલે કે કુર્આન બધી આસમાની કિતાબોનું સમર્થક અને રક્ષક હોવાના સ્વરૂપે બધી જ આસમાની કિતાબોનો ઠોસ વિષય છે, તેના વારસ બનવું જાણે કે બધી જ આસમાની કિતાબોના વારસ બનવા સમાન છે.) પછી ફરમાવ્યું, فَظَالِمُهُمْ يُغْفَرُ لَهُ وَمُقْتَصِدُهُمْ يُحَاسَبُ حِسَابًا يَسِيرًا وَسَابِقُهُمْ يُدْخَلُ الْجَنَّةَ بِغَيْرِ حِسَابٍ એટલે કે, આ ઉમ્મતનો જાલિમ પણ બખ્શવામાં આવશે અને મધ્યમ માર્ગે ચાલનારાથી પણ સરળ હિસાબ લેવામાં

આવશે અને "સાબિક" (અલ્લાહના હુકમથી ખુબીઓ લઈને આગળ વધનાર) હિસાબ વિના જ જન્નતમાં પ્રવેશ પામશે. *(ઈબ્ને કષીર)*

આ આયતમાં શબ્દ اِصْطَفَيْنَا (ઈસ્તફયના)થી ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની સૌથી મોટી મહાન શ્રેષ્ઠતા જાહેર થઈ, કારણ કે શબ્દ اِصْطِفَاءُ (ઈસ્તિફા) કુર્આને કરીમમાં ઘણું ખરું અંબિયા (અલૈ.) માટે આવ્યો છે. اَللّٰهُ يَصْطَفِيْ مِنَ الْمَلٰٓئِكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِ (૨૨:૭૫) અને એક આયતમાં છે اِنَّ اللّٰهَ اصْطَفٰٓى اٰدَمَ وَنُوْحًا وَّاٰلَ اِبْرٰهِيْمَ وَاٰلَ عِمْرٰنَ عَلَى الْعٰلَمِيْنَ (૩:૩૩) પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને اِصْطِفَاءُ (ઈસ્તિફા) એટલે કે ચૂંટી કાઢવામાં અંબિયા (અલૈ.) અને ફરિશ્તાઓની સાથે સામેલ કરી દીધા, જો કે "ઈસ્તફા"ના વિવિધ દરજ્જાઓ છે. અંબિયા (અલૈ.) અને ફરિશ્તાઓના ઈસ્તફા ઉચ્ચ કક્ષાના અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ત્યાર પછીના દરજ્જામાં આવે છે.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના ત્રણ પ્રકારો :

فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهٖ وَمِنْهُمْ مُّقْتَصِدٌ وَّمِنْهُمْ سَابِقٌ بِالْخَيْرٰتِ આ વાકય પ્રથમ વાકયનું વિવરણ અને ખુલાસો છે, એટલે કે અમે પોતાના જે બંદાઓને ચૂંટી અને પસંદ કરીને તેમને કુર્આનના વારસ બનાવ્યા છે તેમના ત્રણ પ્રકારો છે; જાલિમ (અત્યાચારી), મુક્તસિદ (મધ્યમમાર્ગી), સાબિક (અલ્લાહના હુકમથી ખુબીઓ લઈને આગળ વધનાર).

આ ત્રણે પ્રકારની તફસીર ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ આ પ્રમાણે વર્ણન કરી છે કે જાલિમથી તે વ્યક્તિ ભાવાર્થ તરીકે છે જે અમુક વાજિબોમાં ઉણપ રાખે છે અને અમુક હરામ કૃત્યો પણ કરે છે અને મુક્તસીદ (એટલે કે મધ્યમ માર્ગે ચાલનારા) તે વ્યક્તિઓ છે જે બધા જ શરઈ વાજિબોને અદા કરે છે અને બધા જ હરામ કૃત્યોથી બચે છે પરંતુ અમુક સમયે અમુક મુસ્તહબ છોડી દે છે અને અમુક મકરૂહ કામોમાં પણ સંડોવાઈ જાય છે અને سَابِقٌ بِالْخَيْرٰتِ (સાબિકુમ્બિલ્‌ખયરાત) તે વ્યકિત છે જે બધા જ વાજિબો અને મુસ્તહબોને અદા કરે છે તથા બધા જ હરામ અને મકરૂહોથી બચે છે અને અમુક મુબાહને ઈબાદતમાં મશગૂલ હોવાના કારણે અથવા હરામ હોવાની શંકાના કારણે છોડી દે છે.

આ ઈબ્ને કષીરનું વર્ણન છે, બીજા તફસીરકારોએ આ ત્રણ પ્રકારોની તફસીરમાં ઘણા વિવિધ નિવેદનો નકલ કર્યા છે. રૂહુલ મઆનીમાં લખાણના હવાલાથી ૪૩ નિવેદનો વર્ણન કર્યા છે પરંતુ વિચાર કરવામાં આવે તો તે બધાનો ઘણો ખરો ખુલાસો તે જ છે જે ઉપર ઈબ્ને કષીરના હવાલાથી વર્ણન કરવામાં આવ્યું.

એક શંકા અને તેનો જવાબ :

પ્રસ્તુત તફસીરથી એ સાબિત થયું કે اَلَّذِيْنَ اصْطَفَيْنَا (અલ્લઝીનસ્તફયના)થી ભાવાર્થ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ છે અને તેના આ ત્રણ પ્રકારો છે જેનાથી એ જાણ થઈ કે તેમનો પ્રથમ પ્રકાર એટલે કે જાલિમો પણ اَلَّذِيْنَ اصْطَفَيْنَا (અલ્લઝીનસ્તફયના) એટલે કે અલ્લાહના ચૂંટી કાઢેલા બંદાઓમાં સામેલ છે, તેમને દેખીતી રીતે અળગા સમજીને અમુક લોકોએ કહ્યું કે આ લોકો ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ અને ઈસ્તફયનાથી બાકાત છે પરંતુ ઘણી બધી સહીહ અને ભરોસાપાત્ર હદીષોથી એ સાબિત છે કે આ ત્રણે પ્રકારો ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના છે અને اِصْطَفَيْنَا (ઈસ્તફયના)ની ખાસિયતથી બાકાત નથી. આ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના મો'મિન બંદાઓની અતિમહત્ત્વની ખાસિયત અને શ્રેષ્ઠતા છે કે તેમનામાં જે અમલની રૂએ અધૂરા પણ છે તેઓ પણ આ શ્રેષ્ઠતામાં સામેલ છે, હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ આ સ્થળે તે બધી હદીષની રિવાયતો ભેગી કરી દીધી છે તેમાંથી અમુક આ પ્રમાણે છે.

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ પ્રસ્તુત આયત اَلَّذِيْنَ اصْطَفَيْنَا (અલ્લઝીનસ્તફયના)ના ત્રણ પ્રકારો વિશે ફરમાવ્યું કે આ બધા એક જ કક્ષામાં છે અને બધા જન્નતમાં છે. (રવાહુ અહમદ, ઈબ્ને કષીર) એક મરતાબામાં હોવાનો ભાવાર્થ એ છે કે સૌની મગફિરત થઈ જશે અને બધા જન્નતમાં જશે, એ અર્થ નથી કે દરજ્જાના આધારે તેમનામાં શ્રેષ્ઠતા નહીં હોય.

હઝરત અબૂ દરદઅ્ (રદિ.)થી વિવિધ સનદો સાથે એક હદીષ નકલ થઈ છે, ઈબ્ને કષીર (રહ.)એ એ બધાને નકલ કરી છે, તેમાંથી એક તે છે જે ઈબ્ને જરીર (રહ.)એ અબૂ ષાબિતથી નકલ કરી છે કે તેઓ એક દિવસે મસ્જિદમાં

ગયા તો ત્યાં હઝરત અબૂ દરદઅ્ (રદિ.) પ્રથમથી જ બેઠા હતા. અબૂ ષાબિત તેમની પાસે જઈને બેસી ગયા અને આ દુઆ કરવા લાગ્યા, اَللّٰهُمَّ اٰنِسْ وَحْشَتِىْ وَارْحَمْ غُرْبَتِىْ وَيَسِّرْلِىْ جَلِيْسًا صَالِحًا એટલે કે, યા અલ્લાહ ! મારા દિલનો ભય અને પરેશાનીને દૂર કર અને મારા ઘર વિહોણા હોવાની પરિસ્થિતિ ઉપર દયા કર અને મને કોઈ નેક સાથી અર્પણ કર. (અત્રે એ વાત યાદ રાખવાપાત્ર છે કે સલફે સાલિહીનમાં جَلِيْس صَالِحْ "જલીસ સાલિહ" એટલે કે "નેક સાથી"ની ઈચ્છા અને શોધખોળનો કેવો દરજ્જો હતો કે તેમને પોતાનો મહત્ત્વનો મકસદ અને પરેશાનીઓનો ઈલાજ સમજીને અલ્લાહ તઆલા સામે તે પ્રાપ્ત કરવાની દુઆઓ માંગતા હતા). હઝરત અબૂ દરદઅ્ (રદિ.)એ આ દુઆ સાંભળી તો કહ્યું કે જો તમે પોતાની આ દુઆ અને તલબમાં સાચા છો તો હું આ મા'મલામાં તમારાથી વધારે ખુશનસીબ છું. (મતલબ એ છે કે મને અલ્લાહ તઆલાએ તમારા જેવા "જલીસ સાલિહ"–નેક સાથી વિના માગ્યા આપી દીધા) અને ફરમાવ્યું કે હું તમને એક હદીષ સંભળાવું છું જે મેં રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળી છે પરંતુ જ્યારથી મેં તેને સાંભળી છે હજુ સુધી કોઈને વર્ણન કરવાની નોબત નથી આવી. તે આ છે કે રસૂલે કરીમ ﷺએ આ આયતનું વર્ણન કર્યું, ثُمَّ اَوْرَثْنَا الْكِتٰبَ الَّذِيْنَ اصْطَفَيْنَا.... પછી ફરમાવ્યું કે આ ત્રણ પ્રકારોમાંથી જેઓ "સાબિક બિલ ખયરાત" (અલ્લાહના હુકમથી ખુબીઓ લઈને આગળ વધનાર) છે તેઓ તો વિના હિસાબે જન્નતમાં જશે અને જેઓ મુક્તસીદ એટલે કે મધ્યમ માર્ગી છે તેમની પાસેથી હળવો હિસાબ લેવામાં આવશે અને જાલિમ એટલે કે જેઓ અમલમાં ઉણપ જ કરનારાઓ છે અને ગુનાહોની ભૂલોમાં સંડોવાયેલા રહેનારા છે તેમને આ સ્થળે સખત રંજ ગમ થશે, પછી તેમને પણ જન્નતમાં પ્રવેશવાનો હુકમ આપવામાં આવશે અને બધા રંજ ગમ દૂર થઈ જશે, તેનું જ વર્ણન આગલી આયતમાં આવ્યું છે. وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَذْهَبَ عَنَّا الْحَزَنَ એટલે કે તેઓ કહેશે, અલ્લાહનો શુક્ર છે જેણે અમારો ગમ દૂર કરી દીધો.

તબરાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, كُلُّهُمْ مِنْ هٰذِهِ الْاُمَّةِ એટલે કે આ ત્રણે પ્રકારો આ જ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺમાંથી હશે.

અબૂ દાવુદ કયાલસીએ ઉક્બા ઈબ્ને શાહબાન હાનાઈથી રિવાયત કરી છે

કે તેમણે ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને આ આયતની તફસીર પૂછી તો તેમણે ફરમાવ્યું, બેટા ! આ ત્રણે પ્રકારો જન્નતી છે. તેમનામાંથી "સાબિક બિલ ખયરાત" તો તે લોકો છે જેઓ રસૂલે કરીમ ﷺના સમયમાં થયા જેમના જન્નતી હોવાની ગવાહી પોતે રસૂલે કરીમ ﷺએ આપી દીધી અને "મુકતસિદ" (મધ્યમમાર્ગી) તે લોકો છે જેઓ તેમના પગલે ચાલે અને "સાબિકીન"ના અનુસરણ ઉપર સ્થાપિત રહે, એટલે સુધી કે તેમની સાથે મળી જાય, બાકી રહ્યા ظَالِمٌ لِّنَفْسِهٖ (જાલિમુલ્લિનફ્સિહી) તો તે આપણા તમારા જેવા લોકો છે.

આ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની વિનમ્રતા હતી કે પોતાને પણ તેમણે ત્રીજા દરજ્જામાં એટલે કે જાલિમુન્નફ્સિહીમાં ગણ્યા જ્યારે કે સહીહ હદીષોના ખુલાસા પ્રમાણે તેઓ સાબિકીન અવ્વલીનમાંથી છે.

ઈબ્ને જરીર (રહ.)એ હઝરત મુહમ્મદ ઈબ્ને હનફિય્યહ (રદિ.)થી નકલ કર્યું છે કે આ ઉમ્મત ઉમ્મતે મરહુમહ છે, તેના જાલિમો પણ બખ્શાયેલા છે અને મધ્યમમાર્ગી એટલે કે વચલા રસ્તા ઉપર ચાલનારા જન્નતમાં છે અને સાબિકુલ હયાત અલ્લાહ સમીપ ઉચ્ચ કક્ષામાં છે.

હઝરત મુહમ્મદ બિન અલી બાકિર (રદિ.)એ જાલિમુન્નફ્સિહીની તફસીરમાં ફરમાવ્યું, اَلَّذِىْ خَلَطَ عَمَلًا صَالِحًا وَّاٰخَرَ سَيِّئًا એટલે કે તે વ્યક્તિ જેણે નેક અને ખરાબ બંને પ્રકારના અમલોમાં ભેળસેળ કરી હોય.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના ઉલમાની મહાન શ્રેષ્ઠતા :

આ આયતમાં અલ્લાહ તઆલાએ એ ફરમાવ્યું છે કે અમે પોતાની કિતાબના વારસ તે લોકોને બનાવ્યા જેઓ અમારા બંદાઓમાંથી ચૂંટી કઢાયેલા અને સ્વીકૃત છે અને એ પણ દેખીતું છે કે અલ્લાહ તઆલાની કિતાબ અને નુબુવ્વતના જ્ઞાનના પ્રત્યક્ષ વારિસ ઉલમા છે જેમકે હદીષમાં પણ આવ્યું છે, اَلْعُلَمَاءُ وَرَثَةُ الْاَنْبِيَاءِ તેનો ખુલાસો એ છે કે જે લોકોને અલ્લાહ તઆલાએ કુર્આન અને સુન્નતના જ્ઞાનની પ્રવૃત્તિ નિખાલસતા સાથે અર્પણ કરી તે એ બાબતની નિશાની છે કે તેઓ અલ્લાહના સ્વીકૃત વલીઓ છે જેમકે હઝરત ષુઅ્લબા બિન હકમ (રદિ.)એ રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ

તઆલા કયામતના દિવસે ઉમ્મતના ઉલમાને સંબોધન કરીને કહેશે કે મેં તમારી છાતીઓમાં પોતાનું જ્ઞાન અને હિકમત માત્ર એટલા માટે રાખી હતી કે મારો ઈરાદો એ હતો કે તમારી મગફિરત કરું ભલે તમારા અમલ ગમે એવા હોય. (ઉપરોક્ત વર્ણનમાં આ બાબત જાણ થઈ ચૂકી છે કે જે વ્યક્તિમાં અલ્લાહ તઆલાનો ડર અને ખૌફે ખુદા નથી તે ઉલમાની યાદીમાંથી બાકાત છે એટલા માટે આ સંબોધન તે જ લોકો માટે છે જેઓ અલ્લાહના ડરમાં રંગાયેલા હોય, તેમનાથી એ શક્ય જ નથી કે તેઓ નચિંત થઈને ગુનાહોમાં સંડોવાયેલા રહે, હા ! માનવપ્રકૃતિના તકાદાઓના લઈ ક્યારેક ક્યારેક તેમનાથી પણ ભૂલો થઈ જાય છે, તેને જ આ હદીષમાં કહેવામાં આવ્યું છે કે તમારા અમલ ગમે એવા હોય તમારા ભાગે મગફિરત (મા'ફી) નિશ્ચિત છે.

આ બધી રિવાયતો તફસીરે ઈબ્ને કષીરમાંથી લેવામાં આવી છે અને અંતિમ હદીષ જે હઝરત ષુઅ્લબા (રદિ.) દ્વારા રિવાયત કરવામાં આવી છે તેને તબરાનીએ પણ રિવાયત કરી છે જેની સનદમાં બધા જ વાહકો, ષિક્કા (સાચા) છે.

(તફસીરે મઝહરી)

તફસીરે મઝહરીમાં ઈબ્ને અષાકીરના હવાલાથી પ્રસ્તુત હદીષનો આ જ વિષય અબૂ ઉમર સનઆનીથી પણ રિવાયત થયો છે, એ જ પ્રમાણે હઝરત અબૂમૂસા અશઅરી (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મહશરમાં અલ્લાહ તઆલા પોતાના બધા બંદાઓને એકઠા કરશે પછી તેમનામાં ઉલમાને એક વિશિષ્ટ સ્થળે ભેગા કરીને સંબોધન કરશે,

اِنِّی لَمْ اَضَعْ عِلْمِیْ فِیْكُمْ اِلَّا لِعِلْمِیْ بِكُمْ وَلَمْ اَضَعْ عِلْمِیْ فِیْكُمْ لِاُعَذِّبَكُمْ اِنْطَلِقُوْا قَدْغَفَرْتُ لَكُمْ،

"મેં પોતાનું જ્ઞાન તમારા દિલોમાં એટલા મારે રાખ્યું હતું કે હું તમારાથી વાકેફ હતો (કે તમે આ ઈલ્મની અમાનતનો હક અદા કરશો), મેં પોતાનું ઈલ્મ તમારી છાતીઓમાં એટલા માટે રાખ્યું ન હતું કે તમને અઝાબ આપું, જાઓ ! મેં તમને મા'ફ કરી દીધા." *(મઝહરી)*

ખુલાસો :

આ આયતમાં સૌ પ્રથમ જાલિમને પછી મુક્તસીદ એટલે કે

મધ્યમમાર્ગીને અને અંતે સાબિક બિલ ખયરાતનું વર્ણન કર્યું છે, આ ક્રમનું કારણ કદાચ એ હોય કે સંખ્યાના આધારે જાલિમુન્નફ્સિહી સૌથી વધારે છે, તેમનાથી ઓછા મધ્યમ માર્ગવાળા અને તેમનાથી ઓછા સાબિક બિલ ખયરાત છે જેમની સંખ્યા વધારે હતી તેમને અગ્રસ્થાને વર્ણન કરવામાં આવ્યા.

ذٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيْرُ جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا يُحَلَّوْنَ فِيْهَا مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ وَّلُؤْلُؤًا وَلِبَاسُهُمْ فِيْهَا حَرِيْرٌ શરૂઆતમાં અલ્લાહ તઆલાએ પોતાના સ્વીકૃત ચૂંટી કાઢેલા બંદાઓના ત્રણ પ્રકારો બતાવ્યા છે, પછી ફરમાવ્યું, ذٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيْرُ એટલે કે અમે ત્રણેને સ્વીકૃત બંદાઓમાં ગણ્યા છે, આ અલ્લાહની ઘણી મોટી કૃપા છે, આગળ તેમના બદલાનું વર્ણન છે કે તેઓ જન્નતમાં જશે.

દુનિયામાં પુરુષો માટે ઘરેણા પહેરવા પણ હરામ છે અને રેશમી પોષાક પણ; તેના બદલામાં તેમને જન્નતમાં આ બધી વસ્તુઓ આપવામાં આવશે અને તેનાથી એ શંકા કરવામાં ન આવે કે ઘરેણા પહેરવા તો સ્ત્રીઓનું કામ છે, પુરુષોને છાજતું નથી પરંતુ આખિરત અને જન્નતની હાલતને દુનિયાની હાલત ઉપર અનુમાનિત કરવી મૂર્ખામી છે.

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જન્નતવાળાઓના માથાઓ ઉપર મોતીઓથી ભરેલો તાજ હશે, તેના અદના મોતીનો પ્રકાશ એવો હશે કે પૂર્વથી પશ્ચિમ સુધી સમગ્ર વિશ્વને પ્રકાશિત કરી દેશે. *(રવાહુ તિરમિઝી, હાકિમ વ સહીહુલ બયહકી અઝ મઝહરી)*

ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું કે તફસીરકારોએ નોંધ્યું છે કે દરેક જન્નતીના હાથમાં કંગન પહેરાવવામાં આવશે, એક સોનાનો અને એક ચાંદીનો તથા એક મોતીઓનો. જન્નતી કંગન વિશે એક આયતમાં ચાંદીના અને બીજી આયતમાં સોનાનું વર્ણન થયું છે, આ તફસીરથી આ બંને આયતોમાં સુમેળ પણ સધાઈ જાય છે.

જે વ્યક્તિ દુનિયામાં સોના ચાંદીના વાસણો તથા રેશમી પોશાકનો ઉપયોગ કરશે જન્નતમાં તે તેનાથી વંચિત રહેશે :

હઝરત હુઝયફા (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલે કરીમ ﷺથી સાંભળ્યું છે

કે આપ ﷺએ ફરમાવ્યું કે રેશમી પોષાક ન પહેરો અને સોના ચાંદીના વાસણોમાં પાણી ન પીઓ તથા તેની થાળીનો ખાવામાં ઉપયોગ ન કરો, કારણ કે આ વસ્તુઓ દુનિયામાં કાફિરો માટે છે અને તમારા માટે આખિરતમાં છે.

(બુખારી અને મુસ્લિમ)

હઝરત ઉમર (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે પુરુષે દુનિયામાં રેશમી કપડાં પહેર્યાં તે આખિરતમાં પહેરી શકશે નહીં. (બુખારી અને મુસ્લિમ) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની એક રિવાયતમાં છે કે દુનિયામાં રેશમી પોશાક પહેરનાર પુરુષ આખિરતમાં તેનાથી વંચિત હશે ભલે જન્નતમાં ચાલ્યો પણ જાય. *(મઝહરી)*

وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَذْهَبَ عَنَّا الْحَزَنَ એટલે કે, જન્નતવાળાઓ જન્નતમાં પ્રવેશ થવાના સમયે કહેશે, અલ્લાહનો શુક્ર છે જેણે અમારો ગમ દૂર કરી આપ્યો. આ "ગમ"થી શું ભાવાર્થ છે તેમાં તફસીરના ઈમામોના વિવિધ નિવેદનો છે અને સાચું એ છે કે બધા જ રંજ અને ગમ તેમાં સામેલ છે, દુનિયામાં માનવી કેટલોય મોટો બાદશાહ બની જાય અથવા નબી અથવા વલી બને, રંજ અને ગમથી કોઈનો છુટકારો નથી.

در یں دنیا کسے بے غم نباشد وگر باشد بنی آدم نباشد

આ દુનિયામાં કોઈ વ્યક્તિ ગમથી બાકાત નથી હોતો,
જો કોઈ ગમથી બાકાત હોય તો પછી તે માનવી નથી.

આ દુનિયામાં ગમો અને ચિંતાઓથી કોઈ નેક અથવા ખરાબ વ્યક્તિને છુટકારો નથી એટલા માટે બુદ્ધિશાળીઓ દુનિયાને ચિંતાનું ઘર કહે છે. આ આયતમાં જે ગમને દૂર કરવાનું વર્ણન છે તેમાં આ દુનિયાના ગમ અને ચિંતા બધું જ સામેલ છે, બીજો ગમ અને ચિંતા કયામત તથા હશ્ર અને બદલાનો, ત્રીજો હિસાબ કિતાબનો, ચોથો જહન્નમના અઝાબનો. અલ્લાહ તઆલા જન્નતવાળાઓથી આ બધા ગમ દૂર કરશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કલિમએ લા ઈલાહા ઈલ્લલ્લાહવાળાઓમાં ન તો મોતના સમયે કોઈ ભય હશે, ન તો કબ્રમાં અને ન જ મહશરમાં, જાણે કે હું એ જોઈ રહ્યો

છું કે જે સમયે આ લોકો પોતપોતાની કબરોમાંથી ઉઠશે તો એવું કહેતા હશે, اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْٓ اَذْهَبَ عَنَّا الْحَزَنَ *(રવાહુ તબરાની, મઝહરી)*

હઝરત અબૂ દરદઅ્ (રદિ.)ની હદીષ જે ઉપર પસાર થઈ ચૂકી છે જેમાં એ કહેવામાં આવ્યું છે કે આ નિવેદન તે લોકોનું હશે જેઓ જાલિમુન્નફ્સિહી છે, કારણ કે મહશરમાં જેમને શરૂઆતમાં સખત રંજ ગમ અને વિવશતાની અનુભૂતિ થશે, અંતે જન્નતમાં પ્રવેશનો હુકમ મળતા આ રંજ ગમ દૂર થઈ જશે. આ ઈબ્ને ઉમર (રદિ.)ની વર્ણન કરેલ હદીષનો નકાર નથી, કારણ કે જાલિમુન્નફ્સિહીને બીજા અન્ય ગમો કરતાં વધારે એક ગમ મહશરમાં પણ થશે જે જન્નતના પ્રવેશ સમયે દૂર થઈ જશે, તેનો ખુલાસો એ છે કે આ નિવેદન તો બધા જ જન્નતવાળાઓ કરશે ભલે સાબિકીન (અલ્લાહના હુકમથી ખુબીઓ લઈને આગળ વધનાર)માંથી હોય અથવા મુક્તસિદીન (મધ્યમમાર્ગી)માંથી અથવા જાલિમુન્નફ્સિહી (અમલમાં ઉણપ કરનારાઓ અને ગુનાહોની ભૂલોમાં સંડોવાયેલા રહેનારાઓ)માંથી હોય પરંતુ દરેકના ગમોની યાદી અલગ અલગ હોવી પણ અશક્ય નથી.

ઈમામ જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે મો'મિનની શા'ન એ જ છે કે દુનિયામાં રંજ ગમથી ખાલી ન રહે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે દુનિયા મો'મિન માટે કેદખાનું છે. એ જ કારણ છે કે રસૂલે કરીમ ﷺ અને અકાબીર સહાબા (રદિ.)ની હાલતોમાંથી છે કે આ લોકો મોટા ભાગે ચિંતિત અને ગમ ખાધેલા દેખાતા હતા.

اَلَّذِیْٓ اَحَلَّنَا دَارَ الْمُقَامَةِ مِنْ فَضْلِهٖ لَا یَمَسُّنَا فِیْهَا نَصَبٌ وَّلَا یَمَسُّنَا فِیْهَا لُغُوْبٌ

આ આયતમાં જન્નતની અમુક ખાસિયતો વર્ણન કરવામાં આવી છે, પ્રથમ એ કે તેઓ دَارُالْمُقَامَةِ (દારલ મકાતિહી) છે, તેમને ત્યાં નેઅ્મતોની કમીનો અથવા તો ત્યાંથી કાઢી મૂકવાનો ભય ક્યારેય નથી, બીજું એ કે ત્યાં કોઈને કોઈ જ ગમ થશે નહીં, ત્રીજું એ કે ત્યાં કોઈને થાકની પણ અનુભૂતિ થશે નહીં, જેમકે દુનિયામાં વ્યક્તિને થાક લાગે છે, કામ છોડીને ઊંઘવાની આવશ્યકતા ઊભી થાય છે જન્નત આ બધાથી પવિત્ર હશે, અમુક હદીષની રિવાયતોમાં પણ આ વિષય આવ્યો છે. *(મઝહરી)*

اَوَلَمْ نُعَمِّرْكُمْ مَا يَتَذَكَّرُ فِيْهِ مَنْ تَذَكَّرَ وَجَآءَكُمُ النَّذِيْرُ એટલે કે, જ્યારે જહન્નમમાં આ ફરિયાદ કરશે કે હે અમારા પરવરદિગાર ! તું અમને આ અઝાબમાંથી કાઢ, હવે અમે નેક અમલ કરીશું અને પાછળ કરેલ દુષ્કૃત્યોને છોડી દઈશું. તે સમયે એવો જવાબ આપવામાં આવશે કે શું અમે તમને એટલી જિંદગીની મહોલત આપી ન હતી જેમાં વિચાર કરનારા વિચાર કરીને સાચા માર્ગ ઉપર આવી જાય ? હઝરત અલી ઈબ્ને હુસૈન ઝયનુલ આબિદિન (રદિ.) ફરમાવે છે કે તેનો ભાવાર્થ સત્તર વર્ષની ઉંમર છે અને હઝરત કતાદહ (રદિ.)એ અઢાર વર્ષની ઉંમર બતાવી અને તેનો ભાવાર્થ બાલિગ થવાની ઉંમર છે, બાલિગ થવાની ઉંમર શરીઅતમાં પ્રથમ હદ છે જેમાં દાખલ થઈને મનુષ્યને અલ્લાહ તઆલા તરફથી એટલી બુદ્ધિ આપવામાં આવે છે કે તે પોતાના ભલા અને બુરાને સમજવા લાગે એટલા માટે આ સંબોધન બધા જ કાફિરોને થશે, ભલે લાંબી ઉંમરવાળા હોય અથવા ઓછી ઉંમરવાળા, અલબત્ત જેમને લાંબી જિંદગી મળી અને તો પણ તેઓ ભાનમાં ન આવ્યા તથા અલ્લાહ તઆલાની કુદરતની નિશાનીઓ જોઈને અને અંબિયા (અલૈ.)ની વાતો સાંભળીને પણ સત્યને ન ઓળખ્યું તો તેઓ વધારે ધિક્કારના હકદાર છે.

ખુલાસો એ છે કે જે વ્યક્તિને માત્ર બાલિગ થવાની ઉંમર મળી તેને પણ કુદરતે એટલો સરમાયો આપી દીધો હતો કે તે સત્ય અને જૂઠમાં તફાવત કરી શકે, જ્યારે તેણે એવું ન કર્યું તો તે પણ મલામતનો અને અઝાબનો હકદાર છે પરંતુ જેને વધારે લાંબી ઉંમર મળી તેના ઉપર અલ્લાહ તઆલાની હુજ્જત વધારે પૂરી થઈ ગઈ, જો તે પોતાના કુફ્ર અને ગુનાહોથી પાછો ન વળ્યો તો તે વધારે અઝાબ અને ધિક્કારનો હકદાર છે.

હઝરત અલી મુર્તઝા (રદિ.)એ ફરમાવ્યું કે તે ઉંમર જેના ઉપર અલ્લાહ તઆલાએ ગુનેહગાર બંદાઓને ડરાવ્યા છે તે સાંઈઠ વર્ષ છે અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ એક રિવાયતમાં ચાલીસ અને બીજી રિવાયતમાં સાંઈઠ વર્ષ વિશે કહ્યું છે કે આ તે ઉંમર છે જેમાં માનવી ઉપર અલ્લાહ તઆલાની હુજ્જત (દલીલો) પૂર્ણ થઈ જાય છે અને માનવીને કોઈ બહાનું કાઢવાની કોઈ સંભાવના રહેતી નથી. ઈબ્ને કષીર (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની આ બીજી હદીષને અગ્રિમતા આપી છે.

પ્રસ્તુત તફસીરથી સ્પષ્ટ થઈ ગયું કે સત્તર અઢાર વર્ષની રિવાયત તથા સાંઈઠ વર્ષની રિવાયતોમાં કોઈ વિરોધાભાસ નથી, જો કે માનવી સત્તર અઢાર વર્ષની ઉંમરમાં એ પાત્રતા તો કેળવી જ લે છે કે તે સમજી વિચારીને સત્ય અને જૂઠમાં તફાવત કરી શકે એટલા માટે આ જ પુખ્ત વયથી તેને શરીઅતના હુકમોનો જવાબદાર ઠરાવવામાં આવ્યો છે પરંતુ સાંઈઠ વર્ષ એવી લાંબી ઉંમર છે કે તેમાં પણ જો કોઈએ સત્યને ન ઓળખ્યું તો આવા કોઈ બહાનાની સંભાવના નથી રહેતી, તેના ઉપર અલ્લાહ તઆલાની દલીલ સંપૂર્ણ થઈ ચૂકી એટલા માટે ઉમ્મતે મર્હૂમહ (Bleeshed Ummah)ની સામાન્ય ઉંમરો સરેરાશ સાંઈઠ સિત્તેર વર્ષની હોય છે જેમકે હદીષમાં ઈરશાદ છે,

اَعْمَارُاُمَّتِی مَا بَیْنَ السِّتِّیْنَ اِلَی السَّبْعِیْنَ وَاَقَلُّھُمْ مَنْ یَجُوْزُ ذٰلِکَ،

(رَوَاهُ التِّرْمِذِیُّ وَ ابْنُ مَاجَهْ، اِبْنُ کَثِیْر)

"મારી ઉમ્મતની ઉંમરો સાંઈઠ થી સિત્તેર વર્ષની હશે, ઓછા લોકો હશે જે તેને પાર કરશે." *(રવાહુ તિરમિઝી અને ઈબ્ને માજહ તથા ઈબ્ને કષીર)*

આ આયતના અંતે ફરમાવ્યું, وَجَآئَکُمُ النَّذِیْرُ તેમાં ઈશારો છે કે માનવીને બાલિગ થવાના સમયથી જ એટલી બુદ્ધિ અને સમજદારી અલ્લાહ તરફથી અર્પણ થઈ જાય છે કે ઓછામાં ઓછું પોતાના સર્જનહાર અને માલિકને ઓળખે અને તેની ખુશ્નૂદીને પોતાની જિંદગીનો મકસદ બનાવે, આટલા કામ માટે પોતે મનુષ્યની બુદ્ધિ પણ પૂરતી હતી પરંતુ અલ્લાહ જલ્લ શા'નુહૂએ માત્ર તેના ઉપર બસ કર્યું નહીં બલકે આ બુદ્ધિની સહાયતા માટે نَـذِیْـر (નઝીર) ડરાવનાર પણ મોકલ્યા. "નઝીર"નો અર્થ "ડરાવવા"નો કરવામાં આવે છે, વાસ્તવમાં નઝીર તે વ્યક્તિ છે જે પોતાની કૃપા અને દયાના કારણે પોતાના લોકોને એવી બાબતોથી બચાવવાનું માર્ગદર્શન આપે જે તેમના માટે સર્વનાશ નોંતરનાર અથવા નુકસાનમાં નાંખનાર હોય છે અને આ વસ્તુઓથી લોકોને ડરાવવાનો ભાવાર્થ તે જ પ્રચલિત અર્થના આધારે અંબિયા (અલૈ.) અને તેમના નાયબ ઉલમા છે, આયતનો ખુલાસો એ છે કે અમે હક અને બાતિલ, સત્ય અને જૂઠને ઓળખવા માટે અક્કલ પણ આપી અને તેની સાથે સાથે પોતાના પયગમ્બર પણ મોકલ્યા જે સત્ય તરફ માર્ગદર્શન કરે છે અને બાતિલ એટલે કે જૂઠથી બચાવે છે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), ઈકરિમા અને ઈમામ જઅ્ફર બાકિર વર્ણવે છે કે "નઝીર"નો ભાવાર્થ ઘડપણના સફેદ બાલ છે કે જ્યારે તે દેખાવા લાગે તો તે મનુષ્યને એવું માર્ગદર્શન આપે છે કે હવે રજા લેવાનો સમય નજીક આવી ચૂક્યો છે, આ નિવેદન પણ પ્રથમ નિવેદનનું વિરોધાભાસી નથી કે સફેદ બાલ અલ્લાહ તઆલા તરફથી નઝીર (ડરાવનાર) હોય અને અંબિયા (અલૈ.) પણ.

વાસ્તવિકતા એ છે કે મનુષ્યના પુખ્ત થયા પછી જેટલી પરિસ્થિતિઓ ઉપસ્થિત થાય છે તેને પોતાના અસ્તિત્વ અને આસપાસના પર્યાવરણમાં જે પરિવર્તનો અને ફેરફાર નજરે પડે છે તે બધા જ અલ્લાહ તઆલા તરફથી "નઝીર" અને માનવીને ચેતવણી આપનાર હોય છે.

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૩૮ થી ૪૧)

إِنَّ اللّٰهَ عٰلِمُ غَيْبِ السَّمٰوٰتِ وَالْأَرْضِ ۚ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٣٨﴾ هُوَ الَّذِي
جَعَلَكُمْ خَلٰٓئِفَ فِي الْأَرْضِ ۚ فَمَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهُ ۚ وَلَا يَزِيدُ الْكٰفِرِينَ
كُفْرُهُمْ عِنْدَ رَبِّهِمْ إِلَّا مَقْتًا ۖ وَلَا يَزِيدُ الْكٰفِرِينَ كُفْرُهُمْ إِلَّا خَسَارًا ﴿٣٩﴾
قُلْ أَرَءَيْتُمْ شُرَكَآءَكُمُ الَّذِينَ تَدْعُونَ مِنْ دُونِ اللّٰهِ ۚ أَرُونِي مَاذَا خَلَقُوا
مِنَ الْأَرْضِ أَمْ لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ۖ أَمْ اٰتَيْنٰهُمْ كِتٰبًا فَهُمْ عَلٰى
بَيِّنَتٍ مِنْهُ ۚ بَلْ إِنْ يَعِدُ الظّٰلِمُونَ بَعْضُهُمْ بَعْضًا إِلَّا غُرُورًا ﴿٤٠﴾ إِنَّ اللّٰهَ
يُمْسِكُ السَّمٰوٰتِ وَالْأَرْضَ أَنْ تَزُولَا ۚ وَلَئِنْ زَالَتَا إِنْ أَمْسَكَهُمَا مِنْ أَحَدٍ مِنْ
بَعْدِهِ ۚ إِنَّهُ كَانَ حَلِيمًا غَفُورًا ﴿٤١﴾

તરજુમો :

અલ્લાહ આસમાનો અને જમીનનો ભેદ જાણનાર છે, તેને સારી પેઠે ખબર છે જે વાત દિલોમાં છે. (૩૮) તે જ છે જેણે તમને જમીનમાં નાયબ

બનાવ્યા, પછી કોઈ કુફ્ર (નાશુક્રી) કરે તો તેના ઉપર તેનું કુફ્ર પડે અને ઈન્કારીઓને તેમના ઈન્કારથી વધશે નહીં પરંતુ તેમના પરવરદિગાર નજીક બેઝારી (નારાજગી) અને ઈન્કારીઓને તેમના ઈન્કારથી વધશે નહીં પરંતુ નુકસાન. (૩૯) તમે કહો, ભલા જુઓ તો પોતાના ભાગીદારોને, અલ્લાહને છોડીને જેમને પોકારો છો મને બતાવો તો તેમણે પૃથ્વીમાં શું બનાવ્યું અથવા તેમની આસમાનોમાં કોઈ ભાગીદારી છે અથવા અમે તેમને કોઈ કિતાબ આપી છે કે જેની તેઓ તેની સનદ ધરાવે છે !? કંઈ નથી ! પરંતુ જાલિમો જે એકબીજાને વાયદા વચનો આપે છે બધો જ ફરેબ (પ્રપંચ) છે. (૪૦) નિઃશંક અલ્લાહ આસમાનોને થોભાવી રહ્યો છે અને જમીનને કે ખસી ન જાય અને જો ખસી જાય તો કોઈ તેના સિવાય તેમને થોભાવી ન શકે, તે જ છે સહનશીલ મહાન બખ્શનાર. (૪૧)

તફસીર :

બેશક ! અલ્લાહ (જ) જાણનાર છે આસમાનો અને જમીનની ગુપ્ત વસ્તુઓનો, બેશક ! તે જ જાણનાર છે દિલની વાતોનો, (બસ તેના જ્ઞાનની વિશેષતા તો આવી છે અને તેના કાર્ય કરવાની વિશેષતા કે જે કુદરત અને નેઅ્મત બંને ઉપર દલીલો કરે છે તે એ છે કે) તે જ એવો છે જેણે તમને જમીનમાં વસાવ્યા (અને તે દલીલો અને અહેસાનોનો તકાદો એ હતો કે શુક્રની દલીલ સ્વરૂપે તવહીદ અને તેના અનુસરણને અપનાવે પરંતુ અમુક તેનાથી વિપરીત કુફ્ર અને દુશ્મનાવટ ઉપર મક્કમ છે) બસ (કોઈ બીજાનું કંઈ બગડવાનું નથી બલકે) જે વ્યક્તિ કુફ્ર કરશે તેના કુફ્રનો વબાલ તેના ઉપર જ પડશે અને (આ વબાલની વિગત એ છે કે) કાફિરો માટે તેમનું કુફ્ર તેમના પરવરદિગાર નજીક નારાજગી વધારવાનું જ કારણ હોય છે (જે દુનિયામાં જ સાબિત થઈ જાય છે) અને (વળી) કાફિરો માટે તેમનું કુફ્ર (આખિરતમાં) નુકસાન વધારવાનું કારણ હોય છે (કે તેના ઉપર જન્નત હરામ હોય છે અને જહન્નમનું ઈંધણ બને છે અને આ કાફિરો જે કુફ્ર અને શિર્કમાં મગ્ન છે) તમે (તેમને જરા એ તો) કહો કે તમે પોતાના ઠરાવેલા ભાગીદારોની હાલત તો બતાવો જેને તમે અલ્લાહને છોડીને પૂજો છો (એટલે કે) મને એ બતાવો કે તેમણે જમીનનો કયો ભાગ બનાવ્યો છે અથવા તેમની આસમાન (બનાવવા)માં કોઈ ભાગીદારી છે ? (જેથી બૌદ્ધિક દલીલ વડે તેમની

ઈબાદતનો હક સાબિત થાય ?) અથવા અમે તેઓ(કાફિરો)ને કોઈ કિતાબ આપી છે (જેમાં શિર્કની માન્યતાને સાચી લખવામાં આવી હોય) જેથી તેઓ તેની દલીલ ઉપર કાયમ હોય (અને આ લોકો પોતાના દા'વાને તે સનદ વડે સાબિત કરે ! પરંતુ મૂળ વાત એ છે કે ન તો તેમની પાસે કોઈ બૌદ્ધિક દલીલ છે અને ન જ કોઈ લેખિત સનદ) બલકે આ જાલિમો એકબીજાથી નર્યા ધોકાબાજીના વાયદા કરતા આવી રહ્યા છે (કે તેમના મોટાઓએ તેમની સનદ વિના જ ખોટી વાતો બતાવી દીધી هٰٓؤُلَآءِ شُفَعَآؤُنَا عِنۡدَ اللّٰهِ જ્યારે કે વાસ્તવમાં તેઓ અધિકારવિહોણા જ છે, બસ તેઓ ઈબાદતના હકદાર નથી હોઈ શકતા, અલબત્ત સર્વશક્તિમાન માલિક અલ્લાહ તઆલા જ છે અને તે જ ઈબાદતપાત્ર છે તેથી અલ્લાહ તઆલાના સર્વશક્તિમાન હોવાની અને અન્યોમાં અધૂરપ હોવાની દલીલોમાંથી નમૂના સ્વરૂપે એક ટૂંકી વાત વર્ણન કરે છે કે જુઓ એ તો) ચોક્કસ વાત છે કે અલ્લાહ તઆલા આસમાનો અને જમીનને (પોતાની કુદરતથી) થોભાવી રહ્યો છે કે તે હાલની પરિસ્થિતિને ન છોડી દે અને જો (ધારી લો કે) હાલની પરિસ્થિતિને છોડી પણ આપે તો પછી અલ્લાહ તઆલા સિવાય તેને કોઈ થોભાવી પણ નથી શકતો (જ્યારે તેમનાથી પેદા થયેલ વિશ્વની સુરક્ષા પણ નથી થઈ શકતી તો આ વિશ્વને અસ્તિત્વમાં લાવવું અને તેની ઉત્પત્તિ કરવાની તેમનાથી શું અપેક્ષા રાખી શકાય છે ? પછી ઈબાદતના હકદાર તેઓ કેવી રીતે થયા ? અને તેઓ જૂઠા હોવાનું સાબિત થયા છતાં શિર્ક કરવું એ બાબતનો તકાદો હતો કે તેમને સજા આપવામાં આવે પરંતુ કારણ કે) તે ઘણો સહનશીલ (છે એટલા માટે મહોલત આપી રાખી છે અને જો આ મહોલતમાં આ લોકો સત્ય તરફ આવી જાય તો તે) મહાન બખ્શનાર (પણ) છે (એટલા માટે તેમની બધી પાછલી શરારતો મા'ફ કરવામાં આવશે).

મસ્અલા અને બોધપાઠ :

هُوَ الَّذِىۡ جَعَلَكُمۡ خَلٰٓئِفَ فِى الۡاَرۡضِ માં શબ્દ خَلَائِفَ (ખલાઈફ) એ શબ્દ خَلِيۡفَة (ખલીફહ)નું બહુવચન છે જેનો અર્થ છે "નાયબ" અથવા ડેપ્યુટી (Vice-Regent). ભાવાર્થ એ છે કે અમે માનવીને એક પછી એક પૃથ્વી અને મકાનો વગેરેના માલિક બનાવ્યા છે, એક જાય છે તો બીજો તેનું સ્થાન લઈ લે છે. તેમાં અલ્લાહ તઆલા સમક્ષ શરણે જવા માટેનો મોટો બોધપાઠ છે અને એ અર્થ

પણ હોઈ શકે છે કે આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને હોય કે અમે પાછલી કોમો પછી તેમને ખલીફહ સ્વરૂપે તમને માલિક અને વહીવટદાર બનાવ્યા છે એટલા માટે તમારો ફરજ છે કે પોતાનાથી આગલા લોકોની પરિસ્થિતિઓથી બોધપાઠ ગ્રહણ કરો, ઉંમરની કિંમતી પળોને ગફલતમાં પસાર ન કરો.

اِنَّ اللّٰـهَ يُمْسِكُ السَّمٰوٰتِ આસમાનોના થોભાવવાનો એ અર્થ નથી કે તેમની ગતિ બંધ કરી દેવામાં આવી બલકે ભાવાર્થ પોતાના સ્થળેથી હટી જવું અથવા ખસી જવું થાય છે, જેમકે શબ્દ اَن تَزُوْلَا (અન તઝૂલા) તેના ઉપર ગવાહ છે એટલા માટે આ આયતમાં આસમાનોના ગતિમાં હોવા અથવા તેના સ્થિતિપ્રજ્ઞ હોવા તરફ કોઈ પ્રકારની દલીલ થતી નથી.

આયતો : (સૂરએ ફાતિર : આયત નં. ૪૨ થી ૪૫)

وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ لَئِنْ جَآءَهُمْ نَذِيْرٌ لَّيَكُوْنُنَّ اَهْدٰى مِنْ اِحْدَى الْاُمَمِ ۚ
فَلَمَّا جَآءَهُمْ نَذِيْرٌ مَّا زَادَهُمْ اِلَّا نُفُوْرَا ۙ ﴿۴۲﴾ اسْتِكْبَارًا فِي الْاَرْضِ وَمَكْرَ السَّيِّئِ ۭ وَلَا
يَحِيْقُ الْمَكْرُ السَّيِّئُ اِلَّا بِاَهْلِهٖ ۭ فَهَلْ يَنْظُرُوْنَ اِلَّا سُنَّتَ الْاَوَّلِيْنَ ۚ فَلَنْ
تَجِدَ لِسُنَّتِ اللّٰهِ تَبْدِيْلًا ۚ وَلَنْ تَجِدَ لِسُنَّتِ اللّٰهِ تَحْوِيْلًا ﴿۴۳﴾ اَوَلَمْ يَسِيْرُوْا
فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ وَكَانُوْٓا اَشَدَّ مِنْهُمْ
قُوَّةً ۭ وَمَا كَانَ اللّٰهُ لِيُعْجِزَهٗ مِنْ شَيْءٍ فِي السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ ۭ
اِنَّهٗ كَانَ عَلِيْمًا قَدِيْرًا ﴿۴۴﴾ وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِمَا كَسَبُوْا مَا تَرَكَ عَلٰى
ظَهْرِهَا مِنْ دَآبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ فَاِنَّ
اللّٰهَ كَانَ بِعِبَادِهٖ بَصِيْرًا ﴿۴۵﴾ ع

તરજુમો :

અને કસમો ખાતા હતા અલ્લાહની તાકીદની પોતાની કસમો કે જો તેમની

પાસે ડર સંભળાવનાર આવશે ખરેખર દરેક ઉમ્મતથી બહેતર માર્ગે ચાલીશું, પછી જ્યારે તેમની પાસે ડર સંભળાવનાર આવ્યો (ત્યારે) તેમની સૂગ ઔર વધારે થઈ ગઈ. (૪૨) પ્રદેશમાં અભિમાન કરવું અને અધમ કાર્યના ષડયંત્રો રચવા અને અધમ કૃત્યના ષડયંત્રો ઊંધા વળશે તે જ પ્રપંચો રચનારાઓ ઉપર, પછી હવે તે જ માર્ગ જુએ છે આગલાઓના નિયમ પ્રમાણેનો, બસ તમે અલ્લાહની સુન્નત (નિયમ)ને બદલાતી પામશો નહીં અને ન જ અલ્લાહની સુન્નતને ટળતી પામશો. (૪૩) શું પ્રદેશમાં ઘુમ્યા નથી કે જોઈ લે કેવો થયો અંજામ તે લોકોનો જેઓ તેમનાથી પહેલાં હતા અને તેમનાથી ઘણા સખત જોરાવર હતા; અને અલ્લાહ તે નથી જેને થકાવી મૂકે કોઈ વસ્તુ આસમાનોમાં અને ન જ જમીનમાં; તે જ છે સઘળું જાણનાર સઘળું કરી શકનાર. (૪૪) અને જો અલ્લાહ લોકોને તેમની કમાઈ (કરણી) ઉપર પકડ કરે તો પૃથ્વીના પટ ઉપર ચાલનારમાંથી એકને પણ ન છોડે, તેમને ઢીલ આપે છે એક નિશ્ચિત થયેલ સમયસીમા સુધી, પછી જ્યારે તેમનો સમય આવશે તો અલ્લાહની દૃષ્ટિમાં તેના બધા જ બંદાઓ છે. (૪૫)

તફસીર :

અને આ કાફિરો (કુરૈશીઓ)એ (રસૂલે કરીમ ﷺના આગમન પહેલાં) ઘણી જોરદાર કસમો ખાધી હતી કે જો તેમની (એટલે કે અમારી) પાસે કોઈ ડરાવનાર (એટલે કે પયગમ્બર) આવ્યો તો તેઓ (એટલે કે અમે) દરેક ઉમ્મતથી વધારે હિદાયત સ્વીકાર કરનારા બનીશું (એટલે કે યહૂદીઓ અને નસારા વગેરેની જેમ અમે જૂઠાડીશું નહીં, બસ પહેલાં તો આવી સોગંદ ખાતા રહેતા હતા) પછી જ્યારે તેમની પાસે એક પયગમ્બર (એટલે કે રસૂલે કરીમ ﷺ) આવી પહોંચ્યા તો બસ તેમની નફરતની જ પ્રગતિ થઈ દુનિયામાં પોતાને મોટા સમજવાના કારણે અને (માત્ર નફરત ઉપર જ બસ ન કર્યું બલકે) તેમના દુષ્ટ ષડયંત્રોની; (પણ પ્રગતિ થઈ એટલે કે તકબ્બુરના કારણે આપ ﷺના અનુસરણથી તો તેઓ આડા ફંટાયા જ હતા, ભલે એટલું કર્યું હોત કે અનુસરણ ન કર્યું હોત અને તકલીફ પહોંચાડવા તત્પર રહેતા ન હોત, બલકે તેઓ તો રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડવાની ચિંતામાં લાગી ગયા તેથી દરેક સમયે તેઓનું તેમાં જ મંડ્યા રહેવું જગજાહેર છે) અને (આ જે કંઈ અમારા રસૂલ માટે દુષ્ટ

યુક્તિઓ ષડયંત્રો રચી રહ્યા છે તેમાં તેઓ પોતે પોતાનું જ નુકસાન કરી રહ્યા છે કારણ કે) દુષ્ટ ષડયંત્રોનો વબાલ (વાસ્તવમાં) તે પ્રપંચીઓ ઉપર જ પડે છે (બસ દેખીતું છે ક્યારેક તે વ્યક્તિને પણ નુકસાન પહોંચી જાય જેને તેઓ નુકસાન પહોંચાડવા ઇચ્છે છે પરંતુ તે નુકસાન દુનિયવી છે તેનાથી વિપરીત જાલિમોના નુકસાન પહોંચાડવાથી તેના ઉપર આખિરતનું નુકસાન અને વબાલ પડશે અને દુનિયાનું નુકસાન આખિરતના નુકસાન સામે તુચ્છ છે, બસ તે વાસ્તવિક નુકસાનના આધારે તેમનો અંજામ બિલકુલ નિશ્ચિત છે) બસ (આ જે આપ ﷺની દુશ્મની અને તેમને કષ્ટ પહોંચાડવાની યોજનાઓમાં કાર્યરત છે તો) શું આ (લોકો પોતાના માટે પણ અલ્લાહ તઆલાના) તે જ નિયમની રાહ જુએ છે જે આગલા (કાફિર) લોકોની સાથે થતું રહ્યું છે ? (એટલે કે અઝાબ અને સર્વનાશ!) બસ (વાસ્તવમાં તેમના માટે પણ એ જ ફીટ થાય છે કારણ કે) તમે અલ્લાહના (આ) નિયમને પરિવર્તિત થતો જાણશો નહીં (કે તેના બદલે અન્યો જે એવા ન હોય તેમને અઝાબ થવા લાગે, મતલબ એ છે કે અલ્લાહ તઆલાનો વાયદો છે કે કાફિરોને અઝાબ થશે દુનિયામાં કે માત્ર આખિરતમાં અને અલ્લાહ તઆલાનો વાયદો હંમેશા સાચો હોય છે, બસ ન તો એ સંભાવના છે કે તેમને અઝાબ ન થાય અને ન જ એ સંભાવના છે કે બીજા બેગુનાહોને અઝાબ થવા લાગે, આ ચર્ચાનો હેતુ અઝાબ આવવાની તાકીદ છે) અને (તેઓ જે એવું સમજી રહ્યા છે કે કુફ્ર અઝાબનું કારણ નથી તો તે તેમની મોટી ભૂલ છે) શું આ લોકો પૃથ્વીમાં (દાખલા તરીકે સિરીયા અને યમનની મુસાફરીમાં આદ, ષમૂદ અને કોમે લૂતની વસ્તીઓમાં) હરતા ફરતા નથી જેમાં જુએ કે જે (કાફિર ઈન્કારી) લોકો તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે તેમનું (અંતિમ) પરિણામ (આ જૂઠાડવાના કારણે) કેવું થયું ? (કે તેમના ઉપર અઝાબ આવ્યો) જ્યારે કે તેઓ શક્તિમાં તેમનાથી વધેલા હતા અને (કોઈનામાં ભલે ગમે તેટલી તાકાત હોય) અલ્લાહ એવો નથી કે કોઈ (શક્તિશાળી) વસ્તુ તેને હરાવી દે, ન તો આસમાનમાં, ન જ પૃથ્વીમાં (કારણ કે) તે મહાન ઇલ્મવાળો (અને) મહાન કુદરતવાળો છે (બસ પોતાના જ્ઞાનથી દરેક ઇરાદાને લાગુ પાડવાનો તરીકો જાણે છે અને પોતાની કુદરતથી તેને લાગુ પાડી શકે છે અને બીજો કોઈ એવો નથી જ નથી, પછી તેને કઈ વસ્તુ હરાવી શકે છે ?) અને (જો તેઓ આ ધોકામાં હોય કે જો અમને અઝાબ

થવાનો હોત તો થઈ ચૂક્યો હોત અને તેનાથી પોતાના શિર્ક અને કુફ્રના સારા હોવાની દલીલો કરે તો આ પણ તેમની ભૂલ છે, કારણ કે હિકમતના તકાદાના કારણે તેમના માટે તાત્કાલિક અઝાબ આપવામાં નથી આવતો નહિતર) જો અલ્લાહ તઆલા (તે) લોકો ઉપર તેમના (કુફ્રિય્યહ) અમલોના કારણે (તાત્કાલિક) પકડ કરવા માંડે તો પૃથ્વીના પટ ઉપર એક જીવને પણ ન છોડે (કારણ કે કાફિરો તો કુફ્રથી હલાક થઈ જાય અને ઈમાનવાળાઓ અધૂરપના કારણે દુનિયામાં રાખવામાં ન આવે, કારણ કે દુનિયાની વ્યવસ્થા હિકમતના તકાદા ઉપર આધારિત છે અને એ જરૂરી નથી કે તે આ જ અઝાબથી હલાક થાય અને બીજી મખ્લૂકોના સર્જનનો મૂળ હેતુ માનવી છે, જ્યારે તે જ ન હોત તો આ મખ્લૂકો પણ ન રહી હોત) પરંતુ અલ્લાહ તઆલા તેમને એક નિશ્ચિત સમયસીમા (એટલે કે કયામત) સુધી મહોલત આપી રહ્યો છે, બસ જ્યારે તેમની આ મહોલત આવી પહોંચશે (તે સમયે) અલ્લાહ તઆલા પોતાના બંદાઓને પોતે જોઈ લેશે (એટલે કે તેમનામાં જે કાફિરો હશે તેમને સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَا يَحِيقُ الْمَكْرُ السَّيِّئُ إِلَّا بِأَهْلِهِ માં શબ્દ لَا يَحِيقُ (લા યહીકુ)નો અર્થ لَا يُحِيطُ (લા યુહીતુ) અથવા لَا يُصِيبُ (લા યુસીબુ) થાય છે, જેનો ખુલાસો એ છે કે ખરાબ ષડયંત્રોનો વબાલ અન્ય કોઈના ઉપર પડતો નથી બલકે પોતે તે ષડયંત્રો રચનાર પ્રપંચીઓ ઉપર જ પડે છે, એટલે કે જે વ્યક્તિ અન્યોનું બુરું ઈચ્છે છે તે જ પોતે બુરાઈનો શિકાર બની જાય છે.

આ બાબત ઉપર જે શંકા થઈ શકે છે કે દુનિયામાં ઘણા વખતે એવું પણ જોવા મળે છે કે ખરાબ ષડયંત્રો રચનારાઓના ષડયંત્રો કામ કરી જાય છે અને જેને નુકસાન પહોંચવાનું હોય છે તેને નુકસાન પહોંચી જાય છે, તેનો એક જવાબ તો તફસીરના ખુલાસામાં આવી ગયો છે કે તેને જે તકલીફ અથવા નુકસાન પહોંચ્યું તે તો દુનિયાનું નુકસાન છે અને આવા જ ખરાબ પ્રપંચો કરનારાનું નુકસાન આખિરતનો અઝાબ છે, જે કઠોર પણ છે અને કાયમી પણ. તેના મુકાબલામાં ભોગ બનેલાનું આ દુનિયાનું નુકસાન અતિતુચ્છ છે.

બીજો જવાબ અમુક લોકોએ એ પણ આપ્યો છે કે કોઈ બેગુનાહ વિરુદ્ધ

પ્રપંચો રચનાર અને તેના ઉપર અત્યાચાર કરનારનો વબાલ જાલિમ ઉપર મોટે ભાગે દુનિયામાં જ પડી જાય છે. મુહમ્મદ બિન કઅ્બ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે ત્રણ કામો એવા છે જેને આચરનાર દુનિયામાં પણ વબાલ અને અઝાબથી નથી બચતો, એક કોઈ બેગુનાહના હકમાં દુષ્ટ ષડયંત્રો કરીને તેને કષ્ટ પહોંચાડનાર, બીજો જાહેર અત્યાચાર કરનાર અને ત્રીજો કરારનો ભંગ કરનાર. *(ઇબ્ને કષીર)*

ખાસ કરીને જો કોઈ એવા વ્યક્તિ વિરુદ્ધ ષડયંત્રો રચવામાં આવે કે જે બેહાલ અને લાચાર હોય, બદલો લેવાની શક્તિ ધરાવતો ન હોય અથવા તેનામાં બદલો લેવાની શક્તિ હોય પરંતુ સબ્ર કરે, તેના ઉપર કરવામાં આવેલ જુલમોના વબાલથી કોઈ જાલિમને દુનિયામાં પણ બચેલા જોયા નથી.

بس تجربہ کردیم دریں دیر مکافات　　　با دردکشاں ہر کہ درافتاد برافتاد

તેનો ખુલાસો એ થયો કે આયતમાં જે પરિણામનું વર્ણન કરવામાં આવ્યું છે તે મોટા ભાગે જાહેર કાયદાના આધારે છે, આ જ નિયમ દરેકને લાગુ પડે એ જરૂરી નથી. વલ્લાહુ અઅ્લમુ.

સૂરએ ફાતિર પૂર્ણ થઈ. અલ્હમ્દુલિલ્લાહ !

તા. સફર સન હિજરી ૧૩૯૩ શનિવાર

□□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ફાતિરનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૨૬ જુલાઈ ૨૦૧૦ બ મુતાબિક ૧૩ શાબાન ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૩૬)

સૂરએ યા-સીન

સૂરએ યા-સીન મક્કામાં નાઝિલ થઈ તેમાં ૮૩ આયતો અને પાંચ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૧ થી ૧૨)

اٰیاتها ٨٣ ۝ ٣٦ سُوْرَةُ يٰسٓ مَكِّيَّةٌ ٤١ ۝ رُكوعاتها ٥

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

يٰسٓ ۝١ وَالْقُرْاٰنِ الْحَكِيْمِ ۝٢ اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ۝٣ عَلٰى صِرَاطٍ
مُّسْتَقِيْمٍ ۝٤ تَنْزِيْلَ الْعَزِيْزِ الرَّحِيْمِ ۝٥ لِتُنْذِرَ قَوْمًا مَّآ اُنْذِرَ اٰبَآؤُهُمْ فَهُمْ
غٰفِلُوْنَ ۝٦ لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰٓى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ۝٧ اِنَّا جَعَلْنَا فِيْٓ اَعْنَاقِهِمْ
اَغْلٰلًا فَهِيَ اِلَى الْاَذْقَانِ فَهُمْ مُّقْمَحُوْنَ ۝٨ وَجَعَلْنَا مِنْ بَيْنِ اَيْدِيْهِمْ سَدًّا وَّمِنْ
خَلْفِهِمْ سَدًّا فَاَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ ۝٩ وَسَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ
تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ۝١٠ اِنَّمَا تُنْذِرُ مَنِ اتَّبَعَ الذِّكْرَ وَخَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ
فَبَشِّرْهُ بِمَغْفِرَةٍ وَّاَجْرٍ كَرِيْمٍ ۝١١ اِنَّا نَحْنُ نُحْيِ الْمَوْتٰى وَنَكْتُبُ مَا قَدَّمُوْا وَ
اٰثَارَهُمْ ۗ وَكُلَّ شَيْءٍ اَحْصَيْنٰهُ فِيْٓ اِمَامٍ مُّبِيْنٍ ۝١٢

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

યા-સીન. (૧) કસમ છે આ હિકમતોથી ભરપૂર કુર્આનની. (૨) બેશક ! તમે રસૂલોમાંથી છો. (૩) સીધા માર્ગ ઉપર. (૪) ઉતાર્યું સર્વશક્તિમાન

મહાદયાળુએ. (૫) જેથી તમે એવી કોમને ડર સંભળાવો કે ડર નથી સાંભળ્યો તેમના બાપ દાદાઓએ, બસ તેમને ખબર નથી. (૬) તેમનામાંના ઘણાઓ ઉપર વાત સાબિત થઈ ચૂકી છે, બસ તેઓ ઈમાન લાવશે નહીં. (૭) અમે તેમની ગરદનોમાં તોક (Iron Collars) નાંખ્યા છે, બસ તે હડપચીઓ સુધી છે, પછી તેમના માથાં ઊલળી રહ્યા છે. (૮) અને અમે તેમની આગળ એક આડશ (Barrier) અને પાછળ એક આડશ બનાવી છે પછી ઉપરથી ઢાંકી દીધી, બસ તેમને કંઈ જ સૂઝતું નથી. (૯) અને સરખું છે તેમને તમે ડરાવો અથવા ન ડરાવો, ઈમાન લાવશે નહીં. (૧૦) તમે તો તેમને ડર સંભળાવો જેઓ સમજાવેલા ઉપર ચાલે અને રહમાનથી તેને જોયા વિના ડરે, બસ તેમને મા'ફીની અને ઈજ્જતના સવાબની ખુશખબરી આપો. (૧૧) બેશક ! અમે જ છે જે જીવીત કરીએ છીએ મૃતને અને લખીએ છીએ જે તેઓ આગળ મોકલી ચૂક્યા અને જે નિશાન તેમની પાછળ રહ્યા અને દરેક વસ્તુ અમે ગણી લીધી એક સ્પષ્ટ કિતાબ (લવહે મહફૂઝ)માં. (૧૨)

નોંધ :

આજે જ્યારે કે સૂરએ યા-સીનની તફસીર શરૂ કરી રહ્યો છું સફરની નવમી તારીખ છે, સફર સન હિજરી ૧૩૫૫ના આ જ તારીખે મારા વાલિદ મોહતરમ મવલાના મુહમ્મદ યાસીન સાહબ (રહ.)ની વફાત થઈ હતી. આ સૂરતના નામની સાથે તેમના નામની સમાનતા અને વફાતની તારીખે તેમની યાદ મેં તાજી કરી લીધી. અભ્યાસ કરનાર લોકોથી દરખાસ્ત છે કે મુજ નાચીઝ અને મારા વાલિદૈન માટે મગફિરત કરે અને કોઈ હિંમત કરીને સૂરએ યા-સીન પઢીને ઈસાલે સવાબ કરી આપે તો સુબ્હાનલ્લાહ ! *—મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)*

તફસીર :

યા-સીન (તેનો ભાવાર્થ અલ્લાહ તઆલાને ખબર છે). કસમ છે હિકમતવાળા કુર્આનની, બેશક ! આપ (ﷺ) પયગમ્બરોમાંથી છો, (અને) સીધા માર્ગ ઉપર છો (કે તેમાં જે આપની પેરવી કરે અલ્લાહ તઆલા સુધી પહોંચી જાય, ન કે એ રીતે જેમકે કાફિરો કહે છે لَسْتَ مُرْسَلًا એટલે કે તમે રસૂલ નથી અથવા કહેતા હતા بَلِ افْتَرٰهُ એટલે કે આપ ﷺએ આ પોતે ઘડી કાઢયું છે,

આવું કહેવાથી તેમનું ગુમરાહ થવું જરૂરી બની ગયું અને કુર્આન સંપૂર્ણ હિદાયત સાથે આપ ﷺની નુબુવ્વત અને રિસાલતની દલીલ પણ છે કારણ કે) આ કુર્આન જબરદસ્ત મહેરબાન (અલ્લાહ તઆલા) તરફથી ઊતારવામાં આવ્યું છે (અને આપ ﷺ પયગમ્બર એટલા માટે બનાવવામાં આવ્યા છો કે) જેથી તમે (પ્રથમ) એવા લોકોને (અલ્લાહના અઝાબથી) ડરાવો જેમના બાપ દાદા (નજીકના ભૂતકાળમાં કોઈ રસૂલ દ્વારા) ડરાવવામાં આવ્યા નથી બસ તેથી જ તેઓ અજ્ઞાન છે (કારણ કે જો કે અરબમાં અમુક વિષયો પાછલા રસૂલોના નકલ થયેલા પણ હતા, જેમકે આ આયતમાં છે اَمْ جَآءَهُمْ مَّا لَمْ يَاْتِ اٰبَآءَهُمُ الْاَوَّلِيْنَ એટલે કે શું કુર્આન તેમની પાસે કોઈ એવી ચીઝ લાવ્યું છે જેઓ તેમના પૂર્વજોની પાસે આવ્યું ન હતું ? એટલે કે તવહીદનું આમંત્રણ કોઈ નવી વસ્તુ નથી, આ તો હંમેશા તેમના બાપ દાદાઓમાં પણ ચાલુ જ રહ્યું છે પરંતુ નબી આવવાથી જે પ્રમાણે ચેતવણી મળે છે માત્ર તેની ખબરો અને અમુક નકલ થયેલા હુકમો પહોંચવાથી જ્યારે કે તે અધૂરી અને બિનભરોસાપાત્ર પણ હોય આવી ચેતવણી મળતી નથી અને પ્રથમ આપ ﷺએ કુરૈશને ડરાવવાના હતા, એટલા માટે આ સ્થળે તેમનું જ વર્ણન કરવામાં આવ્યું છે પછી સામાન્ય લોકોને પણ આપ ﷺએ ઈસ્લામનું આમંત્રણ આપ્યું, કારણ કે આપ ﷺનું આગમન જાહેર અને વ્યાપક છે તથા તમારી રિસાલત સાચી હોછા છતાં તથા કુર્આન સત્ય હોવા છતાં આ લોકો જે નથી માનતા તમે તેનાથી દિલગીર ન થાઓ કારણ કે) તેમનામાં ઘણા લોકો ઉપર (તકદીરી) વાત સાબિત થઈ ચૂકી છે (તે વાત એ છે કે તેઓ હિદાયતના માર્ગ ઉપર આવશે નહીં) બસ આ લોકો કદાપિ ઈમાન લાવશે નહીં (આ પરિસ્થિતિ તેમનામાં ઘણા લોકોની હતી અને અમુકના કિસ્મતમાં ઈમાન પણ હતું તે ઈમાન પણ લઈ આવ્યા અને બાકીના લોકોનું ઉદાહરણ ઈમાનથી દૂર હોવામાં એવું થઈ ગયું જાણે કે) અમે તેમની ગરદનોમાં (ભારે ભારે) તૌક (લોખંડના પટ્ટા) નાંખી દીધા છે, પછી તે હડપચીઓ સુધી (અડેલા) છે જેનાથી તેમના માથા ઉપરની બાજુએ ઉલળી ગયા (એટલે કે ઊંચાને ઊંચા રહી ગયા નીચા નથી વળી શકતા, બસ એ કારણે કે તૌક એટલે કે લોખંડના પટ્ટાઓ એવા છે કે જે હડપચીઓ સુધી અડેલા હોય અને તેના કારણે તેમની ગરદનો અધ્ધર જ રહે, મતલબ કે તેઓ નીચે નથી જોઈ શકતા. એ જ રીતે તેઓ સીધો માર્ગ જોવાથી

પણ વંચિત રહ્યા) અને (વળી તેમની ઈમાનથી દૂરીનું ઉદાહરણ એવું થઈ ગયું કે જાણે) અમે એક આડશ તેમની સામે કરી દીધી અને એક આડશ તેમની પાછળ કરી દીધી જેનાથી અમે (દરેક બાજુએથી) તેમને (પડદાઓમાં) ઘેરી દીધા, બસ તેઓ (આ પડદાના કારણે કોઈ વસ્તુને) જોઈ નથી શકતા અને (બંને ઉદાહરણોનો ખુલાસો એ છે કે) તેમને વાસ્તવમાં તમારું ડરાવવું અથવા ન ડરાવવું બંને સમાન છે, આ (કોઈ હાલતમાં પણ) ઈમાન લાવશે નહીં (એટલા માટે આપ ﷺ તેમનાથી આશાવાદી ન બનો અને રાહતનો શ્વાસ લો) બસ તમે તો (એવું ડરાવવું જેના ઉપર લાભ નિશ્ચિત હોય માત્ર) એવા લોકોને ડરાવી શકો છો જે બોધપાઠ ઉપર ચાલે અને અલ્લાહને વિના જોયે ડરે (કે આ ડર જ સત્યની તલબ છે અને સત્યની તલબથી ડરના કારણે જ ડરે છે) બસ (જે એવો વ્યક્તિ હોય) તમે તેને (ગુનાહોથી) મા'ફી અને (તેના આજ્ઞાપાલન ઉપર) ઉત્તમ બદલાની ખુશખબરી સંભળાવી આપો (અને તેનાથી એ બાબત ઉપર પણ દલીલ થઈ ગઈ કે જેઓ ગુમરાહી અને વિરોધ કરવા તત્પર રહ્યા છે તેઓ મગફિરત અને સારા બદલાથી વંચિત અને અઝાબના હકદાર છે અને જો કે દુનિયામાં આ બદલો અને સજા જાહેર થવી જરૂરી નથી પરંતુ) બેશક ! અમે (એક દિવસે) મુરદાઓને જીવીત કરીશું (તે સમયે તે બધું જાહેર થઈ જશે) અને (જે અમલો ઉપર બદલો અને સજા થશે) અમે (તેને બરાબર) લખતા જઈએ છીએ તે અમલો પણ જેને લોકો આગળ મોકલતા જાય છે અને તેમના તે અમલો પણ જે પાછળ છોડી જાય છે (مَا قَدَّمُوْا નો ભાવાર્થ જે કામ પોતાના હાથે કર્યું અને آثَار નો ભાવાર્થ તે પ્રભાવ જે આ કાર્યના કારણે પેદા થયો અને મોત પછી પણ બાકી રહ્યો, દાખલા તરીકે કોઈએ કોઈનું એક કામ કર્યું અને તે બીજાઓની હિદાયતનું પણ કારણ બન્યું અથવા કોઈએ કોઈ ખરાબ કામ કર્યું અને તે બીજાઓની ગુમરાહીનું પણ કારણ બની ગયું, મતલબ કે આ બધું લખવામાં આવી રહ્યું છે અને ત્યાં તે બધા ઉપર બદલો અને સજા લાગુ પડી જશે) અને (અમારું ઈલ્મ તો એટલું વિશાળ છે કે અમે તે કિતાબના પણ મોહતાજ નથી જેમાં ઘટના બની ગયા પછી વર્ણન થયું હોય કારણ કે) અમે (તો) દરેક વસ્તુને (જે કંઈ કયામત સુધી થશે તેના અસ્તિત્વમાં આવતા પહેલાં જ) એક સ્પષ્ટ કિતાબ (એટલે કે લવહે મહફૂઝ)માં લખી દીધું છે (માત્ર અમુક હિકમતોથી અમલોને લખવામાં આવે છે,

બસ જ્યારે અસ્તિત્વમાં આવતા પહેલાં અમને બધી વસ્તુઓનું જ્ઞાન છે તો ઘટના બની ગયા પછી તેનું જ્ઞાન કેમ ન હોય ! એટલા માટે કોઈ અમલથી ફરી જવાની અથવા ગુપ્ત રાખવાની કોઈ સંભાવના નથી, અવશ્ય સજા થશે અને લવહે મહફૂઝને સ્પષ્ટ વસ્તુઓની વિગત સ્વરૂપે કહેવામાં આવ્યું).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ યાસીનની ફઝીલત :

હઝરત મઅ્કિલ બિન યષાર (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, યા–સીન "કલ્બુલ કુર્આન" એટલે કે સૂરએ યા–સીન કુર્આનનું દિલ છે અને આ હદીષના અમુક શબ્દોમાં છે કે જે વ્યક્તિ સૂરએ યા–સીનને માત્ર અલ્લાહ અને આખિરત માટે પઢે છે તેની મગફિરત (મા'ફી) થઈ જાય છે, તેને પોતાના મૃત્યુ પામેલા સ્વજનો ઉપર પઢ્યા કરો.

(રવાહુ અહમદ, અબૂ દાવુદ, નસઈ, ઈબ્ને હબ્બાન, હાકિમ વગેરે, કઝા ફિલ રૂહ વલ મઝહરી)

ઈમામ ગઝાલી (રહ.)એ ફરમાવ્યું કે સૂરએ યા–સીનને "કલ્બે કુર્આન" કહેવાનું કારણ એ હોઈ શકે છે કે તે સૂરતમાં કયામત અને હશ્રના વિષયો ખાસ વિગતપૂર્વક અને વિશિષ્ટ સ્વરૂપે આવ્યા છે અને ઈમાનની મૂળભૂત માન્યતાઓમાંથી આખિરતનો અકીદહ તે વસ્તુ છે જેના ઉપર મનુષ્યના અમલોની ખરાઈ અવલંબિત છે. આખિરતનો ડર જ મનુષ્યને નેક કર્મો માટે તૈયાર કરે છે અને તે જ તેને નાજાઈઝ મનેચ્છાઓ અને હરામ કૃત્યોથી રોકે છે તો જે પ્રમાણે શરીરની તંદુરસ્તી દિલની તંદુરસ્તી ઉપર અવલંબિત છે એ જ પ્રમાણે ઈમાનની તંદુરસ્તી આખિરતની ચિંતા ઉપર અવલંબિત છે. (રૂહુલ મઆની) અને આ સૂરતનું નામ જે રીતે "સૂરએ યા–સીન" પ્રખ્યાત છે એ જ પ્રમાણે એક હદીષમાં તેનું નામ عَظِيْمَة (અઝીમહ) પણ આવ્યું છે. (અખ્રઝા અબૂ નશર સજરી અન આયશા રદિ.) અને એક હદીષમાં છે કે આ સૂરતનું નામ તવરાતમાં مُعِمَّة (મુઈમ્મહ) આવ્યું છે, એટલે કે તેના પઢનાર માટે દુનિયા અને આખિરતની ભલાઈ અને બરકતો જાહેર કરાવનાર અને તેના પઢનારનું નામ شَرِيْف (શરીફ) "ભલો–ડાહ્યો" આવ્યું છે અને ફરમાવ્યું કે કયામતના દિવસે તેની સિફારસ રબિય્યહ કબીલાના લોકોની સંખ્યા કરતાં વધારે લોકો માટે કબૂલ થશે. (રવાહુ

સઈદ બિન મન્સૂર વલ બયહકી, અન હસ્સાન બિન અતિય્યહ) અમુક રિવાયતોમાં તેનું નામ مُدَافِعَة (મુદાફિઅહ) પણ આવ્યું છે, એટલે કે તેને પઢનારની તે બલાઓને દૂર કરનારી છે અને અમુકમાં તેનું નામ قَاضِيَة (કાદિયહ) એટલે કે જરૂરતો પૂરી કરનાર આવ્યું છે. *(રૂહુલ મઆની)*

હઝરત અબૂઝર (રદિ.)થી રિવાયત છે કે જે મૃત્યુ પામનારની પાસે સૂરએ યા–સીન પઢવામાં આવે તો તેનો મોતનો સમય આસાન થઈ જાય છે.

(રવાહુ અલ દયલમી, ઈબ્ને હબ્બાન, મઝહરી)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ સૂરએ યા–સીનને પોતાની જરૂરતની આગળ કરી દે તો તેની જરૂરત પૂરી થઈ જાય છે.

(અખ્રઝલ મહામિલી ફિલ અમાલી –મઝહરી)

યહ્યા ઈબ્ને કષીરે ફરમાવ્યું કે જે વ્યક્તિ સવારે સૂરએ યા–સીન પઢી લે તે સાંજ સુધી ખુશી અને આરામથી રહેશે અને જે સાંજે પઢી લે તો સવાર સુધી ખુશીમાં રહેશે અને ફરમાવ્યું કે મને આ વાત એવા વ્યક્તિએ બતાવી છે જેણે તેનો અનુભવ કર્યો છે. *(અખ્રઝા ઈબ્નલ ફરીસ, મઝહરી)*

يٰسٓ (યા–સીન) આ શબ્દ વિશે પ્રખ્યાત નિવેદન તો તે જ છે જે ઉપર તફસીરના ખુલાસામાં કરવામાં આવ્યું છે કે તે حُرُوْفِ مُقَطَّعَات (હુરૂફે મુકત્તઆત)માંથી છે જેનું જ્ઞાન અલ્લાહ તઆલાને છે, સામાન્ય બંદાઓને નથી આપવામાં આવ્યું અને ઈબ્ને અરબિય્યહ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના નામોમાંથી તે એક નામ છે અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ એક રિવાયત આવી જ વર્ણન થઈ છે કે તે અલ્લાહના નામોમાંથી છે તથા એક રિવાયતમાં એ આવ્યું છે કે આ હબશી ભાષાનો શબ્દ છે, જેનો અર્થ "હે માનવી" થાય છે અને "માનવી"થી ભાવાર્થ રસૂલે કરીમ ﷺ છે. હઝરત ઈબ્ને ઝુબૈર (રદિ.)ની વાતથી એ જણાય છે કે શબ્દ "યા–સીન" નબીએ કરીમ ﷺનું નામ છે. રૂહુલ મઆનીમાં છે કે રસૂલે કરીમ ﷺનું નામ આ બે મહાન શબ્દોથી રાખવું એટલે કે, "યા" અને "સીન" તેમાં ઘણા રહસ્યો છે.

યા–સીન કોઈનું નામ રાખવું કેવું છે ? :

ઈમામ માલિક (રહ.)એ તેને એટલા માટે પસંદ નથી કર્યું કે તેમના મતે

આ નામ અલ્લાહ તઆલાના નામોમાંથી છે અને તેનો સાચો અર્થ ખબર નથી એટલા માટે શક્ય છે કે કોઈ એવો અર્થ પણ હોઈ શકે છે જે અલ્લાહ તઆલા માટે જ વિશિષ્ટ સ્વરૂપે હોય જેમકે "ખાલિક" (સર્જનહાર), "રાઝિક" (રોજી આપનાર) વગેરે. અલબત્ત આ શબ્દને આ રીતે يَا سِيْن (યાસીન) લખવામાં આવે તો આ કોઈ વ્યક્તિનું નામ રાખવું જાઇઝ છે, કારણ કે કુર્આને કરીમમાં આવ્યું છે, سَلَامٌ عَلٰى اٰلِ يَا سِيْنَ (ઇબ્ને અરબી) પ્રસ્તુત આયતની મશ્હૂર કિરાઅત اِلْيَاسِيْن (ઈલિયાસીન) છે પરંતુ અમુક કિરાઅતોમાં اٰلِ يَاسِيْن (આલિયાસીન) પણ આવ્યું છે.

لِتُنْذِرَ قَوْمًا مَّا اُنْذِرَ اٰبَاءُهُمْ તેનો ભાવાર્થ "અરબો" છે, અર્થ એ છે કે તેમના બાપ દાદાઓમાં કોઈ "નઝીર" (ડરાવનાર) એટલે કે પયગમ્બર લાંબા સમયથી નથી આવ્યા અને બાપ દાદાઓથી ભાવાર્થ તેમના નજીકના પૂર્વજો છે. તેમના મહાન પૂર્વજ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને તેમની સાથે હઝરત ઈસ્માઈલ (અલૈ.) પછી કેટલીય સદીઓ સુધી અરબમાં કોઈ પયગમ્બર આવ્યા ન હતા, જો કે દા'વત અને તબ્લીગ તથા અલ્લાહ તઆલાથી ડરાવવાનો અને ખુશખબરી આપવાનો ક્રમ સતત ચાલુ રહ્યો જેનું વર્ણન કુર્આને કરીમની આયતમાં પણ છે જે તફસીરના ખુલાસામાં આવી ચૂક્યું છે અને اِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ આયતનો પણ એ જ તકાદો છે કે અલ્લાહ તઆલાની રહમતે કોઈ કોમ અને મિલ્લતને દા'વત અને ડરાવવાથી કોઈપણ યુગમાં અને કોઈપણ પ્રદેશમાં વંચિત નથી રાખ્યા પરંતુ એ દેખીતું છે કે અંબિયા (અલૈ.)ની તા'લીમ તેમના નાયબો દ્વારા પહોંચવામાં તે પ્રભાવ નથી હોતો જે પોતે નબી અથવા પયગમ્બર (અલૈ.)ની દા'વત અને તા'લીમમાં હોય છે એટલા માટે પ્રસ્તુત આયતમાં અરબો વિશે આ કહેવામાં આવ્યું કે તેમનામાં કોઈ ડરાવનાર આવ્યો નથી, તેની જ એ અસર હતી કે અરબમાં સામાન્ય રીતે પઢવા અને પઢાવવાની તથા તા'લીમની કોઈ વ્યવસ્થિત કાયમી વ્યવસ્થા ન હતી, આ જ કારણે તેમનો લકબ "ઉમ્મિય્યીન" (નિરક્ષર) થયો છે.

لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ، اِنَّا جَعَلْنَا فِيْ اَعْنَاقِهِمْ اَغْلٰلًا ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાએ કુફ્ર અને ઈમાન તથા જન્નત અને દોઝખના બંને માર્ગો મનુષ્યની સામે રાખી દીધા અને ઈમાનની દા'વત માટે અંબિયા

(અલૈ.) અને કિતાબો પણ મોકલી દીધી, પછી મનુષ્યને એટલો અધિકાર પણ આપી દીધો કે તે પોતાના ભલા અને બુરાને ઓળખીને કોઈ માર્ગ અપનાવે જે બદનસીબ ન તો વિચારે છે કે ચિંતન કરીને કામ લે છે અને ન જ કુદરતની દલીલોમાં મનન કરે અને ન તો અંબિયા (અલૈ.)ની દા'વત ઉપર ધ્યાન આપે અને ન જ અલ્લાહની કિતાબમાં વિચાર કે ચિંતન કરે તો તેણે પોતાના અધિકારથી જે માર્ગ અપનાવી લીધો તો અલ્લાહ તઆલા તે જ સામાન તેના માટે એકઠો કરી દે છે, જો કુફ્રમાં લાગી ગયો તો પછી તેના માટે કુફ્ર વધારવાનો જ સામાન થતો રહે છે, તેને જ આ પ્રમાણે ઓળખાવવામાં આવ્યું, لَقَدْ حَقَّ الْقَوْلُ عَلٰٓى اَكْثَرِهِمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ એટલે કે તેમનામાંથી ઘણા લોકો ઉપર તો તેમની પોતે અપનાવેલ બુરાઈઓના કારણે જ આ સત્ય વચન લાગુ પડી ચૂક્યું છે કે તેઓ ઈમાન લાવશે નહીં.

આગળ તેમની પરિસ્થિતિનું એક દૃષ્ટાંત વર્ણન કર્યું છે કે તેમનું ઉદાહરણ એવું છે કે જેના ગળામાં એવો તોક (લોખંડનો પટ્ટો) નાંખી દેવામાં આવ્યો હોય કે તેનો ચહેરો અને આંખો ઉપર ઊઠી જાય, નીચે રસ્તા તરફ જોઈ જ ના શકે તો દેખીતું છે કે તે પોતાને કોઈ ખાડામાં પડવાથી બચાવી નથી શકતો.

બીજું ઉદાહરણ એ આપ્યું જેમકે કોઈ વ્યક્તિની ચારે બાજુએ દિવાલ ઊભી કરી દેવામાં આવે તો તે આ ચાર દિવાલોમાં કેદ થઈને રહી જશે અને બહારથી વસ્તુઓથી બેખબર થઈ જાય છે. આ કાફિરોની આજુબાજુ પણ તેમની અજ્ઞાનતા અને તેના ઉપર દુશ્મનાવટ અને હઠધર્મીએ ઘેરો ઘાલ્યો છે કે બહારથી સત્ય વાતો તેમના સુધી જાણે પહોંચતી જ નથી.

ઈમામ રાઝી (રહ.)એ ફરમાવ્યું કે દૃષ્ટિના અવરોધકોના બે પ્રકારો હોય છે, એક અવરોધ તો એવો હોય છે કે પોતે પોતાના અસ્તિત્વને પણ ન જોઈ શકે. બીજો એ કે પોતાની આજુબાજુની પરિસ્થિતિને ન નિહાળી શકે. આ કાફિરો માટે સત્ય જોવાથી બંને પ્રકારના અવરોધકો ઉપસ્થિત હતા, એટલા માટે પ્રથમ ઉદાહરણ પ્રથમ અવરોધકનું છે કે જેમની ગરદનો નીચે વળી જ નથી શકતી અને તેઓ પોતાના અસ્તિત્વને પણ નથી જોઈ શકતા અને બીજું ઉદાહરણ બીજા અવરોધકનું છે કે તેઓ પોતાની આજુબાજુ પણ જોઈ શકતા નથી. *(રૂહુલ મઆની)*

જમહૂર મુફસ્સિરીને પ્રસ્તુત આયતમાં તેમના કુફ્ર અને દુશ્મનાવટનું જ ઉદાહરણ ઠરાવી દીધું છે અને અમુક મુફસ્સિરોએ તેને અમુક રિવાયતોની બીના ઉપર એક ઘટનાનું વર્ણન ઠરાવ્યું છે. અબૂજહલ અને અમુક બીજા લોકો રસૂલે કરીમ ﷺની હત્યા કરવાનો અથવા તેમને કષ્ટ પહોંચાડવાનો પાકો નિર્ધાર કરીને આપ ﷺ તરફ વધ્યા પરંતુ અલ્લાહ તઆલાએ તેમની આંખો ઉપર તે નાખી દીધું કે તેઓ લાચાર થઈને પરત આવ્યા. આ જ પ્રમાણેની અનેક ઘટનાઓ તફસીરની કિતાબો ઈબ્ને કષીર, રૂહુલ મઆની, કુર્તુબી, મઝહરી વગેરેમાં નકલ થઈ છે પરંતુ તે મોટા ભાગની રિવાયતો ઝઈફ (કમજોર) છે, તેના ઉપર આયતની તફસીરનો આધાર રાખી શકાતો નથી.

وَنَكْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ એટલે કે અમે તેમના અમલોને લખીશું જે તેમણે આગળ મોકલ્યા છે. અમલને "આગળ મોકલવા"થી ઓળખાવીને એ બતાવવામાં આવ્યું છે કે જે કર્મો સારા અથવા નરસા આ દુનિયામાં કર્યા છે તે અહીંયાં સમાપ્ત નથી થઈ ગયા બલકે તે તમારો સામાન બનીને આગળ પહોંચી ગયા છે જેનાથી આગલી જિંદગીમાં વાસ્તો પડવાનો છે, સારા કર્મો છે તો જન્નતના બાગ બગીચા બનશે અને જો ખરાબ કૃત્યો છે તો જહન્નમના અંગારા; અને તે અમલો (કર્મો)ને લખવાનો મૂળ હેતુ તેમને સુરક્ષિત રાખવું છે અને લખવું પણ તેનું એક માધ્યમ છે કે જેમાં ભૂલચૂક થવાની અથવા ભૂલાઈ જવાની તથા વધારો ઘટાડો થવાની કે નુકસાન થવાની સંભાવના નથી રહેતી.

અમલોની જેમ અમલોની અસરો પણ લખવામાં આવે છે :

وَاٰثَارَهُمْ એટલે કે જે રીતે તેમના કરેલા કૃત્યો (અમલો) લખવામાં આવે છે એ જ પ્રમાણે તેમના آثار (આષાર) પણ લખવામાં આવે છે. آثار (આષાર)નો ભાવાર્થ અમલોના તે પરિણામો અને અંજામ છે જે પાછળથી જાહેર થાય અથવા તો કાયમ રહે છે, દાખલા તરીકે કોઈએ લોકોને દીનની તા'લીમ આપી, દીની હુકમો બતાવ્યા અથવા તેમના માટે કોઈ કિતાબ લખી જેનાથી લોકોએ દીનનો લાભ ઉઠાવ્યો અથવા કોઈ વક્ફ કર્યું જેમાંથી લોકોને તેના પછી પણ લાભ પહોંચ્યો અથવા કોઈ એવું કામ કર્યું જેનાથી મુસલમાનોને લાભ પહોંચ્યો તો જ્યાં સુધી તેના આ ભલા કાર્યની અસરો પહોંચશે અને જ્યાં સુધી પહોંચતી રહેશે તે બધું તેના નામએ આ'માલમાં લખવામાં આવતું રહેશે, એ જ રીતે ખરાબ કૃત્યો

જેના ખરાબ પરિણામો અને અસરો દુનિયામાં બાકી રહે, દાખલા તરીકે અત્યાચારી કાયદાઓ લાગુ પાડવામાં આવે, એવી સંસ્થાઓ સ્થાપવામાં આવે જે મનુષ્યના અમલો અને તેમની નૈતિકતાને ખરાબ કરી નાંખે અથવા લોકોને કોઈ ખોટા અથવા ખરાબ માર્ગે વાળી દેવામાં આવે તો જ્યાં સુધી અને જેટલા સમય સુધી આ અમલોના ખરાબ પરિણામો અને નુકસાનો અસ્તિત્વમાં આવતા રહેશે તેના નામએ આ'માલમાં તે લખવામાં આવતું રહેશે જેમકે આ આયતની તફસીરમાં પોતે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે, હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَنْ سَنَّ سُنَّةً حَسَنَةً فَلَهُ اَجْرُهَا وَاَجْرُ مَنْ عَمِلَ بِهَا مِنْ بَعْدِهٖ مِنْ غَيْرِ اَنْ يُّنْقَصَ مِنْ اُجُوْرِهِمْ شَيْءٌ وَمَنْ سَنَّ سُنَّةً سَيِّئَةً كَانَ عَلَيْهِ وِزْرُهَا وَوِزْرُ مَنْ عَمِلَ بِهَا مِنْ بَعْدِهٖ لَا يَنْقُصُ مِنْ اَوْزَارِهِمْ شَيْئًا، ثُمَّ تَلَا وَنَكْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ، (اِبْنُ كَثِيْرٍ عَنِ ابْنِ اَبِىْ حَاتِمٍ)

"જે વ્યક્તિએ કોઈ સારો તરીકો ચાલુ કર્યો તો તેનો તેને પણ સવાબ મળશે અને જેટલા વ્યક્તિ આ તરીકા ઉપર અમલ કરશે તેનો સવાબ પણ તેને મળશે તે અમલ કરનારાઓના સવાબમાં કોઈ કમી થયા વિના; અને જેણે કોઈ બુરો તરીકો ચાલુ કર્યો તો તેનો તેને પણ ગુનોહ થશે અને જ્યાં સુધી જેટલા વ્યક્તિ આ બુરા તરીકા ઉપર અમલ કરતા રહેશે તેમનો ગુનોહ પણ તેને થતો રહેશે તેના ગુનાહ કરનારાઓના ગુનાહોમાં કમી આવ્યા સિવાય !"

آثَار (આષાર)નો એક અર્થ "પગલાંના નિશાન"નો પણ થાય છે. હદીષમાં આવે છે કે માનવી જ્યારે નમાઝ માટે મસ્જિદ તરફ ચાલે છે તો તેના દરેક ડગલાં ઉપર નેકી લખવામાં આવે છે, અમુક હદીષની રિવાયતોથી જાણ થાય છે કે આ આયતમાં "આષાર"નો ભાવાર્થ આ જ પગલાંઓના નિશાનનો છે, જે રીતે નમાઝનો સવાબ પણ લખવામાં આવે છે એ જ પ્રમાણે નમાઝ માટે જવામાં જેટલા ડગલાં પડ્યા છે દરેક ડગલે એક નેકી લખવામાં આવે છે. ઈબ્ને કષીર (રહ.)એ આ રિવાયતોને આ સ્થળે એકઠી કરી દીધી છે જેમાં એ વર્ણન છે કે મદીના તય્યિબહમાં જે લોકોના મકાનો મસ્જિદે નબવી ﷺથી દૂર હતા તેમણે ઈરાદો કર્યો કે મસ્જિદની નજીક મકાન બનાવી લે. રસૂલે કરીમ ﷺએ મનાઈ

કરી કે જ્યાં રહો છો ત્યાં જ રહો, દૂરથી ચાલીને આવશો તો તે વખતને બેકાર ગયેલ ન સમજો, જેટલા ડગલાં વધારે હશે એટલો જ તમારો સવાબ વધશે.

આ બાબત ઉપર જે શંકા થઈ શકે છે કે આ સૂરહ મક્કી છે અને જે ઘટનાઓ આ હદીષોમાં પ્રસ્તુત થઈ છે તે તો મદીના તય્યિબહની છે તો તેનો જવાબ એ હોઈ શકે છે કે આયત પોતાના સામાન્ય અર્થમાં છે કે અમલોની અસરો પણ લખવામાં આવે છે અને આયત મક્કામાં જ નાઝિલ થઈ હોય પછી મદીના તય્યિબહમાં જ્યારે આ ઘટના સામે આવી તો રસૂલે કરીમ ﷺએ દલીલ સ્વરૂપે આ આયતનું વર્ણન ફરમાવ્યું અને પગલાંના નિશાનને પણ આ કાયમ બાકી રહેનાર અસરોમાં ગણ્યા જે લખવાનું કુર્આન શરીફની આ આયતમાં વર્ણન થયું છે, આ રીતે આ બંને તફસીરોમાં જાહેર વિરોધાભાસ પણ નિર્મૂળ થઈ જાય છે.

(ખુલાસો ઈબ્ને કષીર)

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૧૩ થી ૩૨)

وَاضْرِبْ لَهُم مَّثَلًا أَصْحَابَ الْقَرْيَةِ إِذْ جَاءَهَا الْمُرْسَلُونَ ﴿١٣﴾ إِذْ أَرْسَلْنَا
إِلَيْهِمُ اثْنَيْنِ فَكَذَّبُوهُمَا فَعَزَّزْنَا بِثَالِثٍ فَقَالُوا إِنَّا إِلَيْكُم مُّرْسَلُونَ ﴿١٤﴾
قَالُوا مَا أَنتُمْ إِلَّا بَشَرٌ مِّثْلُنَا وَمَا أَنزَلَ الرَّحْمَٰنُ مِن شَيْءٍ إِنْ أَنتُمْ إِلَّا
تَكْذِبُونَ ﴿١٥﴾ قَالُوا رَبُّنَا يَعْلَمُ إِنَّا إِلَيْكُمْ لَمُرْسَلُونَ ﴿١٦﴾ وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ
الْمُبِينُ ﴿١٧﴾ قَالُوا إِنَّا تَطَيَّرْنَا بِكُمْ لَئِن لَّمْ تَنتَهُوا لَنَرْجُمَنَّكُمْ وَلَيَمَسَّنَّكُم
مِّنَّا عَذَابٌ أَلِيمٌ ﴿١٨﴾ قَالُوا طَائِرُكُم مَّعَكُمْ أَئِن ذُكِّرْتُم بَلْ أَنتُمْ قَوْمٌ
مُّسْرِفُونَ ﴿١٩﴾ وَجَاءَ مِنْ أَقْصَى الْمَدِينَةِ رَجُلٌ يَسْعَىٰ قَالَ يَا قَوْمِ اتَّبِعُوا الْمُرْسَلِينَ ﴿٢٠﴾
اتَّبِعُوا مَن لَّا يَسْأَلُكُمْ أَجْرًا وَهُم مُّهْتَدُونَ ﴿٢١﴾

પારહ : ૨૩

وَمَا لِيَ لَآ أَعْبُدُ الَّذِي فَطَرَنِي وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٢٢﴾ ءَأَتَّخِذُ مِن دُونِهِۦٓ ءَالِهَةً
إِن يُرِدْنِ الرَّحْمَٰنُ بِضُرٍّ لَّا تُغْنِ عَنِّي شَفَٰعَتُهُمْ شَيْـًٔا وَلَا يُنقِذُونِ ﴿٢٣﴾ إِنِّيٓ إِذًا
لَّفِي ضَلَٰلٍ مُّبِينٍ ﴿٢٤﴾ إِنِّيٓ ءَامَنتُ بِرَبِّكُمْ فَٱسْمَعُونِ ﴿٢٥﴾ قِيلَ ٱدْخُلِ ٱلْجَنَّةَ قَالَ
يَٰلَيْتَ قَوْمِي يَعْلَمُونَ ﴿٢٦﴾ بِمَا غَفَرَ لِي رَبِّي وَجَعَلَنِي مِنَ ٱلْمُكْرَمِينَ ﴿٢٧﴾ وَمَآ أَنزَلْنَا
عَلَىٰ قَوْمِهِۦ مِنۢ بَعْدِهِۦ مِن جُندٍ مِّنَ ٱلسَّمَآءِ وَمَا كُنَّا مُنزِلِينَ ﴿٢٨﴾ إِن كَانَتْ إِلَّا
صَيْحَةً وَٰحِدَةً فَإِذَا هُمْ خَٰمِدُونَ ﴿٢٩﴾ يَٰحَسْرَةً عَلَى ٱلْعِبَادِ مَا يَأْتِيهِم مِّن
رَّسُولٍ إِلَّا كَانُوا۟ بِهِۦ يَسْتَهْزِءُونَ ﴿٣٠﴾ أَلَمْ يَرَوْا۟ كَمْ أَهْلَكْنَا قَبْلَهُم مِّنَ
ٱلْقُرُونِ أَنَّهُمْ إِلَيْهِمْ لَا يَرْجِعُونَ ﴿٣١﴾ وَإِن كُلٌّ لَّمَّا جَمِيعٌ لَّدَيْنَا مُحْضَرُونَ ﴿٣٢﴾

તરજુમો :

અને તેમના માટે તે શહેરના લોકોનું એક દષ્ટાંત વર્ણન કરો જ્યારે કે તેમાં રસૂલો પહોંચ્યા. (૧૩) જ્યારે અમે તેમના તરફ બે જણને મોકલ્યા તો તેમને જૂઠાડયા, પછી અમે ત્રીજા દ્વારા શક્તિ આપી ત્યારે તેમણે કહ્યું, અમે તમારા તરફ (અલ્લાહ તરફથી) મોકલેલા આવ્યા છીએ. (૧૪) તેઓ બોલ્યા, તમે તો એવા જ મનુષ્યો છો જેવા કે અમે અને રહમાને કંઈ જ નથી ઉતાર્યું, તમે બધા જૂઠું કહો છો. (૧૫) તેઓએ (રસૂલોએ) કહ્યું, અમારો પરવરદિગાર જાણે છે બેશક ! તમારા તરફ મોકલેલા આવ્યા છીએ. (૧૬) અને અમારા માથે એ જ છે સ્પષ્ટ સંદેશ પહોંચાડી દેવો. (૧૭) તેઓ (શહેરના લોકો) બોલ્યા, અમે તમને અપશુકનિયાળ (મનહૂસ) ભાળ્યા, જો તમે અટકશો નહીં તો અમે તમને સંગસાર કરી (પથ્થર મારીને મારી) નાંખીશું અને તમને અમારા હાથે દર્દનાક શિક્ષા પહોંચશે. (૧૮) તે (રસૂલો) કહેવા લાગ્યા, તમારું મનહૂસપણું તમારી સાથે છે, શું એટલી વાત ઉપર કે તમને સમજાવ્યા? બલકે કંઈ નથી તમે લોકો છો કે મર્યાદા (હદ)માં રહેતા નથી !

(૧૯) અને શહેરના દૂરના છેડેથી એક પુરુષ દોડતો આવ્યો, બોલ્યો: હે કોમ! તે રસૂલોનું અનુસરણ કરો. (૨૦) એવા લોકોના માર્ગે ચાલો કે જે તમારી પાસેથી બદલો નથી ઈચ્છતા અને તેઓ સીધા માર્ગ ઉપર છે. (૨૧) અને મને શું થયું કે હું તેની બંદગી ન કરું જેણે મને બનાવ્યો અને તેના જ તરફ સૌ પાછા વળશો. (૨૨) ભલા હું તેના સિવાય અન્યોની પૂજા કેવી રીતે કરું કે જો મારા ઉપર રહમાન (કૃપાળુ અલ્લાહ) તકલીફ ઈચ્છે તો તેમની સિફારસ મારા કંઈ કામમાં ન આવે અને ન જ તેઓ મને છોડાવે ! (૨૩) પછી તો હું ઉઘાડી ગુમરાહીમાં રહું. (૨૪) બેશક ! હું તમારા પરવરદિગાર ઉપર ઈમાન લાવ્યો, મને સાંભળી લો. (૨૫) હુકમ થયો, જન્નતમાં ચાલ્યો જા; બોલ્યો, (કાશ !) કોઈ પણ રીતે મારી કોમ જાણી લે ! (૨૬) કે મને મારા પરવરદિગારે બખ્શી દીધો અને મને ઈજ્જતવાળાઓમાં કર્યો. (૨૭) અને અમે તેના પછી તેની કોમ ઉપર આસમાનથી કોઈ ફોજ નથી ઊતારી અને અમે ઉતાર્યા કરતા નથી ! (૨૮) બસ એ જ હતો એક ભયાનક ચિત્કાર (ગર્જના) પછી તે જ સમયે બધા હોલવાય ગયા. (૨૯) કેટલો અફસોસ છે તે બંદાઓ ઉપર કે તેમની પાસે કોઈ રસૂલ આવ્યા નથી કે જેનો ઠઠ્ઠો મશ્કરી ન કરી હોય ! (૩૦) શું જોતા નથી અમે તેમના અગાઉના કેટલાય સમુદાયોનો સર્વનાશ કરી ચૂક્યા કે તેઓ તેમની પાસે પાછા વળીને આવશે નહીં. (૩૧) અને તે સૌમાં કોઈ એવા નથી જેઓ એકઠા કરીને અમારી પાસે પકડાઈને ન આવે. (૩૨)

તફસીર :

અને આપ (ﷺ) તેઓ(કાફિરો)ની સામે (એ હેતુથી કે રિસાલતનું સમર્થન અને તેમના તવહીદના અને રિસાલતના ઈન્કાર ઉપર હદબંધી થાય) એક કિસ્સો એટલે કે એક વસ્તીવાળાઓનો તે સમયનો કિસ્સો વર્ણન કરો જ્યારે કે તે વસ્તીમાં કેટલાય રસૂલો આવ્યા, એટલે કે જ્યારે અમે તેમની પાસે (પ્રથમ) બે રસૂલોને મોકલ્યા, બસ તે લોકોએ પ્રથમ તે બંનેને જૂઠા બતાવ્યા પછી ત્રીજા (રસૂલ) દ્વારા (તે બંનેનું) સમર્થન કર્યું (એટલે કે સમર્થન માટે પછી ત્રીજાને ત્યાં જવાનો હુકમ આપ્યો) બસ તે ત્રણેએ (તે વસ્તીવાળાઓને) કહ્યું કે અમે તમારી પાસે (અલ્લાહ તરફથી) મોકલવામાં આવ્યા છે (જેથી તમને માર્ગદર્શન આપીએ

કે તવહીદ અપનાવો અને મૂર્તિપૂજા છોડો, કારણ કે તે લોકો મૂર્તિઓ પૂજતા હતા (وَمَا لِيَ لَآ اَعۡبُدُ الَّذِىۡ فَطَرَنِىۡ وَقَوۡلُهٗ ءَاَتَّخِذُ مِنۡ دُوۡنِهٖۤ اٰلِهَةً....) તે લોકોએ (એટલે કે વસ્તીવાળાઓએ) કહ્યું કે તમે તો અમારા જેવા (માત્ર) મા'મૂલી માણસ છો (તમને રસૂલ થવાની વિશિષ્ટતા પ્રાપ્ત નથી) અને (તમારી શું વિશિષ્ટતા છે ? રિસાલતની બાબત પોતે જ પાયાવિહોણી છે અને) અલ્લાહ રહમાને (તો) કોઈ વસ્તુ (કિતાબ અને હુકમો પ્રકારની કદી) નાઝિલ (જ) નથી કરી, તમે નર્યું જૂઠ બોલો છો, તે રસૂલોએ કહ્યું કે તમારો પરવરદિગાર સઘળું જાણનાર છે કે બેશક ! અમે તમારી પાસે (રસૂલ તરીકે) મોકલવામાં આવ્યા છે અને (આ કસમ ખાવાથી તેમનો એ હેતુ નથી કે તેનાથી તેઓ રિસાલતની સાબિતી આપે છે બલકે દલીલ સ્થાપિત થઈ ગયા પછી પણ જ્યારે તેમણે ન માન્યુ ત્યારે અંતિમ જવાબ સ્વરૂપે મજબૂર થઈને કસમ ખાધી જેમકે આગળ પોતે તેમના કહેવાથી જાણ થાય છે કે) અમારા જિમ્મે તો માત્ર સ્પષ્ટ રીતે (હુકમ) પહોંચાડી દેવું હતું (કારણ કે સ્પષ્ટ થવું એ બાબત ઉપર અવલંબિત છે કે સ્પષ્ટ દલીલોથી દા'વાને સાબિત કરવામાં આવે, તેનાથી જાણ થાય છે કે તેઓ પ્રથમ દલીલો સ્થાપિત કરી ચૂક્યા હતા અને અંતે કસમ ખાધી, મતલબ એ કે અમે પોતાનું કામ કરી ચૂક્યા તમે ન માનો તો અમે મજબૂર છે) તે લોકો કહેવા લાગ્યા કે અમે તો તમને મનહૂસ સમજીએ છીએ, (આવું એટલા માટે કહ્યું કે તેમના ઉપર દુષ્કાળ પડયો હતો. –કમા ફિલ મઆલિમ. અને અથવા તો એટલા માટે કહ્યું હતું કે જ્યારે કોઈ નવી વાત સાંભળવામાં આવે છે કે લોકો તેનો સ્વીકાર ન કરે પરંતુ તેની ચર્ચા અવશ્ય થાય છે અને મોટે ભાગે સામાન્ય લોકોમાં તેના કારણે વાતચીત અને આ વાતચીતમાં વિરોધ અને ક્યારેક વિવાદ કે ફાટફૂટની નોબત પણ આવી પહોંચે છે, બસ મતલબ એ હશે કે બધા જ લોકોમાં એક ફિત્નો અને વિવાદ નાંખી દીધો જેનાથી નુકસાન પહોંચી રહ્યું છે, આ તો નહૂસત છે અને આ નહૂસતનું કારણ તમે છો) અને જો તમે (આ દા'વત અને દા'વાથી) અટકશો નહીં તો (યાદ રાખો) અમે પથ્થરોથી તમારું કામ તમામ કરી નાંખીશું અને (સંગસારથી પહેલાં પણ) તમને અમારા તરફથી સખત તકલીફ પહોંચશે (એટલે કે અન્ય અનેક પ્રકારે સતાવવામાં આવશો, જો નહીં માનો તો અંતે સંગસાર કરી નાંખીશું) તે રસૂલોએ કહ્યું કે તમારી નહૂસત તો તમારી સાથે જ લાગેલી છે (એટલે કે જેને તમે નુકસાન

અને મુસીબત કહી રહ્યા છો તેનું કારણ તો સત્ય કબૂલ ન કરવું છે, જો સત્યનો સ્વીકાર કરવા ઉપર સહમત થઈ ગયા હોત તો આ ઝઘડો અને ફિત્નો થવાની નોબત જ આવી ન હોત, ન જ દુષ્કાળના અઝાબમાં સપડાયા હોત ! રહી પ્રથમ મૂર્તિપૂજા ઉપરની સહમતી અને એકતા ! તો આવી એકતા જે બાતિલ ઉપર હોય પોતે ફસાદ અને વબાલ છે જેને છોડવું જરૂરી છે અને તે સમયમાં દુષ્કાળ ન પડવું તે અલ્લાહ તરફથી ઢીલ આપવાના સ્વરૂપે હતું કે અલ્લાહ તરફથી ઢીલ આપવામાં આવી હતી અથવા એ કારણે હતું કે તે સમય સુધી તે લોકો ઉપર સત્ય સ્પષ્ટ ન થયું હતું અને અલ્લાહનો કાનૂન છે કે સત્યને સ્પષ્ટ કર્યા પહેલાં કોઈને અઝાબ નથી આપતો, જેમકે ઈરશાદ છે حَتّٰى يُبَيِّنَ لَهُمْ مَّا يَتَّقُوْنَ અને આ ઢીલ અથવા સત્યનું ન હોવું પણ તમારી જ ગફલત, અજ્ઞાનતા અને તમારા કર્મોનું ફળ હતું, તેનાથી જાણ થઈ કે દરેક પરિસ્થિતિમાં આ નહૂસતનું કારણ તમારું પોતાનું કર્યું કારવ્યું હતું) શું એને નહૂસત સમજો છો કે તમને બોધપાઠ આપવામાં આવે?! (જે સારી બાબતનો આધાર છે) આ તો વાસ્તવમાં નહૂસત નથી બલકે તમે (પોતે) હદ (બુદ્ધિ અને શરીઅતની સીમા)થી નીકળી જનારા લોકો છો (બસ શરીઅતના વિરોધના કારણે તમારા ઉપર આ નહૂસત આવી અને બુદ્ધિ વિરુદ્ધ કાર્ય કરવાથી તમે આ કારણને ખોટું સમજ્યા) અને (આ વાતચીતની ખબર જ્યારે ફેલાઈ તો) એક વ્યક્તિ (જે મુસલમાન હતો) તે શહેરના કોઈ દૂરના સ્થળેથી (જે અહીંયાંથી દૂર હતું આ ખબર સાંભળીને પોતાની કોમનું ભલું ઈચ્છવા માટે કે તે રસૂલોનું હોવું કોમ માટે ભલાઈ હતી અથવા રસૂલોનું ભલું ઈચ્છવા માટે કે ક્યાંક આ લોકો તેમને કતલ ન કરી નાંખે) દોડતો દોડતો (ત્યાં) આવ્યો, (અને તે લોકોને) કહેવા લાગ્યો કે હે મારી કોમ ! આ રસૂલોના માર્ગે ચાલો, (અવશ્ય) એવા લોકોના માર્ગ ઉપર ચાલો જે તમારી પાસેથી કોઈ વળતર નથી માંગતા અને તેઓ પોતે સીધા માર્ગ ઉપર છે (એટલે કે સ્વાર્થ કે જે અનુસરણ કરવાની અડચણ હોય છે તે પણ નથી અને સીધા માર્ગ ઉપર હોવું જે અનુસરણનો તકાદો છે તે મોજૂદ છે પછી તેમનું અનુસરણ કેમ કરવામાં ન આવે?) અને મારી પાસે કયું બહાનું છે કે હું તે (મઅ્બૂદ)ની ઈબાદત ન કરું જેણે મને પેદા કર્યો ? (કે જે સમગ્ર દલીલોથી ઈબાદતનો હકદાર સાબિત છે) અને (તેણે પોતાના માટે આ વાત એટલા માટે કહી કે શ્રોતાઓ ઉશ્કેરાઈ ન જાય કે જે

હિકમત અને યુક્તિની અડચણ બની જાય છે નહિતર મૂળ હેતુ તો એ જ છે કે તમને એક અલ્લાહની ઈબાદત કરવામાં શું આડે આવે છે ?) તમારે સૌને તેની જ પાસે પાછા વળીને જવાનું છે (એટલા માટે બુદ્ધિનો તકાદો એ જ છે કે તેના રસૂલોનું અનુસરણ કરો, અહીંયાં સુધી તો સાચા મઅ્બૂદની ઈબાદતના હકનું વર્ણન કર્યું, આગળ બાતિલ અને જૂઠા મઅ્બૂદો ઈબાદતના હકદાર ન હોવાનો વિષય છે એટલે કે) શું હું અલ્લાહને છોડીને અન્ય એવા એવા મઅ્બૂદો ઠરાવી લઉં (જેમનું લાચારીનું સ્વરૂપ એ છે) કે જો કૃપાળુ રહમાન મને કંઈ તકલીફ પહોંચાડવા ઈચ્છે તો ન તો તે મઅ્બૂદોની ભલામણ મારા કામ આવે અને ન જ તે મને (પોતાની શક્તિ અને જોર દ્વારા આ તકલીફથી) છોડાવી શકે (એટલે કે ન તો તેઓ પોતે શક્તિશાળી છે અને ન જ સર્વશક્તિમાન સુધી ભલામણનું માધ્યમ બની શકે છે, કારણ કે પ્રથમ તો નિર્જીવ પદાર્થોમાં સિફારસ કરવાની ક્ષમતા જ નથી, બીજું સિફારસ તે જ કરી શકે છે જેને અલ્લાહ તઆલા તરફથી પરવાનગી હોય અને) જો હું એવું કરું તો ખુલ્લી ગુમરાહીમાં જઈ પડું (આ પણ પોતાના માટે કહીને તે લોકોને સંભળાવવું હતું કે) હું તો તમારા પરવરદિગાર ઉપર ઈમાન લાવી ચૂક્યો, બસ તમે (પણ) મારી વાત સાંભળી લો અને ઈમાન લઈ આવો (પરંતુ તે લોકો ઉપર કંઈ અસર ન થઈ, બલકે તેને પથ્થરો મારીને અથવા આગમાં નાંખીને અથવા ગળું દાબીને શહીદ કરી નાંખ્યો. –કમા ફી દૂર્રે મન્સૂર. –શહીદ થતાં જ અલ્લાહ તબારક વ તઆલા તરફથી) ઈરશાદ થયો કે જા જન્નતમાં દાખલ થઈ જા (તે વખતે પણ તેને પોતાની કોમની ચિંતા થઈ), કહેવા લાગ્યો કે કાશ ! મારી કોમને આ વાત ખબર થઈ ગઈ હોત કે મારા પરવરદિગારે (ઈમાન અને રસૂલના અનુસરણની બરકતથી) મને બખ્શી દીધો અને મને ઈજ્જતદારોમાં સામેલ કરી દીધો (તો આ પરિસ્થિતિ જાણીને તે પણ ઈમાન લઈ આવ્યા હોત અને આ જ રીતે તેઓ પણ બખ્શી દેવામાં આવ્યા હોત અને ઈજ્જતવાળા બની ગયા હોત) અને (જ્યારે તે વસ્તીવાળાઓએ રસૂલ અને રસૂલના અનુયાયીઓ સાથે આવો વ્યવહાર કર્યો તો અમે તેમનાથી બદલો લીધો અને બદલો લેવા માટે) અમે તે (શહીદ વ્યક્તિ)ની કોમ ઉપર તે(ની શહાદત)ના પછી કોઈ લશ્કર (ફરિશ્તાઓનું) આસમાનથી નથી ઉતાર્યું અને ન જ અમારે ઉતારવાની આવશ્યકતા હતી (કારણ કે તેમનું નાશ કરવું એ બાબત ઉપર

અવલંબિત ન હતું કે તેમનો નાશ કરવા માટે કોઈ મોટો સમૂહ એકઠો કરવામાં આવે. كَذَافَسَّرَهُ ابْنُ مَسْعُوْدٍ فِيْمَا نَقَلَ ابْنُ كَثِيْرٍ عَنِ ابْنِ اِسْحٰقَ حَيْثُ قَالَ مَا كَاثَرْنَاهُمْ بِالْجُمُوْعِ فَاِنَّ الْاَمْرَ كَانَ اَيْسَرَ عَلَيْنَا مِنْ ذٰلِكَ બલકે) તે સજા એક સખત ગર્જના હતી (જે હઝરત જિબ્રઈલ અલૈ.એ કરી. -કઝા ફિલ મઆલિમ. -અથવા અન્ય કોઈ ફરિશ્તાએ કરી હોય અથવા صَيْحَةٌ નો ભાવાર્થ અઝાબ હોય જે નિશ્ચિત કરવામાં આવ્યું નથી જેમકે સૂરએ મો'મિનૂનની આયત فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ ની તફસીરમાં આવી ચૂક્યું છે) અને તે બધા તે જ સમયે (તેનાથી) હોલવાયને (એટલે કે મૃત્યુ પામીને) રહી ગયા (આગળ કિસ્સાનું પરિણામ બતાવવા માટે જૂઠાઓની ટીકા કરવામાં આવી છે કે) અફસોસ ! (આવા) બંદાઓની હાલત ઉપર કે ક્યારેય તેમની પાસે રસૂલ નથી આવ્યા જેમનો તેમણે ઠઠ્ઠો ન કર્યો હોય કારણ કે આ લોકોએ તેના ઉપર નજર નથી કરી કે અમે તેમનાથી પહેલાં ઘણી બધી ઉમ્મતોનો (આ જ જૂઠાડવા અને ઠઠ્ઠો મશ્કરી કરવાના કારણે) નાશ કરી ચૂક્યા છે કે તેઓ (પછી) તેમના તરફ (દુનિયામાં) પાછા વળીને નથી આવતા (જો તેમાં વિચાર કરે તો જૂઠાડવાથી અને ઠઠ્ઠો મશ્કરી કરવાથી અટકી જાય અને આ સજા તો જૂઠાઓને દુનિયામાં આપવામાં આવી) અને (પછી આખિરતમાં) એ સૌમાં કોઈ એવો નથી જે સામૂહિક રીતે અમારી રૂબરૂ હાજર કરવામાં ન આવે (ત્યાં પણ તેમને સજા થશે અને તે સજા કાયમી હશે).

મસ્અલા અને બોધપાઠ :

وَاضْرِبْ لَهُمْ مَّثَلًا اَصْحٰبَ الْقَرْيَةِ ضَرْبِ مَثَلٍ (ઝરબે મષલ) કોઈ બાબતને સાબિત કરવા માટે તેના જ જેવી ઘટનાઓ ઉદાહરણ સ્વરૂપે વર્ણન કરવાને કહે છે. ઉપરોક્ત જે નુબુવ્વત અને રિસાલતના ઇન્કારી કાફિરોનું વર્ણન આવ્યું છે તેમને ચેતવવા માટે કુર્આને કરીમ દૃષ્ટાંત સ્વરૂપે અગાઉના યુગના એક કિસ્સાને વર્ણન કર્યો છે જે એક વસ્તીમાં બન્યો હતો.

તે કઈ વસ્તી છે જેનું વર્ણન આ ઘટનામાં કરવામાં આવ્યું છે ? :

કુર્આને કરીમે તે વસ્તીનું નામ નથી બતાવ્યું. ઐતિહાસિક રિવાયતોથી મુહમ્મદ ઇબ્ને ઇસ્હાકે હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.), કઅ્બ બિન અહ્બાર

(રદિ.) અને વહબ બિન મુનબ્બહ (રદિ.)થી નકલ કર્યું છે કે આ વસ્તી "અંતાકિયા" હતી અને જમહૂર તફસીરકારોએ તેને જ અપનાવ્યું છે, અબૂ હય્યાન અને ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે તફસીરકારોમાં તેના વિરુદ્ધ કોઈ નિવેદન નોંધાયું નથી. મુઅજિજમુલ બલદાન, અંતાકિયા શામનું પ્રખ્યાત શહેર છે જે પોતાની ખુશહાલી અને સ્થાયિત્વ માટે પ્રચલિત છે, તેનો કિલ્લો અને શહેરને રક્ષણ આપતી દિવાલ એક નમૂનો સમજવામાં આવે છે, આ શહેરમાં નસારાના ઈબાદતખાના એટલે કે ચર્ચો ઘણા બધા અને ખૂબ શાનદાર સોના ચાંદીથી શણગારેલા છે, દરિયા કિનારાનું શહેર છે, ઈસ્લામના સમયમાં તેને સિરીયાના વિજેતા હઝરત અમીનુલ ઉમ્મહ અબૂ ઉબયદહ ઈબ્ને જર્રાહ (રદિ.)એ ફતેહ કર્યું. મુઅજિજમુલ બલદાનમાં યાકૂત હમવીએ એ પણ લખ્યું છે કે હબીબ નજ્જાત (જેની ઘટના આ આયતમાં આગળ આવી રહી છે) તેની કબ્ર પણ અંતાકિયામાં મશહૂર છે, દૂર દૂરથી લોકો તેને જોવા માટે આવે છે, તેનો ખુલાસો પણ એ જ જણાય છે કે જે કબ્રનું વર્ણન આ આયતમાં આવ્યું છે તે આ શહેર અંતાકિયા છે.

ઈબ્ને કષીર (રહ.)એ લખ્યું છે કે અંતાકિયા તે ચાર મશહૂર શહેરોમાંથી છે જે દીને ઈસ્વી અને નસ્રાનિયત (ક્રિશ્ચિયાનિટી)નું કેન્દ્ર સમજવામાં આવ્યું છે, એટલે કે કુદ્દસ, રૉમ, એલૅક્ઝાન્ડ્રિયા અને અંતાકિયા; અને ફરમાવ્યું કે અંતાકિયા સૌથી પહેલું શહેર છે જેણે મસીહ (અલૈ.)નો ધર્મ સ્વીકાર્યો. આ જ બીના ઉપર હઝરત ઈબ્ને કષીર (રહ.)ને તેમાં ખચકાટ છે કે જે વસ્તીનું વર્ણન આ આયતમાં છે તે મશહૂર શહેર અંતાકિયા કદાચ ન પણ હોય, કારણ કે કુર્આને કરીમના ખુલાસા પ્રમાણે આ વસ્તી રિસાલત અને નુબુવ્વતના ઈન્કારીઓની વસ્તી હતી અને ઐતિહાસિક રિવાયતો પ્રમાણે તેઓ મૂર્તિપૂજક મુશ્રિકો હતા જ્યારે કે અંતાકિતા જે દીને મસીહ અને નસ્રાનિયતને સ્વીકાર કરવામાં સૌથી અગ્રસ્થાન ધરાવતા હતા તો એ કેવી રીતે આ આયત મુજબની વસ્તી હોઈ શકે છે ?

વળી કુર્આને કરીમની પ્રસ્તુત આયતોથી એ પણ સાબિત થાય છે કે આ ઘટનામાં તે સમગ્ર વસ્તી ઉપર એવો અઝાબ આવ્યો કે તેમનામાં કોઈ જીવીત બચ્યો નથી, અંતાકિયા શહેર વિશેના ઈતિહાસમાં આવી કોઈ ઘટના બન્યાનો ઉલ્લેખ વર્ણન નથી થયો કે કયા સમયે તેના બધા જ નિવાસીઓ એકસામટા મૃત્યુ

પામ્યા હોય એટલા માટે ઈબ્ને કષીર (રહ.)ના અભિપ્રાયમાં યા તો આ આયતમાં જે વસ્તીનું વર્ણન છે તે અંતાકિયા સિવાય કોઈ અન્ય વસ્તી છે અથવા તો પછી અંતાકિયા નામની કોઈ બીજી જ વસ્તી છે જે હાલનું મશ્હૂર શહેર અંતાકિયા નથી.

"ફત્હુલ મન્નાન"ના લેખકે ઈબ્ને કષીર (રહ.)ની આ શંકાઓના જવાબો પણ આપ્યા છે પરંતુ સરળ અને સ્પષ્ટ વાત એ જ છે જેને સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ "બયાનુલ કુર્આન"માં અપનાવ્યું છે કે કુર્આનની આયતોનો વિષય સમજવા માટે તે વસ્તીને નિશ્ચિત સ્વરૂપે જાણવું જરૂરી નથી અને કુર્આને કરીમે તેને મોઘમ રાખ્યું છે તો આવશ્યકતા જ શું છે કે તેના નિશ્ચિત કરવા માટે આટલું બધું બળ વાપરવામાં આવે ! સલફે સાલિહીન (પુરોગામી બુઝુર્ગો)નું આ નિવેદન છે اَبْهِمُوْا مَا اَبْهَمَهُ اللّٰهُ એટલે કે, જે વસ્તુને અલ્લાહે મોઘમ રાખી છે તમે પણ તેને મોઘમ જ રહેવા દો, તેનો તકાદો પણ એ જ છે.

اِذْ جَآئَهَا الْمُرْسَلُوْنَ ۝ اِذْ اَرْسَلْنَآ اِلَيْهِمُ اثْنَيْنِ فَكَذَّبُوْهُمَا فَعَزَّزْنَا بِثَالِثٍ فَقَالُوْٓا اِنَّآ اِلَيْكُمْ مُّرْسَلُوْنَ ۝

પ્રસ્તુત વસ્તીમાં ત્રણ રસૂલો મોકલવામાં આવ્યા હતા, પ્રથમ તેમનું વર્ણન ટૂંકમાં اِذْ جَآءَهَا الْمُرْسَلُوْنَ માં કર્યું, ત્યારબાદ તેની એ વિગત આપવામાં આવી કે પ્રથમ બે રસૂલો મોકલવામાં આવ્યા હતા. વસ્તીવાળાઓએ તેમને જૂઠાડ્યા અને તેમની વાત ન માની ત્યારે અલ્લાહ તઆલાએ તેમના સમર્થન માટે અને બળ પહોંચાડવા માટે એક ત્રીજા રસૂલ મોકલી આપ્યા, પછી આ ત્રણે રસૂલોએ વસ્તીવાળાઓને સંબોધન કર્યું, اِنَّا اِلَيْكُمْ مُّرْسَلُوْنَ એટલે કે અમે તમારી હિદાયત માટે મોકલવામાં આવ્યા છે.

તે વસ્તીમાં જે રસૂલ મોકલવામાં આવ્યા તેનો શું ભાવાર્થ છે અને તેઓ કોણ લોકો હતા ? :

શબ્દ رَسُوْلٌ (રસૂલ) અને مُرْسَلٌ (મુરસલ) એ કુર્આને કરીમમાં સામાન્ય રીતે અલ્લાહના નબી અને પયગમ્બર (અલૈ.) માટે બોલવામાં આવે છે, આ આયતમાં તેમના મોકલવાનો અલ્લાહ તઆલાએ પોતાના તરફ સંબંધ સ્થાપિત કર્યો છે, આ પણ એ બાબતની નિશાની છે કે તેનાથી ભાવાર્થ અંબિયા મુરસલીન

છે, ઈબ્ને ઈસ્હાકે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), કઅ્બ બિન અહ્બાર (રદિ.) અને વહબ બિન મુનબ્બહ (રદિ.)થી આ જ રિવાયત નકલ કરી છે કે આ ત્રણે મહાન બુઝુર્ગો જેમને આ વસ્તીમાં મોકલવાનું વર્ણન છે તેઓ અલ્લાહ તઆલાના પયગમ્બર હતા, તેમના નામ આ રિવાયતમાં સાદિક, સુદૂક અને શલૂમ આવ્યા છે અને એક રિવાયતમાં ત્રીજાનું નામ શમઊન આવ્યું છે.

હઝરત કતાદહ (રદિ.) દ્વારા આ નકલ થયું છે કે અત્રે શબ્દ مُـرْسَـلُوْنَ (મુરસલૂન) પોતાના પારિભાષિક અર્થમાં નથી બલકે કાસિદ (સંદેશાવાહક)ના અર્થમાં છે અને આ ત્રણ બુઝૂર્ગો જે આ વસ્તી તરફ મોકલવામાં આવ્યા પોતે પયગમ્બર ન હતા બલકે હઝરત ઈસા (અલૈ.)ના હવારીઓમાંથી હતા, તેમના જ હુકમથી આ તે વસ્તીની હિદાયત માટે મોકલવામાં આવ્યા હતા. (ઈબ્ને કષીર) અને કારણ કે તેમને મોકલનાર હઝરત ઈસા (અલૈ.) પોતે અલ્લાહના રસૂલ હતા તો તેમનું મોકલવું પણ સીધે સીધું અલ્લાહ તઆલા તરફથી જ મોકલવા સમાન હતું એટલા માટે આયતમાં તેમના મોકલવાને અલ્લાહ તઆલા તરફ જોડવામાં આવ્યું છે, તફસીરકારોમાંથી ઈબ્ને કષીર (રહ.)એ પ્રથમ નિવેદનને અને કુર્તુબી વગેરેએ બીજાને અપનાવ્યું છે, કુર્આનથી પણ જાહેર રીતે એવું જ સમજવામાં આવે છે કે આ લોકો અલ્લાહના નબી અને પયગમ્બર હતા. વલ્લાહુ અઅ્લમુ.

قَـالُوْٓا اِنَّـا تَـطَيَّرْنَـا بِكُمْ માં શબ્દ تَـطَيَّرْ (તતય્યર)નો અર્થ "અપશુકન" અથવા કોઈને "મનહૂસ" સમજવાનો થાય છે, તેનો ભાવાર્થ એ થાય છે કે આ શહેરના લોકોએ અલ્લાહના તે મોકલેલાઓની વાત ન માની અને એવું કહેવા લાગ્યા કે તમે લોકો મનહૂસ (ખોડપગા) છો. અમુક રિવાયતોમાં છે કે તેમની નાફરમાની અને રસૂલોની વાત ન માનવાના કારણે આ વસ્તીમાં દુકાળ પડી ગયો હતો એટલા માટે વસ્તીવાળાઓએ તેમને મનહૂસ કહ્યા અથવા અન્ય કોઈ તકલીફ પહોંચી હશે તો જે રીતે કાફિરોની સામાન્ય ટેવ એ જ છે કે કોઈ મુસીબત આવે તો તેનો સંબંધ તેમને માર્ગદર્શન આપનાર અંબિયા (અલૈ.) અથવા સુલહા (સુધારકો) સાથે જોડે છે, તેને પણ આ લોકો તરફ જોડવામાં આવ્યું, જેમકે હઝરત મૂસા (અલૈ.)ની કોમ વિશે કુર્આનમાં છે, فَـاِذَا جَـآءَتْهُـمُ الْـحَسَنَةُ قَالُوْا لَنَا هٰذِهٖ وَاِنْ تُـصِبْهُـمْ سَيِّـئَةٌ يَّـطَّيَّـرُوْا بِـمُوْسٰى وَمَنْ مَّعَهٗ એ જ પ્રમાણે કોમે સાલિહ (અલૈ.)એ તેમને કહ્યું, اطَّيَّرْنَا بِكَ وَبِمَنْ مَّعَكَ

قَالُوْا طَآئِرُكُمْ مَّعَكُمْ એટલે કે તમારી નહૂસત તમારી જ સાથે છે, ભાવાર્થ એ છે કે તમારા જ અમલોનું પરિણામ છે. طَـــائِـــرُ (તાઈર)નો શબ્દ વાસ્તવમાં અપશુકન માટે બોલવામાં આવે છે અને ક્યારેક અપશુકનના પ્રભાવ એટલે કે નહૂસતના અર્થમાં પણ આવે છે, અહીંયાં પણ આ જ ભાવાર્થ છે. (ઇબ્ને કષીર,કુર્તુબી)

وَجَاءَ مِنْ اَقْصَى الْمَدِيْنَةِ رَجُلٌ يَّسْعٰى પ્રથમ આયતમાં આ સ્થળને જેમાં આ ઘટના બની હતી શબ્દ قَـــرْيَـــةٌ (કરયહ)થી ઓળખવામાં આવ્યો જે અરબી ભાષાના આધારે માત્ર નાનું ગામ નથી બલકે દરેક વસ્તીને કહેવામાં આવે છે નાની વસ્તી હોય અથવા મોટું શહેર અને આ આયતમાં આ સ્થળને શબ્દ مَـدِيْـنَـةٌ (મદીનહ)થી ઓળખવામાં આવ્યું જે મોટા શહેર માટે ઉપયોગ થાય છે, આથી જાણ થઈ કે જે વસ્તીમાં આ ઘટના બની છે તે કોઈ મોટું શહેર હતું, તેનાથી તે નિવેદનનું પણ સમર્થન થાય છે જેમાં તે અંતાકિયા હોવાનું ઠરાવવામાં આવે છે. اَقْصَى الْـمَدِيْـنَـةُ (અકસલ મદીનહ)નો ભાવાર્થ શહેરના કોઈ ખૂણેથી આવવું છે. رَجُلٌ يَّسْعٰى (રજૂલુય્યસ્આ)માં શબ્દ يَسْعٰى (યસ્આ) એ سَعْى (સઈ)થી બનેલ છે જેનો શાબ્દિક અર્થ "દોડવું" થાય છે એટલા માટે અર્થ એ થયો કે શહેરના કોઈ દૂરના ખૂણાએથી એક વ્યક્તિ દોડતો દોડતો આવ્યો અને ક્યારેક શબ્દ "સઈ" કાળજીપૂર્વક ચાલવાના અર્થમાં પણ આવે છે, ભલે દોડીને ન ચાલે જેમકે સૂરએ જુમ્આમાં فَاسْعَوْا اِلٰى ذِكْرِ اللّٰهِ માં આ જ ભાવાર્થ સમજવામાં આવે છે.

શહેરના ખૂણેથી આવનાર વ્યક્તિની ઘટના :

કુર્આને કરીમે તેને પણ મોઘમ રાખ્યું છે, તે વ્યક્તિનું નામ અને પરિસ્થિતિનું વર્ણન કર્યું નથી. ઐતિહાસિક રિવાયતોમાં ઇબ્ને ઇસ્હાકે હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.), કઅ્બ બિન અહ્બાર (રદિ.) અને વહબ બિન મુનબ્બહ (રદિ.)ના હવાલાથી એ નકલ કર્યું છે કે તે વ્યક્તિનું નામ હબીબ હતું, તેના ધંધા વિશે વિવિધ નિવેદનો નોંધાયા છે, તેમાં પ્રખ્યાત એ છે કે તે સુથાર હતો, લાકડાંનું કામ કરતો હતો. *(ઇબ્ને કષીર)*

ઐતિહાસિક રિવાયતો જે તફસીરકારોએ આ સ્થળે નકલ કરી છે તેનાથી જાણ થાય છે કે આ વ્યક્તિ પણ શરૂઆતમાં મૂર્તિપૂજક હશે, બે રસૂલો જે પ્રથમ આ શહેરમાં આવ્યા તેની મુલાકાત તેમની સાથે થઈ હશે અને તેમની તા'લીમથી અને અમુક રિવાયતોના આધારે તેમના મોઅ્જિઝા અને કરામત જોઈને તેના

દિલમાં ઈમાન પેદા થયું અને મૂર્તિપૂજાથી તવબહ કરી મુસલમાન બની ગયો અને કોઈ ગુફા વગેરેમાં જઈને ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયો, જ્યારે તેને એ ખબર મળી કે શહેરના લોકો તે રસૂલોની તા'લીમ અને હિદાયતને જૂઠાડીને તેમને પીડા અને કષ્ટ પહોંચાડવા તૈયાર થઈ ગયા છે અને તેમની હત્યા કરવાની ધમકી આપી રહ્યા છે તો આ વ્યક્તિ પોતાની કોમનું ભલું ઈચ્છવા તથા તે રસૂલોની હમદર્દીની મિશ્રિત ભાવના સાથે ઉતાવળે ઉતાવળે પોતાની કોમ પાસે આવ્યો અને તેમને રસૂલોનું અનુસરણ કરવાની નસીહત કરી અને પછી પોતાના મો'મિન હોવાનું એ'લાન કર્યું. اِنِّيْٓ اٰمَنْتُ بِرَبِّكُمْ فَاسْمَعُوْنِ એટલે કે હું તમારા પરવરદિગાર ઉપર ઈમાન લાવ્યો છું, તમે પણ સાંભળી લો, તેનું સંબોધન તેની કોમ પણ હોઈ શકે છે અને તેમાં અલ્લાહ તઆલાને તેમનો પરવરદિગાર કહેવો સચ્ચાઈની જાહેરાત માટે હતું, ભલે તેઓ તેને સ્વીકાર કરતા ન હતા અને એવું પણ હોઈ શકે છે કે આ સંબોધન રસૂલોને કર્યું હોય અને فَاسْمَعُوْنِ (ફસ્મઊન) સાંભળી લો ! કહેવાનો હેતુ એ હોઈ કે તમે પણ સાંભળી લો અને અલ્લાહ તઆલા સામે મારા ઈમાનની ગવાહી આપો.

قِيْلَ ادْخُلِ الْجَنَّةَ قَالَ يٰلَيْتَ قَوْمِيْ يَعْلَمُوْنَ.... એટલે કે, આ વ્યક્તિ કે જે શહેરના ખૂણામાંથી રસૂલો ઉપર ઈમાન લાવવાનું પ્રોત્સાહન આપવા માટે આવ્યો હતો તેને કહેવામાં આવ્યું કે જન્નતમાં દાખલ થઈ જાઓ, દેખીતું છે કે આ સંબોધન કોઈ ફરિશ્તા દ્વારા થયું છે કે જન્નતમાં દાખલ થઈ જાઓ અને જન્નતમાં દાખલ થવાનો ભાવાર્થ તે ખુશખબરી આપવી છે કે જન્નત તમારું સ્થાન નિશ્ચિત થઈ ચૂક્યું છે જે સમય આવ્યે હશર નશર પછી પ્રાપ્ત થશે. *(કુર્તુબી)*

અને એ પણ હોઈ શકે છે કે તેને તેનું સ્થાન જન્નત તે સમયે બતાવવામાં આવ્યું છે તદુપરાંત બરઝખમાં પણ જન્નતવાળાઓને જન્નતના ફળફૂલ અને રાહતની વસ્તુઓ મળે છે એટલા માટે તેમને બરઝખના સમયગાળામાં પણ આવી રાહત પહોંચવી એક સ્વરૂપે જન્નતમાં પ્રવેશ કર્યા સમાન જ છે.

કુર્આને કરીમના આ શબ્દથી કે તેને કહેવામાં આવ્યું કે "જન્નતમાં દાખલ થઈ જાઓ" તે તરફ ઈશારો છે કે તે વ્યક્તિને શહીદ કરી નાંખવામાં આવ્યો હતો, કારણ કે જન્નતમાં પ્રવેશવાનો અથવા જન્નતની નિશાનીઓનો સાક્ષાત્કાર માત્ર મોત પછી જ થઈ શકે છે.

ઐતિહાસિક રિવાયતોમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મકાતિલ, મુજાહિદ અને તફસીરના ઈમામોથી નકલ થયું છે કે આ વ્યક્તિ હબીબ ઈબ્ને ઈસ્માઈલ નજ્જાર હતો અને આ તે લોકોમાંથી છે જેઓ આપણા રસૂલે કરીમ ﷺ ઉપર આપ ﷺના આગમનના છસો વર્ષો પહેલાં ઈમાન લાવ્યા છે, જેમકે تُبَّعِ اَكْبَرُ (તુબ્બએ અકબર) "મહાન તુબ્બા" (યમનના રાજાઓના એક વંશ) વિશે નકલ થયું છે કે રસૂલે કરીમ ﷺની પાછલી કિતાબોની ખુશખબરી વાંચીને આપ ﷺના જન્મથી ઘણા સમય પહેલાં તેઓ આપ ﷺ ઉપર ઈમાન લાવ્યા હતા, ત્રીજો વ્યક્તિ જે આપ ﷺ ઉપર આપ ﷺના આગમન અને દા'વત પહેલાં ઈમાન લાવ્યા તે વરકહ ઈબ્ને નવફલ છે, જેમનું વર્ણન સહીહ બુખારીની હદીષમાં વહીની શરૂઆતની ઘટનાઓમાં આવ્યું છે, એ પણ રસૂલે કરીમ ﷺની વિશિષ્ટતા છે કે આપ ﷺના જન્મ અને બઅ્ષત પહેલાં જ આપ ﷺ ઉપર આ ત્રણે વ્યક્તિઓ ઈમાન લઈ આવ્યા હતા, આવી ઘટના કોઈ નબી કે રસૂલ સાથે બની નથી.

વહબ બિન મુનબ્બહની રિવાયતમાં છે કે આ વ્યક્તિને રક્તપિત્તની બીમારી હતી અને તેનું મકાન શહેરના સૌથી અંતિમ દરવાજા ઉપર હતું, પોતાના ઘડી કાઢેલા મઅ્બૂદોથી દુઆ કરતો હતો કે મને તંદુરસ્ત કરી આપ જેના ઉપર સિત્તેર વર્ષો પસાર થઈ ચૂક્યા હતા, આ રસૂલ અંતાકિયા શહેરમાં અચાનક તે જ દરવાજેથી દાખલ થયા તો આ રસૂલે તે બીમાર વ્યક્તિને પહેલી મુલાકાતમાં જ મૂર્તિપૂજા છોડી દેવાની અને એક અલ્લાહની ઈબાદત કરવાનું આમંત્રણ આપ્યું. તેણે કહ્યું, તમારી પાસે તમારા દા'વાની કોઈ દલીલ અને સાચી નિશાની છે ? તેમણે કહ્યું, હા છે ! તેણે પોતાની રક્તપિત્તની બીમારી બતાવીને પૂછ્યું, તમે આ બીમારી દૂર કરી શકો છો ? તેમણે કહ્યું, હા ! અમે અમારા પરવરદિગારને દુઆ કરીશું તે તમને તંદુરસ્ત કરી આપશે. તેણે કહ્યું, કેવી અજબ વાત કરો છો ! હું સિત્તેર વર્ષોથી મારા મઅ્બૂદો પાસે દુઆ માંગું છું, કંઈ ફાયદો નથી થયો. તમારો પરવરદિગાર કેવી રીતે એક દિવસમાં મારી હાલત બદલી નાંખશે !? તેમણે કહ્યું કે હા ! અમારો પરવરદિગાર દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે અને જેને તમે ખુદા બનાવી રાખ્યા છે તેમની કોઈ વાસ્તવિકતા નથી તે કોઈ લાભ કે નુકસાન પહોંચાડી નથી શકતા. આવું સાંભળીને તે વ્યક્તિ ઈમાન લઈ આવ્યો અને તે

બુઝૂર્ગોએ તેના માટે દુઆ કરી. અલ્લાહ તઆલાએ તેને એવો તંદુરસ્ત કરી દીધો કે બીમારીની કોઈ અસર બાકી ન રહી, હવે તો તેનું ઈમાન પાકું થઈ ગયું અને તેણે વાયદો કર્યો કે દિવસભરમાં જે કંઈ કમાઈશ તેનું અડધું અલ્લાહના માર્ગમાં જ ખર્ચ કરીશ, જ્યારે તે રસૂલો ઉપર શહેરના લોકોના હુમલાની ખબર સાંભળી તો તે દોડીને ગયો અને પોતાની કોમને સમજાવી અને પોતાના ઈમાનની જાહેરાત કરી દીધી, સમગ્ર કોમ તેની દુશ્મન બની ગઈ અને બધા મળીને તેના ઉપર તૂટી પડયા. હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયતમાં છે કે લાતો અને ઠોકરો મારીને સૌએ મળી તેમને શહીદ કરી નાંખ્યો. અમુક રિવાયતોમાં છે કે તેના ઉપર પથ્થર વરસાવ્યા અને તે સમયે પણ જ્યારે કે સૌનો નિર્મમ માર પડતો હતો તે કહેતો જતો હતો, رَبِّ اهْدِ قَوْمِی હે મારા પરવરદિગાર ! મારી કોમને હિદાયત આપ.

અમુક રિવાયતોમાં છે કે તે લોકોએ ત્રણે રસૂલોને પણ શહીદ કરી દીધા પરંતુ કોઈ સહીહ રિવાયતમાં તેનું વર્ણન નથી કે તેમની શું હાલત છે ? દેખીતી રીતે તેઓ કતલ નથી થયા. (કુર્તુબી)

يٰلَيْتَ قَوْمِیْ يَعْلَمُوْنَ بِمَا غَفَرَ لِیْ رَبِّیْ وَجَعَلَنِیْ مِنَ الْمُكْرَمِيْنَ ○

આ બુઝૂર્ગ કારણ કે ઘણી બહાદૂરીથી અલ્લાહના માર્ગમાં શહીદ થયા, હક તઆલાએ તેમની સાથે ખાસ સન્માન અને ઈજ્જતનો વ્યવહાર કર્યો અને જન્નતમાં દાખલ થવાનો હુકમ આપ્યો. તેણે ઈનામ અને ઈજ્જત તથા જન્નતની નેઅ્મતો પ્રત્યક્ષ જોઈ તો પાછી પોતાની કોમ યાદ આવી અને તમન્ના કરી કે કાશ! મારી કોમને મારી હાલતની જાણ થઈ ગઈ હોત કે રસૂલો ઉપર ઈમાન લાવવાના બદલામાં મને ઈજ્જત અને સન્માન તથા કાયમી નેઅ્મતો કેવી કેવી મળી છે તો કદાચ તેમને પણ ઈમાનની તવફીક થઈ ગઈ હોત ! આ તમન્નાની જાહેરાત પ્રસ્તુત આયતમાં કરવામાં આવી છે.

પયગમ્બર તરીકેની દા'વત અને સુધારણાની રીત :

ઇસ્લામના પ્રચારકો માટે મહત્ત્વની સૂચનાઓ

આ વસ્તી તરફ જે ત્રણ રસૂલો મોકલવામાં આવ્યા તેમણે મુશ્રિકો અને

કાફિરોથી જે રીતે સંબોધન કર્યું અને તેમની સખત અને કડવી વાતો તથા ધમકીઓનો જે રીતે જવાબ આપ્યો એ જ પ્રમાણે તેમના આમંત્રણથી મુસલમાન થનાર હબીબ નજ્જારે જે રીતે પોતાની કોમને સંબોધન કર્યું તે વસ્તુઓને પુનરાવર્તિત સ્વરૂપે જુઓ તો તેમાં દીનની તબ્લીગ અને મખ્લૂકની સુધારણાની સેવા કરનારાઓ માટે ઘણો મોટો બોધપાઠ છે.

તે રસૂલોની શિખામણ, તબ્લીગ અને તાકીદના જવાબમાં મુશ્રિકોએ ત્રણ વાતો કહી,

(૧) તમે તો અમારા જેવા માનવી છો, અમે તમારી વાત શા માટે માનીએ ?

(૨) અલ્લાહ રહમાને કોઈના ઉપર કોઈ સંદેશ અને કિતાબ નથી ઊતારી.

(૩) તમે ઉઘાડું માત્ર જૂઠ બોલી રહ્યા છો.

તમે વિચાર કરો કે નિઃસ્વાર્થ શિખામણની વાતચીતના જવાબમાં આ ઉશ્કેરણીજનક વાતચીતનો શું જવાબ હોવો જોઈતો હતો ? પરંતુ તે રસૂલોએ શું જવાબ આપ્યો ? માત્ર આ કે, رَبُّنَا يَعْلَمُ إِنَّا إِلَيْكُمْ لَمُرْسَلُوْنَ એટલે કે, અમારો પરવરદિગાર જાણે છે કે અમે તમારા તરફ મોકલવામાં આવ્યા છે અને مَا عَلَيْنَا إِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ એટલે કે, અમારું જે કામ હતું તે કરી ચૂક્યા કે તમને અલ્લાહનો સંદેશ સ્પષ્ટ કરીને પહોંચાડી દીધો, આગળ તમને અધિકાર છે માનો અથવા ન માનો. જુઓ તેમના કોઈ શબ્દમાં શું તેમની ઉશ્કેરાટની કોઈ અસર છે ? કેટલો વિનમ્રતાપૂર્વકનો જવાબ છે !

પછી તે લોકોએ ઔર આગળ વધીને કહ્યું કે તમે લોકો મન્હૂસ (ખોડપગા) છો, તમારા કારણે અમે મુસીબતમાં સપડાઈ ગયા. તેનો નિશ્ચિત જવાબ એ હતો કે મન્હૂસ તો તમે પોતે છો. તમારી કરણીના કારણે તમારા ગળે આ મુસીબત પડી છે પરંતુ તે રસૂલોએ તે વાતને એવા વિનમ્રતાપૂર્વકના શબ્દોમાં કહી જેમાં તેમના મન્હૂસ હોવાની સ્પષ્ટતા નથી કરી બલકે એવું કહ્યું, طَائِرُكُمْ مَّعَكُمْ એટલે કે તમારી બદફાલી (અપશુકન) તમારી સાથે છે અને પછી તે જ વિનમ્રતાપૂર્વક સંબોધન કર્યું, أَئِنْ ذُكِّرْتُمْ એટલે કે, તમે એ તો વિચારો કે અમે તમારું શું બગાડ્યું છે ?! અમે તો માત્ર તમારું ભલું ઈચ્છીને તમને શિખામણ આપી છે, બસ સૌથી ભારે વાક્ય જે બોલ્યા તે આ હતું કે, بَلْ أَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ એટલે કે, તમે લોકો હદથી વટી જનારા છો, વાતને ક્યાંથી ક્યાં લઈ જાઓ છો.

આ તો તે રસૂલોની વાતચીત હતી, હવે તે વાતચીત જુઓ જે તે રસૂલોના આમંત્રણથી ઈમાન લાવનાર તે નવમુસ્લિમે કહ્યા. તેણે પ્રથમ તો પોતાની કોમને બે વાતો બતાવીને રસૂલોની વાત માનવાનું આમંત્રણ આપ્યું, પ્રથમ એ કે જરા એ તો વિચારો કે આ લોકો દૂરથી ચાલીને તમને શિખામણ આપવા આવ્યા છે, મુસાફરીની તકલીફ ઉઠાવી રહ્યા છે અને તમારી પાસે કંઈ માંગતા પણ નથી, આ વાત પોતે મનુષ્યને વિચાર કરવાનું આમંત્રણ આપે છે કે આ નિઃસ્વાર્થ લોકો છે, તેમની વાતમાં વિચાર તો કરીએ ! બીજું એ કે જે વાત તેઓ કહી રહ્યા છે તે બિલકુલ બુદ્ધિ, ન્યાય અને હિદાયતની વાત છે, ત્યારબાદ કોમને તેમની ભૂલ અને તેમના માર્ગ ભટકવાથી ચેતવવા માટે કહ્યું કે તમે પોતાના પેદા કરનાર સર્વશક્તિમાનને છોડીને પોતે જ ઘડી કાઢેલી મૂર્તિઓને પોતાની જરૂરત પૂરી કરનાર સમજી બેઠા છો જ્યારે કે તેમની હાલત તો એ છે કે ન તો તે પોતે જ કંઈ તમારું કામ બનાવી શકે છે અને ન જ અલ્લાહ તઆલાના ત્યાં તેમનું કોઈ સ્થાન કે દરજ્જો છે કે તેને સિફારસ કરીને તમારું કામ કરાવી આપે !

પરંતુ હબીબ નજ્જારે આ બધી વાતોનો તેમની સાથે સંબંધ જોડવાને બદલે પોતાના તરફ તેનો સંબંધ જોડવાની શૈલી અપનાવી અને કહ્યું કે જો હું એવું કરું તો મોટી ગુમરાહીની વાત હશે.

وَمَا لِيَ لَآ اَعۡبُدُ الَّذِیۡ فَطَرَنِیۡ..... આ બધું એટલા માટે કર્યું કે વિરોધીઓ ઉશ્કેરાઈ ન જાય, વાત ઉપર ઠંડા કલેજે ઠંડા દિલથી વિચાર કરે, પછી જ્યારે તેમની કોમે તેની લાગણી અને દયાથી પણ કંઈ અસર ન લીધી અને તેમની હત્યા કરવા માટે તેમના ઉપર તૂટી પડ્યા તો તે સમયે પણ તેમની જીભ ઉપર કોઈ બદદુઆની વાત ન આવી, બલકે એવું જ કહેતાં જીવ આપી દીધો કે رَبِّ اهۡدِ قَوۡمِیۡ એટલે કે, હે મારા પરવરદિગાર ! મારી કોમને હિદાયત આપ. એનાથી વધારે આશ્ચર્યજનક વાત એ છે કે કોમના અત્યાચારથી શહીદ થનાર વ્યક્તિને જ્યારે અલ્લાહ તઆલા તરફથી ઈનામ અને ઈજ્જત તથા જન્નતની નેઅ્‌મતોના દર્શન થયા તો તે સમયે પણ પોતાની આ જ જાલિમ કોમ યાદ આવી અને તેમની ભલાઈ તથા હમદર્દીથી એ તમન્ના કરી કે કાશ ! મારી કોમ મારી હાલત, ઈનામ તથા ઈજ્જતથી વાકેફ થઈ ગઈ હોત તો કદાચ તે પણ પોતાની ગુમરાહીથી અટકી જઈ આ નેઅ્‌મતોની ભાગીદાર બની ગઈ હોત. سُبۡحَانَ اللّٰهِ،

خَلْقُ اللّٰه ની ભલાઈ જ તેમના અત્યાચાર હોવા છતાં કઈ રીતે આ લોકોની નસ નસમાં સમાયેલી હોય છે ? આ જ તે બાબત હતી જેણે કોમોની કાયા પલટી નાંખી કુફ્ર અને ગુમરાહીથી કાઢીને તે સ્થાન બખ્શ્યું છે કે ફરિશ્તાઓ પણ તેમના ઉપર રશ્ક કરવા લાગ્યા.

આજકાલ તબ્લીગ કરનારાઓ અને દા'વત તથા ઈસ્લાહની સેવા કરનારા લોકોએ ખાસ કરીને તે પયગમ્બરોની સુન્નતને છોડી દીધી છે એટલા માટે તેમની દા'વત અને તબ્લીગ અસરવિહોણી થઈ ગઈ છે, તકરીર અને સંબોધનમાં ક્રોધ જાહેર કરવો અથવા વિરોધી ઉપર તૂટી પડવું બહું મોટો કમાલ અને વિશેષતા સમજવામાં આવે છે જે વિરોધીઓને વધારે જીદ અને દુશ્મનાવટ તરફ ધકેલી આપે છે. اَللّٰهُمَّ اجْعَلْنَا مُتَّبِعِيْنَ لِسُنَنِ اَنْبِيَاءِ كَ وَوَفِّقْنَالِمَا تُحِبُّ وَتَرْضَاهُ

....

وَمَآ اَنْزَلْنَا عَلٰى قَوْمِهٖ مِنْۢ بَعْدِهٖ مِنْ جُنْدٍ مِّنَ السَّمَآءِ وَمَا كُنَّا مُنْزِلِيْنَ ○ اِنْ كَانَتْ اِلَّا صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ خَامِدُوْنَ ○

આ તે કોમ ઉપર આસમાની અઝાબનું વર્ણન છે જેણે રસૂલોને જૂઠાડ્યા હતા અને હબીબ નજ્જારને મારી મારીને શહીદ કરી નાંખ્યા હતા તથા અઝાબની પ્રસ્તાવનામાં એ ફરમાવ્યું છે કે આ કોમને અઝાબમાં પકડવા માટે અમારે કોઈ ફરિશ્તાઓનું લશ્કર મોકલવું નથી પડ્યું અને ન જ કોઈ એવી સેના મોકલવાનો અમારે ત્યાં રિવાજ છે, કારણ કે અલ્લાહ તઆલાનો એક જ ફરિશ્તો મોટી મોટી બહાદૂર કોમોને તબાહ કરવા માટે પૂરતો છે, તેને ફરિશ્તાઓનું લશ્કર મોકલવાની શું જરૂર !? પછી તેમના ઉપર આવનાર અઝાબનું વર્ણન કરીને ફરમાવ્યું કે બસ, એટલું થયું કે ફરિશ્તાએ એક જોરથી ગર્જના કરી જેનાથી આ બધા જ ઠંડા પડી ગયા.

રિવાયતોમાં છે કે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ શહેરના દરવાજાના બંને થાંભલા પકડીને એક સખત ભયાનક ગર્જના કરી જેના આઘાતને કોઈની રૂહ વેઠી ન શકી, સઘળા મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુને કુર્આને خَامِدُوْنَ (ખામીદૂન)ના શબ્દથી ઓળખાવ્યું છે, خُمُوْدٌ (ખમૂદ) "આગ ઓલવાઈ જવા"ના અર્થમાં આવે છે, સજીવની જિંદગી તેનામાં રહેલ ગરમીની શક્તિ ઉપર

આધારિત છે જ્યારે તે શક્તિ જ નષ્ટ થઈ જાય તો તેનું જ નામ મોત છે, ખામીદૂન એટલે કે ઓલવાઈ જનાર, ઠંડા પડી જનાર.

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. 33 થી ૪૪)

وَاٰيَةٌ لَّهُمُ الْاَرْضُ الْمَيْتَةُ ۖۚ اَحْيَيْنٰهَا وَاَخْرَجْنَا مِنْهَا حَبًّا فَمِنْهُ يَاْكُلُوْنَ ﴿٣٣﴾
وَجَعَلْنَا فِيْهَا جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ وَّفَجَّرْنَا فِيْهَا مِنَ الْعُيُوْنِ ۙ﴿٣٤﴾
لِيَاْكُلُوْا مِنْ ثَمَرِهٖ ۙ وَمَا عَمِلَتْهُ اَيْدِيْهِمْ ۭ اَفَلَا يَشْكُرُوْنَ ﴿٣٥﴾ سُبْحٰنَ الَّذِيْ خَلَقَ
الْاَزْوَاجَ كُلَّهَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ وَمِنْ اَنْفُسِهِمْ وَمِمَّا لَا يَعْلَمُوْنَ ﴿٣٦﴾ وَاٰيَةٌ لَّهُمُ
الَّيْلُ ښ نَسْلَخُ مِنْهُ النَّهَارَ فَاِذَا هُمْ مُّظْلِمُوْنَ ۙ﴿٣٧﴾ وَالشَّمْسُ تَجْرِيْ لِمُسْتَقَرٍّ لَّهَا ۭ
ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٣٨﴾ وَالْقَمَرَ قَدَّرْنٰهُ مَنَازِلَ حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ
الْقَدِيْمِ ﴿٣٩﴾ لَا الشَّمْسُ يَنْۢبَغِيْ لَهَآ اَنْ تُدْرِكَ الْقَمَرَ وَلَا الَّيْلُ سَابِقُ النَّهَارِ ۭ
وَكُلٌّ فِيْ فَلَكٍ يَّسْبَحُوْنَ ﴿٤٠﴾ وَاٰيَةٌ لَّهُمْ اَنَّا حَمَلْنَا ذُرِّيَّتَهُمْ فِي الْفُلْكِ
الْمَشْحُوْنِ ۙ﴿٤١﴾ وَخَلَقْنَا لَهُمْ مِّنْ مِّثْلِهٖ مَا يَرْكَبُوْنَ ﴿٤٢﴾ وَاِنْ نَّشَاْ نُغْرِقْهُمْ فَلَا
صَرِيْخَ لَهُمْ وَلَا هُمْ يُنْقَذُوْنَ ۙ﴿٤٣﴾ اِلَّا رَحْمَةً مِّنَّا وَمَتَاعًا اِلٰى حِيْنٍ ﴿٤٤﴾

તરજુમો :

અને એક નિશાની તેમના માટે મૃત જમીન છે તેને અમે જીવંત કરી દીધી અને તેમાંથી અનાજ કાઢ્યું, બસ તેમાંથી જ તેઓ ખાય છે. (૩૩) અને અમે તેમાં બગીચા બનાવ્યા ખજૂરના અને દ્રાક્ષના અને તેમાં અમુક ઝરણા વહાવી દીધા. (૩૪) કે તેના ફળોમાંથી ખાય અને તેને તેમના હાથોએ નથી બનાવ્યા, પછી કેમ ઉપકાર નથી માનતા !? (૩૫) પવિત્ર હસ્તી છે જેણે બધી વસ્તુઓના જોડાંઓ બનાવ્યા, એ પ્રકારમાંથી જે જમીનમાંથી ઊગે છે અને પોતે તેમની જાતમાંથી અને તે વસ્તુઓમાં કે જેમની તેમને ખબર

નથી. (૩૬) અને તેમના માટે એક નિશાની રાત છે, અમે તેના ઉપરથી દિવસને ખેંચી લઈએ છીએ પછી ત્યારે જ તેઓ અંધારામાં રહી જાય છે. (૩૭) અને સૂર્ય પોતાના નિશ્ચિત માર્ગે (કક્ષાએ) ચાલ્યો જાય છે, આ મહાબળવાન સર્વજ્ઞ અલ્લાહ દ્વારા નિર્માણાધીન છે. (૩૮) અને ચંદ્રની અમે કક્ષાઓ (મંઝિલો) વહેંચી દીધી છે એટલે સુધી કે પછી (એ રીતે) આવી રહ્યો છે, જેમકે (ખજૂરની) જૂની ડાળખી. (૩૯) ન સૂર્યથી થઈ શકે કે ચંદ્રને પકડી લે અને ન જ રાત આગળ વધી શકે દિવસથી અને દરેક એક અલગ અલગ (નિશ્ચિત) વર્તુળ (ભ્રમણકક્ષા)માં તરે છે. (૪૦) અને તેમના માટે એક નિશાની છે કે અમે તેમની નસ્લ (સંતતિ)ને ઉઠાવી લીધી તે ભરેલા વહાણમાં. (૪૧) અને અમે તેમના માટે વહાણ જેવી વસ્તુઓ બનાવી જેના ઉપર સવાર થાય છે. (૪૨) અને જો અમે ઈચ્છીએ તો તેમને ડૂબાડી દઈએ પછી કોઈ તેમની ફરિયાદે ન પહોંચે અને ન જ તેઓને છોડાવી શકે. (૪૩) પરંતુ અમે પોતાની મહેરબાનીથી અને તેમનું કામ ચલાવવા એક નિશ્ચિત સમય સુધી (મંજૂર રાખ્યું છે). (૪૪)

તફસીર :

અને (કુદરતની નિશાનીઓ અને મહાન નેઅમતો જે તવહીદની દલીલો પણ છે તેમાંથી એક) નિશાની તે લોકોને (દલીલ) માટે મૃત જમીન છે, (અને તેમાં નિશાનીની બાબત એ છે કે) અમે તેને (વરસાદથી) જીવંત કરી અને અમે તે (જમીન)માંથી (વિવિધ પ્રકારના) અનાજ કાઢ્યા, બસ તેમાંથી લોકો ખાય છે અને (વળી) અમે તે (જમીનમાંથી) ખજૂરો અને દ્રાક્ષોના બગીચા લગાવ્યા અને તેમાં (બાગને પાણી સીંચવા માટે) ઝરણાં (અને નદી નાળા) વહાવ્યા જેથી (અનાજની જેમ) લોકો બગીચાના ફળોમાંથી (પણ) ખાય અને તે (ફળો અને અનાજ)ને તેમના હાથોએ નથી બનાવ્યા (ભલે તેમણે તેને વાવ્યા હોય અથવા બાહ્ય સ્વરૂપે તેની સીંચાઈ તેમના હાથોથી થઈ હોય પરંતુ બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી ફળ પેદા કરવામાં તેમની કોઈ દખલગીરી નથી, તે માત્ર ખાસ અલ્લાહ તઆલાનું જ કામ છે) બસ (આવી દલીલો જોઈને પણ) કેમ શુક્ર અદા કરતા નથી (જેનો પ્રથમ તકાદો અલ્લાહ તઆલાના અસ્તિત્વનો અને અલ્લાહ તઆલાના સ્વીકારનો છે, આ દલીલો તો જમીન અને વનસ્પતિની ખાસ નિશાનીઓમાંથી

હતી આગળ જાહેર બૌદ્ધિક નિશાનીઓથી દલીલ કરવામાં આવે છે એટલે કે) તે પવિત્ર હસ્તી છે જેણે દરેકને જોડાં (નર-નારી, ધન-ઋણ)માં પેદા કર્યા, જમીનની વનસ્પતિના પ્રકારોમાં પણ (ભલે આ પરસ્પરની જોડ દરેક પ્રકારના ખોરાકમાં હોય જેમકે એક જોડ અનાજની, એક જોડ ફળની અથવા તો પછી તેના સ્વાદમાં પણ હોય જેમકે એક મીઠું ફળ, એક કડવું ફળ વગેરે) અને (પોતે) તે લોકોમાંથી પણ (જેમકે પુરુષ-સ્ત્રી) અને તે વસ્તુઓમાં પણ જેમને (સામાન્ય) લોકો જાણતા નથી (આ જોડીઓ વિશે સામાન્ય ભાવાર્થના આધારે ગુપ્ત વસ્તુઓમાં પણ આ જોડાંઓ હોવું સાબિત થાય છે, તેનાથી અલ્લાહ તઆલાનું પોતે કોઈ જોડ વિનાનું હોવું સાબિત થઈ ગયું તેનો કોઈ જોડીદાર નથી, અહીંયાં આયત وَمِنْ كُلِّ شَيْءٍ خَلَقْنَا زَوْجَيْنِ નો પણ ખુલાસો થઈ ગયો) અને (આગળ અમુક આસમાનની અવકાશી બાબતોની નિશાનીઓ દ્વારા દલીલ કરવામાં આવી છે એટલે કે) એક નિશાની તે લોકો માટે રાત(નો સમય) છે કે (મૂળ અંધારું જ હોવાના કારણે જાણે કે મૂળ રાત્રિ જ હતી અને સૂર્યનો પ્રકાશ નિશ્ચિત સમય સુધી હતો, જાણે કે આ અંધારાને દિવસે છુપાવી લીધું હતું, જેમકે બકરીના માંસને તેનું ચામડું છુપાવી લે છે બસ) અમે (આ જ સૂર્યના નિશ્ચિત સમયને દૂર કરીને જાણે) એ (રાત્રિ) ઉપરથી દિવસને ઉતારી લઈએ છીએ, બસ એકાએક (ફરી રાત્રિ આવી પડે છે અને) તે લોકો અંધારામાં રહી જાય છે અને (એક નિશાની) સૂર્ય (છે કે તે) પોતાના ઠેકાણા તરફ ચાલતો રહે છે (આ સામાન્ય તે મુદ્દાનો પણ ખુલાસો કરે છે કે પરિભ્રમણની સાથે સાથે પરિક્રમણની ગતિ પણ હોય છે, એટલે કે દિવસ બદલાવાની સાથે સાથે વર્ષની ઋતુઓ પણ બદલાય છે અને દિવસની ગતિ ચોવીસ કલાકમાં પૂરી કરી સૂર્ય અથમાય જાય છે) અને આ નિર્ધારિત કરેલું છે તે (અલ્લાહ)નું (જે) જબરદસ્ત (એટલે કે સંપૂર્ણ શકિત ધરાવનાર અને) સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર છે (કે પોતાના જ્ઞાનથી આ વ્યવસ્થાની મસ્લિહત અને હિકમતને જાણે છે અને પોતાની કુદરત દ્વારા આ વ્યવસ્થાને લાગુ પાડે છે) અને (એક નિશાની) ચંદ્ર (છે કે તેની ચાલ) માટે મંઝિલો નક્કી કરી (કે દરરોજ એક મંઝિલ કાપે છે) એટલે સુધી કે (પોતાની અંતિમ મંઝિલોમાં પાતળો થતો થતો) એવો રહી જાય છે જેમકે ખજૂરની જૂની ડાળી (કે તે પાતળી અને ધારવાળી હોય છે અને શક્ય છે કે પ્રકાશ ઓછો હોવાના કારણે તેની પીળાશના આધારે પણ આ

ઉદાહરણ આપવામાં આવ્યું હોય તથા સૂરજ અને ચંદ્રની ગતિ તથા રાત અને દિવસનું આવવું-જવું એવી નિર્ધારિત વ્યવસ્થા ઉપર રાખવામાં આવ્યું છે કે) ન તો સૂર્યની મજાલ છે કે ચંદ્રને (તેના પ્રકાશ જાહેર થવાના સમયે એટલે કે જ્યારે રાત પ્રકાશિત હોય) જઈને પકડે (એટલે કે સમય પહેલાં ઊગીને તેને અને તેના સમય એટલે કે રાતને હટાવીને દિવસ બનાવી લે, જેમકે ચંદ્ર પણ એ જ રીતે સૂર્યને અને તેના પ્રકાશ જાહેર થવાના સમયને નથી પકડી શકતો કે દિવસને હટાવીને રાત બનાવી દે અને તેમાં ચંદ્રના પ્રકાશને જાહેર કરી દે) અને (એ જ પ્રમાણે) ન જ રાત્રિ દિવસ(નો નિશ્ચિત સમય પૂર્ણ થવા)થી પહેલાં આવી શકે છે (જેમકે દિવસ પણ રાત્રિનો નિશ્ચિત સમય પૂર્ણ થતાં પહેલાં આવી નથી શકતો) અને (ચંદ્ર અને સૂર્ય) બંને એક એકના વર્તુળમાં (ગણતરીપૂર્વક પોતાની ભ્રમણકક્ષામાં ગતિ કરી રહ્યા છે જેમકે જાણે) તરી રહ્યા છે (અને તે ગણતરીથી બહાર નથી જઈ શકતા કે રાત દિવસના હિસાબમાં કોઈ ભૂલચૂક થાય) અને (આગળ આસમાનની અને જમીનની નિશાનીઓમાંથી એક ખાસ નિશાની મુસાફરી અને સવારી વગેરે વિશે વર્ણન કરવામાં આવે છે એટલે કે) તેમના માટે એક નિશાની એ છે કે અમે તેમના સંતાનોને ભરેલા વહાણમાં સવાર કર્યા (પોતાના સંતાનોને ઘણા લોકો વેપાર માટે મુસાફરીમાં મોકલતા હતા, બસ આ ઉલ્લેખમાં ત્રણ નેઅ્મતો તરફ ઈશારો થયો છે, પ્રથમ ભરેલી નાવ જે ભારે હોવાના કારણે પાણીમાં ડૂબી જનારી વસ્તુ છે છતાં પણ તે પાણીની સપાટી ઉપર ચાલે છે, બીજું તે લોકોને અવલાદ અર્પણ કરી અને ત્રીજું દુનિયામાં રોજી રોટીનો સામાન આપવો જેનાથી પોતે ઘરે બેસી રહ્યા અને તેમની અવલાદ તેમના કર્મચારી બની વેપાર અર્થે કમાવા માટે ગયા) અને (ભૂમિ ઉપર મુસાફરી માટે) અમે તેમના માટે વહાણ જેવી જ એવી વસ્તુઓ પેદા કરી જેના ઉપર આ લોકો સવાર થાય છે (તેનાથી ભાવાર્થ ઊંટ વગેરે છે અને વહાણના દૃષ્ટાંતની સાથે સાથે તે ખાસ લક્ષણના આધારે કે તેના ઉપર પણ સવારી અને ભાર લાદી મુસાફરી કરવામાં આવે છે અને આ ઉદાહરણ એટલા માટે યોગ્ય છે કે અરબસ્તાનમાં ઊંટોને سَفِيْنَةُ الْبَرِّ "સફીનતુલ બર્ર" એટલે કે ભૂમિનું-રણનું જહાઝ કહેવાનો રૂઢિપ્રયોગ મશ્હૂર હતો, આગળ વહાણના વર્ણનના સંદર્ભમાં કાફિરો માટે એક અઝાબની ચેતવણી પણ વર્ણન કરવામાં આવી છે કે) અને જો અમે ઈચ્છીએ તો

તેમને ડૂબાડી દઈએ પછી ન તો (જે વસ્તુઓને તેઓ પૂજે છે તેમનામાંથી) તેમની કોઈ ફરિયાદ સાંભળે (જે તેમને ડૂબવાથી બચાવી શકે) અને ન જ તે (ડૂબ્યા પછી મોતથી) છુટકારો અપાવે (એટલે કે કોઈ પણ તેમને મોતથી છોડાવી નહીં શકે) પરંતુ આ અમારી જ મહેરબાની છે અને તેઓને એક નિશ્ચિત સમય સુધી (દુનિયવી જિંદગીથી) લાભ લેવાનો (મંજૂર) છે (એટલા માટે મહોલત આપી રાખવામાં આવી છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ યા-સીનમાં વધારે વિષયો અલ્લાહની કુદરતની નિશાનીઓ તથા અલ્લાહ તઆલાના ઈનામો અને ઉપકારોનું વર્ણન કરીને આખિરત ઉપર દલીલો તથા હિસાબ કિતાબ હશ્ર નશ્રના અકીદાઓને પુખ્ત કરવા વિશે છે, પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાની નિશાનીઓમાંથી એવી જ નિશાનીઓ વર્ણન કરવામાં આવી છે જે એક બાજુ તેની સંપૂર્ણ કુદરતની દલીલો સ્પષ્ટ કરે છે, બીજી બાજુ માનવી અને સામાન્ય મખ્લૂકો ઉપર અલ્લાહ તઆલાના ખાસ ઈનામો અને ઉપકારો તથા તેની આશ્ચર્યજનક વિસ્મયકારી હિકમતોની સાબિતી છે.

પ્રથમ આયતમાં જમીનનું એક દૃષ્ટાંત રજુ કર્યું, જે દરેક સમયે દરેક મનુષ્યની સામે છે કે સુક્કીભઠ જમીન ઉપર આસમાનથી પાણી વરસે છે તો જમીનમાં એક પ્રકારની જિંદગી પેદા થઈ જાય છે જેના ચિહ્નો તેમાં ઊગનારી વનસ્પતિ અને વૃક્ષો તથા તેના ફળોથી જાહેર થાય છે અને આ વૃક્ષોને વધારવા માટે તથા બાકી રાખવા માટે જમીનની નીચે અને જમીનની સપાટી ઉપર ઝરણાંઓ વહાવવાનું વર્ણન કરવામાં આવ્યું, لِيَاْكُلُوْا مِنْ ثَمَرِهٖ એટલે કે હવાઓ, વાદળો અને જમીનની સમગ્ર શક્તિઓને કામે લગાડવાનો હેતુ એ છે કે લોકો તેના ફળો ખાય અને આ બધી વસ્તુઓ તો આંખોથી પ્રત્યક્ષ જોઈ શકાય છે જે દરેક મનુષ્ય જાણે અને જુએ છે, આગળ માનવીનું તે વસ્તુ વિશે ધ્યાન દોરવામાં આવ્યું જેના માટે આ સમગ્ર કારખાનું સ્થાપિત કરવામાં આવ્યું છે.

વનસ્પતિના ઉત્પાદનમાં માનવીની કોઈ દખલગીરી નથી :

وَمَا عَمِلَتْهُ اَيْدِيْهِمْ માં જમહૂર તફસીરકારોએ તેમાં શબ્દ مَا (મા)ને નકાર માટે ઠરાવીને આ અનુવાદ કર્યો છે કે, "નથી બનાવ્યા તે ફળોને તે લોકોના

હાથે.'' આ વાક્ય દ્વારા ગાફેલ માનવીનું એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે જરા પોતાના કામ અને મહેનતમાં વિચાર કરો કે તારું કામ આ બાગો બહારમાં એ સિવાય શું છે કે તેં આ જમીનમાં બીજ નાંખી દીધું અને તેના ઉપર પાણી નાંખી દીધું, જમીનને નરમ કરી કે નાજુક કુપળો નીકળવામાં કોઈ અવરોધ પેદા ન થાય પરંતુ આ બીજમાંથી વૃક્ષ ઉગાડવું તથા વૃક્ષ ઉપર પાંડદા અને ડાળખીઓ કાઢવું તથા તેના ઉપર જાતજાતના ફળો પેદા કરવા; આ બધી વસ્તુઓમાં તારી શું દખલગીરી છે ?

આ તો માત્ર સર્વશક્તિમાન બધી જ હિકમતોના માલિક અને સર્વજ્ઞ અલ્લાહ તબારક વ તઆલાનું જ કામ હોઈ શકે છે, એટલા માટે તારી ફરજ છે કે આ વસ્તુઓથી લાભ ઉઠાવતી વખતે તે સર્જનહાર અને માલિકને ન ભૂલવો જોઈએ, તેનું જ ઉદાહરણ સૂરએ વાકિઅહની આયતમાં છે أَفَرَأَيْتُم مَّا تَحْرُثُونَ ءَأَنتُمْ تَزْرَعُونَهُ أَمْ نَحْنُ الزَّارِعُونَ જુઓ તો જે વસ્તુ તમે વાવો છો તે ફૂલી ફાલી વૃક્ષ તમે બનાવ્યું છે કે અમે ? ખુલાસો એ થયો કે જો કે આ ફળોને બનાવવામાં માનવીની કોઈ દખલગીરી નથી પરંતુ અમે પોતાની કૃપાથી તેને પેદા પણ કર્યું અને મનુષ્યને તેનો માલિક પણ બનાવ્યો અને તેને ખાવાની અને લાભ ઉઠાવવાની રીત પણ શીખવાડી.

માનવીના ખોરાક અને પશુઓના ખોરાકમાં ખાસ તફાવત :

ઈબ્ને જરીર (રહ.) વગેરે તફસીરકારોએ وَمَا عَمِلَتْهُ (વમા અલિમ્તહુ)માં શબ્દ مَا (મા)ને નકાર માટે નહીં બલકે اِسْمِ مَوْصُوْل (ઈસ્મે મોસૂલ) اَلَّذِیْ (અલ્લઝી)ના અર્થમાં ઠરાવીને આ તરજુમો કર્યો છે કે આ બધી વસ્તુઓ એટલા માટે પેદા કરી છે કે લોકો તેના ફળ ખાય અને તે વસ્તુઓ પણ આરોગે જે આ વનસ્પતિ અને ફળો દ્વારા પોતે મનુષ્ય પોતાના હાથોની કળા કારીગીરીથી તૈયાર કરે છે, દાખલા તરીકે ફળોમાંથી જાતજાતના હલ્વા, અથાણા, ચટણી વગેરે તૈયાર કરીને અને અમુક ફળોમાંથી તેલ વગેરે કાઢીને કે જે માનવીની કળા કારીગીરીનું અને મહેનતનું પરિણામ છે, તેનો ખુલાસો એ થશે કે આ ફળો જે કુદરતે બનાવ્યા છે તે કોઈ માનવીય કળા અથવા તો તેની કારીગીરી કામે લગાડ્યા વિના સીધે સીધા ખાવાપાત્ર તૈયાર થયા છે અને માનવીને અલ્લાહ તઆલાએ એ રીત પણ

શીખવાડી છે કે એક એક ફળથી જાતજાતની સ્વાદિષ્ટ અને લાભદાયક વાનગીઓ તૈયાર થાય છે.

આ સૂરતમાં ફળોનું ઉત્પન્ન કરવું અને માનવીને તેના ઉપયોગની રીત શિખવાડવી કે એક ફળને બીજી વસ્તુઓ સાથે મિશ્રણ કરી અનેક પ્રકારની સ્વાદિષ્ટ તથા લાભદાયક ખોરાકની વાનગીઓ તૈયાર કરી લે, આ બીજા પ્રકારની નેઅ્મત છે. ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને જરીર (રહ.)ની આ તફસીરની નકલ કરીને લખ્યું છે કે આ તફસીરનું સમર્થન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)ની કિરાઅતથી પણ થાય છે, કારણ કે તેમની કિરાઅતમાં શબ્દ مَا (મા)ના બદલે آبا (આબા) છે એટલે કે, مِمَّا عَمِلَتْهُ اَيْدِيْهِمْ

તેનો ખુલાસો એ છે કે દુનિયાના બધા જ પશુ પ્રાણીઓ પણ નવસ્પતિ અને ફળ ખાય છે, કોઈ પ્રાણી માંસ ખાય છે. કોઈ માટી ખાય છે પરંતુ તે બધા પ્રાણીઓનો ખોરાક અંતે તો વનસ્પતિની ઉપજ જ છે, ઘાસ ખાનારા માત્ર ઘાસ અને માંસ ખાનાર માત્ર માંસ ખાય છે, તે વસ્તુઓને બીજી વસ્તુઓ સાથે ભેળસેળ કરી અન્ય પ્રકારનો ખોરાક તૈયાર કરવો મીઠું, મરચું, ખાંડ, ખટાશ વગેરે સાથે ભેળવીને એક પ્રકારની વાનગીના દશ પ્રકારો બની જાય છે. આ તૈયાર કરેલ ખોરાક માત્ર માનવો માટે જ છે તેને જ વિવિધ વસ્તુઓ દ્વારા એક મિશ્રિત ખોરાક તૈયાર કરવાની રીત આપવામાં આવી છે કે માંસની સાથે મીઠું, મરચું, મસાલા અને ફળોની સાથે ખાંડ વગેરેનું ભેળવવું માનવીની કળા કારીગીરી છે જે અલ્લાહ તઆલાએ તેને શીખવાડી છે, કુદરતની આ મહાન નેઅ્મતો અને તેમાં કુદરતની મહાન કારીગીરીની અજોડ નિશાનીઓને વર્ણન કર્યા પછી અંતે ફરમાવ્યું, اَفَلَا يَشْكُرُوْنَ શું આ બુદ્ધિશાળી લોકો તે વસ્તુઓને જોયા પછી ઉપકાર માનતા નથી ? આગળ આ જમીનના ઉત્પાદનો તથા આબોહવાનું વર્ણન કર્યા પછી માનવી અને પ્રાણીઓને પણ સામેલ કરીને તેની સંપૂર્ણ કુદરતની એક અન્ય નિશાની તરફ ધ્યાન દોરવામાં આવ્યું, سُبْحٰنَ الَّذِىْ خَلَقَ الْاَزْوَاجَ كُلَّهَا مِمَّا تُنْبِتُ الْاَرْضُ وَمِنْ اَنْفُسِهِمْ وَمِمَّا لَا يَعْلَمُوْنَ તેમાં શબ્દ اَزْوَاجُ (અઝવાજ) એ زَوْجٌ (ઝવ્જ)નું બહુવચન છે જે જોડાંના અર્થમાં આવ્યું છે, જોડીમાં બે વિરોધી વસ્તુઓ હોય છે, તેમાંથી દરેકને બીજાની "ઝવ્જ" કહેવામાં આવે છે જેમકે પુરુષ અને સ્ત્રી છે, પુરુષને સ્ત્રીનો અને સ્ત્રીને પુરુષનો ઝવ્જ કહેવામાં આવે છે, એ જ

પ્રમાણે પ્રાણીઓના નર-માદા પરસ્પર અઝવાજ છે. વનસ્પતિમાં ઘણા બધા વૃક્ષોમાં પણ નર અને માદાનું સંશોધન થઈ ચૂક્યું છે, ખજૂર અને પપૈયાના વૃક્ષોમાં તો નર-માદા હોવું ખૂબ પ્રખ્યાત છે તથા અન્યો પણ હોય તો તે શક્ય છે જેમકે વિજ્ઞાનના આધુનિક સંશોધનોએ બધા જ ફળ અને ફૂલવાળા વૃક્ષોમાં નર-માદા હોવાનું સાબિત કર્યું છે, તેમાં પ્રજનન થતું હોવાનું પણ બતાવવામાં આવ્યું છે. એ જ પ્રમાણે જો આ જ ગુપ્ત સિલસિલો નિર્જીવ ગણાતી વસ્તુઓ તથા અન્ય મખ્લૂકોમાં પણ હોય તો તે પણ શક્ય છે, જે રીતે وَمِمَّا لَا يَعْلَمُوْنَ માં આ ઈશારો મળે છે અને જાહેર રીતે વિવરણકાર લોકોએ અઝવાજને પ્રકાર અને વિભાગોના અર્થ સ્વરૂપે લખ્યું છે, કારણ કે જે રીતે નર-માદાને પરસ્પર زَوْجَيْنِ (ઝવજૈન) કહેવામાં આવે છે એ જ પ્રમાણે બે વિરોધી વસ્તુઓ એટલે કે ધન ધ્રુવ અને ઋણ ધ્રુવને પણ "ઝવજૈન" કહેવામાં આવે છે, જેમકે ઠંડી-ગરમી સૂકું--ભીનું, ગમ અને ખુશી, બીમારી--તંદુરસ્તી વગેરે તેમાંથી દરેકમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કક્ષાના આધારે ઘણા બધા દરજ્જાઓ, વિભાગો તથા પ્રકારો બની જાય છે, આ જ પ્રમાણે મનુષ્ય અને જાનવરોમાં રંગ, રૂપ અને જીભ તથા જીવન જીવવાની પદ્ધતિના આધારે ઘણા બધા પ્રકારો હોય છે, શબ્દ "અઝવાજ" આ બધા જ પ્રકારો અને ભિન્નતાને સામેલ કરે છે, પ્રસ્તુત આયતમાં પ્રથમ તો مِمَّا تُنْبِتُ الْاَرْضُ એટલે કે, વનસ્પતિના પ્રકારો અને વિવિધતાનું વર્ણન કરવામાં આવ્યું છે, ત્યારબાદ مِنْ اَنْفُسِهِمْ એટલે કે પોતે માનવીની જાતમાં રહેલા પ્રકારોનું વર્ણન છે અને ત્યારબાદ مِمَّا لَا يَعْلَمُوْنَ માં તે હજારો મખ્લૂકો સામેલ છે જેને આજ સુધી લોકો જાણતા નથી માત્ર અલ્લાહ તઆલા જ જાણે છે કે જમીનના તળિયામાં અથવા સમંદરોમાં અથવા પહાડોમાં કેટલા પ્રકારના પ્રાણીઓ અને વનસ્પતિ તથા પક્ષીઓ છે.

وَاٰيَةٌ لَّهُمُ الَّيْلُ نَسْلَخُ مِنْهُ النَّهَارَ એટલે કે, મખ્લૂકોમાં અલ્લાહ તઆલાની કુદરતની નિશાનીઓ વર્ણન કર્યા પછી આસમાની અને અવકાશી મખ્લૂકોનું વર્ણન છે. سَلْخٌ નો શાબ્દિક અર્થ ચામડું ઉતારવાનો થાય છે, કોઈ પશુનું ઉપરનું ચામડું અથવા બીજી વસ્તુઓ ઉપરથી ગિલાફ ઉતારવામાં આવે તો અંદરની વસ્તુ જાહેર થઈ જાય છે, અલ્લાહ તઆલાએ આ ઉદાહરણમાં ફરમાવ્યું છે કે આ દુનિયામાં મૂળ અંધારું જ અંધારું છે, પ્રકાશ અસ્થાયી છે, જે તારાઓ અને ગ્રહો ઉપગ્રહો

દ્વારા પૃથ્વી ઉપર છવાય છે. અલ્લાહ તઆલાની આ વૈશ્વિક વ્યવસ્થામાં નિશ્ચિત સમયે આ પ્રકાશ જે દુનિયાના અંધારાઓ ઉપર છવાયેલો હોય છે તેના પડને ઉપરથી હટાવી લેમાં આવે છે તો ફરીવાર અંધારું જ અંધારું રહી જાય છે, તેને જ સામાન્ય પ્રચલિત બોલચાલની ભાષામાં રાત્રિ કહેવામાં આવે છે.

وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ આયતનો ભાવાર્થ એ છે કે સૂર્ય ચાલતો રહે છે પોતાના નિશ્ચિત માર્ગે. مُسْتَقَرٌّ (મુસ્તકર્ર) એ "થોભવાની જગ્યા"ને પણ કહેવામાં આવે છે અને "આરામ કરવાના સમય"ને પણ. એટલે કે مُسْتَقَرٌّ زَمَانِىْ પણ હોઈ શકે છે અને مَكَانِىْ પણ તથા શબ્દ مُسْتَقَرٌّ (મુસ્તકર્ર) "મુસાફરીનો અંત" થવાના અર્થમાં પણ આવે છે, જો કે તેની સાથે જ કોઈ થોભવા અથવા સ્થગિત થયા વિના બીજી વખતની મુસાફરી શરૂ થઈ જાય છે. *(ઈબ્ને કષીરના વર્ણન પ્રમાણે)*

અમુક તફસીરકારોએ તો આ સ્થળે مُسْتَقَرٌّ (મુસ્તકર)થી مُسْتَقَرٌّ زَمَانِىْ (મુસ્તકર્રે ઝમાની) ભાવાર્થ તરીકે લીધું છે, એટલે કે તે સમયે જ્યારે કે સૂર્ય પોતાની નિશ્ચિત ગતિ કરવાનું સમાપ્ત કરશે તે દિવસ કયામતનો દિવસ છે. આ તફસીર ઉપર આયતનો ભાવાર્થ એ છે કે સૂર્ય પોતાની ભ્રમણ કક્ષા ઉપર એવો સ્થાપિત અને મજબૂત વ્યવસ્થા સાથે ગતિ કરી રહ્યો છે જેમાં ક્યારેય એક મિનિટ કે સેકંડનો ફરક થતો નથી, હજારો વર્ષોથી આ નિશ્ચિત ભ્રમણકક્ષાની ગતિ ઉપર ભ્રમણ કરી રહ્યો છે પરંતુ આ સર્વકાંઈ કાયમી નથી, તેનો પણ એક ખાસ નિશ્ચિત "મુસ્તકર્ર" થોભવાનો સમય છે જ્યાં પહોંચીને આ સૌરમંડળની વ્યવસ્થા અને તેની ગતિ બંધ અને સમાપ્ત થઈ જશે અને તે કયામતનો દિવસ છે, આ તફસીર હઝરત કતાદહ (રદિ.)થી નકલ થઈ છે. *(ઈબ્ને કષીર)*

કુર્આને કરીમની સૂરએ ઝુમરની એક આયતમાં પણ તેનું સમર્થન થાય છે કે "મુસ્તકર્ર"નો ભાવાર્થ مُسْتَقَرٌّ زَمَانِىْ (મુસ્તકર્રે ઝમાની) એટલે કે "કયામતનો દિવસ" છે, સૂરએ ઝુમરની આયતમાં (૩૯:૫) આ પ્રમાણે છે,

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ وَيُكَوِّرُ النَّهَارَ عَلَى الَّيْلِ
وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى ؕ

આ આયતમાં લગભગ તે જ વર્ણન છે જે સૂરએ યા-સીનની પ્રસ્તુત

આયતમાં છે કે પ્રથમ રાત અને દિવસના પરિવર્તનને સામાન્ય દષ્ટિ પ્રમાણે એક દષ્ટાંત આપી વર્ણન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા રાતને દિવસ ઉપર ઢાંકી દે છે અને દિવસને રાત ઉપર, જાણે કે રાત અને દિવસને બે ગિલાફો દ્વારા ઓળખાવવામાં આવ્યા છે. રાતનો ગિલાફ દિવસ ઉપર ચઢાવવામાં આવે છે તો રાત થાય છે અને દિવસનો ગિલાફ રાત ઉપર ચઢાવવામાં આવે છે તો દિવસ થાય છે, ત્યારબાદ ફરમાવ્યું કે સૂર્ય અને ચંદ્ર બંને અલ્લાહ તઆલાએ મનુષ્ય માટે કામે લગાડયા છે અને તે અલ્લાહ તઆલાના ફરમાનના તા'બે છે, તેમાં દરેકની એક ખાસ નિશ્ચિત સમયસીમા છે અને તે પ્રમાણે તે ગતિ કરી રહ્યા છે, અહીંયાં اَجَلٌ مُّسَمًّى (અજલુમ્મુસમ્મા)ના શબ્દો છે જેનો અર્થ નિશ્ચિત સમયસીમા છે અને આયતનો ભાવાર્થ એ છે કે સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિઓ કાયમી નથી, એક નિશ્ચિત સમયસીમા એટલે કે કયામતના દિવસ ઉપર પહોંચીને તે સમાપ્ત થઈ જશે અને કપાઈ જશે, સૂરએ યા-સીનની પ્રસ્તુત આયતથી પણ એ જ જાહેર થાય છે કે શબ્દ مُسْتَقَرٌ (મુસ્તકર્ર) દ્વારા આ જ નિશ્ચિત સમયસીમા એટલે કે, مُسْتَقَرٌّ زَمَانِىٌ (મુસ્તકર્રે ઝમાની) ભાવાર્થ સ્વરૂપે છે એટલે કે આ તફસીરમાં ન તો આયતના ભાવાર્થ અને અર્થમાં કોઈ શંકા છે અને ન જ ખગોળીય નિયમો સાથે કોઈ વિરોધાભાસ.

અમુક તફસીરકાર લોકોએ તેનો ભાવાર્થ مُسْتَقَرٌ مَكَانِىٌ (મુસ્તકર્રે મકાની) લીધો જેનો આધાર એક હદીષ ઉપર છે જે સહીહૈન, બુખારી, મુસ્લિમ વગેરેમાં અનેક સહાબા (રદિ.)થી વિવિધ સનદો સાથે નકલ થયેલ છે. હઝરત અબૂઝર ગિફારી (રદિ.)ની રિવાયત છે કે તેઓ એક દિવસે રસૂલે કરીમ ﷺ સાથે સૂર્યાસ્તના સમયે મસ્જિદમાં હાજર હતા આપ ﷺએ તેમને સંબોધન કરીને પ્રશ્ન કર્યો, હે અબૂઝર ! તમે જાણો છો કે સૂર્ય ક્યાં આથમે છે ? તેઓ કહે છે કે મેં વિનંતી કરી કે અલ્લાહ અને તેના રસૂલ જ વધારે જાણે છે. તેના ઉપર રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે સૂર્ય ચાલતો રહે છે એટલે સુધી કે તે અર્શની નીચે પહોંચીને સિજ્દહ કરે છે, પછી ફરમાવ્યું કે આ આયતમાં "મુસ્તકર્ર"નો આ જ ભાવાર્થ છે. وَالشَّمْسُ تَجْرِى لِمُسْتَقَرٍّ لَّهَا.

હઝરત અબૂઝર (રદિ.)ની રિવાયતમાં આ શબ્દો પણ છે કે, મેં રસૂલે કરીમ ﷺથી وَالشَّمْسُ تَجْرِى لِمُسْتَقَرٍّ لَّهَا ની તફસીર પૂછી તો આપ ﷺએ

ફરમાવ્યું, مُسْتَقَرُّهَا تَحْتَ الْعَرْشِ બુખારીએ આ રિવાયતને વિવિધ સ્થળોએ નકલ કરી છે અને ઈબ્ને માજહ ઉપરાંત બધી જ સિત્તાહની કિતાબોમાં આ રિવાયત મોજૂદ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી પણ આ જ વિષયની હદીષ નકલ થયેલ છે જેમાં અમુક વધારો છે જેનો ભાવાર્થ એ છે કે દરરોજ સૂર્ય અર્શ નીચે પહોંચીને સિજ્દહ કરે છે અને નવી મુસાફરીની પરવાનગી માંગે છે, પરવાનગી મેળવીને નવી મુસાફરી શરૂ કરે છે એટલે સુધી કે એક દિવસ એવો આવશે જ્યારે તેને નવેસરથી મુસાફરી કરવાની પરવાનગી નહીં મળે બલકે એવો હુકમ આપવામાં આવશે કે જે તરફથી આવ્યો છે તે તરફ પાછો ચાલ્યો જા, એટલે કે પશ્ચિમ તરફથી જમીનની નીચે ગયો પછી પશ્ચિમ તરફથી જ પાછો વળીને પશ્ચિમ તરફથી નીકળ, જે દિવસ આવો હશે તો આ કયામતના બિલકુલ નજીક હોવાની નિશાની હશે અને તે જ સમયે તવબહ કરવાનો અથવા ઈમાન લાવવાનો દરવાજો બંધ કરી દેવામાં આવશે, તે સમયે કોઈ ગુનાહમાં સંડોવાયેલાના ગુનાહથી અને શિર્ક તથા કુફ્રના ગુનાહમાં સંડોવાયેલાની પોતાના કુફ્રની તવબહ કબૂલ થશે નહીં. *(ઈબ્ને કષીર બ હવાલએ અબ્દુર્રજ્જાક)*

سُجُوْدُ الشَّمْسِ (સુજૂદુશ્શમ્સ) એટલે કે સૂર્યના અર્શ નીચે સિજ્દહ કરવાની તહકીક :

આ રિવાયતોથી જાણ થાય છે કે "મુસ્તકર્ર" (થોભવા)નો ભાવાર્થ مَكَانِيْ مُسْتَقَرٌّ છે. એટલે કે તે સ્થળ જ્યાં સૂર્યની ગતિનો એક ચક્કર પૂરો થાય છે અને એ પણ જાણ થઈ કે તે જગ્યા અર્શની નીચે છે. આ સ્વરૂપમાં આયતનો ભાવાર્થ એ હશે કે દરરોજ સૂર્ય એક ખાસ "મુસ્તકર્ર" તરફ ગતિ કરે છે પછી ત્યાં પહોંચીને અલ્લાહ તઆલા સામે સિજ્દહ કરીને બીજા ચક્કરની પરવાનગી માંગે છે, પરવાનગી મળવાથી બીજો ચક્કર શરૂ થાય છે.

પરંતુ ઘટનાઓ અને ખગોળશાસ્ત્રના સંશોધનોએ વર્ણન કરેલ નિયમોની બીનાએ તેમાં અનેકવિધ મજબૂત શંકાઓ ઉપસ્થિત થાય છે.

પ્રથમ એ કે અર્શે રહમાનનું જે સ્વરૂપ કુર્આન અને સુન્નત દ્વારા સમજવામાં આવે છે તે એ છે કે બધી જ જમીનો અને આસમાનો ઉપર છવાયેલું

છે, આ પૃથ્વી અને બધા જ આસમાનો ગ્રહો અને ઉપગ્રહો સહિત બધા જ અર્શની અંદર ઘેરાયેલા છે અને અર્શે રહમાને તે બધી જ અવકાશી સૃષ્ટિને પોતાના અંદર લીધેલ છે, આ આધારે સૂર્ય તો હંમેશા દરેક હાલત અને દરેક સમયે અર્શ હેઠળ જ છે, પછી સૂર્યાસ્ત પછી અર્શ નીચે જવાનો શું અર્થ થશે ?

બીજું એ કે પ્રત્યક્ષ સાબિતીઓ જાહેર છે કે સૂર્ય જ્યારે કોઈ સ્થળે આથમે છે તો બીજા સ્થળે ઊગે છે, આથી તેનું ઊગવું આથમવું હર પળે દરેક પરિસ્થિતિમાં ચાલુ જ છે, પછી સૂર્યાસ્ત પછી અર્શ હેઠળ જવાનો અને સિજ્દહ કરવાનો શું અર્થ છે ?

ત્રીજું એ કે આ હદીષથી જાહેર રીતે એ જણાય છે કે સૂર્ય પોતાના મુસ્તકર્ર (થોભવાના સ્થળ) ઉપર પહોંચીને વિરામ કરે છે જેમાં અલ્લાહ તઆલાની સામે સિજ્દહ કરીને બીજા ચક્કરની રજા લે છે જ્યારે કે સૂર્યની ગતિમાં કોઈ સમયે પણ વિરામ ન હોવાની ખુલ્લી સાબિતીઓ છે અને પછી કારણ કે સૂર્યનો સૂર્યોદય અને સૂર્યાસ્ત વિવિધ સ્થળોના આધારે હર પળે થતો જ રહેતો હોય છે તો આ વિરામ અને થોભવું પણ દરેક સમયે જ હોવું જોઈએ જેનું પરિણામ એ છે કે સૂર્ય ક્યારેય ગતિમાં જ ન રહે.

આ શંકાઓ માત્ર ખગોળીય અને અવકાશી વિદ્યાકળા આધારિત જ નથી બલકે તેના માટેની ઘટનાઓ અને સાબિતીઓ પણ છે, જેને ઉપેક્ષિત કરી શકાતી નથી અને આ વિદ્યાના આધારે ખગોળીય ઘટનાઓના તા'બે સૂર્યની પરિભ્રમણની ગતિ તથા સૂર્યનું ચોથા આસમાનમાં કેન્દ્રિત હોવું કે જે ટૉલેમીનો દૃષ્ટિકોણ છે જેના વિરુદ્ધ તેના પહેલાં પણ પાયથાગોરસે આ દૃષ્ટિકોણનો વિરોધ કર્યો હતો અને આજકાલ નવા સંશોધનોએ ટૉલેમીના દૃષ્ટિકોણની ભૂલ તથા પાયથાગોરસના દૃષ્ટિકોણને સત્યની બિલકુલ નજીક હોવાનો વિશ્વાસ કરાવી દીધો છે અને હાલની અવકાશી યાત્રાઓ અને ચંદ્ર સુધી માનવીની પહોંચની ઘટનાઓએ એટલી વાત તો નિશ્ચિત કરાવી જ દીધી છે કે બધા ગ્રહો આસમાનથી નીચેના અવકાશમાં છે, આસમાનોમાં તેમનું કેન્દ્ર નથી. કુર્આને કરીમની આયત જે બિલકુલ નિકટમાં આવી રહી છે, وَكُلٌّ فِي فَلَكٍ يَسْبَحُونَ તેનાથી પણ આ દૃષ્ટિકોણનું સમર્થન થાય છે, આ દૃષ્ટિકોણમાં એ પણ છે કે આ દરરોજનું ઊગવું

અને આથમવું સૂર્યની ગતિના કારણે નથી બલકે પૃથ્વીની ગતિના કારણે છે, આ ખગોળીય દષ્ટિકોણના આધારે પ્રસ્તુત હદીષમાં એક ઓર શંકા વધી જાય છે.

તેનો જવાબ સમજવા માટે પ્રથમ એ દષ્ટિ સમક્ષ રહેવું જોઈએ કે જ્યાં સુધી પ્રસ્તુત આયતનો ખુલાસો છે તેના ઉપર પ્રસ્તુત શંકાઓ અને સંદેહોમાંથી કુર્આન ઉપર કોઈપણ શંકા કે સંદેહ ઉપજતો નથી, તેનો ભાવાર્થ તો માત્ર એટલો જ છે કે સૂર્યને અલ્લાહ તઆલાએ એવી વ્યવસ્થિત અને મજબૂત પ્રકારની ગતિ ઉપર લગાડયો છે કે તે પોતાના મુસ્તકર્ર (વિરામના સ્થાન) તરફ બરાબર એક પરિસ્થિતિ ઉપર ચાલતો રહે છે જો આ મુસ્તકર્રનો ભાવાર્થ હઝરત કતાદહ (રદિ.)ની તફસીર પ્રમાણે "મુસ્તકર્રે ઝમાની" લેવામાં આવે, એટલે કે "કયામતનો દિવસ" તો તેનો અર્થ એ છે કે સૂર્યની આ ગતિ કયામત સુધી કાયમી સ્વરૂપે એક હાલત ઉપર થતી રહેશે પછી તે દિવસે સમાપ્ત થઈ જશે અને જો "મુસ્તકર્રે મકાની" ભાવાર્થ સ્વરૂપે લેવામાં આવે તો પણ તે "મુસ્તકર્ર" સૂર્યની કક્ષાના તે સ્થાનને કહેવામાં આવી શકે છે જ્યાંથી સૂર્યએ પોતાના પ્રથમ સર્જન સમયે પોતાની ગતિ શરૂ કરી, આ જ સ્થાન ઉપર પહોંચીને તેની ગતિનો એક ચક્કર પૂર્ણ થાય છે, કારણ કે આ જ સ્થાન તેના ચક્કરની પૂર્ણતા છે, તેના ઉપર પહોંચીને નવા ચક્કરની શરૂઆત થાય છે. રહી એ વાત કે આ મહાન કક્ષા (વર્તુળ)માં તે સ્થાન ક્યાં છે અને કયું છે ? જ્યાંથી સૂર્યની ગતિ તેની શરૂઆતના સર્જન સમયે શરૂ થઈ હતી ? તો કુર્આને કરીમ આ પ્રકારની વ્યર્થ ચર્ચામાં માનવીને ઉલઝાવતું નથી જેનો સંબંધ તેના કોઈ દીની અને દુનિયવી લાભ ખાતર ન હોય, આ એવા પ્રકારની ચર્ચા છે એટલા માટે તેને છોડીને કુર્આને કરીમે મૂળ હેતુ તરફ ધ્યાન અપાવ્યું છે અને તે હેતુ અલ્લાહ તઆલાની કુદરત અને હિકમતના ખાસ નમૂનાઓનું વર્ણન છે કે આ દુનિયામાં મોટો અને અત્યંત તેજસ્વી તારો સૂર્ય છે, તે પણ ન તો પોતે આપમેળે બની ગયો છે અને ન જ આપમેળે તેની કોઈ ગતિ પેદા થઈ છે અને ન તો તે આપમેળે બાકી રહી શકે છે, તે પોતાની આ દરરોજની ગતિ માટે દરેક સમયે અલ્લાહ તઆલાની પરવાનગી અને ઈચ્છાના આધીન રહે છે.

જેટલી પણ શંકાઓ ઉપર લખવામાં આવી છે પ્રસ્તુત આયતના વર્ણનથી તેમાં કોઈ શંકા અને સંદેહ બાકી નથી રહેતો, અલબત્ત પ્રસ્તુત હદીષો કે જેમાં

એવું આવ્યું છે કે તે સૂર્યાસ્ત પછી અર્શ હેઠળ પહોંચીને સિજ્દહ કરે છે અને બીજા દિવસની પરવાનગી માંગે છે આ બધી શંકાઓ તેના વિશે છે અને આ આયતની નીચે આ ચર્ચા એટલા માટે કરવામાં આવી કે હદીષના અમુક શબ્દોમાં આ આયતનો હવાલો પણ આપવામાં આવ્યો છે, તેના જવાબો હદીષવેત્તાઓ અને તફસીરકાર લોકોએ જુદા જુદા આપ્યા છે, જાહેર શબ્દોના આધારે જે એવું સમજવામાં આવે છે કે સૂર્યનો આ સિજ્દહ રાત દિવસમાં માત્ર એક વખતે સૂર્યાસ્ત પછી થાય છે જે લોકોએ હદીષને આ જ જાહેરી ભાવાર્થ ઉપર સમજી છે તેમણે સૂર્યોદય વિશે ત્રણ સંભાવનાઓ વર્ણન કરી છે, એક આ કે مُعَظَّمِ مَعْمُوْرَةْ (જે તે વસ્તી માટે)નું આથમવું ભાવાર્થ સ્વરૂપે હોય છે. આ સ્થળ જ્યાં સૂર્યાસ્ત ઉપર દુનિયાની મોટા ભાગની વસ્તીમાં સૂર્યાસ્ત થઈ જાય છે અથવા خَطِّ اِسْتِوَاءْ (વિષુવવૃત્ત ઉપર)નો સૂર્યાસ્ત અથવા મદીનાની ક્ષિતિજનો સૂર્યાસ્ત. આ રીતે એ શંકા નથી રહેતી કે સૂર્યનો સૂર્યોદય અને સૂર્યાસ્ત તો દરેક સમયે દરેક પરિસ્થિતિમાં થતો જ રહે છે, કારણ કે આ હદીષમાં એક ખાસ ક્ષિતિજ ઉપર આથમવાની વાત કહેવામાં આવી છે પરંતુ સ્પષ્ટ અને ચોખ્ખો જવાબ એ જ જણાય છે જે અમારા ઉસ્તાદ અલ્લામહ શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)એ પોતાના લેખ سُجُوْدُ الشَّمْسِ (સુજૂદુશ્શમ્સ)માં લખ્યો છે, તેનું વિવિધ ઇમામોની તફસીર દ્વારા મસર્થન થાય છે.

તેને સમજવા માટે પ્રથમ પયગમ્બરી તા'લીમ અને પરિભાષાઓ વિશે આ સૈદ્ધાંતિક વાત સમજી લેવી જરૂરી છે કે આસમાની કિતાબો અને તેના લાવનાર અંબિયા (અલૈ.) અલ્લાહની મખ્લૂકને આસમાન અને જમીનના સર્જનોમાં ચિંતન અને મનન તથા ઊંડો વિચાર કરવા તરફ સતત આમંત્રણ આપે છે અને તેનાથી અલ્લાહ તઆલાના અસ્તિત્વ તથા તવહીદ અને તેના જ્ઞાન અને તેની કુદરત ઉપર દલીલ કરે છે પરંતુ આ વસ્તુઓમાં ચિંતન અને મનન એટલી મર્યાદા સુધી શરીઅતમાં ઇચ્છનીય છે જે મર્યાદા સુધી તેનો સંબંધ મનુષ્યની દુનિયવી અને સામાજિક આવશ્યકતાઓ અથવા દીની કે આખિરતની જરૂરતોમાંથી હોય, તેનાથી વધારે ફિલસૂફીયુક્ત ચર્ચાઓ અને વસ્તુઓના સંશોધનોમાં અલ્લાહની સામાન્ય મખ્લૂકને નાંખવામાં નથી આવતી, કારણ કે પ્રથમ તો દરેક વસ્તુની વાસ્તવિકતાનું સંપૂર્ણ સાચું જ્ઞાન પોતે દરેક સંશોધકો,

ફિલોસોફરો અથવા નિષ્ણાતો વગેરેને તેમની સંપૂર્ણ જિંદગી ખર્ચ કરવા છતાં પણ નથી મળી શકતું, બીચારી સામાન્ય જનતા તો તેમની સામે શું ગણતરીમાં છે ? પછી જો તે પ્રાપ્ત પણ થઈ જાય અને તેનાથી ન તો કોઈ દીની જરૂરત પૂરી થાય અને ન જ કોઈ સાચો દુનિયવી મકસદ તેનાથી પ્રાપ્ત થાય તો આ વ્યર્થ અને ફુઝૂલ ચર્ચામાં ઓતપ્રોત થવું ઉંમરની અને માલની બરબાદી સિવાય શું છે ?

કુર્આન અને અંબિયા (અલૈ.)ની આસમાન અને જમીનની મખ્લૂકોની દલીલો તથા તેના પરિવર્તનો અને ઘટનાઓની ચર્ચા માત્ર એટલી હદ સુધી હોય છે જેને દરેક માનવી પ્રત્યક્ષ રીતે અને સામાન્ય ચિંતન અને વિચાર કરવાથી જાણી શકે. ફિલોસોફી અને ખગોળીય વ્યાખ્યાઓ જે માત્ર બૌદ્ધિકો અને વિદ્વાનો જ કરી શકે છે ન તો તેના ઉપર દલીલનો આધાર રાખવામાં આવે અને ન જ તેમાં માથાપચ્ચી કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે કારણ કે અલ્લાહ તઆલા ઉપર ઈમાન અને તેના સંદેશ ઉપર અમલ દરેક મનુષ્યનો ફરજ છે, વિદ્વાન હોય કે અજ્ઞાન, પુરુષ હોય કે સ્ત્રી, શહેરનો નિવાસી હોય કે ગામડિયો, કોઈ પહાડ કે ટાપુ ઉપર રહેતો હોય અથવા કોઈ સુસંસ્કૃત વિકસિત શહેરમાં; એટલા માટે પયગમ્બરી તા'લીમ સામાન્ય લોકોની દષ્ટિ અને તેમની બુદ્ધિ તથા સમજ પ્રમાણે હોય છે જેમાં કોઈ વિદ્યાકળાના નિષ્ણાત બનવાની જરૂર નથી હોતી.

નમાઝના સમયોની ઓળખ, કિબ્લાની દિશાને નક્કી કરવું, મહિનાઓ, વર્ષો અને તારીખો જાણવી; આ બધી વસ્તુઓ ખગોળીય વિદ્યાઓના આધારે પણ જાણી શકાય છે પરંતુ શરીઅતે ઈસ્લામે તેમાંથી કોઈ વસ્તુનો આધાર ખગોળીય વિદ્યાકળાઓ અથવા સંશોધનો ઉપર નથી રાખ્યો બલકે તેના બદલે સામાન્ય નજરે દીઠી વસ્તુઓ ઉપર રાખ્યો છે, મહિના અને વર્ષો તથા તેમની તારીખો ચંદ્ર આધારિત હિસાબો ઉપર રાખ્યા અને ચંદ્રના હોવા ન હોવાનો આધાર માત્ર ચંદ્ર દર્શન અથવા તેની સાબિતીઓ ઉપર રાખ્યો, રોઝા અને હજ્જના દિવસો આ જ આધારે નિશ્ચિત કરવામાં આવ્યા, ચંદ્રના વધવા અથવા ઘટવા અથવા તેના છુપાવા કે ઉદય થવાનું રહસ્ય ઘણા લોકોએ રસૂલે કરીમ ﷺને પૂછ્યું તો તેનો જવાબ કુર્આને કરીમે આપ્યો, قُلْ هِيَ مَوَاقِيتُ لِلنَّاسِ وَالْحَجِّ (૨:૧૮૯) એટલે કે, આપ ﷺ કહી આપો કે ચંદ્રના આ બધા પરિવર્તનો એ હેતુ માટે છે કે તમે તેનાથી મહિનાઓની શરૂઆત, અંત તથા તેની તારીખો જાણીને હજ્જ વગેરેના

દિવસો નક્કી કરી શકો, આ જવાબે એ બાબત ઉપર ચેતવણી આપી દીધી કે તમારો પ્રશ્ન નિરર્થક અને હેતુ વિનાનો છે, તેની વાસ્તવિકતા જાણવા ન જાણવા ઉપર તમારું કોઈ કામ દીન અથવા દુનિયાનું અટકેલું નથી એટલા માટે તે બાબતોનો પ્રશ્ન કરો જેનો સંબંધ તમારી દીની અને દુનિયવી જરૂરત સાથે હોય.

આ પ્રસ્તાવના પછી મૂળ બાબત ઉપર વિચાર કરો કે પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત અને ઉચ્ચ કક્ષાની હિકમતની અમુક સાબિતીઓનું વર્ણન કરીને મનુષ્યને અલ્લાહની તવહીદ, તેના જ્ઞાન અને સંપૂર્ણ શક્તિ ઉપર ઈમાન લાવવાનું આમંત્રણ આપ્યું છે જેમાં સૌથી પહેલાં જમીનનું વર્ણન કર્યું જે દરેક સમયે આપણી સામે છે. وَاٰيَةٌ لَّهُمُ الْاَرْضُ પછી તેના ઉપર પાણી વરસાવીને વૃક્ષો અને વનસ્પતિ ઉગાડવાનું વર્ણન કર્યું જે દરેક માનવી જુએ અને જાણે છે. ....اَحْيَيْنٰهَا ત્યારબાદ આસમાન અને અવકાશી પદાર્થો વિશેનું વર્ણન શરૂ કરીને પ્રથમ દિવસ અને રાત્રિના દરરોજના પરિવર્તનોનું વર્ણન કરીને ફરમાવ્યું, ...وَاٰيَةٌ لَّهُمُ الَّيْلُ ત્યારબાદ સૂર્ય, ચંદ્ર અને ગ્રહો તથા તારાઓમાં મોટા તારા સૂર્યનું વર્ણન કર્યું તેમાં પહેલાં સૂર્ય વિશે ફરમાવ્યું, وَالشَّمْسُ تَجْرِىْ لِمُسْتَقَرٍّ لَّهَا ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿﴾ તેમાં વિચાર કરો કે તેનો હેતુ એ બતાવવાનો છે કે સૂર્ય પોતે જ પોતાના માર્ગ ઉપર પોતાની મરજીથી કે પોતાની શક્તિથી ગતિ નથી કરી રહ્યો બલકે આ એક મહાન સર્વજ્ઞ એટલે કે કુદરત દ્વારા જાણનારાની સ્થાપિત કરેલ નિશ્ચિત વ્યવસ્થાને તા'બે રહે છે. રસૂલે કરીમ ﷺએ સૂર્ય આથમતી સમયે હઝરત અબૂઝર ગિફારી (રદિ.)ને એક પ્રશ્નના જવાબ દ્વારા આ જ બાબતનું માર્ગદર્શન આપ્યું જેમાં બતાવ્યું કે સૂર્ય સૂર્યાસ્ત સમય પછી અર્શ હેઠળ અલ્લાહને સિજ્દહ કરે છે અને પછી બીજો ચક્કર શરૂ કરવાની પરવાનગી માંગે છે, જ્યારે પરવાનગી મળી જાય છે તો તે નિયમ પ્રમાણે આગળ વધે છે અને સવારે પૂર્વ તરફથી સૂર્યોદય થાય છે. તેનો ખુલાસો એનાથી વધારે નથી કે સૂર્યના સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય આ દુનિયામાં એક નવું પરિવર્તન લાવે છે જેનો આધાર સૂર્ય ઉપર છે, રસૂલે કરીમ ﷺએ આ પરિવર્તન પામતા સમયને માનવજાતિને ચેતવવા માટે યોગ્ય સમજીને પ્રેરણા આપી કે સૂર્યને પોતે કુલમુખ્તિયાર અને આપમેળે પોતાની શક્તિથી ચાલનારો ન સમજો, તે તો માત્ર અલ્લાહ તઆલાની ઈચ્છા અને ઈરાદાના તા'બે ગતિ કરી રહ્યો છે, તેનો દરેક

સૂર્યોદય અને સૂર્યાસ્ત અલ્લાહ તઆલાની પરવાનગીથી થાય છે, તે તેની પરવાનગીના તા'બે છે, તેના ફરમાનના તા'બે ગતિ કરવાને જ તેનો સિજ્દહ ઠરાવવામાં આવ્યો છે કારણ કે સિજ્દહ દરેક વસ્તુનો તેની યોગ્ય પરિસ્થિતિ પ્રમાણે હોય છે, જેમકે કુર્આને પોતે ખુલાસો કર્યો છે كُلٌّ قَدْ عَلِمَ صَلَاتَهُ وَتَسْبِيحَهُ (૨૪:૪૧) એટલે કે સમગ્ર મખ્લૂક અલ્લાહની ઈબાદત અને તસ્બીહમાં મશગૂલ છે પરંતુ દરેકની ઈબાદત અને તસ્બીહની રીત અલગ અલગ છે અને દરેક મખ્લૂકને તેની તસ્બીહ અને ઈબાદતનો તરીકો શીખવાડી દેવામાં આવ્યો છે, જેમકે માનવીને તેની નમાઝ અને અલ્લાહની સ્તુતિ કરવાની પદ્ધતિ શીખવાડી દેવામાં આવી છે એટલા માટે સૂર્યના સિજ્દહનો એ અર્થ સમજવો કે તે માનવોના સિજ્દહની જેમ જમીન ઉપર માથું ટેકવવાથી જ થાય છે તે સાચું નથી.

જ્યારે કે કુર્આન અને સુન્નતના ખુલાસાઓ પ્રમાણે અલ્લાહ તઆલાનો અર્શ આસમાનો, તારાઓ, પૃથ્વીઓ ઉપર છવાયેલ છે તો એ દેખીતું છે કે સૂર્ય દરેક સમયે, દરેક સ્થળે અર્શ નીચે જ છે અને જ્યારે કે અનુભવ સાક્ષી છે કે સૂર્ય જ્યારે એક સ્થળે આથમી રહ્યો હોય છે તો બીજા સ્થળે સૂર્યોદય પણ થઈ રહ્યો હોય છે એટલા માટે તેની દરેક પળ સૂર્યોદય અને સૂર્યાસ્તથી ખાલી નથી તો સૂર્યનું અર્શ હેઠળ રહેવું પણ કાયમી અને દરેક પરિસ્થિતિમાં છે અને સૂર્યોદય તથા સૂર્યાસ્ત થવું પણ દરેક પરિસ્થિતિમાં જ છે એટલા માટે હદીષના વિષયનો ખુલાસો એ થયો કે સૂર્ય પોતાના સંપૂર્ણ ચક્કર દરમિયાન અર્શ હેઠળ અલ્લાહ તઆલાની સામે સિજ્દહની પરિસ્થિતિમાં જ રહે છે એટલે કે તેની પરવાનગી અને ફરમાનના તા'બે રહી ગતિ કરે છે અને આ ક્રમ એ જ પ્રમાણે કયામત નજીક સુધી ચાલતો રહેશે, એટલે સુધી કે કયામતની બિલકુલ નજીકની નિશાનીઓ જાહેર કરવાનો સમય આવી પહોંચશે તો સૂર્યને પોતાની કક્ષા ઉપર આગળનો ચક્કર શરૂ કરવાના બદલે પાછો વળવાનો હુકમ આપવામાં આવશે અને તે પછી પશ્ચિમ તરફથી સૂર્યોદય થશે, તે સમયે તવબહના દરવાજા બંધ થઈ જશે, કોઈનું ઈમાન અને તવબહ તે સમયે સ્વીકાર્ય થશે નહીં.

ખુલાસો એ છે કે સૂર્યાસ્ત થયા બાદ તેના અર્શ હેઠળ જવાની અને સિજ્દહ કરવાની અને આગલા ચક્કરની પરવાનગી માંગવાની જે બાબતો આ રિવાયતમાં તે પયગમ્બરી અસરકારક તા'લીમ આધારે બિલકુલ સામાન્ય

જનતાના દષ્ટિકોણ પ્રમાણે એક ઉદાહરણ છે, ન તેનાથી તે જરૂરી બને છે કે તે માનવીની જેમ જમીન ઉપર સિજ્દહ કરે અને સિજ્દહ કરવાના સમયે સૂર્યની ગતિમાં કંઈ વિરામ થવો જરૂરી બને અને ન જ એ ભાવાર્થ છે કે તે દિવસ રાતમાં માત્ર એક જ સિજ્દહ કોઈ ખાસ સ્થળે જઈને કરે છે અને ન જ એ કે તે માત્ર સૂર્યાસ્ત પછી અર્શ હેઠળ જાય છે પરંતુ આ સમયના પરિવર્તનોમાં જ્યારે કે બધા જ સામાન્ય લોકો એવું જોઈ રહ્યા છે કે સૂર્ય આપણાથી ગાયબ થઈ રહ્યો છે તે સમયે ઉદાહરણ સ્વરૂપે તેને આ હકીકતથી વાકેફ કરી દેવામાં આવ્યો કે આ જે કંઈ થઈ રહ્યું છે તે વાસ્તવમાં સૂર્યના અર્શ હેઠળ ફરમાનના તા'બે ગતિ કરવાથી થઈ રહ્યું છે, સૂર્ય પોતે આપમેળે કોઈ શક્તિ અથવા સામર્થ્ય ધરાવતો નથી તો જે રીતે તે સમયે મદીનાના નિવાસીઓ પોતાના સ્થાને એવી અનુભૂતિ કરી રહ્યા હતા કે હવે સૂર્ય સિજ્દહ કરીને આગલા ચક્કરની પરવાનગી લેશે એ જ પ્રમાણે જ્યાં જ્યાં તે આથમતો રહેશે બધા જ માટે આ જ બોધપાઠ ગ્રહણ કરવાની પ્રેરણા હશે અને વાસ્તવિક બાબત એ છે કે સૂર્ય પોતાની કક્ષામાં ગતિ દરમિયાન દરેક પળે અલ્લાહ તઆલાને સિજ્દહ પણ કરે છે અને આગળ વધવાની પરવાનગી પણ માંગતો રહે છે અને આ સિજ્દહ અને પરવાનગી માટે તેને કોઈ વિરામ અથવા સ્થિર થવાની આવશ્યકતા નથી હોતી.

આ ચર્ચા ઉપર પ્રસ્તુત હદીષમાં ન તો સાબિતીઓની રૂએ કોઈ શંકા થાય છે અને ન જ ખગોળીય કાયદાઓ કે નિયમોના આધારે, ઉપરાંત સૂર્યમંડળની ગતિઓ તથા ગ્રહો વગેરેની વ્યવસ્થાનું ટૉલેમીનું સંશોધન સાચું હોય કે પાયથાગોરસવાળું સંશોધન કે જેને હાલના સંશોધનો દ્વારા સમર્થન મળે છે; બંને સ્વરૂપોમાં પ્રસ્તુત હદીષ ઉપર કોઈ શંકા કે સંદેહ બાકી રહેતો નથી.

રહ્યો એ સવાલ કે પ્રસ્તુત હદીષમાં જે સૂર્યનું સિજ્દહ કરવું અને આગલા ચક્કરની પરવાનગી માંગવાનું વર્ણન થયું છે આ કાર્ય તો જીવન ધરાવનાર અથવા જ્ઞાન અને બુદ્ધિ ધરાવનાર સજીવનું છે, સૂર્ય અને ચંદ્ર નિર્જીવ તથા સમજવિહોણી મખ્લૂક છે, તેમનાથી આ પ્રવૃત્તિ કઈ રીતે થાય ? તો તેનો જવાબ કુર્આને કરીમની આયત وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِهٖ (૧૭:૪૪) હેઠળ આવી ચૂક્યો છે કે આપણે જે વસ્તુઓને નિર્જીવ અને બુદ્ધિહીન અથવા સમજવિહોણી સમજીએ છીએ તે પણ વાસ્તવમાં રૂહ અને જીવ તથા બુદ્ધિ અને સમજનો એક ખાસ ભાગ

ધરાવે છે, અલબત્ત તેમની જિંદગી, બુદ્ધિ અને સમજ માનવી અથવા પ્રાણીઓ કરતાં એટલી ઓછી છે કે સામાન્ય લાગણીઓ તેની અનુભૂતિ નથી કરી શકતી પરંતુ તેનો નકાર કરવાની પણ કોઈ શરઈ અથવા બૌદ્ધિક દલીલ ઉપસ્થિત નથી અને કુર્આને કરીમે પ્રસ્તુત આયતમાં તેમને જીવંત બુદ્ધિ ધરાવનાર તથા સમજદાર હોવાનું સાબિત કર્યું છે તથા નવા સંશોધનોએ પણ તેને સ્વીકાર્યું છે. વલ્લાહુ અઅ્‌લમુ.

ખુલાસો :

કુર્આન અને હદીષના પ્રસ્તુત ખુલાસાથી એ વાત સ્પષ્ટ રીતે સાબિત થઈ કે સૂર્ય અને ચંદ્ર બંને ગતિશીલ છે. એક નિશ્ચિત સમય સુધી ગતિમાં રહેશે. તેનાથી એ નવા દષ્ટિકોણનો નકાર થાય છે જે સૂર્ય ગતિમાં હોવાનું સ્વીકારતો નથી અને અત્યાધુનિક સંશોધનોએ પોતે પણ તેને ખોટું સાબિત કરી દીધું છે. وَالْقَمَرَ قَدَّرْنَاهُ مَنَازِلَ حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ માં શબ્દ عُرْجُوْنٌ (ઉર્જુન) ખજૂરના ઝાડની ડાળીને કહેવામાં આવે છે જે વળીને કમાન જેવી થઈ જાય છે.

ચંદ્રની કળાઓ (મંઝિલો) :

શબ્દ مَنَازِلُ (મનાઝિલ) એ مَنْزِلُ (મંઝિલ)નું બહુવચન છે. ઊતરવાના સ્થળને મંઝિલ કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિ માટે ખાસ હદો નિશ્ચિત કરી છે જેમાંથી દરેકને મંઝિલ (કક્ષા) કહેવામાં આવે છે, ચંદ્ર કારણ કે પોતાની કળાઓ એક મહિનામાં પૂરી કરે છે એટલા માટે તેની મંઝિલો ૩૦ અથવા ૨૯ હોય છે પરંતુ કારણ કે દરેક મહિનામા ચંદ્ર ઓછામાં ઓછો એક દિવસ (અમાસના દિવસે) ગાયબ રહે છે એટલા માટે તેની મંઝિલો ૨૮ કહેવામાં આવે છે. ખગોળવિદ્દો અથવા અવકાશશાસ્ત્રએ આ મંઝિલોના ખાસ ખાસ નામો તેના તારાઓના સંદર્ભમાં રાખ્યા છે જે આ મંઝિલોની આસપાસ જોવા મળે છે, ઈસ્લામ પહેલાંના અજ્ઞાનતાકાળમાં અરબોમાં પણ આ જ નામોથી મંઝિલો નિશ્ચિત કરવામાં આવતી હતી, કુર્આને કરીમ આ પારિભાષિક નામોથી ઉપરવટ છે તેનો ભાવાર્થ માત્ર તે અંતર છે જેને ચંદ્ર ખાસ ખાસ દિવસોમાં પૂરું કરે છે.

સૂરએ યૂનુસમાં તેની વિગત આવી ચૂકી છે જે "મઆરિફુલ કુર્આન"ની

સૂરએ યૂનુસની તફસીરમાં આવી ચૂકી છે તેને જોઈ લેવામાં આવે. સૂરએ યૂનુસની આયતમાં સૂર્ય અને ચંદ્ર બંનેની મંઝિલોનું વર્ણન છે. جَعَلَ الشَّمْسَ ضِيَآءً وَّالْقَمَرَ نُوْرًا وَّقَدَّرَهٗ مَنَازِلَ.... (૧૦:૫) ફરક એટલો છે કે ચંદ્રની મંઝિલો નજરે જોયેલી સાબિતી સાથે ઓળખી શકાય છે જ્યારે સૂર્યની મંઝિલો ખગોળીય હિસાબો દ્વારા; حَتّٰى عَادَ كَالْعُرْجُوْنِ الْقَدِيْمِ માં ચંદ્રનું સ્વરૂપ મહિનાના અંતનું બતાવવામાં આવ્યું છે જ્યારે તે સંપૂર્ણ પૂનમ પછી ઘટતો ઘટતો એક પાતળી કમાન સ્વરૂપે દેખાય છે. અરબોના માહોલના સંદર્ભમાં તેનું ઉદાહરણ ખજૂરની સુક્કી ડાળીનું આપવામાં આવ્યું છે જે ચંદ્ર જેવી દેખાય છે.

وَكُلٌّ فِىْ فَلَكٍ يَّسْبَحُوْنَ એટલે કે સૂર્ય અને ચંદ્ર બંને પોત પોતાની ભ્રમણકક્ષામાં તરતા રહે છે. فَلَكٌ (ફલક)નો શાબ્દિક અર્થ આસમાન નથી બલકે તે વર્તુળ (કક્ષા) છે જેમાં કોઈ ગ્રહ કે તારો ગતિ કરે છે. આ આયત સૂરએ અંબિયામાં પણ પસાર થઈ ચૂકી છે જેમાં આ બતાવવામાં આવ્યું છે. આ આયતથી જાણ થઈ કે ચંદ્ર કોઈ આસમાનની અંદર ઉપસ્થિત નથી જેમકે ટૉલેમીના ખગોળીય સિદ્ધાંતોમાં છે બલકે તે આસમાનની નીચે એક ખાસ નિશ્ચિત કક્ષામાં ગતિ કરે છે અને વર્તમાન સમયના નવા સંશોધનો તથા ચંદ્ર સુધી મનુષ્યની પહોંચે આ સિદ્ધાંતોને બિલકુલ નિશ્ચિત જેવા બનાવી દીધા છે.

وَاٰيَةٌ لَّهُمْ اَنَّا حَمَلْنَا ذُرِّيَّتَهُمْ فِى الْفُلْكِ الْمَشْحُوْنِ وَخَلَقْنَا لَهُمْ مِّنْ مِّثْلِهٖ مَا يَرْكَبُوْنَ ۝

પ્રથમ પૃથ્વીની મખ્લૂક (સર્જન)નું પછી આસમાનની મખ્લૂકનું વર્ણન અને તેમાં અલ્લાહ તઆલા શા'નુહૂની હિકમત અને કુદરતના સાક્ષાત્કારોનું વર્ણન આવી ચૂક્યું છે. આ આયતમાં સમંદર અને તેનાથી સંબંધિત પદાર્થોમાં કુદરતના કરિશ્માઓનું વર્ણન છે કે અલ્લાહ તઆલા વહાણોને કે જે પોતે ખૂબ ભારે ભરખમ વજન ભરેલા હોવા છતાં પાણીની સપાટી ઉપર ચાલવાપાત્ર બનાવી દેવામાં આવ્યા કે તે પાણીમાં ડૂબવાના બદલે દૂર સુદૂર પ્રદેશો સુધી જાય છે અને આયતમાં ઈરશાદ છે કે અમે તેમના સંતાનોને વહાણમાં સવાર કર્યા જ્યારે કે સવાર થનાર પોતે આ લોકો હતા. ذُرِّيَّتٌ (ઝુર્રિય્યત) સંતાનોનું વર્ણન કદાચ એટલા માટે કરવામાં આવ્યું કે માનવીનો મોટો ભાગ તેની અવલાદ અને ઝૂર્રિય્યત હોય છે. ખાસ કરીને જ્યારે કે તે ચાલવા ફરવા પાત્ર ન હોય. આયતનો ભાવાર્થ એ છે કે માત્ર એટલું જ નથી કે તમે પોતે તે વહાણોમાં સવાર થઈ શકો

બલકે નાના બાળકો તથા વૃદ્ધો અને તેમનો બધો સામાન આ વહાણો ઉઠાવે છે તથા خَلَقْنَا لَهُمْ مِّنْ مِّثْلِهٖ مَا يَرْكَبُوْنَ નો અર્થ એ છે કે માનવીની સવારી અને ભારવહન માટે માત્ર વહાણો જ નથી બલકે વહાણોની જેમ અન્ય સવારીઓ પણ બનાવી છે, તેનાથી અરબોના પોતાના રિવાજ પ્રમાણે ઊંટોની સવારી ભાવાર્થ તરીકે લીધી છે, કારણ કે ઊંટ ભાર વહન કરવામાં બધા પ્રાણીઓથી વધારે ક્ષમતા ધરાવે છે, મોટા મોટા ભારના અંબાર ઉઠાવીને પ્રદેશોની મુસાફરી કરે છે એટલા માટે અરબો ઊંટને سَفِيْنَةُ الْبَرِّ (સફીનતુલ બર્ર) "જમીનનું વહાણ" કહ્યા કરતા હતા.

કુર્આનમાં હવાઇ જહાઝનું વર્ણન :

પરંતુ એ દેખીતું છે કે કુર્આને આ સ્થળે ઊંટ અથવા કોઈ ખાસ સવારીનું નામ નથી લીધું બલકે મોઘમ શબ્દોમાં કહીને છોડી દીધું છે, જેમાં દરેક એવી સવારી સામેલ છે જે મનુષ્ય અને તેના સરસામાનને વધારેથી વધારે ઉઠાવીને ઈચ્છિત સ્થળે પહોંચાડી આપે. આજના યુગના નવા સંશોધન એટલે કે હવાઈ જહાઝોએ એ સ્પષ્ટ કરી દીધું કે, مِنْ مِّثْلِهٖ (મિમ્મિષ્લિહી)ની સૌથી વધારે બંધ બેસતી સવારી હવાઈ જહાઝ છે અને વહાણની સાથે તેનું ઉદાહરણ પણ તેની વધારે નિકટ છે કે જે રીતે પાણીનું જહાઝ પાણી ઉપર તરે છે, પાણી તેને ડૂબાડતું નથી એ જ રીતે હવાઈ જહાઝ હવામાં તરે છે અને હવા તેને નીચે નથી ફેંકી દેતી. આ આશ્ચર્યકારક નથી કે કુર્આને હકીમે એટલા માટે مِنْ مِّثْلِهٖ مَا يَرْكَبُوْنَ ને મોઘમ રાખ્યું જેથી કયામત સુધી શોધાતી રહેતી બધી જ સવારીઓ તેમાં સામેલ થઈ જાય. વલ્લાહુ અઅ્‌લમુ.

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૪૫-૪૬-૪૭)

وَاِذَا قِيْلَ لَهُمُ اتَّقُوْا مَا بَيْنَ اَيْدِيْكُمْ وَمَا خَلْفَكُمْ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ۝٤٥ وَمَا
تَاْتِيْهِمْ مِّنْ اٰيَةٍ مِّنْ اٰيٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِيْنَ ۝٤٦ وَاِذَا قِيْلَ لَهُمْ اَنْفِقُوْا
مِمَّا رَزَقَكُمُ اللّٰهُ ۙ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنُطْعِمُ مَنْ لَّوْ يَشَآءُ اللّٰهُ اَطْعَمَهٗٓ ۖ
اِنْ اَنْتُمْ اِلَّا فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٤٧

તરજુમો :

અને જ્યારે તેમને કહેવામાં આવે કે તેનાથી બચો જે તમારી સામે આવે છે અને જે પાછળ છોડો છો કદાચ કે તમારા ઉપર રહમ (દયા) થાય. (૪૫) અને તેમને પોતાના પરવરદિગારના હુકમોમાંથી કોઈ હુકમ નથી પહોંચતો જેને તેઓ ટાળતા ન હોય. (૪૬) અને જ્યારે તેમને કહેવામાં આવે, અલ્લાહના આપેલામાંથી કંઈ ખર્ચ કરો, (ત્યારે) કાફિર ઈમાનવાળાઓને કહે છે, અમે એવા લોકોને કેમ ખવડાવીએ કે અલ્લાહે ઈચ્છ્યું હોત તો તેમને ખવડાવ્યું હોત, તમે લોકો તો બિલકુલ ઉઘાડા બહેકી રહ્યા છો (ભૂલમાં છો).(૪૭)

તફસીર :

અને જ્યારે તે લોકોને (તવહીદની દલીલો અને તેને ન માનવા ઉપર અઝાબની ચેતવણીઓ સંભળાવીને) કહેવામાં આવે છે કે તમે લોકો આ અઝાબથી ડરો જે તમારી સામે (એટલે કે દુનિયામાં આવી શકે) છે (જેમકે ઉપરની આયત وَاِنۡ نَّشَاۡ نُغۡرِقۡهُمۡ માં વર્ણન થયું કે વહાણનું સહી સલામત મંઝિલ ઉપર પહોંચવું અલ્લાહની કુદરત અને ઈરાદાથી છે, તે ઈચ્છે તો તેને ડૂબાડી શકે છે, મતલબ કે દુનિયામાં ડૂબાડવાનો અઝાબ પણ આવી શકે છે અને અન્ય અઝાબો પણ) અને જે તમારા (મૃત્યુ) પછી (એટલે કે આખિરતમાં નિશ્ચિત આવનાર) છે (મતલબ એ છે કે તવહીદના ઈન્કાર કરવાના કારણે જે અઝાબ તમારા ઉપર આવનાર છે ભલે માત્ર આખિરતમાં અથવા દુનિયામાં પણ; તમે તે અઝાબથી ડરો અને ઈમાન લઈ આવો) જેથી તમારા ઉપર દયા કરવામાં આવે તો તેઓ (આ ચેતવણી અને અઝાબથી ડરવાની) જરા પણ પરવા નથી કરતા અને (માત્ર આટલી વાત ન માનવા ઉપર બસ નથી કરતા બલકે તેઓ તો એવા પથ્થર હૃદય થઈ ગયા છે કે) તેમના પરવરદિગારની નિશાનીઓમાંથી કોઈ નિશાની તેમની પાસે એવી નથી આવતી જેનાથી તેઓ બળવાખોરી ન અપનાવતા હોય અને (જે રીતે અઝાબની ચેતવણીથી તેઓ પ્રભાવિત નથી થતા એ જ પ્રમાણે સવાબ અને જન્નતના પ્રોત્સાહનથી પણ લાભ નથી થતો તેથી) જ્યારે (અલ્લાહ તઆલાની નેઅ્મતો યાદ અપાવીને) તેમને એવું કહેવામાં આવે છે કે અલ્લાહે જે

કંઈ તમને આપ્યું છે તેમાંથી (અલ્લાહ તઆલાના માર્ગમાં ફકીરો, ભૂખ્યાઓ ઉપર) ખર્ચ કરો તો (શરારત અને ઠઠ્ઠા મશ્કરી સ્વરૂપે) આ કાફિરો તે મુસલમાનોને (જેમણે અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરવા માટે કહ્યું હતું) એવું કહે છે કે શું અમે એવા લોકોને ખાવાનું આપીએ જેમને જો અલ્લાહ ઇચ્છે તો (ઘણું બધું) ખાવાનું આપી દે, તમે ખુલ્લી ભૂલમાં (પડયા) છો.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ તઆલાની કુદરતની સાબિતીઓના નજારા તથા હિકમત જમીન અને આસમાન વગેરેમાં વર્ણન કરીને અલ્લાહ તઆલાનો પરિચય કેળવવાનું અને તવહીદનું આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેનો સ્વીકાર કરવાથી જન્નતના કાયમી ઈનામો અને રાહતોનો વાયદો આપવામાં આવ્યો હતો અને ન માનવાથી કઠોર શિક્ષાની ધમકી; પ્રસ્તુત આયતો અને ત્યારબાદ આવનારી આયતોમાં મક્કાના નિવાસી કાફિરો જેમને આ આયતોનું સીધે સીધું સંબોધન કરવામાં આવ્યું હતું તેમના ખોટા વ્યવહારનું વર્ણન છે કે ન તો તેમના ઉપર સવાબમાં પ્રોત્સાહનની કોઈ અસર થાય છે અને ન જ અઝાબની ધમકીની !

આ ક્રમમાં કાફિરોની સાથે મુસલમાનોના બે સંવાદનું વર્ણન કરવામાં આવ્યું છે કે જ્યારે મુસલમાનો તેમને એવું કહે છે કે તમે અલ્લાહના અઝાબથી ડરો જે તમારી સમક્ષ દુનિયામાં પણ આવી શકે છે અને તમારા મૃત્યુ પછી આખિરતમાં તો આવવાનો જ છે, જો તમે તે અઝાબથી ડરીને ઈમાનનો સ્વીકાર કરી લીધો તો તમારા માટે ઉત્તમ છે પરંતુ આ સાંભળીને પણ તેઓ વિરોધ કરે છે. કુર્આનના શબ્દોમાં આ સ્થળે તેમના વિરોધનું વર્ણન સ્પષ્ટ રીતે આ આયતમાં નથી કર્યું કારણ કે આગલી આયતમાં જે વિરોધનું વર્ણન છે તેનાથી આપમેળે અહીંયાં પણ વિરોધ કરવો સાબિત થાય છે અને અરબી વ્યાકરણના "નહ્વ"ના નિયમ આધારે اِذَا قِيلَ لَهُمْ (ઈઝા કીલલહુમ)ની શરતનો બદલો اَعْرَضُوْا (અઅ્રદૂ) સુષુપ્ત છે જેના સુષુપ્ત હોવા ઉપર આગલી આયતના શબ્દો સાક્ષી છે કે તેમની પાસે તેમના પરવરદિગારની જે પણ આયત (નિશાની) આવે છે તેઓ તેનો વિરોધ જ કરે છે.

અલ્લાહ તઆલાની રોજી અમુકને પરોક્ષ રીતે મળવાની હિકમત :

બીજો સંવાદ એ છે કે જ્યારે મુસલમાનો કાફિરોને ગરીબો અને ફકીરોની મદદ કરવા અને ભૂખ્યાઓને ભોજન આપવા માટે કહે છે કે અલ્લાહ તઆલાએ જે કંઈ તમને આપ્યું છે તમે તેમાંથી લાચારોને આપ્યા કરો તો આ લોકો ઠઠ્ઠા મશ્કરી સ્વરૂપે કહે છે કે જ્યારે તમે એવું કહો છો કે બધી મખ્લૂકોનો "રાઝિક" (સૌને રોજી આપનાર) અલ્લાહ તઆલા છે અને તેણે તેમને આપ્યું નથી તો અમે શા માટે આપીએ ? તમે અમને જે બોધ આપો છો કે અમે તેમને રોજી આપીએ એ તો તમારી ગુમરાહી છે કે અમને "રાઝિક" બનાવવા ઇચ્છો છો ? આ કાફિરો પણ જો કે અલ્લાહ તઆલાના રાઝિક હોવાનો એકરાર કરતા હતા, જેમકે કુર્આને કરીમમાં છે, وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ نَّزَّلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحْيَابِهِ الْاَرْضَ مِنْ بَعْدِمَوْتِهَا لَيَقُوْلُنَّ اللّٰهُ (૨૯:૬૩) એટલે કે જો આપ ﷺ તે લોકોને પૂછો કે આસમાનથી પાણી કોણે વરસાવ્યું જેનાથી જમીનમાં વનસ્પતિનું જીવન પેદા થયું અને પ્રકાર પ્રકારના ફળફૂલ નીકળ્યા ! તો તેઓ એકરાર કરશે કે આ પાણી અલ્લાહ તઆલાએ જ નાઝિલ કર્યું છે.

આથી જાણ થઈ કે આ લોકો પણ "રઝ્ઝાક" (સૌને રોજી પહોંચાડનાર) અલ્લાહ તઆલાને જ માનતા હતા પરંતુ મુસલમાનોના જવાબમાં ઠઠ્ઠા મશ્કરી સ્વરૂપે એવું કહ્યું કે જ્યારે અલ્લાહ તઆલા રાઝિક છે તો તે જ ગરીબોને રોજી આપશે અમે શા માટે આપીએ ?! જાણે કે તે મૂર્ખાઓએ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાને અને ગરીબોને આપવાને અલ્લાહ તઆલાની રઝ્ઝાકિયતનો નકાર સમજ્યો અને એવું ન સમજ્યા કે "રઝ્ઝાકે મુતલક" (સમગ્ર સૃષ્ટિને રોજી પહોંચાડનાર)નો હિકમતપૂર્ણ નિયમ એ છે કે એક વ્યક્તિને આપીને તેને અન્યો માટે માધ્યમ બનાવે છે અને પરોક્ષ રીતે અન્યોને આપે છે, જો કે તે એવી સંપૂર્ણ શક્તિ પણ ધરાવે છે કે સૌને પોતે જ પ્રત્યક્ષ સીધે સીધી રોજી પહોંચાડે, જેમકે પ્રાણીઓમાં મોટે ભાગે આ જ રીતે દરેક કીટકો અને જંતુઓને તથા હિંસક પ્રાણીઓ અને પક્ષીઓને સીધે સીધી રોજી મળે છે, તેમાં કોઈ માલદાર, કોઈ ગરીબ નથી, કોઈ કોઈને કંઈ આપતું નથી. સઘળા કુદરતના દસ્તરખાન ઉપર ભોજન કરે છે પરંતુ માનવીઓમાં આર્થિક વ્યવસ્થા અને પરસ્પર સહકાર તથા મદદની ભૂખ પેદા કરવા માટે રોજી પહોંચાડવામાં અમુકને અમુકના માટે

માધ્યમ બનાવવામાં આવે છે જેથી ખર્ચ કરનારને સવાબ મળે અને જેને આપવામાં આવે તે તેનો આભાર માને, કારણ કે મનુષ્યના પરસ્પર સહકાર અને મદદ જેના ઉપર સમગ્ર વિશ્વની વ્યવસ્થા ટકેલી છે તે ત્યારે જ બાકી રહી શકે છે જ્યારે કે દરેકને અન્યોની જરૂરત હોય, ગરીબને માલદારના પેસાની જરૂરત છે અને માલદારને ગરીબની મહેનતની આવશ્યકતા છે, તેમનામાંથી કોઈ કોઈના માટે બેપરવા નથી અને વિચાર કરીએ તો કોઈનો કોઈના ઉપર ઉપકાર પણ નથી, દરેક વ્યક્તિ જે કંઈ કોઈને આપે છે તે પોતાના મતલબ માટે જ આપે છે.

રહ્યો એ સવાલ કે મુસલમાનોએ કાફિરોને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનો હુકમ કઈ બીનાએ આપ્યો જ્યારે કે તેમનું ઈમાન જ અલ્લાહ ઉપર નથી અને ફુકહાના ખુલાસા પ્રમાણે તે ગૌણ હુકમો તેમને સંબોધવામાં પણ નથી આવ્યા, બસ તેનો જવાબ સ્પષ્ટ છે કે મુસલમાનોનું એવું કહેવું કોઈ શરઈ હુકમનું પાલન કરાવવાના સ્વરૂપે નથી બલકે માનવતાની દષ્ટિએ હમદર્દી અને શરાફતના જાહેર સિદ્ધાંતની બીનાએ હતું.

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૪૮ થી ૬૮)

وَيَقُولُونَ مَتٰى هٰذَا الْوَعْدُ إِنْ كُنْتُمْ صٰدِقِينَ ﴿٤٨﴾ مَا يَنْظُرُونَ إِلَّا صَيْحَةً وَّاحِدَةً
تَأْخُذُهُمْ وَهُمْ يَخِصِّمُونَ ﴿٤٩﴾ فَلَا يَسْتَطِيعُونَ تَوْصِيَةً وَّلَآ إِلٰىٓ أَهْلِهِمْ يَرْجِعُونَ ﴿٥٠﴾
وَنُفِخَ فِي الصُّورِ فَإِذَا هُمْ مِّنَ الْأَجْدَاثِ إِلٰى رَبِّهِمْ يَنْسِلُونَ ﴿٥١﴾ قَالُوا يٰوَيْلَنَا مَنْۢ
بَعَثَنَا مِنْ مَّرْقَدِنَا ۜ هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُونَ ﴿٥٢﴾ إِنْ
كَانَتْ إِلَّا صَيْحَةً وَّاحِدَةً فَإِذَا هُمْ جَمِيعٌ لَّدَيْنَا مُحْضَرُونَ ﴿٥٣﴾ فَالْيَوْمَ لَا تُظْلَمُ
نَفْسٌ شَيْـًٔا وَّلَا تُجْزَوْنَ إِلَّا مَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٥٤﴾ إِنَّ أَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِي
شُغُلٍ فٰكِهُونَ ﴿٥٥﴾ هُمْ وَأَزْوٰجُهُمْ فِي ظِلٰلٍ عَلَى الْأَرَآئِكِ مُتَّكِـُٔونَ ﴿٥٦﴾ لَهُمْ
فِيهَا فٰكِهَةٌ وَّلَهُمْ مَّا يَدَّعُونَ ﴿٥٧﴾ سَلٰمٌ ۟ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيمٍ ﴿٥٨﴾ وَامْتَازُوا

الْيَوْمَ أَيُّهَا الْمُجْرِمُونَ ۝٥٩ أَلَمْ أَعْهَدْ إِلَيْكُمْ يَا بَنِي آدَمَ أَنْ لَا تَعْبُدُوا الشَّيْطَانَ
إِنَّهُ لَكُمْ عَدُوٌّ مُبِينٌ ۝٦٠ وَأَنِ اعْبُدُونِي هَٰذَا صِرَاطٌ مُسْتَقِيمٌ ۝٦١ وَلَقَدْ أَضَلَّ
مِنْكُمْ جِبِلًّا كَثِيرًا أَفَلَمْ تَكُونُوا تَعْقِلُونَ ۝٦٢ هَٰذِهِ جَهَنَّمُ الَّتِي كُنْتُمْ
تُوعَدُونَ ۝٦٣ اصْلَوْهَا الْيَوْمَ بِمَا كُنْتُمْ تَكْفُرُونَ ۝٦٤ الْيَوْمَ نَخْتِمُ عَلَىٰ أَفْوَاهِهِمْ
وَتُكَلِّمُنَا أَيْدِيهِمْ وَتَشْهَدُ أَرْجُلُهُمْ بِمَا كَانُوا يَكْسِبُونَ ۝٦٥ وَلَوْ نَشَاءُ لَطَمَسْنَا عَلَىٰ
أَعْيُنِهِمْ فَاسْتَبَقُوا الصِّرَاطَ فَأَنَّىٰ يُبْصِرُونَ ۝٦٦ وَلَوْ نَشَاءُ لَمَسَخْنَاهُمْ عَلَىٰ
مَكَانَتِهِمْ فَمَا اسْتَطَاعُوا مُضِيًّا وَلَا يَرْجِعُونَ ۝٦٧ وَمَنْ نُعَمِّرْهُ نُنَكِّسْهُ فِي
الْخَلْقِ أَفَلَا يَعْقِلُونَ ۝٦٨

તરજુમો :

અને કહે છે, ક્યારે આ વાયદો (પૂર્ણ) થશે જો તમે સાચા છો ! (૪૮) તે લોકો તો માત્ર એક જ કડાકા(ગર્જના)ની રાહ જુએ છે જે તેમને આવી પકડી લેશે જ્યારે તેઓ પરસ્પર ઝઘડી રહ્યા હશે. (૪૯) પછી કંઈ જ વસિય્યત કરી શકશે નહીં અને ન જ પોતાના ઘરવાળાઓ પાસે પાછા જઈ શકશે. (૫૦) અને સૂર ફૂંકવામાં આવે ત્યારે એકદમ જ તેઓ કબરોમાંથી પોતાના પરવરદિગાર તરફ દોડવા લાગશે (ફેલાઈ પડશે). (૫૧) કહેશે, હાય અમારી બદબખ્તી ! કોણે ઉઠાડી દીધા અમને અમારા ઊંઘવાના સ્થળેથી ? આ તે છે જેનો રહમાને વાયદો કર્યો હતો અને પયગમ્બરોએ સાચું કહ્યું હતું. (૫૨) બસ એક ગર્જના (કડાકો) હશે પછી તે જ સમયે તે બધા અમારી પાસે પકડાયેલા ચાલ્યા આવશે. (૫૩) પછી આજના દિવસે કોઈ જીવ ઉપર લેશમાત્ર જુલમ ન થશે અને તે જ બદલો પામશો જેવું કરતા હતા. (૫૪) બેશક ! જન્નતના લોકો આજે પ્રવૃત્તિમાં (આનંદિત) છે વાતો કરતા. (૫૫) તેઓ અને તેમની સ્ત્રીઓ છાંયડાઓમાં બાજઠો (તખતો) ઉપર તકિયા લગાવી (અઢેલી)ને બેઠા છે. (૫૬) તેમના માટે ત્યાં ફળો છે અને

તેમના માટે છે જે કંઈ માંગે (સઘળું). (૫૭) દયાળુ પરવરદિગાર તરફથી સલામ કહેવાશે. (૫૮) અને હે ગુનેહગારો ! આજે તમે અલગ થઈ જાઓ. (૫૯) હે આદમ (અલૈ.)ના સંતાનો ! મેં તમને કહી રાખ્યું ન હતું કે શયતાનને પૂજશો નહીં તે તમારો ઉઘાડો દુશ્મન છે !? (૬૦) અને એ કે મારી ઈબાદત કરો આ જ સીધો માર્ગ છે. (૬૧) અને તે તમારામાંથી ઘણી મખ્લૂકને ભટકાવી ગયો પછી શું તમને બુદ્ધિ (સમજદારી) ન હતી ? (૬૨) આ દોઝખ છે જેનો તમને વાયદો હતો. (૬૩) તેમાં જઈ પડો આજના દિવસે પોતાના કુફ્રના બદલામાં. (૬૪) આજે અમે તેમના મોઢાંઓ ઉપર સીલ લગાવી દઈશું અને અમારી સામે તેમના હાથ બોલશે અને તેમના પગ ગવાહી આપશે જે કંઈ તેઓ કર્યા કરતા (કમાતા) હતા. (૬૫) અને જો અમે ઈચ્છીએ તેમની આંખો નાબૂદ કરી નાંખીએ પછી માર્ગ પામવા દોડે (પણ) પછી ક્યાંથી સૂઝે ? (૬૬) અને જો અમે ઈચ્છીએ તો તેમનું સ્વરૂપ જ્યાંનું ત્યાં બગાડી નાંખીએ, પછી ન તો આગળ ચાલી શકે અને ન જ તેઓ પાછા ફરી શકે. (૬૭) અને જેને અમે ખૂબ ઘરડો કરીએ, તેને જન્માવસ્થાની સ્થિતિએ પલટાવી દઈએ પછી શું તેમને સમજ નથી ? (૬૮)

તફસીર :

અને આ કાફિર લોકો (પયગમ્બર ﷺ અને આપ ﷺના અનુયાયીઓને ઈન્કાર સ્વરૂપે) કહે છે કે આ વાયદો (કયામતનો જે ઉપરની આયતમાં વર્ણન થયો છે અને તમે પણ મોટે ભાગે તેની ખબર આપ્યા કરો છો તે) ક્યારે (પૂર્ણ) થશે જો તમે (આ દા'વામાં) સાચા છો ? (તો બતાવો, અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે તેઓ જે વારંવાર પૂછી રહ્યા છે તો જાણે) આ લોકો બસ એક સખત કડાકા (એટલે કે نَفْخَۂِ اُوْلٰی ના દિવસ)ની રાહ જુએ છે જે તેમને (એટલે કે બધા જ કાફિરોને) પકડી લેશે અને તે સૌ (તે સમયે) પરસ્પર (સામાન્ય રિવાજ પ્રમાણે પોતાના વ્યવહારોમાં) લડી ઝઘડી રહ્યા હશે, બસ (આ કડાકાની ગર્જના સાથે જ તેઓ એ રીતે ફના થઈ જશે કે) ન તો વસિય્યત કરવાની ફુરસદ હશે, ન જ પોતાના ઘરવાળાઓ પાસે પાછા વળી જઈ શકશે (બલકે જે જેવી પરિસ્થિતિમાં હશે મૃત્યુ પામશે) અને (પછી ફરીવાર) સૂર ફૂંકવામાં આવશે તો સૌ એકદમ કબરોમાંથી (નીકળી નીકળીને) પોતાના પરવરદિગાર તરફ

(એટલે કે જ્યાં હિસાબ થશે) જલદી જલદી ચાલવા લાગશે (અને ત્યાંની ભયંકર હૈબતને જોઈને) કહેશે કે હાય અમારી કમ્બખ્તી ! અમને અમારી કબરોમાંથી કોણે ઉઠાડ્યા ? (કે અહીંયાં કરતાં તો ત્યાં જ વધારે રાહતમાં હતા. ફરિશ્તાઓ જવાબ આપશે કે) આ તે જ (કયામત) છે જેનો રહમાને વાયદો કર્યો હતો અને પયગમ્બર સાચું કહેતા હતા (પરંતુ તમે ન માન્યું હતું, આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે તે نَفْخَةٌ ثَانِيَةٌ સૂરનો) બસ એક જોરનો કડાકો હશે (જે રીતે કે પ્રથમ نَفْخَةٌ اُوْلٰى પણ صَيْحَةٌ وَّاحِدَةٌ "ભયાનક ચિત્કાર" હતો, જેમકે અલ્લાહનું ફરમાન છે مَا يَنْظُرُوْنَ اِلَّا صَيْحَةً وَّاحِدَةً એ જ પ્રમાણે આ પણ એક ગર્જના હશે) જેનાથી એકદમ બધા એકઠા થઈને અમારી પાસે હાજર કરવામાં આવશે (આ પ્રથમ પડાવ ઉપર ચાલવાનું વર્ણન હતું અને અહીંયાં પહોંચી જવું અને આ ચાલવું અને પહોંચવું બળજબરીથી અથવા ક્રોધનો ભોગ બનાવીને પણ હશે, કુર્આને કરીમના શબ્દો مُحْضَرُوْنَ અને جَآءَتْ كُلُّ نَفْسٍ مَّعَهَا سَآئِقٌ થી જાણ થાય છે) પછી તે દિવસે કોઈ વ્યક્તિ ઉપર જુલમ થશે નહીં અને તમને બસ તે જ કર્મોનો બદલો મળશે જે તમે (દુનિયામાં કુફ્ર વગેરે) કર્યા કરતા હતા (આ તો જહન્નમવાળાઓનો હાલ થયો અને) જન્નતવાળા(ની હાલત એ છે કે તેઓ) બેશક તે દિવસે પોતાની પ્રવૃત્તિઓમાં આનંદિત હશે, તેઓ અને તેમની પત્નીઓ છાંયડાઓમાં બાજઠો ઉપર તકિયા લગાવી બેઠાં હશે, (અને) તેમના માટે ત્યાં (દરેક પ્રકારના) મેવાઓ હશે અને જે કંઈ માંગશે તેમને મળશે (અને) તેમના દયાળુ પરવરદિગાર તરફથી સલામ કહેવામાં આવશે (એટલે કે અલ્લાહ કહેશે, اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْجَنَّةِ --રવાહુ ઈબ્ને માજહ) અને (આગળ ફરી જહન્નમવાળાઓના કિસ્સાનું વર્ણન છે, તેમના થોભવાના સ્થળે હુકમ થશે કે) હે (કુફ્ર અપનાવનારા) અપરાધીઓ ! આજે (ઈમાનવાળાઓથી) અલગ થઈ જાઓ (કારણ કે તેમને જન્નતમાં મોકલવાના છે અને તમને જહન્નમમાં અને તે સમયે તેમને ધિક્કાર સ્વરૂપે એવું કહેવામાં આવશે કે) હે આદમ (અલૈ.)ના સંતાનો ! (અને તે જ પ્રમાણે જિન્નાતોથી પણ સંબોધન થશે જેમકે અલ્લાહનું ફરમાન છે يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ.) શું મેં તમને તાકીદ નહોતી કરી કે તમે શયતાનની ઈબાદત ન કરજો, તે તમારો ખુલ્લો દુશ્મન છે અને એ કે મારી (જ) ઈબાદત કરજો, એ જ સીધો માર્ગ છે (ઈબાદતનો ભાવાર્થ સંપૂર્ણ આજ્ઞાપાલન છે જેમકે અલ્લાહ

તઆલાનું ફરમાન છે, (لَا تَتَّبِعُوا خُطُوَاتِ الشَّيْطٰنِ وَلَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ) અને (વળી તમને શયતાન વિશે એ પણ જાણ કરવામાં આવી હતી કે) તે તમારામાં (એટલે કે તમારી પ્રજાતિમાં) એક મોટી સંખ્યામાં મખ્લૂકને ગુમરાહ કરી ચૂકયો (છે જેની ગુમરાહીનો વબાલ પણ પાછલી કાફિર કોમોની અઝાબની ઘટનાઓના સંદર્ભમાં બતાવવામાં આવી હતી) બસ શું તમે (એટલું) સમજતા ન હતા (કે જો અમે તેમના ગુમરાહ કરવાથી માર્ગ ભટકી જઈશું તો અમે પણ એ જ પ્રમાણે અઝાબના હકદાર બનીશું, તો હવે) આ જહન્નમ છે જેનો તમને (એટલે કે કાફિરોની તકદીર ઉપર) વાયદો કરવામાં આવતો હતો, આજે પોતાના કુફ્રના બદલામાં તેમાં દાખલ થઈ જાઓ, આજે અમે તેમના મોઢાંઓ ઉપર સીલ મારી દઈશું (જેનાથી તેઓ જૂઠું બહાનું રજુ કરી શકશે નહીં, જેમકે શરૂ શરૂમાં કહેશે, وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ) અને તેમના હાથ અમારી સાથે વાતચીત કરશે અને તેમના પગો ગવાહી આપશે જે કંઈ આ લોકો કર્યા કરતા હતા (આ અઝાબ તો આખિરતમાં થશે) અને જો અમે ઇચ્છીએ તો (દુનિયામાં જ તેમના કુફ્રની સજામાં) તેમની આંખોને નેસ્તો નાબૂદ કરી નાંખી હોત (ભલે આંખની દૃષ્ટિ ખૂંચવી લેવામાં આવી હોત અથવા તો પોતે આંખ અવયવને જ નષ્ટ કરવામાં આવી હોત) પછી તેઓ માર્ગ તરફ (ચાલવા માટે) રખડયા કરતા હોત, બસ તેમને કયાં દેખાવાનું હતું !? (જેમકે કોમે લૂત ઉપર એવો જ અઝાબ આવ્યો હતો, અલ્લાહ તઆલાનું ફરમાન છે, فَطَمَسْنَا) અને (તેનાથી વધીને) જો અમે ઇચ્છયું હોત તો (તેમના કુફ્રની સજા સ્વરૂપે) તેમના ચહેરા બદલી નાંખ્યા હોત (જેમકે આગલા અમુક લોકો સજા સ્વરૂપે વાંદરાઓ અને સુવ્વરો થઈ ગયા) આવી પરિસ્થિતિમાં તેઓ જ્યાં છે ત્યાં જ રહી ગયા હોત (એટલે કે ચહેરા બદલવાની સાથે એવું પણ થયું હોત કે તેમને પશુઓ બનાવી દેવામાં આવ્યા હોત અને પશુઓ પણ પંગુ કે જે પોતાના સ્થાનેથી હલી પણ ન શકે) જેનાથી આ લોકો ન આગળ ચાલી શકે છે અને ન જ પાછા વળી શકે છે અને (તેનાથી કોઈ આશ્ચર્ય ન કરવું જોઈએ કે આંખોની દૃષ્ટિ ખૂંચવી લેવી તથા ચહેરાઓને બદલી નાંખવા કેવી રીતે થઈ ગયું હોત, જુઓ તેનું એક ઉદાહરણ અમારી કુદરતનું સાક્ષી છે કે) અમે જેમને અતિવૃદ્ધાવસ્થા આપીએ છીએ (એટલે કે જે ખૂબ ઘરડા થઈ જાય છે) તો તેમની સ્વાભાવિક પરિસ્થિતિમાં ઊલટો કરી આપીએ છીએ (એટલે કે માનસિક

હાલત, બુદ્ધિ અને સમજવા સાંભળવા વગેરે શકિતઓ તથા હજમશકિત, દષ્ટિ વગેરે તથા રંગ, ચહેરાની રંગત વગેરે બદલાય જાય છે અને ઊલટા કરી દેવાનો ભાવાર્થ એ છે કે તેમાં એક પ્રકારનું પરિવર્તન થઈ જાય છે અને પરિસ્થિતિઓ બદલાય જાય છે કે તે શ્રેષ્ઠ કક્ષાએથી બિલકુલ નિમ્ન કક્ષા તરફ અને ખૂબ સારી પરિસ્થિતિ તરફથી ખરાબ પરિસ્થિતિ તરફ આવી જાય છે, બસ આ દષ્ટિ ખૂંચવી લેવી અને ચહેરો બદલી નાંખવો પણ એક પ્રકારનું પરિવર્તન છે જે સંપૂર્ણતાએથી અધૂરપ તરફ હોય છે) બસ શું (આ હાલતને જોઈને પણ) તે લોકો સમજતા નથી (કે જ્યારે એક પરિવર્તન કરવા માટે શક્તિ ધરાવે છે તો અવશ્ય બીજા પ્રકારના પરિવર્તન કરવા માટે પણ ધરાવે છે, બલકે કુદરતના સંદર્ભમાં તો બધી જ સંભાવનાઓ સાથે આ બાબત સહેલી છે, બસ ભલે તેનું કોઈ ઉદાહરણ કે પ્રત્યક્ષ સાક્ષાત્કાર ન પણ થયો હોય, બસ તે લોકોને તેના ઉપર દષ્ટિ કરીને ડરવું જોઈએ અને કુફ્રને છોડી દેવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

مَا يَنْظُرُوْنَ اِلَّا صَيْحَةً وَّاحِدَةً આ તે કાફિરોનો જવાબ છે જે ઠટ્ઠો મશ્કરી અને ઈન્કાર સ્વરૂપે મુસલમાનોને પૂછ્યા કરતા હતા કે તમે જે કયામતના આવવાની માન્યતા ધરાવો છો તે ક્યારે અને કયા વર્ષે અને કઈ તારીખે આવશે ? يَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ તે લોકોનો આ પ્રશ્ન વાસ્તવમાં કોઈ ઘટનાની તહકીક માટે ન હતો બલકે મશ્કરી અને ઠટ્ઠો કરવા માટે હતો અને ધારી લો કે તેઓ તહકીક માટે પણ આવો પ્રશ્ન કરતા હોત તો પરવરદિગારે આલમની હિકમતનો તકાદો એ છે કે કયામતની સાલ અને તારીખનું સંપૂર્ણ ચોક્કસ જ્ઞાન કોઈને નથી આપ્યું, એટલે સુધી કે પોતાના અંબિયા અને રસૂલ (અલૈ.)ને પણ નથી આપ્યું, આ મૂર્ખાઓનો આ પ્રશ્ન ધારી લો કે સત્યના સંશોધન સ્વરૂપે હોય તો પણ તે વ્યર્થ અને અર્થવિહીન હતો એટલા માટે તેમને જવાબમાં કયામતની તારીખ બતાવવાને બદલે તે લોકોને એ બાબતની ચેતવણી આપવામાં આવી કે જે વસ્તુ નિશ્ચિત સ્વરૂપે આવનારી છે બુદ્ધિશાળીનું કામ એ છે કે તેની તૈયારીમાં લાગે, ન જ કે તેના સમય અને તારીખની તહકીકમાં વખત બરબાદ કરે, બુદ્ધિનો તકાદો એ હતો કે કયામતની ખબર સાંભળીને ઈમાન લાવ્યા હોત અને તે કામ કર્યું હોત જેનાથી આ દુનિયામાં સફળતા પ્રાપ્ત થાય પરંતુ આ લોકો પોતાની ગફલતમાં એવા ફસાયેલા

છે જાણે એ બાબતની રાહ જોઈ રહ્યા છે કે જ્યારે કયામત આવીને પકડી લે તો કંઈ ન સૂઝે એટલા માટે ફરમાવ્યું કે તેઓ કયામતની રાહ જોઈ રહ્યા છે અને કયામતની પરિસ્થિતિ એવી હશે કે તે સૂરની એક જ ગર્જના હશે જે બધાને અચાનક એવી રીતે પકડી લેશે કે લોકો પોત પોતાના કારોબારમાં અને પરસ્પર વ્યવહારોના ઝઘડાઓમાં લાગેલા હશે, સઘળા આવી જ પરિસ્થિતિમાં મૃત્યુ પામશે.

હદીષમાં છે કે બે વ્યક્તિ એક કપડાંની લે વેચમાં લાગેલા હશે કપડું ફેલાવેલું હશે કે અચાનક કયામત આવી જશે અને તે કપડાં(નો ભાવ તાલ) નક્કી પણ ન કરવા પામશે, કોઈ વ્યક્તિ પોતાની હોજને માટીથી લીપીને ઠીક કરી રહ્યો હશે કે એવી જ હાલતમાં મૃત્યુ પામશે. *(રવાહુ અબૂ નઈમ અન અબી હુરયરહ રદિ., કુર્તુબી)*

لَا يَسْتَطِيْعُوْنَ تَوْصِيَةً وَّلَآ اِلٰٓى اَهْلِهِمْ يَرْجِعُوْنَ، એટલે કે, તે સમયે જે લોકો એકઠા થયા હશે તે પરસ્પર કોઈને કોઈ કામની વસિય્યત કરવાની મહોલત પામશે નહીં અને જેઓ ઘરોએથી બહાર ગયા હશે તે પોતાના ઘરોએ પાછા આવવાની મહોલત પામશે નહીં, તે જ સ્થળે મૃત્યુ પામશે. આ વર્ણન કયામતના نَفْخَةِ اُوْلٰى (નફખએ ઊલા) પ્રથમ વખતના સૂરનું છે જેનાથી સમગ્ર વિશ્વ જમીન અને આસમાન તબાહ થઈ જશે.

ત્યારબાદ وَنُفِخَ فِى الصُّوْرِ فَاِذَا هُمْ مِّنَ الْاَجْدَاثِ اِلٰى رَبِّهِمْ يَنْسِلُوْنَ માં શબ્દ اَجْدَاث (અજદાષ) એ جَدَثٌ (જદષુન)નું બહુવચન છે જે કબ્રના અર્થમાં અને يَنْسِلُوْنَ (યનસિલૂન) એ نَسَلَانٌ (નષ્લાન)થી બને છે જેનો અર્થ "ઝડપથી ચાલવું" થાય છે, જેમકે એક બીજી આયતમાં يَخْرُجُوْنَ مِنَ الْاَجْدَاثِ سِرَاعًا (૭૧:૪૩) આવ્યું છે કે આ લોકો પોતાની કબરોમાંથી ઉતાવળે નીકળશે અને એક આયતમાં ઈરશાદ થયો છે, فَاِذَا هُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ એટલે કે, હશ્રના સમયે લોકો પોતાની કબરોએથી ઉઠીને ઊભા થઈ જોતા રહેશે આ તેનો નકાર નથી, કારણ કે શરૂઆતમાં આશ્ચર્યથી ઊભા થઈને જોવાની બાબત છે અને પછી ઝડપથી મહશર તરફ દોડવું આ બંનેમાં કોઈ વિરોધાભાસ નથી અને જેમકે કુર્આને કરીમની આયતોથી સાબિત થયું છે કે ફરિશ્તાઓ તે બધાને પોકારીને હશ્રના મેદાનમાં લાવશે, આથી જાણ થાય છે કે મહશરની હાજરી પોતાની ખુશીથી નથી

બલકે બળજબરીએ હશે અને ફરિશ્તાઓને પોકારવાના કારણે દોડતા દોડતા મહશરમાં આવી જશે.

قَالُوا يَاوَيْلَنَا مَنْ بَعَثَنَا مِنْ مَّرْقَدِنَا કાફિરો જો કે કબરોમાં પણ કબ્રના અઝાબમાં સપડાયેલા હતા, ત્યાં તેમને કંઈ આરામ ન હતો પરંતુ કયામતના અઝાબના મુકાબલામાં તે પહેલો અઝાબ બિલકુલ તુચ્છ જણાશે એટલા માટે પોકારશે કે અમને કોણે કબરોમાંથી કાઢ્યા ? ત્યાં જ રહ્યા હોત તો સારું થાત, આ બાબતે ફરિશ્તાઓ અથવા સામાન્ય મો'મિનો જવાબ આપશે.

هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُوْنَ એટલે કે, આ તે જ કયામત છે જેનો રહમાને વાયદો કર્યો હતો અને તેની રસૂલોએ સાચી ખબર તમને સંભળાવી હતી, તમે ધ્યાન આપ્યું નહીં. આ સ્થળે અલ્લાહ તઆલાની સિફતોમાંથી શબ્દ رَحْمٰن (રહમાન) અપનાવવામાં ઈશારો છે કે તેણે તો પોતાની રહમત, દયા કૃપાએ તમારા માટે આ અઝાબથી બચવાનો ઘણો બધો સામાન કરી રાખ્યો હતો અને સમયથી પહેલાં એ બાબતનો વાયદો અને પોતાની કિતાબો તથા અંબિયા (અલૈ.) દ્વારા તેની ખબર તમારા સુધી પહોંચાડવી પણ રહમાનની સિફતનો જ તકાદો હતો.

اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِىْ شُغُلٍ فٰكِهُوْنَ જહન્નમવાળાના કષ્ટોનું વર્ણન કર્યા પછી કયામતમાં જન્નતવાળાઓની હાલતનું વર્ણન કર્યું છે કે તેઓ પોતાની પ્રવૃત્તિઓમાં મશ્ગૂલ હશે, فٰكِهُوْنَ (ફાકિહુન) એ فَاكِهٌ (ફાકિહ)નું બહુવચન છે. ખુશદિલ અને ખુશહાલ હોવાને કહેવામાં આવે છે અને તે પહેલાં فِىْ شُغُلٍ (ફિ શુગુલિન)નો પણ એ ભાવાર્થ હોઈ શકે છે કે તેઓ જહન્નમવાળાઓની આવી પડેલી પરિસ્થિતિઓ અને કષ્ટોથી બિલકુલ નચિંત હશે. *(અમુક તફસીરકારો પ્રમાણે)*

એ પણ શક્ય છે કે આ સ્થળે શબ્દ فِىْ شُغُلٍ (ફિ શુગુલિન) એ વિચારને નિર્મૂળ કરવા માટે વધારવામાં આવ્યો હોય કે જન્નતમાં જ્યારે ન તો કોઈ ઈબાદત હશે અને ન જ કોઈ ફરજ અને વાજિબ તથા કોઈ આર્થિક ઉપાર્જનની રોજી રોટીની પ્રવૃત્તિ હશે નહીં તો બેકારીમાં માણસનો જીવ ગભરાશે એટલા માટે તફરીહની મોટી પ્રવૃત્તિ હશે જેથી અહીંયાં જીવ ગભરાવાનો સવાલ જ પેદા નહીં થાય.

هُمْ وَاَزْوَاجُهُمْ માં શબ્દ اَزْوَاج (અઝવાજ)માં જન્નતની હૂરો પણ સામેલ

છે અને દુનિયાની પત્નીઓ પણ. وَلَهُمْ مَّا يَدَّعُوْنَ માં શબ્દ يَدَّعُوْنَ (યદઊન) એ دَعْـــــوَتٌ (દઅ્વત)થી બનેલ છે જેનો અર્થ "બોલાવવા"નો થાય છે, એટલે કે જન્નતવાળા જે વસ્તુને બોલાવશે તે તેમને મળી જશે. કુર્આને કરીમે આ સ્થળે يَسْـــئَلُوْنَ (યસ્અલૂન)નો શબ્દ નથી કહ્યો કારણ કે કોઈ વસ્તુનો સવાલ કરવાથી પ્રાપ્ત કરવું પણ એક પ્રકારની મહેનત અને તકલીફ છે જેનાથી જન્નત પાક જ છે બલકે ત્યાં દરેક જરૂરતની વસ્તુ હાજર હશે.

وَامْتَـــازُوا الْيَـــوْمَ اَيُّهَـــا الْمُـــجْـــرِمُوْنَ હશ્રના મેદાનમાં પ્રથમ જ્યારે લોકો પોતાની કબરોમાંથી ઉઠશે તો બધા ચોતરફ વિખરાયેલા હશે, જેમકે કુર્આને ફરમાવ્યું, كَـــاَنَّهُـــمْ جَـــرَادٌ مُّنْتَشِـــرٌ (૫૪:૭) એટલે કે, તેઓ તીડોના ટોળાઓ જેમ વિખરાયેલા હશે પરંતુ પાછળથી તેમના ટોળાં ને ટોળાં પોતાના કર્મોના આધારે અલગ કરી આપવામાં આવશે, મો'મિનો એક સ્થળે, કાફિરો બીજા સ્થળે, દુષ્ટો અને ફાસિકો અલગ, સાલિહીન અને નેક સ્વીકૃત બંદાઓ અલગ, જેમકે બીજી જગ્યાએ ફરમાવ્યું છે, وَاِذَا النُّفُوْسُ زُوِّجَتْ (૮૧:૭) એટલે કે જ્યારે વ્યક્તિઓની સમાન જોડ બનાવી દેવામાં આવશે. પ્રસ્તુત આયતમાં પણ આ જ તફાવતને વર્ણન કરવામાં આવ્યો છે.

اَلَـمْ اَعْهَـدْ اِلَـيْـكُـمْ يٰبَنِـىْٓ اٰدَمَ اَنْ لَّا تَـعْـبُـدُوا الشَّـيْـطٰـنَ એટલે કે, આદમના સંતાનોને (બલકે જિન્નાતોને પણ) સંબોધન કરીને કયામતના દિવસે કહેવામાં આવશે કે શું મેં દુનિયામાં તમને એવું માર્ગદર્શન આપ્યું ન હતું કે તમે શયતાનની ઈબાદત ન કરજો ? અત્રે પ્રશ્ન એ થાય છે કે કાફિરો મોટેભાગે શયતાનની ઈબાદત તો કરતા ન હતા બલકે મૂર્તિઓ અને અન્ય વસ્તુઓને પૂજતા હતા એટલા માટે તેમના ઉપર શયતાનની ઈબાદતનો આક્ષેપ કેમ લગાવવામાં આવ્યો? જવાબ એ છે કે કોઈનું સંપૂર્ણ આજ્ઞાપાલન કરવું અને દરેક પરિસ્થિતિમાં તેમનું કહેવું માનવું તેનું જ નામ ઈબાદત છે, કારણ કે આ લોકોએ હંમેશા શયતાની તા'લીમનું જ અનુસરણ કર્યું એટલા માટે તેમને શયતાનના પૂજકો કહેવામાં આવ્યા, જેમકે હદીષમાં તે વ્યક્તિને જે માલ અથવા પત્નીની મહોબ્બતથી પ્રેરાઈને એવું કામ કરવા લાગે જેનાથી માલ વધે અથવા પત્ની રાજી થાય ભલે અલ્લાહ તેનાથી નારાજ હોય તેવા વ્યક્તિને હદીષમાં "અબ્દુદ્દિરહમ" (દિરહમ-પૈસાનો બંદો) અને "અબ્દુજ્જવઝહ" (પત્નીનો બંદો) જેવા શબ્દોથી ઓળખાવવામાં આવ્યો છે.

અમુક સૂફીઓના નિવેદનોમાં જે પોતાના નફ્સ માટે મૂર્તિપૂજાના શબ્દો આવ્યા છે તેનો ભાવાર્થ નફ્સની મનેચ્છાઓનું અનુસરણ કરવું છે, કુફ્ર અને શિર્ક ભાવાર્થ તરીકે નથી જેમકે અમુક લોકોએ કહ્યું છે,

سُودہ گشت از سجدۂ راہِ بُتاں پیشانیم　　　چند برخود تہمت دینِ مسلمانی نہم

اَلْيَوْمَ نَخْتِمُ عَلٰـى اَفْوَاهِهِمْ મહશરમાં હિસાબ કિતાબ માટે રજુ થવામાં પ્રથમ તો દરેક વ્યક્તિને સ્વતંત્રતા હશે, જે ઇચ્છે બહાનું રજુ કરે પરંતુ મુશ્રિકો ત્યાં કસમો ખાઈને પોતાના શિર્ક અને કુફ્રનો ઇન્કાર કરશે. وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ

અને અમુક એવું પણ કહેશે કે ફરિશ્તાઓએ અમારા નામએ આ'માલમાં જે કંઈ લખ્યું છે અમે તો તેનાથી મુક્ત છે, તે સમયે અલ્લાહ તઆલા તેમના મોઢાંઓ ઉપર સીલ મારી દેશે કે તેઓ બોલી શકશે નહીં અને તેમના મુકાબલામાં તેમના પોતાના જ હાથ, પગ અને અવયવોને ગવાહ બનાવીને તેમને બોલવાની ક્ષમતા આપી દેવામાં આવશે અને તેઓ તેમના બધા જ કર્મોની ગવાહી આપશે, પ્રસ્તુત આયતમાં તો હાથ અને પગોના બોલવાનું વર્ણન કરવામાં આવ્યું છે, બીજી આયતમાં મનુષ્યના કાન, આંખ અને ચામડીનું બોલવાનું પણ ઉપસ્થિત છે. شَهِدَ عَلَيْهِمْ سَمْعُهُمْ وَاَبْصَارُهُمْ وَجُلُوْدُهُمْ (૪૧:૨૦) અને એક સ્થળે تَشْهَدُ عَلَيْهِمْ اَلْسِنَتُهُمْ.... (૨૪:૨૪) આવ્યું છે, એટલે કે પોતે તેમની જીભ ગવાહી આપશે. આ જીભ ગવાહી આપવાની બાબતથી એ બાબતનો નકાર થતો નથી કે તેમના મોઢાંઓ ઉપર સીલ મારી દેવામાં આવશે, કારણ કે સીલ લગાવવાનો મતલબ જ એ છે કે તેઓ પોતાના અધિકારથી કશું બોલી શકશે નહીં, તેમની જીભ તેમની મરજી વિરુદ્ધ ચાલશે અને ગવાહી આપશે.

રહી એ શંકા કે તેમના અવયવોમાં બોલવાની ક્ષમતા કેવી રીતે પેદા થશે ? તો તેનો જવાબ પોતે કુર્આને આપ્યો છે. اَنْطَقَنَا اللّٰهُ الَّذِىْ اَنْطَقَ كُلَّ شَىْءٍ (૪૧:૨૦) એટલે કે આ અવયવો કહેશે જે અલ્લાહે દરેક બોલવાની ક્ષમતા ધરાવનારને બોલવાની શક્તિ આપી છે તેણે જ અમને પણ બોલવાની શક્તિ આપી દીધી.

وَمَنْ نُّعَمِّرْهُ نُنَكِّسْهُ فِى الْخَلْقِ اَفَلَا يَعْقِلُوْنَ માં શબ્દ نُعَمِّرْ (નુઅમ્મિર) એ تَعْمِيْر (તઅ્મીર)થી બને છે જેનો અર્થ છે, "લાંબી જિંદગી" અને نُنَكِّسْهُ (નુનકિસૂ) એ تَنْكِيْس (તનકિસ)થી બને છે જેનો અર્થ "ઊંધું ઊલટું કરી દેવું" છે. આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત અને ઉચ્ચ કક્ષાની

હિકમતના એક અનન્ય દર્શન કરાવ્યા છે કે દરેક મનુષ્ય અને પ્રાણી દરેક સમયે અલ્લાહ તઆલાના કાબૂમાં જ હોય છે, કુદરતનો અમલ તેમનામાં સતત ચાલુ છે, એક ગંદા અને નિર્જીવ ટીપાં દ્વારા તેનું અસ્તિત્વ શરૂ થયું, માં ના ગર્ભના ત્રણ અંધારાઓમાં આ સૃષ્ટિ અને નાના વિશ્વનું સર્જન કર્યું, કેવી કેવી નાજુક મશીનો તેના અસ્તિત્વમાં ભેળવવામાં આવી, પછી રૂહ નાંખીને જીવંત કરવામાં આવ્યો, નવ મહિના માંના ગર્ભની અંદર તેનો વિકાસ અને વૃદ્ધિ થતી રહી અને એક સંપૂર્ણ માનવી બન્યો અને આ દુનિયામાં આવ્યો તો સંપૂર્ણ થયા છતાં તેની દરેક વસ્તુ અશક્ત અને કમજોર છે, કુદરતે તેના સ્વભાવ પ્રમાણે ખોરાક માતાના થાનમાં પેદા કરી દીધો જેનાથી તેને ક્રમશઃ શક્તિ મળી અને તે સમયથી લઈને યુવાની સુધી કેટલાય તબક્કાઓમાંથી પસાર થઈ આ એવો મજબૂત અને શક્તિશાળી થયો કે તાકાત અને દબદબાનો દા'વો કરવા લાગ્યો, દરેક વિરોધીને હરાવવાની હિંમત પેદા થઈ, પછી જ્યારે સર્જનહાર અને માલિકને મંજૂર થયું તો હવે આ બધી શક્તિઓ અને તાકાતોમાં કમી શરૂ થઈ અને તે પણ અસંખ્ય તબક્કાઓમાંથી પસાર થઈને અંતે ઘડપણની અંતિમ અવસ્થાએ પહોંચ્યો, જ્યાં પહોંચીને વિચાર કરવામાં આવે તો ફરી તે એવી મંઝિલે પહોંચી ગયો જે બાળપણમાં પસાર થયું હતું, સમગ્ર આદતો, ટેવો બદલાવા લાગી, જે વસ્તુઓ સૌથી વધારે પ્રિય હતી તે તિરસ્કૃત દેખાવા લાગી, જેનાથી રાહત મળતી હતી હવે તે કષ્ટદાયક બની ગઈ. તેને જ કુર્આને કરીમે تَنْكِيْس (તનકીસ) એટલે કે, "ઊંધો કરી દીધો"થી ઓળખાવ્યું છે.

مَنْ عَاشَ اَخْلَقَتِ الْاَيَّامُ جِدَّتَهُ   وَخَانَهُ ثِقَتَاهُ السَّمْعُ وَالْبَصَرُ

"જો વ્યક્તિ જીવંત રહેશે તો સમય તેની શક્તિ અને કઠોરતાને જર્જરીત અને જૂની કરી નાંખશે અને તેના સૌથી મોટા અને સાચા દોસ્ત એટલે કે સાંભળવાની શક્તિ અને જોવાની શક્તિ પણ તેનાથી ખયાનત કરીને અલગ થઈ જશે."

એટલે કે માનવીને દુનિયામાં સૌથી વધારે ભરોસો પોતાથી આંખથી જોયેલી અથવા કાનથી સાંભળેલી બાબતનો હોય છે, વૃદ્ધાવસ્થાની અંતિમ જિંદગીમાં તે પણ ભરોસાપાત્ર નથી, ઓછું સાંભળવાના કારણે સંપૂર્ણ વાત સાંભળવી પણ મુશ્કેલ બની જાય છે અને દૃષ્ટિ ખામીયુક્ત થવાના કારણે સાચે

સાચે જોવું પણ મુશ્કેલ બની જાય છે, મુતનબ્બીએ આ વિષયને આ રીતે વર્ણવ્યો છે.

وَمَنْ صَحِبَ الدُّنْيَا طَوِيْلًا تَقَلَّبَتْ عَلٰى عَيْنِهٖ حَتّٰى يَرٰى صِدْقَهَا كِذْبَا

"જે વ્યક્તિ દુનિયામાં લાંબો સમય જીવંત રહેશે, દુનિયા તેની આંખોની સામે જ પલટાઈ જશે એટલે સુધી કે જે વસ્તુને પહેલાં સાચી માનતો હતો તે જૂઠી જણાવા લાગશે."

મનુષ્યના અસ્તિત્વમાં આ પરિવર્તન અલ્લાહ તઆલાની કુદરતના આશ્ચર્યજનક નજારાઓમાંથી તો છે જ તેમાં માનવી ઉપર એક મહાન અહેસાન પણ છે કે સૃષ્ટિના સર્જનહારે જેટલી શક્તિઓ મનુષ્યના અસ્તિત્વમાં મિશ્રિત કરી છે તે વાસ્તવમાં અલ્લાહના યંત્રો છે જે તેને આપવામાં આવ્યા છે અને એ પણ બતાવવામાં આવ્યું છે કે આ તારી મિલ્કત નથી અને કાયમી પણ નથી, અંતે તારી પાસેથી આ યંત્રો પાછા લઈ લેવામાં આવશે અને તેનો તકાદો દેખીતો એ હતો કે જ્યારે નિશ્ચિત સમય આવી જાય બધી શક્તિઓ એકી સમયે પાછી લઈ લેવામાં આવે પરંતુ મવલાએ કરીમે તેને પાછું લેવા માટે પણ લાંબા લાંબા હપ્તાઓ કરી દીધા અને ક્રમાનુસાર ધીરે ધીરે પાછી લીધી છે જેથી માનવી ચેતીને આખિરતના સફરની તૈયારી કરે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૬૯ થી ૭૫)

وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِيْ لَهٗ ۭ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّقُرْاٰنٌ مُّبِيْنٌ ﴿٦٩﴾ لِّيُنْذِرَ
مَنْ كَانَ حَيًّا وَّيَحِقَّ الْقَوْلُ عَلَى الْكٰفِرِيْنَ ﴿٧٠﴾ اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا
عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا فَهُمْ لَهَا مٰلِكُوْنَ ﴿٧١﴾ وَذَلَّلْنٰهَا لَهُمْ فَمِنْهَا رَكُوْبُهُمْ وَمِنْهَا
يَاْكُلُوْنَ ﴿٧٢﴾ وَلَهُمْ فِيْهَا مَنَافِعُ وَمَشَارِبُ ۭ اَفَلَا يَشْكُرُوْنَ ﴿٧٣﴾ وَاتَّخَذُوْا
مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً لَّعَلَّهُمْ يُنْصَرُوْنَ ﴿٧٤﴾ لَا يَسْتَطِيْعُوْنَ نَصْرَهُمْ ۙ وَهُمْ لَهُمْ جُنْدٌ مُّحْضَرُوْنَ ﴿٧٥﴾

તરજુમો :

અને અમે તેમને (રસૂલે કરીમ ﷺ ને) શાયરી કહેવી નથી શિખવાડી અને તે તેમના માટે યોગ્ય (પણ) નથી, આ તો ખાસ બોધપાઠ છે અને સ્પષ્ટ કુર્આન છે. (૬૯) જેથી તેને ડર સંભળાવે જેનામાં પ્રાણ હોય અને કાફિરો ઉપર વિધાન (આક્ષેપ) સાબિત થાય. (૭૦) અને શું તેઓ જોતા નથી કે અમે તેમના માટે પોતાના હાથોની બનાવેલી વસ્તુઓથી પ્રાણીઓ બનાવી દીધા ? પછી તેઓ તેમના માલિક છે. (૭૧) અને તેમને તેમની સામે આજિઝ (વશમાં) કરી દીધા, પછી તેમનામાં કોઈ તેમની સવારી છે અને કોઈને તેઓ ખાય છે. (૭૨) અને તેમના માટે પશુઓમાં લાભ છે અને પીવાની વસ્તુઓ (દૂધ), પછી કેમ શુક્ર કરતા નથી (ઉપકાર માનતા નથી)?! (૭૩) અને અલ્લાહ સિવાય અન્ય મઅ્બૂદોને પકડે છે કે કદાચ તેમની મદદ કરે. (૭૪) તેઓ તેમની મદદ કરી શકશે નહીં અને તેઓ તેમનું સૈન્ય બનીને પકડાયેલા આવશે. (૭૫)

તફસીર :

(અને આ કાફિરો જેઓ નુબુવ્વતનો ઇન્કાર કરવા માટે તમને શાયર કહે છે એ જૂઠ માત્ર છે કારણ કે હે નબી ﷺ !) અમે તમને શાયરી (એટલે કે કાલ્પનિક વિષયો સંપાદન કરવા)નું જ્ઞાન નથી આપ્યું અને તે (શાયરી) તમારા શા'નના યોગ્ય પણ નથી, તે (એટલે કે તમને આપવામાં આવેલું જ્ઞાન જેને આ લોકો શાયરી કહે છે તે) તો માત્ર બોધપાઠ(ના વિષયો) અને એક આસમાની કિતાબ છે જે હુકમોને જાહેર કરનારી છે જેથી (તે હુકમોની અસરથી) એવા વ્યક્તિઓને (લાભ થાય એવું) ડરાવે જેઓ (દિલની હયાતના આધારે) જીવંત છે અને જેથી કાફિરો ઉપર (અઝાબની) દલીલ સાબિત થઈ જાય, શું તે (મુશ્રિક) લોકોએ એના ઉપર દૃષ્ટિ નથી કરી કે અમે તેમના (લાભ) માટે પોતાના હાથથી બનાવેલી વસ્તુઓમાંથી પ્રાણીઓ પેદા કર્યા અને (અમારા માલિક બનાવવાથી) તે લોકો તેમના માલિક બની રહ્યા છે અને (આગળ આ લાભની અમુક વિગત છે કે) અમે તે ઢોરઢાંખરને તેમના તા'બેદાર બનાવી દીધા, બસ (તેઓ તેમના કામમાં લાવવાથી કામ આપે છે એટલા માટે) તેમનામાં અમુક તો તેમની

સવારીઓ છે અને અમુકને તેઓ ખાય છે અને તેમનામાં તે લોકો માટે અન્ય પણ લાભ છે (જેમકે બાલ, ચામડું, હાડકાં વગેરે વિવિધ પદ્ધતિઓથી ઉપયોગમાં ખાવામાં આવે છે) અને (તેમનામાં તે લોકોના) પીવાની વસ્તુઓ પણ છે (એટલે કે દૂધ) બસ શું (તેના ઉપર પણ) આ લોકો શુક્ર અદા કરતા નથી અને (શુક્રનો સૌથી અગ્ર અને મહત્ત્વનો દરજ્જો તવહીદ ઉપર ઈમાન લાવવું છે અને) તેમણે (શુક્ર અને તવહીદના બદલે કુફ્ર અને શિર્ક અપનાવી રાખ્યું છે એટલા માટે) અલ્લાહના સિવાય અન્ય મઅ્બૂદો ઠરાવી રાખ્યા છે એ આશાએ કે તેમને (આ મઅ્બૂદો તરફથી) મદદ મળશે (પરંતુ) તેઓ તેમની કંઈ જ મદદ કરી નથી શકતા અને (ન તો મદદ કરશે બલકે ઊલટાનું) તે (ઠરાવી રાખેલા મઅ્બૂદો) તેમના માટે એક (વિરોધી) પક્ષકાર બની જશે જેઓ (હિસાબ અને કિતાબના દિવસે લાચારીની હાલતમાં) હાજર કરવામાં આવશે (અને ત્યાં હાજર થઈને તેમના વિરોધની જાહેરાત કરશે જેમકે અલ્લાહ તઆલાનું સૂરએ મરયમમાં ફરમાન છે, وَيَكُونُونَ عَلَيْهِمْ ضِدًّا અને સૂરએ યૂનુસમાં ફરમાવવામાં આવ્યું છે, قَالَ شُرَكَآءُهُم مَّا كُنتُمْ إِيَّانَا تَعْبُدُونَ وغیرِ ذٰلک من الآیٰت).

મસ્અલા અને બોધપાઠ :

وَمَا عَلَّمْنَاهُ الشِّعْرَ وَمَا يَنبَغِي لَهُ કારણ કે નુબુવ્વત અને રિસાલતના ઈન્કારીઓ કુર્આનની રૂહાની અસરો અને તેની દિલો ઉપર અસર થવાના સ્વરૂપનો જે તેમને અનુભવ થતો હતો તેનો ઈન્કાર કરી શકતા ન હતા, એટલા માટે ક્યારેક તો તે આ ઈલાહી કલામને જાદૂ અને રસૂલે કરીમ ﷺને (નઊઝુબિલ્લાહ !) જાદૂગર કહેતા હતા અને ક્યારેક આ કલામને શાયરી અને આપ ﷺને શાયર કહીને એવું સાબિત કરવા ઈચ્છતા હતા કે આ ઈલાહી કલામ હોવાથી તેની આશ્ચર્યજનક અસરો નથી બલકે આ તો તે જાદૂઈ વાક્યો છે જે દિલો ઉપર પ્રભાવ પાડે છે, તે શાયરી છે જે સામાન્ય રીતે દિલોને પ્રભાવી કરતી હોય છે.

અલ્લાહ તઆલાએ પ્રસ્તુત આયતમાં ફરમાવ્યું કે અમે નબીએ કરીમ ﷺને શે'રો શાયરી નથી શિખવાડી અને ન જ તે તેમના યોગ્ય હતું, રસૂલે કરીમ ﷺને શાયર કહેવું જૂઠું અને ખોટું છે.

અહીંયાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અરબ તે કોમ છે જેમની ફિતરત

(પ્રકૃતિ)માં શે'ર શાયરી ભરી પડી છે, સ્ત્રીઓ, બાળકો તત્કાળ શે'રો કહે છે, તે શાયરીની હકીકતથી સંપૂર્ણ રીતે વાકેફ હોય છે, તેમણે કુર્આનને શાયરી અને રસૂલે કરીમ ﷺને શાયર કયા આધારે કહ્યા ? કારણ કે ન તો કુર્આન શાયરીના વજન (પ્રાસ) વગેરેના બંધારણ પ્રમાણે છે, ન જ કોઈ ''રદિફ કાફિયા''ના બંધારણ પ્રમાણે, તેને તો શે'રો શાયરીથી નાવાકેફ લોકો પણ શાયરી નથી કહી શકતા.

તેનો જવાબ એ છે કે શાયરી વાસ્તવમાં કાલ્પનિક અને પોતે ઘડી કાઢેલા વિષયોને કહેવામાં આવે છે, ભલે તે નજમ હોય અથવા ગઝલ. નબીએ કરીમ ﷺને શાયર કહેવાથી તેમનો હેતુ એ હતો કે આપ ﷺ જે કલામ લાવ્યા છે તે માત્ર કાલ્પનિક વાર્તાઓ છે અથવા પછી શાયરીના પ્રચલિત અર્થના આધારે શાયર કહ્યા હોય તો એ સંદર્ભથી કે જે રીતે નજમ અને શાયરી ખાસ પ્રભાવ ધરાવે છે આનો પ્રભાવ પણ એવો જ છે.

ઈમામ જસ્સાસ (રહ.)એ પોતાની સનદથી રિવાયત કરી છે કે હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને કોઈએ પ્રશ્ન કર્યો કે રસૂલે કરીમ ﷺ ક્યારેય કોઈ શે'ર પઢતા હતા ? તેમણે કહ્યું, નહીં ! અલબત્ત એક શે'ર ઈબ્ને તરફહનો આપ ﷺએ પઢયો હતો.

سَتُبْدِیْ لَکَ الْاَیَّامُ مَا کُنْتَ جَاهِلًا وَیَأْتِیْکَ بِالْاَخْبَارِ مَنْ لَّمْ تُزَوِّدِ

તેને આપ ﷺએ શાયરીના વજનને તોડીને مَنْ لَّمْ تُزَوِّدْ بِالْاَخْبَارِ પઢયું. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! આ શે'ર આ રીતે નથી તો આપ ﷺએ ફરમાવ્યું કે હું શાયર નથી અને ન જ મારા માટે શે'રો શાયરી યોગ્ય છે.

આ રિવાયત ઈબ્ને કષીરે પણ પોતાની તફસીરમાં નકલ કરી છે અને તિરમિઝી, નસાઈ, ઈમામ અહમદે પણ તેને રિવાયત કરી છે, તેનાથી જાણ થાય છે કે પોતે રસૂલે કરીમ ﷺનું શાયરી લખવું તો શું આપ અન્યોની શાયરી પણ પઢવાને પોતાના માટે યોગ્ય સમજતા ન હતા અને અમુક રિવાયતોમાં જે પોતે રસૂલે કરીમ ﷺ દ્વારા વજન (પ્રાસ)વાળી શાયરી પ્રમાણે અમુક વાક્યો કહ્યાનું નકલ થયેલ છે તે શાયરીના ઈરાદે નહીં પરંતુ અનાયાસે થયેલ યોગાનુયોગ છે

અને આવા યોગાનુયોગે કોઈ એકાદ બે શે'ર કહી દેવાથી કોઈ વ્યક્તિ શાયર નથી કહેવાતો પરંતુ રસૂલે કરીમ ﷺની આ સ્વાભાવિક પરિસ્થિતિથી જે ઘણી હિકમતો ઉપર આધારિત હતી એ જરૂરી નથી બનતું કે શે'રો શાયરી કહેવી સંપૂર્ણ રીતે નીંદનીય છે, જેમકે શે'રો શાયરીના હુકમની વિગત સૂરએ શુઅ્રાના અંતિમ રુકૂઅ્માં પસાર થઈ ચૂકી છે ત્યાં જોઈ લેવામાં આવે.

اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا فَهُمْ لَهَا مٰلِكُوْنَ،

આ આયતમાં ચોપગા પશુઓના સર્જનમાં માનવ પ્રજાતિના લાભો અને તેમાં કુદરતની આશ્ચર્યકારક કળા કારીગીરીનું વર્ણન કરવાની સાથે સાથે અલ્લાહ તઆલાનો એક અન્ય મહાન ઉપકાર પણ બતાવવામાં આવ્યો છે કે આ ચોપગા પશુઓ જેમના સર્જનમાં કોઈ મનુષ્યની કોઈ દખલગીરી નથી, માત્ર અલ્લાહ તઆલાની કુદરતના હાથે તેમનું સર્જન થયું છે, અલ્લાહ તઆલાએ માત્ર એટલું જ નથી કર્યું કે માનવીને આ ચોપગા પ્રાણીઓથી લાભ ઉઠાવવાની તક અને પરવાનગી આપી બલકે તે પશુઓના તેમને માલિક પણ બનાવી દીધા કે તેઓ તેમને દરેક જાઈઝ રીતે માલિકી હકે વાપરી શકે છે, પોતે પણ લાભ ઉઠાવે અથવા તેમની ખરીદ વેચાણ કરીને તેમની કિંમતથી પણ લાભ ઉઠાવી શકે છે.

ચીજ-વસ્તુઓનો માલિકી હક મૂળ રીતે અલ્લાહ તઆલાની અર્પણ કરેલી એક ભેટ છે; ન તો મૂડી છે અને ન જ મહેનત, આ જ માલિકી હક પાછળનો સાચો દષ્ટિકોણ છે :

આજકાલ નવી નવી આર્થિક પદ્ધતિઓ અને વિચારસરણીઓમાં આ દલીલ પ્રતિદલીલ છેડાયેલી છે કે વસ્તુઓના સર્જન અને તેની માલિકીપણામાં મૂડી અથવા દોલત એ મૂળ પાયો છે અથવા તો મહેનત છે, મૂડીવાદી આર્થિક વ્યવસ્થાને માનનારા દોલત અને મૂડીને મૂળ બાબત ઠરાવે છે અને સોશ્યાલિઝમ તથા સામ્યવાદી લોકો મહેનતને મૂળ પાયો ઠરાવે છે, કુર્આને મજીદે તેનો ફેંસલો બતાવી દીધો છે કે ચીજ વસ્તુઓના સર્જન અને તેના માલિકીપણામાં બંને બાબતોની કોઈ દખલગીરી નથી, કોઈપણ વસ્તુનું સર્જન કરવું મનુષ્યના કાબૂમાં નથી, તે સીધે સીધું અલ્લાહ તઆલાનું કાર્ય છે અને બુદ્ધિનો તકાદો એ છે કે જે કોઈ પણ જે વસ્તુને પેદા કરે તે જ તેનો માલિક પણ છે, આ જ પ્રમાણે વિશ્વની

બધી જ વસ્તુઓની મૂળેથી વાસ્તવિક માલિકી અલ્લાહ તઆલાની છે, મનુષ્યની માલિકી કોઈપણ વસ્તુમાં માત્ર અલ્લાહ તઆલાના આપવાથી હોઈ શકે છે, અલ્લાહ તઆલાએ ચીજ વસ્તુઓની માલિકીપણાની સાબિતી અને માલિકીપણાને તબદીલ કરવાનો કાયદો પોતાના નબી (અલૈ.) દ્વારા નાઝિલ કર્યો છે અને આ કાયદાના વિરુદ્ધ કોઈપણ કોઈ વસ્તુનો માલિક નથી બની શકતો.

وَذَلَّلْنٰهَا لَهُمْ તેમાં એક અન્ય ઉપકાર અને ઈનામ તરફ ઈશારો કર્યો છે કે ઘણા જાનવરો ઊંટ, ઘોડા, હાથી, બળદ વગેરે જો જોવામાં આવે તો શારીરિક શક્તિમાં માનવીથી ઘણું વધારે હોય છે, માનવી તેમના મુકાબલામાં અશક્ત છે, તેનો પ્રભાવ તો એવો હોવો જોઈતો હતો કે આ જાનવરો ઉપર માનવી કાબૂ ન પામી શકે પરંતુ અલ્લાહ તઆલાએ જે રીતે આ પશુઓને સર્જનનું ઈનામ મનુષ્યને બખ્શ્યું એ જ પ્રમાણે એ પણ પ્રકૃતિ બનાવી કે આ મદમસ્ત પ્રાણીઓ મનુષ્યની સામે લાચાર અને તેમના તા'બે બનાવી દેવામાં આવ્યા, એક છોકરો એક શક્તિશાળી ઘોડાના મોઢામાં લગામ નાંખી દે છે અને પછી તેની પીઠ ઉપર સવાર થઈને જ્યાં ઈચ્છે લઈને ફરે છે, આ વાત પણ મનુષ્યની પોતાની કોઈ વિશેષતા નથી માત્ર અલ્લાહ તઆલાની અર્પણ કરેલ બખ્શીશ છે.

وَهُمْ لَهُمْ جُنْدٌ مُّحْضَرُوْنَ આ આયતનો એક ભાવાર્થ તો એ છે જે ઉપર તફસીરના ખુલાસામાં વર્ણન થયો છે કે جُنْد (જુન્દ)નો ભાવાર્થ "વિરોધી પક્ષકાર"નો લેવામાં આવે તો આયતનો ભાવાર્થ એ છે કે જે વસ્તુઓને તેમણે દુનિયામાં પોતાના મઅ્બૂદો (પૂજ્યો) બનાવી રાખ્યા છે એ જ કયામતના દિવસે તેમના વિરોધી બનીને તેમના વિરુદ્ધ ગવાહી આપશે.

હઝરત હસન (રદિ.) અને કતાદહ (રદિ.)થી તેની તફસીર આ નકલ થઈ છે કે આ લોકોએ મૂર્તિઓને ખુદા એટલા માટે બનાવી હતી કે તેઓ તેમની મદદ કરશે અને બની એવું રહ્યું છે કે તે તો તેમની સહાય કરવાના પાત્ર પણ નથી, પોતે આ જ લોકો જેઓ તેમની ઈબાદત કરે છે તેમના સેવકો અને તેમના સિપાહીઓ બનેલા છે, તેમનું રક્ષણ કરે છે, કોઈ તેમના વિરુદ્ધ કામ કરે તો તેઓ તેમના તરફથી લડે છે. *(કુર્તુબી)*

•

આયતો : (સૂરએ યા-સીન : આયત નં. ૭૬ થી ૮૩)

فَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ ۘ إِنَّا نَعْلَمُ مَا يُسِرُّونَ وَمَا يُعْلِنُونَ ﴿٧٦﴾ أَوَلَمْ يَرَ الْإِنسَانُ أَنَّا
خَلَقْنَاهُ مِن نُّطْفَةٍ فَإِذَا هُوَ خَصِيمٌ مُّبِينٌ ﴿٧٧﴾ وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُ ۖ قَالَ مَن
يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ ﴿٧٨﴾ قُلْ يُحْيِيهَا الَّذِي أَنشَأَهَا أَوَّلَ مَرَّةٍ ۖ وَهُوَ بِكُلِّ
خَلْقٍ عَلِيمٌ ﴿٧٩﴾ الَّذِي جَعَلَ لَكُم مِّنَ الشَّجَرِ الْأَخْضَرِ نَارًا فَإِذَا أَنتُم مِّنْهُ
تُوقِدُونَ ﴿٨٠﴾ أَوَلَيْسَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِقَادِرٍ عَلَىٰ أَن يَخْلُقَ
مِثْلَهُم ۚ بَلَىٰ وَهُوَ الْخَلَّاقُ الْعَلِيمُ ﴿٨١﴾ إِنَّمَا أَمْرُهُ إِذَا أَرَادَ شَيْئًا أَن يَقُولَ لَهُ
كُن فَيَكُونُ ﴿٨٢﴾ فَسُبْحَانَ الَّذِي بِيَدِهِ مَلَكُوتُ كُلِّ شَيْءٍ وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٨٣﴾

તરજુમો :

હવે તો તેમની વાતથી દિલગીર ન થાઓ ! અમે જાણીએ છીએ જે તેઓ છુપાવે છે અને જે જાહેર કરે છે. (૭૬) શું માનવી જોતો નથી કે અમે તેને એક (વીર્યના) ટીપાંથી બનાવ્યો, પછી ત્યારે જ તે ઝઘડનાર બોલનાર થઈ ગયો. (૭૭) અને અમારા ઉપર એક (અઘટિત) દષ્ટાંત બેસાડે છે અને ભૂલી ગયો પોતાની પેદાઈશ ! કહેવા લાગ્યો, કોણ હાડકાંઓને સજીવન કરશે જ્યારે કે જીર્ણ ક્ષીર્ણ થઈ ગયા ? (૭૮) તમે કહો ! તેમને તે જ સજીવન કરશે જેણે તેમને પ્રથમવાર સર્જ્યાં અને તે સઘળું કંઈ સર્જવાનું જાણે છે. (૭૯) જેણે તમારા માટે લીલા વૃક્ષમાંથી આગ બનાવી, પછી હવે તમે તેનાથી સળગાવો છો. (૮૦) શું જેણે આસમાન અને જમીન બનાવ્યા તેમના જેવા નથી બનાવી શકતો ? કેમ નહીં ! અને તે જ છે અસલ સર્જનહાર અને સઘળું જાણનાર. (૮૧) તેનો હુકમ (નિયમ) એ જ છે કે જ્યારે કોઈ વસ્તુને (ઉત્પન્ન) કરવા ઇચ્છે તો તેને કહે, "થઈ જા !" તે તે જ વખતે થઈ જાય છે. (૮૨) બસ પવિત્ર છે તે હસ્તી જેના હાથમાં દરેક વસ્તુની સત્તા છે અને તેના જ તરફ ફરી (પાછા) ચાલ્યા જશો. (૮૩)

તફસીર :

(જ્યારે આ લોકો સ્પષ્ટ અને ખુલ્લી બાબતોનો પણ વિરોધ કરે છે) તો તે લોકોની વાતો (તવહીદ અને રિસાલતના ઈન્કાર વિશેની હે નબી ﷺ !) તમારા માટે દિલગીરીનું કારણ ન બનવું જોઈએ (કારણ કે આશા ઠગારી નિવરવાથી દિલગીરી ઉત્પન્ન થાય છે અને આશા સંબોધકની બુદ્ધિ અને ન્યાયી વલણથી ઉત્પન્ન થાય છે પરંતુ આ લોકોમાં ન તો બુદ્ધિ છે અને ન જ ન્યાય માટે તેમનાથી કોઈ બાબતની આશા અપેક્ષા ન હોવી જોઈએ, પછી શા માટે દિલગીર થવું જોઈએ?! આગળ બીજી રીતે રસૂલે કરીમ ﷺને સાંત્વના આપવામાં આવી છે) બેશક ! અમે સઘળું જાણીએ છીએ જે કંઈ તેઓ દિલમાં રાખે છે અને જે કંઈ (જીભથી) જાહેર કરે છે (એટલા માટે નિશ્ચિત સમય ઉપર તેમને તેમના અમલની શિક્ષા મળશે) શું (તે) વ્યક્તિને (જે કયામતનો ઈન્કાર કરે છે) એ ખબર નથી કે અમે તેને (એક તુચ્છ) નુત્ફહ (વીર્યના ટીપાં)થી પેદા કર્યો (જેનો તકાદો એ હતો કે પોતાની શરૂઆતની પરિસ્થિતિને યાદ કરીને પોતાની તુચ્છતા અને સર્જનહારની શ્રેષ્ઠતાને જોઈને પોતે શરમાઈને ગુસ્તાખીની હિંમત ન કરે, બીજું પોતે પોતાની હાલત જોઈને તે બાબત ઉપર દલીલ કરે કે મૃત્યુ પછી ફરીવાર સજીવન કરી દેવું અલ્લાહની કુદરત માટે કોઈ અઘરી વાત નથી) બસ (તેણે એવું ન કર્યું બલકે પ્રસ્તુત તકાદા વિરુદ્ધ) તે જાહેર વિરોધ કરવા લાગ્યો અને (તે વિરોધ એ છે કે) તેણે અમારી શા'નમાં એક અજબ દૃષ્ટાંત ઘડી કાઢ્યું (અજબ એટલા માટે કે તેનાથી અલ્લાહ તઆલાની કુદરતનો ઈન્કાર થાય છે) અને પોતાની મૂળ પરિસ્થિતિને ભૂલી ગયો (કે અમે તેને તુચ્છ નુત્ફામાંથી એક સંપૂર્ણ મનુષ્ય બનાવ્યો), કહે છે કે હાડકાંઓને જ્યારે કે તે જીર્ણ ક્ષિર્ણ થઈ ગયા હોય કોણ જીવીત કરશે ? તમે જવાબ આપી દો કે તેમને તે સજીવન કરશે જેણે પ્રથમવાર તેમને પેદા કર્યા છે (કે પ્રથમ સર્જન વખતે તે હાડકાંઓની જિંદગીથી કોઈ સંબંધ જ ન હતો અને હવે તો એક વખતે તેમનામાં જીવન પેદા થઈને એક પ્રકારે જીવનનો સંબંધ સ્થાપિત થઈ ચૂક્યો છે, હવે તેમનામાં જીવન પેદા કરવું શું મુશ્કેલ છે ?) અને તે દરેક પ્રકારનું પેદા કરવાનું જાણે છે (એટલે કે શરૂઆતમાં કોઈ વસ્તુને પેદા કરવી અથવા પેદા થયેલ વસ્તુને નષ્ટ કરીને ફરીવાર પેદા કરવી.) તે એવો (સર્વશક્તિમાન) છે કે (અમુક) લીલા વૃક્ષોથી તમારા માટે આગ

પેદા કરી આપે છે, પછી તમે તેનાથી બીજી આગ સળગાવી લો છો (જેમકે અરબમાં એક વૃક્ષ હતું مَرْخ , બીજું عَفَار આ બંને વૃક્ષોથી ચકમકનું કામ લેવામાં આવતું હતું, બંનેને ઘસવાથી આગ પેદા થઈ જતી હતી, તો જે સર્વશક્તિમાને લીલા ઝાડના પાણીમાં અગ્નિ પેદા કરી તો અન્ય ભૂચર ખેચર વગેરેમાં જીવન પેદા કરવું તેના માટે શું મુશ્કેલ છે ?) અને જેણે આસમાન અને જમીન પેદા કરી છે શું તે એ બાબત ઉપર શક્તિ નથી ધરાવતો કે તેમના જેવા માણસોને (ફરીવાર) સજીવન કરી આપે ?! અવશ્ય શક્તિ ધરાવે છે અને તે મહાન ઉત્પત્તિ કરનારો ખૂબ જાણનારો છે (અને તેની કુદરત એવી છે કે) જ્યારે તે કોઈ વસ્તુ(ને પેદા કરવા)નો ઈરાદો કરે છે તો બસ તેનો નિયમ તો એ છે કે તે વસ્તુને કહી આપે છે કે "થઈ જા !" બસ તે થઈ જાય છે તો (આ બધી પ્રસ્તાવનાઓથી સાબિત થઈ ગયું કે) તેની હસ્તી પવિત્ર છે જેના હાથમાં દરેક વસ્તુનો સંપૂર્ણ અધિકાર છે અને (આ વાતથી બધી શંકાઓ નિર્મૂળ થઈને નિશ્ચિત થઈ ગયું કે) તમારે સૌને તેની જ પાસે પાછા વળી જવાનું છે (બસ એટલે કે કયામતના દિવસે).

મસ્અલા અને બોધપાઠ :

أَوَلَمْ يَرَ الْإِنْسَانُ أَنَّا خَلَقْنَاهُ مِنْ نُطْفَةٍ સૂરએ યા-સીનની આ અંતિમ પાંચ આયતો એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે જે અમુક રિવાયતોમાં ઉબય ઈબ્ને ખલ્ફ તરફ જોડવામાં આવે છે અને અમુકમાં આસ બિન વાઈલ તરફ અને તેમાં પણ કોઈ વિરોધાભાસ નથી કે બંને માટે આવી ઘટનાઓ બની હોય, પ્રથમ રિવાયત બયહકીએ શોઅબુલ ઈમાનમાં અને બીજી રિવાયત ઈબ્ને અબી હાતિમે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા નકલ કરી છે તે એ છે કે આસ બિન વાઈલે મક્કાની રેતીલી ખીણમાંથી એક હાડકું ઉઠાવ્યું અને તેને પોતાના હાથથી તોડીને ટૂકડે ટૂકડા કર્યું, પછી રસૂલે કરીમ ﷺને કહ્યું કે શું અલ્લાહ આ હાડકાંને સજીવન કરશે જેની હાલત આ જોઈ રહ્યા છો ! રસૂલે કરીમ ﷺએ કહ્યું, હા ! અલ્લાહ તઆલા તને મોત આપશે, ફરી સજીવન કરશે, ફરી તને જહન્નમમાં નાંખશે. *(ઈબ્ને કસીર)*

خَصِيمٌ مُبِينٌ એટલે કે, આ તુચ્છ નુત્ફાથી પેદા કરેલ ઈન્સાન કેવો ખુલીને મુકાબલા ઉપર આવી ગયો કે અલ્લાહની કુદરતનો ઈન્કાર કરી રહ્યો છે ?!

ضَرَبَ لَنَا مَثَلًا અત્રે ضَرْبِ مَثَل (ઝરબે મષલ) "સચોટ દષ્ટાંત"થી

ભાવાર્થ તેની આ ઘટના છે કે જર્જરિત હાડકાંને હાથથી તોડીને તેને ફરીવાર સજીવન થવું અશક્ય અને અસંભવ સમજ્યું, ત્યારબાદ ફરમાવ્યું,

وَنَسِىَ خَلْقَهُ એટલે કે, આ દષ્ટાંત વર્ણન કરવાના સમયે તે પોતે પોતાની પેદાઈશને ભૂલી ગયો કે એક તુચ્છ અને નાપાક નિર્જીવ ટીપાંમાં જીવ નાંખીને તેને પેદા કર્યો છે, જો તે પોતાની આ મૂળ ઉત્પત્તિને ન ભૂલ્યો હોત તો આવા દષ્ટાંતો રજુ કરીને અલ્લાહ તઆલાની કુદરતના ઈન્કારની હિંમત ન કરી હોત.

جَعَلَ لَكُمْ مِّنَ الشَّجَرِ الْاَخْضَرِ نَارًا અરબમાં બે મશહૂર વૃક્ષો હતા, એક مَرْخ (મરૂખ–Cynanchum Vinimale) અને બીજું عَفَارُ (અફાર). અરબ લોકો તે બંને વૃક્ષોની બે ડાળીઓને દાંતણની જેમ કાપી લેતા હતા જે બિલકુલ લીલી અને તાજા પાણીથી ભરેલી રહેતી હતી, એકને બીજા ઉપર ઘસવાથી આગ પેદા થઈ જતી હતી, લીલા વૃક્ષમાંથી આગ પેદા કરવામાં એ જ તરફ ઈશારો છે. (કુર્તુબી) અને જો વૃક્ષોના અંતિમ પરિણામને જોવામાં આવે તો દરેક વૃક્ષ શરૂઆતમાં હર્યું ભર્યું હોવા પછી અંતે સુક્કુ થઈને આગ ઉત્પન્ન કરવાનું માધ્યમ બને છે, એ જ પ્રમાણે દરેક વૃક્ષ પણ આ આયતનો ભાવાર્થ હોઈ શકે છે, જેમકે કુર્આને કરીમની આ આયતમાં દેખીતી રીતે આ જ ભાવાર્થ છે. اَفَرَاَيْتُمُ النَّارَ الَّتِىْ تُوْرُوْنَ ءَاَنْتُمْ اَنْشَاْتُمْ شَجَرَتَهَا اَمْ نَحْنُ الْمُنْشِئُوْنَ (૫૬:૭૧–૭૨) એટલે કે, શું તમે એ આગને નથી જોતા જેને તમે સળગાવીને પોતાના કામમાં લાવો છો ? શું આ આગના ભડકા બનનાર વૃક્ષને તમે પેદા કર્યા છે કે અમે ?

પરંતુ પ્રસ્તુત આયતમાં કારણ કે, شَجَرُ (શજર)ની સાથે اَخْضَرُ (અખદર)ની સિફત પણ વર્ણન કરવામાં આવી છે એટલા માટે અત્રે દેખીતું એ જ છે કે તે ખાસ વૃક્ષ ભાવાર્થ તરીકે છે જે હર્યું ભર્યું હોવા છતાં તેનાથી આગ પેદા થાય છે.

اِنَّمَا اَمْرُهٗ اِذَا اَرَادَ شَيْئًا اَنْ يَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ આયતનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા જ્યારે કોઈ વસ્તુને પેદા કરવા ઈચ્છે છે તો મનુષ્યની ઉદ્યોગકળાની જેમ એની જરૂરત નથી હોતી કે પ્રથમ કાચો માલ એકઠો કરે, પછી તેના માટે કારીગર બોલાવે, પછી એક સમય સુધી કામ કરે અને તે વસ્તુ તૈયાર થાય, બલકે તે જ્યારે અને જે સમયે જે વસ્તુને પેદા કરવા ઈચ્છે છે તેના માટે

માત્ર હુકમ આપી દેવું પૂરતું હોય છે કે "પેદા થઈ જા" તો જે વસ્તુને આ હુકમ મળે છે તે તરત જ આ હુકમ પ્રમાણે અસ્તિત્વમાં આવી જાય છે, તેનાથી એ જરૂરી બનતું નથી કે દરેક વસ્તુની ઉત્પત્તિ તત્કાળ અને તાત્કાલિક આ હુકમ પ્રમાણે અસ્તિત્વમાં આવી જાય છે બલકે સર્જનહારની હિકમતના તા'બે જે વસ્તુનું તાત્કાલિક સ્વરૂપે પેદા થઈ જવું મસ્લિહત છે કે તાત્કાલિક ક્રમ સિવાય અને મહોલત સિવાય ઉત્પન્ન થઈ જાય છે અને જે વસ્તુનું પેદા થવું કોઈ હિકમત અને મસ્લિહતની બીનાએ ક્રમવાર યોગ્ય સમજવામાં આવ્યું તેને આ જ તબક્કાવાર અસ્તિત્વમાં લાવવામાં આવે છે, ભલે તેનું સ્વરૂપ એ હોય કે તેને પ્રથમથી જ હુકમમાં ખાસ ક્રમાનુસર તબક્કાવાર પેદા થવાનું કહેવામાં આવ્યું હોય અથવા દરેક તબક્કા ઉપર તેને અલગથી "હુકમે કૂન" (થઈ જા)નો હુકમ થાય છે. વલ્લાહુ અઅ્લમુ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ યા-સીન પૂર્ણ થઈ.

ગુરૂવાર સફર સન હિજરી ૧૩૯૨.

□□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ યા-સીનનો અનુવાદ પૂર્ણ થયો.


તારીખ : ૧૦ ઑગષ્ટ ૨૦૧૦ મુતાબિક ૨૮ શાબાન ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૩૭)

સૂરએ સાફ્ફાત

સૂરએ સાફ્ફાત મક્કામાં નાઝિલ થઈ, તેની ૧૮૨ આયતો અને પાંચ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧ થી ૧૦)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

કસમ છે હારબંધ ઊભા રહેનારાઓની. (૧) પછી કઠોરતાથી ધમકાવનારાઓની. (૨) પછી યાદ (ઝિક્ર) કરી કરીને પઢનારાઓની. (૩) બેશક ! તમારા સૌનો મઅ્બૂદ એક જ છે. (૪) આસમાનો અને જમીનનો પરવરદિગાર અને જે કંઈ તેની મધ્યમાં છે અને પરવરદિગાર (સૂર્યના) ઉદ્ગમ સ્થળો (પૂર્વ દિશાઓ)નો. (૫) ખરેખર અમે સૌથી નજીકના

આસમાન (સમાઅ દુનિયા)ને રોનક આપી એક શણગાર, જે તારાઓ છે, (૬) અને દરેક બળવાખોર શયતાનથી સુરક્ષા બનાવ્યા. (૭) ઉપરની મજલિસ સુધી સાંભળી નથી શકતા અને તેમના ઉપર દરેક બાજુએથી મારવામાં આવે છે. (૮) હાંકી કાઢવા માટે અને તેમના ઉપર હંમેશાનો અઝાબ છે. (૯) પરંતુ જો કોઈ ઝડપથી (કોઈ વાત) ઊંચકી લાવ્યો તો પછી તેની પાછળ ચળકતો અંગારો (શિહાબે સાકિબ) પડ્યો. (૧૦)

તફસીર :

કસમ છે તે ફરિશ્તાઓની જેઓ (ઈબાદતમાં અલ્લાહ તઆલાનો હુકમ સાંભળવાના સમયે) કતાર બાંધીને ઊભા થાય છે (જેમકે આ જ સૂરતમાં આગળ આવશે وَاِنَّا لَنَحْنُ الصَّافُّوْنَ) પછી (કસમ છે) તે ફરિશ્તાઓની જેઓ (شِهَابٌ ثَاقِبٌ દ્વારા આસમાની ખબરો લાવવાથી શયતાનોને) અટકાવનારાઓ છે (જેમકે આ જ સૂરતમાં નજીકમાં જ આવી રહ્યું છે) પછી (કસમ છે) તે ફરિશ્તાઓની જેઓ ઝિક્ર (અલ્લાહના વખાણ અને પવિત્રતાના વર્ણન)ની તિલાવત કરનારા છે (જેમકે આ જ સૂરતમાં આગળ આવશે وَاِنَّا لَنَحْنُ الْمُسَبِّحُوْنَ મતલબ તે સૌની કસમ ખાઈને કહીએ છીએ) કે તમારો મઅ્બૂદ (બરહક) એક જ છે (અને આ તવહીદની દલીલ એ છે કે) તે પરવરદિગાર (માલિક) છે આસમાનોનો અને જમીનનો (એટલે કે તેનો માલિક છે અને તેને દરેક રીતે ઉપયોગ કરવાનો અધિકાર ધરાવનાર છે) અને પરવરદિગાર છે (બધા તારાઓના) ઉદ્‌ગમ સ્થળોનો (અને) અમે જ આ નિકટના આસમાનને રોનક આપી એક આશ્ચર્યજનક શણગાર એટલે કે તારાઓ વડે; અને (તે જ તારાઓની સાથે આ આસમાનની એટલે કે તેની ખબરોની) સુરક્ષા પણ કરી છે દરેક બળવાખોર (શરારતી) શયતાનથી (જેની રીત આગળ બતાવવામાં આવી છે અને આ જ સુરક્ષાની વ્યવસ્થાના કારણે) તે શયતાનો ઉપરના વિશ્વ (એટલે કે ફરિશ્તાઓની વાતો) તરફ કાન પણ નથી લગાવી શકતા (એટલે કે મોટા ભાગના તો માર ખાવાની બીકે દૂર દૂર જ રહે છે) અને (જો ક્યારેક અચાનક આવો પ્રયત્ન કરે પણ છે તો) તે ચારે બાજુએથી (એટલે કે જે બાજુએ પણ જે શયતાન જાય) મારીને ભગાડવામાં આવે છે (આ અઝાબ અને અપમાન તો એમને હાલમાં મળે છે) અને (પછી આખિરતમાં) તેમના માટે (જહન્નમનો) કાયમી અઝાબ થશે

(મતલબ કે કોઈ આસમાની ખબર સાંભળતા પહેલાં જ તેમને મારીને ભગાડવામાં આવે છે, તે સાંભળવાના ઈરાદેથી આવે છે પરંતુ નિષ્ફળ રહે છે) જો આ શયતાનો કોઈ ખબર લઈને ઝડપથી નાસે તો એક ધગધગતો અંગારો તેની પાછળ પડી જાય છે (કે તેને સળગાવીને ભષ્મ કરી નાંખે એટલા માટે જે કંઈ સાંભળે છે તે બીજાઓ સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહે છે, આ બધી જ વ્યવસ્થા અને કાર્યપ્રણાલી અલ્લાહ તઆલાની તવહીદ ઉપર દલીલ કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતના વિષયો :

આ સૂરત મક્કી છે અને બીજી મક્કી સૂરતોની જેમ તેનો મૂળ વિષય પણ ઈમાનિયાત છે અને તેમાં તવહીદ, રિસાલત અને આખિરતના અકીદાઓની વિવિધ પદ્ધતિઓ દ્વારા દલીલો આપવામાં આવી છે. આ સંદર્ભમાં મુશ્રિકોની માન્યતાઓનો રદિયો પણ છે અને આખિરતમાં જન્નત અને દોઝખની પરિસ્થિતિઓનું ચિત્ર પણ રજુ કરવામાં આવ્યું જે અકીદાઓ બધા જ અંબિયા (અલૈ.)ની દા'વત (આમંત્રણ)માં સામેલ રહ્યા તેમને દલીલો કરીને કાફિરોની શંકાઓ તથા વાંધાઓને દૂર કર્યા પછી એ વર્ણન કરવામાં આવ્યું છે કે ભૂતકાળમાં જે લોકોએ આ માન્યતાઓનો સ્વીકાર કર્યો તેમની સાથે અલ્લાહ તઅલાએ શું વ્યવહાર કર્યો અને જેમણે કુફ્ર અને શિર્કનો માર્ગ અપનાવ્યો તેમનો શું અંજામ થયો ? એટલા માટે આ સંદર્ભમાં હઝરત નૂહ (અલૈ.) અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તથા તેમની સંતતી હઝરત મૂસા (અલૈ.), હઝરત હારૂન (અલૈ.), હઝરત ઈલિયાસ (અલૈ.), હઝરત લૂત (અલૈ.) અને હઝરત યૂનુસ (અલૈ.)ની ઘટનાઓનું ક્યાંક ટૂંકમાં વર્ણન અને ક્યાંક વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

મક્કાના મુશ્રિકો ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની દિકરીઓ કહ્યા કરતા હતા, અંતે આ માન્યતાનો વિગતવાર રદિયો આપવામાં આવ્યો છે અને સૂરતની એકંદર વર્ણનશૈલીથી એવી જાણ થાય છે કે આ સૂરતમાં શિર્કના તે ખાસ પ્રકાર (એટલે કે ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ ઠરાવવા)નો રદિયો ખાસ સ્વરૂપે દૃષ્ટિ સમક્ષ રાખવામાં આવ્યો છે એટલા માટે સૂરતમાં ફરિશ્તાઓની કસમ ખાઈને તેમની ઈબાદત કરવાની ખાસિયતોનું વર્ણન કરી શરૂઆત કરવામાં આવી છે. વલ્લાહુ અઅ્લમુ.

પ્રથમ વિષય; તવહીદ (મઅ્બૂદ માત્ર એક જ અલ્લાહ હોવું) :

સૂરતને તવહીદના અકીદહ સાથે વર્ણન કરવામાં આવી છે અને પ્રથમ ચાર આયતોનો અસલ હેતુ એ વર્ણન કરવાનો છે કે اِنَّ اِلٰهَكُمْ لَوَاحِدٌ "નિઃશંક ! તમારો મઅ્બૂદ એક જ છે." પરંતુ આ વાતને વર્ણન કરતાં પહેલાં ત્રણ કસમો ખાવામાં આવી છે. આ કસમોનો શાબ્દિક અનુવાદ આ છે "કસમ છે કતાર બાંધીને ઊભા રહેનારાઓની, પછી કસમ છે બંદિશ બાંધનારા (સખ્તીથી અટકાવનારા)ઓની, પછી કસમ છે ઝિક્રની તિલાવત કરનારાઓની."

આ કતાર બાંધીને ઊભા રહેનારા, બંદિશ બાંધનારા અને ઝિક્રની તિલાવત કરનારા કોણ છે કુર્આને કરીમના શબ્દોમાં તેની સ્પષ્ટતા નથી એટલા માટે તેની તફસીરમાં વિવિધ વાતો કહેવામાં આવી છે. અમુક લોકોનું કહેવું છે કે તેનો ભાવાર્થ અલ્લાહ તઆલાના માર્ગમાં જિહાદ કરનારા તે ગાઝી (મુજાહિદ યોદ્ધા) છે જેઓ હારબંધ ઊભા હોય છે જે બાતિલની શક્તિઓને અવરોધે છે અને કતાર બાંધતી વખતે અલ્લાહ તઆલાની તસ્બીહ અને કુર્આનની તિલાવતમાં પણ પ્રવૃત્ત રહે છે.

અમુકે કહ્યું કે તેનો ભાવાર્થ તે નમાઝી છે જેઓ મસ્જિદમાં સફ બાંધીને શયતાની પ્રવૃત્તિઓ અને અમલો ઉપર બંદિશ બાંધે છે અને પોતાનું સંપૂર્ણ ધ્યાન ઝિક્ર અને તિલાવત ઉપર કેન્દ્રિત કરે છે. (તફસીરે કબીર, કુર્તુબી) અને તે ઉપરાંત પણ અમુક તફસીરો વર્ણન કરવામાં આવી છે જે કુર્આનના શબ્દો સાથે બંધ બેસતી નથી.

પરંતુ જમહુર તફસીરકારોની જે તફસીરને સૌથી વધારે સર્વસામાન્ય સ્વીકૃતી પ્રાપ્ત થઈ તે એ છે કે તેનાથી ભાવાર્થ ફરિશ્તાઓ છે અને અત્રે તેમના ત્રણ લક્ષણો (સિફતો) વર્ણન કરવામાં આવ્યા છે.

પ્રથમ સિફત اَلصّٰٓفّٰتِ صَفًّا (અસ્સાફ્ફાતિ સફ્ફન) છે. આ શબ્દ صَفٌّ (સફ્ફુન)થી નીકળ્યો છે, તેનો અર્થ કોઈ સમૂહને એક સ્થાન ઉપર ઊભું કરવું થાય છે. (કુર્તુબી) એટલા માટે તેનો અર્થ છે "સફ બાંધીને (કતારબંધ) ઊભા થનારા."

ફરિશ્તાઓની સફ બાંધીને ઊભું રહેવાની બાબત આ સૂરતમાં આગળ

પણ આવી છે. ફરિશ્તાઓ પોતે પોતાના વિશે કહે છે وَاِنَّا لَنَحْنُ الصَّآفُّوْنَ એટલે કે "નિઃશંક ! અમે બધા સફ બાંધીને ઊભા રહીએ છીએ." આ સફબંધી ક્યારે થાય છે તેના જવાબમાં અમુક તફસીરકારોએ દાખલા તરીકે ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી (રહ.) અને કતાદહ (રહ.)એ આ ફરમાવ્યું છે કે ફરિશ્તાઓ હંમેશા અવકાશમાં સફ બાંધી અલ્લાહ તઆલાના હુકમ માટે ખડા પગે તૈયાર રહે છે અને જ્યારે કોઈ હુકમ મળે છે તરત જ તેના ઉપર અમલ કરે છે. (મઝહરી) અને અમુક લોકોએ તેને ઈબાદત સાથે નિશ્ચિત કર્યું છે એટલે કે જ્યારે ફરિશ્તાઓ ઈબાદત, ઝિક્ર તથા તસ્બીહમાં પ્રવૃત્ત હોય છે ત્યારે સફ બાંધી લે છે.

(તફસીરે કબીર)

વ્યવસ્થા અને શિસ્ત દીનમાં ઇચ્છનીય છે :

આ આયતથી જાણ થઈ કે દરેક કામમાં વ્યવસ્થા, શિસ્ત અને ક્રમ તથા સલીકાનું ધ્યાન રાખવું દીનમાં ઈચ્છનીય અને અલ્લાહ તઆલાને પસંદ છે. દેખીતું છે કે અલ્લાહ તઆલાની ઈબાદત હોય અથવા તેના હુકમો ઉપર અમલ, આ બંને હેતુ એ રીતે પણ પ્રાપ્ત થઈ શકતા હતા કે ફરિશ્તાઓ કતાર બાંધવાને બદલે એક અવ્યવસ્થિત ભીડ સ્વરૂપે એકઠા થયા કરે પરંતુ આ અવ્યવસ્થાના બદલે તેમને સફબંધી કરવાની તવફીક કરવામાં આવી અને આ આયતમાં તેમના સારા લક્ષણોમાં સૌ પ્રથમ આ જ લક્ષણનું વર્ણન કરીને બતાવવામાં આવ્યું કે અલ્લાહ તઆલાને તેમની આ અદા ઘણી પસંદ છે.

નમાઝમાં સફો સીધી રાખવી અને તેનું મહત્ત્વ :

એટલા માટે માનવીને પણ ઈબાદત દરમિયાન આ સફબંધી કરવાની તાકીદ અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. હઝરત જાબીર બિન સમુરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ અમને ફરમાવ્યું, "તમે (નમાઝમાં) એ રીતે સફબંધી કેમ નથી કરતા જે રીતે ફરિશ્તાઓ પોતાના પરવરદિગાર સમક્ષ કરે છે ?" સહાબએ કિરામ (રદિ.)એ પૂછ્યું, "ફરિશ્તાઓ પોતાના પરવરદિગાર સમક્ષ કેવી રીતે સફબંધી કરે છે ?" આપ ﷺએ જવાબ આપ્યો, "તે સફોને પૂરી કરે છે અને સફમાં જોડાઈને (બે વ્યક્તિઓ વચ્ચે જગ્યા ન રહે એ રીતે) ઊભા રહે છે."

(તફસીરે મઝહરી)

નમાઝમાં સફો પૂરી કરવાની અને સીધી રાખવાની તાકીદમાં એટલી હદીષો નકલ થઈ છે કે તેની એક સંપૂર્ણ પુસ્તિકા બની શકે છે, હઝરત અબૂ મસ્ઊદ બદરી (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺ નમાઝમાં અમારા ખભાઓને હાથ લગાવી કહ્યા કરતા હતા, "સીધા રહો, આગળ પાછળ ન થાઓ, નહિતર તમારા દિલોમાં વિરોધ પેદા થઈ જશે."

(જમઉલ ફવાઈદ, મુસ્લિમ અને નસઈના હવાલાથી, ૯૨/૧૨૦)

ફરિશ્તાઓની બીજી સિફત فَالزّٰجِرٰتِ زَجْرًا વર્ણન કરવામાં આવી છે. આ શબ્દ زَجْرٌ (ઝજરુન)થી નીકળ્યો છે જેનો અર્થ "રોકવું, ધમકાવવું કે ફટકારવું" છે. હઝરત થાનવી (રહ.)એ તેનો અનુવાદ "બંદિશ (પાબંદી) કરનારા" કર્યો છે જે શબ્દના દરેક શક્ય ભાવાર્થોનું મિશ્રણ છે. ફરિશ્તા કઈ વસ્તુ ઉપર પાબંદી લગાવે છે ? કુર્આને કરીમની શૈલી અનુસાર ઘણા તફસીરકારોએ તેનો એ જવાબ આપ્યો છે કે અહીંયાં બંદિશ લગાવવાથી ભાવાર્થ ફરિશ્તાઓની તે પ્રવૃત્તિ છે જેના દ્વારા તેઓ શયતાનોને "આલમે બાલા" (ઊંચેની દુનિયા) સુધી પહોંચવાથી રોકે છે અને જેનું વિગતવારનું વર્ણન પોતે કુર્આને કરીમમાં આગળ આવી રહ્યું છે.

ત્રીજી સિફત (લક્ષણ) فَالتّٰلِيٰتِ ذِكْرًا છે, એટલે કે આ ફરિશ્તાઓ "ઝિક્ર"ની તિલાવત કરનારા છે, "ઝિક્ર"નો ભાવાર્થ "બોધપાઠની વાતો" પણ થાય છે અને "અલ્લાહની યાદ" પણ થાય છે, પ્રથમ સ્વરૂપમાં ભાવાર્થ એ થશે કે અલ્લાહ તઆલાએ આસમાની કિતાબો દ્વારા જે બોધપાઠની વાતો ઊતારી છે તેઓ તેમની તિલાવત કરનારા છે અને આ તિલાવત બરકત પ્રાપ્ત કરવા માટે અને ઈબાદત સ્વરૂપે પણ હોઈ શકે છે અને એવું પણ શક્ય છે કે તેનાથી વહી લાવનાર ફરિશ્તાઓ ભાવાર્થ સ્વરૂપે હોય કે તેઓ અંબિયા (અલૈ.)ની સામે તે નસીહતની કિતાબોની તિલાવત કરીને તેમને અલ્લાહ તઆલાનો સંદેશ પહોંચાડે છે અને બીજા સ્વરૂપમાં જ્યારે કે ઝિક્રનો ભાવાર્થ અલ્લાહની યાદ લેવામાં આવે તો તેનો મતલબ એ થશે કે તેઓ દરેક પળે તે વાક્યોની તિલાવતમાં પ્રવૃત્ત રહે છે જે અલ્લાહ તઆલાની તસ્બીહ અને પવિત્રતા ઉપર દલીલ કરે છે.

અત્રે કુર્આને કરીમે ફરિશ્તાઓની આ ત્રણ સિફતો વર્ણન કરીને બંદગીના બધા જ લક્ષણો એકઠા કરી આપ્યા છે, એટલે કે ઈબાદત માટે કતારબંધ (સફ

બાંધી) ઊભા રહેવું, શયતાની શક્તિઓને અલ્લાહ તઆલાની નાફરમાનીથી રોકવું અને અલ્લાહ તઆલાના હુકમો તથા શિખામણોને પોતે પઢવી અને અન્યો સુધી પહોંચાડવી અને દેખીતું છે કે બંદગીનો કોઈ અમલ આ ત્રણ વિભાગોથી ખાલી નથી હોઈ શકતો એટલા માટે ચારે આયતોનો ભાવાર્થ એ થશે કે જે ફરિશ્તાઓ બધા જ બંદગીના લક્ષણો ધરાવે છે તેમની કસમ ! તમારો મઅ્બૂદે બરહક (સાચો પૂજ્ય) એક જ છે.

ફરિશ્તાઓની કસમ કેમ ખાવામાં આવી ? :

આ સૂરતમાં ખાસ સ્વરૂપે ફરિશ્તાઓની કસમ ખાવાનું કારણ એ જણાય છે કે જેમકે પ્રથમ અરજ કરવામાં આવી આ સૂરતના કેન્દ્રિય વિષયો શિર્કના તે ખાસ પ્રકારનો રદિયો છે જેના હેઠળ મક્કાવાળા ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની દિકરીઓ કહ્યા કરતા હતા એટલા માટે સૂરતની શરૂઆતમાં જ ફરિશ્તાઓની કસમ ખાઈને તે ખાસિયતો વર્ણન કરવામાં આવી જેમનાથી તેઓ દ્વારા કરવામાં આવતી અલ્લાહ તઆલાની સંપૂર્ણ બંદગીની જાહેરાત થાય છે, જાણે કે ભાવાર્થ એ છે કે ફરિશ્તાઓની તે બંદગીની સિફતો ઉપર વિચાર કરશો તો તે પોતે તમારી સામે તે વાતની ગવાહી આપશે કે અલ્લાહ તઆલાની સાથે તેમનો સંબંધ બાપ બેટીનો નથી બલકે સેવક અને માલિકનો છે.

અલ્લાહ તઆલાની કસમ ખાવી અને તેના વિશે હુકમો તથા પ્રશ્નોત્તરીઃ

કુર્આને કરીમમાં હક તઆલાએ ઈમાન અને અકીદાઓના ઘણા બધા સૈદ્ધાંતિક મસ્અલાઓની તાકીદ માટે વિવિધ સ્વરૂપે કસમ ખાધી છે, ક્યારેક પોતાની જાતની, ક્યારેક પોતાની મખ્લૂકમાંથી ખાસ ખાસ વસ્તુઓની; તેના વિશે ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે એટલા માટે કુર્આને કરીમની તફસીરમાં આ એક આગવો સૈદ્ધાંતિક મસ્અલો બની ગયો છે. હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ તેના ઉપર એક આગવી કિતાબ "અત્તિબિયાન ફી અકસામિલ કુર્આન" લખી છે. અલ્લામહ સિયૂતિ (રહ.)એ પોતાની "ઉસૂલે તફસીર"ની કિતાબ "ઈત્કાન"માં તેને ચર્ચાનો ૬૭ મો પ્રકાર ઠરાવીને તેના વિશે વિગતવાર લખ્યું છે, અત્રે અમુક જરૂરી ભાગો વર્ણન કરવામાં આવે છે.

પ્રથમ પ્રશ્ન :

અલ્લાહ તઆલા દ્વારા કસમ ખાવામાં સ્વાભાવિક રીતે એ સવાલ પેદા

થાય છે કે અલ્લાહ તઆલા "ગનીયુલ અગ્નિયાઅ્" (સર્વ પ્રકારની જરૂરિયાતોથી મુક્ત અને બેપરવા) છે, તેને શું જરૂર છે કે કોઈને વિશ્વાસ અપાવવા માટે કસમ ખાઈ લે ?

ઈત્કાનમાં અબૂલ કાસિમ કુશયરી (રહ.)થી આ પ્રશ્નના જવાબમાં એ વર્ણન થયું છે કે અલ્લાહ તઆલાને તો કસમ ખાવાની કોઈ આવશ્યકતા ન હતી પરંતુ તેનો જે દયાભાવ અને કૃપા પોતાની મખ્લૂક ઉપર છે તે એ બાબતની આમંત્રક બની કે કોઈપણ રીતે આ લોકો સત્યને સ્વીકારે અને અઝાબથી બચી જાય. એક ગામડિયાએ જ્યારે આયત وَفِي السَّمَاءِ رِزْقُكُمْ وَمَا تُوعَدُونَ ، فَوَرَبِّ السَّمَاءِ وَالْأَرْضِ إِنَّهُ لَحَقٌّ (૫૧:૨૨-૨૩) સાંભળી તો કહેવા લાગ્યો કે અલ્લાહ જેવી મહાન હસ્તીને કોણે નારાજ કરી છે કે તેને કસમ ખાવા ઉપર મજબૂર કરી દીધી ?

ખુલાસો એ છે કે મખ્લૂક (સર્જન) ઉપરની દયાભાવના એ બાબત માટે પ્રોત્સાહિત કરે છે કે જે રીતે દુનિયાના ઝઘડા અને વિવાદ ખતમ કરવા માટેની પ્રચલિત રીત એ છે કે પોતાના દા'વા ઉપર જ્યારે શંકાઓ રજુ કરવામાં આવે અને ગવાહી ન હોય તો કસમ ખાવામાં આવે એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ મનુષ્યને આ પ્રચલિત પદ્ધતિ અપનાવીને ફરમાવ્યું છે ક્યાંક તો ગવાહીના શબ્દોના વિષયની તાકીદ કરી, જેમકે .... شَهِدَ اللَّهُ أَنَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ (૩:૧૮) અને ક્યાંક કસમના શબ્દોથી જેવી રીતે કે, إِي وَرَبِّي إِنَّهُ لَحَقٌّ (૧૦:૫૩) વગેરે.

બીજો સવાલ :

બીજો સવાલ એ છે કે કસમ પોતાનાથી ઘણા મોટાની ખાવામાં આવે છે, અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકની કસમ ખાધી જે દરેક સ્વરૂપે તેનાથી નિમ્ન કક્ષાની છે.

જવાબ એ છે કે જ્યારે હક તઆલાથી મહાન કોઈ હસ્તીનું અસ્તિત્વ જ નથી હોઈ શકતું તો એ દેખીતું છે કે અલ્લાહ તઆલાની કસમ સામાન્ય મખ્લૂકની કસમ જેવી નથી હોઈ શકતી એટલા માટે હક સુબ્હાનહુ વ તઆલાએ ક્યાંક તો પોતાની પવિત્ર જાતની કસમ ખાધી છે. જેમકે إِي وَرَبِّي અને આ પ્રમાણે પોતાની પવિત્ર જાતની કસમ કુર્આને કરીમમાં સાત સ્થળોએ આવી છે અને ક્યાંક પોતાના કાર્ય અને સિફતોની તથા કુર્આનની કસમ ખાવામાં આવી છે, જેમકે આયત

وَالسَّمَآءِ وَمَا بَنٰهَا وَالْاَرْضِ وَمَا طَحٰهَا وَنَفْسٍ وَّمَا سَوّٰهَا (૯૧:૫-૭) વગેરે અને મોટા ભાગની કસમો પોતાના સર્જન અને મખ્લૂકની ખાવામાં આવી છે જે અલ્લાહ તઆલાના પરિચયનું માધ્યમ હોવાના સ્વરૂપે તેની હસ્તી તરફ સંબંધ જોડે છે. *(ઈબ્ને કય્યિમના વર્ણન પ્રમાણે)*

મખ્લૂકોમાંથી જે વસ્તુની કસમ ખાવામાં આવી છે ક્યાંક તો તેનાથી તે વસ્તુની શ્રેષ્ઠતા અને સન્માન વર્ણન કરવાનો હેતુ હોય છે જેમકે કુર્આને કરીમમાં રસૂલ ﷺની ઉંમરની કસમ આવી છે, لَعَمْرُكَ اِنَّهُمْ لَفِىْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ (૧૫:૭૨) ઈબ્ને મરદૂયાએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું એ નિવેદન નકલ કર્યું છે કે અલ્લાહ તઆલાએ કોઈ મખ્લૂક અને કોઈ વસ્તુ દુનિયામાં રસૂલે કરીમ ﷺની પવિત્ર જાતથી વધારે પ્રિય અને સન્માનનીય નથી પેદા કરી એ જ કારણે સમગ્ર કુર્આનમાં કોઈ નબી અથવા રસૂલની કસમ નથી આવી, માત્ર રસૂલ ﷺની ઉંમરની કસમ પ્રસ્તુત આયતમાં આવી છે એ જ પ્રમાણે وَالطُّوْرِ وَكِتٰبٍ مَّسْطُوْرٍ ની કસમ પણ તૂર પર્વત અને કિતાબની શ્રેષ્ઠતા જાહેર કરવા માટે આવી છે. *૫૨:૧*

અમુક સમયે કોઈ મખ્લૂકની કસમ એટલા માટે ખાવામાં આવી છે કે તે ખૂબ લાભદાયક હોય છે, જેમકે وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ (૯૫:૧) અને અમુક સ્થળે કોઈ મખ્લૂકની કસમ એટલા માટે ખાવામાં આવી છે કે તેનું સર્જન અલ્લાહ તઆલાની મહાન કુદરતનો નજારો અને તેની કારીગીરીનો ઉત્તમ નમૂનો અલ્લાહ તઆલાનો પરિચય મેળવવાનું મહત્ત્વનું માધ્યમ છે અને સામાન્ય રીતે જે વસ્તુની કસમ ખાવામાં આવી છે તેને વર્ણન થયેલ વિષયની સાબિતીમાં કંઈક દખલગીરી હોય છે કે જે વિષય માટે કસમ ખાવામાં આવી છે જે દરેક સ્થળે વિચાર કરવાથી જાણ થાય છે.

ત્રીજો પ્રશ્ન :

ત્રીજો પ્રશ્ન એ છે કે શરીઅતનો મશ્હૂર હુકમ સામાન્ય માનવી માટે એ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈની પણ કસમ ખાવી જાઈઝ નથી, અલ્લાહ તઆલા તરફથી પોતે મખ્લૂકની કસમ ખાવી શું એ બાબતની દલીલ નથી કે અન્યો માટે પણ અલ્લાહ તઆલા સિવાય અન્યોની કસમ ખાવી જાઈઝ છે ? તેના જવાબમાં હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે,

إِنَّ اللّٰهَ يُقْسِمُ بِمَا شَاءَ مِنْ خَلْقِهٖ وَلَيْسَ لِاَحَدٍ اَنْ يُّقْسِمَ اِلَّا بِاللّٰهِ (رواه ابن ابى حاتم از مظهرى)

"અલ્લાહ તઆલાને અધિકાર છે તે પોતાની મખ્લૂકમાંથી જે વસ્તુની ઈચ્છે કસમ ખાય પરંતુ કોઈ બીજા માટે અલ્લાહના સિવાય કોઈની કસમ ખાવી જાઈઝ નથી."

મતલબ એ છે કે પોતાને અલ્લાહ જલ્લ શા'નુહૂની રીત ઉપર અનુમાનિત કરવું ખોટું અને બાતિલ છે, જ્યારે શરીઅતે ઈલાહિય્યહમાં સામાન્ય માનવી માટે ગયરૂલ્લાહની કસમ ખાવી પ્રતિબંધિત કરવામાં આવી ત્યારે અલ્લાહ તઆલાના પોતાના આગવા કૃત્યથી તેના વિરુદ્ધ દલીલ કરવી ખોટું છે.

ત્યાર પછીની આયતોની તફસીર ઉપર વિચાર કરો.

પ્રથમ ચાર આયતોમાં ફરિશ્તાઓની કસમ ખાઈને એ વર્ણન કરવામાં આવ્યું છે કે તમારા સૌનો મઅ્બૂદે બરહક એક જ છે, જો કે કસમ દરમિયાન ફરિશ્તાઓની સિફતો પણ વર્ણન કરવામાં આવી છે જેના ઉપર થોડો વિચાર કરી લેવામાં આવે તો તે તવહીદના અકીદાની જ દલીલ ગણાય છે પરંતુ આગળની છ આયતોમાં તવહીદની દલીલ આગવી રીતે વર્ણન કરવામાં આવી છે.

ઈરશાદ છે, رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا وَرَبُّ الْمَشَارِقِ "તે પરવરદિગાર છે આસમાનો અને જમીન અને તેની મધ્યે જેટલી મખ્લૂકો છે તેનો અને પરવરદિગાર છે પૂર્વ દિશાઓનો." તો જે હસ્તી આટલી મહાન મખ્લૂકોની સર્જનહાર અને પરવરદિગાર હોય તો ઈબાદતની હકદાર પણ તે જ હસ્તી છે અને આ સમગ્ર સૃષ્ટિ તેના અસ્તિત્વ અને તેના એકમાત્ર હોવાની દલીલ છે. અત્રે اَلْمَشَارِقُ (અલમશારિક) એ مَشْرِقٌ (મશ્રિક)નું બહુવચન છે અને સૂર્ય વર્ષના દરેક દિવસમાં એક નવા સ્થળેથી ઉદય થતો હોય છે એટલા માટે તેની પૂર્વીય દિશાઓ ઘણી બધી છે, આ જ બીનાએ અહીંયાં બહુ વચનનું વિધાન કરવામાં આવ્યું છે.

اَلسَّمَاءَ الدُّنْيَا માં اِنَّا زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِزِيْنَةِ الْكَوَاكِبِ (સમાઉદ્દુનિયા)નો ભાવાર્થ "સૌથી નિકટનું આસમાન" છે અને મતલબ એ છે કે અમે તે નજીકવાળા આસમાનને તારાઓ દ્વારા શણગાર બખ્શ્યો છે, હવે એવું જરૂરી નથી કે આ

તારાઓ ઠીક આસમાનની અંદર જ હોય બલકે જો તેનાથી અલગ હોય તો પણ પૃથ્વી પરથી જોવામાં આવે તો તે આસમાન ઉપર જ હોવાનું જણાય છે અને એ કારણે આસમાન ઝળહળતું નજરે પડે છે. બતાવવું માત્ર એ પ્રમાણે છે કે આ તારાઓ ભરેલું આસમાન એ વાતની દલીલ છે કે તે આપોઆપ અસ્તિત્વમાં નથી આવી ગયું બલકે તેને પેદા કરનારાએ પેદા કર્યું છે અને જે હસ્તી આટલી મહાન વસ્તુઓને અસ્તિત્વમાં લાવી શકે છે તેને કોઈ ભાગીદાર અથવા જોડીદારની શું આવશ્યકતા છે ? વળી આ વાત પૂર્વીય દિશાઓ માટે પણ નક્કી છે કે બધી જ અવકાશી સૃષ્ટિ અને ખગોળીય પદાર્થોનો સર્જનહાર અલ્લાહ તઆલા જ છે તો પછી આ એક મહાન અત્યાચાર ગણાશે કે સર્જનહાર અને માલિક તો તે અલ્લાહ છે અને ઈબાદત કોઈ અન્યની કરવામાં આવે !

રહ્યો એ મસ્અલો કે તારાઓ કુર્આનની રૂએ આસમાનમાં જડેલા હોય છે અથવા તેનાથી અલગ છે, વળી કુર્આને કરીમનો ખગોળીય જ્ઞાન સાથે શું સંબંધ છે, આ વિષય ઉપર વિગતવાર ચર્ચા સૂરએ હિજ્રમાં આવી ચૂકી છે.

وَحِفْظًا مِّنْ كُلِّ شَيْطٰنٍ مَّارِدٍ (الی قولہ تعالیٰ) فَاَتْبَعَهٗ شِهَابٌ ثَاقِبٌ આ આયતોમાં શણગાર અને સુશોભન ઉપરાંત તારાઓનો એક લાભ એ પણ વર્ણન કરવામાં આવ્યો છે કે તેના દ્વારા શરારતખોર પ્રકારના શયતાનોને ઉપરના વિશ્વ (આલમે બાલા)ની વાતો સાંભળવાથી રોકવામાં આવે છે, તે ગુપ્ત ખબરોને સાંભળવા માટે આસમાનની નજીક જાય છે પરંતુ તેમને ફરિશ્તાઓની વાતો સાંભળવાની તક આપવામાં આવતી નથી, કોઈ શયતાન જો કોઈ અડધી અધૂરી વાત સાંભળીને નાસે છે તો તેને એક ધગધગતા અંગારા દ્વારા મારવામાં આવે છે જેથી તે દુનિયામાં પહોંચીને પોતાના વિશ્વાસુ જ્યોતિષિઓ અને ભવિષ્યવેત્તાઓને કંઈ બતાવી ન શકે, આ જ ધગધગતા અંગારાઓને "શિહાબે ષાકિબ" કહેવામાં આવે છે.

"શિહાબે ષાકિબ"ની અમુક વિગત સૂરએ હિજ્રમાં પસાર થઈ ચૂકી છે, અત્રે એટલી તાકીદ જરૂરી છે કે પ્રાચીન યૂનાની ફિલસૂફી એ બાબતની માન્યતા ધરાવતી હતી કે શિહાબે ષાકિબ વાસ્તવમાં કોઈ પૃથ્વીનો પદાર્થ હોય છે જે બાષ્પની સાથે ઉપર ચાલ્યો જાય છે અને અગ્નિભર્યા વાતાવરણ સુધી પહોંચી સળગી ઉઠે છે પરંતુ કુર્આને કરીમના જાહેર શબ્દોથી એ જાણ થાય છે કે શિહાબે

ષાકિબ કોઈ પૃથ્વીનો પદાર્થ નથી બલકે ઊંચે આવેલા વિશ્વમાં પેદા થનારી કોઈ વસ્તુ છે. પ્રાચીન તફસીરકારો આ સ્થળે એવું કહેતા આવ્યા છે કે યૂનાની ફિલસૂફીની આ માન્યતા કે "શિહાબે ષાકિબ" (ખરતા તારા-ઉલ્કા) કોઈ પૃથ્વીનો વિભાગ છે તે માત્ર અનુમાન અને કલ્પના ઉપર આધારિત છે એટલા માટે તેનાથી કુર્આન ઉપર કોઈ વાંધો ઉઠાવી શકાતો નથી, તદુપરાંત જો કોઈ પૃથ્વીનો પદાર્થ ઉપર જઈને અગ્નિ સ્વરૂપે ભભૂકી ઉઠે તો કુર્આને કરીમથી તેનો પણ કંઈ નકાર થતો નથી.

પરંતુ વર્તમાન આધુનિક વિજ્ઞાનના સંશધનોએ આ પ્રશ્ન ઉપર જ પૂર્ણવિરામ મૂકી દીધું છે. આધુનિક વૈજ્ઞાનિકોની માન્યતા જ એ છે કે "શિહાબે ષાકિબ" (ખરતા તારા) જે અગણિત ગ્રહોના નાના ટૂકડાઓ હોય છે અને ઘણું ખરું મોટી મોટી ઈંટો સમાન પણ હોય છે અને આ અગણિત ટૂકડાઓ અવકાશમાં તરતા રહે છે, તેના જ એક સમૂહને اَسَدِيَة (અસ્દિયહ-Lio, or Lion, out of the signs of Zodiac) કહેવામાં આવે છે જે સૂરજની આસપાસ એક પટ્ટા સ્વરૂપે પરિક્રમણ કરતા રહે છે અને તેનો એક ચક્કર ૩૩ વર્ષમાં પૂરો થાય છે, આ ટૂકડાઓમાં પ્રકાશ તેની તેજ ગતિ અને અવકાશી પદાર્થોના ઘસાવાથી પેદા થાય છે, આ ટૂકડા ૧૦ ઑગષ્ટ અને ૨૭ નવેમ્બરની રાત્રિએ વધારે ખરે છે અને ૨૦ એપ્રિલ, ૨૮ નવેમ્બર, ૧૮ ઑક્ટોબર તથા ૬, ૯ અને ૧૩ ડિસેમ્બરની રાત્રે ઓછા ખરે છે.

(તફસીરે જવાહિર તન્તાનવી, પેજ : ૧૫, ભાગ : ૮)

આધુનિક વિજ્ઞાનના આ સંશોધનો આ કુર્આનની શૈલીથી વધારે બંધ બેસે છે, અલબત્ત જે લોકો "શિહાબે ષાકિબ" (ખરતા તારા) દ્વારા શયતાનોને મારવાની વાતને કલ્પનાથી ઉપરવટ સમજે છે તેમના વિશે તન્તાનવી મર્હૂમે "અલ જવાહિર"માં ઘણી સારી વાત લખી છે.

"આપણા બાપ દાદા અને ફિલોસોફરોને પણ આ વાત અઘરી જણાતી હતી કે કુર્આને કરીમ તેમના સમયની ખગોળીય વિદ્યા વિરુદ્ધ કોઈ વાત કહે પરંતુ તફસીરકારો એ વાત ઉપર રાજી ન થયા કે તેમના ફિલોસોફીકલ દષ્ટિકોણને સ્વીકારે અને કુર્આનને છોડી દે, તેના બદલે તેમણે આ ફિલોસોફીકલ

દષ્ટિકોણોને છોડી દીધા અને કુર્આનની સાથે રહ્યા. અમુક મુદ્દત પછી આપમેળે સાબિત થઈ ગયું કે પ્રાચીન યૂનાની ફિલસૂફીનો વિચાર બિલકુલ ખોટો અને જૂઠો હતો, હવે બતાવો કે જો આપણે એ સ્વીકાર કરી લઈએ કે તારાઓ શયતાનોને સળગાવે, મારે અને તકલીફ પહોંચાડે છે તો તેમાં કયો અવરોધ છે? અમે કુર્આને કરીમના આ વર્ણનને સ્વીકાર કરીને ભવિષ્યની રાહ જોઈએ છીએ (કે જ્યારે સાયન્સ પણ આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લેશે)."

(અલ જવાહિર, પેજ : ૧૪, જિલ્દ : ૮)

મૂળ હેતુ :

અત્રે આસમાનો, તારાઓ અને શિહાબે ષાકિબનું વર્ણન કરવાથી એક હેતુ તવહીદની સાબિતી છે કે જે હસ્તીએ એકલા હાથે આટલી મહાન અવકાશી, ખગોળીય વ્યવસ્થાઓ સ્થાપી છે તે જ હસ્તી ઈબાદતપાત્ર પણ છે, બીજું આ દલીલમાં તે લોકોની માન્યતાઓનો રદિયો પણ આપવામાં આવ્યો છે જે શયતાનોને દેવતા અને મઅ્બૂદ ઠરાવે છે અને બતાવી દેવામાં આવ્યું છે કે તેઓ તો એક મરદૂદ, નીંદનીય અને ક્રોધનો ભોગ બનેલ મખ્લૂક છે, તેમનો પૂજ્ય હોવા સાથે શું સંબંધ ?

તદુપરાંત આ વિષયમાં તે લોકોની માન્યતાનો પણ ભરપૂર રદિયો ઉપસ્થિત છે જે કુર્આને કરીમ સ્વરૂપે રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થનાર વહીને જ્યોતિષ વિદ્યાથી ઓળખાવતા હતા, આ આયતોમાં ઈશારો કરવામાં આવ્યો છે કે કુર્આને કરીમ તો જ્યોતિષીઓનો રદિયો આપે છે, લઈ દઈને તેમની જાણકારીના બધા માધ્યમો શયતાનો છે અને કુર્આન તો એવું કહે છે કે શયતાનોની પહોંચ આલમે બાલા (ઊંચેના વિશ્વો) સુધી શક્ય નથી, તે ગુપ્ત વાતોની ખબરો પણ નથી લાવી શકતા, જ્યારે જ્યોતિષ વિદ્યા વિશે કુર્આને વર્ણન કરેલ અકીદહ આ પ્રમાણે છે તો તે પોતે કેવી રીતે જ્યોતિષ વિદ્યા હોઈ શકે છે ? આ રીતે આ આયતોમાં તવહીદ અને રિસાલત બંને વિષયો તરફ ઈશારો ઉપસ્થિત છે અને આગળ આ જ અવકાશી મખ્લૂકો દ્વારા આખિરતના અકીદહને સાબિત કરવામાં આવ્યો છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૧ થી ૧૮)

فَاسْتَفْتِهِمْ اَهُمْ اَشَدُّ خَلْقًا اَمْ مَّنْ خَلَقْنَا ۭ اِنَّا خَلَقْنٰهُمْ مِّنْ طِيْنٍ لَّازِبٍ ⑪ بَلْ
عَجِبْتَ وَيَسْخَرُوْنَ ⑫ وَاِذَا ذُكِّرُوْا لَا يَذْكُرُوْنَ ⑬ وَاِذَا رَاَوْا اٰيَةً يَّسْتَسْخِرُوْنَ ⑭
وَقَالُوْٓا اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ⑮ ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ ⑯
اَوَاٰبَاۗؤُنَا الْاَوَّلُوْنَ ⑰ قُلْ نَعَمْ وَاَنْتُمْ دَاخِرُوْنَ ⑱

તરજુમો :

હવે તેમને પૂછો, શું આ બનાવવું મુશ્કેલ છે અથવા જેટલું સર્જન કે અમે કર્યું? અમે જ તેમને એક ચીકણા ગારાથી બનાવ્યા છે. (૧૧) બલકે તમે (તેઓના ઈન્કારથી) અચરજ પામો છો અને તેઓ ઠઠ્ઠો કરે છે. (૧૨) અને જ્યારે તેમને સમજાવવામાં આવે (ત્યારે) વિચાર કરતા નથી. (૧૩) અને જ્યારે કોઈ નિશાની જુએ તો તેને હસવામાં કાઢી નાંખે છે. (૧૪) અને કહે છે, કંઈ નથી આ તો ઉઘાડો જાદૂ છે. (૧૫) શું જ્યારે અમે મૃત્યુ પામ્યા અને માટી થઈ ગયા અને હાડકાંઓ ! તો શું અમને ફરી (સજીવન કરી) ઉઠાવવામાં આવશે ? (૧૬) અને શું અમારા આગલા બાપ દાદાઓને પણ? (૧૭) તમે કહો કે હા ! અને તમે અપમાનિત (પણ) થશો. (૧૮)

તફસીર :

(જ્યારે તવહીદની દલીલોની જાણ થઈ ગઈ કે અલ્લાહ તઆલા આ મહાન સર્જનમાં એવી એવી મહાન કારીગીરી ઉપર કાબૂ ધરાવે છે કે આ સમગ્ર વિરાટ સૃષ્ટિ તેના કાબૂ હેઠળ છે) તો તમે તેઓ (આખિરતના ઈન્કાર કરનારાઓ)ને પૂછો કે આ લોકોની (શરીરની) બનાવટ વધારે સખત છે અથવા અમારી પેદા કરેલ આ વસ્તુઓ ? (જેનું હમણાં વર્ણન થયું, વાસ્તવિકતા એ જ છે કે આ જ વસ્તુઓ વધારે સખત છે કારણ કે) અમે તે લોકોને (આદમ અલૈ.ના સર્જન સમયે તે જ મા'મૂલી) ચીકણી માટીથી પેદા કર્યા છે (જેમાં ન તો કોઈ શક્તિ છે અને ન જ કઠોરતા અને મનુષ્ય જે તેનાથી બન્યો છે તે પણ ખૂબ સખત નથી, હવે વિચારવાની વાત છે કે જ્યારે અમે આવી કઠોર અને સખત મખ્લૂકને ન

હોવામાંથી અસ્તિત્વમાં લાવવા ઉપર શક્તિ ધરાવીએ છીએ તો માનવ જેવી કમજોર મખ્લૂકને એક વખતે મોત આપીને ફરીવાર સજીવન કરવા ઉપર કેમ કાબૂ નહીં હોય ? પરંતુ આવી સ્પષ્ટ દલીલો છતાં આ લોકો આખિરતની શક્યતાને માનતા નથી) બલકે (તેનાથી વધીને વાત એ છે કે) તમે તો (તેમના ઈન્કારથી) તાજ્જુબ કરો છો અને આ લોકો (ઈન્કારથી વધીને આખિરતના અકીદહ સાથે) ઠઠ્ઠો મશ્કરી કરે છે અને જ્યારે તેમને (બૌદ્ધિક દલીલોથી) સમજાવવામાં આવે છે તો તેઓ સમજતા નથી અને જ્યારે તેઓ કોઈ મોઅ્જિઝો જુએ છે (જે આપ ﷺની નુબુવ્વતને સાબિત કરવા માટે તેમને બતાવવામાં આવે છે જેનાથી આખિરતનો અકીદહ સાબિત કરવામાં આવે) તો (પોતે) તેની ખિલ્લી ઉડાવે છે અને કહે છે કે આ તો ઉઘાડો જાદૂ છે (કારણ કે જો આ મોઅ્જિઝો હોય તો તેનાથી આપ ﷺની નુબુવ્વત સાબિત થઈ જશે અને આપ ﷺને નબી માન્યા પછી આપ ﷺના વર્ણન કરેલ આખિરતના અકીદહને પણ માનવો પડશે, જ્યારે કે અમે તો આખિરતના અકીદહને નથી માની શકતા કારણ કે) ભલા ! જ્યારે અમે મરી ગયા અને માટી તથા હાડકાં બની ગયા તો શું અમે (ફરીવાર) સજીવન કરવામાં આવીશું અને શું અમારા આગલા બાપદાદાઓ પણ (સજીવન થશે) ? તમે કહી આપો કે હા ! (જરૂર સજીવન થશે !) અને તમે અપમાનિત પણ થશો.

મસ્અલા અને બોધપાઠ :

તવહીદના અકીદહને સાબિત કર્યા પછી આ આઠ આયતોમાં આખિરતના અકીદહ (માન્યતા)નું વર્ણન છે અને તેના વિશે મુશ્રિકોની શંકાઓનો જવાબ આપવામાં આવ્યો છે. સૌ પ્રથમ આયતમાં માનવીની પુનઃજીવીત થવાની સંભાવના ઉપર બૌદ્ધિક દલીલ રજુ કરવામાં આવી છે જેનો ખુલાસો એ છે કે સૃષ્ટિના જે મહાન વિભાગોનું વર્ણન પાછલી આયતોમાં કરવામાં આવ્યું છે માનવી તો તેના મુકાબલામાં ઘણું જ અશક્ત અને કમજોર સર્જન છે, જ્યારે તમે એવું સ્વીકાર કરો છો કે અલ્લાહ તઆલાએ ફરિશ્તા, ચંદ્ર, તારા, સૂર્ય, ખરતા તારા, ઉલ્કાપિંડો, ગ્રહો જેવી મખ્લૂકો પોતાની કુદરતથી પેદા કરી છે તો તેના માટે મનુષ્ય જેવી અશક્ત અને કમજોર મખ્લૂકને મોત આપીને ફરીવાર સજીવન કરવું શું મુશ્કેલ છે, જે રીતે તમને શરૂઆતમાં ચીકણી માટીથી બનાવીને તમારામાં રૂહ

ફૂંકવામાં આવી હતી એ જ પ્રમાણે જ્યારે તમે મૃત્યુ પામીને ફરીવાર માટી બની જશો તે સમયે ફરી એકવાર અલ્લાહ તબારક વ તઆલા તમને જીવન અર્પણ કરશે.

જે એવું કહેવામાં આવ્યું છે કે "અમે તેમને ચીકણી માટીથી પેદા કર્યા." તેનો ભાવાર્થ યા તો એ છે કે મનુષ્યના આદ્યપિતા હઝરત આદમ (અલૈ.)ને માટીથી પેદા કરવામાં આવ્યા હતા અને એવું પણ હોઈ શકે છે કે તેનાથી ભાવાર્થ દરેક માનવી હોય એટલા માટે કે જો ધ્યાનથી જોવામાં આવે તો દરેક માનવીનું મૂળ પાણીથી ગુંદેલ માટી હોય છે, તે એ પ્રમાણે કે માનવી નુત્ફહ (વીર્ય)થી પેદા થાય છે નુત્ફહ લોહીથી બને છે, લોહી ખોરાકથી પેદા થાય છે અને ખોરાક ભલે કોઈપણ સ્વરૂપમાં હોય તેનું મૂળ વનસ્પતિ છે અને વનસ્પતિ માટી અને પાણીથી પેદા થાય છે.

દરેક સ્વરૂપમાં પ્રથમ આયત આખિરતના અકીદહની બૌદ્ધિક દલીલ ઉપર આધારિત છે અને તે તેમને આ જ પ્રશ્ન કરીને શરૂ કરવામાં આવી છે કે તમે વધારે સખત કે મજબૂત સર્જન છો અથવા જે મખ્લૂકોનું વર્ણન અમે કર્યું છે તે વધારે મજબૂત છે ? જવાબ દેખીતો છે કે તે જ મખ્લૂકો વધારે સખત અને મજબૂત છે એટલા માટે તેનો ખુલાસો કરવાને બદલે તે બાજુ એવું કહીને ઈશારો કરવામાં આવ્યો છે કે "અમે તો તમને ચીકણી માટીથી પેદા કર્યા છે."

ત્યારબાદની પાંચ આયતોમાં એ બાબતના રદિયાનું વર્ણન કરવામાં આવ્યું છે જે આખિરતની દલીલો સાંભળીને મુશ્રિકો જાહેર કરે છે. મુશ્રિકોની સામે આખિરતના અકીદહની જે દલીલો વર્ણન કરવામાં આવતી હતી તે બે પ્રકારની હતી, એક તો બૌદ્ધિક દલીલો જેમકે પહેલી આયતમાં વર્ણન કરવામાં આવી. બીજી, વર્ણન કરવામાં આવેલ દલીલો એટલે કે તેમને મોઅ્જિઝાઓ બતાવીને રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલતનું વર્ણન કરવામાં આવતું હતું અને કહેવામાં આવતું હતું કે આપ ﷺ અલ્લાહના નબી છો, નબી ક્યારેય જૂઠું નથી બોલી શકતા, તેમની પાસે આસમાની ખબરો આવે છે. જ્યારે આપ ﷺ ખબર આપી રહ્યા છે કે કયામત આવશે, હિસાબ કિતાબ થશે, મનુષ્યો પાસેથી હિસાબ કિતાબ લેવામાં આવશે તો આ ખબર ચોકકસ સાચી છે, તેને માની લેવી જોઈએ. જ્યાં સુધી બૌદ્ધિક દલીલો ઉપર મુશ્રિકોના વ્યવહારનો સંબંધ છે તેમના વિશે કહેવામાં આવ્યું,

بَلْ عَجِبْتَ وَيَسْخَرُوْنَ ۝ وَإِذَا ذُكِّرُوْا لَا يَذْكُرُوْنَ ۝ એટલે કે, આપ ﷺને તો તે લોકો ઉપર તાજ્જુબ થાય છે કે કેવી સ્પષ્ટ દલીલો સામે આવી ગયા છતાં આ લોકો માની નથી રહ્યા પરંતુ તેઓ ઊલટાનું આપ ﷺની દલીલો અને અકીદાઓની મજાક ઉડાવે છે અને તેમને કેટલુંય સમજાવી લો સમજતા નથી, રહી વર્ણન કરવામાં આવેલ દલીલો; બસ તેના વિશે તેમનો વ્યવહાર એવો છે કે,

وَإِذَا رَاَوْا اٰيَةً يَّسْتَسْخِرُوْنَ... એટલે કે, જ્યારે કોઈ મોઅ્જિઝો જુએ છે જે આપ ﷺની નુબુવ્વત અને આખિરતના અકીદહ ઉપર દલીલ કરે છે તો તેઓ તેને પણ ઠઠ્ઠા મશ્કરીમાં ઉડાવીને એવું કહી આપે છે કે આ તો ઉઘાડો જાદૂ છે અને તે સમગ્ર ઠઠ્ઠા અને મશ્કરીની તેમની પાસે એક જ દલીલ છે અને તે આ છે કે,

ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ اَوَاٰبَاۤؤُنَا الْاَوَّلُوْنَ، એટલે કે, આ વાત અમારી કલ્પનામાં નથી આવતી કે અમે અથવા અમારા પૂર્વજો માટી બની ગયા પછી અને હાડકાં બની ગયા પછી કેવી રીતે પુનઃજીવીત કરવામાં આવીશું? એટલા માટે અમે ન તો કોઈ બૌદ્ધિક દલીલને માનીએ છીએ અને ન જ કોઈ મોઅ્જિઝા વગેરેનો સ્વીકાર કરીએ છીએ. અલ્લાહ તબારક વ તઆલાએ તેના જવાબમાં અંતે માત્ર એક વાક્ય કહ્યું, قُلْ نَعَمْ وَاَنْتُمْ دَاخِرُوْنَ એટલે કે, આપ ﷺ કહી આપો કે હા! તમે અવશ્ય પુનઃજીવીત થશો અને અપમાનિત થઈને સજીવન થશો.

જોવામાં તો આ એક હિકમતપૂર્ણ જવાબ છે જે રીતે કે હઠધર્મી કરનારાઓ (જીદ્દી વલણ અપનાવનારા)ને આપવામાં આવે છે પરંતુ થોડો જ વિચાર કરવામાં આવે તો આ એક સંપૂર્ણ દલીલ પણ છે જેનો ખુલાસો ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં કર્યો છે અને તે એ રીતે કે ઉપરોક્ત વર્ણનમાં ફરીવાર સજીવન થવાની બૌદ્ધિક દલીલ સાબિત થઈ ચૂકી છે કે માનવીનું મૃત્યુ પામી પુનઃજીવીત થવું કોઈ અશક્ય બાબત નથી અને એ નિયમ છે કે જે વાત બૌદ્ધિક રીતે શક્ય હોય તે વાસ્તવમાં અસ્તિત્વમાં આવવી કોઈ સાચી ખબર આપનારની ખબરથી સાબિત થઈ શકે છે, જ્યારે એ બાબત નક્કી થઈ ચૂકી કે પુનઃજીવીત થવું અશક્ય નથી તો ત્યાર પછી કોઈ સાચા નબીનું માત્ર એટલું કહી દેવું કે "હા! તમે અવશ્ય પુનઃજીવીત થશો" તો તે એ બાબતની ઠોસ દલીલ છે કે આ ઘટના અવશ્ય બનીને રહેશે.

રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓની સાબિતીઓ :

....وَاِذَا رَاَوْا اٰيَةً માં શબ્દ اٰيَةً (આયતન)નો શાબ્દિક અર્થ "નિશાની" થાય છે અને તેનાથી અત્રે ભાવાર્થ "મોઅ્જિઝા" છે એટલા માટે આ આયત એ બાબતની દલીલ છે કે રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ કુર્આને કરીમ ઉપરાંત પણ અમુક મોઅ્જિઝાઓ અર્પણ કર્યા હતા અને તેનાથી તે મુલ્હિદો (નાસ્તિકો)નો રદિયો થાય છે જેઓ રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓને ભૌતિક કાર્યકારણના તા'બે ઠરાવીને એવો દા'વો કરે છે કે આપ ﷺના હાથ મુબારક ઉપર કુર્આન સિવાય કોઈ મોઅ્જિઝો જાહેર કરવામાં નથી આવ્યો.

ચોથી આયતમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટ ઇરશાદ ફરમાવ્યો છે, وَاِذَا رَاَوْا اٰيَةً يَّسْتَسْخِرُوْنَ (જ્યારે આ મોઅ્જિઝાઓ જુએ છે તો તેની મજાક ઉડાવે છે). મોઅ્જિઝાના અમુક ઇન્કારીઓ કહે છે કે અત્રે اٰيَةً આયતનો ભાવાર્થ મોઅ્જિઝહ (ચમત્કાર) નથી, બલકે બૌદ્ધિક દલીલો છે પરંતુ આ વાત એટલા માટે ખોટી છે કે આગલી આયતમાં આવ્યું છે وَقَالُوْٓا اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ એટલે કે તેઓ કહે છે કે આ તો ઉઘાડો જાદૂ છે, દેખીતું છે કે કોઈ દલીલને ઉઘાડો જાદૂ ઠરાવી દેવો કોઈ તુક્કો નથી. આ વાત તે મોઅ્જિઝો જોઈને જ કહી શકાય છે.

અમુક મોઅ્જિઝાના ઇન્કારીઓ એવું પણ કહે છે કે "આયતુન"નો ભાવાર્થ કુર્આને કરીમની આયતો છે કે આ લોકો તેને જાદૂ ઠરાવે છે પરંતુ કુર્આને કરીમનો શબ્દ رَاَوْا (રઅવ્) "જુએ છે" તેનો સ્પષ્ટ રદિયો કરી રહ્યું છે.

કુર્આનની આયતોને જોવામાં નહીં સાંભળવામાં આવે છે એટલા માટે કુર્આને કરીમમાં જ્યાં પણ કુર્આની આયતોનું વર્ણન થયું છે ત્યાં તેની સાથે સાંભળવાનો શબ્દ આવ્યો છે, જોવાનો શબ્દ આવ્યો નથી અને કુર્આને કરીમમાં સ્થળે સ્થળે "આયતુન" શબ્દનો ઉપયોગ મોઅ્જિઝાના અર્થમાં થયો છે, દાખલા તરીકે, હઝરત મૂસા (અલૈ.) પાસે ફિરઔને માંગણી મૂકીને કહ્યું,

اِنْ كُنْتَ جِئْتَ بِاٰيَةٍ فَاْتِ بِهَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ۝

"જો તમે કોઈ મોઅ્જિઝો લઈને આવ્યા હોય તો લાવો જો સાચા છો." (૭:૧૦૬)

તેના જવાબમાં હઝરત મૂસા (અલૈ.)એ લાઠીને સાપ બનાવવાનો મોઅ્જિઝો બતાવ્યો હતો.

રહી કુર્આને કરીમની તે આયતો જેમાં આવ્યું છે કે રસૂલે કરીમ ﷺએ મોઅ્જિઝો બતાવવાની માંગણીને નથી માની, બસ વાસ્તવમાં ત્યાં વારંવાર મોઅ્જિઝાઓ બતાવવામાં આવી ચૂક્યા હતા પરંતુ તેઓ દરરોજ પોતાની મરજીનો એક નવો ચમત્કાર બતાવવાની માંગણી કરતા હતા, તેના જવાબમાં મોઅ્જિઝા બતાવવાનો ઈન્કાર કરવામાં આવ્યો એટલા માટે કે અલ્લાહના નબી અલ્લાહ તઆલાના હુકમથી મોઅ્જિઝાઓ બતાવે છે તો પણ જો કોઈ તેમની વાત ન માને તો દરરોજ એક નવો મોઅ્જિઝો જાહેર કરવો નબીના માન મોભાથી પણ વિપરીત છે અને અલ્લાહ તઆલાની હેસિયતથી પણ.

તદુપરાંત અલ્લાહ તઆલાનો નિયમ એ રહ્યો છે કે જ્યારે કોઈ કોમને તેમની માંગણી મુજબનો મોઅ્જિઝો બતાવવામાં આવ્યો અને ત્યારબાદ પણ તેઓ ઈમાન ન લાવ્યા તો જાહેર અઝાબ દ્વારા તેમનો નાશ કરવામાં આવ્યો. ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને કારણ કે બાકી રાખવી અને જાહેર અઝાબથી બચાવવી નજર સમક્ષ હતું એટલા માટે તેમના માંગણી મુજબના મોઅ્જિઝા બતાવવામાં આવ્યા નહીં.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૯ થી ૨૬)

فَاِنَّمَا هِیَ زَجۡرَةٌ وَّاحِدَةٌ فَاِذَا هُمۡ یَنۡظُرُوۡنَ ۝١٩ وَقَالُوۡا یٰوَیۡلَنَا هٰذَا یَوۡمُ الدِّیۡنِ ۝٢٠
هٰذَا یَوۡمُ الۡفَصۡلِ الَّذِیۡ كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ ۝٢١ اُحۡشُرُوا الَّذِیۡنَ ظَلَمُوۡا وَاَزۡوَاجَهُمۡ
وَمَا كَانُوۡا یَعۡبُدُوۡنَ ۝٢٢ مِنۡ دُوۡنِ اللّٰهِ فَاهۡدُوۡهُمۡ اِلٰی صِرَاطِ الۡجَحِیۡمِ ۝٢٣ وَقِفُوۡهُمۡ
اِنَّهُمۡ مَّسۡـُٔوۡلُوۡنَ ۝٢٤ مَا لَكُمۡ لَا تَنَاصَرُوۡنَ ۝٢٥ بَلۡ هُمُ الۡیَوۡمَ مُسۡتَسۡلِمُوۡنَ ۝٢٦

તરજુમો :

બસ તે ઉઠાડવું તો એ જ છે એક અવાજ; પછી તે જ સમયે તેઓ જોવા લાગશે. (૧૯) અને કહેશે, હાય અમારી કમ્બખ્તી ! આ બદલાનો દિવસ આવી ગયો. (૨૦) આ ફૈસલાનો દિવસ છે જેને તમે જૂઠાડતા હતા. (૨૧) એકઠા કરો ગુનેહગારો (જાલિમો)ને અને તેમના જોડાંઓને અને જે કંઈ

પૂજતા હતા. (૨૨) અલ્લાહના સિવાય; પછી તેમને દોઝખના માર્ગ ઉપર ચલાવો. (૨૩) અને તેમને ઊભા રાખો તેમને પૂછવાનું છે. (૨૪) તમને શું થયું, એકબીજાની મદદ (કેમ) નથી કરતા !? (૨૫) બલકે તેઓ આજે સંપૂર્ણ આજ્ઞાધીન (માથું ઝુકાવી ઊભેલા) છે. (૨૬)

તફસીર :

બસ કયામત તો બસ એક લલકાર હશે, (એટલે કે બીજી વખતનો સૂર) બસ (તેનાથી) સૌ એકાએક (સજીવન થઈને) જોવા લાગશે અને (અફસોસ પૂર્વક) કહેશે, હાય અમારી કમ્બખ્તી ! આ તો તે જ બદલાનો દિવસ (લાગે) છે; (કહેવામાં આવશે કે હા !) આ તે જ ફેંસલાનો દિવસ છે જેને તમે જૂઠાડ્યા કરતા હતા, (આગળ કયામતની જ અમુક ઘટનાઓની વિગત છે કે ફરિશ્તાઓને હુકમ થશે) એકઠા કરી લો જાલિમોને (એટલે કે જે કુફ્ર અને શિર્કના આગેવાન અને જેમનું અનુસરણ કરવામાં આવતું હતું) અને તેમના સાથીઓને (એટલે કે જે તેમની સાથે તા'બેદાર હતા) અને તે પૂજ્યોને જેની તે લોકો અલ્લાહને છોડીને ઈબાદત કર્યા કરતા હતા (એટલે કે શયતાનો અને મૂર્તિઓ) પછી તે બધાને દોઝખનો માર્ગ બતાવો (એટલે કે તે બાજુ લઈ જાઓ) અને (પછી એ હુકમ થશે કે સારું) તેમને (જરા) ઊભા રાખો, તેમને કંઈક પૂછવામાં આવશે (એટલા માટે તેમને આ પ્રશ્ન થશે) કે હવે તમને શું થયું કે (અઝાબનો હુકમ સાંભળીને) એકબીજાની મદદ નથી કરતા ? (એટલે કે કાફિરોના મોટા મોટા આગેવાનો અને શયતાનો પોતાના અનુયાયીઓની મદદ કેમ નથી કરતા જે રીતે દુનિયામાં તેમને બહેકાવ્યા કરતા હતા ? પરંતુ આ પ્રશ્ન પછી પણ તેઓ મદદ કરી શકશે નહીં) બલકે તે બધા તે દિવસે માથું ઝુકાવેલા (ઊભેલા) હશે.

મસ્અલા અને બોધપાઠ :

આખિરતની શક્યતા અને સાબિતી પછી અલ્લાહ તબારક વ તઆલાએ આ આયતોમાં હિસાબ કિતાબના અમુક પ્રસંગો વર્ણન કર્યા છે અને પુનઃજીવીત થયા પછી કાફિરો અને મુસલમાનોને જે પરિસ્થિતિ સામે આવશે તેનું વર્ણન કર્યું છે.

સૌ પ્રથમ આયતમાં મૃત લોકોને સજીવન કરવાની પદ્ધતિ વર્ણન કરી છે

કે, فَإِنَّمَا هِيَ زَجْرَةٌ وَّاحِدَةٌ એટલે કે કયામત તો બસ એક લલકાર હશે. زَجْرَةٌ (ઝજરતુન)નો શબ્દ زَجْرٌ (ઝજરુન)નું اِسْمِ مَرَّةٌ સર્વનામ છે અને તેના અરબી ભાષામાં કેટલાય અર્થો આવે છે, તેમાંથી એક અર્થ એ છે કે જે રીતે ઢોરોને ચલાવવા માટે તૈયાર કરવામાં આવે છે એવો અવાજ કાઢવો, જેને સાંભળીને તે ઢોરોનું ધણ ઊઠીને તૈયાર થાય છે, અત્રે તેનો ભાવાર્થ તે બીજો સૂર છે જે હઝરત ઈસ્રાફીલ (અલૈ.) મુરદાંઓને સજીવન કરવા માટે ફૂંકશે અને તેને "ઝજરહ"થી એટલા માટે ઓળખાવામાં આવ્યું છે કે જે રીતે ઢોરોના ધણને ઉઠાડીને ચલાવવા માટે અમુક પ્રકારના અવાજો કાઢવામાં આવે છે એ જ પ્રમાણે મૃત લોકોને સજીવન કરવા માટે આ સૂર ફૂંકવામાં આવશે. *(તફસીરે કુર્તુબી)*

જો કે અલ્લાહ રબ્બુલ ઈજ્જત એ બાબત ઉપર પણ શક્તિ ધરાવે છે કે સૂર ફૂંક્યા વિના મુરદાંઓને સજીવન કરી આપે પરંતુ આ સૂર કયામતની પરિસ્થિતિને હેબતનાક બનાવવા માટે ફૂંકવામાં આવશે. (તફસીરે કબીર) તે સૂર ફૂંકવાની અસર કાફિરો ઉપર એવી થશે કે فَإِذَا هُمْ يَنْظُرُوْنَ બસ અચાનક તેઓ જોવા લાગશે, એટલે કે જે રીતે દુનિયામાં તેઓ જોવા માટે શક્તિ ધરાવતા હતા એ જ પ્રમાણે ત્યાં પણ જોઈ શકશે અને અમુક તફસીરકારોએ તેનો ભાવાર્થ એ વર્ણન કર્યો છે કે તેઓ આશ્ચર્યચકિત્ પરિસ્થિતિમાં એકબીજાને દિગ્મૂઢ અને અવાચક થઈ જોવા લાગશે. *(કુર્તુબી)*

اُحْشُرُوا الَّذِيْنَ ظَلَمُوْا وَأَزْوَاجَهُمْ એટલે કે, આ જાલિમો જેમણે શિર્કનો મહાન અત્યાચાર આદર્યો તેઓને અને તેમના સાથીઓને એકઠા કરો. અત્રે જોડાંઓ (સાથીઓ) માટે أَزْوَاجٌ (અજ્વાઝ)નો શબ્દ ઉપયોગ કરવામાં આવ્યો છે જેનો શાબ્દિક અર્થ "જોડ" થાય છે અને આ શબ્દ પતિ અને પત્નીના અર્થમાં પણ મોટે ભાગે ઉપયોગ થતો રહે છે એટલા માટે અમુક તફસીરકારોએ તેનો અર્થ વર્ણન કરીને એ લખ્યું છે કે તેનાથી મુશ્રિકોની તે પત્નીઓ ભાવાર્થ સ્વરૂપે છે જેઓ પોતે પણ મુશ્રિક હતી પરંતુ મોટા ભાગના તફસીરકારો નજીક અત્રે "અજ્વાઝ"નો ભાવાર્થ "સાથીદારો" જ છે અને તેનું સમર્થન હઝરત ઉમર (રદિ.)ના એક ફરમાનથી થાય છે. ઈમામ બયહકી (રહ.) અને અબ્દુર્રઝ્ઝાક (રહ.) વગેરેએ આ આયતની તફસીરમાં હઝરત ઉમર (રદિ.)નું એ નિવેદન નકલ કર્યું છે કે અહીંયાં أَزْوَاجَهُمْ (અઝવાજુહુમ)નો ભાવાર્થ "તેમના જેવા લોકો"

થાય છે એટલા માટે વ્યાજખોર લોકો બીજા વ્યાજખોર લોકોની સાથે, વ્યભિચારી લોકો બીજા વ્યભિચારી લોકોની સાથે અને દારૂ પીનારાઓ બીજા દારૂ પીનારાઓની સાથે એકઠા કરવામાં આવશે. *(રૂહુલ મઆની અને મઝહરી)*

તદુપરાંત وَمَا كَانُوا يَعْبُدُونَ ના શબ્દોથી બતાવવામાં આવ્યું છે કે મુશ્રિકોની સાથે તેમના તે જૂઠા મઅ્બૂદો (પૂજ્યો) એટલે કે મૂર્તિઓ અને શયતાનોને પણ ભેગા કરવામાં આવશે જેમને આ લોકો દુનિયામાં અલ્લાહ તઆલાની સાથે ભાગીદાર ઠરાવતા હતા જેથી તે સમયે તે જૂઠા પૂજ્યોની લાચારીને સારી રીતે બતાવવામાં આવે.

ત્યારબાદ ફરિશ્તાઓને હુકમ થશે કે, فَاهْدُوهُمْ إِلَى صِرَاطِ الْجَحِيمِ ط એટલે કે તે લોકોને જહન્નમનો માર્ગ બતાવો અને જ્યારે ફરિશ્તાઓ તે લોકોને લઈને ચાલશે તો પુલ સીરાત નજીક પહોંચ્યા પછી હુકમ થશે وَقِفُوهُمْ إِنَّهُمْ مَسْئُولُونَ તેમને થોભાવો, તેમને પ્રશ્ન થશે એટલા માટે આ સ્થળે તેમનાથી તેમની માન્યતાઓ અને અમલો વિશે તે સવાલો કરવામાં આવશે જેનું વર્ણન કુર્આન અને હદીષમાં ઘણા બધા સ્થળોએ આવ્યું છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૨૭ થી ૪૦)

وَأَقْبَلَ بَعْضُهُمْ عَلَىٰ بَعْضٍ يَتَسَاءَلُونَ ۝٢٧ قَالُوا إِنَّكُمْ كُنْتُمْ تَأْتُونَنَا عَنِ الْيَمِينِ ۝٢٨
قَالُوا بَلْ لَمْ تَكُونُوا مُؤْمِنِينَ ۝٢٩ وَمَا كَانَ لَنَا عَلَيْكُمْ مِنْ سُلْطَانٍ ۖ بَلْ كُنْتُمْ
قَوْمًا طَاغِينَ ۝٣٠ فَحَقَّ عَلَيْنَا قَوْلُ رَبِّنَا ۖ إِنَّا لَذَائِقُونَ ۝٣١ فَأَغْوَيْنَاكُمْ إِنَّا
كُنَّا غَاوِينَ ۝٣٢ فَإِنَّهُمْ يَوْمَئِذٍ فِي الْعَذَابِ مُشْتَرِكُونَ ۝٣٣ إِنَّا كَذَٰلِكَ نَفْعَلُ
بِالْمُجْرِمِينَ ۝٣٤ إِنَّهُمْ كَانُوا إِذَا قِيلَ لَهُمْ لَا إِلَٰهَ إِلَّا اللَّهُ يَسْتَكْبِرُونَ ۝٣٥ وَ
يَقُولُونَ أَئِنَّا لَتَارِكُو آلِهَتِنَا لِشَاعِرٍ مَجْنُونٍ ۝٣٦ بَلْ جَاءَ بِالْحَقِّ وَصَدَّقَ
الْمُرْسَلِينَ ۝٣٧ إِنَّكُمْ لَذَائِقُو الْعَذَابِ الْأَلِيمِ ۝٣٨ وَمَا تُجْزَوْنَ إِلَّا مَا كُنْتُمْ
تَعْمَلُونَ ۝٣٩ إِلَّا عِبَادَ اللَّهِ الْمُخْلَصِينَ ۝٤٠

તરજુમો :

અને અમુકે અમુક તરફ મોઢું કર્યું, પૂછવા લાગ્યા. (૨૭) બોલ્યા કે તમે જ તે હતા જે અમારા ઉપર જમણી તરફથી જોશભેર આવતા હતા. (૨૮) તેઓ બોલ્યા, કંઈ નથી પરંતુ તમે જ ઈમાનવાળા ન હતા. (૨૯) અને અમારું તમારા ઉપર કોઈ જોર ન હતું પરંતુ તમે જ હદથી નીકળી જનારા હતા. (૩૦) બસ આપણા ઉપર આપણા પરવરદિગારની વાત સાબિત થઈ ચૂકી, નિઃશંક ! આપણે મજા ચાખવાની છે. (૩૧) અમે તમને ગુમરાહ કર્યા જેમકે અમે પોતે ગુમરાહ હતા. (૩૨) તેઓ સૌ તે દિવસે અઝાબમાં ભાગીદાર છે. (૩૩) અમે ગુનેહગારોના હકમાં આવું જ કરીએ છીએ. (૩૪) તેઓ હતા કે જ્યારે તેમને કોઈ કહેતું કે અલ્લાહના સિવાય કોઈની બંદગી નથી; તો અભિમાન કરતા હતા. (૩૫) અને કહેતા, શું અમે પોતાના મઅ્બૂદોને છોડી દઈશું એક પાગલ શાયરના કહેવાથી ? (૩૬) નહીં, બલકે તે સાચો દીન લઈને આવ્યો છે અને બધા રસૂલોને સાચા માને છે. (૩૭) બેશક ! તમારે કષ્ટદાયક અઝાબ ચાખવાનો છે. (૩૮) અને તે જ બદલો પામશો જે કંઈ તમે કરતા હતા. (૩૯) પરંતુ જેઓ ખાસ અલ્લાહના બંદાઓ છે, ચુનંદા. (૪૦)

તફસીર :

(મુશ્રિકો એકબીજાની મદદ કરવાના બદલે ઉલટા તે સમયે પરસ્પર ઝઘડશે) અને તેઓ એકબીજા તરફ ધ્યાન આપી સવાલ-જવાબ (એટલે કે વાદ વિવાદ) કરવા લાગશે, (એટલા માટે) તા'બેદારો (પોતાના સરદારોને) કહેશે કે (અમને તો તમે માર્ગ ભટકાવી દીધા કારણ કે) અમારા ઉપર તમારી ચઢાઈ ઘણી ભારે રહેતી હતી (એટલે કે તમે અમારા ઉપર ખૂબ દબાણ કરીને અમને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરતા હતા) જેમનું અનુસરણ કરવામાં આવતું હતું તેઓ કહેશે કે નહીં ! બલકે તમે પોતે જ ઈમાન લાવ્યા ન હતા અને (અમારા ઉપર નાહક આક્ષેપ કરી રહ્યા છો કારણ કે) અમારું તમારી ઉપર કોઈ જોર તો હતું જ નહીં બલકે તમે પોતે જ બળવાખોરી કર્યા કરતા હતા, બસ (જ્યારે અમે પણ કુફ્ર અપનાવ્યું હતું અને તમે પણ; તો જાણ થાય છે કે) આપણા સૌના ઉપર આપણા

પરવરદિગારની એ (કાયમી) વાત સાબિત થઈ ચૂકી હતી કે આપણે સૌને (અઝાબની) મજા ચાખવાની છે તો (તેનો સામાન એ થઈ ગયો કે) અમે તમને બહેકાવ્યા (જેનાથી તમે અમારા જબરદસ્તી કે દાબદબાણ કર્યા વિના પોતે પોતાની સ્વેચ્છાએ ગુમરાહ થયા અને આ બાજુ) અમે પોતે પણ (પોતાની સ્વેચ્છાએ) ગુમરાહ હતા (બસ બંનેની ગુમરાહીનું કારણ એટલું થઈ ગયું જેમાં તમારી પોતાની સ્વેચ્છા પણ તમારી ગુમરાહીનું મોટું કારણ છે, પછી પોતાને મુક્ત કયા આધારે કરવા ઈચ્છો છો ? આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે કે જ્યારે) બંને પક્ષો કુફ્રમાં સમાન સાબિત થયા છે તો તે સૌ તે દિવસે અઝાબમાં (પણ) ભાગીદાર રહેશે, (અને) અમે આવા અપરાધીઓની સાથે એવું જ કરીએ છીએ (આગળ તેમના કુફ્ર અને ગુનાહનું વર્ણન છે કે) તે લોકો એવા હતા કે (તવહીદના પણ ઈન્કારી હતા અને રિસાલતના પણ એટલા માટે) જ્યારે તેમને (રસૂલે કરીમ ﷺ દ્વારા) કહેવામાં આવતું હતું કે અલ્લાહ સિવાય કોઈ સાચો મઅ્બૂદ નથી તો (તેને માનવાથી) અભિમાન કર્યા કરતા હતા અને કહ્યા કરતા હતા કે શું અમે પોતાના મઅ્બૂદોને એક પાગલ કવિ(ના કહેવા)ના કારણે છોડી દઈશું ? (બસ તેમાં તવહીદ અને રિસાલત બંનેનો ઈન્કાર થઈ ગયો, અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ પયગમ્બર ન તો શાયર છે અને ન જ પાગલ) બલકે (પયગમ્બર છે કે) એક સાચો દીન લઈને આવ્યા છે અને (તવહીદના સિદ્ધાંતો વગેરેમાં) બીજા પયગમ્બરોની ખરાઈ (અને સમર્થન) કરે છે (એટલે કે એવા સિદ્ધાંતો બતાવે છે જેમાં બધા રસૂલો સહમત છે, બસ તે સિદ્ધાંતો અસંખ્ય દલીલોના પ્રકાશમાં સત્ય છે તે કોરી કલ્પનાઓ નથી અને સત્ય વાતનું કહેવું પાગલપણું નથી, બીજી ઉમ્મતોએ પણ પોતાના અંબિયા અલૈ. સાથે આ જ પ્રકારનું વર્તન કર્યું, કારણ કે અહીંયાં મક્કાના કાફિરોને સીધે સીધું વર્ણન છે એટલા માટે માત્ર તે જ ઉમ્મતના કાફિરોનું વર્ણન કરવામાં આવ્યું છે, આગળ એ બાબતનું વર્ણન છે કે તેમને مُشْتَرِكُوْنَ તે સમાન અઝાબની ધમકી સંભળાવવામાં આવે છે કે) તમે સૌ (તા'બેદારો અને આગેવાનો)ને કષ્ટદાયક અઝાબ ચાખવો પડશે અને (આ હુકમમાં તમારા ઉપર કોઈ જુલમ નથી થયો કારણ કે) તમને તેનો જ બદલો મળશે જે કંઈ તમે (કુફ્ર વગેરે) કર્યા કરતા હતા, હા ! પરંતુ જે અલ્લાહના ખાસ કરેલા બંદાઓ છે (તેનાથી ભાવાર્થ તે ઈમાનવાળાઓ છે જેમણે

સત્યનું અનુસરણ કર્યું અને અલ્લાહ તઆલાએ તેમને સ્વીકૃત અને ખાસ બનાવી લીધા એવા લોકો અઝાબથી સુરક્ષિત રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

હશ્રના મેદાનમાં એકઠા થયા પછી કાફિરોના મોટા મોટા સરદારો જેમને પોતાના જૂઠાઓએ બહેકાવ્યા હતા પોતાના અનુયાયીઓ સમક્ષ આવશે તો એકબીજાની મદદ કરવાને બદલે પરસ્પર વાદ વિવાદ અને ઝઘડો શરૂ કરશે. આ આયતોમાં તે જ વાદ વિવાદ અને ઝઘડાનો અમુક ચિતાર રજૂ કરીને બંને પક્ષકારોનો ખરાબ અંજામ વર્ણન કરવામાં આવ્યો છે, આયતોનો ભાવાર્થ તફસીરના ખુલાસામાં સ્પષ્ટ છે માત્ર અમુક ટૂંકી બાબત વર્ણનપાત્ર છે.

اِنَّكُمْ كُنْتُمْ تَاْتُوْنَنَا عَنِ الْيَمِيْنِ માં يَمِيْن (યમીન)ના કેટલાય અર્થો હોય શકે છે, તેમાંથી એક અર્થ શક્તિ અને તાકાતનો પણ છે, આ જ અર્થના આધારે તફસીર એ કરવામાં આવી છે કે અમારા ઉપર તમારી ચઢાઈ ખૂબ જોરથી થયા કરતી હતી, એટલે કે તમે અમારા ઉપર ખૂબ જોર નાંખીને અમને ગુમરાહ કર્યા કરતા હતા અને આ જ તફસીર વધારે ચોખ્ખી અને સ્પષ્ટ છે, તદુપરાંત "યમીન"નો અર્થ "કસમ"નો પણ આવે છે એટલા માટે અમુક લોકોએ તેની તફસીર આ પ્રમાણે કરી છે કે તમે અમારી પાસે કસમો લઈને આવ્યા કરતા હતા, એટલે કે કસમ ખાઈ ખાઈને અમારા ઉપર એવું સિદ્ધ કરાવતા હતા કે આપણો ધર્મ સાચો છે અને રસૂલે કરીમ ﷺની તા'લીમ (નઊઝુબિલ્લાહ !) ખોટી છે, કુર્આનના શબ્દોના આધારે આ બંને તફસીરો ખચકાટ વિના શક્ય છે.

فَاِنَّهُمْ يَوْمَئِذٍ فِى الْعَذَابِ مُشْتَرِكُوْنَ થી જાણ થઈ કે જો કોઈ વ્યક્તિ કોઈ બીજાને નાજાઈઝ કાર્યનું આમંત્રણ આપે અને તેને ગુનાહ કરવા માટે તૈયાર કરવા પોતાના પ્રભાવ અને દબાણનો ઉપયોગ કરે તો તેને ગુનાહનું આમંત્રણ આપવાનો અઝાબ તો નિઃશંક થશે જ પરંતુ જે વ્યક્તિએ તેના આમંત્રણને પોતાની સ્વેચ્છાએ સ્વીકારી લીધું તે પણ પોતાની પ્રવૃત્તિના ગુનાહથી બાકાત નથી થઈ શકતો તે આખિરતમાં એવું કહીને છુટકારો નહીં પામી શકે કે મને તો ફલાણા વ્યક્તિએ ગુમરાહ કર્યો હતો, હા ! જો તેણે ગુનાહ પોતાની મરજીથી ન કર્યો હોય બલકે દાબ દબાણથી વશ થઈને પોતાના પ્રાણ બચાવવા માટે કર્યો હોય તો ઈન્શાઅલ્લાહ ! તેને મા'ફીની આશા છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૪૧ થી ૬૧)

أُولٰٓئِكَ لَهُمْ رِزْقٌ مَّعْلُوْمٌ ﴿٤١﴾ فَوَاكِهُ ۚ وَهُمْ مُّكْرَمُوْنَ ﴿٤٢﴾ فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٤٣﴾ عَلٰى
سُرُرٍ مُّتَقٰبِلِيْنَ ﴿٤٤﴾ يُطَافُ عَلَيْهِمْ بِكَاْسٍ مِّنْ مَّعِيْنٍ ﴿٤٥﴾ بَيْضَآءَ لَذَّةٍ لِّلشّٰرِبِيْنَ ﴿٤٦﴾
لَا فِيْهَا غَوْلٌ وَّلَا هُمْ عَنْهَا يُنْزَفُوْنَ ﴿٤٧﴾ وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ عِيْنٌ ﴿٤٨﴾
كَاَنَّهُنَّ بَيْضٌ مَّكْنُوْنٌ ﴿٤٩﴾ فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَسَآءَلُوْنَ ﴿٥٠﴾ قَالَ قَآئِلٌ
مِّنْهُمْ اِنِّيْ كَانَ لِيْ قَرِيْنٌ ﴿٥١﴾ يَّقُوْلُ اَئِنَّكَ لَمِنَ الْمُصَدِّقِيْنَ ﴿٥٢﴾ ءَاِذَا مِتْنَا وَكُنَّا
تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَدِيْنُوْنَ ﴿٥٣﴾ قَالَ هَلْ اَنْتُمْ مُّطَّلِعُوْنَ ﴿٥٤﴾ فَاطَّلَعَ فَرَاٰهُ فِيْ
سَوَآءِ الْجَحِيْمِ ﴿٥٥﴾ قَالَ تَاللّٰهِ اِنْ كِدْتَّ لَتُرْدِيْنِ ﴿٥٦﴾ وَلَوْلَا نِعْمَةُ رَبِّيْ لَكُنْتُ مِنَ
الْمُحْضَرِيْنَ ﴿٥٧﴾ اَفَمَا نَحْنُ بِمَيِّتِيْنَ ﴿٥٨﴾ اِلَّا مَوْتَتَنَا الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿٥٩﴾
اِنَّ هٰذَا لَهُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿٦٠﴾ لِمِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعٰمِلُوْنَ ﴿٦١﴾

તરજુમો :

તે લોકો છે જેમના માટે રોજી નિશ્ચિત છે. (૪૧) મેવાઓ (ફળ ફળાદી) અને તેમનું સન્માન છે (૪૨) નેઅ્મતના બગીચાઓમાં (૪૩) બાજઠો ઉપર એકબીજાની સામે. (૪૪) લોકો તેમની પાસે સ્વચ્છ શરાબના પ્યાલા (પીરસવા) લઈને ફરે છે. (૪૫) સફેદ રંગની પીનારાઓને મજા આપનાર. (૪૬) ન તો તેનાથી માથું થનકે અને ન જ તેને પીને બહેકે. (૪૭) અને તેમની પાસે નીચી નજર રાખનારી મોટી આંખોવાળી સ્ત્રીઓ છે. (૪૮) જાણે કે તે છુપાયેલા ઈંડાઓ છે. (૪૯) પછી એકબીજા તરફ મોઢું કરી પૂછવા લાગ્યા. (૫૦) એક કહેનારે કહ્યું, તેમનામાં મારો એક સાથીદાર હતો. (૫૧) કહ્યા કરતો હતો કે શું તું યકીન કરે છે ? (૫૨) શું જ્યારે આપણે મરી ગયા અને માટી થઈ ગયા અને હાડકાં, શું આપણને બદલો મળશે ? (૫૩) કહેવા લાગ્યો, ભલા તમે ઝાંકીને જોશો ! (૫૪) પછી ઝાંક્યું

તો તે(સાથીદાર)ને જહન્નમની વચ્ચોવચ જોયો. (૫૫) બોલ્યો, અલ્લાહની કસમ ! તું તો મને ખાડામાં નાંખવા લાગ્યો હતો. (૫૬) અને જો મારા પરવરદિગારની કૃપા ન હોત તો હું પણ તેમનામાં જ હોત જે પકડાયેલા આવ્યા. (૫૭) (પછી પોતાના જન્નતના સાથીઓને કહેશે) હવે આપણે મરવાનું નથી !? (૫૮) પરંતુ જે પ્રથમવાર મરી ચૂક્યા અને અમને તકલીફ પહોંચશે નહીં. (૫૯) બેશક ! આ જ મોટી મુરાદ (સફળતા) પામવી છે. (૬૦) આવી વસ્તુઓના માટે મહેનત કરનારાઓએ મહેનત કરવી જોઈએ. (૬૧)

તફસીર :

તે (અલ્લાહના મકબૂલ બંદાઓ)ના માટે એવી રોજી છે જેની હાલત (બીજી સૂરતોમાં) જાણ (થઈ ચૂકી) છે એટલે કે ફળો (જેનું મળવું સૂરએ યા–સીનની આયત لَهُمْ فِيهَا فَاكِهَةٌ માં અને જેના લક્ષણો સૂરએ વાકિઅહની આયત وَفَاكِهَةٍ كَثِيرَةٍ لَّا مَقْطُوعَةٍ وَّلَا مَمْنُوعَةٍ માં આથી પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે, કારણ કે સૂરએ યા–સીન અને સૂરએ વાકિઅહ સૂરએ સાફ્ફાતથી પહેલાં નાઝિલ થઈ છે. –અલ ઈત્કાન) અને તે લોકો ઘણા સન્માન સાથે આરામના બગીચાઓમાં બાજઠો ઉપર સામ સામે બેઠા હશે (અને) તેમની પાસે એવા શરાબના જામ લાવવામાં આવશે (એટલે કે ગિલમાન–નવયુવાન કિશોરો તે લઈને આવશે) જે વહેતી શરાબમાંથી ભરવામાં આવશે (તેનાથી શરાબનું મોટું પ્રમાણ અને તેના સ્વાદની જાણ થાય છે અને જોવામાં) સફેદ હશે (અને પીવામાં) પીનારાઓને સ્વાદિષ્ટ લાગશે, (અને) ન તો તેમાં માથું ચઢશે (જેમકે દુનિયાની શરાબમાં હોય છે જેને નશો કહે છે) અને ન જ તેનાથી બુદ્ધિમાં ખલેલ આવશે અને તેમની પાસે નીચી નિગાહોવાળી મોટી આંખોવાળી (હૂરો) હશે (જેનો રંગ એવો ચોખ્ખો હશે કે) જાણે ઈંડું છે (જે પાંખોની નીચે) છુપાયેલું છે (કે ધૂળ અને ડાઘ વગેરેથી બિલકુલ સુરક્ષિત હોય છે. આ ઉદાહરણનો હેતુ માત્ર તેમની સ્વચ્છતા વર્ણન કરવાનો છે) પછી (જ્યારે બધા લોકો એક સભામાં એકઠા હશે ત્યારે) એકબીજા તરફ ધ્યાન આપી વાતચીત કરશે (આ વાતચીત દરમિયાન) તે (જન્નતવાળાઓ)માંથી એક કહેનારો (સભાજનોને) કહેશે કે (દુનિયામાં) મારો એક સોબતી હતો તે (મને આશ્ચર્યથી) કહ્યા કરતો હતો કે શું તું મૃત્યુ પછી

સજીવન થવાની માન્યતા ધરાવનારાઓમાંથી છે ? શું જ્યારે આપણે મરી જઈશું અને માટી તથા હાડકાં થઈ જઈશું તો શું આપણને (ફરીવાર જીવતા કરવામાં આવશે અને જીવતા કરીને આપણને) બદલો-સજા આપવામાં આવશે ?! (એટલે કે તે આખિરતનો ઈન્કારી હતો એટલા માટે તે અવશ્ય દોઝખમાં ગયો હશે. અલ્લાહ તઆલાનો) ઈરશાદ થશે કે (હે જન્નતવાળાઓ) શું તમે ઝાંકીને (તેને) જોવા ઈચ્છો છો ? (જો ઈચ્છો તો તમને પરવાનગી છે) બસ તે વ્યક્તિ (જેણે કિસ્સો વર્ણન કર્યો હતો) ઝાંકશે તો તેને જહન્નમની વચ્ચે (પડેલો) જોશે (તેને ત્યાં જોઈને તેને) કહેશે કે અલ્લાહની કસમ ! તું તો મને તબાહ કરવાનો જ હતો (એટલે કે મને પણ આખિરતનો ઈન્કારી બનાવવાનો પ્રયત્ન કર્યા કરતો હતો) અને જો મારા પરવરદિગારની (મારા ઉપર) કૃપા ન હોત (કે મને તેણે સાચી માન્યતાઓ ઉપર કાયમ રાખ્યો) તો હું પણ (તારી જેમ) પકડાયેલા લોકોમાંથી હોત (અને ત્યારબાદ જન્નતી સભાજનોને કહેશે કે) ખરેખર આપણે પહેલીવાર મરી ચૂક્યા પછી (કે દુનિયામાં મરી ચૂક્યા છે) હવે મરીશું નહીં અને ન જ આપણને અઝાબ થશે ! (આ બધી વાતો એવી ખુશી આનંદમાં કહેવામાં આવશે કે અલ્લાહ તઆલાએ બધી જ આફતો અને તકલીફોથી બચાવી લીધા અને કાયમી ધોરણે નચિંત બનાવી દીધા. આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે જન્નતમાં જન્નતીની શારીરિક અને રૂહાની નેઅ્મતોનું ઉપર વર્ણન કરવામાં આવ્યું) આ બેશક ! મોટી સફળતા છે, આવી જ સફળતા (પ્રાપ્ત કરવા) માટે અમલ કરનારાઓએ અમલ કરવો જોઈએ. (એટલે કે ઈમાન લાવવું અને આજ્ઞાપાલન કરવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

દોઝખીઓની પરિસ્થિતિનું વર્ણન કર્યા પછી આ આયતોમાં જન્નતવાળાઓના અહેવાલનું વર્ણન કરવામાં આવ્યું છે, આ વર્ણન બે વિભાગો ઉપર આધારિત છે. શરૂઆતમાં દશ આયતોમાં સામાન્ય જન્નતવાળાઓને જે આરામ અને રાહત પ્રાપ્ત થશે તેનું વર્ણન છે અને ત્યાર પછીની આયતોમાં એક ખાસ જન્નતીનો બોધપાઠયુક્ત કિસ્સો વર્ણન કરવામાં આવ્યો છે, શરૂઆતની દશ આયતોમાં અમુક વાતો ખાસ સ્વરૂપે વર્ણનપાત્ર છે.

(૧) أُولَٰئِكَ لَهُمْ رِزْقٌ مَّعْلُومٌ નો શાબ્દિક અર્થ આ થાય છે, "તે જ લોકો

માટે એવી રોજી છે જેમની હાલતની ખબર છે.'' તફસીરકારોએ તેના વિવિધ ભાવાર્થો બતાવ્યા છે, અમુક લોકોનું કહેવું છે કે તેનાથી જન્નતનો ખોરાક અને તેની વિગતવાર ખાસિયતો તરફ ઈશારો છે જે વિવિધ સૂરતોમાં વર્ણન કરવામાં આવ્યો છે એટલા માટે તફસીરના ખુલાસામાં હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)એ આ જ તફસીરને અપનાવી છે, અમુક લોકોએ કહ્યું છે કે, رِزْقٍ مَّعْلُوْمٌ (રિઝ્કે મા'લૂમ)નો ભાવાર્થ એ છે કે તેના સમયો નિશ્ચિત અને ખબર છે, એટલે કે તે સવાર અને સાંજ નિયમિત રીતે અર્પણ કરવામાં આવશે, જેમકે બીજી આયતમાં غُدُوًّا وَّعَشِيًّا (સવાર અને સાંજ)ના શબ્દો સ્પષ્ટ રીતે આવ્યા છે. એક ત્રીજી તફસીર પણ છે અને તે એ છે કે "રિઝ્કે મા'લૂમ"નો ભાવાર્થ એ છે કે તે ચોક્કસ અને કાયમી રોજી હશે, દુનિયાની જેમ નહીં હોય કે કોઈ વ્યક્તિ વિશ્વાસ સાથે નથી બતાવી શકતો કે મને શું અને કેટલી રોજી મળવાની છે અને ન જ કોઈને એ જ્ઞાન છે કે જેટલી રોજી તેને પ્રાપ્ત થઈ છે તે ક્યાં સુધી તેની પાસે રહેશે. દરેક માનવીને દરેક સમયે એ ભય લાગેલો હોય છે કે જે નેઅ્મતો તેને હાલની પરિસ્થિતિમાં પ્રાપ્ત થઈ છે તે કદાચ કાલે તેની પાસે ન પણ રહે, જન્નતમાં આ ભય નહીં હોય બલકે ત્યાંની રોજી નિશ્ચિત પણ હશે અને કાયમી પણ.

(તફસીરે કુર્તુબી વગેરે)

(૨) فَوَاكِهُ (ફવાકિહુ) આ શબ્દ દ્વારા કુર્આને જન્નતની રોજીની પોતે તફસીર કરી છે કે તે રોજી ફળફળાદી ઉપર આધારિત હશે. فَوَاكِهُ (ફવાકિહુ) એ فَاكِهَةٌ (ફાકિહતુન)નું બહુવચન છે અને અરબીમાં "ફાકિહતુન" દરેક તે વસ્તુને કહેવામાં આવે છે જે ભૂખની જરૂરતને દૂર કરવા માટે નહીં બલકે સ્વાદ અને આનંદ પ્રાપ્ત કરવા માટે ખાવામાં આવે. ઉર્દૂમાં તેનો અનુવાદ مِیْوَہ (મેવા) અને ગુજરાતીમાં ફળફળાદી એટલા માટે કરવામાં આવે છે કે ફળફળાદી પણ સ્વાદ પ્રાપ્ત કરવા માટે ખાવામાં આવે છે નહિતર વાસ્તવમાં "ફાકિહતુન"નો ભાવાર્થ "મેવા"ના ભાવાર્થ કરતાં વધારે પ્રચલિત છે. ઈમામ રાઝી (રહ.)એ આ જ ફવાકિહના શબ્દથી એ મુદ્દો ચર્ચ્યો છે કે જન્નતમાં જે જન્નતી ખોરાક આપવામાં આવશે તે બધા જ સ્વાદ અને લિજ્જત આપવા માટે આપવામાં આવશે ભૂખની જરૂરત દૂર કરવા માટે નહીં એટલા માટે કે જન્નતમાં માનવીને કોઈપણ વસ્તુની જરૂરત હશે નહીં, ત્યાં તેને પોતાની જિંદગી ટકાવી રાખવા અથવા તંદુરસ્તીની

સુરક્ષા માટે પણ કોઈ ખોરાકની જરૂરત હશે નહીં. આ ઈચ્છા પૂરી કરવાથી આનંદ પ્રાપ્ત થશે અને જન્નતની બધી નેઅ્મતોનો હેતુ આનંદ આપવો જ હશે.

(તફસીરે કબીર, પેજ : ૯૮, જિલ્દ : ૭)

(૩) وَهُمْ مُكْرَمُونَ કહીને બતાવી દેવામાં આવ્યું કે જન્નતવાળાઓને આ રોજી સંપૂર્ણ માન સન્માન સાથે આપવામાં આવશે, કારણ કે માન સન્માન ન હોય તો સ્વાદિષ્ટથી સ્વાદિષ્ટ ખોરાક પણ બેસ્વાદ થઈ જાય છે, તેનાથી આ પણ જાણ થઈ ગઈ કે મહેમાનનો હક માત્ર ખાવું ખવડાવવાથી પૂરો નથી થતો બલકે તેનું માન સન્માન પણ તેના હકોમાં સામેલ છે.

(૪) عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيْنَ આ જન્નતીઓની મજલિસનો ચિતાર છે કે તે તખ્તાઓ (બાજઠો) ઉપર સામ સામે બેઠા હશે, કોઈની કોઈના તરફ પીઠ હશે નહીં તેનું સામાન્ય સ્વરૂપ શું હશે તેનું સાચું જ્ઞાન તો માત્ર અલ્લાહ તઅલાને જ છે, અમુક લોકોએ ફરમાવ્યું કે મજલિસનું વર્તુળ એટલું વિશાળ હશે કે કોઈને કોઈના તરફ પીઠ કરવાની આવશ્યકતા જ નહીં હોય અને અલ્લાહ તઆલા જન્નતવાળાઓને એવી જોવાની, સાંભળવાની અને બોલવાની શકિત અર્પણ કરશે કે તેઓ દૂર બેઠાં બેઠાં જ લોકો સાથે ઘણા આરામથી વાતો કરી શકશે.

અને અમુક લોકોએ એવું પણ કહ્યું છે કે આ તખ્ત ફરનારા હશે અને જેને વાત કરવી હોય તેના તરફ ફરી જશે. વલ્લાહુ અઅ્લમુ.

(૫) لَذَّةٍ لِّلشّٰرِبِيْنَ માં શબ્દ لَذَّةٌ (લજ્જત) મૂળમાં ક્રિયાપદ છે જેનો અર્થ "સ્વાદિષ્ટ હોવું" છે, એટલા માટે અમુક લોકોએ કહ્યું છે કે અહીંયાં مُضَاف સુષુપ્ત છે. અસલમાં ذَاتِ لَذَّةٍ (પોતે જ સ્વાદ) હતું એટલે કે સ્વાદવાળુ પરંતુ આ બાંધછોડની જરૂરત નથી, પ્રથમ તો જો لَذَّة (લજ્જત)ને ક્રિયાપદ સમજવામાં આવે તો ક્રિયાપદ કર્તાના અર્થમાં મોટે ભાગે ઉપયોગ થાય છે, આવા સ્વરૂપમાં ભાવાર્થ એ થશે કે તે શરાબ પીનારાઓ માટે مُجَسَّم لَذَّت હશે, તદુપરાંત لَذَّةٌ (લજ્જત)નો صِيغَة صِفَتْ لَذِيْذٌ સ્વાદિષ્ટ હોવાના લક્ષણ ઉપરાંત لَذٌّ પણ આવે છે, બની શકે છે કે અહીંયાં لَذَّةٌ (લજ્જતુન) એ لَذٌّ (લજ્જુન)નું સ્ત્રીવાચક પણ હોય. (તફસીરે કુર્તુબી) આવા સ્વરૂપમાં ભાવાર્થ આ થશે, "પીનારાઓ માટે સ્વાદિષ્ટ."

(૬) لَا فِيْهَا غَوْلٌ માં غَوْلٌ (ગવલુન)નો અર્થ "માથું ચઢવું" વર્ણન કરવામાં આવ્યો છે, કોઈએ "પેટનો દુઃખાવો", કોઈએ "દુર્ગંધયુક્ત ગંદકી" અને કોઈએ "બુદ્ધિ ભ્રષ્ટ થઈ જવી" કર્યો છે. વાસ્તવમાં શબ્દ غَوْلٌ (ગવલુન) આ બધા જ અર્થોમાં ઉપયોગ થાય છે, હાફિઝ ઈબ્ને જરીર (રહ.) ફરમાવે છે કે અત્રે "ગવલુન" આફતના અર્થમાં છે અને ભાવાર્થ એ છે કે જન્નતની શરાબમાં એવી કોઈ આફત હશે નહીં જેમકે દુનિયાની શરાબોમાં જોવા મળે છે, ન તો માથાનો દુઃખાવો હશે અને ન જ પેટનો અને તે દુર્ગંધયુક્ત પણ નહીં હોય તથા તેનાથી બુદ્ધિ પણ ભ્રષ્ટ થશે નહીં. *(તફસીરે ઈબ્ને જરીર)*

(૭) قٰصِرٰتُ الطَّرْفِ આ જન્નતની હૂરોના લક્ષણો છે કે તેઓ "નજરો નીચી રાખનારી હશે." ભાવાર્થ એ છે કે જે પતિઓની સાથે તેમનો પતિ પત્ની તરીકેનો સંબંધ સ્થાપી દેશે, તે તેના સિવાય કોઈપણ પુરુષ તરફ આંખ ઉઠાવીને જોશે નહીં. અલ્લામહ ઈબ્ને જવઝી (રહ.)એ નકલ કર્યું છે કે આ સ્ત્રીઓ પોતાના પતિઓને કહેશે, "મારા પરવરદિગારની ઈજ્જતની કસમ ! જન્નતમાં મને તમારાથી બહેતર કોઈ નજરે પડતું નથી જે અલ્લાહે મને તમારી પત્ની અને તમને મારો પતિ બનાવ્યો, બધા વખાણ તેના જ છે."

"નિગાહો નીચી રાખનારી"નો એક અન્ય અર્થ અલ્લામહ ઈબ્ને જવઝી (રહ.)એ એ પણ લખ્યો છે કે તેઓ પોતાના પતિઓની નિગાહો નીચી રાખશે. એટલે કે તેઓ પોતે એટલી ખૂબસૂરત અને વફાદાર હશે કે તેમના પતિઓને કોઈ અન્યની તરફ નજર ઉઠાવવાની ઈચ્છા જ થશે નહીં.

(તફસીરે ઝાદુલ મસીર, પેજ : ૫૭-૫૮, ભાગ : ૮)

(૮) كَاَنَّهُنَّ بَيْضٌ مَّكْنُوْنٌ આ આયતમાં જન્નતની હૂરોને "ઢંકાયેલા ઈંડા" સાથે સરખાવવામાં આવી છે, અરબોમાં આ ઉદાહરણ ખૂબ પ્રચલિત હતું જે ઈંડાઓ પાંખોમાં ઢંકાયેલા હોય તેના ઉપર બહારની ધૂળ કે ગંદકીની અસર પહોંચતી નથી એટલા માટે તે ખૂબ ચોખ્ખા અને સાફ હોય છે તદુપરાંત તેનો રંગ પીળાશ પડતો સફેદ હોય છે જે અરબોમાં સ્ત્રીઓ માટે ખૂબ આકર્ષણયુક્ત રંગ ગણાતો હતો. એટલા માટે તેનું ઉદાહરણ આપવામાં આવ્યું અને અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે અત્રે ઈંડાઓની સરખામણી નથી બલકે ઈંડાની તે

જરદીનું વર્ણન છે જે તેના કોચલાની અંદર છુપાયેલું હોય છે અને ભાવાર્થ એ છે કે આ સ્ત્રીઓ તે જરદી જેવી નાજુક, નમણી અને સુંવાળી હશે. વલ્લાહુ અઅ્લમુ.

(રૂહુલ મઆની)

એક જન્નતી અને તેનો કાફિર સોબતી :

શરૂઆતની દશ આયતોમાં જન્નતવાળાઓની સામાન્ય પરિસ્થિતિનું વર્ણન કર્યા પછી એક જન્નતનીનું ખાસરૂપે વર્ણન કરવામાં આવ્યું છે કે તે જન્નતની સભામાં પહોંચ્યા પછી પોતાના એક કાફિર દોસ્તને યાદ કરશે કે જે દુનિયામાં આખિરતનો ઈન્કારી હતો અને પછી અલ્લાહ તઆલાની પરવાનગીથી તેને જહન્નમની અંદર ઝાંકીને તેની સાથે વાત કરવાની તક આપવામાં આવશે, કુર્આને કરીમમાં આ વ્યક્તિનું કોઈ નામ ઠેકાણું બતાવવામાં નથી આવ્યું, એટલે કે ચોક્કસ વિશ્વાસપૂર્વક કહી શકાતું નથી કે તે કોણ હશે. વળી અમુક તફસીરકારોએ એ વિચાર જાહેર કર્યો કે તે મો'મિન વ્યક્તિનું નામ યહૂદા અને તે કાફિર સોબતીનું નામ મતરૂસ છે અને આ તે જ બે સાથીઓ છે જેનું વર્ણન સૂરએ કહફમાં ...وَاضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ (૧૮:૩૨) આવી ચૂક્યું છે. *(તફસીરે મઝહરી)*

અલ્લામહ સુયૂતિ (રહ.)ના અનેક અનુયાયીઓએ તે વ્યક્તિને નિશ્ચિત કરવા માટે એક અન્ય ઘટના વર્ણન કરી છે તેનો ખુલાસો એ છે કે બે વ્યક્તિ કારોબારમાં ભાગીદાર હતા, તેમને આઠ હજારની આવક થઈ અને બંનેએ ચાર ચાર હજાર દીનાર પરસ્પર વહેંચી લીધા. એક ભાગીદારે પોતાની રકમમાંથી એક હજાર દીનાર ખર્ચ કરીને એક જમીન ખરીદી, બીજો સાથી ઘણો નેક હતો તેણે એવી દુઆ કરી કે યા અલ્લાહ ! ફલાણા વ્યક્તિએ એક હજાર દીનારમાં ફલાણી જમીન ખરીદી છે હું તારાથી એક હજાર દીનારના બદલે જન્નતની જમીન ખરીદું છું અને એક હજાર દીનારનો સદકહ કરી દીધો, પછી તેના સાથીએ એક હજાર દીનારનું એક ઘર બનાવ્યું તો તે વ્યક્તિએ કહ્યું, યા અલ્લાહ ! ફલાણા વ્યક્તિએ એક હજાર દીનારમાં એક ઘર બાંધ્યું છે હું તારી પાસેથી જન્નતમાં એક હજાર દીનારમાં એક ઘર ખરીદું છું, આવું કહીને તેણે વધુ એક હજાર દીનાર સદકહ કરી દીધો, ત્યારબાદ તેના સાથીએ એક સ્ત્રી સાથે લગ્ન કર્યા અને તેના ઉપર એક હજાર દીનાર ખર્ચ કર્યા તો તેણે કહ્યું, યા અલ્લાહ! ફલાણાએ એક સ્ત્રી સાથે શાદી કરીને એક હજાર દીનાર ખર્ચ કર્યા છે અને હું જન્નતની સ્ત્રીઓમાંથી કોઈને સંદેશ

આપું છું અને આ એક હજાર દીનાર નઝર કરું છું, આવું કહીને તેણે એક હજાર દીનાર સદકહ કરી દીધો, પછી તેના સાથીએ એક હજાર દીનારમાં અમુક ગુલામો અને સામાન ખરીદ્યો ફરી તેણે એક હજાર દીનાર સદકહ કરીને અલ્લાહ તઆલાથી તેના બદલામાં જન્નતના ગુલામ અને જન્નતનો સામાન માંગ્યો.

ત્યાર પછી અચાનક તે મો'મિન બંદાને કોઈ સખત જરૂરત પડી તેને વિચાર આવ્યો કે હું મારા પાછલા ભાગીદાર પાસે જાઉં તો કદાચ તે નેકીનો ઈરાદો કરે એટલા માટે તેણે તેના સાથીને પોતાની જરૂરતનું વર્ણન કર્યું. સાથીએ પૂછ્યું, તમારા માલનું શું થયું ? તેણે જવાબમાં તેને સમગ્ર કિસ્સો સંભળાવ્યો, આથી પેલાએ આશ્ચર્ય પામીને કહ્યું કે શું તમે ખરેખર એ વાતને સાચી સમજી છો કે આપણે જ્યારે મરીને માટી થઈ જઈશું ત્યારે આપણને ફરીવાર જીવન મળશે અને ત્યાં આપણને આપણા કર્મોનો બદલો આપવામાં આવશે ? જાઓ ! હું તમને કંઈ આપીશ નહીં, ત્યાર પછી બંનેનું મૃત્યુ થયું. પ્રસ્તુત આયતમાં જન્નતથી ભાવાર્થ તે બદલો છે જેણે આખિરત માટે પોતાનો સમગ્ર માલ સદકહ કરી દીધો હતો અને તે તેનો જહન્નમી સાથી તે જ તેના વેપારનો ભાગીદાર છે જેણે આખિરતનું સમર્થન કરવાના બદલે તેની મજાક ઉડાવી હતી.

(તફસીરે દૂર્રે મન્સૂર બ હવાલએ ઈબ્ને જરીર વગેરે, પેજ નં. ૧૬૫, જિલ્દ : ૫)

ખરાબ સોબતથી બચવાની તા'લીમ :

ભલે તેનો ભાવાર્થ જે કંઈ હોય અત્રે આ ઘટના વર્ણન કરવાથી કુર્આને કરીમનો મૂળ હેતુ લોકોને એ વાતની ચેતવણી આપવાનો છે કે તેઓ પોતાના મિત્ર વર્તુળનું સંપૂર્ણ કાળજીથી પરીક્ષણ કરે અને તેમાં જુએ કે તેમાં કોઈ એવો વ્યક્તિ તો નથી કે જે તેને ધીરે ધીરે દોઝખના પરિણામ તરફ લઈ જઈ રહ્યો હોય, બુરી સોબતથી જે તબાહી આવી શકે છે તેનો સાચો અંદાજો આખિરતમાં જ આવશે અને તે સમયે તે સર્વનાશથી બચવાનો કોઈ માર્ગ હશે નહીં એટલા માટે જ દુનિયામાં દોસ્તીઓ અને સંબંધો ખૂબ સંભાળીને બાંધવા જોઈએ, એવા સમયે કોઈ કાફિર અથવા નાફરમાન વ્યક્તિ સાથે સંબંધ સ્થાપિત કર્યા પછી માનવી અનિચ્છાએ કળી ન શકાય એ રીતે ધીરે ધીરે ઈન્કાર અને વિચારસરણી તથા જીવન જીવવાની પદ્ધતિથી પ્રભાવિત થતો ચાલ્યો જાય છે અને આ વસ્તુ આખિરતના પરિણામ માટે અત્યંત ખતરનાક સાબિત થાય છે.

મોતનો ખાત્મો; એક આશ્ચર્ય :

અત્રે જે વ્યક્તિનો આ કિસ્સો વર્ણન કરવામાં આવ્યો છે કે તે પોતાના કાફિર સાથીને જોવા માટે જહન્નમમાં ઝાંકશે તેના જ વિશે આગળ એ આવ્યું છે કે તે જન્નતની નેઅ્મતોને પ્રાપ્ત કરીને આનંદમાં એવું કહેશે કે "શું હવે આપણે ક્યારેય મરીશું નહીં !" તેનો હેતુ એ નથી કે જન્નતની કાયમી જિંદગીનું તેને યકીન નથી બલકે જે વ્યક્તિને ખુશી આનંદની પરાકાષ્ઠા પ્રાપ્ત થઈ જાય તે મોટે ભાગે એવી વાતો કરે છે જેમકે તેને વિશ્વાસ જ ન થતો હોય કે આ ખુશીઓ તેને પ્રાપ્ત થઈ છે. આ વાક્ય પણ એ જ પ્રકારનું છે.

અંતે કુર્આને કરીમ આ ઘટનાના મૂળ બોધપાઠ તરફ ધ્યાન અપાવે છે, لِمِثْلِ هٰذَا فَلْيَعْمَلِ الْعٰمِلُوْنَ (આવી જ સફળતા માટે અમલ કરનારાઓએ અમલ કરવો જોઈએ.)

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૬૨ થી ૭૪)

اَذٰلِكَ خَيْرٌ نُّزُلًا اَمْ شَجَرَةُ الزَّقُّوْمِ ﴿٦٢﴾ اِنَّا جَعَلْنٰهَا فِتْنَةً لِّلظّٰلِمِيْنَ ﴿٦٣﴾ اِنَّهَا شَجَرَةٌ تَخْرُجُ فِيْٓ
اَصْلِ الْجَحِيْمِ ﴿٦٤﴾ طَلْعُهَا كَاَنَّهٗ رُءُوْسُ الشَّيٰطِيْنِ ﴿٦٥﴾ فَاِنَّهُمْ لَاٰكِلُوْنَ مِنْهَا
فَمٰلِـُٔوْنَ مِنْهَا الْبُطُوْنَ ﴿٦٦﴾ ثُمَّ اِنَّ لَهُمْ عَلَيْهَا لَشَوْبًا مِّنْ حَمِيْمٍ ﴿٦٧﴾ ثُمَّ اِنَّ
مَرْجِعَهُمْ لَاِلَى الْجَحِيْمِ ﴿٦٨﴾ اِنَّهُمْ اَلْفَوْا اٰبَآءَهُمْ ضَآلِّيْنَ ﴿٦٩﴾ فَهُمْ عَلٰٓى اٰثٰرِهِمْ
يُهْرَعُوْنَ ﴿٧٠﴾ وَلَقَدْ ضَلَّ قَبْلَهُمْ اَكْثَرُ الْاَوَّلِيْنَ ﴿٧١﴾ وَلَقَدْ اَرْسَلْنَا فِيْهِمْ
مُّنْذِرِيْنَ ﴿٧٢﴾ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُنْذَرِيْنَ ﴿٧٣﴾ اِلَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿٧٤﴾ ع

તરજુમો :

વારૂ, આ મહેમાનગતિ સારી છે અથવા આ ઝક્કુમનું ઝાડ ? (૬૨) અમે તેને જાલિમો માટે એક આફત બનાવી રાખી છે. (૬૩) તે એક વૃક્ષ છે કે દોઝખના તળિયેથી નીકળે છે. (૬૪) તેના લુમખા (ફળો) જેમકે શયતાનોનું

માથું. (૬૫) બસ તેઓ તેમાંથી ખાશે પછી તેનાથી પેટ ભરશે. (૬૬) પછી તેમના માટે તેના ઉપર ઊકળતા પાણી (અને પરૂ)નું મિશ્રણ છે. (૬૭) પછી તેમને આગના ઢગલામાં લઈ જવાના છે. (૬૮) તેમણે પોતાના પૂર્વજોને માર્ગ ભટકેલા પામ્યા. (૬૯) બસ તેઓ તેમના જ પગલાંઓ ઉપર દોડે છે. (૭૦) અને તેમનાથી અગાઉ ઘણા આગલા લોકો માર્ગ ભટકી ચૂક્યા છે. (૭૧) અને અમે તેમનામાં ડર સંભળાવનાર મોકલ્યા છે. (૭૨) હવે જુઓ, કેવું પરિણામ આવ્યું ડરાવવામાં આવેલાઓનું ?! (૭૩) પરંતુ જે બંદા અલ્લાહના છે, ચુનંદા. (૭૪)

તફસીર :

(અઝાબ અને સવાબ બંનેની સરખામણી કર્યા પછી હવે ઈમાનવાળાઓને પ્રોત્સાહન અને કાફિરોને ધમકી આપવામાં આવે છે કે બતાવો) ભલા આ (જન્નતની નેઅ્મતોનું) આમંત્રણ ઉત્તમ છે (જે ઈમાનવાળાઓ માટે છે) અથવા ઝક્કુમનું ઝાડ (જે કાફિરો માટે છે) ? અમે તે વૃક્ષને (આખિરતની સજા બનાવવા ઉપરાંત દુનિયામાં પણ તે) જાલિમો માટે કસોટીનું કારણ બનાવ્યું છે (કે તેને સાંભળીને સમર્થન કરે છે અથવા જૂઠાડીને તેનો ઠઠ્ઠો મશ્કરી કરે છે પરંતુ કાફિરો જૂઠાડવા અને ઠઠ્ઠો મશ્કરી કરવાના સ્વરૂપમાં સામે આવ્યા, કહેવા લાગ્યા કે ઝક્કુમ તો મશ્કા અને ખુરમા વાનગીને કહે છે જે ખૂબ સ્વાદિષ્ટ વસ્તુ છે અને કહેવા લાગ્યા કે ઝક્કુમ જો ઝાડ છે તો દોઝખમાં તો આગ જ આગ છે, ત્યાં ઝાડ કેવી રીતે હોઈ શકે છે ? તેનો જવાબ અલ્લાહ તઆલાએ આ આપ્યો છે કે) તે એક વૃક્ષ છે જે દોઝખના તળિયેથી નીકળે છે (એટલે કે મશ્કા કે ખુરમાની વાનગી નથી અને કારણ કે તે પોતે આગથી જ પેદા થાય છે એટલા માટે ત્યાંનું ત્યાં રહેવું કોઈ આશ્ચર્યની વાત નથી, જેમકે سَمَنْدَر નામનું જાનવર આગમાં પેદા થાય છે અને આગમાં જ રહે છે, આથી બંને વાતોનો જવાબ થઈ ગયો. આગળ ઝક્કુમનું એક સ્વરૂપ ઉપસ્થિત છે કે) તેના ફળ એવા (કદરૂપા) છે જેમકે સાપના ફણ (બસ આવા ઝાડથી જાલિમોની દા'વત થશે) તો તે લોકો (ભૂખની સખ્તીમાં જ્યારે અન્ય કંઈ મળશે નહીં ત્યારે) તેને ખાશે અને (કારણ કે ભૂખથી બેચેન થશે) તેનાથી પેટ ભરશે, પછી (જ્યારે તરસથી આકુળ વ્યાકુળ થઈને પાણી માંગશે તો) તેમને ઊકળતું પાણી (ગસ્સાક એટલે કે પરૂમાં) મિશ્રણ કરી આપવામાં

આવશે અને (એવું નથી કે આ મુસીબતનો અંત આવી જશે બલકે ત્યાર પછી) ફરી અંતિમ ઠેકાણું તેમનું દોઝખ તરફ જ હશે (એટલે કે તેમને ત્યાર પછી કાયમ માટે ત્યાં જ રહેવાનું છે અને તેમને આ સજા એટલા માટે આપવામાં આવી કે) તેમણે (અલ્લાહ તઆલાની હિદાયતનું અનુસરણ કર્યું ન હતું બલકે) પોતાના વડીલોને માર્ગ ભટકેલા પામ્યા હતા, પછી તેઓ પણ તેમના જ પગલે પગલે ઉતાવળે ચાલતા હતા (એટલે કે શોખથી અને આનંદથી આ ખોટા માર્ગે ચાલતા હતા) અને આ (હાલના કાફિરો)થી પહેલાં પણ આગલા લોકોમાં ઘણા માર્ગ ભટકી ચૂક્યા છે અને અમે તેમનામાં પણ ડરાવનારા (પયગમ્બર) મોકલ્યા હતા, બસ જોઈ લો તે લોકોનું કેવું (ખરાબ) પરિણામ આવ્યું જે લોકોને ડરાવવામાં આવ્યા હતા (અને તેમણે ન માન્યું હતું તો તેમના ઉપર દુનિયામાં જ કેવો કેવો અઝાબ નાઝિલ થયો !?) હા પરંતુ જેઓ અલ્લાહના ખાસ કરેલા (એટલે કે ઈમાનવાળા) બંદાઓ હતા (તેઓ આ દુનિયવી અઝાબથી સુરક્ષિત છે).

મસ્અલા અને બોધપાઠ :

દોઝખ અને જન્નત બંનેની થોડી થોડી પરિસ્થિતિઓનું વર્ણન કર્યા પછી અલ્લાહ તબારક વ તઆલાએ દરે માનવીને સરખામણી કરવાનું આમંત્રણ આપ્યું છે કે વિચાર કરો ! તેમનામાં કઈ હાલત ઉત્તમ છે ? એટલા માટે કહ્યું, اَذٰلِكَ خَيۡرٌ نُّزُلًا اَمۡ شَجَرَةُ الزَّقُّوۡمِ (જન્નતની જે નેઅ્મતોનું વર્ણન કરવામાં આવ્યું તે ઉત્તમ છે અથવા ઝક્કુમનું ઝાડ જે દોઝખીઓને ખવડાવવામાં આવશે ?)

ઝક્કુમની હકીકત :

ઝક્કુમ નામનું એક વૃક્ષ અરબ ટાપુના તિહામહના પ્રદેશમાં જોવા મળે છે. અલ્લામહ આલૂસી (રહ.)એ લખ્યું છે કે આ વૃક્ષ બીજા બંજર રણમાં પણ થાય છે, અમુક લોકોએ કહ્યું છે કે આ તે જ વૃક્ષ છે જેને ગુજરાતીમાં "થોર" (Euphorbia neriifolia or antiquorum) કહેવામાં આવે છે, તેના જ જેવું એક અન્ય ઝાડ ભારતમાં "નાગફણી" (Hood of Serpent)ના નામથી પ્રચલિત છે. અમુક લોકોએ તેને ઝક્કુમ ઠરાવ્યું છે અને આ વધારે સાચું અનુમાન લાગે છે, હવે તફસીરકારોના અભિપ્રાય તેમાં વિવિધ પ્રકારના છે કે જહન્નમીઓને જે વૃક્ષ ખવડાવવામાં આવશે તે આ જ દુનિયાનું ઝક્કુમ છે અથવા કોઈ અન્ય વૃક્ષ

છે. અમુક લોકોએ કહ્યું કે આ જ દુનિયાનું ઝક્કુમ ભાવાર્થ સ્વરૂપે છે અને અમુકે કહ્યું કે દોઝખનું ઝક્કુમ બિલકુલ અલગ વસ્તુ છે, દુનિયાના ઝક્કુમ સાથે કોઈ સંબંધ નથી. દેખીતી રીતે એવું લાગુ છે કે દુનિયામાં પણ જે રીતે સાપ, વીંછી વગેરે હોય છે એ જ પ્રમાણે દોઝખમાં પણ હોય છે પરંતુ દોઝખના સાપ, વીંછીઓ અહીંયાંના સાપ, વીંછીઓ કરતાં વધારે ભયાનક હશે એ જ પ્રમાણે દોઝખનું ઝક્કુમ પણ પોતાની પ્રજાતિના આધારે દુનિયાના ઝક્કુમ જેવું જ હશે પરંતુ અહીંયાંના ઝક્કુમથી કેટલુંય ઘણું વધારે ભયાનક અને ખાવામાં કેટલુંય વધારે કષ્ટદાયક હશે.

إِنَّا جَعَلْنَاهَا فِتْنَةً لِّلظَّالِمِينَ એટલે કે, "અમે આ (ઝક્કુમ)ના ઝાડને તે જાલિમો માટે આફત બનાવી છે." તેમાં فِتْنَةً (ફિત્નહ)નો શબ્દ અમુક મુફસ્સિરોના મતે અઝાબના ભાવાર્થમાં છે, એટલે કે તે વૃક્ષને અઝાબનું માધ્યમ બનાવ્યું છે પરંતુ ઘણા લોકોનું કહેવું એ છે કે અહીંયાં فِتْنَةً (ફિત્નહ)નો અનુવાદ "અજમાયશ અથવા કસોટી" કરવો વધારે યોગ્ય છે, મતલબ એ છે કે આ વૃક્ષનું વર્ણન કરીને આપણી એ પરીક્ષા લેવા ઇચ્છે છે કે કોણ તેના ઉપર ઈમાન લાવે છે અને કોણ તેનો ઠટ્ઠો મશ્કરી કરે છે. એટલા માટે અરબના કાફિરો આ પરીક્ષામાં નિષ્ફળ રહ્યા, તેમણે તે અઝાબથી ડરીને ઈમાન લાવવાના બદલે તેનો ઠટ્ઠો મશ્કરી કરી. રિવાયતોમાં છે કે કુર્આને કરીમની તે આયતો નાઝિલ થઈ જેમાં ઝક્કુમનું વૃક્ષ ખવડાવવાનું વર્ણન છે તો અબૂજહલે પોતાના સાથીઓને કહ્યું, "તમારો દોસ્ત (હઝરત મુહમ્મદ ﷺ) કહે છે કે આગમાં એક ઝાડ છે જ્યારે કે આગ તો વૃક્ષને ખાઈ જાય છે અને ખુદાની કસમ ! આપણે તો એવું જાણીએ છીએ કે ઝક્કુમ ખજૂર અને માખણને કહે છે, તો આવો ! અને આ ખજૂર અને માખણ ખાઓ." (દુર્રે મન્સૂર, પેજ : ૨૭૭, જિલ્દ : ૫) વાસ્તવમાં ઝક્કુમ બર્બરી ભાષામાં ખજૂર અને માખણને કહેતા હતા એટલા માટે તેણે ઠટ્ઠો મશ્કરી કરવાનું આ સ્વરૂપ અપનાવ્યું, અલ્લાહ તઆલાએ એક જ વાક્યમાં તેની બંને વાતોનો જવાબ આપ્યો કે إِنَّهَا شَجَرَةٌ تَخْرُجُ فِي أَصْلِ الْجَحِيمِ એટલે કે "ઝક્કુમ તો જહન્નમના તળિયામાં ઊગનારું એક ઝાડ છે." એટલા માટે ન તો ઝક્કુમનો ભાવાર્થ ખજૂર અને માખણ છે અને ન જ એ વિરોધ યોગ્ય લેખાય છે કે આગમાં વૃક્ષ કેવી રીતે હોઈ શકે છે ? જ્યારે તે વૃક્ષ જ આગથી પેદા થશે તો અલ્લાહ તઆલાએ તેમાં એવા લક્ષણો મૂકી

દીધા છે કે તે આગમાં સળગવાને બદલે તેનાથી ફૂલે ફાલે છે, ઉદાહરણ સ્વરૂપે એવા કેટલાય પ્રાણીઓ મોજૂદ છે જે આગમાં જ જીવતા રહી શકે છે, આગ તેમને સળગાવવાને બદલે આગ તેમનું પોષણ કરે છે.

طَلْعُهَا كَأَنَّهُ رُءُوسُ الشَّيَاطِينِ આ આયતમાં ઝક્કુમના ફળની શયતાનોના માથાઓ સાથે સરખામણી કરવામાં આવી છે, અમુક તફસીરકારોએ તો અહીંયાં શયતાનનો તરજુમો "સાપ"થી કર્યો છે એટલે કે ઝક્કુમનું ફળ એવા સ્વરૂપનું હશે કે જેમકે સાપના ફણ, ગુજરાતીમાં તેને નાગફણી એટલા જ માટે કહેવામાં આવે છે પરંતુ ઘણા તફસીરકારોએ ફરમાવ્યું કે અહીંયાં શયતાનો તેના પ્રચલિત અર્થમાં જ ભાવાર્થ સ્વરૂપે છે અને અર્થ એ છે કે ઝક્કુમનું ફળ પોતાના કદરૂપાપણામાં શયતાનોના માથાં જેવું છે, હવે અહીંયાં એ શંકા ન રહેવી જોઈએ કે શયતાનને તો કોઈએ જોયો નથી પછી તેની સાથે સરખામણી કેમ કરવામાં આવી ? એટલા માટે કે આ એક રૂપક સ્વરૂપનું દૃષ્ટાંત છે. રૂઢિપ્રયોગમાં કદરૂપાપણાને અને આંખોને ન ગમે એવી વસ્તુને શયતાન અથવા જિન ભૂત સાથે સરખાવવમાં આવે છે, તેનો હેતુ માત્ર અંતિમ કક્ષાનું કદરૂપાપણું વર્ણન કરવાનું હોય છે, અહીંયાં પણ આ દૃષ્ટાંત તે જ સ્વરૂપનું છે. *(રૂહુલ મઆની વગેરે)*

આયતોનો વધુ ભાવાર્થ તફસીરના ખુલાસાથી સ્પષ્ટ છે.

આયતો : (સૂરએ સાફફાત : આયત નં. ૭૫ થી ૮૨)

وَلَقَدْ نَادٰنَا نُوحٌ فَلَنِعْمَ الْمُجِيبُونَ ﴿٧٥﴾ وَنَجَّيْنٰهُ وَأَهْلَهُ مِنَ الْكَرْبِ الْعَظِيمِ ﴿٧٦﴾
وَجَعَلْنَا ذُرِّيَّتَهُ هُمُ الْبٰقِينَ ﴿٧٧﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِينَ ﴿٧٨﴾ سَلٰمٌ عَلٰى نُوحٍ فِي الْعٰلَمِينَ ﴿٧٩﴾
إِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿٨٠﴾ إِنَّهُ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِينَ ﴿٨١﴾ ثُمَّ أَغْرَقْنَا الْاٰخَرِينَ ﴿٨٢﴾

તરજુમો :

અને અલબત્ત અમને નૂહ (અલૈ.)એ પોકાર્યા હતા, બસ અમે પોકાર (ફરિયાદ) ઉપર કેટલા ઉત્તમ પહોંચનારા છે ! (૭૫) અને તેમને તથા તેમના ઘરવાળાઓને તે મોટી ગભરામણથી બચાવ્યા. (૭૬) અને તેમની

અવલાદને તે જ બાકી રહેનારા રાખ્યા. (૭૭) અને અમે તેના માટે પાછલા લોકોમાં (આ વાત) બાકી રાખી. (૭૮) કે સમગ્ર જગતવાળાઓમાં નૂહ ઉપર સલામ છે. (૭૯) બેશક ! અમે આ રીતે ભલાઈવાળાઓને બદલો આપીએ છીએ. (૮૦) બેશક ! તે અમારા મો'મિન બંદાઓમાંથી છે. (૮૧) પછી અમે બીજાઓને (કાફિરોને) ડૂબાડી દીધા. (૮૨)

તફસીર :

અને અમને નૂહ (અલૈ.)એ (મદદ માટે) પોકાર્યા, (એટલે કે દુઆ કરી) બસ (અમે તેમની ફરિયાદ સાંભળી અને) અમે ખૂબ સારી રીતે ફરિયાદ સાંભળનારા છે અને અમે તેમને અને તેમના તા'બેદારોને ઘણા ભારે ગમથી (જે કાફિરોના જૂઠાડવા અને કષ્ટ પહોંચાડવાથી થયો હતો) છુટકારો અપાવ્યો (કે તોફાનથી કાફિરોને ડૂબાડી દીધા અને તેમના તા'બેદારોને બચાવી લીધા) અને અમે તેમની જ અવલાદને બાકી રહેવા દીધી (અન્ય કોઈનો વંશ ચાલ્યો નથી) અને અમે તેમના માટે પાછળ આવનાર લોકોમાં આ વાત (લાંબા સમય માટે) રહેવા દીધી કે નૂહ (અલૈ.) ઉપર જગતવાળાઓની સલામ થાય (એટલે કે અલ્લાહ કરે તેમના ઉપર બધા જ દુનિયાવાળાઓ જિન્નાતો, મનુષ્યો અને ફરિશ્તાઓ સલામ મોકલ્યા કરે) અને નિખાલસ લોકોને આવો જ બદલો આપ્યા કરીએ છીએ, બેશક ! તે અમારા ઈમાનદાર બંદાઓમાંથી હતો, પછી અમે બીજા (તરીકા ઉપર એટલે કે કુફ્ર ઉપર ચાલનાર) લોકોને (એટલે કે કાફિરોને) ડૂબાડી દીધા.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં વર્ણન કરવામાં આવ્યું હતું કે અમે આગલી ઉમ્મતો પાસે પણ ડરાવનારા પયગમ્બર મોકલ્યા હતા પરંતુ ઘણા લોકોએ તેમની વાત માની નહીં એટલા માટે તેમનું પરિણામ ઘણું ખરાબ આવ્યું, હવે અહીંયાંથી તે જ ટૂંકી બાબત કંઈક વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવી રહી છે અને તેના સંદર્ભમાં કેટલાય અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ વર્ણન કરવામાં આવ્યા છે. સૌ પ્રથમ આ આયતોમાં હઝરત નૂહ (અલૈ.)નું વર્ણન કરવામાં આવ્યું છે. હઝરત નૂહ (અલૈ.)નો કિસ્સો વિગતપૂર્વક સૂરએ હૂદમાં આવી ચૂક્યો છે. અત્રે અમુક વાતો જે ખાસ સ્વરૂપે તે જ આયતોની તફસીરના સંદર્ભમાં છે વર્ણન કરવામાં આવે છે.

وَلَقَدْ نَادٰىنَا نُوْحٌ માં ફરમાવ્યું કે હઝરત નૂહ (અલૈ.)એ અમને પોકાર કર્યો હતો. ઘણા તફસીરકારોના મત પ્રમાણે તેનો ભાવાર્થ હઝરત નૂહ (અલૈ.)ની આ દુઆ છે જે સૂરએ નૂહમાં આવી ચૂકી છે, رَبِّ لَا تَذَرْ عَلَى الْاَرْضِ مِنَ الْكٰفِرِيْنَ دَيَّارًا (હે મારા પરવરદિગાર ! પૃથ્વી ઉપર કાફિરોમાંથી એક વ્યક્તિને પણ ન છોડ ! ૭૧:૨૬) અથવા જે સૂરએ કમરમાં વર્ણન થયું છે, એટલે કે اَنِّىْ مَغْلُوْبٌ فَانْتَصِرْ (હું દબાયેલો છું મારી મદદ કર. ૫૪:૧૦) આ દુઆ હઝરત નૂહ (અલૈ.)એ પોતાની કોમની સતત બળવાખોરી અને નાફરમાની પછી તે સમયે કરી હતી જ્યારે કે તેમની કોમે તેમને જૂઠાડવા ઉપર બસ કરવાને બદલે ઊલટાનું તેમને કતલ કરવાની યોજના બનાવી હતી.

وَجَعَلْنَا ذُرِّيَّتَهٗ هُمُ الْبٰقِيْنَ "અને અમે તેમની જ અવલાદને બાકી રહેવા દીધી." ઘણા તફસીરકારોના મતે આ આયતનો ભાવાર્થ એ છે કે હઝરત નૂહ (અલૈ.)ના સમયમાં જે તોફાન આવ્યું હતું તેમાં દુનિયાની મોટા ભાગની વસ્તીનો સર્વનાશ થઈ ચૂક્યો હતો અને ત્યારબાદ સમગ્ર દુનિયાનો વંશ હઝરત નૂહ (અલૈ.)ના જ ત્રણ પૂત્રોથી આગળ વધ્યો, એક પુત્રનું નામ સામ હતું અને તેમના વંશજોથી અરબો, ઈરાનીઓ વગેરેનો વંશ ચાલ્યો. બીજા પુત્રનું નામ હામ હતું અને તેમનાથી આફ્રિકી પ્રદેશો આબાદ થયા. અમુક લોકોએ હિન્દુસ્તાનના નિવાસીઓને પણ આ જ વંશમાં સામેલ કર્યા છે અને ત્રીજો પુત્ર યાફષ હતો, તેમનાથી તૂર્ક, મોંગલો અને યાઝૂજ માઝૂજ નસલો નીકળી છે, જે લોકો હઝરત નૂહ (અલૈ.)ના વહાણમાં સવાર થઈને પ્રલયથી બચી ગયા હતા તેમનામાંથી હઝરત નૂહ (અલૈ.)ના આ ત્રણ પુત્રો સિવાય કોઈ અન્યનો વંશવેલો આગળ વધ્યો નથી.

અલબત્ત અમુક ઉલમા જેમની સંખ્યા ઘણી ઓછી છે એ વાતની માન્યતા ધરાવે છે કે હઝરત નૂહ (અલૈ.)નું તોફાન સમગ્ર દુનિયામાં નહીં બલકે અરબની ભૂમિમાં આવ્યું હતું, તેમના મતે આ આયતનો ભાવાર્થ એ છે કે અરબની ભૂમિમાં માત્ર હઝરત નૂહ (અલૈ.)ની સંતતી બાકી રહી અને તેમનાથી અરબની નસલો ચાલી, દુનિયાના બીજા પ્રદેશોમાં અન્યોની નસલો ચાલવાનો આ આયતથી ઈન્કાર થતો નથી. *(બયાનુલ કુર્આન)*

તફસીરકારોનું એક બીજું જૂથ એવું કહે છે કે હઝરત નૂહ (અલૈ.)નો

પ્રલય તો સમગ્ર દુનિયામાં આવ્યો હતો પરંતુ દુનિયાનો વંશ માત્ર હઝરત નૂહ (અલૈ.)ના પુત્રોથી નહીં બલકે તે બધા જ લોકોથી ચાલ્યો છે જે વહાણમાં નૂહ (અલૈ.)ની સાથે સવાર હતા, આ જૂથ આયતમાં حَصْر (હસ્ર)ને حَصْرِ اِضَافِی (હસ્રે ઈઝાફી) ઠરાવીને એવું કહે છે કે અહીંયાં મૂળ હેતુ એ વર્ણન કરવાનો છે કે ડૂબનારાઓનો વંશ ચાલ્યો નથી. *(કુર્તુબી)*

કુર્આને કરીમની શૈલીના આધારે ત્રીજો મત ખૂબ કમજોર છે અને પહેલો મત સૌથી શ્રેષ્ઠ છે એટલા માટે કે તેનું સમર્થન અમુક પ્રદેશોથી પણ થાય છે જે ઈમામ તિરમિઝી (રહ.) વગેરેએ આ આયતના વિવરણમાં સીધે સીધી રસૂલે કરીમ ﷺથી રિવાયત કરી છે. હઝરત સમુરહ બિન જુન્દુબ (રદિ.)થી રિવાયત છે કે આપ ﷺએ ફરમાવ્યું, શામ અરબોના બાપ છે, હામ ઈથોપિયન (હબશાવાળાઓ)ના બાપ છે અને યાફષ રૉમનોના. ઈમામ તિરમિઝી (રહ.)એ આ હદીષને હસન અને ઈમામ હાકિમ (રહ.)એ તેને સહીહ ઠરાવી છે.

(રૂહુલ મઆની, પેજ ૯૮, જિલ્દ : ૨૩)

وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِيْنَ سَلٰمٌ عَلٰى نُوْحٍ فِي الْعٰلَمِيْنَ (અને અમે તેમના માટે પાછલા આવનાર લોકોમાં એ વાત રહેવા દીધી કે નૂહ અલૈ. ઉપર દુનિયાવાળાઓમાં સલામ થાય.) તેનો ભાવાર્થ એ છે કે હઝરત નૂહ (અલૈ.) પછી જે લોકો પેદા થયા તેમની દૃષ્ટિમાં હઝરત નૂહ (અલૈ.)ને એવા સન્માનનીય અને આબરૂવાળા બનાવ્યા કે તેઓ કયામત સુધી હઝરત નૂહ (અલૈ.) માટે સલામતીની દુઆ કરતા રહેશે એટલા માટે બન્યું પણ એમ જ કે સમગ્ર તે ધર્મો જે પોતાને આકાશી કિતાબોથી ઓળખાવે છે સૌ હઝરત નૂહ (અલૈ.)ની નુબુવ્વત અને પવિત્રતાને માને છે અને મુસલમાનો સિવાય યહૂદીઓ તથા ઈસાઈઓ પણ નૂહ (અલૈ.)ને પોતાના પેશ્વા માને છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૮૩ થી ૯૮)

وَاِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرٰهِيْمَ ﴿٨٣﴾ اِذْ جَآءَ رَبَّهٗ بِقَلْبٍ سَلِيْمٍ ﴿٨٤﴾ اِذْ قَالَ لِاَبِيْهِ
وَقَوْمِهٖ مَاذَا تَعْبُدُوْنَ ﴿٨٥﴾ اَئِفْكًا اٰلِهَةً دُوْنَ اللّٰهِ تُرِيْدُوْنَ ﴿٨٦﴾ فَمَا ظَنُّكُمْ بِرَبِّ

الْعٰلَمِيْنَ ﴿٨٧﴾ فَنَظَرَ نَظْرَةً فِي النُّجُوْمِ ﴿٨٨﴾ فَقَالَ اِنِّيْ سَقِيْمٌ ﴿٨٩﴾ فَتَوَلَّوْا عَنْهُ
مُدْبِرِيْنَ ﴿٩٠﴾ فَرَاغَ اِلٰٓى اٰلِهَتِهِمْ فَقَالَ اَلَا تَاْكُلُوْنَ ﴿٩١﴾ مَا لَكُمْ لَا تَنْطِقُوْنَ ﴿٩٢﴾
فَرَاغَ عَلَيْهِمْ ضَرْبًا بِالْيَمِيْنِ ﴿٩٣﴾ فَاَقْبَلُوْٓا اِلَيْهِ يَزِفُّوْنَ ﴿٩٤﴾ قَالَ اَتَعْبُدُوْنَ
مَا تَنْحِتُوْنَ ﴿٩٥﴾ وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ ﴿٩٦﴾ قَالُوا ابْنُوْا لَهٗ بُنْيَانًا
فَاَلْقُوْهُ فِي الْجَحِيْمِ ﴿٩٧﴾ فَاَرَادُوْا بِهٖ كَيْدًا فَجَعَلْنٰهُمُ الْاَسْفَلِيْنَ ﴿٩٨﴾

તરજુમો :

અને બેશક ! તેમના જ માર્ગવાળાઓમાંથી ઈબ્રાહીમ (અલૈ.) છે. (૮૩) જ્યારે પોતાના પરવરદિગારની પાસે શુદ્ધ હૃદય લઈને આવ્યા. (૮૪) જ્યારે પોતાના પિતાને અને તેની કોમને કહ્યું, તમે શું પૂજો છો ? (૮૫) શું અલ્લાહને છોડની જૂઠા બનાવેલા પૂજ્યો (મઅ્બૂદો)ને ચાહો છો !? (૮૬) પછી તમે સમગ્ર વિશ્વના પરવરદિગારને શું ધારો છો ? (૮૭) પછી એક વખતે તારાઓ ઉપર દૃષ્ટિ નાંખી. (૮૮) પછી કહ્યું, હું બીમાર થવાનો છું. (૮૯) પછી તે તેમને પીઠ બતાવી ફરી ગયા. (૯૦) પછી તેમની મૂર્તિઓમાં જઈને ઘુસ્યા, પછી બોલ્યા, તમે કેમ ખાતા નથી ? (૯૧) તમને શું છે કે બોલતા નથી ? (૯૨) પછી તેમના ઉપર (જુસ્સાભેર) જમણા હાથથી મારતા(-મારતા) ઘુસ્યા. (૯૩) પછી લોકો તેના ઉપર ગભરાયેલા દોડીને આવ્યા. (૯૪) (ઈબ્રાહીમ અલૈ.) બોલ્યા, શા માટે પૂજો છો જેને તમે પોતે કંડારો છો ? (૯૫) અને અલ્લાહે તમને અને જે તમે બનાવો છો તેમને બનાવ્યા. (૯૬) (લોકો) બોલ્યા, તેના માટે એક (તન્નુર જેવી) ઈમારત બનાવો, પછી તેને આગના ઢગલામાં નાંખો. (૯૭) પછી તેના ઉપર મોટું ષડયંત્ર કરવાનું ઈચ્છયું, (પરંતુ) પછી અમે તેમને જ હેઠા પાડયા. (૯૮)

તફસીર :

અને નૂહ (અલૈ.)ના માર્ગવાળાઓમાંથી (એટલે કે તે લોકોમાંથી જેઓ સૈદ્ધાંતિક માન્યતાઓમાં નૂહ અલૈ. સાથે સહમત હતા) ઈબ્રાહીમ (અલૈ.) પણ હતા (તેમની તે ઘટના યાદ રાખવાપાત્ર છે) જ્યારે કે તેઓ પોતાના પરવરદિગાર

તરફ સાફ હૃદયે ધ્યાનિત થયા, (સાફ દિલનો ભાવાર્થ એ છે કે તેમનું દિલ ખોટી માન્યતાઓ અને દેખાડાની ભાવનાથી પવિત્ર હતું) જ્યારે કે તેમણે પોતાના પિતાને અને પોતાની કોમને (જેઓ મૂર્તિપૂજક હતા) કહ્યું કે તમે કેવી (વાહિયાત) વસ્તુની પૂજા કર્યા કરો છો ? શું જૂઠા મઅ્બૂદોને અલ્લાહને છોડી (મઅ્બૂદ-પૂજ્ય બનાવવા) ઈચ્છો છો તો તમે પરવરદિગાર વિશે શું ધારણા બાંધો છો ? (એટલે કે તમે જે તેની ઈબાદતને છોડી રાખી છે તો શું તમને તે મઅ્બૂદ હોવામાં કોઈ શંકા છે ? એટલે કે પ્રથમ તો એવું ન થવું જોઈએ અને જો કોઈ શંકા છે તો તેને દૂર કરી દો, મતલબ આવી જ ચર્ચા અને બહશ થતી રહેતી હતી. એક વખતની એક ઘટના છે કે તેમનો કોઈ તહેવાર આવ્યો, કોમે તેમને પણ દરખાસ્ત કરી કે અમારા મેળામાં ચાલો) તો ઈબ્રાહીમ (અલૈ.)એ તારાઓને એક નજર ભરીને જોયા અને કહી આપ્યું કે હું બીમાર થવાનો છું (એટલા માટે મેળામાં નથી આવી શકતો) મતલબ કે તે લોકો (તેમનું આ કારણ સાંભળીને) તેમને છોડીને ચાલ્યા ગયા (કે ખોટી રીતે બીમારીમાં તેમને અને તેમના કારણે અન્યોને તકલીફ થશે) તો તે (એટલે કે હઝરત ઈબ્રાહીમ અલૈ.) તેમની મૂર્તિઓમાં જઈ ઘુસ્યા અને (કટાક્ષ સ્વરૂપે તેમને) કહેવા લાગ્યા, શું તમે (આ ચઢાવો-પ્રસાદ જે તમારી સામે મૂકયો છે) ખાતા નથી ? (અને) તમને શું થયું તમે બોલતા પણ નથી? પછી તેમના ઉપર જુસ્સાભેર જઈ પડયા અને મારવા લાગ્યા (અને કુહાડા વગેરેથી તેમને તોડી ફોડી નાંખ્યા) બસ (તે લોકોને જ્યારે આ બાબતની જાણ થઈ તો) તે લોકો તેમની પાસે દોડતા (ગભરાયેલા અને ગુસ્સામાં) આવ્યા અને (વાતચીત શરૂ થઈ) ઈબ્રાહીમ (અલૈ.)એ ફરમાવ્યું, શું તમે તે વસ્તુઓને પૂજો છો જેને પોતે (પોતાના હાથે) ઘડો છો ? (તો જે ખુદ તમારો મોહતાજ છે તે ખુદા કેવી રીતે બની ગયો ?) જ્યારે કે તમને અને તમારી બનાવેલી આ વસ્તુઓને (સૌને) અલ્લાહે જ પેદા કર્યા છે (બસ ઈબાદત તેની જ કરવી જોઈએ) તે લોકો જ્યારે (સંવાદમાં હારી ગયા તો ચીડાઈને પરસ્પર) કહેવા લાગ્યા, ઈબ્રાહીમ માટે એક આતશખાનું બંધાવો (અને તેમાં આગ ધગધગાવીને) તેને તે ધગધગતી આગમાં નાંખી દો, (મતલબ કે) તે લોકોએ ઈબ્રાહીમ (અલૈ.)ની સાથે બુરાઈ કરવા ઈચ્છી હતી (કે તેઓનો નાશ થઈ જાય પરંતુ) બસ અમે તેમને જ નીચા દેખાડયા (જેનો કિસ્સો સૂરએ અંબિયા અલૈ.માં આવી ચૂકયો છે).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત નૂહ (અલૈ.)ની ઘટના પછી કુર્આને કરીમે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પવિત્ર જિંદગીના બે કિસ્સાઓ વર્ણન કર્યા છે, બંને ઘટનાઓ એવી છે જેમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ માત્ર અલ્લાહ ખાતર મહાન કુર્બાનીઓ રજુ કરી, તેમાંથી પ્રથમ ઘટના જે પ્રસ્તુત આયતમાં વર્ણન કરવામાં આવી છે તે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને આગમાં નાંખવાની ઘટના છે અને તેની વિગતો સૂરએ અંબિયા (અલૈ.)માં આવી ચૂકી છે, અલબત્ત અહીંયાં જે શૈલીથી તેનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં અમુક બાબતો ખુલાસો માંગી લે છે.

اِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرٰهِيْمَ માં શબ્દ شِيْعَةٌ (શીઅતુન) અરબી ભાષામાં તે જૂથ અથવા સમૂહને કહે છે જેના વ્યક્તિઓ મૂળભૂત માન્યતાઓ અને પદ્ધતિઓમાં સમાન હોય છે અને અહીંયાં દેખીતું એ જ છે કે, شِيْعَة (શીઅહ)ની ઝમીર હઝરત નૂહ (અલૈ.) સાથે સંબંધિત છે એટલા માટે તેનો ભાવાર્થ એ થયો કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાના પુરોગામી નબી હઝરત નૂહ (અલૈ.)ના તરીકાઓ ઉપર હતા અને પાયાના દીનના સિદ્ધાંતોમાં બંનેની સંપૂર્ણ સહમતી હતી અને એ પણ શક્ય છે કે બંનેની શરીઅતો પણ સમાન અથવા એકબીજાને મળતી આવતી હોય, યાદ રહે કે અમુક ઐતિહાસિક રિવાયતો પ્રમાણે હઝરત નૂહ (અલૈ.) અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) વચ્ચે બે હજાર છસો વર્ષનું અંતર છે અને બંને વચ્ચે હઝરત હૂદ અને હઝરત સાલિહ (અલૈ.) સિવાય કોઈ અન્ય નબી નથી થયા.

(કશ્શાફ, પેજ : ૪૮, જિલ્દ : ૪)

اِذْ جَآءَ رَبَّهٗ بِقَلْبٍ سَلِيْمٍ તેનો સીધો શાબ્દિક અર્થ આ છે, "જ્યારે કે તે આવ્યા પોતાના પરવરદિગારની પાસે સાફ દિલ લઈને." અને પરવરદિગારની પાસે આવવાનો ભાવાર્થ અલ્લાહની સામે જવું, તેના તરફ ધ્યાનિત થવું, તેની ઈબાદત કરવી થાય છે. તેની સાથે "સાફ દિલ"ની શરત લગાવીને ઈશારો કરવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલાની કોઈ ઈબાદત ત્યાં સુધી સ્વીકૃત નથી કે જ્યાં સુધી ઈબાદત કરનારનું દિલ ખોટી માન્યતાઓ અને ખોટી ભાવનાઓથી પવિત્ર ન હોય, જો ગલત માન્યતાઓ સાથે કોઈ ઈબાદત કરવામાં આવે તો ભલે ઈબાદત કરવામાં તેણે કેટલીય મહેનત કરી હોય તે સ્વીકૃત નથી, એ જ પ્રમાણે જો ઈબાદત કરનારનો મૂળ હેતુ અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવાના બદલે

દેખાડો હોય અથવા કોઈ ભૌતિક ફાયદો હોય તો તે ઈબાદત પ્રશંસાપાત્ર નથી, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું અલ્લાહ તઆલાના શરણે જવું આ બધી જ ભેળસેળથી પાક હતું.

فَنَظَرَ نَظْرَةً فِي النُّجُومِ فَقَالَ اِنِّي سَقِيمٌ આ આયતોની પૃષ્ઠભૂમિ એ છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની કોમ એક ખાસ દિવસે તહેવાર ઊજવ્યા કરતી હતી, જ્યારે તે દિવસ આવ્યો તો તેમણે હઝરત હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને આમંત્રણ આપ્યું કે તમે પણ અમારી સાથે જશ્ન (મેળા)માં સામેલ થવા માટે ચાલો, મકસદ એ હતો કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એ જશ્નમાં અમારી સાથે રહેશે તો કદાચ અમારા ધર્મથી પ્રભાવિત થશે અને દીનની દા'વત છોડી દેશે. (દૂર્રે મન્સૂર અને ઈબ્ને જરીર વગેરે) પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) આ તકથી બીજો લાભ ઉઠાવવા ઈચ્છતા હતા. તેમનો ઈરાદો એ હતો કે જ્યારે બધી કોમ જશ્ન મનાવવા ચાલી જશે તો હું તેમના પૂજાસ્થળોમાં જઈને તેમની મૂર્તિઓને તોડી નાંખીશ જેથી તે લોકો પાછા આવીને પોતાના જૂઠા પૂજ્યોની લાચારી પ્રત્યક્ષ પોતાની આંખોએ નિહાળી લે, બની શકે છે કે પોતાની મૂર્તિઓની લાચારી જોઈને કોઈના દિલમાં ઈમાન પેદા થાય અને તે શિર્કથી તવબહ કરી લે. એ હેતુથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમની સાથે જવાથી ઈન્કાર કર્યો પરંતુ ઈન્કાર કરવાની રીત એવી અપનાવી કે પ્રથમ નજર ભરીને તારાઓને જોયા અને પછી કહ્યું કે "હું બીમાર છું" કોમના લોકોએ તેમને મા'ઝૂર સમજીને છોડી દીધા અને જશ્ન મનાવવા ચાલ્યા ગયા.

આ ઘટના સાથે વિવિધ તફસીરી અને ફિક્હી ચર્ચા જોડાયલી છે, અત્રે તેનો ખુલાસો રજુ કરવામાં આવે છે.

તારાઓ ઉપર દષ્ટિ નાંખવાનો હેતુ :

સૌ પ્રથમ ચર્ચા તો એ છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જવાબ દેતા પહેલાં તારાઓ ઉપર જે દષ્ટિ નાંખી તેનો હેતુ શું હતો ? અમુક લોકોએ તો એવું કહ્યું છે કે આ માત્ર એક સાંયોગિક પ્રવૃત્તિ હતી, કોઈ મહત્ત્વની વાત વિચારતી વખતે માણસ અમુક સમયે અનાયાસે આસમાન તરફ જોવા લાગે છે, જે સમયે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને જશ્નમાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવ્યું

તો તેઓ એવા વિચારમાં પડી ગયા કે આ આમંત્રણને કઈ રીતે ટાળે ? તે વિચારમાંને વિચારમાં તેમણે અનાયાસે તારાઓ તરફ જોયું અને ત્યાર પછી જવાબ આપ્યો.... તારાઓ ઉપર નજર નાંખવાનો આ ખુલાસો દેખીતી રીતે સ્પષ્ટ અને સાફ જણાય છે પરંતુ કુર્આને કરીમની શૈલી નજર સમક્ષ રાખી તેને યોગ્ય કહેવું મુશ્કેલ છે. પ્રથમ તો એટલા માટે કે કુર્આને કરીમની શૈલી એ છે કે તે ઘટનાઓના માત્ર મહત્ત્વના અને આવશ્યક વિભાગો વર્ણન કરે છે અને બિનમહત્ત્વની વિગતોને છોડી દે છે, પોતે આ જ આયતોમાં ઘટનાના કેટલાય વિભાગો સુષુપ્ત છે અહીંયાં સુધી કે તેની સમગ્ર પૃષ્ઠભૂમિ પણ વર્ણન કરવામાં આવી નથી એટલા માટે એ માનવું શક્ય નથી કે કુર્આને કરીમે ઘટનાની પૃષ્ઠભૂમિને તો લંબાણના વિચારે છોડી દીધી હોય અને એક સામાન્ય અનાયાસે થયેલ પ્રવૃત્તિ જેનો ઘટના સાથે દૂર દૂર સુધી કોઈ સંબંધ ન હતો તેના માટે પૂરી એક આયત વર્ણન કરી, બીજું જો તારાઓને જોવામાં કોઈ ખાસ હિકમત નજર સમક્ષ ન હતી બલકે આ એક અનાયાસે થયેલ પ્રવૃત્તિ હતી તો અરબી ભાષાના કાયદાની રૂએ فَنَظَرَ نَظْرَةً اِلَى النُّجُوْمِ ને બદલે فَنَظَرَ نَظْرَةً اِلَى النُّجُوْمِ કહેવું જોઈતું હતું, فِي النُّجُوْمِ નહીં.

આથી એ જાણ થઈ કે તારાઓને જોવામાં કોઈ ખાસ મસ્લિહત હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની નજર સમક્ષ હતી એટલા માટે કુર્આને કરીમે મહત્ત્વપૂર્વક તેનું વર્ણન કર્યું છે, હવે તે મસ્લિહત શું હતી તેના જવાબમાં ઘણા તફસીરકારોએ કહ્યું છે કે વાસ્તવમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની કોમ ગ્રહોના જ્યોતિષજ્ઞાન ઉપર ઘણી ફિદા હતી અને ગ્રહોને જોઈ જોઈને પોતાના કાર્યોને નિશ્ચિત કર્યા કરતી હતી. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તારાઓ તરફ જોઈને જે જવાબ આપ્યો તેનો હેતુ એ હતો કે કોમના લોકો એવું સમજે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાની બીમારી વિશે જે કંઈ કહી રહ્યા છે તે કોઈ ગપગોળો નથી, બલકે ગ્રહોની ચાલ ઉપર વિચાર કરીને કહી રહ્યા છે, જો કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતે જ્યોતિષ વિદ્યાને માનતા ન હતા પરંતુ જશનમાં સામેલગીરીથી પોતાની મુક્તિ માટે તેમણે એ રીત અપનાવી જે તેમની દષ્ટિએ વધારે ભરોસાપાત્ર હતી, જો કે પોતાની જીભથી જ્યોતિષ વિદ્યાનો કોઈ હવાલો આપ્યો નહીં, ન જ એવું કહ્યું કે તારાઓને જોવાથી મારો હેતુ જ્યોતિષ વિદ્યાની મદદ લેવાનો છે, બલકે માત્ર નજર ભરીને તારાઓને જોઈ લીધા એટલા માટે તેમાં જૂઠનું પણ કોઈ પાસું નથી.

અહીંયાં એ શંકા પણ થઈ શકે છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ પ્રવૃત્તિથી તે કાફિરોને પ્રોત્સાહન મળ્યું હશે જેઓ ન જ માત્ર જ્યોતિષ વિદ્યાની માન્યતા ધરાવતા હતા બલકે દુનિયા ઉપર ગ્રહોની અસર અને તેના પ્રભાવને સાચું માનતા હતા પરંતુ તેનો જવાબ એ છે કે પ્રોત્સાહન તો ત્યારે થયું હોત જ્યારે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પાછળથી તેમને સ્પષ્ટ રીતે તેમની ગુમરાહી ઉપર ચેતવણી આપી ન હોત. અત્રે તો આ બધી યુક્તિ જ એટલા માટે કરવામાં આવી હતી કે તેમને તવહીદનું આમંત્રણ વધુથી વધુ પ્રભાવશાળી પદ્ધતિએ આપવામાં આવે, એટલા માટે થોડા જ સમય પછી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કોમની એક એક ગુમરાહીને ખોલી ખોલીને વર્ણન કરી, માટે માત્ર આ મોઘમ પ્રવૃત્તિથી કાફિરોને પ્રોત્સાહન મળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, અત્રે મૂળ હેતુ જશનમાં સામેલ થવાથી પોતાને બાકાત રાખવાનો અને મુક્તિ મેળવવાનો હતો જેથી સત્યના આમંત્રણ માટે વધારે અસરકારક વાતાવરણ પેદા કરી શકાય, આ હેતુ માટે આ મોઘમ પદ્ધતિ અપનાવવી હિકમત ઉપર આધારિત હતું અને તેના ઉપર કોઈ વાંધો ઉઠાવવો યોગ્ય કહી શકાતો નથી.

તારાઓ તરફ જોવાની આ સ્પષ્ટતા ઘણા તફસીરકારો દ્વારા નકલ થઈ છે અને હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ પણ બયાનુલ કુર્આનમાં ઉપરોક્ત પ્રમાણેનો જ અભિપ્રાય દર્શાવો છે.

જ્યોતિષવિદ્યાનું શરીઅતમાં સ્થાન :

આ આયત હેઠળ બીજો મસ્અલો એ છે કે જ્યોતિષવિદ્યાનું શરીઅતમાં સ્થાન શું છે ? અહીંયાં ટૂંકમાં આ પ્રશ્નનો ઉત્તર રજુ કરવામાં આવે છે.

એ તો એક નક્કી બાબત છે કે અલ્લાહ તઆલાએ ચાંદ, સૂરજ અને તારાઓમાં કંઈક એવી ખાસિયતો રાખી છે જે માનવ જીવન ઉપર અસર નાંખે છે, તેમાંથી ઘણી ખાસિયતો એવી છે જેને દરેક વ્યક્તિ અનુભવી શકે છે, દાખલા તરીકે સૂર્યના નજીક અથવા દૂર જવાથી ઠંડી ગરમી પેદા થવી ચંદ્રના ઊતાર ચઢાઉથી દરિયામાં ભરતી ઓટ થવી વગેરે. અમુક લોકોનું કહેવું છે કે તે તારાઓની ખાસિયતો માત્ર એટલી જ છે જેટલી સામાન્ય અનુભવથી જાણ થાય છે અને અમુક લોકોનું કહેવું એ છે કે તે ઉપરાંત પણ તારાઓ ગ્રહોની ગતિની

કંઈક એવી ખાસિયતો હોય છે જે માનવ જીવનના ઘણા વ્યવહારો ઉપર પ્રભાવ પાડે છે, તેમના મતે એક માનવી માટે કોઈ ગ્રહના કોઈ ખાસ નક્ષત્રમાં ચાલ્યા જવું ખુશીઓ અને સફળતાનું કારણ બને છે અને કોઈના માટે ગમ અને નિષ્ફળતાનું, પછી અમુક લોકો તો આ તારાઓ ગ્રહોના જ પ્રભાવને સફળતા અને નિષ્ફળતાનું સાચું કારણ માને છે અને અમુક લોકો એવું કહે છે કે સાચી રીતે આ પ્રભાવ તો અલ્લાહ તઆલાનો જ છે પરંતુ તેણે ગ્રહો તારાઓને એવી ખાસિયતો અર્પણ કરી દીધી છે કે તેના દ્વારા દુનિયાના બીજા કાર્ય અને કારણના સંબંધની જેમ તે પણ માનવીની સફળતા અને નિષ્ફળતાનું એક કારણ હોય છે.

જ્યાં સુધી તે લોકોનો સંબંધ છે જેઓ તારાઓ અને ગ્રહોના પ્રભાવને સાચો માને છે એટલે કે એવું સમજે છે કે દુનિયાના પરિવર્તનો અને ઘટનાઓ ગ્રહો, તારાઓને જ આભારી છે, તારાઓ દુનિયાની બધી ઘટનાઓના ફેંસલા કરે છે તો નિઃશંક આવી માન્યતા ખોટી અને બાતિલ છે અને આ માન્યતા મનુષ્યને શિર્કની હદમાં પહોંચાડી દે છે, અરબના લોકો વરસાદ વિશે એવી જ માન્યતા ધરાવતા હતા કે એક ખાસ તારો જેને نوء (નોઅ્) કહેવામાં આવતો હતો, વરસાદ લઈને આવે છે અને તે વરસાદ માટેની સાચી અસર પાડવાનું સ્થાન ધરાવે છે. રસૂલે કરીમ ﷺએ આ માન્યતાનો સખત રદિયો આપ્યો જેનો ખુલાસો હદીષોમાં મોજૂદ છે.

રહ્યા તે લોકો જેઓ દુનિયાની ઘટમાળમાં સાચી અસર તો અલ્લાહ તઆલાની જ હોવાનું માને છે પરંતુ સાથે સાથે એ વાતની પણ માન્યતા ધરાવે છે કે અલ્લાહ તઆલાએ તારાઓને એવા લક્ષણો અને ખાસિયતો અર્પણ કરી છે જે કારણ સ્વરૂપે મનુષ્યની જિંદગી ઉપર પ્રભાવ પાડે છે, જે રીતે વરસાદ વરસાવનાર તો અલ્લાહ તઆલા જ છે પરંતુ તેનું જાહેર કારણ વાદળો છે એ જ રીતે બધી જ સફળતાઓ અને નિષ્ફળતાઓનો મૂળ સ્ત્રોત તો માત્ર અલ્લાહ તઆલાની ઈચ્છા જ છે પરંતુ આ ગ્રહો-તારાઓ તે સફળતા અને નિષ્ફળતાનું કારણ બને છે, બસ આ વિચાર શિર્ક નથી અને કુર્આન તથા હદીષથી આ માન્યતાનું ન તો સમર્થન કરવામાં આવે છે અને ન જ તેને રદિયો આપવામાં આવે છે એટલા માટે એ અશકય નથી કે અલ્લાહ તઆલાએ તારાઓ-ગ્રહોના ભ્રમણમાં તથા તેમના ઊગવા-આથમવામાં કોઈ એવો પ્રભાવ છોડ્યો હોય પરંતુ

તે અસરો અને પ્રભાવોનું સંશોધન કરવા માટે જ્યોતિષ વિદ્યા પ્રાપ્ત કરવી અને તેના ઉપર વિશ્વાસ મૂકવો અને તેની બીનાએ ભવિષ્ય વિશે ફેંસલાઓ કરવા દરેક રીતે સદંતર પ્રતિબંધિત અને નાજાઈઝ છે અને હદીસોમાં તેની મનાઈ આવી છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اِذَا ذُكِرَ الْقَدْرُ فَاَمْسِكُوْا وَاَذَا ذُكِرَتِ النُّجُوْمُ فَاَمْسِكُوْا وَاِذَا ذُكِرَ اَصْحَابِیْ

فَاَمْسِكُوْا (تَخْرِيْجُ اِحْيَاءِ الْعُلُوْمِ لِلْعِرَاقِیْ بِحَوَالَةِ طَبْرَانِیّ وَهُوَ حَدِيْثٌ حَسَّنَهُ الْعِرَاقِیْ)

"જ્યારે તકદીરની ચર્ચા થાય તો અટકી જાઓ (એટલે કે તેમાં વધારે ઊંડા વિચાર તથા સંશોધન કે વાદ વિવાદ અને દલીલબાજી ન કરો) અને જ્યારે તારાઓ (ગ્રહો)ની ચર્ચા થાય તો અટકી જાઓ અને જ્યારે મારા સહાબા (રદિ.)ની (એટલે કે તેમના પરસ્પરના વિવાદો વગેરેની) ચર્ચા થાય તો અટકી જાઓ."

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો ઈરશાદ છે,

تَعَلَّمُوْا مِنَ النُّجُوْمِ مَا تَهْتَدُوْنَ بِهٖ فِی الْبَرِّ وَالْبَحْرِ ثُمَّ اَمْسِكُوْا (اِحْيَاءُ عُلُوْمِ الدِّيْنِ لِلْغَزَالِیّ)

"તારાઓ (ગ્રહો)ના જ્ઞાનથી એટલું જ્ઞાન પ્રાપ્ત કરો જેના દ્વારા તમે ભૂ-ભાગ અને સમુદ્રમાં માર્ગો જાણી શકો, ત્યાર પછી અટકી જાઓ."

આ પ્રતિબંધથી તારાઓ-ગ્રહોની ખાસિયતો અને તેના પ્રભાવોનો ઈન્કાર જરૂરી નથી બનતો પરંતુ તે ખાસિયતો અને પ્રભાવોની પાછળ પડવાની અને તેના સંશોધનોમાં કિંમતી સમય બરબાદ કરવાની મનાઈ કરવામાં આવી છે, ઈમામ ગઝાલી (રહ.)એ અહ્યાઉલ ઉલૂમમાં આ બાબત ઉપર વિગતવાર ચર્ચા કરીને તેના પ્રતિબંધની વિવિધ હિકમતો બતાવી છે.

જ્યોતિષશાસ્ત્રની મનાઈ અને તે નીંદનીય હોવાની પ્રથમ હિકમત તો એ છે કે જ્યારે આ જ્ઞાનમાં માનવી ઊંડો ઊતરતો જાય છે તો અનુભવ સાક્ષી છે કે ધીરે ધીરે ગ્રહોને જ સઘળું કંઈ સમજવા લાગે છે અને આ વસ્તુ તેને ધીમે ધીમે તારાઓ અને ગ્રહોની અસરો જ સાચી હોવાના શિર્કયુક્ત અકીદહ તરફ લઈ જાય છે.

બીજી હિકમત એ છે કે જો તારાઓ–ગ્રહોમાં અલ્લાહ તઆલાએ કોઈ ખાસિયતો અને પ્રભાવ રાખ્યો પણ હોય તો તેના ચોક્કસ જ્ઞાનનો આપણી પાસે વહી સિવાય કોઈ સ્ત્રોત નથી. હઝરત ઈદ્રીસ (અલૈ.) વિશે હદીષોમાં આવે છે કે તેમને અલ્લાહ તઆલાએ આ પ્રકારનું કોઈ જ્ઞાન આપ્યું હતું પરંતુ હવે તે જ્ઞાન જેનો આધાર અલ્લાહની વહી ઉપર હતો દુનિયામાંથી ખતમ થઈ ચૂક્યું છે, હવે દુનિયાના જ્યોતિષ વિદ્યાના નિષ્ણાતો પાસે જે કંઈ છે તે માત્ર અનુમાનો, ધારણાઓ અને કલ્પનાઓ છે જેનું કોઈ ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત નથી કરી શકાતું, આ જ કારણ છે કે જ્યોતિષીઓની અસંખ્ય આગાહીઓ દરરોજ ખોટી સાબિત થતી રહે છે, કોઈએ આ વિદ્યા વિશે ઘણું સારું વિધાન કર્યું છે.

مُفِيْدُهٗ غَيْرُ مَعْلُوْمٍ وَمَعْلُوْمُهٗ غَيْرُ مُفِيْدٍ،

"આ વિદ્યાના જેટલા ભાગ લાભદાયક હોઈ શકે છે તે કોઈને ખબર નથી અને જેટલા ભાગ લોકોને ખબર છે તે લાભદાયક નથી."

અલ્લામહ આલૂસી (રહ.)એ રૂહુલ મઆનીમાં ઐતિહાસિક ઘટનાઓના એવા અનેક ઉદાહરણો રજુ કર્યા છે જેમાં જ્યોતિષવિદ્યાના સંપૂર્ણ કાયદા હેઠળ એક ઘટના જે રીતે બનવી જોઈતી હતી હકીકતમાં તેનાથી બિલકુલ ઊલટી બની, દાખલા તરીકે જે મોટા મોટા લોકોએ આ જ્ઞાનને પ્રાપ્ત કરવામાં પોતાની જિંદગીઓ ખપાવી છે તેઓ અંતે એવું કહેવા ઉપર મજબૂર થયા કે આ જ્ઞાનનું પરિણામ અનુમાનો, ધારણાઓ અને કલ્પનાઓથી વિશેષ કંઈ નથી, એક પ્રખ્યાત જ્યોતિષ કોશિયાર વયલમીએ જ્યોતિષવિદ્યા ઉપર પોતાની કિતાબ "અલ મુજમલ ફિલ અહકામ"માં લખ્યું છે,

"જ્યોતિષવિદ્યા એક દલીલવિહોણું જ્ઞાન છે અને તેમાં માનવીની કલ્પનાઓ અને ધારણાઓ માટે ઘણી સંભાવનાઓ છે."

(રૂહુલ મઆની, પેજ : ૧૧૬, જિલ્દ : ૨૩)

અલ્લામહ આલૂસી (રહ.)એ જ્યોતિષવિદ્યાના બીજા પણ અનેક વિદ્વાનોના આ પ્રકારના નિવેદનો નકલ કર્યા છે, મતલબ કે એ બાબત નિશ્ચિત છે કે જ્યોતિષવિદ્યા કોઈ ચોક્કસ જ્ઞાન નથી અને તેમાં ભૂલોની ભરમાર અને તેની અગણિત સંભાવનાઓ રહેલી છે પરંતુ બને છે એવું કે જે લોકો આ વિદ્યાની

પ્રાપ્તિમાં લાગ્યા છે તેઓ તેને બિલકુલ સાચો અને ચોક્કસ જ્ઞાનનો દરજ્જો આપી બેસે છે, તેના જ આધારે ભવિષ્યના ફેસલાઓ કરે છે એ જ કારણે અન્યો વિશે સારા ખરાબ અભિપ્રાયો બાંધે છે અને સૌથી વધીને એ કે આ વિદ્યાનું જૂઠું પોટલું અમુક સમયે માનવોને ઈલ્મે ગયૂબના દા'વાઓ સુધી પહોંચાડી દે છે અને દેખીતું છે કે તેની દરેક બાબત અસંખ્ય ફસાદો પેદા કરનારી છે.

જ્યોતિષવિદ્યાની મનાઈનું ત્રીજું કારણ એ છે કે તે મહત્ત્વની માનવ જિંદગી એક નિરર્થક લાભવિહોણા કાર્યમાં ખર્ચ કરવા સમાન છે, જ્યારે તેનું કોઈ પરિણામ વિશ્વાસપૂર્વક પ્રાપ્ત નથી કરી શકાતું તો દેખીતું છે કે દુનિયાના કાર્યમાં આ વિદ્યા બિલકુલ સહાયક નથી બની શકતી, હવે ફોગટમાં એક લાભવિહોણી વસ્તુની પાછળ પડવું ઈસ્લામી શરીઅતની રૂહ અને તેના મિઝાજ (સ્વભાવ)થી બિલકુલ વિપરીત છે એટલા માટે તેની મનાઈ કરવામાં આવી.

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની બીમારીનો ભાવાર્થ :

આ આયત વિશે ત્રીજો મસ્અલો એ છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની કોમના આમંત્રણના જવાબમાં કહ્યું, اِنِّىْ سَقِيْمٌ (હું બીમાર છું) તો શું હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તે સમયે ખરેખર બીમાર હતા ? કુર્આને કરીમે તેના વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી પરંતુ સહીહ બુખારીની એક હદીષથી જાણ થાય છે કે તેઓ તે સમયે એવા બીમાર ન હતા કે કોમની સાથે જઈ ન શકે એટલા માટે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ વાત કઈ રીતે કરી ?

તેનો જવાબ જમહૂર મુફસ્સિરોના મતે એ છે કે વાસ્તવમાં આ શબ્દો દ્વારા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ تَوْرِيَة (તોરિયા–Equivocation) "દ્વિઅર્થી મોઘમ ભાષા પ્રયોગ" કર્યો હતો, تَوْرِيَة (તોરિયા)નો ભાવાર્થ એ છે કે કોઈ એવી વાત કહેવી જે દેખીતી રીતે ઘટનાથી વિપરીત હોય પરંતુ કહેનારનો તેનાથી કોઈ એવો દૂરનો ભાવાર્થ લેવો હોય છે જે ઘટના પ્રમાણે બંધ બેસતો હોય. અહીંયાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જે વાક્ય કહ્યું તેનો દેખીતો ભાવાર્થ તો એ જ છે કે "હું અત્યારે બીમાર" છું પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કહેવાનો મૂળ ભાવાર્થ એવો ન હતો, હવે મૂળ ભાવાર્થ શું હતો તેના વિશે તફસીરકારોએ વિવિધ અભિપ્રાયો રજુ કર્યા છે, અમુકે કહ્યું છે કે તેનાથી તેમનો હેતુ સ્વાભાવિક સૂગ હતી

જે તેમને પોતાની કોમની શિર્કયુક્ત પ્રવૃત્તિઓ જોઈ જોઈને પેદા થતી રહેતી હતી, તેનું સમર્થન એ બાબતથી પણ થાય છે કે અહીંયાં سَقِيم (સકીમ)નો શબ્દ વાપરવામાં આવ્યો જે مَرِيض (મરીઝ) "બીમાર"ના મુકાબલામાં ઘણો હલકો શબ્દ છે અને તેનો ભાવાર્થ ગુજરાતીમાં એ રીતે કરી શકાય છે કે "મારી તબિયત ઠીક નથી." દેખીતું છે કે આ વાક્યમાં સ્વાભાવિક સૂગના ભાવાર્થની પણ પૂરી સંભાવના રહેલી છે અને અમુક લોકોએ કહ્યું કે, اِنِّى سَقِيمٌ (ઈન્ની સકીમ)થી ઈબ્રાહીમ (અલૈ.)નો મકસદ એ હતો કે "હું બીમાર થવાનો છું." એટલા માટે અરબી ભાષામાં કર્તાનું વિધાન મોટે ભાગે ભવિષ્યકાળ માટે ઉપયોગ થાય છે, કુર્આને કરીમમાં જ રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ઈરશાદ થયો છે, اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَيِّتُوْنَ તેનાથી દેખીતું છે કે આ શબ્દોનો અનુવાદ એવો પણ થઈ શકે છે કે "તમે પણ મૃત છો અને તે પણ મૃત છે" પરંતુ દેખીતું છે કે અહીંયાં ભાવાર્થ એ છે કે "તમે પણ મરવાના છો અને હું પણ મરવાનો છું." એ જ પ્રમાણે اِنِّى سَقِيمٌ (ઈન્ની સકીમ)નો ભાવાર્થ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ એ લીધો હતો કે હું બીમાર થવાનો છું અને આવું એટલા માટે કહ્યું કે મોત પહેલાં પહેલાં દરેક વ્યક્તિનું બીમાર થવું નિશ્ચિત છે, જો કોઈને જાહેર બીમારી ન હોય તો પણ મોતની થોડી ક્ષણો પહેલાં મનુષ્યની તબિયતમાં અવશ્ય (માનસિક કે શારીરિક) સંતાપ ઊભો થાય છે.

જો કોઈના દિલને આ ખુલાસાઓથી સંતોષ ન થાય તો તેનો સૌથી ઉત્તમ ઈલાજ એવો અભિપ્રાય છે કે કદાચ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની તબિયત તે સમયે ખરેખર થોડી ખરાબ હતી પરંતુ બીમારી એવી ન હતી કે જેનાથી મેળામાં સામેલ ન થઈ શકે એટલા માટે પોતાની મા'મૂલી ખરાબ તબિયતનું વર્ણન એવી રીતે કર્યું જેનાથી સાંભળનાર એવું સમજે કે તેમને કોઈ વધારે બીમારી થઈ છે જેના કારણે તેઓ ખરેખર અમારી સાથે આવી શકતા નથી, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના تَوْرِيَة (તોરિયા)નો આ ખુલાસો સૌથી વધારે યોગ્ય અને સંતોષકારક છે.

આ ખુલાસાથી એવું પણ સ્પષ્ટ થઈ જાય છે કે સહીહ બુખારીની એક હદીષમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના اِنِّى سَقِيمٌ (ઈન્ની સકીમ) કહેવા માટે જે كَذِبَة (કઝિબહ) "જૂઠ"ના શબ્દોનો ઉપયોગ થયો છે તેનો ભાવાર્થ تَوْرِيَة

(તોરિયા) છે, જેનું જાહેર સ્વરૂપ જૂઠ હોય છે પરંતુ કહેનારના કહેવાના ભાવાર્થ પ્રમાણે તે જૂઠ હોતું નથી, પોતે આ જ હદીષની અમુક રિવાયતોમાં આ શબ્દો પણ આવે છે.

مَا مِنْهَا كَذِبَةٌ اِلَّا مَا حَلَّ بِهَا عَنْ دِيْنِ اللّٰهِ،

"તેમાંથી કોઈ જૂઠ એવું નથી જે અલ્લાહના દીનના બચાવ અને હિમાયત (સમર્થન)માં ન બોલવામાં આવ્યું હોય."

આ શબ્દોએ પોતે એ સ્પષ્ટ કરી દીધું છે કે અહીંયાં كِـــــذْبٌ (કિઝ્બ) પોતાના સામાન્ય અર્થથી અલગ ભાવાર્થ ધરાવે છે, આ હદીષ સંબંધિત વિગતવાર ચર્ચા સૂરએ અંબિયાની આયત قَالَ بَلْ فَعَلَهُ كَبِيْرُهُمْ (૨૧:૬૩) હેઠળ પસાર થઈ ચૂકી છે.

تَـوْرِيَــه (તોરીયા–Equivocation) "દ્વિઅર્થી મોઘમ ભાષા પ્રયોગ"નો શરઈ હુકમ :

આ જ આયતોથી એ મસ્અલો પણ નીકળે છે કે આવશ્યકતાના સમયે (કોઈ નિર્દોષ અને બેગુનાહ વ્યક્તિને નુકસાન પહોંચાડવાનો ઈરાદો ન હોય તો) "તોરીયા" કરવો જાઈઝ છે, "તોરીયા" એક તો મૌખિક રીતે હોય છે એટલે કે એવી વાત કહેવી જેનો જાહેર અર્થ ઘટનાથી વિપરીત હોય અને તેનો ગુપ્ત અર્થ ઘટના પ્રમાણે હોય અને એક "તોરીયા" અમલની રૂએ હોય છે, એટલે કે એવો અમલ કરવો જેનો મકસદ જોનારાઓ કંઈ સમજે અને વાસ્તવમાં તેનો હેતુ કંઈક બીજો જ હોય જેને اِيْهَـــــام (ઈહામ) પણ કહે છે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું તારાઓને જોવું (ઘણા તફસીરકારોના મત પ્રમાણે) "ઈહામ" હતું અને પોતાને બીમાર કહેવું "તોરીયા" હતું.

આવશ્યકતાના સમયે તોરીયાના આ બંને પ્રકારો પોતે સરકારે દો આલમ ﷺથી પણ સાબિત છે, જે સમયે આપ ﷺ હિજરત માટે જતા હતા અને મુશ્રિકો આપ ﷺની શોધખોળમાં લાગ્યા હતા તો માર્ગમાં એક વ્યક્તિએ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને રસૂલે કરીમ ﷺ વિશે પૂછ્યું કે આ કોણ છે? હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ જવાબ આપ્યો, هُوَهَادٍ يَهْدِيْنِى (તેઓ મારા

માર્ગદર્શક છે, મને માર્ગ બતાવે છે). સાંભળનારો એવું સમજ્યો કે તે સામાન્ય માર્ગ બતાવનાર ભોમિયો છે એટલા માટે તેમને છોડીને ચાલ્યો ગયો, જ્યારે કે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)નો મકસદ એવો હતો કે આપ ﷺ તેમના દીની અને આધ્યાત્મિક માર્ગદર્શક છે. *(રૂહુલ મઆની)*

આ જ પ્રમાણે હઝરત કઅ્બ બિન માલિક (રહ.) ફરમાવે છે, રસૂલે કરીમ ﷺને જિહાદ માટે જે દિશાએ જવાનું હોય ત્યારે મદીના તય્યિબહથી નીકળવાના સમયે તે દિશામાં રવાના થવાના બદલે કોઈ બીજી દિશાએ કૂચ કરવાનું શરૂ કરતા હતા જેથી જોનારાઓને સાચી મંઝિલની જાણ ન થઈ શકે, (સહીહ મુસ્લિમ વગેરે) આ અમલી તોરીયા અને ઇંહામ હતો.

હળવાશની પળોમાં અને આનંદના હળવા પ્રસંગોએ પણ રસૂલે કરીમ ﷺથી તોરીયા સાબિત છે, શમાઇલે તિરમિઝીમાં રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ એક વૃદ્ધ સ્ત્રીને હળવી નિર્દોષ મજાક કરતા કહ્યું, "કોઈ વૃદ્ધા જન્નતમાં જશે નહીં." તે વૃદ્ધ સ્ત્રી આ સાંભળીને ઘણી પરેશાન થઈ તો આપ ﷺએ ખુલાસો કર્યો કે વૃદ્ધાઓને જન્નતમાં ન જવાનો અર્થ એ છે કે તે વૃદ્ધાવસ્થાની પરિસ્થિતિમાં જન્નતમાં જશે નહીં, હા ! યુવાન બનીને જશે.

ત્યાર પછીની આયતનો ભાવાર્થ તફસીરના ખુલાસામાં સ્પષ્ટ છે અને ઘટનાની વિગતો સૂરએ અંબિયા (અલૈ.)માં પસાર થઈ ચૂકી છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૯૯ થી ૧૧૩)

وَقَالَ إِنِّي ذَاهِبٌ إِلَىٰ رَبِّي سَيَهْدِينِ ﴿٩٩﴾ رَبِّ هَبْ لِي مِنَ الصَّالِحِينَ ﴿١٠٠﴾ فَبَشَّرْنَاهُ
بِغُلَامٍ حَلِيمٍ ﴿١٠١﴾ فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْيَ قَالَ يَا بُنَيَّ إِنِّي أَرَىٰ فِي الْمَنَامِ أَنِّي أَذْبَحُكَ فَانْظُرْ
مَاذَا تَرَىٰ ۚ قَالَ يَا أَبَتِ افْعَلْ مَا تُؤْمَرُ ۖ سَتَجِدُنِي إِنْ شَاءَ اللَّهُ مِنَ الصَّابِرِينَ ﴿١٠٢﴾
فَلَمَّا أَسْلَمَا وَتَلَّهُ لِلْجَبِينِ ﴿١٠٣﴾ وَنَادَيْنَاهُ أَنْ يَا إِبْرَاهِيمُ ﴿١٠٤﴾ قَدْ صَدَّقْتَ الرُّؤْيَا ۚ إِنَّا
كَذَٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿١٠٥﴾ إِنَّ هَٰذَا لَهُوَ الْبَلَاءُ الْمُبِينُ ﴿١٠٦﴾ وَفَدَيْنَاهُ بِذِبْحٍ
عَظِيمٍ ﴿١٠٧﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْآخِرِينَ ﴿١٠٨﴾ سَلَامٌ عَلَىٰ إِبْرَاهِيمَ ﴿١٠٩﴾ كَذَٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿١١٠﴾

إِنَّهُۥ مِنْ عِبَادِنَا ٱلْمُؤْمِنِينَ ﴿١١١﴾ وَبَشَّرْنَٰهُ بِإِسْحَٰقَ نَبِيًّا مِّنَ ٱلصَّٰلِحِينَ ﴿١١٢﴾ وَبَٰرَكْنَا عَلَيْهِ وَعَلَىٰٓ إِسْحَٰقَ ۚ وَمِن ذُرِّيَّتِهِمَا مُحْسِنٌ وَظَالِمٌ لِّنَفْسِهِۦ مُبِينٌ ﴿١١٣﴾

તરજુમો :

અને (ઈબ્રાહીમ અલૈ.) બોલ્યા, હું મારા પરવરદિગારની પાસે જાઉં છું તે જ મને માર્ગ બતાવશે. (૯૯) હે પરવરદિગાર ! મને કોઈ નેક દિકરો અર્પણ કર ! (૧૦૦) પછી અમે તેમને એક પુત્રની ખુશખબરી આપી જે સહનશીલ હશે. (૧૦૧) પછી જ્યારે તેની સાથે દોડવા(ની વયે) પહોંચ્યો, કહ્યું; હે દિકરા ! હું સ્વપ્નમાં જોઉં છું કે તને ઝબહ કરું છું, પછી જો તો તું શું જુએ (મત ધરાવે) છે ? (પુત્રએ) કહ્યું, હે બાપ ! કરી નાંખો જે કંઈ તમને હુકમ થાય છે, જો અલ્લાહે ઈચ્છયું તો તમે મને સબ્ર કરનારાઓ (સહનશીલ) માંહેનો પામશો. (૧૦૨) પછી જ્યારે બંનેએ (અલ્લાહનો) હુકમ માન્યો અને તેને માથાભેર (ઊંધો) રાખ્યો. (૧૦૩) અને અમે તેને પોકાર્યો એ રીતે કે હે ઈબ્રાહીમ ! (૧૦૪) અલબત્ત, તેં તારું સ્વપ્ન સાચું કરી દેખાડ્યું, અમે આ રીતે નેકીવાળાઓને બદલો આપીએ છીએ. (૧૦૫) બેશક ! આ જ છે ખુલ્લી કસોટી. (૧૦૬) અને અમે તેના બદલે એક મોટું જાનવર ઝબહ કરવા માટે આપ્યું. (૧૦૭) અને અમે તેના ઉપર પાછળથી આવનાર લોકોને બાકી રાખ્યા. (૧૦૮) કે સલામ છે ઈબ્રાહીમ (અલૈ.) ઉપર. (૧૦૯) અમે આ રીતે નેકી કરનારાઓને બદલો આપીએ છીએ. (૧૧૦) તે અમારા ઈમાનવાળા બંદાઓમાંનો છે. (૧૧૧) અને અમે તેને ઈસ્હાક (અલૈ.)ની ખુશખબરી આપી જે નેકબખ્ત નબીઓમાંના હશે. (૧૧૨) અને અમે તેના ઉપર અને ઈસ્હાક (અલૈ.) ઉપર બરકત આપી અને બંનેના વંશજોમાં નેકીઓવાળા અને (અમુક) પોતાના હકમાં ખુલ્લા જાલિમો (દુષ્ટો) પણ છે. (૧૧૩)

તફસીર :

અને ઈબ્રાહીમ (અલૈ. જ્યારે તે લોકોના ઈમાન લાવવાથી નિરાશ થઈ ગયા તો) કહેવા લાગ્યા કે હું તો (તમારાથી હિજરત કરીને) પોતાના

પરવરદિગાર(ના કોઈ માર્ગ) તરફ ચાલ્યો જાઉં છું, તે મને (સારા ઠેકાણે) પહોંચાડી જ આપશે (એટલા માટે સિરીયા જઈ પહોંચ્યા અને આ દુઆ કરી કે) હે મારા પરવરદિગાર ! મને એક નેક પુત્ર આપ, બસ અમે તેને એક સહનશીલ પુત્રની ખુશખબરી આપી (અને તે પુત્ર પેદા થયો અને મોટો થયો), બસ જ્યારે તે પુત્ર એવી ઉંમરે પહોંચ્યો કે ઈબ્રાહીમ (અલૈ.)ની સાથે ચાલવા ફરવા લાગ્યો તો ઈબ્રાહીમ (અલૈ.)એ (એક સ્વપ્ન જોયું કે હું આ પુત્રને અલ્લાહના હુકમથી ઝબહ કરી રહ્યો છું અને એવું સાબિત નથી કે ગળું કપાયેલું જોયું અથવા નહીં, મતલબ કે આંખ ખુલી તો તેને અલ્લાહ તઆલાનો હુકમ સમજ્યો, અંબિયા અલૈ.નું સ્વપ્ન પણ વહી હોય છે એ કારણે તે હુકમનું પાલન કરવા તૈયાર થઈ ગયા, પછી એવું વિચારીને કે અલ્લાહ જાણે મારો પુત્ર તેના વિશે શું મત ધરાવે છે? તેને ખબર કરવી જરૂરી સમજી એટલા માટે તેને) કહ્યું કે બેટા ! હું જોઉં છું કે હું તને (અલ્લાહના હુકમથી) ઝબહ કરી રહ્યો છું, બસ તમે પણ વિચારી લો, તમારો શું મત છે ? તેઓ બોલ્યા, અબ્બાજાન ! (તેમાં મને પૂછવાની શું જરૂરત છે? જ્યારે તમને અલ્લાહ તઆલા તરફથી હુકમ કરવામાં આવ્યો છે તો) તમને જે હુકમ થયો છે તમે (તાત્કાલિક) પૂરો કરો, ઈન્શાઅલ્લાહ ! તમે મને સહન કરનારાઓમાંથી પામશો, મતલબ કે જ્યારે બંનેએ (અલ્લાહના હુકમનો) સ્વીકાર કરી લીધો અને પિતાએ પુત્રને (ઝબહ કરવા માટે) એક પડખે સુવડાવી દીધો અને (એવું ઈચ્છયું કે ગળું કાપી નાંખે અને તે જ સમયે) અમે તેમને અવાજ આપ્યો કે હે ઈબ્રાહીમ ! (અલૈ. ધન્ય છે) તમે સ્વપ્નને બિલકુલ સાચું કરી બતાવ્યું (એટલે કે જે સ્વપ્નમાં હુકમ થયો હતો પોતાના તરફથી તેના ઉપર સંપૂર્ણ અમલ કર્યો, હવે અમે તે હુકમને રદ કરીએ છીએ બસ તેમને છોડી દો, મતલબ કે પુત્રને છોડી દીધા અને તેમનો પ્રાણ બચી ગયો અને તેમના વિશેષ દરજ્જાઓ ઊંચા કરવામાં આવ્યા) અમે નિખાલસ લોકોને આવો જ બદલો આપ્યા કરીએ છીએ (કે બંને દુનિયાની રાહતો તેમને અર્પણ કરીએ છીએ) વાસ્તવમાં આ અમારી મોટી કસોટી હતી (જેને સંપૂર્ણ નિખાલસ વ્યક્તિ સિવાય બીજો સહન નથી કરી શકતો તો અમે આવી કસોટીમાં તેમને ખરા ઊતરવા ઉપર બદલો પણ ઘણો ભારે આપ્યો અને તેમાં જે રીતે હઝરત ઈબ્રાહીમ અલૈ.ની કસોટી હતી એ જ પ્રમાણે હઝરત ઈસ્માઈલ અલૈ.ની પણ કસોટી હતી, માટે તેઓ આ બદલામાં ભાગીદાર

થશે) અને અમે એક મોટું (જાનવર) ઝબહ થનારું તેના બદલે આપ્યું (કે ઈબ્રાહીમ અલૈ. દ્વારા તેને ઝબહ કરાવવામાં આવ્યું) અને અમે પાછળથી આવનાર લોકોમાં આ વાત તેમના માટે બાકી રહેવા દીધી કે ઈબ્રાહીમ (અલૈ.) ઉપર સલામ થાય (એટલા માટે તેમના નામની સાથે આજદિન સુધી "અલૈહિસ્સલામ" કહેવામાં આવી રહ્યું છે) અમે નિખાલસ લોકોને આવો જ બદલો આપીએ છીએ (કે તેમને લોકોની દુઆઓ અને સલામતીની ખુશખબરીઓનું કેન્દ્ર બનાવી આપીએ છીએ) બેશક ! તે અમારા ઈમાનદાર બંદાઓ માંહેના હતા અને અમે (એક ઈનામ તેમના ઉપર એ કર્યું કે) તેમને ઈસ્હાક (અલૈ.)ની ખુશખબરી આપી કે (તેઓ) નબી અને નેકબખ્તોમાંથી હશે અને અમે ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્હાક (અલૈ.) ઉપર બરકતો નાઝિલ કરી (આ બરકતોમાંથી એક આ છે કે તેમનો વંશ ઘણો ફેલાયો અને તેમના વંશમાં ઘણા અંબિયા અલૈ. પેદા થયા) અને (પછી આગળ) તે બંનેના વંશમાં અમુક સારા પણ છે અને અમુક એવા પણ છે જે (બુરાઈઓ કરીને) પોતાનું ખુલ્લું નુકસાન કરી રહ્યા છે.

મસ્અલા અને બોધપાઠ :

પુત્રની કુરબાનીની ઘટના :

આ આયતોમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પવિત્ર જિંદગીનો એક બીજો મહત્ત્વનો પ્રસંગ વર્ણન કરવામાં આવ્યો છે જેમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહ તઆલા માટે પોતાના એકમાત્ર પુત્રની કુરબાની રજુ કરી. ઘટનામાં પાયાના વિભાગો તફસીરના ખુલાસાથી સ્પષ્ટ થઈ જાય છે, અમુક ઐતિહાસિક વિગતો આયતોની તફસીર સ્વરૂપે અત્રે લખવામાં આવે છે.

وَقَالَ اِنِّىْ ذَاهِبٌ اِلٰى رَبِّىْ (અને ઈબ્રાહીમ અલૈ. કહેવા લાગ્યા કે હું તો પોતાના પરવરદિગાર તરફ ચાલ્યો જાઉં છું) આ વાત હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તે સમયે કહી જ્યારે કે તેઓ પોતાના વતનવાળાઓથી બિલકુલ નિરાશ થઈ ગયા અને ત્યાં પોતાના ભાણેજ હઝરત લૂત (અલૈ.) સિવાય કોઈ તેમના ઉપર ઈમાન લાવ્યું નહીં. "પરવરદિગાર તરફ ચાલ્યા જવા"નો ભાવાર્થ એ છે કે હું દારુલ કુફ્રને છોડીને કોઈ એવા સ્થળે ચાલ્યો જઈશ જ્યાં જવાનો મને

પોતાના પરવરદિગાર તરફથી હુકમ થયો છે અને જ્યાં હું પોતાના પરવરદિગારની ઈબાદત કરી શકીશ, એટલા માટે તેઓ પોતાની પવિત્ર પત્ની હઝરત સારહ (રદિ.) અને પોતાના ભાણેજ હઝરત લૂત (અલૈ.)ને લઈને સફર ઉપર રવાના થયા તથા ઈરાકના વિવિધ પ્રદેશોએ થઈને અંતે સિરીયા પહોંચ્યા અને આ સમગ્ર મુદ્દતમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને કોઈ સંતાન થયું ન હતું એટલા માટે તેમણે તે દુઆ કરી જેનું આગલી આયતમાં વર્ણન છે.

رَبِّ هَبْ لِىْ مِنَ الصّٰلِحِيْنَ (હે મારા પરવરદિગાર ! મને એક નેક પુત્ર અર્પણ કર) માટે તેમની આ દુઆ કબૂલ થઈ અને અલ્લાહ તઆલાએ તેમને એક પુત્રના જન્મની ખુશખબરી સંભળાવી.

فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِيْمٍ (બસ અમે તેમને એક સહનશીલ પુત્રની ખુશખબરી આપી) حَلِيْمُ الْمِزَاجِ (હલીમુલ મિઝાજ) કહીને ઈશારો કરવામાં આવ્યો કે તે નવજાત શીશુ પોતાની જિંદગીમાં એવી સબર અને સહનશીલતાનું દ્દષ્ટાંત રજુ કરશે કે દુનિયા તેનું ઉદાહરણ રજુ નહીં કરી શકે. આ પુત્રના જન્મની ઘટના એમ બની કે જ્યારે હઝરત સારહ (રદિ.)એ જોયું કે મને કોઈ અવલાદ થતી નથી તો તેઓ સમજ્યા કે હું વાંઝણી થઈ ચૂકી છું, આ બાજુ મિસ્રના ફિરઔને હઝરત સારહ (રદિ.)ને પોતાની પુત્રી જેનું નામ હાજરા (રદિ.) હતું સેવા માટે આપી હતી, હઝરત સારહ (રદિ.)એ આ જ હાજરા (રદિ.) હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અર્પણ કરી અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમની સાથે નિકાહ કરી લીધા. આ જ હાજરા (રદિ.)ના પેટે આ પુત્ર પેદા થયા અને તેમનું નામ ઈસ્માઈલ (અલૈ.) રાખવામાં આવ્યું.

فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْىَ قَالَ يٰبُنَىَّ اِنِّىْٓ اَرٰى فِى الْمَنَامِ اَنِّىْٓ اَذْبَحُكَ (બસ જ્યારે તે ફરજંદ એવી વયે પહોંચ્યા કે ઈબ્રાહીમ અલૈ. સાથે ચલવા ફરવા લાગ્યા તો ઈબ્રાહીમ અલૈ.એ કહ્યું કે બેટા ! હું સ્વપ્નમાં જોઉં છું કે તમને ઝબહ કરી રહ્યો છું.)

અમુક રિવાયતોમાં છે કે આ સ્વપ્ન હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને ત્રણ વખતે સતત બતાવવામાં આવ્યું. (કુર્તુબી) અને એ વાત નિશ્ચિત છે કે અંબિયા (અલૈ.)ના સ્વપ્નો વહી હોય છે એટલા માટે આ સ્વપ્નનો અર્થ એ હતો કે અલ્લાહ તઆલા તરફથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને હુકમ થયો છે કે પોતાના

એકમાત્ર પુત્રને ઝબહ કરો. આ હુકમ સીધે સીધો કોઈ ફરિશ્તા દ્વારા પણ નાઝિલ કરી શકાતો હતો પરંતુ સ્વપ્નમાં બતાવવાની હિકમત દેખીતી રીતે એ હતી કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું આજ્ઞાપાલન પોતાની પરાકાષ્ઠાએ જાહેર થાય. સ્વપ્ન દ્વારા આપવામાં આવેલ હુકમમાં માનવ મહેચ્છાઓ માટે તા'વીલો અને ખુલાસાઓ કરવાની ઘણી બધી સંભાવનાઓ હતી પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તે તા'વીલોનો માર્ગ અપનાવવાના બદલે અલ્લાહ તઆલાના હુકમ સામે પોતાનું સંપૂર્ણ આત્મસમર્પણ કરી દીધું. *(તફસીરે કબીર)*

તદુપરાંત અહીંયાં અલ્લાહ તઆલાના હુકમનો મૂળ હેતુ ન તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને ઝબહ કરાવવાનો હતો અને ન જ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને એ હુકમ આપવાનો હતો કે તેમને ઝબહ કરી જ નાંખો, બલકે આ હુકમ આપવા પાછળનો હેતુ એ હતો કે પોતાના તરફથી તેમને ઝબહ કરવાની સમગ્ર તૈયારી કરીને તેમને ઝબહ કરવાની પ્રવૃત્તિ કરી ચૂકો, હવે આ હુકમ જો મૌખિક આપવામાં આવ્યો હોત તો તેમાં કસોટી ન હતી એટલા માટે તેમને સ્વપ્નમાં બતાવવામાં આવ્યું કે તેઓ દિકરાને ઝબહ કરી રહ્યા છે, તેનાથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એવું સમજ્યા કે ઝબહ કરવાનો હુકમ થયો છે અને તે સંપૂર્ણ રીતે ઝબહ કરવા તૈયાર થઈ ગયા. આ રીતે કસોટી પણ પૂરી થઈ ગઈ અને સ્વપ્ન પણ સાચું થઈ ગયું, આ વાત મૌખિક હુકમ દ્વારા આવી હોત તો યા તો કસોટી ન હોત અથવા હુકમ પછી રદ કરવો પડ્યો હોત, આ પરીક્ષા કેટલી કઠોર હતી તેના તરફ ઈશારો કરવા માટે અહીંયાં અલ્લાહે فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْيَ ના શબ્દો વધાર્યા છે, એટલે કે ખૂબ અરમાનો, આકાંક્ષાઓથી માંગેલ તે પુત્રને કુરબાન કરવાનો હુકમ તે સમયે આપવામાં આવ્યો હતો જ્યારે કે આ પુત્ર પોતાના પિતા સાથે ચાલવા ફરવા યોગ્ય બની ગયો હતો અને પાલન પોષણની તકલીફો વેઠ્યા પછી હવે સમય આવ્યો હતો કે તે પોતાના બાવડાંનું બળ અને બાપનો સહારો સાબિત થાય. તફસીરકારોએ લખ્યું છે કે તે સમયે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની ઉંમર ૧૩ વર્ષની હતી અને અમુક તફસીરકારોએ કહ્યું છે કે બાલિગ થઈ ચૂક્યા હતા. *(તફસીરે મઝહરી)*

فَانْظُرْ مَاذَا تَرٰى (બસ તમે પણ વિચારી લો કે તમારો શું અભિપ્રાય છે ?) હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ વાત હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને એટલા માટે

પૂછી ન હતી કે તેમને અલ્લાહ તઆલાના હુકમ ઉપર અમલ કરવામાં કોઈ ખચકાટ હતો, બલકે એક તો તેઓ પોતાના પુત્રની પરીક્ષા લેવા ઈચ્છતા હતા કે તે આ કસોટીમાં કેટલી હદે પૂરા ઊતરે છે, બીજું અંબિયા (અલૈ.)ની રીતભાત હંમેશા એ રહી છે કે તેઓ અલ્લાહ તઆલાના હુકમના આજ્ઞાપાલન માટે તો હંમેશા તૈયાર રહે છે પરંતુ આજ્ઞાપાલન માટે હંમેશા માર્ગ એવો અપનાવે છે જે હિકમત અને શક્ય હોય ત્યાં સુધી સહૂલત ઉપર આધારિત હોય, જો હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પહેલેથી કશું કહ્યા વિના પુત્રને ઝબહ કરવા માંડયા હોત તો આ ઘટના બંને માટે મુશ્કેલીનું કારણ બની હોત, હવે આ વાત તેમણે મશ્વેરાના અંદાજમાં પુત્રને એટલા માટે કહી કે દિકરાને પ્રથમથી અલ્લાહ તઆલાનો હુકમ જાણ થઈ જશે તો તે ઝબહ થવાની તકલીફ વેઠવા માટે પ્રથમથી તૈયાર થઈ શકશે, વળી જો પુત્રના દિલમાં કોઈ શંકા કુશંકા થાય તો પણ તેને સમજાવી શકાશે. (રૂહુલ મઆની અને બયાનુલ કુર્આન) પરંતુ આ દિકરો પણ અલ્લાહના ખલીલ (અલૈ.)નો દિકરો હતો અને તેમને પોતે પણ રિસાલતના હોદ્દા ઉપર આરૂઢ થવાનું હતું એટલા માટે જવાબમાં કહ્યું,

يَـٰٓأَبَتِ ٱفْعَلْ مَا تُؤْمَرُ (અબ્બાજાન ! જે વાતનો તમને હુકમ આપવામાં આવ્યો છે તેને કરી નાંખો) આ જવાબથી હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના અદ્વિતિય બલિદાનની ભાવનાની સાક્ષી તો મળે જ છે તદુપરાંત એ પણ જાણ થાય છે કે કિશોરાવસ્થામાં જ અલ્લાહ તઆલાએ તેમને કેવી સમજ અને કેવું જ્ઞાન અર્પણ કર્યું હતું ! હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમની સામે અલ્લાહના કોઈ હુકમનો હવાલો આપ્યો ન હતો, બલકે એક સ્વપ્નનું વર્ણન કર્યું હતું પરંતુ હઝરત ઈસ્માઈલ (અલૈ.) સમજી ગયા કે અંબિયા (અલૈ.)ના સ્વપ્ન વહી હોય છે અને આ સ્વપ્ન પણ વાસ્તવમાં અલ્લાહના હુકમનું એક સ્વરૂપ જ હોય છે એટલા માટે તેમણે જવાબમાં સ્વપ્નના બદલે અલ્લાહ તઆલાના હુકમનું વર્ણન કર્યું.

"વહીએ ગેરમત્લુ" (Revelation Not Recited)ની સાબિતી :

અત્રે હદીષના ઈન્કારીઓનો સ્પષ્ટ રદિયો થઈ જાય છે જેઓ "વહીએ ગેરમત્લુ"ના અસ્તિત્વને નથી માનતા અને કહે છે કે વહી માત્ર તે છે જે આસમાની કિતાબમાં નાઝિલ કરવામાં આવી તે સિવાય વહીનો કોઈ બીજો પ્રકાર મોજૂદ નથી, તમે વાંચ્યું કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પુત્રની કુરબાનીનો હુકમ

સ્વપ્ન દ્વારા આપવામાં આવ્યો અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ સ્પષ્ટ શબ્દોમાં તેને અલ્લાહ તઆલાનો હુકમ ઠરાવ્યો, જો "વહીએ ગેરમત્લુ" કોઈ વસ્તુ જ નથી તો આ હુકમ કઈ આસમાની કિતાબમાં ઊતાર્યો હતો ?

سَتَجِدُنِيٓ إِن شَآءَ ٱللَّهُ مِنَ ٱلصَّٰبِرِينَ (ઈન્શાઅલ્લાહ ! તમે મને ધૈર્ય દાખવનારાઓમાંથી પામશો). આ વાક્યમાં હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની સભ્યતા, શિષ્ટાચાર અને વિનમ્રતાને જુઓ, એક તો "ઈન્શાઅલ્લાહ !" કહીને મા'મલો અલ્લાહ તઆલાના હવાલે કરી દીધો અને તે વાયદામાં દા'વાનું જે જાહેર સ્વરૂપ ઉપસ્થિત થઈ શકતું હતું તેને ખતમ કરી દીધું, બીજું તેઓ એવું પણ કહી શકતા હતા કે "તમે ઈન્શાઅલ્લાહ મને સબ્ર કરનારો પામશો." પરંતુ તેના બદલે તેમણે કહ્યું કે "તમે મને સબ્ર કરનારાઓમાંથી પામશો." જેનાથી એ વાત તરફ ઈશારો કર્યો કે આ ધૈર્ય અને ધીરજ એકમાત્ર મારી વિશિષ્ટતા નથી બલકે દુનિયામાં અન્ય બીજા પણ ઘણા બધા સબ્ર કરનારા થયા છે, ઈન્શાઅલ્લાહ ! હું પણ તેમનામાં સામેલ થઈ જઈશ. આ રીતે તેમણે આ વાક્યમાં ગર્વ, મિથ્યાભિમાન કે હુંપણા અને બડાઈના દરેક નાનામાં નાના સ્વરૂપને પણ સમાપ્ત કરીને તેમાં અંતિમ કક્ષાની વિનમ્રતા બતાવી. (રૂહુલ મઆની) આનાથી એ બોધપાઠ મળે છે કે મનુષ્યએ કોઈ મા'મલામાં પોતાના ઉપર ભલે ગમે એટલો ભરોસો હોય પરંતુ તેના એવા મોટા મોટા દા'વા ન કરવા જોઈએ જેનાથી અભિમાન અને ઘમંડ ટપકતો હોય, જો ક્યાંક કોઈ એવી વાત કહેવાની આવશ્યકતા ઊભી થાય તો શબ્દોમાં એવી વિનમ્રતા હોવી જોઈએ કે તેમાં પોતાના બદલે અલ્લાહ તઆલા ઉપર ભરોસાની જાહેરાત થાય અને જે મર્યાદા સુધી શક્ય હોય વિનમ્રતાના પાલવને ન છોડવો જોઈએ.

فَلَمَّآ أَسْلَمَا (બસ જ્યારે તે બંને ઝુકી ગયા)માં શબ્દ أَسْلَمَ (અસ્લમ)નો અર્થ "ઝુકી જવું, આજ્ઞાપાલક બની જવું, આત્મસમર્પણ કરી દેવું" થાય છે, ભાવાર્થ એ છે કે જ્યારે તેઓ અલ્લાહના હુકમ સામે ઝુકી ગયા એટલે કે બાપે પુત્રને ઝબહ કરવાનો અને પુત્રએ ઝબહ થઈ જવાનો ઈરાદો કરી લીધો, અહીંયાં لَمَّآ (લમ્મા) "જ્યારે"નો શબ્દ ઉપયોગ કરવામાં આવ્યો છે પરંતુ તેનો જવાબ ઉપસ્થિત નથી, એટલે કે આગળ એવું નથી બતાવવામાં આવ્યું કે જ્યારે આ ઘટનાઓ બની ચૂકી તો શું થયું ? આથી એ વાત તરફ ઈશારો છે કે બાપ બેટાનું

આ બલિદાનનું પગલું એટલું આશ્ચર્યજનક હતું કે શબ્દો તેનું સંપૂર્ણ ચિત્ર વર્ણન કરી શકતા નથી.

અમુક ઐતિહાસિક અને તફસીરી રિવાયતોથી જાણ થાય છે કે શયતાને ત્રણ વખતે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને બહેકાવવાનો પ્રયત્ન કર્યો, દરેક વખતે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેને સાત કાંકરીઓ મારીને ભગાડી મૂક્યો, આજ સુધી મીનાના ત્રણ જમરાત ઉપર એ જ પ્રિય અમલની યાદગાર કાંકરીઓ મારીને મનાવવામાં આવે છે, અંતે જ્યારે બંને બાપ બેટા આ અનોખી ઈબાદત પૂર્ણ કરવા માટે કુરબાનગાહ ઉપર પહોંચ્યા તો હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ પોતાના પિતાને કહ્યું કે અબ્બાજાન ! મને ખૂબ સારી રીતે બાંધી દો જેથી હું વધારે તડપી ન શકું અને પોતાના કપડાંથી પણ મને બચાવજો, એવું ન થાય કે તેના ઉપર મારા લોહીના છાંટા ઉડે તો મારો સવાબ ઘટી જાય, તદુપરાંત મારી માતા તે લોહી જોશે તો તેમને વધારે ગમ થશે અને પોતાની છરી પણ તેજ કરી લો અને તેને મારી ગરદન ઉપર જરા ઉતાવળે ઉતાવળે ફેરવજો જેથી સરળતાથી મારા પ્રાણ નીકળી શકે, કારણ કે મોત ઘણી સખત વસ્તુ છે અને જ્યારે તમે મારી વાલિદહ પાસે જાઓ તો તેમને મારા સલામ કહેજો અને જો તમે મારું ખમીસ વાલિદહની પાસે લઈ જવા ઈચ્છો તો લઈ જાઓ, કદાચ તેનાથી તેમને કંઈક સાંત્વના મળે. એકમાત્ર પુત્રની જીભે આ શબ્દો સાંભળીને એક બાપના દિલ ઉપર શું ગુઝરી શકે પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ધૈર્યના પહાડ બનીને જવાબ એવો આપે છે કે બેટા ! તમે અલ્લાહનો હુકમ પૂરો કરવા માટે મારા કેટલા સારા મદદગાર છો ! એવું કહીને તેમણે પુત્રને ચુંબન કર્યું અને ભીની આંખોએ તેમને બાંધ્યા. *(મઝહરી)*

وَتَلَّهُ لِلْجَبِينِ (તેમને માથાભેર ઊંધા સુવાડ્યા). હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી તેનો ભાવાર્થ એ નકલ થયો છે કે તેમને એ રીતે એક પાસા ઉપર સુવાડી દીધા કે કપાળનો એક કિનારો જમીનને અડવા લાગ્યો. (મઝહરી) શબ્દકોષના આધારે આ તફસીર વધારે પ્રચલિત છે એટલા માટે કે جَبِيْنٌ (જબીન)નો અરબી ભાષામાં અર્થ કપાળના બંને લમણાઓનો કરવામાં આવે છે અને કપાળનો વચ્ચેનો ભાગ جَبْهَةٌ (જબ્હાહ) કહેવામાં આવે છે, એટલા માટે હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)એ તેનો અનુવાદ એક પાસા ઉપર

સુવાડવાનો કર્યો છે પરંતુ અમુક બીજા મુફસ્સિરોએ તેનો ભાવાર્થ એ બતાવ્યો છે કે ઊંધા મોઢે જમીન ઉપર સુવાડી દીધા, અલબત્ત ઐતિહાસિક રિવાયતોમાં એ રીતે સુવાડવાનું કારણ એ વર્ણન કરવામાં આવ્યું છે કે શરૂઆતમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમને સીધા સુવાડ્યા હતા પરંતુ જ્યારે છરી ફેરવવા લાગ્યા તો વારંવાર ચલાવવા છતાં ગળું કપાતું ન હતું, કારણ કે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી પિત્તળનો એક ટૂકડો વચ્ચે આડ કરી દીધો હતો, આ તકે પુત્રએ પોતે એ વિનંતી કરી કે અબ્બાજાન ! મને ઊંધા મોઢે એક પાસા ઉપર સુવડાવી દો. એટલા માટે જ્યારે તમને મારો ચહેરો દેખાય છે તો પિતૃ લાગણી આવેશમાં આવી જાય છે અને ગળું કપાઈ શકતું નથી, તદુપરાંત છરી મને દેખાય છે તો મને પણ ગભરામણ થવા લાગે છે એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમને એ જ રીતે સુવડાવી છરી ચલાવવાનું શરૂ કર્યું. વલ્લાહુ અઅ્લમુ. *(તફસીરે મઝહરી વગેરે)*

وَنَادَيْنَٰهُ أَنْ يَّآ إِبْرَٰهِيمُ قَدْ صَدَّقْتَ الرُّءْيَآءِ (અને અમે તેમને પોકાર કર્યો કે હે ઈબ્રાહીમ ! તમે સ્વપ્ન સાચું કરી દેખાડ્યું.) એટલે કે અલ્લાહ તઆલાનો હુકમ પૂર્ણ કરવામાં જે કામ તમારે કરવાનું હતું તેમાં તમે પોતાના તરફથી કોઈ કસર બાકી રાખી નથી. (સ્વપ્નમાં પણ લગભગ માત્ર આટલું જ બતાવવામાં આવ્યું હતું કે હઝરત ઈબ્રાહીમ અલૈ. તેમને ઝબહ કરવા માટે છરી ચલાવી રહ્યા છે.) હવે આ કસોટી પૂર્ણ થઈ ચૂકી એટલા માટે હવે તેમને છોડી દો.

إِنَّا كَذَٰلِكَ نَجْزِى الْمُحْسِنِينَ (અમે નિખાલસ લોકોને આવો જ બદલો આપીએ છીએ) એટલે કે જ્યારે કોઈ અલ્લાહનો બંદો અલ્લાહના હુકમ સામે આત્મસમર્પણ કરીને પોતાની બધી જ લાગણીઓને કુરબાન કરવા તૈયાર થઈ જાય છે તો અમે અંતે તેને દુનિયાની તકલીફથી પણ બચાવી લઈએ છીએ અને આખિરતનો બદલો અને સવાબ પણ તેના નામએ આ'માલમાં લખી આપીએ છીએ.

وَفَدَيْنَٰهُ بِذِبْحٍ عَظِيمٍ (અને અમે એક મોટું ઝબહ થનાર તેના બદલામાં આપ્યું). રિવાયતોમાં છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ આકાશી અવાજ સાંભળીને ઉપર તરફ જોયું તો હઝરત જિબ્રઈલ (અલૈ.) એક ઘેટું લઈને ઊભા

હતા, અમુક રિવાયતોથી જાણ થાય છે કે આ તે જ ઘેટું હતું જેની કુરબાનીની હઝરત આદમ (અલૈ.)ના પુત્ર હાબીલ (રદિ.)એ રજુ કરી હતી. વલ્લાહુ અઅ્લમુ.

મતલબ કે આ જન્નતી ઘેટું હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અર્પણ કર્યું અને તેમણે અલ્લાહના હુકમથી પોતાના પુત્રના બદલે તેને કુરબાન કર્યું. આ ઝબહ થનારને عَظِيْم (અઝીમ) "મહાન" એટલા માટે કહેવામાં આવ્યું કે તે અલ્લાહ તરફથી આવ્યું હતું અને તેની કુરબાનીની સ્વીકૃત થવામાં કોઈ શંકા હોઈ શકતી નથી. *(તફસીરે મઝહરી વગેરે)*

હઝરત ઇસ્માઈલ (અલૈ.) "ઝબીહ" (ઝબહ થનાર) હતા અથવા હઝરત ઇસ્હાક (અલૈ.) :

ઉપરની આયતોની તફસીર એવું સ્વીકારીને કરવામાં આવી છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના જે પુત્રને ઝબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો તે હઝરત ઈસ્માઈલ (અલૈ.) હતા પરંતુ વાસ્તવમાં આ બાબતે તફસીરકારો અને ઈતિહાસકારો વચ્ચે સખત મતભેદો જોવા મળે છે. હઝરત ઉમર, અલી, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, અબ્બાસ, ઈબ્ને અબ્બાસ, કઅ્બ બિન અહ્બાર, સઈદ બિન ઝુબૈર (રદિ.) અને કતાદહ, મસ્રૂક, ઈકરીમા, અતાઅ્, મકાતિલ, ઝહરી અને સુદ્દી (રહ.)થી નકલ છે કે તે પુત્ર હઝરત ઈસ્હાક (અલૈ.) હતા, તેનાથી વિપરીત હઝરત અલી, ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબૂ હુરયરહ (રદિ.) અને અબૂ તુફયલ, સઈદ બિન મુસય્યબ, સઈદ બિન ઝુબૈર, હસન બસરી, મુજાહિદ, હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, શુઅ્બી, મુહમ્મદ ઈબ્ને કઅ્બ તરઝી (રહ.) અને બીજા ઘણા બધા તાબિઈનથી નકલ થયું છે કે તે પુત્ર હઝરત ઈસ્માઈલ (અલૈ.) હતા. (એ જોઈ શકાય છે કે હઝરત અલી, હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર બંને જૂથોમાં સામેલ છે, આવું એટલા માટે છે કે તેઓનો બંને પ્રકારના અભિપ્રાયો સાથે સંબંધ સ્થાપિત થાય છે. —ઉસ્માની)

પાછળથી આવનાર તફસીરકારોમાં હાફિજ ઈબ્ને તબરી (રહ.)એ પ્રથમ નિવેદનને અગ્રિમતા આપી છે અને હાફિજ ઈબ્ને કષીર (રહ.)એ વગેરેએ બીજા નિવેદનને અપનાવીને પ્રથમ નિવેદનને કઠોરતાથી રદ કર્યું છે, અહીંયાં બંને

પક્ષકારોની દલીલો ઉપર સંપૂર્ણ સમીક્ષા શક્ય નથી, વળી કુર્આનની વર્ણનશૈલી અને રિવાયતોની શક્તિના આધારે પ્રચલિત અને યોગ્ય એ જ જાણ થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને જે પુત્રને ઝબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો તેઓ હઝરત ઈસ્માઈલ (અલૈ.) હતા, તેની દલીલો નીચે પ્રમાણે છે.

(૧) કુર્આને કરીમે પુત્રની સંપૂર્ણ કુરબાનીની ઘટના વર્ણન કરીને ફરમાવ્યું છે, وَبَشَّرْنٰهُ بِاِسْحٰقَ نَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ (અને અમે તેમને ઈસ્હાક અલૈ.ની ખુશખબરી આપી કે નબી અને નેક લોકોમાંથી હશે.) તેનાથી સ્પષ્ટ એવું જણાય છે કે જે પુત્રની કુરબાનીનો હુકમ આપવામાં આવ્યો હતો તે હઝરત ઈસ્હાક (અલૈ.) સિવાય કોઈ અન્ય હતા અને હઝરત ઈસ્હાક (અલૈ.)ની ખુશખબરી તેમની કુરબાનીની ઘટના પછી આપવામાં આવી.

(૨) હઝરત ઈસ્હાક (અલૈ.)ની ખુશખબરીમાં એવું પણ ઉપસ્થિત છે કે હઝરત ઈસ્હાક (અલૈ.) નબી બનશે, તે ઉપરાંત એક બીજી આયતમાં પ્રસ્તુત છે કે હઝરત ઈસ્હાક (અલૈ.)ની પેદાઈશની સાથે એવી ખુશખબરી આપવામાં આવી હતી કે તેમનાથી હઝરત યાકૂબ (અલૈ.) પેદા થશે, فَبَشَّرْنٰهَا بِاِسْحٰقَ وَمِنْ وَّرَآءِ اِسْحٰقَ يَعْقُوْبَ તેનો સ્પષ્ટ ભાવાર્થ આ હતો કે તે લાંબી ઉંમર સુધી જીવીત રહેશે, અહીંયાં સુધી કે સંતાનવાળા થશે, પછી તેમને બાળપણમાં ઝબહ કરવાનો હુકમ કઈ રીતે આપી શકાતો હતો અને જો તેમને જ બાળપણમાં નુબુવ્વતથી પહેલાં જ ઝબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો હોત તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.) સમજી ગયા હોત કે તેમને તો હજુ નુબુવ્વતના હોદ્દા ઉપર આરૂઢ થવાનું છે અને તેમના પેટે હઝરત યાકૂબ (અલૈ.)નો જન્મ નક્કી થઈ ચૂક્યો છે એટલા માટે ઝબહ થવાથી તેમની મૌત નથી આવી શકતું, દેખીતું છે કે આ સ્વરૂપમાં ન તો તે કોઈ મોટી કસોટી હોત અને ન જ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તેના પરિણામે કોઈ વખાણના હકદાર બન્યા હોત, પરીક્ષા એવા સ્વરૂપમાં જ શક્ય છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) સંપૂર્ણ રીતે એવું સમજ્યા હોય કે મારો આ પુત્ર ઝબહ કરવાથી ખતમ થઈ જશે અને એવું સમજ્યા પછી જ તેઓ ઝબહ કરવાની પ્રવૃત્તિ આદરે, હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની બાબતમાં આ વાત સંપૂર્ણ રીતે ફીટ બેસે છે એટલા માટે કે અલ્લાહ તઆલાએ તેમના જીવીત રહેવા અને નબી બનવાની કોઈ ખુશખબરી આપી ન હતી.

(૩) કુર્આને કરીમના વર્ણનથી જાણ થાય છે કે જે પુત્રને ઝબહ કરવાનો હુકમ થયો હતો તે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું પ્રથમ બાળક હતું એટલા માટે કે તેમણે પોતાના વતનથી હિજરત કરવાના સમયે એક પુત્રની દુઆ કરી હતી, આ જ દુઆના જવાબમાં તેમને એ ખુશખબરી આપવામાં આવી કે તેમના ત્યાં એક સહનશીલ પુત્ર પેદા થશે અને પછી આ પુત્ર વિશે એવું કહેવામાં આવ્યું છે કે જ્યારે તે પિતા સાથે ચાલવા ફરવાપાત્ર બની ગયો ત્યારે તેને ઝબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો, આ સમગ્ર ઘટનાક્રમ બતાવી રહ્યો છે કે તે પુત્ર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો પ્રથમ પુત્ર હતો. આ બાજુ આ વાત સર્વસહમત છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પ્રથમ પુત્ર હઝરત ઈસ્માઈલ (અલૈ.) છે ત્યારબાદ એ વાતમાં કોઈ શંકા નથી રહેતી કે હઝરત ઈસ્માઈલ (અલૈ.) જ ઝબીહ હતા.

(૪) એ વાત પણ લગભગ નિશ્ચિત છે કે પુત્રની કુરબાનીની આ ઘટના મક્કએ મુકર્રમહની આસપાસ બની છે એટલા માટે અરબોમાં બરાબર હજ્જ દરમિયાન કુરબાનીનો રિવાજ ચાલુ રહ્યો છે તદુપરાંત હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પુત્રના ફિદિયામાં જે ઘેટું જન્નતમાંથી મોકલવામાં આવ્યું હતું તેના શિંગડાઓ વર્ષોના વર્ષો સુધી કા'બા શરીફની અંદર લટકતા રહ્યા છે, હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ તેના સમર્થનમાં કેટલીય રિવાયતો નકલ કરી છે અને હઝરત આમિર શુઅ્બી (રહ.)નું એ નિવેદન પણ વર્ણન કર્યું છે કે, "મેં આ ઘેટાના શિંગડા કા'બામાં પોતે જોયા છે." (ઈબ્ને કષીર, પેજ : ૧૮, જિલ્દ : ૪) હવે દેખીતું છે કે મક્કએ મુકર્રમહમાં હઝરત ઈસ્માઈલ (અલૈ.) રહેતા હતા, ન કે હઝરત ઈસ્હાક (અલૈ.). એટલા માટે સ્પષ્ટ છે કે ઝબહ કરવાનો હુકમ હઝરત ઈસ્માઈલ (અલૈ.) વિશે હતો, ન કે હઝરત ઈસ્હાક (અલૈ.) વિશે.

રહી તે રિવાયતો જેમાં વિવિધ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના વિશે વર્ણન થયું છે કે તેમણે હઝરત ઈસ્હાક (અલૈ.)ને ઝબીહ (ઝબહ થનાર) ઠરાવ્યા, બસ તેમના વિશે હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ લખ્યું છે,

"અલ્લાહ જ બહેતર જાણે છે પરંતુ દેખીતી રીતે આ બધા જ નિવેદનો કઅ્બ બિન અહ્બાર (રદિ.) દ્વારા થયેલા છે એટલા માટે કે જ્યારે તેઓ હઝરત ઉમર (રદિ.)ના સમયકાળમાં ઈસ્લામ લાવ્યા તો હઝરત ઉમર (રદિ.)ને પોતાની જૂની કિતાબોની વાતો સંભળાવવા લાગ્યા, અમુક સમયે હઝરત ઉમર (રદિ.)

તેમની વાતો સાંભળી લેતા હતા અને તેનાથી અન્ય લોકોને પણ થોડી તક મળી અને તેમણે પણ તેમની રિવાયતો સાંભળીને તેને નકલ કરવાનું શરૂ કર્યું, આ રિવાયતોમાં દરેક પ્રકારની સાચી જૂઠી વાતો ભેગી હતી અને આ ઉમ્મતને તે વાતોમાંથી એક શબ્દની પણ આવશ્યકતા નથી." વલ્લાહુ અઅ્લમુ.

(તફસીરે ઈબ્ને કષીર, પેજ : ૧૭, જિલ્દ : ૪)

હાફિઝ ઈબ્ને કષીર (રહ.)ની આ વાત ખૂબ સત્યની નજીક જણાય છે એટલા માટે કે હઝરત ઈસ્હાક (રદિ.)ને ઝબીહ ઠરાવવાનો આધાર ઈસ્રાઈલી રિવાયતો ઉપર જ છે એટલા માટે યહૂદીઓ અને ઈસાઈઓ હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના બદલે હઝરત ઈસ્હાક (અલૈ.)ને ઝબીહ ઠરાવે છે, હાલની બાઈબલમાં આ ઘટના આ શબ્દોમાં વર્ણન કરવામાં આવી છે.

"તે વાતો પછી એવું થયું કે ખુદાએ અબ્રાહમને અજમાવ્યા અને તેને કહ્યું, હે અબ્રાહમ ! તેણે કહ્યું, હું હાજર છું. ત્યારે તેને કહ્યું, તું પોતાના દિકરા ઈઝ્હાકને જે તારો એકનો એક છે અને જેને તું પ્રેમ કરે છે સાથે લઈને મોર્યાના પ્રદેશમાં જા અને ત્યાં તેને પહાડોમાંથી એક પહાડ ઉપર જે હું તને બતાવીશ બસ બળેલી બલી સ્વરૂપે ચઢાવ." *(જિનેસિસ : ૨૨; ૧.૨)*

તેમાં ઝબહની ઘટના હઝરત ઈસ્હાક (અલૈ.) સાથે જોડવામાં આવી છે પરંતુ જો ન્યાય અને સંશોધનપૂર્વક જોવામાં આવે તો સ્પષ્ટ થઈ જાય છે કે અહીંયાં યહૂદીઓએ પોતાના પ્રચલિત પૂર્વગ્રહથી કામ લઈને તવરાતની મૂળ આયતમાં ફેરબદલી કરી નાંખી છે એટલા માટે કે જિનેસિસની આ પ્રસ્તુત આયતમાં જ "જે તારો એકનો એક દિકરો છે"ના શબ્દો બતાવી રહ્યા છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને જે પુત્રની કુરબાનીનો હુકમ આપવામાં આવ્યો તે તેમનો એકનો એક દિકરો હતો, આ જ વિભાગમાં આગળ ચાલીને ફરી લખ્યું છે કે,

"તેં પોતાના દિકરાને પણ જે તારો એકનો એક છે મારાથી રોકી રાખ્યો નહીં."

(જિનેસિસ : ૨૬; ૧૨)

આ વાક્યમાં પણ આ સ્પષ્ટતા ઉપસ્થિત છે કે તે પુત્ર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો એકનો એક પુત્ર હતો, આ બાજુ એ વાત નિશ્ચિત છે કે હઝરત ઈસ્હાક (અલૈ.) તેમના એકમાત્ર પુત્ર ન હતા. જો "એકના એક પુત્ર" કોઈને કહી શકાય

છે તો તે માત્ર હઝરત ઈસ્માઈલ (અલૈ.) છે, પોતે જિનેસિસની કિતાબમાં બીજી ઘણાં આયતો તેની સાક્ષી આપે છે કે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની પેદાઈશ હઝરત ઈસ્હાક (અલૈ.)ના ઘણા સમય પહેલાં થઈ ચૂકી હતી, દાખલા તરીકે નીચે જુઓ,

"અને અબ્રાહમની પત્ની સારાઈને કોઈ સંતાન ન થયું, તેની એક મિસ્રી દાસી હતી જેનું નામ હાજરા હતું અને.... તે હાજરાની પાસે ગયા અને તે ગર્ભવતી બની અને ખુદાવંદના ફરિશ્તાઓએ તેને કહ્યું કે તું ગર્ભવતી છે અને તને પુત્ર થશે, તેનું નામ ઈસ્માઈલ રાખજે અને જ્યારે અબ્રાહમને હાજરાથી ઈસ્માઈલ પેદા થયો તો અબ્રાહમ ૮૬ વર્ષનો હતો." (જિનેસિસ : ૧૬; ૧-૪ અને ૧-૧૬)

વળી આગળના વિષયમાં લખે છે,

"અને ખુદાએ અબ્રાહમને કહ્યું કે સારાઈ જે તારી પત્ની છે તેનાથી પણ તને એક દિકરો બખ્શીશ ત્યારે અબ્રાહમ ઊંધા મોંએ પડયા અને ખૂબ હસીને દિલમાં કહેવા લાગ્યા કે શું સો વર્ષના વૃદ્ધથી કોઈ બાળક થશે ? અને શું સારાને જે નેવું વર્ષની છે સંતાન થશે ? અને અબ્રાહમે ખુદાને કહ્યું કે કાશ ! ઈસ્માઈલ જ તારી સામે જીવતો રહે, ત્યારે ખુદાએ ફરમાવ્યું, બેશક ! તારી પત્ની સારાથી તને પુત્ર થશે તો તેનું નામ ઈઝ્હાક રાખજે." (જિનેસિસ : ૧૭; ૧૫-૨૦)

ત્યારબાદ હઝરત ઈસ્હાક (અલૈ.)ના જન્મનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

"અને જ્યારે તેનો પુત્ર ઈઝ્હાક તેનાથી પેદા થયો તો અબ્રાહમ સો વર્ષનો હતો." (જિનેસિસ : ૨૧; ૫)

આ લખાણોથી સ્પષ્ટ રીતે જાહેર છે કે હઝરત ઈસ્હાક (અલૈ.) હઝરત ઈસ્માઈલ (અલૈ.)થી ચૌદ વર્ષ નાના હતા અને આ ૧૪ વર્ષની મુદ્દતમાં તેઓ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના એકના એક પુત્ર હતા, તેનાથી વિપરીત હઝરત ઈસ્હાક (અલૈ.) ઉપર એવો કોઈ સમય પસાર નથી થયો જેમાં તેઓ પોતાના પિતાના એકના એક હોય, હવે ત્યાર પછી જ્યારે જિનેસિસના બાવીસમાં ભાગમાં પુત્રની કુરબાનીનું વર્ણન આવે છે તો તેમાં "એકના એક"નો શબ્દ સ્પષ્ટ ગવાહી આપી રહ્યો છે કે તેનાથી ભાવાર્થ હઝરત ઈસ્માઈલ (અલૈ.) છે અને કોઈ

યહૂદીએ તેની સાથે ઈઝ્હાકનો શબ્દ માત્ર એટલા માટે વધારી દીધો છે જેથી આ શ્રેષ્ઠતા બનુ ઈસ્માઈલના બદલે બનુ ઈસ્હાકને પ્રાપ્ત થાય.

તદુપરાંત બાઈબલની આ જ કિતાબ જિનેસિસમાં જ્યાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને હઝરત ઈસ્હાક (અલૈ.)ના જન્મની ખુશખબરી આપવામાં આવી છે ત્યાં આ પણ પ્રસ્તુત છે.

"ખરેખર હું તેને (હઝરત ઈસ્હાક અલૈ.ને) બરકત આપીશ કે તેની સંતતીથી કોમો થશે." *(જિનેસિસ : ૧૬; ૧૭)*

હવે દેખીતું છે કે જે પુત્ર વિશે તેના જન્મ પહેલાં જ એવી ખબર આપવામાં આવી ચૂકી હોય કે તે સંતાનવાળો થશે અને તેની સંતતીથી કોમો પેદા થશે તેને કુરબાન કરવાનો હુકમ કેવી રીતે આપી શકાય છે ? આથી એ પણ જાણ થાય છે કે આ હુકમ હઝરત ઈસ્હાક (અલૈ.) વિશે ન હતો, બલકે હઝરત ઈસ્માઈલ (અલૈ.) વિશે હતો.

"યહૂદીઓની પવિત્ર કિતાબોનો ખુલાસો છે કે જ્યારે હઝરત ઈસ્માઈલ (અલૈ.) પેદા થયા ત્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઉંમર ૮૬ વર્ષની હતી અને જ્યારે હઝરત ઈસ્હાક (અલૈ.) પેદા થયા ત્યારે તેમની ઉંમર ૧૦૦ વર્ષની હતી, હવે તેમની જ કિતાબોમાં એવું પણ નોંધાયેલું છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને તેમના "એકના એક" પુત્રને ઝબહ કરવાનો હુકમ આપ્યો હતો અને એક બીજી પ્રતમાં "એકના એક"ના બદલે "પ્રથમ" (પુત્ર)નો શબ્દ છે, બસ યહૂદીઓએ અહીંયાં "ઈસ્હાક"નો શબ્દ પોતાના તરફથી બોહતાન સ્વરૂપે વધારી દીધો છે અને તેને સાચો ઠરાવવાનું કોઈ યોગ્ય કારણ નથી, કારણ કે આ પોતે તેમના પુસ્તકોના ખુલાસાઓથી પણ વિરુદ્ધ છે અને આ શબ્દ તેમણે એટલા માટે વધાર્યો કે હઝરત ઈસ્હાક (અલૈ.) તેમના પૂર્વજ છે અને હઝરત ઈસ્માઈલ (અલૈ.) અરબોના પૂર્વજ છે, બસ યહૂદીઓએ ઈર્ષ્યાના કારણે આ શબ્દ વધારી દીધો અને હવે "એકના એક"નો અર્થ એ બતાવે છે કે તે "પુત્ર જેના સિવાય તે સમયે કોઈ અન્ય તમારી પાસે મોજૂદ નથી." કારણ કે હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને તેમની વાલિદહ તે સમયે ત્યાં હાજર ન હતા. (એટલા માટે હઝરત ઈસ્હાક અલૈ.ને આ અર્થમાં

એકના એક કહી શકાય છે) પરંતુ આ બિલકુલ ખોટો ખુલાસો છે અને જૂઠી તહરીફ (ફેરબદલ) છે એટલા માટે કે "એકનો એક" તે પુત્રને કહેવામાં આવે છે કે તેના પિતાનો તેના સિવાય કોઈ બીજો પુત્ર ન હોય."

(તફસીરે ઈબ્ને કષીર, પેજ : ૧૪, જિલ્દ : ૪)

હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ આ પણ નકલ કર્યું છે કે યહૂદીઓના ઉલમામાંથી એક વ્યક્તિ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (રહ.)ના સમયમાં મુસલમાન થઈ ગયો હતો, હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (રહ.)એ તેને પૂછ્યું કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પુત્રોમાંથી કયા પુત્રને ઝબહ કરવાનો હુકમ થયો હતો ? તો તેણે કહ્યું, ખુદાની કસમ અમીરુલ મુઅ્મિનીન, તે ઈસ્માઈલ (અલૈ.) હતા, યહૂદીઓ આ વાતને સારી પેઠે જાણે છે પરંતુ તેઓ તમો અરબ લોકોની ઈર્ષ્યાનાં કારણે આવું કહે છે. *(ઈબ્ને કષીર, પેજ : ૧૮, જિલ્દ : ૪)*

આ દલીલોના પ્રકાશમાં એ વાત લગભગ નિશ્ચિત છે કે ઝબીહ હઝરત ઈસ્માઈલ (અલૈ.) જ હતા. વલ્લાહુ અઅ્લમુ.

وَمِنْ ذُرِّيَّتِهِمَا مُحْسِنٌ وَّظَالِمٌ لِّنَفْسِهٖ مُبِيْنٌ (તે બંનેની નસલમાં અમુક સારા પણ છે અને અમુક એવા પણ છે જે ઉઘાડું પોતાનું નુકસાન કરી રહ્યા છે). આ આયત દ્વારા યહૂદીઓની તે ખોટી માન્યતાનો રદિયો આપવામાં આવ્યો છે કે અંબિયા (અલૈ.)ની અવલાદમાંથી હોવું જ મનુષ્યની શ્રેષ્ઠતા અને છુટકારા માટે પૂરતું છે, આ આયતે સ્પષ્ટ રીતે બતાવી દીધું છે કે કોઈ નેક વ્યક્તિથી લોહીનો સંબંધ છુટકારા માટે પૂરતો નથી, બલકે તેનો મૂળ આધાર માનવીની પોતાની માન્યતાઓ અને કર્મો છે.

આયતો : (સૂરએ સાફફાત : આયત નં. ૧૧૪ થી ૧૨૨)

وَلَقَدْ مَنَنَّا عَلٰى مُوْسٰى وَهٰرُوْنَ ﴿۱۱۴﴾ وَنَجَّيْنٰهُمَا وَقَوْمَهُمَا مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ﴿۱۱۵﴾
وَنَصَرْنٰهُمْ فَكَانُوْا هُمُ الْغٰلِبِيْنَ ﴿۱۱۶﴾ وَاٰتَيْنٰهُمَا الْكِتٰبَ الْمُسْتَبِيْنَ ﴿۱۱۷﴾
وَهَدَيْنٰهُمَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ﴿۱۱۸﴾ وَتَرَكْنَا عَلَيْهِمَا فِى الْاٰخِرِيْنَ ﴿۱۱۹﴾ سَلٰمٌ عَلٰى مُوْسٰى
وَهٰرُوْنَ ﴿۱۲۰﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۲۱﴾ اِنَّهُمَا مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿۱۲۲﴾

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા અને હારૂન (અલૈ.) ઉપર અહેસાન કર્યું. (૧૧૪) અને અમે તેમને અને તેમની કોમને તે મોટી ગભરામણથી બચાવ્યા. (૧૧૫) અને અમે તે સૌની મદદ કરી તો તેઓ જ વિજયી રહ્યા. (૧૧૬) અને અમે તેઓને ખુલ્લી કિતાબ આપી. (૧૧૭) અને તેમને સીધો માર્ગ બતાવ્યો. (૧૧૮) અને તેમના ઉપર પાછળથી આવનાર લોકોને બાકી રાખ્યા. (૧૧૯) કે સલામ છે મૂસા અને હારૂન (અલૈ.) ઉપર. (૧૨૦) અમે આ રીતે નેકી કરનારાઓને બદલો આપીએ છીએ. (૧૨૧) બેશક ! તે બંને અમારા મો'મિન બંદાઓમાંથી છે. (૧૨૨)

તફસીર :

અને અમે મૂસા અને હારૂન (અલૈ.) ઉપર પણ અહેસાન કર્યું (કે તેમને નુબુવ્વત અને બીજી વિશેષતાઓ અર્પણ કરી) અને અમે તે બંનેને અને તેમની કોમ (એટલે કે બની ઈસ્રાઈલ)ને મોટા ગમથી (એટલે કે ફિરઔન તરફથી પહોંચાડવામાં આવતા કષ્ટોથી) છુટકારો આપ્યો અને અમે તે બધાને (ફિરઔનના મુકાબલામાં) મદદ કરી, બસ (અંતે) એ જ લોકો વિજયી બન્યા (કે ફિરઔનને ડૂબાડી દેવામાં આવ્યો અને તેઓ હુકૂમતવાળા બની ગયા) અને અમે (ફિરઔનના ડૂબી ગયા પછી) તે બંને (નબીઓ)ને (એટલે કે મૂસા અલૈ.ને اصالةً અને હારૂન અલૈ.ને تبعًا) સ્પષ્ટ કિતાબ આપી (ભાવાર્થ તવરાત છે કે તેમાં હુકમો સ્પષ્ટ રીતે ઉપસ્થિત છે) અને અમે તેમને સીધા માર્ગ ઉપર કાયમ રાખ્યા (જેનો ઉચ્ચ કક્ષાનો દરજ્જો એ છે કે તેમને "નબીએ માસૂમ" બનાવ્યા) અને અમે તે બંને માટે પાછળથી આવનાર લોકોમાં (લાંબા સમય સુધી) એ વાત રાખી કે મૂસા અને હારૂન (અલૈ.) ઉપર સલામ થાય (એટલા માટે બંને નબીના નામોની પાછળ "અલૈહિસ્સલામ" કહેવામાં આવે છે), અમે નિખાલસ લોકોને આવો જ બદલો આપીએ છીએ (કે તેમને વખાણ અને દુઆના હકદાર બનાવીએ છીએ) બેશક ! તે બંને અમારા (સંપૂર્ણ) ઈમાનવાળા બંદાઓમાંથી હતા (એટલા માટે બદલો પણ પૂરેપૂરો અર્પણ થયો).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં ત્રીજી ઘટના હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન

(અલૈ.)ની વર્ણન કરવામાં આવી છે, આ બાબત વિવિધ સ્થળોએ વિગતપૂર્વક પસાર થઈ ચૂકી છે, અત્રે તે તરફ માત્ર ઈશારો કરવામાં આવ્યો છે અને તેનું વર્ણન કરવાનો મૂળ હેતુ એ બતાવવાનો છે કે અલ્લાહ તઆલા પોતાના નિખાલસ અને આજ્ઞાપાલક બંદાઓને કેવી રીતે સહાય કરે છે અને તેમને કેવા કેવા ઈનામોથી નવાજે છે એટલા માટે અહીંયાં હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.) ઉપર પોતાના ઈનામોનું વર્ણન કર્યું છે, ઈનામોના પણ બે પ્રકાર હોય છે. એક, હકારાત્મક ઈનામ અર્થાત લાભ પહોંચાડવો. وَلَقَدْ مَنَنَّا عَلٰى مُوْسٰى وَهٰرُوْنَ માં આ જ પ્રકારના ઈનામો તરફ ઈશારો છે. બીજું ઈનામ નુકસાનથી બચાવવું. આગળની આયતોમાં આ જ પ્રકારની વિગત છે, આયતોનો ભાવાર્થ તફસીરના ખુલાસાથી સ્પષ્ટ થઈ જાય છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૨૩ થી ૧૩૨)

وَاِنَّ اِلْيَاسَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿١٢٣﴾ اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَلَا تَتَّقُوْنَ ﴿١٢٤﴾ اَتَدْعُوْنَ
بَعْلًا وَّتَذَرُوْنَ اَحْسَنَ الْخَالِقِيْنَ ﴿١٢٥﴾ اللّٰهَ رَبَّكُمْ وَرَبَّ اٰبَآئِكُمُ الْاَوَّلِيْنَ ﴿١٢٦﴾
فَكَذَّبُوْهُ فَاِنَّهُمْ لَمُحْضَرُوْنَ ﴿١٢٧﴾ اِلَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿١٢٨﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِى الْاٰخِرِيْنَ ﴿١٢٩﴾
سَلٰمٌ عَلٰٓى اِلْ يَاسِيْنَ ﴿١٣٠﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿١٣١﴾ اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١٣٢﴾

તરજુમો :

અને બેશક ! ઈલ્યાસ (અલૈ.) રસૂલોમાંથી છે. (૧૨૩) જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, શું તમને ડર નથી ? (૧૨૪) શું તમે બઅ્લ (મૂર્તિ)ને પોકારો છો અને ઉત્તમ સર્જકને ત્યજી દો છો !? (૧૨૫) જે અલ્લાહ છે તમારો પરવરદિગાર અને તમારા પૂર્વજોનો પરવરદિગાર. (૧૨૬) પછી તેમને (તેમની કોમે) જૂઠાડ્યા, બસ તેઓ પકડાયેલા આવવાના છે. (૧૨૭) પરંતુ જેઓ અલ્લાહના ચુનંદા બંદા છે (તેમને મુક્તિ છે). (૧૨૮) અને અમે તેના ઉપર પાછલા લોકોમાં બાકી રાખ્યું. (૧૨૯) (કે) સલામ છે ઈલ્યાસીન ઉપર. (૧૩૦) અમે આ રીતે નેકી કરનારાઓને બદલો આપીએ છીએ. (૧૩૧) બેશક ! તેઓ અમારા ઈમાનવાળા બંદાઓમાંથી છે. (૧૩૨)

તફસીર :

અને ઈલ્યાસ (અલૈ.) પણ (બની ઈસ્રાઈલના) પયગમ્બરોમાંથી છે (તેમની તે સમયની ઘટનાને વર્ણન કરો) જ્યારે કે તેમણે પોતાની કોમ (બની ઈસ્રાઈલ)ને (કે તેઓ મૂર્તિપૂજામાં સપડાયેલી હતી) કહ્યું કે શું તમે અલ્લાહથી નથી ડરતા ? શું તમે 'બઅ્લ'ને (કે જે એક મૂર્તિનું નામ હતું) પૂજો છો અને તે(ની પૂજા)ને છોડી બેઠા છો જે સૌથી વધીને બનાવનાર છે ?! (કારણ કે અન્ય લોકો તો માત્ર અમુક વસ્તુઓના સ્વરૂપમાં પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે અને તે પણ કામચલાઉ ધોરણે અને તે અલ્લાહ સઘળી વસ્તુઓને ન હોવામાંથી અસ્તિત્વમાં લાવવા માટે પોતાની આગવી કુદરત ધરાવે છે, પછી કોઈ બીજો તેમાં પ્રાણ પણ નથી નાંખી શકતો, જ્યારે તે સર્જનહાર પ્રાણ પણ નાંખે છે અને તે જ) મઅ્બૂદે બરહક (સાચો પૂજ્ય અને) તમારો પણ પાલનહાર છે અને તમારા પૂર્વજોનો પણ પાલનહાર છે, બસ તે લોકોએ (આ તવહીદના દા'વામાં) તેમને જૂઠાડ્યા, બસ (તે જૂઠાડવાની શિક્ષા સ્વરૂપે) તે લોકો (આખિરતના અઝાબમાં) પકડવામાં આવશે પરંતુ જેઓ અલ્લાહના ખાસ બંદા (એટલે કે ઈમાનવાળા) હતા (તેઓ સવાબ અને બદલો પ્રાપ્ત કરશે); અને અમે ઈલ્યાસ માટે પાછળથી આવનાર લોકોમાં (લાંબા સમય સુધી) આ વાત રહેવા દીધી કે ઈલ્યાસીન ઉપર (કે તે પણ હઝરત ઈલ્યાસ અલૈ.નું નામ છે) સલામ થાય, અમે નિખાલસ લોકોને આવો જ બદલો આપીએ છીએ (કે તેમને વખાણના અને દુઆના હકદાર બનાવીએ છીએ) બેશક ! તેઓ અમારા (કામિલ) ઈમાનવાળા બંદાઓમાંથી હતા.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ઇલ્યાસ (અલૈ.) :

આ આયતોમાં ચોથી ઘટના હઝરત ઈલ્યાસ (અલૈ.)ની વર્ણન કરવામાં આવી છે, આયતોની તફસીર પહેલાં હઝરત ઈલ્યાસ (અલૈ.) વિશે અમુક જાણકારી નીચે પ્રમાણે છે.

કુર્આને કરીમમાં હઝરત ઈલ્યાસ (અલૈ.)નું વર્ણન માત્ર બે સ્થળે આવેલું છે, એક સૂરએ અન્આમમાં અને બીજું સૂરએ સાફફાતની આ જ આયતોમાં, સૂરએ અન્આમમાં તો માત્ર અંબિયા (અલૈ.)ની યાદીમાં તેમનું નામ ગણવામાં

આવ્યું છે અને કોઈ ઘટના ઉપસ્થિત નથી, અલબત્ત અહીંયાં ખૂબ ટૂંકી રીતે તેમની દા'વત અને તબ્લીગની ઘટના વર્ણન કરવામાં આવી છે.

કારણ કે કુઆને કરીમમાં હઝરત ઈલ્યાસ (અલૈ.)ની હાલત વિગતપૂર્વક વર્ણન નથી થઈ અને ન જ પ્રમાણભૂત હદીષોમાં તેમની હાલત વિશે વર્ણન આવ્યું છે એટલા માટે તેમના વિશે તફસીરની કિતાબોમાં વિવિધ નિવેદનો અને વિવિધ રિવાયતો મળે છે, જેમાંથી મોટા ભાગની બની ઈસ્રાઈલની રિવાયતોમાંથી નોંધવામાં આવી છે.

તફસીરકારોમાં એક નાના સમૂહનું કહેવું એવું છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.) હઝરત ઈદ્રીસ (અલૈ.)નું જ બીજું નામ છે અને તે બંને વ્યક્તિઓમાં કોઈ ફરક નથી અને અમુક લોકોએ એવું પણ કહ્યું છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.) અને હઝરત ખિઝર (અલૈ.)માં કોઈ ફરક નથી. (દૂર્રે મન્યૂર, પેજ : ૨૮૫-૨૮૬, જિલ્દ : ૫) પરંતુ સંશોધકોએ આ નિવેદનોને રદ કર્યા છે. કુર્આને કરીમે પણ હઝરત ઈદ્રીસ અને હઝરત ઈલ્યાસ (અલૈ.)નું એ રીતે અલગ અલગ વર્ણન કર્યું છે કે બંનેને એક ઠરાવવાની કોઈ સંભાવના દેખાતી નથી એટલા માટે હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ પોતાના ઈતિહાસમાં તેને જ સાચું ઠરાવ્યું છે કે બંને અલગ અલગ રસૂલ છે. *(અલ હિદાયા વન્નિહાયા, પેજ : ૩૩૯, જિલ્દ : ૧)*

આગમનનો સમયકાળ અને સ્થળ :

કુર્આન અને હદીષથી એ પણ ખબર નથી પડતી કે હઝરત ઈલ્યાસ (અલૈ.)નું ક્યારે અને ક્યાં આગમન થયું હતું ? પરંતુ ઐતિહાસિક અને ઈસ્રાઈલી રિવાયતો એ વાત ઉપર લગભગ સહમત છે કે તેઓ હઝરત હિઝકીલ (અલૈ.) પછી અને હઝરત યશઅ્ (અલૈ.)થી પહેલાં બની ઈસ્રાઈલ તરફ મોકલવામાં આવ્યા હતા. આ તે સમયકાળ હતો જ્યારે કે હઝરત સુલયમાન (અલૈ.)ના અનુગામીઓની દુષ્ટતાના કારણે બની ઈસ્રાઈલનું રાજ્ય બે વિભાગોમાં વહેંચાઈ ગયું હતું, એક વિભાગ યહૂદા અથવા યહૂદિય્યહ (જુદાહ) કહેવાતો હતો અને તેનું કેન્દ્ર બયતુલ મુકદ્દસ (જેરૂસલેમ) હતું અને બીજો વિભાગ ઈસ્રાઈલ કહેવાતો હતો અને તેનું પાટનગર સામરાહ (હાલનું નબલુસ) હતું. હઝરત ઈલ્યાસ (અલૈ.) જોર્ડનના જલઆદ પ્રદેશમાં પેદા થયા હતા, તે સમયે

ઈસ્રાઈલના પ્રદેશમાં જે રાજા શાસન કરતો હતો તેનું નામ બાઈબલમાં અહાબ અને અરબી ઈતિહાસ તથા તફસીરોમાં અજિબ અથવા અખીબ હોવાનું વર્ણવાયું છે, તેની પત્ની ઈઝાબેલ બઅ્લ નામની મૂર્તિની પૂજા કરતી હતી અને તેણે જ ઈસ્રાઈલમાં બઅ્લના નામે એક મોટું બલીસ્થળ બંધાવીને બધા જ બની ઈસ્રાઈલને મૂર્તિપૂજાના માર્ગે લગાવી દીધા હતા. હઝરત ઈલ્યાસ (અલૈ.)ને અલ્લાહ તઆલા તરફથી હુકમ થયો કે તે આ પ્રદેશમાં જઈને તવહીદની તા'લીમ આપે અને ઈસ્રાઈલીઓને મૂર્તિપૂજાથી અટકાવે.

(જુઓ તફસીર ઈબ્ને જરીર, પેજ : ૫૩, જિલ્દ : ૨૩; ઈબ્ને કષીર, પેજ : ૧૯, જિલ્દ : ૪; તફસીરે મઝહરી, પેજ : ૩૪, જિલ્દ : ૮ અને બાઈબલનું પુસ્તક પ્રથમ કિંગ : ૩; ૨૯ થી ૩૩ અને ૧ થી ૧૭)

કોમ સાથે સંઘર્ષ :

બીજા અંબિયા (અલૈ.)ને પણ પોતાની કોમ સાથે સખત સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું, કુર્આને કરીમ કારણ કે કોઈ ઈતિહાસનું પુસ્તક નથી એટલા માટે તેણે આ સંઘર્ષનું વિગતવાર વર્ણન કરવાના બદલે માત્ર એટલી વાત કહી છે જે બોધપાઠ અને શિખામણ પ્રાપ્ત કરવા માટે આવશ્યક હતી એટલે એ કે તેમની કોમે તેમને જૂઠાડ્યા અને અમુક નિખાલસ લોકો સિવાય કોઈએ હઝરત ઈલ્યાસ (અલૈ.)ની વાત ન માની એટલા માટે એ કોમને આખિરતમાં ભયંકર પરિણામ ભોગવવું પડશે.

અમુક તફસીરકારોએ અહીંયાં એ સંઘર્ષનું વિગતવાર વર્ણન કર્યું છે, ઉપરોક્ત તફસીરોમાં હઝરત ઈલ્યાસ (અલૈ.)નું સૌથી સચોટ વર્ણન તફસીરે મઝહરીમાં અલ્લામહ બગવી (રહ.)ના હવાલાથી કરવામાં આવ્યું છે, તેમાં જે ઘટનાઓ ઉપસ્થિત છે તે લગભગ બધી જ બાઈબલ આધારિત છે, બીજી તફસીરોમાં પણ આ ઘટનાઓના અમુક વિભાગો હઝરત વહબ બિન મુનબ્બહ અને કઅ્બ બિન અહ્બાર (રહ.) વગેરેના હવાલાથી વર્ણન થઈ છે જે મોટે ભાગે ઈસ્રાઈલી રિવાયતો નકલ કરે છે.

આ બધી જ રિવાયતોના ખુલાસા સ્વરૂપે જેટલી સમાન બાબતો છે તે એ છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.)એ ઈસ્રાઈલના રાજા અખિયબ (અહબ) અને તેની રય્યતને બઅ્લ નામની મૂર્તિની પૂજાથી અટકાવીને તવહીદનું આમંત્રણ આપ્યું

પરંતુ અમુક ન્યાયપ્રિય લોકો સિવાય કોઈએ તેમની વાત માની નહીં બલકે તેમને અનેક પ્રકારે પરેશાન કરવાના પ્રયત્નો કર્યા એટલે સુધી કે અખિયબ અને તેની પત્ની ઈઝાબેલે તેમને શહીદ કરવાની યોજના બનાવી, હઝરત ઈલ્યાસ (અલૈ.)એ એક દૂરની ગુફામાં શરણ લીધું અને લાંબા સમય સુધી ત્યાં જ સ્થાયી રહ્યા, ત્યારબાદ તેમણે દુઆ કરી કે ઈસ્રાઈલના લોકો દુષ્કાળનો ભોગ બને જેથી આ દુષ્કાળ દૂર કરવા માટે તેઓ તેમને મોઅૂજિઝાઓ બતાવે તો કદાચ તેઓ ઈમાન લઈ આવે એટલા માટે તેમને સખત દુષ્કાળમાં સપડાવી દેવામાં આવ્યા.

ત્યારબાદ હઝરત ઈલ્યાસ (અલૈ.) અલ્લાહ તઆલાના હુકમથી અખિયબને મળ્યા અને તેને કહ્યું કે આ અઝાબ અલ્લાહ તઆલાની નાફરમાનીના કારણે છે અને જો તમે હજુ પણ અટકી જાઓ અને પાછા ફરો તો આ અઝાબ દૂર થઈ શકે છે, મારી સચ્ચાઈની પરીક્ષાની પણ આ ઉત્તમ તક છે. તમે કહો છો કે ઈસ્રાઈલમાં તમારા મઅ્બૂદ બઅ્લના સાડા ચારસો નબી છે; તમે એક દિવસ તેમને મારી સામે ભેગા કરો તે બઅ્લના નામે બલી રજુ કરે અને હું અલ્લાહના નામ ઉપર કુરબાની કરીશ જેની કુરબાનીને આસમાનની આગ આવીને બાળી નાંખશે તેનો દીન સાચો ગણાશે. બધાએ આ તજ્વીઝને ખુશીની માની લીધી.

એટલા માટે કરમલ પહાડ (Mount Carmel) ઉપર તેઓ ભેગા થયા, બઅ્લના જૂઠા નબીઓએ પોતાની બલીઓ રજુ કરી અને સવારથી બપોર સુધી બઅ્લને વિનવણી કરતા રહ્યા પરંતુ કોઈ જવાબ ન આવ્યો, ત્યારબાદ હઝરત ઈલ્યાસ (અલૈ.)એ અલ્લાહના નામ ઉપર પોતાની કુરબાની રજુ કરી તેના ઉપર આસમાનથી આગ નાઝિલ થઈ અને તેણે હઝરત ઈલ્યાસ (અલૈ.)ની કુરબાનીને બાળી રાખ કરી મૂકી, આ જોઈને ઘણા લોકો સિજ્દહમાં પડી ગયા અને તેમના ઉપર સત્ય જાહેર થઈ ગયું પરંતુ બઅ્લના જૂઠા નબી તો પણ ન માન્યા એટલા માટે હઝરત ઈલ્યાસ (અલૈ.)એ તેમને કીસૂનની ખીણ (Valley of Kishon)માં કતલ કરાવી નાંખ્યા.

આ ઘટના પછી મૂશળધાર વરસાદ પણ થયો અને સમગ્ર પ્રદેશ પાણીથી ભરપૂર થઈ ગયો પરંતુ અખિયબની પત્ની ઈઝાબેલની હજુ પણ આંખ ન ખુલી, તે હઝરત ઈલ્યાસ (અલૈ.) ઉપર ઈમાન લાવવાના બદલે ઊલટી તેમની દુશ્મન બની ગઈ અને તેણે તેમની હત્યા કરાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી. હઝરત

ઈલ્યાસ (અલૈ.) આ સાંભળીને ફરી સામરિયહમાં ભૂગર્ભમાં જતા રહ્યા અને અમુક સમય પછી બની ઈસ્રાઈલના બીજા પ્રદેશ યહૂદિય્યહમાં તબ્લીગ શરૂ કરી, કારણ કે ધીમે ધીમે બઅ્લની પૂજાનો વબાલ ત્યાં પણ ફેલાઈ ચૂક્યો હતો, ત્યાંના રાજા یَهُوْرَام "યહૂરામે" પણ તેમની વાત ન સાંભળી એટલે સુધી કે તે હઝરત ઈલ્યાસ (અલૈ.)ની આગાહીઓ પ્રમાણે તબાહ બરબાદ થઈ ગયો, અમુક વર્ષો પછી તેઓ ફરીવાર ઈસ્રાઈલમાં આવ્યા અને ત્યાં ફરી અખિયબ (અહબ) અને તેના પુત્ર અહાઝિયહ (અખઝબાહ)ને સીધા માર્ગ ઉપર લાવવાનો પ્રયત્ન કરતા રહ્યા પરંતુ તેઓ એ જ પ્રમાણે પોતાની દુષ્ટતામાં ઓતપ્રોત રહ્યા, એટલે સુધી કે તેમને બાહ્ય આક્રમણો અને ભયંકર બીમારીઓનો ભોગ બનાવી દેવામાં આવ્યા ત્યારબાદ અલ્લાહ તઆલાએ પોતાના નબીને પાછા બોલાવી લીધા.

શું હઝરત ઇલ્યાસ (અલૈ.) હયાત છે ? :

ઈતિહાસકારો અને તફસીરકારો વચ્ચે અહીંયાં આ વિષય પણ ચર્ચા હેઠળ છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.) જીવીત છે કે તેમની વફાત થઈ ચૂકી છે ? તફસીરે મઝહરીમાં અલ્લામહ બગવી (રહ.)ના હવાલાથી જે લાંબી રિવાયત વર્ણન કરવામાં આવી છે તેમાં એવું પણ પ્રસ્તુત છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.)ને એક આગના ગોળા ઉપર સવાર કરીને આસમાન તરફ ઉઠાવી લેવામાં આવ્યા હતા અને તેઓ હઝરત ઈસા (અલૈ.)ની જેમ જીવીત છે, (મઝહરી, પેજ : ૧૪૧, જિલ્દ : ૮) અલ્લામહ સુયૂતિ (રહ.)એ પણ ઇબ્ને અસાકિર (રહ.) અને હાકિમ (રહ.) વગેરેના હવાલાથી કેટલીય આવી રિવાયતો નકલ કરી છે જેનાથી જાણ થાય છે કે તેઓ જીવીત છે, કઅ્બ બિન અહબાર (રહ.)થી નકલ થયું છે કે ચાર અંબિયા (અલૈ.) હજુ સુધી જીવીત છે, બે જમીન ઉપર હઝરત ખિજર (અલૈ.) અને હઝરત ઈલ્યાસ (અલૈ.) અને બે આસમાનમાં હઝરત ઈસા (અલૈ.) અને હઝરત ઈદ્રીસ (અલૈ.). (દૂર્રે મન્સૂર, પેજ : ૨૭૫ થી ૨૮૫, જિલ્દ : ૫) એટલે સુધી કે અમુક લોકોએ એવું પણ કહ્યું છે કે હઝરત ખિજર અને હઝરત ઈલ્યાસ (અલૈ.) દરેક વર્ષે રમઝાન મહિનામાં બયતુલ મુકદસમાં એકઠા થાય છે અને રોઝા રાખે છે. *(તફસીરે કુર્તુબી, પેજ : ૧૧૬, જિલ્દ : ૧૫)*

પરંતુ હાફિઝ ઇબ્ને કષીર (રહ.) જેવા સંશોધનકાર વિદ્વાનોએ આ રિવાયતોને સાચી ઠરાવી નથી, તેઓ આવી રિવાયતોના વિશે લખે છે,

وَهُوَ مِنَ الْاِسْرَائِيلِيَّاتِ الَّتِيْ لَاتُصَدَّقُ وَلَا تُكَذَّبُ بَلِ الظَّاهِرُ أَنَّ صِحَّتَهَا بَعِيْدَةٌ،

(اَلْبِدَايَةُ وَالنِّهَايَةُ، ص٣٣٨ ج١)

"આ તે ઈસ્રાઈલી રિવાયતોમાંથી છે જેનું ન તો સમર્થન કરવામાં આવે છે અને ન જ તેને જૂઠાડવામાં આવે છે, બલકે દેખીતું આ છે કે તેની સત્યતા કઠીન છે."

વળી કહે છે કે,

"ઈબ્ને અસાકિરે કેટલીય રિવાયતો તે લોકોની નકલ કરી છે જેઓ હઝરત ઈલ્યાસ (રહ.)થી મળ્યા છે પરંતુ તેમાંથી કોઈપણ સંતોષકારક નથી, યા તો એટલા માટે કે તેની સનદ (પ્રમાણ) કમજોર છે અથવા એટલા માટે કે જે લોકો સાથે આ ઘટનાઓનો સંબંધ જોડવામાં આવ્યો છે તે અજાણ (ગુમનામ) છે."

(અલ હિદાયા વન્નિહાયા, પેજ : ૩૩૯, જિલ્દ : ૧)

દેખીતું એ જ છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.)ને આસમાન તરફ ઉઠાવી લેવાની માન્યતા ઈસ્રાઈલી રિવાયતોથી જ ઉપજાવવામાં આવી છે. બાઈબલમાં લખ્યું છે કે,

"અને તે આગળ ચાલતા અને વાતો કરતા જતા હતા કે જુઓ એક અગ્નિરથ અને આગના ગોળાઓએ તે બંનેને અલગ કરી દીધા અને એલિયાહ (નોંધવું રહ્યું કે બાઈબલમાં હઝરત ઈલ્યાસ અલૈ.નું નામ એલિયાહ આવ્યું છે) વંટોળમાં આસમાન ઉપર ચાલ્યા ગયા." *(૨-કિંગ્સ : ૨; ૧૧)*

આ જ કારણે યહૂદીઓમાં આ માન્યતા ઉપસ્થિત થઈ હતી કે હઝરત ઈલ્યાસ (અલૈ.) ફરીવાર જમીન ઉપર આવશે એટલા માટે જ્યારે યહ્યા (અલૈ.)નું આગમન થયું તો તેમણે તેમના ઉપર હઝરત ઈલ્યાસ (રહ.) હોવાની શંકા જાહેર કરી. ગોસ્પેલ ઑફ જ્હોનમાં છે કે,

"તેમણે તેમને પૂછ્યું, પછી કોણ છો ? શું તું એલિયાહ છે ? તેણે કહ્યું, ના ! હું નથી." *(ગોસ્પેલ ઑફ જ્હોન : ૧; ૨૧)*

એવું જણાય છે કે કઅ્બ બિન અહબાર (રદિ.) અને વહબ બિન મુનબ્બહ (રહ.) જેવા વિદ્વાનોએ જેઓ અહલે કિતાબની વિદ્યાના નિષ્ણાત હતા આ જ રિવાયતો મુસલમાનોની સામે વર્ણન કરી હશે જેનાથી હઝરત ઈલ્યાસ

(અલૈ.)ના જીવતા હોવાની માન્યતા અમુક મુસલમાનોમાં પણ ફેલાઈ ગઈ નહિતર કુર્આન અને હદીષમાં એવી કોઈ દલીલ નથી જેનાથી હઝરત ઈલ્યાસ (અલૈ.) હયાત હોવાનું અથવા તેમને આસમાન ઉપર ઉઠાવી લેવાનું સાબિત થતું હોય. માત્ર એક રિવાયત મુસ્તદરક હાકિમ (રહ.)માં મળે છે જેમાં ઉપસ્થિત છે કે તબૂકના માર્ગે રસૂલે કરીમ ﷺની મુલાકાત હઝરત ઈલ્યાસ (રહ.) સાથે થઈ પરંતુ આ રિવાયત હદીષવેત્તાઓના ખુલાસા પ્રમાણે ઘડી કાઢેલ છે. હાફેઝ ઝહબી (રહ.) ફરમાવે છે,

بَلْ هُوَ مَوْضُوْعٌ قَبَّحَ اللّٰهُ مَنْ وَضَعَهُ وَمَا كُنْتُ اَحْسِبُ وَلَا اُجَوِّزُ اَنَّ الْجَهْلَ يَبْلُغُ بِالْحَاكِمِ اِلٰى اَنْ يُّصَحِّحَ هٰذَا، (دُرِّمَنْثُور، ص٢٨٦ ج٥)

"બલકે આ હદીષ ઘડી કાઢેલ છે, અલ્લાહ બુરું કરે તે વ્યક્તિનું જેણે આ હદીષ ઘડી કાઢી, આથી પહેલાં મારી કલ્પનામાં પણ ન હતું કે ઈમામ હાકિમ (રહ.)ની અજાણતા આટલી હદ સુધી પહોંચી શકે છે કે તેઓ આ હદીષને સાચી ઠરાવે."

ખુલાસો એ છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.)નું જીવીત હોવું કોઈ ભરોસાપાત્ર ઈસ્લામી રિવાયતોથી સાબિત નથી, અલબત્ત આ મા'મલામાં સલામત માર્ગ એ જ છે કે તેમાં મૌન ધારણ કરવામાં આવે અને ઈસ્રાઈલી રિવાયતો વિશે રસૂલે કરીમ ﷺની તા'લીમ ઉપર અલમ કરવામાં આવે કે ન તો તેનું સમર્થન કરો અને ન જ તેને જૂઠાડો, કારણ કે કુર્આને કરીમની તફસીર બોધપાઠ અને શિખામણનો મકસદ તેના વિના પણ પૂર્ણ રીતે પ્રાપ્ત થઈ જાય છે. વલ્લાહુ અઅ્લમુ. હવે આયતોની તફસીર જુઓ.

اَتَدْعُوْنَ بَعْلًا (શું તમે બઅ્લને પૂજો છો ?) "બઅ્લ"નો શાબ્દિક અર્થ "પતિ અથવા માલિક" વગેરે થાય છે પરંતુ આ એક મૂર્તિનું નામ હતું જેને હઝરત ઈલ્યાસ (અલૈ.)ની કોમે પોતાનો મઅ્બૂદ બનાવ્યો હતો, બઅ્લની પૂજાનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. સિરીયાના પ્રદેશમાં હઝરત મૂસા (અલૈ.)ના સમયમાં તેની પૂજા થતી હતી અને તે તેમનો સૌથી સ્વીકૃત દેવતા હતો, સિરીયાના મશ્હૂર શહેર બાઅલબક (Baalbek or ancient Heliopolis in present

Lebanon) પણ તેના જ નામથી પઢેલ નામ છે અને અમુક લોકોની માન્યતા છે કે જહાઝવાળાઓની મશ્હૂર મૂર્તિ હુબલ પણ આ જ બઅ્‌લ છે.

(કસસુલ કુર્આન, પેજ : ૨૮, જિલ્દ : ૨)

وَتَذَرُوْنَ اَحْسَنَ الْخَالِقِيْنَ (અને તેને છોડી બેઠા છો જે સૌથી ઉત્તમ સર્જનહાર છે ?) તેનો ભાવાર્થ અલ્લાહ તઆલા છે અને اَحْسَنُ الْخَالِقِيْن (અહસનુલ ખાલિકીન) "સૌથી ઉત્તમ સર્જનહાર"નો અર્થ એ નથી કે નઊઝુબિલ્લાહ કોઈ બીજો પણ સર્જનહાર હોઈ શકે છે, બલકે અર્થ એ છે કે જે જૂઠા મઅ્‌બૂદોને તમે સર્જનહાર ઠરાવ્યા છે તો અલ્લાહ તે સૌથી ઊંચી શા'નવાળો છે, (કુર્તુબી) અને અમુક તફસીરકારોએ કહ્યું છે કે અહીંયાં خَالِقْ (ખાલિક) એ صَانِعٌ (શા'નેઅ્‌) "બનાવનાર"ના અર્થમાં ઉપયોગ થયો છે, એટલે કે તે સૌ બનાવનારાઓથી વધીને છે એટલા માટે કે બીજા સર્જકો માત્ર એટલું જ કરી શકે છે કે વિવિધ વસ્તુઓને જોડીને કોઈ વસ્તુ તૈયાર કરે, કોઈ વસ્તુને ન હોવામાંથી અસ્તિત્વમાં લાવવી તેમના બસની વાત નથી અને અલ્લાહ તઆલા ન હોવામાંથી પણ વસ્તુઓનું અસ્તિત્વ આપવા માટે શક્તિ અને કાબૂ ધરાવે છે. *(બયાનુલ કુર્આન)*

ગયરૂલ્લાહ સાથે સર્જનની ખાસિયત જોડવી જાઇઝ નથી :

અત્રે આ વાત યાદ રાખવી જોઈએ કે, خَلْق (ખલ્ક)નો અર્થ "પેદા કરવા"નો થાય છે જેનો ભાવાર્થ છે કે "કોઈ વસ્તુને ન હોવામાંથી માત્ર પોતાની વ્યક્તિગત કુદરત (શક્તિ)ના બળે અસ્તિત્વમાં લાવવું." એટલા માટે આ સિફત અને ખાસિયત વિશિષ્ટ સ્વરૂપે માત્ર અલ્લાહ તઆલાની જ છે, કોઈ અન્ય સાથે તેનો સંબંધ જોડવો જાઇઝ નથી એટલા માટે વર્તમાન સમયમાં જે રિવાજ ચાલી પડ્યો છે કે લેખકોના લેખો, શાયરોની શે'રો અને ચિત્રકારોના ચિત્રોને તેમનું "સર્જન" કહેવામાં આવે છે તે બિલકુલ જાઇઝ નથી અને ન જ લેખકોને તેમના લેખોના સર્જક કહેવા ઠીક છે, સર્જનહાર અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી હોઈ શકતો એટલા માટે તેમની કલમથી નીકળેલ શબ્દોને પ્રયત્નો અથવા વિષયો, લેખો વગેરે કહેવું જોઈએ, સર્જન નહીં.

فَكَذَّبُوْهُ فَاِنَّهُمْ لَمُحْضَرُوْنَ (બસ તે લોકોએ તેમને જૂઠાડ્યા, બસ તેઓ પકડવામાં આવશે.) મતલબ એ છે કે તેમણે અલ્લાહ તઆલાના સાચા રસૂલને

જૂઠાડવાની મજા ચાખવી પડશે, તેનાથી આખિરતનો અઝાબ પણ ભાવાર્થ હોઈ શકે છે અને દુનિયાનો ખરાબ અંજામ પણ. અગાઉ પસાર થઈ ચૂક્યું છે કે હઝરત ઈલ્યાસ (અલૈ.)ને જૂઠાડવાના પરિણામે યહૂદા અને ઈસ્રાઈલ બંને પ્રદેશોના શાસકોને તબાહીનો સામનો કરવો પડ્યો, આ તબાહીની વિગત તફસીરે મઝહરી અને બાઈબલ કિંગ્સ : ૧ –પ્રકરણ : ૨૨, કિંગ્સ : ૨ –પ્રકરણ : ૧ અને ક્રોનિકલ: ૨ –પ્રકરણ : ૨૧માં જોઈ શકાય છે.

اِلَّا عِبَادَاللّٰهِ الْمُخْلَصِيْنَ અહીંયાં مُخْلَصِيْنَ (મુખ્લસીન—અહીંયાં લામ ઉપર જબર છે)ના શબ્દનો ઉપયોગ થયો છે જેનો અર્થ છે "ખાલિસ કરવામાં આવેલા લોકો" (ચુનંદા લોકો) એટલે કે એવા લોકો કે જેમને અલ્લાહ તઆલાએ પોતાના આજ્ઞાપાલન અને સવાબ તથા બદલા માટે ખાસ કરી રાખ્યા હોય એટલા માટે તેનો અનુવાદ મુખ્લિસ (નિખાલસ)ના બદલે બરગુઝીદહ કરવામાં આવેલ (ચૂંટી કાઢવામાં આવેલ લોકો) વધુ યોગ્ય છે.

سَلٰمٌ عَلٰٓى اِلْ يَاسِيْنَ શબ્દ اِلْ يَاسِيْنَ (ઈલ્યાસીન) આ પણ હઝરત ઈલ્યાસ (અલૈ.)નું એક નામ છે, અરબના લોકો મોટા ભાગના બિનઅરબી નામની સાથે يَاءٌ અથવા نُوْنٌ વધારી દે છે, જેમકે سِيْنَا (સીના)થી سِيْنِيْنَ (સિનીન). આ જ રીતે અહીંયાં પણ બે શબ્દો વધારવામાં આવ્યા છે.

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૩૩ થી ૧૩૮)

وَاِنَّ لُوْطًا لَّمِنَ الْمُرْسَلِيْنَ ﴿١٣٣﴾ اِذْ نَجَّيْنٰهُ وَاَهْلَهٗٓ اَجْمَعِيْنَ ﴿١٣٤﴾ اِلَّا عَجُوْزًا فِى الْغٰبِرِيْنَ ﴿١٣٥﴾ ثُمَّ دَمَّرْنَا الْاٰخَرِيْنَ ﴿١٣٦﴾ وَاِنَّكُمْ لَتَمُرُّوْنَ عَلَيْهِمْ مُّصْبِحِيْنَ ﴿١٣٧﴾ وَبِالَّيْلِ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٣٨﴾

તરજુમો :

અને બેશક ! લૂત (અલૈ.) રસૂલોમાંથી છે. (૧૩૩) જ્યારે અમે તેમને અને તેમના સમગ્ર ઘરવાળાઓને બચાવ્યા. (૧૩૪) પરંતુ એક વૃદ્ધા કે રહી જનારાઓમાં રહી ગઈ. (૧૩૫) પછી અમે બીજાઓને જડમૂળથી ઉખેડી

ફેંક્યા. (૧૩૬) અને તમે સવારના સમયે તેમના (ખંડેર) ઉપરથી પસાર થાઓ છો. (૧૩૭) અને રાત્રે પણ; પછી શું સમજતા નથી !? (૧૩૮)

તફસીર :

અને બેશક ! લૂત (અલૈ.) પયગમ્બરોમાંથી હતા (તેમની તે સમયની ઘટના વર્ણનપાત્ર છે) જ્યારે કે અમે તેમને અને તેમનાથી સંબંધિત સૌને છુટકારો આપ્યો તે વૃદ્ધા સિવાય (એટલે કે તેમની પત્ની) કે તે (અઝાબની અંદર) રહી જનારાઓમાં રહી ગઈ, પછી અમે અન્ય બીજા સૌનો (જે લૂત અલૈ. અને તેમના સંબંધીઓ સિવાયના હતા) નાશ કરી નાંખ્યો, (જેનો કિસ્સો ઘણી જગ્યાએ આવી ચૂક્યો છે) અને (હે મક્કાવાળાઓ !) તમે તો તેમના (ખંડેરો અને શહેરો) ઉપરથી (સિરીયાની મુસાફરી સમયે ક્યારેક) સવાર થતાં અને (ક્યારેક) રાત્રે પસાર થતા રહો છો (અને તે સર્વનાશની નિશાનીઓ નજરે જુઓ છો) તો શું (તેને જોઈને) પછી પણ નથી સમજતા ? (કે કુફ્રનું શું પરિણામ આવ્યું અને જે ભવિષ્યમાં કુફ્ર કરશે તેમના માટે પણ આ જ ખતરો છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં પાંચમી ઘટના હઝરત લૂત (અલૈ.)ની વર્ણન કરવામાં આવી છે. આ ઘટના કેટલીય વાર આગળ પસાર થઈ ચૂકી છે એટલા માટે અહીંયાં વિગતની જરૂરત નથી. અત્રે મક્કાવાળાઓને ખાસ રીતે એ ચેતવણી આપવામાં આવી છે કે તમે સિરીયાની વેપારની મુસાફરીમાં સદૂમ (સોડોમ)ના તે પ્રદેશોએથી દિવસ રાત પસાર થાઓ છો જ્યાં આ ઈબ્રતનાક ઘટનાઓ બની હતી પરંતુ તેનાથી કોઈ શિખામણ પ્રાપ્ત કરતા ન હતા. સવાર અને રાતનું વર્ણન ખાસ એટલા માટે કરવામાં આવ્યું છે કે અરબના લોકો ઘણે ભાગે આ જ સમયોમાં ત્યાંથી પસાર થતા હતા તથા કાઝી અબૂલ સઊદ (રહ.) કહે છે કે લગભગ સદૂમનો આ પ્રદેશ માર્ગની એવી મંઝિલ ઉપર સ્થિત હતો કે અહીંયાંથી કૂચ કરનારાઓ સવારના સમયે રવાના થતા હતા અને આવનારાઓ સાંજના સમયે આવતા હતા.

(તફસીરે અબૂ સઊદ)

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૩૯ થી ૧૪૮)

وَاِنَّ يُوْنُسَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿١٣٩﴾ اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ ﴿١٤٠﴾ فَسَاهَمَ فَكَانَ
مِنَ الْمُدْحَضِيْنَ ﴿١٤١﴾ فَالْتَقَمَهُ الْحُوْتُ وَهُوَ مُلِيْمٌ ﴿١٤٢﴾ فَلَوْلَآ اَنَّهٗ كَانَ مِنَ الْمُسَبِّحِيْنَ ﴿١٤٣﴾
لَلَبِثَ فِيْ بَطْنِهٖٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿١٤٤﴾ فَنَبَذْنٰهُ بِالْعَرَآءِ وَهُوَ سَقِيْمٌ ﴿١٤٥﴾ وَاَنْۢبَتْنَا عَلَيْهِ
شَجَرَةً مِّنْ يَّقْطِيْنٍ ﴿١٤٦﴾ وَاَرْسَلْنٰهُ اِلٰى مِائَةِ اَلْفٍ اَوْ يَزِيْدُوْنَ ﴿١٤٧﴾ فَاٰمَنُوْا فَمَتَّعْنٰهُمْ
اِلٰى حِيْنٍ ﴿١٤٨﴾

તરજુમો :

અને બેશક ! યૂનુસ (અલૈ.) રસૂલોમાંથી હતા. (૧૩૯) જ્યારે તેઓ નાસીને તે ભરેલા વહાણ ઉપર પહોંચ્યા. (૧૪૦) પછી ચિઠ્ઠીઓ નંખાવી તો (ચિઠ્ઠીઓના ડ્રોમાં) હારેલા નીકળ્યા. (૧૪૧) પછી તેમનો માછલીએ કોળિયો કર્યો અને તેઓ આક્ષેપ ખાધેલા હતા. (૧૪૨) પછી જો એ વાત ન હોત કે તેઓ પવિત્ર જાત (અલ્લાહ તઆલા)ને યાદ કરતા હતા. (૧૪૩) તો તેના જ પેટમાં રહ્યા હોત તે દિવસ સુધી કે મુરદાઓ સજીવન થાય. (૧૪૪) પછી અમે તેમને ઉજ્જડ મેદાનમાં નાંખી દીધા અને તેઓ બીમાર હતા. (૧૪૫) અને અમે તેમના ઉપર એક વેલાવાળું ઝાડ ઉગાડયું. (૧૪૬) અને તેમને એક લાખ વ્યક્તિઓ અથવા તેનાથી વધારે તરફ (પયગમ્બર બનાવી) મોકલ્યા. (૧૪૭) પછી તેઓ ઈમાન લાવ્યા, પછી અમે એક સમય સુધી તેમને લાભ ઉઠાવવા દીધો (સુખ ભોગવવા દીધું). (૧૪૮)

તફસીર :

અને બેશક ! યૂનુસ (અલૈ.) પણ પયગમ્બરોમાંથી હતા (તેમના તે સમયનો કિસ્સો યાદ કરો) જ્યારે કે (તેમણે પોતાની કોમને ઈમાન ન લાવવા ઉપર અલ્લાહ તઆલાના હુકમથી અઝાબની આગાહી આપી અને પોતે ત્યાંથી ચાલ્યા ગયા અને જ્યારે નિશ્ચિત સમય ઉપર અઝાબના ચિહ્નો દેખાવા લાગ્યા તો કોમ ઈમાન લાવવાના ઈરાદે હઝરત યૂનુસ અલૈ.ને શોધવા લાગી, જ્યારે તેઓ ન

મળ્યા તો બધાએ સહમત થઈને અલ્લાહ તઆલા સામે કાકલૂદી કરી અને ઈજમાલી–અસ્પષ્ટ સ્વરૂપનું ઈમાન લઈ આવ્યા અને તે અઝાબ ટળી ગયો, હઝરત યૂનુસ અલૈ.ને કોઈ રીતે આ ખબરની જાણ થઈ ગઈ તો તેઓ શરમના માર્યા પોતાના ઈજ્તિહાદથી અલ્લાહની રજા વિના ક્યાંક દૂર ચાલ્યા જવાનો ઈરાદો કરીને પોતાના સ્થળેથી) નાસીને (ચાલ્યા ગયા, માર્ગમાં દરિયો હતો તેમાં મુસાફરો ભરેલી એક નાવ હતી તે) ભરેલા વહાણ પાસે પહોંચ્યા (વહાણ ચાલ્યું તો તોફાન આવ્યું, વહાણવાળાઓ કહેવા લાગ્યા કે આપણામાં કોઈ નવો કસૂરવાર છે તેને વહાણથી અલગ કરવો જોઈએ, તે વ્યક્તિને અલગ કરવા માટે સૌ એ બાબત ઉપર સહમત થયા કે ચિઠ્ઠીઓ નાંખવામાં આવે), બસ યૂનુસ (અલૈ.) પણ ચિઠ્ઠીઓ નાંખવામાં સામેલ થયા તો (ચિઠ્ઠીમાં) તેઓ જ આક્ષેપિત ઠર્યા (એટલે કે તેમનું જ નામ નીકળ્યું, બસ તેમણે પોતાની જાતને દરિયામાં નાંખી દીધી, કદાચ કિનારો નજીક હશે કે પોતે તરીને કિનારા ઉપર જઈ પહોંચવાનો ઈરાદો હશે, એટલા માટે આત્મહત્યાની શંકા અહીંયાં જરૂરી નથી બનતી), પછી (જ્યારે દરિયામાં પડ્યા તો અમારા હુકમથી) તેમને માછલી (સાજાસમા) ગળી ગઈ અને તેઓ (તે સમયે) પોતાની (આ ઈજ્તિહાદી ભૂલ ઉપર) મલામત કરી રહ્યા હતા (આ તો દિલની તવબહ થઈ અને જીભથી પણ તવહીદ અને તસ્બીહની સાથે મા'ફી માંગી રહ્યા હતા જેમકે બીજી આયતમાં છે لَآ اِلٰـهَ اِلَّآ اَنْـتَ سُبْـحٰـنَكَ اِنِّىْ كُنْـتُ مِـنَ الظّٰلِمِيْنَ) બસ જો તેઓ (તે સમયે) તસ્બીહ (અને ઈસ્તિગફાર) કરનારાઓમાંથી ન થયા હોત તો કયામત સુધી તેના જ પેટમાં રહ્યા હોત (એટલે કે માછલીના પેટમાંથી નીકળવાનું નસીબ ન થયું હોત, બલકે તેમને માછલીનો ખોરાક બનાવી દેવામાં આવ્યો હોત) બસ (કારણ કે તેમણે તસ્બીહ અને તવબહ કરી એટલા માટે) અમે (તેમને તેનાથી સુરક્ષિત રાખ્યા અને માછલીના પેટમાંથી કાઢીને) તેમને એક મેદાનમાં નાંખી દીધા (એટલે કે માછલીને હુકમ આપ્યો કે કિનારા ઉપર ઓકી નાંખે) અને તેઓ તે સમયે બીમાર હતા (કારણ કે માછલીના પેટમાં પૂરતી હવા અને ખોરાક પહોંચ્યો ન હતો) અને અમે (તડકાથી બચાવવા માટે) તેમના ઉપર એક વેલાવાળું ઝાડ પણ ઉગાડ્યું હતું (અને કોઈ પહાડી બકરી તેમને દૂધ પીવડાવી જતી હતી) અને અમે તેમને એક લાખ અથવા તેનાથી પણ વધારે માણસો તરફ (મેનવા શહેરમાં મોસૂલની પાસે)

પયગમ્બર બનાવીને મોકલ્યા હતા પછી તે લોકો ઈમાન લઈ આવ્યા હતા (અઝાબના ચિહ્નો જોઈને ઈજમાલી સ્વરૂપે અને માછલીની ઘટના પછી હઝરત યૂનુસ અલૈ. ત્યાં ફરીવાર પધાર્યા તે સમયે સ્પષ્ટ સ્વરૂપે ઈમાન લઈ આવ્યા) તો (ઈમાનની બરકતથી) અમે તેમને એક સમય સુધી (એટલે કે લાંબા ગાળા સુધી ભલાઈની સાથે) સુખ ભોગવવા દીધું.

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતમાં અંતિમ ઘટના હઝરત યૂનુસ (અલૈ.)ની કરવામાં આવી છે, આ ઘટના અને તેના વિશેની વિગતો સૂરએ યૂનુસના અંત ભાગમાં પસાર થઈ ચૂકી છે અને તેનો ખુલાસો ઉપર તફસીરના ખુલાસામાં પણ આવી ચૂક્યો છે એટલા માટે અત્યારે તેના પુનવરાવર્તનની જરૂર નથી, અલબત્ત ખાસ આયતો વિશે અમુક જરૂરી વાતો નીચે પ્રમાણે છે.

وَاِنَّ يُوْنُسَ لَمِنَ الْمُرْسَلِيْنَ અમુક તફસીરકારો અને ઇતિહાસકારોએ એ બાબતે ચર્ચા કરી છે કે હઝરત યૂનુસ (અલૈ.) માછલીની ઘટના પહેલાં જ રસૂલ બનાવવામાં આવ્યા હતા અથવા પાછળથી બનાવવામાં આવ્યા હતા; અમુક લોકોનો વિચાર છે કે માછલીની ઘટના પછી તેમને રસૂલ બનાવવામાં આવ્યા પરંતુ કુર્આને કરીમની જાહેર શૈલી અને ઘણી રિવાયતોથી એ જ ફલિત થાય છે કે તેઓ પહેલેથી જ રિસાલતના હોદ્દા ઉપર બિરાજમાન કરવામાં આવ્યા હતા, માછલીની ઘટના પાછળથી બની.

اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ "જ્યારે કે તેઓ ભરેલા વહાણ તરફ નાઠા." શબ્દ اَبَقَ (અબક) એ اَبَاقٌ (અબાકુન)થી બને છે જેનો અર્થ છે "કોઈ ગુલામ (સેવક) પોતાના માલિક પાસેથી નાસી છૂટે." આ શબ્દ અલ્લાહ તઆલાએ હઝરત યૂનુસ (અલૈ.) માટે એટલા માટે ઉપયોગ કર્યો છે કે તેઓ પોતાના પરવરદિગાર તરફથી વહીની રાહ જોયા વિના જ રવાના થઈ ગયા હતા. અંબિયા (અલૈ.) અલ્લાહ તઆલાના નિકટવર્તી બંદાઓ હોય છે અને તેમની મા'મૂલી ભૂલ પણ મોટી પકડનું કારણ બનતી હોય છે એટલા માટે આ કઠોર શબ્દ અપનાવવામાં આવ્યો છે.

فَسَاهَمَ (ફસાહમ) બસ તે ચિઠ્ઠીઓ નાંખવાના ડ્રોમાં સામેલ થયા. આ

ચિઠ્ઠીઓ નાંખવાનો ડ્રો તે વખતે કરવામાં આવ્યો જ્યારે કે વહાણ દરિયા વચ્ચે પહોંચીને તોફાનમાં ઘેરાય ગયું અને વજનના વધારાને કારણે તેના ડૂબવાનો ભય લાગ્યો અને એવું નક્કી થયું કે એક વ્યક્તિને દરિયામાં ફેંકી દેવામાં આવે અને આ વ્યક્તિને નક્કી કરવા માટે ચિઠ્ઠીઓનો ડ્રો કરવામાં આવ્યો કે તે વ્યક્તિ કોણ છે ?

ચિઠ્ઠીઓના ડ્રોનો હુકમ :

અત્રે એ વાત યાદ રાખવી જોઈએ કે ચિઠ્ઠીઓના ડ્રો દ્વારા ન તો કોઈ સત્ય સાબિત કરી શકાય છે અને ન જ કોઈને અપરાધી ઠરાવી શકાય છે, દાખલા તરીકે ચિઠ્ઠીઓ દ્વારા કોઈને ચોર સાબિત કરી શકાતો નથી એ જ પ્રમાણે જો બે વ્યક્તિઓ વચ્ચે કોઈ વિવાદ હોય કે ફલાણી મિલકત કોની છે તો ચિઠ્ઠીઓના ડ્રો દ્વારા તેનો ફેંસલો કરી શકાતો નથી, ચિઠ્ઠીઓનો ડ્રો એવા પ્રસંગોએ જાઈઝ છે બલકે બહેતર છે જ્યાં એક વ્યક્તિને શરઈ રીતે સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત હોય કે તે અમુક જાઈઝ માર્ગોમાંથી કયા માર્ગને અપનાવે ? હવે તે પોતાની મરજીથી કોઈ માર્ગ નિશ્ચિત કરવાને બદલે ચિઠ્ઠીઓના ડ્રો દ્વારા ફેંસલો કરે, દાખલા તરીકે એક વ્યક્તિની એકથી વધારે પત્નીઓ હોય, તેને મુસાફરીમાં જવાના સમયે એવો અધિકાર મળેલ છે કે તે જે પત્નીને ઇચ્છે સાથે લઈ જાય, હવે તે પોતાની મરજીથી એવું કરવાને બદલે ચિઠ્ઠીઓનો ડ્રો કરે તો તે ઉત્તમ છે જેથી કોઈનું દિલ ન તૂટે, રસૂલે કરીમ ﷺનો આ જ ક્રમ હતો.

હઝરત યૂનુસ (અલૈ.)ની ઘટનામાં પણ ચિઠ્ઠીઓના ડ્રો દ્વારા કોઈને અપરાધી ઠરાવવાનો હેતુ ન હતો, બલકે આખા આખા વહાણને બચાવવા માટે કોઈને પણ દરિયામાં નાંખી શકાતો હતો પરંતુ ચિઠ્ઠીઓના ડ્રો દ્વારા તેને નક્કી કરવામાં આવ્યું.

فَكَانَ مِنَ الْمُدْحَضِيْنَ (બસ તેઓ હારી ગયા)માં શબ્દ اِدْحَاضٌ (ઈદ્હાજુન)નો શાબ્દિક અર્થ "કોઈને નિષ્ફળ બનાવવા"નો થાય છે, ભાવાર્થ એ છે કે ચિઠ્ઠીના આ ડ્રોમાં તેમનું જ નામ નીકળી આવ્યું અને તેમણે પોતાને દરિયામાં નાંખી દીધા તેના ઉપર આત્મહત્યાની શંકા ન કરવી જોઈએ, બની શકે છે કે કિનારો નજીક હોય અને તેઓ તરીને ત્યાં સુધી પહોંચવાનો ઈરાદો રાખતા હોય.

فَلَوْ لَآ اَنَّهٗ كَانَ مِنَ الْمُسَبِّحِيْنَ.... આ આયતથી એવું સમજવું ખોટું છે કે

જો હઝરત યૂનુસ (અલૈ.)એ તસ્બીહ ન કરી હોત તો તે માછલી કયામત સુધી જીવતી રહી હોત, બલકે ભાવાર્થ એ છે કે તે માછલીના પેટને જ હઝરત યૂનુસ (અલૈ.)ની કબર બનાવી દેવામાં આવી હોત.

તસ્બીહ અને ઇસ્તિગફારથી (અલ્લાહની પવિત્રતા વર્ણન કરવાથી તથા મા'ફી માંગવાથી) મુસીબતો દૂર થાય છે :

આ આયતથી એ પણ જાણ થઈ કે મુસીબતો અને આફતોને દૂર કરવામાં તસ્બીહ અને ઈસ્તિગફારનું ખાસ મહત્ત્વ છે. સૂરએ અંબિયામાં આવી ચૂક્યું છે કે જ્યારે હઝરત યૂનુસ (અલૈ.) માછલીના પેટમાં હતા ત્યારે આ વાક્યો ખાસ સ્વરૂપે પઢતા હતા. لَا اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحٰنَكَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ (૨૧:૮૭) અલ્લાહ તઆલાએ આ જ વાક્યની બરકતથી તેમને તે કસોટીમાંથી છુટકારો આપ્યો અને તે માછલીના પેટમાંથી સાજાસમા નીકળી આવ્યા એટલા માટે બુઝૂર્ગોથી એ નકલ થતું ચાલ્યું આવ્યું છે કે તેઓ વ્યક્તિગત અથવા સામૂહિક મુસીબતના સમયે આ વાક્યો સવા લાખ વખતે પઢે છે અને તે બરકતથી અલ્લાહ તઆલા મુસીબતને દૂર કરી દે છે.

અબૂ દાવુદમાં હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિ.)થી એ રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હઝરત યૂનુસ (અલૈ.)એ જે આ દુઆ માછલીના પેટમાં કરી હતી, لَا اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحٰنَكَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ તેને જે કોઈ મુસલમાન પણ કોઈ મકસદ માટે પઢશે તેની દુઆ કબૂલ થશે.

(તફસીરે કુર્તુબી)

فَنَبَذْنٰهُ بِالْعَرَآءِ وَهُوَ سَقِیْمٌ (બસ અમે તેમને મેદાનમાં નાંખી દીધા અને તેઓ તે વખતે બીમાર હતા)માં શબ્દ اَلْعَرَآءِ (અલ અરાઅ)નો અર્થ "ખુલ્લું મેદાન જેમાં કોઈ વૃક્ષ ન હોય" થાય છે, અમુક રિવાયતોથી જાણ થાય છે કે તે સમયે હઝરત યૂનુસ (અલૈ.) માછલીના પેટમાં રહેવાના કારણે ખૂબ અશક્ત થઈ ગયા હતા અને શરીર ઉપર બાલ પણ રહ્યા ન હતા.

وَاَنْۢبَتْنَا عَلَیْهِ شَجَرَةً مِّنْ یَّقْطِیْنٍ "અને અમે તેમના ઉપર એક વેલાદાર વૃક્ષ પણ ઉગાડી દીધું હતું."માં یَقْطِیْنٌ (યકતીન) દરેક તે વનસ્પતિને કહેવામાં આવે છે જેને ફળ ન હોય. રિવાયતોમાં છે કે તે દૂધીની વેલ હતી, આ વનસ્પતિ

ઉગાડવાનો હેતુ એ હતો કે હઝરત યૂનુસ (અલૈ.)ને છાંયડો પ્રાપ્ત થાય. અહીંયાં شَجَرَةً (શજરહ)નો અર્થ બતાવી રહ્યો છે કે યા તો તે દૂધીની વેલને અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા (ચમત્કાર) સ્વરૂપે થડવાળી બનાવી હતી અથવા તો કોઈ એવું વૃક્ષ હતું જેના ઉપર વેલ ચઢાવી દીધી હતી જેથી છાંયડો ખૂબ ઘટ્ટ બની જાય નહિતર વેલાથી છાંયડો મળવો મુશ્કેલ હતો.

وَاَرْسَلْنٰهُ اِلٰى مِائَةِ اَلْفٍ اَوْيَزِيْدُوْنَ (અને અમે તેમને એક લાખ અથવા તેનાથી વધારે માણસો તરફ પયગમ્બર બનાવીને મોકલ્યા હતા). અત્રે એ શંકા થઈ શકે છે કે અલ્લાહ તઆલા તો અલીમ અને ખબીર સર્વજ્ઞ અને સઘળી ખબર રાખનાર છે, તેને આ શંકાની જાહેરાત કરવાની શું આવશ્યકતા છે કે એક લાખ અથવા તેનાથી વધારે વ્યક્તિઓ હતા ? તેનો જવાબ એ છે કે આ વાક્ય સામાન્ય લોકોની સમજ પ્રમાણે કહેવામાં આવ્યું છે, એટલે કે એક સામાન્ય વ્યક્તિ તે લોકોને જુએ તો એવું કહે કે તેમની સંખ્યા એક લાખ અથવા તેનાથી કંઈક ઉપર છે. (મઝહરી) અને હઝરત થાનવી (રહ.)એ ફરમાવ્યું કે અહીંયાં શંકાની જાહેરાત કરવાનો હેતુ જ નથી, તે લોકોને એક લાખ પણ કહી શકાતા હતા અને તેનાથી વધારે પણ અને તે એ રીતે કે જો કમી હોવાનું વિચારવામાં ન આવે તો તેમની સંખ્યા એક લાખ હતી અને જો કમી હોવાને પણ ગણવામાં આવે તો એક લાખથી વધારે. *(બયાનુલ કુર્આન)*

આ વાક્ય કારણ કે માછલીની ઘટના પછી આવ્યું છે એટલા માટે તેનાથી અમુક તફસીરકારોએ એ પરિણામ કાઢ્યું છે કે હઝરત યૂનુસ (અલૈ.)ની બઅ્ષત (રસૂલ તરીકેની ફરજ) આ ઘટના પછી થઈ હતી અને અલ્લામહ બગવી (રહ.)એ એટલે સુધી કહ્યું છે કે આ આયતમાં મેનવા તરફ બઅ્ષતનું વર્ણન નથી, બલકે માછલીની ઘટના પછી તેમને એક બીજી ઉમ્મત તરફ મોકલવામાં આવ્યા જેમની સંખ્યા એક લાખથી વધારે હતી પરંતુ કુર્આને કરીમ અને રિવાયતોથી તેમના આ નિવેદનનું સમર્થન થતું નથી, અહીંયાં હઝરત યૂનુસ (અલૈ.)ની ઘટનાની શરૂમાં જ તેમની રિસાલતનું વર્ણન સ્પષ્ટ બતાવી રહ્યું છે કે માછલીની ઘટના રસૂલ બન્યા પછી બની હતી, ત્યારબાદ અહીંયાં આ વાક્યને ફરીવાર એટલા માટે લાવવામાં આવ્યું કે હઝરત યૂનુસ (અલૈ.)ની તંદુરસ્તી પછી તેમને

ફરીવાર મોકલવામાં આવ્યા હતા, અહીંયાં એ સ્પષ્ટ કરી દેવામાં આવે કે તે લોકો અમુક ગણતરીના વ્યક્તિઓ ન હતા બલકે તેમની સંખ્યા એક લાખથી પણ વધારે હતી.

فَاٰمَنُوۡا فَمَتَّعۡنٰهُمۡ اِلٰى حِيۡنٍ (બસ તેઓ ઈમાન લઈ આવ્યા. બસ અમે તેમને એક સમય સુધી સુખ ભોગવવા દીધું.) "એક સમય સુધી"નો અર્થ એ છે કે જ્યાં સુધી તેઓ ફરીવાર કુફ્ર શિર્કમાં ન સંડોવાયા ત્યાં સુધી તેમના ઉપર કોઈ અઝાબ આવ્યો નહીં.

મિરઝાં કાદિયાનીની તલબીસ (ધોકાબાજી-Fraud)નો જવાબ :

આ વાત સૂરએ યૂનુસની તફસીરમાં પણ સ્પષ્ટ કરવામાં આવી ચૂકી છે અને આ આયતથી પણ સ્પષ્ટ થાય છે કે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ ઉપરથી જે અઝાબ ટાળવામાં આવ્યો તે એટલા માટે કે તેમની કોમ સમય ઉપર ઈમાન લઈ આવી હતી, તેનાથી પંજાબના જૂઠા નબી મિરઝાં ગુલામ અહમદ કાદિયાનીનું આ ખોટું અર્થઘટન સમાપ્ત થઈ જાય છે કે જયારે કાદિયાનીએ પોતાના વિરોધીઓને એવો પડકાર ફેંક્યો કે જો તે આ જ પ્રમાણે વિરોધ કરતા રહ્યા તો અલ્લાહનો ફેંસલો થઈ ચૂક્યો છે કે ફલાણા સમય સુધીમાં અલ્લાહનો અઝાબ આવી જશે પરંતુ તેના વિરોધીઓનો સંઘર્ષ ઔર ઝડપી બની ગયો, પછી તો પણ અઝાબ ન આવ્યો ત્યારે નિષ્ફળતાના અપમાનથી બચવા માટે કાદિયાનીએ એવું કહેવાનું શરૂ કર્યું કે, કારણ કે વિરોધીઓ દિલમાં ડરી ગયા એટલા માટે તેમના ઉપરથી અઝાબ ટળી ગયો જે રીતે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ ઉપરથી ટળી ગયો હતો પરંતુ કુર્આને કરીમની આ આયત તે તા'વીલ અને ખોટા ખુલાસાને નીંદનીય ઠરાવે છે એટલા માટે કે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ તો ઈમાનના કારણે અઝાબથી બચી હતી, તેનાથી વિપરીત મિરઝાં કાદિયાનીના વિરોધીઓ ન જ તેના ઉપર ઈમાન લાવ્યા બલકે તેના વિરુદ્ધ પોતાનો સંઘર્ષ ઔર વધારે તેજ કર્યો.

આયતો : (સૂરએ સાફફાત : આયત નં. ૧૪૯ થી ૧૬૬)

فَاسْتَفْتِهِمْ أَلِرَبِّكَ الْبَنَاتُ وَلَهُمُ الْبَنُونَ ﴿١٤٩﴾ أَمْ خَلَقْنَا الْمَلَائِكَةَ إِنَاثًا وَهُمْ شَاهِدُونَ ﴿١٥٠﴾
أَلَا إِنَّهُمْ مِنْ إِفْكِهِمْ لَيَقُولُونَ ﴿١٥١﴾ وَلَدَ اللَّهُ وَإِنَّهُمْ لَكَاذِبُونَ ﴿١٥٢﴾ أَصْطَفَى
الْبَنَاتِ عَلَى الْبَنِينَ ﴿١٥٣﴾ مَا لَكُمْ كَيْفَ تَحْكُمُونَ ﴿١٥٤﴾ أَفَلَا تَذَكَّرُونَ ﴿١٥٥﴾ أَمْ
لَكُمْ سُلْطَانٌ مُبِينٌ ﴿١٥٦﴾ فَأْتُوا بِكِتَابِكُمْ إِنْ كُنْتُمْ صَادِقِينَ ﴿١٥٧﴾ وَجَعَلُوا بَيْنَهُ وَبَيْنَ
الْجِنَّةِ نَسَبًا وَلَقَدْ عَلِمَتِ الْجِنَّةُ إِنَّهُمْ لَمُحْضَرُونَ ﴿١٥٨﴾ سُبْحَانَ اللَّهِ عَمَّا
يَصِفُونَ ﴿١٥٩﴾ إِلَّا عِبَادَ اللَّهِ الْمُخْلَصِينَ ﴿١٦٠﴾ فَإِنَّكُمْ وَمَا تَعْبُدُونَ ﴿١٦١﴾ مَا أَنْتُمْ عَلَيْهِ
بِفَاتِنِينَ ﴿١٦٢﴾ إِلَّا مَنْ هُوَ صَالِ الْجَحِيمِ ﴿١٦٣﴾ وَمَا مِنَّا إِلَّا لَهُ مَقَامٌ مَعْلُومٌ ﴿١٦٤﴾ وَإِنَّا
لَنَحْنُ الصَّافُّونَ ﴿١٦٥﴾ وَإِنَّا لَنَحْنُ الْمُسَبِّحُونَ ﴿١٦٦﴾

તરજુમો :

હવે તેમને પૂછો, શું તમારા પરવરદિગારના ત્યાં દિકરીઓ છે અને તેમના ત્યાં દિકરા ?! (૧૪૯) અથવા અમે ફરિશ્તાઓને સ્ત્રીઓ બનાવી અને (ત્યારે) તેઓ જોતા હતા ? (૧૫૦) સાંભળો છો !? તેઓ પોતાનું (ઘડી કાઢેલું) જૂઠાણું કહે છે કે (૧૫૧) અલ્લાહને અવલાદ થઈ અને બેશક તેઓ સાવ જૂઠા છે. (૧૫૨) શું તેણે દિકરીઓને દિકરાઓ કરતાં પસંદ કરી? (૧૫૩) તમને શું થઈ ગયું છે ? કેવો ન્યાય કરો છો ? (૧૫૪) શું તમે ધ્યાન આપતા નથી ? (૧૫૫) અથવા તમારી પાસે કોઈ ખુલ્લું પ્રમાણ (સનદ) છે? (૧૫૬) તો લાવો પોતાની કિતાબ જો તમે સાચા છો ! (૧૫૭) અને તેઓએ અલ્લાહ અને જિન્નાતો વચ્ચે સગપણ ઠરાવ્યું છે અને જિન્નાતોને તો ખબર છે કે અવશ્ય તેઓ પકડાયેલા આવશે. (૧૫૮) અલ્લાહ પવિત્ર છે તે વાતોથી જે તેઓ બતાવે છે. (૧૫૯) પરંતુ (તેઓ બચશે) જે અલ્લાહના ચુનંદા બંદાઓ છે. (૧૬૦) બસ તમે અને જેને તમે પૂજો છો (એકત્ર થઈ) (૧૬૧) કોઈને પણ અલ્લાહ વિરુદ્ધ બહેકાવી શકતા નથી. (૧૬૨) પરંતુ

તેને જ (ભ્રમાવી શકો છો) જે દોઝખમાં પહોંચનારો છે. (૧૬૩) અને અમારામાં (ફરિશ્તાઓમાં) દરેકનું એક નિશ્ચિત સ્થાન (દરજ્જો) છે. (૧૬૪) અને અમે જ છે હાર બાંધનારા. (૧૬૫) અને અમે જ છે (અલ્લાહની) પવિત્રતા વર્ણન કરનારા. (૧૬૬)

તફસીર :

(તવહીદની દલીલો તો ઉપર વર્ણન થઈ ચૂકી) બસ (ત્યારબાદ) તે લોકોને (જેઓ ફરિશ્તાઓ અને જિન્નાતોને અલ્લાહના ભાગીદાર ઠરાવે છે, એ રીતે કે ફરિશ્તાઓને તો નઊઝુબિલ્લાહ ! અલ્લાહની દિકરીઓ અને જિન્નાતોના સરદારોના દિકરાઓને તે ફરિશ્તાઓની માતાઓ ઠરાવે છે જેનાથી એ જરૂરી બને છે કે અલ્લાહ તઆલાનું ફરિશ્તાઓ સાથે પેઢીગત સગપણ છે અને જિન્નાતો સાથે પતિ-પત્નીનો સંબંધ છે, બસ તે સૌને) પૂછો કે શું અલ્લાહના માટે દિકરીઓ (હોય) અને તમારા માટે દિકરા (હોય ? એટલે કે જ્યારે તમારા માટે દિકરાઓ પસંદ કરો છો તો ઉપરોક્ત માન્યતાથી અલ્લાહ તઆલાની દિકરીઓ કઈ રીતે ઠરાવો છો ? બસ આ માન્યતામાં એક ખરાબી તો આ છે અને) હા ! (બીજી વાત સાંભળો કે) શું અમે ફરિશ્તાઓને દિકરીઓ બનાવી છે ? અને તેઓ (તેમના બનાવવાના સમયે) જોઈ રહ્યા હતા ? (એટલે કે એક બીજી બુરાઈ એ છે કે ફરિશ્તાઓ ઉપર કોઈ દલીલ વિના સ્ત્રી હોવાની તોહમત મૂકે છે) સારી પેઠે સાંભળી લો કે તે લોકો (કોઈ દલીલ ધરાવતા નથી, બલકે માત્ર) ઉપજાવી કાઢેલ વાતો કહે છે કે (નઊઝુબિલ્લાહ !) અલ્લાહ અવલાદ ધારણ કરે છે અને તેઓ ખરેખર (સાવ) જૂઠા છે (બસ આ અકીદામાં ત્રીજી ખરાબી એ છે કે અલ્લાહ તઆલા સાથે અવલાદનું સગપણ તેમની માન્યતા દ્વારા જરૂરી ઠરે છે, તેમાં પ્રથમ બુરાઈનું સુગપાત્ર હોવું રિવાજી છે, બીજી બુરાઈ વર્ણન કરવામાં આવેલ આયતોથી સાબિત થાય છે અને ત્રીજી બાબતનું બુરાઈ હોવું બુદ્ધિથી પણ સાબિત થાય છે અને જાહિલો માટે રિવાજી બુરાઈની સાબિતી વધારે અસરકારક હોય છે, એટલા માટે પ્રથમ બુરાઈને બીજા વિષયો કરતાં પુનરાવર્તિત સ્વરૂપે કહેવામાં આવે છે કે હા !) શું અલ્લાહ તઆલાએ દિકરાઓના મુકાબલામાં દિકરીઓ વધારે પસંદ કરી ? તમને શું થઈ ગયું છે !? તમે કેવો (બેહૂદા) હુકમ લગાવો છો?! (જેને રિવાજી સ્વરૂપે પોતે પણ બુરું સમજો છો) પછી (રિવાજ ઉપરાંત) શું

તમે (બુદ્ધિ અને) સમજથી કામ નથી લેતા ? (કે આ અકીદહ બુદ્ધિની પણ વિરુદ્ધ છે) હા ! (જો બૌદ્ધિક દલીલ નથી તો) શું તમારી પાસે (તેના ઉપર) કોઈ ખુલ્લી દલીલ મોજૂદ છે ? (તેનાથી ભાવાર્થ કોઈ આકાશી કિતાબ છે) બસ જો તમે (તેમાં) સાચા છો તો પોતાની તે કિતાબ રજૂ કરો અને (પ્રસ્તુત અકીદહમાં ફરિશ્તાઓને અવલાદ ઠરાવવા ઉપરાંત) તે લોકોએ અલ્લાહ અને જિન્નાતો વચ્ચે (પણ) સગપણ ઠરાવ્યું છે (જેનું જૂઠું હોવું ઉઘાડું છે, કારણ કે પત્ની જે કામ માટે હોય છે તે બધાથી અલ્લાહ તઆલા પવિત્ર હોય છે અને જ્યારે પતિ-પત્નીનો સંબંધ જ અશક્ય છે તો સાસુ-સસરા વગેરેના જે સગપણો જે આ પતિ-પત્નીના સંબંધોથી નીકળે છે તે પણ અશક્ય છે) અને (જેને જેને આ લોકો અલ્લાહ તઆલાના ભાગીદાર ઠરાવી રહ્યા છે તેમની પરિસ્થિતિ તો એવી છે કે તેમનામાં જે) જિન્નાત (છે તો પોતે તેઓ)નો એ અકીદહ છે કે (તેમનામાં જેઓ કાફિર છે) તે (અઝાબમાં) પકડાયેલા આવશે (અને અઝાબમાં કેમ ન પકડાય કે અલ્લાહ તઆલા વિશે ખરાબ ખરાબ વાતો વર્ણન કરે છે ! જ્યારે કે) અલ્લાહ તઆલા એવી વાતોથી પવિત્ર છે જેને આ લોકો વર્ણન કરે છે (બસ તે તેમના કુફ્રિયા નિવેદનોથી અઝાબમાં પકડાયેલા હશે) પરંતુ જેઓ અલ્લાહના ખાસ (એટલે કે ઈમાનવાળા) બંદાઓ છે (તેઓ આ અઝાબથી બચશે) બસ તમે અને તમારા સર્વે (જૂઠા) મઅ્બૂદો (બધા મળીને પણ) અલ્લાહ વિરુદ્ધ કોઈને ફેરવી નથી શકતા (જેવી કે તમે કોશીશ કર્યા કરો છો) પરંતુ તેને જ કે જે (અલ્લાહના જ્ઞાનમાં) જહન્નમમાં પહોંચનારો છે અને (આગળ ફરિશ્તાઓનું વર્ણન કરે છે કે તેમનામાં જે ફરિશ્તાઓ છે તેમનું એ કહેવું છે કે અમે તો માત્ર અલ્લાહના બંદા છે એટલા માટે જે સેવા અમને સોંપવામાં આવી છે તેમાં) અમારામાંથી દરેકનો એક નિશ્ચિત દરજ્જો છે (કે તેની જ બજાવણીમાં લાગેલા રહીએ છીએ, પોતાના અભિપ્રાયથી કશું જ કરી શકતા નથી) અને અમે (અલ્લાહ તઆલા સમક્ષ હુકમ સાંભળવાના સમયે અથવા ઈબાદતના સમયે અદબથી) હારબંધ ઊભા રહીએ છીએ અને અમે (અલ્લાહ તઆલાની) પવિત્રતા વર્ણન કરવામાં પણ લાગેલા રહીએ છીએ (મતલબ કે દરેક રીતે અલ્લાહ તઆલાના આજ્ઞાકારી અને બંદાઓ છે, બસ જ્યારે ફરિશ્તાઓ પોતે જ પોતાની બંદગીનો સ્વીકાર કરી રહ્યા છે તો તેમના ઉપર મઅ્બૂદ કે પૂજ્ય હોવાની શંકા કરવી નરી મૂર્ખામી છે, બસ જિન્નાત અને

ફરિશ્તાઓ માટે મઅ્બૂદ હોવાની માન્યતા ઉચ્ચ કક્ષાની દલીલો દ્વારા રદ થઈ ગઈ).

મસ્અલા અને બોધપાઠ :

અંબિયા (અલૈ.)ની ઘટનાઓ બોધપાઠ અને શિખામણ માટે વર્ણન કરવામાં આવી હતી, હવે ફરીવાર તવહીદની સાબિતીઓ અને શિર્કના રદિયાનો અસલ વિષય વર્ણન કરવામાં આવી રહ્યો છે અને અહીંયાં શિર્કના એક ખાસ પ્રકારનું વર્ણન છે. અરબના કાફિરોની એ માન્યતા હતી કે ફરિશ્તાઓ અલ્લાહ તઆલાની દિકરીઓ છે અને જિન્નાતની સરદારજાદીઓ ફરિશ્તાઓની માતાઓ છે. અલ્લામહ વાહિદી (રહ.)ના કહેવા પ્રમાણે આ અકીદહ કુરૈશ ઉપરાંત જુહયનહ બનુ સલમા, બનુ ખુઝાહ અને બનુ મલીહનો પણ હતો.

(તફસીરે કબીર, પેજ : ૧૨૨, જિલ્દ : ૭)

فَاسْتَفْتِهِمْ (الى قوله تعالى) اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ આ આયતોમાં અરબના કાફિરોના આ જ અકીદહના રદિયા માટે દલીલો રજુ કરવામાં આવી છે જેનો ખુલાસો એ છે કે પ્રથમ તો તમારી આ માન્યતા પોતે તમારા રસ્મો રિવાજ પ્રમાણે બિલકુલ ખોટી છે એટલા માટે કે તમે દિકરીઓને અપમાનનું કારણ સમજો છો, હવે જે વસ્તુ તમારા પોતાના માટે એક અપમાન અને આળ છે તે અલ્લાહ તઆલા માટે કેવી રીતે સાબિત થઈ શકે છે ? પછી તમે જે ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ ઠરાવી દીધી છે તેની તમારી પાસે શું દલીલ છે ? કોઈ દા'વાને સાબિત કરવા માટે ત્રણ પ્રકારની દલીલો હોઈ શકે છે. એક પ્રત્યક્ષ સાબિતી, બીજું આકાશી દલીલ અથવા કોઈ એવી હસ્તીનું નિવેદન જેની સચ્ચાઈ સાબિત હોય અને ત્રીજી બૌદ્ધિક દલીલ. જ્યાં સુધી પ્રત્યક્ષ સાક્ષીનો સંબંધ છે દેખીતું છે કે તમે અલ્લાહ તઆલાને ફરિશ્તાઓના સર્જન કરવાના સમયે જોયા જ નથી જેથી ફરિશ્તાઓનું નારીજાતિ હોવું તમને જાણ થઈ શકે એટલા માટે તમારી પાસે કોઈ પ્રત્યક્ષ દલીલ જ નથી. اَمْ خَلَقْنَا الْمَلٰٓئِكَةَ اِنَاثًا وَّهُمْ شٰهِدُوْنَ નો આ જ ભાવાર્થ છે. હવે રહી આકાશી દલીલ, બસ તે તો તમારી પાસે નથી એટલા માટે કે તે લોકોનું નિવેદન ભરોસાપાત્ર હોય છે જેમની સચ્ચાઈ સાબિત હોય, તેનાથી વિપરીત જે લોકો આવી માન્યતા ધરાવે છે તેઓ જૂઠા લોકો છે એ વાત કોઈ દલીલ બની શકતી નથી. ....اَلَآ اِنَّهُمْ مِّنْ اِفْكِهِمْ لَيَقُوْلُوْنَ નો આ જ અર્થ છે. રહી બૌદ્ધિક દલીલ, બસ

તે પણ તમારું સમર્થન કરતી નથી એટલા માટે કે પોતે તમારી માન્યતા પ્રમાણે દિકરીઓ દિકરાઓના મુકાબલામાં ઓછો રુત્બો ધરાવે છે. હવે જે હસ્તી સમગ્ર સૃષ્ટિથી શ્રેષ્ઠ છે તે પોતાના માટે ઓછા રુત્બાવાળી વસ્તુ કઈ રીતે પસંદ કરી શકે છે ?! اَصْطَفَى الْبَنَاتِ عَلَى الْبَنِيْنَ નો આ જ અર્થ છે, હવે માત્ર એક જ સ્વરૂપ બાકી રહી જાય છે કે તમારી પાસે કોઈ આસમાની કિતાબ આવી હોય અને તેમાં વહી દ્વારા તમને આ અકીદાની તા'લીમ આપવામાં આવી હોય, બસ જો એવું છે તો બતાવો તે વહી અને તે કિતાબ ક્યાં છે ? اَمْ لَكُمْ سُلْطٰنٌ مُّبِيْنٌ، فَاْتُوْا بِكِتٰبِكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ નો આ જ ભાવાર્થ છે.

હઠધર્મી (ખોટી જીદ) કરનારાઓ માટે આક્ષેપયુક્ત જવાબ વધારે યોગ્ય છે. આ આયતોથી જાણ થઈ કે જે લોકો હઠધર્મી ઉપર અડેલા હોય તેમને આક્ષેપયુક્ત જવાબ આપવો વધારે યોગ્ય છે. આક્ષેપયુક્ત જવાબનો અર્થ એ છે કે તેમના દા'વાને ખુદ તેમની જ કોઈ બીજી માન્યતા દ્વારા જૂઠું સાબિત કરવામાં આવે, તેમાં એ જરૂરી નથી હોતું કે બીજી માન્યતા આપણને સ્વીકાર્ય છે, બલકે ઘણા સમયે તે બીજી માન્યતા પણ ખોટી જ હોય છે પરંતુ વિરોધીને સમજાવવા માટે આ રીતે કામ લેવામાં આવે છે. અત્રે અલ્લાહ તબારક વ તઆલાએ તે અકીદહના રદિયા માટે પોતે તેમની એ માન્યતાનો ઉપયોગ કર્યો છે કે દિકરીઓનું અસ્તિત્વ તમે અપમાનજનક અને પોતાના માટે આળ સમજો છો, દેખીતું છે કે તેનો એ ભાવાર્થ નથી કે અલ્લાહ તઆલા સમીપ પણ દિકરીઓનું અસ્તિત્વ અપમાનજનક છે, ન જ તેનો એ અર્થ છે કે જો તે ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓના બદલે અલ્લાહના દિકરાઓ કહેતા હોત તો તે યોગ્ય હતું બલકે આ એક આક્ષેપયુક્ત જવાબ છે જેનો હેતુ પોતે તેમની જ માન્યતાઓ અને રિવાજોથી તેમના અકીદહનો રદિયો આપવાનો છે, નહિતર આ પ્રકારની માન્યતાઓનો સાચો જવાબ તે જ છે જે કુર્આને કરીમમાં જ અનેક ઠેકાણે ઉપસ્થિત છે કે અલ્લાહ તઆલા બેપરવા છે અને તેને કોઈ અવલાદની આવશ્યકતા નથી અને ન જ તેની ઉચ્ચ કક્ષાની શા'ન માટે એ યોગ્ય છે કે તેને સંતાન હોય.

وَجَعَلُوْا بَيْنَهٗ وَبَيْنَ الْجِنَّةِ نَسَبًا (અને તેમણે અલ્લાહ તઆલા અને જિન્નાતો વચ્ચે પેઢીગત સગપણ ઠરાવ્યું છે) આ વાક્યની એક તફસીર તો એ છે કે અરબના મુશ્રિકોની તે ખોટી માન્યતાનું વર્ણન કરવામાં આવ્યું છે કે જિન્નાતોની

સરદારજાદીઓ ફરિશ્તાઓની માતાઓ છે જાણે કે નઊઝુબિલ્લાહ ! જિન્નાતોની સરદારજાદીઓથી અલ્લાહ તઆલાનો પતિ પત્નીનો સંબંધ છે અને આ જ સંબંધના પરિણામે ફરિશ્તાઓ અસ્તિત્વમાં આવ્યા છે એટલા માટે એક તફસીરી રિવાયતમાં છે કે જ્યારે અરબના મુશ્રિકોએ ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ ઠરાવી ત્યારે હઝરત અબૂબક્ર (રદિ.)એ પૂછ્યું કે તેમની માં કોણ છે ? તેમણે જવાબમાં કહ્યું, જિન્નાતોની સરદારજાદીઓ ! (તફસીરે ઈબ્ને કષીર, પેજ : ૨૩, જિલ્દ : ૪).... પરંતુ આ તફસીર ઉપર એવો સંદેહ રહે છે કે આયતમાં અલ્લાહ તઆલા અને જિન્નાત વચ્ચે પેઢીગત સગપણનું વર્ણન છે અને પતિ પત્નીનો સંબંધ વંશવેલા આધારિત હોતો નથી.

એટલા માટે એક બીજી તફસીર અહીંયાં વધારે યોગ્ય જણાય છે જે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હસન બસરી (રહ.) તથા જહ્હાક (રહ.) વગેરેથી નકલ થઈ છે અને તે એ કે અમુક અરબવાસીઓની માન્યતા એ પણ હતી કે નઊઝુબિલ્લાહ ! ઈબ્લીસ અલ્લાહ તઆલાના ભાઈ છે. અલ્લાહ તઆલા ભલાઈનો સર્જનહાર છે અને તે ઈબ્લીસ બુરાઈનો સર્જનહાર, અત્રે આ જ ખોટા અકીદહનો રદિયો આપવામાં આવ્યો છે.

(જુઓ તફસીરે ઈબ્ને કષીર, કુર્તુબી અને તફસીરે ઈબ્ને કબીર)

وَلَقَدْ عَلِمَتِ الْجِنَّةُ اِنَّهُمْ لَمُحْضَرُوْنَ (અને જિન્નાતોનો અકીદહ એ છે કે તેઓ પકડાયેલા હશે.) અત્રે "તેઓ"નો ભાવાર્થ એવા મુશ્રિકો પણ હોઈ શકે છે જે જિન્નાતો અને શયતાનોને નઊઝુબિલ્લાહ અલ્લાહ સમકક્ષ ઠરાવે છે અને પોતે જિન્નાતો પણ, બીજા સ્વરૂપનો ભાવાર્થ એ છે કે જ્યારે શયતાનો અને જિન્નાતોને તમે અલ્લાહ તઆલાની સાથે ભાગીદાર ઠરાવી રાખ્યા છે પરંતુ તેઓ પોતે પણ સારી રીતે જાણે છે કે આખિરતમાં તેમની ખરાબ વલે થવાની છે, દાખલા તરીકે ઈબ્લીસ કે તે પોતાના ખરાબ પરિણામથી સારી પેઠે વાકેફ છે, હવે જે પોતે એવો વિશ્વાસ ધરાવતો હોય કે મારે અઝાબમાં સપડાવવાનું છે તેને અલ્લાહ તઆલાનો ભાગીદાર ઠરાવવો કેટલી મોટી મૂર્ખામી છે ?!

•

આયતો : (સૂરએ સાફફાત : આયત નં. ૧૬૭ થી ૧૭૯)

وَإِنْ كَانُوا لَيَقُولُونَ ﴿١٦٧﴾ لَوْ أَنَّ عِنْدَنَا ذِكْرًا مِّنَ الْأَوَّلِينَ ﴿١٦٨﴾ لَكُنَّا عِبَادَ اللّٰهِ
الْمُخْلَصِينَ ﴿١٦٩﴾ فَكَفَرُوا بِهٖ فَسَوْفَ يَعْلَمُونَ ﴿١٧٠﴾ وَلَقَدْ سَبَقَتْ كَلِمَتُنَا لِعِبَادِنَا
الْمُرْسَلِينَ ﴿١٧١﴾ إِنَّهُمْ لَهُمُ الْمَنْصُورُونَ ﴿١٧٢﴾ وَإِنَّ جُنْدَنَا لَهُمُ الْغٰلِبُونَ ﴿١٧٣﴾ فَتَوَلَّ
عَنْهُمْ حَتّٰى حِينٍ ﴿١٧٤﴾ وَّأَبْصِرْهُمْ فَسَوْفَ يُبْصِرُونَ ﴿١٧٥﴾ أَفَبِعَذَابِنَا يَسْتَعْجِلُونَ ﴿١٧٦﴾ فَإِذَا
نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ الْمُنْذَرِينَ ﴿١٧٧﴾ وَتَوَلَّ عَنْهُمْ حَتّٰى حِينٍ ﴿١٧٨﴾ وَّأَبْصِرْ
فَسَوْفَ يُبْصِرُونَ ﴿١٧٩﴾

તરજુમો :

અને આ (કાફિરો) તો કહ્યા કરતા હતા (૧૬૭) જો અમારી પાસે આગલા લોકો (પ્રમાણે)ના કંઈક અહેવાલો (બોધપાઠ) હોત (૧૬૮) તો બેશક ! અમે અલ્લાહના ચુનંદા બંદાઓમાંથી હોત. (૧૬૯) બસ તેનાથી ઈન્કારી થઈ ગયા, હવે આગળ (પરિણામ) જાણી લેશે. (૧૭૦) અને પ્રથમથી અમારો હુકમ પોતાના બંદાઓના હકમાં થઈ ચૂકયો કે જે રસૂલો છે. (૧૭૧) બેશક ! તેમને જ મદદ આપવામાં આવે છે. (૧૭૨) અને અમારા જે સૈન્ય છે બેશક તે જ વિજયી છે. (૧૭૩) બસ તમે તેમનાથી એક મુદ્દત સુધી ફરી જાઓ. (૧૭૪) અને તેમને જોતા રહો કે તેઓ આગળ (પરિણામ) જોઈ લેશે. (૧૭૫) શું અમારી આફતને ઉતાવળે માંગે છે ? (૧૭૬) પછી જ્યારે (તે આફત) તેમના મેદાન(આંગણા)માં ઊતરશે તો બીવડાવેલાઓની સવાર ઘણી ખરાબ હશે. (૧૭૭) અને એક મુદ્દત સુધી તેઓના (વિરોધનો) ખ્યાલ ન કરો. (૧૭૮) અને જોતા રહો હવે તેઓ આગળ (પોતાનું પરિણામ) જોઈ લેશે. (૧૭૯)

તફસીર :

અને આ લોકો (એટલે કે અરબના કાફિરો રસૂલે કરીમ ﷺના આગમન પહેલાં) કહ્યા કરતા હતા કે અમારી પાસે કોઈ નસીહત(ની કિતાબ) આગલા

લોકો(ની કિતાબો)ના જેવી આવી હોત (એટલે કે જે રીતે યહૂદીઓ ઈસાઈઓની પાસે રસૂલ અને કિતાબો આવી જો અમારા માટે એવું હોત) તો અમે અલ્લાહના ખાસ બંદાઓ હોત (એટલે કે તે કિતાબનું સમર્થન કરી તેના ઉપર અમલ કરતા હોત, તેમના જેવું જૂઠાડ્યું ન હોત અથવા તો વિરોધ ન કર્યો હોત) પછી (જ્યારે તે બોધપાઠની કિતાબ રસૂલ દ્વારા તેમની પાસે પહોંચી તો) આ લોકો તેનો ઈન્કાર કરવા લાગ્યા (અને પોતાનો તે વાયદો તોડી નાંખ્યો) બસ (ભલે) હવે તેમને (તેનું પરિણામ) જાણ થઈ જશે (એટલા માટે મરતાંની સાથે જ કુફ્રના પરિણામ સામે આવી જશે અને અમુકને મોત પહેલાં પણ સજાઓ મળી ગઈ) અને (આગળ રસૂલે કરીમ ﷺને દિલાસો આપવામાં આવ્યો છે કે ભલે અત્યારે આ વિરોધીઓને અમુક પ્રકારે દબદબો પ્રાપ્ત છે પરંતુ આ થોડા દિવસનો છે કારણ કે) અમારા ખાસ બંદાઓ એટલે કે પયગમ્બરો માટે અમારી આ બાબત પ્રથમથી જ (એટલે કે લવહે મહફૂઝમાં જ) નિશ્ચિત થઈ ચૂકી છે કે બેશક ! તેઓ જ વિજયી કરવામાં આવશે અને (અમારો જાહેર કાયદો છે કે) અમારા સૈન્ય વિજયી રહે છે (જેમાં રસૂલોના તા'બેદારો પણ સામેલ છે, બસ જ્યારે વાત એમ જ છે કે આપ ﷺ જ ઉપરવટ રહેવાના જ છો) તો તમે (તસલ્લી રાખો અને) થોડા સમય સુધી (ધીરજ ધરો અને) તેઓ(ના વિરોધ અને કષ્ટ પહોંચાડવા)નો ખ્યાલ ન કરો અને (જરા) તેમને જોતા રહો (એટલે કે તેમની હાલતની રાહ જુઓ) બસ નિકટમાં જ તેઓ પણ જોઈ લેશે (તેનો પણ એ જ અર્થ છે જે فَسَوْفَ يَعْلَمُوْنَ નો હતો કે તેમને મૃત્યુ પછી પણ અને મૃત્યુ પહેલાં પણ અલ્લાહ તરફથી સજાનો સામનો કરવો પડશે, આ ધમકી ઉપર તેઓ કહી શકતા હતા અને ઘણું ખરું તેઓ કહ્યા પણ કરતા હતા કે આવું ક્યારે થશે ? તો તેના જવાબમાં કહેવામાં આવ્યું છે કે) શું અમારા અઝાબનો તકાદો કરી રહ્યા છે ? બસ તે (અઝાબ) જ્યારે તેમના આંગણાઓમાં નાઝિલ થશે બસ તે દિવસ તે લોકોનું જેમને (પ્રથમથી) ડરાવવામાં આવી ચૂક્યા હતા ઘણું જ ખરાબ થશે (કે તે અઝાબ ટળી શકશે નહીં) અને (જ્યારે વાત એમ છે કે તે લોકો ઉપર અઝાબ આવવાનો છે તો) તમે (તસલ્લી રાખો અને) થોડા સમય સુધી (ધીરજ ધરો અને) તેઓ(ના વિરોધ અને પીડા પહોંચાડવા)નો ખ્યાલ ન કરો અને (તેઓની હાલતને) નિહાળતા રહો (એટલે કે ઈન્તેઝાર કરો) બસ નિકટમાં જ તેઓ પણ જોઈ લેશે (એટલે કે આપ ﷺને તો

અમારા કહેવા ઉપર વિશ્વાસ છે જ પરંતુ આંખોથી જોઈને તેમને પણ વિશ્વાસ થઈ જશે).

મસ્અલા અને બોધપાઠ :

ઈસ્લામના પાયાના અકીદાઓ દલીલો અને ગવાહીઓથી સાબિત કર્યા પછી આ આયતોમાં કાફિરોની હઠધર્મીઓનું વર્ણન કરવામાં આવ્યું છે કે તેઓ રસૂલે કરીમ ﷺના આગમન પહેલાં એવી તમન્નાઓ કર્યા કરતા હતા કે અલ્લાહ તઆલાનો કોઈ પયગમ્બર આવે તો તેઓ તેનું અનુસરણ કરે પરંતુ જ્યારે રસૂલે કરીમ ﷺ તશરીફ લાવ્યા તો તેમણે જીદ અને દુશ્મનાવટનું વલણ અપનાવેલ છે. ત્યારબાદ રસૂલે કરીમ ﷺને તસલ્લી આપવામાં આવી છે કે તમે તે લોકોના કષ્ટ પહોંચાડવાથી દિલગીર ન થાઓ, નિટકમાં જ તે સમય આવવાનો છે કે તમે ઉપરવટ અને વિજયી થશો અને તેઓ પરાજિત થશે તથા અઝાબનો ભોગ બનશે. આખિરતમાં તો આ અઝાબનો સંપૂર્ણ નજારો થશે જ પરંતુ દુનિયામાં પણ અલ્લાહે તેમને બતાવી આપ્યું કે ગઝ્વએ બદ્રથી લઈને ફત્હે મક્કા સુધી દરેક જિહાદમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺને ફતેહમંદ કર્યા અને આપ ﷺના વિરોધીઓ અપમાનિત અને ઝલીલ થયા.

અલ્લાહવાળાઓના વિજયી (ઉપરવટ) રહેવાનો ભાવાર્થ :

وَلَقَدْ سَبَقَتْ كَلِمَتُنَا (الى قوله تعالى) وَاِنَّ جُنْدَ نَالَهُمُ الْغٰلِبُوْنَ આ આયતોનો ભાવાર્થ એ છે કે અમે એ વાત પ્રથમથી નક્કી કરી રાખી છે કે અમારા ખાસ બંદાઓ એટલે કે પયગમ્બરો જ ઉપરવટ રહે છે. આ બાબત ઉપર એવી શંકા થઈ શકે છે કે અમુક પયગમ્બરોને દુનિયામાં વિજય પ્રાપ્ત થયો નથી, તેનો જવાબ એ છે કે આપણે જાણીએ છીએ તે પયગમ્બરોમાં ઘણા તો એવા છે જેમની કોમો તેમને જૂઠાડીને અઝાબમાં સંડોવાઈ અને તે પયગમ્બરોને તથા તેમના અનુયાયીઓને અઝાબથી સુરક્ષિત રાખવામાં આવ્યા. માત્ર અમુક અંબિયા (અલૈ.) એવા છે જેમને દુનિયામાં અંતિમ સમય સુધી ભૌતિક સ્વરૂપે વિજય પ્રાપ્ત ન થઈ શક્યો પરંતુ દલીલ અને હુજ્જતના મેદાનમાં હંમેશા તેઓ જ ઉપરવટ રહ્યા અને વૈચારિક જંગમાં વિજય હંમેશા તેમને જ પ્રાપ્ત થયો. હા ! આ ઉપરવટ રહેવાની ભૌતિક નિશાનીઓ કોઈ ખાસ હિકમત દાખલા તરીકે કસોટી

વગેરેના કારણે આખિરત સુધી મુલતવી કરવામાં આવી એટલા માટે હઝરત થાનવી (રહ.)ના નિવેદન પ્રમાણે તેમનું દૃષ્ટાંત એવું છે જેમકે કોઈ તુચ્છ લૂંટારો કોઈ મોટા સત્તાધારી ઑફિસર સાથે મુસાફરીની હાલતમાં લૂંટમાર કરવા લાગે પરંતુ તે સત્તાધીશ પોતાને અલ્લાહ તઆલાએ અર્પણ કરેલ ઉચ્ચ કક્ષાની બૌદ્ધિક મનોસ્થિતિના કારણે કદાપિ તે તુચ્છ લૂંટારાની ખુશામત કરશે નહીં એટલે સુધી કે તે સત્તાધિકારી પોતાના પાટનગરમાં પહોંચશે તો તે લૂંટારાને પકડીને તેને સજા આપશે એટલા માટે આ થોડા સમયના કામચલાઉ વિજયના કારણે ન તો તે લૂંટારાને સત્તાધીશ કહી શકાય છે અને ન જ તે સત્તાધારી ઑફિસરને પરાજિત, બલકે મૂળ પરિસ્થિતિના આધારે તે તુચ્છ લૂંટારો તેના વિજયમાં પણ પરાજિત છે અને તે સત્તાધારી તેની પરાજિત હોવાની પરિસ્થિતિમાં પણ વિજયી છે. આ વાતને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ એક ટૂંકા અને સાલસ વિષયથી વ્યાખ્યિત કર્યું છે. اِنْ لَّمْ يُنْصَرُوْا فِى الدُّنْيَا يُنْصَرُوْا فِى الْاٰخِرَةِ *(બયાનુલ કુર્આન, સૂરએ માઈદહ)*

પરંતુ એ વાત હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ કે આ વિજય ભલે દુનિયામાં હોય અથવા આખિરતમાં કોઈ કોમને માત્ર વંશ અથવા ધર્મની વિશેષતા સાથે માત્ર નામનો સંબંધ ધરાવવાથી પ્રાપ્ત થતી નથી, બલકે તે એવા સમયે પ્રાપ્ત થાય છે જ્યારે કે માનવી પોતાને અલ્લાહ તઆલાના સૈન્યનો એક સિપાહી બનાવે જેનો આવશ્યક અર્થ એ છે કે તે જિંદગીના દરેક વિભાગમાં અલ્લાહ તઆલાના આજ્ઞાપાલનને પોતાની જિંદગીનો હેતુ બનાવે, અહીંયાં جُنْدَنَا (જુન્દુના) "અમારું લશ્કર"નો શબ્દ બતાવી રહ્યો છે કે જે વ્યક્તિ ઈસ્લામ સ્વીકાર કરે તેણે પોતાની સમગ્ર જિંદગી નફ્સ (મહેચ્છા) અને શયતાની શક્તિઓ સાથે યુદ્ધ કરવામાં ખર્ચ કરવાનો કરાર કરવો પડશે અને તેનો વિજય ભલે ભૌતિક હોય અથવા નૈતિક, દુનિયામાં હોય અથવા આખિરતમાં આ જ શરત ઉપર આધારિત છે.

فَاِذَا نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ الْمُنْذَرِيْنَ (બસ તે અઝાબ તેમના આંગણામાં આવી ઊતરશે તો જે લોકોને પ્રથમ ડરાવવામાં આવી ચૂક્યા હતા તેમની તે સવાર ઘણી ખરાબ હશે.) سَاحَةٌ (સાહતુન)નો શાબ્દિક અર્થ "સહન" (વરંડો) થાય છે અને نَزَلَ بِسَاحَتِهٖ (નઝલ બિ સાહતિહી) "તેની સહનમાં ઊતર્યો" આ અરબી ભાષાનો રૂઢિપ્રયોગ છે જેનો ભાવાર્થ "કોઈ આફત સામે

આવી જવી" થાય છે અને સવારના સમયનું એટલા માટે વિશિષ્ટ સ્વરૂપે વર્ણન થયું છે કે અરબવાસીઓમાં દુશ્મનોનો હુમલો મોટે ભાગે તે જ સમયે થયા કરતો હતો, રસૂલે કરીમ ﷺનો નિત્યક્રમ પણ એ જ હતો કે જો કોઈ દુશ્મનના પ્રદેશમાં રાતના સમયે પહોંચતા તો હુમલા માટે સવાર સુધી રાહ જોતા હતા. (મઝહરી) રિવાયતોમાં છે કે જ્યારે રસૂલે કરીમ ﷺએ ખયબરના કિલ્લા ઉપર સવારના સમયે હુમલો કર્યો ત્યારે ફરમાવ્યું, اَللّٰهُ اَكْبَرُ، خَرِبَتْ خَيْبَرُ، اِنَّا اِذَا نَزَلْنَا بِسَاحَةِ قَوْمٍ فَسَاءَ صَبَاحُ الْمُنْذَرِيْنَ (અલ્લાહુ અકબર, ખયબર વેરાન થઈ ગયું, નિઃશંક ! જ્યારે અમે કોઈ કોમની સહન-વરંડામાં ઊતરીએ છીએ તો જે લોકોને પ્રથમ ડરાવવામાં આવી ચૂક્યા હતા તેમની તે સવાર ઘણી ખરાબ હોય છે).

આયતો : (સૂરએ સાફ્ફાત : આયત નં. ૧૮૦-૧૮૧-૧૮૨)

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ﴿١٨٠﴾ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ﴿١٨١﴾

وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٨٢﴾

તરજુમો :

પવિત્ર જાત છે તારા પરવરદિગારની, તે પરવરદિગાર ઈજ્જતવાળો પવિત્ર છે તે વાતોથી જે તેઓ વર્ણન કરે છે. (૧૮૦) અને સલામ છે રસૂલો ઉપર. (૧૮૧) અને સઘળી ખુબીઓ અલ્લાહની છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૧૮૨)

તફસીર :

તમારો પરવરદિગાર જે મહાન ઈજ્જતવાળો છે, તે વાતોથી પવિત્ર છે જે આ (કાફિરો) વર્ણન કરે છે (બસ અલ્લાહ તઆલાને તે વાતોથી પવિત્ર જ ઠરાવો) અને (પયગમ્બરોને અનુસરણપાત્ર જરૂરી સમજો, કારણ કે અમે તેમની શા'નમાં કહીએ છીએ કે) સલામ થાય પયગમ્બરો ઉપર અને (અલ્લાહ તઆલાને શિર્ક વગેરેથી પવિત્ર સમજવાની સાથે સાથે કુલ વિશિષ્ટતાઓનું કેન્દ્ર પણ સમજો કારણ કે) સઘળી ખુબીઓ અલ્લાહના જ માટે છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર (અને માલિક) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતો દ્વારા સૂરએ સાફ્ફાતને પૂર્ણ કરવામાં આવી છે અને વાસ્તવિકતા એ છે કે આ સુંદર સમાપ્તિના ખુલાસા માટે એક ગ્રંથ જોઈએ. ટૂંકમાં એ કે અલ્લાહ તઆલાએ આ ત્રણ ટૂંકી આયતોમાં સૂરતના બધા જ વિષયોને સમેટી લીધા છે, સૂરતની શરૂઆત તવહીદના વર્ણનથી થઈ હતી જેનો ખુલાસો એ હતો કે મુશ્રિકો જે જે વાતોનો અલ્લાહ તઆલા સાથે સંબંધ જોડે છે બારીતઆલા એ બધી જ વાતોથી પવિત્ર છે એટલા માટે પહેલી આયતમાં આ જ લાંબા વિષય તરફ ઈશારો છે, ત્યારબાદની સૂરતમાં અંબિયા (અલૈ.)ની ઘટનાઓ વર્ણન કરવામાં આવી છે એટલા માટે બીજી આયતમાં તેના તરફ ઈશારો છે, ત્યારબાદ ખોલી ખોલીને કાફિરોના અકીદાઓ અને શંકાઓ તથા વાંધાઓનો બૌદ્ધિક અને વર્ણન કરવામાં આવેલ દલીલોથી રદિયો કરીને એ પણ બતાવવામાં આવ્યું હતું કે વિજય અંતે સત્યવાદીઓને જ પ્રાપ્ત થશે, આ વાતોને જે વ્યક્તિ પણ બુદ્ધિ અને સમજદારીની દૃષ્ટિએ વાંચશે તે અંતે અલ્લાહ તઆલાના વખાણ અને પ્રશસ્તી કરવા મજબૂર થશે એટલા માટે આ જ વખાણ અને પ્રશસ્તી ઉપર સૂરતને પૂર્ણ કરવામાં આવી છે.

વળી આ આયતોમાં ઈસ્લામના પાયાના અકીદાઓ તવહીદ અને રિસાલતને સ્પષ્ટ રીતે અને આખિરતના સંદર્ભમાં પણ વર્ણન કરવામાં આવ્યા છે જેની સાબિતીઓ સૂરતનો મૂળ હેતુ હતો અને તેની સાથે સાથે એ તા'લીમ પણ આપવામાં આવી છે કે એક મો'મિનનું કામ એ છે કે પોતાના દરેક વિષય, દરેક પ્રવચન, નિવેદન અને દરેક મજલિસની પૂર્ણતા અલ્લાહ તઆલાની મોટાઈ વર્ણન કરીને અને તેની તા'રીફ અને પ્રશસ્તી ઉપર પૂર્ણ કરે એટલા માટે અલ્લામહ કુર્તુબી (રહ.)એ અહીંયાં પોતાની સનદથી હઝરત અબૂ સઈદ ખુદરી (રહ.)નું આ નિવેદન નકલ કર્યું છે કે મેં રસૂલે કરીમ ﷺ પાસેથી કેટલીય વાર સાંભળ્યું કે આપ ﷺ નમાઝ પૂરી થયા પછી આ આયતો તિલાવત કરતા હતા, سُبۡحٰنَ رَبِّكَ رَبِّ الۡعِزَّةِ عَمَّا يَصِفُوۡنَ.... (કુર્તુબી) વળી, અનેક તફસીરોમાં ઈમામ બગવી (રહ.)ના હવાલાથી હઝરત અલી (રદિ.)નું આ નિવેદન નકલ થયું છે કે "જે વ્યક્તિ એવું ઇચ્છતો હોય કે કયામતના દિવસે તેને ભરપૂર પ્રમાણમાં સવાબ મળે તે પોતાની દરેક મજલિસના અંતે આ પઢયા કરે

اِلٰى اٰخِرِ السُّوْرَةِ ... سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ'' આ જ નિવેદન હઝરત ઈબ્ને અબી હાતિમ (રહ.)એ હઝરત શુઅ્બી (રહ.)ની રિવાયતથી મરફુઅન પણ નકલ કર્યું છે. *(તફસીરે ઈબ્ને કસીર)*

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ અલહમ્દુલિલ્લાહ ! આજે ૧૭ મુહર્રમુલ હરામ, હિજરીસન ૧૩૯૨ રાત્રે ઈંશાની નમાઝના સમયે સૂરએ સાફફાતની તફસીર પૂર્ણ થઈ.

□□□□□□□□□□□□

અલહમ્દુલિલ્લાહ ! સૂરએ સાફફાતનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૩૦ ઓગષ્ટ ૨૦૧૦ મુતાબિક ૧૯ રમઝાનુલ મુબારક ૧૪૩૧ હિજરી

પ્રકરણ (૩૮)

સૂરએ સૉદ

સૂરએ સૉદ મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૮૮ આયતો તથા પાંચ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૧ થી ૧૬)

آیاتها ٨٨ ۝ ٣٨ سورة ص مكية ٣٨ ۝ ركوعاتها ٥

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ۝

صٓ وَالْقُرْاٰنِ ذِی الذِّكْرِ ۝١ بَلِ الَّذِیْنَ كَفَرُوْا فِیْ عِزَّةٍ وَّشِقَاقٍ ۝٢ كَمْ
اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنْ قَرْنٍ فَنَادَوْا وَّلَاتَ حِیْنَ مَنَاصٍ ۝٣ وَعَجِبُوْٓا
اَنْ جَآءَهُمْ مُّنْذِرٌ مِّنْهُمْ وَقَالَ الْكٰفِرُوْنَ هٰذَا سٰحِرٌ كَذَّابٌ ۝٤
اَجَعَلَ الْاٰلِهَةَ اِلٰهًا وَّاحِدًا اِنَّ هٰذَا لَشَیْءٌ عُجَابٌ ۝٥ وَانْطَلَقَ الْمَلَاُ مِنْهُمْ
اَنِ امْشُوْا وَاصْبِرُوْا عَلٰٓی اٰلِهَتِكُمْ اِنَّ هٰذَا لَشَیْءٌ یُّرَادُ ۝٦ مَا سَمِعْنَا بِهٰذَا فِی
الْمِلَّةِ الْاٰخِرَةِ اِنْ هٰذَآ اِلَّا اخْتِلَاقٌ ۝٧ ءَاُنْزِلَ عَلَیْهِ الذِّكْرُ مِنْ بَیْنِنَا بَلْ
هُمْ فِیْ شَكٍّ مِّنْ ذِكْرِیْ بَلْ لَّمَّا یَذُوْقُوْا عَذَابِ ۝٨ اَمْ عِنْدَهُمْ خَزَآىِٕنُ
رَحْمَةِ رَبِّكَ الْعَزِیْزِ الْوَهَّابِ ۝٩ اَمْ لَهُمْ مُّلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَیْنَهُمَا
فَلْیَرْتَقُوْا فِی الْاَسْبَابِ ۝١٠ جُنْدٌ مَّا هُنَالِكَ مَهْزُوْمٌ مِّنَ الْاَحْزَابِ ۝١١
كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّعَادٌ وَّفِرْعَوْنُ ذُو الْاَوْتَادِ ۝١٢ وَثَمُوْدُ وَقَوْمُ لُوْطٍ
وَّاَصْحٰبُ لْــَٔیْكَةِ اُولٰٓىِٕكَ الْاَحْزَابُ ۝١٣ اِنْ كُلٌّ اِلَّا كَذَّبَ الرُّسُلَ فَحَقَّ
عِقَابِ ۝١٤ وَمَا یَنْظُرُ هٰٓؤُلَآءِ اِلَّا صَیْحَةً وَّاحِدَةً مَّا لَهَا مِنْ فَوَاقٍ ۝١٥ ع
وَقَالُوْا رَبَّنَا عَجِّلْ لَّنَا قِطَّنَا قَبْلَ یَوْمِ الْحِسَابِ ۝١٦

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

સૉદ; કસમ છે આ નસીહતોથી ભરપૂર કુર્આનની. (૧) બલકે જે લોકો કાફિર છે મિથ્યાભિમાનમાં અને વિરોધમાં (રાચે) છે. (૨) અમે તેમનાથી પહેલાં ઘણા સમૂહોનો સર્વનાશ કરી નાંખ્યો, પછી (મદદ માટે) પોકારવા લાગ્યા અને (પરંતુ) બચાવનો સમય રહ્યો ન હતો. (૩) અને એ વાત ઉપર આશ્ચર્ય કરવા લાગ્યા કે તેમની પાસે તેમનામાંથી જ એક ડર સંભળાવનાર આવ્યો અને કાફિરો કહેવા લાગ્યા, આ જૂઠો જાદૂગર છે ! (૪) શું તેણે આટલા બધા મઅ્બૂદોના બદલે એકને જ મઅ્બૂદ (પૂજ્ય) ઠરાવ્યો ? આ પણ ઘણા અચરજની વાત છે. (૫) અને તેમના પંચો(સરદારો)માંથી કેટલાક એવું કહી ચાલ પડ્યા કે ચાલો ! અને પોતાના મઅ્બૂદો ઉપર કાયમ રહો ! બેશક આ (નબીની) વાતમાં કોઈ સ્વાર્થ છે. (૬) આવું અમે તે (પોતાના) પાછલા ધર્મમાં સાંભળ્યું નથી અને કંઈ નથી આ માત્ર ઉપજાવી કાઢેલી વાત છે. (૭) શું આપણા બધામાં તેના જ ઉપર (વહીનો) બોધપાઠ નાઝિલ થયો ?! કંઈ નથી, તેઓ મારી નસીહત અંગે ધોકામાં છે બલકે તેમણે હજુ મારો અઝાબ ચાખ્યો નથી. (૮) શું તેમની પાસે તારા પરવરદિગારની મહેરબાનીના ખજાના છે જે મહાબળવાન, બખ્શનારો છે ? (૯) અથવા તેમની સત્તા છે આસમાનોમાં અને જમીનમાં અને જે કંઈ તેમના મધ્યમાં છે તો તેમણે દોરડાઓ ખેંચીને ચઢી જવું જોઈએ ! (૧૦) (રસૂલોના વિરોધી) સૈન્યો પૈકીનું એક સૈન્ય અહીંયાં (મક્કામાં) પણ પરાજિત થવાનું છે. (૧૧) તેમના પહેલાં જૂઠાડી ચૂકી છે નૂહ અને આદ અને ફિરઔન ખીલાવાળાઓની કોમ. (૧૨) અને ષમૂદ અને લૂતની કોમ અને અઈકહના લોકો; તે મોટા મોટા સૈન્યો. (૧૩) એ જેટલા હતા સૌએ રસૂલોને જૂઠાડ્યા પછી મારા તરફથી સજા નિર્માણ થઈ. (૧૪) અને આ લોકો રાહ નથી જોતા પરંતુ એક ભયાનક ચિત્કારની જે વચ્ચે શ્વાસ લેશે (અટકશે) નહીં ! (૧૫) અને તેઓ (કટાક્ષમાં) કહે છે, હે અમારા પરવરદિગાર ! અમને અમારો (સજાનો) ભાગ જલદી હિસાબના દિવસ પહેલાં જ આપી દે ! (૧૬)

તફસીર :

સૉદ (તેનો અર્થ અલ્લાહને ખબર છે); કસમ છે કુર્આનની જે નસીહતથી ભરપૂર છે (કે કાફિરો રસૂલે કરીમ ﷺની રિસાલતનો ઈન્કાર કરીને જે કંઈ કહી રહ્યા છે તે ઠીક નથી) બલકે (પોતે) આ કાફિરો (જ) પૂર્વગ્રહ અને (સત્યના) વિરોધમાં (પડ્યા) છે (અને આ પૂર્વગ્રહ અને વિરોધનો વબાલ એક દિવસે તેમના ઉપર પડવાનો છે જેમકે) આથી પહેલાં ઘણી બધી ઉમ્મતોને અમે (અઝાબથી) હલાક કરી ચૂક્યા છે, બસ તેમણે (નાશ થવાના સમયે) ઘણી હાય પોકાર કરી (અને ઘણો શોર મચાવ્યો) અને (તે સમયે શોર મચાવવાથી શું થવાનું છે ? કારણ કે) તે સમય છુટકારાનો ન હતો (એટલા માટે કે અઝાબ જ્યારે આવી ચૂક્યો તો તવબહ પણ કબૂલ થતી નથી) અને આ (કુરૈશના) કાફિરોએ એ વાત ઉપર અચરજ કર્યું કે તેમની પાસે તેમનામાંથી જ (એટલે કે જે તેમના જેવો જ એક માણસ) એક (પયગમ્બર) ડરાવનાર આવી ગયો (અચંબાનું કારણ એ પણ હતું કે તેઓ પોતાની અજ્ઞાનતાથી નબીનું મનુષ્ય પ્રજાતિમાંથી હોવું નુબુવ્વતના હોદ્દાની વિરુદ્ધ સમજતા હતા) અને (તેઓ રિસાલતના ઈન્કારમાં એટલે સુધી પહોંચી ગયા કે આપ ﷺના મોઅ્જિઝાઓ અને નુબુવ્વતના દા'વાઓ વિશે) કહેવા લાગ્યા કે (નઊઝુબિલ્લાહ !) આ વ્યક્તિ (ભૌતિક નિયમો વિરુદ્ધ ઘટતી ઘટનાઓ વિશે) જાદૂગર અને (નુબુવ્વતના હોદ્દાના સંદર્ભમાં) જૂઠો છે (અને) શું (આ વ્યક્તિ સાચો હોઈ શકે છે ? જ્યારે કે) તેણે આટલા બધા મઅ્બૂદોના બદલે એક જ મઅ્બૂદ રહેવા દીધો ! (અને આપણા બધા મઅ્બૂદોનો ઈન્કાર કરી દીધો) વાસ્તવમાં આ ઘણી જ અચંબાની વાત છે (જેનું કારણ નિકટમાં આવે છે) અને (તવહીદનો વિષય સાંભળીને) આ કાફિરોના સરદારો (મજલિસમાંથી ઊઠીને લોકોને) એવું કહીને ચાલ પડ્યા કે (અહીંયાંથી) ચાલો અને પોતાના મઅ્બૂદો(ની પૂજા) ઉપર કાયમ રહો, (કારણ કે પ્રથમ તો) આ (તવહીદનું આમંત્રણ) કોઈ સ્વાર્થની વાત (જણાય) છે (એટલે આ બહાનાથી આપ ﷺને નઊઝુબિલ્લાહ સત્તા જોઈએ છે, બીજું તવહીદનો દા'વો પણ જૂઠો અને નવાઈ પમાડે એવો છે કારણ કે) અમે તો આ વાત (પોતાના) પાછલા ધર્મમાં નથી સાંભળી, હોય ન હોય આ વાત (તે વ્યક્તિની) મનઘડત છે (પાછલા ધર્મોનો અર્થ એ છે કે દુનિયામાં ઘણી વિચારસરણીના લોકો થયા છે, સૌથી પાછળ આપણે

આવ્યા છે અને સત્ય ઉપર છે, બસ આપણે આ વાત પોતાના પૂર્વજો પાસેથી ક્યારેય નથી સાંભળી અને આ વ્યક્તિ જે નુબુવ્વતનો દા'વો કરે છે તથા તવહીદની તા'લીમ અલ્લાહ તઆલા તરફથી હોવાનું બતાવે છે, બસ પ્રથમ તો નુબુવ્વત માનવ પ્રજાતિની જ વિરુદ્ધ છે અને બીજું જો તેનાથી આંખ આડા કાન કરવામાં આવે તો પણ) શું આપણા સૌમાં આ જ વ્યક્તિ(ને કોઈ શ્રેષ્ઠતા અને સન્માન મળ્યું હતું કે તેને જ નુબુવ્વત મળી ? અને તેના જ) ઉપર અલ્લાહનું કલામ નાઝિલ કરવામાં આવ્યું ? (બલકે કોઈ સરદાર ઉપર આવ્યું હોત તો વાંધો ન હતો, આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે તેમનું એવું કહેવું કે આ વહી તેમના ઉપર કેમ નાઝિલ થઈ, કોઈ સરદાર ઉપર કેમ ન થઈ, એ કારણે નથી કે જો એવું થયું હોત તો તેઓએ અનુસરણ કર્યું હોત) બલકે (અસલ વાત એ છે કે) આ લોકો (પોતે) મારી વહી તરફથી શંકા (એટલે કે ઈન્કાર)માં છે (એટલે કે નુબુવ્વતના મસ્અલાના જ ઈન્કારી છે, ખાસ કરીને માનવીને નબી માનવા માટે તૈયાર નથી અને આ ઈન્કાર પણ કંઈ એટલા માટે નથી કે તેમની પાસે દલીલ છે) બલકે (તેનું મૂળ કારણ એ છે કે) તેમણે હજુ સુધી મારા અઝાબની મજા ચાખી નથી (નહિતર બધી અક્કલ ઠેકાણે આવી ગઈ હોત, આગળ બીજી શૈલીથી જવાબ છે કે) શું તે લોકોની પાસે તમારા પરવરદિગાર મહાબળવાન મહેરબાનની રહમતના ખજાના છે ? (જેમાં નુબુવ્વત પણ સામેલ છે કે જેને ઈચ્છે આપે, જેને ઈચ્છે ન આપે, એટલે જો રહમતના સમગ્ર ખજાના તેમના કબ્જામાં હોય તો તો તેમને કહેવાની ગુંજાઈશ હતી કે અમે માનવીને નુબુવ્વત નથી આપી, પછી તે કેવી રીતે નબી બની ગયા ?) અથવા (જો સમગ્ર ખજાના કબ્જામાં નથી તો) શું તેમને આસમાન અને જમીન અને જે વસ્તુઓ તેની મધ્યે છે તે (સૌ)નો અધિકાર પ્રાપ્ત છે ? (કે જો એટલો જ અધિકાર હોત તો પણ એવું કહેવાની ગુંજાઈશ હતી કે તેઓ આસમાનો અને જમીનની બધી બાબતોથી જ્ઞાત છે એટલા માટે તેઓ જેને ઈચ્છે નુબુવ્વત મળવી જોઈએ અને આગળ તેમને એક રૂપક સ્વરૂપે કટાક્ષમાં કહેવામાં આવ્યું છે કે જો તેમની પાસે આવો અધિકાર છે) તો તેમણે સીડીઓ લગાવીને (આસમાન ઉપર) ચઢી જવું જોઈએ (અને દેખીતું છે કે તેમનામાં એવી શક્તિ નથી, બસ જ્યારે તેમનામાં એટલી પણ શક્તિ નથી તો આસમાન અને જમીનની જાણકારી ઉપર તેમને શું અધિકાર હશે ? પછી તેમને આવી મ્હોં માથા વગરની

વાતો કહેવાનો શું હક છે ? પરંતુ હે મુહમ્મદ ﷺ તેમના વિરોધની ચિંતા ન કરો કારણ કે) આ સ્થળ ઉપર (એટલે કે મક્કામાં) તે લોકોની આવી જ એક ભીડ છે તે બધા (અંબિયા અલૈ.ના વિરોધી) જૂથોની જે (નિકટમાં) પરાજિત થઈ જશે (એટલા માટે ગઝ્વએ બદ્રમાં આ આગાહી પૂરી થઈ અને) તેનાથી પહેલાં પણ કોમે નૂહ (અલૈ.)એ અને આદે અને ફિરઔને જેઓ(ની સલતનત)ના ખૂંટા વાગી ગયા હતા અને ષમૂદ અને કોમે લૂત (અલૈ.)એ અને અઈકાહના લોકોએ (જેમના કિસ્સા કેટલાય સ્થળોએ આવી ચૂક્યા છે તે સૌએ) જૂઠાડયા હતા (અને) તે જૂથો (જેમનું ઉપર مِّنَ الْأَحْزَابِ માં વર્ણન આવ્યું છે) એ જ લોકો છે કે સૌએ માત્ર રસૂલોને જૂઠાડયા હતા (જેમકે આ કુરૈશના કાફિરો આપ ﷺને જૂઠાડી રહ્યા છે) મારો અઝાબ (તેમના ઉપર) આવી પડયો (બસ જે ગુનાહો એકસરખા છે તો તેનો અઝાબ એકસરખો કેમ ન હોય ?! શા માટે તેઓ સંતોષમાં છે ?) અને આ લોકો (જેઓ જૂઠાડવા ઉપર મક્કમ છે તો) બસ એક જોરથી ચિત્કાર (એટલે કે બીજા વખતના સૂર)ના ઈન્તેઝારમાં છે જેમાં શ્વાસ લેવાની પણ શક્યતા ન હશે (તેનો ભાવાર્થ કયામત છે) અને આ લોકો (કયામતની ધમકી સાંભળીને રસૂલે કરીમ ﷺને જૂઠાડે છે અને કટાક્ષ સ્વરૂપે) કહે છે કે હે અમારા પરવરદિગાર ! (આખિરતમાં જે કાફિરોને અઝાબ થશે તેમાંથી) અમારો ભાગ અમને હિસાબના દિવસ પહેલાં જ આપી દે (મતલબ એ કે કયામત આવવાની નથી અને જો છે તો અમારે હમણા જ અઝાબ જોઈએ છે, જ્યારે અઝાબ નથી થતો તો જાણ થઈ કે કયામત આવવાની જ નથી. નઊઝુબિલ્લાહ !)

મસ્અલા અને બોધપાઠ :

શા'ને નુઝૂલ (આયતો ઊતરવાની પૂર્વભૂમિકા) :

આ સૂરતની શરૂઆતની આયતોની પૂર્વભૂમિકા એ છે કે રસૂલે કરીમ ﷺના કાકા અબૂતાલીબ મુસલમાન ન હોવા છતાં તેમની સંપૂર્ણ દેખરેખ રાખતા હતા, જ્યારે તેઓ એક બીમારીમાં સપડાઈ ગયા તો કુરૈશના મોટા મોટા સરદારોએ ચર્ચા વિચારણા માટે એક સભા ગોઠવી જેમાં અબૂજહલ, આસ ઈબ્ને વાઈલ, અસ્વદ બિન મુત્તલિબ, અસ્વદ બિન અબ્દે યગૂસ અને બીજા સરદારો સામેલ થયા, મશ્વરો એ થયો કે અબૂતાલીબ બીમાર છે, જો તેઓ આ

દુનિયાએથી સિધાવી જાય અને તેમના પછી આપણે મુહમ્મદ (ﷺ)ને તેમના નવા ધર્મથી અટકાવી રાખવા માટે કોઈ સખત પગલું ભરીએ તો અરબના લોકો આપણને એવું મહેણું મારશે કે જ્યાં સુધી અબૂતાલીબ જીવતા હતા તે સમય સુધી તો આ લોકો મુહમ્મદ (ﷺ)નું કંઈ બગાડી શક્યા નહીં અને જ્યારે તેમનું મૃત્યુ થઈ ગયું તો તેમણે આપ (ﷺ)ને નિશાન બનાવ્યા એટલા માટે આપણે અબૂતાલીબના જીવન દરમિયાન જ તેમની સાથે મુહમ્મદ (ﷺ)ના મા'મલામાં આ નિમટી લઈએ જેથી તે આપણા મઅ્બૂદોને બુરું કહેવાનું છોડી દે.

તેથી આ લોકો અબૂતાલીબની પાસે પહોંચ્યા અને જઈને તેમને કહ્યું કે તમારો ભત્રીજો અમારા મઅ્બૂદોને બુરું ભલું કહે છે તમે ન્યાયથી કામ લઈને તેમને કહો, તે જે ખુદાની ચાહે ઈબાદત કરે પરંતુ અમારા મઅ્બૂદોને કંઈ કહે નહીં. જ્યારે કે રસૂલે કરીમ ﷺ તેમની મૂર્તિઓને એ સિવાય કંઈ કહેતા ન હતા કે તે નિર્જીવ અને સમજવિહોણી મૂર્તિઓ છે, ન તો તમારી સર્જનહાર છે અને ન જ તમને રોજી પહોંચાડે છે, ન તો તમારો કોઈ લાભ અથવા નફો તેમના કબ્જામાં છે. અબૂતાલીબે રસૂલે કરીમ ﷺને સભામાં બોલાવ્યા અને આપ ﷺને કહ્યું કે ભત્રીજા ! આ લોકો તમારી ફરિયાદ કરી રહ્યા છે કે તમે તેમના મઅ્બૂદો (પૂજ્યો)ને બુરું કહો છો, તેમને પોતાના ધર્મ ઉપર છોડી દો અને તમે પોતાના ખુદાની ઈબાદત કરતા રહો. આ વિષય ઉપર કુરૈશના લોકો પણ બોલતા રહ્યા.

અંતે રસૂલે કરીમ ﷺએ કહ્યું, "(વહાલા) કાકા ! શું હું તેમને એ વસ્તુનું આમંત્રણ ન આપું જેમાં તેમની ભલાઈ છે ?" અબૂતાલીબે કહ્યું, "તે શું વસ્તુ છે?" આપ ﷺએ ફરમાવ્યું, "હું તેમની પાસેથી એક એવો કલિમો કહેવાડવા ઈચ્છું છું જેના દ્વારા સમગ્ર અરબ તેમની સામે ઝૂકી જાય અને તેઓ સમગ્ર બિનઅરબના માલિક બની જાય." આથી અબૂજહલ બોલ્યો, "બતાવો તે કલિમો શું છે ? તમારા પિતાની કસમ ! અમે એક કલિમો નહીં દશ કલિમા કહેવા તૈયાર છે." તેના ઉપર રસૂલે કરીમ ﷺએ કહ્યું, "બસ, لَا إِلٰهَ إِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ) કહી દો." આ સાંભળીને બધા લોકો કપડાં ખંખેરીને ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા, "શું અમે બધા મઅ્બૂદોને છોડીને માત્ર એકને અપનાવી લઈએ ? આ તો ઘણી અજબ વાત છે !" આ પ્રસંગ ઉપર સૂરએ સૉદની આ આયતો નાઝિલ થઈ. *(તફસીરે ઈબ્ને કષીર, પેજ : ૨૮-૨૮, જિલ્દ : ૪)*

وَانْطَلَقَ الْمَلَأُ مِنْهُمْ.... (અને તે કાફિરોના સરદારો કહીને ચાલ પડ્યા કે....) તેનાથી પ્રસ્તુત ઘટના તરફ જ ઈશારો છે કે તવહીદની દા'વત સાંભળીને તે લોકો સભામાંથી ઊભા થઈ ચાલ્યા ગયા.

وَفِرْعَوْنُ ذُوالْأَوْتَادِ ના બે શાબ્દિક અર્થો છે. "ખૂંટાઓવાળા ફિરઔન" અને તેની તફસીરમાં તફસીરકારોના વિવિધ નિવેદનો છે. અમુક લોકોએ કહ્યું કે તેનાથી તેના રાજપાટના સ્થાયિત્વ તરફ ઈશારો છે એટલા માટે જ હઝરત થાનવી (રહ.)એ તેનો અનુવાદ એ કર્યો છે કે "જેના ખૂંટાઓ પડી ગયા હતા." અને અમુક લોકોએ કહ્યું કે ફિરઔનો લોકોને એ રીતે સજાઓ આપ્યા કરતા હતા કે તેમને છટ્ટાપાટ સુવડાવી તેના ચારે હાથો પગોમાં ખીલાઓ થોકી દેતો અને તેના ઉપર સાપ વીંછી છોડી દેતો હતો અને અમુકે કહ્યું કે તે દોરડાં અને ખૂંટાઓથી કોઈ ખાસ રમત રમ્યા કરતા હતા અને અમુકનું કહેવું છે કે "ખૂંટાઓ"નો ભાવાર્થ ઈમારતો છે અને તેણે મોટી મજબૂત ઈમારતો બનાવી હતી. વલ્લાહુ અઅ્લમુ.

(તફસીરે કુર્તુબી)

أُولَٰئِكَ الْأَحْزَابُ તેની એક તફસીર તો એ છે કે વાક્ય مَهْزُومٌ مِنَ الْأَحْزَابِ નું વર્ણન છે, એટલે કે જે જૂથો તરફ આ આયતનો ઈશારો કરવામાં આવ્યો છે તે આ છે, હઝરત થાનવી (રહ.)એ આ જ પ્રમાણે તફસીર કરી છે પરંતુ બીજા તફસીરકારોએ તેનો અર્થ આ બતાવ્યો છે કે, "તે જૂથો હતા" એટલે કે અસલ શક્તિ અને તાકાતની માલિક કોમે નૂહ (અલૈ.) અને આદ તથા ષમૂદ વગેરે હતી, મક્કાના મુશ્રિકો તેમના મુકાબલામાં કોઈ હેસિયત ધરાવતા નથી જ્યારે તે લોકો અલ્લાહના અઝાબથી ન બચી શક્યા તો તમારી શું ઓકાત છે ?

(કુર્તુબી)

مَا لَهَا مِنْ فَوَاقٍ માં શબ્દ فَوَاقٌ (ફવાકુન)ના અરબીમાં કેટલાય અર્થો થાય છે, એક તો فُوَاق (ફવાક) તે વચ્ચેના વિરામને કહેવામાં આવે છે જેમાં એક વખતે દૂધ દોહ્યા પછી ફરીવાર આંચળોમાં દૂધ આવી જાય, વળી તેનો અર્થ "રાહત અને આરામ" પણ થાય છે, મતલબ કે હઝરત ઈસ્રાફિલ (અલૈ.)નો ફૂંકેલો સૂર એ પ્રમાણે સતત હશે કે તેમાં કોઈ વિરામ નહીં હોય. *(કુર્તુબી)*

عَجِّلْ لَنَا قِطَّنَا માં શબ્દ قِطٌّ (કિત્તુન) અસલમાં તે દસ્તાવેજને કહે છે જેના દ્વારા કોઈને ઈનામ આપવાનો વાયદો કરવામાં આવ્યો હોય, પછી આ શબ્દ

''હિસ્સા''ના અર્થમાં પણ થવા લાગ્યો, અહીંયાં આ જ ભાવાર્થ છે કે "આખિરતના બદલા અને સજામાંથી જે કંઈ અમારા હિસ્સે મળવાનું છે તે અહીંયાં જ અપાવી દો."

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૧૭ થી ૨૦)

اِصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَاذْكُرْ عَبْدَنَا دَاوٗدَ ذَا الْاَيْدِ ۚ اِنَّهٗٓ اَوَّابٌ ﴿١٧﴾ اِنَّا سَخَّرْنَا
الْجِبَالَ مَعَهٗ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ ﴿١٨﴾ وَالطَّيْرَ مَحْشُوْرَةً ۭ كُلٌّ لَّهٗٓ
اَوَّابٌ ﴿١٩﴾ وَشَدَدْنَا مُلْكَهٗ وَاٰتَيْنٰهُ الْحِكْمَةَ وَفَصْلَ الْخِطَابِ ﴿٢٠﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે ધૈર્ય દાખવતા રહો તેના ઉપર જે તેઓ કહે છે અને અમારા શક્તિશાળી બંદા દાવુદ (અલૈ.)ને યાદ કરો, બેશક ! તે (અલ્લાહ તઆલાની) શરણમાં રહેનારા હતા. (૧૭) અમે પર્વતો તેમના આધીન કર્યા, સાંજે અને સવારે પવિત્રતા વર્ણન કરતા હતા. (૧૮) અને ઊડતા પક્ષીઓ એકઠા થઈ બધા જ તેમના શરણ (આજ્ઞા)માં રહેતા. (૧૯) અને અમે તેમની સલતનતને શક્તિ આપી અને અમે તેમને હિકમત તથા ફેંસલો કરવાનું સંબોધન (જ્ઞાન) આપ્યું હતું. (૨૦)

તફસીર :

તમે તે લોકોના નિવેદનો ઉપર સબ્ર કરો અને અમારા બંદા દાવુદ (અલૈ.)ને યાદ કરો જે (ઈબાદતમાં કે તે પણ સબ્રમાં સામેલ છે) મહાન શક્તિવાળા (અને હિંમતવાળા) હતા, (અને) તેઓ (અલ્લાહ તરફ) ઘણા રુજૂઅ્ રહેનારા હતા (અને અમે તેમને એ નેઅ્મતો અર્પણ કરી હતી, એક એ કે) અમે પહાડોને હુકમ કરી રાખ્યો હતો કે તેમની સાથે (સામેલ થઈને) સાંજ અને સવાર (કે હઝરત દાવુદ અલૈ.ની તસ્બીહના આ જ સમય હતા) તસ્બીહ કરે અને (એ જ રીતે) પક્ષીઓને પણ (આવો જ હુકમ આપી રાખ્યો હતો) કે જે (તસ્બીહના સમયે તેમની પાસે) એકઠા થઈ જતા હતા; (અને આ પહાડ અને પક્ષીઓ વગેરે)

બધા તેમના (તસ્બીહ પઢવાના) કારણે ઝિક્રમાં મશગૂલ રહેતા અને (બીજી નેઅ્મત એ કે) અમે તેમની સલતનતને ઘણી શક્તિ આપી હતી અને (ત્રીજી નેઅ્મત એ કે) અમે તેમને હિકમત (એટલે કે નુબુવ્વત) અને ફેંસલો કરનાર સંબોધન (કળા જે ખૂબ સ્પષ્ટ અને સાફ હોય છે તે ઈનામ) અર્પણ કર્યું હતું.

મસ્અલા અને બોધપાઠ :

કાફિરોના જૂઠાડવાથી તથા કટાક્ષ કરવાથી રસૂલે કરીમ ﷺને જે આઘાત લાગતો હતો તેને દૂર કરવા માટે દિલાસો આપવા હેતુ અલ્લાહ તઆલાએ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની ઘટનાઓ સંભળાવી છે એટલા માટે અહીંયાં પણ રસૂલે કરીમ ﷺને સબ્ર કરવાનું પ્રોત્સાહન આપીને અમુક અંબિયા (અલૈ.)ની ઘટનાઓ વર્ણન કરવામાં આવી છે જેમાંથી પ્રથમ ઘટના હઝરત દાવુદ (અલૈ.)ની છે.

وَاذْكُرْ عَبْدَنَا دَاوُدَ ذَا الْأَيْدِ (અને યાદ કરો અમારા બંદા દાવુદને જેઓ શક્તિશાળી હતા) લગભગ બધા જ તફસીરકારોએ તેનો ભાવાર્થ એ વર્ણન કર્યો છે કે તેઓ ઈબાદતમાં ઘણી શક્તિ અને હિંમતની સાબિતી આપતા હતા એટલા જ માટે ત્યાર પછીનું વાક્ય છે, إِنَّهُ أَوَّابٌ (ઈન્નહુ અવ્વાબુન) "નિઃશંક ! તેઓ અલ્લાહ તરફ ઘણા રુજૂઅ્ કરનારા (શરણે જનારા) હતા." એટલા માટે સહીહૈનની એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "અલ્લાહ તઆલા નજીક સૌથી વધારે પસંદ કરવામાં આવેલ નમાઝ હઝરત દાવુદ (અલૈ.)ની છે અને સૌથી વધારે પસંદ કરવામાં આવેલ રોઝા હઝરત દાવુદ (અલૈ.)ના છે, તેઓ અડધી રાત સૂતા, ત્રીજા ભાગની રાત ઈબાદત કરતા અને પછી રાતના છઠ્ઠા ભાગમાં સૂઈ જતા હતા અને એક દિવસના રોઝા રાખતા અને એક દિવસ ઈફતાર કરતા હતા અને જ્યારે દુશ્મનથી મુકાબલો થઈ જતો તો કદી પીઠ ફેરવી ભાગતા ન હતા અને નિઃશંક ! તેઓ અલ્લાહ તઆલા તરફ ખૂબ રુજૂઅ્ કરનારા હતા." *(તફસીરે ઈબ્ને કષીર)*

ઈબાદતની આ પદ્ધતિને સૌથી વધારે પસંદ એટલા માટે કરવામાં આવી છે કે એક તો તેમાં મહેનત વધારે હોય છે, આખી જિંદગી રોઝા રાખવાથી વ્યક્તિ રોઝાની ટેવવાળો બની જાય છે અને અમુક સમય પછી તેમાં વધારે મહેનત રહેતી

નથી પરંતુ એક દિવસ છોડીને રોઝા રાખવામાં તકલીફ સતત રહે છે, બીજું આ રીતે માનવી ઈબાદતની સાથે સાથે પોતાની મહેચ્છાઓ, બાળ બચ્ચાં અને સંબંધીઓના હકો પણ સંપૂર્ણ રીતે અદા કરી શકે છે.

....اِنَّا سَخَّرْنَا الْجِبَالَ مَعَهٗ આ આયતમાં પહાડો અને પક્ષીઓને હઝરત દાવુદ (અલૈ.)ની સાથે તસ્બીહમાં સામેલ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનો ખુલાસો સૂરએ અંબિયા (અલૈ.) અને સૂરએ સબામાં આવી ચૂક્યો છે. અત્રે એ વાત વર્ણનપાત્ર છે કે પહાડો અને પક્ષીઓની તસ્બીહને અલ્લાહ તઆલાએ એ રીતે વર્ણન કરી છે કે હઝરત દાવુદ (અલૈ.) ઉપર તે એક ખાસ ઈનામ હતું. પ્રશ્ન એ છે કે આ હઝરત દાવુદ (અલૈ.) માટે નેઅ્મત કેવી રીતે થઈ ? પર્વતો અને પક્ષીઓની તસ્બીહથી શું ખાસ લાભ પહોંચ્યો ?

તેનો એક જવાબ તો એ છે કે તેનાથી હઝરત દાવુદ (અલૈ.)નો એક મોઅ્જિઝો જાહેર થયો અને દેખીતું છે કે આ એક મોટું ઈનામ હતું, તદુપરાંત હઝરત થાનવી (રહ.)એ એક રસપ્રદ ખુલાસો કર્યો છે કે પર્વતો અને પક્ષીઓની તસ્બીહનું વર્ણન અને તેમના પ્રવૃત્ત રહેવાનું એક ખાસ વાતાવરણ પેદા થઈ ગયું હતું જેનાથી ઈબાદતમાં તાજગી અને ખૂબ ઓતપ્રોત થઈ જવાની હિંમત પેદા થાય છે. સામૂહિક ઝિક્ર કરવાનો એક લાભ એ પણ છે કે ઝિક્રની બરકતોની એકબીજા ઉપર અસર રહે છે. સુફીઓમાં ઝિક્ર અને શુગલની આ એક ખાસ પદ્ધતિ પ્રચલિત છે જેમાં ઝિક્ર કરતાં એવી કલ્પના કરવામાં આવે છે કે સમગ્ર સૃષ્ટિ ઝિક્ર કરી રહી છે, બાતિનની સુધારણા તથા ઈબાદતના શોખમાં આ રીતે એક અજબ પ્રકારની તા'સીર હોય છે, આ આયતથી આ ઝિક્રના તરીકાનો પાયો પણ નખાયો છે. *(મસાઈલુલ સુલૂક)*

صَلٰوةُ الضُّحٰى **(સલાતુદુહા)** :

بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ માં શબ્દ عَشِيٌّ (અશિય્યુન)નો અર્થ ઝુહ્ર પછી આગલા દિવસ સુધીનો સમય છે અને اِشْرَاقٌ (ઈશ્રાકુન)નો અર્થ તે સમય જેમાં તડકો જમીન ઉપર ફેલાઈ ગયો હોય. આ આયતથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ સલાતુદુહા શરઈ હોવાની દલીલ કરી છે, સલાતુદુહાને "સલાતુલ અવ્વાબીન" અને અમુક લોકો "સલાતુલ ઈશ્રાક" પણ કહે છે જો કે

પાછળથી "સલાતુલ અવ્વાબીન"નું નામ મગરિબ પછીની નફલો માટે અને "સલાતુલ ઈશ્રાક" સૂર્ય ઊગ્યા પછીની બે અથવા ચાર નફલો માટે વધારે મશ્હૂર થઈ ગયું.

સલાતુદુહામાં બેથી લઈને બાર સુધી જેટલી રકાતો ઈચ્છે પઢી શકાય છે, હદીષમાં તેના ઘણા ફાયદાઓ આવ્યા છે. જામેઅ્ તિરમિઝીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જે વ્યક્તિ સલાતુદુહાની બે રકાતોની પાબંદી કરી લે તેના ગુનાહ બખ્શી દેવામાં આવે છે ભલે તે સમંદરના ફીણ જેટલા હોય." અને હઝરત અનસ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જે વ્યક્તિ સલાતુદુહાની બાર રકાતો પઢે અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં સોનાના મહેલ બનાવશે." *(કુર્તુબી)*

ઉલમાએ ફરમાવ્યું છે કે આમ તો બેથી લઈને બાર સુધીની રકાતો પઢી શકાય તે ઠીક છે પરંતુ આ રકા'તોની સંખ્યા માટે કોઈ ખાસ નિશ્ચિત ક્રમ બનાવી લેવામાં આવે તો તે ઉત્તમ છે, આ ટેવ ઓછામાં ઓછી ચાર રકા'તોની હોય તો વધારે સારું છે, કારણ કે રસૂલે કરીમ ﷺનો સામાન્ય ક્રમ ચાર રકા'તો પઢવાનો જ હતો.

وَاٰتَيْنٰهُ الْحِكْمَةَ وَفَصْلَ الْخِطَابِ (અને અમે તેમને હિકમત અને ફેંસલો કરનારી સંબોધન શક્તિ અર્પણ કરી) "હિકમત"નો ભાવાર્થ તો સમજદારી છે એટલે કે તેમને અમે બુદ્ધિ અને સમજની દોલત બખ્શી હતી અને અમુક લોકોએ કહ્યું કે તેનાથી નુબુવ્વત ભાવાર્થ સ્વરૂપે છે અને فَصْلَ الْخِطَابِ (ફસલુલ્ ખિતાબ)ની વિવિધ તફસીરો કરવામાં આવી છે, અમુકે કહ્યું કે તેનાથી ભાવાર્થ વક્તૃત્વ કળા અને સંબોધન શક્તિ છે એટલા માટે હઝરત દાવુદ (અલૈ.) ઊંચા દરજ્જાના વક્તા (ખતીબ) હતા અને પોતાના વક્તવ્યોમાં અલ્લાહ તઆલાના વખાણ અને સલામ પછી શબ્દ اَمَّا بَعْدُ (અમ્મા બા'દ) સૌથી પહેલાં તેમણે કહેવાનું શરૂ કર્યું અને અમુક લોકોએ કહ્યું કે તેનાથી ઉત્તમ પ્રકારની ફેંસલો કરવાની શક્તિ ભાવાર્થ સ્વરૂપે છે એટલે કે અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.)ને વિવાદો નિપટાવવાની અને ઝઘડાઓના ફેંસલા કરવાની શક્તિ આપી હતી, વાસ્તવમાં આ શબ્દોમાં એકી સાથે બે અર્થોની સંપૂર્ણ શક્યતા છે અને આ બંને વાતો જ ભાવાર્થ સ્વરૂપે છે. હઝરત થાનવી (રહ.)એ તેનો તરજુમો જે પ્રમાણે કર્યો છે તેમાં પણ બંને અર્થો સમાઈ શકે છે.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૨૧ થી ૨૫)

وَهَلْ اَتٰىكَ نَبَؤُا الْخَصْمِ ۘ اِذْ تَسَوَّرُوا الْمِحْرَابَ ﴿٢١﴾ اِذْ دَخَلُوْا عَلٰى دَاوٗدَ فَفَزِعَ
مِنْهُمْ قَالُوْا لَا تَخَفْ ۚ خَصْمٰنِ بَغٰى بَعْضُنَا عَلٰى بَعْضٍ فَاحْكُمْ بَيْنَنَا بِالْحَقِّ وَلَا
تُشْطِطْ وَاهْدِنَآ اِلٰى سَوَآءِ الصِّرَاطِ ﴿٢٢﴾ اِنَّ هٰذَآ اَخِيْ ۗ لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً وَّلِيَ
نَعْجَةٌ وَّاحِدَةٌ ۗ فَقَالَ اَكْفِلْنِيْهَا وَعَزَّنِيْ فِي الْخِطَابِ ﴿٢٣﴾ قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ
نَعْجَتِكَ اِلٰى نِعَاجِهٖ ۭ وَاِنَّ كَثِيْرًا مِّنَ الْخُلَطَاۗءِ لَيَبْغِيْ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ اِلَّا الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَقَلِيْلٌ مَّا هُمْ ۭ وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ فَاسْتَغْفَرَ رَبَّهٗ
وَخَرَّ رَاكِعًا وَّاَنَابَ ﴿٢٤﴾ فَغَفَرْنَا لَهٗ ذٰلِكَ ۭ وَاِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ﴿٢٥﴾

તરજુમો :

અને શું તમને દા'વેદારોની (મુકદમાની) ખબર પહોંચી છે જ્યારે દિવાલ કૂદીને ઈબાદતખાનામાં આવ્યા ? (૨૧) જ્યારે દાવુદ (અલૈ.)ની પાસે ઘુસી આવ્યા તો તેઓ (દાવુદ અલૈ.) તેમનાથી ગભરાયા અને તેઓ (આવનારા) બોલ્યા, ગભરાઓ નહીં ! અમે બંને વિવાદ કરીએ છીએ, એકે બીજા ઉપર અતિરેક કર્યો છે; બસ અમારામાં ન્યાયનો ફેંસલો કરી આપો અને વાતને ટાળો નહીં અને અમને સીધો માર્ગ બતાવી આપો. (૨૨) (બેશક !) આ જે મારો ભાઈ છે તેના ત્યાં નવ્વાણું ઘેટીઓ અને મારા ત્યાં એક ઘેટી છે, પછી તે કહે છે એ પણ મારા હવાલે કરી દે અને વાતમાં મને દબાવે છે. (૨૩) (દાવુદ અલૈ.એ) કહ્યું, તે તારા ઉપર અન્યાય કરે છે, તારી ઘેટી પોતાની ઘેટીઓમાં ભેળવી દેવા માંગે છે અને બેશક અકસર ભાગીદારો એકબીજા ઉપર અતિરેક (આવો જ અન્યાય) કરે છે પરંતુ જેઓ ઈમાન લાવ્યા છે અને ભલા કામ કર્યા અને એવા થોડા લોકો છે; અને દાવુદ (અલૈ.)ને ખ્યાલ આવ્યો કે અમે જ તેની અજમાયશ કરી, પછી પોતાના પરવરદિગાર પાસે ગુનાહ મા'ફ કરાવવા લાગ્યા અને ઝૂકી (સિજ્દહમાં પડી) ગયા અને

શરણમાં આવ્યા. (૨૪) પછી અમે તેમનું તે કાર્ય મા'ફ કરી દીધું અને તેના માટે અમારી પાસે ઉચ્ચ સ્થાન છે અને સારું ઠેકાણું! (૨૫)

તફસીર :

અને ભલા તમને તે મુકદમાવાળાઓની ખબર પણ પહોંચી છે ? (જે હઝરત દાવુદ અલૈ.ની પાસે મુકદમો લઈને આવ્યા હતા) જ્યારે કે તે લોકો (હઝરત દાવુદ અલૈ.ના) ઈબાદતખાનાની દિવાલ કૂદીને દાવુદ (અલૈ.) પાસે આવ્યા (કારણ કે દરવાજેથી પહેરેદારોએ એટલા માટે આવવા ન દીધા કે તે સમય હઝરત દાવુદ અલૈ.ની ઈબાદતનો હતો મુકદમાઓના ફૈસલાઓનો સમય ન હતો) તો તેઓ (તેમના આવી રીતે આવવાથી) ગભરાઈ ગયા (કે ક્યાંક આ લોકો દુશ્મન ન હોય કે હત્યાના ઈરાદે આ રીતે ઘુસી આવ્યા હશે), તે લોકો (હઝરત દાવુદ અલૈ.ને) કહેવા લાગ્યા કે તમે ડરશો નહીં, અમે બે મુકદમાવાળા છે, એકે બીજા ઉપર (કંઈક) અતિરેક કર્યો છે, (તેનો ફૈસલો કરાવવા માટે અમે આવ્યા છે, કારણ કે પહેરેદારોએ દરવાજેથી આવવા દીધા નહીં એટલા માટે અમારે આ રીતે આવવું પડ્યું છે) બસ અમારામાં ન્યાયથી ફૈસલો કરી આપો અને બેઈન્સાફી ન કરજો અને અમને (અમારા મા'મલામાં) સીધો માર્ગ બતાવી આપો (અને પછી એક વ્યક્તિ બોલ્યો કે મુકદમો આ પ્રમાણે છે કે) આ વ્યકિત મારો ભાઈ છે (એટલે કે ધાર્મિક ભાઈ, જેમકે દૂર્રે મન્થૂરમાં હઝરત ઈબ્ને મસઊદ રદિ.થી નકલ થયું છે અને) તેની પાસે નવ્વાણું ઘેટીઓ છે અને મારી પાસે (કુલ) એક ઘેટી છે, બસ આ એવું કહે છે કે તે પણ મને આપી દે અને વાતચીતમાં મને દબાવે છે (અને મારી વાતને ચાલવા દેતો નથી) દાવુદ (અલૈ.)એ કહ્યું, જે આ તારી ઘેટી પોતાની ઘેટીઓમાં ભેળવી દેવાની દરખાસ્ત કરે છે તો ખરેખર તારા ઉપર જુલમ કરે છે અને અક્સર ભાગીદારો(ની ટેવ હોય છે કે) એકબીજા ઉપર (આમ જ) અતિરેક કર્યા કરે છે પરંતુ હા ! જે લોકો ઈમાન રાખે છે અને નેક કામ કરે છે અને એવા લોકો ઘણા જ ઓછા છે (આ વાત હઝરત દાવુદ અલૈ.એ તે મજલૂમને તસલ્લી માટે કરી) અને દાવુદ (અલૈ.)ને વિચાર આવ્યો કે (આ મુકદમાને આ રીતે રજુ કરીને) અમે તેમની પરીક્ષા કરી છે, બસ તેમણે પોતાના પરવરદિગારની સામે તવબહ કરી અને સિજ્દહમાં પડી ગયા અને (ખાસ સ્વરૂપે અલ્લાહ તરફ) શરણે થયા, બસ અમે તેમને (તે પ્રવૃત્તિ વિશે) મા'ફ કરી દીધા

અને અમારા ત્યાં તેમના માટે (ખાસ) નિટકતા અને (ઉચ્ચ કક્ષાનું) નેક પરિણામ છે (એટલે કે જન્નતનો ઉચ્ચ કક્ષાનો દરજ્જો છે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.)ના કિસ્સાને વર્ણન કર્યો છે. કુર્આને કરીમમાં આ પ્રસંગ જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યો છે તેનાથી એટલી જાણ થાય છે કે અલ્લાહ તઆલાએ તેમની ઈબાદતગાહમાં બે પક્ષોને વિવાદ કરતા મોકલીને તેમની કોઈ પરીક્ષા કરી હતી, હઝરત દાવુદ (અલૈ.)એ આ પરીક્ષા ઉપર ચેતી જઈને અલ્લાહ તઆલા પાસે મા'ફી માંગી અને સિજ્દહમાં પડી ગયા અને અલ્લાહ તઆલાએ તેમને મા'ફ કરી દીધા. કુર્આને કરીમનો મૂળ મકસદ કારણ કે અહીંયાં એ વર્ણન કરવાનો છે કે હઝરત દાવુદ (અલૈ.) પોતાના દરેક મા'મલામાં અલ્લાહ તઆલાના શરણે જતા હતા અને ક્યારેય નાની સરખી ઉણપ પણ રહી જાય તો તરત જ મા'ફી તરફ કેન્દ્રિત થતા હતા એટલા માટે અહીંયાં એ વિગત વર્ણન કરવામાં નથી આવી કે તે કસોટી શું હતી ? હઝરત દાવુદ (અલૈ.)થી કંઈક ચૂક થઈ હતી જેના કારણે તેમણે મા'ફી માંગી અને જેમકે અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધા એટલા માટે અમુક તહકીકકારો અને કાળજી રાખનારા તફસીરકારોએ આ આયતના ખુલાસામાં એ કહ્યું છે કે અલ્લાહ તઆલાએ પોતાની ખાસ હિકમત અને મસ્લિહતથી પોતાના મહાન પયગમ્બરની આ ચૂક અને પરીક્ષાની વિગતને ખોલીને વર્ણન નથી કરી એટલા માટે આપણે પણ તેની પાછળ ન પડી જવું જોઈએ અને જેટલી વાત કુર્આને કરીમમાં ઉપસ્થિત છે માત્ર એટલી જ વાત ઉપર ઈમાન રાખવું જોઈએ. હાફિઝ ઈબ્ને કષીર (રહ.) જેવા સંશોધનકાર તફસીરકારે પોતાની તફસીરમાં આ જ બાબત ઉપર અમલ કરીને પ્રસંગની વિગતો વર્ણવવામાં મૌન ધારણ કર્યું છે અને કોઈ શંકા નથી કે આ સૌથી વધારે કાળજીનો અને સલામતીનો માર્ગ છે એટલા માટે ઉલમાએ સલફથી નકલ થયું છે, أَبْهِمُوْا مَا أَبْهَمَهُ اللّٰهُ એટલે કે, જે વસ્તુને અલ્લાહે સંદિગ્ધ (મોઘમ) છોડી છે તમે પણ તેને મોઘમ જ રહેવા દો, તેમાં જ હિકમત અને હિત છે અને એ દેખીતું છે કે તેનાથી ભાવાર્થ એવી ઘટનાઓ છે જેને આપણા અમલ અને હલાલ-હરામ સાથે સંબંધ નથી અને જે

શંકાસ્પદ પ્રસંગોથી મુસલમાનોના અમલનો સંબંધ છે તે બાબતોને પોતે રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનો અને અમલ દ્વારા દૂર કરી છે.

અલબત્ત અન્ય વિવરણકારોએ રિવાયતો અને નિશાનીઓના પ્રકાશમાં આ પરીક્ષા અને આજમાયશને નક્કી કરવાનો પ્રયત્ન કર્યો છે, આ ક્રમમાં એક જાહેર રિવાયત તો એવી મશ્હૂર છે કે હઝરત દાવુદ (અલૈ.)ની નજર એક વખતે એક સૈન્યના અધિકારી ઊરીયાની પત્ની ઉપર પડી હતી જેનાથી તેમના દિલમાં તેની સાથે નિકાહ કરવાની ઈચ્છા પેદા થઈ અને તેમણે ઊરીયાને કતલ કરાવવાના ઈરાદે તે ખતરનાક મિશન સોંપ્યું જેમાં તે શહીદ થઈ ગયો અને પાછળથી હઝરત દાવુદ (અલૈ.)એ તેની પત્ની સાથે નિકાહ કરી લીધા. આ પ્રવૃત્તિ ઉપર ચેતવણી આપવા માટે આ બે ફરિશ્તાઓ મનુષ્યના સ્વરૂપમાં મોકલવામાં આવ્યા.

પરંતુ આ રિવાયત નિઃશંક ! તે ઘડી કાઢવામાં આવેલ વાર્તાઓમાંથી છે જે યહૂદીઓની અસર હેઠળ મુસલમાનોમાં પણ ફેલાઈ ગઈ હતી, આ રિવાયત વાસ્તવમાં બાઈબલના પુસ્તક સેમ્યુઅલ-૨, ભાગ : ૧૧માંથી લેવામાં આવી છે. ફરક માત્ર એટલો જ છે કે બાઈબલમાં ખુલ્લમ ખુલ્લો હઝરત દાવુદ (અલૈ.) ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે તેમણે મઆઝલ્લાહ ઊરીયાની પત્ની સાથે નિકાહ પહેલાં જ વ્યભિચાર કર્યો હતો અને આ તફસીરી રિવાયતોમાં વ્યભિચારના ભાગને સુષુપ્ત કરી દેવામાં આવ્યો છે, આથી જાણ થાય છે કે કોઈએ આ ઈસ્રાઈલી રિવાયતને જોઈ અને તેમાંથી વ્યભિચારના કિસ્સાને કાઢીને તેનો સંબંધ કુર્આને કરીમની પ્રસ્તુત આયતો સાથે જોડી દીધો, જ્યારે કે આ સેમ્યુઅલની બાઈબલ જ મૂળેથી પાયાવિહોણી છે અને આ રિવાયત સદંતર જૂઠ અને ખુલ્લી તોહમતનું સ્વરૂપ ધરાવે છે એ કારણે બધા જ તહકીકકાર તફસીરકારોએ તેનો સખત રદિયો આપ્યો છે.

હાફિઝ ઈબ્ને કષીર (રહ.) ઉપરાંત અલ્લામહ જવઝી (રહ.), કાઝી અબૂલ સઊદ (રહ.), કાઝી બયઝાવી (રહ.), કાઝી અયાઝ (રહ.), ઈમામ રાઝી (રહ.), અલ્લામહ અબૂહય્યાન ઉન્દુલૂસી (રહ.), ખાઝિન (રહ.), ઝમખશરી (રહ.), ઈબ્ને હજમ (રહ.), અલ્લામહ ખફાજી (રહ.), અલ્લામહ ઈબ્ને નસ્ર (રહ.), અબૂ તમ્મામ (રહ.), અલ્લામહ આલૂસી (રહ.) વગેરેએ પણ તેને જૂઠ

અને આક્ષેપ ઠરાવ્યો છે. હાફિઝ ઈબ્ને કષીર (રહ.) લખે છે,

"અમુક મુફસ્સિરોએ અહીંયાં એક કિસ્સો વર્ણન કર્યો છે જેનો મોટો ભાગ ઈસ્રાઈલિયાતમાંથી લેવામાં આવ્યો છે. રસૂલે કરીમ ﷺ દ્વારા એના વિશે કોઈ એવી વાત સાબિત નથી જેનું અનુસરણ વાજિબ હોય, માત્ર ઈબ્ને અબી હાતિમ (રહ.)એ અહીંયાં એક હદીષ રિવાયત કરી છે પરંતુ તેની સનદ સાચી નથી."

મતલબ કે ઘણી બધી દલીલોના પ્રકાશમાં જેની અમુક વિગત ઈમામ રાઝી (રહ.)ની તફસીરે કબીર અને ઈમામ જવઝી (રહ.)ની "જાદૂલ મસીર"માં ઉપસ્થિત છે આ રિવાયત તો તે આયતની તફસીરમાં ચર્ચામાંથી બિલકુલ જ રદબાતલ થઈ જાય છે.

હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)એ આ આજમાયશ અને ભૂલનો ખુલાસો એ રીતે કર્યો છે કે મુકદમાના આ બંને પક્ષકારો દિવાલ કૂદીને દાખલ થયા અને તેમની વાતચીત કરવાની પદ્ધતિ પણ અત્યંત ગુસ્તાખી ભરેલી હતી, શરૂમાં જ હઝરત દાવુદ (અલૈ.)ને ન્યાય કરવાની અને જુલમ ન કરવાની શિખામણ આપવાનું શરૂ કરી દીધું, તેમની આ પદ્ધતિથી અને ગુસ્તાખી કરવાના કારણે જો સામાન્ય માનવી હોત તો તેણે જવાબ આપવાના બદલે તેમને શિક્ષા આપી હોત, અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.)ની કસોટી કરી કે તેઓ પણ ગુસ્સામાં આવીને તેમને સજા આપે છે અથવા પયગમ્બરના હોદ્દા અનુરૂપ મા'ફી અને સબ્રથી કામ લઈને તેમની વાત સાંભળે છે ?

હઝરત દાવુદ (અલૈ.) આ કસોટીમાં ખરા ઊતર્યા પરંતુ એટલી જ વાત બની ગઈ કે ફેંસલો સંભળાવવાના સમયે જાલિમને સંબોધન કરવાને બદલે મજલૂમને સંબોધન કરીને કહ્યું જેનાથી એક પ્રકારનો પક્ષપાત થતો હોય એવો ભાસ થતો હતો પરંતુ તેનાથી તરત જ ચેતી ગયા અને સિજ્દહમાં પડી ગયા અને અલ્લાહ તઆલાએ તેમને મા'ફ કરી દીધા. *(બયાનુલ કુર્આન)*

અમુક તફસીરકારોએ ભૂલનો ખુલાસો એ કર્યો છે કે હઝરત દાવુદ (અલૈ.)એ જ્યારે પ્રતિવાદીને મૌન દીઠો તો તેનું નિવેદન સાંભળ્યા વિના જ માત્ર વાદીની વાત સાંભળી પોતાની શિખામણમાં એવી વાતો કહી જેનાથી વાદીની

તરફેણ થતી હોવાનો ભાસ થતો હતો જ્યારે કે પ્રથમ પ્રતિવાદીને પૂછવું જોઈતું હતું કે તેનું પોતાનું શું કહેવું છે ? હઝરત દાવુદ (અલૈ.)નું આ કહેવું જો કે માત્ર શિખામણના અંદાજમાં હતું અને હજુ સુધી મુકદ્દમાંના ફૈંસલાની નોબત આવી ન હતી, વળી તેમના જેવા મહાન પયગમ્બરના માનમોભાને આ છાજતું ન હતું, આ જ બાબત ઉપર તેઓ ચેતી જઈને પાછળથી સિજ્દહમાં પડી ગયા. *(રૂહુલ મઆની)*

અમુક લોકોએ કહ્યું કે હઝરત દાવુદ (અલૈ.)એ પોતાના સમયનું આયોજન એવું કર્યું હતું કે ચોવીસ કલાકમાં દરેક સમયે ઘરનો કોઈને કોઈ વ્યક્તિ ઈબાદત, ઝિક્ર અને તસ્બીહમાં મશ્ગૂલ રહેતો હતો, એક દિવસે તેમણે અલ્લાહ તઆલાને અરજ કરી કે હે પરવરદિગાર ! દિવસ અને રાતની કોઈ ઘડી એવી પસાર થતી નથી જેમાં દાવુદના ઘરવાળાઓમાંથી કોઈને કોઈ તારી ઈબાદત, નમાઝ અને તસ્બીહ કે ઝિક્રમાં મશ્ગૂલ ન હોય, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે દાવુદ, આ બધું જ કંઈ મારી તવફીકથી છે, જો મારી મદદ પરિસ્થિતિમાં સામેલ ન હોત તો આ વાત તમારા બસની નથી અને એક દિવસ તમને તમારી હાલત ઉપર છોડી દઈશ, ત્યારબાદ આ ઘટના બની, તે સમયે હઝરત દાવુદ (અલૈ.) ઈબાદતમાં પ્રવૃત્ત થવાના હતા અને આ અચાનક બનેલ ઘટનાથી તેમના આયોજનમાં ખલેલ પડી. હઝરત દાવુદ (અલૈ.) વિવાદ દૂર કરવામાં પ્રવૃત્ત થઈ ગયા અને હઝરત દાવુદ (અલૈ.)ના ઘરવાળાઓમાંથી પણ અન્ય કોઈ વ્યક્તિ તે સમયે ઈબાદત અને અલ્લાહ તઆલાના ઝિક્રમાં પ્રવૃત્ત ન હતો, આથી હઝરત દાવુદ (અલૈ.)ને ભાન થયું કે તેમનાથી જે ગર્વયુક્ત વાત જીભથી નીકળી ગઈ હતી તે ભૂલ હતી એટલા માટે તેમણે મા'ફી માંગી અને સિજ્દહમાં પડી ગયા. આ ખુલાસાનું સમર્થન હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના એક કથનથી પણ થાય છે જે મુસ્તદરક હાકિમ (રહ.)માં સહીહ સનદ સાથે નકલ થયું છે.

(અહકામુલ કુર્આન)

આ બધા ખુલાસાઓમાં એ વાત સમાન રીતે સ્વીકારવામાં આવી છે કે મુકદ્દમો કાલ્પનિક નહીં બલકે વાસ્તવિક હતો અને મુકદ્દમાના સ્વરૂપને હઝરત દાવુદ (અલૈ.)ની કસોટી અને ભૂલ સાથે કોઈ સંબંધ ન હતો, તેનાથી વિપરીત ઘણા તફસીરકારોએ તેનો એવો ખુલાસો કર્યો છે જેનો નીચોડ એ છે કે મુકદ્દમાના પક્ષકારો માનવી ન હતા, બલકે ફરિશ્તા હતા અને તેમને અલ્લાહ તઆલાએ

એટલા માટે મોકલ્યા હતા કે તેઓ આવો કાલ્પનિક મુકદમો રજુ કરે જેથી હઝરત દાવુદ (અલૈ.) પોતાની ભૂલથી ચેતી જાય.

એટલા માટે તે લોકોનું એવું કહેવું છે કે ઊરીયાની હત્યા કરાવવાની અને તેની પત્ની સાથે નિકાહ કરી લેવાની તે વાર્તા જૂઠી છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ એ હતી કે બની ઇસ્રાઈલમાં કોઈ વ્યક્તિને આવી ફરમાઇશ કરવી ઐબ સમજવામાં આવતી ન હતી કે, "તું પોતાની પત્નીને તલાક આપી દે અને તેના નિકાહ મારી સાથે કરી આપ." તે સમયકાળમાં આ ફરમાઇશનો આમ રિવાજ પણ હતો, આ વાત નૈતિકતા વિરુદ્ધ સમજવામાં આવતી ન હતી. હઝરત દાવુદ (અલૈ.)એ આ બીનાએ ઊરીયાને આ જ ફરમાઇશ કરી હતી જેના ઉપર અલ્લાહ તઆલાએ આ બે ફરિશ્તાઓ મોકલીને તેમને ચેતવી દીધા અને અમુક લોકોએ કહ્યું કે વાત માત્ર એટલી હતી કે ઊરીયાએ એક સ્ત્રીને નિકાહનો સંદેશ આપ્યો હતો અને હઝરત દાવુદ (અલૈ.)એ પણ તે જ સ્ત્રીને પોતાનો સંદેશ આપ્યો આથી ઊરીયાને ખૂબ મનદુઃખ થયું. અલ્લાહ તઆલાએ આ બાબત ઉપર ચેતવવા માટે આ બે ફરિશ્તાઓ મોકલ્યા અને એક રસપ્રદ સ્વરૂપમાં આ ભૂલથી ચેતવી દીધા. કાઝી અબૂ યઅ્લા (રહ.)એ આ ખુલાસા ઉપર કુર્આને કરીમના શબ્દો وَعَزَّنِیْ فِی الْخِطَابِ થી દલીલ કરી છે. કહે છે કે આ વાક્ય એ વાત ઉપર દલીલ કરે છે કે આ મા'મલો માત્ર خِطْبَة (વિવાહના સંદેશ)ના સિલસિલામાં બન્યો હતો અને હજુ હઝરત દાવુદ (અલૈ.)એ તેની સાથે નિકાહ કર્યા ન હતા.

(જાદૂલ મસીર, ઈબ્ને જવઝી રહ., પેજ : ૧૧૬, જિલ્દ : ૭)

ઘણા તફસીરકારોએ આ અંતિમ બે ખુલાસાઓને અગ્રિમતા આપી છે અને તેમનું સમર્થન અમુક સહાબા (રદિ.)ના ઇશારાઓથી પણ થાય છે. (જુઓ રૂહુલ મઆની, તફસીર અબૂસ્સઊદ, જાદૂલ મસીર, તફસીરે કબીર વગેરે) પરંતુ ઘટના એમ છે કે આ આજમાયશ અને ભૂલની વિગત ન તો કુર્આનથી સાબિત છે અને ન જ કોઈ સહીહ હદીષથી એટલા માટે એટલી વાત તો નક્કી છે કે ઊરીયાની હત્યા કરાવવાનો જે કિસ્સો પ્રખ્યાત થયો છે તે ખોટો છે પરંતુ મૂળ ઘટના વિશે પ્રસ્તુત બધી જ સંભાવનાઓ ઉપસ્થિત છે અને તેમાંથી કોઈ એકના ઉપર ચોક્કસ અને વિશ્વાસપૂર્વક કહી શકાય નહીં એટલા માટે સલામતીનો માર્ગ તે જ છે જે હાફિઝ ઇબ્ને કષીર (રહ.)એ અપનાવ્યો છે કે જે વાતને અલ્લાહ

તઆલાએ મોઘમ છોડી છે આપણે પોતાના અનુમાનો અને અંદાજાઓ દ્વારા તેની વિગત મેળવવાની કોશીશ કરવી જોઈએ નહીં, જ્યારે કે તેનાથી આપણા કોઈ અમલનો સંબંધ નથી, આ મોઘમપણામાં પણ ચોક્કસ કોઈ હિકમત છે એટલા માટે માત્ર એટલી ઘટના ઉપર ઈમાન રાખવામાં આવે જે કુર્આને કરીમમાં ઉપસ્થિત છે બાકી વિગતોને અલ્લાહના હવાલે કરવામાં આવે, અલબત્ત આ જ ઘટનાથી વિવિધ અમલી ફાયદાઓ પ્રાપ્ત થાય છે, વધારે ધ્યાન તેના તરફ આપવું જોઈએ એટલા માટે હવે આયતોની તફસીર જુઓ જેમાં ઈન્શાઅલ્લાહ ! આ ફાયદાઓનું વર્ણન આવી જશે.

اِذْتَسَوَّرُ واالْمِحْرَابَ (જ્યારે તેઓ મિહરાબની દિવાલ કૂદીને દાખલ થયા) مِحْرَابٌ (મિહરાબ) અસલમાં આગળનો ભાગ અથવા કોઈ મકાનની સામેના ભાગને કહે છે, પછી ખાસ સ્વરૂપે મિહરાબ એ મસ્જિદ અથવા ઈબાદતખાનાના આગળનો ભાગ કહેવાવા લાગ્યો. કુર્આને કરીમમાં આ શબ્દ "ઈબાદતગાહ"ના અર્થમાં ઉપયોગ થયો છે, અલ્લામહ સુયૂતિ (રહ.)એ લખ્યું છે કે મસ્જિદના પેરાબોલિક (ઉપરથી અર્ધવર્તુળ જેવા) મેહરાબો આજકાલ પ્રખ્યાત છે આ નબી ﷺના સમયકાળમાં ઉપસ્થિત ન હતા. *(રૂહુલ મઆની)*

فَفَزِعَ مِنْهُمْ (બસ હઝરત દાવુદ તેમનાથી ગભરાઈ ગયા.) ગભરાવાનું કારણ ખુલ્લું અને જાહેર હતું કે બે વ્યક્તિઓ કસમયે પહેરો તોડીને એ રીતે ઘુસી આવ્યા હતા જે મોટે ભાગે ખરાબ નિય્યતના કારણે હોય છે.

સ્વાભાવિક ડર નુબુવ્વત અથવા વિલાયતથી વિપરીત નથી :

આથી જાણ થઈ કે કોઈ ભયાનક વસ્તુથી સ્વાભાવિક રીતે ગભરાઈ જવું નુબુવ્વત અથવા વલીપણાથી વિપરીત નથી, હા ! આ ડરને દિલ અને દિમાગ ઉપર લઈને પોતાની ફરજોને છોડી દેવું અવશ્ય ખરાબ છે, તેના ઉપર એ શંકા થઈ શકે છે કે કુર્આને કરીમમાં અંબિયા (અલૈ.)નો માનમોભો આ વર્ણન કરવામાં આવ્યો છે, لَا يَخْشَوْنَ اَحَدًا اِلَّا اللّٰه (કે તેઓ અલ્લાહ સિવાય કોઈનાથી ડરતા નથી) પછી અહીંયાં હઝરત દાવુદ (અલૈ.)ને ડર કેમ લાગ્યો તેનો જવાબ એ છે કે ડરવાના બે પ્રકારો હોય છે, એક ડર કોઈ નુકસાનકારક વસ્તુ દ્વારા તકલીફ પહોંચવાનો હોય છે તેને અરબીમાં خَوْفٌ (ખૌફ) કહે છે, બીજો ડર કોઈ મોટી

ઉચ્ચ અને મહાન રુત્બા તથા રુઆબના કારણે હોય છે, તેને خَشْيَةٌ (ખશ્યહ) કહેવામાં આવે છે. (મુફરદાત રાગિબ) "ખશ્યત" અલ્લાહ સિવાય કોઈની ન હોવી જોઈએ અને અંબિયા (અલૈ.)નો માનમોભો એ જ હોય છે કે અલ્લાહ તઆલા સિવાય તેમના ઉપર કોઈ વસ્તુની ખશ્યત છવાતી નથી, હા ! નુકસાનકારક વસ્તુઓથી સ્વાભાવિક ડર પેદા થઈ શકે છે.

વસ્તુસ્થિતિની જાણકારી પ્રાપ્ત કરતાં સુધી અશિસ્ત ઉપર ધૈર્ય દાખવવું જોઈએ :

قَالُوْا لَا تَخَفْ (તેમણે કહ્યું, ડરો નહીં !) આવનારાઓએ એવું કહીને પોતાની વાત વર્ણન કરવાનું શરૂ કરી દીધું અને હઝરત દાવુદ (અલૈ.) મૌન ધારણ કરી તેમની વાત સાંભળતા રહ્યા, આથી જાણ થઈ કે જો કોઈ વ્યક્તિ અચાનક કોઈ અશિસ્ત પ્રકારનું પગલું ભરે તો તેની તરત નીંદા અને ટીકા કરવાનું શરૂ ન કરી દેવું જોઈએ, બલકે પ્રથમ તેની વાત સાંભળી લેવી જોઈએ જેથી એ ખબર થઈ જાય કે તેની પાસે આ અશિસ્ત પગલાંનું યોગ્ય કારણ હતું કે નહીં ? કોઈ અન્ય હોત તો તે આવનારાઓ ઉપર તાત્કાલિક વરસી પડયો હોત પરંતુ હઝરત દાવુદ (અલૈ.)એ પરિસ્થિતિની જાણકારી પ્રાપ્ત કરવાની રાહ જોઈ, બની શકે છે કે તે લોકો આવું પગલું ભરવા લાચાર હોય.

وَلَا تُشْطِطْ (વલા તુશિતત) "અને અન્યાય કરશો નહીં." આવનારાઓની આ સંબોધન કરવાની રીત દેખીતી રીતે ખૂબ ગુસ્તાખીપૂર્ણ હતી. પ્રથમ તો તેઓ દિવાલ ફાંદીને કસમયે આવ્યા હતા, પછી આવીને હઝરત દાવુદ (અલૈ.) જેવા મહાન સન્માનનીય પયગમ્બરને ન્યાય કરવાના અને જુલમથી બચવાના પાઠ ભણાવવા લાગ્યા. આ બધી ઉદ્ધતાઈની વાતો હતી પરંતુ હઝરત દાવુદ (અલૈ.)એ તે બધી વાતો ઉપર ધૈર્ય દાખવ્યું અને તેમને કંઈ જ બુરૂં ભલું કહ્યું નહીં.

મોટા માણસોએ જરૂરતમંદની ભૂલો ઉપર જ્યાં સુધી શક્ય હોય ધૈર્ય દાખવવું જોઈએ :

આથી જાણ થઈ કે જે વ્યક્તિને અલ્લાહ તઆલાએ કોઈ મોટો હોદ્દો આપ્યો હોય અને લોકોની જરૂરિયાતો તેની સાથે જોડાયેલી હોય તેણે તે જરૂરતમંદોના અશિસ્તની અને તેમની વાતચીતની ભૂલો ઉપર શક્ય હોય ત્યાં

સુધી ધૈર્ય દાખવવું જોઈએ, આ જ તેના હોદ્દાનો તકાદો છે. ખાસ કરીને સત્તાધિકારીઓ, મુનસફો અને મુફતીઓએ આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.

(રૂહુલ મઆની)

قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ إِلَىٰ نِعَاجِهِ (દાવુદ અલૈ.એ કહ્યું કે તેણે તારી ઘેટી પોતાની ઘેટીઓમાં ભેળવવાની જે દરખાસ્ત કરી છે તે તો ખરેખર તારા ઉપર અત્યાચાર કર્યો છે) અહીંયાં બે વાતો ધ્યાનપાત્ર છે. એક એ કે હઝરત દાવુદ (અલૈ.)એ તો આ નિવેદન માત્ર વાદીની વાત સાંભળીને કહી દીધી પ્રતિવાદીનું નિવેદન સાંભળ્યું જ નથી. આથી અમુક લોકોએ કહ્યું કે તે ભૂલ જેના ઉપર તેમણે અલ્લાહ તઆલાથી મા'ફી માંગી તે આ જ ભૂલ હતી પરંતુ બીજા તફસીરકારોએ કહ્યું છે કે વાસ્તવમાં અહીંયાં મુકદમાની સંપૂર્ણ વિગતો વર્ણન થઈ રહી નથી માત્ર જરૂરી વાતો વર્ણન કરવામાં આવીં છે, હઝરત દાવુદ (અલૈ.)એ ચોક્કસ પ્રતિવાદી પાસેથી તેનો મત જાણ્યો હશે પરંતુ તેને અહીંયાં એટલા માટે વર્ણન નથી કર્યો કે ફૈસલાઓનો પ્રચલિત તરીકો આ જ છે; દરેક વ્યક્તિ સમજી શકે છે કે અહીંયાં પ્રતિવાદીને પૂછવાનો વિભાગ સુષુપ્ત છે.

વળી એ પણ શક્ય છે કે જો કે આવનારાઓએ હઝરત દાવુદ (અલૈ.) પાસે અદાલતી ફૈસલો માંગ્યો હતો પરંતુ તે સમય ન તો અદાલતનો હતો અને ન જ ન્યાયપાલિકાની સભાનો અને ન જ ત્યાં હઝરત દાવુદ (અલૈ.)ની પાસે પોતાના ફૈસલાને લાગુ પાડવા માટેના માધ્યમો એકત્રિત હતા એટલા માટે હઝરત દાવુદ (અલૈ.)એ ન્યાયાધીશના સ્વરૂપે નહીં પરંતુ મુફતીની હેસિયતે ફતવો આપ્યો અને મુફતીનું કામ ઘટનાની તહકીક કરવાનું નથી હોતું બલકે જેવો સવાલ હોય છે તે પ્રમાણે જવાબ આપવાનો હોય છે.

કોઈ પ્રકારના દાબ દબાણ સાથે ચંદો અથવા હદિયો માંગવો પણ કોઈનો માલ હડપવા સમાન છે :

બીજી બાબત અત્રે ધ્યાનપાત્ર એ છે કે હઝરત દાવુદ (અલૈ.)એ એક વ્યક્તિની માત્ર ઘેટી માંગવાને જુલમ ઠરાવ્યો જ્યારે કે દેખીતી રીતે કોઈની પાસે માત્ર કોઈ વસ્તુ માંગી લેવી કોઈ ગુનોહ નથી હોતો, કારણ એ છે કે સ્વરૂપ સવાલ કરવાનું હતું પરંતુ જે મૌખિક રીતે અથવા તો ખાસ વર્તણૂંક કરીને દાબ દબાણ

દ્વારા આ સવાલ કરવામાં આવી રહ્યો હતો તો આવી બાબતોની ઉપસ્થિતિમાં તેના સવાલનું સ્વરૂપ માલ હડપવા જેવું જ થઈ ગયું હતું.

આથી જાણ થઈ કે જો કોઈ વ્યક્તિ કોઈની પાસે એવી રીતે વસ્તુ માંગે કે જેને સંબોધન કરવામાં આવી રહ્યું છે તે રાજી હોય અથવા નારાજ પરંતુ તેની પાસે આપવા સિવાય કોઈ છુટકો ન રહે તો આ રીતે હદિયો માંગવો પણ માલ હડપવામાં સામેલ છે પરંતુ જો માંગનાર કોઈ સત્તાધારી અથવા ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન વ્યક્તિ હોય જેને કહેવામાં આવી રહ્યું છે તે તેના વ્યક્તિગત પ્રભાવના કારણે ઇન્કાર ન કરી શકતો હોય તો ત્યાં સ્વરૂપ ભલે હદિયો માંગવાનું હોય પરંતુ વાસ્તવમાં તે માલ હડપવા સમાન જ છે અને માંગનારા માટે આ રીતે પ્રાપ્ત કરેલી કોઈ વસ્તુનો ઉપયોગ કરવો જાઇઝ નથી હોતો. આ મસ્અલો ખાસ રીતે તે લોકો માટે ઘણું ધ્યાન આપવા લાયક છે જે મદ્રસાઓ, મક્તબો, મસ્જિદો અથવા અંજુમનો અને સંગઠનો માટે ચંદો એકત્રિત કરે છે, માત્ર તે જ ચંદો પવિત્ર અને હલાલ છે જે આપનારે પોતાના સંપૂર્ણ અધિકાર અને ખુશદિલી સાથે આપ્યો હોય અને જો ચંદો કરનારે પોતાના વ્યક્તિગત પ્રભાવનું દબાણ કર્યું અથવા એકી સાથે આઠ દશ વ્યક્તિઓએ કોઈ એક વ્યક્તિને શરમમાં નાંખી ચંદો વસૂલ કરી લીધો તો આ ખુલ્લું નાજાઇઝ કૃત્ય છે, હદીષમાં રસૂલે કરીમ ﷺનું સ્પષ્ટ ફરમાન છે,

لَا يَحِلُّ مَالُ امْرِئٍ مُّسْلِمٍ اِلَّا بِطِيْبِ نَفْسٍ مِنْهُ

"કોઈ મુસલમાનનો માલ તેની ખુશદિલી વિના હલાલ નથી."

ધંધાની ભાગીદારીમાં ઘણી કાળજી રાખવી જરૂરી છે :

وَاِنَّ كَثِيْرًا مِّنَ الْخُلَطَآءِ لَيَبْغِيْ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ (અને ઘણા ભાગીદારો એકબીજા ઉપર અતિરકે કરતા હોય છે) આથી આ બાબત ઉપર ચેતવણી આપવામાં આવી છે કે જ્યારે બે વ્યક્તિઓમાં ભાગીદારીનો કોઈ મા'મલો હોય તો તેમાં અક્સર એકબીજાના હકો ઉપર તરાપ વાગતી હોય છે, અમુક સમયે એક વ્યક્તિ એક કામને મા'મૂલી સમજીને કરી નાંખે છે પરંતુ વાસ્તવમાં તે ગુનાહનું કારણ બની જાય છે એટલા માટે આ બાબતે ઘણી કાળજી રાખવાની આવશ્યકતા છે.

وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ (અને દાવુદ અલૈ.ને વિચાર આવ્યો કે અમે તેમની કસોટી કરી છે) જો મુકદમાના સ્વરૂપને હઝરત દાવુદ (અલૈ.)ની ભૂલનું દૃષ્ટાંત ઠરાવવામાં આવે ત્યારે તો આવો વિચાર આવવો દેખીતી બાબત છે અને જો મુકદમાના સ્વરૂપ સાથે તેને કોઈ સંબંધ ન હોય તો પણ પક્ષકારોની સમગ્ર હકીકત જાહેર કરવા માટે પૂરતું હતું કે તેઓ કસોટી માટે મોકલવામાં આવ્યા છે, એક બાજુ તો તે પક્ષકારોએ મુકદમાના ફૈંસલા માટે એટલી ઉતાવળ અને દુઃસાહસથી કામ લીધું કે દિવાલ ઠેકીને ચાલ્યા આવ્યા અને બીજી બાજુ જ્યારે મુકદમો રજુ થયો ત્યારે પ્રતિવાદી મૌન બેસી રહ્યો અને મૌખિક અથવા અમલી રીતે વાદીની વાતને ચૂં ચા કર્યા વિના સ્વીકારી લીધી.

જો વાદીની વર્ણન કરેલ બાબતને પ્રતિવાદી સ્વીકાર કરતો હતો તો વિવાદનો ફૈંસલો કરાવવા માટે હઝરત દાવુદ (અલૈ.)ની પાસે આવવાની જરૂરત જ ન હતી, એક મા'મૂલી બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ પણ સમજી શકે છે કે હઝરત દાવુદ (અલૈ.) આવા સ્વરૂપમાં વાદીની તરફેણમાં જ ફૈંસલો કરશે, પક્ષકારોનું આ ઉદ્ધત વર્તન બતાવી રહ્યું હતું કે આ કોઈ અસામાન્ય ઘટના છે. હઝરત દાવુદ (અલૈ.)ને ભાસ થઈ ગયો કે આ અલ્લાહ તઆલાના મોકલેલા આવ્યા છે અને મારી પરીક્ષાનો હેતુ છે અને અમુક રિવાયતોમાં એવું પણ આવ્યું છે કે ફૈંસલો સંભળાવ્યા પછી તેઓ એકબીજા તરફ જોઈને હસ્યા અને જોત જોતામાં આસમાન ઉપર ચાલ્યા ગયા. વલ્લાહુ અઅ્લમુ.

فَاسْتَغْفَرَ رَبَّهٗ وَخَرَّ رَاكِعًا وَّاَنَابَ (બસ તેમણે પોતાના પરવરદિગાર પાસે મા'ફી માંગી અને સજ્દહમાં પડી ગયા અને રુજૂઅ્ થયા) અત્રે વાસ્તવમાં رُكُوْعٌ (રુકૂઅ્)નો શબ્દ વાપરવામાં આવ્યો છે જેનો શાબ્દિક અર્થ ઝૂકવાનો થાય છે અને ઘણા તફસીરકારો નજીક તેનો ભાવાર્થ સજ્દહ છે, હનફીઓ નજીક આ આયતની તિલાવતથી સજ્દહ વાજિબ થઈ જાય છે.

રુકૂઅ્થી સજ્દએ તિલાવત અદા થઈ જાય છે :

ઈમામ અબૂ હનીફહ (રહ.)એ આ આયતથી એ વાત ઉપર દલીલ કરી છે કે જો નમાઝમાં આયતે સજ્દહની તિલાવત કરવામાં આવે છે તો રુકૂઅ્માં સિજ્દહની નિય્યત કરી લેવાથી પણ સજ્દહ અદા થઈ જાય છે એટલા માટે

અહીંયાં અલ્લાહ તઆલાએ સજ્દહ માટે "રુકૂઅ્"ના શબ્દનો ઉપયોગ કર્યો છે જે એ બાબતની દલીલ છે કે રુકૂઅ્ પણ સજ્દહના સ્થાને હોઈ શકે છે પરંતુ આ વિષયમાં અમુક જરૂરી મસ્અલાઓ યાદ રાખવા જોઈએ.

સજ્દએ તિલાવતના અમુક મસ્અલાઓ :

મસ્અલો :

નમાઝના ફરજો દ્વારા સજ્દહ માત્ર એવા સ્વરૂપમાં થઈ શકે છે જ્યારે કે સજ્દહની આયત નમાઝમાં પઢવામાં આવી હોય, નમાઝની બહાર તિલાવત કરવામાં રુકૂઅ્ કરવાથી સજ્દહ અદા થતો નથી એટલા માટે કે રુકૂઅ્ માત્ર નમાઝમાં ઈબાદત છે નમાઝની બહાર નહીં. *(બદાયેઅ્)*

મસ્અલો :

રુકૂઅ્માં સજ્દહ માત્ર એવા સ્વરૂપમાં અદા થશે જ્યારે કે આયતે સજ્દહ તિલાવત કર્યા પછી તરત જ અથવા વધારે બે ત્રણ આયતો તિલાવત કરીને રુકૂઅ્ કરી લીધો છે અને જો આયતે સજ્દહ પછી ઊભા ઊભા લાંબી કિરાઅત કરી હોય તો રુકૂઅ્માં સજ્દહ અદા થશે નહીં.

મસ્અલો :

જો સજ્દએ તિલાવત રુકૂઅ્માં અદા કરવાનો વિચાર હોય તો રુકૂઅ્માં જતી વખતે સજ્દએ તિલાવતની નિય્યત કરી લેવી જોઈએ નહિતર તે રુકૂઅ્થી સજ્દહ અદા થશે નહીં, હા ! જ્યારે સજ્દહમાં જવા લાગો ત્યારે નિય્યત કર્યા વિના પણ સજ્દહ અદા થઈ જશે.

મસ્અલો :

દરેક સ્વરૂપમાં ઉત્તમ બાબત એ જ છે કે સજ્દએ તિલાવતને નમાઝના ફરજ રુકૂઅ્માં અદા કરવાના બદલે આગવો સજ્દહ કરવામાં આવે અને સજ્દહથી ઊઠીને એક બે આયતો તિલાવત કરીને ફરી રુકૂઅ્માં જાય. *(બદાયેઅ્)*

وَاِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ (અને નિઃશંક ! તેમના માટે અમારા ત્યાં ખાસ નિકટતા અને નેક પરિણામ છે) આ આયત ઉપર ઘટનાને સમાપ્ત કરીને એ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે હઝરત દાવુદ (અલૈ.)ની ભૂલ જે કંઈ

પણ હશે તેમની મા'ફી અને વિનવણી પછી અલ્લાહ તઆલા સાથેના તેમના સંબંધમાં ઔર વધારો થઈ ગયો.

ભૂલ ઉપર ચેતવણીમાં હિકમતની કાળજી રાખવી :

આ ઘટના વિશે એક અન્ય વાત વર્ણનપાત્ર છે કે હઝરત દાવુદ (અલૈ.)ની ભૂલ ભલે જે કંઈ પણ રહી હોય, અલ્લાહ તઆલા સીધે સીધા વહી દ્વારા પણ તેમને તેના વિશે ચેતવી શકતા હતા પરંતુ તેના બદલે એક મુકદમો મોકલીને ચેતવણી માટે આ ખાસ પદ્ધતિ કેમ અપનાવવામાં આવી ? વાસ્તવમાં આ પદ્ધતિ ઉપર વિચાર કરવાથી અમ્ર બિલ મઅ્રૂફ અને અને નહી અનિલ મુન્કરનો (ભલાઈનો હુકમ કરવાનો અને બુરાઈથી રોકવાનો) ફરજ અંજામ આપનારાઓને એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિને તેની ભૂલ ઉપર ચેતવણી માટે હિકમતથી કામ લેવાની જરૂરત છે અને એટલા માટે એવી રીત અપનાવવી વધારે સારી છે જેના વિશે વ્યક્તિ પોતે પોતાની ભૂલને અનુભવી લે અને તેને મૌખિક ચેતવણીની જરૂરત પણ ન રહે અને એટલા જ માટે આવા દૃષ્ટાંતોથી કામ લેવું વધારે અસરકારક હોય છે જેનાથી કોઈને મનદુઃખ પણ નથી થતું અને જરૂરી વાત પણ સ્પષ્ટ થઈ જાય છે.

આયત : (સૂરએ સૉદ : આયત નં. ૨૬)

يٰدَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ خَلِيْفَةً فِي الْاَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ وَلَا
تَتَّبِعِ الْهَوٰى فَيُضِلَّكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ۭ اِنَّ الَّذِيْنَ يَضِلُّوْنَ عَنْ سَبِيْلِ
ع اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌۢ بِمَا نَسُوْا يَوْمَ الْحِسَابِ ﴿٢٦﴾

તરજુમો :

હે દાવુદ (અલૈ.) ! અમે તમને પ્રદેશમાં ખલીફા બનાવ્યા. બસ તમે લોકોમાં ન્યાયથી શાસન કરો અને પોતાની મનેચ્છાઓ ઉપર ન ચાલો કે પછી તે તમને અલ્લાહના માર્ગથી ભટકાવી દે, બેશક ! જે લોકો અલ્લાહના માર્ગથી ભટકે છે તેમને એ વાત ઉપર સખત અઝાબ છે કે તેમણે હિસાબનો દિવસ ભૂલાવી દીધો. (૨૬)

તફસીર :

હે દાવુદ (અલૈ.) ! અમે તમને જમીન ઉપર હાકિમ બનાવ્યા છે, બસ (જે રીતે અત્યાર સુધી કરતા રહ્યા છો તે જ પ્રમાણે હવે પછી પણ) લોકોમાં ન્યાય સાથે ફેંસલો કરતા રહેજો અને (જે રીતે અત્યાર સુધી ક્યારેય મનેચ્છાઓની પેરવી નથી કરી એ જ પ્રમાણે હવે પછી પણ) મનેચ્છાઓની પેરવી ન કરજો કે (જો એવું કરશો તો) તે અલ્લાહના માર્ગથી તમને ભટકાવી દેશે (અને) જે લોકો અલ્લાહના માર્ગથી ભટકે છે તેમના માટે સખત અઝાબ થશે એ કારણથી કે તેઓ હિસાબના દિવસને ભૂલી ગયા.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત દાવુદ (અલૈ.)ને અલ્લાહ તઆલાએ નુબુવ્વતની સાથે હુકૂમત અને સલતનત પણ અર્પણ કરી હતી એટલા માટે આ આયતમાં હુકૂમત અને રાજકાજ માટે તેમને એક પાયાનો બોધપત્ર આપવામાં આવ્યો છે, આ માર્ગદર્શિકામાં ત્રણ પાયાની બાબતો વર્ણન કરવામાં આવી છે.

(૧) અમે તમને પૃથ્વીમાં પોતાના ખલીફા (નાયબ) બનાવ્યા.

(૨) આ સ્વરૂપે તમારું પાયાનું કર્તવ્ય ન્યાય પ્રમાણે ફેંસલો કરવાનું છે.

(૩) અને આ કામ માટે પોતાની મનેચ્છાઓની પેરવીથી બચવું એક આવશ્યક શરતનું સ્વરૂપ ધરાવે છે.

જ્યાં સુધી પૃથ્વી ઉપર ખલીફા બનાવવાનો સંબંધ છે તેનો ભાવાર્થ સૂરએ બકરહમાં આવી ચૂક્યો છે; જુઓ મઆરિફુલ કુર્આનની પ્રથમ જિલ્દ, (મૂળ કિતાબ પેજ નં. ૧૨૪) અને તેનાથી જ ઈસ્લામી રાજકાજનો એ પાયાનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે કે "અંતિમ સત્તા અલ્લાહ તઆલાને જ પ્રાપ્ત છે." પૃથ્વી પરના સત્તાધારીઓ તેના જ હુકમ પ્રમાણે ચાલવા માટે બંધાયેલા છે, તેઓ તેની બહાર જઈ શકતા નથી એટલા માટે મુસલમાનોના શાસક, શૂરા અથવા ધારાગૃહો ઈસ્લામિક કાયદાની સ્પષ્ટતા અથવા તેનું અર્થઘટન તો કરી શકે છે પરંતુ વાસ્તવમાં તેઓ કાયદાઓ ઘડનારા નથી, બલકે અલ્લાહ તઆલાના કાયદાઓને રજુ કરનારા છે.

ઇસ્લામી રિયાસત(રાજ્ય)નું પાયાનું કાર્ય સત્ય અને ન્યાયની સ્થાપના છેઃ

બીજી બાબત અત્રે એ સ્પષ્ટ કરવામાં આવી છે કે ઈસ્લામી રિયાસતનું પાયાનું કામ સત્ય અને ન્યાયની સ્થાપનાનું છે, શાસન માટે જરૂરી છે કે તે પોતાનું વ્યવસ્થાપન કાર્ય અને વિવાદી બાબતોનું નિવારણ સત્ય અને ન્યાય ઉપર રહીને કાયમ કરે.

ઈસ્લામ કારણ કે એક કાયમી ધર્મ છે એટલા માટે તેણે રાજકાજ અને શાસન કરવા માટે એવા કોઈ વ્યવસ્થાકીય વિભાગોને નિશ્ચિત નથી કર્યા જે પરિસ્થિતિઓ અને સમય બદલાવાથી પરિવર્તનપાત્ર થઈ જાય, બલકે અમુક એવા પાયાના માર્ગદર્શનો આપ્યા છે જેના પ્રકાશમાં દરેક યુગ અને સમયકાળ પ્રમાણે વ્યવસ્થાકીય માળખું પોતે તૈયાર કરી શકાય છે એટલા માટે અત્રે એ વાત તો બતાવવામાં આવી છે કે શાસનનું મૂળ કામ સત્ય અને ન્યાયની સ્થાપના છે પરંતુ તેની વ્યવસ્થાકીય વિગતો દરેક યુગના બુદ્ધિજીવી મુસલમાનો ઉપર છોડી દેવામાં આવી છે.

ન્યાયતંત્ર અને વ્યવસ્થાપનતંત્રનો સંબંધ :

આથી એ વાત કે વ્યવસ્થાપનતંત્ર ન્યાયતંત્રથી બિલકુલ અલગ રહે અથવા તેની સાથે જોડાયેલું રહે એ બાબતમાં કોઈ એવો નિશ્ચિત હુકમ નથી આપવામાં આવ્યો કે જે દરેક યુગમાં પરિવર્તનપાત્ર ન હોય, જો કોઈ યુગમાં શાસકોની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર સંપૂર્ણ ભરોસો કરવામાં આવી શકતો હોય તો ન્યાયતંત્ર અને વ્યવસ્થાપનતંત્રની દૂરીને ખતમ કરી શકાય છે અને જો કોઈ યુગમાં શાસકોની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર સંપૂર્ણ ભરોસો ન હોય તો ન્યાયતંત્રને વ્યવસ્થાપનતંત્રથી બિલકુલ આઝાદ પણ રાખી શકાય છે.

હઝરત દાવુદ (અલૈ.) અલ્લાહના મહાન પયગમ્બર હતા, તેમનાથી વધારે પ્રમાણિક અને નિષ્ઠાવાન હોવાનો કોણ દા'વો કરી શકતું હતું ? એટલા માટે તેમને એકી સાથે વ્યવસ્થાપનતંત્ર અને ન્યાયતંત્ર બંનેના વડા બની વિવાદોના ફેસલાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી, અંબિયા (અલૈ.) ઉપરાંત ખુલફાએ રાશિદીનમાં પણ આ જ પદ્ધતિ ચાલુ રહી છે, અમીરુલ મુઅ્મિનીન પોતે જ ન્યાયાધીશ પણ રહેતા હતા, ત્યાર પછીના ઈસ્લામી

શાસનમાં આ પદ્ધતિને બદલવામાં આવી અને અમીરુલ મુઅ્મિનીનને વ્યવસ્થાપનતંત્રના વડા તથા ન્યાયાધીશને ન્યાયતંત્રના વડા બનાવવામાં આવ્યા.

ત્રીજું માર્ગદર્શન જેના ઉપર આયતમાં સૌથી વધારે જોર આપવામાં આવ્યું છે તે એ છે કે મનેચ્છાઓની પેરવી ન કરો અને હિસાબના દિવસને દરેક સમયે નજર સમક્ષ રાખો, આ માર્ગદર્શન ઉપર સૌથી વધારે જોર એટલા માટે આપવામાં આવ્યું છે કે આ વસ્તુઓ સત્ય અને ન્યાયની સ્થાપનાનો પાયો છે, જે શાસક અથવા ન્યાયાધીશના દિલમાં અલ્લાહ તઆલાનો ડર અને આખિરતની ફિકર છે તે જ સાચા અર્થમાં સત્ય અને ન્યાય ઉપર કાયમ રહી શકે છે અને જો એવું નથી તો તમે ગમે એટલો સારો કાયદો બનાવી લો માણસની મહેચ્છાઓ અને મનેચ્છાઓના ચોર રસ્તાઓ પોતાનો માર્ગ પોતે બનાવી જ લે છે અને તેની ઉપસ્થિતિમાં કોઈ સારામાં સારી કાયદાકીય વ્યવસ્થા પણ ન્યાય અને ઈન્સાફ ઉપર કાયમ રહી શકતી નથી, દુનિયાના ઈતિહાસ અને વર્તમાન સમયની પરિસ્થિતિઓ આ બાબતે સાક્ષી છે.

જવાબદારીના હોદ્દાઓમાં સૌ પ્રથમ જોવાની વસ્તુ માનવીની નૈતિકતા છે:

અહીંયાં એ પણ જાણ થઈ કે કોઈ વ્યક્તિને શાસક, ન્યાયાધીશ અથવા કોઈ ખાતાનો વડો બનાવવા માટે સૌ પ્રથમ જોવાની વાત એ હોય છે કે તે વ્યક્તિમાં અલ્લાહનો ડર અને આખિરતની ફિકર છે કે નથી ? અને તેના અખ્લાક તથા નૈતિકતા અને નિષ્ઠાની શું પરિસ્થિતિ છે ? જો એવી અનુભૂતિ થાય કે તેના દિલ ઉપર અલ્લાહના ડરના બદલે મનેચ્છાઓનું શાસન છે તો ભલે તે ગમે એવી ઉચ્ચ ડિગ્રીઓ ધરાવતો હોય અને પોતાની કળાઓમાં ગમે એટલો નિષ્ણાત અને પાકો હોય ઈસ્લામની દૃષ્ટિમાં તે કોઈ ઊંચા હોદ્દાનો હકદાર નથી.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૨૭-૨૮-૨૯)

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا بَاطِلًا ۚ ذٰلِكَ ظَنُّ الَّذِيْنَ كَفَرُوْا ۚ
فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا مِنَ النَّارِ ﴿٢٧﴾ اَمْ نَجْعَلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
كَالْمُفْسِدِيْنَ فِى الْاَرْضِ ۖ اَمْ نَجْعَلُ الْمُتَّقِيْنَ كَالْفُجَّارِ ﴿٢٨﴾ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ
مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَلِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ ﴿٢٩﴾

તરજુમો :

અને અમે આસમાન અને જમીનને અને જે કંઈ તેની મધ્યમાં છે વ્યર્થ (નકામા) નથી બનાવ્યા, એ તેમનો વિચાર છે જેઓ કાફિર (ઈન્કારી) છે, બસ કાફિરોને આગ(દોઝખ)થી ખરાબી છે. (૨૭) શું અમે ઈમાનવાળાઓને જેઓ સદકાર્યો કરે છે (તેઓ) સમાન કરી દઈશું જેઓ પ્રદેશમાં ફસાદ (અરાજકતા) ફેલાવે ? શું અમે ડરનારા(મુત્તકી)ઓને નફ્ફટ (ફાજિર) લોકો સમાન કરી દઈશું ? (૨૮) એક કિતાબ જે અમે તમારા તરફ ઊતારી છે બરકતની જેથી લોકો તેની વાતોનું ચિંતન કરે અને જેથી બુદ્ધિશાળીઓ સમજે. (૨૯)

તફસીર :

અને આસમાન અને જમીનને અને જે વસ્તુઓ તેમની મધ્યે ઉપસ્થિત છે તેને હિકમતથી ખાલી પેદા નથી કરી (બલકે ઘણી બધી હિકમતો છે જેમાં સૌથી મોટી હિકમત એ છે કે તેનાથી તવહીદ અને આખિરત સાબિત થાય છે) આ (એટલે કે તેનું હિકમતથી ખાલી હોવું) તે લોકોની ધારણા છે જેઓ કાફિર છે (કારણ કે જ્યારે તવહીદ અને આખિરતમાં બદલા અને સજાનો ઈન્કાર કર્યો તો પછી સૃષ્ટિના સર્જનની સૌથી મોટી હિકમતનો ઈન્કાર કરી દીધો) બસ કાફિરો માટે (આખિરતમાં) બુરી ખરાબી છે એટલે કે દોઝખ (કારણ કે તે તવહીદનો ઈન્કાર કરતા હતા); હા ! (એક ભૂલ કયામતના ઈન્કારીઓમાં એ છે કે જ્યારે કે કયામતમાં આ હિકમત છે કે નેક લોકોને બદલો અને ફસાદખોર લોકોને સજા મળે, હવે તેમના કયામતના ઈન્કારથી તેમના મતે જરૂરી બને છે કે આ હિકમતની તહકીક ન થાય બલકે બધા સરખા છે) તો શું અમે તે લોકોને કે જેઓ ઈમાન લાવ્યા અને તેમણે સારા કર્મો કર્યા તેમને તેઓ સમાન કરી દઈશું જેઓ (કુફ્ર વગેરે કરીને) દુનિયામાં ફસાદ કરતા ફરે છે ? અથવા (બીજા શબ્દોમાં કહીએ તો) અમે પરહેઝગારોને બદકારો સમાન કરી દઈશું ? (એટલે કે એવું થઈ શકતું નથી એટલા માટે કયામત અવશ્ય આવશે જેથી નેકી કરનારાઓને બદલો અને બદકારોને સજા મળે, એ જ પ્રમાણે તવહીદ અને આખિરતની સાથે રિસાલત ઉપર ઈમાન રાખવું પણ જરૂરી છે કારણ કે) આ (કુર્આન) એક બરકતવાળી

કિતાબ છે જેને અમે તમારા ઉપર એટલા માટે નાઝિલ કરી છે જેથી લોકો તેની આયતોમાં વિચાર કરે (એટલે કે તેના માન સન્માનમાં પણ અને તેના લાભદાયક વિષયોમાં પણ) અને જેથી (વિચારીને તેની હકીકત જાણીને તેનાથી) બુદ્ધિશાળીઓ બોધપાઠ ગ્રહણ કરે (એટલે કે તેના ઉપર અમલ કરે).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો રસપ્રદ ક્રમ :

આ આયતો જેમાં ઈસ્લામના પાયાના અકીદાઓ (માન્યતાઓ) ખાસ કરીને આખિરતને સાબિત કરવામાં આવી છે, હઝરત દાવુદ અને હઝરત સુલયમાન (અલૈ.)ની ઘટનાઓ વચ્ચે અત્યંત રસપ્રદ ક્રમ સાથે વર્ણન થયું છે. ઈમામ રાઝી (રહ.) ફરમાવે છે કે જો કોઈ વ્યક્તિ હઠાગ્રહના કારણે ન સમજી રહ્યો હોય તો તેની હિકમતપૂર્ણ પદ્ધતિ એ છે કે જેની ચર્ચા ચાલતી હોય તે વિષયને છોડીને કોઈ સંદર્ભ વિનાની વાત શરૂ કરવામાં આવે અને જ્યારે તેનું ધ્યાન પ્રથમ વાતથી હટી જાય તો વાતો વાતોમાં જ તેને પ્રથમ વાત માનવા માટે મજબૂર કરવામાં આવે, આખિરતની સાબિતી માટે આ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે. હઝરત દાવુદ (અલૈ.)ની ઘટના અગાઉ કાફિરોના હઠાગ્રહનું વર્ણન ચાલી રહ્યું હતું જે આ આયત ઉપર સમાપ્ત થયું, وَقَالُوا رَبَّنَا عَجِّلْ لَنَا قِطَّنَا قَبْلَ يَوْمِ الْحِسَابِ જેનો ખુલાસો એ હતો કે તે લોકો આખિરતનો ઈન્કાર કરે છે અને તેની ઠેકડી ઉડાવે છે, તેના તરત પછી આ કહેવામાં આવ્યું કે, اِصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَاذْكُرْ عَبْدَنَا دَاوٗدَ (તેમની વાતો ઉપર ધૈર્ય દાખવો અને અમારા બંદા દાવુદને યાદ કરો) એ જ પ્રમાણે એક નવી વાત શરૂ કરવામાં આવી પરંતુ હઝરત દાવુદ (અલૈ.)ની ઘટનાને એ વાત ઉપર સમાપ્ત કરવામાં આવી કે "હે દાવુદ (અલૈ.) ! અમે તમને જમીનમાં ખલીફા બનાવ્યા છે એટલા માટે તમે લોકોમાં ન્યાય સાથે ફૈસલો કરતા રહેજો."

હવે અહીંયાં અનૌપચારિક રીતે આખિરતને સાબિત કરવામાં આવી કે જે હસ્તી આ પૃથ્વી પટ ઉપર પોતાના ખલીફાને ન્યાય અને સત્ય સ્થાપવાનો હુકમ આપી રહી છે જેનો ખુલાસો એ છે કે દુષ્ટોને સજા મળે અને સજ્જનોને રાહત, શું તે પોતે આ સૃષ્ટિને ન્યાય અને ઈન્સાફ સ્થાપિત કરશે નહીં ? અવશ્ય તેની

હિકમતનો તકાદો એ છે કે તે સારા અને ખરાબ બધા જ લોકોને એક લાકડીએ હાંકવાને બદલે દુષ્ટોને સજા આપશે અને નેકી કરનારાઓને ઈનામ અર્પણ કરશે, એ જ આ સૃષ્ટિના સર્જનનો મકસદ છે અને તેને અસ્તિત્વમાં લાવવા માટે કયામત અને આખિરતનું અસ્તિત્વ તેની હિકમત પ્રમાણે જ છે, જે લોકો આખિરતનો ઈન્કાર કરે છે તેઓ જાણે મૌખિક રીતે એવું કહી રહ્યા છે કે આ સૃષ્ટિ હેતુવિહીન અને હિકમતથી ખાલી સર્જવામાં આવી છે અને તેમાં સારા બુરા બધા જ લોકો જિંદગી પસાર કરીને મરી જશે અને પછી તેમને કોઈ પૂછનાર હશે નહીં, જ્યારે કે અલ્લાહ તઆલાની હિકમત ઉપર ઈમાન રાખનારા આ વાતને ક્યારેય સ્વીકારી શકતા નથી.

اَمْ نَجْعَلُ الَّذِیْنَ اٰمَنُوْا (الی قولہ تعالی) کَالْفُجَّارِ (તો શું અમે ઈમાન લાવનારાઓ અને નેકીઓ કરનારાઓને જમીન ઉપર ફસાદ ફેલાવનારાઓ બરાબર કરી દઈશું અથવા પરહેઝગારોને બદકારો બરાબર કરી દઈશું ?) એટલે કે એવું કદાપિ બની શકતું નથી બલકે બંનેનું પરિણામ બિલકુલ વિરોધી હશે, આથી જ એ વાત જાણ થઈ કે મો'મિન અને કાફિરનો આ તફાવત આખિરતના હુકમોના કારણે છે, દુનિયામાં એવું પણ બની શકે છે કે કાફિરને મો'મિનથી વધીને ભૌતિક રાહતો મળી જાય, વળી આથી એ પરિણામ પણ કાઢી શકાતું નથી કે કાફિરોના દુનિયવી હકો મો'મિન સમાન નથી હોઈ શકતા, બલકે કાફિરોને મુસલમાનો સમાન માનવ અધિકારો આપી શકાય છે એટલા માટે ઈસ્લામી સત્તાશાસન હેઠળ જે ગેરમુસ્લિમ લઘુમતીઓ કરાર હેઠળ વસે છે તેમને બધા જ માનવ અધિકારો મુસલમાન સમાન જ આપવામાં આવશે.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૩૦ થી ૩૩)

وَوَهَبْنَا لِدَاوٗدَ سُلَیْمٰنَ ؕ نِعْمَ الْعَبْدُ ؕ اِنَّهٗۤ اَوَّابٌ ﴿۳۰﴾ اِذْ عُرِضَ عَلَیْهِ بِالْعَشِیِّ
الصّٰفِنٰتُ الْجِیَادُ ﴿۳۱﴾ فَقَالَ اِنِّیْۤ اَحْبَبْتُ حُبَّ الْخَیْرِ عَنْ ذِكْرِ رَبِّیْ ۚ حَتّٰی
تَوَارَتْ بِالْحِجَابِ ﴿۳۲﴾ رُدُّوْهَا عَلَیَّ ؕ فَطَفِقَ مَسْحًۢا بِالسُّوْقِ وَالْاَعْنَاقِ ﴿۳۳﴾

તરજુમો :

અને અમે દાવુદ (અલૈ.)ને સુલયમાન (અલૈ.) આપ્યા, તેઓ ઘણા સારા બંદા છે, બેશક રુજૂઅ્ થનારા. (૩૦) જ્યારે તેમની સામે સાંજે ઘણા બધા ઘોડાઓ બતાવવા માટે લાવ્યા. (૩૧) તો બોલ્યા, મેં સારી વસ્તુ(માલ)ની મહોબ્બતને પોતાના પરવરદિગારના ઝિક્ર(યાદ)થી પ્રિય રાખી એટલે સુધી કે તે (સૂર્ય) પડદામાં સંતાઈ ગયો. (૩૨) તેમને મારી પાસે પાછા લાવો, પછી તેમની પીંડીઓ અને ગરદનો ઉપર પોતાના હાથ ફેરવવા (સાફ કરવા) લાગ્યા.(૩૩)

તફસીર :

અને અમે દાવુદ (અલૈ.)ને સુલયમાન (અલૈ. પુત્ર સ્વરૂપે) અર્પણ કર્યા, ઘણા સારા બંદા હતા કે (અલ્લાહ તરફ) ઘણા રુજૂઅ્ થનારા હતા (એટલા માટે તેમનો તે કિસ્સો યાદ રાખવા લાયક છે) જ્યારે કે સાંજના સમયે તેમની રૂબરૂ સારા (અને) ઉમદા ઘોડાઓ (જે જિહાદ વગેરે હેતુ માટે રાખવામાં આવતા હતા) રજૂ કરવામાં આવ્યા (અને તેની પાછળ એટલું મોડું થઈ ગયું કે સૂર્ય અથમાઈ ગયો અને કોઈ અમલ નમાઝ વગેરે પ્રકારનો છૂટી ગયો પરંતુ તેમના દબદબા અને પ્રભાવના કારણે કોઈ સેવકની હિંમત ન થઈ કે તે તેમને ખબર આપીને ચેતવી આપે, પછી જ્યારે પોતે જ આ બાબત યાદ આવી) તો કહેવા લાગ્યા કે (અફસોસ !) હું આ માલની મહોબ્બત માટે (લાગીને) પોતાના પરવરદિગારની યાદથી (એટલે કે નમાઝથી) ગાફેલ થઈ ગયો એટલે સુધી કે સૂર્ય પડદા (પશ્ચિમ)માં સંતાઈ ગયો (પછી સેવકોને હુકમ આપ્યો કે) તે ઘોડાઓને જરા ફરી મારી સામે લાવો (એટલા માટે તેમને લાવવામાં આવ્યા) બસ તેમણે તે (ઘોડાઓ)ની પીંડીઓ અને ગરદનો ઉપર (તલવારથી) હાથ સાફ કરવાનું શરૂ કર્યું (એટલે કે તેમને ઝબહ કરી નાંખ્યા).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં હઝરત સુલયમાન (અલૈ.)ના એક કિસ્સાનું વર્ણન કરવામાં આવ્યું છે તે ઘટનાની પ્રખ્યાત તફસીર તે જ છે જે ઉપર તફસીરના ખુલાસામાં વર્ણન કરવામાં આવી છે જેનો ખુલાસો એ છે કે હઝરત સુલયમાન

(અલૈ.) ઘોડાઓના નિરીક્ષણમાં એવા પ્રવૃત્ત થઈ ગયા કે અસ્રનો સમય કે જે નમાઝ પઢવાનો નિત્યક્રમ હતો તે છૂટી ગયો, પાછળથી ખ્યાલ આવતા સુલયમાન (અલૈ.)એ તે બધા ઘોડાઓને ઝબહ કરી નાંખ્યા કે તેમના કારણે અલ્લાહ તઆલાની યાદને ખલેલ પડી હતી.

આ નમાઝ નફલ નમાઝ પણ હોઈ શકે છે અને આ સ્વરૂપમાં કોઈ શંકા નથી, કારણ કે અંબિયા (અલૈ.) નાની સરખી બેદરકારીને પણ ભરપાઈ કરવાનો પ્રયત્ન કરે છે અને એવું પણ બની શકે છે કે ફરજ નમાઝ હોય અને ઘોડાઓના નિરીક્ષણમાં ભૂલી ગયા હોય, ભૂલી જવાના સ્વરૂપમાં ફરજ નમાઝ કઝા થઈ જવાથી ગુનોહ થતો નથી પરંતુ હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાના ઉચ્ચ હોદ્દાના કારણે તેની પણ નોંધ લીધી.

આ આયતની આ તફસીર અનેક તફસીરના ઈમામો દ્વારા નકલ થઈ છે, હાફિઝ ઈબ્ને કષીર (રહ.) જેવા સંશોધનકર્તા આલિમે પણ તેને જ અગ્રિમતા આપી છે અને તેનું સમર્થન એક મરફૂઅ્ હદીષથી પણ થાય છે જે અલ્લામહ સુયૂતિ (રહ.)એ મુઅજિમ તબરાની (રહ.), ઈસ્માઈલી (રહ.) અને મરદૂયા (રહ.)ના હવાલાથી નકલ કરી છે.

عَنْ اُبَیِّ بْنِ کَعْبٍؓ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ فِیْ قَوْلِہٖ فَطَفِقَ مَسْحًا بِالسُّوْقِ
وَالْاَعْنَاقِ قَالَ قَطَعَ سُوْقَهَا وَاَعْنَاقَهَا بِالسَّیْفِ

"ઉબય ઈબ્ને કઅ્બ (રદિ.) દ્વારા નકલ થયું છે કે રસૂલે કરીમ ﷺએ અલ્લાહના શબ્દ વિશે ફરમાવ્યું, (અને તેમણે પીંડીઓ અને ગરદનો ઉપર પોતાના હાથ ફેરવવાનું શરૂ કર્યું) તેમણે કહ્યું, તેમના પગો અને ગળાઓને તલવારથી કાપી નાંખો."

અલ્લામહ સુયૂતિ (રહ.)એ તેની સનદને "હસન" ઠરાવી છે. (દૂર્રે મન્સૂર પેજ : ૩૦૯, જિલ્દ : ૫) અલ્લામહ હાશિમી (રહ.)એ મજ્મઉઝ્ઝવાઈદમાં આ હદીષ નકલ કરીને લખ્યું છે,

"તેને તબરાનીએ અવસતમાં રિવાયત કરી છે, તેમાં એક રાવી સઈદ ઈબ્ને બશીર છે જેમને શુઅ્બા વગેરેએ "ષિક્કા" (ભરોસાપાત્ર) કહ્યા છે અને ઈબ્ને

મુઈન (રહ.) વગેરેએ જઈફ ઠરાવ્યા છે અને તેના બાકી રાવીઓ "ષિકકા" છે." *(મજ્મઉઝ્ઝવાઈદ, પેજ : ૯૯, જિલ્દ : ૭, કિતાબુત્તફસીર)*

આ મરફૂઅ્ હદીષના કારણે આ તફસીર વધારે મજબૂત થઈ જાય છે પરંતુ એ બાબતે ઘણી શંકા થાય છે કે ઘોડાઓ અલ્લાહે અર્પણ કરેલ એક ઈનામ હતું અને પોતાના માલને આ રીતે બરબાદ કરી દેવો એક નબીના માન મરતબાને છાજે એવું જણાતું નથી પરંતુ તફસીરકારોએ તેનો એ જવાબ આપ્યો છે કે આ ઘોડા હઝરત સુલયમાન (અલૈ.)ની પોતાની જ માલિકીના હતા અને તેમની શરીઅતમાં ગાય, બકરી, ઊંટ અને ઘોડાઓની કુરબાની જાઈઝ હતી એટલા માટે તેમણે ઘોડાઓને બરબાદ નથી કર્યા બલકે તેમને અલ્લાહ તઆલાના નામ ઉપર કુરબાન કરી દીધા જે રીતે ગાય, બકરી વગેરેની કુરબાનીથી તેમને બરબાદ કરવું જરૂરી નથી બનતું બલકે તે ઈબાદતનો જ એક ભાગ છે એ જ પ્રમાણે અહીંયાં પણ ઈબાદત સ્વરૂપે જ તેમની કુરબાની રજુ કરવામાં આવી. *(રૂહુલ મઆની)*

ઘણા તફસીરકારોએ આયતની આ જ તફસીર કરી છે પરંતુ આ આયતોની એક અન્ય તફસીર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ નકલ થઈ છે જેમાં ઘટના બિલકુલ વિપરીત સ્વરૂપે વર્ણન કરવામાં આવી છે, તે તફસીરનો ખુલાસો એ છે કે હઝરત સુલયમાન (અલૈ.)ની સામે તે ઘોડાઓને નિરીક્ષણ માટે રજુ કરવામાં આવ્યા જે જિહાદ માટે તૈયાર કરવામાં આવ્યા હતા, હઝરત સુલયમાન (અલૈ.) તેમને જોઈને પ્રસન્ન થઈ ગયા અને સાથે જ એવું કહ્યું કે મને આ ઘોડાઓ સાથે જે પ્રેમ અને સંબંધ છે તે દુનિયાની મહોબ્બતના કારણે નથી, બલકે પોતાના પરવરદિગારની યાદના કારણે જ છે કારણ કે આ ઘોડાઓ જિહાદ માટે તૈયાર કરવામાં આવ્યા છે અને જિહાદ એક ઉચ્ચ કક્ષાની ઈબાદત છે એટલામાં ઘોડાઓનું તે ટોળું તેમની દષ્ટિથી દૂર થઈ ગયું, તેમણે હુકમ આપ્યો કે તેમને ફરીવાર મારી સામે લાવવામાં આવે એટલા માટે જ્યારે તે ઘોડાઓ તેમની સામે ફરીવાર લાવવામાં આવ્યા તો તેમણે તેમની ગરદનો અને પીંડીઓ ઉપર પ્યારથી હાથ ફેરવવા લાગ્યા.

આ તફસીર પ્રમાણે عَنْ ذِكْرِ رَبِّى માં تَوَارَتْ અને تَوَارَتْ (તવારત)ની ઝમીર (સર્વનામ) ઘોડાઓ તરફ ઘરેલ છે તથા مَسْحٌ (મસ્હૂન)નો ભાવાર્થ "કાપવું" થતો નથી બલકે પ્યારથી હાથ ફેરવવાનો થાય છે.

જૂના તફસીરકારોમાં હાફિઝ ઈબ્ને જરીર (રહ.), તબરી (રહ.) તથા ઈમામ રાઝી (રહ.) વગેરેએ આ જ તફસીરને અગ્રિમતા આપી છે કારણ કે તેનાથી માલ બરબાદ કરવાની શંકા થતી નથી.

કુર્આને કરીમના શબ્દોના આધારે બંને તફસીરોની સંભાવના છે પરંતુ પ્રથમ તફસીરની તરફેણમાં કારણ કે એક મરફૂઅ્ હદીષ આવી ગઈ છે જે સનદના આધારે હસન છે એટલા માટે તેની મજબૂતી વધી જાય છે.

સૂર્યનો પાછા ફરવાનો કિસ્સો :

અમુક લોકોએ પ્રથમ તફસીરને અપનાવીને એવું પણ કહ્યું છે કે અસ્રની નમાઝ કઝા થઈ ગયા પછી હઝરત સુલયમાન (અલૈ.)એ અલ્લાહ તઆલાને અથવા ફરિશ્તાઓને એવી દરખાસ્ત કરી કે સૂર્યને ફરીવાર પાછો લાવવામાં આવે એટલા માટે સૂર્યને પાછો લાવવામાં આવ્યો અને તેમણે પોતાનો અમલ પૂરો કરી લીધો, ત્યાર પછી સૂરજ પાછો આથમી ગયો. આ લોકો رُدُّوْهَا (રૂદ્દુહા)ની ઝમીરને સૂરજ તરફ ઢળેલી માને છે.

પરંતુ સંશોધનકાર તફસીરકારો દાખલા તરીકે અલ્લામહ આલૂષી (રહ.) વગેરેએ આ કિસ્સાને રદ કર્યો છે અને કહ્યું છે કે رُدُّوْهَا (રૂદુહા)ની ઝમીર ઘોડાઓ તરફ ઢળેલી નથી અને ન જ સૂર્ય તરફ; એટલા માટે નહીં કે નઊઝુબિલ્લાહ સૂર્યને પાછા વાળવું અલ્લાહ તઆલાના કાબૂમાં નથી, બલકે એટલા માટે કે આ કિસ્સો કુર્આન અને હદીષની કોઈ દલીલથી સાબિત નથી.

(રૂહુલ મઆની)

અલ્લાહની યાદમાં ગફલત થાય તો પોતાના ઉપર સજા નક્કી કરવી ગયરત (સ્વાભિમાન)નો તકાદો છે :

આ ઘટનાથી એ વાત સાબિત થાય છે કે જો કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાની યાદથી બેદરકાર થઈ જાય તો પોતાની મહેચ્છાઓને સજા આપવા માટે તેને કોઈ મુબાહ પ્રવૃત્તિથી વંચિત કરી દેવી જાઈઝ છે, સૂફીઓની પરિભાષામાં તેને "ગયરત" કહેવામાં આવે છે. *(બયાનુલ કુર્આન)*

કોઈ નેકીની આદત પાડવા માટે પોતાના નફ્સ ઉપર આવી શિક્ષાઓ નક્કી કરવી નફ્સની સુધારણાનો એક નુસખો છે અને આ ઘટનાથી તેના જાઈઝ

હોવાની બલકે મુસ્તહબ હોવાની જાણ થાય છે, સરકારે દો આલમ ﷺથી પણ રિવાયત છે કે એક વખતે હઝરત અબૂ જહીમ (રદિ.)એ એક સિરીયાઈ ચાદર ભેટ સ્વરૂપે રજુ કરી જેના ઉપર અમુક ભાતચિત્રો બનેલા હતા, રસૂલે કરીમ ﷺએ આ ચાદરમાં નમાઝ પઢી અને પાછા આવીને હઝરત આયશા સિદીકા (રદિ.)ને કહ્યું કે, આ ચાદર અબૂ જહીમ (રદિ.)ને પાછી આપી દો. કારણ કે, નમાઝમાં મારી નજર તેના ભાતકામ ઉપર પડી ગઈ, તો નિકટ હતું કે આ ભાતકામ મને ફિત્નામાં નાંખી દે. *(અહકામુલ કુર્આન, મુઅત્તા ઈમામ માલિક રહ.ના હવાલાથી)*

આ જ પ્રમાણે હઝરત અબૂતલ્હા (રદિ.) એક વખતે પોતાના બગીચામાં નમાઝ પઢતાં પઢતાં એક પક્ષીને જોવામાં મશગૂલ થઈ ગયા જેનાથી નમાઝ તરફ ધ્યાન ન રહ્યું તો પાછળથી તેમણે આખો બગીચો સદકહ કરી દીધો.

પરંતુ એ યાદ રાખવું જોઈએ કે હેતુ માત્ર એવી સજા જ હોવી જોઈએ જે સ્વખુદ જાઇઝ હોય, કોઈ માલને વિના કારણે બરબાદ કરી દેવો જાઇઝ નથી એટલા માટે એવું કોઈ કામ યોગ્ય નથી જેનાથી માલ બરબાદ કરવું જરૂરી બની જતું હોય, સુફીઓમાંથી હઝરત સિબલી (રહ.)એ એક વખતે આવી જ સજા સ્વરૂપે પોતાના કપડાં સળગાવી દીધા હતા પરંતુ સંશોધનકર્તા સુફીઓ દાખલા તરીકે શૈખ અબ્દુલ વહાબ શુઅ્રાની (રહ.)એ આ અમલને સાચો ઠરાવ્યો નથી.

(રૂહુલ મઆની)

શાસકે પોતે રાજ્યોની દેખરેખ રાખવી જોઈએ :

આ ઘટનાથી બીજી વાત એ જાહેર થઈ કે રાજ્યશાસનના જવાબદાર ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ પોતાના તા'બા હેઠળના વિભાગો ઉપર પોતે દેખરેખ રાખવી જોઈએ અને તેમણે પોતાને આધીન કર્મચારીઓ ઉપર જવાબદારી સોંપીને ફારેગ ન થઈ જવું જોઈએ. આ જ કારણ છે કે હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાના સેવકો મોટા પ્રમાણમાં હોવા છતાં સ્વજાતે ઘોડાઓનું નિરીક્ષણ કર્યું. ખુલફાએ રાશિદીન (રદિ.) અને ખાસ હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ની પ્રવૃત્તિથી પણ આવું જ સાબિત થાય છે.

એક ઇબાદતના સમયે બીજી ઇબાદતમાં પ્રવૃત્ત થવું ભૂલ છે :

ત્રીજી વાત આ ઘટનાથી એ સાબિત થાય છે કે એક નિશ્ચિત ઈબાદતના સમયને કોઈ બીજી ઈબાદતમાં ખર્ચ કરવો ન જોઈએ. દેખીતું છે કે જિહાદના

ઘોડાઓનું નિરીક્ષણ એક મહાન ઈબાદત હતી પરંતુ કારણ કે તે સમય આ ઈબાદતના બદલે નમાઝનો હતો એટલા માટે હઝરત સુલયમાન (અલૈ.)એ તેને પણ ભૂલમાં ગણી લીધું અને તેને સુધારી, આથી આપણા ફુકૂહાએ લખ્યું છે કે જુમ્આની અઝાન પછી જે રીતે ખરીદ વેચાણમાં પ્રવૃત્ત થવું જાઇઝ નથી એ જ પ્રમાણે જુમ્આની નમાઝની તૈયારી સિવાય કોઈ અન્ય કામમાં પ્રવૃત્ત થવું પણ દુરુસ્ત નથી, ભલે તે કુર્આનની તિલાવત અથવા નફલ પઢવાની ઈબાદત જ કેમ ન હોય.

આયત : (સૂરએ સૉદ : આયત નં. ૩૪)

وَلَقَدْ فَتَنَّا سُلَيْمٰنَ وَاَلْقَيْنَا عَلٰى كُرْسِيِّهٖ جَسَدًا ثُمَّ اَنَابَ ﴿٣٤﴾

તરજુમો :

અને અમે સુલયમાન (અલૈ.)ને અજમાવ્યા અને તેમના તખ્ત ઉપર એક ધડ નાંખી દીધું પછી તેઓ રુજૂઅ્ થયા. (૩૪)

તફસીર :

અને અમે સુલયમાન (અલૈ.)ને (એક અન્ય રીતે પણ) અજમાવ્યા અને અમે તેમના તખ્ત ઉપર એક ધડ લાવી નાંખ્યું, પછી તેઓ (અલ્લાહ તરફ) રુજૂઅ્ થયા.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત સુલયમાન (અલૈ.)ની એક અન્ય આજમાયશનું વર્ણન કર્યું છે અને આ ક્રમમાં માત્ર એટલું વર્ણન કરવામાં આવ્યું છે કે આ કસોટી દરમિયાન કોઈ ધડ હઝરત સુલયમાન (અલૈ.)ના તખ્ત ઉપર નાંખવામાં આવ્યું હતું, હવે તે ધડ શું હતું ? તેને તખ્ત ઉપર નાંખવાનો શું મતલબ છે અને તેનાથી આજમાયશ કેવી રીતે થઈ ? આ વિગતો ન તો કુર્આનમાં ઉપસ્થિત છે અને ન જ કોઈ સહીહ હદીષથી સાબિત છે એટલા માટે અમુક સંશોધક તફસીરકારોએ દાખલા તરીકે હાફિઝ ઈબ્ને કષીર (રહ.)નું વલણ અહીંયાં પણ એ રીતે જણાય છે કે કુર્આને કરીમ જે વાતને મોઘમ છોડી દે છે તેની

વિગતોમાં પડવાની કોઈ આવશ્યકતા નથી, બસ એટલી વાત ઉપર ઈમાન રાખવું જોઈએ કે અલ્લાહ તઆલાએ હઝરત સુલયમાન (અલૈ.)ની કોઈ પ્રકારની આજમાયશ કરી હતી જેના પછી હઝરત સુલયમાન (અલૈ.) અલ્લાહ તરફ પહેલાંથી વધારે રજુ થયા અને કુર્આને કરીમનો અસલ હેતુ આટલું જ વર્ણન કરવાથી પૂર્ણ થઈ જાય છે.

અમુક તફસીરકારોએ આજમાયશની વિગતોની ભાળ મેળવવા માટેનો પ્રયત્ન કર્યો છે અને આ ક્રમમાં અનેક સંભાવનાઓ વર્ણન કરી છે, તેમાંથી અમુક સંભાવનાઓ તો સંપૂર્ણ ઈસ્રાઈલી રિવાયતોમાંથી લેવામાં આવી છે, દાખલા તરીકે હઝરત સુલયમાન (અલૈ.)ની હુકૂમતનું રહસ્ય તેમની વીંટીમાં હતું, એક દિવસે એક શયતાને આ વીંટીને કબ્જામાં કરી લીધી અને તેના કારણે તે હઝરત સુલયમાન (અલૈ.)ના તખ્ત ઉપર તેમની જ શકલમાં શાસક બની બેઠો, ચાલીસ દિવસ પછી હઝરત સુલયમાન (અલૈ.)ને તે વીંટી એક માછલીના પેટમાંથી ફરીવાર મળી, ત્યાર પછી તેમણે ફરીવાર હુકૂમત ઉપર કબ્જો કર્યો. આ રિવાયત અનેક વધારાના કિસ્સાઓ સાથે કેટલીય તફસીરની કિતાબોમાં આવી છે પરંતુ હાફિઝ ઈબ્ને કષીર (રહ.) આ પ્રકારની બધી જ રિવાયતોને ઈસ્રાઈલિયાતમાં ગણીને પછી લખે છે,

"અહલે કિતાબમાં એક જૂથ એવું છે જે હઝરત સુલયમાન (અલૈ.)ને નબી નથી માનતી, બસ દેખીતું એ છે કે આ જૂઠા કિસ્સાઓ તે લોકોના જ ઘડી કાઢેલા છે." *(તફસીરે ઈબ્ને કષીર, પેજ : ૨૬, જિલ્દ : ૪)*

એટલા માટે આ પ્રકારની રિવાયતોને આ કુર્આની આયતોની તફસીર કહેવી કોઈ રીતે સાચું નથી.

હઝરત સુલયમાન (અલૈ.)ની એક અન્ય ઘટના સહીહ બુખારી (રહ.) વગેરેમાં ઉપસ્થિત છે, અમુક તફસીરકારોએ આ ઘટનાના અમુક વિભાગોને કુર્આને કરીમની આ આયત સાથે સમાનતા હોવાનું જોઈને આ આયતની તફસીર ઠરાવી દીધી. આ ઘટનાનો ખુલાસો એ છે કે એક વખતે હઝરત સુલયમાન (અલૈ.)એ એવો વિચાર જાહેર કર્યો કે આજે રાત્રે પત્નીઓ પાસે જશે અને તેમનામાંથી દરેક પત્નીને એક પુત્ર પેદા થશે જે અલ્લાહ તઆલાના માર્ગમાં

જિહાદ કરશે, આ વિચાર જાહેર કરવાના સમયે આપ (અલૈ.) ઈન્શાઅલ્લાહ કહેવાનું ભૂલી ગયા. અલ્લાહ તઆલાને પોતાના જલીલુલ્ કદ્ર (મહાન) પયગમ્બરની આ રીત પસંદ ન આવી અને તેણે આપ (અલૈ.)ના દા'વાને એ રીતે ગલત સાબિત કર્યો કે બધી જ પત્નીઓમાંથી માત્ર એક પત્નીએ મૃત બાળકને જન્મ આપ્યો જે અધૂરું અવિકસિત હતું.

અમુક તફસીરકારોએ આ ઘટનાનો આ આયત સાથે સંબંધ જોડીને એવું કહ્યું કે તખ્ત ઉપર ધડને લાવીને નાંખવાનો ભાવાર્થ એ છે કે હઝરત સુલયમાન (અલૈ.)ના કોઈ સેવકે આ બાળક આપના તખ્ત ઉપર લાવીને રાખી દીધું, હઝરત સુલયમાન (અલૈ.) એ બાબતે ચેતી ગયા કે આ મારું "ઈન્શાઅલ્લાહ" ન કહેવાનું પરિણામ છે એટલા માટે તેઓ અલ્લાહ તઆલા તરફ રજુ થયા અને પોતાની આ રીતભાતની મા'ફી માંગી.

આ તફસીરને અનેક સંશોધક તફસીરકારોએ દાખલા તરીકે કાઝી અબૂસ્સઊદ (રહ.) અને અલ્લામહ આલૂસી (રહ.) વગેરેએ અપનાવી છે, હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં પણ એ જ પ્રમાણે તફસીર કરી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે આ ઘટનાને પણ આ આયતની નિશ્ચિત તફસીર કહી શકાતી નથી એટલા માટે કે આ ઘટના જેટલી રિવાયતોમાં આવી છે તેમનામાં ક્યાંય એ વાતની કોઈ નિશાની નથી કે રસૂલે કરીમ ﷺએ તેને આ આયતની તફસીરમાં વર્ણન કરી હોય, ઈમામ બુખારી (રહ.)એ પણ આ હદીષને કિતાબુલ જિહાદ, કિતાબુલ અંબિયા અને કિતાબુલ ઈમાન વન્નુઝૂર વગેરેમાં તો વિવિધ પદ્ધતિઓથી નકલ કરી છે પરંતુ કિતાબુત્તફસીરમાં સૂરએ સૉદની તફસીર હેઠળ તેને ક્યાંય વર્ણન કરી નથી, બલકે આયત ...وَهَبْ لِيْ مُلْكًا હેઠળ એક બીજી રિવાયત નકલ કરી છે અને આ હદીષનો કોઈ હવાલો સુદ્ધાં નથી આપ્યો, આથી જાણ થાય છે કે ઈમામ બુખારી (રહ.) સમીપ પણ આ ઘટના આ આયતની તફસીર નથી, બલકે જે રીતે અંબિયા (અલૈ.)ની બીજી અનેક ઘટનાઓ રસૂલે કરીમ ﷺએ વર્ણન કરી છે એ જ પ્રમાણે તે પણ એક અલગ ઘટના છે જેનું કોઈ આયતની તફસીર હોવું જરૂરી નથી.

એક ત્રીજી તફસીર ઈમામ રાઝી (રહ.) વગેરેએ વર્ણન કરી છે અને તે એ

કે હઝરત સુલયમાન (અલૈ.) એક વખતે સખત બીમાર થઈ ગયા અને તેના કારણે એટલી બધી અશક્તિ વધી ગઈ હતી કે જયારે તખ્ત ઉપર લાવીને બેસાડવામાં આવ્યા તો એક નિર્જીવ શરીર જણાતું હતું ત્યારબાદ અલ્લાહ તઆલાએ તેમને તંદુરસ્તી અર્પણ કરી, તે સમયે તેમણે અલ્લાહ તઆલા તરફ રુજૂઅ્ કરીને શુક્રિય્યહ પણ અદા કર્યો અને મા'ફી પણ માંગી અને હવે પછીના સમય માટે અજોડ હુકૂમત કરવાની દુઆ પણ કરી.

પરંતુ આ તફસીર પણ માત્ર કયાસ (અનુમાન) આધારિત છે, કુર્આને કરીમના શબ્દોથી પણ વધારે સંબંધ અને જોડ ધરાવતી નથી અને કોઈ રિવાયતથી પણ તેની સાબિતી મળતી નથી.

હકીકત એ છે કે પ્રસ્તુત આયતમાં જે ઘટના તરફ ઈશારો કરવામાં આવ્યો છે તેની ચોક્કસ વિગતો જાણવાનું આપણી પાસે કોઈ ચોક્કસ માધ્યમ નથી અને ન જ આપણે તેના જવાબદાર છીએ એટલા માટે એટલી વાત ઉપર ઈમાન રાખવું પૂરતું છે કે અલ્લાહ તઆલાએ હઝરત સુલયમાન (અલૈ.)ની કોઈ આજમાયશ કરી હતી ત્યારબાદ તેમનામાં અલ્લાહ તઆલાની નિકટતાની ભાવના તેના કરતાં વધારે ઉત્પન્ન થઈ અને આ ઘટના વર્ણન કરીને કુર્આને કરીમનો મૂળ હેતુ સમગ્ર માનવજાતને એ વાતનું આમંત્રણ આપવાનો છે કે તેઓ કોઈ મુસીબત અથવા કસોટીમાં સપડાઈ જાય તો તેમણે હઝરત સુલયમાન (અલૈ.)ની જેમ પ્રથમ તો અલ્લાહ તઆલા તરફ વધારે રુજૂઅ્ થવું જોઈએ, બાકી રહી સુલયમાન (અલૈ.)ની આજમાયશની વિગતો બસ તેને અલ્લાહ તઆલાના હવાલે કરી દેવી જોઈએ. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૩૫ થી ૪૦)

قَالَ رَبِّ اغْفِرْ لِي وَهَبْ لِي مُلْكًا لَّا يَنْبَغِي لِأَحَدٍ مِّنْ بَعْدِي ۚ إِنَّكَ أَنْتَ
الْوَهَّابُ ﴿٣٥﴾ فَسَخَّرْنَا لَهُ الرِّيحَ تَجْرِي بِأَمْرِهِ رُخَاءً حَيْثُ أَصَابَ ﴿٣٦﴾
وَالشَّيَاطِينَ كُلَّ بَنَّاءٍ وَغَوَّاصٍ ﴿٣٧﴾ وَآخَرِينَ مُقَرَّنِينَ فِي الْأَصْفَادِ ﴿٣٨﴾ هَٰذَا عَطَاؤُنَا
فَامْنُنْ أَوْ أَمْسِكْ بِغَيْرِ حِسَابٍ ﴿٣٩﴾ وَإِنَّ لَهُ عِنْدَنَا لَزُلْفَىٰ وَحُسْنَ مَآبٍ ﴿٤٠﴾

તરજુમો :

કહ્યું, હે મારા પરવરદિગાર ! મને મા'ફ કર અને મને તે બાદશાહી બખ્શી આપ કે મારા પછી કોઈના માટે ઘટિત ન હોય, બેશક તું સર્વકાંઈ બખ્શનારો છે. (૩૫) પછી અમે હવાને તેમના તા'બે કરી દીધી, તેમના હુકમથી જ્યાં પહોંચવા ઈચ્છતા ધીમે ધીમે ચાલતી હતી. (૩૬) અને બધા ઈમારતો બનાવનાર અને ડૂબકીઓ લગાવનાર શયતાનો (તેમના) તા'બે કર્યા. (૩૭) અને ઘણા અન્ય જે એકબીજા સાથે બેડીઓમાં જકડાયેલા હતા. (૩૮) આ છે અમારી બખ્શીશ, હવે તમે અહેસાન કરો અથવા છોડી રાખો કંઈ હિસાબ થશે નહીં. (૩૯) અને તેમનો અમારા ત્યાં મરતબો છે અને સારું ઠેકાણું.(૪૦)

તફસીર :

(હઝરત સુલયમાન અલૈ.એ અલ્લાહ તઆલા પાસે) દુઆ માંગી, હે મારા પરવરદિગાર ! મારી (પાછલી) ભૂલો મા'ફ કર અને (હવે પછી માટે) મને એવી સલતનત આપ કે મારા સિવાય (મારા સમયમાં) કોઈને પ્રાપ્ત ન થાય (ભલે કોઈ ગયૂબી સામાન અર્પણ કરી આપો અથવા તો પ્રવર્તમાન સમયના રાજાઓને એવા જ દબાવી દો જેથી મુકાબલો જ ન કરી શકે અને) તું ઘણું આપનારો છે (તારા માટે આ દુઆ કબૂલ કરી લેવી કોઈ મુશ્કેલ નથી) બસ, (અમે તેમની દુઆ કબૂલ કરી અને તેમની ભૂલ પણ મા'ફ કરી દીધી અને વળી) અમે હવાને તેમના તા'બે કરી દીધી કે તે તેમના હુકમથી જ્યાં તેઓ (જવા) ઈચ્છતા નરમીથી ચાલતી (કે તેમને ઘોડાઓની આવશ્યકતા જ ન રહી) અને જિન્નાતોને પણ જેઓ સાંકળોમાં જકડાયેલા રહેતા હતા (લગભગ જેઓ સેવા કરવાનો ઈન્કાર કરતા હતા અથવા તેમાં ઉણપ રાખતા હતા અને તેમને કેદની સજા થતી હશે અને અમે આ સામાન આપીને કહ્યું કે) આ અમારી ભેટ છે, બસ ભલે (કોઈને) આપું અથવા ન આપું તમને કોઈ હિસાબ નથી (એટલે કે જેટલો સામાન અમે તમને આપ્યો છે તેમાં તમને અન્ય બાદશાહો જેમ માત્ર વ્યવસ્થાપક અને દેખરેખ રાખનાર નથી બનાવ્યા બલકે તમને માલિક પણ બનાવી લીધા છે) અને (આ સામાન ઉપરાંત જે દુનિયામાં તેમને અર્પણ થયો હતો) તેમના માટે

અમારા ત્યાં (ખાસ) નિકટતા અને (ઉચ્ચ કક્ષાનું) નેક પરિણામ છે (જેનું ફળ સંપૂર્ણ રીતે આખિરતમાં જાહેર થશે).

મસ્અલા અને બોધપાઠ :

هَبۡ لِیۡ مُلۡكًا لَّا یَنۡۢبَغِیۡ لِاَحَدٍ مِّنۡۢ بَعۡدِیۡ (મને એવી સલતનત આપ કે મારા પછી કોઈને પ્રાપ્ત ન થાય) આ દુઆનો ભાવાર્થ અમુક તફસીરકારોએ એ બતાવ્યો છે કે મારા સમયકાળમાં મારા જેવી સલતનત કોઈ અન્યને પ્રાપ્ત ન થાય, જેમકે તેમના મતે "મારા પછી"નો ભાવાર્થ "મારા સિવાય" છે. હઝરત થાનવી (રહ.)એ પણ આ જ પ્રમાણે તરજુમો કર્યો છે પરંતુ ઘણા તફસીરકારોના મતે દુઆનો ભાવાર્થ એ છે કે મારા પછી પણ કોઈને આવી મહાન સત્તા પ્રાપ્ત ન થાય, એટલા માટે ઘટના પણ એ જ છે કે અલ્લાહ તઆલાએ હઝરત સુલયમાન (અલૈ.)ને એવી રાજ્યસત્તા અર્પણ કરી તેના જેવી પાછળથી કોઈને નસીબ ન થઈ શકી, કારણ કે હવાઓનું તેમના તા'બે કરવું અને જિન્નાતોનું તા'બે કરવું તેમના પછી કોઈને પ્રાપ્ત થઈ શક્યું નથી. અમુક લોકો અમલો વગેરે દ્વારા અમુક જિન્નાતોને તા'બે કરી લે છે આ બાબત તેનાથી વિરોધી નથી, કારણ કે હઝરત સુલયમાન (અલૈ.)ના જિન્નાતો ઉપરના કાબૂને તેની સાથે કોઈ સંબંધ નથી, અમલ કરનાર નિષ્ણાતો એક બે અથવા અમુક જિન્નાતોને તા'બે કરી લે છે પરંતુ જે રીતે પૃથ્વી ઉપર સર્વત્ર છવાયેલ મહાન સત્તા હઝરત સુલયમાન (અલૈ.)ને પ્રાપ્ત થઈ હતી તેવી કોઈ અન્યને પ્રાપ્ત નથી થઈ.

હુકૂમત અને સત્તા પ્રાપ્ત કરવાની દુઆ :

અત્રે એ વાત પણ યાદ રાખવી જોઈએ કે અંબિયા (અલૈ.)ની કોઈ દુઆ અલ્લાહ તઆલાની પરવાનગી વિના નથી હોતી, હઝરત સુલયમાન (અલૈ.)એ આ દુઆ પણ અલ્લાહ તઆલાની પરવાનગીથી જ માંગી હતી, કારણ કે તેનો હેતુ માત્ર સત્તા પ્રાપ્ત કરવાનો ન હતો બલકે તેની પાછળ અલ્લાહ તઆલાના હુકમોને લાગુ પાડવાની અને સત્યના કલિમાને સરબુલંદ કરવાની ભાવના છુપાઈ હતી અને અલ્લાહ તબારક વ તઆલાને ખબર હતી કે હુકૂમત મળ્યા પછી હઝરત સુલયમાન (અલૈ.) આ જ ઉચ્ચ હેતુ માટે કામ કરશે અને હોદ્દાની મહોબ્બતની લાગણી તેમના દિલમાં સ્થાન પામશે નહીં એટલા માટે તેમને આ

દુઆ માંગવાની પણ પરવાનગી આપવામાં આવી અને તેને કબૂલ પણ કરી લેવામાં આવી પરંતુ સામાન્ય લોકો માટે પોતે સત્તા પ્રાપ્ત કરવાની હદીષમાં એટલા માટે મનાઈ કરવામાં આવી છે કે તેમાં હોદ્દા અને માલની મહોબ્બતની લાગણીઓ સામેલ થઈ જાય છે એટલા માટે જ્યાં માનવીને આ પ્રકારની નફ્સાની (મહેચ્છાયુક્ત) લાગણીઓથી ખાલી હોવાનો વિશ્વાસ હોય અને તે હકીકતમાં ઉચ્ચ સત્યના કલિમાની સ્થાપના સિવાય કોઈ અન્ય હેતુથી સત્તા પ્રાપ્ત ન કરવા ઈચ્છતો હોય તો તેના માટે હુકૂમતની દુઆ માંગવી જાઇઝ છે.

(રૂહુલ મઆની વગેરે)

مُقَرَّنِيْنَ فِى الْاَصْفَادِ (સાંકળોમાં જકડાયેલા) જિન્નાતને તા'બે કરવું અને જે સેવાઓ તેઓ આપતા હતા તેની વિગત સૂરએ સબામાં આવી ચૂકી છે, અત્રે એ બતાવવામાં આવે છે કે બળવાખોર (તોફાની) જિન્નાતોને હઝરત સુલયમાન (અલૈ.)એ સાંકળોમાં જકડેલા હતા, હવે આ સાંકળો માટે એવું જરૂરી નથી કે તે આ જ દેખાતી આંખોથી જોઈ શકાતી લોખંડની સાંકળો હોય, બની શકે છે કે જિન્નાતને જકડવા માટે કોઈ અન્ય પદ્ધતિ અપનાવવામાં આવી હોય જેને સરળતાથી સમજાવવા માટે અહીંયાં સાંકળોથી ઓળખાવવામાં આવ્યું છે.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૪૧ થી ૪૪)

وَاذْكُرْ عَبْدَنَآ اَيُّوْبَ ۘ اِذْ نَادٰى رَبَّهٗٓ اَنِّىْ مَسَّنِىَ الشَّيْطٰنُ بِنُصْبٍ وَّعَذَابٍ ﴿٤١﴾
اُرْكُضْ بِرِجْلِكَ ۚ هٰذَا مُغْتَسَلٌۢ بَارِدٌ وَّشَرَابٌ ﴿٤٢﴾ وَوَهَبْنَا لَهٗٓ اَهْلَهٗ وَمِثْلَهُمْ
مَّعَهُمْ رَحْمَةً مِّنَّا وَذِكْرٰى لِاُولِى الْاَلْبَابِ ﴿٤٣﴾ وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ
بِّهٖ وَلَا تَحْنَثْ ؕ اِنَّا وَجَدْنٰهُ صَابِرًا ؕ نِعْمَ الْعَبْدُ ؕ اِنَّهٗٓ اَوَّابٌ ﴿٤٤﴾

તરજુમો :

અને અમારા બંદા ઐયૂબને યાદ કરો જ્યારે તેમણે પોતાના પરવરદિગારને પોકાર્યો કે મને શયતાને પીડા અને તકલીફ પહોંચાડી દીધી છે. (૪૧) (અમે હુકમ કર્યો) પોતાના પગથી લાત મારો, આ ઠંડુ ઝરણું નીકળ્યું સ્નાન કરવા

માટે અને પીવા માટે. (૪૨) અને અમે તેમને તેમના ઘરવાળા તથા તેમની સાથે તેમના જેવાઓ પોતાની પાસેની મહેરબાનીથી આપ્યા અને બુદ્ધિશાળીઓના યાદ રાખવા માટે. (૪૩) અને પોતાના હાથમાં સળીઓનો ઝૂડો પકડો પછી તેનાથી મારો અને પોતાની કસમ જૂઠી ન થાય, અમે તેમને સબ્ર કરનારા પામ્યા, ઘણા ભલા બંદા છે, બેશક ! તે રુજૂઅ્ થનારા છે.(૪૪)

તફસીર :

અને તમે અમારા બંદા ઐયૂબ (અલૈ.)ને યાદ કરો જ્યારે કે તેમણે પોતાના પરવરદિગારને પોકાર્યા કે શયતાને મને રંજ અને તકલીફ પહોંચાડી છે (અને આ રંજ અને તકલીફ અમુક તફસીરકારોના મત પ્રમાણે એ છે જે ઈમામ અહમદ રહ.એ "કિતાબુઝ્ઝુહ્દ"માં હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.થી રિવાયત કરી છે કે હઝરત ઐયૂબ અલૈ.ની બીમારીના સમયગાળામાં એક વખતે શયતાન એક હકીમ સ્વરૂપે હઝરત ઐયૂબ અલૈ.ની પત્નીને મળ્યો હતો, તેમણે તેને હકીમ સમજીને ઈલાજની દરખાસ્ત કરી; તેણે કહ્યું, આ શરત છે જો તેમને સારું થઈ જાય તો એવું કહી આપજે કે મેં તેમને તંદુરસ્તી આપી અને હું કંઈ ભેટ સોગાત ઈચ્છતો નથી, પત્નીએ ઐયૂબ અલૈ.ને આ બાબતનું વર્ણન કર્યું. તેમણે કહ્યું કે ભલી ઔરત ! તે તો શયતાન હતો; હું વચન લઉં છું કે જો અલ્લાહ તઆલા મને તંદુરસ્તી આપશે તો હું તને સો લાકડીઓ મારીશ, બસ ઐયૂબ અલૈ.ને સખત રંજ પહોંચ્યો એ બાબતે કે મારી બીમારીના કારણે શયતાનનો એટલે સુધી હોસલો વધી ગયો કે ખાસ મારી પત્ની પાસે આવા શબ્દો કહેડાવવા ઈચ્છે છે જે દેખીતી રીતે શિર્કનું કારણ છે, ભલે તા'વીલ કરવાથી મુશ્રિક ન થાય, જો કે હઝરત ઐયૂબ અલૈ. પોતાની બીમારી સારી થવા માટે અગાઉ પણ દુઆ કરી ચૂક્યા હતા પરંતુ આ ઘટનાથી વધારે દુઃખી થયા અને સારા થવાની દુઆ માંગી, બસ અમે તેમની દુઆ કબૂલ કરી અને હુકમ આપ્યો કે) પોતાના પગ (જમીન ઉપર) મારો (એટલા માટે જમીન ઉપર પગ માર્યા તો ત્યાંથી એક ઝરણું ફૂટી નીકળ્યું. –રવાહુ અહમદ રહ.)

(બસ અમે તેમને કહ્યું કે આ તમારા માટે) ન્હાવાનું ઠંડુ પાણી છે અને પીવાનું (એટલે કે તેમાં સ્નાન કરો અને પીઓ પણ, એટલા માટે સ્નાન કર્યું અને

પીધું પણ; અને બિલકુલ સાજાસમા થઈ ગયા) અને અમે તેમને તેમનું કુટુંબ અર્પણ કર્યું અને તેમની સાથે (ગણતરીમાં) તેમના બરાબર અન્ય પણ (આપ્યા) પોતાની ખાસ રહમતના કારણે અને બુદ્ધિશાળીઓ માટે યાદગીરી રહેવાના કારણે (એટલે કે બુદ્ધિશાળીઓ યાદ રાખે કે અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓને કેવો બદલો આપે છે અને હવે ઐયૂબ અલૈ.એ પોતાની કસમ પૂરી કરવાનો ઈરાદો કર્યો પરંતુ કારણ કે તેમણે ઐયૂબ અલૈ.ની ઘણી સેવા કરી હતી અને તેમનાથી કોઈ ગુનોહ પણ થયો ન હતો એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી તેમના માટે ઘટાડો કર્યો) અને (કહ્યું કે હે ઐયૂબ અલૈ.) તમે પોતાના હાથમાં એક સળીઓનો ઝૂડો લો (જેમાં લાકડાની પાતળી સો સળીઓ હોય) અને (પોતાની પત્નીને) તેનાથી મારી લો અને (પોતાની) કસમ ન તોડો (એટલા માટે એવું જ થયું, આગળ ઐયૂબ અલૈ.ના વખાણ કરવામાં આવ્યા છે કે) બેશક ! અમે તેમને (ઘણા) સબ્ર કરનારા પામ્યા, સારા બંદા હતા કે (અલ્લાહ તઆલા તરફ) ઘણા રુજૂઅ્ થતા હતા.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ઐયૂબ (અલૈ.)ની ઘટના અહીંયાં રસૂલે કરીમ ﷺને ધૈર્ય દાખવવાની પ્રેરણા આપવા માટે લાવવામાં આવી છે, આ ઘટના વિગતપૂર્વક સૂરએ અંબિયામાં આવી ચૂકી છે, અત્રે અમુક વાતો વર્ણનપાત્ર છે.

مَسَّنِیَ الشَّیۡطٰنُ بِنُصۡبٍ وَّ عَذَابٍ (શયતાને મને રંજ અને પીડા પહોંચાડી છે) અમુક લોકોએ શયતાનના રંજ અને પીડા પહોંચાડવાની વિગત એ વર્ણન કરી છે કે હઝરત ઐયૂબ (અલૈ.) જે બીમારીમાં સપડાયા તે શયતાનના પ્રભાવના કારણે આવી હતી અને બન્યું એમ હતું કે એક વખતે ફરિશ્તાઓએ હઝરત ઐયૂબ (અલૈ.)ના ઘણા વખાણ કર્યા જેનાથી શયતાનને ખૂબ ઈર્ષ્યા થઈ અને તેણે અલ્લાહ તઆલાને દુઆ કરી કે મને તેમના શરીર, માલ તથા અવલાદ ઉપર એવો પ્રભાવ અર્પણ કર કે જેમાં હું તેમની સાથે જે ઈચ્છું તે કરું. અલ્લાહ તઆલાને પણ હઝરત ઐયૂબ (અલૈ.)ની કસોટી કરવી હતી એટલા માટે શયતાનને એ અધિકાર આપવામાં આવ્યો અને તેણે આપ (અલૈ.)ને આ બીમારીમાં સપડાવી દીધા.

પરંતુ સંશોધક તફસીરકારોએ આ ઘટનાનો રદિયો આપી કહ્યું છે કે કુર્આને કરીમના ખુલાસા પ્રમાણે અંબિયા (અલૈ.) ઉપર શયતાનને પ્રભાવ પ્રાપ્ત થઈ શકતો નથી એટલા માટે એ શક્ય નથી કે તેણે આપ (અલૈ.)ને બીમારીમાં નાંખ્યા હોય.

અમુક લોકોએ શયતાનના રંજ અને પીડા પહોંચાડવાનો ખુલાસો એ કર્યો છે કે બીમારીની હાલતમાં શયતાન હઝરત ઐયૂબ (અલૈ.)ના દિલમાં જાતજાતની ભ્રમણા નાંખ્યા કરતો હતો, તેનાથી આપ (અલૈ.)ને ઔર વધારે તકલીફ થતી હતી, અહીંયાં તેનું જ વર્ણન થયું છે પરંતુ આ આયતનો સૌથી યોગ્ય ખુલાસો એ છે જે હઝરત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં અપનાવ્યો છે અને તે તફસીરના ખુલાસામાં ઉપરોક્ત લખવામાં આવ્યો છે.

હઝરત ઐયૂબ (અલૈ.)ની બીમારીનું સ્વરૂપ :

કુર્આને કરીમમાં એટલું તો બતાવવામાં આવ્યું છે કે હઝરત ઐયૂબ (અલૈ.)ને એક સખત બીમારી લાગુ પડી હતી પરંતુ તે બીમારીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું નથી, હદીષોમાં પણ તેની કોઈ વિગત રસૂલે કરીમ ﷺથી નકલ થઈ નથી, અલબત્ત અમુક નિશાનીઓથી એ જાણ થાય છે કે તેમના શરીરના દરેક ભાગ ઉપર ફોલ્લાઓ નીકળી આવ્યા હતા, અહીંયાં સુધી કે લોકોની સૂગના કારણે તેમને એક કચરાવાળી જગ્યાએ નાંખી દેવામાં આવ્યા હતા પરંતુ અમુક સંશોધક તફસીરકારોએ આ નિશાનીઓને સાચી સ્વીકારવાથી ઈન્કાર કર્યો છે, તેમનું કહેવું છે કે અંબિયા (અલૈ.) ઉપર બીમારીઓ તો આવી શકે છે પરંતુ તેમને એવી બીમારીઓમાં સપડાવવામાં આવતા નથી જેનાથી લોકો સૂગ કરવા લાગે, હઝરત ઐયૂબ (અલૈ.)ની બીમારી પણ એવી નથી હોઈ શકતી બલકે તે કોઈ સામાન્ય પ્રકારની બીમારી હતી એટલા માટે તે નિશાનીઓ જેમાં હઝરત ઐયૂબ (અલૈ.) તરફ ફોલ્લીઓનો સંબંધ જોડવામાં આવ્યો છે અથવા જેમાં કહેવામાં આવ્યું છે કે આપ (અલૈ.)ને કચરાવાળી જગ્યાએ નાંખી દેવામાં આવ્યા હતા રિવાયતની દષ્ટિએ અને તાર્કિક રીતે પણ ભરોસાપાત્ર નથી.

(રૂહુલ મઆની અને અહકામુલ કુર્આનમાંથી ટૂંકાવીને)

خُذْ بِيَدِكَ ضِغْثًا (તમે પોતાના હાથમાં એક સળીઓનો ઝૂડો લો) આ

ઘટનાની પૃષ્ઠભૂમિ ઉપરોક્ત તફસીરના ખુલાસામાં આવી ચૂકી છે, અત્રે આ ઘટના વિશે અમુક જરૂરી મસ્અલાઓ રજુ કરવામાં આવે છે.

પ્રથમ મસ્અલો એ છે કે આ ઘટનાથી એ જાણ થઈ કે જો કોઈ વ્યક્તિ કોઈને સો લાકડીઓ મારવાની કસમ ખાઈ લે અને પાછળથી સો લાકડીઓ અલગ અલગ મારવાને બદલે બધી લાકડીઓનો એક ઝૂડો બનાવીને એક જ વખતે મારે તો તેનાથી કસમ પૂરી થઈ જાય છે, એટલા માટે હઝરત ઐયૂબ (અલૈ.)ને એવું કરવાનો હુકમ કરવામાં આવ્યો. આવો જ ઇમામ અબૂ હનીફહ (રહ.)નો મત છે પરંતુ જેમકે અલ્લામહ ઇબ્ને હમામ (રહ.)એ લખ્યું છે કે તેના માટે બે શરતો જરૂરી છે, એક તો એ કે તે વ્યક્તિના શરીર ઉપર દરેક સળી લાંબી અથવા ટૂંકી અવશ્ય અડવી જોઈએ, બીજું એ કે તેનાથી કંઈને કંઈ તકલીફ અવશ્ય થાય. જો એટલા હળવેથી સળીઓ શરીર ઉપર લગાવવામાં આવે કે બિલકુલ તકલીફ ન થાય તો કસમ પૂરી થશે નહીં, હઝરત થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં જે લખ્યું છે કે કસમ પૂરી થશે નહીં તો લગભગ તેનો ભાવાર્થ એ જ છે કે તકલીફ બિલકુલ ન થાય અથવા કોઈ સળી શરીરને અડવાથી રહી જાય, નહિતર હનફી ફુકહાએ ખુલાસો લખ્યો છે કે જો પ્રસ્તુત બે શરતોની સાથે મારવામાં આવે તો કસમ પૂરી થઈ જાય છે. *(ફત્હુલ કદીર, પેજ : ૧૩૭, જિલ્દ : ૪)*

હિલો કરવાનું શરઈ સ્વરૂપ :

આ આયતથી બીજો મસ્અલો એ જાણ થઈ કે કોઈ અયોગ્ય અથવા મકરૂહ વાતથી બચવા માટે કોઈ શરઈ હિલો અપનાવવામાં આવે તો તે જાઇઝ છે, દેખીતું છે કે હઝરત ઐયૂબ (અલૈ.)ના કિસ્સામાં કસમનો મૂળ તકાદો એ છે કે તેઓ પોતાની પવિત્ર પત્નીને પૂરી સો સળીઓ મારે પરંતુ કારણ કે તેમની પવિત્ર પત્ની બેગુનાહ હતી અને તેમણે હઝરત ઐયૂબ (અલૈ.)ની અજોડ સેવા કરી હતી આથી અલ્લાહ તઆલાએ પોતે હઝરત ઐયૂબ (અલૈ.)ને એક હિલો કરવાની પ્રેરણા આપી અને એ ખુલાસો કરી દીધો કે આ રીતે તેમની કસમ તૂટશે નહીં આથી આ ઘટના હિલો કરવો જાઇઝ હોવાની દલીલ છે.

પરંતુ યાદ રાખવું જોઈએ કે આ કસમ જેવી રીતે એવા જ સમયે જાઇઝ થાય છે જ્યારે કે તેને શરઈ હેતુને રદ કરવાનું માધ્યમ બનાવવામાં ન આવે અને

જો હિલાનો મકસદ એ હોય કે કોઈ હકદારનો હક મારવામાં આવે અથવા કોઈ ખુલ્લી હરામ પ્રવૃત્તિને તેની મૂળ રૂહ બાકી રાખીને પોતાના માટે હલાલ કરી લેવામાં આવે તો આવો હિલો બિલકુલ નાજાઇઝ છે, દાખલા તરીકે અમુક લોકો ઝકાતથી બચવા માટે એવો હિલો કરે છે કે વર્ષ પૂર્ણ થવાના થોડાક સમય પહેલાં પોતાના માલને પત્નીની માલિકીમાં સોંપી દીધો પછી અમુક મુદ્દત પછી પત્નીએ પતિને માલિકીમાં સોંપી દીધો અને જ્યારે નવું વર્ષ પૂર્ણ થવાની નિકટ પહોંચ્યું તો ફરી પતિએ પત્નીને માલ ભેટ આપી દીધો, આ રીતે કોઈના ઉપર ઝકાત વાજિબ થતી નથી, આવું કરવું કારણ કે શરીઅતના એક મકસદને રદ કરવાનો પ્રયત્ન છે એટલા માટે હરામ છે અને કદાચ તેનું નુકસાન ઝકાત છોડવાના નુકસાન કરતાં વધારે મોટું છે. *(રૂહુલ મઆની)*

અયોગ્ય બાબત ઉપર કસમ ખાવી :

ત્રીજો મસ્અલો એ જાણ થયો કે જો કોઈ વ્યક્તિ અયોગ્ય, ખોટી અથવા નાજાઇઝ પ્રવૃત્તિ ઉપર કસમ ખાઈ લે તો કસમ થઈ જાય છે અને તેને તોડવાથી કફ્ફારો પણ આવે છે, દેખીતું છે કે જો આ સ્વરૂપમાં કફ્ફારો ન આવ્યો હોત તો હઝરત ઐયૂબ (અલૈ.)ને આ હિલાની પ્રેરણા આપવામાં ન આવી હોત પરંતુ સાથે જ એ પણ યાદ રાખવું જોઈએ કે કોઈ અયોગ્ય કામ ઉપર કસમ ખાઈ લેવામાં આવે તો શરઈ હુકમ એ છે કે તેને તોડીને કફ્ફારો અદા કરવામાં આવે, એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે,

"જે વ્યક્તિ એક કસમ ખાઈ લે પછી પાછળથી તેનો અભિપ્રાય એ હોય કે આ કસમ વિરુદ્ધ અમલ કરવો વધારે બહેતર છે તો તે તે જ કામ કરે જે ઉત્તમ હોય અને પોતાની કસમનો કફ્ફારો આપી દે."

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૪૫ થી ૬૪)

وَاذْكُرْ عِبٰدَنَآ اِبْرٰهِيْمَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ اُولِى الْاَيْدِىْ وَالْاَبْصَارِ ﴿٤٥﴾ اِنَّآ اَخْلَصْنٰهُمْ

بِخَالِصَةٍ ذِكْرَى الدَّارِ ﴿٤٦﴾ وَاِنَّهُمْ عِنْدَنَا لَمِنَ الْمُصْطَفَيْنَ الْاَخْيَارِ ﴿٤٧﴾

وَاذْكُرْ إِسْمٰعِيلَ وَالْيَسَعَ وَذَا الْكِفْلِ ۖ وَكُلٌّ مِّنَ الْأَخْيَارِ ﴿٤٨﴾ هٰذَا ذِكْرٌ ۚ وَإِنَّ
لِلْمُتَّقِينَ لَحُسْنَ مَآبٍ ﴿٤٩﴾ جَنّٰتِ عَدْنٍ مُّفَتَّحَةً لَّهُمُ الْأَبْوَابُ ﴿٥٠﴾ مُتَّكِئِينَ فِيهَا
يَدْعُونَ فِيهَا بِفَاكِهَةٍ كَثِيرَةٍ وَّشَرَابٍ ﴿٥١﴾ وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ أَتْرَابٌ ﴿٥٢﴾
هٰذَا مَا تُوعَدُونَ لِيَوْمِ الْحِسَابِ ﴿٥٣﴾ إِنَّ هٰذَا لَرِزْقُنَا مَا لَهُ مِنْ نَّفَادٍ ﴿٥٤﴾ هٰذَا ۚ
وَإِنَّ لِلطّٰغِينَ لَشَرَّ مَآبٍ ﴿٥٥﴾ جَهَنَّمَ ۚ يَصْلَوْنَهَا ۚ فَبِئْسَ الْمِهَادُ ﴿٥٦﴾ هٰذَا ۙ فَلْيَذُوقُوهُ
حَمِيمٌ وَّغَسَّاقٌ ﴿٥٧﴾ وَّآخَرُ مِنْ شَكْلِهِ أَزْوَاجٌ ﴿٥٨﴾ هٰذَا فَوْجٌ مُّقْتَحِمٌ مَّعَكُمْ ۚ لَا
مَرْحَبًا بِهِمْ ۚ إِنَّهُمْ صَالُوا النَّارِ ﴿٥٩﴾ قَالُوا بَلْ أَنْتُمْ ۖ لَا مَرْحَبًا بِكُمْ ۖ أَنْتُمْ
قَدَّمْتُمُوهُ لَنَا ۖ فَبِئْسَ الْقَرَارُ ﴿٦٠﴾ قَالُوا رَبَّنَا مَنْ قَدَّمَ لَنَا هٰذَا فَزِدْهُ عَذَابًا
ضِعْفًا فِي النَّارِ ﴿٦١﴾ وَقَالُوا مَا لَنَا لَا نَرٰى رِجَالًا كُنَّا نَعُدُّهُمْ مِّنَ الْأَشْرَارِ ﴿٦٢﴾
أَتَّخَذْنٰهُمْ سِخْرِيًّا أَمْ زَاغَتْ عَنْهُمُ الْأَبْصَارُ ﴿٦٣﴾ إِنَّ ذٰلِكَ لَحَقٌّ تَخَاصُمُ
أَهْلِ النَّارِ ﴿٦٤﴾

તરજુમો :

અને અમારા બંદાઓને યાદ કરો ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.) હાથોવાળા અને દૃષ્ટિવાળા. (૪૫) બેશક ! અમે તેમને વિશેષતા આપી એક ચૂંટી કાઢેલી વાતની, તે યાદ તે (આખિરતના) ઘરની. (૪૬) અને તે સૌ અમારા નિકટ ચુનંદા નેક લોકો માંહેના છે. (૪૭) અને યાદ કરો ઈસ્માઈલને અને અલ-યસઅ્ અને ઝૂલ્કિફ્લ (અલૈ.)ને અને દરેક ખુબીઓવાળાઓ માંહેના હતા. (૪૮) આ એક વર્ણન થઈ ચૂક્યું; અને બેશક મુત્તકીઓ માટે સારું ઠેકાણું છે. (૪૯) બગીચાઓ છે સદાય રહેવા માટેના, તેમના માટે દરવાજાઓ ખોલી રાખવામાં આવ્યા છે. (૫૦) તકિયા લગાવીને તેમાં બેઠા બેઠા ઘણા મેવાઓ (ફળફળાદિ) અને પીણાં મંગાવશે. (૫૧) અને તેમની પાસે નીચી નિગાહવાળી સરખી વયની સ્ત્રીઓ છે. (૫૨)

આ તે છે જેના માટે તમને હિસાબના દિવસ ઉપર વાયદો કરવામાં આવ્યો. (૫૩) બેશક ! આ અમારી આપેલી રોજી છે, તે કદી ખૂંટનારી નથી. (૫૪) આ (સાંભળી ચૂક્યા) અને બેશક ! બળવાખોરો (કાફિરો) માટે ઘણું ખરાબ ઠેકાણું છે. (૫૫) જહન્નમ છે જેમાં તેમને નાંખીશું, બસ કેટલું ખરાબ વિસામાનું સ્થળ છે ! (૫૬) આ છે ! હવે તેને ચાખો છછરતું પાણી અને પરૂ. (૫૭) અને કંઈક એવા જ પ્રકારની જાતજાતની વસ્તુઓ. (૫૮) (દોઝખીઓના સરદારો કહેશે) આ એક ફોજ છે જે તમારી સાથે ધસતી આવી રહી છે, તેમનું સ્વાગત નથી બેશક ! તેઓ આગમાં ઘુસનારા છે. (૫૯) પેલા કહેશે, બલકે તમે જ છો, તમારું સ્વાગત નથી, તમે જ આ આફત અમારી આગળ લાવ્યા છો; બસ કેટલું ખરાબ થોભવાનું સ્થળ છે ! (૬૦) તેઓ કહેશે, હે અમારા પરવરદિગાર ! જે કોઈ અમારી આગળ આ લાવ્યો બસ તેને આગમાં બમણો અઝાબ વધારી દે. (૬૧) અને કહેશે, શું થયું કે અમે તે પુરુષોને નથી જોતા કે અમે તેમને દુરાચારીઓમાં ગણતા હતા. (૬૨) શું અમે જ તેમની હાંસી ઉડાવી હતી અથવા તેમને અમારી આંખો (જોવાથી) ચૂકી ગઈ ? (૬૩) બેશક ! દોઝખીઓની પરસ્પર ઝઘડો કરવાની વાત સાચી ઠરવાની છે. (૬૪)

તફસીર :

અને અમારા બંદાઓ ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.)ને યાદ કરો જેઓ હાથો(થી કામ કરવા)વાળા અને આંખો(થી જોવા)વાળા હતા (એટલે કે તેમનામાં અમલ કરવાનું બળ પણ હતું અને દીર્ઘદષ્ટિ પણ હતી તથા) અમે તેમને એક ખાસ વાતની સાથે ચૂંટી લીધા હતા કે તે આખિરતની યાદ છે, (એટલા માટે એ દેખીતું છે કે અંબિયા અલૈ.માં આ લક્ષણ સૌથી વધારે મજબૂત અને સંપૂર્ણ હોય છે અને કદાચ આ વાક્ય એટલા માટે વધારવામાં આવ્યું છે કે ગફલતમાં પડેલા, બેદરકાર લોકોને ભાન થાય કે જ્યારે અંબિયા અલૈ. આખિરતની ચિંતાથી ખાલી ન હતા તો અમે કઈ ગણતરીમાં છે !) અને તે (લોકો) અમારી પાસે ચૂંટી કાઢેલા અને સૌથી સારા લોકો માંહેના છે (એટલે કે ચૂંટી કાઢેલા લોકોમાં પણ સૌથી વધીને છે એટલા માટે દેખીતું છે કે અંબિયા અલૈ. બીજા અવલિયા અને નેક લોકોથી શ્રેષ્ઠ હોય છે) અને ઈસ્માઈલ અને અલ

યસઅ્ અને ઝુલ્કિફ્લ (અલૈ.)ને પણ યાદ કરો, આ બધા પણ સૌથી સારા લોકો માંહેના છે (આગળ તવહીદ અને આખિરત તથા રિસાલતનું અમુક વિગતવાર વર્ણન છે) એક બોધપાઠનો વિષય તો આ થઈ ચૂક્યો (તેનો ભાવાર્થ અંબિયા અલૈ.ની ઘટનાઓ છે કે તે કિસ્સાઓમાં કાફિરો માટે રિસાલતના અકીદહની તબ્લીગ છે અને મો'મિનો માટે શ્રેષ્ઠ અખ્લાક તથા ઉચ્ચ કક્ષાના અમલોની તા'લીમ છે) અને (બીજો વિષય આખિરતના બદલા અને સજા વિશે હવે શરૂ થાય છે જેની વિગત એ છે કે) પરહેઝગારો માટે (આખિરતમાં) સારું ઠેકાણું છે એટલે હંમેશા રહેવાના બગીચાઓ જેના દરવાજા તેમના માટે ખુલ્લા હશે (દેખીતો ભાવાર્થ એ છે કે પ્રથમથી દરવાજાઓ ખોલેલા હશે) અને તે બગીચાઓમાં તકિયા લગાવી બેઠા હશે (અને) તેઓ ત્યાં (જન્નતના સેવકો પાસેથી) ઘણા મેવાઓ અને પીવાની વસ્તુઓ મંગાવશે અને તેમની પાસે નીચી દૃષ્ટિવાળી સરખી ઉંમરની સ્ત્રીઓ હશે (ભાવાર્થ જન્નતની હૂરો છે, હે મુસલમાનો !) આ (જેનું ઉપર વર્ણન થયું) તે (નેઅ્મત) છે જેનો તમને હિસાબનો દિવસ આવવા ઉપર વાયદો કરવામાં આવે છે, બેશક ! આ અમારી બખ્શિશ છે તેનો ક્યાંય અંત નથી (એટલે કે કાયમી અને હંમેશા હંમેશની નેઅ્મત); આ વાત તો થઈ ચૂકી (કે જે નેક અને પરહેઝગાર લોકો વિશે હતી) અને (આગળ કાફિરો વિશે વિષય છે તે એ કે) બળવાખોરો માટે (એટલે કે જે કુફ્રમાં બીજાઓના આગેવાન હતા તેમના માટે) ખરાબ ઠેકાણું છે (એટલે કે) દોઝખ; તેમાં તેઓ દાખલ થશે, બસ ઘણું જ ખરાબ ઠેકાણું છે, આ છછરતું પાણી અને પરૂ (હાજર) છે, બસ આ લોકો તેને ચાખે અને (એ ઉપરાંત) અન્ય પણ આવા પ્રકારની (અપ્રિય અને સૂગ ચઢે એવી કષ્ટદાયક) પ્રકાર પ્રકારની વસ્તુઓ (હાજર) છે, (તેને પણ ચાખો અને જે આ કુફ્રના અને શયતાનોના અનુયાયીઓ હતા તેમના માટે પણ આ જ વસ્તુઓ છે, બસ પ્રાથમિકતામાં અથવા મોડેથી થવામાં તથા તેની કઠોરતા અને સખ્તાઈમાં તફાવત હોઈ શકે છે, બાકી અઝાબના પ્રકારમાં બધા જ ભાગીદાર છે એટલા માટે જ્યારે કાફિરોના સરદારો પ્રથમ જહન્નમમાં પ્રવેશ પામી ચૂકશે પછી તેમના અનુયાયીઓ આવશે તો સરદારો કહેશે કે લો !) આ એક સમૂહ બીજો આવ્યો જે તમારી સાથે (અઝાબમાં ભાગીદાર થવા માટે જહન્નમમાં) ઘુસી રહ્યા છે તેમના ઉપર અલ્લાહની માર; એ પણ દોઝખમાં જ આવી રહ્યા છે (એટલે કે કોઈ એવો

આવ્યો હોત કે જે અઝાબનો હકદાર ન હોત તો તેના આવવાથી ખુશી પણ થઈ હોત અને તેનું સ્વાગત પણ કરવામાં આવ્યું હોત, આ તો પોતે જ જહન્નમી છે તેમની પાસે શું આશા રાખવી અને તેમના આવવાની શું ખુશી મનાવવી અને તેમનું શું સ્વાગત કરવું !) તેઓ (આગેવાનો અને સરદારોને) કહેશે, બલકે તમારા જ ઉપર અલ્લાહની માર; (કારણ કે) તમે જ તો આ (મુસીબત) અમારી આગળ લાવ્યા (કારણ કે તમે જ અમને બહેકાવ્યા હતા), બસ (જહન્નમ) ઘણું જ ખરાબ ઠેકાણું છે (જે તમારા કારણે અમારી આગળ આવ્યું, ત્યારબાદ જ્યારે તેમનામાં દરેક વ્યક્તિ બીજા ઉપર આક્ષેપ મઢવા લાગશે તો તે સમયે આ અનુયાયીઓ તે સરદારોને સંબોધન કરવાનું છોડીને અલ્લાહ તઆલાને) દુઆ કરશે કે હે અમારા પરવરદિગાર ! જે વ્યક્તિ આ (મુસીબત) અમારા આગળ લાવ્યો હોય તેને દોઝખમાં બમણો અઝાબ આપજે અને તે લોકો (એટલે કે અનુયાયીઓ અથવા બધા દોઝખીઓ પરસ્પર) કહેશે કે શું વાત છે અમે તે લોકોને (દોઝખમાં) જોતા નથી જેમને અમે દુષ્ટ લોકોમાં ગણ્યા કરતા હતા (એટલે કે મુસલમાનોને ખોટા માર્ગે તથા તુચ્છ સમજ્યા કરતા હતા તેઓ કેમ દેખાતા નથી ?) શું અમે (નાહક) તેમની હાંસી ઉડાવતા હતા ? (અને તેઓ એના પાત્ર ન હતા તથા જહન્નમમાં પણ આવ્યા નથી) અથવા (એ કે જહન્નમમાં ઉપસ્થિત છે પરંતુ) તેઓ(ને જોવા)થી આંખો ચકરાઈ રહી છે (કે તેમના ઉપર દૃષ્ટિ ટકતી નથી, મતલબ એ છે કે અઝાબની સાથે સાથે એક અફસોસ એ પણ હશે કે જે લોકોને તેઓ બુરા સમજતા હતા તેઓ અઝાબથી બચી ગયા અને) આ વાત (એટલે કે) દોઝખીઓના પરસ્પર લડવા ઝઘડવાની બિલકુલ સત્ય છે (તે અવશ્ય થઈને રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

أُولِى الْأَيْدِىْ وَالْأَبْصَارِ નો શાબ્દિક અર્થ એ છે કે "તેઓ હાથ અને દૃષ્ટિવાળા હતા." ભાવાર્થ એ છે કે તેઓ પોતાની માનસિક અને શારીરિક શક્તિઓને અલ્લાહ તઆલાની આજ્ઞામાં ખર્ચ કરતા હતા આથી એ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો કે માનવ શરીરની શારીરિક પ્રક્રિયાનો સાચો ઉપયોગ એ છે કે તે અલ્લાહની આજ્ઞામાં ખર્ચ થાય અને જે અવયવો તેમાં ખર્ચ ન થાય તેનું હોવું–નહોવું સરખું છે.

આખિરતની ચિંતા અંબિયા (અલૈ.)નું વિશિષ્ટ લક્ષણ છે :

ذِكْرَى الدَّارِ (ઝિક્રદાર) તેનો શાબ્દિક અર્થ "ઘરની યાદ" થાય છે અને "ઘર"નો ભાવાર્થ "આખિરત" છે, આખિરતના બદલે આ જ શબ્દ ઉપયોગ કરીને ચેતવણી આપવામાં આવી છે કે માનવીએ પોતાનું અસલી ઘર "આખિરત"ને જ સમજવું જોઈએ અને તેની જ ચિંતાને પોતાના કર્મો અને પ્રવૃત્તિઓનો આધાર બનાવવો જોઈએ, આનાથી એ પણ જાણ થઈ કે આખિરતની ચિંતા માનવીને માનસિક રીતે તથા શારીરિક રીતે વધારે પ્રોત્સાહન પૂરું પાડે છે, અમુક નાસ્તિકોનો વિચાર બિલકુલ આધારવિહોણો છે કે આખિરતની ચિંતા મનુષ્યની શક્તિઓને બુટ્ટી કરે છે.

હઝરત અલ-યસઅ્ (અલૈ.) :

وَالْيَسَعَ (વલ-યસઅ્) "અને યસઅ્ (અલૈ.)ને યાદ કરો." હઝરત અલ-યસઅ્ (અલૈ.) બની ઈસ્રાઈલના અંબિયા (અલૈ.)માંથી છે અને કુર્આને કરીમમાં તેમનું વર્ણન માત્ર બે સ્થળોએ આવ્યું છે, એક સૂરએ અન્આમમાં અને બીજું અહીંયાં. બંનેમાંથી કોઈપણ સ્થળે તેમની વિગતવારની પરિસ્થિતિઓનું વર્ણન ઉપસ્થિત નથી, બલકે અંબિયા (અલૈ.)ની યાદીમાં માત્ર તેમનું નામ ગણવામાં આવ્યું છે.

ઈતિહાસની કિતાબોમાં વર્ણન થયું છે કે અલ-યસઅ્ (અલૈ.) હઝરત ઈલ્યાસ (અલૈ.)ના પિત્રાઈ ભાઈ છે અને હઝરત ઈલ્યાસ (અલૈ.)ના નાયબ અને ખલીફા હતા, તેમની જ સાથે રહેતા હતા, ત્યારબાદ તેમને નુબુવ્વત આપવામાં આવી, બાઈબલની કિતાબ કિંગ-૧, પ્રકરણ-૧૯ અને કિંગ-૨, પ્રકરણ-૨ વગેરેમાં તેમની વિગતવારની પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે, ત્યાં તેમનું નામ એલિશા બિન સાફિત (Elisha son of Safit) આવ્યું છે.

وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ اَتْرَابٌ (અને તેમની પાસે નીચી દૃષ્ટિઓવાળી સમાન વયની સ્ત્રીઓ હશે) તેનાથી ભાવાર્થ જન્નતની હૂરો છે અને સમાન વયવાળીનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે તેઓ બધી વયમાં સમાન હશે અને એ પણ કે તેઓ પોતાના પુરુષોની સાથે વયમાં સરખી હશે, પ્રથમ સ્વરૂપમાં તેમની સમાન ઉંમર હોવાનો લાભ એ છે કે તેમની વચ્ચે પરસ્પર પ્રેમ, લાગણી,

મિત્રતાનો સંબંધ હશે, એક પતિની બે પત્નીઓમાં જે પરસ્પર દુશ્મનાવટ અથવા નફરત હોય છે તે નહીં હોય અને દેખીતું છે કે આ બાબત પતિઓ માટે ખૂબ રાહતનું કારણ છે.

પત્નીઓ વચ્ચે સમાન વયની કાળજી રાખવી ઉત્તમ છે :

બીજા સ્વરૂપમાં "સમાન વય"નો અર્થ એ લેવામાં આવે કે તે પોતાના પતિઓની સમાન વયની હશે, તેનો લાભ એ છે કે સમાન વયના કારણે સ્વભાવમાં વધારે સુમેળ અને મનમેળ હશે અને એકબીજાની રાહત તથા ખુશીનો ખ્યાલ વધારે રાખવામાં આવશે, આથી એ પણ જાણ થઈ કે પતિ-પત્ની વચ્ચે ઉંમરમાં સમાનતાની કાળજી રાખવી જોઈએ, કારણ કે તેનાથી પરસ્પર હૂંફ પેદા થાય છે અને નિકાહનું સગપણ વધારે ખુશખુશાલ અને ટકાઉ બની જાય છે.

આયતો : (સૂરએ સૉદ : આયત નં. ૬૫ થી ૮૮)

قُلْ إِنَّمَآ أَنَا مُنْذِرٌ ۖ وَّمَا مِنْ إِلٰهٍ إِلَّا اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿٦٥﴾ رَبُّ السَّمٰوٰتِ

وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا الْعَزِيزُ الْغَفَّارُ ﴿٦٦﴾ قُلْ هُوَ نَبَؤٌا عَظِيمٌ ﴿٦٧﴾ أَنْتُمْ

عَنْهُ مُعْرِضُونَ ﴿٦٨﴾ مَا كَانَ لِيَ مِنْ عِلْمٍ بِالْمَلَإِ الْأَعْلَىٰٓ إِذْ يَخْتَصِمُونَ ﴿٦٩﴾

إِنْ يُّوحٰىٓ إِلَيَّ إِلَّآ أَنَّمَآ أَنَا نَذِيرٌ مُّبِينٌ ﴿٧٠﴾ إِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ إِنِّي

خَالِقٌۢ بَشَرًا مِّنْ طِينٍ ﴿٧١﴾ فَإِذَا سَوَّيْتُهُ وَنَفَخْتُ فِيهِ مِنْ رُّوحِي فَقَعُوا لَهُ سٰجِدِينَ ﴿٧٢﴾

فَسَجَدَ الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ أَجْمَعُونَ ﴿٧٣﴾ إِلَّآ إِبْلِيسَ ؕ اسْتَكْبَرَ وَكَانَ مِنَ الْكٰفِرِينَ ﴿٧٤﴾

قَالَ يٰٓإِبْلِيسُ مَا مَنَعَكَ أَنْ تَسْجُدَ لِمَا خَلَقْتُ بِيَدَيَّ ؕ أَسْتَكْبَرْتَ أَمْ كُنْتَ

مِنَ الْعَالِينَ ﴿٧٥﴾ قَالَ أَنَا خَيْرٌ مِّنْهُ ؕ خَلَقْتَنِي مِنْ نَّارٍ وَّخَلَقْتَهُ مِنْ

طِينٍ ﴿٧٦﴾ قَالَ فَاخْرُجْ مِنْهَا فَإِنَّكَ رَجِيمٌ ﴿٧٧﴾ وَّإِنَّ عَلَيْكَ لَعْنَتِيٓ إِلٰى

يَوْمِ الدِّينِ ﴿٧٨﴾ قَالَ رَبِّ فَأَنْظِرْنِيٓ إِلٰى يَوْمِ يُبْعَثُونَ ﴿٧٩﴾ قَالَ فَإِنَّكَ مِنَ

الْمُنْظَرِيْنَ ﴿٨٠﴾ اِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ ﴿٨١﴾ قَالَ فَبِعِزَّتِكَ لَاُغْوِيَنَّهُمْ
اَجْمَعِيْنَ ﴿٨٢﴾ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ ﴿٨٣﴾ قَالَ فَالْحَقُّ وَالْحَقَّ
اَقُوْلُ ﴿٨٤﴾ لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنْكَ وَمِمَّنْ تَبِعَكَ مِنْهُمْ اَجْمَعِيْنَ ﴿٨٥﴾ قُلْ مَا
اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ وَّمَا اَنَا مِنَ الْمُتَكَلِّفِيْنَ ﴿٨٦﴾ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ
لِّلْعٰلَمِيْنَ ﴿٨٧﴾ وَلَتَعْلَمُنَّ نَبَاَهٗ بَعْدَ حِيْنٍ ﴿٨٨﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો ! હું તો એ જ છું (અઝાબનો) ડર સંભળાવનાર અને હાકિમ કોઈ નથી કહેરવાળા એકલા અલ્લાહના સિવાય. (૬૫) પરવરદિગાર આસમાનોનો અને જમીનનો અને જે તેમની મધ્યમાં છે, જબરદસ્ત, ગુનાહ બખ્શનારો ! (૬૬) તમે કહો ! આ એક મહાન ખબર છે (૬૭) કે તમે તેનાથી દુર્લક્ષ સેવો છો. (૬૮) મને કંઈ ખબર ન હતી ઉપરની (ફરિશ્તાઓની) મજલિસની જ્યારે તેઓ પરસ્પર વાદ વિવાદ કરતા હતા. (૬૯) મને તો આ જ હુકમ (વહી) આવે છે કે અન્ય કંઈ નથી હું તો સ્પષ્ટ (ખોલી ખોલીને) ડર સંભળાવી આપનારો છું. (૭૦) જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું, બેશક ! હું માટીથી એક માનવી બનાવું છું. (૭૧) પછી જ્યારે ઠીકઠાક બનાવી ચૂકું અને તેમાં પોતાની એક રૂહ (પ્રાણ) ફૂંકું તો તમે તેની સામે સિજ્દહમાં પડી જજો. (૭૨) પછી સિજ્દહ કર્યો ફરિશ્તાઓએ સૌએ એકઠા થઈને. (૭૩) પરંતુ ઈબ્લીસે અભિમાન કર્યું અને તે ઈન્કારીઓમાંથી હતો. (૭૪) તેણે (અલ્લાહ તઆલાએ) કહ્યું, હે ઈબ્લીસ ! તને કઈ વસ્તુએ તેને સિજ્દહ કરવાથી અટકાવ્યો જેને મેં પોતા(ની કુદરત)ના બંને હાથોથી બનાવ્યો ? આ તેં અભિમાન કર્યું અથવા તું મોટા દરજ્જાવાળાઓમાંથી હતો ? (૭૫) તેણે (શયતાને) કહ્યું, હું તેનાથી બહેતર છું, મને તેં આગથી બનાવ્યો અને તેને માટીથી બનાવ્યો. (૭૬) તેણે (અલ્લાહ તઆલાએ) કહ્યું, તો તું અહીંયાંથી નીકળી જા ! બેશક તું મરદૂદ થયો. (૭૭) અને બેશક તારા ઉપર મારી લા'નત છે તે બદલાના દિવસ

(કિયામત) સુધી. (૭૮) તેણે (શયતાને) કહ્યું, હે પરવરદિગાર ! મને ઢીલ આપ તે દિવસ સુધી જ્યારે મુરદાઓ જીવી ઉઠશે. (૭૯) કહ્યું, તો બેશક ! (જા !) તને મહોલત છે. (૮૦) તે જ નિશ્ચિત થયેલા દિવસના સમય સુધી. (૮૧) તેણે (શયતાને) કહ્યું, તો તારી ઈજ્જતની કસમ છે હું તે સૌને ગુમરાહ કરીશ. (૮૨) પરંતુ તેમનામાંથી તે બંદાઓ જે તારા ખાસ ચુનંદા હોય. (૮૩) તેણે (અલ્લાહ તઆલાએ) કહ્યું, તો સાચી વાત આ છે અને હું સાચું જ કહું છું. (૮૪) મારે દોઝખ ભરવાની છે તારાથી અને જે તેમનામાં તારા માર્ગે ચાલે તે સૌથી. (૮૫) (હે નબી ﷺ !) તમે કહો ! હું તમારી પાસેથી તે(તબ્લીગ)ના ઉપર કોઈ બદલો માંગતો નથી અને હું બનાવટ કરનારાઓમાંથી (પણ) નથી. (૮૬) આ તો એક બોધપાઠ છે સમગ્ર દુનિયાવાળાઓ માટે. (૮૭) અને તેનો અહેવાલ થોડા સમય પછી જાણી લેશો. (૮૮)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે (તમે જે રિસાલત અને તવહીદના મસ્અલામાં મને જૂઠાડો છો અને ઈન્કાર કરો છો તો તે તમારું જ નુકસાન છે, મને કંઈ જ નુકસાન નથી કારણ કે) હું તો (તમને માત્ર અલ્લાહ તઆલાના અઝાબથી) ડરાવનાર (પયગમ્બર) છું અને (જે રીતે મારું ડરાવનાર અને રસૂલ હોવું વાસ્તવિક છે એવી જ રીતે તવહીદ પણ વાસ્તવિક છે એટલે કે) એક ગાલિબ અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના પાત્ર નથી, તે પરવરદિગાર છે આસમાનો અને જમીનનો અને તે વસ્તુઓનો જે તેમની મધ્યે છે (અને તે) જબરદસ્ત (અને ગુનાહોને) મોટો બખ્શનારો છે (અને કારણ કે તવહીદના કોઈ દરજ્જાને તો તેઓ માનતા જ ન હતા અને રિસાલતના બિલકુલ જ ઈન્કારી હતા એટલા માટે રિસાલતની વધારે તહકીક માટે કહેવામાં આવ્યું છે કે હે પયગમ્બર ﷺ !) તમે કહી આપો કે આ (એટલે કે અલ્લાહ તઆલાનું મને તવહીદ અને શરીઅતની તા'લીમ માટે રસૂલ બનાવવું) એક મહાન બાબત છે જે(ની તમારે સંપૂર્ણ કાળજી રાખવી જોઈતી હતી પરંતુ અફસોસ છે કે તે)નાથી તમે (બિલકુલ જ) બેપરવા થઈ રહ્યા છો (અને તે મહાન બાબત હોવાનું કારણ એ છે કે આવી માન્યતા ધરાવ્યા સિવાય વાસ્તવિક છુટકારાની પ્રાપ્તિ અશક્ય છે, આગળ રસૂલે કરીમ

ﷺની રિસાલત સાબિત કરવા માટેની એક દલીલ છે તે એ કે) મને ઉપરના વિશ્વ(ની વાતચીત અને બહષ)ની (કોઈ માધ્યમ દ્વારા) કંઈ પણ ખબર ન હતી જ્યારે કે તેઓ (આદમ અલૈ.ની પેદાઈશ વિશે જેની વિગત આગળ આવી રહી છે અલ્લાહ તઆલા સાથે) વાતચીત કરી રહ્યા હતા (હવે હું જે આ વાતચીતની ઘટના બતાવી રહ્યો છું તો વિચારવાની વાત એ છે કે મને આ ઘટના ક્યાંથી જાણ થઈ ? મારી આંખોએ તો તેને જોયું નથી, અહલે કિતાબ સાથે પણ મારો એવો મેળમિલાપ નથી કે તેમનાથી જાણી લઉં; ખરેખર મને એની વહીના જ્ઞાન દ્વારા જ જાણકારી પ્રાપ્ત થઈ છે એટલા માટે સાબિત થઈ ગયું કે) મારી પાસે (જે) વહી (આવે છે જેનાથી ઉપરના વિશ્વનો અહેવાલ પણ જાણ થાય છે તો) માત્ર એ કારણે આવે છે કે હું (અલ્લાહ તઆલા તરફથી) સાફ સાફ ડરાવનાર (બનાવીને મોકલવામાં આવ્યો) છું (એટલે કે મને પયગમ્બરી મળી છે તેથી વહી નાઝિલ થઈ છે, બસ વાજિબ છે કે તમે મારી રિસાલતનું સમર્થન કરો અને ઉપરના વિશ્વની અલ્લાહ તઆલા સાથેની વાતચીત જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે તે સમયે થઈ હતી) જ્યારે કે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે હું (માટીના) ગાળાથી એક માનવીને (એટલે કે તેના પૂતળાને) બનાવનારો છું, બસ હું જ્યારે તેને (એટલે કે તેના શરીરના અવયવોને) સંપૂર્ણ બનાવી ચૂકું અને તેમાં પોતાના (તરફથી) પ્રાણ નાંખું તો તમે બધા તેની રૂબરૂ સિજ્દહમાં પડી જજો, બસ (જ્યારે અલ્લાહ તઆલાએ તેને બનાવી લીધો તો) બધા જ ફરિશ્તાઓએ (હઝરત આદમ અલૈ.ને) સિજ્દહ કર્યો પરંતુ ઇબ્લીસે (ન કર્યો); કે તે અહંકારમાં આવી ગયો અને કાફિરો માંહેનો થઈ ગયો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હે ઇબ્લીસ ! જે વસ્તુને મેં પોતાના હાથોથી બનાવી (એટલે કે જે વસ્તુને અસ્તિત્વમાં લાવવા માટે ખાસ અલ્લાહ તઆલાની ઇનાયત કેન્દ્રિત થઈ પછી તેની સામે સિજ્દહ કરવાનો હુકમ આપવામાં આવ્યો તો) તેને સિજ્દહ કરવાથી તને કઈ વસ્તુ અડચણરૂપ બની ? શું તું અહંકારમાં આવી ગયો ? (અને વાસ્તવમાં તું મોટો નથી) અથવા એ કે તું (વાસ્તવમાં એવો) મોટા દરજ્જાવાળાઓમાંથી છે ? (જેને સિજ્દહ કરવાનો હુકમ કરવો જ યોગ્ય નથી ?) કહેવા લાગ્યો કે (બીજી વાત સાચી છે એટલે કે) હું આદમથી ઉત્તમ છું (કારણ કે) તેં મને આગથી પેદા કર્યો છે અને આ (આદમ)ને માટીથી પેદા કર્યો છે (બસ મને હુકમ આપવો કે તેની

સામે સિજ્દહ કરું હિકમતથી વિપરીત છે) કહેવામાં આવ્યું તો (સારું, પછી) આસમાનથી નીકળી જા ! કારણ કે બેશક તું (આ હરકતથી) મરદૂદ થઈ ગયો અને બેશક ! તારા ઉપર મારી લા'નત રહેશે કયામતના દિવસ સુધી (અને ત્યારબાદ કૃપા પ્રાપ્ત કરવાની કોઈ સંભાવના નથી), કહેવા લાગ્યો (કે જો તું મને આદમના કારણે મરદૂદ કરે છે) તો પછી મને (મોતથી) મહોલત આપ કયામતના દિવસ સુધી (જેથી હું તેમનાથી અને તેમની અવલાદથી સારી પેઠે બદલો લઉં), કહેવામાં આવ્યું (જ્યારે તું મહોલત માંગે છે) તો (જા !) તને નિશ્ચિત થયેલ વખતના દિવસ સુધી મહોલત આપવામાં આવી; કહેવા લાગ્યો, (જ્યારે મને મહોલત મળી ગઈ) તો (મને પણ) તારી (જ) ઈજ્જતની કસમ (છે) કે હું તે સૌને માર્ગ ભટકાવીશ તારા તે બંદાઓ સિવાય જે તેમનામાં ખાસ ચુનંદા છે (એટલે કે તેં તેમને મારા પ્રભાવથી સુરક્ષિત રાખ્યા છે), કહેવામાં આવ્યું કે હું સાચું કહું છું અને હું તો (સદાય) સાચું જ કહ્યા કરું છું કે હું તને અને જે તેમનામાં તારો સાથ આપે તે બધાથી દોઝખ ભરી દઈશ.

(સૂરતની શરૂઆતની આયતોથી સ્પષ્ટ છે કે આ સૂરતનો મૂળ હેતુ રસૂલે કરીમ ﷺની રિસાલતની સાબિતી વર્ણન કરવાનો છે અને પ્રસ્તુત વિષય ઉપર દલીલો તો આપવામાં આવી ચૂકી, હવે શિખામણ સ્વરૂપે ઈમાન લાવવાનું આમંત્રણ આપવામાં આવે છે) તમે (દલીલ પૂરી કરવા માટે) કહી આપો કે હું તમારાથી આ (કુર્આનની તબ્લીગ) ઉપર ન તો કંઈ વળતર ઈચ્છું છું અને ન જ હું બનાવટ કરનારાઓમાંથી છું (કે બનાવટના માર્ગે નુબુવ્વતનો દા'વો કર્યો હોય અને જે કુર્આન ન હોય તેને કુર્આન કહી દીધું હોય, એટલે કે જો જૂઠું બોલતો હોત તો તેનો હેતુ યા તો કોઈ ભૌતિક લાભ હોત જેમકે વળતર વગેરે યા તો કોઈ સ્વાભાવિક ટેવ હોત જેમકે મોટાઈ વગેરે. બસ આ બંને વાતોનું અસ્તિત્વ નથી બલકે વાસ્તવમાં) આ કુર્આન તો (અલ્લાહ તઆલાનું કલામ અને) સમગ્ર દુનિયાવાળાઓ માટે બસ એક બોધપાઠ છે (જેની તબ્લીગ માટે મને નુબુવ્વત મળી છે અને જેમાં સદંતર તમારો જ લાભ છે) અને (જો સત્યને સ્પષ્ટ કર્યા છતાં પણ તમે નથી માનતા તો) થોડા જ દિવસો પછી તમને તેની પરિસ્થિતિ જાણ થઈ જશે (એટલે કે મૃત્યુની સાથે જ હકીકત ખુલી જશે કે આ સત્ય હતું અને તેનો ઈન્કાર કરવો ખોટું હતું પરંતુ તે સમયે જાણ થવાથી કોઈ લાભ થશે નહીં).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતના વિષયોનો ખુલાસો :

قُلْ اِنَّمَآ اَنَا مُنْذِرٌ સૂરતની શરૂઆતમાં તમે જોઈ ચૂક્યા છો કે આ સૂરતનો મૂળ હેતુ રસૂલે કરીમ ﷺની રિસાલતની સાબિતી અને કાફિરોનો રદિયો છે, આ જ સંદર્ભમાં અંબિયા (અલૈ.)ના કિસ્સાઓ બે કારણોના લઈ વર્ણન કરવામાં આવ્યા હતા, એક એ કે રસૂલે કરીમ ﷺને સાંત્વના મળે અને અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની જેમ આપ ﷺ પણ કાફિરોની બેહૂદી વાતો ઉપર ધૈર્ય દાખવે, બીજું એ કે આ કિસ્સાઓથી પોતે તે લોકો બોધપાઠ પ્રાપ્ત કરે જે એક સાચા નબીની રિસાલતનો ઈન્કાર કરી રહ્યા છે, ત્યારબાદ એક અન્ય પદ્ધતિથી કાફિરોને ઈસ્લામનું આમંત્રણ આપવામાં આવ્યું અને તે એ રીતે કે મો'મિનોનું નેક પરિણામ આવવાનો અને કાફિરોને કઠોર અઝાબ થવાનો નકશો ખેંચવામાં આવ્યો અને એ વાત ઉપર ચેતવણી આપવામાં આવી કે જે લોકોનું અનુસરણ કરવામાં આજે તમે રસૂલે કરીમ ﷺને જૂઠાડી રહ્યા છો આખિરતના દિવસે તે જ લોકો તમારી સહાયતા કરવાથી હાથ ઊંચા કરી દેશે, તેઓ તમને બુરું ભલું કહેશે અને તમે તેમના ઉપર લા'નત મોકલશો.

આ બધા જ વિષયો પછી અંતે ફરી મૂળ મુદ્દાની વાત એટલે કે રિસાલતની સાબિતીનું વર્ણન કરવામાં આવ્યું છે અને દલીલો રજૂ કરવાની સાથે સાથે શિખામણના સ્વરૂપમાં આમંત્રણ આપવામાં આવ્યું છે.

مَا كَانَ لِيَ مِنْ عِلْمٍ بِالْمَلَاِ الْاَعْلٰى اِذْ يَخْتَصِمُوْنَ (મને ઉપરના વિશ્વની કંઈપણ ખબર ન હતી જ્યારે કે તેઓ વાતચીત કરી રહ્યા હતા) એટલે કે આ મારી રિસાલતની સ્પષ્ટ દલીલ છે કે હું તમને ઉપરના વિશ્વની એવી વાતો વર્ણન કરું છું જે વહી સિવાય કોઈપણ માધ્યમ દ્વારા જાણ થઈ શકતી નથી, આ વાતોથી ભાવાર્થ એક તો તે વાતચીત છે જે હઝરત આદમ (અલૈ.)ના સર્જન સમયે અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓ વચ્ચે થઈ હતી અને જેનું વર્ણન સૂરએ બકરહમાં આવી ચૂક્યું છે, ફરિશ્તાઓએ કહ્યું હતું કે, اَتَجْعَلُ فِيْهَا مَنْ يُّفْسِدُ فِيْهَا وَيَسْفِكُ الدِّمَآءَ (શું તમે પૃથ્વીમાં એવા માનવીને પેદા કરી રહ્યા છો જે ત્યાં ફસાદ ફેલાવે અને ખૂનરેજી આચરે ?) આ વાતચીતને અહીંયાં اِخْتِصَام

(ઈખ્તેસામ)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યો છે જેનો શાબ્દિક અર્થ "ઝઘડો કરવો અથવા વાદ વિવાદ કરવો" થાય છે, જ્યારે કે ઘટના એ છે કે ફરિશ્તાઓનો આ સવાલ કોઈ વાંધો ઉઠાવવા માટે અથવા વાદ વિવાદ માટે ન હતો, બલકે તેઓ માત્ર હઝરત આદમ (અલૈ.)ના સર્જનની હિકમત જાણવા ઈચ્છતા હતા પરંતુ પ્રશ્ન અને ઉત્તરનું જાહેર સ્વરૂપ કારણ કે વાદ વિવાદ જેવું લાગતું હતું એટલા માટે તેને "ઈખ્તેસામ"ના શબ્દથી ઓળખાવવામાં આવ્યું અને આ એવું જ છે જેમકે જ્યારે કોઈ નાનો માણસ કોઈ મોટાને સવાલ કરે છે તો અમુક સમયે મોટો વ્યક્તિ તેનું વર્ણન કરતાં તે નિખાલસ પ્રશ્નોત્તરીને વાદ વિવાદ સ્વરૂપે ઓળખાવે છે.

اِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ (જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું....) અહીંયાં હઝરત આદમ (અલૈ.)ની જે ઘટના વર્ણન કરવામાં આવી છે તેને અલ્લાહ તઆલા અને ફરિશ્તાઓની પ્રસ્તુત વાતચીત સાથે સાથે એ વાત તરફ પણ ધ્યાન અપાવવામાં આવ્યું છે કે જે રીતે ઈબ્લીસે માત્ર ઈર્ષ્યા અને અભિમાનના કારણે હઝરત આદમ (અલૈ.)ને સિજ્દહ કરવાથી ઈન્કાર કરી દીધો હતો એ જ રીતે અરબના મુશ્રિકો પણ ઈર્ષ્યા અને અભિમાનના કારણે આપ ﷺની વાત માની રહ્યા નથી અને જે પરિણામ ઈબ્લીસનું આવ્યું તે જ તેમનું પણ આવશે. *(તફસીરે કબીર)*

لِمَا خَلَقْتُ بِيَدَىَّ અત્રે હઝરત આદમ (અલૈ.) વિશે અલ્લાહ તઆલાનું એ ફરમાન છે કે મેં પોતાના હાથોથી તેમને પેદા કર્યા. જમહૂર ઉમ્મતની એ બાબત ઉપર સહમતી છે કે "હાથો"નો ભાવાર્થ એ નથી કે અલ્લાહ તઆલાને એવા જ હાથ છે જે રીતે કે ઈન્સાનોના છે, કારણ કે અલ્લાહ તઆલા શારીરિક અવયવો અને તેની કલ્પનાથી ઉપરવટ છે એટલા માટે તેનો ભાવાર્થ અલ્લાહ તઅલાની કુદરત છે અને અરબી ભાષામાં શબ્દ يَدْ (યદ) શક્તિ અને કુદરતના અર્થમાં મોટે ભાગે વપરાય છે, દાખલા તરીકે ઈરશાદ છે, بِيَدِهٖ عُقْدَةُ النِّكَاحِ એટલા માટે આયતનો ભાવાર્થ એ છે કે "મેં આદમને પોતાની કુદરતથી પેદા કર્યા" અને આમ તો સમગ્ર કાઈનાત, બધી જ વસ્તુઓ અલ્લાહની કુદરતથી જ પેદા થઈ છે પરંતુ જ્યારે અલ્લાહ તઆલા કોઈ વસ્તુની ખાસ અગત્યતા જાહેર કરવા ઈચ્છે છે તો તેને ખાસ પોતાની સાથે સંબંધ જોડીને કહે છે, જેમકે કા'બાને

"બયતુલ્લાહ" હઝરત સાલિહ (અલૈ.)ની ઊંટણીને "નાકતુલ્લાહ" અને હઝરત ઈસા (અલૈ.)ને "કલિમતુલ્લાહ અથવા રૂહુલ્લાહ" કહેવામાં આવ્યું છે. અહીંયાં પણ આ સંબંધ હઝરત આદમ (અલૈ.)ની શ્રેષ્ઠતા જાહેર કરવા માટે બોલવામાં આવ્યો છે. *(કુર્તુબી)*

બનાવટ (تَکَلُّفْ اور تَصَنُّعْ) કરવાની નીંદા :

وَمَآ اَنَا مِنَ الْمُتَکَلِّفِیْنَ (અને હું બનાવટ કરનારાઓમાંથી નથી) તેનો ભાવાર્થ એ છે કે હું જૂઠી રીતે બનાવટ કરીને પોતાની નુબુવ્વત અને રિસાલત તથા ઈલ્મ અને હિકમતની જાહેરાત નથી કરી રહ્યો બલકે અલ્લાહ તઆલાના હુકમને ઠીક ઠીક યથા-તથા પહોંચાડી રહ્યો છું, આથી જાણ થઈ કે અહંકાર અને બનાવટ શરઈ રીતે નીંદનીય છે એટલા માટે તેની ટીકામાં અમુક હદીષો વર્ણન થઈ છે, સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)નો ઈરશાદ નકલ થયો છે કે,

"હે લોકો ! તમારામાંથી જે વ્યક્તિને કોઈ વાતનું જ્ઞાન હોય તે તો લોકોથી કહી આપે પરંતુ જેનું જ્ઞાન ન હોય તો તે "અલ્લાહુ અઅ્લમુ" (અલ્લાહ જાણે છે) કહેવા ઉપર પુરતું સમજી લે. (કારણ કે) અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺ વિશે ફરમાવ્યું છે, قُلْ مَآ اَسْئَلُکُمْ عَلَیْهِ مِنْ اَجْرٍ وَّمَآ اَنَا مِنَ الْمُتَکَلِّفِیْنَ" *(રૂહુલ મઆની)*

□□□□□□□□□□□□

સૂરએ સૉદ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

તારીખ : ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૦ મુતાબિક ૬ શવ્વાલ હિજરી સન ૧૪૩૧

Jehangir

પ્રકરણ (૩૯)

સૂરએ ઝુમર

સૂરએ ઝુમર મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૭૫ આયતો અને ૮ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૧ થી ૬)

ایاتها ٧٥ — ٣٩ سُوْرَةُ الزُّمَرِ مَكِّيَّةٌ ٥٩ — ركوعاتها ٨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١﴾ اِنَّآ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ
بِالْحَقِّ فَاعْبُدِ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ ﴿٢﴾ اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ ۭ
وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَاۗءَ ۘ مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَآ اِلَى اللّٰهِ وقف لازم
زُلْفٰى ۭ اِنَّ اللّٰهَ يَحْكُمُ بَيْنَهُمْ فِيْ مَا هُمْ فِيْهِ يَخْتَلِفُوْنَ ڛ اِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ
هُوَ كٰذِبٌ كَفَّارٌ ﴿٣﴾ لَوْ اَرَادَ اللّٰهُ اَنْ يَّتَّخِذَ وَلَدًا لَّاصْطَفٰى مِمَّا يَخْلُقُ مَا
يَشَاۗءُ ۙ سُبْحٰنَهٗ ۭ هُوَ اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿٤﴾ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
بِالْحَقِّ ۚ يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ وَيُكَوِّرُ النَّهَارَ عَلَى الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ
وَالْقَمَرَ ۭ كُلٌّ يَّجْرِيْ لِاَجَلٍ مُّسَمًّى ۭ اَلَا هُوَ الْعَزِيْزُ الْغَفَّارُ ﴿٥﴾ خَلَقَكُمْ مِّنْ
نَّفْسٍ وَّاحِدَةٍ ثُمَّ جَعَلَ مِنْهَا زَوْجَهَا وَاَنْزَلَ لَكُمْ مِّنَ الْاَنْعَامِ ثَمٰنِيَةَ اَزْوَاجٍ ۭ
يَخْلُقُكُمْ فِيْ بُطُوْنِ اُمَّهٰتِكُمْ خَلْقًا مِّنْۢ بَعْدِ خَلْقٍ فِيْ ظُلُمٰتٍ ثَلٰثٍ ۭ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ
لَهُ الْمُلْكُ ۭ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ فَاَنّٰى تُصْرَفُوْنَ ﴿٦﴾

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

આ કિતાબનું ઉતારવું જબરદસ્ત હિકમતોવાળા અલ્લાહ તરફથી છે. (૧) અમે તમારા તરફ સત્યતાપૂર્વક કિતાબ ઉતારી છે, બસ માત્ર અલ્લાહની જ બંદગી તેના માટે ખાસ કરીને કર્યા કરો. (૨) સાંભળો છો ?! અલ્લાહના જ માટે છે ખાલિસ બંદગી અને જેમણે તેના સિવાયના હિમાયતીઓને પકડી રાખ્યા છે કે અમે તો તેમને એટલા માટે પૂજીએ છીએ કે અમને અલ્લાહ તરફ નિકટના દરજ્જાએ પહોંચાડી આપે; બેશક ! અલ્લાહ તેમનામાં ફેંસલો કરી આપશે જે બાબતમાં તેઓ વિવાદ કરી રહ્યા છે, બેશક ! અલ્લાહ તેને માર્ગ નથી આપતો જે જૂઠો, સત્યને ન માનનારો હોય. (૩) જો અલ્લાહે ઈચ્છયું હોત કે સંતાન ધારણ કરે તો પોતાની મખ્લૂકમાંથી ચૂંટી લીધું હોત જે કંઈ ઈચ્છયું હોત, (પરંતુ) તે (આ બધી એબોથી) પવિત્ર છે, તે જ અલ્લાહ છે એકલો, કહેરવાળો. (૪) બનાવ્યા આસમાન અને જમીન ઠીક(-ઠીક), રાત્રિને દિવસ ઉપર વીંટે છે અને દિવસને રાત્રિ ઉપર વીંટે છે અને કામે લગાડી દીધા સૂર્ય તથા ચંદ્રને, દરેક એક નિશ્ચિત સમય સીમા સુધી ગતિ કરે છે; સાંભળો છો ?! તે જ છે જબરદસ્ત ગુનાહ બખ્શનારો. (૫) તમને એક જીવથી બનાવ્યા, પછી તેનાથી જ તમારું જોડું બનાવ્યું અને તમારા માટે જાનવરોમાંથી આઠ નર માદા ઉતાર્યા, તમને બનાવે છે માતાના ગર્ભમાં એક સ્થતિમાં બીજી સ્થિતિ પછી ત્રણ અંધારાઓની વચ્ચે, તે અલ્લાહ છે તમારો પરવરદિગાર, તેનું જ શાસન છે, તેના સિવાય કોઈની બંદગી નથી; પછી ક્યાં અવળા જાઓ છો !? (૬)

તફસીર :

આ નાઝિલ કરેલી કિતાબ છે અલ્લાહ ગાલિબ હિકમતવાળા તરફથી (કે ગાલિબ હોવું એ બાબતનો તકાદો હતો કે જે તેને જૂઠાડે તેને સજા આપવામાં આવે પરંતુ કારણ કે હિકમતવાળો પણ છે અને મહોલત આપવામાં હિત હતું એટલા માટે સજામાં મહોલત આપી રાખી છે) અમે સત્યતાપૂર્વક આ કિતાબને તમારા તરફ નાઝિલ કરી છે, બસ તમે (કુર્આનની તા'લીમ પ્રમાણે) ખાલિસ અકીદહ

રાખીને અલ્લાહ તઆલાની ઈબાદત કરતા રહો (જેમકે અત્યાર સુધી કરતા રહ્યા છો અને જ્યારે આપ ﷺ ઉપર પણ આ વાજિબ છે તો અન્યો ઉપર તો કેમ વાજિબ ન થાય ?! હે લોકો !) યાદ રાખો, ઈબાદત કે જે (શિર્ક અને દેખાડાથી) ખાલિસ હોય અલ્લાહના જ માટે છે અને જે લોકોએ (ઈબાદતમાં નિખાલસતા છોડીને) અલ્લાહના સિવાય અન્યોને ભાગીદાર ઠરાવી રાખ્યા છે (અને કહે છે) કે અમે તો તેમની પૂજા માત્ર એટલા માટે કરીએ છીએ કે અમને અલ્લાહના નિકટવર્તી બનાવી આપે (એટલે કે અમારી સ્તુતિ અને પૂજાને અલ્લાહ તઆલા સમક્ષ રજુ કરી આપે જેમકે દુનિયામાં વજીરો અને દરબારીઓ બાદશાહોના આવા કામ કરતા હોય છે) તો તેમના (અને તેમનાથી વિપરીત ઈમાનવાળાઓના) પરસ્પર વાદ વિવાદનો (કયામતના દિવસે) અલ્લાહ તઆલા (અમલી રીતે) ફેંસલો કરી આપશે (કે તવહીદની માન્યતા ધરાવનારાઓને જન્નતમાં અને મુશ્રિકોમાં દોઝખમાં દાખલ કરશે, એટલે કે તે લોકોના ન માનવા ઉપર આપ ﷺ ગમ ન કરો, તેમનો ફેંસલો ત્યાં થશે અને એ બાબતનું આશ્ચર્ય ન કરો કે દલીલો સ્થાપિત થઈ ગયા છતાં તેઓ સત્ય વાતનો સ્વીકાર કેમ કરતા નથી ? કારણ કે) અલ્લાહ તઆલા એવા વ્યક્તિને માર્ગ ઉપર નથી લાવતો જે (બોલવામાં) જૂઠો અને (અકીદહમાં) કાફિર હોય (એટલે કે મોઢેથી કુફ્રિય્યહ નિવેદનો કરે અને દિલથી કુફ્રના અકીદાઓ ઉપર અડીખમ હોય અને તેનાથી પાછો ન ફરવાનો અને સત્ય પામવાનો ઈરાદો જ ન કરતો હોય તો તેની આ દુશ્મનાવટના કારણે અલ્લાહ તઆલા પણ તેને હિદાયતની તવફીક નથી આપતો અને કારણ કે મુશ્રિકોમાં અમુક અલ્લાહ તઆલાને સંતાનો હોવાની માન્યતા ધરાવતા હતા જેમકે ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ કહેતા હતા, આગળ એ બાબતનો રદિયો આપવામાં આવ્યો છે કે) જો (ધારી લો કે) અલ્લાહ તઆલા (કોઈને અવલાદ બનાવત તો અલ્લાહ તઆલાના ઈરાદા વિના કારણ કે કોઈ કૃત્ય સંભવ જ નથી અને જો અલ્લાહ તઆલા)એ કોઈને અવલાદ બનાવવાનો ઈરાદો કર્યો હોત તો (કારણ કે અલ્લાહ સિવાય બધી જ અલ્લાહ તઆલાની મખ્લૂક છે એટલા માટે) અવશ્ય પોતાની મખ્લૂકમાંથી (જ) જેને ચાહત (આ બાબત માટે) ચૂંટી કાઢત, (અને આ અવશ્ય બાતિલ બાબત છે કારણ કે) તે (સઘળી એબો ખામીઓથી) પવિત્ર છે, (અને મખ્લૂકમાંથી કોઈને અવલાદ માટે

ચૂંટી કાઢવું અશક્ય છે અને અશક્યનો ઈરાદો કરવો પણ અશક્ય છે, આથી સાબિત થાય છે કે) તે એવો અલ્લાહ છે જે એકમાત્ર છે (કે તેનો કોઈ ભાગીદાર નથી અને) જબદસ્ત છે (તેનો કોઈ ભાગીદાર શક્તિમાં પણ નથી, કારણ કે તેના જેવી શક્તિ અને ક્ષમતાવાળો કોઈ છે જ નથી, આગળ તવહીદની દલીલ આપવામાં આવે છે કે) તેણે જમીન અને આસમાનને હિકમતથી પેદા કર્યા, તે રાત(ના અંધકાર)ને દિવસના (પ્રકાશ) ઉપર લપેટે છે (જેનાથી દિવસ ગાયબ થઈ જાય છે અને રાત આવી પડે છે) અને દિવસ(ના પ્રકાશ)ને રાત(ના અંધકાર) ઉપર લપેટે છે (જેનાથી રાત ગાયબ અને દિવસ આવી જાય છે) અને તેણે સૂર્ય અને ચંદ્રને કામે લગાડી રાખ્યા છે કે (તેમનામાં) દરેક નિશ્ચિત સમય સુધી ચાલતા રહેશે, યાદ રાખો કે (આ દલીલો પછી તવહીદના ઈન્કારથી અઝાબનો ખતરો છે અને અલ્લાહ તઆલા એ બાબત ઉપર કાબૂ પણ ધરાવે છે કારણ કે) તે જબરદસ્ત છે, (પરંતુ ઈન્કાર પછી પણ જો કોઈ સ્વીકાર કરી લે તો ભૂતકાળના ઈન્કાર ઉપર અઝાબ આપશે નહીં કારણ કે તે) મહાન બખ્શનારો (પણ) છે (તેનાથી તવહીદનું પ્રોત્સાહન અને શિર્કની ચેતવણી મળી ગઈ અને ઉપર અવકાશી પદાર્થોના ઘટનાચકથી દલીલો કરવામાં આવી હતી અને હવે માનવ શરીર સાથે જોડાયેલ ભૌતિક બાબતોના સંદર્ભમાં દલીલ કરવામાં આવી રહી છે એટલે કે) તેણે તમને એક શરીર (એટલે કે હઝરત આદમ અલૈ.)થી પેદા કર્યા (કે પ્રથમ તે એક શરીર પેદા થયું) પછી તેનાથી જ તેનું જોડું બનાવ્યું (તેનો ભાવાર્થ હવ્વા અલૈ. છે, આગળ ફરી તેનાથી જ બધા માનવીઓ ફેલાવવામાં આવ્યા) અને (પેદા કર્યા પછી) તમારા (લાભ માટે તથા અસ્તિત્વ ટકાવી રાખવા માટે) આઠ નર માદા ચોપગાઓ પેદા કર્યા (જેનું વર્ણન આઠમાં સિપારાના ચોથા રુકૂઅ્ وَهُوَ الَّذِىٓ اَنْشَاَ جَنّٰتٍ માં આવ્યું છે અને તેને એટલા માટે ખાસ રીતે વર્ણન કર્યું છે કે તે વધારે કામમાં આવે છે. આ જ તે વિભાગ છે જે ભૌતિક બાબતોની દલીલોમાં સ્વાભાવિક રીતે વર્ણન થઈ ગયો અને સ્વાભાવિક રીતે એટલા માટે કહેવામાં આવ્યું છે કે અહીંયાં હેતુ માનવીના અસ્તિત્વને ટકાવી રાખવાની બાબત વર્ણન કરવાનો છે અને આ તે અસ્તિત્વને ટકાવી રાખવાના કારણોમાંથી છે, આગળ માનવવંશના જન્મ વિશેના સ્વરૂપ વિશે વર્ણન કરવામાં આવ્યું છે કે) તે તમને માતાઓના પેટમાં એક સ્થિતિ પછી બીજી સ્થિતિ ઉપર (અને બીજી

સ્થિતિ પછી ત્રીજી સ્થિતિ ઉપર, મતલબ કે વિવિધ સ્થિતિઓમાં) બનાવે છે (કે પ્રથમ નુત્ફહ હોય છે, પછી عَلَقَةً "અલકહ" પછી مُضْغَةً "મુદ્ગહ" પછી અંતે આ બનાવવું) ત્રણ અંધારાઓમાં (હોય છે, એક અંધારું પેટનું, બીજું અંધારું ગર્ભાશયનું અને ત્રીજું અંધારું તે પડદાનું જે બાળકની ચોતરફ લપેટાયેલો હોય છે, આ વિવિધ સ્વરૂપો વિવિધ અંધારાઓમાં માનવને બનાવવું એ કુદરતની દલીલ છે અને ત્રણ અંધારાઓમાં પેદા કરવું તેના જ્ઞાનની દલીલ છે) આ છે અલ્લાહ તઆલા તમારો પરવરદિગાર (જેની સિફતો હમણાં તમે સાંભળી) તેનું જ રાજ્યશાસન છે, તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, બસ (આ દલીલો પછી) તમે ક્યાં (સત્યથી) અવળા ચાલી જઈ રહ્યા છો ? (બલકે વાજિબ છે કે તવહીદનો સ્વીકાર કરો અને શિર્કને છોડી દો).

મસ્અલા અને બોધપાઠ :

فَاعْبُدِ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ શબ્દ دِيْن (દીન)નો અર્થ આ સ્થળે "ઈબાદત અથવા આજ્ઞાપાલન" છે જેમાં બધા જ દીની હુકમોની પાબંદીનો જાહેર અર્થ સામેલ છે, તેના આગલા વાક્યમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને હુકમ આપવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલાની ઈબાદત અને આજ્ઞાપાલનને ખાલિસ તેના જ માટે કરી લો જેમાં કોઈ ગયરૂલ્લાહની ભાગીદારી અથવા દેખાડો કે નામનાનો પ્રભાવ ન હોય, બીજું વાક્ય તેની જ તાકીદ માટે છે કે ઈખ્લાસે દીન માત્ર અલ્લાહ તઆલા માટે જ છે તેના સિવાય અન્ય કોઈ તેનો હકદાર નથી.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને અરજ કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! હું અમુક સમયે કોઈ સદકહ અને ખયરાત કરું છું અથવા કોઈના ઉપર અહેસાન કરું છું જેમાં મારી નિય્યત અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવી પણ હોય છે અને એ પણ કે લોકો મારા વખાણ અને તા'રીફ કરશે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, કસમ છે તે જાતની જેના કબ્જામાં મુહમ્મદ (ﷺ)ના પ્રાણ છે કે અલ્લાહ તઆલા કોઈ એવી વસ્તુને કબૂલ કરતો નથી જેમાં કોઈ ગયરને સામેલ કરવામાં આવ્યો હોય, પછી રસૂલે કરીમ ﷺએ પ્રસ્તુત આયત દલીલ સ્વરૂપે તિલાવત કરી, اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ

(કુર્તુબી)

અમલોની સ્વીકૃતી અલ્લાહ તઆલા સમીપ ઇખ્લાસ (નિખાલસ)ના પ્રમાણ ઉપર છે :

અનેક કુર્આનની આયતો એ બાબતની સાક્ષી છે કે અલ્લાહના ત્યાં કર્મોનો હિસાબ ગણતરીથી નથી બલકે વજનથી થાય છે. وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ (૨૧:૪૭) અને પ્રસ્તુત આયતે બતાવી આપ્યું છે કે અલ્લાહ તઆલા સમીપ કર્મોની કદર અને વજન ઈખ્લાસના પ્રમાણમાં હોય છે અને એ દેખીતું છે કે ઈખ્લાસની વિશિષ્ટતા ઈમાનની વિશિષ્ટતા વિના પ્રાપ્ત થતી નથી, કારણ કે સંપૂર્ણ ઈખ્લાસ એ છે કે ન તો અલ્લાહ તઆલાના સિવાય કોઈને લાભ અને નુકસાનનો માલિક સમજે અને ન જ પોતાના કાર્યોમાં કોઈ ગયરૂલ્લાહને કાબૂ પ્રાપ્ત છે એવો વિચાર કરે અને ન જ કોઈ ઈબાદત અને આજ્ઞાપાલનમાં ગયરૂલ્લાહનું પોતાની કલ્પનાથી ધ્યાન કેન્દ્રિત કરે, અનિચ્છાવર્તી ભ્રમણાઓને અલ્લાહ તઆલા મા'ફ કરી દે છે.

સહાબએ કિરામ (રદિ.) જેઓ મુસલમાનોની પ્રથમ હરોળ છે, ભલે તેમના અમલો અને રિયાઝતની સંખ્યા કંઈ વધારે નજરે ન પડે પરંતુ આમ છતાં તેમનો એક સામાન્ય અમલ બાકી ઉમ્મતના મોટા મોટા અમલોથી વધીને હોવાનું કારણ તેમના ઈમાનની સંપૂર્ણતા અને ઈખ્લાસની સંપૂર્ણતા જ તો છે !

وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ ۘ مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَآ اِلَى اللّٰهِ زُلْفٰى આ અરબના મુશ્રિકોની પરિસ્થિતિ છે અને તે સમયના મુશ્રિકોમાં પણ લગભગ એ જ અકીદહ હતો કે સર્જનહાર અને માલિક તથા તમામ કાર્યોનો કાબૂ ધરાવનાર તો માત્ર અલ્લાહ તઆલા જ છે, શયતાને તેમને બહેકાવ્યા કે પોતાની માન્યતા પ્રમાણે ફરિશ્તાઓની શકલોની મૂર્તિઓના શિલ્પ બનાવવા લાગ્યા અને એવું જાણવા છતાં કે આ મૂર્તિઓ અમારી ઘડેલી છે, તેમને કોઈ બુદ્ધિ અથવા સમજ તથા શક્તિ કે સામર્થ્ય પ્રાપ્ત નથી; તેમનો અકીદહ એવો હતો કે આ મૂર્તિઓની ઈજ્જત અને સન્માનથી તે ફરિશ્તાઓ અમારાથી ખુશ થાય છે જેમની શકલોની મૂર્તિઓ બનાવવામાં આવી છે અને ફરિશ્તાઓ અલ્લાહ નજીક પ્રિય છે, તેમણે અલ્લાહ તઆલાના દરબારને દુનિયાના બાદશાહોના દરબાર સમાન ધારી લીધું કે જે રીતે રાજાનો નિકટવર્તી વ્યક્તિ કોઈનાથી ખુશ થાય તો તે બાદશાહ પાસે તેની સિફારસ કરીને તેને પણ બાદશાહનો પ્રિય બનાવી દે છે, આ લોકો પણ એવું

સમજતા હતા કે ફરિશ્તાઓ પણ બાદશાહી દરબારીઓની જેમ જેની ઈચ્છે સિફારસ કરી શકે છે પરંતુ તેમની સમગ્ર ધારણાઓ શયતાની ધોકો અને બાતિલ જ બાતિલ હતી, પ્રથમ તો આ મૂર્તિઓ વાસ્તવમાં ફરિશ્તાઓના સ્વરૂપ ઉપર આધારિત જ ન હતી અને હોય તો પણ અલ્લાહ તઆલાના પ્રિય ફરિશ્તાઓ પોતાની પૂજા કરવાથી કદી પણ ખુશ થવાના નથી, તેમને તો દરેક એવી વસ્તુથી સ્વાભાવિક રીતે સૂગ છે જે અલ્લાહ તઆલાને નાપસંદ છે, તદુપરાંત અલ્લાહ તઆલાના દરબારમાં તે આપમેળે સિફારસ પણ કરી શકતા નથી જ્યાં સુધી કે તેમને કોઈ ખાસ વ્યક્તિ વિશે સિફારસ કરવાની પરવાનગી ન મળે.

وَكَمْ مِّنْ مَّلَكٍ فِي السَّمٰوٰتِ لَا تُغْنِيْ شَفَاعَتُهُمْ شَيْئًا اِلَّا مِنْۢ بَعْدِ اَنْ يَّاْذَنَ اللّٰهُ لِمَنْ يَّشَآءُ وَيَرْضٰى (૫૩:૨૬)નો આ જ ભાવાર્થ છે.

તે સમયના મુશ્રિકો પણ આજના કાફિરો કરતાં સારા હતા :

આજના ભૌતિકતાના કાફિરો (નાસ્તિકો) તો અલ્લાહ તઆલાના અસ્તિત્વનો જ ઈન્કાર કરે છે તથા અલ્લાહની શા'નમાં સીધે સીધી ગુસ્તાખીઓ કરતા રહે છે, યુરોપથી આયાત કરેલું કુફ્ર ભલે તેમના રંગો વિવિધ પ્રકારના હોય કોઈ મૂડીવાદના પૂજારી છે તો કોઈ કૉમ્યુનિઝમના આ બાબત સૌમાં એકસમાન છે કે નઊઝુબિલ્લાહ તેઓની માન્યતા પ્રમાણે જાણે અલ્લાહ કોઈ વસ્તુ જ નથી, અમે જ પોતાની મરજીના માલિક છે, અમને અમારા કર્મો વિશે કોઈ પૂછતાછ કરનારું નથી, આ જ નીચ કક્ષાના કુફ્ર અને નાશુક્રીનું પરિણામ છે કે સમગ્ર દુનિયામાં શાંતિ અને સંતોષ, ચેન અને રાહતનું ઊઠમણું થઈ ચૂક્યું છે, રાહતના નવા નવા સામાન ઘણા બધા છે પરંતુ રાહત નષ્ટ થઈ ગઈ છે, ઈલાજ અને સારવારના નવા નવા યંત્રો તથા સંશોધનોની છૂટછાટ છે પરંતુ બીમારીઓ એટલી વધી ગઈ છે કે જે અગાઉના સમયમાં ક્યારેય સાંભળવામાં આવી ન હતી, ચોકી પેહરા, પોલીસ, છૂપી પોલીસ ડગલેને પગલે છે પરંતુ અપરાધની ગતિ દરરોજ વધી રહી છે, આ નવા યંત્રો અને રાહત તથા આરામની નવી નવી પદ્ધતિઓ વિશે જ્યારે વિચાર કરશો તો તે અલ્લાહ તઆલાની મખ્લૂક માટે પ્રાણનો ભય (વબાલ) બનેલી નજરે પડે છે, કુફ્રની સજા તો આખિરતમાં બધા જ કાફિરો માટે કાયમી જહન્નમ છે પરંતુ આ આંધળી નાશુક્રીની સજા કંઈક

દુનિયામાં પણ ભોગવવી પડે છે કે જેની આપેલી નેઅ્મતોનો ઉપયોગ કરી આકાશો ઉપર ચઢવાની ક્ષમતા પ્રાપ્ત થઈ તેનો જ ઇન્કાર કરી બેઠા ?!

درمیان خانہ گم کردیم صاحب خانہ را

لَوْ اَرَادَ اللّٰهُ اَنْ يَّتَّخِذَ وَلَدًا આ તે લોકોનો રદિયો છે જેઓ ફરિશ્તાઓને અલ્લાહ તઆલાના સંતાનો કહેતા હતા, તેમની આવી બાતિલ માન્યતા જો કે તદ્દત અશક્ય બાબત છે છતાં ધારી લો કે જો અલ્લાહ તઆલાને મઆઝલ્લાહ સંતાન હોત તો તે તેના ઈરાદા અને ઈચ્છા વિના હોવું અશક્ય છે એટલે કે બળજબરીએ સંતાનો તેના ઉપર થોપી નથી શકાતા, પછી જો ધારી લો કે તેનો ઈરાદો હોત તો તેની જાત સિવાય બધી તેની મખ્લૂક જ છે તેમનામાંથી કોઈને સંતાન બનાવી લીધું હોત અને જ્યારે કે સંતાનનું પોતાના પિતાની પ્રજાતિનું હોવું જરૂરી છે અને મખ્લૂક સર્જનહારની પ્રજાતિની નથી હોઈ શકતી એટલા માટે મખ્લૂક (સર્જન)ને સંતાન બનાવવાનો ઈરાદો કરવાની બાબત તદ્દન નિર્મૂળ થઈ ગઈ.

يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ અહીંયાં تَكْوِيْر (તક્વીર)નો અર્થ એક વસ્તુને બીજી વસ્તુ ઉપર નાંખીને તેને સંતાડી દેવાનો થાય છે, કુર્આને કરીમે દિવસ રાતના પરિવર્તનોને અહીંયાં સામાન્ય દષ્ટિના આધારે "તક્વીર" શબ્દથી ઓળખાવ્યું છે કે રાત આવે છે તો જાણે દિવસના પ્રકાશ ઉપર એક પડદો નાંખી દેવામાં આવ્યો અને દિવસ આવે છે તો જાણે રાતનું અંધારું પડદામાં ચાલ્યું જાય છે.

ચંદ્ર અને સૂર્ય બંને ગતિશીલ છે :

كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى આથી જાણ થઈ કે સૂર્ય અને ચંદ્ર બંને ગતિ કરે છે, અવકાશ તથા વેધશાળાઓના ભૌતિક સંશોધનો કુર્આને પાક અથવા કોઈ આકાશી કિતાબનો ચર્ચાનો વિષય નથી હોતો પરંતુ આ બાબતમાં જેટલી વાત ટૂંકમાં આવી જાય છે તેના ઉપર યકીન રાખવું ફરજ છે, ફિલસૂફીઓની પ્રાચીન તથા આધુનિક શોધખોળો તો મીણનું નાક છે, દરરોજ સિદ્ધાંતો બદલાતા રહે છે જ્યારે કે કુર્આનની સત્યતા તો અપરિવર્તનશીલ છે, પ્રસ્તુત ઉમ્મતને જેટલી વાત બતાવવામાં આવી કે ચંદ્ર અને સૂર્ય બંને ગતિ કરી રહ્યા છે તેના ઉપર યકીન

રાખવું ફરજ છે, હવે રહી એ બાબત કે આપણી સામે સૂર્યનું ઊગવું અને આથમવું પૃથ્વીની ગતિથી થાય છે, ન કે તે તારાઓની ગતિના કારણે. કુર્આને પાક ન તો તેને સાબિત કરે છે અને ન જ તેનો ઇન્કાર કરે છે, અનુભવથી જે કંઈ જાણ થાય તેને માનવામાં વાંધો નથી.

اَنْـزَلَ لَـكُـمْ مِّنَ الْاَنْـعَامِ ثَـمٰـنِيَةَ اَزْوَاجٍ ચોપગા જાનવરોના સર્જનને આ આયતમાં اِنْـــزَالُ એટલે કે આસમાનથી ઊતારેલ ઓળખાવીને એ તરફ ઈશારો કર્યો છે કે તેમના સર્જનમાં મોટી દખલગીરી તે પાણીની છે જે આસમાનથી ઊતરે છે એટલા માટે એવું કહી શકાય છે કે આ પણ જાણે આસમાનથી નાઝિલ થયા, કુર્આને કરીમે માનવ પોશાક માટે પણ આ જ શબ્દનો ઉપયોગ કર્યો છે.

وَاَنْـزَلْنَا عَلَيْكُمْ لِبَاسًا અને અમુક ભૌતિક વસ્તુઓ જેમકે લોખંડ માટે પણ આ શબ્દ આવ્યો છે. وَاَنْـزَلْـنَـا الْـحَدِيْدَ આ બધાનો ખુલાસો તે વસ્તુઓને પોતાની કુદરતથી પેદા કરવાનો અને મનુષ્યને અર્પણ કરવાનો થાય છે.

(કુર્તુબી)

خَلْقًا مِّنْ بَـعْـدِ خَلْقٍ فِىْ ظُلُمٰتٍ ثَلٰثٍ તેમાં અલ્લાહ તઆલાની કુદરતના તે સર્જનક્રમની અમુક નિશાની આપવામાં આવી છે જે મનુષ્યના સર્જનમાં કાર્યરત છે, પ્રથમ તો એ કે અલ્લાહની કુદરતમાં તો એ પણ હતું કે બાળકને પેટમાં એકી સાથે સંપૂર્ણ પેદા કરી આપે પરંતુ હિકમત અને મસ્લિહતના તકાદાથી એવું નથી કરવામાં આવતું, બલકે خَـلْقًا مِّنْ بَـعْدِ خَلْقٍ સર્જનનો ક્રમ અપનાવવામાં આવ્યો કે તે સ્ત્રી જેના પેટમાં એક નાની દુનિયા અસ્તિત્વમાં આવી રહી છે તે ધીરે ધીરે તેનો ભાર વેઠવાની ટેવ બનાવતી ચાલી જાય, બીજું આ અજોડ અને શ્રેષ્ઠ મખ્લૂકને જેમાં સેંકડો નાજુક નાજુક મશીનરી અને વાળ જેવી નસો તથા લોહી અને રૂહ પહોંચાડવા માટે લગાડવામાં આવી છે તે સામાન્ય કારીગરોની જેમ કોઈ ખુલ્લી જગ્યામાં પ્રકાશની સહાયતાથી નહીં બલકે ત્રણ અંધારાઓમાં એવા સ્થળે પેદા કરવામાં આવી છે જ્યાં કોઈની નજર તો શું કલ્પનાની પણ પહોંચ નથી. فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ (૨૩:૧૪)

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૭ થી ૧૦)

إِنْ تَكْفُرُوا فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنْكُمْ ۖ وَلَا يَرْضَىٰ لِعِبَادِهِ الْكُفْرَ ۖ وَإِنْ تَشْكُرُوا يَرْضَهُ
لَكُمْ ۗ وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ۗ ثُمَّ إِلَىٰ رَبِّكُمْ مَرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُونَ ۚ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٧﴾ وَإِذَا مَسَّ الْإِنْسَانَ ضُرٌّ دَعَا رَبَّهُ
مُنِيبًا إِلَيْهِ ثُمَّ إِذَا خَوَّلَهُ نِعْمَةً مِنْهُ نَسِيَ مَا كَانَ يَدْعُو إِلَيْهِ مِنْ قَبْلُ وَجَعَلَ لِلَّهِ
أَنْدَادًا لِيُضِلَّ عَنْ سَبِيلِهِ ۚ قُلْ تَمَتَّعْ بِكُفْرِكَ قَلِيلًا ۖ إِنَّكَ مِنْ أَصْحَابِ النَّارِ ﴿٨﴾
أَمَّنْ هُوَ قَانِتٌ آنَاءَ اللَّيْلِ سَاجِدًا وَقَائِمًا يَحْذَرُ الْآخِرَةَ وَيَرْجُو رَحْمَةَ رَبِّهِ ۗ قُلْ
هَلْ يَسْتَوِي الَّذِينَ يَعْلَمُونَ وَالَّذِينَ لَا يَعْلَمُونَ ۗ إِنَّمَا يَتَذَكَّرُ أُولُو الْأَلْبَابِ ﴿٩﴾ ع
قُلْ يَا عِبَادِ الَّذِينَ آمَنُوا اتَّقُوا رَبَّكُمْ ۚ لِلَّذِينَ أَحْسَنُوا فِي هَٰذِهِ الدُّنْيَا حَسَنَةٌ ۗ
وَأَرْضُ اللَّهِ وَاسِعَةٌ ۗ إِنَّمَا يُوَفَّى الصَّابِرُونَ أَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ ﴿١٠﴾

તરજુમો :

જો તમે ઈન્કારી (કાફિર) થયા તો અલ્લાહ તમારી પરવા નથી રાખતો અને પોતાના બંદાઓનું ઈન્કારી થવું પસંદ નથી કરતો અને જો તેનો શુક્ર અદા કરશો તો તેને તમારા માટે પસંદ કરશે અને કોઈ ઉઠાવનાર બીજાનો ભાર વેંઢારશે નહીં, પછી પોતાના પરવરદિગારની તરફ તમારે પાછા જવાનું છે તો તે તમને બતાવી આપશે જે કંઈ તમે કરતા હતા, બેશક ! તેને દિલોની (ગુપ્ત) વાતની (પણ) ખબર છે. (૭) અને જ્યારે મનુષ્યને કઠણાઈ પહોંચે તો પોતાના પરવરદિગારને તેના તરફ શરણે જઈને પોકારે, પછી જ્યારે તેને પોતાના તરફથી નેઅ્મત બખ્શે તો તેને ભૂલી જાય કે જેના માટે પહેલેથી પોકારી રહ્યો હતો અને અલ્લાહ સમાન અન્યોને ઠરાવે જેથી તેના માર્ગથી ભટકાવે, તમે કહો ! પોતાના કુફ્રની સાથે થોડા દિવસો વર્તી (લહેર કરી) લે, બેશક ! તું દોઝખવાળાઓમાંથી છે. (૮) ભલા એક જે રાતની ઘડીઓમાં સિજ્દહ કરતો(-કરતો) અને ઊભો(-ઊભો) બંદગીમાં લીન છે,

આખિરતનો ભય સેવે છે અને પોતાના પરવરદિગારની મહેરબાનીની આશા રાખે છે, તમે કહો ! કંઈ સમાન હોય છે સમજદાર અને નાસમજ !? બેશક તેઓ જ વિચારે છે જેમનામાં અક્કલ છે. (૯) તમે કહો, હે મારા બંદાઓ ! જેઓ ઈમાન લાવ્યા છો પોતાના પરવરદિગારથી ડરો, જેમણે આ દુનિયામાં નેકી કરી છે તેમને ભલાઈ છે અને અલ્લાહની જમીન વિશાળ છે, સબ્ર કરનારાઓને જ પોતાનો અગણિત બદલો મળે છે. (૧૦)

તફસીર :

(હે લોકો ! તમે કુફ્ર અને શિર્કનો રદિયો સાંભળી લીધો, ત્યારબાદ) જો તમે કુફ્ર કરશો (જેમાં શિર્ક પણ સામેલ છે) તો અલ્લાહ તઆલા(નું કોઈ નુકસાન નથી કારણ કે તે) તમારો (અને તમારી ઈબાદતનો) જરૂરિયાતમંદ નથી (કે તમારી ઈબાદત અને તવહીદ ન અપનાવવાના કારણે તેને કંઈ નુકસાન પહોંચે) અને (એ બાબત અવશ્ય છે કે) તે પોતાના બંદાઓ માટે કુફ્રને પસંદ નથી કરતો (કારણ કે કુફ્રથી બંદાઓને પોતે નુકસાન પહોંચે છે) અને જો તમે શુક્ર કરશો (જેની મુખ્ય શરત ઈમાન છે તો અલ્લાહને કોઈ લાભ નથી પરંતુ કારણ કે તે તમારો લાભ છે એટલા માટે) તે તમારા માટે પસંદ કરે છે અને (કારણ કે અમારા ત્યાં એવો નિશ્ચિત નિયમ છે કે) કોઈ અન્યનો (ગુનાહોનો) ભાર ઉઠાવતો નથી (એટલા માટે કુફ્ર કરીને એવું પણ ન સમજજો કે અમારું કુફ્ર બીજાના નામએ આ'માલમાં કોઈ કારણે નોંધાઈ જશે અને અમે છૂટી જઈશું, યા તો એ કારણે કે અમે બીજાના તા'બેદાર છીએ અથવા તો વડીલોના પગલે ચાલીને અથવા એ કારણે કે અન્યોએ ભાર વેંઢારવાનો વાયદો કરી લીધો છે જેમકે અમુક કાફિરો કહ્યા કરતા હતા, وَلْنَحْمِلْ خَطٰيٰكُمْ મતલબ કે એવું શક્ય બનશે નહીં બલકે તમારું કુફ્ર તમારા ખાતે જ લખવામાં આવશે) પછી પોતાના પરવરદિગારની પાસે તમારે પાછા જવાનું થશે, બસ તે તમારા બધા કર્મો તમને બતાવી દેશે (અને સજા આપશે, બસ આ ધારણા પણ ખોટી છે કે તેમના કર્મોનો રજુ થવાનો સમય જ નહીં આવે અને) તે દિલો સુદ્ધાંની વાતોને જાણનારો છે (બસ આ ધારણા પણ ન રાખજો કે અમારા કુફ્રની કદાચ તેને જાણ ન થાય, જેમકે હદીષોમાં છે કે અમુક લોકોમાં વાતચીત થઈ કે ખબર નહીં ! અલ્લાહ તઆલા આપણી વાતો સાંભળે છે કે નહીં ? તો કોઈએ કંઈ જવાબ આપ્યો તો તેના ઉપર આ આયત નાઝિલ થઈ

....وَمَا كُنْتُمْ تَسْتَتِرُوْنَ اَنْ يَّشْهَدَ (وَمَـا كُنْتُـم تَسْتَتِـرُوْنَ اَنْ يَّشْهَدَا) અને (મુશ્રિક) વ્યક્તિ(ની હાલત એ છે કે તે)ને જ્યારે કોઈ કષ્ટ પહોંચે છે તો પોતાના (વાસ્તવિક) પરવરદિગારને એ જ રીતે રજુ થઈને પોકારવા લાગે છે (અને બધા પૂજ્યોને ભૂલી જાય છે) પછી જ્યારે અલ્લાહ તઆલા તેને પોતાની પાસેથી (શાંતિ અને રાહતની) નેઅ્મત અર્પણ કરે છે તો જે (કષ્ટ દૂર કરવા)ના માટે પ્રથમથી (અલ્લાહ તઆલાને) પોકારી રહ્યો હતો તેને ભૂલી જાય છે (અને ગાફેલ થઈ જાય છે) અને અલ્લાહના ભાગીદાર ઠરાવવા લાગે છે જેની અસર (પોતાની ગુમરાહી હોવા ઉપરાંત) એ થાય છે કે અલ્લાહ તઆલાના માર્ગથી બીજાઓને (પણ) ગુમરાહ કરે છે (અને જો આ મુસીબતને નજર સમક્ષ રાખી હોત તો તવહીદમાં ઈખ્લાસને કાયમ રાખ્યો હોત, આ મુશ્રિકની ટીકા થઈ, આગળ તેને અઝાબથી ડરાવવા માટે કહેવામાં આવે છે કે) તમે (એવા વ્યક્તિને) કહી આપો કે પોતાના કુફ્રની મજા થોડા દિવસ હજુ લૂંટી લે (પછી અંતે) તું દોઝખીઓમાંથી થનારો છે (આગળ તવહીદવાળાઓના વખાણ અને ખુશખબરી છે એટલે કે) ભલા જે વ્યક્તિ (પ્રસ્તુત મુશ્રિકની હાલતથી વિપરીત) રાતના સમયોમાં (જે મોટે ભાગે ગફલતનો સમય હોય છે) સિજ્દહ અને કયામ (એટલે કે નમાઝ)ની હાલતમાં ઈબાદત કરી રહ્યો હોય (આ તો તેની જાહેર પરિસ્થિતિ છે અને તેનું અંતરમન એવું હોય છે કે) આખિરતથી ડરી રહ્યો હોય અને પોતાના પરવરદિગારની રહમતની આશા (પણ) સેવી રહ્યો હોય, (શું એવો વ્યક્તિ અને પ્રસ્તુત મુશ્રિક સમાન હોઈ શકે છે ? કદાપિ નહીં ! બલકે આ જે રાત્રે ઈબાદત કરે છે અને અલ્લાહથી ડરનારો પણ છે તથા તેની કરમ અને બખ્શીશની ઉમ્મીદ પણ રાખે છે તે ઉચ્ચ કક્ષાનો ખુશનસીબ છે અને મુશ્રિક જે સ્વાર્થ સાધી લીધા પછી ઈખ્લાસ છોડી દે છે તે નીંદનીય છે અને કારણ કે આ ઈબાદતોને છોડી દેવાને કાફિરો નીંદાપાત્ર સમજતા ન હતા એટલા માટે આ તફાવતની બીનાએ છુટકારો પ્રાપ્ત કરનાર તથા નીંદાપાત્ર હોવાના હુકમમાં તેમને શંકા થઈ શકતી હતી તેથી આગળ વધારે સ્પષ્ટતા અને વિષયની છણાવટ માટે આ હુકમની સાબિતી આપવામાં આવી છે, એટલે કે કહેવામાં આવ્યું છે કે હે પયગમ્બર ﷺ !) તમે (તેમને આ વિષય) કહો કે જ્ઞાનવાળા અને અજ્ઞાનીઓ (શું ક્યારેય) સરખા હોય છે ? (કારણ કે જહાલતને દરેક વ્યક્તિ ખરાબ સમજે છે, તેના જવાબમાં તેમના

તરફથી પણ એવો જ જવાબ શક્ય છે કે જાહિલો નીંદનીય છે અને આગળ એ વાત સાબિત કરવામાં આવી છે કે સદ્કર્મો કરનાર જ્ઞાની છે અને સદ્કર્મો ન કરનાર અજ્ઞાની છે, બસ આ બાબતને થોડી વધારે સ્પષ્ટ રીતે સાબિત કરવામાં આવી છે અને દરેક સ્વરૂપે આ વર્ણનથી કુફ્ર અને કાફિરોને નીંદનીય તથા ઈમાનવાળાઓને શ્રેષ્ઠ સાબિત કરવામાં આવ્યા છે અને) બોધપાઠ તે જ લોકો ગ્રહણ કરે છે જેઓ (સદ્)બુદ્ધિ ધરાવે છે અને (જ્યારે અલ્લાહ સમીપ આજ્ઞાકારીઓનું શ્રેષ્ઠ હોવું સાબિત થઈ ગયું તો આજ્ઞાપાલનની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે) તમે (મો'મિનોને મારા તરફથી) કહી આપો કે હે મારા ઈમાનવાળા બંદાઓ ! તમે પોતાના પરવરદિગારથી ડરતા રહો (એટલે કે આજ્ઞાપાલન કરતા રહો અને ગુનાહોથી બચતા રહો. આ બધા તકવાના વિભાગો છે, આગળ તેનો બદલો છે કે) જે લોકો આ દુનિયામાં નેકી કરે છે તેમના માટે નેક બદલો છે (આખિરતમાં તો અવશ્ય મળશે અને દુનિયામાં પણ મનની શાંતિ મળશે અને ક્યારેક જાહેર રીતે પણ આ બદલો મળે છે) અને (જો વતનમાં નેકી કરવાથી કોઈ અવરોધ હોય તો હિજરત કરીને બીજા સ્થળે ચાલ્યા જાઓ, કારણ કે) અલ્લાહની જમીન વિશાળ છે (અને જો વતન છોડવામાં કોઈ તકલીફ પહોંચે તો ધૈર્ય દાખવો, કારણ કે દીનમાં) અડગ રહેનારને તેનો બદલો બેશુમાર મળશે (બસ આ આજ્ઞાપાલનનું પ્રોત્સાહન અને પ્રેરણા છે).

મસ્અલા અને બોધપાઠ :

اِنْ تَكْفُرُوْا فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنْكُمْ એટલે કે તમારા ઈમાનથી અલ્લાહ તઆલાનો પોતાનો કોઈ જ લાભ નથી અને ન જ તમારા કુફ્રથી તેને કોઈ નુકસાન છે. સહીહ મુસ્લિમની હદીષમાં છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, "હે મારા બંદાઓ ! જો તમારા આગલા અને પાછલા અને તમારા માનવી અને જિન્નાત સૌના સૌ અંતિમ કક્ષાના જઘન્ય અપરાધોમાં ઓતપ્રોત થઈ જાય તો મારા શાસન અને સલતનતમાં જરા પણ ઉણપ આવતી નથી." *(ઈબ્ને કષીર)*

وَلَا يَرْضٰى لِعِبَادِهِ الْكُفْرَ એટલે કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓના કુફ્રથી રાજી નથી. رَضَاءٌ (રજાઅ્)નો ભાવાર્થ "મહોબ્બત" છે અથવા કોઈ કામનો કોઈ વાંધા વિના ઇરાદો કરવો થાય છે, તેનો વિરુદ્ધાર્થી શબ્દ سَخَطٌ

(સખત) આવ્યો છે જેનો અર્થ "કોઈ વસ્તુને સૂગયુક્ત ગણવું અથવા કોઈ વસ્તુને વાંધાજનક ઠરાવવું" થાય છે, ભલે તેની સાથે ઈરાદો પણ જોડાયેલ હોય.

મસ્અલો :

અહલે સુન્નત વલ જમાઅતનો અકીદહ એ છે કે દુનિયામાં કોઈ સારું અથવા ખરાબ કાર્ય ઈમાન અથવા કુફ્ર અલ્લાહ તઆલાની ઈચ્છા અથવા ઈરાદા વિના અસ્તિત્વમાં આવી શકતું નથી એટલા માટે દરેક વસ્તુના અસ્તિત્વમાં આવવા માટે અલ્લાહ જલ્લ શા'નુહૂનો ઈરાદો શરત છે, અલબત્ત અલ્લાહ તઆલાનો રાજીપો અને પસંદગી માત્ર ઈમાન અને સારા કર્મો વિશે હોય છે, કુફ્ર અને શિર્ક તથા ગુનાહો તેને પસંદ નથી. શયખુલ ઈસ્લામ અલ્લામહ નવવી (રહ.)એ પોતાની કિતાબ "અલ ઉસૂલ વઝ્ઝવાબિત"માં લખ્યું છે,

مَذْهَبُ اَهْلِ الْحَقِّ الْاِيْمَانُ بِالْقَدْرِ وَاِثْبَاتُهُ وَاَنَّ جَمِيْعَ الْكَائِنَاتِ خَيْرَهَا وَشَرَّهَا بِقَضَاءِ اللّٰهِ وَقَدْرِهٖ وَهُوَ مُرِيْدٌ لَّهَا كُلِّهَا وَيَكْرَهُ الْمَعَاصِيَ مَعَ اَنَّهٗ تَعَالٰى مُرِيْدٌ لَّهَا لِحِكْمَةٍ يَعْلَمُهَا جَلَّ وَعَلَا. (رُوْحُ الْمَعَانِىْ)

"અહલે હકનો મઝહબ તકદીર ઉપર ઈમાન લાવવું છે અને એ કે સઘળી કાઈનાત (સૃષ્ટી) સારી હોય અથવા ખરાબ, સૌ અલ્લાહ તઆલાના હુકમ અને તકદીરથી અસ્તિત્વમાં આવી છે અને અલ્લાહ તઆલા તેમના સર્જનનો ઈરાદો પણ કરે છે પરંતુ તે ગુનાહને મકરૂહ અને નાપસંદ સમજે છે, જો કે તેમના સર્જનનો ઈરાદો કોઈ હિકમત અને મસ્લિહત હેઠળ થાય છે જેને તે પોતે જ જાણે છે."

اَمَّنْ هُوَ قَانِتٌ اٰنَاءَ الَّيْلِ માં શબ્દ اَمَّنْ (અમ્મન) બે શબ્દોથી બને છે, اَم (અમ) "હરફે ઈસ્તિફહામ" અને مَنْ (મન) "ઈસ્મે મોસૂલ" છે, આ વાક્યથી કાફિરોને અલ્લાહ તઆલા તરફથી પ્રથમ કહેવામાં આવ્યું છે કે દુનિયાની અમુક દિવસની જિંદગીમાં પોતાના કુફ્ર અને અપરાધની મજા લૂંટી લો અંતે તમે જહન્નમનું ઈંધણ બનશો, ત્યાર પછી આ વાક્યમાં مُوْمِنْ مُطِيْع આજ્ઞાપાલક મો'મિનનું વર્ણન છે જેને اَمَّنْ (અમ્મન)ના શબ્દથી સવાલ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. તફસીરના ઉલમાએ ફરમાવ્યું કે આથી પહેલાં એક "જુમ્લએ મહઝૂફ"

(સુષુપ્ત વાક્ય) છે; તે કાફિરોને કહેવામાં આવશે કે તું સારો છે અથવા તે આજ્ઞાપાલક મો'મિન ? જેનું વર્ણન આગળ આવે છે, શબ્દ قَانِتٌ (કાનિત)ના ઘણા તરજુમાઓ કરવામાં આવ્યા છે, સૌથી વધારે મજબૂત નિવેદન હઝરત મસ્ઊદ (રદિ.)નું છે, તેનો અર્થ છે આજ્ઞાપાલક. આ શબ્દ જ્યારે ખાસ નમાઝ માટે બોલવામાં આવે છે, જેમકે قُوْمُوْا لِلّٰهِ قَانِتِيْنَ (૨:૨૩૮)તો ત્યાં ભાવાર્થ તે વ્યક્તિ હોય છે જે નમાઝમાં પોતાની દષ્ટિને નીચી રાખે અને આમતેમ ન જુએ અને ન જ પોતાના શરીર અને કપડાંથી રમત રમે, ન જ દુનિયાની કોઈ વસ્તુને પોતાની ઈચ્છાથી નમાઝમાં યાદ કરે, ભૂલ અથવા અનિચ્છનીય ભ્રમણાઓ તેનાથી વિપરીત નથી. *(કુર્તુબી)*

اٰنَاۤءَ الَّيْلِ (અના અલ્લયૂલ)નો અર્થ سَاعَاتَ اللَّيْلِ (સાઅતુલ્લયૂલ) થાય છે, જેનો ભાવાર્થ રાતનો શરૂઆતનો ભાગ છે અને વચ્ચેનો તથા અંતિમ પહોર છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ એવું ઈચ્છે છે કે મહશરમાં હિસાબના થોભવામાં અલ્લાહ તઆલા તેના ઉપર આસાની કરે તેણે જોઈએ કે અલ્લાહ તઆલા તેને રાતના અંધકારમાં સિજ્દહ અને કયામની હાલતમાં પામે, એ રીતે કે તેને આખિરતની ચિંતા પણ હોય અને રહમતની આશા પણ, અમુક લોકોએ મગરિબ અને ઈશા વચ્ચેના સમયને "અના અલ્લયૂલ" કહ્યો છે. *(કુર્તુબી)*

وَاَرْضُ اللّٰهِ وَاسِعَةٌ આથી પહેલાં વાક્યમાં નેક અમલોનો હુકમ છે, કોઈ એવું કારણ આગળ ધરી શકતું હતું કે હું શહેર અથવા પ્રદેશમાં રહું છું અથવા જે માહોલમાં ફસાયેલો છું તેની પરિસ્થિતિ મને નેક કર્મો કરવાથી અટકાવે છે તેનો જવાબ આ વાક્યમાં આપવામાં આવ્યો છે, જો કોઈ શહેર અથવા પ્રદેશ અથવા ખાસ પરિસ્થિતિમાં રહીને શરીઅતના હુકમોની પાબંદી મુશ્કેલ નજરે પડે તો તેને છોડી દો, અલ્લાહ તઆલાની જમીન ઘણી વિશાળ છે કોઈ એવા સ્થળે અને એવા માહોલમાં જઈને રહો જે અલ્લાહ તઆલાના હુકમો પૂર્ણ કરવા માટે યોગ્ય હોય, તેમાં એવા સ્થળેથી હિજરત કરવાનું પ્રોત્સાહન છે જેમાં રહીને માનવી દીનના હુકમોની પાબંદી ન કરી શકે, હિજરતના વિગતવાર હુકમો સૂરએ નિસાઅ્માં આવી ચૂક્યા છે.

اِنَّمَا يُوَفَّى الصّٰبِرُوْنَ اَجْرَهُمْ بِغَيْرِ حِسَابٍ માં શબ્દ بِغَيْرِ حِسَابٍ

(બિગયૂરિ હિસાબ)નો ભાવાર્થ એ છે કે સબ્ર કરનારાઓનો સવાબ કોઈ નિશ્ચિત અંદાજા અથવા પ્રમાણથી નથી બલકે અનહદ અને બેહિસાબ આપવામાં આવશે, જેમકે હદીષની રિવાયતોમાં આગળ આવે છે અને અમુક લોકોએ "બિગયૂરિ હિસાબ"નો અર્થ "દરખાસ્ત અથવા માંગણી"નો લીધો છે, એટલે કે દુનિયામાં કોઈનો કોઈ હક કોઈના માથે હોય તેને પોતાના હકની પોતે માંગણી કરવી પડે છે, અલ્લાહ તઆલાના ત્યાં સબ્ર કરનારાઓને દરખાસ્ત અથવા માંગણી કર્યા વિના જ તેમનો સવાબ અર્પણ કરવામાં આવે છે.

હઝરત કતાદહ (રદિ.)એ ફરમાવ્યું કે હઝરત અનસ (રદિ.)એ હદીષ સંભળાવી કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે કયામતના દિવસે ન્યાયનું ત્રાજવું કાયમ કરવામાં આવશે, સદકહ કરનારા લોકો આવશે તો તેમના સદકાઓને તોલીને તેના હિસાબ પ્રમાણે પૂરેપૂરો બદલો આપવામાં આવશે, એ જ પ્રમાણે નમાઝ અને હજ્જ વગેરે ઈબાદતવાળાઓની ઈબાદતોને તોલીને હિસાબથી તેમનો બદલો પૂરેપૂરો આપવામાં આવશે, પછી જ્યારે બલા અને મુસીબતમાં સબ્ર કરનારા આવશે તો તેમના માટે કોઈ કાંટો અથવા વજન નહીં હોય બલકે હિસાબ અને અંદાજા વિના જ તેમના તરફ બદલો અને સવાબ વહાવી દેવામાં આવશે, કારણ કે અલ્લાહે ફરમાવ્યું છે, اِنَّمَا يُوَفَّى الصَّابِرُونَ اَجرَهُم بِغَيرِ حِسَابٍ અહીંયાં સુધી કે તે લોકો જેમની દુનિયવી જિંદગી રાહતમાં પસાર થઈ તેઓ ઈચ્છા કરવા લાગશે કે કાશ ! દુનિયામાં તેમના શરીર કાતરો દ્વારા કાપી નાંખવામાં આવ્યા હોત તો અમને પણ સબ્રનો આવો જ બદલો મળ્યો હોત !

હઝરત ઈમામ માલિક (રહ.)એ આ આયતમાં صَابِرِينَ (સાબિરીન)ના ભાવાર્થથી તે લોકો ગણ્યા છે જેઓ દુનિયાની મુસીબતો તથા રંજ અને ગમ ઉપર ધૈર્ય દાખવનારા છે અને અમુક લોકોએ કહ્યું કે "સાબિરીન"નો ભાવાર્થ તે લોકો છે જેઓ ગુનાહોથી પોતાના નફ્સને રોકે છે. કુર્તુબી ફરમાવે છે કે શબ્દ صَابِرٌ (સાબિર) જ્યારે કોઈ બીજા શબ્દ વિના કહેવામાં આવે છે ત્યારે તેનો ભાવાર્થ એ જ થાય છે જે પોતાના નફ્સને ગુનાહોથી અળગા રાખવાની તકલીફ ઉપર સબ્ર કરે અને જ્યારે મુસીબત ઉપર સબ્ર કરનારાઓ માટે શબ્દ "સાબિર" બોલવામાં આવે છે ત્યારે صَابِرٌ عَلٰى كَذَا ના શબ્દો બોલવામાં આવે છે, એટલે કે ફલાણી મુસીબત ઉપર સબ્ર કરનાર. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૧૧ થી ૨૦)

قُلْ اِنِّىْٓ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ ﴿۱۱﴾ وَاُمِرْتُ لِاَنْ اَكُوْنَ
اَوَّلَ الْمُسْلِمِيْنَ ﴿۱۲﴾ قُلْ اِنِّىْٓ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿۱۳﴾ قُلِ اللّٰهَ
اَعْبُدُ مُخْلِصًا لَّهٗ دِيْنِيْ ﴿۱۴﴾ فَاعْبُدُوْا مَا شِئْتُمْ مِّنْ دُوْنِهٖ ؕ قُلْ اِنَّ الْخٰسِرِيْنَ
الَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ وَاَهْلِيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ اَلَا ذٰلِكَ هُوَ الْخُسْرَانُ
الْمُبِيْنُ ﴿۱۵﴾ لَهُمْ مِّنْ فَوْقِهِمْ ظُلَلٌ مِّنَ النَّارِ وَمِنْ تَحْتِهِمْ ظُلَلٌ ؕ ذٰلِكَ يُخَوِّفُ
اللّٰهُ بِهٖ عِبَادَهٗ ؕ يٰعِبَادِ فَاتَّقُوْنِ ﴿۱۶﴾ وَالَّذِيْنَ اجْتَنَبُوا الطَّاغُوْتَ اَنْ يَّعْبُدُوْهَا
وَاَنَابُوْٓا اِلَى اللّٰهِ لَهُمُ الْبُشْرٰى ۚ فَبَشِّرْ عِبَادِ ﴿۱۷﴾ الَّذِيْنَ يَسْتَمِعُوْنَ الْقَوْلَ
فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ هَدٰىهُمُ اللّٰهُ وَاُولٰٓئِكَ هُمْ اُولُوا الْاَلْبَابِ ﴿۱۸﴾
اَفَمَنْ حَقَّ عَلَيْهِ كَلِمَةُ الْعَذَابِ ؕ اَفَاَنْتَ تُنْقِذُ مَنْ فِى النَّارِ ﴿۱۹﴾ لٰكِنِ
الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ غُرَفٌ مِّنْ فَوْقِهَا غُرَفٌ مَّبْنِيَّةٌ ۙ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ ۬ وَعْدَ اللّٰهِ ؕ لَا يُخْلِفُ اللّٰهُ الْمِيْعَادَ ﴿۲۰﴾

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહો ! મને હુકમ છે કે અલ્લાહની બંદગી કરું માત્ર તેના જ માટે ખાસ રાખીને. (૧૧) અને હુકમ છે કે હું સૌ પ્રથમ આજ્ઞાપાલક (મુસ્લિમ) થાઉં. (૧૨) તમે કહો ! હું ડરું છું એક મોટા દિવસના અઝાબથી જો પોતાના પરવરદિગારનો હુકમ ન માનું. (૧૩) તમે કહો ! હું તો અલ્લાહની ઈબાદત કરું છું પોતાની બંદગીને માત્ર તેના જ માટે ખાસ કરીને. (૧૪) હવે તમે તેના સિવાય જેને ચાહો પૂજો; તમે કહો ! બેશક મોટા નુકસાનવાળા તે છે જેઓ પોતાની જાતનું અને પોતાના ઘરવાળાઓનું કયામતના દિવસે નુકસાન કરી બેઠા, સાંભળો છો ?! આ જ છે ઉઘાડું

નુકસાન ! (૧૫) તેમના માટે ઉપરથી આગનું વાદળ છે અને તેમની નીચેથી વાદળ; તે વસ્તુથી અલ્લાહ પોતાના બંદાઓને ડરાવે છે, હે મારા બંદાઓ ! તો મારાથી ડરો. (૧૬) અને જે લોકો શયતાનોથી બચ્યા કે તેમની પૂજા કરે અને અલ્લાહ તરફ રુજૂઅ્ થયા તેમના માટે ખુશખબરી છે, બસ તમે ખુશી સંભળાવી દો મારા બંદાઓને. (૧૭) જેઓ વાત સાંભળે છે પછી તેના ઉપર ચાલે છે જે તેમાં નેક છે, આ જ છે તેઓ જેમને અલ્લાહે માર્ગ આપ્યો અને તેઓ જ બુદ્ધિશાળી છે. (૧૮) ભલા જેના ઉપર અઝાબનો હુકમ સત્ય થઈ ચૂક્યો; ભલા તમે છુટકારો આપી શકશો તેને જે આગમાં પડી ચૂક્યો !? (૧૯) પરંતુ જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે તેમના માટે ઝરૂખા છે તેમના ઉપર બીજા ચણેલા ઝરૂખા, તેની નીચે નહેરો વહે છે, અલ્લાહનો વાયદો થઈ ચૂક્યો, અલ્લાહ પોતાના વાયદા વિરુદ્ધ (કદાપિ) નથી કરતો. (૨૦)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે મને (અલ્લાહ તઆલા તરફથી) હુકમ થયો છે કે હું અલ્લાહની એવી રીતે ઈબાદત કરું કે ઈબાદતને તેના જ માટે ખાસ રાખું (એટલે કે તેમાં શિર્કની ગંધ પણ ન હોય) અને મને (એ પણ) હુકમ થયો છે કે (ઉમ્મતના લોકોમાં) સૌ મુસલમાનોમાં પ્રથમ (ઈસ્લામને સત્ય માનનારાઓ)માં હોઊં (અને દેખીતું છે કે હુકમના સ્વીકારની બાબતમાં નબીનું પ્રથમ હોવું જરૂરી છે અને) તમે (એ પણ) કહી આપો કે (જો કે અશક્ય છે પણ ધારી લો કે) હું પોતાના પરવરદિગારનું કહ્યું ન માનું તો એક મોટા દિવસ (એટલે કે કયામત)ના અઝાબનો ભય સેવું છું અને તમે (એ પણ) કહી આપો કે (મને જે વાતનો હુકમ થયો છે હું તો તેના ઉપર કાર્યરત છું તેથી) હું તો અલ્લાહની ઈબાદત એ રીતે કરું છું કે ઈબાદતને તેના જ માટે ખાસ રાખું છું (જેમાં શિર્કની જરા સરખી પણ ગંધ નથી) તો (તેનો તકાદો તો એ છે કે તમે પણ એવી જ ખાલિસ ઈબાદત કરો પરંતુ જો તમે નથી માનતા તો તમે જાણો અને) અલ્લાહને છોડીને તમારા દિલ જે વસ્તુ(ની ઈબાદત)ને ચાહે તેની ઈબાદત કરો (કયામતના દિવસે તેની મજા ચાખશો અને) તમે તેમને (એ પણ) કહી આપો કે સંપૂર્ણ

નુકસાનમાં તે જ લોકો છે જે પોતાની જાતથી અને પોતાના સંબંધીઓથી કયામતના દિવસે નુકસાનમાં પડે (એટલે કે ન તો પોતાની જાતથી તેને કોઈ લાભ પહોંચ્યો અને ન જ પોતાના સંબંધીઓ દ્વારા, કારણ કે જો તે સંબંધીઓ પણ તેમની જ જેમ ગુમરાહ હતા તો તેઓ પણ અઝાબમાં સપડાશે, બીજાઓને શું લાભ પહોંચાડશે અને જો તે મો'મિન મુખ્લિસ થઈને જન્નતમાં જશે તો પણ તેઓ કાફિરોની કોઈ સિફારસ નથી કરી શકતા કે લાભ નથી પહોંચાડી શકતા) યાદ રાખો કે ખુલ્લું નુકસાન એ છે કે તેમના માટે તેમના ઉપરથી પણ આગના ભડકા હશે અને તેમની નીચે પણ સર્વત્ર છવાયેલ આગના ભડકા હશે, આ તે જ (અઝાબ) છે જેનાથી અલ્લાહ પોતાના બંદાઓને ડરાવે છે (અને તેનાથી બચવાની યુક્તિ બતાવે છે અને તે સત્ય દીન ઉપર અમલ કરવું છે, બસ) હે મારા બંદાઓ ! મારાથી (એટલે કે મારા અઝાબથી) ડરો, (આ હાલત તો કાફિરો અને મુશ્રિકોની થઈ) અને જે લોકો શયતાનની ઈબાદતથી બચે છે (શયતાનની ઈબાદતનો ભાવાર્થ તેનું આજ્ઞાપાલન છે) અને (સદાય) અલ્લાહ તરફ કેન્દ્રિત થાય છે તે ખુશખબરી સંભળાવવાના હકદાર છે, બસ તમે મારા તે બંદાઓને ખુશખબરી સંભળાવી આપો જેઓ (આ લક્ષણથી પણ સુશોભિત છે કે) તે (ઈલાહી) કલામને કાન લગાવી (ધ્યાનપૂર્વક) સાંભળે છે, પછી તેની સારી વાતો ઉપર (અને અલ્લાહ તઆલાના બધા જ હુકમો સારા છે જેમકે આગળ આયત "અહસનુલ હદીષ"માં આવે છે) ચાલે છે, આ જ છે તે લોકો છે જેમને અલ્લાહ તઆલાએ હિદાયત કરી છે અને આ જ તે લોકો છે જેઓ બુદ્ધિશાળી છે (બસ તે લોકોને ખુશખબરી આપી દો, જે વસ્તુની ખુશખબરી આપવાની છે તેનું વર્ણન તો આગળ આવશે, આયત لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا માં. વચ્ચે રસૂલે કરીમ ﷺને સંતોષ આપવા માટે આ વર્ણન કરવામાં આવ્યું છે કે તે કાફિરોને મો'મિન બનાવી લેવું આપના અધિકારની બહાર છે એટલા માટે તેનો કોઈ ગમ ન કરો કે) ભલા જે વ્યક્તિ ઉપર અઝાબની (અજલી તકદીરી) વાત સત્ય સાબિત થઈ ચૂકી તો શું તમે એવા વ્યક્તિને કે જે (અલ્લાહ તઆલાના ઈલ્મમાં) દોઝખમાં છે (તેને જહન્નમમાં) જવાથી છોડાવી શકો છો ? (એટલે કે જેઓ દોઝખમાં જનારા છે તે પ્રયત્ન કરવાથી પણ ગુમરાહીથી અટકશે નહીં, એટલા માટે તેના ઉપર અફસોસ અને ગમ કરવો બેકાર છે) પરંતુ જે લોકો (એવા છે કે તેમના હકમાં "કલિમતુલ

અઝાબ" સત્ય સાબિત નથી થયો અને તે કારણે તેઓ આપ ﷺથી હુકમો સાંભળી) પોતાના પરવરદિગારથી ડરતા રહ્યા તેમના માટે (જન્નતના) ઝરૂખાઓ છે જેના ઉપર બીજા ઝરૂખાઓ છે જે બનાવેલા તૈયાર છે (અને) તેની નીચે નહેરો વહી રહી છે, આ અલ્લાહે વાયદો કર્યો છે (અને) અલ્લાહ વાયદા વિરુદ્ધ કદાપિ નથી કરતો (આ વિષય તે ખુશખબરીનો છે જેનો તમને હુકમ આપવામાં આવ્યો છે, فَبَشِّرْ عِبَادْ)

મસ્અલા અને બોધપાઠ :

فَبَشِّرْ عِبَادِ الَّذِيْنَ يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ اُولٰٓئِكَ الَّذِيْنَ هَدٰىهُمُ اللّٰهُ وَاُولٰٓئِكَ هُمْ اُولُوا الْاَلْبَاب

આ આયતની તફસીરમાં તફસીરકારોના વિવિધ નિવેદનો છે, એક નિવેદન એ છે કે જેને ઇબ્ને કષીરે અપનાવ્યું અને પ્રસ્તુત તફસીરના ખુલાસામાં તેને જ અપનાવવામાં આવ્યું છે તે આ છે કે قَوْل (કૌલ)નો ભાવાર્થ અલ્લાહનું કલામ કુર્આન અથવા તો કુર્આન રસૂલે કરીમ ﷺની તા'લીમ સાથે છે અને તે સૌ અહસન જ અહસન (ભલાઈ જ ભલાઈ) છે એટલા માટે દેખીતી રીતે તકાદો એ હતો કે يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَهٗ કહેવામાં આવ્યું હોત પરંતુ આ સ્થળે શબ્દ اَحْسَنْ (અહસન)નો વધારો કરીને એ તરફ ઇશારો કરવામાં આવ્યો છે કે તે લોકોએ કુર્આન અને રસૂલે કરીમ ﷺનું અનુસરણ સમજ્યા વિના નથી કર્યું જેમકે મૂર્ખ લોકોની રીત હોય છે કે જે વાત સાંભળી કોઈ તહકીક અને સમજણ વિના જ તેનું અનુસરણ કરવા લાગ્યા, બલકે તે લોકોએ અલ્લાહ અને તેના રસૂલ ﷺના કલામને સત્ય અને અહસન જોઈને તેનું અનુસરણ કર્યું છે, તેના પરિણામે આયતના અંતમાં તેમને اُولُوالْاَلْبَابْ (ઊલૂલ અલ્બાબ) એટલે કે "બુદ્ધિશાળી"નો ખિતાબ આપવામાં આવ્યો છે, તેનું ઉદાહરણ કુર્આનમાં તે ફરમાન છે જે હઝરત મૂસા (અલૈ.)ને તવરાત વિશે થયું છે. فَخُذْهَا بِقُوَّةٍ وَّأْمُرْ قَوْمَكَ يَاْخُذُوْا بِاَحْسَنِهَا (૭:૧૪૫) અહીંયાં પણ اَحْسَنْ (અહસન)નો ભાવાર્થ સંપૂર્ણ તવરાત અને તેના હુકમો છે, એ જ રીતે પ્રસ્તુત આયતોમાં કૌલને સાંભળવાનો ભાવાર્થ "કુર્આન સાંભળવું" તથા અહસનના અનુસરણનો ભાવાર્થ "કુર્આનનું સંપૂર્ણ અનુસરણ કરવા"નો થાય છે જેને આગલી આયતમાં

اَحۡسَنُ الۡحَدِیۡث (અહસનુલ હદીષ) કહેવામાં આવ્યું છે, આ જ તફસીરમાં તે "કૌલ"નો ભાવાર્થ ખાસ કુર્આન લેવામાં આવે, અમુક લોકોએ એવું પણ કહ્યું છે કે કુર્આને કરીમમાં પણ ઘણા બધા હુકમોમાં હસન અને અહસનના દરજ્જાઓ રાખ્યા છે, દાખલા તરીકે બદલો લેવો અને મા'ફી આપવી બંને જાઇઝ છે પરંતુ મા'ફી આપવી મોટી ભલાઈ છે. وَاَنۡ تَصۡبِرُوۡا خَیۡرٌ لَّکُمۡ (૪:૨૫) ઘણી વસ્તુઓમાં જેમાં કુર્આને માનવીને અધિકાર આપ્યો છે કે બંનેમાંથી જેને ઈચ્છે અપનાવે કોઈ ગુનોહ નથી પરંતુ તેમાં કોઈને શ્રેષ્ઠ અને ઉત્તમ કહ્યું, જેમકે وَاَنۡ تَعۡفُوۡۤا اَقۡرَبُ لِلتَّقۡوٰی (૨:૨૩૭)માં છે અને ઘણી બધી વસ્તુઓમાં છૂટ આપવામાં આવી છે પરંતુ તે છૂટ ઉપર અમલ ન કરવો શ્રેષ્ઠ અને ઉત્તમ કહેવામાં આવ્યું છે તો આયતનો ભાવાર્થ એ થયો કે જે લોકો કુર્આને આપેલ છૂટછાટના હુકમો પણ સાંભળે છે અને તેના હલાલ વિકલ્પના હુકમો પણ પરંતુ તે લોકો કુર્આનના છૂટછાટના હુકમો ઉપર અમલ કરવાને બદલે તેના વિકલ્પ કે જે વધારે સખત છે અમલ કરે છે અને જે બે વસ્તુઓમાં એક સારી (હસન) અને બીજી ઉચ્ચ અને શ્રેષ્ઠ કક્ષાની એટલે કે અહસન, તેમાંથી અહસન ઉપર જ અમલ કરવાનું અપનાવે છે.

અને ઘણા તફસીરકારોએ આ સ્થળે قَوۡل (કૌલ)નો ભાવાર્થ સામાન્ય લોકોના નિવેદનો લીધા છે જેમાં તવહીદ અને શિર્ક, કુફ્ર અને ઈસ્લામ, સત્ય અને અસત્ય, પછી સત્યમાં હસન અને અહસન તથા પ્રચલિત અને અપ્રચલિત બધું સામેલ છે, આયતનો ભાવાર્થ આ તફસીર પ્રમાણે એ છે કે આ લોકો વાતો તો બધાની સાંભળે છે, કાફિરોની પણ, મો'મિનોની પણ, સાચી પણ, જૂઠી પણ, સારી પણ અને ખરાબ પણ; પરંતુ અનુસરણ માત્ર એ જ વસ્તુનું કરે છે જે અહસન (શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાની) છે, તવહીદ અને શિર્કમાંથી તવહીદને, સત્ય અને જૂઠમાંથી સત્યને અને સત્યના વિવિધ દરજ્જાઓ હોય તો તેમાંથી જે શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાનો હોય તેનું અનુસરણ કરે છે એટલા જ માટે તેમને બે લક્ષણો સાથે દર્શાવવામાં આવ્યા, પ્રથમ هَدٰهُمُ اللّٰهُ એટલે કે આ લોકો અલ્લાહ તરફથી હિદાયત પામેલ છે એટલા માટે વિવિધ પ્રકારની વાતો સાંભળીને ભટકતા નથી, બીજું اُولٰٓئِکَ هُمۡ اُولُوا الۡاَلۡبَابِ એટલે કે, આ લોકો બુદ્ધિશાળી છે. બુદ્ધિનું કામ જ એ છે કે ભલા અને બુરા, સત્ય અને અસત્યમાં તફાવત સમજે તથા હસન અને અહસનને ઓળખીને અહસનને અપનાવે.

આથી કહેવામાં આવ્યું છે કે આ આયત ઝૈદ બિન અમ્ર બિન નુફયલ, અબૂઝર ગિફારી અને સલમાન ફારસી (રદિ.) વિશે નાઝિલ થઈ, ઝૈદ બિન અમ્ર બિન નુફયલ (રદિ.) ઈસ્લામ પહેલાંની અજ્ઞાનતામાં પણ મૂર્તિપૂજાથી નફરત કરતા હતા, હઝરત અબૂઝર ગિફારી અને સલમાન ફારસી (રદિ.)એ વિવિધ ધર્મના મુશ્રિકોની પછી યહૂદીઓ અને નસારાની વાતો સાંભળી અને તેમની રીતભાત જોયા પછી ઈમાન લાવ્યા અને કુર્આની તા'લીમને સૌથી અહસન (શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાની) પામીને તેને અગ્રિમતા આપી.

આયતો : (સૂરએ ઝુમર ~ આયત નં. ૨૧-૨૨-૨૩)

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَلَكَهٗ يَنَابِيْعَ فِي الْاَرْضِ ثُمَّ يُخْرِجُ
بِهٖ زَرْعًا مُّخْتَلِفًا اَلْوَانُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ مُصْفَرًّا ثُمَّ يَجْعَلُهٗ حُطَامًا ؕ اِنَّ
فِيْ ذٰلِكَ لَذِكْرٰى لِاُولِي الْاَلْبَابِ ﴿٢١﴾ اَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ لِلْاِسْلَامِ
فَهُوَ عَلٰى نُوْرٍ مِّنْ رَّبِّهٖ ؕ فَوَيْلٌ لِّلْقٰسِيَةِ قُلُوْبُهُمْ مِّنْ ذِكْرِ اللّٰهِ ؕ اُولٰٓئِكَ فِيْ
ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢٢﴾ اَللّٰهُ نَزَّلَ اَحْسَنَ الْحَدِيْثِ كِتٰبًا مُّتَشَابِهًا مَّثَانِيَ ۗ تَقْشَعِرُّ
مِنْهُ جُلُوْدُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ ۚ ثُمَّ تَلِيْنُ جُلُوْدُهُمْ وَقُلُوْبُهُمْ اِلٰى
ذِكْرِ اللّٰهِ ؕ ذٰلِكَ هُدَى اللّٰهِ يَهْدِيْ بِهٖ مَنْ يَّشَآءُ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿٢٣﴾

તરજુમો :

શું તમે જોયું નથી અલ્લાહે આસમાનથી પાણી ઉતાર્યું, પછી તે પાણી જમીનના ઝરણાઓમાં વહાવ્યું, પછી તેનાથી ખેતી કાઢે છે, તેના ઉપર અનેક રંગો બદલાય છે, પછી તૈયારી ઉપર આવે તો તેનો રંગ પીળો જુઓ છો, પછી તેની કુશકી (ભૂસું) કરી નાંખે છે, બેશક ! તેમાં બુદ્ધિશાળીઓ માટે બોધપાઠ છે. (૨૧) ભલા જેની છાતી અલ્લાહે દીને ઈસ્લામ માટે ખોલી નાંખી બસ તે પોતાના પરવરદિગાર તરફથી પ્રકાશમાં છે, બસ ખરાબી છે તેમના માટે જેમના દિલો અલ્લાહની યાદ માટે કઠોર છે, તેઓ ઉઘાડી

ગુમરાહીમાં રખડે છે. (૨૨) અલ્લાહે "અહસનલ હદીષ" (શ્રેષ્ઠ વર્ણન-કુર્આન) ઉતાર્યું પરસ્પર મળતું આવતું દોહરાવેલું; તેનાથી ચામડી ઉપર તે લોકોના વાળ (રુંવાટા) ઊભા થઈ જાય છે જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે, પછી તેમની ચામડી અને તેમના દિલ અલ્લાહની યાદ ઉપર નરમ થાય છે, આ છે અલ્લાહનું માર્ગ આપવું, આ પ્રમાણે જેને ઈચ્છે માર્ગ આપે છે અને અલ્લાહ જેને ઈચ્છે માર્ગ ભૂલાવે છે (પછી) તેને કોઈ (માર્ગ) સૂઝાડનાર નથી. (૨૩)

તફસીર :

(હે શ્રોતા !) શું તેં એ(બાબત) ઉપર દૃષ્ટિ નથી કરી ? અલ્લાહ તઆલાએ આસમાનથી પાણી વરસાવ્યું, પછી તેને જમીનની ભૂગર્ભ વહેણમાં દાખલ કરે છે પછી (એટલે કે જ્યાં પાણી જમીનમાં ઊતરીને ઝરણાઓ અને કૂવાઓમાં ફૂટી નીકળે છે તો) તેના દ્વારા ખેતીઓ પેદા કરે છે જેના વિવિધ પ્રકારો છે, પછી તે ખેતીઓ બિલકુલ છુપાઈ જાય છે, બસ તમે તેને પીળી જુઓ છો, પછી (અલ્લાહ તઆલા) તેને ચૂરેચૂરા કરી નાંખે છે, આ (નમૂના)માં બુદ્ધિશાળીઓ માટે મોટો બોધપાઠ છે (કે આવી જ પરિસ્થિતિ માનવીની દુનિયવી જિંદગીની છે, અંતે નષ્ટ થનારી દુનિયામાં ઓતપ્રોત રહીને કાયમી રાહતથી વંચિત રહેવું અને કાયમી મુસીબતને માથે લેવી અત્યંત મૂર્ખામી છે, બસ અમારું વર્ણન ઘણું જ ઉચ્ચ કક્ષાનું છે પરંતુ તો પણ બધા જ સાંભળનારાઓ ભિન્ન ભિન્ન છે) બસ જે વ્યક્તિની છાતી અલ્લાહ તઆલાએ ઈસ્લામ (કબૂલ કરવા) માટે ખોલી નાંખી (એટલે કે ઈસ્લામની સચ્ચાઈનો તેને વિશ્વાસ થઈ ગયો) અને તે પોતાના પરવરદિગારના (અર્પણ કરેલ) પ્રકાશ (એટલે કે હિદાયતના તકાદા) ઉપર (ચાલી રહ્યો) છે (એટલે કે વિશ્વાસ કરીને તેના પ્રમાણે અમલ કરવા લાગ્યો) શું તે વ્યક્તિ અને દુષ્ટ સરખા છે ? (જેનું વર્ણન આગળ આવે છે) બસ જે લોકોના દિલ અલ્લાહના ઝિક્રથી (તેમાં હુકમો અને ચેતવણીઓ સર્વકાંઈ આવી ગયું) પ્રભાવિત નથી થતા (એટલે કે ઈમાન નથી લાવતા) તેમના માટે (કયામતમાં) મોટી ખરાબી છે (અને દુનિયામાં) આ લોકો ઉઘાડી ગુમરાહીમાં (સપડાયેલા) છે (આગળ આ પ્રકાશનું વર્ણન છે એટલે કે) અલ્લાહ તઆલાએ ઘણું ઉત્તમ કલામ (એટલે કે કુર્આને કરીમ) નાઝિલ ફરમાવ્યું છે જે એવી કિતાબ

છે કે (તેની શ્રેષ્ઠતા, વર્ણનશૈલી અને તેના સત્ય અર્થોના આધારે) પરસ્પર મળતું આવતું છે (અને જેમાં સમજાવવા માટે અમુક અમુક ઘણી જરૂરી વાતનું) વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું (જેમકે અલ્લાહ તઆલા કહે છે .... وَلَقَدْ صَرَّفْنَا જેમાં ખુલાસાઓ, તાકીદ અને દિલ ઉપર થતા પ્રભાવ તથા દરેક સ્થળોએ ખાસ ખાસ રસપ્રદ શૈલી પણ આવી છે, જેનાથી માત્ર તે એકને એક વાતનું પુનરાવતન માત્ર નથી રહેતું પરંતુ આ પુનરાવર્તિત વર્ણન એ બાબતની દલીલ છે કે તે હિદાયત ઉપર આધારિત છે કે) જેનાથી તે લોકોના કે જે પોતાના પરવરદિગારથી ડરે છે બદન કાંપી ઉઠે છે (આ રૂપક છે, ભલે તે દિલમાં જ રહે અને તે કાંપવાની અસર શરીર ઉપર ન થાય અને ભલે તે ખૌફ બૌદ્ધિક અથવા ઈમાની હોય, સ્વાભાવિક અથવા શારીરિક ન હોય) પછી તેમના બદન અને દિલ નરમ થઈને અલ્લાહના ઝિક્ર (એટલે કે અલ્લાહ તઆલાની કિતાબ ઉપર અમલ કરવા) તરફ કેન્દ્રિત થઈ જાય છે (એટલે કે દરેક અમલોને તેની સંપૂર્ણ કાળજી સાથે પૂર્ણ કરે છે અને) આ (કુર્આન) અલ્લાહની હિદાયત છે જેને તે ઇચ્છે છે તેના માટે હિદાયતનું માધ્યમ બનાવે છે (જેમકે ડરનારાઓની પરિસ્થિતિ હમણા સંભળાવવામાં આવી) અને અલ્લાહ જેને ગુમરાહ કરે છે તેને કોઈ માર્ગ સુઝાડનાર નથી (જેમકે દુષ્ટો એટલે કે કઠોર હૃદયના કાફિરોની પરિસ્થિતિ હમણા સંભળાવવામાં આવી).

મસ્અલા અને બોધપાઠ :

فَسَلَكَهُ يَنَابِيعَ فِي الْأَرْضِ માં શબ્દ يَنَابِيعَ (યનાબીઅ્) એ يَنْبُوعٌ (યનબૂઅ્)નું બહુવચન છે જેનો અર્થ "જમીનમાંથી ફૂટી નીકળનારા ઝરણાઓ" થાય છે, ભાવાર્થ એ છે કે આસમાનથી પાણી ઉતારવું એક મહાન નેઅ્મત છે પરંતુ તે નેઅ્મતને જો જમીનની અંદર સુરક્ષિત કરવાની વ્યવસ્થા કરવામાં ન આવે તો માનવી તેનાથી માત્ર વરસાદના સમયે અથવા વરસાદ પડ્યાના થોડા દિવસ સુધી ફાયદો ઉઠાવી શકે છે, જ્યારે કે પાણી તેના જીવનનો આધાર અને એવી આવશ્યકતા છે જેનાથી તે એક દિવસ પણ અળગો રહી શકતો નથી એટલા માટે અલ્લાહ તઆલાએ માત્ર આ નેઅ્મતને નાઝિલ કરીને બસ નથી કર્યું બલકે તેને સુરક્ષિત કરવાની આશ્ચર્યજનક વ્યવસ્થા કરી, અમુક તો જમીનના ખાડાઓ, હોજ, તળાવોમાં સુરક્ષિત કરવામાં આવે છે અને પાણીનો ઘણો મોટો જથ્થો

પહાડોના શિખરો ઉપર બરફ બનાવીને લાદી દેવામાં આવે છે જેનાથી તેના સડી જવાનો અને ખરાબ થઈ જવાનો ભય હોતો નથી, પછી તે બરફ ધીમે ધીમે પીગળીને પહાડી ભૂગર્ભ માર્ગો દ્વારા જમીનમાં ઊતરી જાય છે અને અનેક ઠેકાણે ફૂટી નીકળનારા ઝરણાઓ સ્વરૂપે આપમેળે કોઈની દખલગીરી વિના નદીઓ સ્વરૂપે જમીન ઉપર વહેવા લાગે છે અને બાકીનું પાણી સમગ્ર જમીનની ઊંડાઈમાં ભૂગર્ભ માર્ગો દ્વારા ચાલતું રહે છે જેને કૂવાઓ ખોદીને દરેક સ્થળે કાઢી શકાય છે.

કુર્આને કરીમમાં આ પાણીની વ્યવસ્થાની સંપૂર્ણ વિગત સૂરએ મો'મિનૂનની આયત فَاَسْكَنّٰهُ فِى الْاَرْضِ وَاِنَّا عَلٰى ذَهَابٍۭ بِهٖ لَقٰدِرُوْنَ હેઠળ વર્ણન કરવામાં આવી છે.

مُخْتَلِفًا اَلْوَانُهٗ ખેતીના ઊગવાના સમયે અને પાકીને તૈયાર થવાના સમયે તેના ઉપર વિવિધ પ્રકારના રંગો આવતા જતા હોય છે અને કારણ કે આ રંગોમાં પરિવર્તન અને નવિનીકરણ છે એટલા માટે مُخْتَلِفًا (મુખ્તલિફન)ને તરકીબે નહ્‌વી (વ્યાકરણ)માં વર્તમાનકાળ દ્વારા વર્ણન કરવામાં આવ્યું જે નવિનીકરણ ઉપર દલીલ કરે છે.

اِنَّ فِىْ ذٰلِكَ لَذِكْرٰى لِاُولِى الْاَلْبَابِ એટલે કે પાણી ઉતારવું અને તેને સુરક્ષિત રાખવું, પછી તેને મનુષ્યના કામે લગાડવું, પછી તેનાથી પ્રકાર પ્રકારની ખેતી અને વૃક્ષો ઉગાડવા અને તે વૃક્ષો ઉપર વિવિધ રંગ આવ્યા પછી અંતે તેના પીળા પડી જવું અને સુકાઈને અનાજ અને ભુસું અલગ અલગ કરવું, તેમાં બુદ્ધિશાળીઓ માટે ઘણો મોટો બોધપાઠ છે કે તે અલ્લાહ તઆલાની મહાન કુદરત અને હિકમતની દલીલ છે જેને જોઈને માનવી પોતાના સર્જન બાબતની હકીકતનો પણ પરિચય મેળવી શકે છે જે પોતાના સર્જનહાર અને માલિકનો પરિચય કેળવવાનું માધ્યમ બની શકે છે.

اَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ لِلْاِسْلَامِ فَهُوَ عَلٰى نُوْرٍ مِّنْ رَّبِّهٖ માં શબ્દ شَرَحَ (શરહ)નો શાબ્દિક અર્થ "ખોલવું, ફેલાવવું અથવા વિસ્તારવું" થાય છે. شَرَحِ صُدُرْ (શરહે સુદૂર)નો અર્થ "દિલને વિસ્તારવું" થાય છે જેનો ભાવાર્થ એ થાય છે કે દિલમાં એવી ક્ષમતા ઉપસ્થિત હોય કે તે અલ્લાહની નિશાનીઓ આસમાન અને જમીન તથા પોતે પોતાના સર્જન વગેરેમાં વિચાર કરીને બોધપાઠ ગ્રહણ કરે

અને તેનાથી લાભ પ્રાપ્ત કરે, એ જ પ્રમાણે જે અલ્લાહની આયતો કિતાબ અને હુકમોના સ્વરૂપે ઉતારવામાં આવી છે તેમાં વિચાર કરીને તેનો લાભ ઉઠાવે, તેનાથી વિપરીત દિલને તંગ કરી દેવું એ દિલની કઠોરતા છે. કુર્આને કરીમની એક આયત لِلْقَاسِيَةِ قُلُوبُهُمْ અને આ સ્થળે આગલી આયત يَجْعَلْ صَدْرَهُ ضَيِّقًا حَرَجًا આ "શરહે સુદૂર" દિલને વિસ્તારવાના મુકાબલામાં આવી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ જ્યારે આ આયત اَفَمَنْ شَرَحَ اللّٰهُ صَدْرَهٗ તિલાવત કરી તો અમે તેમને શરહે સુદૂરનો અર્થ પૂછ્યો, આપ ﷺએ ફરમાવ્યું કે જ્યારે ઈમાનનો પ્રકાશ માનવીના દિલમાં પ્રવેશ કરે છે ત્યારે તેનું દિલ વિસ્તરી જાય છે (જેનાથી અલ્લાહના હુકમોને સમજવા અને તેના ઉપર અમલ કરવો તેના માટે સરળ બની જાય છે). અમે અરજ કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! આ (શરહે સુદૂર)ની નિશાની શું છે ? તો તેમણે ફરમાવ્યું,

اَلْاِنَابَةُ اِلٰى دَارِ الْخُلُوْدِ وَالتَّجَافِىْ عَنْ دَارِ الْغُرُوْرِ وَالتَّاَهُّبُ لِلْمَوْتِ قَبْلَ نُزُوْلِهٖ

"હંમેશા રહેનારા ઘર તરફ ઉમળકો હોવો અને આકર્ષિત રહેવું અને ધોકાના ઘર એટલે કે દુનિયા(ની મોજમજા અને ચમક દમક)થી દૂર રહેવું અને મોત આવતાં પહેલાં તેની તૈયારી કરવી."

(રવાહુ હાકિમ ફી મુસ્તદરક વલ બયહકી ફી શોઅબૂલ ઈમાન –રૂહુલ મઆની)

પ્રસ્તુત આયતને "હરફે ઈસ્તિફહામ" اَفَمَنْ (અફમન)થી શરૂ કરવામાં આવી, જેનો ભાવાર્થ એ છે કે શું એક એવો વ્યક્તિ જેનું દિલ ઈસ્લામ માટે ખોલી નાંખવામાં આવ્યું હોય અને તે પોતાના પરવરદિગાર તરફથી આવેલ પ્રકાશ ઉપર છે, એટલે કે તેના પ્રકાશમાં સૌ કામ કરે છે –અને બીજો એવો વ્યક્તિ જેનું દિલ તંગ અને કઠોર હોય શું આ બંને સમાન હોય શકે છે ? આગલી આયતમાં કઠોર હૃદયનું વર્ણન عَذَابِ وَيْل (અઝાબે વયૂલ) સાથે કરવામાં આવ્યું છે.

فَوَيْلٌ لِّلْقٰسِيَةِ قُلُوْبُهُمْ માં શબ્દ قَاسِيَةٌ (કાસિયતુન) એ قَسَاوَتٌ (કસાવત)થી બનેલ છે જેનો અર્થ કઠોર હૃદયનું હોવું કે જેને કોઈના ઉપર દયા ન આવે અને જે અલ્લાહનો ઝિક્ર અને તેના હુકમોથી કોઈ અસર કબૂલ ન કરે.

اَللّٰهُ نَزَّلَ اَحْسَنَ الْحَدِيْثِ كِتٰبًا مُّتَشَابِهًا مَّثَانِىَ આનાથી પહેલી આયતમાં

અલ્લાહના સ્વીકૃત બંદાઓની એક પરિસ્થિતિ વર્ણન કરવામાં આવી હતી يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે સંપૂર્ણ કુર્આન જ "અહસનુલ હદીષ" છે, હદીષનો શાબ્દિક અર્થ તે કલામ અથવા તે કિસ્સાનો છે જે વર્ણન કરવામાં આવે છે, કુર્આને કરીમને અહસનુલ હદીષ કહેવાનો ખુલાસો એ છે કે માનવી જે કંઈ કહે બોલે છે એ સૌમાં અહસનુલ કલામ અતિ ઉચ્ચ અને શ્રેષ્ઠ વાત કુર્આન છે. આગળ કુર્આનના અમુક લક્ષણો વર્ણન કરવામાં આવ્યા છે, એક كِتَابًا مُّتَشَابِهًا માં શબ્દ مُتَشَابِهٌ (મુતશાબિહ)નો ભાવાર્થ આ સ્થળે مُتَمَاثِلٌ (મુતમાષિલ) છે, એટલે કે કુર્આનના વિષયો એકબીજાથી જોડાયેલા અને મળતા આવતા છે કે એક આયતનો ખુલાસો અને સમર્થન બીજી આયતથી થાય છે, આ કલામમાં વિરોધાભાસ અથવા પરસ્પર વિરોધી બાબતનું નામ નિશાન નથી, બીજું લક્ષણ مَثَانِيَ (મષાની) છે જે مَثْنٰى (મષ્ના)નું બહુવચન છે જેનો અર્થ "પુનરાવર્તન" થાય છે, ભાવાર્થ એ છે કે કુર્આને કરીમમાં એક વિષયને યાદ કરાવવા માટે વારંવાર તેનું પુનરાવર્તન કરવામાં આવે છે, ત્રીજું લક્ષણ આ વર્ણન કરવામાં આવ્યું છે, تَقْشَعِرُّ مِنْهُ جُلُوْدُ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ એટલે કે અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતાથી પ્રભાવિત થઈને ડરનારાઓની કુર્આન પઢીને "ખશિયત" (અલ્લાહનો ખૌફ) અને "હૈબત" (પ્રભાવ)ની એ પરિસ્થિતિ હોય છે કે તેમના શરીર ઉપર રુંવાડા ઊભા થઈ જાય છે, ચોથું લક્ષણ એ છે કે, ثُمَّ تَلِيْنُ جُلُوْدُهُمْ وَقُلُوْبُهُمْ اِلٰى ذِكْرِ اللّٰهِ એટલે કે, કુર્આનની તિલાવતની અસર ક્યારેક અઝાબની ચેતવણી સાંભળીને એવી હોય છે કે શરીરના રુંવાડા ઊભા થઈ જાય છે અને ક્યારેક રહમત અને મગફિરતની આયતો સાંભળીને એવી હોય છે કે શરીર અને દિલ બધું અલ્લાહ તઆલાની યાદમાં નરમ થઈ જાય છે, હઝરત અસ્માઅ્ બિન્તે અબી બક્ર (રદિ.) ફરમાવે છે કે સહાબએ કિરામ (રદિ.)ની સામાન્ય હાલત એવી હતી કે જ્યારે તેમની સામે કુર્આન પઢવામાં આવતું તો તેમની આંખોમાં આંસુ આવી જતા અને શરીર ઉપરના વાળ (રુંવાડા) ઊભા થઈ જતા. *(કુર્તુબી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે બંદાના શરીર ઉપર અલ્લાહના ડરથી વાળ (રુંવાડા) ઊભા થઈ જાય તો અલ્લાહ તઆલા તેના શરીરને આગ ઉપર હરામ કરી દે છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૨૪ થી ૨૮)

أَفَمَن يَتَّقِي بِوَجْهِهِ سُوءَ الْعَذَابِ يَوْمَ الْقِيَامَةِ ۚ وَقِيلَ لِلظَّالِمِينَ ذُوقُوا مَا كُنتُمْ
تَكْسِبُونَ ۝٢٤ كَذَّبَ الَّذِينَ مِن قَبْلِهِمْ فَأَتَاهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا
يَشْعُرُونَ ۝٢٥ فَأَذَاقَهُمُ اللَّهُ الْخِزْيَ فِي الْحَيَاةِ الدُّنْيَا ۖ وَلَعَذَابُ الْآخِرَةِ أَكْبَرُ ۚ
لَوْ كَانُوا يَعْلَمُونَ ۝٢٦ وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِي هَٰذَا الْقُرْآنِ مِن كُلِّ مَثَلٍ
لَّعَلَّهُمْ يَتَذَكَّرُونَ ۝٢٧ قُرْآنًا عَرَبِيًّا غَيْرَ ذِي عِوَجٍ لَّعَلَّهُمْ يَتَّقُونَ ۝٢٨

તરજુમો :

વારુ, જે માણસ કિયામતના દિવસે પોતાના મોંઢા ઉપર બુરો અઝાબ ઝીલશે અને એવા જુલ્મીઓને (અલ્લાહ તરફથી) કહેવામાં આવશે કે જે કંઇ તમે કમાતા હતા હવે તેની મજા ચાખો. (૨૪) તેમનાથી આગલાઓ જૂઠાડી ચૂક્યા છે, પછી તેમના ઉપર એવા સ્થળેથી અઝાબ આવી પહોંચ્યો કે તેમની કલ્પનામાં પણ ન હતું. (૨૫) પછી અલ્લાહે તેમને દુનિયાની જિંદગીમાં ફજેતી(ની મજા) ચખાડી અને આખિરતનો અઝાબ તો ઘણો મોટો છે, જો તેમનામાં સમજ હોત. (૨૬) અને ખરેખર અમે આ કુર્આનમાં લોકો માટે બધી જ વસ્તુઓનું દૃષ્ટાંત વર્ણન કર્યું જેથી તેઓ ધ્યાન આપે. (૨૭) કુર્આન અરબીભાષી છે જેમાં કંઈ વાંકાપણું (ઉણપ) નથી જેથી તેઓ બચીને ચાલે. (૨૮)

તફસીર :

ભલા જે વ્યક્તિ પોતાના મોંઢાને કયામતના દિવસે સખત અઝાબને ઝીલનારો બનાવી દેશે અને એવા ઝુલ્મીઓને હુકમ થશે કે જે કંઈ તમે કર્યા કરતા હતા (હવે) તેની મજા ચાખો તો શું આ (અઝાબમાં સપડાયેલ) અને જે એવા ન હોય સરખા હોઈ શકે છે ? (અને કાફિરો તે અઝાબોને સાંભળીને ઈન્કાર ન કરે કારણ કે) જે લોકો તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે તેમણે પણ (સત્યને) જૂઠાડ્યું હતું બસ તેમના ઉપર અઝાબ એવા સ્વરૂપે આવ્યો કે તેમને ખ્યાલ પણ ન હતો,

બસ અલ્લાહ તઆલાએ તેમને આ જ દુનિયવી જિંદગીમાં પણ ફજેતીની મજા ચખાડી (કે જમીનમાં ધસી જવું, ચહેરા બગડી જવા અને આસમાનથી પથ્થર વરસવા વગેરેના અઝાબથી દુનિયામાં બદનામ થયા) અને આખિરતનો અઝાબ ઘણો મોટો છે, કાશ ! આ લોકો સમજી ગયા હોત (ઉપરની એક આયત أَفَمَنْ شَرَحَ اللَّهُ صَدْرَهُ માં એ વર્ણન હતું કે કુર્આનને સાંભળીને અમુક લોકો પ્રભાવિત થાય છે, અમુક નથી થતા; આગળ આયતમાં એ વર્ણન છે કે અમુક લોકોનું તેનાથી પ્રભાવિત ન થવું તેમની પોતાની ક્ષમતા અને આવડતની ઉણપના કારણે છે નહિતર કુર્આન પોતે સૌના માટે સમાન અસર ધરાવે છે જેનો ખુલાસો એ છે કે આ તફાવત ક્ષમતાના આધારે છે, મૂળ વસ્તુમાં કોઈ ખામી કે ઉણપ નથી) અને અમે લોકો(ની હિદાયત)ના માટે આ કુર્આનમાં દરેક પ્રકારના (જરૂરી) ઉમદા વિષયો વર્ણન કર્યા છે જેથી આ લોકો બોધપાઠ ગ્રહણ કરે જેનું સ્વરૂપ એ છે કે તે અરબી કુર્આન છે જેમાં જરા પણ વાંકચૂક નથી (અને આ વિષયો એટલા માટે લાવવામાં આવ્યા) જેથી આ લોકો (તે સત્ય અને સ્પષ્ટ વિષયોને સાંભળીને) ડરે (જાણ થઈ કે કુર્આને પાકને "કિતાબુલ હિદાયા" –હિદાયતની કિતાબ હોવામાં જે લક્ષણો જરૂરી હતા તે બધા તેમાં એકઠા છે કે તેના વિષયો પણ બધા સત્ય, સ્પષ્ટ અને સાફ સાફ છે અને ભાષા પણ અરબી છે જેને ઉપસ્થિત શ્રોતા પ્રત્યક્ષ રીતે પણ સમજી શકે છે, પછી તેમના માધ્યમથી બીજાઓએ પણ સમજી લેવું સરળ બની શકે છે, મતલબ કે આ હિદાયતની કિતાબમાં તો કોઈ ઉણપ નથી, કોઈનામાં કબૂલ કરવાની ક્ષમતા અને સલાહિયત જ ન હોય તો શું કરી શકાય ?!)

મસ્અલા અને બોધપાઠ :

أَفَمَنْ يَتَّقِي بِوَجْهِهِ આ જહન્નમ સખત અને ભયાનક હોવાનું વર્ણન છે કે માનવીની આદત દુનિયામાં એ હોય છે કે કોઈ તકલીફની વસ્તુ સામે આવી જાય તો પોતાના હાથો અને પગોને ચહેરો બચાવવા માટે ઢાલ બનાવીને તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ (અલ્લાહની પનાહ !) જહન્નમવાળાઓને આ હાથ અને પગથી બચાવ કરવાનું પણ નસીબ થશે નહીં, તેમના ઉપર જે અઝાબ આવશે તે સીધે સીધો તેમના ચહેરાઓ ઉપર પડશે, તેઓ બચાવ કરવા પણ

ઈચ્છશે તો ચહેરાને જ ઢાલ બનાવી શકશે, કારણ કે જહન્નમમાં તેમને હાથ અને પગ બાંધીને નાંખવામાં આવશે. નઊઝુબિલ્લાહ !

તફસીરના ઈમામોમાંથી હઝરત અતાઅ્ ઈબ્ને ઝૈદ (રદિ.)એ ફરમાવ્યું કે જહન્નમીને જહન્નમમાં હાથ પગ બાંધીને ઘસેડીને જહન્નમમાં નાંખવામાં આવશે.

(કુર્તુબી)

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૨૯ થી ૩૫)

ضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلًا فِيْهِ شُرَكَآءُ مُتَشٰكِسُوْنَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ
هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ۚ اَلْحَمْدُ لِلّٰهِ ۚ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٢٩﴾ اِنَّكَ مَيِّتٌ وَّ
اِنَّهُمْ مَّيِّتُوْنَ ﴿٣٠﴾ ثُمَّ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ رَبِّكُمْ تَخْتَصِمُوْنَ ﴿٣١﴾

પારહ : ૨૪

فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَبَ عَلَى اللّٰهِ وَكَذَّبَ بِالصِّدْقِ اِذْ جَآءَهٗ ۚ اَلَيْسَ فِيْ
جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿٣٢﴾ وَالَّذِيْ جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖٓ اُولٰٓئِكَ هُمُ
الْمُتَّقُوْنَ ﴿٣٣﴾ لَهُمْ مَّا يَشَآءُوْنَ عِنْدَ رَبِّهِمْ ۚ ذٰلِكَ جَزٰٓؤُا الْمُحْسِنِيْنَ ﴿٣٤﴾
لِيُكَفِّرَ اللّٰهُ عَنْهُمْ اَسْوَاَ الَّذِيْ عَمِلُوْا وَيَجْزِيَهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ الَّذِيْ كَانُوْا يَعْمَلُوْنَ ﴿٣٥﴾

તરજુમો :

અલ્લાહે એક દૃષ્ટાંત બતાવ્યું, એક પુરુષ (ગુલામ) છે કે તે(ની માલિકી)માં અમુક એકબીજાના વિરોધીઓ ભાગીદાર છે અને એક પુરુષ (ગુલામ) છે જે સંપૂર્ણ એક વ્યક્તિનો છે, શું બંને દૃષ્ટાંતો એકસમાન છે ? (કદાપિ નહીં !) બધા જ વખાણ અલ્લાહ માટે છે પરંતુ તેની ઘણા લોકો સમજ ધરાવતા નથી. (૨૯) બેશક ! તમે પણ મૃત્યુ પામો છો અને તેઓ પણ મૃત્યુ પામે છે. (૩૦) પછી નિશ્ચિત તમે કયામતના દિવસે તમારા પરવરદિગાર સામે ઝઘડશો. (૩૧) પછી તેનાથી વધારે જાલિમ કોણ જે અલ્લાહ ઉપર જૂઠું

બોલ્યો અને જ્યારે તેની પાસે સાચી વાત પહોંચી તો જૂઠાડી, શું કાફિરોનું દોઝખમાં ઠેકાણું નથી ? (૩૨) અને જે સાચી વાત લઈને આવ્યો અને જેણે તેને સાચું માન્યું તે જ લોકો મુત્તકીઓ (અલ્લાહ તઆલાથી ડરનારા) છે. (૩૩) તેમના માટે તેઓ જે ઈચ્છે તે પોતાના પરવરદિગાર પાસે છે, આ છે નેકીવાળાઓનો બદલો ! (૩૪) જેથી અલ્લાહ તેમના ઉપરથી દુષ્કૃત્યો ઊતારી દે જે તેમણે કર્યા હતા અને બદલામાં તેમને સારા કામોનો સવાબ આપે જે તેઓ કરતા હતા. (૩૫)

તફસીર :

અલ્લાહ તઆલાએ (તવહીદવાળા અને મુશ્રિકો વિશે) એક દૃષ્ટાંત વર્ણન કર્યું કે એક (ગુલામ) વ્યક્તિ છે જેમાં કેટલાય ભાગીદાર છે જેમાં પરસ્પર વાદ વિવાદ (પણ) છે અને એક બીજો (ગુલામ) વ્યક્તિ છે કે સંપૂર્ણ એક જ વ્યક્તિનો (ગુલામ) છે (તો) શું તે બંનેની હાલત સરખી (હોઈ શકે) છે ? (અને દેખીતું છે કે **તે બંને સમાન નથી, પ્રથમ વ્યક્તિ તકલીફમાં છે કે હંમેશા અસમંજસમાં રહે છે કે કોનું કહ્યું માનું અને કોનું ન માનું ? અને બીજો રાહતમાં છે કે એક જ વ્યક્તિ સાથે સંબંધ છે, બસ પ્રથમ દૃષ્ટાંત મુશ્રિકોનું છે કે હંમેશા હાલક ડોલક રહે છે, ક્યારેક** ગયરૂલ્લાહ તરફ દોડે છે, ક્યારેક અલ્લાહ તરફ દોડે છે પછી ગયરૂલ્લાહમાં પણ એક ઉપર સંતોષ નથી હોતો, ક્યારેક કોઈના તરફ રજુ થાય છે, ક્યારેક કોઈ બીજાના તરફ. આ પ્રશ્નનો ઉત્તર કાફિરો પણ એવો જ આપશે કે સામૂહિક ભાગીદારીનો ગુલામ ઘણી મુસીબતમાં રહે છે, આ દૃષ્ટાંતથી તેમના ઉપર દલીલ પૂર્ણ થઈ ગઈ અને આ દલીલ પૂર્ણ થવા ઉપર ફરમાવ્યું) અલ્હમ્દુલિલ્લાહ ! (સત્ય સાબિત થઈ ગયું પરંતુ પછી પણ આ લોકો સ્વીકાર નથી કરતા) તેમનામાં ઘણા લોકો સમજતા પણ નથી (કારણ કે સમજવાનો ઇરાદો જ નથી કરતા. આગળ કયામતના ફેંસલાનું વર્ણન છે જે અંતિમ ફેંસલો હશે જેનાથી કોઈ નાસી શકશે નહીં અને કયામતના ફેંસલા પહેલાં મોતની ખબર આપવામાં આવે છે, કારણ કે મોત જ તેની પ્રસ્તાવના અને આખિરત સુધી પહોંચવાની પ્રથમ કડી છે, તેથી ફરમાવ્યું, હે પયગમ્બર ﷺ ! આ લોકો જો દુનિયામાં કોઈ બૌદ્ધિક કે વર્ણન કરવામાં આવેલ ફેંસલાને નથી માનતા તો તમે દિલગીર ન થાઓ, કારણ કે દુનિયામાંથી) તમારે પણ મરવાનું છે અને તેમને પણ મરવાનું છે પછી કયામતના

દિવસે તમે (બંને પક્ષો પોતપોતાના) મુકદમાઓ પોતાના પરવરદિગારની સામે રજુ કરશો (તે સમયે અમલી ફૈસલો થઈ જશે જેના જાહેર થવાનું વર્ણન આગળ આવે છે, فَمَنْ اَظْلَمُ) બસ (આ અદાલતમાં મુકદમાઓ રજુ થવાના સમયે ફૈસલો એ થશે કે બાતિલપરસ્તોને જહન્નમનો અઝાબ થશે અને હકપરસ્તોને મહાન સવાબ મળશે અને દેખીતું છે કે) તે વ્યક્તિથી વધારે અન્યાયી (અને નાહકપરસ્ત) કોણ હશે જે અલ્લાહ ઉપર જૂઠ બાંધે ? (એટલે કે અલ્લાહ તઆલા વિશે એવું કહે કે તેની સાથે બીજા પણ ભાગીદાર છે) અને સાચી વાતને (એટલે કે કુર્આનને) જ્યારે કે તે તેની પાસે (રસૂલ દ્વારા) પહોંચી જૂઠાડી દે (તો એવા વ્યક્તિનું મોટો અત્યાચારી હોવું પણ જાહેર છે અને અત્યાચારના કારણે મોટા અઝાબનો પણ હકદાર હોવું જરૂરી છે અને મોટો અઝાબ જહન્નમનો છે તો) શું (કયામતના દિવસે) એવા કાફિરોનું ઠેકાણું જહન્નમ ન હશે ? (આ ફૈસલો બાતિલપરસ્તોનો થયો) અને (તેનાથી વિપરીત) જે લોકો સત્ય વાત લઈને (અલ્લાહ તઆલા તરફથી અથવા રસૂલ તરફથી લોકોની પાસે) આવ્યા અને (પોતે પણ) તેને સાચું જાણે (એટલે કે એ લોકો સાદિક-સાચા પણ છે અને મુસદ્દીક-સાચું બોલનાર પણ જેમકે પ્રથમ પ્રકારના લોકો કાઝિબ-જૂઠા પણ હતા અને મુકઝ્ઝિબ-જૂઠું બોલનાર પણ) તો એ (સાદિક) લોકો પરહેઝગાર છે (તેમનો ફૈસલો એ થશે કે) તેઓ જે કંઈ ઈચ્છશે તેમના માટે પરવરદિગારની પાસે સઘળું કંઈ છે, આ બદલો છે નેક લોકોનો (અને આ બદલો તેમના માટે એ કારણે નક્કી કર્યો) જેથી અલ્લાહ તઆલા તેમના દુષ્કૃત્યોને દૂર કરે અને નેક કામોનો બદલો તેમને તેમનો સવાબ આપે.

મસ્અલા અને બોધપાઠ :

اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَّيِّتُوْنَ માં مَيِّتٌ (મય્યિત) بِتَشْدِيْدِ الْيَاءِ તેને કહે છે જે ભવિષ્યમાં મૃત્યુ પામવાનો હોય અને مَيْتٌ (મયૂત) بِسُكُوْنِ الْيَاءِ તેને કહે છે જે મરી ચૂક્યો છે. આ આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે કે તમે પણ મરવાના છો અને તમારા દુશ્મન તથા સગા સંબંધીઓ પણ મરવાના છે. આ વર્ણન કરવાનો મકસદ એ છે કે સૌને આખિરતની ફિકર તરફ ધ્યાન અપાવી આખિરત માટે અમલ કરવામાં લાગી જવાનું પ્રોત્સાહન આપવામાં આવે અને ટૂંકમાં એ પણ બતાવી દેવામાં આવ્યું છે કે મખ્લૂકમાં શ્રેષ્ઠ

તથા સય્યિદુલ મુરસલીન હોવા છતાં મોતથી રસૂલે કરીમ ﷺ પણ બાકાત નથી જેથી આપ ﷺની વફાત પછી લોકોમાં તેના વિશે મતભેદ પેદા ન થાય.

(કુર્તુબીમાંથી)

મહશરની અદાલતમાં મઝલૂમનો હક જાલિમ પાસેથી વસૂલ કરવાનું સ્વરૂપ :

ثُمَّ اِنَّكُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ عِنۡدَ رَبِّكُمۡ تَخۡتَصِمُوۡنَ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અત્રે શબ્દ اِنَّكُمۡ (ઈન્નકુમ)માં મો'મિન, કાફિર, મુસલમાન, જાલિમ અને મજલૂમ બધા જ સામેલ છે, સૌ પોતપોતાના મુકદમાઓ પોતાના પરવરદિગારની અદાલતમાં રજુ કરશે અને અલ્લાહ તઆલા જાલિમ પાસેથી મજલૂમનો હક અપાવશે ભલે તે કાફિર હોય અથવા મો'મિન. આ હકો અદા કરવાનું સ્વરૂપ એ હશે જે સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી આવ્યું છે કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું છે કે જે વ્યક્તિના માથે કોઈનો હક છે તેણે દુનિયામાં જ તેને અદા કરીને અથવા મા'ફ કરાવીને હલાલ કરવો જોઈએ, કારણ કે આખિરતમાં દિરહમ અને દીનાર તો હશે નહીં, જો જાલિમની પાસે કંઈક નેક કર્મો છે તો તેના જુલ્મના પ્રમાણમાં તે અમલો તેની પાસેથી લઈને મજલૂમને આપવામાં આવશે અને જો તેની પાસે ભલાઈઓ નથી તો મજલૂમની બુરાઈઓ અને ગુનાહોને તેની પાસેથી લઈને જાલિમ ઉપર નાંખવામાં આવશે.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ એક દિવસે સહાબએ કિરામ (રદિ.)ને પ્રશ્ન કર્યો કે તમે જાણો છો કે મુફલિસ કોણ છે ? સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી કે યા રસૂલુલ્લાહ ﷺ! અમે તો મુફલિસ તેને સમજીએ છીએ જેની પાસે ન તો કોઈ રોકડ રકમ હોય અને ન જ જરૂરિયાતનો સામાન. આપ ﷺએ ફરમાવ્યું કે અસલી અને સાચો મુફલિસ મારી ઉમ્મતમાં તે વ્યક્તિ છે જે કયામતમાં ઘણા બધા નેક અમલો નમાઝ, રોઝા, ઝકાત વગેરે લઈને આવશે પરંતુ તેની હાલત એ હશે કે તેણે દુનિયામાં કોઈને ગાળ આપી, કોઈના ઉપર આક્ષેપ લગાવ્યો, કોઈનો માલ નાજાઈઝ રીતે ખાઈ ગયો, કોઈની હત્યા કરાવી, કોઈને મારઝૂડ કરી સતાવ્યો તો આ બધા મજલૂમ અલ્લાહની સામે પોતાના ઉપર કરવામાં આવેલ જુલમોની

માંગણી કરશે અને તેની ભલાઈઓ તેમનામાં વહેંચી દેવામાં આવશે, પછી જ્યારે તે ભલાઈઓ સમાપ્ત થઈ જશે અને મઝલૂમોના હકો હજુ પણ બાકી રહેશે તો મઝલૂમોના ગુનાહો તેના ઉપર નાંખી દેવામાં આવશે (તો આ વ્યક્તિ સૌ સામાન હોવા છતાં કયામતમાં મુફલિસ રહી ગયો, આ જ અસલી મુફલિસ છે).

તબરાનીએ એક ભરોસાપાત્ર સનદ સાથે હઝરત અબૂ ઐયૂબ અન્સારી (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, સૌથી પહેલો જે મુકદમો અલ્લાહ તઆલાની અદાલતમાં રજુ કરવામાં આવશે તે પુરુષ અને તેની પત્નીનો હશે અને અલબત્ત ત્યાં જીભ બોલશે નહીં પરંતુ સ્ત્રીના હાથ પગ ગવાહી આપશે કે તે પોતાના પતિ ઉપર કેવી કેવી એબ લગાવ્યા કરતી હતી અને એ જ પ્રમાણે પુરુષના હાથ પગ એ પ્રમાણે ગવાહી આપશે કે કઈ રીતે પોતાની પત્નીને તકલીફ અને પીડા પહોંચાડતો હતો, ત્યારબાદ દરેક વ્યક્તિની સામે તેમના નોકર ચાકર લાવવામાં આવશે, તેમની શિકાયતોનો ફેંસલો કરવામાં આવશે, પછી સામાન્ય બજારના લોકો જેમની સાથે તેનો વ્યવહાર રહેતો હતો તે રજુ થશે, જો તેણે તેમનામાંથી કોઈના ઉપર અત્યાચાર કર્યો છે તો તેનો હક અપાવવામાં આવશે.

બધા જ અમલો અત્યાચાર અને હકોના બદલામાં આપી દેવામાં આવશે પરંતુ ઈમાન આપવામાં આવશે નહીં :

તફસીરે મઝહરીમાં પ્રસ્તુત બધી જ હદીષની રિવાયતો નકલ કર્યા પછી લખ્યું છે કે મજલૂમોના હકોમાં જાલિમના અમલો આપવાનું જે વર્ણન થયું છે તેનાથી ભાવાર્થ ઈમાન સિવાય બીજા અમલો છે, કારણ કે જેટલા જુલમો છે તે બધા અમલી ગુનાહ છે કુફ્ર નથી અને આવા ગુનાહોની સજા મર્યાદિત પ્રકારની હશે તેનાથી વિપરીત ઈમાન કે તે એક અમર્યાદિત અમલ છે તેનો બદલો પણ અમાર્યાદિત હંમેશા હંમેશની જન્નતમાં રહેવાનું છે, જો કે તે ગુનાહોની સજા ભોગવ્યા પછી અને અમુક મુદત જહન્નમમાં રહ્યા પછી પણ હોઈ શકે છે, તેનો ખુલાસો એ છે કે જ્યારે જાલિમના ઈમાન સિવાયના બધા નેક અમલો મજલૂમોને આપીને સમાપ્ત થઈ જશે માત્ર ઈમાન બાકી રહી જશે તો ઈમાન તેનાથી સમાપ્ત કરવામાં નહીં આવે, બલકે મજલૂમના ગુનાહ તેના ઉપર નાંખીને હકોને અદા

કરવામાં આવશે જેના પરિણામે આ ગુનાહોનો અઝાબ ભોગવ્યા પછી અંતે જન્નતમાં પ્રવેશ પામશે અને પછી તેની આ હાલત કાયમી હશે. તફસીરે મઝહરીના કર્તાએ લખ્યું છે કે ઈમામ બયહકીએ પણ આવું જ કહ્યું છે.

كَذَّبَ بِالصِّدْقِ અને اَلَّذِىْ جَآءَ بِالصِّدْقِ માં صِدْق (સિદ્ક)નો ભાવાર્થ તે તા'લીમ છે જે રસૂલે કરીમ ﷺ લઈને આવ્યા છે, ભલે તે કુર્આન હોય અથવા કુર્આન સિવાય બીજી તા'લીમ હદીષો; અને صَدَّقَ بِهٖ (સિદ્ક બિહિ)માં બધા મો'મિનો સામેલ છે કે તેઓ તેનું સમર્થન કરનારા છે.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૩૬ થી ૪૧)

اَلَيْسَ اللّٰهُ بِكَافٍ عَبْدَهٗ ۖ وَيُخَوِّفُوْنَكَ بِالَّذِيْنَ مِنْ دُوْنِهٖ ۚ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ
فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿٣٦﴾ وَمَنْ يَّهْدِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّضِلٍّ ۗ اَلَيْسَ اللّٰهُ بِعَزِيْزٍ ذِى انْتِقَامٍ ﴿٣٧﴾
وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ ۚ قُلْ اَفَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ اِنْ اَرَادَنِىَ اللّٰهُ بِضُرٍّ هَلْ هُنَّ كٰشِفٰتُ ضُرِّهٖٓ اَوْ اَرَادَنِىْ بِرَحْمَةٍ هَلْ هُنَّ
مُمْسِكٰتُ رَحْمَتِهٖ ۚ قُلْ حَسْبِىَ اللّٰهُ ۖ عَلَيْهِ يَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ ﴿٣٨﴾ قُلْ يٰقَوْمِ اعْمَلُوْا
عَلٰى مَكَانَتِكُمْ اِنِّىْ عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿٣٩﴾ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ يُّخْزِيْهِ وَيَحِلُّ
عَلَيْهِ عَذَابٌ مُّقِيْمٌ ﴿٤٠﴾ اِنَّآ اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ لِلنَّاسِ بِالْحَقِّ ۚ فَمَنِ
اهْتَدٰى فَلِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۚ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ﴿٤١﴾ ع

તરજુમો :

શું અલ્લાહ પોતાના બંદાઓ માટે પૂરતો નથી અને તમને તેનાથી ડરાવે છે જે તેના સિવાયના છે અને જેને અલ્લાહ માર્ગ ભટકાવે તો કોઈ તેને માર્ગ આપનાર નથી. (૩૬) અને જેને અલ્લાહ માર્ગ સૂઝાડે તો તેને કોઈ ભટકાવનાર નથી, શું અલ્લાહ જબરદસ્ત બદલો લેનારો નથી !? (૩૭) અને જો તમે તેમને પૂછો, આસમાન અને જમીન કોણે બનાવ્યા ? તો કહે,

અલ્લાહ ! તમે કહો, ભલા ! જુઓ તો અલ્લાહના સિવાય જેને પૂજો છો જો અલ્લાહ મારા ઉપર કંઈ તકલીફ ઈચ્છે તો તે એવા છે કે તેની નાંખેલી તકલીફ ખોલી (દૂર કરી) આપે અથવા તે મારા ઉપર રહમ ઈચ્છે તો તેઓ એવા છે કે તે રહમને અટકાવી દે ? તમે કહો, મારે અલ્લાહ પૂરતો છે, તેના ઉપર જ ભરોસો રાખનારાઓ ભરોસો રાખે છે. (૩૮) તમે કહો, હે કોમ ! પોતાની જગ્યાએ કર્મ કર્યે જાઓ હું પણ કર્મ કરું છું, હવે આગળ જાણી લેશો. (૩૯) (કે) કોના ઉપર આફત આવે છે કે તેને અપમાનિત કરે અને તેના ઉપર કાયમ રહેનાર અઝાબ ઊતરે છે. (૪૦) અમે તમારા ઉપર લોકો માટે સત્યની સાથે કિતાબ ઉતારી છે, પછી જે કોઈ માર્ગ ઉપર આવ્યો બસ પોતાના ભલા માટે અને જે કોઈ ભટક્યો બસ એ જ વાત છે કે ભટક્યો પોતાના બુરા માટે અને તમે તેમના જવાબદાર નથી. (૪૧)

તફસીર :

શું અલ્લાહ તઆલા પોતાના (ખાસ) બંદા (મુહમ્મદ ﷺની સુરક્ષા) માટે પૂરતો નથી ? (એટલે તે તો સૌના રક્ષણ માટે પૂરતો છે તો પોતાના પ્રિય અને ખાસ બંદા માટે કેમ પૂરતો નહીં હોય ?) અને આ લોકો (એવા મૂર્ખ છે કે અલ્લાહ તઆલાના રક્ષણને અવગણીને) તમને તેનાથી (એટલે કે જૂઠા પૂજ્યોથી) ડરાવે છે જે અલ્લાહના સિવાય (તેમણે ઘડી રાખ્યા) છે, (જ્યારે કે તેઓ પોતે નિર્જીવ અને લાચાર છે અને જો શક્તિશાળી હોત તો પણ અલ્લાહની સુરક્ષાના મુકાબલા માટે લાચાર જ હોત) અને (મૂળ વાત એ છે કે) જેને અલ્લાહ માર્ગ ભટકાવે તેનું કોઈ માર્ગદર્શન કરનાર નથી અને જેને તે હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરનાર નથી (આગળ અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનું વર્ણન કરીને તેમની મૂર્ખામીને જાહેર કરવામાં આવી છે કે) શું અલ્લાહ તઆલા (તેમના સમીપ) જબરદસ્ત (અને) બદલો લેનાર (એટલે કે બદલો લેવાની શક્તિ ધરાવનાર) નથી ?! (એટલે કે અલ્લાહ તઆલાની મદદ કરવાની સિફત પણ સંપૂર્ણ છે અને બંદાની મદદ પ્રાપ્ત કરવાની ક્ષમતા પણ સંપૂર્ણ છે તથા જૂઠા પૂજ્યોની શક્તિ અને મદદ કરવાની સિફતથી તેમનું લાચાર હોવું પણ દેખીતું છે, પછી તમને તેઓ દ્વારા જૂઠા પૂજ્યોથી ડરાવવું મૂર્ખામી નથી તો શું છે ?) અને (આશ્ચર્યની વાત એ છે કે અલ્લાહ તઆલાની સંપૂર્ણ શક્તિને અને તેની મદદ

કરવા:ની શકિતને પણ તેઓ સ્વીકારે છે એટલા માટે) જો તમે તેમને પૂછો કે આસમાન અને જમીનને કોણે પેદા કર્યું છે ? તો એવું જ કહેશે કે અલ્લાહે ! (તેથી) તમે (તેમને) કહો કે ભલા ! (જ્યારે તમે અલ્લાહને તેની સર્જન શકિતમાં સંપૂર્ણ હોવાની માન્યતા ધરાવો છો તો) એ બતાવો કે અલ્લાહના સિવાય જે મઅ્બૂદોને પૂજો છો જો અલ્લાહ મને કોઈ તકલીફ પહોંચાડવા ઈચ્છે તો શું આ મઅ્બૂદો તેની આપેલી આ તકલીફ દૂર કરી શકે છે અથવા અલ્લાહ મારા ઉપર પોતાનો કરમ કરવા ઈચ્છે તો શું આ મઅ્બૂદો તેની કૃપાને અટકાવી શકે છે ? (આગળ ઈરશાદ છે કે જ્યારે આ ચર્ચાથી અલ્લાહ તઆલાની કુદરતની વિશેષતા સાબિત થઈ જાય છે તો) તમે કહી આપો કે (તેનાથી સાબિત થઈ ગયું કે) મારા માટે અલ્લાહ પૂરતો છે, ભરોસો કરનારાઓ તેના ઉપર જ ભરોસો કરે છે (એટલા માટે હું પણ તેના ઉપર જ તવક્કુલ અને ભરોસો રાખું છું અને તમારા વિરોધ તથા દુશ્મનાવટની કોઈ પરવા કરતો નથી અને કારણ કે આ લોકો તે બધી વાતો સાંભળીને પણ પોતાની જૂઠી માન્યતાઓ ઉપર મક્કમ રહ્યા હતા, તેથી તમને અંતિમ જવાબની તા'લીમ આપવામાં આવે છે કે) તમે (તેમને) કહી આપો કે (જો આનાથી પણ તમે નથી માનતા તો તમે જાણો !) પોતાની હાલત ઉપર અમલ કર્યે જાઓ હું પણ (પોતાની પદ્ધતિએ) અમલ કરી રહ્યો છું (એટલે કે જ્યારે તમે પોતાના જૂઠી પદ્ધતિને નથી છોડતા તો હું સત્ય તરીકાને કેવી રીતે છોડું?) બસ, હવે જલદી જ તમને જાણ થઈ જશે કે તે કોણ વ્યકિત છે જેના ઉપર (દુનિયામાં) એવો અઝાબ આવશે જે તેને અપમાનિત કરી નાંખશે અને (મૃત્યુ પછી) તેના ઉપર કાયમી અઝાબ નાઝિલ થશે (એટલા માટે દુનિયામાં ગઝ્વએ બદ્રમાં મુસલમાનોના હાથે તેમને સજા મળી, ત્યારબાદ આખિરતમાં કાયમી અઝાબ છે, અહીંયાં સુધી તો રસૂલે કરીમ ﷺને વિરોધીઓથી સાંત્વના આપવામાં આવી, આગળ તેમને જે કાફિરો અને સામાન્ય અલ્લાહની મખ્લૂક સાથે લાગણીની બીના ઉપર તેમના કુફ્ર અને ઈન્કારથી ગમ થતો હતો તેના ઉપર તસલ્લી આપવામાં આવે છે કે) અમે આ કિતાબ તમારા ઉપર લોકોના (નફા) માટે ઉતારી જે સત્ય છે, બસ (તમારું કામ તેને પહોંચાડી દેવું છે પછી) જે વ્યક્તિ સત્ય માર્ગ ઉપર આવશે તો પોતાના લાભ માટે અને જે વ્યક્તિ માર્ગ ભટકેલ રહેશે તો તેનું માર્ગ ભટકવું તેના ઉપર જ પડશે અને તમે તેમના (એવા) રક્ષક

બનાવવામાં નથી આવ્યા (કે તેમના માર્ગ ભટકવાની તમને પૂછતાછ થાય તો પછી તમે તેમની ગુમરાહીથી શા માટે ગમ ખાઓ છો ?)

મસ્અલા અને બોધપાઠ :

اَلَيْسَ اللّٰهُ بِكَافٍ عَبْدَهٗ આ આયતનો શા'ને નુઝૂલ (ઊતરવાની પૂર્વભૂમિકા) એ ઘટના છે કે કાફિરોએ રસૂલે કરીમ ﷺ અને સહાબા (રદિ.)ને એ બાબતથી ડરાવ્યા હતા કે જો તમે અમારી મૂર્તિઓનું અપમાન કર્યું તો તે મૂર્તિઓની અસર ઘણી કઠોર છે તેનાથી તમે બચી શકશો નહીં. તેમને જવાબમાં કહેવામાં આવ્યું કે શું અલ્લાહ તઆલા પોતાના બંદાઓ માટે પૂરતો નથી ?! એટલા માટે અમુક તફસીરકારોએ અહીંયાં "બંદા"થી "ખાસ બંદા" એટલે કે રસૂલે કરીમ ﷺને ભાવાર્થ સ્વરૂપે લીધા છે. તફસીરના ખુલાસામાં તેને જ અપનાવવામાં આવ્યું છે અને બીજા તફસીરકારોએ બંદાનો જાહેર અર્થ લીધો છે અને આયતની બીજી કિરાઅત જે عِبَادَهٗ આવી છે તે તેનું સમર્થન કરે છે અને વિષય જો કે જાહેર છે કે અલ્લાહ તઆલા પોતાના દરેક બંદાઓ માટે પૂરતો છે.

عِبْرَتْ وَ نَصِيْحَتْ શિખામણ અને બોધપાઠ :

وَيُخَوِّفُوْنَكَ بِالَّذِيْنَ مِنْ دُوْنِهٖ એટલે કે કાફિરો તમને ડરાવે છે પોતાના જૂઠા મઅ્બૂદોના ગુસ્સાથી. આ આયત પઢનારાઓ સામાન્ય રીતે એવો વિચાર કરીને આગળ ધપે છે કે આ એક ખાસ ઘટનાનું વર્ણન છે જેનો સંબંધ કાફિરોની ધમકીઓ અને રસૂલે કરીમ ﷺની પવિત્ર જાત સાથે છે, તે તરફ ધ્યાન આપતા નથી કે તેમાં અમારા માટે માર્ગદર્શન છે, જ્યારે કે વાત બિલકુલ ઉઘાડી છે કે જે વ્યક્તિ પણ કોઈ મુસલમાનને એટલા માટે ડરાવે કે તમે ફલાણું હરામ કામ અથવા ગુનોહ ન કર્યો તો તમારા શાસકો અને અધિકારીઓ જેના તમે મોહતાજ સમજવામાં આવો છો તમારાથી ખફા થઈ જશે અને તમને કષ્ટ પહોંચાડશે, એ પણ તેમાં જ સામેલ છે કે જો ડરાવનાર મુસલમાન જ હોય અને જેનાથી ડરાવવામાં આવે છે તે પણ મુસલમાન હોય અને આ એવી સામાન્ય બાબત છે કે દુનિયાની ઘણી નોકરીઓમાં લોકોને તેની સાથે પાલો પડે છે કે અલ્લાહના હુકમો તોડવા ઉપર તૈયાર થઈ જાય અથવા તો પછી પોતાના અધિકારીઓનો ગુસ્સો અને ક્રોધનો ભોગ બને, આ આયતે તે સૌને એ માર્ગદર્શન આપ્યું છે કે શું અલ્લાહ

તઆલા તમારી સુરક્ષા માટે પૂરતો નથી ? તમે માત્ર અને માત્ર અલ્લાહ માટે ગુનાહોથી બચવાનો પાકો નિર્ધાર કરી લીધો અને અલ્લાહના હુકમો વિરુદ્ધ કોઈ શાસક કે અધિકારીની પરવા ન કરી તો અલ્લાહ તઆલાની મદદ તમારી સાથે હશે, વધારેમાં વધારે આ નોકરી છોડવી પડશે તો અલ્લાહ તઆલા તમને રોજી આપશે, કોઈ બીજી વ્યવસ્થા કરશે અને મો'મિનનું કાર્ય તો એ છે કે આવી નોકરીઓને છોડવાનો પોતે જ પ્રયત્ન કરતો રહે કે જેથી કોઈ બીજું યોગ્ય સ્થળ મળી જાય તો તેણે તરત જ તે નોકરી છોડી દેવી જોઈએ.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૪૨ થી ૪૫)

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا ۚ فَيُمْسِكُ
الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَيُرْسِلُ الْاُخْرٰٓى اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۭ اِنَّ فِيْ
ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ۝۴۲ اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ شُفَعَاۗءَ ۭ
قُلْ اَوَلَوْ كَانُوْا لَا يَمْلِكُوْنَ شَيْـًٔا وَّلَا يَعْقِلُوْنَ ۝۴۳ قُلْ لِّلّٰهِ الشَّفَاعَةُ جَمِيْعًا ۭ
لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ۝۴۴ وَاِذَا ذُكِرَ اللّٰهُ
وَحْدَهُ اشْمَاَزَّتْ قُلُوْبُ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ ۚ وَاِذَا ذُكِرَ الَّذِيْنَ
مِنْ دُوْنِهٖٓ اِذَا هُمْ يَسْتَبْشِرُوْنَ ۝۴۵

તરજુમો :

અલ્લાહ સંપૂર્ણ પ્રાણ ખેંચી લે છે જ્યારે તેમના મૃત્યુનો સમય હોય છે અને જેનું મોત નથી તેમને તેમની ઊંઘમાં ખેંચી લે છે, પછી જેમના ઉપર મરવું ઠરાવવામાં આવ્યું તેમને રોકી લે છે અને બીજાઓને એક નિર્ધારિત સમય સીમા સુધી મોકલી આપે છે, બેશક ! આ વાતમાં ચિંતન કરનારાઓ માટે દલીલો છે. (૪૨) શું તેમણે અલ્લાહના સિવાય કોઈ સિફારસ કરનાર પકડયા છે ? તમે કહો, જો તેમને કોઈ વસ્તુઓનો અધિકાર ન હોય અને ન

જ બુદ્ધિ (તો પણ ?) (૪૩) તમે કહો, સઘળી સિફારસ અલ્લાહના અધિકારમાં છે, તેનું જ આસમાન અને જમીનમાં શાસન છે, પછી તેના જ તરફ પાછા ફરીને જશો. (૪૪) અને જ્યારે એકલા અલ્લાહનું નામ લેવામાં આવે તો તેમના દિલો રુંધાઈ જાય છે જેઓ આખિરતનું ઈમાન નથી ધરાવતા અને જ્યારે તેના સિવાય અન્યોનું નામ લેવામાં આવે ત્યારે તેઓ ખુશીઓ મનાવવા લાગે. (૪૫)

તફસીર :

અલ્લાહ જ તે પ્રાણોને કબ્જે (એટલે કે બરખાસ્ત) કરે છે (જેમનો મોતનો સમય આવી ગયો છે) તેમની મોતના સમયે (સંપૂર્ણ રીતે કે જિંદગી પૂરી થઈ જાય) અને તેમના પ્રાણોને પણ જેમનું મોત નથી આવ્યું તેમને સૂવાના સમયે (આ બરખાસ્તગી સંપૂર્ણ નથી હોતી, એક સ્વરૂપે જીવન બાકી પણ રહે છે પરંતુ હોશ રહેતો નથી અને મોતના સ્વરૂપમાં ન તો હોશ રહે છે અને ન જ જીવન) પછી (આ બરખાસ્તગી પછી) તેમના પ્રાણોને તો (શરીર તરફ પાછા ફરવાથી) રોકી લે છે જેમના ઉપર મોતનો હુકમ ફરમાવી ચૂક્યો છે અને બાકી રૂહોને (જે ઊંઘના કારણે બરખાસ્ત થઈ ગઈ હતી અને હજુ તેમનો મોતનો સમય નથી આવ્યો) એક નિશ્ચિત સમય (એટલે કે મુદ્દત) સુધી આઝાદ કરી દે છે (કે પાછી શરીરમાં પહોંચીને પહેલાં જેવું જ જીવવા લાગે) આ(અલ્લાહ તઆલાની વ્યવસ્થા)માં તે લોકો માટે જેઓ વિચારવાની ટેવવાળા છે (અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને કોઈની ભાગીદારી વિના સમગ્ર વિશ્વની વ્યવસ્થા કરવા ઉપર) દલીલો છે (જેનાથી અલ્લાહની તવહીદ–એક હોવા ઉપર દલીલો થાય છે) હા ! શું (સ્પષ્ટ દલીલો કાયમ થઈ હોવા છતાં) તે લોકોએ અલ્લાહના સિવાય અન્યોને (મઅ્બૂદ) ઠરાવી રાખ્યા છે જેઓ (તેમની) સિફારસ કરશે ? (જેમકે મુશ્રિકો પોતાની મૂર્તિઓ વિશે કહ્યા કરતા હતા, هٰـؤُلَآءِ شُـفَعَآؤُنَا عِنۡدَ اللّٰهِ) તમે કહી આપો કે ભલે આ (તમારી ઘડેલી મૂર્તિઓ) કંઈ પણ શક્તિ ન ધરાવતી હોય અને કંઈ પણ ઈલ્મ ન રાખતી હોય (શું તો પણ તમે એવું જ સમજશો કે તેઓ તમારી સિફારસ કરશે ? શું એટલું પણ નથી સમજતા કે સિફારસ માટે સમજ અને યોગ્ય શક્તિ હોવી જરૂરી છે જે તેમનામાં બિલકુલ નથી ! અહીંયાં અમુક મુશ્રિકો એવું કહી શકતા હતા કે આ પથ્થરની કંડારેલી મૂર્તિઓ અમારો હેતુ નથી, બલકે આ

શિલ્પો અને શકલો ફરિશ્તાઓ અને જિન્નાતની છે, તે તો રૂહવાળા છે, શક્તિ અને જ્ઞાન પણ ધરાવે છે તેથી તેના જવાબ સ્વરૂપે આ તા'લીમ આપવામાં આવી કે) તમે (એ પણ) કહી આપો કે સિફારસ બધી જ અલ્લાહના જ અધિકારમાં છે (તેની પરવાનગી વિના કોઈ ફરિશ્તા અથવા માનવીની મજાલ નથી કે કોઈની સિફારસ કરી શકે અને અલ્લાહ તઆલાની સિફારસની પરવાનગી માટેની બે શરતો છે; એક, સિફારસ કરનારનું અલ્લાહ નજીક સ્વીકૃત હોવું અને બીજું જેની સિફારસ કરવામાં આવે તેનું મા'ફીપાત્ર હોવું, હવે સમજી લો કે મુશ્રિકોએ મૂર્તિઓને જેમની શકલો સમજીને અપનાવી છે જો તે જિન્નાત અથવા શયતાનો છે તો બંને શરતો પૂરી નથી થતી, સિફારસ કરનાર અલ્લાહ તઆલા પાસે સ્વીકૃત નથી અને ન જ મુશ્રિકો મા'ફીપાત્ર છે અને જો આ શકલોને ફરિશ્તાઓ અથવા અંબિયા અલૈ.ની શકલો ઠરાવી રાખી છે તો સિફારસ કરનારનું સ્વીકૃત હોવાની શરત તો ઉપસ્થિત છે પરંતુ બીજી શરત પૂરી નથી થતી કે તે મુશ્રિકોમાં મા'ફી મેળવવાની ક્ષમતા જ નથી, આગળ ફરમાવ્યું છે કે અલ્લાહ તઆલાની એ શા'ન છે કે) બધા આસમાન અને જમીનની સલતનત તેની જ છે પછી તમે તેના જ તરફ પાછા વળીને જશો (એટલા માટે સૌને છોડીને તેનાથી જ ડરો અને તેની જ ઈબાદત કરો) અને (તવહીદની સ્પષ્ટ દલીલો કાયમ થયા છતાં કાફિરો અને મુશ્રિકોની એવી હાલત છે કે) જ્યારે ફક્ત અલ્લાહનું વર્ણન કરવામાં આવે છે (કે તે કોઈની ભાગીદારી વિના સમગ્ર વિશ્વનો, કાળા ધોળાનો બધાનો જ માલિક અને મુખ્તિયાર છે) તો તે લોકોના દિલો રુંધાઈ જાય છે જેઓ આખિરતનું યકીન નથી રાખતા અને જ્યારે તેમના સિવાય અન્યોનું વર્ણન આવે છે (ભલે માત્ર તેમનું જ વર્ણન હોય અથવા અલ્લાહની સાથે તેમનું પણ વર્ણન કરવામાં આવતું હોય) તો તે જ વખતે તે લોકો હરખાય છે.

મસ્અલા અને બોધપાઠ :

મોત અને ઊંઘના સમયે રૂહ (પ્રાણ) કબ્જે થવા અને બંને પરિસ્થિતિઓના તફાવતની વિગત :

تَوَفّٰی اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا માં શબ્દ تَوَفّٰی (તવફ્ફા)નો શાબ્દિક અર્થ "લઈ લેવું અથવા કબ્જે કરી લેવું" થાય છે, આ આયતમાં અલ્લાહ તઆલાએ બતાવ્યું છે કે સજીવની રૂહો દરેક પરિસ્થિતિમાં

દરેક સમયે અલ્લાહ તઆલાના કાબૂમાં છે, તે જ્યારે ઇચ્છે તેને કબ્જે કરી શકે છે અને પાછી લઈ શકે છે અને આ અલ્લાહની શક્તિનું એક પ્રદર્શન તો દરેક સજીવ દરરોજ જુએ અને અનુભવે છે કે ઊંઘના સમયે તેની રૂહ એક સ્વરૂપે કબ્જે જ થઈ જાય છે પછી જાગૃત થતાં પાછી મળી જાય છે અને અંતે એક સમય એવો પણ આવશે કે તે સંપૂર્ણ કબ્જે થઈ જશે અને પછી પાછી મળશે નહીં.

તફસીરે મઝહરીમાં છે કે રૂહ કબ્જે કરવાનો અર્થ એ છે કે તેનો સંબંધ માનવ શરીર સાથે કપાઈ જાય છે, ક્યારેક તે જાહેર રીતે અથવા ગુપ્ત રીતે બિલકુલ કાપી નાંખવામાં આવે છે તેનું નામ મોત છે અને ક્યારેક માત્ર જાહેર સ્વરૂપે કાપવામાં આવે છે અને અદષ્ય રીતે આ સંબંધ બાકી રહે છે જેની અસર એ હોય છે કે હલન ચલન અને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ જે જીવનની જાહેર નિશાનીઓ છે તે સુષુપ્ત કરી દેવામાં આવે છે અને રૂહનો શરીર સાથે અદષ્ય સંબંધ બાકી રહે છે જેનાથી તે શ્વાસ લેતો રહે છે અને જીવીત રહે છે અને તેનું સ્વરૂપ એ હોય છે કે મનુષ્યની રૂહને આ દુનિયાના ધ્યાન અને ઘટમાળથી સુષુપ્ત કરીને ગાફેલ કરી દેવામાં આવે છે જેથી માનવી સંપૂર્ણ આરામ મેળવી શકે અને ક્યારેક આ અદષ્ય સંબંધ પણ કાપી નાંખવામાં આવે છે જેના કારણે શરીરની જિંદગી બિલકુલ સમાપ્ત થઈ જાય છે.

પ્રસ્તુત આયતમાં શબ્દ تَوَفِّى (તવફ્ફા) "કબ્જે કરવા"ના અર્થમાં જાહેર રૂપક સ્વરૂપ બંને અર્થો ઉપર પ્રભાવી છે, મોત અને ઊંઘ બંનેમાં રૂહનો કબ્જે કરવાનો આ તફાવત જે ઉપર વર્ણન કરવામાં આવ્યો છે તેનું સમર્થન હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુના એક નિવેદનથી પણ થાય છે, તેમણે ફરમાવ્યું કે સુવાના સમયે માનવીની રૂહ તેના શરીરથી નીકળી જાય છે પરંતુ રૂહનું એક કિરણ શરીરમાં રહે છે જેનાથી તે જીવીત રહે છે અને આ જ કિરણના સંપર્કથી તે સ્વપ્ન જુએ છે પછી આ સ્વપ્ન જો રૂહના આ દુનિયા (આલમે મિસાલ)માં કેન્દ્રિત હોવાની હાલતમાં જોવામાં આવ્યું તો તે સાચું સ્વપ્ન હોય છે અને જો તે તરફથી શરીરમાં પાછા ફરવાની પરિસ્થિતિમાં જોવામાં આવ્યું તો તેમાં શયતાની મિલાવટ થઈ જાય છે તે رُؤْيَائِى صَادِقَة (સાચા સ્વપ્નો) નથી રહેતા અને ફરમાવ્યું કે ઊંઘની હાલતમાં રૂહ જે રીતે માનવીના શરીરમાંથી નીકળે છે તો જાગૃતાવસ્થાના સમયે આંખના પલકારાથી પણ ઓછા સમયમાં તે શરીરમાં પાછી ફરે છે.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૪૬ થી ૫૨)

قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ عٰلِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ اَنْتَ تَحْكُمُ بَيْنَ
عِبَادِكَ فِيْ مَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٤٦﴾ وَلَوْ اَنَّ لِلَّذِيْنَ ظَلَمُوْا مَا فِي الْاَرْضِ
جَمِيْعًا وَّمِثْلَهٗ مَعَهٗ لَافْتَدَوْا بِهٖ مِنْ سُوْٓءِ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَبَدَا لَهُمْ مِّنَ
اللّٰهِ مَا لَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ ﴿٤٧﴾ وَبَدَا لَهُمْ سَيِّاٰتُ مَا كَسَبُوْا وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ
يَسْتَهْزِءُوْنَ ﴿٤٨﴾ فَاِذَا مَسَّ الْاِنْسَانَ ضُرٌّ دَعَانَا ۫ ثُمَّ اِذَا خَوَّلْنٰهُ نِعْمَةً مِّنَّا ۙ
قَالَ اِنَّمَآ اُوْتِيْتُهٗ عَلٰى عِلْمٍ ؕ بَلْ هِيَ فِتْنَةٌ وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٤٩﴾
قَدْ قَالَهَا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَمَآ اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٥٠﴾ فَاَصَابَهُمْ
سَيِّاٰتُ مَا كَسَبُوْا ؕ وَالَّذِيْنَ ظَلَمُوْا مِنْ هٰٓؤُلَآءِ سَيُصِيْبُهُمْ سَيِّاٰتُ مَا كَسَبُوْا ۙ
وَمَا هُمْ بِمُعْجِزِيْنَ ﴿٥١﴾ اَوَلَمْ يَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ
وَيَقْدِرُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٥٢﴾ ع

તરજુમો :

તમે કહો, હે અલ્લાહ આસમાનો અને જમીનને પેદા કરનાર, ગુપ્ત અને જાહેરને જાણનાર, તું જ પોતાના બંદાઓમાં ફૈસલો કરીશ જે બાબતમાં તેઓ વિવાદ કરી રહ્યા હતા. (૪૬) અને જો જાલિમો (ગુનેહગારો)ની પાસે જેટલું કંઈ જમીનમાં છે તે બધું હોય અને એટલું જ બીજું પણ તેની સાથે; તે બધું જ પોતાને ખરાબ અઝાબથી બચાવવા માટે આપી દે કયામતના દિવસે અને તેમને અલ્લાહ તરફથી તે દેખાશે જેની કલ્પના પણ રાખતા ન હતા. (૪૭) અને તેમને દેખાશે પોતાના ખરાબ કર્મો જે કમાતા હતા અને તેમને ઘેરી વળે તે વસ્તુ જેના વિશે ઠઠ્ઠો કરતા હતા. (૪૮) બસ જો માનવીને કોઈ તકલીફ આવી પડે છે અમને પોકારવા લાગે છે, પછી જ્યારે અમે પોતાના તરફથી તેને કોઈ નેઅ્મત બખ્શીએ તો કહે છે, આ તો મને મળી કે પહેલેથી ખબર

હતી; કંઈ નથી, આ આજમાયશ છે પરંતુ તે ઘણા લોકો સમજતા નથી. (૪૯) એમનાથી આગળનાઓ આ વાત કહી ચૂક્યા છે, પછી તેમને કંઈ કામ ન આવ્યું જે તેઓ કમાતા હતા. (૫૦) પછી તેમના ઉપર બુરાઈઓ પડી ગઈ જે કમાઈ હતી અને જે તેમનામાંથી ગુનેહગાર (જાલિમો) છે તેમના ઉપર પણ હવે બુરાઈઓ પડવાની છે જે તેમણે કમાઈ છે અને તેઓ (અલ્લાહ તઆલાને) થકવી શકનાર નથી. (૫૧) અને શું જાણી ચૂક્યા નથી કે અલ્લાહ જેના માટે ઈચ્છે રોજી ફેલાવે છે અને (જેના માટે ઈચ્છે) માપીને આપે છે ? અલબત્ત તેમાં તે લોકો માટે બોધપાઠ છે જેઓ માનનારા (મો'મિનો) છે. (૫૨)

તફસીર :

હવે (તેમની દુશ્મનાવટની કઠોરતાથી દિલગીર ન થાઓ અને અલ્લાહ તઆલાથી દુઆમાં એવું) કહો કે હે અલ્લાહ ! આસમાન અને જમીનના પેદા કરનાર, ગુપ્ત અને જાહેરને જાણનાર તું જ (કયામતના દિવસે) પોતાના બંદાઓ દરમિયાન તે બાબતનો ફેંસલો કરીશ જેમાં તેઓ પરસ્પર મતભેદ કરતા હતા (એટલે કે તમે તે વિરોધીઓની ફિકરમાં ન પડો બલકે તેમનો મા'મલો અલ્લાહ તઆલાને સોંપો જે પોતે તેમનો ફેંસલો કરશે) અને (આ ફેંસલાના સમયે એવી હાલત હશે કે) જો જુલમ (એટલે કે શિર્ક અને કુફ્ર) કરનારાઓની પાસે દુનિયાભરની બધી જ વસ્તુઓ હોય અને તે વસ્તુઓની સાથે એટલી જ વસ્તુઓ બીજી પણ હોય તો તે લોકો કયામતના દિવસે કઠોર અઝાબથી છુટવા માટે (બેધડક) તેને આપવા લાગે (તો પણ સ્વીકૃત થશે નહીં كَمَا فِى الْمَائِدَةِ مَاتُقُبِّلَ مِنْهُمْ) અને અલ્લાહ તરફથી તેમને તે મા'મલો સામે આવશે જેની તેમને કલ્પના પણ ન હતી (કારણ કે પ્રથમ તો આખિરતની ચિંતા હતી પછી તેમાં પણ તેમનો દા'વો હતો કે ત્યાં પણ તેમને ઈજ્જત અને રાહત મળશે) અને (તે સમયે) તેમના બધા જ બુરા કર્મો જાહેર થઈ જશે અને જે(અઝાબ)ની સાથે તેઓ ઠઠ્ઠો કર્યા કરતા હતા તે તેમને ઘેરી લેશે (આમ તો મુશ્રિકો ગયરુલ્લાહના ઝિક્રથી ખુશી અને માત્ર અલ્લાહ તઆલાના વર્ણનથી સૂગ ચઢાવે છે) પછી જે સમયે (તે મુશ્રિક) વ્યક્તિને કોઈ તકલીફ પહોંચે છે તો (જેના વર્ણનથી ખુશ થયા કરતો હતો તે બધાને છોડીને માત્ર) અમને પોકારે છે (જેનાથી પ્રથમ નફરત કરતો હતો) પછી

જ્યારે અમે તેને પોતાના તરફથી કોઈ નેઅ્મત આપીએ છીએ તો (તે તવહીદ ઉપર જેનું સત્ય હોવું પોતે તેના એકરારથી સાબિત થઈ ચૂક્યું હતું કાયમ નથી રહેતો એટલા માટે આ નેઅ્મતનો સંબંધ અલ્લાહ તઆલા તરફ જોડતો નથી બલકે) એવું કહે છે કે આ તો મને (મારી) યુક્તિથી મળ્યું છે (અને કારણ કે અલ્લાહ તઆલા તરફ સંબંધ નથી જોડતો બલકે તેને પોતાની યુક્તિનું પરિણામ સમજે છે એટલા માટે તવહીદ ઉપર કાયમ નથી રહેતો, બલકે પોતાની જૂની પદ્ધતિ શિર્ક તરફ ઢળીને ગયરૂલ્લાહની ઈબાદતમાં જ લાગી જાય છે, આગળ અલ્લાહ તઆલા તેના નિવેદન اِنَّمَآ اُوْتِيْتُهٗ ને રદ કરે છે કે આ નેઅ્મત તેની યુક્તિનું પરિણામ નથી) બલકે તે (નેઅ્મત અલ્લાહ તઆલાની જ આપેલી છે અને તેના તરફથી જ માનવીને) એક અજમાયશ છે (કે જોઈ લઈએ કે તેના મળવાથી અમને ભૂલી જાય છે અને કુફ્ર કરે છે અથવા યાદ રાખે છે અને શુક્ર કરે છે અને આ જ કસોટી માટે અમુક નેઅ્મતોમાં કારણ અને મહેનતનું માધ્યમ પણ રાખવામાં આવ્યું છે, તેનાથી કસોટી વધી જાય છે કે જોઈ લઈએ કે તેના જાહેર કારણો ઉપર નજર કરે છે અથવા તો તેના સાચા કારણો ઉપર ?) પરંતુ ઘણા લોકો (આ વાતને) સમજતા નથી (એટલા માટે તેને પોતાની યુક્તિનું પરિણામ બતાવે છે અને શિર્કમાં ઓતપ્રોત રહે છે, આગળ કહેવામાં આવ્યું છે કે) આ વાત (અમુક) તે લોકોએ પણ કહી હતી જે તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે (જેમકે કારૂને કહ્યું હતું اِنَّمَآ اُوْتِيْتُهٗ عَلٰى عِلْمٍ عِنْدِىْ અથવા જે લોકો અલ્લાહ તઆલાની કુદરતના ઈન્કારી થઈ ચૂક્યા છે જેમકે નમરૂદ અને ફિરઔન; તો દેખીતું છે કે તેઓ પણ કોઈ નેઅ્મતનો સંબંધ અલ્લાહ સાથે જોડતા ન હતા, બલકે તેને કાર્ય કારણના સંબંધ સાથે માત્ર એક સંયોગ બતાવતા હતા અથવા તો પોતાના હુન્નર અને યુક્તિ તરફ તેનો સંબંધ જોડતા હતા) બસ તેમની કાર્યવાહી તેમને કંઈ કામ ન આવી (અને અઝાબથી અટકાવનાર ન બની) પછી (અઝાબથી અટકાવનાર ન હોવાથી તે અઝાબને દૂર કરનારી પણ ન થઈ બલકે) તેમના બધા જ દુષ્કૃત્યો તેમના જ ઉપર આવી પડયા (અને સજા પામ્યા) અને (હાલના સમયના લોકો એ વિચાર ન કરે કે જે કંઈ થવાનું હતું તે આગલાઓ સાથે થઈ ચૂક્યું, બલકે) તેમનામાં પણ જે જાલિમો છે તેમના ઉપર પણ તેમના દુષ્કૃત્યો હમણાં પડવાના છે અને તેઓ (અલ્લાહ તઆલાને) હરાવી નથી શકતા (એટલા માટે બદ્રમાં ખૂબ

સજા મળી, આગળ તેની દલીલ વર્ણન કરવામાં આવી છે કે અમુક મૂર્ખાઓ જે નેઅ્મત અને રોજીનો પોતાની જ યુક્તિ સાથે સંબંધ જોડે છે તો) શું તે લોકોને (આગલાઓના અહેવાલમાં વિચાર કરવાથી) એ જાણ નથી થઈ કે અલ્લાહ જ જેને ચાહે છે વધારે રોજી આપે છે અને તે જ (જેના માટે ઇચ્છે છે) તંગી પણ કરી આપે છે, આ (છૂટછાટ અથવા તંગી)માં (વિચાર કરવાથી) ઈમાનવાળાઓના માટે (કે જેઓ બુદ્ધિશાળી હોય છે આ વાત ઉપર) નિશાનીઓ (એટલે કે દલીલો) છે (કે તે જ આપનારો અને કાબૂ ધરાવનારો છે, યુક્તિ અથવા તદ્બીરોમાં કોઈ હકીકત નથી, બસ તે દલીલો જે વ્યક્તિ સમજી લેશે તે તેનો પોતાની યુક્તિ તરફ સંબંધ નહીં જોડે, બલકે તે અલ્લાહ તઆલાની નેઅ્મત હોવાનો સ્વીકાર કરશે, આ શિર્કના રદિયાની દલીલ થઈ ગઈ અને જે એક અલ્લાહ તઆલાની તવહીદમાં માનનારો હશે મુસીબત તથા રાહતની પરિસ્થિતિમાં ક્યારેય અલ્લાહ તઆલાને ભૂલશે નહીં).

મસ્અલા અને બોધપાઠ :

قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ الاية સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (રદિ.)થી રિવાયત છે કે તેઓ કહે છે કે મેં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને પૂછ્યું કે રસૂલે કરીમ ﷺ રાતની નમાઝ (એટલે કે તહજ્જુદ)ને કઈ વસ્તુથી શરૂ કરતા હતા તો તેમણે ફરમાવ્યું કે આપ ﷺ જ્યારે તહજ્જુદની નમાઝ માટે ઉઠતા હતા તો આ દુઆ પઢતા હતા,

اَللّٰهُمَّ رَبَّ جِبْرِيْلَ وَمِيْكَائِيْلَ وَاِسْرَافِيْلَ. فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ عٰلِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ اَنْتَ تَحْكُمُ بَيْنَ عِبَادِكَ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ، اِهْدِنِيْ لِمَا اخْتُلِفَ فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِكَ اِنَّكَ تَهْدِيْ مَنْ تَشَاءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ

"હે અલ્લાહ ! જિબ્રઈલ અને મિકાઈલ અને ઈસ્રાફિલના પરવરદિગાર, આસમાનો અને જમીનના સર્જનહાર, જાહેર અને ગુપ્તને જાણનાર તું તારા બંદાઓ અને તે લોકો વચ્ચે ન્યાય કરવાનો છે જેમણે મતભેદ કર્યો, મને તારી ઈચ્છાથી તેમના વિવાદો અંગે માર્ગદર્શન આપ, માત્ર તું જ હિદાયત આપનારો છે જેને તું સીધા માર્ગે લાવવા ઈચ્છે."

દુઆની ફઝીલત :

હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર ફરમાવે છે કે મને કુર્આને કરીમની એક એવી આયત ખબર છે કે તેને પઢનાર વ્યક્તિ જે દુઆ કરે છે તે કબૂલ થાય છે પછી આ જ આયત બતાવી. ....اَللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ *(કુર્તુબી)*

وَبَدَا لَهُمْ مِّنَ اللّٰهِ مَالَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ હઝરત સુફિયાન થૌરી (રહ.)એ આ આયતને પઢીને કહ્યું કે બરબાદી છે દેખાડો કરનારાઓ માટે ! બરબાદી છે દેખાડો કરનારાઓ માટે ! આ આયત તેમના વિશે છે જેઓ દુનિયામાં નેક કામ લોકોને દેખાડવા માટે કરે છે અને લોકો પણ તેમને નેક સમજતા હતા તેઓ પોતે પણ એ ધોકામાં હતા કે આ અમલો તેમના માટે આખિરતમાં છુટકારાનું માધ્યમ બનશે પરંતુ કારણ કે તેમાં ઈખ્લાસ ન હતો એટલા માટે અલ્લાહ તઆલા સમીપ એવા નેક અમલોનો કોઈ બદલો અને સવાબ નથી એટલા માટે ત્યાં અચાનક તેમની કલ્પના વિરુદ્ધ અઝાબ અને ક્રોધ થવા લાગશે. *(કુર્તુબી)*

મુશાજરાત (સહાબા રદિ.ના મતભેદો) વિશે એક અગત્યની સૂચના :

હઝરત રબીઅ્ ઈબ્ને ખયષમથી કોઈએ હઝરત હુસૈન (રદિ.)ની શહાદત વિશે પ્રશ્ન કર્યો તો તેમણે એક આહ ભરી અને આ આયત તિલાવત કરી, قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ عٰلِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ اَنْتَ تَحْكُمُ بَيْنَ عِبَادِكَ અને ફરમાવ્યું કે સહાબએ કિરામ (રદિ.)ના પરસ્પરના મતભેદો વિશે જ્યારે તમારા દિલમાં કોઈ ખટકો પેદા થાય તો આ આયત પઢ્યા કરો. રૂહુલ મઆનીમાં તેને નકલ કરીને કહેવામાં આવ્યું છે કે આ મહાન સભ્યતાની તા'લીમ છે જેને હંમેશા યાદ રાખવી જોઈએ.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૫૩ થી ૬૧)

قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ
يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ۭ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۝۵۳ وَاَنِيْبُوْٓا اِلٰى رَبِّكُمْ وَاَسْلِمُوْا
لَهٗ مِنْ قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ الْعَذَابُ ثُمَّ لَا تُنْصَرُوْنَ ۝۵۴ وَاتَّبِعُوْٓا اَحْسَنَ مَآ اُنْزِلَ

اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ الْعَذَابُ بَغْتَةً وَّ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ ﴿٥٥﴾ اَنْ

تَقُوْلَ نَفْسٌ يّٰحَسْرَتٰى عَلٰى مَا فَرَّطْتُّ فِيْ جَنْۢبِ اللّٰهِ وَاِنْ كُنْتُ لَمِنَ السّٰخِرِيْنَ ﴿٥٦﴾

اَوْ تَقُوْلَ لَوْ اَنَّ اللّٰهَ هَدٰىنِيْ لَكُنْتُ مِنَ الْمُتَّقِيْنَ ﴿٥٧﴾ اَوْ تَقُوْلَ حِيْنَ تَرَى الْعَذَابَ

لَوْ اَنَّ لِيْ كَرَّةً فَاَكُوْنَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٥٨﴾ بَلٰى قَدْ جَآءَتْكَ اٰيٰتِيْ فَكَذَّبْتَ بِهَا

وَاسْتَكْبَرْتَ وَكُنْتَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٥٩﴾ وَيَوْمَ الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ

وُجُوْهُهُمْ مُّسْوَدَّةٌ ۗ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِيْنَ ﴿٦٠﴾ وَيُنَجِّي اللّٰهُ الَّذِيْنَ

اتَّقَوْا بِمَفَازَتِهِمْ ۖ لَا يَمَسُّهُمُ السُّوْٓءُ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٦١﴾

તરજુમો :

કહી આપો, હે મારા બંદાઓ ! જેણે પોતાની જાત ઉપર અતિરેક (જુલમ) કર્યો છે, અલ્લાહની મહેરબાનીથી નિરાશ ન થશો, બેશક ! અલ્લાહ બધા ગુનાહો મા'ફ કરે છે, નિઃશંક તે જ ગુનાહ મા'ફ કરનારો મહાદયાળુ છે. (૫૩) અને પોતાના પરવરદિગાર તરફ રુજૂઅ્ (શરણે) થઈ જાઓ અને તેની આજ્ઞાનું પાલન કરો એ પહેલાં કે તમારા ઉપર અઝાબ આવે, પછી કોઈ તમારી મદદે આવશે નહીં. (૫૪) અને બહેતર વાત ઉપર ચાલો જે તમારા પરવરદિગાર તરફથી તમારા તરફ ઊતર્યું એ પહેલાં કે તમારા ઉપર અચાનક અઝાબ આવી પહોંચે અને તમને ખબર (પણ) ન થાય. (૫૫) ક્યાંક કોઈ કહેવા લાગે, હાય અફસોસ ! એના ઉપર કે હું અલ્લાહ તરફ કોતાહી કરતો (ઉણપ રાખતો) રહ્યો અને હું તો (મજાકમાં) હસતો જ રહ્યો. (૫૬) અથવા કહેવા લાગે કે જો અલ્લાહે મને માર્ગ બતાવ્યો હોત તો હું ડરનારાઓ(મુત્તકીઓ)માંથી હોત ! (૫૭) અથવા જ્યારે અઝાબને જુએ કહેવા લાગે, કોઈપણ રીતે મને પાછા જવાનું મળે તો હું સદાચારીઓ માંહેનો થઈ જાઉં. (૫૮) કેમ ? તારી પાસે મારા હુકમ પહોંચી ચૂક્યા ન હતા ? પછી તેં તેને જૂઠાડયા અને અભિમાન કર્યું અને તું કાફિરો (ઇન્કારીઓ) માંહેનો હતો. (૫૯) અને કયામતના દિવસે તમે તેમને જુઓ

જેઓ અલ્લાહ ઉપર જૂઠું બોલે છે કે તેમના મોંઢા કાળા હશે, શું અભિમાનીઓનું ઠેકાણું દોઝખમાં નથી !? (૬૦) અને અલ્લાહ તેમને બચાવશે જેઓ ડરતા રહ્યા તેમના બચાવના સ્થળે; કે ન તો લાગે તેમને બુરાઈ અને ન જ તેઓ ગમગીન હશે. (૬૧)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તે સવાલ કરનારાઓને મારા તરફથી) કહી આપો કે હે મારા બંદાઓ ! જેમણે (કુફ્ર અને શિર્ક કરીને) પોતાના ઉપર અતિરેક કર્યો છે કે તમે અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાઓ (અને એ વિચાર ન કરો કે ઈમાન લાવ્યા પછી પાછળના કુફ્ર અને શિર્ક ઉપર પકડ થશે, બસ વાત એમ નથી બલકે) ખરેખર અલ્લાહ તઆલા (ઈસ્લામની બરકતથી) બધા જ (પાછલા) ગુનાહોને (ભલે કુફ્ર અને શિર્ક જ કેમ ન હોય) મા'ફ કરી દેશે, ખરેખર તે મહાન બખ્શનાર મોટી રહમત કરનારો છે અને (કારણ કે આ મા'ફીની શરત અને તરીકો કુફ્રથી તવબહ કરવી અને ઈસ્લામ લાવવું છે તેથી) તમે (કુફ્રથી તવબહ કરવા માટે) પોતાના પરવરદિગાર તરફ રુજૂઅ્ કરો અને (ઈસ્લામ કબૂલ કરવામાં) તેની ફરમાંબરદારી કરો તે પહેલાં કે (ઈસ્લામ ન લાવવાના સ્વરૂપમાં) તમારા ઉપર (અલ્લાહ તઆલાનો) અઝાબ આવી પડે (અને) પછી (તે સમયે કોઈ તરફથી) તમારી કોઈ મદદ કરવામાં ન આવે (એટલે કે જેમકે ઈસ્લામ લાવવાના સ્વરૂપમાં સૌ કુફ્ર અને શિર્ક મા'ફ થઈ જશે એ જ પ્રમાણે ઈસ્લામ ન લાવવાના સ્વરૂપમાં આ કુફ્ર અને શિર્ક ઉપર અઝાબ થશે જેનો કોઈ બચાવ નથી) અને (જ્યારે વાત એમ છે કે ઈસ્લામ ન લાવવાનું આ પરિણામ છે તો) તમે પોતાના પરવરદિગાર પાસેથી આવેલ સારા સારા હુકમો ઉપર ચાલો તે પહેલાં કે તમારા ઉપર અચાનક અઝાબ આવી પડે અને તમને (તેનો) ખ્યાલ પણ ન હોય (તેનો ભાવાર્થ આખિરતનો અઝાબ છે, અચાનક એટલા માટે કે પ્રથમ સૂરમાં બધી રૂહો બેહોશ થઈ જશે, પછી બીજા વખતની સૂર પછી અચાનક અઝાબ લાગુ પડશે અથવા તો એટલા માટે કે જેમકે અઝાબ થવા લાગે એ પહેલાં તેની વાસ્તવિક પરિસ્થિતિની ખબર ન હતી અને એવી કલ્પના ન હતી, હવે આશા વિરુદ્ધ પરિસ્થિતિ આવે તેને "અચાનક આવી પડેલ અઝાબ" તરીકે ઓળખાવવામાં આવ્યું છે અને ઈસ્લામ સ્વીકારવાની તથા હુકમોનું પાલન

કરવાની આજ્ઞા એટલા માટે આપવામાં આવી છે કે) રખેને (કાલે કયામતના દિવસે) કોઈ વ્યક્તિ કહેવા લાગે કે અફસોસ ! મારી આ કોતાહી ઉપર જે મેં અલ્લાહના હકમાં કરી (એટલે કે તેની આજ્ઞામાં જે મારાથી ભૂલ થઈ) અને હું તો અલ્લાહના હુકમો ઉપર હસતો જ રહ્યો અથવા એવું કહેવા લાગે કે જો અલ્લાહ તઆલાએ (દુનિયામાં) મને હિદાયત આપી હોત તો હું પણ પરહેઝગારોમાંથી હોત (પરંતુ હું હિદાયતથી જ વંચિત રહ્યો એટલા માટે આ બધી કમી અને ઉણપ થઈ તેથી હું લાચાર છું) અથવા કોઈ અઝાબ જોઈને એવું કહેવા લાગે કે કાશ ! મારે (દુનિયામાં) ફરી પાછા જવાનું થાય, પછી હું નેક બંદાઓમાં થઈ જાઉં (બીજા નિવેદનમાં જે એવું કહેવામાં આવ્યું છે કે જો મને હિદાયત આપવામાં આવી હોત તો હું પણ મુત્તકી થઈ જાત ! આગળ તેના જવાબમાં કહેવામાં આવ્યું છે) હા ! બેશક તારી પાસે મારી આયતો પહોંચી હતી બસ તેં તેને જૂઠાડી અને (જૂઠાડવું કોઈ શંકાના કારણે ન હતું બલકે) તેં અભિમાન કર્યું અને (એવું પણ ન થયું કે કોઈ વખતે દિમાગ ઠીક થઈ ગયું હોય બલકે) કાફિરોમાં (હંમેશા) સામેલ રહ્યો (અને એટલા માટે તારું એવું કહેવું ખોટું છે કે મને હિદાયત નથી પહોંચી) અને (આગળ કુફ્ર ઉપર મક્કમ રહેનારની સજા અને કુફ્રથી તવબહ કરનારના બદલાનું ટૂંકમાં વર્ણન કરે છે કે હે પયગમ્બર ﷺ !) તમે કયામતના દિવસે તે લોકોના ચહેરાઓ કાળા જોશો જેમણે અલ્લાહ ઉપર જૂઠું બોલ્યું હતું (તેમાં બે બાબતો આવી ગઈ જે વાત અલ્લાહ તઆલાએ નથી કહી દાખલા તરીકે શિર્ક વગેરે તેને એવું કહેવું કે આ અલ્લાહે કહી છે અને જે વાત અલ્લાહે કહી જેમકે કુર્આન, તેને એવું કહેવું કે આ અલ્લાહે નથી કહી) શું આ અભિમાનીઓનું ઠેકાણું જહન્નમમાં નથી !? (કે જે દુશ્મનાવટ તથા ઘમંડના કારણે જૂઠાડે છે) અને જે લોકો (શિર્ક અને કુફ્રથી) બચતા હતા અલ્લાહ તઆલા તેવા લોકોને સફળતાની સાથે (જહન્નમથી) છુટકારો આપશે, તેમને (જરા પણ) તકલીફ પહોંચશે નહીં અને ન જ તેઓ દિલગીર થશે (કારણ કે જન્નતમાં ગમ છે જ નહીં).

મસ્અલા અને બોધપાઠ :

قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا.... સઈદ બિન ઝુબૈર (રહ.) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરે છે કે અમુક લોકો એવા હતા જેમણે નાહક હત્યાઓ કરી અને ઘણી બધી કરી તથા વ્યભિચાર કર્યો અને ઘણો કર્યો, તેમણે

રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે જે દીન તરફ આપ દા'વત આપો છો તે તો ઘણો સારો છે પરંતુ ચિંતાનું કારણ એ છે કે જ્યારે અમે આટલા મોટા મોટા અપરાધો આચરી ચૂક્યા છે અને હવે જો મુસલમાન પણ થઈ જઈશું તો શું અમારી તવબહનો સ્વીકાર થઈ શકશે ? તેના ઉપર અલ્લાહ તઆલાએ આ પ્રસ્તુત આયત નાઝિલ કરી. *(બુખારી, કુર્તુબી)*

આથી આયતના વિષયનો ખુલાસો એ થયો કે મૃત્યુ પહેલાં પહેલાં દરેક મોટાથી મોટા ગુનાહો એટલે સુધી કે કુફ્ર અને શિર્ક પણ જો તવબહ કરી લે તો કબૂલ થઈ જાય છે અને સાચી તવબહથી બધા જ ગુનાહો મા'ફ થઈ જાય છે તેથી કોઈએ અલ્લાહની રહમતથી નિરાશ ન થવું જોઈએ.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે આ આયત ગુનેહગારો માટે કુર્આનની બધી આયતોમાં સૌથી વધારે આશા ઉપજાવનારી છે પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે સૌથી વધારે આશા ઉપજાવનાર આયત આ છે, اِنَّ رَبَّكَ لَذُوْمَغْفِرَةٍ لِلنَّا... ظُلْمِهِمْ (૧૩:૬)

وَاتَّبِعُوْا اَحْسَنَ مَا اُنْزِلَ اِلَيْكُمْ મા રાબ્દ اَحْسَنَ مَا اُنْزِلَ થી ભાવાર્થ કુર્આન છે અને સંપૂર્ણ કુર્આન "અહસન" (સૌથી શ્રેષ્ઠ ભલાઈ) જ છે અને કુર્આનને اَحْسَنُ مَا اُنْزِلَ (અહસનુ મા ઉન્ઝિલ) એ આધારે પણ કહેવામાં આવે છે કે જેટલી કિતાબો તવરાત, ઈન્જીલ, ઝબૂર અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થઈ તે સૌમાં "અહસન" અને સંપૂર્ણ કુર્આન શરીફ છે. *(કુર્તુબી)*

مِنَ الْمُحْسِنِيْنَ થી اَنْ تَقُوْلَ نَفْسٌ يّٰحَسْرَتٰى સુધીની ત્રણ આયતોમાં આ જ વિષયનો ખુલાસો અને તાકીદ છે જે આનાથી આગળની ત્રણ આયતોમાં વર્ણન કરવામાં આવ્યો છે કે કોઈ મોટાથી મોટા અપરાધી, કાફિર, દુષ્ટ વ્યક્તિએ પણ અલ્લાહની રહમતથી નિરાશ કે હતાશ થવું જોઈએ નહીં જો તે તવબહ કરી લેશે તો અલ્લાહ તઆલા તેના બધા પાછલા ગુનાહો મા'ફ કરી દેશે. اَنْ تَقُوْلَ نَفْسٌ થી ત્રણ આયતોમાં આ બતાવ્યું છે કે અલ્લાહ તઆલા દરેક ગુનાહ એટલે સુધી કે કુફ્ર અને શિર્કને પણ તવબહથી મા'ફ કરી આપે છે પરંતુ એ યાદ રાખો કે તવબહનો સમય મૃત્યુ પહેલાં છે મૃત્યુ પછી કયામતના દિવસે કોઈ તવબહ કરે અથવા પોતાના કર્મો ઉપર અફસોસ કરે તો તેનો કોઈ ફાયદો થશે નહીં.

જેમકે અમુક કાફિરો અને દુરાચારીઓ કયામતના દિવસે જાતજાતની તમન્નાઓ કરશે, કોઈ તો અફસોસ જાહેર કરશે કે હાય અફસોસ ! મેં અલ્લાહ તઆલાના આજ્ઞાપાલનમાં ઉણપ કેમ રાખી હતી, કોઈ ત્યાં પણ પોતાના કર્મોનો આક્ષેપ તકદીર ઉપર નાંખીને બચવા ચાહશે અને તે કહેશે કે જો અલ્લાહ તઆલાએ મને હિદાયત આપી હોત તો હું પણ મુત્તકીઓમાં સામેલ થઈ ગયો હોત પરંતુ અલ્લાહે હિદાયત ન કરી તો હું શું કરું ? કોઈ એવી તમન્ના કરશે કે કાશ મને ફરીવાર દુનિયામાં મોકલી દેવામાં આવે તો હું સાચો અને પાકો મુસલમાન બની જાઉં તથા અલ્લાહના હુકમોનું સંપૂર્ણ પાલન કરું પરંતુ તે સમયનો અફસોસ અને તમન્નાઓ કોઈ કામ લાગશે નહીં.

આ ત્રણ પ્રકારની તમન્નાઓ બની શકે છે કે અલગ અલગ લોકોની હોય અને એવું પણ હોઈ શકે છે કે આ ત્રણે તમન્નાઓ વારાફરતી એક જ જૂથ કે કાફિરોની હોય, કારણ કે અંતિમ નિવેદન જેમાં ફરીવાર દુનિયામાં આવવાની તમન્ના છે તેની સાથે આયતમાં આવ્યું છે કે તે અઝાબનો સાક્ષાત્કાર કર્યા પછી આવી તમન્ના કરશે, આથી દેખીતી રીતે એવી જાણ થાય છે કે પ્રથમ બંને નિવેદનો અઝાબને નજરે જોયા પહેલાંની છે કે કયામતના દિવસે પ્રથમથી જ પોતાના અમલની ઉણપોને યાદ કરીને કહેશે يَا حَسْرَتٰى عَلٰى مَا فَرَّطْتُّ فِىْ جَنْۢبِ اللّٰهِ પછી બહાના કાઢવા અને પોતાની લાચારી બતાવવા કહેશે કે અમે તો લાચાર હતા, જો અલ્લાહ તઆલાએ હિદાયત કરી દીધી હોત તો અમે પણ આજ્ઞાપાલક અને અનુસરણ કરનાર તથા મુત્તકી બની ગયા હોત પરંતુ જ્યારે તેણે હિદાયત જ ન કરી તો અમારો શું વાંક છે ? પછી જ્યારે અઝાબને પ્રત્યક્ષ જોશે તો એવી તમન્ના થશે કે કાશ દુનિયામાં ફરીવાર મોકલી દેવામાં આવે ! અલ્લાહ તઆલાએ આ ત્રણે આયતોમાં બતાવી આપ્યું છે કે અલ્લાહની મા'ફી અને દયા પણ ખૂબ વિશાળ છે પરંતુ તે ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે કે મૃત્યુ પહેલાં તવબહ કરી લેવામાં આવે એટલા માટે અમે હમણા બતાવી આપીએ છીએ કે એવું ન થાય કે તમે મૃત્યુ પછી પસ્તાવો કરો અને આખિરતમાં આવા પ્રકારની વ્યર્થ હસરતો અને તમન્નાઓમાં રાચો.

بَلٰى قَدْ جَآءَتْكَ اٰيٰتِىْ فَكَذَّبْتَ بِهَا આ આયતમાં કાફિરોની એ વાતનો જવાબ છે કે જો અલ્લાહે હિદાયત કરી દીધી હોત તો અમે મુત્તકી થઈ ગયા હોત.

આ આયતનો ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાએ સમગ્ર હિદાયત કરી દીધી હતી, પોતાની કિતાબો અને આયતો મોકલી હતી આથી તેમનું એવું કહેવું ખોટું અને વ્યર્થ છે કે અલ્લાહે અમને હિદાયત નથી કરી, હા ! હિદાયત કર્યા પછી નેકી અને આજ્ઞાપાલન ઉપર અલ્લાહે કોઈને મજબૂર નથી કર્યા બલકે બંદાને એ અધિકાર આપી દેવામાં આવ્યો છે કે તે જે માર્ગે સત્ય અને અસત્ય અથવા બાતિલને અપનાવવા ઈચ્છે અપનાવે; એ જ બંદાની પરીક્ષા હતી, તેના ઉપર જ તેની સફળતા અથવા નિષ્ફળતા અવલંબિત હતી, જેણે પોતાના અધિકારથી ગુમરાહીનો માર્ગ અપનાવી લીધો તે પોતે તેનો જવાબદાર છે.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૬૩ થી ૬૭)

اَللّٰهُ خَالِقُ كُلِّ شَيْءٍ ۫ وَّهُوَ عَلٰى كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿٦٢﴾ لَهٗ مَقَالِيْدُ السَّمٰوٰتِ

وَالْاَرْضِ ۭ وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ اُولٰۗىِٕكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿٦٣﴾ قُلْ اَفَغَيْرَ

اللّٰهِ تَاْمُرُوْۗنِّيْٓ اَعْبُدُ اَيُّهَا الْجٰهِلُوْنَ ﴿٦٤﴾ وَلَقَدْ اُوْحِيَ اِلَيْكَ وَاِلَى الَّذِيْنَ

مِنْ قَبْلِكَ ۚ لَىِٕنْ اَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٦٥﴾ بَلِ

اللّٰهَ فَاعْبُدْ وَكُنْ مِّنَ الشّٰكِرِيْنَ ﴿٦٦﴾ وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖ ۖ وَالْاَرْضُ

جَمِيْعًا قَبْضَتُهٗ يَوْمَ الْقِيٰمَةِ وَالسَّمٰوٰتُ مَطْوِيّٰتٌۢ بِيَمِيْنِهٖ ۭ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ﴿٦٧﴾

તરજુમો :

અલ્લાહ જ દરેક વસ્તુનો સર્જનહાર છે અને તે દરેક વસ્તુની જવાબદારી લે છે. (૬૨) તેની પાસે આસમાનોની અને જમીનની ચાવીઓ છે અને જેઓ અલ્લાહની વાતોના ઈન્કારી થયા છે આ જ તે લોકો છે જેઓ ભારે નુકસાનમાં પડયા. (૬૩) તમે કહો, હે નાદાનો ! હવે અલ્લાહના સિવાય કોને બતાવો છો કે પૂજા કરું ? (૬૪) અને તમને હુકમ થઈ ચૂકયો છે અને તમારાથી આગલાઓને (પણ) કે જો તમે ભાગીદાર હોવું (શિર્ક) માની લીધું તો ખરેખર તમારા કર્મ બેકાર જશે અને તમે નુકસાનમાં પડેલા હશો. (૬૫)

નહીં ! બલકે અલ્લાહની જ ઈબાદત કરો અને શુક્ર અદા કરનારાઓમાંથી રહો. (૬૬) અને અલ્લાહની કદર નથી સમજ્યા જેટલી કદરનો હક છે; અને સમગ્ર જમીન કયામતના દિવસે તેની એક મુઠ્ઠીમાં હશે અને આસમાન તેના જમણા હાથમાં વિંટળાયેલા (હશે), તે પવિત્ર છે અને ઘણો ઉપરવટ છે તેનાથી કે જે તેઓ તેનો ભાગીદાર બતાવે છે. (૬૭)

તફસીર :

અલ્લાહ જ દરેક વસ્તુને પેદા કરનારો છે અને તે જ દરેક વસ્તુનો રક્ષક છે, તેના જ અધિકારમાં આસમાન અને જમીનની ચાવીઓ છે (એટલે કે તે બધી વસ્તુઓનો સર્જનહાર પણ છે અને તે જ તેના અસ્તિત્વને ટકાવી રાખનાર પણ છે તથા તેનું રક્ષણ કરનાર પણ તે જ છે જે શબ્દ وَكِيل "વકીલ"નો ભાવાર્થ છે તથા આ બધી મખ્લૂકોમાં થતા પરિવર્તનો પણ તેનું જ કામ છે, لَهُ مَقَالِيدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ નો આ જ મફૂહુમ છે, કારણ કે જેના હાથમાં ખજાનાની ચાવીઓ હોય છે તે જ સ્વાભાવિક રીતે તેના ઉપયોગ કરવાનો અધિકારી પણ હોય છે અને જ્યારે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર પણ કોઈ અન્યની ભાગીદારી વિના એકમાત્ર તે જ છે, રક્ષક પણ તે છે તો માલિક અને ઉપયોગ કેવી રીતે કરવો તેનો અધિકાર પણ એકમાત્ર તેનો જ છે, માટે બંદગી પણ માત્ર તેની જ હોવી જોઈએ અને સજા તથા બદલાનો માલિક પણ તે જ હોવો જોઈએ જે તવહીદનો ખુલાસો છે અને કારણ કે આ બધી પ્રસ્તાવનાઓનો આ મુશ્રિકો પણ સ્વીકાર કરતા હતા તો તેમના માટે જરૂરી હતું કે તવહીદના અકીદહનો પણ સ્વીકાર કરે તેથી ફરમાવ્યું) જે લોકો (આમ છતાં પણ) અલ્લાહની આયતોને (જે તવહીદ અને બદલા તથા સજાના વિષય ઉપર આધારિત છે) નથી માનતા તેઓ મોટા નુકસાનમાં રહેશે (અને આ લોકો પોતે તો કુફ્ર અને શિર્કમાં સંડોવાયેલા હતા જ; હવે તેમની હિંમત એટલે સુધી વધી ગઈ છે કે આપ ﷺને પણ પોતાની માન્યતા ઉપર લાવવા માટેની દરખાસ્તો કરે છે બસ) તમે કહી આપો કે હે જાહિલો ! (પ્રસ્તુત દલીલોથી તવહીદની સંપૂર્ણ સાબિતી તથા કુફ્ર અને શિર્કનો સંપૂર્ણ રદિયો થઈ ગયો) પછી પણ તમે મને ગયરૂલ્લાહની ઈબાદત કરવા માટે કહો છો ? (હે નબી ﷺ ! તમારાથી કુફ્ર અને શિર્ક થવું સંભવ જ નથી જ્યારે કે) તમારા તરફ પણ અને જે પયગમ્બર તમારા પહેલાં થઈ ચૂક્યા છે તેમના તરફ પણ આ વહી મોકલવામાં આવી ચૂકી છે કે

(દરેક ઉમ્મતીને પહોંચાડી આપે કે) જો તું શિર્ક કરીશ તો તારું કર્યું કારવ્યું બધું કામ વ્યર્થ થઈ જશે અને તું નુકસાનમાં પડીશ (એટલા માટે તું ક્યારેય શિર્કની પાસે ન જઈશ) બલકે અલ્લાહની જ ઇબાદત કરજે અને (તેનો જ) શુક્રગુઝાર રહેજે (અને જ્યારે અંબિયા અલૈ.ને જેમનામાં તમે પણ સામેલ છો, તવહીદનું સત્ય હોવું અને કુફ્ર તથા શિર્કનું જૂઠું હોવું વહી દ્વારા સાબિત થઈ ચૂક્યું અને તેઓ તેના ઉપર કામે લગાડવામાં આવ્યા કે અન્યોને પણ આ માન્યતાનું માર્ગદર્શન કરે તો આ મુશ્રિકોની તમારા માટે કુફ્ર અને શિર્કની અપેક્ષા રાખવી મૂર્ખામી સિવાય બીજું શું હોઈ શકે છે ?) અને (અફસોસ છે કે) આ લોકોએ અલ્લાહની મોટાઈ અને કદર ન ઓળખી જેમકે ઓળખવી જોઈતી હતી જ્યારે કે સમગ્ર જમીન કયામતના દિવસે તેની જ મુઠ્ઠીમાં હશે અને બધા આસમાન તેના જમણા હાથમાં વીંટળાયેલા હશે, તે તેમના શિર્કથી પવિત્ર અને ઉચ્ચતર છે.

મસ્અલા અને બોધપાઠ :

لَـهٗ مَقَـالِيْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ માં શબ્દ مَـقَـالِيْد (મકાલીદ) એ مِقْلَادٌ (મિકલાદ) અથવા مَـقْـلِـيْـدٌ (મકલીદ)નું બહુવચન છે જે "તાળાની ચાવી" માટે બોલવામાં આવે છે અને અમુક લોકોએ કહ્યું, વાસ્તવમાં આ શબ્દ ફારસી ભાષાનો છે, ફારસીમાં "ચાવી"ને كَـلِيْـد (કલીદ) કહેવામાં આવે છે, તે અપભ્રંસ કરીને اَقْلِيْـد (અકલીદ) બનાવવામાં આવ્યો પછી તેનું બહુવચન مَـقَـالِيْـد (મકાલીદ) લાવવામાં આવ્યું. *(રૂહુલ મઆની)*

ચાવીઓનું કોઈના હાથમાં હોવું તે તેના માલિક અને તેનો ઉપયોગ કરવાનો અધિકારી હોવાની નિશાની છે એટલા માટે આયતનો ભાવાર્થ એ છે કે આસમાનો અને જમીનોમાં જે નેઅ્મતોના ખજાનાઓ સ્થાપિત છે તે બધાની ચાવીઓ અલ્લાહ તઆલાના હાથમાં છે, તે જ તેનો રક્ષક છે અને તે જ તેનો ઉપયોગ કરવાનો અધિકારી પણ છે કે જ્યારે ઇચ્છે, જેને ઇચ્છે, જેટલા પ્રમાણમાં ઇચ્છે આપે અને જેને ઇચ્છે ન પણ આપે અને હદીષની અમુક રિવાયતોમાં کلمه سوم એટલે કે, سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُلِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ને مَقَالِيْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ કહેવામાં આવ્યું છે, તેનો ખુલાસો એ છે કે જે વ્યક્તિ સવાર અને સાંજ આ વાક્યો પઢે છે તેને અલ્લાહ તઆલા જમીન અને આસમાનના ખજાનાઓની નેઅ્મતો અર્પણ કરે

છે, તે રિવાયતોને ઇબ્ને જવઝીએ મોજૂઅ્ (ઘડી કાઢેલ) કહી છે પરંતુ બીજા હદીષવેત્તાઓએ કમજોર હદીષો ઠરાવી છે જેનો અમલોના પ્રોત્સાહન માટે ભરોસો કરી શકાય છે. *(રૂહુલ મઆની)*

وَالْاَرْضُ جَمِيْعًا قَبْضَتُهٗ يَوْمَ الْقِيٰمَةِ وَالسَّمٰوٰتُ مَطْوِيّٰتٌۢ بِيَمِيْنِهٖ કયામતના દિવસે જમીનનું અલ્લાહ તઆલાની મુઠ્ઠીમાં હોવું અને આસમાનોનું અલ્લાહ તઆલાના હાથમાં વીંટળાયેલું હોવું પુરોગામી બુઝૂર્ગો (અસ્લાફ)ના સમીપ પોતાના વાસ્તવિક અર્થમાં છે પરંતુ આયતનો વિષય મુતશાબિહાતમાંથી (દ્વિઅર્થ ધરાવનાર રૂપકમાંથી) છે જેની વાસ્તવિકતા અલ્લાહ તઆલા સિવાય કોઈને ખબર નથી, સામાન્ય લોકોએ તેની વાસ્તવિકતા જાણવાની પણ મનાઈ છે, બસ તેના ઉપર ઈમાન લાવવાનું છે કે જે કંઈ તેનાથી અલ્લાહ તઆલાનો કહેવાનો ભાવાર્થ છે તે સત્ય અને સહીહ છે અને કારણ કે આ આયતના જાહેર શબ્દોથી અલ્લાહ તઆલા માટે "મુઠ્ઠી" અને "જમણો હાથ" હોવાની જાણ થાય છે જે શારીરિક અવયવો છે અને અલ્લાહ તઆલા શરીર અને શારીરિક બાબતોથી પવિત્ર છે એ બાબત તરફ આયતના અંતમાં ઈશારો કરવામાં આવ્યો છે. કે આ શબ્દોને પોતાના અવયવો જેવા હોવાની ધારણા ન બાંધો, કારણ કે અલ્લાહ તઆલા તેનાથી પવિત્ર છે. سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ

અને પાછલા ઉલમાએ આ આયતને એક દૃષ્ટાંત અને રૂપક ઠરાવીને એ અર્થ વર્ણન કર્યો કે કોઈ વસ્તુનું મુઠ્ઠીમાં હોવું અથવા જમણા હાથમાં હોવું એક રૂપક છે કે તે વસ્તુ તેના સંપૂર્ણ કબ્જા અને કાબૂમાં છે અને અત્રે આ જ સંપૂર્ણ કબ્જો અને કાબૂ ભાવાર્થ સ્વરૂપે છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ ઝુમર : આયત નં. ૬૮ થી ૭૫)

وَنُفِخَ فِي الصُّوْرِ فَصَعِقَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ ۗ
ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَا هُمْ قِيَامٌ يَّنْظُرُوْنَ ﴿٦٨﴾ وَاَشْرَقَتِ الْاَرْضُ بِنُوْرِ
رَبِّهَا وَوُضِعَ الْكِتٰبُ وَجِايْٓءَ بِالنَّبِيّٖنَ وَالشُّهَدَآءِ وَقُضِيَ بَيْنَهُمْ بِالْحَقِّ

وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٦٩﴾ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ وَهُوَ اَعْلَمُ بِمَا يَفْعَلُوْنَ ﴿٧٠﴾
وَسِيْقَ الَّذِيْنَ كَفَرُوْۤا اِلٰى جَهَنَّمَ زُمَرًا ؕ حَتّٰۤى اِذَا جَآءُوْهَا فُتِحَتْ اَبْوَابُهَا
وَقَالَ لَهُمْ خَزَنَتُهَاۤ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ يَتْلُوْنَ عَلَيْكُمْ اٰيٰتِ رَبِّكُمْ
وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ؕ قَالُوْا بَلٰى وَلٰكِنْ حَقَّتْ كَلِمَةُ الْعَذَابِ عَلَى
الْكٰفِرِيْنَ ﴿٧١﴾ قِيْلَ ادْخُلُوْۤا اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ۚ فَبِئْسَ مَثْوَى
الْمُتَكَبِّرِيْنَ ﴿٧٢﴾ وَسِيْقَ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ اِلَى الْجَنَّةِ زُمَرًا ؕ حَتّٰۤى اِذَا
جَآءُوْهَا وَفُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ لَهُمْ خَزَنَتُهَا سَلٰمٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا
خٰلِدِيْنَ ﴿٧٣﴾ وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ صَدَقَنَا وَعْدَهٗ وَاَوْرَثَنَا الْاَرْضَ
نَتَبَوَّاُ مِنَ الْجَنَّةِ حَيْثُ نَشَآءُ ۚ فَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿٧٤﴾ وَتَرَى الْمَلٰٓئِكَةَ
حَآفِّيْنَ مِنْ حَوْلِ الْعَرْشِ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ ۚ وَقُضِيَ بَيْنَهُمْ بِالْحَقِّ
وَقِيْلَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٧٥﴾

તરજુમો :

અને સૂરમાં ફૂંકવામાં આવે પછી જે કંઈ આસમાનોમાં અને જમીનમાં છે બેહોશ થઈ જાય પરંતુ જેને અલ્લાહ ચાહે, પછી બીજી વખતે ફૂંકવામાં આવે તો તે તરત દરેક બાજુએ જોતાં(–જોતાં) ઊભા થઈ જાય. (૬૮) અને જમીન પોતાના પરવરદિગારના નૂરથી ચળકે અને કિતાબ (નામએ આ'માલ) લાવવામાં આવે અને નબીઓ અને ગવાહો હાજર થાય અને તેમનામાં ન્યાયથી ફેંસલો થાય અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૬૯) અને દરેકને સંપૂર્ણ મળે જે તેણે કર્યું અને તેને સારી પેઠે ખબર છે જે કંઈ તેઓ કરે છે. (૭૦) અને જેઓ કાફિરો હતા તેમને દોઝખ તરફ ટોળેટોળાં હાંકવામાં આવે એટલે સુધી કે જ્યારે તેના ઉપર પહોંચી જાય તો તેના દરવાજાઓ ઉઘાડવામાં આવે અને તેના ચોકીદાર તેમને કહેવા લાગે, શું

તમારી પાસે તમારામાંના રસૂલ પહોંચ્યા ન હતા ? તમારા ઉપર તમારા પરવરદિગારની વાતો પઢતા હતા અને તમને તમારા આ દિવસની મુલાકાતથી ડરાવતા હતા; તેઓ કહેશે, કેમ નહીં ! પરંતુ કાફિરો ઉપર અઝાબનો હુકમ સત્ય સાબિત થયો. (૭૧) હુકમ થાય છે કે દોઝખના દરવાજાઓમાં દાખલ થઈ જાઓ તેમાં સદાય રહેવા માટે, બસ અભિમાનીઓને રહેવાનું કેટલું બુરું ઠેકાણું ! (૭૨) અને જે લોકો પોતાના પરવરદિગારથી ડરતા રહ્યા હતા તેમને ટોળેટોળાં જન્નત તરફ ઉતાવળે લઈ જવામાં આવે એટલે સુધી કે જ્યારે તેના ઉપર પહોંચી જાય અને તેના દરવાજાઓ ખોલવામાં આવે અને તેના ચોકીદાર તેમને કહેવા લાગે, સલામ પહોંચે તમારા ઉપર તમે લોકો પવિત્ર છો, બસ આમાં કાયમ રહેવા માટે દાખલ થઈ જાઓ. (૭૩) અને તેઓ કહે, અલ્હમ્દુલિલ્લાહ ! (અલ્લાહનો શુક્ર છે) જેણે અમારાથી પોતાનો વાયદો સાચો કર્યો અને અમને આ જમીનના વારસ કર્યા, જન્નતમાંથી જ્યાંથી ઈચ્છે ઘર લઈ લઈએ; બસ મહેનત કરનારાઓને કેટલો સારો બદલો છે ! (૭૪) અને તમે જુઓ ફરિશ્તાઓને અર્શની આસપાસ ઘેરો વાળેલા છે, પોતાના પરવરદિગારની પવિત્રતા અને વખાણ કરે છે અને તેમનામાં ન્યાયનો ફેંસલો થાય છે અને એ જ વાત કહે છે કે બધી જ ખુબીઓ અલ્લાહની છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૭૫)

તફસીર :

અને (કયામતના દિવસે જેનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે) સૂરમાં ફૂંક મારવામાં આવશે જેનાથી બધા આસમાન અને જમીનવાળાઓના હોશ ઊડી જશે (પછી જીવીત તો મૃત્યુ પામશે અને મૃત્યુ પામેલાઓની રૂહો બેહોશ થઈ જશે) પરંતુ જેને અલ્લાહ ચાહે (તે આ બેહોશી અને મોતથી સુરક્ષિત રહેશે) પછી તે (સૂર)માં ફરીવાર ફૂંક મારવામાં આવશે તો અચાનક બધા જ (હોશમાં આવીને રૂહોનો સંબંધ શરીર સાથે જોડાઈને કબરોથી નીકળીને) ઊભા થઈ જશે (અને) ચારે બાજુ જોવા લાગશે (જેમકે અચાનક આવેલ દુર્ઘટના સમયે સ્વાભાવિક રીતે માનવીની ટેવ હોય છે) અને (પછી અલ્લાહ તઆલા હિસાબ માટે જમીન ઉપર પોતાની શા'ન પ્રમાણે નુઝૂલ અને તજલ્લી ફરમાવશે અને) જમીન પોતાના

પરવરદિગારના નૂરથી ઝળહળી ઉઠશે અને (સૌના) નામએ આ'માલ (દરેકની સામે) મૂકવામાં આવશે અને પયગમ્બર તથા ગવાહો હાજર કરવામાં આવશે (ગવાહોનો ભાવાર્થ સામાન્ય છે જેમાં પયગમ્બરો પણ સામેલ છે અને ફરિશ્તાઓ પણ અને ઉમ્મતને મુહમ્મદિય્યહ ﷺ પણ તથા શારીરિક અવયવો અંગો ઉપાંગો પણ જેની વિગત આગળ તફસીરના ખુલાસામાં આવે છે) અને સૌ(જવાબદારો)માં (કર્મો પ્રમાણે) ઠીક ઠીક ફૅસલો કરવામાં આવશે અને તેમના ઉપર જુલમ થશે નહીં (કે કોઈ નેક અમલ જે તેણે કર્યો હતો તેને છુપાવવામાં આવે અથવા કોઈ દુષ્કર્મને વધારી દેવામાં આવે વગેરે) અને દરેક વ્યક્તિને તેના કર્મોનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે (નેક અમલોમાં બદલો પૂરેપૂરો હોવાનો હેતુ તેમાં કમી કરવાનો નકાર છે અને દુષ્કૃત્યોમાં પૂરેપૂરા બદલાનો હેતુ તેમાં વધારો કરવાનો નકાર છે) અને તે સૌના કામોને સારી પેઠે જાણે છે (બસ તેના માટે દરેકના અમલો પ્રમાણે બદલો આપી દેવું કોઈ મુશ્કેલ કામ નથી) અને (આ બદલાનું વર્ણન જે ફૅસલાનું પરિણામ છે તે એ છે કે) જે કાફિર છે તેઓ જહન્નમ તરફ ટોળેટોળાં બનાવીને (ધક્કા મારીને અપમાનિત કરી) હાંકવામાં આવશે (ટોળેટોળાં એટલા માટે કે કુફ્રના પ્રકારો ભિન્ન ભિન્ન છે, બસ દરેક પ્રકારના કાફિરોના અલગ અલગ ટોળાંઓ હશે) એટલે સુધી કે દોઝખની પાસે પહોંચશે તો (તે સમયે) તેના દરવાજા ખોલી નાંખવામાં આવશે અને તેમને દોઝખના રક્ષકો (ફરિશ્તાઓ નીંદા કરવાના સ્વરે) કહેશે, શું તમારી પાસે તમારા જ લોકોમાંથી (જેનાથી લાભ ઉઠાવવો તમારા માટે મુશ્કેલ ન હતો) પયગમ્બર આવ્યા ન હતા જે તમને તમારા પરવરદિગારની આયતો પઢીને સંભળાવ્યા કરતા હતા અને તમને તમારા આ દિવસના સામે આવવાથી ડરાવ્યા કરતા હતા ? કાફિરો કહેશે કે હા ! (રસૂલ પણ આવ્યા હતા અને તેમણે ડરાવ્યા પણ હતા) પરંતુ કાફિરો ઉપર અઝાબનો વાયદો (જેમાં અમે પણ સામેલ છે) પૂરો થઈને રહ્યો (આ બહાનું નથી બલકે સ્વીકાર છે કે અમારી પાસે ડરાવનાર આવ્યા હોવા છતાં અમે કુફ્ર કર્યું અને કાફિરો માટે અઝાબનો જે વાયદો હતો તે અમારી સામે આવ્યો, ખરેખર અમે અપરાધી છીએ. પછી તેમને) કહેવામાં આવશે (એટલે કે તે ફરિશ્તાઓ કહેશે) કે જહન્નમના દરવાજાઓમાં દાખલ થાઓ (અને) હંમેશા તેમાં રહ્યા કરો મતલબ કે (અલ્લાહના હુકમોથી) તકબ્બુર કરનારાઓનું ખરાબ

ઠેકાણું છે (પછી ત્યારબાદ તેઓ જહન્નમમાં દાખલ કરવામાં આવશે અને દરવાજાઓ બંધ કરી દેવામાં આવશે, અલ્લાહ તઆલાના ફરમાન અનુસાર عَلَيْهِمْ نَارٌ مُّؤْصَدَةٌ આ તો કાફિરોની હાલત થઈ) અને જે લોકો પોતાના પરવરદિગારથી ડરતા હતા (જેનો શરૂઆતનો મરતબો ઈમાન છે પછી તેના વિવિધ દરજ્જાઓ છે) તેઓ ટોળેટોળાં થઈને (કે જે તકવાનો મરતબો હશે તે સ્થાન પ્રમાણેના મુત્તકીઓ એક સ્થળે ભેગા કરવામાં આવશે અને) જન્નત તરફ (શોખ અને ઉત્સાહ વધારીને જલદી જલદી) રવાના કરવામાં આવશે, એટલે સુધી કે જ્યારે તે(જન્નત)ની પાસે પહોંચશે અને તેના દરવાજા (પ્રથમથી) ખુલ્લા હશે (જેથી જરા પણ મોડું ન થાય અને વળી જે સન્માનનીય હોય છે તેમના માટે એવું જ હોય છે જેમકે મહેમાનો માટે સ્વાભાવિક રીતે પ્રથમથી જ દરવાજાઓ ખોલી નાંખવામાં આવે છે مُفَتَّحَةً لَّهُمُ الْأَبْوَابُ) અને ત્યાંના રક્ષકો (ફરિશ્તાઓ) તેમને (સન્માન અને આદર સત્કાર કરવા) કહેશે કે અસ્સલામુ અલયકુમ, તમે મજામાં રહો, બસ આ(જન્નત)માં હંમેશા રહેવા માટે દાખલ થઈ જાઓ (તે સમયે તેમાં તેઓ દાખલ થઈ જશે) અને (દાખલ થઈને) કહેશે કે અલ્લાહનો (ઘણો ઘણો) શુક્ર છે જેણે અમારી સાથે પોતાનો વાયદો સાચો કર્યો અને અમને આ ભૂમિના માલિક બનાવી દીધા કે અમે જન્નતમાં જ્યાં ઈચ્છીએ મુકામ કરીએ, (એટલે કે દરેક વ્યક્તિને ખૂબ વિશાળ જગ્યા મળી છે ખૂબ ખુલીને હરેફરે, બેસે ઉઠે, રહેવાની રીતે તો પોતાની જગ્યાએ જ; અને હરવા ફરવાની રીતે બીજા જન્નતીઓના દરજ્જામાં પણ); મતલબ કે (નેક) અમલ કરનારાઓનો સારો બદલો છે (આ વાક્ય પોતે જન્નતવાળાઓનું હોય અથવા અલ્લાહ તઆલા તરફથી હોય બંને સંભાવના છે) અને (આગળ ભેગા થવાથી લઈ અંતિમ ફેંસલા સુધી આ જ ફેંસલાને ટૂંકા અને વજનદાર દબદબાવાળા શબ્દોમાં ખૂબ સંક્ષિપ્ત રીતે કહેવામાં આવે છે કે) તમે ફરિશ્તાઓને જોશો કે (સભામા لِلْحِسَابِ હિસાબના સમયે) અર્શની આસપાસ ઘેરો બાંધેલા હશે (અને) પોતાના પરવરદિગારની પવિત્રતા અને વખાણ કરતા હશે અને બધા જ બંદાઓમાં ઠીક ઠીક ફેંસલો કરવામાં આવશે અને (આ ફેંસલાના ઠીક હોવા ઉપર દરેક બાજુએ ઉત્સાહ અને ઉમળકો હશે તથા) કહેવામાં આવશે કે બધી જ વિશેષતાઓ અલ્લાહ માટે છે જે તમામ વિશ્વોનો પરવરદિગાર છે (જેણે આવો ઉમદા ફેંસલો

કર્યો, પછી આ શુક્રિયાના નારા લગાવી દરબાર બરખાસ્ત થશે).

મસ્અલા અને બોધપાઠ :

فَصَعِقَ مَنْ فِی السَّمٰوٰتِ وَمَنْ فِی الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ માં શબ્દ صَعِقَ (સઈક)નો શાબ્દિક અર્થ "બેહોશ થવું" થાય છે અને ભાવાર્થ એ છે કે પ્રથમ બેહોશ થઈ જશે, પછી બધા મૃત્યુ પામશે અને જે પ્રથમથી મૃત્યુ પામી ચૂક્યા છે તેમની રૂહો બેહોશ થઈ જશે.

(બયાનુલ કુર્આન, સૂરએ નમ્લની તફસીરમાંથી તથા ઈબ્ને કષીર)

اِلَّا مَنْ شَآءَ اللّٰهُ માં દૂર્રે મન્થૂરની રિવાયત પ્રમાણે ચાર ફરિશ્તાઓ હઝરત જિબ્રઈલ, મિકાઈલ, ઈસ્રાફીલ અને મલિકુલ મોત (અલૈ.) છે અને અમુક રિવાયતોમાં અર્શને ઉઠાવનારા ફરિશ્તાઓ પણ તેમાં સામેલ છે, તેમનો બાકાત રાખવાનો મતલબ એ છે કે પ્રથમ સૂરની અસરથી તેમને મોત નહીં આવે પરંતુ ત્યારબાદ તેમને પણ મોત આવી જશે અને એકમાત્ર હક સુબ્હાનહુ વ તઆલાની પવિત્ર જાત સિવાય કોઈ તે સમયે હયાત રહેશે નહીં, ઈબ્ને કષીરે પણ આ જ મત અપનાવ્યો છે અને ફરમાવ્યું છે કે તે બધામાં પણ સૌથી અંતે મલિકુલ મોતને મોત આવશે. સૂરએ નમ્લમાં પણ એક આયત આ જ પ્રમાણેની આવી છે, તેમાં صَعِقَ (સઈક)ના બદલે فَزِعَ (ફઝિઅ) શબ્દ આવ્યો છે ત્યાં પણ તેની અમુક વિગત પસાર થઈ ચૂકી છે.

وَجِایْٓءَ بِالنَّبِیّٖنَ وَالشُّهَدَآءِ ભાવાર્થ એ છે કે મેદાને હશ્રમાં હિસાબ અને કિતાબના સમયે બધા અંબિયા (અલૈ.) પણ મોજૂદ હશે અને બીજા બધા ગવાહો પણ હાજર હશે, તેમની ગવાહીઓમાં પોતે અંબિયા (અલૈ.) પણ હશે જેમકે કુર્આને કરીમે ફરમાવ્યું, وَجِئْنَا مِنْ كُلِّ اُمَّةٍۭ بِشَهِیْدٍ અને ફરિશ્તાઓ પણ ગવાહોમાં હશે જેમકે કુર્આને કરીમમાં છે, مَعَهَا سَآئِقٌ وَّشَهِیْدٌ તેમાં સામે હોવાથી અને ગવાહથી ભાવાર્થ ફરિશ્તાઓનું હોવું તફસીરે દૂર્રે મન્થૂર સૂરએ કા'ફમાં ઉપસ્થિત છે અને તે ગવાહોમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ પણ હશે, જેમકે કુર્આને કરીમમાં છે, وَتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ અને તે ગવાહોમાં પોતે મનુષ્યના શારીરિક અવયવો પણ છે જેમકે કુર્આનમાં છે, تُكَلِّمُنَا اَیْدِیْهِمْ وَتَشْهَدُ اَرْجُلُهُمْ

نَتَبَوَّاُ مِنَ الْجَنَّةِ حَیْثُ نَشَآءُ ભાવાર્થ એ છે કે જન્નતવાળાઓ માટે

પોતપોતાના મકાનો, મહેલો અને બગીચાઓ તો હશે જ, તેમને એ અધિકાર પણ આપવામાં આવશે કે બીજા જન્નતવાળાઓ પાસે મુલાકાત અને સહેલગાહ માટે પણ જતા આવતા રહેશે. (તબરાની) અબૂ નઈમ અને ઝિયાએ હસન સનદની સાથે હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની આ રિવાયત નકલ કરી છે કે એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને અરજ કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! મને તમારી સાથે એટલી મહોબ્બત છે કે પોતાના ઘેર પણ જતો હોય તો તમને જ યાદ કરતો રહું છું અને જ્યાં સુધી ફરી સેવામાં હાજર ન થઈ જાઉં મને સબ્ર નથી થતી પરંતુ જ્યારે હું પોતાની મોતને યાદ કરું છું અને તમારી વફાતને યાદ કરું છું તો એવું સમજું છું કે તમે તો જન્નતમાં અંબિયા (અલૈ.)ના ઉચ્ચ સ્થાનોમાં હશો અને જો હું જન્નતમાં પહોંચી પણ ગયો તો કોઈ નીચેના દરજ્જામાં હોઈશ, મને ચિંતા એ છે કે હું તમને કેવી રીતે જોઈશ. રસૂલે કરીમ ﷺએ તેની વાત સાંભળીને કોઈ જવાબ આપ્યો નહીં એટલે સુધી કે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) આ આયત લઈને આવ્યા, وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ અને રસૂલ ﷺની આજ્ઞાનું પાલન કરતા રહેજો કે મુસલમાન અંબિયા (અલૈ.) અને સિદ્દીકીન વગેરેની સાથે જ હશે અને પ્રસ્તુત આયતમાં તેનો ખુલાસો થઈ ગયો કે તેમના ઉચ્ચ સ્થાનોમાં પણ જવાની પરવાનગી હશે. اَلْحَقَنَا اللّٰهُ تَعَالٰى بِهِمْ بِمَنِّهٖ وَكَرَمِهٖ

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ઝુમર પૂર્ણ થઈ.

□□□□□□□□□□□□

તારીખ : ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦ મુતાબિક ૨૧ શવ્વાલ ૧૪૩૧ હિજરી.

Jehangir

પ્રકરણ (૪૦)

સૂરએ મુઅ્મિન

સૂરએ મુઅ્મિન મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૮૫ આયતો તથા ૯ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૧ થી ૯)

ایاتها ٨٥ ٤٠ سُوۡرَةُ الۡمُؤۡمِنِ مَكِّيَّةٌ ٦٠ رکوعاتها ٩

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

حٰمٓ (١) تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡعَلِيۡمِ (٢) غَافِرِ الذَّنۡۢبِ وَ
قَابِلِ التَّوۡبِ شَدِيۡدِ الۡعِقَابِ ذِى الطَّوۡلِ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ اِلَيۡهِ
الۡمَصِيۡرُ (٣) مَا يُجَادِلُ فِىۡۤ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيۡنَ كَفَرُوۡا فَلَا يَغۡرُرۡكَ تَقَلُّبُهُمۡ
فِى الۡبِلَادِ (٤) كَذَّبَتۡ قَبۡلَهُمۡ قَوۡمُ نُوۡحٍ وَّالۡاَحۡزَابُ مِنۡۢ بَعۡدِهِمۡ وَهَمَّتۡ كُلُّ
اُمَّةٍۢ بِرَسُوۡلِهِمۡ لِيَاۡخُذُوۡهُ وَجٰدَلُوۡا بِالۡبَاطِلِ لِيُدۡحِضُوۡا بِهِ الۡحَقَّ
فَاَخَذۡتُهُمۡ فَكَيۡفَ كَانَ عِقَابِ (٥) وَكَذٰلِكَ حَقَّتۡ كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيۡنَ
كَفَرُوۡۤا اَنَّهُمۡ اَصۡحٰبُ النَّارِ (٦) اَلَّذِيۡنَ يَحۡمِلُوۡنَ الۡعَرۡشَ وَمَنۡ حَوۡلَهٗ يُسَبِّحُوۡنَ
بِحَمۡدِ رَبِّهِمۡ وَيُؤۡمِنُوۡنَ بِهٖ وَيَسۡتَغۡفِرُوۡنَ لِلَّذِيۡنَ اٰمَنُوۡا رَبَّنَا وَسِعۡتَ كُلَّ شَىۡءٍ
رَّحۡمَةً وَّعِلۡمًا فَاغۡفِرۡ لِلَّذِيۡنَ تَابُوۡا وَاتَّبَعُوۡا سَبِيۡلَكَ وَقِهِمۡ عَذَابَ الۡجَحِيۡمِ (٧)
رَبَّنَا وَاَدۡخِلۡهُمۡ جَنّٰتِ عَدۡنِ اِلَّتِىۡ وَعَدۡتَّهُمۡ وَمَنۡ صَلَحَ مِنۡ اٰبَآئِهِمۡ
وَاَزۡوَاجِهِمۡ وَذُرِّيّٰتِهِمۡ اِنَّكَ اَنۡتَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ (٨) وَقِهِمُ السَّيِّاٰتِ
وَمَنۡ تَقِ السَّيِّاٰتِ يَوۡمَئِذٍ فَقَدۡ رَحِمۡتَهٗ وَذٰلِكَ هُوَ الۡفَوۡزُ الۡعَظِيۡمُ (٩)

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા–મીમ. (૧) કિતાબનું ઉતારવું અલ્લાહ તરફથી છે જે મહાબળવાન સર્વજ્ઞ છે. (૨) ગુનાહ મા'ફ કરનારો અને તવબહ કબૂલ કરનારો, કઠોર અઝાબ આપનારો, તમામ શક્તિઓનો સ્ત્રોત; જેના સિવાય કોઈ મઅ્બૂદ નથી તેના જ તરફ પાછા વળીને જવાનું છે. (૩) અલ્લાહની આયતોમાં તે જ ઝઘડે છે જે કાફિર છે; બસ તમને એ વાત ધોકામાં ન નાંખે કે તેઓ શહેરોમાં ચાલે ફરે છે. (૪) તેમના પહેલા નૂહ (અલૈ.)ની કોમ જૂઠાડી ચૂકી છે અને કેટલાય વર્ગો તેમના પછી અને દરેક ઉમ્મતે પોતાના રસૂલો ઉપર ઈરાદો કર્યો કે તેમને પકડી લે અને જૂઠા ઝઘડાઓ લાવવા લાગે કે તેનાથી સાચા દીનને ડગાવી દે, પછી મેં તેમને પકડી લીધા, (કહો) પછી કેવું થયું મારું સજા આપવું !? (૫) અને આ જ રીતે તારા પરવરદિગારની વાત કાફિરો ઉપર સત્ય થઈ ચૂકી કે તે દોઝખવાળા છે. (૬) જે(ફરિશ્તા)ઓ અર્શને ઉઠાવી રહ્યા છે અને જે તેની આસપાસ છે પોતાના પરવરદિગારની પવિત્રતા ખુબીઓ વર્ણન કરે છે અને તેના ઉપર ઈમાન રાખે છે અને ઈમાનવાળાઓના ગુનાહો મા'ફ કરાવે છે, હે અમારા પરવરદિગાર ! દરેક વસ્તુ તારી રહમત અને જ્ઞાનમાં સમાયેલી છે, બસ તેમને મા'ફ કર જેઓ તવબહ કરે અને તારા માર્ગ ઉપર ચાલે અને તેમને આગના અઝાબથી બચાવી લે. (૭) હે અમારા પરવરદિગાર ! અને તેમને હંમેશા નિવાસ કરવાના બગીચાઓમાં દાખલ કર જેનો તેં તેમને વાયદો કર્યો અને જે કોઈ તેમના પિતાઓમાં નેક હોય અને પત્નીઓમાં અને અવલાદમાં (તેમને પણ); બેશક ! તું જ જબરદસ્ત, હિકમતવાળો છે. (૮) અને તેમને બુરાઈઓથી બચાવ અને જેને તું તે દિવસે બુરાઈઓથી બચાવે તેના ઉપર તેં મહેરબાની કરી અને આ જ તો તે છે મોટી મુરાદ (સફળતા) પામવી. (૯)

તફસીર :

હા–મીમ (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે), આ કિતાબ અલ્લાહ તરફથી ઉતારવામાં આવી છે, તે જબરદસ્ત છે, દરેક વસ્તુને જાણનારો, ગુનાહ

બખ્શનારો અને તવબહનો સ્વીકાર કરનારો છે, સખત સજા આપનારો છે, તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, તેની જ પાસે (સૌએ) જવાનું છે (બસ, કુર્આન મજીદ અને તવહીદની વાસ્તવિકતાનો તકાદો એ છે કે તેમાં ઈન્કાર અને ઝઘડો કરવામાં ન આવે પરંતુ તો પણ) અલ્લાહ તઆલાની આ આયતોમાં (એટલે કે કુર્આનમાં જે તવહીદ ઉપર પણ આધારિત છે) તે જ લોકો (નાહકના) ઝઘડાઓ ઊભા કરે છે જેઓ (તેના) ઈન્કારી છે, (અને આ ઈન્કારનો તકાદો એ છે કે તેમને સજા આપવામાં આવે પરંતુ તાત્કાલિક સજા ન થવી તેમને અમુક દિવસની મહોલત અને ઢીલ આપવા માટે છે) બસ તે લોકોનું શહેરોમાં (ચેન અને સુકૂનથી દુનિયવી કારોબાર માટે) ચાલવું ફરવું તમને શંકામાં ન નાંખે (કે તેનાથી એવું સમજી લેવામાં આવે કે આ એ જ પ્રમાણે સજા અને અઝાબથી બચેલા રહેશે અને આરામથી રહેશે અને તમને આ સંબોધન કરવાનો હેતુ અન્યોને સંભળાવવાના કારણસર છે, મતલબ કે તેમની પૂછતાછ અને પકડ અવશ્ય થશે ભલે દુનિયામાં પણ થાય અને આખિરતમાં પણ અથવા માત્ર આખિરતમાં થાય ! જેમકે) તેમનાથી પહેલાં નૂહ (અલૈ.)ની કોમે અને બીજા સમુદાયોએ પણ જે તેમના પછી થયા (જેમેક આદ અને ષમૂદ વગેરેએ સત્ય દીનને) જૂઠાડયો હતો અને દરેક ઉમ્મતે(માંથી જે લોકો ઈમાન ન લાવ્યા હતા તેઓએ) પોતાના પયગમ્બરને પકડવાનો ઈરાદો કર્યો (કે પકડીને કતલ કરી નાંખે) અને નાહકના ઝઘડા ઊભા કરતા રહ્યા જેથી તે અસત્યથી સત્યને ડગાવી દે, બસ મેં (અંતે) તેમની પકડ કરી, બસ (જુઓ) મારા તરફથી (તેમને) કેવી સજા થઈ ?! અને (જે રીતે તેમને દુનિયામાં સજા થઈ) એ જ પ્રમાણે બધા કાફિરો ઉપર તમારા પરવરદિગારનું એ નિવેદન સાબિત થઈ ચૂક્યું છે કે તે લોકો (આખિરતમાં) દોઝખી હશે (એટલે અહીંયાં પણ સજા થઈ અને ત્યાં પણ સજા થશે, એ જ પ્રમાણે કુફ્રના કારણે તે સમકાલીન કાફિરોને પણ સજા અને પૂછતાછ થવાની છે, ભલે બંને દુનિયામાં અથવા તો માત્ર આખિરતમાં; આ તો ઈન્કારીઓની હાલત છે કે ક્રોધ અને અઝાબના હકદાર છે અને જે લોકો તવહીદની માન્યતા ધરાવનારા મો'મિનો છે તેઓ એવા સન્માનનીય છે કે સ્વીકૃત ફરિશ્તાઓ દુઆ અને ઈસ્તિગફાર કરવામાં મશ્ગૂલ રહે છે કે જે કાયદા પ્રમાણે يَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ તેની નિશાની છે કે તેઓ અલ્લાહ તઆલા તરફથી તેના ઉપર કામે લગાડવામાં આવ્યા છે કે મો'મિનો માટે

ઈસ્તિગફાર કર્યા કરે, તેનાથી મો'મિનો અલ્લાહ તઆલા પાસે પ્રિય હોવાનું સાબિત થાય છે એટલા માટે ઈરશાદ થયો છે કે) જે ફરિશ્તાઓ તેની આસપાસ છે તેઓ પોતાના પરવરદિગારની તસ્બીહ અને વખાણ કરતા રહે છે અને તેના ઉપર ઈમાન રાખે છે અને ઈમાનવાળાઓ (તે જ પ્રમાણે દુઆઓ અને) ઈસ્તિગફાર કર્યા કરે છે કે હે અમારા પરવરદિગાર ! તારી (સર્વત્ર છવાયેલ) રહમત અને જ્ઞાન દરેક વસ્તુમાં સામેલ છે (બસ ઈમાનવાળાઓ ઉપર તો પ્રથમ કક્ષાની રહમત હશે અને તેમના ઈમાનની તને ખબર પણ છે) બસ તે લોકોને બખ્શી આપ જેમણે (શિર્ક અને કુફ્રથી) તવબહ કરી લીધી છે અને તારા રસ્તા ઉપર ચાલે છે અને તેમને જહન્નમના અઝાબથી બચાવી લેજે, હે અમારા પરવરદિગાર ! અને (દોઝખથી બચાવીને) તેમને હંમેશા રહેવાની જન્નતોમાં જેનો તેં તેમને વાયદો કર્યો છે દાખલ કરી આપજે અને તેમના માં બાપ અને પત્નીઓ અને અવલાદમાં જે (જન્નતના) લાયક (એટલે કે મો'મિન) હોય (બસ ભલે તે મો'મિનીનના દરજ્જાનો ન હોય) તેમને પણ દાખલ કરજે, બેશક ! તું જબરદસ્ત હિકમતવાળો છે (કે મા'ફી આપવા ઉપર કાબૂ ધરાવે છે અને દરેકને તેનો યોગ્ય દરજ્જો અર્પણ કરે છે) અને (જેમકે તેમને દોઝખથી કે જે મોટો અઝાબ છે બચાવવા માટે તારાથી દુઆ છે એ જ પ્રમાણે આ પણ દુઆ છે કે) તેમને (કયામતના દિવસે દરેક પ્રકારની) તકલીફોથી બચાવજે (ભલે તે જહન્નમથી ઓછી હોય જેમકે કયામતની પરેશાનીઓ) અને તું જેને તે દિવસની તકલીફથી બચાવી લે તેના ઉપર તેં ઘણી કૃપા કરી અને આ (રીતે મગફિરત થવી અને મોટા અઝાબ તથા નાના અઝાબથી સુરક્ષા અને) જન્નતમાં પ્રવેશ પામવો એ મોટી સફળતા છે (બસ પોતાના મો'મિન બંદાઓને તેનાથી વંચિત ન રાખજે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ મુઅ્મિનની વિશિષ્ટતા અને શ્રેષ્ઠતા વગેરે :

અત્રેથી સૂરએ અહકાફ સુધી સાત સૂરતો حٰمٓ (હા-મીમ)થી શરૂ થાય છે, તેમને آلِ حٰمٓ અથવા حَوَامِیْم (હવામીમ) કહેવામાં આવે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે "અલ-હા-મીમ" دِیْبَاجُ الْقُرْاٰنِ (દીબાજુલ કુર્આન) છે, "દીબાજ" રેશમી કપડાને કહે છે તેનો ભાવાર્થ "શણગાર" છે અને

મિઅ્સર ઈબ્ને કિદામ ફરમાવે છે કે તેમને عَرَائِس (અરાઈસ) કહેવામાં આવે છે, એટલે કે "દુલ્હનો"; હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે દરેક વસ્તુનો એક ટૂંકસાર અને ખુલાસો હોય છે, કુર્આનનો ખુલાસો "અલ-હા-મીમ" છે અથવા ફરમાવ્યું કે "હવામીમ" છે. આ બધી રિવાયતો ઈમામે આલમ અબૂ ઉબયદહ કાસિમ બિન સલામ (રહ.)એ પોતાની કિતાબ "ફઝાઈલુલ કુર્આન"માં લખી છે.

હઝરત અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે કુર્આનનું ઉદાહરણ એવું છે કે કોઈ વ્યક્તિ પોતાના બાળ બચ્ચાંઓના રહેઠાણ માટે જગ્યાની શોધખોળમાં નીકળ્યો તો કોઈ હર્યાભર્યા મેદાનને જોઈને ખુશ થઈ રહ્યો છે, અચાનક આગળ વધ્યો તો ફળદ્રુપ ભૂમિ એટલે કે એવા બગીચાઓ મળ્યા જેની જમીનમાં ફળદ્રુપતાનું પ્રમાણ સૌથી વધારે છે તેને જોઈને કહેવા લાગ્યો, હું તો પ્રથમ વરસાદથી ઊગેલી હરિયાળીને જોઈને જ આશ્ચર્ય કરી રહ્યો હતો આ તો તેનાથી પણ વધારે આશ્ચર્યજનક છે ! તો તેને એવું કહેવામાં આવશે કે પ્રથમ વરસાદની હરિયાળી અને લીલોતરીનું જાહેર દષ્ટાંત એ કુર્આનનું ઉદાહરણ છે તથા બગીચાઓ અને ફળદ્રુપ ભૂમિનું ઉદાહરણ કુર્આનમાંની "અલ-હા-મીમ"નું ઉદાહરણ છે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે જ્યારે હું કુર્આનની તિલાવત કરતાં કરતાં "અલ-હા-મીમ" ઉપર આવી જાઉં છું તો જાણે તેમાં મારો મોટો પ્રવાસ થાય છે.

દરેક આફતથી સુરક્ષા :

મુસ્નદે બઝારમાં પોતાની સનદ સાથે હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે દિવસની શરૂઆતમાં આયતુલ કુરશી અને સૂરએ મુઅ્મિનની પ્રથમ ત્રણ આયતો حٰمٓ (હા-મીમ)થી اِلَيْهِ الْمَصِيْرُ (ઈલયહિલ મસીર) સુધી પઢી લે તો એ તે દિવસે દરેક બુરાઈ અને તકલીફથી સુરક્ષિત રહેશે. તેને તિરમિઝીએ પણ રિવાયત કરી છે જેની સનદમાં એક રાવી "મુતકલ્લિમ ફીહિ" છે. *(ઈબ્ને કસીર, પેજ : ૫૯, જિલ્દ : ૪)*

દુશ્મનોથી રક્ષણ :

અબૂ દાવુદ અને તિરમિઝીમાં સહીહ સનદો સાથે હઝરત મુહલ્લબ ઈબ્ને

સુફરા (રદિ.)થી રિવાયત છે, તેમણે ફરમાવ્યું કે મને એવા વ્યક્તિએ રિવાયત કરી કે જેણે પોતે રસૂલે કરીમ ﷺથી સાંભળ્યું છે કે તેઓ (કોઈ જિહાદના સમયે રાત્રે હિફાઝત માટે) કહી રહ્યા હતા કે જો રાત્રે તમારા ઉપર આક્રમણ કરવામાં આવે તો તમારે حٰمٓ لَا يُنْصَرُوْنَ પઢી લેવું, જેનો ખુલાસો શબ્દ حٰمٓ (હા—મીમ)ની સાથે એ દુઆ કરવી છે કે આપણો દુશ્મન સફળ ન થાય અને અમુક રિવાયતોમાં حٰمٓ لَا يُنْصَرُوْا એ نُوْنْ (નૂન) વિના આવ્યું છે જેનો ખુલાસો એ છે કે જ્યારે તમે હા—મીમ કહેશો તો દુશ્મન સફળ થશે નહીં, તેનાથી જાણ થઈ કે "હા—મીમ" દુશ્મનથી સુરક્ષાનો કિલ્લો છે. *(ઈબ્ને કષીર)*

એક આશ્ચર્યજનક ઘટના :

હઝરત ષાબિત બુનાની (રહ.) ફરમાવે છે કે હું મુસ્અબ બિન ઝુબૈર (રદિ.)ની સાથે કુફાના એક વિસ્તારમાં હતો, હું એક બગીચાની અંદર ચાલ્યો ગયો કે બે રકા'ત નમાઝ પઢી લઉં; મેં નમાઝથી પહેલાં حٰمٓ اَلْمُؤْمِنُ (હા—મીમ અલ—મુઅ્મીન –૪૦:૧–૩)ની આયતો اِلَيْهِ الْمَصِيْرُ (ઈલયહિલ મસીર) સુધી પઢી, આચાનક જોયું કે એક વ્યક્તિ મારી પાછળ સફેદ ખચ્ચર ઉપર સવાર છે જેના શરીર ઉપર યમની કપડું છે તે વ્યક્તિએ મને કહ્યું કે જ્યારે તમે غَافِرِ الذَّنْبِ કહો તો તેની સાથે આ દુઆ કરો, يَا غَافِرَ الذَّنْبِ اغْفِرْلِيْ એટલે કે, હે ગુનાહોને મા'ફ કરનાર મને મા'ફ કરી દે! અને જ્યારે તમે પઢો, قَابِلِ التَّوْبِ તો આ દુઆ કરો, يَا قَابِلَ التَّوْبِ اقْبَلْ تَوْبَتِيْ એટલે કે, હે તવબહ કબૂલ કરનાર મારી તવબહ કબૂલ કર! પછી જ્યારે પઢો, شَدِيْدِ الْعِقَابِ તો આ દુઆ કરો, يَا شَدِيْدَ الْعِقَابِ لَا تُعَاقِبْنِيْ એટલે કે, હે સખત ગુસ્સાવાળા મને અઝાબ ન આપજે! અને જ્યારે ذِى الطَّوْلِ પઢો તો આ દુઆ કરો, يَا ذَا الطَّوْلِ طُلْ عَلَيَّ بِخَيْرٍ એટલે કે હે ઈનામ અને અહેસાન કરનાર મારા ઉપર ઈનામ કર!

હઝરત ષાબિત બુનાની (રહ.) કહે છે કે આ નસીહત તેનાથી સાંભળ્યા પછી જ્યારે તે બાજુ જોયું તો ત્યાં કોઈ ન હતું, હું તેની શોધખોળ કરવા બાગના દરવાજા ઉપર આવ્યો, લોકોને પૂછ્યું કે એક આવો વ્યક્તિ યમની પોશાકમાં અહીંયાંથી પસાર થયો છે. બધાએ કહ્યું કે અમે એવો કોઈ વ્યક્તિ નથી જોયો. ષાબિત બુનાની (રહ.)ની એક રિવાયતમાં એ પણ છે કે લોકોનો વિચાર છે કે

તેઓ હઝરત ઈલિયાસ (અલૈ.) હતા, બીજી રિવાયતમાં તેનું વર્ણન નથી.

(ઈબ્ને કષીર)

આ આયતોની તા'સીર મખ્લૂકની સુધારણામાં; અને ફારૂકે આ'ઝમ (રદિ.)નું એક મહાન માર્ગદર્શન સુધારકો માટે :

ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને અબી હાતિમ (રદિ.)ની સનદથી નકલ કર્યું છે કે સિરીયાનો એક નિવાસી ઘણો રુઆબદાર અને મજબૂત વ્યક્તિ હતો તથા ફારૂકે આ'ઝમ (રદિ.) પાસે આવ્યા કરતો હતો, અમુક મુદત સુધી તે ન આવ્યો તો હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ લોકોને તેનો હાલ પૂછ્યો, લોકોએ કહ્યું કે અમીરુલ મુઅ્મિનીન તેની હાલત ન પૂછો તે તો દારૂમાં મદમસ્ત રહેવા લાગ્યો છે, ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના મુન્શીને બોલાવ્યો અને કહ્યું કે એક પત્ર લખો,

مِنْ عُمَرَ بْنِ الْخَطَّابِ اِلٰى فَلَانِ بْنِ فَلَانٍ ۔ سَلَامٌ عَلَيْكَ فَاِنِّىْ اَحْمَدُ اِلَيْكَ اللّٰهَ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا هُوَ غَافِرَ الذَّنْبِ وَ قَابِلَ التَّوْبِ شَدِيْدَ الْعِقَابِ ذِى الطَّوْلِ لَآ اِلٰهَ اِلَّا هُوَ اِلَيْهِ الْمَصِيْرُ

"ઉમર ઈબ્ને ખત્તાબ તરફથી ફલાણા-ફલાણાના નામે,

અસ્સલામુ અલયક,

ત્યારબાદ હું તમારાથી તે અલ્લાહના વખાણ રજુ કરું છું જેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, તે ગુનાહોને મા'ફ કરનાર, તવબહ કબૂલ કરનાર, સખત અઝાબવાળો, મહાશક્તિશાળી છે, તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, તેના જ તરફ પાછા વળીને જવાનું છે."

પછી મજલિસમાં હાજરજનોને કહ્યું કે બધા મળીને તેના માટે દુઆ કરો કે અલ્લાહ તઆલા તેના હૃદયને ફેરવી દે અને તેની તવબહ કબૂલ કરે, ફારૂકે આ'ઝમ (રદિ.)એ જે સંદેશાવાહકના હાથે આ પત્ર મોકલ્યો હતો તેને સૂચના આપી હતી કે આ પત્ર તેને એવા સમયે ન આપે જ્યાં સુધી કે તે નશાની હાલતમાંથી હોશમાં ન આવે અને કોઈ બીજાને હવાલે ન કરે, જ્યારે તેની પાસે

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો આ પત્ર પહોંચ્યો અને તેણે પઢયો તો વારંવાર તે શબ્દોને પઢતો અને વિચાર કરતો રહ્યો કે તેમાં મને સજાથી ડરાવવામાં પણ આવ્યો છે અને મા'ફ કરવાનો વાયદો પણ કરવામાં આવ્યો છે અને પછી રડવા લાગ્યો તથા દારૂની લત છોડી દીધી, પછી એવી તવબહ કરી કે પછી તે તેની પાસે પણ ન ગયો.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને જ્યારે પત્રના આ અસરની ખબર પડી તો લોકોને કહ્યું કે આવી બાબતોમાં તમારે સૌએ પણ આવું જ કરવું જોઈએ કે જ્યારે કોઈ ભાઈ કોઈ ભૂલમાં સંડોવાઈ જાય તો તેને સુધારવાની ફિકર ન કરો અને તેને અલ્લાહ તઆલાની રહમતનો ભરોસો અપાવો તથા અલ્લાહથી તેના માટે દુઆ કરો કે તે તવબહ કરી લે અને તમે તેના મુકાબલા ઉપર શયતાનના મદદગાર ન બનો, એટલે કે તેને બુરું ભલું કહીને અથવા ગુસ્સો અપાવીને દીનથી વધારે દૂર કરી દેશો તો તે શયતાનની મદદ ગણાશે. *(ઈબ્ને કષીર)*

ખુલાસો :

જે લોકો મખ્લૂકની સુધારણા અને દા'વતો તબ્લીગની સેવા કરનારા છે તેમના માટે ઉપરોક્ત ઘટના એક મહાન માર્ગદર્શન છે કે જે વ્યક્તિની સુધારણા કરવાનો હેતુ હોય તેના માટે પોતે પણ દુઆ કરો પછી વિનમ્રતા સાથે તેને સુધારણા તરફ લઈ આવો, ઉશ્કેરણી ન કરો કે તેનાથી લાભ પહોંચશે નહીં બલકે શયતાનની મદદ થશે અને તેને વધારે ગુમરાહીમાં સપડાવી દેશે. આગળ આયતની તફસીર જુઓ.

حٰمٓ (હા–મીમ) અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે આ અલ્લાહના નામ છે પરંતુ પુરોગામી ઈમામો નજીક આ "હુરૂફે મુકત્તઆત" બધા જ મુતશાબિહાતમાંથી છે જેનો અર્થ અલ્લાહ તઆલા જ જાણે છે અથવા અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺ વચ્ચે એક રહસ્ય છે.

غَافِرِ الذَّنْبِ وَقَابِلِ التَّوْبِ - غَافِرِ الذَّنْبِ નો શાબ્દિક અર્થ "ગુનાહ ઉપર પડદો નાંખનાર" અને قَابِلِ التَّوْبِ નો અર્થ તવબહ કબૂલ કરનાર થાય છે. આ બે શબ્દો અલગ અલગ લાવવામાં આવ્યા, જો કે બંનેનો ભાવાર્થ લગભગ એકસમાન છે, કારણ એ છે કે غَافِرِ الذَّنْبِ માં એ તરફ ઈશારો કરવાનો હેતુ છે કે અલ્લાહ

તઆલાને એ બાબત ઉપર પણ શક્તિ છે કે કોઈ બંદાના ગુનાહને તવબહ વિના પણ મા'ફ કરી દે અને તવબહ કરનારાઓને મા'ફી આપવું બીજી સિફત છે.

(મઝહરી)

ذِی الطَّوْلِ માં શબ્દ طَوْل નો શાબ્દિક અર્થ "વિસ્તારવું અથવા ગિના" થાય છે તથા તે "શક્તિ"ના અર્થમાં આવે છે, કૃપા અને અહેસાનના અર્થમાં પણ આવે છે. *(મઝહરી)*

مَا يُجَادِلُ فِيْٓ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيْنَ كَفَرُوْا આ આયતે "જિદાલ ફિલ કુર્આન" (કુર્આન બાબતે ઝઘડો કરવા)ને કુફ્ર ઠરાવ્યું. اِنَّ جِدَالًا فِی الْقُرْاٰنِ كُفْرٌ એટલે કે કુર્આન વિશે અમુક ઝઘડાઓ કરવામાં કુફ્ર હોય છે.

(رَوَاهُ الْبَغَوِیُّ وَالْبَيْهَقِیُّ فِی الشِّعَبِ عَنْ اَبِیْ هُرَيْرَةَؓ وَرَوَاهُ اَبُوْدَاوٗدَوَالْحَاكِمُ وَصَحَّحَهٗ، مَظْهَرِیْ)

હદીષમાં છે કે એક દિવસે રસૂલે કરીમ ﷺએ બે વ્યક્તિઓનો અવાજ સાંભળ્યો જે કુર્આનની કોઈ આયત વિશે ઝઘડી રહ્યા હતા, આપ ﷺ ક્રોધિત થઈને બહાર તશરીફ લાવ્યા કે આપ ﷺના ચહેરા મુબારક ઉપર ગુસ્સાના ચિહ્નો દેખાઈ રહ્યા હતા અને ફરમાવ્યું કે તમારાથી આગલી ઉમ્મતો એનાથી જ હલાક થઈ કે તેઓ અલ્લાહની કિતાબમાં ઝઘડો કરવા લાગી હતી.

(રવાહુ મુસ્લિમ અન અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર વ ઈબ્ને શુઅયૂબ, –મઝહરી)

આ ઝઘડો જેને કુર્આને અને હદીષે કુફ્ર ઠરાવ્યું તેનો ભાવાર્થ કુર્આની આયતો ઉપર કટાક્ષ કરવો અને વાહિયાત પ્રકારની શંકાઓ કરીને તેમાં ઝઘડો નાંખવો છે અથવા કુર્આનની કોઈ આયતનો એવો અર્થ વર્ણન કરવો જે કુર્આનની બીજી આયતો અને નુસૂસ તથા સુન્નતના વિરુદ્ધ હોય જે કુર્આનની તહરીફ (હેરફેર)ના દરજ્જામાં છે, નહિ તો કોઈ મોઘમ વાતની તહકીક અથવા મુશ્કેલ કલામનો હલ શોધવો અથવા કોઈ આયતમાંથી હુકમો અને મસ્અલાઓ પ્રતિપાદિત કરવા માટે પરસ્પર ચર્ચા, બહશ અને તહકીક કરવી તેમાં સામેલ નથી બલકે તે તો ઘણો મોટો સવાબ છે. *(કાઝી બયઝાવી, કુર્તુબી, મઝહરી)*

فَلَا يَغْرُرْكَ تَقَلُّبُهُمْ فِی الْبِلَادِ કુરૈશના કાફિરો ઠંડીમાં યમનની અને ગરમીમાં સિરીયાની વેપારી મુસાફરી કરતા હતા તથા હરમે બયતુલ્લાહની સેવાના કારણે તેમનું સમગ્ર અરબમાં સન્માન હતું તેથી પોતાની મુસાફરીઓમાં

સુરક્ષિત રહેતા અને વેપારી નફો પ્રાપ્ત કરતા હતા, તેનાથી તેમની માલદારી વધી અને રાજ્ય સ્થાપિત થયું હતું. ઈસ્લામ અને રસૂલુલ્લાહ ﷺના વિરોધ છતાં તેમનું આ પરિસ્થિતિ ઉપર કાયમ રહેવું તેમના માટે ગર્વ અને અભિમાનનું કારણ હતું કે જો અમે અલ્લાહ તઆલા સમીપ અપરાધી હોત તો આ નેઅ્મતો છીનવાઈ ગઈ હોત, આથી અમુક મુસલમાનોને પણ શંકાઓ થવાની સંભાવના હતી તેથી આ આયતમાં ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ પોતાની હિકમત અને મસ્લિહતથી તેમને આ અમુક દિવસની મહોલત આપી રાખી છે આથી તમે અથવા મુસલમાન કોઈ ધોકામાં ન પડો, અમુક દિવસની મહોલત પછી તેમના ઉપર અઝાબ આવવાનો છે અને આ રિયાસત નષ્ટ થવાની છે જેની શરૂઆત ગઝ્વએ બદ્રથી થઈ અને ફત્હે મક્કા સુધી છ વર્ષોની અંદર તે સંપૂર્ણપણે જાહેર થઈ ગયું.

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓ હમણા ચાર છે અને કયામતના દિવસે આઠ થઈ જશે તથા અર્શની આસપાસ કેટલા ફરિશ્તાઓ છે તેમની સંખ્યા અલ્લાહ જ જાણે છે, અમુક રિવાયતોમાં તેમની સફોની સંખ્યા બતાવવામાં આવી છે તે લાખો સુધી પહોંચે છે તેમને كَرُوْبِىْ (કર્રૂબી, [Heb, Kerubh or kerub], plural: [Eng. Cherubin or Cherubim, Heb. Cherubim]) કહેવામાં આવે છે. આ બધા અલ્લાહના સ્વીકૃત બંદાઓ છે, આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે આ બધા મુકર્રબ ફરિશ્તાઓ મો'મિનો માટે ખાસ કરીને જેઓ ગુનાહોથી તવબહ કરીને શરીઅતના તા'બેદાર થઈ જાય તેમના માટે દુઆઓ કરે છે, યા તો અલ્લાહ તઆલાએ તેમને એ કામ માટે લગાવી રાખ્યા છે અથવા તેમનો સ્વભાવ અને પ્રકૃતિ જ એવી છે કે તેઓ અલ્લાહના નેક બંદાઓ માટે દુઆઓ કરતા રહે છે એટલા માટે હઝરત મુતર્રિફ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને શિખ્ખીરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના બંદાઓમાં મો'મિનોમાં સૌથી વધુ ભલું ઈચ્છનાર અલ્લાહના ફરિશ્તાઓ છે, તેમની દુઆઓ મો'મિનો માટે એક તો એ હોય છે કે તેમને મા'ફી આપ અને તેમને જહન્નમના અઝાબથી બચાવ અને હંમેશા રહેનારી જન્નતોમાં દાખલ કર, તેની સાથે સાથે આ દુઆ પણ કરે છે કે, وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ એટલે કે તેમના બાપ દાદાઓ અને તેમની પત્નીઓ અને તેમની અવલાદોમાંથી

જેનામાં મગફિરતની સલાહિયત હોય એટલે કે જેમનો ખાત્મો ઈમાન ઉપર થયો છે તેમને પણ તે જ લોકો સાથે જન્નતમાં દાખલ કર.

આથી જાણ થઈ કે ઈમાન તો છુટકારાની શરત છે, ઈમાન પછી બીજા નેક અમલો છે, મુસલમાનોના સંબંધીઓ, બાપ દાદા અથવા પત્ની અને સંતાન જો તેના દરજ્જાથી નીચે પણ હોય તો અલ્લાહ તઆલા તેમના સન્માનમાં ઓછા દરજ્જાના સંબંધીઓને પણ જન્નતમાં તેમની સાથે જ કરી આપશે જેથી તેમની ખુશી અને આનંદ સંપૂર્ણ થઈ જાય, જેમકે કુર્આને કરીમની બીજી આયતમાં ઈરશાદ છે, وَاَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ

હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે મો'મિન જ્યારે જન્નતમાં જશે તો પોતાના બાપ, બેટા, ભાઈ વગેરે વિશે પૂછશે કે તેઓ ક્યાં છે ? તેમને બતાવવામાં આવશે કે તેમણે તમારા જેવા અમલ કર્યા નથી એટલા માટે તેઓ અહીંયાં પહોંચી શકશે નહીં, તે વ્યક્તિ કહેશે કે મેં જે અમલ કર્યા હતા તે માત્ર પોતાના માટે કર્યા ન હતા, બલકે પોતાના માટે અને તેમના માટે કર્યા હતા ત્યારે હુકમ થશે તેમને પણ જન્નતમાં દાખલ કરી દો. *(ઈબ્ને કષીર)*

તફસીરે મઝહરીમાં આ રિવાયતને નકલ કરીને ફરમાવ્યું કે, આ مَوْقُوْف "મવકૂફ" (મવકૂફ હદીષ અથવા તો એવા સહાબીની મર્યાદિત રિવાયત જે રસૂલે કરીમ ﷺ સાથે સંબંધ ધરાવતી નથી.) مَرْفُوْع "મરફૂઅ્" (મરફૂઅ્ હદીષ જેની રિવાયતનો સંબંધ રસૂલે કરીમ ﷺ તરફ જોડવામાં આવે)ના હુકમમાં છે અને એના વિશે સ્પષ્ટ છે કે જે ક્ષમતા આ આયતમાં શરત સ્વરૂપે ઠરાવવામાં આવી છે તેનાથી સાચું ઈમાન ભાવાર્થ સ્વરૂપે છે.

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૧૦-૧૧-૧૨)

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا يُنَادَوْنَ لَمَقْتُ اللّٰهِ اَكْبَرُ مِنْ مَّقْتِكُمْ اَنْفُسَكُمْ اِذْ تُدْعَوْنَ
اِلَى الْاِيْمَانِ فَتَكْفُرُوْنَ ﴿١٠﴾ قَالُوْا رَبَّنَآ اَمَتَّنَا اثْنَتَيْنِ وَاَحْيَيْتَنَا اثْنَتَيْنِ
فَاعْتَرَفْنَا بِذُنُوْبِنَا فَهَلْ اِلٰى خُرُوْجٍ مِّنْ سَبِيْلٍ ﴿١١﴾ ذٰلِكُمْ بِاَنَّهٗٓ اِذَا دُعِيَ اللّٰهُ
وَحْدَهٗ كَفَرْتُمْ ۚ وَاِنْ يُّشْرَكْ بِهٖ تُؤْمِنُوْا ۭ فَالْحُكْمُ لِلّٰهِ الْعَلِيِّ الْكَبِيْرِ ﴿١٢﴾

તરજુમો :

બેશક ! જે કાફિરો છે તેમને પોકારીને કહેવામાં આવશે કે અલ્લાહ વધારે નફરત કરતો હતો તેનાથી જે તમે (અત્યારે દોઝખમાં) પોતાની જાતથી નફરત કરો છો, જે સમયે કે તમને ઈમાન લાવવા માટે બોલાવવામાં આવતા હતા પછી તમે ઈન્કારી થતા હતા. (૧૦) કહેશે, હે અમારા પરવરદિગાર ! તું અમને બે વખતે મોત આપી ચૂક્યો અને બે વખતે જિંદગી આપી ચૂક્યો, હવે અમે પોતાના ગુનાહોનો સ્વીકાર કરી ચૂક્યા, પછી હવે કોઈ છૂટવાનો માર્ગ (પણ) છે ?! (૧૧) આ તમારા ઉપર એ કારણે છે કે જ્યારે કોઈએ એકલા અલ્લાહને પોકાર્યો તો તમે ઈન્કારી થતા હતા અને જ્યારે તેની સાથે કોઈ ભાગીદારને પોકારતા તો તમે વિશ્વાસ કરવા લાગતા હતા, હવે તે જ હુકમ છે જે સૌથી મહાન સર્વોપરી અલ્લાહ આપે. (૧૨)

તફસીર :

જે લોકો કાફિર થયા (તે બધા દોઝખમાં જઈને પોતાના શિર્ક અને કુફ્રને અપનાવવા બદલ અફસોસ અને પસ્તાવો કરશે અને પોતે તેમને પોતાની જાતથી સખત નફરત થશે એટલે સુધી કે ગુસ્સાના માર્યા પોતાની આંગળીઓ કરડી ખાશે, જેમકે દૂર્રે મન્સૂરમાં હઝરત હસન રદિ.ની રિવાયત છે, તે સમયે) તેમને પોકારવામાં આવશે કે જેવી તમને (અત્યારે) પોતાનાથી નફરત છે તેનાથી વધીને અલ્લાહને (તમારાથી) નફરત હતી જ્યારે કે તમને (દુનિયામાં) ઈમાન તરફ બોલાવવામાં આવતા હતા પછી (બોલાવવામાં આવ્યા પછી) તમે માનતા ન હતા (તેમના અફસોસ અને પસ્તાવામાં ઔર વધારો કરવાના હેતુથી આવું કહેવામાં આવશે) તે લોકો કહેશે કે હે અમારા પરવરદિગાર ! (અમે જે ફરીવાર જીવીત થવાનો ઈન્કાર કર્યા કરતા હતા હવે અમને પોતાની ભૂલ સમજાઈ ગઈ, કારણ કે અમે જોઈ લીધું કે) તેં અમને બે વખતે નિર્જીવ રાખ્યા (એક વખતે જન્મથી પહેલાં કે અમે નિર્જીવ માંસના સ્વરૂપમાં હતા અને બીજા વખતે તે દુનિયામાં આવ્યા પછી મોત આવવાથી મૃત્યુ પામ્યા) અને બે વખતે જિંદગી આપી (એક દુનિયાની જિંદગી અને બીજી આખિરતની જિંદગી, આ ચાર પ્રકારની પરિસ્થિતિઓ છે જેમાંથી ઈન્કાર તો માત્ર એક એટલે કે આખિરતની જિંદગીનો હતો પરંતુ બાકીની

ત્રણ પરિસ્થિતિઓનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે તે નિશ્ચિત હતી અને આ એકરારનો હેતુ એ હતો કે હવે ચોથો પ્રકાર પણ પહેલાં ત્રણની જેમ નિશ્ચિત સામે આવ્યો) બસ અમે પોતાની ભૂલોનો (જેમાં મૂળ મૃત્યુ પામ્યા પછી ફરીવાર જીવીત થવાનો ઈન્કાર હતો અને બાકી બધી માન્યતાઓ તેના વિભાગો હતી) એકરાર કરીએ છીએ તો શું (અહીંયાંથી) નીકળવાનો કોઈ માર્ગ છે ? (કે દુનિયામાં ફરી પાછા જઈને તે ભૂલોને સુધારી લઈએ ? જવાબમાં કહેવામાં આવશે, તમારા નીકળવાનો કોઈ માર્ગ નથી બલકે હંમેશા અહીંયાં રહેવાનું છે અને) કારણ તેનું એ છે કે જ્યારે માત્ર અલ્લાહનું નામ લેવામાં આવતું હતું (એટલે કે તવહીદનું વર્ણન થતું હતું) ત્યારે તમે ઈન્કાર કર્યા કરતા હતા અને જો તેની સાથે કોઈને ભાગીદાર કરવામાં આવતો હતો તો તમે માની લેતા હતા એટલા માટે આ ફૈસલો અલ્લાહનો (કરેલો) છે જે સર્વોપરી (અને) મહાન છે (કારણ કે અલ્લાહ તઆલા સર્વોપરી અને સૌથી મહાન છે એ આધારે તેમનો ગુનોહ ખૂબ મોટો હતો આથી તેમને સજા પણ મોટી મળી, એટલે કે કાયમી જહન્નમ).

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૧૩ થી ૨૨)

هُوَ الَّذِي يُرِيكُمْ آيَاتِهِ وَيُنَزِّلُ لَكُم مِّنَ السَّمَاءِ رِزْقًا ۚ وَمَا يَتَذَكَّرُ إِلَّا
مَن يُنِيبُ ﴿١٣﴾ فَادْعُوا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ وَلَوْ كَرِهَ الْكَافِرُونَ ﴿١٤﴾
رَفِيعُ الدَّرَجَاتِ ذُو الْعَرْشِ يُلْقِي الرُّوحَ مِنْ أَمْرِهِ عَلَىٰ مَن يَشَاءُ مِنْ عِبَادِهِ
لِيُنذِرَ يَوْمَ التَّلَاقِ ﴿١٥﴾ يَوْمَ هُم بَارِزُونَ ۖ لَا يَخْفَىٰ عَلَى اللَّهِ مِنْهُمْ شَيْءٌ ۚ لِّمَنِ
الْمُلْكُ الْيَوْمَ ۖ لِلَّهِ الْوَاحِدِ الْقَهَّارِ ﴿١٦﴾ الْيَوْمَ تُجْزَىٰ كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ ۚ لَا
ظُلْمَ الْيَوْمَ ۚ إِنَّ اللَّهَ سَرِيعُ الْحِسَابِ ﴿١٧﴾ وَأَنذِرْهُمْ يَوْمَ الْآزِفَةِ إِذِ الْقُلُوبُ
لَدَى الْحَنَاجِرِ كَاظِمِينَ ۚ مَا لِلظَّالِمِينَ مِنْ حَمِيمٍ وَلَا شَفِيعٍ يُطَاعُ ﴿١٨﴾ يَعْلَمُ
خَائِنَةَ الْأَعْيُنِ وَمَا تُخْفِي الصُّدُورُ ﴿١٩﴾ وَاللَّهُ يَقْضِي بِالْحَقِّ ۖ وَالَّذِينَ

يَدْعُونَ مِن دُونِهِ لَا يَقْضُونَ بِشَيْءٍ ۗ إِنَّ اللَّهَ هُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿٢٠﴾ أَوَلَمْ

يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ كَانُوا مِن قَبْلِهِمْ ۚ

كَانُوا هُمْ أَشَدَّ مِنْهُمْ قُوَّةً وَآثَارًا فِي الْأَرْضِ فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ ۚ

وَمَا كَانَ لَهُم مِّنَ اللَّهِ مِن وَاقٍ ﴿٢١﴾ ذَٰلِكَ بِأَنَّهُمْ كَانَت تَّأْتِيهِمْ رُسُلُهُم

بِالْبَيِّنَاتِ فَكَفَرُوا فَأَخَذَهُمُ اللَّهُ ۚ إِنَّهُ قَوِيٌّ شَدِيدُ الْعِقَابِ ﴿٢٢﴾

તરજુમો :

તે જ (અલ્લાહ) તમને પોતાની નિશાનીઓ બતાવે છે અને તમારા માટે આસમાનથી રોજી ઊતારે છે અને તેઓ જ વિચાર કરે છે જેઓ તેના રુજૂઅ્ (શરણે) રહે છે. (૧૩) બસ પોકારો અલ્લાહને તેના જ માટે બંદગીને ખાલિસ કરીને અને ભલે કાફિરો તેને બુરું માને ! (૧૪) તે જ છે ઊંચા દરજ્જાઓવાળો અર્શનો માલિક, પોતાના હુકમથી પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઇચ્છે ભેદની વાત (વહી) ઉતારે છે જેથી તે મુલાકાતના દિવસથી ડરાવે. (૧૫) તે દિવસે તે લોકો નીકળી ઊભા થશે, અલ્લાહ ઉપર તેમની કોઈ વસ્તુ છુપી રહેશે નહીં, તે દિવસે કોનું રાજ છે ? અલ્લાહનું જ છે જે એકલો છે ! સર્વ કાબૂવાળો ! (૧૬) આજે દરેકને જેવું તેણે કમાયું તેવો બદલો મળશે, આજે બિલકુલ અત્યાચાર નથી, બેશક ! અલ્લાહ ઘણો જલદી હિસાબ લેનારો છે. (૧૭) અને તેમને ખબર સંભળાવી આપો તે નિકટ આવનારા ભયાવહ દિવસની જે સમયે દિલો ગળે આવી જશે તો તેઓ રૂંધાઈ રહ્યા હશે (ત્યારે) કોઈ જાલિમોનો મિત્ર નથી અને ન જ સિફારસ કરનાર કે જેની વાત માનવામાં આવે. (૧૮) તે જાણે છે ચોરીની દષ્ટિ અને જે કંઈ અંતરમાં છુપાયેલું છે. (૧૯) અને અલ્લાહ ન્યાયથી ફેંસલો કરે છે અને તેના સિવાય તેઓ જેમને પોકારે છે કંઈ પણ ફેંસલો નથી કરતા, બેશક અલ્લાહ તે જ છે સઘળું સાંભળનારો, સઘળું જોનારો. (૨૦) શું તેઓ જમીનમાં ફર્યા નથી કે જોયું હોત તેઓનું પરિણામ કેવું થયું જે તેમનાથી અગાઉ હતા ? તેઓ તેમનાથી બળમાં સખત હતા અને જે નિશાનીઓ પૃથ્વી

ઉપર છોડી ગયા (તેમાં); પછી અલ્લાહે તેમને તેમના ગુનાહો ઉપર પકડયા અને તેમને અલ્લાહથી કોઈ બચાવનાર ન થયો. (૨૧) આ એટલા માટે કે તેમની પાસે તેમના રસૂલ ખુલ્લી નિશાનીઓ લઈને આવતા હતા, પછી તેઓ ઈન્કારી થઈ ગયા તો તેમને અલ્લાહે પકડયા, બેશક ! તે જોરાવર છે સખત અઝાબ આપનારો. (૨૨)

તફસીર :

તે જ છે જે તમને પોતાની (કુદરતની) નિશાનીઓ બતાવે છે (જેથી તમે તેનાથી તવહીદ ઉપર દલીલ કરો) અને (તે જ છે જે) આસમાનથી તમારા માટે રોજી મોકલે છે (એટલે કે વરસાદ મોકલે છે જેનાથી રોજી પેદા થાય છે, આ પણ બધી પ્રસ્તુત નિશાનીઓનો સાર છે) અને (તે નિશાનીઓથી) માત્ર તે જ વ્યક્તિ બોધપાઠ કબૂલ કરે છે જે (અલ્લાહ તઆલા તરફ) રજુ (થવાનો ઈરાદો) કરે છે (કારણ કે રજુ થવાના ઈરાદાથી વિચાર અને ધૈર્ય પ્રાપ્ત થાય છે તેનાથી સત્ય સુધી પહોંચી શકાય છે) તો (જ્યારે તવહીદ ઉપર દલીલો કાયમ થઈ ચૂકી છે તો) તમે લોકો અલ્લાહ ઉપર ખાલિસ યકીન કરીને (એટલે કે તવહીદની સાથે) પોકારો (અને મુસલમાન થઈ જાઓ) ભલે કાફિરોને નાપસંદ હોય, (તેની પરવા ન કરો કારણ કે) તે ઊંચા દરજ્જાઓવાળો છે, તે અર્શનો માલિક છે, તે પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે વહી એટલે કે પોતાનો હુકમ મોકલે છે જેથી તે (સાહિબે વહી લોકોને) ભેગા થવાના દિવસ (એટલે કે કયામતના દિવસ)થી ડરાવે જે દિવસે બધા લોકો (અલ્લાહ તઆલાની) સામે ઉપસ્થિત હશે (કે) તેમની વાત અલ્લાહથી ગુપ્ત રહેશે નહીં, આજના દિવસે કોની હુકૂમત હશે ? બસ અલ્લાહની જ હશે જે એકલો (અને) છવાયેલો (ગાલિબ) છે, આજે દરેક વ્યક્તિને તેના કરેલ (કામો)નો બદલો આપવામાં આવશે, આજે (કોઈના ઉપર) કંઈ જુલમ થશે નહીં, અલ્લાહ તઆલા ઘણો જ જલદી હિસાબ લેનારો છે અને (તેથી) તમે એક નજીકમાં આવનારી મુસીબતના દિવસ (એટલે કે કયામત)થી ડરાવો જે સમયે કલેજાં મોઢે આવી જશે, (ગમના માર્યા) રૂંધાઈ જશો, (તે દિવસે) જાલિમો (એટલે કે કાફિરો)નો ન તો કોઈ જિગરી દોસ્ત હશે અને ન જ કોઈ સિફારસી હશે જેનું કહ્યું માનવામાં આવે (અને) તે (એવો છે કે) આંખોની ચોરીને જાણે છે અને તે (વાતો)ને પણ જે અંતરમાં ગુપ્ત છે (જેને બીજા નથી જાણતા,

મતલબ એ છે કે તે બંદાના બધાં જ ખુલ્લા અને ગુપ્ત કર્મોથી જ્ઞાત છે જેના ઉપર સજા અને બદલો અવલંબિત છે) અને અલ્લાહ તઆલા ઠીક ઠીક ફૈસલો કરશે અને અલ્લાહ સિવાય જેને આ લોકો પોકારે છે તે કોઈ પ્રકારનો પણ ફૈસલો નથી કરી શકતા (કારણ કે) અલ્લાહ જ સઘળું જાણનારો અને સઘળું જોનારો છે (એ જ પ્રમાણે અલ્લાહ તઆલા સઘળા વિશિષ્ટ લક્ષણો ધરાવે છે અને જૂઠા મઅ્બૂદો પાસે આવા કોઈ લક્ષણો નથી એટલા માટે અલ્લાહ તઆલા સિવાય ફૈસલો કરવો કોઈની શક્તિમાં નથી અને આ લોકો જે સ્પષ્ટ દલીલો પછી પણ ઈન્કાર કરે છે તો) શું તે લોકોએ પ્રદેશમાં હરીફરીને જોયું નથી કે જે (કાફિર) લોકો તેમનાથી પહેલાં થઈ ચૂક્યા છે (તે કુફ્રના કારણે) તેમનો કેવો અંજામ થયો ? તે લોકો શક્તિ અને તે નિશાનીઓમાં જે જમીન ઉપર છોડી ગયા છે (દાખલા તરીકે ઈમારતો અને બગીચાઓ વગેરેમાં) તેઓ (ઉપસ્થિત હાજરજનો)થી ઘણા વધારે હતા. બસ તેમના ગુનાહોના કારણે અલ્લાહે તેમના ઉપર પકડ કરી (એટલે કે અઝાબ નાઝિલ કર્યો) અને તેમને અલ્લાહથી બચાવનારો કોઈ ન થયો (આગળ તેમના ગુનાહોની વિગત છે કે) આ પકડ એ કારણે થઈ કે તેમની પાસે તેમના રસૂલ સ્પષ્ટ દલીલો (એટલે કે મોઅ્જિઝાઓ જે નુબુવ્વતની દલીલોમાંથી હોય છે) લઈને આવતા રહ્યા, પછી તેમણે ન માન્યું તો અલ્લાહ તઆલાએ તેના ઉપર પકડ કરી, બેશક તે મહાશક્તિશાળી, કઠોર સજા આપનારો છે (જ્યારે આ હાજર કાફિરોમાં પણ તે જ અઝાબના કારણો એકઠા થયા છે તો તેઓ પણ પકડથી કઈ રીતે બચી શકે છે ?)

મસ્અલા અને બોધપાઠ :

رَفِيْعُ الدَّرَجَاتُ દરજ્જાઓથી ભાવાર્થ અમુક લોકોએ સિફતો ઠરાવી છે જેનાથી رَفِيْعُ الدَّرَجَاتُ (રફીઉદ્દરજાત) "ઉચ્ચ દરજ્જાઓવાળો" અર્થ થયો. رَفِيْعُ الصِّفَاتُ (રફીઉસ્સિફાત) એટલે કે તેની વિશિષ્ટ લક્ષણો સૌથી વધારે ઉચ્ચ કક્ષાના છે, ઈબ્ને કષીરે તેને પોતાના જાહેર ઉપર રહેવા દઈ આ અર્થ વર્ણન કર્યો કે તેનાથી ભાવાર્થ અર્શે અઝીમની બુલંદીનું વર્ણન છે કે તે તમામ જમીનો અને આસમાનો ઉપર હાવી (છવાયેલો) છે અને સૌથી ઉપર છતની જેમ ઊંચે છે, જ્યારે કે સૂરએ મઆરિજની આયતમાં છે مِنَ اللّٰهِ ذِى الْمَعَارِجِ تَعْرُجُ الْمَلٰٓئِكَةُ وَالرُّوْحُ اِلَيْهِ فِىْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ خَمْسِيْنَ اَلْفَ سَنَةٍ (૭૦:૩-૪) ઈબ્ને કષીરની તહકીકમાં આ

આયત વિશે એ પણ છે કે આ પચાસ હજાર વર્ષની તે લાંબી મુસાફરીનું વર્ણન છે જે સાતમી જમીનથી અર્શ સુધી છે અને તેને જ સલફ અને ખલફ (પુરોગામી અને અનુગામી)ના મોટા સમૂહ સમીપ વધારે સ્વીકૃત ઠરાવવામાં આવી છે અને વર્ણન કર્યું છે કે ઘણા બધા ઉલમા સમીપ અર્શે રહમાન એક લાલ યાકૂત (રૂબી ડાયમંડ)થી બનેલ છે, જેનો قُطر (ઘેરાવો) એટલો મોટો છે કે તે પચાર હજાર વર્ષની મુસાફરી સમાન છે, એ જ પ્રમાણે તેની ઊંચાઈ સાતમી જમીનથી પચાસ હજાર વર્ષની મુસાફરી સુધી છે અને અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે, رَفِيعُ الدَّرَجَاتُ એ رَافِعُ الدَّرَجَاتُ ના અર્થમાં છે, એટલે કે અલ્લાહ મો'મિનીન મુત્તકીના દરજ્જાઓને બુલંદ ફરમાવનાર છે જેમકે કુર્આનની આયતો એના ઉપર ગવાહ છે, نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ (૬:૮૩) અને هُمْ دَرَجٰتٌ عِنْدَ اللّٰهِ (૩:૧૬૩)

بَارِزُوْنَ માં يَوْمَ هُمْ بَارِزُوْنَ لَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْهُمْ (બારિઝૂન)નો ભાવાર્થ એ છે કે મેદાને હશ્રથી હશ્રની જમીન કારણ કે એક સપાટ મેદાન બનાવી દેવામાં આવશે જેમાં કોઈ પહાડ અથવા બગીચાઓ, ઈમારતો કે વૃક્ષો ન હશે કે જેનો ઓથો થઈ શકે એટલા માટે બધા ખુલ્લા મેદાનમાં સામે હશે.

لِمَنِ الْمُلْكُ الْيَوْمَ આ વાક્ય પ્રસ્તુત આયતોમાં يَوْمَ التَّلَاقِ (યવ્મત્તલાક) અને يَوْمَ هُمْ بَارِزُوْنَ (યવ્મહુમ બારિઝૂન) પછી આવે છે અને એ દેખીતું છે કે يَوْمَ التَّلَاقِ (યવ્મત્તલાક) મુલાકાત અથવા ભેગા થવાનો દિવસ બીજા સૂર પછી થશે, એ જ પ્રમાણે يَوْمَ هُمْ بَارِزُوْنَ (યવ્મહુમ બારિઝૂન)ની ઘટના તે સમયે થશે જ્યારે બીજા સૂર પછી નવી જમીન એક સપાટીના સ્વરૂપે બનાવી દેવામાં આવશે જેના ઉપર કોઈ ઓથો કે પહાડ હશે નહીં, ત્યારબાદ આ વાક્ય لِمَنِ الْمُلْكُ (લિમનિલ મુલ્ક) લાવવાથી દેખીતી રીતે એ જાણ થાય છે કે અલ્લાહ તઆલાનો આ ઈરશાદ બીજા સૂરથી બધી જ મખ્લૂક ફરીવાર પેદા થયા પછી થશે, તેનું સમર્થન કુર્તુબીએ નહ્હાસની એક હદીષના હવાલાથી કર્યું છે જે અબૂ વાઈલે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત કરી છે તે એ કે બધા જ લોકો એક સાફ જમીન ઉપર ભેગા કરવામાં આવશે જેના ઉપર કોઈએ કોઈ ગુનોહ કર્યો હશે નહીં, તે સમયે એક અવાજ આપનારને હુકમ થશે જે એવો પોકાર કરશે لِمَنِ الْمُلْكُ الْيَوْمَ (લિમનિલ મુલ્કુલ્યવ્મ) એટલે કે આજના દિવસે "મુલ્ક" કોનો છે ? તેના ઉપર સમગ્ર મખ્લૂક મો'મિનો અને કાફિરો આ જવાબ

આપશે કે لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ (લિલ્લાહિલ વાહિદિલ કહ્હારિ) મો'મિન તો પોતાના યકીન પ્રમાણે ખુશી અને આનંદના સ્વરૂપમાં કહેશે અને કાફિરો મજબૂર અને લાચાર થવાની બીના ઉપર રંજ ગમ સાથે તેનો એકરાર કરશે.

પરંતુ બીજી અમુક રિવાયતોથી જાણ થાય છે કે આ ઈરશાદ અલ્લાહ તઆલા પોતે જ તે સમયે ફરમાવશે જ્યારે કે પ્રથમ સૂર પછી સમગ્ર મખ્લૂક ફના થઈ જશે અને પછી ખાસ ખાસ નિકટવર્તી ફરિશ્તાઓ હઝરત જિબ્રઈલ, મિકાઈલ, ઈસ્રાફીલ અને મલિકુલ મોતને પણ મોત આવી જશે અને અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની જાત સિવાય કોઈ હશે નહીં, તે સમયે હક તઆલા ફરમાવશે, لِمَنِ الْمُلْكُ الْيَوْمَ (લિમનિલ મુલ્કુલ્યવ્મ) અને કારણ કે તે સમયે જવાબ આપનાર કોઈ ન હશે તો પોતે જ જવાબ આપશે, لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ (લિલ્લાહિલ વાહિદિલ કહ્હારિ). હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે તેમાં સવાલ કરનાર અને જવાબ આપનાર માત્ર એક અલ્લાહ જ છે, મુહમ્મદ બિન કઅ્બ અને કુરાઈનું પણ આ જ નિવેદન છે અને તેનું સમર્થન હઝરત અબૂ હુરયરહ (રદિ.) અને હઝરત ઉમર (રદિ.)ની તે હદીષથી થાય છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા બધી જ જમીનોને ડાબા હાથમાં અને આસમાનોને જમણા હાથમાં લપેટીને કહેશે, اَنَا الْمَلِكُ اَيْنَ الْجَبَّارُوْنَ اَيْنَ الْمُتَكَبِّرُوْنَ એટલે કે હું જ મુલ્ક અને માલિક છું, આજે جَبَّارِيْن (જોરાવર) અને مُتَكَبِّرِيْن (અભિમાનીઓ) ક્યાં છે ? તફસીરે દૂર્રે મન્ષૂરમાં આ પ્રમાણે બંને રિવાયતો નકલ કરીને કહેવામાં આવ્યું છે કે બની શકે છે કે આ વાક્યનું બે વખતે પુનરાવર્તન થાય, એક પ્રથમ સૂર દુનિયા ફના થવાના સમયે અને બીજું બીજા સૂર બધી જ મખ્લૂકના ફરીવાર સજીવન થવાના સમયે. બયાનુલ કુર્આનમાં પણ ફરમાવ્યું છે કે કુર્આનની તફસીર પણ એના ઉપર અવલંબિત નથી કે તેને બે વખતે ઠરાવવામાં આવે, બલકે બની શકે છે કે પ્રસ્તુત આયતોમાં આ ઘટનાનું વર્ણન હોય જે પ્રથમ સૂર પછી થયું હતું તેને તે સમયે હાજર ધારીને આ વાક્ય કહેવામાં આવ્યું હોય. વલ્લાહુ અઅ્લમુ.

يَعْلَمُ خَائِنَةَ الْاَعْيُنِ (અલ અઅ્યુનુલ ખાઈનહ) "આંખની ચોરી"થી ભાવાર્થ એ છે કે કોઈ વ્યક્તિ લોકોથી નજર ચોરી એવી વસ્તુઓ ઉપર નજર નાંખે જે તેના માટે હરામ અને નાજાઈઝ હોય જેમકે કોઈ ગેરમહરમ ઉપર

વાસનાની દષ્ટિ નાંખે અને જ્યારે કોઈને જુએ તો નજર હટાવી લે અથવા એવી રીતે નજર નાંખે કે જેનાથી જોનારાઓને જાણ ન થાય પરંતુ અલ્લાહ તઆલા નજીક આ બધી જ વસ્તુઓ જાહેર છે.

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૨૩ થી ૪૬)

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ مُّبِيْنٍ ۙ ﴿۲۳﴾ اِلٰى فِرْعَوْنَ وَهَامٰنَ وَقَارُوْنَ
فَقَالُوْا سٰحِرٌ كَذَّابٌ ﴿۲۴﴾ فَلَمَّا جَآءَهُمْ بِالْحَقِّ مِنْ عِنْدِنَا قَالُوا اقْتُلُوْٓا اَبْنَآءَ
الَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ وَاسْتَحْيُوْا نِسَآءَهُمْ ؕ وَمَا كَيْدُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿۲۵﴾ وَقَالَ
فِرْعَوْنُ ذَرُوْنِيْٓ اَقْتُلْ مُوْسٰى وَلْيَدْعُ رَبَّهٗ ۚ اِنِّيْٓ اَخَافُ اَنْ يُّبَدِّلَ دِيْنَكُمْ
اَوْ اَنْ يُّظْهِرَ فِي الْاَرْضِ الْفَسَادَ ﴿۲۶﴾ وَقَالَ مُوْسٰٓى اِنِّيْ عُذْتُ بِرَبِّيْ وَرَبِّكُمْ مِّنْ كُلِّ
ع مُتَكَبِّرٍ لَّا يُؤْمِنُ بِيَوْمِ الْحِسَابِ ۧ ﴿۲۷﴾ وَقَالَ رَجُلٌ مُّؤْمِنٌ ۖ مِّنْ اٰلِ فِرْعَوْنَ
يَكْتُمُ اِيْمَانَهٗٓ اَتَقْتُلُوْنَ رَجُلًا اَنْ يَّقُوْلَ رَبِّيَ اللّٰهُ وَقَدْ جَآءَكُمْ بِالْبَيِّنٰتِ مِنْ
رَّبِّكُمْ ؕ وَاِنْ يَّكُ كَاذِبًا فَعَلَيْهِ كَذِبُهٗ ۚ وَاِنْ يَّكُ صَادِقًا يُّصِبْكُمْ بَعْضُ الَّذِيْ
يَعِدُكُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ هُوَ مُسْرِفٌ كَذَّابٌ ﴿۲۸﴾ يٰقَوْمِ لَكُمُ الْمُلْكُ
الْيَوْمَ ظٰهِرِيْنَ فِي الْاَرْضِ ۫ فَمَنْ يَّنْصُرُنَا مِنْۢ بَاْسِ اللّٰهِ اِنْ جَآءَنَا ؕ قَالَ فِرْعَوْنُ
مَآ اُرِيْكُمْ اِلَّا مَآ اَرٰى وَمَآ اَهْدِيْكُمْ اِلَّا سَبِيْلَ الرَّشَادِ ﴿۲۹﴾ وَقَالَ الَّذِيْٓ اٰمَنَ
يٰقَوْمِ اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ مِّثْلَ يَوْمِ الْاَحْزَابِ ۙ ﴿۳۰﴾ مِثْلَ دَاْبِ قَوْمِ نُوْحٍ
وَّعَادٍ وَّثَمُوْدَ وَالَّذِيْنَ مِنْۢ بَعْدِهِمْ ؕ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعِبَادِ ﴿۳۱﴾ وَيٰقَوْمِ
اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ يَوْمَ التَّنَادِ ۙ ﴿۳۲﴾ يَوْمَ تُوَلُّوْنَ مُدْبِرِيْنَ ۚ مَا لَكُمْ مِّنَ اللّٰهِ
مِنْ عَاصِمٍ ۚ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿۳۳﴾ وَلَقَدْ جَآءَكُمْ يُوْسُفُ

مِنْ قَبْلُ بِالْبَيِّنٰتِ فَمَا زِلْتُمْ فِيْ شَكٍّ مِّمَّا جَآءَكُمْ بِهٖ ؕ حَتّٰۤى اِذَا هَلَكَ قُلْتُمْ لَنْ
يَّبْعَثَ اللّٰهُ مِنْۢ بَعْدِهٖ رَسُوْلًا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ مَنْ هُوَ مُسْرِفٌ مُّرْتَابُۨ ﴿۳۴﴾
الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْۤ اٰيٰتِ اللّٰهِ بِغَيْرِ سُلْطٰنٍ اَتٰىهُمْ ؕ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ وَعِنْدَ
الَّذِيْنَ اٰمَنُوْا ؕ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ مُتَكَبِّرٍ جَبَّارٍ ﴿۳۵﴾ وَقَالَ فِرْعَوْنُ يٰهَامٰنُ
ابْنِ لِيْ صَرْحًا لَّعَلِّيْۤ اَبْلُغُ الْاَسْبَابَ ﴿۳۶﴾ اَسْبَابَ السَّمٰوٰتِ فَاَطَّلِعَ اِلٰۤى اِلٰهِ مُوْسٰى
وَاِنِّيْ لَاَظُنُّهٗ كَاذِبًا ؕ وَكَذٰلِكَ زُيِّنَ لِفِرْعَوْنَ سُوْٓءُ عَمَلِهٖ وَصُدَّ عَنِ السَّبِيْلِ ؕ
وَمَا كَيْدُ فِرْعَوْنَ اِلَّا فِيْ تَبَابٍ ﴿۳۷﴾ ع وَقَالَ الَّذِيْۤ اٰمَنَ يٰقَوْمِ اتَّبِعُوْنِ اَهْدِكُمْ سَبِيْلَ
الرَّشَادِ ﴿۳۸﴾ ج يٰقَوْمِ اِنَّمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَا مَتَاعٌ ۫ وَّاِنَّ الْاٰخِرَةَ هِيَ دَارُ الْقَرَارِ ﴿۳۹﴾
مَنْ عَمِلَ سَيِّئَةً فَلَا يُجْزٰۤى اِلَّا مِثْلَهَا ۚ وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى
وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ يُرْزَقُوْنَ فِيْهَا بِغَيْرِ حِسَابٍ ﴿۴۰﴾ وَيٰقَوْمِ
النصف مَا لِيْۤ اَدْعُوْكُمْ اِلَى النَّجٰوةِ وَتَدْعُوْنَنِيْۤ اِلَى النَّارِ ﴿۴۱﴾ ط تَدْعُوْنَنِيْ لِاَكْفُرَ بِاللّٰهِ
وَاُشْرِكَ بِهٖ مَا لَيْسَ لِيْ بِهٖ عِلْمٌ ۫ وَّاَنَا اَدْعُوْكُمْ اِلَى الْعَزِيْزِ الْغَفَّارِ ﴿۴۲﴾ لَا جَرَمَ
اَنَّمَا تَدْعُوْنَنِيْۤ اِلَيْهِ لَيْسَ لَهٗ دَعْوَةٌ فِي الدُّنْيَا وَلَا فِي الْاٰخِرَةِ وَاَنَّ مَرَدَّنَاۤ اِلَى
اللّٰهِ وَاَنَّ الْمُسْرِفِيْنَ هُمْ اَصْحٰبُ النَّارِ ﴿۴۳﴾ فَسَتَذْكُرُوْنَ مَاۤ اَقُوْلُ لَكُمْ ؕ
وَاُفَوِّضُ اَمْرِيْۤ اِلَى اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بَصِيْرٌۢ بِالْعِبَادِ ﴿۴۴﴾ فَوَقٰىهُ اللّٰهُ سَيِّاٰتِ مَا
مَكَرُوْا وَحَاقَ بِاٰلِ فِرْعَوْنَ سُوْٓءُ الْعَذَابِ ﴿۴۵﴾ ج اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا
وَّعَشِيًّا ۚ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ ۫ اَدْخِلُوْۤا اٰلَ فِرْعَوْنَ اَشَدَّ الْعَذَابِ ﴿۴۶﴾

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને મોકલ્યા પોતાની નિશાનીઓ આપીને

અને ખુલ્લી સનદ. (૨૩) ફિરઔન અને હામાન અને કારૂનની પાસે; પછી તેઓ કહેવા લાગ્યા, આ જાદૂગર, મહાજૂઠો છે. (૨૪) પછી જ્યારે તેમની પાસે અમારી પાસેથી સાચી વાત લઈને પહોંચ્યા; તેઓ બોલ્યા, તેમના પુત્રોને મારી નાંખો જેઓ તેની સાથે ઈમાન લાવ્યા છે અને તેમની સ્ત્રીઓને જીવતી રાખો; અને જે કાફિરોનો પ્રપંચ છે બસ ભૂલ સિવાય કંઈ નથી. (૨૫) અને ફિરઔન બોલ્યો, મને છોડી દો કે મૂસા (અલૈ.)ને મારી નાંખું, અને તે પોતાના પરવરદિગારને પોકાર પાડે, બેશક ! હું ડરું છું કે તે તમારો ધર્મ બગાડી નાંખે અથવા પ્રદેશમાં ફસાદ ફેલાવે. (૨૬) અને મૂસા (અલૈ.)એ કહ્યું, હું પોતાના અને તમારા પરવરદિગારનું શરણ લઈ ચૂક્યો છું દરેક તે અભિમાનીથી જે હિસાબના દિવસનું યકીન ન કરે. (૨૭) અને ફિરઔનના લોકોમાંથી એક મો'મિન બોલ્યો જે પોતાનું ઈમાન છુપાવતો હતો, શું એક વ્યક્તિને એ વાત ઉપર મારી નાંખો છો કે તે એવું કહે છે કે મારો પરવરદિગાર અલ્લાહ છે અને તમારી પાસે તમારા પરવરદિગારની ખુલ્લી નિશાનીઓ લઈને આવ્યો અને જો તે જૂઠો હશે તો તેનું જૂઠ તેના ઉપર પડશે અને જો તે સાચો હશે તો તમારા ઉપર પડશે કોઈને કોઈ (સજાનો) વાયદો જે તમારાથી કરે છે, બેશક ! અલ્લાહ તેને માર્ગ નથી આપતો જે હદ વટાવનાર જૂઠો હોય. (૨૮) હે મારી કોમ ! આજે તમારું શાસન છે, પ્રદેશમાં ચઢી રહ્યા છો, પછી અલ્લાહની આફતથી આપણી કોણ મદદ કરશે જો તે આપણા ઉપર આવી ગઈ ? ફિરઔન બોલ્યો, હું તો તમને એ જ વાત સમજાવું છું જે મને સૂઝી અને તે જ માર્ગ બતાવું છું જેમાં ભલાઈ છે. (૨૯) અને તે જ ઈમાનવાળા વ્યક્તિએ કહ્યું, હે મારી કોમ ! બેશક હું ડરું છું કે તમારા ઉપર (પાછલા) સમૂહો (ઉમ્મતો) જેવો (બુરો) દિવસ આવે ! (૩૦) જેવો નૂહ (અલૈ.)ની કોમનો હાલ થયો અને આદ અને ષમૂદનો અને જે લોકો તેમની પાછળ થયા અને અલ્લાહ બંદાઓ ઉપર જુલમ નથી ઈચ્છતો. (૩૧) અને હે મારી કોમ ! બેશક હું ડરું છું કે તમારા ઉપર હાંક પોકાર (કયામત)નો દિવસ આવે. (૩૨) જે દિવસે પીઠ ફેરવીને દોડશો અને તમને અલ્લાહથી કોઈ બચાવનાર નથી અને અલ્લાહ જેને ભૂલમાં નાંખે તો તેને કોઈ માર્ગ સૂઝાડનાર નથી. (૩૩) અને અલબત્ત તમારી પાસે આથી

પહેલાં યૂસુફ (અલૈ.) ખુલ્લી નિશાનીઓ લઈને આવી ચૂક્યા છે, પછી તમે તે વસ્તુઓથી ધોકામાં જ રહ્યા જે તેઓ તમારી પાસે લઈને આવ્યા, એટલે સુધી કે જ્યારે તેઓ વફાત પામ્યા તમે કહેવા લાગ્યા, અલ્લાહ એમના પછી કદાપિ કોઈ રસૂલ મોકલશે નહીં, આ જ પ્રમાણે અલ્લાહ તેને ભટકાવે છે જે હદ વટાવનાર શંકા કરનારો હોય. (૩૪) તેઓ કે જેઓ અલ્લાહની આયતોમાં જે તેમને પહોંચી છે કોઈ પ્રમાણ વિના જ ઝઘડે છે, અલ્લાહના ત્યાં અને ઈમાનવાળાઓના ત્યાં તેમનો ઘણો અણગમો છે, એ જ પ્રમાણે અલ્લાહ દરેક અભિમાની બળજબરી કરનારના દિલ ઉપર મહોર (સીલ) મારી દે છે. (૩૫) અને ફિરઔન બોલ્યો, હે હામાન ! મારા માટે એક ઊંચો મહેલ બનાવ કદાચ હું માર્ગોએ જઈ પહોંચું, (૩૬) આસમાનોના માર્ગોએ; પછી મૂસા (અલૈ.)ના મઅ્બૂદને ઝાંકીને જોઉં અને બેશક ! મારા અનુમાન પ્રમાણે તો તે જૂઠો છે અને આ જ પ્રમાણે ફિરઔનને તેના બુરા કર્મો ભલા દેખાડયા અને સીધા માર્ગથી અટકાવી દેવામાં આવ્યો અને જે ફિરઔનનો પ્રપંચ હતો બસ તબાહ થવા માટે જ (હતો). (૩૭) અને તે જ ઈમાનવાળાએ કહ્યું, હે કોમ ! મારા માર્ગે ચાલો, તમને નેકીના માર્ગે પહોંચાડી દઉં. (૩૮) હે મારી કોમ ! જે આ દુનિયાની જિંદગી છે બસ કંઈ વર્તી (લાભ ઉઠાવી) લેવું છે અને તે જે આગલું (આખિરતનું) ઘર છે તે જ કાયમી રહેવાનું ઘર છે. (૩૯) જેણે બુરાઈ કરી તો તે તેના બરાબર જ બદલો પામશે અને જેણે ભલાઈ કરી પુરુષ હોય અથવા સ્ત્રી અને તે મો'મિન હોય બસ તે લોકો જન્નતમાં જશે, ત્યાં અપાર રોજી પામશે. (૪૦) અને હે કોમ ! આ કેવી વાત છે ! હું તમને છુટકારા (જન્નત) તરફ બોલાવું છું અને તમે મને આગ તરફ બોલાવો છો ! (૪૧) તમે મને બોલાવો છો કે હું અલ્લાહનો ઈન્કારી થઈ જાઉં અને તેને એનો ભાગીદાર ઠરાવું જેની મને ખબર નથી ! અને હું તમને તે જબરદસ્ત ગુનાહ બખ્શનારા તરફ બોલાવું છું. (૪૨) તદ્દન જાહેર વાત છે કે જેના તરફ તમે મને બોલાવો છો ન તો દુનિયામાં ક્યાંય પોકારવાપાત્ર છે અને ન જ આખિરતમાં; અને એ કે આપણે અલ્લાહની પાસે પાછા જવાનું છે અને એ કે હદ વટાવનારા તે જ છે દોઝખવાળાઓ. (૪૩) બસ (અત્યારે) જે હું તમને કહું છું આગળ જતાં યાદ

કરશો અને હું પોતાનું કામ અલ્લાહને સોંપું છું, બેશક ! બધા જ બંદાઓ અલ્લાહની નિગાહમાં છે. (૪૪) પછી અલ્લાહે મૂસા (અલૈ.)ને તે ખરાબ પ્રપંચથી બચાવી લીધા જે તેઓ (ફિરઔનવાળા) કરતા હતા અને ફિરઔનવાળાઓને ખરાબ પ્રકારના અઝાબે ઘેરી લીધા. (૪૫) તે આગ છે કે તેમને સવાર અને સાંજ બતાવી આપીએ છીએ અને જે દિવસે કયામત કાયમ થશે (હુકમ થશે) ફિરઔનવાળાઓને અતિકઠોર અઝાબમાં દાખલ કરો ! (૪૬)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને પોતાના હુકમો અને ખુલ્લી દલીલ (એટલે કે મોઅ્જિઝા) આપીને ફિરઔન અને હામાન અને કારૂનની પાસે મોકલ્યા તો તે લોકો(માંથી અમુકે અથવા બધા)એ કહ્યું કે (નઊઝુબિલ્લાહ !) આ જાદૂગર (અને) જૂઠો છે (મોઅ્જિઝા જોઈને જાદૂગર કહ્યું અને નુબુવ્વતના દા'વા તથા હુકમો માટે જૂઠા કહ્યું. આ નિવેદનનો ફિરઔન, હામાન અને કારૂન ત્રણે સાથે સંબંધ જોડવામાં આવ્યો છે પરંતુ કારૂન કારણ કે બની ઈસ્રાઈલમાંથી હતો અને દેખીતી રીતે મૂસા અલૈ. ઉપર ઈમાન ધરાવતો હતો, તેનું તેમને જાદૂગર કહેવું દેખીતી રીતે અસંભવિત છે પરંતુ બની શકે છે કે તે એ સમયે પણ મુનાફિક હોય, મૂસા અલૈ. ઉપર જાહેરમાં ઈમાનનો દા'વો કરતો હોય પરંતુ વાસ્તવમાં ન હોય અને એ પણ શક્ય છે કે આ નિવેદન માત્ર ફિરઔન અને હામાનનું હોય અને વર્ણનશૈલીમાં ત્રણે તરફ તેનો સંબંધ જોડવામાં આવ્યો હોય) પછી (ત્યારબાદ) જ્યારે તે (સામાન્ય) લોકોની પાસે સત્ય દીન જે અમારા તરફથી હતો લઈને આવ્યા (જેનાથી અમુક લોકો મુસલમાન પણ થઈ ગયા) તો તે (પ્રસ્તુત) લોકોએ (સલાહ સ્વરૂપે) કહ્યું કે જે લોકો તેમની સાથે (થઈને) ઈમાન લઈ આવ્યા છે તેમના પુત્રોને કતલ કરી નાંખો (જેથી તેમનું જૂથ અને શક્તિ વધી ન જાય જેનાથી સલતનતની પડતીનો ભય છે) અને (કારણ કે સ્ત્રીઓથી એવો ભય નથી, વળી તે આપણા ઘરોમાં સેવા માટે જરૂરી છે તેથી) તેમની પુત્રીઓને જીવતી રહેવા દો (મતલબ કે તેમણે મૂસા અલૈ.થી ભયની અનુભૂતિ કરીને તેના ખાત્મા માટે આ યુક્તિ કરી) અને તે કાફિરોની યુક્તિઓ માત્ર અસર વિહોણી રહી (કારણ કે અંતે હઝરત મૂસા અલૈ. વર્ચસ્વ પામ્યા, બની ઈસ્રાઈલના નવજાત શીશુઓના કતલનો

હુકમ એક તો હઝરત મૂસા અલૈ.ના જન્મથી પહેલાં આપવામાં આવ્યો હતો જેના પરિણામે હઝરત મૂસા અલૈ.ને નદીમાં નાંખવાની નોબત આવી અને અલ્લાહ તઆલાએ તે બાળકને પોતે ફિરઔનના ઘરમાં પોષણ આપ્યું, આ બીજો ફૈસલો તેમના પુત્રોને કતલ કરવાનો મૂસા અલૈ.ના જન્મ અને નુબુવ્વત પછી તે સમયનો છે જ્યારે કે ફિરઔનવાળાઓએ તેમના મોઅ્જિઝા જોઈને એવો ભય અનુભવ્યો કે તેમનું જૂથ જો વધી જશે તો અમારી સલતનતની ખૈર નથી.... પછી આ કોઈ રિવાયતમાં નજર સમક્ષ પસાર નથી થયું કે તે સમયે આ નવજાત શીશુઓને કતલ કરવાનો કાયદો લાગુ પાડવામાં આવ્યો અથવા નહીં, પછી ત્યારબાદ પોતે મૂસા અલૈ.ને કતલ કરવા વિશેની વાતચીત થઈ) અને ફિરઔને (દરબારીઓને) કહ્યું કે મને છોડી દો કે મૂસા (અલૈ.)ને કતલ કરી નાંખું અને તે પોતાના પરવરદિગારને (મદદ માટે) પોકારે ! મને ભય છે કે તે (કયાંક) તમારો દીન (ન) બદલી નાંખે અથવા દેશમાં કોઈ ફસાદ (ન) ફેલાવે (કે એક નુકસાન તો ધર્મનું છે અને બીજું નુકસાન દુનિયાનું છે તથા ફિરઔનનું એવું કહેવું "મને છોડી દો" યા તો એ કારણે હતું કે દરબારીઓએ કદાચ એટલા માટે મૂસા અલૈ.ને કતલ ન કરવાની સલાહ આપી હશે કે તેને રાજ્યના હિત વિરુદ્ધ સમજ્યું હોય કે જાહેર ચર્ચા એવી થશે કે એક શસ્ત્ર અને સામાન વિહોણા વ્યક્તિથી ડરી ગયા અથવા તો એવું કહેવું એક સ્વાભાવિક બોલચાલની શૈલી આધારે હોય કે સામાન્ય સાંભળનારાઓ એવું સમજે કે હજુ સુધી તેમને કતલ એટલા માટે નથી કર્યા કે સલાહકારોએ અટકાવી રાખ્યા છે, બસ વાસ્તવમાં તેને પોતે કતલ કરવાની હિંમત ન હતી, કારણ કે દીનમાં તો મોઅ્જિઝાઓ જોઈને વિશ્વાસ થઈ ગયો હતો એટલા માટે તેને ભય હતો કે જો તેમને કતલ કરી નાંખ્યા તો કોઈ આસમાની અઝાબ અથવા બલામાં અવશ્ય સપડાઈ જઈશું પરંતુ પોતે કરેલા ખૂનને દરબારીઓના માથે પાડવા માટે આવું કહ્યું અને એ જ પ્રમાણે وَلْيَدْعُ رَبَّهٗ કહેવું પણ લોકો ઉપર પોતાની બહાદૂરી જતાવવા માટે હશે, જો કે દિલમાં તે અંદરથી ડરી રહ્યો હતો) અને મૂસા (અલૈ.)એ (જ્યારે આ વાત સાંભળી ભલે પ્રત્યક્ષ સાંભળી હોય અથવા તો પરોક્ષ રીતે તો તેઓએ) કહ્યું, હું પોતાના અને તમારા (એટલે કે સૌના) પરવરદિગારનું શરણ લઉં છું દરેક જડબુદ્ધિ વ્યક્તિ(ની બુરાઈ)થી જે હિસાબના દિવસ ઉપર શ્રદ્ધા ધરાવતો નથી (અને તેથી સત્યનો મુકાબલો કરે છે) અને (તે મશ્વરાની

સલાહ સભામાં) એક મો'મિન વ્યક્તિએ કે જે ફિરઔનના કુટુંબમાંથી હતો (અને હજુ સુધી) પોતાનું ઈમાન છુપાવી રાખતો હતો (આ સલાહ સાંભળીને લોકોને) કહ્યું કે શું તમે એક વ્યક્તિને (માત્ર) એ વાત ઉપર કતલ કરો છો કે તે એવું કહે છે કે મારો પરવરદિગાર અલ્લાહ છે જ્યારે કે તે તમારા પરવરદિગાર તરફથી (આ દા'વા ઉપર) દલીલો (પણ) લઈને આવ્યો છે ? (એટલે કે મોઅ્જિઝાઓ પણ બતાવે છે જે નુબુવ્વતના સચ્ચાઈના દા'વાની દલીલ છે અને દલીલ ઉપસ્થિત હોવાથી દલીલ ધરાવનારનો વિરોધ કરવો અને વિરોધ પણ એ પ્રકારનો કે તેમને કતલ કરી નાંખવામાં આવે અત્યંત અશોભનીય કૃત્ય છે) અને જો (ધારી લો કે) તે જૂઠો જ હોય તો તેનું જૂઠ તેના જ ઉપર પડશે (અને પોતે જ અલ્લાહ તરફથી અપમાનિત થઈ જશે, કતલ કરવાની આવશ્યકતા જ શું છે ?) અને જો તે સાચો હશે તો તે જે કંઈ આગાહીઓ કરી રહ્યો છે (કે ઈમાન ન લાવવાના સ્વરૂપમાં ફલાણો ફલાણો અઝાબ થશે) તેમાંથી કંઈક તો તમારા ઉપર (અવશ્ય) પડશે (તો આવા સ્વરૂપમાં કતલ કરવાથી વધારે આફત માથે લેવા જેવું છે, મતલબ કે તેના જૂઠા હોવાના સ્વરૂપમાં કતલ કરવું નિરર્થક અને તેમના સાચા હોવાના સ્વરૂપમાં તે ખૂબ નુકસાનકારક છે, પછી એવું કૃત્ય શા માટે કરવામાં આવે ! અને આ તો સર્વસામાન્ય નિયમ છે કે) અલ્લાહ તઆલા એવા વ્યક્તિને હેતુપૂર્તિ સુધી નથી પહોંચાડતો જે (પોતાની) હદથી વધી જનારો (અને) ઘણો જૂઠું બોલનારો હોય (એટલે કે થોડા સમય માટે તેની વાત ચાલી જાય એ તો શક્ય છે પરંતુ તેનું પરિણામ નિષ્ફળતા હોવું નિશ્ચિત છે, બસ આ સર્વસામાન્ય કાયદાની રૂએ જો મૂસા અલૈ. ધારી લો કે જૂઠા હશે તો તેમના નુબુવ્વતના જૂઠા દા'વાના કારણે તે મોટા ગુનાહમાં સપડાશે અને તેમણે ઘણી સખત હિંમત કરી છે તથા આવા જૂઠા અને બની બેઠેલા દોગલાને જો અલ્લાહ તરફથી પોતે ખતમ અને હલાક ન કરવામાં આવે તો લોકો પોતે શંકા તથા સંદેહમાં અવશ્ય પડે છે અને તે તર્કની દષ્ટિએ જોતાં પણ અલ્લાહ તઆલા આવું કદાપિ કરશે નહીં તેથી જરૂરી છે કે તે પરાજિત અને અપમાનિત થશે માટે તેને કતલ કરવાની જરૂરત જ શું છે ? અને જો તેઓ સાચા છે તો તમે લોકો અવશ્ય જૂઠા છો અને જૂઠમાં આગળ વધીને ફિરઔનની ખુદાઈના દા'વેદાર છો તથા જૂઠમાં હદ વટાવી ચૂકેલાઓ સફળતા પ્રાપ્ત કરતા નથી, બસ તમે લોકો તેમને કતલ કરવામાં સફળ થશો નહીં, કારણ કે

ક્યાંક તો તમારામાં તે શક્તિ જ નહીં હોય અથવા તો તેનું અંતિમ પરિણામ ખૂબ ખરાબ હશે, મતલબ કે બંને પરિસ્થિતિઓનો તકાદો એ જ છે કે મૂસા અલૈ.ને કતલ કરવામાં ન આવે અને આ સંબોધનથી એવી શંકા કરવામાં ન આવે કે એ બાબતે તવબહ કરવી જરૂરી બને છે કે ક્યારેક કોઈ ફસાદખોરને કતલ કરવામાં ન આવ્યો હોય, કારણ કે તેનો જવાબ એ છે કે આ સંબોધન એવા સ્વરૂપમાં છે કે સાચા હોવામાં અથવા જૂઠા હોવામાં શંકા હોય તથા મોઅ્જિઝાઓથી સાચા હોવાની સંભાવના અવશ્ય વધી જતી હતી અને જ્યાં સ્પષ્ટ દલીલો દ્વારા કોઈ જૂઠો સાબિત થાય ત્યાં આવો નિર્ણય લેવામાં આવશે નહીં અને વળી આ મો'મિનને મૂસા અલૈ. બિલકુલ સાચા હોવાનું સંપૂર્ણ યકીન હતું પરંતુ તેમની આવી પદ્ધતિથી વાતચીત કરવામાં તેમની દૃષ્ટિ સામે લોકોની ભાવના હતી કે તેઓ કંઈક વિચાર કરવા ઉપર તૈયાર થઈ જાય, આગળ પણ આ જ કતલથી રોકવા માટેનો વિષય છે કે) હે મારા ભાઈઓ ! આજે તો તમારું રાજ્ય છે કે આ પ્રદેશમાં તમે શાસક છો, બસ અલ્લાહના અઝાબમાં આપણી કોણ મદદ કરશે જો (તેમને કતલ કરવાથી) તે આપણા ઉપર આવી પડ્યો ? (જેમકે તેમના સાચા હોવાના સ્વરૂપમાં આ અઝાબની સંભાવના છે) ફિરઔને (આ ચર્ચા સાંભળી જવાબમાં) કહ્યું કે હું તો તમને તે જ સલાહ આપીશ જે પોતે સમજી રહ્યો છું (કે તેમને કતલ કરવા જ યોગ્ય છે) અને હું તમને હિતની જ વાત બતાવી રહ્યો છું અને તે મો'મિને (જ્યારે જોયું કે નસીહતમાં નમ્રતા અને લોકોની ભાવના નજર સમક્ષ રાખવાથી કામ નહીં ચાલે તો તેણે ધમકી અને ડરાવવાથી કામ લીધું તથા) કહ્યું, હે લોકો ! મને તમારો બીજી ઉમ્મતો જેવા ખરાબ દિવસનો અંદેશો છે જેમકે કોમે નૂહ અને આદ અને ષમૂદ અને ત્યાર પછીવાળાઓ (એટલ કે કોમે લૂત વગેરે)નો હાલ થયો હતો અને અલ્લાહ તઆલા તો બંદાઓ ઉપર કોઈ પ્રકારનો જુલમ કરવા નથી ઇચ્છતો (પરંતુ જ્યારે તમે કૃત્યો જ એવા કરશો તો અવશ્ય જ પોતાને હાથે વહોરેલી સજા પામશો) અને (આ તો દુનિયાના અઝાબથી ડરાવવાની બાબત હતી, આગળ આખિરતના અઝાબની ધમકી આપી કે) હે લોકો ! મને તમારા વિશે તે દિવસનો અંદેશો છે જેમાં ઘણો પોકાર હશે (એટલે કે તે દિવસ મોટી મોટી ઘટનાઓના ઉપર આધારિત છે, કારણ કે ઘણો પોકાર એટલે કે એકબીજાને અવાજ આપવો કોઈ મોટી ઘટના વખતે બનતું હોય છે,

એટલા માટે સૌ પ્રથમ અવાજ સૂર ફૂંકવાથી થશે જેમાં મૃત લોકો જીવીત થશે, જેમકે અલ્લાહનું ફરમાન છે, يَوْمَ يُنَادِ الْمُنَادِ مِنْ مَّكَانٍ قَرِيْبٍ يَّوْمَ يَسْمَعُوْنَ الصَّيْحَةَ بِالْحَقِّ એક પોકાર હિસાબ માટે થશે જેમકે અલ્લાહનું ફરમાન છે يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍ بِاِمَامِهِمْ એક પોકાર એટલે કે એકબીજાને અવાજ આપવો પરસ્પર જન્નતવાળા અને દોઝખવાળાઓ વચ્ચે હશે જેમકે અલ્લાહનું ફરમાન છે, فِى الْاَعْرَافِ وَنَادٰى اَصْحٰبُ الْجَنَّةِ.... وَنَادٰى اَصْحٰبُ الْاَعْرَافِ..... وَنَادٰى اَصْحٰبُ النَّارِ.... એક પોકાર અંતે મોતને ઘેટાના રૂપમાં ઝબહ કરવાના સમયે થશે જેમકે હદીષમાં છે يَا اَهْلَ الْجَنَّةِ خُلُوْدٌ لَا مَوْتَ وَيَا اَهْلَ النَّارِ خُلُوْدٌ لَا مَوْتَ અને આગળ તે દિવસની એક પરિસ્થિતિ વર્ણન કરવામાં આવી છે કે) જે દિવસે (હિસાબ કિતાબથી) પીઠ ફેરવીને (દોઝખ તરફ) પાછા ફરશો (-બગવીના વર્ણન પ્રમાણે -અને તે સમયે) તમને અલ્લાહ(ના અઝાબ)થી કોઈ બચાવનાર હશે નહીં (અને આ વિષયનો તકાદો એ છે કે હિદાયત કબૂલ કરો પરંતુ) જેને અલ્લાહ જ ગુમરાહ કરવા ઈચ્છે તેને કોઈ માર્ગ બતાવનાર નથી અને (આગળ વધારે ચેતવણી એ આપી કે તમે મૂસા અલૈ. પહેલાં એક નબીને જૂઠાડી ચૂક્યા છો એટલે કે) તેમનાથી પહેલાં તમારા લોકોની પાસે યૂસુફ (અલૈ. તવહીદ અને નુબુવ્વતની) દલીલો લઈને આવી ચૂક્યા છે (એટલે કે આ જ કિબતી કોમમાંથી તમે પણ છો અને તમારા વડવાઓએ તમારા સુધી પણ તેમની ખબર સતત પહોંચાડી જ છે) બસ તમે તે બાબતમાં પણ બરાબર શંકા (અને ઈન્કાર)માં જ રહ્યા જે તમારી પાસે લઈને આવ્યા હતા એટલે સુધી કે જ્યારે તેમની વફાત થઈ ગઈ તો તમે કહેવા લાગ્યા કે બસ હવે અલ્લાહ કોઈ રસૂલને મોકલશે નહીં (આ નિવેદન શરારત સ્વરૂપે હતું, મતલબ એ છે કે પ્રથમ તો હઝરત યૂસુફ અલૈ. તેમના મત પ્રમાણે રસૂલ જ ન હતા અને જો ધારી લો કે હતા તો પણ એક લાંબી મુદ્દત સુધી એક પયગમ્બરને ન માન્યા તો બીજા પયગમ્બરને મોકલવાનો શું ફાયદો હતો ? માટે આ ઝઘડો હંમેશા માટે પાક થઈ ગયો, તેમનો આવું કહેવાનો હેતુ મૂળ રિસાલતના મસ્અલાનો ઈન્કાર કરવાનો છે જેમકે તેમના આગલા નિવેદનથી જણાય છે કે જે રીતે આ રિસાલતના મસ્અલામાં તેઓ ભૂલમાં રહ્યા) એ જ પ્રમાણે અલ્લાહ તઆલા હદ વટાવનારને (અને) શંકામાં સપડાયેલા રહેનારને ભૂલમાં નાંખી રાખે છે જે કોઈ સનદ વિના કે જે એમની પાસે મોજૂદ

હોય અલ્લાહની આયતોમાં ઝઘડો કર્યા કરે છે, આ (ખોટા આચરણ)થી અલ્લાહ તઆલાને ઘણી નફરત છે અને મો'મિનોને પણ અને (જે પ્રમાણે તમારા દિલો ઉપર મહોર લગાવી રાખી છે) એ જ પ્રમાણે અલ્લાહ તઆલા દરેક અભિમાની અત્યાચારીના સંપૂર્ણ દિલ ઉપર મહોર લગાવી દે છે (કે તેમાં વાસ્તવમાં સત્ય સમજવાની સંભાવના રહેતી નથી, આ સંબોધન તે બુઝુર્ગ મો'મિને કર્યું હતું કે જે ફિરઔનના કુટુંબમાંથી હતા અને હજુ સુધી ઈમાનની જાહેરાત કરી ન હતી આ સંબોધનથી તે બુઝુર્ગની ઈમાનને સંતાડવાની બાબત છતી થઈ જાય છે, ભલે પ્રથમ સંબોધનથી અથવા તો પાછળના સંબોધનથી; એટલે કે, اِنِّیٓ اَخَافُ عَلَيۡكُمۡ مِّثۡلَ يَوۡمِ الۡاَحۡزَابِ અને પ્રથમ બાબતથી જ તે ઈમાન જાહેર થઈ જાય છે જેમકે અલ્લાહનું ફરમાન છે, (وَلَقَدۡ جَآئَكُمۡ بِالۡبَيِّنٰتِ...) અને ફિરઔને (જ્યારે આ લાજવાબ તકરીર સાંભળી તો તે મો'મિનને કંઈ જ જવાબ ન આપી શક્યો તથા પોતાની ભૂતકાળની અજ્ઞાનતા ઉપર પોતે જ દલીલ કાયમ કરવા માટે હામાનને) કહ્યું, હે હામાન ! મારા માટે એક ઊંચી ઈમારત બનાવો (કે હું તેના ઉપર ચઢીને જોઈશ કે) કદાચ હું આસમાન ઉપર જનારા માર્ગો સુધી પહોંચી જાઉં, પછી (ત્યાં પહોંચીને) મૂસા (અલૈ.)ના અલ્લાહને જોઈ લઉં ! અને હું તો મૂસા (અલૈ.)ને (તેના દા'વામાં) જૂઠો સમજું છું (આગળ ફિરઔનની વધારે દુષ્ટતાનું વર્ણન છે) અને એ જ પ્રમાણે ફિરઔનની દુષ્ટતા (પણ) તેને ભલી જણાતી હતી અને (સીધા) માર્ગથી રોકાઈ ગયો અને (મૂસા અલૈ.ના મુકાબલામાં મોટી મોટી યુક્તિઓ કરવા લાગ્યો પરંતુ) ફિરઔનની દરેક યુક્તિ વ્યર્થ જ ગઈ (કોઈપણ યુક્તિમાં સફળ ન થયો) અને તે મો'મિને (જ્યારે જોયું કે ફિરઔનથી કોઈ યોગ્ય જવાબ નથી આપી શકાતો તો પછી પુનરાવર્તિત સ્વરૂપે) કહ્યું કે હે ભાઈઓ ! મારા માર્ગ ઉપર ચાલો, હું તમને સીધો રસ્તો બતાવું છું (એટલે કે જે ફિરઔને કહ્યું હતું કે હું તમને સીધા માર્ગ તરફ માર્ગદર્શન કરું છું તેનો બતાવેલો માર્ગ કદાપિ સીધો માર્ગ નથી, એટલે કે હિદાયતનો રસ્તો નથી બલકે હિદાયતનો માર્ગ મારો બતાવેલો માર્ગ છે) હે ભાઈઓ ! આ દુનિયવી જિંદગી માત્ર અમુક દિવસની છે અને (અસલ) થોભવાનું સ્થળ તો આખિરત છે (જ્યાં બદલો આપવાનો એ કાયદો છે કે) જે વ્યક્તિ ગુનાહ કરે છે તો તેને તેના સમાન જ બદલો મળે છે અને જે નેક કામ કરે છે ભલે તે પુરુષ હોય અથવા સ્ત્રી એ શરતે કે તે મો'મિન હોય

એવા લોકો જન્નતમાં જશે (અને) જ્યાં તેમને બેહિસાબ રોજી મળશે અને (આ સંબોધન સમયે તે મો'મિન ફિરઔનના કુટુંબવાળા મો'મિનને એવી અનુભૂતિ થઈ કે આ લોકો મારી વાતો ઉપર આશ્ચર્ય કરી રહ્યા છે અને મારી વાતો માનવાના બદલે મને જ પોતાના કુફ્રના તરીકા તરફ બોલાવવા ઈચ્છે છે તેથી એ પણ કહ્યું કે) હે મારા ભાઈઓ ! શું વાત છે કે હું તો તમને છુટકારા(ના તરીકા) તરફ બોલાવું છું અને તમે મને દોઝખ(ના તરીકા) તરફ બોલાવી રહ્યા છો (એટલે કે) તમે મને એ વાત તરફ બોલાવો છો કે (મઆઝલ્લાહ !) હું અલ્લાહની સાથે કુફ્ર કરું અને એવી વસ્તુને તેનો ભાગીદાર ઠરાવું જેના (ભાગીદાર હોવાની) મારી પાસે કોઈ દલીલ પણ નથી અને હું તમને જબરદસ્ત ભૂલોને બખ્શનારા અલ્લાહ તરફ બોલાવું છું, નિશ્ચિત વાત છે કે તમે જે વસ્તુ(ની ઈબાદત) તરફ મને બોલાવો છો તે ન તો દુનિયામાં જ (કોઈ દુનિયવી જરૂરિયાત માટે) પોકારવાને પાત્ર છે અને ન જ (અઝાબ દૂર કરવા માટે) આખિરતમાં અને (નિશ્ચિત વાત છે કે) આપણે સૌએ અલ્લાહની પાસે જવાનું છે અને (નિશ્ચિત વાત છે કે) જે લોકો (બંદા હોવાના) વર્તુળથી નીકળી રહ્યા છે (જેમકે ગયરૂલ્લાહની પૂજા કરનારાઓ) તો તે બધા દોઝખી થશે, બસ (હમણાં તો મારું કહ્યું તમને પસંદ નથી પરંતુ) આગળ ચાલીને તમે મારી વાતને યાદ કરશો અને (કારણ કે આ મો'મિનને એ સંભાવનાનો પ્રથમથી ખ્યાલ થઈ ગયો હતો કે આ લોકો આ નસીહત આપવાથી મારા વિરુદ્ધ થઈ જશે અને તકલીફ પહોંચાડશે અને શક્ય છે કે તે સમયે કોઈ નિશાની અને તેની અસરો અથવા ધમકી વગેરે પણ તેમના તરફથી સામે આવી હોય તેથી એ પણ કહ્યું કે) હું પોતાનો મામલો અલ્લાહને સોંપું છું, અલ્લાહ તઆલા બધા બંદાઓનો (પોતે) દેખરેખ રાખનાર છે (હું તો તમારાથી બિલકુલ નથી ડરતો) પછી અલ્લાહ તઆલાએ એ(મો'મિન)ને તેમની નુકસાનકારક યુક્તિઓથી સુરક્ષિત રાખ્યો (એટલા માટે તે તેમના કષ્ટોથી સુરક્ષિત રહ્યો, હઝરત કતાદહ રહ.ના નિવેદન પ્રમાણે તેને પણ હઝરત મૂસા અલૈ. સાથે રહેવાથી ડૂબવાથી છુટકારો મર્યો. -દૂર્રે મન્સૂર પ્રમાણે) અને ફિરઔનવાળાઓ ઉપર (ફિરઔન સહિત) તકલીફ આપનાર અઝાબ નાઝિલ થયો (જેનું વર્ણન છે કે) તે લોકો (બરઝખમાં) સવાર સાંજ આગની સામે લાવવામાં આવે છે (અને તેમને બતાવવામાં આવે છે કે તમે કયામતના દિવસે તેમાં દાખલ થશો) અને જે

દિવસે કયામત કાયમ થશે (હુકમ થશે) કે ફિરઔનવાળાઓને (ફિરઔન સહિત) અત્યંત કઠોર અઝાબમાં દાખલ કરો.

મસ્અલા અને બોધપાઠ :

ફિરઔનના કુટુંબમાંનો મો'મિન :

ઉપર અનેક ઠેકાણે તવહીદ અને રિસાલતના ઈન્કારીઓને ધમકી અને ચેતવણીના સંદર્ભમાં કાફિરોનો વિરોધ અને તેમની દુશ્મનાવટનું વર્ણન થયું છે જેનાથી સ્વાભાવિક રીતે રસૂલે કરીમ ﷺને રંજ અને ગમ થતો હતો. આપ ﷺની તસલ્લી માટે પ્રસ્તુત લગભગ બે રુકૂઅ્માં હઝરત મૂસા (અલૈ.) અને ફિરઔનનો કિસ્સો વર્ણન કરવામાં આવ્યો છે, આ કિસ્સામાં એક લાંબી વાતચીત ફિરઔન અને કોમે ફિરઔનની સાથે તે બુઝૂર્ગ વ્યક્તિએ કરી છે જે પોતે આલે ફિરઔનમાં હોવા છતાં હઝરત મૂસા (અલૈ.)ના મોઅ્જિઝાઓ જોઈને ઈમાન લઈ આવ્યા હતા પરંતુ મસ્લિહત ખાતર પોતાના ઈમાનને તે સમય સુધી છુપાવી રાખ્યું હતું, આ વાતચીત સમયે તેમના ઈમાનની પણ જાહેરાત થઈ ગઈ.

તફસીરના ઈમામોમાંથી મકાતિલ, સુદ્દી અને હઝરત હસન (રહ.)એ ફરમાવ્યું કે તેઓ ફિરઔનના પિત્રાઈ ભાઈ હતા અને આ તે જ વ્યક્તિ હતા જેમણે તે સમયે જ્યારે કે કિબતીની હત્યાની ઘટનામાં તેના કિસાસ સ્વરૂપે હઝરત મૂસા (અલૈ.)ને કતલ કરવાનો મશ્વરો ફિરઔનના દરબારમાં થઈ રહ્યો હતો ત્યારે તેઓ જ શહેરની ભાગોળેથી દોડીને આવ્યા અને હઝરત મૂસા (અલૈ.)ને મશ્વરાની ખબર આપી કે તેઓ મિસ્રની બહાર ચાલ્યા જાય જેની ઘટના સૂરએ કસસમાં અલ્લાહે વર્ણન કરી છે. وَجَآءَ رَجُلٌ مِّنْ اَقْصَى الْمَدِيْنَةِ يَسْعٰى (૨૮:૨૦)

આ ફિરઔનના કુટુંબી મો'મિનનું નામ અમુકે હબીબ બતાવ્યું છે પરંતુ સાચું એ છે કે હબીબ તે વ્યક્તિનું નામ છે જેનો કિસ્સો સૂરએ યાસીનમાં આવ્યો છે, તેનું નામ شَمْعَانُ (શમ્આન) છે, સુહૈલીએ તેમનું નામ اَصْحَ (અસહ) ઠરાવ્યું છે અને બીજા લોકોએ તેમનું નામ حِزْقِيْل (હિઝકીલ) કહ્યું છે, શુઅ્લબીએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ જ નિવેદન નકલ કર્યું છે.

એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે સિદ્દીકીન થોડા છે, એક હબીબ નજ્જાર જેનો કિસ્સો સૂરેઅ યાસીનમાં છે અને બીજો આલે ફિરઔનનો મો'મિન, ત્રીજા અબૂબક્ર અને તેઓ તે બધામાં શ્રેષ્ઠ છે. *(કુર્તુબી)*

يَكْتُمُ اِيْمَانَهٗ આથી જાણ થઈ કે કોઈ વ્યક્તિ જો લોકોની સામે પોતાનું ઈમાન જાહેર ન કરે, દિલમાં પાકો ભરોસો રાખે તો તે મો'મિન છે પરંતુ સ્પષ્ટ નુસૂસથી એ સાબિત છે કે ઈમાન સ્વીકૃત થવા માટે માત્ર દિલનું યકીન પૂરતું નથી બલકે મૌખિક એકરાર કરવો શરત છે, જ્યાં સુધી મૌખિક રીતે એકરાર કરશે નહીં મો'મિન થશે નહીં, અલબત્ત મૌખિક એકરાર લોકોની સામે એ'લાનની સાથે કરવો જરૂરી નથી, તેની જરૂરિયાત માત્ર એ કારણે છે કે જ્યાં સુધી લોકોને તેના ઈમાનની જાણ થશે નહીં તેઓ તેની સાથે મુસલમાનો જેવો વ્યવહાર કરી શકશે નહીં. *(કુર્તુબી)*

مُؤْمِنٌ اٰلِ فِرْعَوْنَ ફિરઔનના કુટુંબી મો'મિને આ વાતચીતમાં આલે ફિરઔન અને ફિરઔનને વિવિધ વિષયો દ્વારા સત્ય અને ઈમાન તરફ આમંત્રણ આપ્યું અને તેઓ જે રીતે હઝરત મૂસા (અલૈ.)ને કતલ કરવા માટે તૈયાર થઈ ગયા હતા તેનાથી તેમને અટકાવ્યા.

يٰقَوْمِ اِنِّيْۤ اَخَافُ عَلَيْكُمْ يَوْمَ التَّنَادِ માં تَنَادِ "બ કસ્રે દાલ મુખફ્ફફ" છે, تَنَادِىْ નો અર્થ એ છે કે પરસ્પર એકબીજાને પોકારવું અને અવાજ આપવો. કયામતના દિવસને يَوْمَ التَّنَادِ (યૌમુત્તનાદિ) એટલા માટે કહેવામાં આવ્યો કે તે દિવસે અસંખ્ય અવાજો અને પોકારો થશે જેનું અમુક વર્ણન તફસીરના ખુલાસામાં આવી ચૂક્યું, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યારે કયામતનો દિવસ હશે ત્યારે અલ્લાહ તરફથી અવાજ આપનારો એક અવાજ આપશે કે અલ્લાહના વિરોધી લોકો ઊભા થઈ જાય, તેનો ભાવાર્થ તે લોકો હશે જેઓ તકદીરનો ઈન્કાર કરતા હતા અને પછી જન્નતવાળા દોઝખવાળાઓને અને દોઝખવાળા જન્નતવાળાઓને અને અઅ્‌રાફવાળા બંનેને અવાજો આપીને પોતપોતાની વાતો કરશે અને તે સમયે દરેક ખુશનસીબ અને બદ્‌નસીબનું નામ તેના પેઢીનામા સહિત લઈને તેના પરિણામનું એ'લાન કરવામાં આવશે કે ફલાણો ઈબ્ને ફલાણો સફળ અને ખુશનસીબ થઈ ગયો, ત્યારબાદ દુઃખની કોઈ સંભાવના નથી રહી અને ફલાણો ઈબ્ને ફલાણો બદ્‌નસીબ અને દુઃખી થઈ ગયો, હવે તેની ખુશનસીબીની કોઈ સંભાવના નથી રહી. (રવાહુ ઈબ્ને અબી હાતિમ, મઝહરી) મુસ્નદે બઝાર અને

બયહકીમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી જાણ થાય છે કે આ ખુશનસીબી અથવા બદ્નસીબીનું એ'લાન અમલોના તોલમાપ પછી થશે.

હઝરત અબૂ હાઝિમ અલ અઅ્રજ (રદિ.)થી રિવાયત છે કે તે પોતાના નફ્સને સંબોધીને કહ્યા કરતા હતા કે હે અઅ્રજ ! કયામતના દિવસે અવાજ આપવામાં આવશે કે ફલાણા પ્રકારનો ગુનોહ કરનારો ઊભો થઈ જાય તો તેની સાથે ઊભો થઈ જઈશ, પછી ફરી પોકાર થશે કે ફલાણા પ્રકારનો ગુનાહ કરનારો ઊભો થઈ જાય તો તેની સાથે પણ ઊભો થઈ જઈશ, ફરી પોકાર આપવામાં આવશે કે ફલાણા પ્રકારનો ગુનાહ કરનારો ઊભો થઈ જાય તો તેની સાથે પણ ઊભો થઈ જઈશ અને હું સમજું છું કે દરેક પ્રકારના ગુનાહના એ'લાન સમયે તારે તેમની સાથે ઊભા થવું પડશે (કારણ કે દરેક પ્રકારના ગુનાહ એકઠા કરી રાખ્યા છે.) *(અબૂ નઈમ, મઝહરીમાંથી)*

يَوْمَ تُوَلُّوْنَ مُدْبِرِيْنَ એટલે કે જ્યારે તમે પીઠ ફેરવીને પાછા ફરશો. તફસીરના ખુલાસામાં ઈમામ બગવીએ તેનો આ અર્થ વર્ણન કરતાં લખે છે કે આ તે હાલતનું વર્ણન છે જ્યારે અપરાધીઓ હિસાબ કિતાબના સ્થળેથી જહન્નમ તરફ લઈ જવામાં આવશે, તેનો ખુલાસો એ છે કે પ્રથમ આ પોકારો અને એ'લાનો જેનું વર્ણન يَوْمَ التَّنَادِ (યૌમુત્તનાદ)ની તફસીરમાં ઉપર વર્ણન થઈ ચૂક્યું છે તે બધું થઈ ચૂકશે, ત્યારબાદ એ લોકો હિસાબના સ્થળેથી હાંકીને જહન્નમ તરફ લઈ જવામાં આવશે.

અમુક તફસીરકારોના મતે આવી પરિસ્થિતિ દુનિયામાં પ્રથમ સૂર વખતની હોવાનું વર્ણવાયું છે કે જ્યારે પ્રથમ સૂર ફૂંકવામાં આવશે અને જમીન ફાટી જશે તો આ લોકો આમતેમ દોડશે પરંતુ દરેક તરફ ફરિશ્તાઓનો પહેરો હશે, ક્યાંય નીકળવાનો માર્ગ હશે નહીં, તે લોકો સમીપ يَوْمَ التَّنَادِ (યૌમુત્તનાદ)નો ભાવાર્થ પણ પ્રથમ સૂરનો સમય છે કે તેમાં ચારે બાજુથી ચીસાચીસ અને બૂમાબૂમ હશે, આયતની બીજી કિરાઅતથી તેનું સમર્થન થાય છે જે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને ઝહ્હાક (રદિ.)થી વર્ણન થયું છે કે તેઓ યૌમુત્તનાદને بِدَالٍ مُشَدَّدٍ (બિદાલિન મુશદ્દદિન) પઢતા હતા જે نَدَّ مَصْدَرٌ (નદ્દ મસદર)થી બનેલ છે જેનો અર્થ દોડવાનો થાય છે તો "યૌમુત્તનાદ"નો અર્થ આ તફસીરની રૂએ "દોડવા"નો થયો અને تُوَلُّوْنَ مُدْبِرِيْنَ આ એનો જ ખુલાસો થયો.

તફસીરે મઝહરીમાં એક લાંબી હદીષ ઈબ્ને જરીર અને મુસ્નદે અબૂ યઅૂલા તથા બયહકી અને મુસ્નદ અબ્દ બિન હમીદ વગેરેના હવાલાથી હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થઈ છે કે જેમાં કયામતના દિવસે સૂરના ત્રણ વખતે ફૂંકાવાનું વર્ણન છે, પ્રથમ نَفْخَةُ فَزَعٍ (નફ્ખએ ફઝઅ), બીજો نَفْخَةُ صَعَقٍ (નફ્ખએ સઅક) અને ત્રીજો نَفْخَةُ نَشْرٍ (નફ્ખએ નશર). "નફ્ખએ ફઝઅ"થી સમગ્ર મખ્લૂકમાં ગભરામણ અને બેચેની પેદા થઈ જશે, પ્રથમ સૂર લાંબો થઈને "નફ્ખએ સઅક" બની જશે જેનાથી બધા બેહોશ થઈ જશે પછી મૃત્યુ પામશે, સામાન્ય રીતે આ બંને સૂરના મિશ્રણને "નફ્ખએ ઊલા" પ્રથમ સૂર કહેવામાં આવે છે જેનું કારણ દેખીતું છે કે તે એક જ સૂરના સમયે બે પરિસ્થિતિઓ હશે, પ્રથમ "ફઝઅ" (ગભરામણ અને ભાગદોડ) અને બીજી "સઅક" (બેહોશ થવું અને મૃત્યુ પામવું) હશે, આ હદીષમાં પણ "નફ્ખએ ફઝઅ"ના સમયે લોકોનું આમતેમ દોડવાનું વર્ણન કરીને એ ફરમાવ્યું છે, وَهُوَ الَّذِیْ یَقُوْلُ اللّٰهُ یَوْمَ التَّنَادِ જેનાથી જાણ થાય છે કે આયતમાં "યૌમુત્તનાદ"નો ભાવાર્થ પ્રથમ સૂરના સમયે લોકોનું બેચેન અને વિહ્વળ થઈને આમતેમ દોડવું છે. વલ્લાહુ અઅ્લમુ.

كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ مُتَكَبِّرٍ جَبَّارٍ એટલે કે જે પ્રમાણે ફિરઔન અને હામાનના દિલોમાં હઝરત મૂસા (અલૈ.) અને ફિરઔનના કુટુંબીજન મો'મિનની નસીહતોની કોઈ અસર ન થઈ, એ જ પ્રમાણે અલ્લાહ તઆલા દરેક એવા દિલ ઉપર મહોર લગાવી દે છે જે અભિમાની અને અત્યાચારી હોય જેની અસર એ થાય છે કે તેનામાં ઈમાનનું નૂર પ્રવેશ પામતું નથી તથા તેનામાં સારા નરસાનો ભેદ રહેતો નથી, આ આયતમાં مُتَكَبِّرٌ اور جَبَّارٌ (મુતકબ્બીર અને જબ્બાર) અભિમાની અને અત્યાચારીના હૃદયનું લક્ષણ ઠરાવ્યું છે, કારણ એ છે કે બધા જ અખ્લાક અને કર્મોનો સ્ત્રોત તથા મૂળ માનવીનું મન છે, દરેક સારા નરસા કર્મો મનમાં જ ઉદ્ભવે છે એટલા માટે હદીષમાં કહેવામાં આવ્યું છે કે માણસના શરીરમાં માંસનો એક ટૂકડો (એટલે કે દિલ) એવું છે જેના ઠીક થવાથી સમગ્ર શરીર ઠીક થઈ જાય છે અને તેના ખરાબ થવાથી સમગ્ર શરીર ખરાબ થઈ જાય છે. *(કુર્તુબી)*

وَقَالَ فِرْعَوْنُ يٰهَامٰنُ ابْنِ لِیْ صَرْحًا માં صَرْح (સર્હ)નો અર્થ ઊંચા બાંધકામનો છે દેખીતું એ છે કે ફિરઔને પોતાના વઝીર હામાનને હુકમ આપ્યો કે

એવું ઊંચું બાંધકામ તૈયાર કરો જે આસમાન સાથે વાતો કરે જેના ઉપર જઈને હું અલ્લાહને ઝાંકીને જોઈ લઉં. આવો મૂર્ખતાપૂર્ણ વિચાર કોઈ નાદાન વ્યક્તિ પણ નથી કરી શકતો. મિસ્રના સલતનતના માલિક ફિરઔનની આ વાસ્તવિકતા છે જે તેની અત્યંત મૂર્ખામીભરી નાદાનીની દલીલ છે અને જો વઝીરે તેના હુકમનો અમલ કર્યો હોય તો વઝીર તેનાથી ચઢિયાતો છે પરંતુ કોઈપણ પ્રદેશના શાસકથી આવી મૂર્ખતાપૂર્ણ કલ્પનાની આશા રાખી શકાય નહીં એટલા માટે અમુક તફસીરકારોએ કહ્યું કે એવું તો એ પણ જાણતો હતો કે ગમે એટલી ઊંચી ઈમારત બનાવી લો તે આસમાન સુધી નથી પહોંચી શકતી પરંતુ પોતાના લોકોને બેવકૂફ બનાવવા અને બતાવવા માટે તેણે આ હરકત કરી હતી, પછી કોઈ સાચી અને મજબૂત રિવાયતથી એ સાબિત નથી થતું કે આવો કોઈ આલીશાન મહેલ બાંધવામાં આવ્યો હતો અથવા નહીં. કુર્તુબીએ નકલ કર્યું છે કે આવી ઊંચી ઈમારત બાંધવામાં આવી હતી પરંતુ તે ઊંચાઈએ પહોંચતા જ જમીનદોસ્ત થઈ ગઈ.

દારુલ ઉલૂમ દેવબંદના પ્રથમ સદર મુદર્રિસ મવલાના મુહમ્મદ યાકૂબ નાનોત્વી સાહબ (રહ.)ના ખાસ વિદ્યાર્થી મારા વાલિદ મવલાના મુહમ્મદ યાસીન સાહબ (રહ.)એ પોતાના ઉસ્તાદથી નકલ કરીને ફરમાવ્યું કે આ ઊંચી ઈમારત જમીનદોસ્ત થવા માટે જરૂરી નથી કે કોઈ આસમાની અઝાબ આવ્યો હોય બલકે દરેક બાંધકામની ઊંચાઈ તેના પાયાઓની મજબૂતી ઉપર અવલંબિત હોય છે, તેણે ગમે એટલો ઊંડો પાયો રાખ્યો હોય પરંતુ એક મર્યાદા સુધી જ ઊંડી હશે, જ્યારે તેના ઉપર ઈમારત ચણાવતા જ ગયા હતા તો દેખીતું છે કે જ્યારે તેના પાયાઓની વેઠવાની શક્તિથી વધારે ઊંચી જશે તો તે જમીનદોસ્ત જ થઈ જશે, આથી ફિરઔન અને હામાનની બીજી મૂર્ખાઈ આનાથી સાબિત થઈ. વલ્લાહુ અઅ્લમુ.

فَسَتَذْكُرُوْنَ مَآ اَقُوْلُ لَكُمْ وَاُفَوِّضُ اَمْرِیْٓ اِلَى اللّٰهِ اِنَّ اللّٰهَ بَصِيْرٌۢ بِالْعِبَادِ આ ફિરઔનના કુટુંબી મો'મિનનું અંતિમ વાક્ય છે જે તેણે પોતાની કોમને સત્ય તરફ આમંત્રણ આપવાના સિલસિલામાં કહ્યું, જેમાં જાહેરાત છે કે આજે તો તમે મારી વાત માનતા નથી પરંતુ જ્યારે તમને અઝાબ આવીને પકડી લેશે તો તે સમયે તમને મારી વાત યાદ આવશે પરંતુ તે સમયે યાદ આવવું બેકાર હશે અને હવે

જ્યારે કે આ લાંબી વાતચીત અને નસીહત તથા આમંત્રણ દ્વારા તે ફિરઔનના કુટુંબી મો'મિનનું ઈમાન અન્ય લોકો ઉપર જાહેર થઈ ગયું તો ચિંતા થઈ કે હવે આ લોકો તેમની પાછળ પડશે એટલા માટે કહ્યું કે હું મારો મા'મલો અલ્લાહને સોંપું છું તે પોતાના બંદાઓની દેખરેખ રાખનાર અને રક્ષક છે. તફસીરના ઈમામ મકાતિર (રહ.)એ ફરમાવ્યું કે તેમની ધારણા પ્રમાણે ફિરઔનની કોમ તેમની પાછળ પડી તો તેઓ પહાડ તરફ ભાગી નીકળ્યા અને તેમની પકડમાં ન આવી શક્યા જેનું વર્ણન આગલી આયતમાં આ પ્રમાણે આવ્યું છે.

فَوَقٰهُ اللّٰهُ سَيِّاٰتِ مَامَكَرُوْاوَحَاقَ بِاٰلِ فِرْعَوْنَ سُوْٓءُ الْعَذَابِ એટલે કે, તેને અલ્લાહ તઆલાએ ફિરઔનની કોમના ખરાબ પ્રપંચોના નુકસાનથી બચાવી લીધા પરંતુ પોતે ફિરઔનની કોમ સખત અઝાબમાં પકડવામાં આવી, મૌલાએ કરીમે તે મો'મિનને દુનિયામાં તો ફિરઔનવાળાઓના પ્રપંચોથી બચાવી લીધા જેની વિગત કુર્આનમાં ઉપસ્થિત નથી પરંતુ કુર્આનના શબ્દોથી એટલી જાણ થાય છે કે તેમને કતલ કરવા અને તકલીફ પહોંચાડવા માટે ફિરઔનની કોમે ઘણા પ્રપંચો કર્યા હતા અને જ્યારે પછી ફિરઔનની કોમ ડૂબાડવામાં આવી હતી ત્યારે તે મો'મિનને હઝરત મૂસા (અલૈ.) સાથે છુટકારો આપવામાં આવ્યો અને આખિરતનો છુટકારો તો દેખીતું જ છે.

اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّاوَّعَشِيًّا وَّيَوْمَ تَقُوْمُ السَّاعَةُ اَدْخِلُوْٓااٰلَ فِرْعَوْنَ اَشَدَّالْعَذَابِ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ આ આયતની તફસીરમાં કહ્યું છે કે ફિરઔનવાળાઓની રૂહો કાળા પક્ષીઓના સ્વરૂપમાં દરરોજ સવાર અને સાંજ બે વખતે જહન્નમની સામે લાવવામાં આવે છે અને તેમને જહન્નમ બતાવીને કહેવામાં આવે છે કે તમારું ઠેકાણું આ છે. *(અબ્દુર્રઝ્ઝાક અને ઈબ્ને અબી હાતિમ -મઝહરી)*

સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ મૃત્યુ પામે છે તો આલમે બરઝખમાં સવાર અને સાંજ તેને બે સ્થળો બતાવવામાં આવે છે જ્યાં કયામતના હિસાબ પછી તેને પહોંચવાનું છે અને આ સ્થળ બતાવીને દરરોજ તેને કહેવામાં આવે છે કે તારે અંતે અહીંયાં પહોંચવાનું છે, જો તે વ્યક્તિ જન્નતવાળાઓમાંથી છે તો તેનું સ્થાન જન્નત તેને બતાવવામાં આવશે અને જો જહન્નમમાંથી છે તો તેનું સ્થાન તેને જહન્નમ બતાવવામાં આવશે.

કબ્રનો અઝાબ :

આ આયત અઝાબે કબ્રની દલીલ છે અને હદીષની મુતવાતિર રિવાયતો તથા ઈજ્માએ ઉમ્મત એ બાબત ઉપર સાક્ષી છે જેને મુજ નાચીઝે એક આગવી કિતાબ اَلسَّبْرُ بِعَذَابِ الْقَبْرِ માં સંબંધિત આયતો સાથે એકઠું કરી દીધું છે, આ કિતાબ અહકામુલ કુર્આનના સાતમાં ભાગનો અંગ બની અરબી ભાષામાં પ્રકાશિત થઈ ચૂક્યો છે.

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૪૭ થી ૫૦)

وَ اِذْ يَتَحَآجُّوْنَ فِي النَّارِ فَيَقُوْلُ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا كُنَّا
لَكُمْ تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ عَنَّا نَصِيْبًا مِّنَ النَّارِ ﴿٤٧﴾ قَالَ الَّذِيْنَ
اسْتَكْبَرُوْٓا اِنَّا كُلٌّ فِيْهَآ ۙ اِنَّ اللّٰهَ قَدْ حَكَمَ بَيْنَ الْعِبَادِ ﴿٤٨﴾ وَقَالَ الَّذِيْنَ فِي
النَّارِ لِخَزَنَةِ جَهَنَّمَ ادْعُوْا رَبَّكُمْ يُخَفِّفْ عَنَّا يَوْمًا مِّنَ الْعَذَابِ ﴿٤٩﴾ قَالُوْٓا اَوَلَمْ تَكُ
تَاْتِيْكُمْ رُسُلُكُمْ بِالْبَيِّنٰتِ ۭ قَالُوْا بَلٰى ۭ قَالُوْا فَادْعُوْا ۚ وَمَا دُعٰٓؤُا الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿٥٠﴾

તરજુમો :

અને જ્યારે આગમાં પરસ્પર ઝઘડશે પછી નિર્બળ લોકો અભિમાનીઓને કહેશે, અમે તમારા તા'બે હતા પછી તમે અમારા ઉપરથી આગનો અમુક હિસ્સો ઉઠાવી લેશો !? (૪૭) અભિમાનીઓ કહેશે, બેશક ! આપણે બધા જ તેમાં પડેલા છે, નિ:શંક અલ્લાહ બંદાઓમાં ફેંસલો કરી ચૂક્યો. (૪૮) અને આગમાં પડયા છે તે લોકો દોઝખના દરોગાઓને કહેશે, તમારા પરવરદિગાર પાસે દુઆ માંગો કે અમારા ઉપર એક દિવસ અઝાબ થોડો હળવો કરી દે. (૪૯) તેઓ કહેશે, શું તમારી પાસે તમારા રસૂલો ખુલ્લી નિશાનીઓ લઈને આવતા ન હતા ? કહેશે, કેમ નહીં ! (ફરિશ્તાઓ) કહેશે, પછી (તમે જ) પોકારો (દુઆ માંગો) ! અને કાફિરોનું પોકારવું કંઈ નથી પરંતુ (માત્ર) ભટકવું. (૫૦)

તફસીર :

અને (તે સમય પણ દષ્ટિ સમક્ષ રાખવાપાત્ર છે) જ્યારે કે કાફિરો દોઝખમાં એકબીજા સાથે ઝઘડશે તો ઓછા દરજ્જાના લોકો (એટલે કે અનુયાયીઓ) મોટા દરજ્જાના લોકોને (એટલે કે જેમનું અનુસરણ કરતા હતા તેમને) કહેશે કે અમે (દુનિયામાં) તમારા તા'બેદાર હતા, શું તમે અમારી ઉપરથી આગનો કોઈ હિસ્સો હટાવી શકો છો ? (એટલે કે જ્યારે દુનિયામાં તમે અમને પોતાના તા'બેદાર અને અનુયાયી બનાવી રાખ્યા હતા તો આજે તમારે અમારી મદદ કરવી જોઈએ) તે મોટા લોકો કહેશે કે આપણે બધા જ દોઝખમાં છીએ (એટલે કે અમે પોતાનો જ અઝાબ ઓછો નથી કરી શકતા તો તમારો શું કરીશું?) અલ્લાહ તઆલા (પોતાના) બંદાઓ વચ્ચે (અટલ) ફેંસલો કરી ચૂક્યો (હવે તેના વિરુદ્ધ કરવાની કોઈની મજાલ નથી) અને (ત્યારબાદ) જેટલા લોકો દોઝખમાં હશે (એટલે કે મોટા અને નાના, અનુસરણ કરનારાઓ અને જેમનું અનુસરણ કરવામાં આવતું હતું તે બધા મળીને) જહન્નમના ચોકીદાર ફરિશ્તાઓને (દરખાસ્ત સ્વરૂપે) કહેશે કે તમે જ પોતાના પરવરદિગારથી દુઆ કરો કે કોઈ દિવસ તો અમારા ઉપર અઝાબ હળવો કરે (એટલે કે અઝાબ બિલકુલ હટી જવાની અથવા તો હંમેશા માટે ઓછો થઈ જવાની આશા તો નથી ઓછામાં ઓછું એક દિવસની તો કંઈ છુટ્ટી મળી જાય !) ફરિશ્તા કહેશે કે (એ બતાવો) શું તમારી પાસે તમારા પયગમ્બર મોઅ્જિઝાઓ લઈને આવતા રહ્યા ન હતા ? (અને દોઝખથી બચવાની રીત પણ બતાવતા રહ્યા હતા) દોઝખીઓ કહેશે કે હા ! આવતા તો રહ્યા હતા (પરંતુ અમે તેમનું કહેવું ન માન્યું بَلٰى قَدْ جَآءَ نَا نَذِيْرٌ فَكَذَّبْنَا) ફરિશ્તાઓ કહેશે કે તો પછી (અમે તમારા માટે દુઆ કરી શકતા નથી કારણ કે કાફિરો માટે દુઆ કરવાની અમારા માટે પરવાનગી નથી) તમે જ (જો ઈચ્છો તો પોતે જ) દુઆ કરી લો અને (તમારી દુઆનું પણ કંઈ પરિણામ આવશે નહીં કારણ કે) કાફિરોની દુઆ (આખિરતમાં) માત્ર અસરવિહોણી છે (કારણ કે આખિરતમાં કોઈ દુઆ ઈમાન વિના કબૂલ થઈ શકતી નથી અને ઈમાનનો મોકો દુનિયામાં જ હતો તે તમે ખોઈ ચૂક્યા અને હવે આખિરતમાં આવું કહો છો તેનાથી કોઈ લાભ નથી, બલકે દુનિયામાં કાફિરોની દુઆ પણ કબૂલ થઈ શકતી હતી જેમકે સૌથી મોટા કાફિર ઈબ્લીસની સૌથી મોટી દુઆ કયામત સુધી જીવીત રહેવાની કબૂલ કરવામાં આવી).

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૫૧ થી ૬૦)

إِنَّا لَنَنْصُرُ رُسُلَنَا وَالَّذِينَ آمَنُوا فِي الْحَيٰوةِ الدُّنْيَا وَيَوْمَ يَقُومُ الْأَشْهَادُ ﴿٥١﴾ يَوْمَ لَا
يَنْفَعُ الظّٰلِمِينَ مَعْذِرَتُهُمْ وَلَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوءُ الدَّارِ ﴿٥٢﴾ وَلَقَدْ آتَيْنَا مُوسَى
الْهُدٰى وَأَوْرَثْنَا بَنِي إِسْرَاءِيلَ الْكِتٰبَ ﴿٥٣﴾ هُدًى وَذِكْرٰى لِأُولِي الْأَلْبَابِ ﴿٥٤﴾
فَاصْبِرْ إِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَاسْتَغْفِرْ لِذَنْبِكَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ بِالْعَشِيِّ وَالْإِبْكَارِ ﴿٥٥﴾
إِنَّ الَّذِينَ يُجَادِلُونَ فِي آيٰتِ اللّٰهِ بِغَيْرِ سُلْطٰنٍ أَتٰهُمْ إِنْ فِي صُدُورِهِمْ إِلَّا كِبْرٌ مَا هُمْ
بِبٰلِغِيهِ فَاسْتَعِذْ بِاللّٰهِ إِنَّهُ هُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿٥٦﴾ لَخَلْقُ السَّمٰوٰتِ وَالْأَرْضِ
أَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ وَلٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُونَ ﴿٥٧﴾ وَمَا يَسْتَوِي الْأَعْمٰى
وَالْبَصِيرُ وَالَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَلَا الْمُسِيءُ قَلِيلًا مَا
تَتَذَكَّرُونَ ﴿٥٨﴾ إِنَّ السَّاعَةَ لَآتِيَةٌ لَا رَيْبَ فِيهَا وَلٰكِنَّ أَكْثَرَ النَّاسِ
لَا يُؤْمِنُونَ ﴿٥٩﴾ وَقَالَ رَبُّكُمُ ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ إِنَّ الَّذِينَ يَسْتَكْبِرُونَ
عَنْ عِبَادَتِي سَيَدْخُلُونَ جَهَنَّمَ دٰخِرِينَ ﴿٦٠﴾ ع ٦

તરજુમો :

અમે પોતાના રસૂલોની અને ઈમાનવાળાઓની દુનિયાની જિંદગીમાં મદદ કરીએ છીએ અને (તે દિવસે પણ) જ્યારે ગવાહ ઊભા થશે. (૫૧) જે દિવસે જાલિમો(ઈન્કારીઓ)ને તેમના બહાના કામ લાગશે નહીં અને તેમને ફિટકાર છે અને તેમના માટે ઘણું ખરાબ રહેઠાણ છે. (૫૨) અને અમે મૂસા (અલૈ.)ને સીધો માર્ગ બતાવ્યો અને બની ઈસ્રાઈલને કિતાબના વારસ કર્યા. (૫૩) માર્ગ બતાવનાર અને બુદ્ધિશાળીઓને સમજાવનાર. (૫૪) બસ તમે ધૈર્ય દાખવો, બેશક ! અલ્લાહનો વાયદો સત્ય છે અને પોતાના ગુનાહ મા'ફ કરાવો અને સાંજે તથા સવારે પોતાના પરવરદિગારના વખાણ સાથે તેની પવિત્રતા વર્ણન કરો. (૫૫) જે લોકો અલ્લાહની આયતોમાં જે તેમને

પહોંચી છે કોઈ સનદ વિના ઝઘડે છે, બીજું કંઈ નથી, તેમના દિલોમાં અભિમાન છે, ક્યારેય તેના સુધી પહોંચશે નહીં, બસ તમે અલ્લાહની પનાહ (શરણ) માંગો, બેશક તે સઘળું સાંભળનાર બધું જોનાર છે. (૫૬) અલબત્ત આસમાનોનું અને જમીનનું સર્જન કરવું લોકો(માનવો)ના સર્જન કરતાં ઘણું મોટું છે પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૫૭) અને આંધળો તથા દૃષ્ટિવાળો સમાન નથી અને ન જ ઈમાનવાળો જે ભલા કર્મ કરે છે અને ન જ દુરાચારી, તમે ઘણું ઓછું વિચારો છો. (૫૮) બેશક ! કયામત આવવાની જ છે તેમાં કોઈ શંકા નથી અને પરંતુ ઘણા લોકો માનતા નથી. (૫૯) અને તમારો પરવરદિગાર કહે છે મારી પાસે જ માંગો કે તેને કબૂલ કરું, બેશક ! જે લોકો મારી બંદગી કરવાથી અભિમાન કરે છે હવે અપમાનિત થઈને દોઝખમાં દાખલ થશે. (૬૦)

તફસીર :

અમે પોતાના પયગમ્બરોની અને ઈમાનવાળાઓની દુનિયાની જિંદગીમાં પણ મદદ કરીએ છીએ (જેમકે ઉપરોક્ત વર્ણનમાં હઝરત મૂસા અલૈ.ના કિસ્સાથી જાણ થઈ) અને તે દિવસે પણ જેમાં ગવાહી આપનાર (ફરિશ્તાઓ કે જે નામએ આ'માલ લખતા હતા તેઓ કયામતના દિવસે એ વાતની ગવાહી આપશે કે રસૂલોએ આમંત્રણ આપ્યું અને કાફિરોએ તેમને જૂઠાડ્યા, મતલબ કે તે ફરિશ્તા ગવાહી માટે) ઊભા થશે (તેનો ભાવાર્થ કયામતનો દિવસ છે, ત્યાંની મદદની પરિસ્થિતિ હમણા કાફિરોને જહન્નમનો અઝાબ થવા વિશે જાણ થઈ ચૂકી છે, આગળ તે દિવસનું વર્ણન છે એટલે કે) જે દિવસે જાલિમો (એટલે કે કાફિરો)ને તેમના બહાના કંઈ લાભ આપશે નહીં (એટલે કે પ્રથમ તો કોઈ બહાનું કાઢી શકશે જ નહીં અને જો કોઈ એવી હરકત કરવાનો પ્રયત્ન પણ કરશે તો તે લાભકારક બનશે નહીં) અને તેમના માટે લા'નત હશે અને તેમના માટે તે દુનિયામાં ખરાબી હશે (બસ આ પ્રમાણે તમે અને તમારા અનુયાયીઓ પણ મદદ પામશો અને વિરોધીઓ અપમાનિત થશે તથા ક્રોધનો ભોગ બનશે માટે તમે ધૈર્ય રાખો) અને (તમારાથી અગાઉ) અમે મૂસા (અલૈ.)ને હિદાયત (એટલે કે તવરાત) આપી ચૂક્યા છે અને (પછી) અમે તે કિતાબ બની ઈસ્રાઈલને પહોંચાડી હતી કે તે હિદાયત અને બોધ(ની કિતાબ) હતી બુદ્ધિશાળીઓ માટે

(એટલે કે મૂર્ખાઓથી વિરુદ્ધ કે તેઓ તેનાથી લાભ ન ઉઠાવી શક્યા એ જ પ્રમાણે હઝરત મૂસા અલૈ.ની જેમ તમે પણ રસૂલ છો અને તમારા ઉપર વહી આવે છે અને એ જ પ્રમાણે બની ઈસ્રાઈલની જેમ તમારા અનુયાયીઓ તમારા ઉપર ઊતરેલ કિતાબની સેવા કરશે અને જેમકે તેમનામાં બુદ્ધિશાળીઓ તેનું સમર્થન કરનારા અને તેના તા'બેદાર હતા તથા મૂર્ખા લોકો ઈન્કાર અને વિરોધ કરતા હતા એ જ પ્રમાણે આપ ﷺની ઉમ્મતમાં પણ બંને પ્રકારના લોકો છે) બસ (તેનાથી પણ) તમે (તસલ્લી પ્રાપ્ત કરો અને કાફિરોના કષ્ટો આપવા ઉપર) ધૈર્ય દાખવો, બેશક ! અલ્લાહનો વાયદો (જેના વિશે ઉપર ....لَنَنْصُرُ માં વર્ણન થયું છે બિલકુલ) સાચો છે અને (જો ક્યારેક સબ્ર દાખવવામાં કોઈ ઉણપ રહી ગઈ તો તે શરઈ કાયદા પ્રમાણેનો ગુનોહ નથી હોતો પરંતુ તમારા મહાન દરજ્જાના આધારે તે ઉણપને દૂર કરવા માટે) પોતાના (તે) ગુનાહની (જે એક રૂપક સ્વરૂપે તમારા મહાન દરજ્જાના આધારે ગુનોહ કહેવામાં આવ્યો છે) મા'ફી માંગો અને (એવી પ્રવૃત્તિમાં લાગી જાઓ કે રંજ ગમ આપનારી વસ્તુઓ તરફ ધ્યાન જ ન જાય અને તે પ્રવૃત્તિ એ છે કે) સવાર અને સાંજ (એટલે કે હરપળે) પોતાના પરવરદિગારના વખાણ સાથે તેની યાદ કરતા રહો (આ વિષય તો તમારી તસલ્લી માટેનો થયો આગળ ઈન્કારીઓ અને જુલ્મીઓની વાતનો રદિયો છે એટલે કે) જે લોકો કોઈ સનદ વિના જ કે જે તેમની પાસે મોજૂદ હોય અલ્લાહની આયતોમાં ઝઘડો કરે છે (તેમના માટે શંકાનું કોઈ કારણ નથી કે કોઈ ઝઘડાનું કારણ હોય બલકે) તેમના દિલોમાં નરી મોટાઈ (જ મોટાઈ) છે કે ત્યાં સુધી ક્યારેય પહોંચનાર નથી (અને તે મોટાઈના કારણે ઝઘડો કરે છે કારણ કે તે પોતાને મોટા સમજીને અનુસરણ કરવાથી નાનમ અનુભવે છે, તેઓ પોતે અન્યોને જ પોતાના તા'બેદાર બનાવવાની ભાવના રાખે છે પરંતુ તેમને આવી મોટાઈ ક્યારેય પ્રાપ્ત થશે નહીં, બલકે તેઓ ઘણા જ જલદી અપમાનિત થશે આથી બદ્ર વગેરેમાં મુસલમાનોના હાથે પરાજિત થયા) બસ (જ્યારે તેઓ પોતે મોટા થવા ઈચ્છે છે તો આપ ﷺ સાથે અદેખાઈ અને દુશ્મનાવટ બધું જ કંઈ કરશે પરંતુ) તમે (ભય ન સેવો બલકે તેમની બુરાઈઓથી) અલ્લાહની પનાહ માંગતા રહો બેશક ! તે જ સઘળું કંઈ સાંભળનાર સઘળું કંઈ જોનારો છે (તો તે પોતાની વિશિષ્ટ સિફતો દ્વારા પોતાના શરણમાં આવેલા લોકોને સુરક્ષિત રાખશે,

આ ઝઘડો તો આપ ﷺને રસૂલ માનવાનો હતો આગળ તેમનો વિવાદ કયામત વિશે રદિયા સાથે ઉપસ્થિત છે, એટલે કે તે લોકો જેઓ લોકોને ફરીવાર સજીવન થવાના ઈન્કારી છે ઘણા મોટા મૂર્ખાઓ છે એ કારણે કે) ખરેખર આસમાનો અને જમીનનું (શરૂઆતમાં) સર્જન કરવું મનુષ્યોના (ફરીવાર) સર્જન કરવા કરતાં મોટું કામ છે (જ્યારે મોટા કામ ઉપર શક્તિ પ્રાપ્ત હોવું સાબિત થઈ ગયું તો નાના કામ કરવા તો પ્રથમ દરજ્જાએ સાબિત થશે અને આ દલીલ સાબિતી માટે પૂરતી છે) પરંતુ ઘણા લોકો (આટલી વાત પણ) સમજતા નથી (કારણ કે તેઓ વિચાર જ કરતા નથી અને અમુક એવા પણ છે જેઓ વિચાર પણ કરે છે અને સમજે પણ છે અને માને પણ છે, આ પ્રમાણે કુર્આનને સાંભળનારા લોકોના બે પ્રકારો થઈ ગયા, એક તેને સમજનારા અને માનનારા તેઓ સમજશક્તિવાળા અને ઈમાનવાળા છે, બીજાઓ ન સમજનાર અને ન માનનાર આંધળાઓ અને દુરાચારી પણ છે) અને (તે બંને પ્રકારના લોકો એટલે કે એક) દષ્ટિવાળો, (અને બીજો) આંધળો અને (એક) તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને તેમણે સારા કામો કર્યા અને (બીજા) દુષ્ટો પરસ્પર સરખા નથી હોતા (તેમાં તમને દિલાસો પણ છે કે દરેક પ્રકારના લોકો હોય છે બધા કેવી રીતે સમજવા લાગે અને ઈન્કારીઓ ઉપર કયામતના અઝાબની ધમકી પણ છે કે અમે બધાને એકસમાન રાખીશું નહીં, આગળ ઈન્કારીઓને એટલે કે તે લોકોને જેઓ આંધળાના ઉદાહરણ સ્વરૂપ છે અને દુરાચારી પણ છે તેમને ધ્યાન દોરવા માટે કહેવામાં આવે છે કે) તમે લોકો ઘણું જ ઓછું સમજો છો (નહિતર તમે ઈન્કારી અને દુરાચારી ન રહ્યા હોત અને કયામત વિશેના વિવાદનો જવાબ આપીને આગળ તે ઉપસ્થિત થવાની ખબર આપવામાં આવે છે કે) કયામત તો અવશ્ય આવીને રહેશે તે(ના આવવા)માં કોઈ પ્રકારની શંકા છે જ નહીં પરંતુ ઘણા લોકો (તેની જાહેર દલીલો ન હોવાના કારણે) માનતા નથી અને (એક વિવાદ તેમનો તવહીદમાં હતો કે અલ્લાહની સાથે તેઓ ભાગીદાર ઠરાવતા હતા, આગળ તેના વિશે કલામ છે એટલે કે) તમારા પરવરદિગારે ફરમાવ્યું છે કે (અન્યોને મદદ માટે ન પોકારો બલકે) મને જ પોકારો, હું (અયોગ્ય માંગણીઓ સિવાય) તમારી (દરેક) દરખાસ્ત કબૂલ કરી લઈશ (દુઆ વિશે કુર્આનની આયત فَيَكْشِفُ مَا تَدْعُونَ إِلَيْهِ إِنْ شَآءَ નો આ જ અર્થ છે કે અયોગ્ય દરખાસ્ત અને દુઆને રદ કરવામાં આવશે) જે લોકો (માત્ર)

મારી ઈબાદતથી (જેમાં મારી પાસે દુઆ માંગવું પણ સામેલ છે) અભિમાન કરે છે (અને ગેરોને પોકારે છે અને તેમની ઈબાદત કરે છે, ખુલાસો એ થયો કે જે લોકો તવહીદનો વિરોધ કરી શિર્ક કરે છે તેઓ ઘણા જ જલદા મરતાંની સાથે જ) અપમાનિત થઈને જહન્નમમાં દાખલ થશે.

મસ્અલા અને બોધપાઠ :

اِنَّا لَنَنۡصُرُ رُسُلَنَا وَالَّذِيۡنَ اٰمَنُوۡا فِى الۡحَيٰوةِ الدُّنۡيَا આ આયતમાં અલ્લાહ તઆલાનો વાયદો છે કે તે પોતાના રસૂલો અને મો'મિનોની મદદ કર્યા કરે છે, દુનિયામાં પણ અને આખિરતમાં પણ; અને દેખીતું એ છે કે આ મદદ વિરોધીઓના મુકાબલામાં તેમની સહાયતાના હેતુસર હોય છે. ઘણા અંબિયા (અલૈ.) વિશે તો તે મદદ આવ્યાનું જાહેર થઈ ચૂક્યું છે પરંતુ અમુક અંબિયા (અલૈ.) જેમકે હઝરત યહ્યા, હઝરત ઝકરિય્યા અને હઝરત શુઅયૂબ (અલૈ.) કે જેમને દુશ્મનોએ શહીદ કરી નાંખ્યા અથવા અમુકને વતન છોડીને અન્ય સ્થળે હિજરત કરવી પડી, જેમકે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને ખાતમુલ અંબિયા રસૂલે કરીમ ﷺ તો તેમના વિશે શંકા થઈ શકે છે.

ઈબ્ને કષીરે ઈબ્ને જરીર (રહ.)ના હવાલાથી તેનો જવાબ આપ્યો છે કે આ આયતમાં મદદનો ભાવાર્થ સહાયતા અને દુશ્મનોથી બદલો લેવો છે, ભલે તેમની ઉપસ્થિતિમાં તેમના હાથે હોય અથવા તો તેમની વફાત પછી હોય; આ અર્થ બધા જ અંબિયા (અલૈ.) અને મો'મિનો ઉપર કોઈ પણ પ્રકારના અપવાદ વિના સત્ય ઠરે છે, જે લોકોએ પોતાના અંબિયા (અલૈ.)ને કતલ કર્યા, પછી તેઓ કેવા કેવા અઝાબોમાં સપડાયા અને તેમને કેવા અપમાનિત કરવામાં આવ્યા તેનાથી ઈતિહાસ ભર્યો પડ્યો છે. હઝરત યહ્યા અને ઝકરિય્યા (અલૈ.) તથા હઝરત શુઅયૂબ (અલૈ.)ના હત્યારાઓ ઉપર તેમના દુશ્મનોને થોપવામાં આવ્યા, જેમણે તેમને અપમાનિત કરી કતલ કર્યા. નમરૂદને અલ્લાહે કેવા અઝાબમાં પકડ્યો ! હઝરત ઈસા (અલૈ.)ના દુશ્મનો ઉપર અલ્લાહ તઆલાએ રૉમનોને થોપી દીધા જેમણે તેમને અપમાનિત કર્યા અને પછી કયામતથી પહેલાં પહેલાં અલ્લાહ તઆલા તેમને દુશ્મનો ઉપર વિજય આપશે. રસૂલે કરીમ ﷺના દુશ્મનોને તો અલ્લાહ તઆલાએ મુસલમાનોના જ હાથે જેર કર્યા, તેમના શરારતી સરદારો માર્યા ગયા, અમુક કેદ કરીને લાવવામાં આવ્યા અને બાકી

બચેલા ફત્હે મક્કામાં પકડીને લાવવામાં આવ્યા, તેમને રસૂલે કરીમ ﷺએ છોડી મૂક્યા. આપ ﷺનો કલિમો દુનિયામાં બુલંદ થયો અને તે જ બધા ધર્મો ઉપર ગાલિબ આવ્યો. સમગ્ર અરબ ટાપુ ઉપર આપ ﷺના સમયમાં જ ઈસ્લામની હુકૂમત કાયમ થઈ ગઈ.

يَوْمَ يَقُوْمُ الْاَشْهَادُ એટલે કે, જે દિવસે ગવાહ ઊભા થશે, તેનો ભાવાર્થ કયામત છે, ત્યાં તો અંબિયા (અલૈ.) અને મો'મિનો માટે અલ્લાહની ખાસ મદદ જોવામાં આવશે.

اِنْ فِىْ صُدُوْرِهِمْ اِلَّا كِبْرٌ مَّا هُمْ بِبَالِغِيْهِ એટલે કે, આ લોકો જેઓ અલ્લાહની આયતોમાં કોઈ દલીલ અને હુજ્જત વિના જ વિવાદ કરે છે અને તેનો મૂળ હેતુ દીનનો ઈન્કાર કરવાનો છે તેનું કારણ એ સિવાય કંઈ નથી કે તેમના દિલોમાં અભિમાન છે, તેઓ પોતાની મોટાઈ ઈચ્છે છે અને પોતાની મૂર્ખતાથી એવું સમજી રહ્યા છે કે આ મોટાઈ અમને પોતાના ધર્મ ઉપર કાયમ રહેવાથી જ પ્રાપ્ત થઈ છે, તેને છોડીને જો મુસલમાન થઈ જઈશું તો અમારું આ સત્તા અને શાસન રહેશે નહીં. કુર્આને કરીમે ફરમાવ્યું, مَا هُمْ بِبَالِغِيْهِ એટલે કે, તેઓ પોતાની સાચી મોટાઈ અને સન્માન તથા સત્તા અને શાસન ઈસ્લામ લાવ્યા વિના પામી શકશે નહીં, અલબત્ત જો તેઓએ ઈસ્લામ કબૂલ કરી લીધો હોત તો ઈજ્જત અને સન્માન તેમની સાથે હોત. *(કુર્તુબી)*

وَقَالَ رَبُّكُمُ ادْعُوْنِىْٓ اَسْتَجِبْ لَكُمْ اِنَّ الَّذِيْنَ يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِىْ سَيَدْخُلُوْنَ جَهَنَّمَ دَاخِرِيْنَ

દુઆની હકીકત, તેની શ્રેષ્ઠતા, દરજ્જાઓ તથા તેની કબૂલ થવાની શરતો :

દુઆનો શાબ્દિક અર્થ "પોકારવું" થાય છે અને ઘણું ખરું કોઈ જરૂરિયાત અથવા જરૂરિયાતના સમયે પોકારવા માટે તેનો ઉપયોગ થાય છે, ક્યારેક અલ્લાહના ઝિક્રને પણ દુઆ કહેવામાં આવે છે. આ આયત ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની ખાસ શ્રેષ્ઠતા છે કે તેમને દુઆ માંગવાનો હુકમ આપવામાં આવ્યો અને તેને કબૂલ કરવાનો વાયદો કરવામાં આવ્યો અને જે દુઆ ન માંગે તેના માટે અઝાબની ધમકી આવી છે.

હઝરત કતાદહ (રદિ.)એ કઅ્બ બિન અહ્‌બાર (રદિ.)થી નકલ કર્યું છે કે અગાઉના સમયમાં આ વિશેષતા અંબિયા (અલૈ.)ની હતી કે તેમને અલ્લાહ તઆલા તરફથી હુકમ થતો હતો કે તમે દુઆ કરો હું કબૂલ કરીશ. ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની એ વિશેષતા છે કે આ હુકમ સમગ્ર ઉમ્મત માટે જાહેર કરી દેવામાં આવ્યો. *(ઇબ્ને કષીર)*

હઝરત નુઅ્માન બિન બશીર (રદિ.)એ આ આયતની તફસીરમાં આ હદીષ વર્ણન કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اِنَّ الدُّعَآءَ هُوَالْعِبَادَةُ એટલે કે, દુઆ ઇબાદત જ છે અને પછી તેમણે દલીલમાં આ આયત તિલાવત કરી, اِنَّ الَّذِيْنَ يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِىْ

(રવાહુલ ઇમામ અહમદ, તિરમિઝી, નસાઈ, અબૂદાવુદ વગેરે –ઇબ્ને કષીર)

તફસીરે મઝહરીમાં છે કે اِنَّ الدُّعَآءَ هُوَالْعِبَادَةُ વાક્યમાં અરબીના કાયદા પ્રમાણે قَصْرُالْمُسْنَدِ عَلَى الْمُسْنَدِاِلَيْهِ (confining of the predicate to the subject) એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે દુઆ ઇબાદતનું જ નામ છે, એટલે કે દરેક દુઆ ઇબાદત જ છે અને قَصْرُالْمُسْنَدِ اِلَيْهِ عَلَى الْمُسْنَدِ સ્વરૂપે એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે દરેક ઇબાદત દુઆ જ છે, અત્રે બંને સંભાવનાઓ છે અને ભાવાર્થ અત્રે એ છે કે દુઆ અને ઇબાદત જો કે શાબ્દિક ભાવાર્થના આધારે ભિન્ન ભિન્ન છે પરંતુ તે ગુઢાર્થના આધારે સરખા છે કે દરેક દુઆ ઇબાદત છે અને દરેક ઇબાદત દુઆ છે, કારણ એ છે કે ઇબાદત કોઈની સામે અત્યંત નીચા થઈને કાકલુદી કરવી અને દેખીતું છે કે પોતાને કોઈનો મોહતાજ સમજી તેની સામે સવાલનો હાથ ફેલાવવો ઘણા મોટા અપમાનની બાબત છે અને તે ઇબાદતનો ભાવાર્થ છે, આ જ પ્રમાણે દરેક ઇબાદતનો ખુલાસો પણ અલ્લાહ તઆલા પાસે મા'ફી અને જન્નત તથા દુનિયા અને આખિરતની આફિયત માંગવી છે એટલા માટે એક હદીષે કુદ્‌સીમાં છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે જે વ્યક્તિ મારા વખાણ અને તા'રીફમાં એટલો મશ્ગૂલ હોય કે પોતાની જરૂરિયાત માંગવાની પણ જેને ફુરસદ ન મળે હું તેને માંગનારાઓથી પણ વધારે આપીશ, એટલે કે તેની જરૂરિયાત પૂરી કરી આપીશ. (રવાહુ જઝરી ફીન્નિહાયા) તિરમિઝી અને મુસ્લિમમાં એક રિવાયત આ પ્રમાણે છે, مَنْ شَغَلَهُ الْقُرْاٰنُ عَنْ ذِكْرِىْ وَمَسْئَلَتِىْ اَعْطَيْتُهُ اَفْضَلَ مَااُعْطِى السَّائِلِيْنَ એટલે કે જે વ્યક્તિ કુર્આનની તિલાવતમાં એટલો

મશ્ગૂલ હોય કે મારી પાસે પોતાની જરૂરિયાત માંગવાથી પણ તેને ફુરસદ ન મળે તેને એટલું આપીશ કે માંગનારને પણ એટલું નથી મળતું, આથી જાણ થઈ કે દરેક ઈબાદત પણ તે જ ફાયદો આપે છે જે દુઆનો ભાગ છે.

અરફાતની દહીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે અરફાતમાં મારી દુઆ અને મારાથી અગાઉના અંબિયા (અલૈ.)ની દુઆ (આ શબ્દો છે) لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ

(રવાહુ ઈબ્ને અબી શયબા, મઝહરી)

તેમાં ઈબાદત અને અલ્લાહના ઝિક્રને દુઆ કહી છે અને આ આયતમાં ઈબાદત ''દુઆ''ના અર્થમાં છે કે તેને છોડનારને જે જહન્નમની ધમકી સંભળાવવામાં આવી છે તે અભિમાનની પરિસ્થિતિમાં લાગુ પડશે, એટલે કે જે વ્યક્તિ અભિમાન કરી પોતાને દુઆથી ઉપરવટ સમજી દુઆ માંગવાનું છોડી દે તે કુફ્રની નિશાની છે તેથી જહન્નમની ધમકીનો હક્દાર થયો, નહિતર સામાન્ય રીતે દુઆ પોતે ફરજ અથવા વાજિબ નથી, તેના છોડવાથી કોઈ ગુનોહ થતો નથી, અલબત્ત ઉલમાના ઈજ્માઅ્થી દુઆ મુસ્તહબ અને શ્રેષ્ઠ છે. (મઝહરી) તથા હદીષોના ખુલાસા પ્રમાણે બરકતોનું કારણ છે.

દુઆની વિશિષ્ટતા :

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા સમીપ દુઆથી વધારે કોઈ વસ્તુ ઈજ્જતવાળી નથી. *(તિરમિઝી, ઈબ્ને માજહ, હાકિમ, અને અબી હુરયરહ)*

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે, اَلدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ એટલે કે દુઆ ઈબાદતનો સાર (Essence) છે. *(તિરમિઝી, અન અનસ રદિ.)*

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા પાસે તેની કૃપા માંગ્યા કરો કારણ કે અલ્લાહ તઆલા સવાલ અને જરૂરિયાતની માંગણીને પસંદ કરે છે અને સૌથી મોટી ઈબાદત એ છે કે કઠીન સમયે વ્યક્તિ છૂટછાટની રાહ જુએ.

(તિરમિઝી, અન ઈબ્ને મસ્ઊદ રદિ.)

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ અલ્લાહ પાસે પોતાની જરૂરિયાતનો સવાલ નથી કરતો અલ્લાહ તઆલાનો તેના ઉપર ગઝબ થાય છે.

(તિરમિઝી, ઈબ્ને હબ્બાન, હાકિમ)

આ બધી રિવાયતો તફસીરે મઝહરીમાં નકલ કરીને ફરમાવ્યું છે કે દુઆ ન માંગનાર ઉપર અલ્લાહના કહેરની વઈદ એ સ્વરૂપમાં છે કે ન માંગનારો અભિમાન કરનાર અને પોતાને તેનાથી ઉપરવટ સમજતો હોય; જેમકે પ્રસ્તુત આયતમાં إِنَّ الَّذِينَ يَسْتَكْبِرُونَ ના શબ્દોથી સાબિત થાય છે.

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે દુઆથી કંટાળો નહીં કારણ કે દુઆની સાથે કોઈ હલાક નથી થતું. *(ઈબ્ને હબ્બાન, હાકિમ અન અનસ)*

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે દુઆ મો'મિનનું હથિયાર છે અને દીનનો સ્તંભ તથા આસમાન અને જમીનનો પ્રકાશ છે.

(હાકિમ, ફિલ મુસ્તદરક અન અબી હુરયરહ)

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જે વ્યક્તિ માટે દુઆના દરવાજા ખોલી દેવામાં આવ્યા તેના માટે રહમતના દરવાજા ખુલી ગયા અને અલ્લાહ તઆલા પાસે કોઈ દુઆ તેનાથી વધારે પ્રિય માંગવામાં નથી આવી કે માનવી તેની પાસે આફિયત (જરૂરિયાતોથી મુક્ત થવા)નો સવાલ કરે.

(તિરમિઝી, હાકિમ અન અબી હુરયરહ)

શબ્દ "આફિયત" ઘણો ગૂઢાર્થવાળો શબ્દ છે જેમાં આફતોથી રક્ષણ તથા દરેક જરૂરિયાતો પૂર્ણ થવું વગેરે સામેલ છે.

મસ્અલો :

કોઈ ગુનાહ અથવા સંબંધ વિચ્છેદ કરવાની દુઆ માંગવી હરામ છે, તે દુઆ અલ્લાહ તઆલા નજીક કબૂલ પણ નથી થતી.

(કમા ફિલ હદીષ, અન અબી સઈદ ખુદરી રદિ.)

દુઆની સ્વીકૃતીનો વાયદો :

પ્રસ્તુત આયતમાં એ વાયદો કરવામાં આવ્યો છે કે જે બંદો અલ્લાહ પાસે દુઆ માંગે છે તે કબૂલ થાય છે પરંતુ અમુક સમયે માનવી એવું પણ જુએ છે કે દુઆ માંગી અને તે કબૂલ થઈ નહીં, તેનો જવાબ એક હદીષમાં છે જે હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી નકલ થયો છે કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે મુસલમાન જે પણ દુઆ અલ્લાહ પાસે કરે છે અલ્લાહ તેને અર્પણ કરે છે એ શરતે કે તેમાં કોઈ ગુનાહ અથવા સંબંધ વિચ્છેદ કરવાની દુઆ ન હોય અને કબૂલ કરવાના ત્રણ સ્વરૂપોમાંથી કોઈ સ્વરૂપ હોય છે, એક એ કે જે માંગ્યું તે જ મળી જાય, બીજું એ કે તેની ઇચ્છિત વસ્તુના બદલામાં તેને આખિરતનો બદલો અથવા સવાબ આપવામાં આવે અને ત્રીજું એ કે માંગેલ વસ્તુ તો ન મળી પરંતુ કોઈ આફત અથવા મુસીબત તેના ઉપર આવવાની હતી તે ટળી ગઈ.

(મુસ્નદે અહમદ, મઝહરી)

દુઆ કબૂલ કરવાની શરતો :

પ્રસ્તુત આયતમાં તો કોઈ જાહેર શરત નથી એટલે સુધી કે મુસલમાન હોવું પણ દુઆ કબૂલ થવાની શરત સ્વરૂપે નથી, કાફિરની દુઆ પણ અલ્લાહ કબૂલ કરે છે એટલે સુધી કે ઇબ્લીસની કયામત સુધી જીવતા રહેવાની દુઆ કબૂલ થઈ ગઈ, ન તો દુઆ માટે કોઈ સમય શરત છે અને ન જ પાકી અથવા વુઝૂ સાથે હોવું શરત છે પરંતુ ભરોસાપાત્ર હદીષોમાં અમુક વસ્તુઓને કબૂલિયતના અવરોધો સ્વરૂપે દર્શાવાયા છે તે વસ્તુઓથી બચવું જરૂરી છે, જેમકે હદીષમાં અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અમુક વ્યક્તિ ઘણી મુસાફરી કરે છે અને આસમાન તરફ દુઆ માટે હાથ ઉઠાવે છે અને યા રબ ! યા રબ ! કહીને પોતાની જરૂરિયાત માંગે છે પરંતુ તેમનું ખાવું હરામ ! પીવું હરામ ! પોશાક હરામ ! તેમને હરામનો જ ખોરાક આપવામાં આવ્યો તો તેમની દુઆ કઈ રીતે કબૂલ થશે ?! *(રવાહુ મુસ્લિમ)*

એ જ પ્રમાણે બેદરકારી અને લાપરવાહી સાથે ધ્યાન આપ્યા વિના જ દુઆના શબ્દો પઢ્યા તો હદીષમાં તેના વિશે આવ્યું છે કે એવી દુઆ પણ કબૂલ થતી નથી. *(તિરમિઝી અન અબી હુરયરહ)*

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૬૧ થી ૬૮)

اَللّٰهُ الَّذِیْ جَعَلَ لَكُمُ الَّیْلَ لِتَسْكُنُوْا فِیْهِ وَالنَّهَارَ مُبْصِرًا ؕ اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ
عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَشْكُرُوْنَ ﴿٦١﴾ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ خَالِقُ كُلِّ شَیْءٍ ۘ
لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ فَاَنّٰى تُؤْفَكُوْنَ ﴿٦٢﴾ كَذٰلِكَ یُؤْفَكُ الَّذِیْنَ كَانُوْا بِاٰیٰتِ اللّٰهِ
یَجْحَدُوْنَ ﴿٦٣﴾ اَللّٰهُ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَرْضَ قَرَارًا وَّالسَّمَآءَ بِنَآءً وَّصَوَّرَكُمْ
فَاَحْسَنَ صُوَرَكُمْ وَرَزَقَكُمْ مِّنَ الطَّیِّبٰتِ ؕ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ ۚۖ فَتَبٰرَكَ
اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ ﴿٦٤﴾ هُوَ الْحَیُّ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ فَادْعُوْهُ مُخْلِصِیْنَ لَهُ
الدِّیْنَ ؕ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ﴿٦٥﴾ قُلْ اِنِّیْ نُهِیْتُ اَنْ اَعْبُدَ الَّذِیْنَ تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ لَمَّا جَآءَنِیَ الْبَیِّنٰتُ مِنْ رَّبِّیْ ؗ وَاُمِرْتُ اَنْ اُسْلِمَ لِرَبِّ
الْعٰلَمِیْنَ ﴿٦٦﴾ هُوَ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ مِنْ عَلَقَةٍ
ثُمَّ یُخْرِجُكُمْ طِفْلًا ثُمَّ لِتَبْلُغُوْۤا اَشُدَّكُمْ ثُمَّ لِتَكُوْنُوْا شُیُوْخًا ۚ وَمِنْكُمْ
مَّنْ یُّتَوَفّٰى مِنْ قَبْلُ وَلِتَبْلُغُوْۤا اَجَلًا مُّسَمًّى وَّلَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٦٧﴾ هُوَ
الَّذِیْ یُحْیٖ وَیُمِیْتُ ۚ فَاِذَا قَضٰۤى اَمْرًا فَاِنَّمَا یَقُوْلُ لَهٗ كُنْ فَیَكُوْنُ ﴿٦٨﴾

તરજુમો :

અલ્લાહ જ છે જેણે તમારા માટે રાત બનાવી કે તેમાં આરામ કરો અને દિવસ જોવા માટે (પ્રકાશિત) બનાવ્યો, અલ્લાહ તો લોકો ઉપર કૃપાવંત છે અને પરંતુ ઘણા લોકો પાડ માનતા નથી. (૬૧) તે અલ્લાહ જ છે તમારો પરવરદિગાર દરેક વસ્તુનો સર્જક, તેના સિવાય કોઈની બંદગી નથી, પછી ક્યાં અવળા જાઓ છો !? (૬૨) આ રીતે તે લોકો જ અવળા જાય છે જેઓ અલ્લાહની આયતોના ઈન્કારી થતા રહે છે. (૬૩) અલ્લાહ જ છે જેણે તમારા માટે જમીનને થોભવાનું સ્થળ (રહેઠાણ) બનાવ્યું અને આસમાનને

છત; અને તમારી શકલ બનાવી તો તમારી સારી શકલો બનાવી અને તમને પવિત્ર (સ્વચ્છ) વસ્તુઓ દ્વારા રોજી આપી, તે અલ્લાહ જ છે તમારો પરવરદિગાર; બસ અલ્લાહની મહાન બરકત છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૬૪) તે છે હયાત રહેનારો, તેના સિવાય કોઈ મઅ્બૂદ નથી; બસ તેની જ બંદગી ખાસ રાખી તેને પોકારો, સઘળા વખાણ અલ્લાહ માટે છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૬૫) તમે કહો કે મને મનાઈ કરી દીધી કે તેમની પૂજા કરું જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો જ્યારે મારી પાસે મારા પરવરદિગાર પાસેથી ખુલ્લી નિશાનીઓ પહોંચી ચૂકી અને મને હુકમ થયો કે સમગ્ર વિશ્વના પરવરદિગારને તા'બે રહું. (૬૬) તે જ છે જેણે તમને (ધૂળ)માટીથી બનાવ્યા, પછી પાણીના ટીપાથી, પછી બાઝી ગયેલા લોહીથી, પછી તમને બાળક (સ્વરૂપે) કાઢે છે, પછી જ્યાં સુધી કે પોતાના સંપૂર્ણ બળે (યુવાવસ્થાએ) પહોંચો, પછી જ્યાં સુધી કે વૃદ્ધ થઈ જાઓ અને કોઈ તમારામાં એવું છે કે એનાથી પહેલાં મૃત્યુ પામે છે અને જ્યાં સુધી કે લખેલા વાયદે પહોંચો અને જેથી તમે વિચારો ! (૬૭) તે જ છે જે જીવાડે છે અને મોત આપે છે, પછી જ્યારે કોઈ કાર્યનો હુકમ કરે તો તેને એવું જ કહે, "થઈ જા" તે થઈ જાય છે. (૬૮)

તફસીર :

અલ્લાહ જ છે જેણે તમારા (લાભ) માટે રાત બનાવી જેથી તમે તેમાં આરામ કરો અને તેણે જ દિવસને (જોવા માટે) પ્રકાશિત બનાવ્યો, (જેથી કોઈ અવરોધ વિના રોજી પ્રાપ્ત કરો) બેશક ! અલ્લાહ તઆલાની લોકો ઉપર ઘણી જ મોટી કૃપા છે (કે તેમની જરૂરિયાતોનું અને હિતોનું કેવું કેવું ધ્યાન રાખ્યું છે !) પરંતુ ઘણા લોકો (આ નેઅ્મતોનો) આભાર માનતા નથી (બલકે ઊલટાનું શિર્ક કરે છે) આ અલ્લાહ છે તમારો પરવરદિગાર (જેનું વર્ણન થયું, ન કે તે જેને તમે ઘડી રાખ્યા છે) તે (અલ્લાહ) દરેક વસ્તુનો પેદા કરનારો છે, તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી બસ (તવહીદની સાબિતી પછી) તમે લોકો ક્યાં (શિર્ક કરીને) ઊલટા ચાલી રહ્યા છો ! (અને તમારા ઉપસ્થિત લોકોની તેમાં શું વિશેષતા છે ? જે પ્રમાણે તમે પૂર્વગ્રહ અને દુશ્મનાવટના કારણે આવા અવળા ચાલી રહ્યા છો) એ જ પ્રમાણે તેઓ (આગલા) લોકો પણ અવળા ચાલ્યા કરતા હતા જેઓ

અલ્લાહની (તક્વીની અને નાઝિલ કરેલ) નિશાનીઓનો ઈન્કાર કર્યા કરતા હતા, અલ્લાહ જ છે જેણે જમીનને (મખ્લૂક માટે) થોભવાનું સ્થળ (રહેઠાણ) બનાવ્યું અને આસમાનને (ઉપર) છત (સમાન) બનાવ્યું અને તમારો આકાર બનાવ્યો, બસ ઉમદા સ્વરૂપ બનાવ્યું (તેથી માણસના અવયવો સમાન કોઈ પ્રાણીના અવયવોમાં સુમેળ નથી અને આ સાબિતી સર્વસ્વીકૃત છે) અને તમને ઉમદા ઉમદા ખાવાની વસ્તુઓ આપી (બસ), આ અલ્લાહ છે તમારો પરવરદિગાર; બસ મહાન ઊંચી શા'નવાળો છે, અલ્લાહ જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે તે જ (હંમેશા હંમેશ) જીવંત (રહેનાર) છે તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, બસ તમે (સૌ) માત્ર ખાસ ભરોસો કરી તેને જ પોકારો (અને શિર્ક ન કર્યા કરો) સઘળી ખુબીઓ તે જ અલ્લાહના માટે છે જે સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે, તમે (તે મુશ્રિકોને સંભળાવવા માટે) કહી આપો કે મને તેનાથી મનાઈ કરવામાં આવી છે કે હું તે(ભાગીદારો)ની ઈબાદત કરું જેને તમે અલ્લાહ સિવાય પોકારો છો જ્યારે કે મારી પાસે મારા પરવરદિગારની નિશાનીઓ આવી ચૂકી (તેનો ભાવાર્થ બૌદ્ધિક અને નાઝિલ થયેલ દલીલો છે, મતલબ એ છે કે શિર્કની મને મનાઈ કરવામાં આવી છે) અને મને એ હુકમ થયો છે કે હું (માત્ર) રબ્બુલ આલમીનની સામે (ઈબાદતમાં) ગરદન ઝુકાવી લઉં (મતલબ એ છે કે મને તો તવહીદનો હુકમ થયો છે) તે જ છે જેણે તમને (એટલે કે તમારા પિતા આદમ અલૈ.ને) માટીથી પેદા કર્યા, પછી (આગળ તેમની નસ્લને) નુત્ફહથી, પછી લોહીના લોથડાથી (જેમકે સૂરએ હજ્જમાં વર્ણન થયું છે), પછી તમને બાળક બનાવીને (માંના ગર્ભથી) કાઢે છે ત્યારબાદ (તમને જીવંત રાખે છે) જેથી તમે પોતાની યુવાનીએ પહોંચો પછી (તમને વધારે જીવંત રાખે છે) જેથી તમે વૃદ્ધ થઈ જાઓ અને કોઈ કોઈ તમારાથી (આ ઉંમરે એટલે કે યુવાની અને વૃદ્ધાવસ્થાથી) પહેલાં જ મૃત્યુ પામે છે (આ તો સૌની અલગ અલગ હાલત થઈ કે કોઈ યુવાન થયો કોઈ ન થયો, કોઈ વૃદ્ધ થયો કોઈ ન થયો) અને (આ બાબત ભવિષ્યમાં પણ બધા માટે સરખી છે કે તમારામાંથી દરેકને એક ખાસ જીવન આપે છે) જેથી તમે સૌ (પોતપોતાના) નિશ્ચિત સમય (મુકદ્દર) સુધી પહોંચી જાઓ (બસ આ બાબત બધા માટે એકસમાન છે ભલે તેના સ્વરૂપ જુદા જુદા હોય) અને (આ સઘળું એટલા માટે કર્યું) જેથી તમે લોકો (આ બાબતોમાં વિચાર કરીને અલ્લાહ

તઆલાની તવહીદને) સમજો ! તે જ છે જે જીવાડે છે અને મોત આપે છે, પછી જ્યારે તે કોઈ કામને (તત્કાળ) પુરું કરવા ઇચ્છે છે બસ તેના વિશે (એટલું) કહી આપે છે કે "થઈ જા" બસ તે થઈ જાય છે.

મસ્અલા અને બોધપાઠ :

પસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાના ઈનામો અને સંપૂર્ણ કુદરતના અમુક નજારાઓ રજુ કરીને તવહીદનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

جَعَلَ لَكُمُ الَّيْلَ لِتَسْكُنُوْا فِيْهِ وَالنَّهَارَ مُبْصِرًا વિચાર કરો કે કેટલી મહાન નેઅ્મત છે કે કુદરતે દરેક વર્ગના મનુષ્યો બલકે પ્રાણીઓ સુદ્ધાં માટે સ્વાભાવિક રીતે ઊંઘનો એક નિશ્ચિત સમય નક્કી કરી દીધો અને તે સમયને અંધારું કરીને ઊંઘ આવવાપાત્ર કરી દીધો અને સૌના સ્વભાવ તથા પ્રકૃતિમાં એ વણી દીધું કે તે જ સમયે એટલે કે રાત્રે જ ઊંઘ આવે છે નહિતર જે પ્રમાણે મનુષ્ય પોતાના કારોબાર માટે પોતપોતાની પ્રકૃતિ અને સહૂલત પ્રમાણે સમયનું આયોજન કરે છે જો ઊંઘ પણ એ જ પ્રમાણે તેના અધિકારક્ષેત્રમાં હોત અને દરેક માનવી પોતાની ઊંઘ માટેનું અલગ અલગ આયોજન કરતો હોત તો ન તો સૂનારાઓને ઊંઘનો આનંદ અને રાહત મળી હોત અને ન જ જાગૃત લોકોના કામનું વ્યવસ્થાપન વ્યવસ્થિત થઈ શક્યું હોત, કારણ કે માનવોની જરૂરિયાતો પરસ્પર એકબીજા સાથે જોડાયેલ હોય છે, જો ઊંઘના સમયો વિવિધ પ્રકારના હોત તો જાગૃત લોકોના કામ તેમાં દખલગીરી ઉત્પન્ન કરતા હોત, જે સમય સૂનારાઓ માટે નિશ્ચિત કરવામાં આવે સૂનારાઓના તે કાર્યો ખરાબ થઈ ગયા હોત જેનો સંબંધ જાગનારાઓ સાથે છે અને માત્ર માનવોની ઊંઘનો સમય નિશ્ચિત હોત, અન્ય પ્રાણીઓને બીજી મખ્લૂકના ઊંઘના સમયો જો ભિન્ન ભિન્ન હોત તો માનવોના કામોની વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોત.

وَصَوَّرَكُمْ فَاَحْسَنَ صُوَرَكُمْ માનવના સ્વરૂપને અલ્લાહ તઆલાએ બધા પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ અને વિશિષ્ટ પ્રકારનું ઉત્તમ આકારમાં બનાવ્યું છે, તેને વિચારવા અને સમજવા માટે બુદ્ધિ અર્પણ કરી છે, તેના હાથ પગ એવા બનાવ્યા કે તેના દ્વારા અનેક પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરીને પોતાની રાહતનો સામાન બનાવી લે છે, તેનું ખાવું પીવું પણ સામાન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ પ્રકારનું છે કે જાનવરો પોતાના મોઢાંથી ચરે છે અને પીએ છે, માનવી આ કાર્ય હાથોથી કરે છે,

સામાન્ય પ્રાણીઓનો ખોરાક પ્રકૃતિમાં છવાયેલ વસ્તુઓથી છે, કોઈ માંસ ખાય છે, કોઈ ઘાસ અને પાંડદા ખાય છે અને તે પણ બિલકુલ કાચા; તેનાથી વિપરીત માનવી કે તે પોતાના ખોરાકને વિવિધ પ્રકારની વસ્તુઓ, ફળો, લીલોતરી, માંસ વગેરેને મસાલેદાર, સ્વાદિષ્ટ અને આકર્ષક બનાવીને ખાય છે, એક એક ફળ વડે અનેક પ્રકારના ખોરાક અચાર, મુરબ્બા, ચટણી વગેરે તૈયાર કરે છે.

فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૬૯ થી ૭૮)

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ اٰيٰتِ اللّٰهِ ؕ اَنّٰى يُصْرَفُوْنَ ﴿٦٩﴾ الَّذِيْنَ كَذَّبُوْا
بِالْكِتٰبِ وَبِمَآ اَرْسَلْنَا بِهٖ رُسُلَنَا ۫ فَسَوْفَ يَعْلَمُوْنَ ۙ﴿٧٠﴾ اِذِ الْاَغْلٰلُ فِيْٓ اَعْنَاقِهِمْ
وَالسَّلٰسِلُ ؕ يُسْحَبُوْنَ ۙ﴿٧١﴾ فِي الْحَمِيْمِ ۙ ثُمَّ فِي النَّارِ يُسْجَرُوْنَ ۚ﴿٧٢﴾ ثُمَّ قِيْلَ لَهُمْ اَيْنَ
مَا كُنْتُمْ تُشْرِكُوْنَ ۙ﴿٧٣﴾ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قَالُوْا ضَلُّوْا عَنَّا بَلْ لَّمْ نَكُنْ نَّدْعُوْا مِنْ
قَبْلُ شَيْـًٔا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ الْكٰفِرِيْنَ ﴿٧٤﴾ ذٰلِكُمْ بِمَا كُنْتُمْ تَفْرَحُوْنَ
فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَبِمَا كُنْتُمْ تَمْرَحُوْنَ ۚ﴿٧٥﴾ اُدْخُلُوْٓا اَبْوَابَ جَهَنَّمَ
خٰلِدِيْنَ فِيْهَا ۚ فَبِئْسَ مَثْوَى الْمُتَكَبِّرِيْنَ ﴿٧٦﴾ فَاصْبِرْ اِنَّ وَعْدَ اللّٰهِ
حَقٌّ ۚ فَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِيْ نَعِدُهُمْ اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِلَيْنَا يُرْجَعُوْنَ ﴿٧٧﴾ وَلَقَدْ
اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ مِنْهُمْ مَّنْ قَصَصْنَا عَلَيْكَ وَمِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ
عَلَيْكَ ؕ وَمَا كَانَ لِرَسُوْلٍ اَنْ يَّاْتِيَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ۚ فَاِذَا جَآءَ اَمْرُ اللّٰهِ قُضِيَ
بِالْحَقِّ وَخَسِرَ هُنَالِكَ الْمُبْطِلُوْنَ ﴿٧٨﴾ ع

તરજુમો :

તમે તેમને જોયા નથી જેઓ અલ્લાહની આયતોમાં ઝઘડે છે ? ક્યાં અવળા

જઈ રહ્યા છે !? (૬૯) તે લોકો કે જેમણે આ કિતાબને જૂઠાડી (કુર્આનને જૂઠાડયું) અને તેને જે અમે પોતાના રસૂલો સાથે મોકલ્યું; બસ (અંતે) તેઓ જાણી લેશે (૭૦) જ્યારે તેમની ગરદનોમાં તોક પડે અને સાંકળો પણ, ઘસેડવામાં આવે (૭૧) છછરતા પાણીમાં, પછી તેમને આગમાં ઝોંકી દેવામાં આવે. (૭૨) પછી તેમને કહેવામાં આવે, ક્યાં ગયા તેઓ જેમને તમે ભાગીદાર ઠેરવ્યા કરતા હતા (૭૩) અલ્લાહના સિવાય ? તેઓ કહેશે, તેઓ અમારી પાસેથી ગુમ થઈ ગયા, બલકે અમે તો (જાણે) કોઈ વસ્તુને પોકારતા જ ન હતા; આ જ પ્રમાણે અલ્લાહ કાફિરોને માર્ગ ભટકાવે છે. (૭૪) આ તેનો બદલો જે તમે જમીનમાં નાહક ઈતરાતા ફરતા હતા અને તેનો જે તમે અભિમાન કરતા હતા. (૭૫) દોઝખના દરવાજાઓમાં દાખલ થઈ જાઓ તેમાં સદાય રહેવા માટે; બસ અભિમાનીઓનું કેવું બુરું ઠેકાણું છે! (૭૬) (હે નબી ﷺ !) બસ તમે ધીરજ ધરો બેશક અલ્લાહનો વાયદો સત્ય છે, પછી જો અમે તમને કોઈ વાયદો બતાવી આપીએ જે અમે તેમનાથી કરીએ છીએ અથવા તમને વફાત આપીએ, દરેક પરિસ્થિતિમાં અમારા જ તરફ પાછા વળીને આવશે. (૭૭) અને અલબત્ત અમે તમારાથી અગાઉ ઘણા રસૂલ મોકલ્યા, અમુક તેમનામાં તે છે કે અમે તેમના અહેવાલ તમને સંભળાવ્યા અને અમુકના નથી સંભળાવ્યા અને કોઈ રસૂલની શક્તિમાં ન હતું કે અલ્લાહના હુકમ સિવાય કોઈ નિશાની (મોઅ્જિઝો) લઈ આવે ! પછી જ્યારે અલ્લાહનો હુકમ આવ્યો, ન્યાયપૂર્વક ફેંસલો થઈ ગયો અને તે વેળા જૂઠાઓ નુકસાનમાં પડયા. (૭૮)

તફસીર :

શું તમે તે લોકો(ના હાલ હવાલ)ને નથી જોયા જે અલ્લાહ તઆલાની આયતોમાં ઝઘડો કાઢે છે ? ક્યાં અવળા જઈ રહ્યા છે ?! જે લોકોએ આ કિતાબને જૂઠાડી (એટલે કે કુર્આનને) અને તે વસ્તુને પણ (જૂઠાડયું) જે અમે પોતાના પયગમ્બરોને આપી મોકલ્યા હતા (તેમાં કિતાબો, હુકમો અને મોઅ્જિઝાઓ બધું સામેલ છે, કારણ કે અરબના મુશ્રિકો અન્ય કોઈ પયગમ્બરને પણ માનતા ન હતા) બસ તેમને હમણા (એટલે કે કયામતમાં કે તે નજીક જ છે) ખબર થઈ જશે જ્યારે તેમની ગરદનોમાં તોક હશે અને (તે તોકોમાં) સાંકળો (પરોવેલી હશે

જેનો બીજો છેડો ફરિશ્તાઓના હાથમાં હશે અને તેઓ સાંકળોથી) તેમને ઘસેડીને ઊકળતા પાણીમાં પહોંચાડશે પછી તેઓને આગમાં ઝોંકી દેવામાં આવશે, પછી તેમને પૂછવામાં આવશે કે તે અલ્લાહ સિવાયના (મઅ્બૂદો) ક્યાં ગયા જેમને તમે (અલ્લાહના) ભાગીદાર ઠરાવતા હતા ? (એટલે કે તમારી મદદે કેમ નથી આવતા ?) તેઓ કહેશે કે તે તો સૌ અમારાથી ગાયબ થઈ ગયા બલકે (સાચી વાત તો એ છે કે) અમે પહેલાં (દુનિયામાં જે પ્રમાણે મૂર્તિઓને પૂજતા હતા અને હવે તો અમને જાણ થઈ ગઈ કે) કોઈને પણ પૂજતા ન હતા (એટલે કે જાણ થઈ ગઈ કે તે કોઈ વસ્તુ ન હતી, માત્ર નિરર્થક વસ્તુ હતી અને આવી વાત ભૂલ જાહેર થવાના સમયે કહેવામાં આવે છે જેમકે કોઈ વ્યક્તિ વેપારમાં નુકસાન ઉઠાવે અને તેને પૂછવામાં આવે કે તમે ફલાણા માલનો વેપાર કર્યા કરો છો અને તે કહેશે કે હું તો કોઈ વેપાર જ નથી કરતો, એટલે કે જ્યારે તેનો લાભ જ ન હોય તો એવું સમજવું જોઈએ કે જાણે કોઈ પ્રવૃત્તિ જ નથી કરી, આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે) અલ્લાહ તઆલા એ જ પ્રમાણે કાફિરોને ભૂલમાં ફસાવી રાખે છે (કે જે વસ્તુ નિરર્થક અને લાભવિહોણી હોવાનો પોતે ત્યાં એકરાર કરશે, આજે તેઓ અહીંયાં દુનિયામાં તેમની પૂજામાં મશ્ગૂલ છે, ઈરશાદ થશે કે) આ (સજા) તેના બદલામાં છે કે તમે દુનિયામાં નાહક ખુશીઓ મનાવતા હતા અને તેના બદલામાં છે કે તમે ઈતરાતા હતા (અને તેના પહેલાં તેમને હુકમ થશે) કે જહન્નમના દરવાજાઓમાં ઘુસો (અને) હંમેશા હંમેશ તેમાં રહો, બસ (અલ્લાહની આયતો ઉપર) અભિમાન કરનારાઓનું તે બુરું ઠેકાણું છે (અને જ્યારે તેમની પાસેથી આ પ્રમાણે બદલો લઈ લેવામાં આવશે) તો તમે (થોડી) ધીરજ ધરો, બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે પછી જે (અઝાબ)નો અમે તેમને વાયદો કરી રહ્યા છે (કે કુફ્ર એક અઝાબ આવવાનું કારણ છે) તેમાં કંઈ થોડો (અઝાબ) જો અમે તમને બતાવીએ (એટલે કે આપ ﷺની હયાતીમાં તેમના ઉપર નાઝિલ થઈ જાય) અથવા (તે આવતા પહેલાં જ) અમે તમને વફાત આપી દઈએ (પછી ભલે તે પાછળથી આવે અથવા ન આવે) બસ (બંને સંભાવનાઓ છે, કોઈ શંકા જરૂરી નથી પરંતુ દરેક પરિસ્થિતિ અને દરેક શક્યતા ઉપર) તેમને અમારી પાસે આવવાનું હશે (અને તે સમયે નિશ્ચિત તેમના ઉપર અઝાબ થોપવામાં આવશે) અને (એ વાતને યાદ કરીને પણ સાંત્વના પ્રાપ્ત કરો કે) અમે તમારાથી પહેલાં

ઘણા પયગમ્બર મોકલ્યા જેમનામાં અમુક તો તે છે કે તેમના કિસ્સા અમે તમને (ટૂંકમાં અથવા વિગતવાર) વર્ણન કર્યા છે અને અમુક તે છે જેમનું અમે તમને વર્ણન નથી કર્યું અને (આટલી બાબત તે સૌમાં સરખી છે કે) કોઈ રસૂલથી એ ન થઈ શક્યું કે કોઈ મોઅ્જિઝો અલ્લાહના હુકમ વિના જાહેર થઈ શકે (અને ઉમ્મતની દરેક દરખાસ્ત પૂરી કરી શકે, બસ અમુક એટલા માટે પણ તેમને જૂઠાડતા રહ્યા, એ જ પ્રમાણે આ લોકો આપ ﷺને જૂઠાડે છે તો તમે તસલ્લી રાખો અને ધીરજ ધરો) પછી જે સમયે અલ્લાહનો (અઝાબ નાઝિલ થવા માટેનો) હુકમ આવશે (ભલે તે દુનિયામાં અથવા આખિરતમાં અલ્લાહના ફરમાન પ્રમાણે فَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِىْ نَعِدُهُمْ) તો ઠીક ઠીક (અમલી) ફેંસલો થઈ જશે અને તે સમયે જૂઠાઓ નુકસાનમાં રહી જશે.

મસ્અલા અને બોધપાઠ :

يُسْحَبُوْنَ فِى الْحَمِيْمِ ثُمَّ فِى النَّارِ يُسْجَرُوْنَ માં શબ્દ حَمِيْمُ (હમીમ) એ "છછળતું પાણી" છે. આ આયતનો ભાવાર્થ એ થાય છે કે જહન્નમવાળાઓને પ્રથમ "હમીમ" એટલે કે છછળતા પાણીમાં નાંખવામાં આવશે ત્યારબાદ جَحِيْم (જહીમ) એટલે કે "જહન્નમ"માં અને દેખીતું છે કે તેનો એ ભાવાર્થ થાય છે કે "હમીમ" જહન્નમથી બહાર કોઈ સ્થળ છે. સૂરએ સાફ્ફાતની આયત ثُمَّ اِنَّ مَرْجِعَهُمْ لَاِ۟لَى الْجَحِيْمِ થી પણ આ જ ભાવાર્થ નીકળે છે કે "હમીમ" જહન્નમની બહાર કોઈ સ્થળે છે. જહન્નમવાળાઓને તેનું પાણી પીવાડવા માટે લાવવામાં આવશે, પછી જહન્નમમાં પાછા લઈ જવામાં આવશે અને કુર્આનની અમુક આયતોથી જાણ થાય છે કે હમીમ પણ જહન્નમમાં જ છે, જેમકે هٰذِهٖ جَهَنَّمُ الَّتِىْ يُكَذِّبُ بِهَا الْمُجْرِمُوْنَ يَطُوْفُوْنَ بَيْنَهَا وَبَيْنَ حَمِيْمٍ اٰنٍ ط (૫૫:૪૩-૪૪) તેમાં ખુલાસો છે કે હમીમ પણ જહન્નમની અંદર છે.

વિચાર કરવાથી જાણ થાય છે કે આ બંને બાબતોમાં કોઈ વિરોધાભાસ નથી, જહન્નમમાં ઘણા બધા વિભાગો હશે જેમાં પ્રકાર પ્રકારના અઝાબ હશે તેમાંથી એક વિભાગ હમીમ પણ હોઈ શકે છે, તેના વિશિષ્ટ અને ભિન્ન પ્રકારના હોવાથી જહન્નમથી અલગ હોવાનું પણ કહી શકાય છે અને કારણ કે એ પણ જહન્નમનો જ એક વિભાગ છે એટલા માટે તેને જહન્નમ પણ કહી શકાય છે.

ઇબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે જહન્નમવાળાઓને સાંકળોમાં બાંધીને ક્યારેક ઘસેડીને હમીમમાં નાંખવામાં આવશે તો ક્યારેક જહન્નમમાં.

قَالُوا ضَلُّوا عَنَّا એટલે કે જહન્નમમાં પહોંચીને મુશ્રિકો કહેશે, તે મૂર્તિઓ અને શયતાનો જેની અમે પૂજા કર્યા કરતા હતા આજે ગાયબ થઈ ગયા. ભાવાર્થ એ છે કે તે અમને દેખાતા નથી, જો કે તેઓ પણ જહન્નમના કોઈ ખૂણામાં પડયા હોઈ શકે છે જેમકે કુર્આનની બીજી આયતોથી તેમનું જહન્નમમાં હોવું સાબિત થાય છે. اِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ (૨૧:૯૮)

بِمَا كُنْتُمْ تَفْرَحُوْنَ فِى الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَبِمَا كُنْتُمْ تَمْرَحُوْنَ માં શબ્દ تَفْرَحُوْنَ (તફ્રહૂન) એ فَرَحْ (ફરહ)થી બને છે જેનો અર્થ "ખુશ થવું અથવા આનંદિત થવું" થાય છે અને تَمْرَحُوْنَ (તમ્રહૂન) એ مَرَحْ (મરહ)થી બને છે જેનો અર્થ "ઇતરાવું અથવા માલ દોલત ઉપર ગર્વ અને ઘમંડ કરીને અન્યોના હકો અદા કરવામાં ઉણપ રાખવી" થાય છે. "મરહ" (ગર્વ અને અભિમાન) તો સદંતર નીંદનીય અને હરામ છે અને "ફરહ" એટલે કે ખુશી અને આનંદની વિગત એ છે કે માલ દોલતના નશામાં અલ્લાહ તઆલાને ભૂલીને ભૌતિક અય્યાશીઓમાં રાચવું અને તેના ઉપર ખુશ થવું; એ તો હરામ અને નાજાઇઝ છે અને આ આયતમાં તે જ ફરહ ભાવાર્થ સ્વરૂપે છે, જેમકે કારૂનના કિસ્સામાં પણ "ફરહ" આ જ અર્થમાં આવ્યું છે. لَا تَفْرَحْ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْفَرِحِيْنَ (૨૮:૭૬) એટલે કે, ઘણો ખુશ ન થા અલ્લાહ તઆલા ખુશ થનારાઓ (અય્યાશો)ને પસંદ કરતો નથી અને બીજા પ્રકારનું "ફરહ" એ છે કે દુનિયાની નેઅ્મતો અને રાહતોને અલ્લાહ તઆલાનું ઇનામ સમજીને તેના ઉપર ખુશી અને આનંદ જાહેર કરે એ જાઇઝ છે; બલકે મુસ્તહબ અને ઇચ્છનીય છે, એ જ પ્રકારના "ફરહ" વિશે કુર્આને કરીમે ફરમાવ્યું, فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا (૧૦:૫૮) એટલે કે તેના ઉપર ખુશ થવું જોઈએ. પ્રસ્તુત આયતમાં "મરહ"ની સાથે કોઈ શરત નથી લગાવી, બલકે તે દરેક પરિસ્થિતિમાં અઝાબનું કારણ છે અને ફરહની સાથે بِغَيْرِ الْحَقِّ (બિગયરિલ હક્કિ) "નાહક"ની શરત લગાવીને બતાવ્યું કે નાહક અને નાજાઇઝ અય્યાશીઓ ઉપર ખુશ થવું હરામ છે તથા જાઇઝ નેઅ્મતો ઉપર શુક્રિયા સ્વરૂપે ખુશ થવું ઇબાદત અને સવાબ છે.

فَاصْبِرْ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَاِمَّا نُرِيَنَّكَ.... આ આયતથી જાણ થાય છે કે

રસૂલે કરીમ ﷺ ખુશી સાથે એ બાબતનો ઈન્તેઝાર કરતા હતા કે કાફિરોને અઝાબ મળે એટલા માટે તેમની તસલ્લી માટે આ આયતમાં એવું કહેવામાં આવ્યું છે કે તમે થોડી ધીરજ ધરો, અલ્લાહે તેમના માટે જે અઝાબનો વાયદો કર્યો છે તે અવશ્ય પૂરો થશે ભલે તે તમારી હયાતીમાં જ થાય અથવા તમારી વફાત પછી. કાફિરો માટે અઝાબની રાહ જોવી દેખીતી રીતે રહમતુલ્લિલ્ આલમીન (સમગ્ર વિશ્વ માટે રહમત)ની શા'નના વિરુદ્ધ છે પરંતુ જ્યારે મુજરિમોને સજા દેવાનો હેતુ જે અપરાધી નથી અને જેમના ઉપર જુલમ કરવામાં આવ્યો છે તેમને સાંત્વના દેવાનો હોય ત્યારે મુજરિમોને સજા એ કૃપા અથવા લાગણીના વિરુદ્ધ નથી, કોઈ અપરાધીને સજા આપવી કોઈના પણ સમીપ દયા વિરુદ્ધ સમજવામાં આવતું નથી.

આયતો : (સૂરએ મુઅ્મિન : આયત નં. ૭૯ થી ૮૫)

اَللّٰهُ الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَنْعَامَ لِتَرْكَبُوْا مِنْهَا وَمِنْهَا تَاْكُلُوْنَ ﴿٧٩﴾ وَلَكُمْ فِيْهَا مَنَافِعُ وَ
لِتَبْلُغُوْا عَلَيْهَا حَاجَةً فِيْ صُدُوْرِكُمْ وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ تُحْمَلُوْنَ ﴿٨٠﴾ وَيُرِيْكُمْ اٰيٰتِهٖ
فَاَيَّ اٰيٰتِ اللّٰهِ تُنْكِرُوْنَ ﴿٨١﴾ اَفَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ
عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۭ كَانُوْٓا اَكْثَرَ مِنْهُمْ وَاَشَدَّ قُوَّةً وَّاٰثَارًا فِي الْاَرْضِ
فَمَآ اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٢﴾ فَلَمَّا جَاۗءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَرِحُوْا
بِمَا عِنْدَهُمْ مِّنَ الْعِلْمِ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٨٣﴾ فَلَمَّا
رَاَوْا بَاْسَنَا قَالُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَحْدَهٗ وَكَفَرْنَا بِمَا كُنَّا بِهٖ مُشْرِكِيْنَ ﴿٨٤﴾
فَلَمْ يَكُ يَنْفَعُهُمْ اِيْمَانُهُمْ لَمَّا رَاَوْا بَاْسَنَا ۭ سُنَّتَ اللّٰهِ الَّتِيْ قَدْ خَلَتْ فِيْ
عِبَادِهٖ ۚ وَخَسِرَ هُنَالِكَ الْكٰفِرُوْنَ ﴿٨٥﴾ ع

તરજુમો :

અલ્લાહ જ છે જેણે તમારા માટે પશુઓ બનાવ્યા જેથી અમુક ઉપર સવારી

કરો અને અમુકને તમે ખાઓ છો. (૭૯) અને તેમનામાં તમારા માટે ઘણા લાભ છે અને જેથી તમે તેમના ઉપર સવારી કરી કોઈ જરૂરિયાત સુધી પહોંચો જે તમારા મનમાં હોય; અને તેમના ઉપર તથા વહાણો ઉપર લદાયેલા ફરો છો. (૮૦) અને તમને પોતાની નિશાનીઓ બતાવે છે, પછી પોતાના પરવરદિગારની કઈ કઈ નિશાનીઓને નહીં માનો !? (૮૧) શું તેઓ જમીનમાં ફર્યા નથી કે જોઈ લીધું હોત તેમનાથી આગલાઓનો કેવો અંજામ થયો ? તેઓ તેમનાથી વધારે હતા અને બળમાં કઠોર અને નિશાનીઓમાં જે તેઓ જમીન ઉપર છોડી ગયા છે, પછી તેમના કંઈ જ કામ ન આવ્યું જે તેઓ કમાતા હતા. (૮૨) પછી જ્યારે તેમની પાસે તેમના રસૂલો ખુલ્લી નિશાનીઓ લઈને પહોંચ્યા તો જે તેમની પાસે ખબર હતી તેના ઉપર ઈતરાવા લાગ્યા; અને તેમના ઉપર તે વસ્તુ ઊંધી વળી જેના ઉપર તેઓ ઠઠ્ઠો(મશ્કરી) કરતા હતા. (૮૩) પછી જ્યારે તેમણે અમારી આફતને જોઈ લીધી; બોલ્યા, અમે ઈમાન લાવ્યા એકલા અલ્લાહ ઉપર અને અમે તે વસ્તુઓને છોડી દીધી જેમને અમે તેના ભાગીદાર ઠરાવતા હતા. (૮૪) પછી તેમનું ઈમાન લાવવું તેમને કંઈ કામ ન લાગ્યું જે સમયે અમારો અઝાબ જોઈ ચૂક્યા, અલ્લાહની સુન્નત (ટેવ) છે જે તેના બંદાઓમાં ચાલી આવે છે અને તે સમયે કાફિરો નુકસાનમાં રહી ગયા. (૮૫)

તફસીર :

અલ્લાહ જ છે જેણે તમારા માટે પશુઓ બનાવ્યા જેથી તેમનામાં અમુકથી સવારીનું કામ લો અને તેમનામાં અમુક (એવા છે કે તેઓ)ને ખાઓ છો અને તમારા માટે તેમાં અન્ય પણ ઘણા લાભો છે (કે તેમના વાળ અને ઊન કામ લાગે છે) અને (તેમને એટલા માટે બનાવ્યા) જેથી તમે તેમના ઉપર (સવાર થઈને) પોતાના હેતુએ પહોંચો જે તમારા દિલોમાં છે (જેમકે કોઈને મળવા માટે જવું અથવા વેપાર માટે જવું વગેરે વગેરે) અને (સવાર થવામાં કંઈ એ જ એકલા ખાસ નથી બલકે) તેમના ઉપર (પણ) અને વહાણ ઉપર (પણ) લાદેલા લદાયેલા ફરો છો અને (તેમના સિવાય) તમને પોતાની (કુદરતની) અન્ય નિશાનીઓ બતાવતો રહે છે (એટલા માટે દરેક ઉત્પન્ન થયેલ વસ્તુ તેની

કારીગીરીની એક નિશાની છે) બસ તમે અલ્લાહની કઈ કઈ નિશાનીઓનો ઈન્કાર કરશો ? (અને આ લોકો જે દલીલો સ્થાપિત થયા પછી પણ તવહીદના ઈન્કારી છે તો શું તેમને શિર્કના વબાલની ખબર નથી ? અને) શું તે લોકોએ દેશમાં ચાલી (હરી)ફરી જોયું નથી કે જે (મુશ્રિક) લોકો તેમનાથી અગાઉ થઈ ચૂક્યા છે (તેમના શિર્કના કારણે) તેમનું કેવું પરિણામ આવ્યું ? (જ્યારે કે) તે લોકો તેમનાથી (સંખ્યામાં પણ) વધેલા હતા અને બળ તથા નિશાનોમાં (પણ) કે જે પૃથ્વી ઉપર છોડી ગયા છે (દાખલા તરીકે ઈમારતો વગેરેમાં પણ) વધેલા હતા, બસ તેમની (આ બધી) કમાઈ તેમને કંઈ કામ ન લાગી (અને અલ્લાહના અઝાબથી ન બચી શક્યા) મતલબ કે જ્યારે તેમના પયગમ્બર તેમની પાસે ખુલ્લી દલીલો લઈને આવ્યા તો તે લોકો પોતાના (આ આર્થિક ઉપાર્જનના) જ્ઞાન ઉપર ઘણા ગર્વિષ્ઠ થયા જે તેમને પ્રાપ્ત હતું (એટલે કે આર્થિક ઉપાર્જનને જ હેતુ સમજીને તેમાં જે તેમણે પ્રવીણતા પ્રાપ્ત કરી હતી તેના ઉપર ખુશ થયા અને આખિરતનો ઈન્કાર કરીને તેને પ્રાપ્ત કરવાને પાગલપણું ઠરાવવા લાગ્યા તથા તેના ઈન્કાર ઉપર અઝાબની ધમકીનો ઠઠ્ઠો કર્યો) અને (તેના વબાલમાં) તેમના ઉપર તે અઝાબ આવી પડયો જેના વડે તે ઠઠ્ઠો મશ્કરી કરતા હતા પછી જ્યારે તેમણે અમારો અઝાબ જોયો તો કહેવા લાગ્યા (હવે) અમે એકલા અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા અને તે બધી વસ્તુઓથી ઈન્કારી થયા જેને અમે તેની સાથે ભાગીદાર ઠરાવતા હતા બસ તેમનું આ ઈમાન લાવવું લાભદાયક ન થયું જ્યારે કે તેમણે અમારો અઝાબ જોઈ લીધો (કારણ કે તે ઈમાને ઈજ્તેરારી –મજબૂરીની હાલતમાં છે અને બંદો ઈમાને ઈખ્તિયારી –સ્વૈચ્છિક ઈમાન લાવવાનો જવાબદાર છે) અલ્લાહ તઆલાએ પોતાનો આ જ નિયમ નક્કી કર્યો છે જે તેના બંદાઓમાં પ્રથમથી થતો ચાલ્યો આવે છે અને તે સમયે (એટલે કે જ્યારે તેમનું ઈમાન લાભદાયક ન થયું) કાફિરો નુકસાનમાં રહી ગયા (બસ આ મુશ્રિકોએ પણ એવું સમજીને ડરવું જોઈએ કે તેમના માટે પણ એવું જ થશે પછી કોઈ મા'ફીની શક્યતા નથી).

મસ્અલા અને બોધપાઠ :

فَرِحُوا بِمَا عِنْدَهُمْ مِّنَ الْعِلْمِ એટલે કે તે મૂર્ખ કાફિરોની પાસે જ્યારે

અલ્લાહ તઆલાના રસૂલ તવહીદ અને ઈમાનની સ્પષ્ટ દલીલો લઈને આવ્યા તો એ લોકો પોતાના જ્ઞાનને અંબિયા (અલૈ.)ના લાવેલ જ્ઞાનથી ઉત્તમ અને સત્ય સમજીને અંબિયા (અલૈ.)ના કલામને રદ કરવા લાગ્યા, આ જ્ઞાન જેના ઉપર કાફિરો ખુશ અને મગ્ન હતા અને તેના મુકાબલામાં અંબિયા (અલૈ.)ના જ્ઞાનને રદ કરતા હતા યા તો તેમની મૂર્ખામી પરાકાષ્ઠાએ હતી કે અસત્ય અને જૂઠને સત્ય તથા સાચું સમજી બેઠા હતા જેમકે યુનાની ફિલોસોફીના મોટા ભાગના જ્ઞાન અને સંશોધનો જે અલ્લાહ તઆલાના અસ્તિત્વ સંબંધી છે તેનો જ નમૂનો છે જેની કોઈ દલીલ નથી, તેને અજ્ઞાનતાની પરાકાષ્ઠા કહી શકાય છે, તેમનું નામ જ્ઞાન રાખવું જ જ્ઞાનનું અપમાન છે અથવા તો પછી તેમના આ જ્ઞાનથી ભાવાર્થ દુનિયાના વેપાર, ઉદ્યોગ ધંધા વગેરેનું જ્ઞાન છે જેમાં આ લોકો વાસ્તવમાં પારંગત હતા અને કુર્આને કરીમમાં તેમના આ જ્ઞાનનું વર્ણન સૂરએ રૂમની આયતમાં આ પ્રમાણે આવ્યું છે, يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ (૩૦:૭) એટલે કે આ લોકો દુનિયાની જાહેર જિંદગી અને તેના લાભ પ્રાપ્ત કરવાને તો કંઈ જાણે સમજે છે પરંતુ આખિરત જ્યાં હંમેશા રહેવાનું છે અને જ્યાંની રાહત અને તકલીફ જે કાયમી છે તેનાથી બિલકુલ અજાણ અને ગાફેલ છે. આ આયતમાં પણ જો આ જ દુનિયાનું જાહેર જ્ઞાન ભાવાર્થ સ્વરૂપે લેવામાં આવે તો અર્થ એ થશે કે આ લોકો કારણ કે કયામત અને આખિરતના ઇન્કારી અને ત્યાંની રાહત અને તકલીફથી અજાણ અને ગાફેલ છે એટલા માટે પોતાની આ જ જાહેર ખુશહાલી ઉપર ખુશ અને મગ્ન થઈને અંબિયા (અલૈ.)ના જ્ઞાન તરફ ધ્યાન આપતા નથી. *(મઝહરી)*

فَلَمْ يَكُ يَنْفَعُهُمْ اِيْمَانُهُمْ એટલે કે, અઝાબ સામે આવી ગયા પછી આ લોકો ઈમાનનો એકરાર કરી રહ્યા છે પરંતુ તે સમયનું ઈમાન અલ્લાહ સમીપ સ્વીકાર્ય અને ભરોસાપાત્ર નથી. હદીષમાં છે, يَقْبَلُ اللّٰهُ تَوْبَةَ الْعَبْدِ مَالَمْ يُغَرْغِرْ (ઇબ્ને કષીર) એટલે કે અલ્લાહ તઆલા બંદાની તવબહ તે સમય પહેલાં કબૂલ કરે છે જે સમયે રૂહ નીકળે અને મોતનો ગળગળો સામે આવી જાય, એ જ પ્રમાણે આસમાની અઝાબના સામે આવી ગયા પછી પણ કોઈની તવબહ અને ઈમાન કબૂલ થતું નથી.

اَللّٰهُمَّ اِنَّا نَسْئَلُكَ الْعَفْوَ وَالْعَافِيَةَ وَالتَّوْبَةَ قَبْلَ الْمَوْتِ وَالْيُسْرَ وَالْمُعَافَاةَ عِنْدَ
الْمَوْتِ وَالْمَغْفِرَةَ وَالرَّحْمَةَ بَعْدَ الْمَوْتِ بِبَرَكَةِ اٰلِ حٰمٓ وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلَى
النَّبِيِّ الْكَرِيْمِ ؕ

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ મુઅ્મિન પૂર્ણ થઈ.

તા. ૧૩ રબિઊલ આખર, શનિવાર, હિજરી સન ૧૩૯૨

□□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ મુઅ્મિનનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૧૪ ઓક્ટોબર ૨૦૧૦ મુતાબિક ૫ જિલ્કદ ૧૪૩૧ હિજરી.

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ (ખાનપુરી)

પ્રકરણ (૪૧)

સૂરએ હા-મીમ સજદહ

સૂરએ હા-મીમ સજદહ મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૫૪ આયતો અને ૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : આયત નં. ૧ થી ૮)

اٰياتها ٥٤ | ٤١ سُوۡرَةُ حٰمٓ السَّجۡدَةِ مَكِّيَّةٌ ٦١ | ركوعاتها ٦

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ○

حٰمٓ ۚ﴿١﴾ تَنۡزِيۡلٌ مِّنَ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۚ﴿٢﴾ كِتٰبٌ فُصِّلَتۡ اٰيٰتُهٗ قُرۡاٰنًا عَرَبِيًّا
لِّقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ۙ﴿٣﴾ بَشِيۡرًا وَّنَذِيۡرًا ۚ فَاَعۡرَضَ اَكۡثَرُهُمۡ فَهُمۡ لَا يَسۡمَعُوۡنَ ﴿٤﴾
وَقَالُوۡا قُلُوۡبُنَا فِيۡۤ اَكِنَّةٍ مِّمَّا تَدۡعُوۡنَاۤ اِلَيۡهِ وَفِيۡۤ اٰذَانِنَا وَقۡرٌ وَّمِنۡۢ بَيۡنِنَا
الثلثة وَبَيۡنِكَ حِجَابٌ فَاعۡمَلۡ اِنَّنَا عٰمِلُوۡنَ ﴿٥﴾ قُلۡ اِنَّمَاۤ اَنَا بَشَرٌ مِّثۡلُكُمۡ يُوۡحٰۤى اِلَىَّ
اَنَّمَاۤ اِلٰهُكُمۡ اِلٰهٌ وَّاحِدٌ فَاسۡتَقِيۡمُوۡۤا اِلَيۡهِ وَاسۡتَغۡفِرُوۡهُ ؕ وَوَيۡلٌ لِّلۡمُشۡرِكِيۡنَ ۙ﴿٦﴾
الَّذِيۡنَ لَا يُؤۡتُوۡنَ الزَّكٰوةَ وَهُمۡ بِالۡاٰخِرَةِ هُمۡ كٰفِرُوۡنَ ﴿٧﴾ اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا
ع وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمۡ اَجۡرٌ غَيۡرُ مَمۡنُوۡنٍ ﴿٨﴾ ع

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) ઘણા મહેરબાન રહમવાળા તરફથી ઉતારેલ છે. (૨) એક કિતાબ છે કે જુદી જુદી કરી છે અરબી ભાષાના કુર્આનની આયતો સમજદાર કોમ માટે. (૩) ખુશખબરી અને ડર સંભળાવનાર પરંતુ તે ઘણા લોકો ધ્યાન

ઉપર ન લાવ્યા, બસ તેઓ સાંભળતા નથી. (૪) અને કહે છે અમારા દિલો એ વાતથી આડશમાં છે જેના તરફ તું અમને બોલાવે છે અને અમારા કાનોમાં ભાર (ડાટા) છે અને અમારા અને તારા દરમિયાન પડદો છે, બસ તું પોતાનું કામ કર અમે અમારું કામ કરીએ છીએ. (૫) તમે કહો! હું પણ માનવી છું જેવા કે તમે, મારા ઉપર હુકમ આવે છે કે તમારા ઉપર બંદગી એક મઅ્બૂદની છે, બસ તેના તરફ સીધા રહો અને તેનાથી જ ગુનાહ મા'ફ કરાવો અને શિર્ક કરનારાઓ માટે મોટી ખરાબી છે. (૬) જેઓ ઝકાત નથી આપતા અને તેઓ આખિરતથી ઈન્કારી છે. (૭) અલબત્ત જે લોકો ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા તેમને સવાબ મળવાનો છે જે મોકૂફ નહીં થાય. (૮)

તફસીર :

હા-મીમ. (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે) આ કલામ મહાકૃપાળુ મહાદયાળુ તરફથી ઉતારવામાં આવ્યું છે, આ (કલામ) એક કિતાબ છે જેની આયતો સ્પષ્ટ વર્ણન કરવામાં આવી છે (એટલે કે) એવું કુર્આન છે જે અરબી (ભાષામાં) છે, (જેથી તે સીધે સીધું તેમને સંબોધન છે જેથી અરબના લોકો તેને સરળતાથી સમજી લે અને) એવા લોકો માટે (લાભદાયક) છે જે બુદ્ધિશાળી છે (એટલે કે જો કે કુર્આન બધી જ માનવજાત માટે સંબોધન છે અને બધા જ તેના હુકમોના જવાબદાર છે પરંતુ તેનાથી લાભ તે જ લોકો ઉઠાવે છે જેઓ સમજણ ધરાવે છે, કુર્આન એવા લોકોને) ખુશખબરી આપનાર છે અને (ન માનનારાઓ માટે) ડરાવનાર છે, બસ (તેનો તકાદો એ હતો કે બધા જ તેના ઉપર ઈમાન લઈ આવે પરંતુ) ઘણા લોકોએ (તેનાથી) મોઢું ફેરવ્યું, પછી તેઓ સાંભળતા જ નથી અને (જ્યારે તમે તેમને સંભળાવો છો તો) તે લોકો કહે છે કે જે વાત તરફ તમે અમને બોલાવો છો અમારા દિલ તેનાથી પડદાઓમાં છે (એટલે કે તમારી વાત અમારી સમજમાં નથી આવતી) અને અમારા કાનોમાં ડાટા (લાગી રહ્યા) છે અને અમારા અને તમારા વચ્ચે એક આડશ છે, બસ તમે પોતાનું કામ કર્યે જાઓ અમે અમારું કામ કરી રહ્યા છે, (એટલે કે અમારી પાસે તેના સ્વીકારની આશા ન રાખો, અમે પોતાની કાર્યપદ્ધતિને છોડીશું નહીં) તમે કહી આપો કે (તમને ઈમાન ઉપર મજબૂર કરી દેવું તો મારા કાબૂની વાત નથી કારણ

કે) હું પણ તમારા જ જેવો માનવી છું (હું અલ્લાહ નથી જેથી તમારા દિલોને ફેરવી શકું, અલબત્ત અલ્લાહ તઆલાએ મને એ વિશેષતા આપી છે કે) મારા ઉપર વહી નાઝિલ થાય છે કે તમારો મઅ્બૂદ એક જ છે (અને આ વહી એવી છે કે દરેક વ્યક્તિ વિચાર કરે તો તેનું સત્ય અને યોગ્ય હોવું તેની સમજમાં આવી શકે છે અને જ્યારે કે મારી નુબુવ્વત અને વહી મોઅ્જિઝાઓ દ્વારા સાબિત થઈ ચૂકી છે તો મારી વાત દરેકે માની લેવી ફરજ છે, તમારા ન કબૂલ કરવાનું કોઈ કારણ નથી તમે તેને અવશ્ય કબૂલ કરો) તે (મઅ્બૂદે બરહક) તરફ સીધા થઈ જાઓ (એટલે કે તેના સિવાય કોઈની ઈબાદત તરફ ધ્યાન ન આપો) અને તેની મા'ફી માંગો (એટલે કે પાછલા શિર્કયુક્ત અમલોથી તવબહ કરો અને પોતાની ભૂલોની મા'ફી માંગો) અને એવા મુશ્રિકો માટે મોટી ખરાબી છે જેઓ (નુબુવ્વતની દલીલો જોઈને અને તવહીદની દલીલો સાંભળ્યા છતાં પોતાના ખોટા તરીકાઓને નથી છોડતા અને) ઝકાત નથી આપતા અને તેઓ આખિરતના ઈન્કારી જ રહે છે (તેનાથી વિપરીત) જે લોકો ઈમાન લઈ આવ્યા અને તેમણે નેક કામ કર્યા તેમના માટે (આખિરતમાં) એવો બદલો છે જે (ક્યારેય) મોકૂફ થવાનો નથી.

મસ્અલા અને બોધપાઠ :

આ સાત સૂરતો જે حٰمٓ (હા-મીમ)થી શરૂ થાય છે જેને اٰلِ حٰمٓ (આલિ હા-મીમ) અથવા حَوَامِيم (હવામીમ) કહેવામાં આવે છે પરસ્પર તફાવત માટે તેમની સાથે નામમાં કોઈ બીજો શબ્દ પણ સામેલ કરવામાં આવે છે, દાખલા તરીકે સૂરએ મુઅ્મિનના હા-મીમને حٰمٓ اَلْمُؤْمِنُ (હા-મીમ-અલ મુઅ્મિન) અને આ સૂરતના حٰمٓ (હા-મીમ)ને حٰمٓ اَلسَّجْدَةُ (હા-મીમ સજદહ) અથવા حٰمٓ فُصِّلَتْ (હા-મીમ ફુસ્સિલત) કહેવામાં આવે છે, આ સૂરતના આ બંને નામો પ્રખ્યાત છે. حٰمٓ فُصِّلَتْ (હા-મીમ ફુસ્સિલત) અને حٰمٓ اَلسَّجْدَةُ (હા-મીમ સજદહ).

આ સૂરત પ્રથમ જેને સંબોધવામાં આવી છે તે કુરૈશના અરબો છે જેમની સામે આ કુર્આન નાઝિલ થયું અને તેમની ભાષામાં નાઝિલ થયું, તેમણે કુર્આનની શ્રેષ્ઠતાનો સાક્ષાત્કાર કર્યો પછી રસૂલે કરીમ ﷺના અસંખ્ય મોઅ્જિઝાઓ જોયા તે છતાં કુર્આનથી મોઢું ફેરવ્યું અને તેને સમજવું તો દૂર સાંભળવું પણ પસંદ કર્યું નહીં અને નબીએ કરીમ ﷺની લાગણીસભર નસીહતોના જવાબમાં અંતે

એવું કહી બેઠા કે તમારી વાતો ન તો અમારી સમજમાં આવે છે અને ન જ અમારા દિલ તેને કબૂલ કરે છે અને ન જ અમારા કાન તેને સાંભળવા માટે તૈયાર છે, અમારા અને તમારા વચ્ચે તો બે પડદાઓના અવરોધો છે, બસ તમે પોતાનું કામ કર્યે જાઓ અને અમને અમારા હાલ ઉપર છોડી દો.

આ જ આ સૂરતની શરૂઆતની પાંચ આયતોનો આ ભાવાર્થ છે. આ આયતમાં અલ્લાહ તઆલાએ કુરૈશની તે વિશેષતાની જાહેરાત કરી છે કે કુર્આનને અરબી ભાષામાં તમારા માટે નાઝિલ કરવામાં આવ્યું કે તમને તેના વિષયો સમજવામાં મુશ્કેલી ન પડે, તેની સાથે સાથે કુર્આને કરીમના ત્રણ લક્ષણો બતાવવામાં આવ્યા. પ્રથમ فُصِّلَتْ آيَاتُهٗ (ફુસ્સિલત આયાતિહી), فُصِّلَتْ (ફુસ્સિલત) એ تَفْصِيل (તફસીલ)થી બને છે જેનો અસલ અર્થ فَصْل فَصْل (ફસલ ફસલ) કરીને વિશિષ્ટ સ્વરૂપ આપવું ભાવાર્થ તરીકે છે અને તેનો અર્થ ખુલ્લું અને સ્પષ્ટ રીતે ચોખ્ખે ચોખ્ખું વર્ણન કરવું છે, ભલે તે વિવિધ "ફસલો"માં એટલે કે પ્રકરણોમાં હોય અથવા તો એક જ સ્થળે, કુર્આને કરીમની આયતોમાં હુકમો, કિસ્સાઓ, અકીદાઓ, બાતિલની માન્યતા ધરાવનારાઓનો રદિયો વગેરે વિવિધ વિષયોને અલગ અલગ પણ વર્ણન કરવામાં આવ્યા છે અને દરેક વિષયને દૃષ્ટાંતો દ્વારા ખુલ્લા કરીને પણ સમજાવવામાં આવ્યા છે. કુર્આને કરીમનું બીજું અને ત્રીજું લક્ષણ એ બતાવવામાં આવ્યું છે કે, તે ખુશખબરી આપનાર અને ડરાવનાર પણ છે, એટલે કે પોતાના માનનારાઓને કાયમી રાહતોની ખુશખબરી આપે છે અને ન માનનારાઓને કાયમી અઝાબથી ડરાવે પણ છે.

આ બધા લક્ષણો (સિફતો) વર્ણન કરીને અંતે ફરમાવ્યું, لِقَوْمٍ يَّعْلَمُوْنَ એટલે કે કુર્આનની આયતોનું અરબી ભાષામાં હોવું, ખુલ્લું અને સ્પષ્ટ હોવું તથા ખુશખબરી આપવા અથવા ડરાવવા ઉપર આધારિત હોવું, આ બધું એવા જ લોકોના લાભ માટે હોઈ શકે છે જેઓ વિચારવા અને સમજવાનો ઈરાદો પણ કરે. يَعْلَمُوْنَ (યઅ્‌લમૂન)નો શબ્દ આ સ્થળે આ જ વિચારવા અને સમજવાની ક્ષમતાના ભાવાર્થમાં છે તેથી તફસીરના ખુલાસામાં તેનો તરજુમો "બુદ્ધિશાળી" કરવામાં આવ્યો છે પરંતુ અરબ અને કુરૈશે આ બધી બાબતો છતાં તેનો વિરોધ કર્યો, સમજવાનું તો દૂર સાંભળવાનું પણ પસંદ ન કર્યું, તેનું જ વર્ણન આ આયતોમાં فَاَعْرَضَ اَكْثَرُهُمْ દ્વારા કરવામાં આવ્યું.

રસૂલે કરીમ ﷺ સામે મક્કાના કાફિરોની એક દરખાસ્ત :

કુરૈશના કાફિરો જેમને આ સૂરતમાં પ્રત્યક્ષ રીતે સંબોધન છે તેમણે કુર્આન નાઝિલ થયા પછી શરૂઆતમાં ઈસ્લામને બળ અને શક્તિ વડે ઈસ્લામની ચળવળને દબાવવાનો ભરપૂર પ્રયત્ન કર્યો તથા રસૂલે કરીમ ﷺને અને તેમના ઉપર ઈમાન લાવનારાઓને પ્રકાર પ્રકારના કષ્ટો પહોંચાડીને તેમેન ભયભીત કરવાની ઘણી બધી કોશીશો કરી પરંતુ ઈસ્લામ તેમની સામે જ વિકાસ પામતો ગયો અને બળ પ્રાપ્ત કરતો ગયો, પ્રથમ ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.) જેવા બહાદૂર અને પ્રભાવશાળી વ્યક્તિ ઈસ્લામમાં દાખલ થઈ ગયા, પછી હઝરત હમ્ઝા (રદિ.) જે કુરૈશમાં સ્વીકૃત સરદાર હતા તેઓ મુસલમાન થઈ ગયા તો હવે મક્કાના કુરૈશે ડરાવવાનો માર્ગ છોડીને લાલચ તથા પ્રલોભન દ્વારા ઈસ્લામની તબ્લીગ રોકવાની યુક્તિઓ વિચારવાનું શરૂ કર્યું, આ જ ક્રમમાં એક ઘટના છે જેને હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ મુસ્નદે બઝારમાં, અબૂ યઅ્લાએ બગવીની રિવાયતોથી નકલ કર્યું છે, આ બધી રિવાયતોમાં થોડો થોડો ફરક છે. ઈબ્ને કષીર (રહ.)એ તેમાં બગવીની રિવાયતને સૌથી વધારે શંકામુક્ત અને સત્યની નજીક ઠરાવી અને આ બધા પછી મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકની કિતાબ "અસ્સીરહ"માં આ ઘટના નકલ કરીને તે બધી જ રિવાયતો ઉપર તેને અગ્રિમતા આપવામાં આવી આથી આ કિસ્સો આ સ્થળે ઈબ્ને ઈસ્હાકના જ રિવાયત કર્યા પ્રમાણે વર્ણન કરવામાં આવે છે.

મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકે વર્ણન કર્યું કે મુહમ્મદ બિન કઅ્બ કુરઝી કહે છે કે મને આ રિવાયત પહોંચી છે કે ઊત્બા બિન રબીઆ જે કુરૈશનો મોટો સરદાર ગણાતો હતો એક દિવસે કુરૈશના એક સમૂહ સાથે મસ્જિદે હરામમાં બેઠો હતો, બીજી બાજુ રસૂલે કરીમ ﷺ મસ્જિદના ખૂણામાં એકલા બેઠા હતા, ઊત્બાએ પોતાની કોમને કહ્યું કે જો તમારી સલાહ હોય તો હું મુહમ્મદ (ﷺ) સાથે વાતચીત કરું અને તેમની સામે કોઈ એવી વાત મૂકું કે તેઓ જો તેમાંથી કોઈને સ્વીકારી લે તો આપણે તેમને તે વસ્તુ આપી દઈએ જેથી તેઓ આપણા ધર્મ અને સંપ્રદાય વિરુદ્ધ પ્રચાર કરવાનું છોડી દે, આ તે સમયની ઘટના છે જ્યારે કે હઝરત હમ્ઝા (રદિ.) મુસલમાન થઈ ચૂક્યા હતા અને મુસલમાનોની શક્તિ દિન બદિન વધી રહી હતી, ઊત્બાની પૂરી કોમે એક અવાજે કહ્યું કે, હે અબૂલ વલીદ ! (આ તેનું ઉપનામ હતું) જરૂર એવું કરો અને તેમની સાથે વાતચીત કરી લો.

ઊત્બા પોતાની જગ્યાએથી ઊઠીને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને આ વાતચીત કરવાનું શરૂ કર્યું કે, હે અમારા ભત્રીજા ! તમને ખબર છે કે આપણી કોમ કુરૈશમાં તમને એક ઉચ્ચ સ્થાન પેઢીગત અને શ્રેષ્ઠતાનું પ્રાપ્ત છે, તમારું કુટુંબ વિશાળ અને અમારા સૌ નજીક પ્રિય તથા સન્માનનીય છે પરંતુ તમારી કોમને એક ઘણી મોટી મુશ્કેલીમાં તમે ફસાવી દીધા છે, તમે એક એવી દા'વત લઈને આવ્યા જેણે અમારા સમૂહમાં મતભેદ નાંખી દીધો, તેમને બેવકૂફ બનાવ્યા, તેમના મઅ્બૂદો અને તેમના ધર્મમાં ખામી કાઢી અને તેમના જે બાપ દાદાઓ ગુજરી ચૂક્યા છે તેમને કાફિર ઠરાવ્યા તેથી તમે મારી વાત સાંભળો, હું અમુક વાતો તમારી સામે રજુ કરું છું જેથી તમે તેમાંથી કોઈને પસંદ કરી લો. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, અબૂલ વલીદ ! કહો જે કંઈ તમારે કહેવું હોય હું સાંભળું છું !

ઊત્બા અબૂલ વલીદે કહ્યું કે, હે ભત્રીજા ! તમે જે ચળવળ ચલાવી છે જો તેનાથી તમારો હેતુ માલ ભેગો કરવાનો છે તો અમે વાયદો કરીએ છીએ કે તમારા માટે એટલો માલ એકઠો કરી આપીશું કે તમે સમગ્ર કોમમાં સૌથી વધારે માલદાર થઈ જશો અને જો હેતુ સત્તા અથવા શાસન છે તો અમે તમને સૌ કુરૈશના સરદાર સ્વીકારી લઈશું અને તમારા હુકમ વિના કોઈ કામ કરીશું નહીં અને જો તમે બાદશાહત ઈચ્છો છો તો અમે તમને પોતાના બાદશાહ સ્વીકારીએ છીએ અને જો એવી પરિસ્થિતિ છે કે તમારી પાસે આવનાર કોઈ જિન્નાત અથવા શયતાન છે જે તમને આવા કામો ઉપર મજબૂર કરે છે અને તમે તેને દૂર કરવાથી લાચાર છો તો અમે તમારા માટે એવા ઈલાજ કરનાર બોલાવીશું જે તમને આ તકલીફથી છુટકારો અપાવશે, તેના માટે અમે પોતાનો માલ ખર્ચ કરીશું કારણ કે અમે જાણીએ છીએ કે અમુક સમયે કોઈ જિન્નાત માણસ ઉપર વર્ચસ્વ ધરાવે છે જેનો ઈલાજ કરવામાં આવે છે. ઊત્બા લાંબુ ભાષણ કરતો રહ્યો અને રસૂલે કરીમ ﷺ સાંભળતા રહ્યા.

ત્યારબાદ આપ ﷺએ કહ્યું કે, હે અબૂલ વલીદ ! તમે પોતાની વાત પૂરી કરી ચૂક્યા ? પછી રસૂલે કરીમ ﷺએ કહ્યું, હવે મારી વાત સાંભળો ! ઊત્બાએ કહ્યું કે, બેશક ! હું સાંભળીશ.

રસૂલે કરીમ ﷺએ પોતાના તરફથી કોઈ જવાબ આપવાના બદલે આ જ સૂરએ ફુસ્સિલતની તિલાવત શરૂ કરી દીધી.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○ حٰمٓ ○ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○ كِتٰبٌ فُصِّلَتْ اٰيٰتُهٗ قُرْاٰنًا عَرَبِيًّا لِّقَوْمٍ يَّعْلَمُوْنَ

મુસ્નદે બઝાર અને બગવીની રિવાયતમાં છે કે જ્યારે રસૂલે કરીમ ﷺ આ સૂરતની આયતો પઢતાં પઢતાં આ આયત ઉપર પહોંચ્યા فَاِنْ اَعْرَضُوْا فَقُلْ اَنْذَرْتُكُمْ صٰعِقَةً مِّثْلَ صٰعِقَةِ عَادٍ وَّثَمُوْدَ તો ઊત્બાએ રસૂલે કરીમ ﷺના મોઢાં ઉપર હાથ મૂકી દીધો અને પોતાના વંશ અને સગાઈની કસમ આપી કે તેના ઉપર રહમ કરો, આગળ કંઈ ન કહો અને ઈબ્ને ઈસ્હાક (રહ.)ની રિવાયતમાં છે કે જ્યારે રસુલુલ્લાહ ﷺએ આ આયત પઢવાનું શરૂ કર્યું તો ઊત્બા મૌન રહી સાંભળવા લાગ્યો અને પોતાના હાથોની પીઠ પાછળ ટેક લગાવી જેથી ધ્યાનથી સાંભળી શકે, એટલે સુધી કે રસૂલે કરીમ ﷺ આ સૂરતની આયતે સજદહ સુધી પહોંચી ગયા અને રસૂલે કરીમ ﷺએ સજદહ કર્યો, પછી ઊત્બાને સંબોધન કરીને કહ્યું,

હે અબૂલ વલીદ ! તમે સાંભળી લીધું જે કંઈ સાંભળ્યું, હવે તમને અધિકાર છે જે ઈચ્છો તે કરો. ઊત્બા રસૂલે કરીમ ﷺ પાસેથી પોતાની મજલિસ તરફ ચાલ્યો તો તે લોકો દૂરથી ઊત્બાને જોઈને પરસ્પર કહેવા લાગ્યા કે ખુદાની કસમ ! અબૂલ વલીદનો ચહેરો બદલાયેલો છે, હવે તેનો તે ચહેરો નથી જ્યારે તે પ્રથમ અહીંયાંથી ગયો હતો, જ્યારે ઊત્બા પોતાની મજલિસમાં પહોંચ્યો તો લોકોએ પૂછ્યું, હે અબૂલ વલીદ ! કહો, શું ખબર લાવ્યા છો ? ઊત્બા અબૂલ વલીદે કહ્યું કે મારી ખબર એ છે કે,

اِنِّىْ سَمِعْتُ قَوْلًا وَاللّٰهِ مَا سَمِعْتُ مِثْلَهٗ قَطُّ وَاللّٰهِ مَا هُوَ بِالسِّحْرِ وَلَا بِالشِّعْرِ وَلَا بِالْكَهَانَةِ يَا مَعْشَرَ قُرَيْشٍ اَطِيْعُوْنِىْ وَاجْعَلُوْهَا لِىْ خَلُّوْا بَيْنَ الرَّجُلِ وَبَيْنَ مَا هُوَ فِيْهِ فَاعْتَزِلُوْهُ فَوَاللّٰهِ لَيَكُوْنَنَّ لِقَوْلِهِ الَّذِىْ سَمِعْتُ نَبَاءٌ فَاِنْ تُصِبْهُ الْعَرَبُ فَقَدْ كَفَيْتُمُوْهُ بِغَيْرِكُمْ وَاِنْ يَّظْهَرْ عَلَى الْعَرَبِ فَمُلْكُهٗ مُلْكُكُمْ وَعِزُّهٗ عِزُّكُمْ وَكُنْتُمْ اَسْعَدَ النَّاسِ بِهٖ ـ (ابن كثير ص ٩١، ج ٤)

"મેં એવું કલામ સાંભળ્યું કે ખુદાની કસમ ! ક્યારેય એવું કલામ સાંભળ્યું ન હતું, ખુદાની કસમ ! ન તો આ જાદૂનું કલામ છે, ન જ શે'ર અથવા જ્યોતિષીઓનું કલામ છે. (જે તેઓ શયતાનો પાસેથી પ્રાપ્ત કરે છે) હે મારી કુરૈશ કોમ ! તમે મારી વાત માનો અને આ બાબતને મારા હવાલે કરી દો, મારી સલાહ એ છે કે તમે લોકો તેમનો મુકાબલો કરવાથી અને તેમને કષ્ટ પહોંચાડવાથી અટકી જાઓ અને તેમને તેમના કામ ઉપર છોડી દો, કારણ કે તેમના આ કલામની જરૂર ખાસ શા'ન થનારી છે, તમે હમણા રાહ જુઓ, બાકી અરબના લોકોનો મા'મલો જુઓ, જો કુરૈશ સિવાય બાકી અરબના લોકોએ તેમને પરાજય આપ્યો તો તમારો હેતુ તમારા કોઈ પ્રયત્ન વિના જ પ્રાપ્ત થઈ જશે અને જો તે અરબ ઉપર છવાઈ ગયા તો તેમની હુકૂમત એ તમારી જ હુકૂમત હશે, તેમની ઈજ્જતથી તમારી જ ઈજ્જત હશે અને તે સમયે તમે તેમની સફળતાના ભાગીદાર થશો."

તેમના સાથી કુરૈશીઓએ જ્યારે આ વાત સાંભળી તો કહેવા લાગ્યા કે હે અબૂલ વલીદ ! તમારા ઉપર તો મુહમ્મદ (ﷺ)એ પોતાની જીભથી જાદૂ કરી દીધો. ઊત્બાએ કહ્યું, મારી સલાહ તો આ જ છે કે જે કંઈ હું કહી ચૂક્યો, આગળ તમારી મરજી જે ચાહો કરો !

وَقَالُوْا قُلُوْبُنَا فِيْٓ اَكِنَّةٍ આ સ્થળે કુરૈશના કાફિરોના ત્રણ નિવેદનો નકલ કરવામાં આવ્યા છે, પ્રથમ એ કે રસૂલે કરીમ ﷺના કલામથી અમારા દિલો ઉપર પડદો પડ્યો છે, તમારી વાત અમારી સમજમાં નથી આવતી, બીજું એ કે તમારા કલામથી અમારા કાન બહેરા છે. ત્રીજું એ કે અમારી અને તમારી વચ્ચે પડદાની આડશ છે. કુર્આનમાં આ નિવેદનને ટીકા કરવાના સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે જેનાથી તેમનું કહેવું ખોટું જણાય છે પરંતુ બીજા સ્થળે પોતે કુર્આને કરીમે તેમની આવી જ હાલત વર્ણન કરી છે, સૂરએ અનુઆમની આયતમાં وَجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا (૬:૨૫) અને એ જ પ્રમાણે સૂરએ બની ઈસ્રાઈલ અને સૂરએ કહફમાં પણ.

તેનો જવાબ એ છે કે કાફિરોનું આવું કહેવાનો હેતુ એ હતો કે અમે તો મજબૂર અને લાચાર છે કે અમારા દિલો ઉપર પડદા અને કાનોમાં ડાટા છે અને અમારા અને તમારા વચ્ચે અવરોધો છે તો અમે કેવી રીતે તમારી વાત સાંભળીએ

અને માનીએ ? જાણે કે પોતાને મજબૂર સાબિત કરી રહ્યા હતા અને કુર્આને જ્યારે તેમની આવી જ હાલત વર્ણન કરી ત્યારે તેમાં તેમને મજબૂર ઠરાવવામાં નથી આવ્યા બલકે તેનો ખુલાસો એ છે કે તેમનામાં અલ્લાહની આયતો સાંભળવા અને સમજવાની સંપૂર્ણ ક્ષમતા હતી પરંતુ જ્યારે તેમણે કોઈપણ પ્રકારે તે તરફ ધ્યાન જ ન આપ્યું અને સમજવાનો ઈરાદો પણ ન કર્યો તો સજા સ્વરૂપે તેમના ઉપર ગફલત અને અજ્ઞાનતા થોપી દેવામાં આવી પરંતુ તે પણ એ દરજ્જામાં નહીં કે એ લોકો પોતાના અધિકારથી જ વંચિત થઈ જાય, બલકે તેઓ હજુ પણ એવો ઈરાદો કરી લે તો ફરી પાછી સાંભળવાની અને સમજવાની ક્ષમતા પરત કરવામાં આવશે. *(બયાનુલ કુર્આન)*

ઇન્કારીઓના ઇન્કાર અને ઠઠ્ઠા-મશ્કરીનો પયગમ્બરી જવાબ :

કાફિરોએ જે પોતાના દિલો ઉપર પડદા, કાનોમાં ભાર (ડાટા) વગેરેનો એકરાર કર્યો એ તો દેખીતું છે; તેનાથી ભાવાર્થ એ ન હતો કે તેમનામાં બુદ્ધિ ન હતી અથવા તેઓ બહેરા છે, બલકે એક પ્રકારનો ઠઠ્ઠો અને મશ્કરી હતી પરંતુ આ અત્યાચારી હિંમત અને ઠઠ્ઠા મશ્કરીનો જે જવાબ આપવા માટે રસૂલે કરીમ ﷺને જે પ્રોત્સાહિત કરવામાં આવ્યા તે એ હતું કે તેમના મુકાબલામાં કોઈ કઠોર વાત ન કરો બલકે પોતાની વિનમ્રતાનું પ્રદર્શન કરો કે હું અલ્લાહ નથી કે દરેક કાર્યનો માલિક અને મુખ્તિયાર હોઉં, બલકે તમારા જ જેવો એક માનવી છું, તફાવત માત્ર એટલો છે કે મને મારા પરવરદિગારે વહી મોકલીને માર્ગદર્શન કર્યું, તેના સમર્થન માટે મોઅ્જિઝાઓ આપ્યા, તેની અસર એ હોવી જોઈતી હતી કે તમે સૌ મારા ઉપર ઈમાન લાવ્યા હોત અને હજુ પણ હું તમને આ જ વસિય્યત કરું છું કે પોતાનું વલણ ઈબાદત અને આજ્ઞાપાલનમાં એકમાત્ર અલ્લાહ તરફ કરો અને ભૂતકાળના ગુનાહોથી તવબહ કરી લો.

અંતિમ સંબોધનમાં કુર્આનની ખુશખબરી અને ડર બંને પાસાંઓ તેમની સામે મૂકવામાં આવ્યા કે મુશ્રિકો માટે મોટી ખરાબી છે અને મો'મિનો માટે કાયમી સવાબ, તેમાં મુશ્રિકોની ખરાબી વર્ણન કરવાના સંદર્ભમાં એનું કારણ આ વર્ણન કરવામાં આવ્યું છે કે, لَا يُؤْتُوْنَ الزَّكٰوةَ એટલે કે, આ લોકો ઝકાત આપતા નથી. તેમાં અમુક પ્રશ્નો ઉપસ્થિત થાય છે, પ્રથમ તો આ આયતો મક્કી છે અને

ઝકાત ફરજ થવાની આયતો મદીનામાં નાઝિલ થઈ છે તો ફરજ થતાં પહેલાં જ તેમના ઉપર ઝકાત અદા ન કરવાનો આક્ષેપ કેવી રીતે યોગ્ય છે ?!

તેનો જવાબ તો ઈબ્ને કષીર (રહ.)એ એ આપ્યો છે કે મૂળ ઝકાત તો ઇસ્લામની શરૂઆતમાં જ નમાઝની સાથે જ ફરજ થઈ ગઈ હતી જેનું વર્ણન સૂરએ મુઝ્ઝમ્મિલની આયતોમાં આવ્યું છે પરંતુ તેના પ્રમાણની વિગતો અને વસૂલીની વ્યવસ્થા મદીના તય્યિબહમાં થઈ છે, એવું નથી કહી શકાતું કે મક્કએ મુકર્રમહમાં ઝકાત ફરજ ન હતી.

શું કાફિરોએ શરીઅતના અમલી હુકમોનું પાલન કરવું જરૂરી છે ? :

બીજી શંકા એ છે કે કાફિરો ઘણા બધા ફુક્હાના મતે શરીઅતના ગૌણ હુકમો માટેના સંબોધનમાં સામેલ નથી, એટલે કે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાતના હુકમો તેમના ઉપર લાગુ નથી પડતા, તેમના ઉપર સૌ પ્રથમ જે હુકમ લાગુ પડે છે તે એ કે પહેલાં ઈમાનનો સ્વીકાર કરો, ઈમાન પછી આ શરતો લાગુ પડે છે તો જ્યારે તેમના ઉપર ઝકાત ફરજ થવી લાગુ જ નથી પડી તો તેને છોડવા ઉપર ક્રોધ કેવો ?

જવાબ એ છે કે ઘણા ઈમામો અને ફુક્હાના મતે તો કાફિરો પણ સંબોધનમાં સામેલ છે એ આધારે તો આ શંકા જ નિર્મૂળ થઈ જાય છે અને જે લોકો કાફિરો આ સંબોધનમાં ન હોવાનું માને છે તેઓ કહી શકે છે કે તેમાં મૂળ ઝકાત છોડવાની ટીકા નથી બલકે તેમનું ઝકાત છોડવું કારણ કે કુફ્રના કારણે હતું અને ઝકાત છોડવી એ બાબતની નિશાની હતી આથી તેમના ઉપર ક્રોધનો ખુલાસો એ થયો કે તમે મો'મિન હોત તો ઝકાતની પાબંદી કરી હોત, તમારો કુસૂર ઈમાન ન લાવવું છે. (બયાનુલ કુર્આન) અને કાફિરો શરીઅતના અમલી સિદ્ધાંતો માટે જવાબદાર હોવા ન હોવાની તહકીક મુજ નાચીઝની કિતાબ અહકામુલ કુર્આન પાંચમાં ભાગમાં છે જે અરબી ભાષામાં પ્રકાશિત થઈ ચૂકી છે.

ત્રીજો પ્રશ્ન અત્રે એ થાય છે કે ઇસ્લામના હુકમોમાં સૌથી અગ્રસ્થાને નમાઝ છે તેનું તો વર્ણન કરવામાં આવ્યું નથી અને ઝકાતનું વિશિષ્ટ સ્વરૂપે વર્ણન કરવામાં શું હિકમત છે ? તેનો જવાબ કુર્તુબી વગેરેએ એ આપ્યો છે કે અરબના કુરૈશ માલદાર લોકો હતા તથા સદકહ અને ખયરાત, ગરીબોની મદદ કરવી

વગેરે તેમના ખાસ લક્ષણો હતા પરંતુ જે લોકો મુસલમાન થઈ જતા હતા, આ લોકો તેમને એ જ પ્રમાણે કૌટુંબિક અને સામાજિક મદદથી પણ વંચિત કરી દેતા હતા, તેની ટીકા કરવાનો હેતુ છે તેથી ઝકાતનું વિશેષ રીતે વર્ણન કરવામાં આવ્યું. વલ્લાહુ અઅ્લમુ.

لَهُمْ اَجْرٌ غَيْرُ مَمْنُوْنٍ શબ્દ مَمْنُوْن (મમનૂન)નો અર્થ "કપાઈ જવું" થાય છે. ભાવાર્થ એ છે કે ઈમાન અને નેક કામોના પાબંદ લોકોને આખિરતમાં જે બદલો આપવામાં આવશે એ કાયમી અને ક્યારેય સમાપ્ત થનારો નહીં હોય, જો કોઈ બીમારી અથવા મુસાફરી તથા કોઈ અન્ય કારણે કોઈ સમયે આ અમલ છૂટી જાય તો પણ તે અમલનો બદલો કપાઈ જશે નહીં બલકે અલ્લાહ તઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે કે મારો બંદો જે અમલ પોતાની તંદુરસ્તી અને ફુરસદના સમયોમાં પાબંદીથી કર્યા કરતો હતો તે કોઈ કારણસર છૂટી જવાની પરિસ્થિતિમાં પણ તે અમલો કર્યા ન હોવા છતાં તેના નામએ આ'માલમાં તે અમલો લખવામાં આવતા રહે. આ વિષયની હદીષો સહીહ બુખારીમાં હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.) અને શરહુસ્સુન્નહ બગવીમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.) અને અનસ (રદિ.)થી તથા રઝીને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત કરી છે. *(મઝહરી)*

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૯ થી ૧૨)

قُلْ اَئِنَّكُمْ لَتَكْفُرُوْنَ بِالَّذِيْ خَلَقَ الْاَرْضَ فِيْ يَوْمَيْنِ وَتَجْعَلُوْنَ لَهٗٓ اَنْدَادًا ؕ ذٰلِكَ
رَبُّ الْعٰلَمِيْنَ ۚ﴿۹﴾ وَجَعَلَ فِيْهَا رَوَاسِيَ مِنْ فَوْقِهَا وَبٰرَكَ فِيْهَا وَقَدَّرَ
فِيْهَآ اَقْوَاتَهَا فِيْٓ اَرْبَعَةِ اَيَّامٍ ؕ سَوَآءً لِّلسَّآئِلِيْنَ ﴿۱۰﴾ ثُمَّ اسْتَوٰٓى اِلَى السَّمَآءِ
وَهِيَ دُخَانٌ فَقَالَ لَهَا وَلِلْاَرْضِ ائْتِيَا طَوْعًا اَوْ كَرْهًا ؕ قَالَتَآ اَتَيْنَا
طَآئِعِيْنَ ﴿۱۱﴾ فَقَضٰىهُنَّ سَبْعَ سَمٰوَاتٍ فِيْ يَوْمَيْنِ وَاَوْحٰى فِيْ كُلِّ سَمَآءٍ
اَمْرَهَا ؕ وَزَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ ۖ وَحِفْظًا ؕ ذٰلِكَ تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿۱۲﴾

તરજુમો :

તમે કહો ! શું તમે તેનાથી ઈન્કારી છો જેણે પૃથ્વીને બે દિવસમાં બનાવી ? અને તેની સાથે બીજાઓને સરખા ઠરાવો છો !? તે જ સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે. (૯) અને તે(જમીન)માં ઉપરથી ભારે પહાડો રાખ્યા અને તેની અંદર બરકત રાખી અને તેમાં તેનો ખોરાક નિર્માણ કર્યો ચાર દિવસમાં; પૂછનારાઓ માટે (જવાબ) પૂરો થયો. (૧૦) પછી આસમાન(ની રચના) તરફ લક્ષ આપ્યું અને તે ધુમાડો થઈ રહ્યું હતું, પછી તેને અને પૃથ્વીને કહ્યું, તમે બંને (મારા હુકમ હેઠળ) આવો ખુશીથી અથવા બળજબરીએ; તેઓ બોલ્યા, અમે ખુશીથી આવ્યા. (૧૧) પછી તે સાત આસમાનો બે દિવસમાં કરી દીધા અને દરેક આસમાનમાં તેનો હુકમ ઉતાર્યો અને અમે (પૃથ્વીની) નજીકના આસમાનને ચિરાગોથી શણગાર્યું અને સુરક્ષિત કરી દીધું, આ જબરદસ્ત સર્વજ્ઞ અલ્લાહનું સાધેલું છે. (૧૨)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તે લોકોને) કહી આપો કે શું તમે લોકો એવા અલ્લાહનો ઈન્કાર કરો છો જેણે પૃથ્વીને (આટલી વિશાળ હોવા છતાં) બે દિવસ(ની મુદ્દત)માં પેદા કરી અને તમે તેનો ભાગીદાર ઠરાવો છો ? એ જ (અલ્લાહ જેની શક્તિની તમને જાણ થઈ) સમગ્ર વિશ્વનો પરવરદિગાર છે અને તેણે પૃથ્વી ઉપર પહાડ બનાવ્યા અને તે (પૃથ્વી)માં લાભની વસ્તુઓ મૂકી દીધી (જેમકે વનસ્પતિ અને પ્રાણીઓ વગેરે) અને તે (પૃથ્વી)માં તેના (વસનારાઓ) માટે ખોરાક તજ્વીઝ કરી દીધો (જેમકે પ્રત્યક્ષ જોઈ શકાય છે કે પૃથ્વીના દરેક વિભાગમાં રહેનારાઓને તેને યોગ્ય જ અલગ અલગ પ્રકારનો ખોરાક મળે છે, એટલે કે પૃથ્વીમાં દરેક પ્રકારના અનાજ, ફળ ફળાદિ પેદા કર્યા, કોઈ ઠેકાણે કંઈ તો અન્ય ઠેકાણે બીજા પ્રકારનો જેનો ક્રમ બરાબર ચાલુ જ છે, આ બધું) ચાર દિવસમાં (થયું, બે દિવસમાં પૃથ્વી અને બે દિવસમાં પહાડ વગેરે જે ગણતરીમાં) પૂરા છે પૂછનારાઓ માટે (એટલે કે તે લોકો માટે જેઓ સૃષ્ટિના સર્જનની પરિસ્થિતિ અને તેના સ્વરૂપ વિશે આપ ﷺને પ્રશ્ન કરે છે જેમકે યહૂદીઓએ આપ ﷺને خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ વિશે પ્રશ્ન કર્યો હતો. –દૂર્રે મન્સૂર) પછી

(આ સઘળું કંઈ પેદા કરીને) આસમાન (બનાવવા) તરફ લક્ષ આપ્યું અને તે તે સમયે ધૂમાડા (સમાન) હતું (એટલે કે આસમાનનું દળ જે પૃથ્વીના દળ પછી આ પૃથ્વીના ઉપસ્થિત સ્વરૂપ પહેલાં બની ચૂક્યું હતું તે ધૂમાડાના સ્વરૂપમાં હતું) બસ તેને અને પૃથ્વીને કહ્યું કે તમે બંને(એ અમારી આજ્ઞા હેઠળ અવશ્ય આવવું પડશે, હવે તમને અધિકાર છે કે) ખુશીથી આવો અથવા બળજબરીએ (મતલબ એ છે કે અમારા નિર્માણ થઈ ચૂકેલા હુકમો જે તમને બંનેને અપાયા કરશે તે હુકમો કાઢવા તો તમારા અધિકારથી બહારની વાત છે, તે તો થઈને જ રહેશે પરંતુ જે સમજશક્તિ તમને અર્પણ કરવામાં આવી છે તે આધારે એવું પણ બની શકે કે તમે અમારા નિર્માણ કરેલ હુકમોને પોતાની ખુશીથી કબૂલ કરો અથવા તેનાથી નારાજ થાઓ અને તે બળજબરીએ તમારા ઉપર લાગુ પાડવામાં આવે, જેમકે મનુષ્યો માટે બીમારી અને મોતનો મા'મલો છે કે તેમનું થવું તો નિર્માણ થયેલ તકદીરી બાબત છે જેને મનુષ્ય ટાળી નથી શકતો પરંતુ કોઈ બુદ્ધિશાળી તેને રાજી ખુશીથી સ્વીકાર કરે છે અને સબ્ર તથા શુક્રના લાભ પ્રાપ્ત કરે છે અને કોઈ તેનાથી નારાજ અને નાખુશ રહે છે, રૂંધાઈ રૂંધાઈને મરે છે તો હવે તમે જોઈ લો કે તમે અમારા તે હુકમો ઉપર રાજી રહેશો અથવા અણગમો દાખવશો ? અને તેનો ભાવાર્થ તે તકદીરી નિર્માણ થયેલ હુકમો છે જે આસમાન અને પૃથ્વીમાં લાગુ પડવાના હતા અને તે એ કે આસમાન હમણાં માત્ર ધુમાડાના સ્વરૂપમાં હતું તેને સાત આસમાનોના સ્વરૂપમાં બનાવવું એ નિર્માણ થયેલ હુકમ હતો અને પૃથ્વી જો કે બની ચૂકી હતી પરંતુ તેમાં પણ હજારો પ્રકારના પરિવર્તનો અને ફેરફારો કયામત સુધી ચાલતા રહેવાના હતા) બંનેએ અરજ કરી કે અમે ખુશીથી (તે હુકમો માટે) હાજર છીએ, બસ બે દિવસમાં તેને સાત આસમાન બનાવી દીધા અને (કારણ કે સાતેય આસમાનોને ફરિશ્તાઓ દ્વારા આબાદ કરી દીધા અને તેમને જવાબદારી સોંપવામાં આવી હતી એટલા માટે) દરેક આસમાનમાં તેના યોગ્ય પોતાનો હુકમ (ફરિશ્તાઓને) મોકલી દીધો (એટલે કે જે ફરિશ્તાઓએ જે કામ લેવાનું હતું તે તેમને બતાવી દેવામાં આવ્યું) અને અમે તેના નજીકના આસમાનને ચિરાગો (તારાઓ)થી શણગાર્યું અને (શયતાનોથી આસમાની ખબરો ચોરી કરતા રોકવા માટે) તેનું રક્ષણ કર્યું, આ મહાબળવાન સર્વજ્ઞ (અલ્લાહ તઆલા)ની વ્યવસ્થા છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં મૂળ હેતુ તવહીદના ઈન્કારીઓ અને મુશ્રિકોને તેમના કુફ્ર અને શિર્ક ઉપર એક ઉચ્ચ કક્ષાની શૈલીમાં તાકીદ કરવાનો છે કે તેમાં અલ્લાહ તઆલાની સર્જનશકિતના લક્ષણ અને આસમાન તથા પૃથ્વીના મહાન સર્જનોની અગણિત હિકમતો (Wisdom) ઉપર આધારિત સર્જન કરવાની વિગત આપીને તેમને કઠોર તાકીદ સ્વરૂપે સંબોધન કરવામાં આવ્યું છે કે શું તમે એવા બુદ્ધિહીન છો કે આવા મહાન સર્જનહાર અને સર્વશકિતમાનની સાથે અન્યોને તેની ખુદાઈના ભાગીદાર ઠરાવો છો ? આ જ પ્રકારની ચેતવણી અને વિગત સૂરએ બકરહના ત્રીજા રુકૂઅ્માં (૨:૨૮-૨૯) આવી ચૂકી છે.

كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ اِلَيْهِ
تُرْجَعُوْنَ ○ هُوَ الَّذِىْ خَلَقَ لَكُمْ مَّا فِى الْاَرْضِ جَمِيْعًا ثُمَّ اسْتَوٰى اِلَى السَّمَاءِ
فَسَوّٰهُنَّ سَبْعَ سَمٰوٰتٍ وَهُوَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ○

સૂરએ બકરહની આયતોમાં સર્જનના દિવસોની ગણતરીની વિગતોનું વર્ણન નથી પરંતુ સૂરએ ફુસ્સિલતની પ્રસ્તુત આયતોમાં તેનું પણ વર્ણન છે.

આસમાન અને પૃથ્વીના સર્જનમાં ક્રમ તથા સર્જનના દિવસોની ગણતરી :

બયાનુલ કુર્આનમાં હઝરત સય્યિદી હકીમુલ ઉમ્મત કુદ્દીસ્સિર્રુહુએ ફરમાવ્યું છે કે આમ તો પૃથ્વી અને આસમાનના સર્જનનું વર્ણન ટૂંકમાં અને વિગતવાર કુર્આને કરીમમાં અનેક ઠેકાણે આવ્યું છે પરંતુ તેમાં ક્રમનું વર્ણન કે પ્રથમ શું બન્યું, પછી શું બન્યું ? એ લગભગ માત્ર ત્રણ જ આયતોમાં આવ્યું છે. એક આયત હા-મીમ સજદહની આયતમાં અને બીજી સૂરએ બકરહની ઉપરોક્ત આયતમાં તથા ત્રીજું સૂરએ નાઝિઆતમાં (૭૯:૨૭ થી ૩૨),

ءَ اَنْتُمْ اَشَدُّ خَلْقًا اَمِ السَّمَآءُ بَنٰهَا رَفَعَ سَمْكَهَا فَسَوّٰهَا وَاَغْطَشَ لَيْلَهَا وَاَخْرَجَ
ضُحٰهَا وَالْاَرْضَ بَعْدَ ذٰلِكَ دَحٰهَا اَخْرَجَ مِنْهَا مَآءَهَا وَمَرْعٰهَا وَالْجِبَالَ اَرْسٰهَا

ઉપરછલ્લી નજરે આ બધા વિષયોમાં કંઈક અંશે વિરોધાભાસ જેવું જણાય છે, કારણ કે સૂરએ બકરહ અને સૂરએ હા-મીમ સજદહની આયતોથી પૃથ્વીનું સર્જન આસમાન કરતાં અગ્રક્રમે હોવાનું જણાય છે અને સૂરએ નાઝિઆતમાં તેનાથી વિપરીત દેખીતી રીતે પૃથ્વીનું સર્જન આસમાન પછી થયું હોવાનું જણાય છે, હઝરત રહમતુલ્લાહે ફરાવ્યું કે આ બધી આયતોમાં વિચાર કરવાથી મારા વિચારમાં તો એવું આવે છે કે પ્રથમ પૃથ્વીનું ભૌતિક દળ (માદો) બનાવ્યો અને હજુ તેનું ઉપસ્થિત સ્વરૂપ બન્યું ન હતું કે એવી જ પરિસ્થિતિમાં આસમાનનો માદો (દળ) બનાવ્યો જે دُخَــــان (દુખાન) એટલે કે "ધુમાડાના સ્વરૂપમાં" હતું, ત્યાર પછી આસમાનના ધુમાડાના દળને સાત આસમાન બનાવી દીધા, આશા છે કે બધી આયતો આ ચર્ચા દ્વારા સ્પષ્ટ થઈ જશે. આગળ વાસ્તવિક પરિસ્થિતિથી માત્ર અલ્લાહ તઆલા જ સારી રીતે વાકેફ છે.

(બયાનુલ કુર્આન, સૂરએ બકરહ : રુકૂઅ : ૩)

સહીહ બુખારીમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ જ આયત હેઠળ અમુક પ્રશ્નો અને તેના ઉત્તરો ઉપસ્થિત છે તેમાં આ આયતનો જે ખુલાસો હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ કર્યો તે લગભગ એ જ છે જે હઝરત થાનવી (રહ.)એ ઉપર પ્રમાણે વર્ણન કર્યો છે, તે શબ્દો જે ઈબ્ને કષીર (રહ.)એ આ જ આયત હેઠળ વર્ણન કર્યા છે તે આ પ્રમાણે છે,

وَخَلَقَ الْاَرْضَ فِيْ يَوْمَيْنِ ثُمَّ خَلَقَ السَّمَآءَ ثُمَّ اسْتَوٰى اِلَى السَّمَآءِ فَسَوّٰهُنَّ فِيْ يَوْمَيْنِ اٰخَرَيْنِ ثُمَّ دَحَى الْاَرْضَ وَدَحْيُهَا اَنْ اَخْرَجَ مِنْهَا الْمَآءَ وَالْمَرْعٰى وَخَلَقَ الْجِبَالَ وَالرِّمَالَ وَالْجَمَادَ وَالْاٰكَامَ وَمَا بَيْنَهُمَا فِيْ يَوْمَيْنِ اٰخَرَيْنِ فَذٰلِكَ قَوْلُهٗ تَعَالٰى دَحَاهَا.

અને હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ ઈબ્ને જરીર (રહ.)ના હવાલાથી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા આયત હા-મીમ સજદહની તફસીરમાં આ રિવાયત પણ નકલ કરી છે કે,

"મદીનાના યહૂદીઓ નબીએ કરીમ ﷺની સેવામાં પહોંચ્યા અને આસમાનો તથા પૃથ્વીના સર્જન વિશે પ્રશ્નો કર્યા, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ

તઆલાએ પૃથ્વીને રવિવાર અને સોમવારના દિવસે પેદા કરી અને પહાડ તથા તેમાં જે કંઈ ખનીજો વગેરે તેમાં છે તેને મંગળવારના દિવસે તથા વૃક્ષો અને પાણીના ઝરણાંઓ તથા શહેરો અને વેરાન મેદાનો બુધના દિવસે, આ કુલ ચાર દિવસ થઈ ગયા, જેમકે આ આયતમાં છે, ءَ اِنَّكُمْ لَتَكْفُرُوْنَ بِالَّذِىْ خَلَقَ الْاَرْضَ فِىْ يَوْمَيْنِ وَتَجْعَلُوْنَ لَهٗۤ اَنْدَادًا ۚ ذٰلِكَ رَبُّ الْعٰلَمِيْنَ وَجَعَلَ فِيْهَا رَوَاسِىَ مِنْ فَوْقِهَا وَبٰرَكَ فِيْهَا وَقَدَّرَ فِيْهَاۤ اَقْوَاتَهَا فِىْۤ اَرْبَعَةِ اَيَّامٍ ۚ سَوَآءً لِّلسَّآئِلِيْنَ *એટલે કે તે લોકો માટે જેઓ તેના સર્જનનો પ્રશ્ન કરે, પછી ફરમાવ્યું, અમે જુમેરાતના દિવસે આસમાન બનાવ્યા અને જુમ્આના દિવસે તારાઓ તથા સૂર્ય અને ચંદ્ર અને ફરિશ્તાઓ. આ બધું કામ જુમ્આના દિવસમાં ત્રણ કલાકો બાકી હતા ત્યારે પૂર્ણ કર્યું, પછી બીજા કલાકમાં આફતો અને મુસીબતો જે દરેક વસ્તુ ઉપર આવવાની છે તે પેદા કરી અને ત્રીજા કલાકમાં હઝરત આદમ (અલૈ.)ને પેદા કર્યા અને તેમને જન્નતમાં થોભાવ્યા અને ઈબ્લીસને સિજદહનો હુકમ આપવામાં આવ્યો, તેના સિજદહ કરવાના ઈન્કાર કરવાના કારણે જન્નતમાંથી કાઢી મૂકવામાં આવ્યો, આ બધું ત્રીજા કલાકના પૂર્ણ થવા સુધી થયું."*

(લાંબી ... -ઈબ્ને કષીર)

ઈબ્ને કષીરે આ રિવાયતને નકલ કરીને કહ્યું, هٰذَا الْحَدِيْثُ فِيْهِ غَرَابَةٌ (that is, the contents of this Hadith are not corroborated by other sources–કોઈ અન્ય સ્ત્રોત દ્વારા આ હદીષની પુષ્ટી થતી નથી).

અને સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની એક હદીષ આવી છે જેમાં વિશ્વના સર્જનની શરૂઆત يَوْمُ السَّبْتِ (યૌમુસ્સબ્તિ) એટલે કે શનિવારના દિવસે બતાવવામાં આવી છે, તેના હિસાબે આસમાન અને પૃથ્વીનું સર્જન સાત દિવસોમાં થયું હોવાનું જણાય છે પરંતુ કુર્આનના સામાન્ય નુસૂસમાં આ સર્જન છ દિવસમાં થવાનું સ્પષ્ટપણે ઉપસ્થિત છે. وَلَقَدْ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِىْ سِتَّةِ اَيَّامٍ وَّمَا مَسَّنَا مِنْ لُّغُوْبٍ એટલે કે, "અમે પેદા કર્યા આસમાનો અને જમીનને અને જે કંઈ તેમની અંદર છે તેને છ દિવસમાં; અને અમને કોઈ થકાવટ આવી નથી." (૫૦:૩૮) એટલા માટે વળી તેની સનદના આધારે પણ ઉચ્ચ કક્ષાના મુહદ્દીસોએ આ રિવાયતને مَعْلُوْلٌ (મઅ્લૂલ) "ખામીયુક્ત" ઠરાવી છે. ઈબ્ને કષીરે તેને મુસ્લિમ અને નસાઈના હવાલાથી

નકલ કરીને કહ્યું, وَهُوَ مِنْ غَرَائِبِ صَحِيْحِ الْمُسْلِمِ كَمَا فِيْ زَادِالْمَسِيْرِ لِابْنِ الْجَوْزِيْ એટલે કે, આ હદીષ સહીહ મુસ્લિમની અજાયબીઓમાંથી છે અને પછી ફરમાવ્યું કે ઈમામ બુખારી (રહ.)એ પોતાની કિતાબ "તારીખે કબીર"માં આ રિવાયતને "મઅ્લૂલ" ઠરાવી છે અને ઘણા લોકોએ આ રિવાયતને હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી કઅ્બ બિન અહ્બાર (રદિ.)ની રિવાયત નકલ કરી છે, રસૂલે કરીમ ﷺનો ઈરશાદ નથી. અને ફરમાવ્યું કે આ જ તદ્દન સત્ય છે. (ઈબ્ને કષીર, પેજ : ૯૪, જિલ્દ : ૪) એ જ પ્રમાણે મદીની અને બયહકી વગેરે હદીષના હાફિઝોએ પણ તેને કઅ્બ બિન અહ્બારનું નિવેદન ઠરાવ્યું છે.

(હાસિયા, ઝાદૂલ મસીર, અલ ઈબ્ને જવઝી રહ; પેજ : ૨૭૩, જિલ્દ : ૭)

પ્રથમ રિવાયત જે ઈબ્ને જરીર (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરી છે ઈબ્ને કષીર (રહ.)ના ફેંસલા પ્રમાણે તેમાં પણ "ગરાબહ" (બીજા સ્ત્રોતોની વિરોધાભાસી) છે, એ પણ છે કે આ રિવાયતમાં હઝરત આદમ (અલૈ.)નું સર્જન આસમાનોના સર્જનની સાથે અંતિમ દિવસે જુમ્આના અંતિમ કલાકમાં થયાનું અને તે જ કલાકમાં સિજદહનો હુકમ અને ઈબ્લીસને જન્નતમાંથી કાઢવાની બાબત ઉપસ્થિત છે, જ્યારે કે અનેક કુર્આનની આયતોમાં હઝરત આદમ (અલૈ.)નો તથા સિજદહનો હુકમનો તથા ઈબ્લીસના કાઢી મૂકવાનો જે કિસ્સો વર્ણન થયો છે તેની શૈલીથી સ્પષ્ટપણે એવું જણાય છે કે હઝરત આદમ (અલૈ.)ના સર્જનની ઘટના પૃથ્વી અને આસમાનોના સર્જનના ઘણા સમય બાદ થઈ છે, જ્યારે કે પૃથ્વીમાં તેની બધી જ જરૂરિયાતો સંપૂર્ણ થઈ ચૂકી અને જિન્નાતો તથા શયતાનો ત્યાં વસવા લાગ્યા,

ત્યાર પછી ફરમાવ્યું, اِنِّيْ جَاعِلٌ فِي الْاَرْضِ خَلِيْفَةً

(મઝહરી)

ખુલાસો એ છે કે પૃથ્વી અને આસમાનોના સર્જન સમયે તથા દિવસ અને તેમનો ક્રમ જે હદીષની રિવાયતોમાં આવ્યો છે તેમાં કોઈ રિવાયત એવી નથી જેને કુર્આનની જેમ કતઈ એટલે કે સંપૂર્ણ વિશ્વાસપૂર્વકની કહી શકાય, બલકે એવી સંભાવના વધુ પડતી છે કે આ ઈસ્રાઈલી રિવાયતો હોય અને મરફૂઅ્ હદીષો ન હોય, જેમકે ઈબ્ને કષીર (રહ.)એ મુસ્લિમ અને નસાઈની હદીષ વિશે તેનો ખુલાસો કર્યો છે તેથી કુર્આનની આયતોને અસલ ઠરાવીને હેતુ નક્કી કરવો

જોઈએ અને કુર્આનની આયતોને એકઠી કરવાથી એક વાત તો એ સ્પષ્ટપણે જણાય છે કે આસમાન અને પૃથ્વી તથા તેમની અંદરની બધી જ વસ્તુઓ માત્ર છ દિવસમાં પેદા થઈ છે, બીજી વાત સૂરએ હા–મીમ સજદહની આયતથી એ જણાય છે કે પૃથ્વી અને તેના પહાડો, વૃક્ષો વગેરેના સર્જનમાં પૂરા ચાર દિવસ લાગ્યા, ત્રીજી વાત એ જણાય છે કે આસમાનોના સર્જનમાં બે દિવસ ખર્ચ થયા જેમાં સંપૂર્ણ બે દિવસ હોવાનો ખુલાસો નથી બલકે અમુક ઈશારા એ તરફ મળે છે કે આ બે દિવસ પૂરેપૂરા ખર્ચ થયા નથી, જુમ્આના અંતિમ દિવસનો અમુક હિસ્સો બાકી રહ્યો હતો. આ આયતોના જાહેરપણાથી એ જાણ થાય છે કે છ દિવસમાંથી પ્રથમ ચાર દિવસ પૃથ્વી ઉપર બાકી બે દિવસો આસમાનોના સર્જનમાં ખર્ચ થયા અને પૃથ્વીનું સર્જન આસમાનોથી પહેલાં થયું પરંતુ સૂરએ નાઝિઆતની આયતમાં જમીનને ફેલાવવાનું અને તેને પૂરું કરવાનું કામ સ્પષ્ટપણે આસમાનના સર્જન પછી કર્યું છે એટલા માટે તે સંભાવના અશક્ય નથી જે ઉપર બયાનુલ કુર્આનના હવાલાથી વર્ણન થઈ છે કે પૃથ્વીનું સર્જન બે વિભાગોમાં વિભાજિત છે, પ્રથમ બે દિવસોમાં પૃથ્વી અને તેની ઉપરના પહાડો વગેરેનો માદ્દો તૈયાર કરવામાં આવ્યો, ત્યારબાદ બે દિવસોમાં સાત આસમાન બનાવ્યા, ત્યારબાદ બે દિવસોમાં જમીનને ફેલાવી અને તેની અંદર જે કંઈ પહાડ, વૃક્ષો, નહેરો, ઝરણાઓ વગેરે બનાવ્યા હતા તેની પૂર્ણતા થઈ, એ જ પ્રમાણે પૃથ્વીના સર્જનના ચાર દિવસો સતત એકધારા એક ક્રમમાં નથી રહ્યા અને આ આયત હા–મીમ સજદહમાં જે ક્રમ વર્ણન થયો છે કે પ્રથમ પૃથ્વીને બે દિવસમાં પેદા કરવાનું વર્ણન કર્યું, દાખલા તરીકે خَلَقَ الْاَرْضَ فِىْ يَوْمَيْنِ ત્યારબાદ મુશ્રિકોને ચેતવણી આપવામાં આવી છે, પછી તેને જુદું પાડીને કહ્યું, وَجَعَلَ فِيْهَا رَوَاسِىَ مِنْ فَوْقِهَا وَبٰرَكَ فِيْهَا وَقَدَّرَ فِيْهَآ اَقْوَاتَهَا فِىْٓ اَرْبَعَةِ اَيَّامٍ એના ઉપર તો બધા જ તફસીરકારો સહમત છે કે આ ચાર દિવસો તે પહેલાં બે દિવસોને સામેલ કરીને છે, તેનાથી અલગ ચાર દિવસો નથી નહિતર બધા જ દિવસોને ભેગા કરીએ તો આઠ દિવસો થઈ જશે જે કુર્આનના ખુલાસાથી વિપરીત છે.

હવે અત્રે વિચાર કરવાથી દેખીતો તકાદો એ જણાય છે કે, خَلَقَ الْاَرْضَ فِىْ يَوْمَيْنِ ફરમાવ્યા પછી પહાડો વગેરેના સર્જનને પણ فِىْ يَوْمَيْنِ (ફી યવમયૂની)ના શબ્દ વડે ઓળખાવવામાં આવ્યું હોત તો તેની ગણતરી ચાર થવી

આપમેળે જાણ થઈ ગઈ હોત પરંતુ કુર્આને કરીમે આ વિષય અપનાવવાને બદલે એવું રાખ્યું કે પૃથ્વીના સર્જનમાંથી બાકીની બાબતોનું વર્ણન કરીને ફરમાવ્યું કે આ કુલ ચાર દિવસ થયા, તેનાથી દેખીતો ઈશારો એ તરફ નીકળે છે કે આ ચાર દિવસો એક ક્રમમાં અને લગાતાર નથી બલકે બે વિભાગોમાં વહેંચાયેલા હતા, બે દિવસો આસમાનોના સર્જનથી પહેલાં, બે દિવસો ત્યારબાદ અને પ્રસ્તુત આયતમાં જે ....جَعَلَ فِيهَا رَوَاسِىَ مِنْ فَوْقِهَا નું વર્ણન છે એ આસમાનોના સર્જન પછીનું વર્ણન છે. વલ્લાહુ અઅ્લમુ.

وَجَعَلَ فِيهَا رَوَاسِىَ مِنْ فَوْقِهَا પૃથ્વીમાં પહાડ તેના સમતોલપણાને ઠીકઠાક રાખવા માટે પેદા કરવામાં આવ્યા છે જેમકે અનેક કુર્આનની આયતોમાં તેનો ખુલાસો આવ્યો છે એટલા માટે એ જરૂરી ન હતું કે તે પહાડોને જમીનની સપાટી ઉપર ઊંચા કરીને રાખવામાં આવે, જમીનની અંદર પણ રાખી શકાતા હતા પરંતુ ઉપર રાખવાથી અને તેની ઊંચાઈને સામાન્ય મનુષ્યો અને પ્રાણીઓની પહોંચથી દૂર રાખવામાં પૃથ્વી ઉપર વસવાટ કરનારાઓ માટે હજારો નહીં બલકે અગણિત લાભ છે એટલા માટે આ આયતમાં مِنْ فَوْقِهَا (મિન ફવકીહા)ના શબ્દ દ્વારા આ ખાસ નેઅ્મત તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

وَقَدَّرَ فِيهَآ اَقْوَاتَهَا فِىٓ اَرْبَعَةِ اَيَّامٍ سَوَآءً لِّلسَّآئِلِيْنَ માં શબ્દ اَقْوَاتٌ(અક્વાત) એક قُوْتٌ (કૂત)નું બહુવચન છે જેનો અર્થ "રોજી અને ખોરાક" છે જેમાં સામાન્ય માનવીની દરેક જરૂરિયાતો સામેલ છે. *(અબૂ ઉબયદહ ઝાદૂલ મસીર અલ ઈબ્ને જવઝી)*

હઝરત હસન અને સુદી (રહ.)એ તેની તફસીરમાં કહ્યું કે અલ્લાહ તઆલાએ પૃથ્વીના દરેક વિભાગમાં તેના વસવાટ કરનારાઓની આવશ્યકતાઓ પ્રમાણે રોજી અને ખોરાક નિર્માણ કરી દીધો, નિર્માણ કરવાનો ભાવાર્થ એ છે કે એ હુકમ લાગુ પાડી દીધો કે પૃથ્વીના આ વિભાગમાં ફલાણી ફલાણી વસ્તુઓ આટલા પ્રમાણમાં પેદા થઈ જાય, આ જ તકબીરે ઈલાહીથી પૃથ્વીના દરેક વિભાગમાં અમુક પ્રકારની વિશિષ્ટતાઓ ઉત્પન્ન થઈ, દરેક ઠેકાણે વિવિધ પ્રકારની ખનીજો અને વિવિધ પ્રકારની વનસ્પતિ અને વૃક્ષો તથા પ્રાણીઓ તે વિભાગની આવશ્યકતા અનુસાર તેમની પ્રકૃતિ અને જરૂરિયાત પ્રમાણે પેદા કરવામાં આવ્યા.

આથી જ પૃથ્વીના દરેક વિભાગનું ઉત્પાદન અને પોશાક વિવિધ પ્રકારના

હોય છે, યમનમાં عَصَبْ (અસબ) સાબૂરમાં સાબૂરી, રૅ માં તયાલિશહ, અમુક પ્રદેશોમાં ઘઉં, કોઈ પ્રદેશમાં ચોખા તો બીજા અનાજ, કોઈ સ્થળે રૂહ, કોઈ સ્થળે જવ, કાંઈ સ્થળે સફરજન, દ્રાક્ષ અને કોઈ ઠેકાણે કેરી.... આ બધી વસ્તુઓની વિવિધતા પૃથ્વીના દરેક હિસ્સાની પ્રકૃતિ પ્રમાણે હોય છે, હઝરત ઈકરીમા અને ઝહ્હાક (રહ.)ના નિવેદન પ્રમાણે તેનાથી એ લાભ પણ છે કે દુનિયાના બધા વિભાગો અને પ્રદેશોમાં પરસ્પર વેપાર તથા સહકારના માર્ગો ખુલ્યા, કોઈ વિભાગને બીજા વિભાગની જરૂર ન પડે એવું નથી, પરસ્પર એકબીજાના સહકાર ઉપર જ પરસ્પર સંવાદિતાની મજબૂત ઈમારત ઊભી થઈ શકે છે. ઈકરીમા (રહ.)એ ફરમાવ્યું કે અમુક વિભાગોમાં મીઠાને સોનાના ભાવે તોલીને વેચવામાં આવે છે.

જાણે પૃથ્વીને અલ્લાહ તઆલાએ તેના ઉપર વસવાટ કરનાર માનવો અને પ્રાણીઓના બધા જ આવશ્યક ખોરાકો, રહેઠાણ તથા પોશાક વગેરેનું એક એવું મહાન ગોડાઉન બનાવ્યું છે કે કયામત સુધી આવનાર અને વસનાર અબજો અબજ માનવો અને અસંખ્ય પ્રાણીઓની બધી જ જરૂરિયાતો મૂકી દીધી છે, તે પૃથ્વીપટ ઉપર વિકાસ પામતી રહે છે અને જરૂરિયાત પ્રમાણે કયામત સુધી ઉત્પાદન થતી રહેશે, માનવીનું કામ માત્ર એ રહી ગયું છે કે પોતાની આવશ્યકતા પ્રમાણે તે તેને પૃથ્વીમાંથી કાઢે અને પોતાની આવશ્યકતા પ્રમાણે તેનો ઉપયોગ કરે, આગળની આયતમાં ફરમાવ્યું, سَوَآءً لِّلسَّآئِلِيْنَ આ વાક્યનો સંબંધ ઘણા તફસીરકારોએ اَرْبَعَةِ اَيَّامٍ (અર્બઅતુ અય્યામ) ચાર દિવસો હોવાનો ઠરાવ્યો છે અને કારણ કે બોલચાલના રૂઢિપ્રયોગમાં જેને ચાર કહી દેવામાં આવે છે તે ક્યારેક ચારથી ઓછા હોય તો ક્યારેક ચારથી વધારે પણ હોય છે પરંતુ આ ઓછા વત્તાપણાને નજર અંદાજ કરી તેને ચાર કહી દેવામાં આવે છે, આયતમાં આ સ્થળે શબ્દ سَوَآءً (સવાઅન) વધારીને તે સંભાવનાને ખતમ કરી એવું બતાવવામાં આવ્યું કે આ કાર્ય પૂરા ચાર દિવસમાં ઠીક થયું છે અને لِلسَّآئِلِيْنَ (લિસ્સાઈલીન) કહેવાનો અર્થ એ છે કે જે લોકો આસમાન અને જમીનના સર્જન વિશે આપ ﷺને પ્રશ્નો કરી રહ્યા છે જેમકે યહૂદીઓનું પ્રશ્ન કરવું, તફસીર ઈબ્ને જરીર અને દૂર્રે મન્ષૂરમાં નકલ થયેલ છે કે આ પ્રશ્નો કરનારાઓને એ બતાવવામાં આવ્યું છે કે આ સર્જન પૂરા ચાર દિવસમાં થયું છે. *(ઈબ્ને કષીર, કુર્તુબી, રૂહ)*

અમુક તફસીરકારો ઇબ્ને ઝૈદ વગેરેએ لِلسَّائِلِيْنَ (લિસ્સાઈલીન)નો સંબંધ વાક્ય قَدَّرَفِيْهَا اَقْوَاتَهَا સાથે ઠરાવ્યો છે અને سَائِلِيْنَ (સાઈલીન)નો અર્થ طَالِبِيْنَ (તાલીબીન-માંગણી કરનારાઓ માટે) અને مُحْتَاجِيْنَ (મુહ્તાજીન-તેમાં તેનો ખોરાક બનાવ્યો) માટે છે. આ સ્વરૂપમાં અર્થ એ નીકળે છે કે પૃથ્વીમાં અલ્લાહ તઆલાએ જે વિવિધ પ્રકાર અને જાતજાતની આવશ્યકતાઓ અને જરૂરિયાતો પ્રમાણેનો ખોરાક ઉત્પન્ન કર્યો છે તે એ લોકોના લાભ માટે છે જે તેની માંગણી કરનારા અને તેના હાજતમંદ પણ છે અને કારણ કે જેને કોઈ વસ્તુની જરૂરિયાત હોય અથવા મોહતાજ હોય તો તે સ્વાભાવિકપણે સવાલ (માંગણી) કર્યા કરે છે એટલા માટે તેમને سَائِلِيْنَ (સાઈલીન) "સવાલ કરનાર અથવા માંગણી કરનાર" શબ્દ વડે ઓળખાવવામાં આવ્યા. *(બહરે મુહીત)*

ઈબ્ને કષીર (રહ.)એ આ તફસીર નકલ કરીને ફરમાવ્યું કે આ એવું છે જેમકે કુર્આને કરીમે ફરમાવ્યું, اٰتٰكُمْ مِّنْ كُلِّ مَا سَاَلْتُمُوْهُ (૧૪:૩૪) એટલે કે, અલ્લાહ તઆલાએ તે બધી વસ્તુઓ અર્પણ કરી જે તમે માંગી, કારણ કે અહીંયાં પણ માંગવાનો ભાવાર્થ તેમનું જરૂરિયાતમંદ હોવું છે, સવાલ કરવો શરત નથી, કારણ કે અલ્લાહ તઆલાએ આ વસ્તુઓ ન માંગનારાઓને પણ અર્પણ કરી છે.

فَقَالَ لَهَا وَلِلْاَرْضِ ائْتِيَا طَوْعًا اَوْ كَرْهًا قَالَتَا اَتَيْنَا طَآئِعِيْنَ આ આસમાન અને પૃથ્વીને સંબોધન કરીને હુકમ સંભળાવ્યો તથા તેમણે આજ્ઞાપાલન અને ફરમાંબરદારી બતાવીને જવાબ આપ્યો. અમુક તફસીરકારોના મતે આ એક રૂપક છે કે પૃથ્વી અને આસમાન અલ્લાહ તઆલાની આજ્ઞાના આધીન દરેક કાર્ય માટે તૈયાર જોવા મળ્યા પરંતુ ઇબ્ને અતિય્ય અને બીજા સંશોધક તફસીરના ઈમામોએ કહ્યું કે તેમાં કોઈ રૂપક નથી, બધું જ પોતાની હકીકત ઉપર છે, અલ્લાહ તઆલાએ આસમાન અને પૃથ્વીમાં તેમની સમજ અને બુદ્ધિ પ્રમાણે સમજશક્તિ પણ પેદા કરી છે અને તેમને બોલવાની અને જવાબ આપવાની શક્તિ પણ અર્પણ કરી હતી, તફસીરે બહરે મુહીતમાં તેને નકલ કરીને ફરમાવ્યું છે કે આ જ તફસીર શ્રેષ્ઠ અને ઉત્તમ છે.

ઈબ્ને કષીર (રહ.)એ તેને નકલ કરીને અમુકનું આ નિવેદન પણ નકલ કર્યું છે કે પૃથ્વી તરફથી આ જવાબ હવે તે પૃથ્વીના વિભાગે આપ્યો હતો જેના ઉપર બયતુલ્લાહની તા'મીર થઈ અને આસમાનના તે વિભાગે જે બયતુલ્લાહની બિલકુલ ઉપર છે (જેને બયતુલ મા'મૂર કહેવામાં આવે છે).

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૧૩ થી ૨૫)

فَإِنْ أَعْرَضُوا فَقُلْ أَنذَرْتُكُمْ صَاعِقَةً مِّثْلَ صَاعِقَةِ عَادٍ وَثَمُودَ ﴿١٣﴾ إِذْ جَاءَتْهُمُ
الرُّسُلُ مِن بَيْنِ أَيْدِيهِمْ وَمِنْ خَلْفِهِمْ أَلَّا تَعْبُدُوا إِلَّا اللَّهَ ۖ قَالُوا لَوْ شَاءَ رَبُّنَا
لَأَنزَلَ مَلَائِكَةً فَإِنَّا بِمَا أُرْسِلْتُم بِهِ كَافِرُونَ ﴿١٤﴾ فَأَمَّا عَادٌ فَاسْتَكْبَرُوا فِي الْأَرْضِ
بِغَيْرِ الْحَقِّ وَقَالُوا مَنْ أَشَدُّ مِنَّا قُوَّةً ۖ أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَهُمْ هُوَ أَشَدُّ
مِنْهُمْ قُوَّةً ۖ وَكَانُوا بِآيَاتِنَا يَجْحَدُونَ ﴿١٥﴾ فَأَرْسَلْنَا عَلَيْهِمْ رِيحًا صَرْصَرًا فِي
أَيَّامٍ نَّحِسَاتٍ لِّنُذِيقَهُمْ عَذَابَ الْخِزْيِ فِي الْحَيَاةِ الدُّنْيَا ۖ وَلَعَذَابُ الْآخِرَةِ
أَخْزَىٰ وَهُمْ لَا يُنصَرُونَ ﴿١٦﴾ وَأَمَّا ثَمُودُ فَهَدَيْنَاهُمْ فَاسْتَحَبُّوا الْعَمَىٰ عَلَى
الْهُدَىٰ فَأَخَذَتْهُمْ صَاعِقَةُ الْعَذَابِ الْهُونِ بِمَا كَانُوا يَكْسِبُونَ ﴿١٧﴾ وَنَجَّيْنَا
الَّذِينَ آمَنُوا وَكَانُوا يَتَّقُونَ ﴿١٨﴾ وَيَوْمَ يُحْشَرُ أَعْدَاءُ اللَّهِ إِلَى النَّارِ
فَهُمْ يُوزَعُونَ ﴿١٩﴾ حَتَّىٰ إِذَا مَا جَاءُوهَا شَهِدَ عَلَيْهِمْ سَمْعُهُمْ وَأَبْصَارُهُمْ
وَجُلُودُهُم بِمَا كَانُوا يَعْمَلُونَ ﴿٢٠﴾ وَقَالُوا لِجُلُودِهِمْ لِمَ شَهِدتُّمْ عَلَيْنَا ۖ
قَالُوا أَنطَقَنَا اللَّهُ الَّذِي أَنطَقَ كُلَّ شَيْءٍ وَهُوَ خَلَقَكُمْ أَوَّلَ مَرَّةٍ وَإِلَيْهِ
تُرْجَعُونَ ﴿٢١﴾ وَمَا كُنتُمْ تَسْتَتِرُونَ أَن يَشْهَدَ عَلَيْكُمْ سَمْعُكُمْ وَلَا
أَبْصَارُكُمْ وَلَا جُلُودُكُمْ وَلَٰكِن ظَنَنتُمْ أَنَّ اللَّهَ لَا يَعْلَمُ كَثِيرًا مِّمَّا تَعْمَلُونَ ﴿٢٢﴾
وَذَٰلِكُمْ ظَنُّكُمُ الَّذِي ظَنَنتُم بِرَبِّكُمْ أَرْدَاكُمْ فَأَصْبَحْتُم مِّنَ الْخَاسِرِينَ ﴿٢٣﴾
فَإِن يَصْبِرُوا فَالنَّارُ مَثْوًى لَّهُمْ ۖ وَإِن يَسْتَعْتِبُوا فَمَا هُم مِّنَ الْمُعْتَبِينَ ﴿٢٤﴾
وَقَيَّضْنَا لَهُمْ قُرَنَاءَ فَزَيَّنُوا لَهُم مَّا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَحَقَّ عَلَيْهِمُ
الْقَوْلُ فِي أُمَمٍ قَدْ خَلَتْ مِن قَبْلِهِم مِّنَ الْجِنِّ وَالْإِنسِ ۖ إِنَّهُمْ كَانُوا خَاسِرِينَ ﴿٢٥﴾

તરજુમો :

પછી જો તેઓ ટાળે તો તમે કહો, મેં તમને એક સખત અઝાબની ખબર સંભળાવી દીધી જેવો આદ અને ષમૂદ(ની કોમ) ઉપર આવ્યો. (૧૩) જ્યારે તેમની પાસે રસૂલ આગળથી અને પાછળથી આવ્યા કે અલ્લાહના સિવાય કોઈની ઈબાદત ન કરો; તેઓ કહેવા લાગ્યા, જો અમારા પરવરદિગારે ઈચ્છયું હોત તો ફરિશ્તા મોકલ્યા હોત, અમે તમારા લાવેલાને માનતા નથી. (૧૪) બસ તે જે આદ(ના લોકો) હતા તેઓ પ્રદેશમાં નાહક અભિમાન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, અમારાથી વધારે બળવાન કોણ છે ? શું જોતા નથી કે અલ્લાહ જેણે તેમને બનાવ્યા તે તેમના કરતાં બળમાં વધારે છે અને અમારી નિશાનીઓથી ઈન્કારી હતા. (૧૫) પછી અમે તેમના ઉપર ખૂબ જોરની હવા મોકલી કેટલાય દિવસો કે જે મુસીબતના હતા જેથી તેમને દુનિયાની જિંદગીમાં અપમાનનો અઝાબ ચખાડે અને આખિરતના અઝાબમાં પણ સંપૂર્ણ રુસ્વાઈ છે જ અને તેમને ક્યાંય મદદ નથી. (૧૬) અને તેઓ જે ષમૂદ(ના લોકો) હતા બસ અમે તેમને માર્ગ બતાવ્યો, પછી તેમને માર્ગ જોવા કરતાં આંધળા રહેવામાં ખુશી લાગી, પછી તેમને ઝિલ્લતના અઝાબના કડાકાએ પકડયા તેનો બદલો જે તેઓ કમાતા હતા. (૧૭) અને અમે તે લોકોને બચાવ્યા જેઓ ઈમાન લાવ્યા હતા અને બચીને ચાલતા હતા. (૧૮) અને જે દિવસે અલ્લાહના દુશ્મનો દોઝખ ઉપર જમા થશે, પછી તેમના (અલગ અલગ) જૂથો બનાવવામાં આવશે. (૧૯) એટલે સુધી કે જ્યારે તેના ઉપર પહોંચશે તેમના કાન અને તેમની આંખો અને તેમની ચામડી તેમના વિરુદ્ધ (એની) સાક્ષી આપશે જે કંઈ તેઓ કર્યા કરતા હતા. (૨૦) અને તેઓ પોતાની ચામડીને કહેશે, તમે કેમ (અમારા વિરુદ્ધ) ગવાહી આપી ? તેઓ કહેશે, અમને અલ્લાહે બોલાવ્યું જેણે દરેક વસ્તુને બોલાવડાવ્યું (વાચા આપી) અને તેણે જ તમને પ્રથમવાર પેદા કર્યા અને તેના જ તરફ પાછા વળીને જાઓ છો. (૨૧) અને તમે એ વાતથી પડદો કરતા ન હતા (જ્યારે કે ગુનાહો કરતા હતા એ વિચારે) કે તમારા (વિરુદ્ધ તમારા જ) કાન ગવાહી આપશે અને તમારી આંખો અને તમારા ચહેરા પરંતુ તમને એ (ખોટો) વિચાર હતો કે અલ્લાહ ઘણી વાતો નથી જાણતો જે

તમે કરો છો. (૨૨) અને આ તે જ તમારો (ખોટો) વિચાર છે જે તમે પોતાના પરવરદિગારના હકમાં રાખતા હતા, તેણે જ તમને ગારત (બરબાદ) કર્યા પછી આજે નુકસાનમાં રહેી ગયા. (૨૩) પછી જો તેઓ ધીરજ ધરે તો (પણ) આગ (જ) તેમનું ઠેકાણું છે અને જો તેઓ મનાવવા ઈચ્છે તો તેમના (માટે) કોઈ મનાવનાર નથી. (૨૪) અને અમે તેમની પાછળ સાથે રહેનારા લગાડી દીધા, પછી તેમણે તેમની આંખોમાં તે શણગારીને બતાવ્યું જે તેમની આગળ છે અને જે તેમની પાછળ છે અને અઝાબની વાત તે જિન્નાતોના અને મનુષ્યોના વર્ગો માટે સત્ય સાબિત થઈ ચૂકી જેઓ તેમનાથી પહેલાં ગુઝરી ચૂક્યા, બેશક તેઓ નુકસાનવાળા હતા. (૨૫)

તફસીર :

પછી (તવહીદની દલીલો સાંભળીને પણ) જો તે લોકો (તવહીદથી) મોઢું ફેરવે તો તમે કહી આપો કે હું તમને એવી આફતથી ડરાવું છું જેવી આદ અને ષમૂદ ઉપર (તેમના કુફ્ર અને શિર્કના કારણે) આફત આવી હતી (તેનો ભાવાર્થ અઝાબથી નાશ થવો છે જેમકે મક્કાના કુરૈશના સરદાર ગઝ્વએ બદ્રમાં માર્યા ગયા અને કેદ કરવામાં આવ્યા અને આદ અને ષમૂદની આ ઘટના તે સમયે બની હતી) જ્યારે કે તેમની પાસે તેમની આગળથી પણ અને તેમની પાછળથી પણ પયગમ્બર આવ્યા (એટલે કે જે પયગમ્બર તેમના તરફ મોકલવામાં આવ્યા અને તેમણે તેમને સમજાવવામાં ખૂબ પ્રયત્ન કર્યો જેમકે કોઈ વ્યક્તિ પોતાના કોઈ વહાલસોયાને કોઈ મુસીબત અને નાશ તરફ જતો જુએ તો તે ક્યારેક આગળથી આવીને તેને રોકે છે અને ક્યારેક પાછળથી પકડે છે અને તેનું ઉદાહરણ કુર્આનમાં ઈબ્લીસનું તે નિવેદન છે કે તેણે કહ્યું હતું لَاٰتِيَنَّهُمْ مِّنْۢ بَيْنِ اَيْدِيْهِمْ وَمِنْ خَلْفِهِمْ એટલે કે હું બની આદમને ગુમરાહ કરવા તેમના આગળથી પણ આવીશ અને તેમના પાછળથી પણ આવીશ અને તે પયગમ્બરોએ એવું જ કહ્યું) કે અલ્લાહ સિવાય અન્ય કોઈની ઈબાદત ન કરો, તેમણે જવાબ આપ્યો કે (તમે જે અલ્લાહ તરફથી આવવાનું અને તવહીદ તરફ બોલાવવાનું આમંત્રણ આપો છો તે ખોટું છે કારણ કે) જો અમારા પરવરદિગારને (એવું) મંજૂર હોત (કે કોઈને પયગમ્બર બનાવીને મોકલે) તો ફરિશ્તાઓને મોકલ્યા હોત એટલા માટે અમે એ(તવહીદ)થી પણ ઈન્કારી છીએ જેને આપીને (તમારા દા'વા પ્રમાણે) તમને (પયગમ્બર સ્વરૂપે)

મોકલવામાં આવ્યા છો, પછી (આવા નિવેદનો પછી તે કોમની ખાસ વિગત એ છે કે) તે જે આદના લોકો હતા તેઓ દુનિયામાં નાહક અભિમાન કરવા લાગ્યા અને (જ્યારે અઝાબની ધમકી સાંભળી તો) કહેવા લાગ્યા, તે કોણ છે જે બળમાં અમારાથી વધારે છે ? (કે તે અમને આવા અઝાબમાં સંડોવી શકે છે અને અમે તેને દૂર કરવા શક્તિમાન ન હોઈએ ! આગળ તેનો જવાબ છે કે) શું તે લોકોને એ નજરે ન પડ્યું કે જે અલ્લાહે તેમને પેદા કર્યા છે તે શક્તિમાં તેમનાથી ઘણો વધારે છે (પછી એ છતાં તેના ઉપર પણ તેઓ ઈમાન ન લાવ્યા) અને અમારી આયતોનો ઈન્કાર કરતા રહ્યા તો અમે તેમના ઉપર એક સખત હવા એવા દિવસોમાં મોકલી કે જે (અલ્લાહ તઆલાનો અઝાબ નાઝિલ થવાના કારણે તેમના માટે) મન્હૂસ હતી જેથી અમે તેમને આ દુનિયવી જિંદગીમાં અપમાનના અઝાબનો મજા ચખાડીએ અને આખિરતનો અઝાબ તેનાથી પણ વધારે અપમાનનું કારણ છે અને (આ અઝાબના સમયે કોઈપણ બાજુએથી પણ) તેમને મદદ ન પહોંચશે અને તે જેઓ ષમૂદ હતા તો (તેમની પરિસ્થિતિ એવી થઈ કે) અમે તેમને (પયગમ્બર દ્વારા) રસ્તો બતાવ્યો, તેમણે ગુમરાહીને હિદાયતના મુકાબલામાં પસંદ કરી તો તેમને સદંતર ઝિલ્લતના અઝાબની આફતે પકડી લીધા તેમના દુષ્કર્મોના કારણે અને અમે (એ અઝાબથી) તે લોકોને છુટકારો આપ્યો જેઓ ઈમાન લાવ્યા અને અમારાથી ડરતા હતા, (અહીંયાં સુધી દુનિયાના અઝાબનું વર્ણન હતું, હવે આગળ આખિરતના અઝાબનું વર્ણન છે) અને (તેમને તે દિવસ પણ યાદ અપાવો) જે દિવસે અલ્લાહના દુશ્મન (એટલે કે કાફિરો) દોઝખ તરફ એકઠા કરીને (હિસાબના સ્થળે) લાવવામાં આવશે પછી (માર્ગમાં તેમની મોટી સંખ્યાના કારણે તેમને વિખરાઈ જવાથી બચાવવા અને તેમને એકઠા રાખવા માટે) તેમને રોકવામાં આવશે (જેથી પાછળ રહેનારા સાથે થઈ જાય, જેમકે હઝરત સુલયમાન અલૈ.ની ઘટનામાં જિન્નાતો અને લશ્કરોને એકઠા કરવા માટે فَهُمْ يُوزَعُونَ ફરમાવ્યું, એટલે કે તેમને રોકવામાં આવશે) અહીંયાં સુધી કે જ્યારે તેઓ (સૌ એકઠા થઈને) તે(દોઝખ)ની નજીક આવી જશે (તેનાથી ભાવાર્થ હિસાબનું સ્થળ છે કે જ્યાંથી દોઝખ નજીકમાં જ નજરે પડશે જેમકે હદીષમાં આવ્યું છે કે દોઝખને હિસાબના સ્થળે હાજર કરીશું અને આ કાફિરો પોતાની ચારે તરફ આગ જ આગ જોશે, મતલબ એ કે જ્યારે હિસાબના સ્થળે આવશે અને

હિસાબ શરૂ થશે) તો તેમના કાન અને આંખો અને તેમની ચામડી તેમના વિરુદ્ધ તેમના કર્મોની ગવાહી આપશે અને (તે સમયે) તે લોકો (આશ્ચર્યથી) પોતાના અવયવોને કહેશે કે તમે અમારા વિરુદ્ધ કેમ ગવાહી આપી ? (અમે તો દુનિયામાં સઘળું કાંઈ તમારી જ રાહત માટે કરતા હતા જેમકે હદીષમાં હઝરત અનસ રદિ.ની રિવાયતથી તેમનું આ નિવેદન નકલ થયું છે فَعَنْكُنَّ كُنْتُ أُنَاضِلُ رَوَاهُ مُسْلِمٌ એટલે કે હું તમારા જ માટે બધી કોશીશ કર્યા કરતો હતો) તે (અવયવો) જવાબ આપશે કે અમને તેણે (એટલે કે સર્વશક્તિમાન અલ્લાહ તઆલાએ) વાચા આપી જેણે દરેક (બોલનાર) વસ્તુને વાચા આપી (જેનાથી અમે પોતાની અંદર પોતે તેની શક્તિનો સાક્ષાત્કાર કરી લીધો) અને તેણે જ તમને પ્રથમવાર પેદા કર્યા હતા અને તેની જ પાસે પાછા (બીજીવાર સજીવન કરીને) લાવવામાં આવ્યા છો (તો અમે આવા મહાન શ્રેષ્ઠતાવાળા અને શક્તિવાળાના પૂછવાથી સત્ય વાતને કેવી રીતે છુપાવી શકતા હતા ?! એટલા માટે ગવાહી આપી દીધી) અને (આગળ અલ્લાહ તઆલા તે ઈન્કારીઓને સંબોધન કરશે કે) તમે (દુનિયામાં) આ વાતથી તો પોતાને (કોઈ રીતે) છુપાવી (અને બચાવી) જ શકતા ન હતા કે તમારા કાન અને આંખો અને ચામડી તમારા વિરુદ્ધ ગવાહી આપે (કારણ કે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને જ્ઞાન સર્વત્ર છવાયેલ છે જેનો તકાદો એ હતો કે દુષ્કૃત્યોથી બચી ગયા હોત) પરંતુ તમે (એટલા માટે ન બચ્યા કે) એ ધારણામાં રહ્યા કે અલ્લાહ તઆલાને તમારા ઘણા બધા કર્મોની ખબર નથી અને તમારી આ જ ધારણાએ કે જે તમે પોતાના પરવરદિગારની સાથે રાખતા હતા તમને બરબાદ કર્યા (કારણ કે આ ધારણાથી કુક્રિયા કર્મો કરવા પ્રેરાયા અને તે બરબાદીનું કારણ બન્યું) પછી તમે (કાયમી) નુકસાનમાં પડી ગયા, બસ (આવી પરિસ્થિતિમાં) જો આ લોકો (આ બરબાદી અને નુકસાન ઉપર) ધીરજ ધરે (અને પોતાને તકદીરના હવાલે છોડીને કોઈ મા'ફી કે બહાનાબાજી કંઈ જ ન કરે) તો પણ દોઝખ જ તેમનું ઠેકાણું છે (એવું નથી કે તેમના ધીરજ ધરવાથી તેમની દયા ખાવામાં આવે જેમકે દુનિયામાં મોટે ભાગે એવું થઈ જતું હોય છે) અને જો તે ઉજર કરવા ઈચ્છશે તો પણ સ્વીકાર્ય હશે નહીં અને અમે (દુનિયામાં) તેઓ(કાફિરો)ના માટે સાથે રહેનારા અમુક (શયતાનો) નક્કી કરી રાખ્યા હતા, બસ તેમણે તેમના આગલા પાછલા અમલો તેમની નજરમાં ભલા કરી રાખ્યા હતા (એટલા માટે તેઓ તેના

ઉપર ખુશ હતા) અને (કુફ્ર ઉપર હઠાગ્રહ કરવાના કારણે) તેમના હકમાં પણ તે લોકો સાથે અલ્લાહનો કૌલ (એટલે કે અઝાબનો વાયદો) પૂરો થઈને રહ્યો જે તેમનાથી પહેલાં (કાફિર) જિન્નાત અને માનવો થઈ ચૂક્યા છે, બેશક ! તેઓ પણ નુકસાનમાં રહ્યા.

મસ્અલા અને બોધપાઠ :

فَأَرْسَلْنَا عَلَيْهِمْ رِيحًا صَرْصَرًا આ صَاعِقَةُ (સાઈકહ)ના અઝાબનો ખુલાસો છે જે આનાથી પહેલી આયતમાં صَاعِقَةُ (સાઈકહ) એટલે કે આદ અને ષમૂદના અઝાબમાં વર્ણન થયો છે. صَاعِقَةُ (સાઈકહ)નો મૂળ અર્થ "બેહોશ થઈ જવું અથવા મૂર્છિત કરનારી વસ્તુ" થાય છે, એટલા માટે જે વીજળી પડે છે તેને પણ "સાઈકહ" કહેવામાં આવે છે અને અચાનક આવતી આફત અથવા મુસીબત માટે પણ આ શબ્દનો ઉપયોગ થાય છે. કોમે આદ ઉપર જે હવાનું તોફાન થોપવામાં આવ્યું તે પણ આ જ સાઈકહનો એક પ્રકાર છે તેને رِيحٍ صَرْصَرٍ (રીહે સરસર)ના નામથી વર્ણન કરવામાં આવ્યું છે જે ખૂબ તેજ અને ગતિશીલ હવાને કહેવામાં આવે છે જેમાં ગતિની સાથે સાથે સખત અવાજ પણ હોય. *(કુર્તુબી)*

જહ્હાક (રદિ.)એ ફરમાવ્યું કે આ લોકો ઉપર અલ્લાહ તઆલાએ ત્રણ વર્ષો સુધી વરસાદ બિલકુલ બંધ કરી દીધો અને ખૂબ ગતિવાળી સુક્કી હવાઓ ચાલતી રહી અને આઠ દિવસો અને સાત રાતો સુધી સતત હવાનું સખત તોફાન રહ્યું, અમુક રિવાયતોમાં છે કે આ ઘટના શવ્વાલના અંતમાં એક બુધના દિવસથી શરૂ થઈને બીજા બુધ સુધી રહી અને જે કોઈ કોમ ઉપર અઝાબ આવ્યો છે તે બુધના દિવસે જ આવ્યો છે. *(કુર્તુબી અને મઝહરી)*

હઝરત જાબીર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ કોમની ભલાઈ ઈચ્છે છે તો તેમના ઉપર વરસાદ વરસાવે છે અને વધારે ગતિવાળી હવાઓને તેમના ઉપરથી રોકી લે છે અને જ્યારે કોઈ કોમને મુસીબતમાં સપડાવવાની હોય છે તો તેમના માટે વરસાદ રોકી લેવામાં આવે છે અને હવાઓ વધારે અને તેજ ચાલવા લાગે છે.

فِي أَيَّامٍ نَّحِسَاتٍ ઈસ્લામના ઉસૂલ (સિદ્ધાંતો) અને રસૂલે કરીમ ﷺની હદીષોથી સાબિત છે કે 'કોઈ દિવસ અથવા રાત પોતાની જાતમાં મનહૂસ નથી

હોતી. કોમે આદ ઉપર હવાના તોફાનના દિવસોને نَحِسَات (નહિસાત) "નહૂસત" કહેવાનો ખુલાસો એ છે કે આ દિવસ તે કોમના માટે તેમના દુષ્કર્મોના કારણે મનહૂસ થઈ ગયો હતો આથી એ જરૂરી નથી બનતું કે આ દિવસ સૌના માટે મનહૂસ હોય. (મઝહરી અને બયાનુલ કુર્આન) અને આ મસ્લાઅની સંપૂર્ણ તહકીક કે કોઈ વસ્તુ પોતાની જાતમાં મનહૂસ હોઈ શકે છે અથવા નહીં મુજ નાચીઝની કિતાબ અહકામુલ કુર્આનના પાંચમાં ભાગમાં જોઈ લેવામાં આવે જે અરબી ભાષામાં પ્રકાશિત થઈ ચૂકી છે.

فَهُمْ يُوزَعُونَ (ફહૂમ યૂ-ઝઊન) એ وَزَعَ (વજઅ્)થી બનેલ છે જેનો અર્થ રોકવાનો અથવા મનાઈ કરવાનો થાય છે, એ જ પ્રમાણે તફસીરના ખુલાસામાં તેનો તરજુમો રોકવાનો કરવામાં આવ્યો છે અને ઘણા તફસીરકારોએ આ જ અર્થ લીધો છે કે જહન્નમવાળાઓ જે મોટી સંખ્યામાં હશે તેમને મેદાને હશ્ર અને હિસાબના સ્થળ તરફ લઈ જવાના સમયે વેરવિખેર થવાથી બચાવવા માટે આગલા ભાગને થોડા અટકાવવામાં આવશે જેથી પાછલા લોકો પણ તેમની સાથે સામેલ થઈ જાય અને અમુક તફસીરકારોએ يُوزَعُونَ (યૂ-ઝઊન)નો અનુવાદ يُسَاقُونَ (યુ-સાકૂન) અને يُدْفَعُونَ (યુદ-ફઊન)થી કર્યો છે જેનો અર્થ એ છે કે, તેમને હિસાબના સ્થળ તરફ હાંકીને ધક્કા મારીને લાવવામાં આવશે. *(કુર્તુબી)*

وَمَا كُنتُمْ تَسْتَتِرُونَ أَن يَشْهَدَ عَلَيْكُمْ سَمْعُكُمْ.... આયતનો અર્થ એ છે કે માનવી જો છુપાઈને કોઈ ગુનોહ અથવા અપરાધ કરવા ઈચ્છે તો અન્ય લોકોથી તો છુપાવી શકે છે, પોતે પોતાના જ અવયવો અને અંગોથી કેવી રીતે છુપાવી શકે છે જ્યારે કે એ જાણ થઈ જાય કે પોતાના કાન, આંખ, નાક, હાથ, પગ અને શરીરની ચામડી તથા બાલ વગેરે સૌ આપણા નથી બલકે એ તાજના સાક્ષી છે અને જ્યારે તેઓને અમારા કર્મો વિશે પૂછવામાં આવશે તો તેઓ સાચી ગવાહી આપશે તો પછી સંતાડીને કોઈ ગુનોહ કે અપરાધ કરવાનો માર્ગ જ નથી રહેતો. આ અપમાનથી બચવાનો એ સિવાય કોઈ ઈલાજ નથી કે ગુનાહોને જ છોડી દેવામાં આવે પરંતુ તમે લોકો એટલે કે તવહીદ અને રિસાલતના ઈન્કારીઓનું ધ્યાન એ બાજુએ તો શું જાય કે અમારા પોતાના અવયવો પણ બોલવા લાગશે અને અમારા વિરુદ્ધ અલ્લાહની સામે ગવાહી આપશે પરંતુ એટલી વાત તો દરેક બુદ્ધિ ધરાવનારની સમજમાં આવી શકતી હતી કે જે હસ્તીએ અમને એક તુચ્છ

વસ્તુથી પેદા કરીને સાંભળનારા અને બોલનારા સમજદાર માણસ બનાવ્યા, પાળ્યા-પોષ્યા, યુવાન કર્યા, શું તેમનું જ્ઞાન અમારા કર્મો અને અમારા હાલ હવાલ ઉપર છવાયેલું નહીં હોય !? પરંતુ અમે આ ઉઘાડી વસ્તુના વિરુદ્ધ એવી ધારણા રાખતા હતા કે અલ્લાહ તઆલાને તમારા ઘણા અમલોની કંઈ જ ખબર નથી એટલા માટે તમને શિર્ક અને કુફ્ર કરવાની હિંમત થઈ. وَذٰلِكُمْ ظَنُّكُمُ الَّذِىْ ظَنَنْتُمْ بِرَبِّكُمْ اَرْدٰكُمْ એટલે કે તમારી આ જ ખરાબ ધારણાએ તમને બરબાદ કર્યા.

માનવીના અવયવો અને અંગોની મહશરમાં ગવાહી :

સહીહ મુસ્લિમમાં હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે એક દિવસે અમે રસૂલે કરીમ ﷺની સાથે હતા, આપ ﷺને હસવું આવ્યું, પછી આપ ﷺએ ફરમાવ્યું કે તમને ખબર છે કે હું કઈ વાત ઉપર હસી રહ્યો છું ? અમે કહ્યું કે અલ્લાહ અને તેના રસૂલ જ જાણે છે. આપ ﷺએ ફરમાવ્યું કે મને એ વાતચીત ઉપર હસવું આવ્યું જે મેદાને હશ્ર અને હિસાબના સ્થળે બંદો પોતાના પરવરદિગારથી કરશે, તે અરજ કરશે કે હે મારા પરવરદિગાર ! શું તેં મને જુલમથી શરણ નથી આપ્યું ? અલ્લાહ ફરમાવશે કે બેશક ! આપ્યું છે. તેના ઉપર બંદો કહેશે કે જો વાત એમ છે તો હું પોતાના હિસાબ કિતાબના મા'મલામાં અન્ય કોઈની ગવાહી ઉપર સંતોષ નહીં પામું એ સિવાય કે મારા અસ્તિત્વમાંથી જ કોઈ ગવાહ ઊભો થાય. અલ્લાહ ફરમાવશે, كَفٰى بِنَفْسِكَ الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا (૧૭:૧૪) એટલે કે, સારું ! લો તમે પોતે જ પોતાનો હિસાબ કરી લો, ત્યારબાદ તેના મોઢાં ઉપર મહોર (સીલ) મારી દેવામાં આવશે અને તેના અવયવો અને અંગોને કહેવામાં આવશે કે તમે તેના કર્મો બતાવો, દરેક અવયવ બોલી ઊઠશે અને સાચી ગવાહી રજુ કરશે, ત્યારબાદ તેની જીભ ખોલી નાંખવામાં આવશે તો તે પોતે પોતાના અવયવો ઉપર નારાજ થઈને કહેશે بُعْدًا لَّكُنَّ وَسُحْقًا، فَعَنْكُنَّ اُنَاضِلُ એટલે કે, તમે ગારત અને બરબાદ થાઓ, મેં તો દુનિયામાં જે કંઈ કર્યું તમને જ આરામ પહોંચાડવા માટે કર્યું હતું. (હવે તમે જ મારા વિરુદ્ધ ગવાહી આપવા લાગ્યા ?)

હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતમાં છે કે તે વ્યક્તિના મોઢાં ઉપર મહોર લગાડી દેવામાં આવશે અને તેની જાંઘને કહેવામાં આવશે કે તું બોલ

અને તેના કર્મો વર્ણન કર તો માનવીની જાંઘ, માંસ અને હાડકાં સૌ તેના કર્મોની ગવાહી આપશે. *(રવાહુ મુસ્લિમ, મઝહરી)*

હઝરત મઅ્કિલ બિન યસાર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, આવનારો દિવસ માનવીને એવો પોકાર આપે છે કે હું નવો દિવસ છું અને જે કંઈ તું મારી અંદર અમલ કરીશ કયામતમાં હું તેના ઉપર ગવાહી આપીશ તેથી તારે મારા પૂર્ણ થતા પહેલાં પહેલાં કોઈ નેકી કરવી જોઈએ કે હું તેની ગવાહી આપું અને હું ચાલ્યો ગયો તો પછી તું મને ક્યારેય પામીશ નહીં, એ જ પ્રમાણે દરેકા રાત્રિ માનવીને આ જ પોકાર આપે છે. *(અબૂ નઈમ-કુર્તુબી)*

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૨૬ થી ૨૯)

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَا تَسْمَعُوْا لِهٰذَا الْقُرْاٰنِ وَالْغَوْا فِيْهِ لَعَلَّكُمْ تَغْلِبُوْنَ ﴿٢٦﴾
فَلَنُذِيْقَنَّ الَّذِيْنَ كَفَرُوْا عَذَابًا شَدِيْدًا ۙ وَّلَنَجْزِيَنَّهُمْ اَسْوَاَ الَّذِيْ كَانُوْا
يَعْمَلُوْنَ ﴿٢٧﴾ ذٰلِكَ جَزَآءُ اَعْدَآءِ اللّٰهِ النَّارُ ۚ لَهُمْ فِيْهَا دَارُ الْخُلْدِ ۭ جَزَآءًۢ بِمَا
كَانُوْا بِاٰيٰتِنَا يَجْحَدُوْنَ ﴿٢٨﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا رَبَّنَآ اَرِنَا الَّذَيْنِ اَضَلّٰنَا
مِنَ الْجِنِّ وَالْاِنْسِ نَجْعَلْهُمَا تَحْتَ اَقْدَامِنَا لِيَكُوْنَا مِنَ الْاَسْفَلِيْنَ ﴿٢٩﴾

તરજુમો :

અને કાફિર કહેવા લાગ્યા, આ કુર્આનને સાંભળવા માટે કાન ન ધરો અને તે પઢાતું હોય ત્યારે બક બક કરો, કદાચ તમે છવાઈ જાઓ. (૨૬) બસ અમારે કાફિરોને અવશ્ય કઠોર અઝાબ ચખાડવાનો છે અને તેમને બદલો આપવાનો છે બુરામાં બુરા કામોનો જે તેઓ કરતા હતા. (૨૭) અલ્લાહના દુશ્મનોની આ સજા છે આગ; તેમનું તેમાં જ કાયમી રહેઠાણ છે, તેનો બદલો જે અમારી વાતોથી ઈન્કાર કરતા હતા. (૨૮) અને તે લોકો કહેશે જેઓ ઈન્કારી છે, હે અમારા પરવરદિગાર ! અમને તે બંને બતાવી આપ જેમણે અમને બહેકાવ્યા, જે જિન્નાત છે અને જે માનવી કે અમે તેમને પોતાના પગો તળે રગદોળીએ કે તેઓ સૌથી નીચ રહે. (૨૯)

તફસીર :

અને આ કાફિરો (પરસ્પર) એવું કહે છે કે આ કુર્આનને સાંભળો જ નહીં અને (જો પયગમ્બર સંભળાવવા પણ લાગે તો) તેની વચ્ચે શોરબકોર કરો, કદાચ (આ યુક્તિથી) તમે જ ગાલિબ રહો (અને પયગમ્બર હારીને ચૂપ થઈ જાય) તો (તેમના આ નાપાક ઈરાદા અને કોશીશના બદલામાં) અમે તે કાફિરોને સખત અઝાબનો મજા ચખાડીશું અને તેમને તેમના બુરા કામોની સજા આપીશું, આ જ સજા છે અલ્લાહના દુશ્મનોની એટલે કે દોઝખ, તેમને માટે ત્યાં હંમેશા રહેવાનું રહેઠાણ હશે એ વાતના બદલામાં કે તેઓ અમારી આયતોનો ઈન્કાર કર્યા કરતા હતા (અને જ્યારે અઝાબમાં સપડાશે તો) તે કાફિરો કહેશે, હે અમારા પરવરદિગાર ! અમને તે બંને શયતાન અને માનવ બતાવી આપ જેમણે અમને ગુમરાહ કર્યા હતા, અમે તેમને પોતાના પગ તળે રગદોળી નાંખીએ જેથી તેઓ ખૂબ અપમાનિત થાય (એટલે કે તેમને તે સમયે તે લોકો ઉપર ગુસ્સો આવશે જેમણે તેમને દુનિયામાં બહેકાવ્યા હતા, માનવ પણ અને શયતાન પણ; ભલે એક એક વ્યક્તિગત હોય અથવા અનેક હોય અને આમ તો આ ગુમરાહ કરનારાઓ પણ બધા જહન્નમમાં જ હશે પરંતુ આ વાતચીતના સમયે તેઓ તેમની સામે હશે નહીં એટલા માટે સામે લાવવાની દરખાસ્ત કરશે, કોઈ આયતમાં અથવા રિવાયતમાં એ જોવામાં નથી આવ્યું કે તેમની આ દરખાસ્ત મંજૂર થશે અથવા નહીં થાય. વલ્લાહુ અઅ્લમુ.)

મસ્અલા અને બોધપાઠ :

لَا تَسْمَعُوْا لِهٰذَا الْقُرْاٰنِ وَالْغَوْا فِيْهِ કાફિરો જ્યારે કુર્આનનો મુકાબલો કરવાથી લાચાર થઈ ગયા અને તેના વિરુદ્ધ તેમની બધી જ યુક્તિઓ નિષ્ફળ થઈ ગઈ તો એવા સમયે તેમણે આ હરકત શરૂ કરી. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે અબૂજહલે લોકોને એ બાબત માટે તૈયાર કર્યા કે જ્યારે મુહમ્મદ (ﷺ) કુર્આન પઢ્યા કરે તો તમે તેમની સામે જઈને બૂમબરાડા અને શોરબકોર કરવા લાગો જેથી લોકોને ખબર જ ન પડે કે તેઓ શું કહી રહ્યા છે ? અમુકે કહ્યું કે સીટીઓ અને તાળીઓ પાડીને અને વચ્ચે જાતજાતના અવાજો કરીને કુર્આન સાંભળવાથી લોકોને રોકવાની તૈયારી કરી. *(કુર્તુબી)*

કુર્આનની તિલાવતના સમયે ચૂપ રહી સાંભળવું વાજિબ છે, મૌન ન રહેવું કાફિરોની ટેવ છે :

પ્રસ્તુત આયતથી જાણ થઈ કે કુર્આનની તિલાવતમાં ખલેલ પહોંચાડવાની નિય્યતથી શોરબકોર કરવો તો કુફ્રની નિશાની છે, તેનાથી એ પણ જાણ થઈ કે ચૂપ થઈને સાંભળવું વાજિબ અને ઈમાનની નિશાની છે. આજકાલ રેડિયો ઉપર કુર્આનની તિલાવતે એવું સ્વરૂપ અપનાવી લીધું છે કે દરેક હૉટલ અને સભાના સ્થળે રેડિયો (ટેપ) વગાડવામાં આવે છે જેમાં કુર્આનની તિલાવત થઈ રહી હોય છે અને હૉટલવાળા પોતે પોતાના ધંધામાં લાગેલા રહે છે તથા ખાનારા પીનારા પોતાની પ્રવૃત્તિમાં મશગૂલ રહે છે, આ સ્વરૂપ એવું છે કે જે કાફિરોની નિશાની હતી. અલ્લાહ તઆલા મુસલમાનોને હિદાયત કરે કે યા તો એવા સ્થળોએ કુર્આનની તિલાવતને જ ન વગાડે અથવા જો વગાડવી જ હોય અને બરકત પ્રાપ્ત કરવી હોય તો અમુક મિનિટ બધા કામ બંધ કરીને પોતે પણ તેના તરફ ધ્યાન આપીને સાંભળે અને અન્યોને પણ એવું કરવાની તક આપે.

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૩૦ થી ૩૬)

إِنَّ الَّذِينَ قَالُوا رَبُّنَا اللَّهُ ثُمَّ اسْتَقَامُوا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلَٰٓئِكَةُ أَلَّا تَخَافُوا وَلَا
تَحْزَنُوا وَأَبْشِرُوا بِالْجَنَّةِ الَّتِي كُنتُمْ تُوعَدُونَ ۝٣٠ نَحْنُ أَوْلِيَآؤُكُمْ فِي الْحَيَوٰةِ
الدُّنْيَا وَفِي الْآخِرَةِ ۖ وَلَكُمْ فِيهَا مَا تَشْتَهِيٓ أَنفُسُكُمْ وَلَكُمْ فِيهَا مَا
تَدَّعُونَ ۝٣١ نُزُلًا مِّنْ غَفُورٍ رَّحِيمٍ ۝٣٢ وَمَنْ أَحْسَنُ قَوْلًا مِّمَّن دَعَآ إِلَى اللَّهِ وَ
عَمِلَ صَالِحًا وَقَالَ إِنَّنِي مِنَ الْمُسْلِمِينَ ۝٣٣ وَلَا تَسْتَوِي الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ ۚ
ادْفَعْ بِالَّتِي هِيَ أَحْسَنُ فَإِذَا الَّذِي بَيْنَكَ وَبَيْنَهُ عَدَٰوَةٌ كَأَنَّهُ وَلِيٌّ حَمِيمٌ ۝٣٤
وَمَا يُلَقَّىٰهَآ إِلَّا الَّذِينَ صَبَرُوا ۚ وَمَا يُلَقَّىٰهَآ إِلَّا ذُو حَظٍّ عَظِيمٍ ۝٣٥
وَإِمَّا يَنزَغَنَّكَ مِنَ الشَّيْطَٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللَّهِ ۖ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ۝٣٦

તરજુમો :

બેશક ! જેમણે કહ્યું, અમારો પરવરદિગાર અલ્લાહ છે; પછી એના જ ઉપર કાયમ રહ્યા, તેમના ઉપર ફરિશ્તાઓ ઊતરે છે કે તમે ડરો નહીં અને ગમગીન ન થાઓ અને ખુશખબરી સાંભળો તે જન્નતની જેનો તમને વાયદો હતો. (૩૦) અમે તમારા દુનિયા અને આખિરતમાં મિત્ર છીએ અને તમારા માટે ત્યાં જે તમારો જીવ ઈચ્છે (મન ચાહે) તે (બધું જ) છે અને તમારા માટે ત્યાં (બધું જ) છે જે કંઈ તમે માંગો. (૩૧) તે મા'ફ કરનાર મહાદયાળુ તરફથી મહેમાની છે. (૩૨) અને તેનાથી ઉત્તમ કોની વાત જેણે અલ્લાહ તરફ બોલાવ્યા અને નેક કામ કર્યા અને કહ્યું, હું આજ્ઞાપાલકો (મુસ્લિમો)માંથી છું ! (૩૩) અને નેકી તથા બદી સરખી હોતી નથી (માટે બુરાઈના) જવાબમાં તમે એવી વાત કહો કે જે તેનાથી બેહતર હોય, પછી તમે જોશો કે જે માણસની અને તમારી વચ્ચે દુશ્મનાવટ હતી તે (એવો થઈ જશે કે) જાણે પાકો મિત્ર છે. (૩૪) અને આ વાત (ગુણ) તેને જ મળે છે જે ધીરજ ધરે છે અને આ વાત તેને જ મળે છે જેની મોટી કિસ્મત છે. (૩૫) અને તમારાથી જો ક્યારેક ચૂક થાય શયતાનના વસવસાથી તો અલ્લાહના શરણમાં આવો; બેશક તે જ છે સાંભળનારો સઘળું જાણનારો. (૩૬)

તફસીર :

જે લોકોએ (દિલથી) એકરાર કરી લીધો કે અમારો (સાચો અને એકમાત્ર) પરવરદિગાર અલ્લાહ છે (મતલબ એ છે કે શિર્ક છોડીને તવહીદને અપનાવી લીધું) પછી (તેના ઉપર) કાયમ રહ્યા (એટલે કે તેને છોડ્યું નહીં) તેમના ઉપર (અલ્લાહ તરફથી રહમત અને ખુશખબરીના) ફરિશ્તાઓ ઊતરશે (પ્રથમ મોતના સમયે, પછી કબરમાં, પછી કયામતમાં જેમકે દૂર્રે મન્થૂરમાં હઝરત ઝૈદ બિન અસ્લમ રદિ.ની રિવાયતથી સાબિત થાય છે અને તે ફરિશ્તાઓ કહેશે) કે તમે ન તો (આખિરતની હાલતથી) અંદેશો કરો અને ન જ (દુનિયાને છોડવા ઉપર) રંજ કરો (કારણ કે આગળ તમારા માટે તે નેઅ્મતનો બદલો શાંતિ, સલામતી અને આફિયત છે) અને તમે જન્નત(ના મળવા) ઉપર ખુશ રહો જેનો તમને વાયદો કરવામાં આવતો હતો, અમે તમારા સાથી છીએ કે દુનિયવી જિંદગીમાં પણ અને આખિરતમાં પણ રહીશું (દુનિયામાં ફરિશ્તાઓનું મિત્ર હોવું

એ રીતે છે કે તેઓ માનવીના દિલમાં નેક કામોનો ઈલ્હામ કરે છે અને કોઈ તકલીફ તથા મુસીબત આવી પડે તો તેના ઉપર સબ્ર અને ધીરજ ફરિશ્તાઓની મિત્રતાનો અસર હોય છે અને આખિરતમાં મિત્ર હોવું તો બિલકુલ સામ સામે ખુલીને આવશે જેમકે કુર્આન મજીદમાં છે, وَتَتَلَقّٰهُمُ الْمَلٰٓئِكَةُ અને બીજી આયતમાં يَدْخُلُوْنَ عَلَيْهِمْ مِّنْ كُلِّ بَابٍ વગેરે) અને તમારા માટે આ(જન્નત)માં જે વસ્તુનું તમારું મન ચાહશે મોજૂદ છે અને વળી તમારા માટે તેમાં જે માંગો મોજૂદ છે (એટલે કે જે કંઈ જીભથી માંગશો તે તો મળશે જ બલકે માંગવાની પણ જરૂરત નથી, જે વસ્તુનું તમારું દિલ ઈચ્છશે ઉપસ્થિત થઈ જશે) આ મહેમાની સ્વરૂપે હશે ગફુરુર્રહીમ તરફથી (એટલે કે આ નેઅ્મતો સન્માન અને ઈજ્જત સાથે એ રીતે મળશે જે રીતે મહેમાનોને મળે છે, આગળ સારી પરિસ્થિતિ અને સારી વાતનું વર્ણન કરવામાં આવ્યું છે) અને તેનાથી બહેતર કોની વાત હોઈ શકે છે કે જે (લોકોને) અલ્લાહ તરફ બોલાવે અને (પોતે પણ) નેક અમલ કરે અને (જાહેરમાં પણ આજ્ઞાપાલન માટે) કહે કે હું ફરમાંબરદારોમાં છું (એટલે કે બંદગીને પોતાનો ગર્વ સમજી અભિમાનીઓની જેમ તેના ઉપર ઈતરાય નહીં, કારણ કે અલ્લાહ તરફ બોલાવવાની દા'વત અને મખ્લૂકની સુધારણા કરવાનો ઈરાદો ધરાવનારાઓને ઘણા વખતે જાહિલો તરફથી પીડા અને કષ્ટનો સામનો કરવો પડે છે એટલા માટે આગળ તેમના અત્યાચારના મુકાબલામાં ન્યાય અને બુરાઈના બદલામાં ભલાઈ કરવાની તાકીદ કરવામાં આવે છે, વળી અનુભવથી સાબિત છે કે દા'વત અસરદાર અને સફળ થવાની પણ એ જ રીત છે કે વિરોધીઓના કષ્ટો અને પીડનવૃત્તિથી સબ્ર કરીને તેમની સાથે ભલો વર્તાવ કરવામાં આવે એટલા માટે રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે જેમાં બધા મુસલમાનો પરોક્ષ રીતે સામેલ છે કે) નેકી અને બુરાઈ બરાબર નથી હોતી (બલકે દરેકની અસર ભિન્ન ભિન્ન છે અને જ્યારે આ વાત સાબિત થઈ ગઈ તો હવે) તમે (પોતાના અનુયાયીઓ સહિત) નેક વર્તાવથી (બુરાઈને) ટાળ્યા કરો, પછી એકાએક (તમે જોશો કે) તમારામાં અને જે વ્યક્તિમાં દુશ્મનાવટ હતી તે એવો થઈ જશે જેમકે કોઈ પ્રિય મિત્ર હોય છે (એટલે કે બદીનો બદલો બદીથી આપવામાં તો દુશ્મનાવટ વધે છે અને સાલસ સ્વભાવના વ્યક્તિ સાથે ભલાઈ કરવાથી દુશ્મનના સ્વભાવમાં દુશ્મનાવટ ઘટે છે, એટલે સુધી કે મોટે ભાગે

અદાવત બિલકુલ ખતમ થઈ જાય છે અને તે મા'મલામાં મિત્ર જેવો બની જાય છે ભલે દિલથી મિત્ર ન હોય) અને આ વાત તે જ લોકોને નસીબ થાય છે જેઓ (અખ્લાક અને વર્તનના આધારે) ઘણું ધૈર્ય દાખવે છે અને આ વાત તેને જ નસીબ થાય છે જેઓ (સવાબના આધારે) ખૂબ નસીબવાળો હોય છે અને જો (આવી ઝિલ્લતમાં) તમને શયતાન તરફથી (ગુસ્સાનો) કંઈક વસવસો આવવા લાગે તો (તરત જ) અલ્લાહથી પનાહ માંગ્યા કરો, નિઃશંક તે ખૂબ સાંભળનારો ખૂબ જાણનારો છે (સાલસ સ્વભાવના વ્યક્તિ માટે આ શંકા દૂર થઈ ગઈ પરંતુ અમુક સમયે શરારતખોર વ્યક્તિ સાથે વિનમ્રતા વર્તવાની ઊલટી અસર પણ થતી હોય છે, કારણ કે આવું માત્ર એવા લોકો પચાવી શકે છે જેઓ પોતાની સાલસતા ક્યારેક ક્યારેક ખોઈ બેસે છે અને તેઓ તેના ઉપર પસ્તાય પણ છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની શરૂઆતથી અહીંયાં સુધી કુર્આનના તથા રિસાલત અને તવહીદના ઈન્કારીઓને સંબોધન છે, તેમને અલ્લાહ તઆલાની સંપૂર્ણ શક્તિની નિશાનીઓ નજર સમક્ષ રાખી તવહીદની દા'વત, પછી ઈન્કાર કરનારાઓના પરિણામ અને અઝાબ, આખિરત તથા દોઝખનું વિગતપૂર્વકનું વર્ણન ચાલ્યું આવ્યું છે. અત્રેથી સાચા મો'મિનોની પરિસ્થિતિ અને દુનિયા તથા આખિરતમાં તેમના સન્માન અને ઈજ્જતનું વર્ણન તથા તેમના માટે ખાસ માર્ગદર્શનનું વર્ણન છે. સાચા મો'મિનો તે જ હોય છે જેઓ પોતે પણ પોતાના અમલો અને અખ્લાક ઉપર કાયમ રહે તથા કોઈપણ પ્રકારની ઉણપ વિના બિલકુલ શરીઅત પ્રમાણે હોય અને અન્યોને પણ અલ્લાહ તરફ દા'વત આપે અને તેમની સુધારણાની ચિંતા કરે. આ જ સિલસિલામાં ઈસ્લામના દાઈઓ (પ્રચારકો) માટે ધીરજ અને બુરાઈના બદલામાં ભલાઈ કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

اِسۡتِقَامَتۡ (ઇસ્તિકામત)નો અર્થ :

પ્રથમ વિભાગને શબ્દ اِسۡتِقَامَتۡ (ઈસ્તિકામત)થી ઓળખાવીને ઈરશાદ થયો, اِنَّ الَّذِيۡنَ قَالُوۡا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسۡتَقَامُوۡا એટલે કે જે લોકોએ સાચા દિલથી અલ્લાહ તઆલાને પોતાનો પરવરદિગાર માની લીધો અને તેનો એકરાર પણ કરી લીધો તે તો અસલ ઈમાન થયું, આગળ તેના ઉપર કાયમ પણ રહે એ નેક

અમલ થયા અને એ જ રીતે ઈમાન અને અમલે સાલિહનું મિશ્રણ થઈ ગયું. શબ્દ "ઈસ્તિકામત"નો ભાવાર્થ જે તફસીરના ખુલાસામાં વર્ણન થયો છે કે ઈમાન અને તવહીદ ઉપર કાયમ રહે તેને છોડે નહીં; તે તફસીર હઝરત સિદ્દીકે અકબર (રદિ.)થી નકલ થઈ છે અને લગભગ આ જ વિષય હઝરત ઉસ્માન ગની (રદિ.)થી પણ નકલ થઈ છે, તેમણે "ઈસ્તિકામત"ની તફસીર અમલના ઈખ્લાસ વડે કરી છે અને હઝરત ઉમર ફારૂક (રદિ.)એ ફરમાવ્યું,

اَلْاِ سْتِقَامَةُ اَنْ تَسْتَقِيْمَ عَلَى الْاَمْرِ وَالنَّهْيِ وَلَا تَرُوْغُ رَوْغَانَ الثَّعَالِبِ (مظهرى)

"ઈસ્તિકામત એ છે કે તમે અલ્લાહના બધા જ હુકમો તથા દરેક આજ્ઞાઓ અને દરેક મનાઈ ઉપર સીધા અડગ રહો, તેનાથી આમ તેમ શિયાળવાં જેવા પલાયનનો માર્ગ ન કાઢો." *(મઝહરી)*

આથી ઉલમાએ ફરમાવ્યું કે "ઈસ્તિકામત" તો એક ટૂંકો શબ્દ છે પરંતુ ઈસ્લામની બધી જ શરીઅતોમાં ઠોસ અને મજબૂત છે જેમાં અલ્લાહના બધા જ હુકમો ઉપર અમલ તથા બધા જ હરામ અને મકરૂહ કાર્યોથી કાયમી ધોરણે બચવું સામેલ છે. તફસરે કશ્શાફમાં છે કે માનવીનું رَبُّنَا اللّٰهُ (રબ્બુનલ્લાહ) કહેવું ત્યારે જ ખરું થઈ શકે છે જ્યારે કે તે દિલથી યકીન કરે કે હું દરેક હાલત અને દરેક કદમ ઉપર અલ્લાહ તઆલાના તા'બા હેઠળ છું, મને એક શ્વાસ પણ તેની કૃપા વિના પ્રાપ્ત થઈ શકતો નથી અને આ બાબતનો તકાદો એ છે કે માનવી ઈબાદતની પદ્ધતિ ઉપર એવો મજબૂત અને કાયમ રહે કે તેનું દિલ અને દિમાગ બંને તેની અબૂદિય્યત (ગુલામી)થી ક્યારેય ભટકે નહીં.

આથી જયારે રસૂલુલ્લાહ ﷺને હઝરત સુફિયાન બિન અબ્દુલ્લાહ ષકફીએ એ સવાલ કર્યો કે યા રસૂલુલ્લાહ ﷺ ! મને ઈસ્લામની એક ઠોસ વાત બતાવો, ત્યાર પછી મારે કોઈ અન્યથી કંઈ જ પૂછવું ન પડે તો આપ ﷺએ ફરમાવ્યું, قُلْ اٰمَنْتُ بِاللّٰهِ ثُمَّ اسْتَقِمْ (રવાહુ મુસ્લિમ) એટલે કે તમે અલ્લાહ ઉપર ઈમાન લાવો અને એકરાર કરો પછી તેના ઉપર કાયમ રહો, કાયમ રહેવાનો જાહેર ભાવાર્થ એ જ છે કે ઈમાન ઉપર પણ મજબૂતીથી અડગ રહો અને તેના તકાદાઓ પ્રમાણે નેક અમલો ઉપર પણ.

હઝરત અલી (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ

ઈસ્તિકામતની વ્યાખ્યા ફરજોની અદાયગી કરી છે તથા હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું, ઈસ્તિકામત એ છે કે બધા જ અમલોમાં અલ્લાહનું આજ્ઞાપાલન કરો અને ગુનાહોથી બચતા રહો, આથી જાણ થઈ કે "ઈસ્તિકામત"ની મજબૂત વ્યાખ્યા તે જ છે જે ઉપર હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) દ્વારા નકલ કરવામાં આવી છે અને હઝરત સિદીકે અકબર (રદિ.) તથા હઝરત ઉસ્માને ગની (રદિ.)એ કરેલ વ્યાખ્યા પણ એ બાજુ જ વધારે ઝૂકેલ છે, જેમાં નેક અમલોની સાથે સાથે અમલોમાં ઈખ્લાસની પણ તાકીદ છે. (તફસીરે મઝહરી) જસ્સાસે પણ પ્રસ્તુત તફસીરને અબૂલ આલિયહથી નકલ કરીને અપનાવી છે તથા ઈબ્ને જરીર (રહ.)એ પણ.

تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلٰٓئِكَةُ ફરિશ્તાઓનું ઊતરવું અને તે સંબોધન જે આ આયતમાં આવ્યું છે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે તે મોતના સમયે થશે અને કતાદહ (રદિ.)એ ફરમાવ્યું કે મહશરમાં કબરોમાંથી કાઢવાના સમયે થશે અને વકીઅ્ બિન જર્રાહે ફરમાવ્યું કે ત્રણ સમયોમાં થશે, પ્રથમ મોતના સમયે, બીજું કબરોની અંદર પછી મહશરમાં કબરોથી ઉઠવાના સમયે અને અબૂ હય્યાન (રહ.)એ બહરે મુહીતમાં ફરમાવ્યું કે હું તો કહું છું કે મો'મિનો ઉપર ફરિશ્તાઓનું ઊતરાણ દરરોજ થાય છે જેની અસરો અને બરકતો તેમના અમલોમાં જોવા મળે છે, અલબત્ત તેમને પ્રત્યક્ષ જોવાની અથવા તેમની વાતચીત સાંભળવાની તેમને ઉપરોક્ત સમયે તક મળશે.

હઝરત અબૂ નઈમે હઝરત ષાબિત બૂનાની (રહ.)થી નકલ કર્યું છે કે તેમણે સૂરએ હા-મીમ સજદહની તિલાવત કરી એટલે સુધી કે આયત تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلٰٓئِكَةُ ઉપર પહોંચ્યા તો ફરમાવ્યું કે અમને એ હદીષ પહોંચી છે કે મો'મિન જે સમયે પોતાની કબ્રથી ઊઠશે તો બે ફરિશ્તાઓ જે દુનિયામાં તેની જ સાથે રહ્યા કરતા હતા તે મળશે અને તેને કહેશે કે તમે ભય અને ગમ ન કરો, બલકે જન્નતની ખુશખબરી સાંભળો જેનો તમને વાયદો કરવામાં આવ્યો હતો, તેની વાત સાંભળીને મો'મિનને સંતોષ થઈ જશે. *(મઝહરી)*

لَكُمْ فِيْهَا مَا تَشْتَهِيْٓ اَنْفُسُكُمْ وَلَكُمْ فِيْهَا مَا تَدَّعُوْنَ ۝ نُزُلًا مِّنْ غَفُوْرٍ رَّحِيْمٍ ۝ ફરિશ્તાઓ મો'મિનો અને મુખ્લિસોને બતાવશે કે તમને જન્નતમાં દરેક તે વસ્તુ મળશે જેને તમારું દિલ ઈચ્છશે અને દરેક તે વસ્તુ જે તમે માંગો, તેનો ખુલાસો એ

છે કે તમારી દરેક ઈચ્છા પૂરી કરવામાં આવશે ભલે તમે માંગો અથવા ન માંગો. આગળ نُـــــزُلًا (નુઝૂલન) મહેમાનીના અર્થમાં કહીને તે તરફ ઈશારો કરવામાં આવ્યો કે ઘણી બધી તે નેઅ્મતો પણ મળશે જેની તમન્ના પણ તમારા દિલમાં પેદા થઈ ન હતી, જેમકે મહેમાનની સામે ઘણી બધી તે વસ્તુઓ પણ આવે છે જેની પ્રથમથી કોઈ કલ્પના કે અપેક્ષા નથી હોતી, ખાસ કરીને જ્યારે કે કોઈ મોટા વ્યક્તિનો મહેમાન હોય. *(મઝહરી)*

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જન્નતમાં કોઈ પક્ષીને ઊડતું જોઈને તમારા દિલમાં તેનું માંસ ખાવાની ઈચ્છા પેદા થશે તો તે તે જ સમયે રાંધેલું તૈયાર તમારી સામે આવી પડશે, અમુક રિવાયતોમાં છે કે તે ન તો આગ સાથે અડશે અને ન જ ધુમાડા સાથે, આપમેળે જ રંધાઈને સામે આવી જશે.

(રવાહુ બઝાર, બયહકી –ઈબ્ને મસઊદ, મઝહરી)

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મો'મિનને જન્નતમાં જો પોતાના ઘરે પુત્ર પેદા થવાની ઈચ્છા થશે તો તેનો જન્મ, પછી તેનું દૂધ છોડાવવું, પછી યુવાન થવું, બધું એક ક્ષણમાં થઈ જશે. *(તિરમિઝી અને બયહકી વગેરે –મઝહરી)*

وَمَنۡ اَحۡسَنُ قَوۡلًا مِّمَّنۡ دَعَـآ اِلَـى اللّٰهِ આ "મો'મિનીન કામિલીન"ના અહેવાલનો બીજો વિભાગ છે કે તેઓ માત્ર પોતે જ પોતાના ઈમાન અને અમલ ઉપર અટકતા નથી, બલકે અન્ય લોકોને પણ એની દા'વત આપે છે અને ફરમાવ્યું કે તેનાથી સારી કોની વાત હોઈ શકે છે જે લોકોને અલ્લાહ તરફ બોલાવે, જાણ થઈ કે માનવીના કલામમાં સૌથી શ્રેષ્ઠ અને સારું કલામ તે છે જેમાં અન્યોને સત્યની દા'વત આપવામાં આવી હોય, તેમાં અલ્લાહ તરફ બોલાવવું બધા જ સ્વરૂપોમાં સામેલ છે; જીભથી, લખાણથી અથવા અન્ય કોઈ વિષય દ્વારા, અઝાન આપનાર પણ તેમાં સામેલ છે કારણ કે તે બીજાઓને નમાઝ તરફ બોલાવે છે, હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ ફરમાવ્યું કે આ આયત મુઅઝ્ઝિનો (અઝાન આપનારાઓ) વિશે નાઝિલ થઈ છે અને આ دَعَـآ اِلَـى اللّٰهِ પછી عَمِلَ صَالِحًا આવ્યું છે, તેનો ભાવાર્થ એ છે કે અઝાન અને ઈકામત વચ્ચે બે રકા'ત નમાઝ પઢી લો.

હદીષ :

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અઝાન અને ઈકામત વચ્ચે જે દુઆ કરવામાં આવે છે તે રદ નથી થતી. *(રવાહુ અબૂ દાવુદ, તિરમિઝી–અનસ રદિ., મઝહરી)*

અઝાન અને અઝાનના જવાબની ફઝીલતો તથા બરકતો સહીહ હદીષોમાં ઘણી મોટી છે, એ શરતે કે ઈખ્લાસની સાથે અલ્લાહ માટે જ અઝાન આપે; વળતર અથવા કોઈ મહેનત મજૂરી નજર સમક્ષ ન હોય. આ હદીષો આ સ્થળે તફસીરે મઝહરીમાં ભેગી કરવામાં આવી છે.

وَلَا تَسْتَوِى الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ અત્રેથી અલ્લાહ તરફ આમંત્રણ આપવાની સેવા કરનારાઓને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે જેનો ખુલાસો એ છે કે તે બુરાઈનો બદલો બુરાઈથી ન આપે બલકે સબ્ર અને અહેસાનથી કામ લે. اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ એટલે કે સત્યના પ્રચારકોની ટેવ એવી હોવી જોઈએ કે તે લોકોની બુરાઈની પદ્ધતિને ભલાઈથી દૂર કરે, બુરાઈનો બદલો બુરાઈથી ન આપીને મા'ફ કરી દેવું તો નેક અમલ છે પરંતુ શ્રેષ્ઠ એ છે કે જેણે તમારી સાથે ખરાબ વર્તન કર્યું છે તમે તેને મા'ફ પણ કરો અને તેની સાથે અહેસાનનો વર્તાવ પણ કરો, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે આ આયતમાં હુકમ એ છે કે જે વ્યક્તિ તમારા ઉપર ગુસ્સો દર્શાવે તમે તેના મુકાબલામાં સબ્રથી કામ લો જે તમારી સાથે જહાલતથી વર્તી રહ્યો છે તમે તેની સાથે ધીરજ અને સહનશીલતાનો વર્તાવ કરો અને જેણે તમને સતાવ્યા તેને તમે મા'ફ કરો. *(મઝહરી)*

અમુક રિવાયતોમાં છે કે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને કોઈ વ્યક્તિએ ગાળ આપી અથવા બૂરું કહ્યું તો તેમણે તેના જવાબમાં કહ્યું કે જો તમે પોતાની વાતમાં સાચા છો કે હું ગુનેહગાર અને ખતાવાર તથા ખરાબ છું તો અલ્લાહ તઆલા મને મા'ફ કરી દે અને જો તમે જૂઠું બોલ્યા છો તો અલ્લાહ તઆલા તમને મા'ફ કરી દે.

(કુર્તુબી)



આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૩૭-૩૮-૩૯)

وَمِنْ اٰيٰتِهِ الَّيْلُ وَالنَّهَارُ وَالشَّمْسُ وَالْقَمَرُ ۭ لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ
وَاسْجُدُوْا لِلّٰهِ الَّذِيْ خَلَقَهُنَّ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿۳۷﴾ فَاِنِ اسْتَكْبَرُوْا
فَالَّذِيْنَ عِنْدَ رَبِّكَ يُسَبِّحُوْنَ لَهٗ بِالَّيْلِ وَالنَّهَارِ وَهُمْ لَا يَسْــَٔـمُوْنَ ﴿۳۸﴾ وَمِنْ
اٰيٰتِهٖٓ اَنَّكَ تَرَى الْاَرْضَ خَاشِعَةً فَاِذَآ اَنْزَلْنَا عَلَيْهَا الْمَاۗءَ اهْتَزَّتْ وَرَبَتْ ۭ
اِنَّ الَّذِيْٓ اَحْيَاهَا لَمُحْيِ الْمَوْتٰى ۭ اِنَّهٗ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۳۹﴾

તરજુમો :

અને તેની કુદરતના નમૂના છે રાત અને દિવસ અને સૂરજ અને ચાંદ, સૂરજને સિજ્દહ ન કરો અને ન જ ચાંદને; અને અલ્લાહને જ સિજ્દહ કરો જેણે તેમને બનાવ્યા જો તમે તેની જ ઈબાદત કરો છો. (૩૭) છતાં જો તેઓ અભિમાન કરે તો જે(ફરિશ્તા)ઓ તારા પરવરદિગારની પાસે છે તેની પવિત્રતા રાત અને દિવસ વર્ણન કરતા રહે છે અને તેઓ થાકતા નથી. (૩૮) અને એક તેની નિશાની એ છે કે તમે જમીનને જુઓ છો દબાયેલી પડેલી, પછી જ્યારે અમે તેના ઉપર પાણી ઉતાર્યું તાજી થઈ અને ઊભરી; બેશક જેણે તેને જીવીત કરી તે જ મુરદાઓને જીવીત કરશે, નિઃશંક તે સર્વ કાંઈ કરી શકે છે. (૩૯)

તફસીર :

અને તેની (કુદરત અને તવહીદની) નિશાનીઓ રાત અને દિવસ અને સૂરજ અને ચંદ્ર છે (બસ) તમે લોકો ન તો સૂરજને સિજ્દહ કરો અને ન જ ચાંદને (જેમકે સાબિઈન લોકો તારાઓની ઈબાદત કર્યા કરતા હતા. –કશ્શાફ) અને (માત્ર) તે અલ્લાહને સિજ્દહ કરો જેણે તે (સૌ) નિશાનીઓને પેદા કરી જો તમે અલ્લાહની ઈબાદત કરો છો (એટલે કે જો અલ્લાહની ઈબાદત કરવી છે તો તે માત્ર એવા સ્વરૂપમાં થઈ શકે છે કે તેની સાથે કોઈ બીજાની ઈબાદત ન કરો, મુશ્રિકોની જેમ અલ્લાહની ઈબાદત સાથે અન્યોને ઈબાદતમાં સામેલ કરી દીધા

તો પછી તે અલ્લાહની ઈબાદત રહેતી જ નથી) પછી જો આ લોકો (તવહીદની ઈબાદત અપનાવવાથી અને પોતાના બાપ દાદાના રસ્મો રિવાજ એટલે કે શિર્કને છોડવાથી ગર્વ અને) અભિમાન કરે તો (તે તેમની મૂર્ખામી છે કારણ કે) જે ફરિશ્તાઓ તમારા પરવરદિગારના નિકટવર્તી છે તે રાત અને દિવસ તેની પવિત્રતા વર્ણન કરે છે અને તેઓ (તેનાથી જરા પણ) થાકતા નથી (અલ્લાહ તઆલાના નિકટવર્તી ફરિશ્તાઓ જ્યારે તે લોકો કરતાં લાખો ઘણા ઈજ્જતવાળા અને મહાન છે તેમને ગર્વ નથી તો આ મૂર્ખાઓ માટે ગર્વ કરવાની શું વાત છે ?) અને તેની (કુદરત અને તવહીદની) નિશાની એક એ છે કે તું જમીનને જુએ છે દબાયેલી (પડેલી) છે, પછી જ્યારે અમે તેના ઉપર પાણી વરસાવીએ છીએ તો તે ઊભરે અને ફુલે છે (તેનાથી તવહીદ ઉપર પણ દલીલ થાય છે અને મૃત્યુ પછી ફરીવાર સજીવન થવા ઉપર પણ કારણ કે) જેણે જમીનને (તેના યોગ્ય સ્વરૂપે) જીવીત કરી દીધી તે જ મુરદાઓને (તેના યોગ્ય સ્વરૂપે) જીવીત કરશે, બેશક તે દરેક વસ્તુ ઉપર કુદરતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલા સિવાય કોઈને સિજ્દહ કરવો જાઇઝ નથી :

لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ وَاسْجُدُوْا لِلّٰهِ الَّذِىْ خَلَقَهُنَّ આ આયતથી સાબિત થયું કે સિજ્દહ માત્ર સૃષ્ટિના સર્જનહારનો જ હક છે તેના સિવાય કોઈ આકાશના તારા અથવા માનવી વગેરેને સિજ્દહ કરવો હરામ છે, ભલે તે ઈબાદતની નિય્યતથી હોય અથવા માત્ર સન્માન અને ઈજ્જતની નિય્યથી; બંને સ્વરૂપોમાં ઉમ્મતના ઈજ્માઅથી તે હરામ છે, તફાવત માત્ર એટલો છે કે જો ઈબાદતની નિય્યતથી કોઈને સિજ્દહ કરશે તો તે કાફિર થઈ જશે અને જેણે માત્ર સન્માન અને ઈજ્જત માટે સિજ્દહ કર્યો તો તેને કાફિર કહેવામાં આવશે નહીં પરંતુ તે હરામ કાર્ય કરવાનો અપરાધી તથા ફાસિક જરૂર કહેવામાં આવશે.

માત્ર અલ્લાહ સિવાય કોઈની ઈબાદત કોઈપણ ઉમ્મત અથવા શરીઅતમાં હલાલ નથી રહી કારણ કે તે શિર્કમાં સામેલ છે અને શિર્ક બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતમાં હરામ રહ્યું છે, અલબત્ત કોઈના સન્માન ખાતર સિજ્દહ કરવો એ પાછલી ઉમ્મતોમાં જાઇઝ હતું, દુનિયામાં આવતાં પહેલાં

હઝરત આદમ (અલૈ.) માટે બધા ફરિશ્તાઓને સિજ્દહ કરવાનો હુકમ થયો. હઝરત યૂસુફ (અલૈ.)ને તેમના પિતા અને ભાઈઓએ સિજ્દહ કર્યો જેનું વર્ણન કુર્આનમાં મોજૂદ છે પરંતુ ઉમ્મતની સહમતીએ આ હુકમ તે શરીઅતોમાં હતો ઈસ્લામમાં તેને રદ ઠરાવવામાં આવ્યો છે અને ગયરૂલ્લાહનો સિજ્દહ સદંતર હરામ ઠરાવવામાં આવ્યો. આ મસ્અલાની સંપૂર્ણ વિગત મુજ નાચીઝની કિતાબ اَلْمَقَالَةُ الْمَرْضِيَّةُ فِىْ حُكْمِ سَجْدَةِ التَّحِيَّةِ માં ઉપસ્થિત છે જે અરબી ભાષામાં છે, તેનો ઉર્દૂ તરજુમો પણ પ્રકાશિત થઈ ચૂક્યો છે.

وَهُمْ لَا يَسْـَٔمُوْنَ એ બાબત ઉપર ઉમ્મતનો ઈજ્માઅ્ છે કે આ સૂરતમાં સિજ્દએ તિલાવત વાજિબ છે, સિજ્દહના સ્થળમાં ઉલમામાં મતભેદ છે. કાઝી અબૂબક્ર ઈબ્નુલ અરબી (રહ.)એ અહકામુલ કુર્આનમાં લખ્યું છે કે હઝરત અલી (રદિ.) અને હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.) પ્રથમ આયતના પૂર્ણ થવા ઉપર સિજ્દહ કરતા હતા, એટલે કે اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ઉપર અને તેને જ ઈમામ માલિક (રહ.)એ અપનાવ્યું છે તથા હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) બીજી આયતના અંતમાં એટલે કે لَا يَسْـَٔمُوْنَ ઉપર સિજ્દહ કરતા હતા તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ પણ એવું જ કહ્યું કે બીજી આયતના અંતે સિજ્દહ કરે; મસ્રૂક, અબ્દુર્રહમાન સુલમી, ઈબ્રાહીમ નખઈ, ઈબ્ને સિરીન, કતાદહ વગેરે જમહૂર ફુક્હા لَا يَسْـَٔمُوْنَ ઉપર જ સિજ્દહ કરતા હતા, ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં લખ્યું છે કે આ જ મત બધા જ હનફી ઈમામોનો છે અને ફરમાવ્યું કે મતભેદની બીનાએ એ બાબતમાં કાળજી રાખવી જોઈએ કે બીજી આયતના અંતે જ સિજ્દહ કરવામાં આવે, કારણ કે જો સિજ્દહ પહેલી આયતથી વાજિબ થઈ ચૂક્યો છે તો હવે અદા થઈ જશે અને જો એ જ આયતથી વાજિબ થયો હશે તો તેનું અદા થવું દેખીતું છે.

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૪૦ થી ૪૬)

اِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اٰيٰتِنَا لَا يَخْفَوْنَ عَلَيْنَا ؕ اَفَمَنْ يُّلْقٰى فِى النَّارِ
خَيْرٌ اَمْ مَّنْ يَّاْتِيْٓ اٰمِنًا يَّوْمَ الْقِيٰمَةِ ؕ اِعْمَلُوْا مَا شِئْتُمْ ۙ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۴۰﴾

إِنَّ الَّذِينَ كَفَرُوا بِالذِّكْرِ لَمَّا جَاءَهُمْ ۖ وَإِنَّهُ لَكِتَابٌ عَزِيزٌ ﴿٤١﴾ لَا يَأْتِيهِ
الْبَاطِلُ مِنْ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهِ ۖ تَنْزِيلٌ مِنْ حَكِيمٍ حَمِيدٍ ﴿٤٢﴾ مَا يُقَالُ لَكَ
إِلَّا مَا قَدْ قِيلَ لِلرُّسُلِ مِنْ قَبْلِكَ ۚ إِنَّ رَبَّكَ لَذُو مَغْفِرَةٍ وَذُو عِقَابٍ أَلِيمٍ ﴿٤٣﴾ وَلَوْ
جَعَلْنَاهُ قُرْآنًا أَعْجَمِيًّا لَقَالُوا لَوْلَا فُصِّلَتْ آيَاتُهُ ۖ ءَأَعْجَمِيٌّ وَعَرَبِيٌّ ۗ
قُلْ هُوَ لِلَّذِينَ آمَنُوا هُدًى وَشِفَاءٌ ۖ وَالَّذِينَ لَا يُؤْمِنُونَ فِي آذَانِهِمْ
وَقْرٌ وَهُوَ عَلَيْهِمْ عَمًى ۚ أُولَٰئِكَ يُنَادَوْنَ مِنْ مَكَانٍ بَعِيدٍ ﴿٤٤﴾ وَلَقَدْ آتَيْنَا
مُوسَى الْكِتَابَ فَاخْتُلِفَ فِيهِ ۗ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ ۚ
وَإِنَّهُمْ لَفِي شَكٍّ مِنْهُ مُرِيبٍ ﴿٤٥﴾ مَنْ عَمِلَ صَالِحًا فَلِنَفْسِهِ ۖ وَمَنْ أَسَاءَ
فَعَلَيْهَا ۗ وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِلْعَبِيدِ ﴿٤٦﴾

તરજુમો :

ખરેખર જે લોકો અમારી આયતો વિશે વંકાઈને ચાલે છે તેઓ અમારાથી છુપાયેલા નથી; વારુ, એક તે જે આગમાં પડે છે એ બહેતર છે અથવા એક તે જે કયામતના દિવસે (શાંતિ) સલામતીથી આવશે ? જે ચાહો કર્યે જાવ ! બેશક તમે જે કરો છો તે (અલ્લાહ) સઘળું જુએ છે. (૪૦) બેશક ! તે લોકો જ્યારે તેમની પાસે નસીહત આવી (કુર્આન આવ્યું) તેનો ઇન્કાર કર્યો; અને તે કિતાબ (કુર્આન) ખૂબ અજોડ છે. (૪૧) તેના ઉપર જૂઠની દખલગીરી નથી આગળથી અને ન જ પાછળથી, હિકમતોવાળા અને સઘળા વખાણવાળા (સ્તુત્ય અલ્લાહ તઆલા)ની ઉતારેલી છે. (૪૨) તમને તે જ કહીએ છીએ જે તમારાથી પહેલાં બધા રસૂલોને કહી ચૂકયા છે, તમારા પરવરદિગારના ત્યાં મા'ફી પણ છે અને દર્દનાક સજા પણ છે. (૪૩) અને જો અમે તેને બીજી (બિનઅરબી) ભાષાનું કુર્આન બનાવ્યું હોત તો અલબત્ત તેઓ એવું કહેતા હોત કે તેની વાતો કેમ ખોલવામાં ન આવી ? શું બીજી (બિનઅરબી) ભાષાની કિતાબ અને અરબી લોકો ? તમે કહો ! આ

ઈમાનવાળાઓ માટે હિદાયત છે અને રોગને દૂર કરનાર અને જે તે ઈમાન નથી લાવતા તેમના કાનોમાં ભાર છે અને આ કુર્આન તેમના હકમાં અંધાપો છે, એ લોકો (એવા છે જાણે તેઓ)ને દૂરના સ્થળેથી પોકારે છે. (૪૪) અને અલબત્ત અમે મૂસાને કિતાબ આપી હતી પછી તેમાં મતભેદ પડ્યો અને જો એક વાત પહેલેથી તારા પરવરદિગાર તરફથી ન નીકળી ચૂકી હોત તો તેમનામાં ફૈસલો થઈ ચૂક્યો હોત અને તેઓ આ (કુર્આન) વિશે એવી શંકામાં છે જે ચેન લેવા દેતી નથી. (૪૫) જેણે નેક કર્મ કર્યા બસ પોતાના માટે છે અને જેણે બુરાઈ કરી બસ તે પણ તેના જ ઉપર છે અને તમારો પરવરદિગાર એવો નથી જે બંદાઓ ઉપર જુલમ કરે. (૪૬)

તફસીર :

નિ:શંક ! જે લોકો અમારી આયતોમાં વંકાઈને ચાલે છે (એટલે કે અમારી આયતોનો તકાદો એ છે કે તેના ઉપર ઈમાન લાવવામાં આવે અને તેના ઉપર કાયમ રહેવામાં આવે તેઓ તેને છોડીને તેને જૂઠાડે છે. –દૂર્રે મન્સૂર, કતાદહ) તે લોકો અમારાથી છુપા નથી (તેમને અમે જહન્નમનો અઝાબ આપીશું) બસ ભલા તે વ્યક્તિ જે જહન્નમમાં નાંખવામાં આવે (જેમકે કાફિર) તે સારો છે અથવા તે વ્યક્તિ જે કયામતના દિવસે શાંતિ અને સલામતીની સાથે (જન્નતમાં) આવે ? (આગળ તેમને ડરાવવા માટે ઈરશાદ છે કે) જે મન ચાહે (ખૂબ) કરી લો, તે તમારું સઘળું કરેલું જોઈ રહ્યો છે (સમય આવ્યે સજા આપશે) જે લોકો આ કુર્આનનો જ્યારે કે તે તેમની પાસે પહોંચે છે ઈન્કાર કરે છે (તેમનામાં પોતે વિચારશક્તિની ખામી છે) અને (આ કુર્આનમાં કોઈ ખામી નથી કારણ કે) આ (કુર્આન) મહાન અજોડ કિતાબ છે જેમાં અસત્ય વાત ન તેની આગળની તરફથી આવી શકે છે અને ન જ તેની પાછળની તરફથી (એટલે કે તેના કોઈ પાસામાં અને કોઈ વિભાગમાં અસત્યની સંભાવના સુદ્ધાં નથી, કારણ કે આ કુર્આન અલ્લાહ તઆલા તરફથી ઉતારેલું છે અને પછી અસત્ય વાતને કેવી રીતે અલ્લાહ તઆલા તરફથી ઉતારેલું કહી દેવામાં આવે ? જેવી રીતે કે કાફિરો આપ ﷺ ઉપર એવી જ શંકા કરતા હતા, અલ્લાહ તઆલાએ એક કાયમી નિયમ પ્રમાણે આ શંકાને દૂર કરી દીધી અને તે એ રીતે કે તેનું સન્માન દરેક સમીપ સ્વીકાર્ય છે એટલા માટે એ સાબિત થઈ ગયું કે) આ હિકમતવાળા સઘળા વખાણવાળા

(અલ્લાહ તઆલા) તરફથી નાઝિલ કરવામાં આવી છે (અને તે છતાં જે રીતે આ લોકો તમને જૂઠાડી રહ્યા છે.... તો એ જાણીને સાંત્વના પ્રાપ્ત કરી લો કે) તમને તે જ વાતો (જૂઠાડવાની અને કષ્ટ પહોંચાડવાની) કહેવામાં આવે છે જે તમારા અગાઉના રસૂલોને કહેવામાં આવી છે (તેમણે ધૈર્ય દાખવ્યું હતું, તમે પણ સબ્ર કરો અને તેનાથી સાંત્વના પ્રાપ્ત કરો કે) તમારો પરવરદિગાર મહાન મા'ફીવાળો અને દર્દનાક સજા આપનારો છે (બસ જો આ વિરોધીઓ વિરોધથી અટકીને મા'ફીના હકદાર ન થયા તો તેમને સજા પણ આપીશ પછી તમે પરેશાન ન થાઓ) અને (આ લોકો એક શંકા એવી કરે છે કે કુર્આનનો અમુક ભાગ અજમી પણ હોવો જોઈતો હતો જેમકે તફસીરે દૂર્રે મન્થૂરમાં કુરૈશનું આવું નિવેદન હઝરત સઈદ ઇબ્ને ઝુબૈર રદિ.થી નકલ કરવામાં આવ્યું છે જેનાથી તેનું સન્માન ખૂબ જાહેર થયું હોત કે નબીએ કરીમ ﷺ જો અજમી ભાષા નથી જાણતા તો અજમી–બિનઅરબ ભાષામાં વાતચીત કરે, બસ વાત એમ છે કે) જો અમે તેને (સંપૂર્ણ અથવા અમુક) અજમી (ભાષાનું) કુર્આન બનાવ્યું હોત (તો એવું કદાપિ ન થયું હોત કે તેને તેઓએ તેને માની લીધું હોત બલકે તેમાં એક પ્રકારની બહાનાબાજી કરી હોત, કારણ કે જ્યારે માનવાનો અને સમજવાનો ઈરાદો જ ન હોય તો કોઈને કોઈ બહાનું શોધી જ કાઢવામાં આવે છે તેથી જો એવું થયું હોત) તો તેઓ એવું કહેતા હોત કે તેની આયતો (એ રીતે) સાફ સાફ કેમ વર્ણન કરવામાં ન આવી (કે અમે સમજી લીધી હોત એટલે કે અરબીમાં કેમ ન આવી ? જો અમુક અજમી હોત તો તેઓએ એવું કહ્યું હોત કે હવે આ કુર્આન તો અરબીમાં છે અજમી કેમ નથી ? અને જો અજમી હોત તો એવું કહેત કે અરબી કેમ નથી ? કોઈપણ હાલતમાં તેમને શાંતિ નથી, પછી તેના અજમી હોવાનો શું લાભ થયો હોત ! આ વિષયનો જવાબ આપવા માટે હુકમ થાય છે કે હે પયગમ્બર ﷺ !) તમે કહી આપો કે આ કુર્આન ઈમાનવાળાઓ માટે તો (નેક કામો બતાવવામાં) માર્ગદર્શક છે અને (બુરા કામોથી જે રોગ દિલોમાં પેદા થઈ જાય છે જ્યારે આ કુર્આનના માર્ગદર્શન ઉપર અમલ કરવામાં આવે છે તો આ તે રોગોનો) ઉપચાર છે (બસ કારણ કે ઈમાનવાળાઓમાં સમજશક્તિ અને સત્ય પ્રાપ્ત કરવાની કમી ન હતી, તેમના હકમાં કુર્આન પોતાની હક્કાનિય્યતના કારણે લાભદાયક સાબિત થયું) અને જેઓ (સત્ય જાહેર થવા છતાં દુશ્મનાવટના કારણે) ઈમાન નથી

લાવતા તેમના કાનોમાં ડાટા છે (જેનાથી સત્ય અને ન્યાય તથા સમજશક્તિ દ્વારા નથી સાંભળતા અને તે કમી આ જ છે) અને (આ ઉણપના કારણે) તે કુર્આન તેમના હકમાં અંધાપો છે (સમજશક્તિ ઓછી હોવાના કારણે તથા ન્યાયથી ન વર્તવાના કારણે પૂર્વગ્રહથી પીડાય છે અને પૂર્વગ્રહ હિદાયત સ્વીકારવામાં અવરોધરૂપ છે, બલકે તે વધારે ગુમરાહીનું કારણ બની જાય છે, અંધાપાનું કારણ હોવાનું આ જ વિધાન છે, જેમકે સૂર્ય દુનિયાને પ્રકાશ આપે છે પરંતુ خُفَّاش "ખફાશ"–ઉલ્લુને આંધળું કરી દે છે અને) આ લોકો (સત્ય વાત સાંભળવા છતાં જે રીતે લાભથી વંચિત રહે છે તેઓ એવા જ છે) જાણે કે કોઈ દૂરના સ્થળેથી પોકારવામાં આવી રહ્યા હોય (કે અવાજ તો સાંભળે છે પરંતુ સમજતા નથી) અને (તમારી તસલ્લી માટે જેમકે ઉપર ટૂંકમાં રસૂલોનું વર્ણન થયું છે હવે ખાસ મૂસા અલૈ.નું વર્ણન થાય છે કે) અમે મૂસા (અલૈ.)ને પણ કિતાબ આપી હતી, બસ તેમાં પણ મતભેદ થયો (કોઈએ માન્યું અને કોઈએ ન માન્યું, આ કોઈ નવી વાત તમારા માટે નથી થઈ, બસ તમે ગમગીન ન થાઓ) અને (આ ઈન્કારીઓ એવા અઝાબના હકદાર છે કે) જો એક વાત ન હોત જે તમારા પરવરદિગાર તરફથી પ્રથમથી નક્કી થઈ ચૂકી છે (કે પૂરો અઝાબ તેમને આખિરતમાં આપીશ) તો તેમનો (કાયમી) ફેંસલો (દુનિયામાં જ) થઈ ચૂક્યો હોત અને આ લોકો (બધું જ સત્ય સાબિત થઈ ગયા છતાં) હજુ સુધી એ(ફેંસલા એટલે કે અદષ્ય અઝાબ)ના તરફથી એવી શંકામાં (પડ્યા) છે જેણે તેમને દ્વિધામાં નાંખી રાખ્યા છે (કે તેમને અઝાબનું યકીન જ નથી આવતું, જ્યારે કે ફેંસલો અવશ્ય થવાનો છે અને એ ફેંસલાનો ખુલાસો એ છે કે) જે વ્યક્તિ નેક અમલ કરે છે તે પોતાના લાભ માટે (એટલે કે ત્યાં તેનો લાભ અને સવાબ પામશે) અને જે વ્યક્તિ ખરાબ અમલ કરે છે તેનો વબાલ (એટલે કે નુકસાન અને અઝાબ) તેના ઉપર જ પડશે અને તમારો પરવરદિગાર બંદાઓ ઉપર જુલમ કરનારો નથી (કે કોઈ નેકી જે શરતો પ્રમાણે અમલમાં લાવવામાં આવી હોય તેને ગણતરીમાં ન લે અથવા કોઈ બુરાઈને વધારે ગણી લે).

મસ્અલા અને બોધપાઠ :

કુફ્રનો એક ખાસ પ્રકાર ઇલ્હાદ છે, તેની ઓળખ અને હુકમો :

اِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اٰيٰتِنَا આનાથી આગલી આયતોમાં તવહીદ અને

રિસાલતના ઈન્કારીઓને ચેતવણી અને ધમકી હતી તથા તેમના અઝાબનું વર્ણન હતું જે રિસાલત અને તવહીદનો ખુલ્લમ ખુલ્લા સ્પષ્ટ રીતે ઈન્કાર કરતા હતા, અત્રેથી ઈન્કારના એક ખાસ પ્રકારનું વર્ણન કરવામાં આવે છે જેનું નામ اِلْحَاد (ઈલ્હાદ) છે. لَحْد (લહદ) અને اِلْحَاد (ઈલ્હાદ)નો શાબ્દિક અર્થ "એક તરફનું વલણ ધરાવવું" થાય છે, કબ્રને પણ એટલા માટે જ લહદ કહેવામાં આવે છે. કુર્આન અને હદીષની પરિભાષામાં કુર્આનની આયતોનો ઈન્કાર કરવો અથવા તેનાથી આડા ફંટાવાને ઈલ્હાદ કહેવામાં આવે છે. શાબ્દિક અર્થના આધારે તે જાહેર છે, સ્પષ્ટ સ્વરૂપે ખુલ્લી રીતે ઈન્કાર અને આડા ફંટાવું અથવા ખોટી તા'વીલો કરી બહાનાબાજી કરી આડા ફંટાવું વગેરે પરંતુ સામાન્ય રીતે ઈલ્હાદ એવા આડા ફંટાવાને કહે છે કે જાહેરમાં તો કુર્આન અને તેની આયતો ઉપર ઈમાન અને સમર્થનનો દા'વો કરે પરંતુ તેના અર્થ પોતાના તરફથી એવા ઘડી કાઢે જે કુર્આન અને સુન્નતની નુસૂસ તથા જમહૂર ઉમ્મતના વિરુદ્ધ હોય અને જેનાથી કુર્આનનો હેતુ જ ઊલટો થઈ જાય. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ આયતની તફસીરમાં ઈલ્હાદનો અર્થ આ જ નકલ કર્યો છે. اَلْاِلْحَادُ هُوَ وَضْعُ الْكَلَامِ عَلٰى غَيْرِ مَوْضِعِهٖ અને પ્રસ્તુત આયતમાં કહેવામાં આવ્યું છે, لَا يَخْفَوْنَ عَلَيْنَا તેમાં પણ એ જ તરફ ઈશારો છે કે ઈલ્હાદ કોઈ એવું કુફ્ર છે જેને આ લોકો છુપાવવા ઈચ્છતા હતા એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તેઓ અમારાથી પોતાનું કુફ્ર છુપાવી નથી શકતા.

પ્રસ્તુત આયતે સ્પષ્ટ રીતે એવું બતાવી દીધું કે કુર્આનની આયતોથી ઈન્કાર અને આડા ફંટાવું સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં હોય અથવા બાતિલ તા'વીલો (ખોટી યુક્તિ પ્રયુક્તિ દ્વારા ખોટું અર્થઘટન) કરીને કુર્આનના હુકમોને બદલવાની ફિકર કરે એ બધું કુફ્ર અને ગુમરાહી છે.

ખુલાસો એ છે કે ઈલ્હાદ એક પ્રકારનું કુફ્ર અને નિફાક છે કે જાહેરમાં કુર્આન અને કુર્આનની આયતોને માનવાનો દા'વો અને એકરાર કરે પરંતુ કુર્આનની આયતોના અર્થ એવા ઘડે જે કુર્આન અને સુન્નતની બીજી નુસૂસ અને ઈસ્લામના સિદ્ધાંતોથી વિરુદ્ધ હોય, ઈમામ અબૂ યુસૂફ (રહ.)એ "કિતાબુલ ખિરાજ"માં લખ્યું છે,

كَذَالِكَ الزَّنَادِقَةُ الَّذِيْنَ يُلْحِدُوْنَ وَقَدْ كَانُوْا يُظْهِرُوْنَ الْإِسْلَامَ

"એવા જ તે જિન્દીક લોકો છે જેઓ ઈલ્હાદ કરે છે અને જાહેરમાં ઈસ્લામનો દા'વો કરે છે."

આથી જાણ થઈ કે મુલ્હિદ અને જિન્દીક બંને સમાનાર્થી છે જે એવા કાફિરને કહેવામાં આવે છે જે જાહેરમાં ઈસ્લામનો દા'વો કરે અને વાસ્તવમાં તેના હુકમોની અદાયગીથી આડા ફંટાવા માટે એવી બહાનાબાજી કરે કે કુર્આનના અર્થો જ એવા ઘડી કાઢે જે નુસૂસની વિરુદ્ધ હોય તથા ઈજ્માએ ઉમ્મતના વિરુદ્ધ હોય.

એક ખોટી માન્યતાનો રદિયો :

અકાઈદની કિતાબોમાં એક સિદ્ધાંત એવો વર્ણન કરવામાં આવ્યો છે કે તા'વીલ કરનારને કાફિર કહેવો જોઈએ નહીં, એટલે કે જે વ્યક્તિ બાતિલ અકીદાઓ અને કુફ્રિયા વાક્યોને કોઈ તા'વીલ વડે અપનાવે તે કાફિર નથી પરંતુ આ સિદ્ધાંતનો ભાવાથ જો સામાન્ય લેવામાં આવે કે ગમે તેવા કતઈ અને યકીની હુકમમાં તા'વીલ કરે અને ગમે તેવી ખોટી (ફાસિક) તા'વીલ કરે તો પણ તે કાફિર નથી તો તેનું પરિણામ એ આવશ્યક બને છે કે દુનિયામાં મુશ્રિકો, મૂર્તિપૂજકો, યહૂદીઓ અને નસારામાંથી કોઈને પણ કાફિર કહેવામાં ન આવે, કારણ કે મૂર્તિપૂજકો અને મુશ્રિકોની તા'વીલો તો કુર્આનમાં ઉપસ્થિત છે. مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَآ اِلَى اللّٰهِ زُلْفٰى (૩૯:૩) એટલે કે અમે મૂર્તિઓની ખુદ ઈબાદત નથી કરતા બલકે એટલા માટે કરીએ છીએ કે તે અમને સિફારસ કરીને અલ્લાહ તઆલાની નિકટ કરી આપે તો વાસ્તવમાં ઈબાદત તો અલ્લાહની જ છે તો કુર્આને તેમની આવી તા'વીલ છતાં તેમને કાફિર કહ્યા, યહૂદીઓ અને નસારાની તા'વીલો તો ખૂબ પ્રખ્યાત અને પ્રચલિત છે તે છતાં કુર્આન અને સુન્નતની નુસૂસમાં તેમને કાફિર કહેવામાં આવ્યા છે, આથી જાણ થઈ કે તા'વીલ કરનારને કાફિર ન કહેવાનો ભાવાર્થ સર્વસામાન્ય નથી.

એટલા માટે ઉલમા અને ફુકહાએ એનો ખુલાસો અને સ્પષ્ટતા કરી છે કે એવી તા'વીલ જે કાફિર કહેવાથી અટકાવતી હોય છે તેની શરત એ છે કે તે

જરૂરિયાતે દીનમાં તેના કતઈ ભાવાર્થ વિરુદ્ધ ન હોય. જરૂરિયાતે દીનનો ભાવાર્થ તે હુકમો અને મસ્અલાઓ છે જે ઈસ્લામ અને મુસલમાનોમાં એટલા મુતવાતિર અને મશ્હૂર હોય કે મુસલમાનોના અભણ નિરક્ષરો સુદ્ધાં પણ તેનાથી વાકેફ હોય, જેમકે પાંચ નમાઝોનું ફરજ હોવું, ફજરની બે અને ઝુહ્રની ચાર રકાતોનું ફરજ હોવું, રમઝાનના રોઝાનું ફરજ હોવું, વ્યાજ, દારૂ, સુવ્વરનું હરામ હોવું વગેરે. જો કોઈ વ્યક્તિ આ મસ્અલાઓ વિશે કુર્આનની આયતોમાં એવી તા'વીલ કરે જેનાથી મુસલમાનોના મુતવાતિર અને મશ્હૂર ભાવાર્થ ઊલટા થઈ જાય તો નિઃશંક તે ઉમ્મતના ઈજ્માઅ્થી કાફિર છે, કારણ કે તે વાસ્તવમાં રસૂલુલ્લાહ ﷺની તા'લીમનો ઈન્કાર છે અને ઈમાનની વ્યાખ્યા જમહૂર ઉમ્મત નજીક એ જ છે કે,

تَصْدِيْقُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْمَا عُلِمَ مَجِيْئُهُ بِهٖ ضَرُوْرَةً

"એટલે કે નબીએ કરીમ ﷺની તસ્દીક (સમર્થન) તે તમામ બાબતોમાં કરવું જેનું વર્ણન કરવું અને હુકમ કરવું રસૂલે કરીમ ﷺ દ્વારા નિશ્ચિત સાબિત થયું હોય, એટલે કે એવું વિશ્વાસપૂર્વક સાબિત થયું હોય કે ઉલમા સિવાય સામાન્ય જનસમૂહ પણ તેને જાણતો હોય."

આથી કુફ્રની વ્યાખ્યા એ થશે કે જે વસ્તુઓનું લાવવું રસૂલે કરીમ ﷺ દ્વારા જરૂરી અને કતઈ રીતે સાબિત થયું હોય તેનામાંથી કોઈનો ઈન્કાર કુફ્ર છે.

તો જે વ્યક્તિ એવી જરૂરિયાતે દીનમાં તા'વીલ કરીને તે હુકમને બદલે તો તે રસૂલે કરીમ ﷺની લાવેલ તા'લીમનો ઈન્કાર કરી રહ્યો છે.

આધુનિક યુગમાં કુફ્ર અને ઇલ્હાદનું ગરમ બજાર :

આધુનિક યુગમાં એક તરફ તો દીન અને દીનના હુકમોથી અજ્ઞાનતા અને ગફલત તેની પરાકષ્ઠાએ પહોંચી ચૂકી છે, ભણેલા ગણેલા લોકો ઘણી બધી જરૂરિયાતે દીનથી પણ નાવાકેફ રહે છે, બીજી બાજુ આધુનિક અલ્લાહ વિહોણા શિક્ષણ જેનો પાયો ભૌતિકતાની પૂજા ઉપર આધારિત છે કંઈક તેની અસરથી વળી તેના ઉપર વિશેષમાં યુરોપના મુસ્તશ્રિકીનોએ ફેલાવેલ ઈસ્લામ વિરુદ્ધની શંકાઓ અને સંદેહોથી પ્રભાવિત થઈને ઘણા એવા લોકોએ ઈસ્લામ અને ઈસ્લામના સિદ્ધાંતો ઉપર બહસ અને ગુપ્ત વાતચીત શરૂ કરી દીધી છે જેને

ઈસ્લામના સિદ્ધાંતો તથા તેની ગૌણ બાબતો અને કુર્આન તથા હદીષના જ્ઞાન સાથે કોઈ સંબંધ નથી, તેમણે ઈસ્લામ વિશે જો કોઈ જાણકારી પણ પ્રાપ્ત કરી છે તો યુરોપવાળા ઈસ્લામના દુશ્મનો પાસેથી પ્રાપ્ત કરી છે, આવા લોકોએ કુર્આન અને હદીષની "કતઈ નુસૂસે જરૂરિયહ"માં જાતજાતની ખોટી તા'વીલો કરીને ઈસ્લામી શરીઅતના સર્વસહમત અને કતઈ નુસૂસોથી સાબિત થયેલ હુકમોથી આડા ફંટાવાને ઈસ્લામની સેવા સમજી લીધી છે, જ્યારે તેમને કહેવામાં આવે છે કે આ ઉઘાડું કુફ્ર છે તો તેઓ પ્રખ્યાત સિદ્ધાંતનો સહારો લઈને કહે છે કે અમે આ હુકમના ઈન્કારી તો નથી બલકે એક તા'વીલ કરી રહ્યા છે એટલા માટે અમારા ઉપર આ કુફ્ર લાગુ પડતું નથી.

આથી સમયની તાતી જરૂરત સમજીને અમારા ઉસ્તાદ હુજ્જતુલ ઈસ્લામ હઝરત મવલાના સય્યિદ અનવરશાહ કશ્મિરી (રહ.)એ આ મસ્અલાની તહકીક માટે એક આગવી કિતાબ લખી છે જેનું નામ اِكْفَارُ الْمُلْحِدِيْنَ وَالْمُتَأَوِّلِيْنَ فِيْ شَيْئٍ مِنْ ضَرُوْرِيَّاتِ الدِّيْنِ છે, તેમાં દરેક વર્ગ દરેક મસ્લકના ઉલમા અને ફુકહાના ખુલાસાથી સાબિત કર્યું છે કે જરૂરિયાતે દીનમાં કોઈની તા'વીલ સ્વીકાર્ય નથી અને આ તા'વીલ તેમના કુફ્ર ઉપર હોવાનું જાહેર કરવાથી અવરોધક નથી, આ કિતાબ અરબી ભાષામાં પ્રકાશિત થઈ છે, મુજ નાચીઝે તેનો ખુલાસો ઉર્દૂ ભાષામાં "કુફ્ર ઔર ઈસ્લામ કુર્આન કી રોશનીમેં"ના નામથી પ્રકાશિત કર્યો છે અને અહકામુલ કુર્આનના પાંચમાં ભાગમાં તેનો ખુલાસો અરબી ભાષામાં વર્ણન કર્યો છે તેને જોઈ શકાય છે, અત્રે તેનો ખુલાસો હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દીસ દહેલ્વી (રહ.)ના એક લખાણ વડે નકલ કરવાને પૂરતું સમજવામાં આવે છે.

હઝરત શાહ અબ્દુલ અઝીઝ (રહ.)એ ફરમાવ્યું કે કુર્આનની આયતોમાં બાતિલ તા'વીલ જેને કુર્આનની પ્રસ્તુત આયતમાં ઈલ્હાદ કહેવામાં આવ્યો છે તેના બે પ્રકારો છે, પ્રથમ તે બાતિલ તા'વીલ જે નુસૂસે કતઈય્યહ મુતવાતિરાહ અથવા કતઈ ઈજ્માઅના વિરુદ્ધ હોય તો તે નિઃશંક કુફ્ર છે, બીજું એ કે તે એવી નુસૂસના વિરુદ્ધ હોય જે જો કે પેટાવિભાગ છે પરંતુ યકીનની બિલકુલ નિકટ છે અથવા તો ઈજ્માએ ઉરફીના વિરુદ્ધ હોય એવી તા'વીલ ગુમરાહી અને ફિસ્ક છે કુફ્ર નથી. આ બંને પ્રકારની તા'વીલો ઉપરાંત બાકી તા'વીલો જે કુર્આન અને હદીષના

શબ્દોમાં વિવિધ સંભાવનાઓ હોવાની બીના પર હોય તે તા'વીલ સામાન્ય ફુક્હાએ ઉમ્મતના ઇજ્તિહાદનું મેદાન છે જે હદીષના ખુલાસાઓ વડે દરેક પરિસ્થિતિમાં સવાબ અને નેકીનું કાર્ય છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِالذِّكْرِ لَمَّا جَآءَ هُمْ وَاِنَّهٗ لَكِتٰبٌ عَزِيْزٌ لَّا يَاْتِيْهِ الْبَاطِلُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ જમહૂર મુફસ્સિરોએ ફરમાવ્યું કે ઝિક્રનો ભાવાર્થ અહીંયાં કુર્આન છે અને વાક્ય اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِالذِّكْرِ એ પાછલા વાક્ય اِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ થી بَدَلُ છે અને عَرَبِيَّتُ بَدَلُ ના નિયમ અને مُبْدَلُ مِنْهُ નો એક હુકમ હોય છે એટલા માટે તેનો ખુલાસો એ થયો કે આ લોકો અમારાથી છુપાઈ શકતા નથી અને એટલા માટે અઝાબથી બચી શકતા નથી, આગળ કુર્આનને અલ્લાહ તઆલા તરફથી સુરક્ષિત હોવાનું વર્ણન કર્યું છે, اِنَّهٗ لَكِتٰبٌ عَزِيْزٌ એટલે કે આ કિતાબ અલ્લાહ નજીક અઝીઝ અને કરીમ છે, કોઈ બાતિલ કે જૂઠ તેમાં માર્ગ પામી શકશે નહીં. (كَمَا رُوِىَ عَنِ ابْنِ عَبَّاسٍ —મઝહરી)

لَا يَاْتِيْهِ الْبَاطِلُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ આગળ આ કિતાબ માટે અલ્લાહ તઆલા તરફથી હિફાઝતનું વર્ણન છે, કતાદહ અને સુદ્દી (રહ.)એ ફરમાવ્યું કે બાતિલનો ભાવાર્થ અત્રે શયતાન છે અને مِنْۢ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ અર્થાત્ ન તો સામેથી આવી શકે છે અને ન જ પાછળથી; એનો ભાવાર્થ બધી જ દિશાઓ છે, મતલબ એ છે કે શયતાનની કોઈ દખલગીરી અથવા ચાલબાજી આ કિતાબમાં ચાલી નથી શકતી કે તે આ કિતાબમાં ઓછું વત્તું અથવા કોઈ ફેરફાર કરી શકે.

તફસીરે મઝહરીમાં તેને નકલ કરીને ફરમાવ્યું કે શયતાન આ સ્થળે સામાન્ય અર્થમાં છે, શયતાન જિન્નાત હોય અથવા શયતાન માનવી; કોઈ પણ તેમાં હેરાફેરી અથવા ફેરબદલ કરી શકતું નથી જેમકે અમુક રવાફિઝોએ કુર્આનમાં દશ સિપારાનો અને અમુકે ખાસ ખાસ આયતોનો વધારો કરવા ઇચ્છ્યું પરંતુ કોઈની વાત ચાલી શકી નહીં.

અબૂ હય્યાન (રહ.)એ બહરે મુહીતમાં ફરમાવ્યું કે શબ્દ "બાતિલ" પોતાના શબ્દોના આધારે શયતાનની સાથે ખાસ નથી, દરેક બાતિલ (ખોટું) અને مُبْطِلُ શયતાન તરફથી હોય અથવા કોઈ બીજાના તરફથી કુર્આનમાં તે ચાલી

શકતું નથી, પછી તબરીના હવાલાથી આયતનો એ ભાવાર્થ બતાવ્યો કે કોઈ બાતિલના સરગનાઓની એ મજાલ નથી કે સામે આવીને આ કિતાબમાં કોઈ ફેરફાર અથવા તબદીલી કરે અને ન જ તેની એ મજાલ છે કે ગુપ્ત રહી સંતાઈને તેના અર્થોમાં ફેરફાર કરે અથવા ઈલ્હાદ કરે.

તબરીની તફસીર આ સ્થળે ઘણી યોગ્ય છે કારણ કે કુર્આનમાં ઈલ્હાદ અને હેરફેરના બે જ સ્વરૂપો હોઈ શકે છે, પ્રથમ એ કે કોઈ બાતિલપરસ્ત ઉઘાડી રીતે કુર્આનમાં કોઈ ઓછું વત્તું કરવા ઈચ્છે તેને તો مِنْ بَيْنِ يَدَيْهِ દ્વારા ઓળખાવામાં આવી, બીજું એ કે કોઈ વ્યક્તિ જાહેરમાં ઈમાનનો દા'વો કરે પરંતુ અંદરખાનેથી ખોટી તા'વીલો દ્વારા કુર્આનના અર્થોમાં હેરફેર કરે તેને مِنْ خَلْفِهِ ના શબ્દ દ્વારા ઓળખાવવામાં આવ્યું, ખુલાસો એ છે કે આ કિતાબ અલ્લાહ તઆલા નજીક એવી સન્માનનીય અને મુકર્રમ છે કે ન તો તેના શબ્દોમાં કોઈ વત્તુ ઓછું કરવાની અથવા હેરફેર કે તબદીલી કરવાની કોઈની શક્તિ છે અને ન જ તેના અર્થોમાં હેરફેર કરીને કુર્આનના હુકમો બદલવાની મજાલ છે, જ્યારે પણ કોઈ બદ્‌બખ્તે એવો ઈરાદો કર્યો તો તે હંમેશા અપમાનિત થયો, કુર્આન તેની નાપાક યુક્તિઓથી પાક સાફ રહ્યું, શબ્દોમાં હેરફેર અથવા તબદીલીનો માર્ગ ન હોવો તો દરેક વ્યક્તિ જુએ સમજે છે કે લગભગ ૧૪૦૦ જેટલા વર્ષોથી આખી દુનિયામાં પઢવામાં આવી રહ્યું છે, લાખો માનવીઓના દિલમાં તે સુરક્ષિત છે, એક ઝેર-જબરની ભૂલ જો કોઈથી થઈ જાય તો ઘરડાઓથી લઈને બાળકો સુધી, આલિમોથી લઈને અભણો સુદ્ધાં લાખો મનુષ્યો તેની ભૂલને પકડનારા ઊભા થઈ જાય છે, તેની સાથે مِنْ خَلْفِهِ (મિન ખલ્ફિહી)ના શબ્દોથી એ તરફ ઈશારો કરી આપ્યો કે કુર્આનની સુરક્ષાની જવાબદારી જે અલ્લાહ તઆલાએ પોતે લીધી છે إِنَّا لَهُ لَحٰفِظُوْنَ તે માત્ર શબ્દોની સાથે ખાસ નથી બલકે તેના અર્થોની હિફાઝતનો પણ અલ્લાહ તઆલા જ જવાબદાર અને કફીલ છે, તેણે પોતાના રસૂલે કરીમ ﷺ અને તેમના દ્વારા પ્રત્યક્ષ રીતે તેમના શાગિર્દો એટલે કે સહાબએ કિરામ (રદિ.) દ્વારા કુર્આનના અર્થો અને કુર્આનના હુકમો પણ એવા સુરક્ષિત કરી દીધા છે કે કોઈ મુલ્હિદ બેદીન તેમાં બાતિલ તા'વીલો દ્વારા હેરફેરનો ઈરાદો કરે તો દરેક સ્થળે, દરેક યુગમાં હજારો ઉલમા તેના રદિયા માટે ઊભા થઈ જાય છે અને તે હડધૂત થાય છે અને તેની પોલ ખુલી જાય છે અને વાસ્તવિકતા એ જ છે કે

આયત اِنَّا لَهٗ لَحٰفِظُوْنَ માં ઝમીર لَهٗ (લહુ) કુર્આન તરફ સંબંધિત છે અને કુર્આન માત્ર શબ્દોનું નામ નથી બલકે ક્રમ અને અર્થો બંનેના મિશ્રણનું નામ છે.

આયતોના પ્રસ્તુત ખુલાસાનો વિષય એ થયો કે જે લોકો પોતાને મુસલમાન જાહેર કરે છે તે લોકો ખુલીને કુર્આનનો ઈન્કાર તો નથી કરતા પરંતુ કુર્આનની આયતોમાં બાતિલ તા'વીલો દ્વારા કામ લઈને તેને એવા અર્થો સાથે જોડે છે જે કુર્આન અને રસૂલે કરીમ ﷺના કતઈ ખુલાસાઓથી વિરુદ્ધ છે, તેમની હેરફેરથી પણ અલ્લાહ તઆલાએ પોતાની કિતાબને એવી સુરક્ષિત કરી દીધી છે કે કોઈના પણ ઘડેલ અર્થ ચાલી શકતા નથી, કુર્આન અને હદીષની બીજી નુસૂસ અને ઉલમાએ ઉમ્મત તેમની ચાલને છતી કરી દે છે તથા સહીહ હદીષોના ખુલાસા પ્રમાણે કયામત સુધી મુસલમાનોમાં એવી જમાઅત કાયમ રહેશે જે હેરફેર કરનારાઓની હેરફેરનો પડદો ચીરીને કુર્આનના સહી અર્થોને સ્પષ્ટ કરી આપશે અને હેરફેર કરનારાઓ દુનિયાથી પોતાના કુફ્રને ગમે તેવું સંતાડે પરંતુ અલ્લાહ તઆલાથી છુપાવી શકાતું નથી અને જ્યારે અલ્લાહ તઆલા તેમના આ ષડયંત્રથી વાકેફ છે તો તેમને તેની સજા મળવી પણ આવશ્યક છે.

ءَاَعْجَمِىٌّ وَّعَرَبِىٌّ અરબ સિવાય જેટલી પણ કોમો દુનિયામાં છે તે બધા عَجَمُ (અજૂમ) કહેવામાં આવે છે અને જ્યારે તેના ઉપર ء (હમ્ઝા) વધારીને اَعْجَمُ (અઅ્જમ) કહેવામાં આવે તો તેનો અર્થ જે કલામ ઉચ્ચ કક્ષાનું ન હોય તેને કહેવામાં આવે છે એટલા માટે "અજમી" એવા વ્યક્તિને કહેવામાં આવે છે જે અરબી નથી, ભલે તે ખૂબ ઊંચી વાત કરતો હોય અને "અઅ્ઝમી" તેને કહેવામાં આવે છે જે ઉચ્ચ કક્ષાની વાત ન કરી શકતો હોય. *(કુર્તુબી)*

પ્રસ્તુત આયતમાં اَعْجَمِىٌّ (અઅ્જમી) કહેવામાં આવ્યું છે, તેનો અર્થ એ થયો કે જો કે કુર્આનને અરબી ભાષા સિવાય અન્ય કોઈ ભાષામાં મોકલ્યું હોત તો અરબ કુરૈશ જેઓ કુર્આનના પ્રથમ શ્રોતા છે, તેમની એવી ફરિયાદ હોત કે આ કિતાબ અમારી સમજમાં આવતી નથી અને તાજ્જુબ પામી કહેતા હોત કે નબી તો અરબી છે અને કિતાબ અઅ્ઝમી છે જે ઉચ્ચ કક્ષાનું કલામ નથી.

قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّشِفَآءٌ અત્રે કુર્આને કરીમના બે લક્ષણો બતાવવામાં આવ્યા છે, એક એ કે તે હિદાયત છે, જિંદગીના દરેક ક્ષેત્રમાં

માનવીને એવો માર્ગ બતાવે છે જે તેના માટે લાભદાયક અને ફાયદાકારક જ હોય, બીજું એ કે તે શિફા (ઉપચાર) છે. કુર્આને કરીમનું બાતિનની બીમારીઓ એટલે કે કુફ, શિર્ક, અભિમાન, અદેખાઈ, લોભ, લાલચ વગેરેની શિફા હોવું તો દેખીતું જ છે બલકે જાહેર અને શારીરિક બીમારીઓની શિફા હોવું પણ તેમાં સામેલ છે, જેમકે નજરે જોઈ શકાય છે કે ઘણી બધી શારીરિક બીમારીઓનો ઈલાજ કુર્આની દુઆઓથી થાય છે અને તે સફળ થાય છે.

أُولَٰئِكَ يُنَادَوْنَ مِن مَّكَانٍ بَعِيدٍ આ એક ઉદાહરણ (રૂપક) છે, જે વ્યક્તિ કલામ (વાત)ને સમજતો હોય તેને અરબ કહેવામાં આવે છે. أَنتَ تَسْمَعُ مِن قَرِيبٍ એટલે કે તમે નજીક છો, સાંભળી રહ્યા છો અને જે કલામને ન સાંભળતો હોય તેને أَنتَ تُنَادَىٰ مِن بَعِيدٍ કહેવામાં છે, એટલે કે તમને દૂરથી અવાજ આપવામાં આવી રહી છે.

અર્થ એ છે કે કારણ કે આ લોકો કુર્આનની હિદાયતોને સાંભળવા અને સમજવાનો ઈરાદો નથી રાખતા એટલા માટે જાણે તેમના કાન બહેરા છે અને આંખો આંધળી છે, તેમને હિદાયતની તા'લીમ આપવી એવું જ છે જેમકે કોઈને ઘણે દૂરથી પોકારવામાં આવે કે તેના કાનો સુધી તેનો અવાજ જ ન પહોંચે.

પારહ : ૨૫

આયતો : (સૂરએ હા-મીમ સજદહ : ૪૭ થી ૫૪)

إِلَيْهِ يُرَدُّ عِلْمُ السَّاعَةِ ۚ وَمَا تَخْرُجُ مِن ثَمَرَاتٍ مِّنْ أَكْمَامِهَا وَمَا تَحْمِلُ مِنْ
أُنثَىٰ وَلَا تَضَعُ إِلَّا بِعِلْمِهِ ۚ وَيَوْمَ يُنَادِيهِمْ أَيْنَ شُرَكَائِي قَالُوا آذَنَّاكَ مَا مِنَّا مِن
شَهِيدٍ ﴿٤٧﴾ وَضَلَّ عَنْهُم مَّا كَانُوا يَدْعُونَ مِن قَبْلُ ۖ وَظَنُّوا مَا لَهُم مِّن مَّحِيصٍ ﴿٤٨﴾ لَا
يَسْأَمُ الْإِنسَانُ مِن دُعَاءِ الْخَيْرِ وَإِن مَّسَّهُ الشَّرُّ فَيَئُوسٌ قَنُوطٌ ﴿٤٩﴾ وَلَئِنْ أَذَقْنَاهُ
رَحْمَةً مِّنَّا مِن بَعْدِ ضَرَّاءَ مَسَّتْهُ لَيَقُولَنَّ هَٰذَا لِي وَمَا أَظُنُّ السَّاعَةَ قَائِمَةً
وَلَئِن رُّجِعْتُ إِلَىٰ رَبِّي إِنَّ لِي عِندَهُ لَلْحُسْنَىٰ ۚ فَلَنُنَبِّئَنَّ الَّذِينَ كَفَرُوا بِمَا

عَمِلُوْا ۫ وَلَنُذِيْقَنَّهُمْ مِّنْ عَذَابٍ غَلِيْظٍ ﴿٥٠﴾ وَإِذَآ أَنْعَمْنَا عَلَى الْإِنْسَانِ

أَعْرَضَ وَنَا بِجَانِبِهٖ ۚ وَإِذَا مَسَّهُ الشَّرُّ فَذُوْ دُعَآءٍ عَرِيْضٍ ﴿٥١﴾ قُلْ أَرَءَيْتُمْ

إِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ ثُمَّ كَفَرْتُمْ بِهٖ مَنْ أَضَلُّ مِمَّنْ هُوَ فِيْ شِقَاقٍۢ بَعِيْدٍ ﴿٥٢﴾

سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِي الْاٰفَاقِ وَفِيْٓ أَنْفُسِهِمْ حَتّٰى يَتَبَيَّنَ لَهُمْ أَنَّهُ الْحَقُّ ۭ أَوَلَمْ

يَكْفِ بِرَبِّكَ أَنَّهٗ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿٥٣﴾ أَلَآ إِنَّهُمْ فِيْ مِرْيَةٍ مِّنْ

لِّقَآءِ رَبِّهِمْ ۭ أَلَآ إِنَّهٗ بِكُلِّ شَيْءٍ مُّحِيْطٌ ﴿٥٤﴾

તરજુમો :

તેના જ તરફ કયામતની ખબરનો હવાલો છે અને કોઈ ફળ પોતાના પડદા (છાલ)થી નીકળતું નથી અને ન જ ગર્ભ રહે છે કોઈ માદાને અને ન જ તે જણે કે જેની તે(અલ્લાહ તઆલા)ને ખબર નથી અને જે દિવસે તેમને પોકારશે, ક્યાં છે મારા ભાગીદારો ? કહેશે, અમે તને કહી સંભળાવ્યું, અમારામાં કોઈ તેનો એકરાર કરતું નથી. (૪૭) અને તેમનાથી અલોપ થઈ ગયા જેને(–જેને) તેઓ પહેલાં પોકારતા હતા અને સમજી ગયા કે તેમનો ક્યાંય છુટકારો નથી. (૪૮) માનવી ભલાઈ માંગવાથી થાકતો નથી અને જો તેને બુરાઈ લાગી જાય તો હતાશ થઈને આશા છોડી બેસે છે. (૪૯) અને જો અમે તેને કંઈક પોતાની મહેરબાની એક તકલીફ પછી ચખાડીએ કે જે (તકલીફ) તેને પહોંચી હતી તો કહેવા લાગે, આ તો મારા લાયક જ હતું અને હું નથી સમજતો કે કયામત આવવાની છે ! અને તે છતાં પણ જો હું પોતાના પરવરદિગાર તરફ ગયો બેશક ! તેની પાસે મારા માટે ભલાઈ છે; બસ અમે ઈન્કારીઓને બતાવી આપીશું જે કંઈ તેમણે કર્યું છે અને તેમને એક સખત અઝાબની મજા ચખાડીશું. (૫૦) અને જ્યારે અમે માનવી ઉપર નેઅ્મતો મોકલીએ તો મોઢું ફેરવે (આડો ફંટાય) અને પોતાનું પડખું ફેરવે અને જ્યારે તેને બુરાઈ લાગે તો લાંબી(–લાંબી) દુઆઓ કરે. (૫૧) તમે કહો, ભલા જુઓ તો ! જો તે અલ્લાહની પાસેથી હોય પછી તમે તેને ન માન્યું પછી

તેનાથી વધારે ગુમરાહ કોણ જે વિરોધી થઈને દૂર ચાલ્યો જાય !? (૫૨) હવે અમે તેમને પોતાના નમૂના દુનિયામાં બતાવીશું અને પોતે તેમની જાતમાં એટલે સુધી કે તેમના ઉપર ખુલી જાય કે આ નિ:શંક સત્ય છે, શું તારો પરવરદિગાર ઓછો છે દરેક વસ્તુ ઉપર ગવાહી માટે ? (૫૩) સાંભળો છો!? તેઓ પોતાના પરવરદિગારની મુલાકાતથી ધોકામાં છે, સાંભળો છો !? બેશક તે દરેક વસ્તુને ઘેરી રહ્યો છે. (૫૪)

તફસીર :

(ઉપરોક્ત જે કયામતનું વર્ણન થયું છે કે તેમાં તેમને બદલો મળશે તે) કયામતના જ્ઞાનનો હવાલો અલ્લાહ તરફ જ આપી શકાય છે (એ સવાલના જવાબમાં કે કયામત ક્યારે આવશે ? જેમકે કાફિરો ઈન્કાર કરવાના હેતુથી એવું કહ્યા કરતા હતા એટલા માટે એમને એવું જ કહેવામાં આવશે કે તેનું જ્ઞાન માત્ર અલ્લાહ તઆલાને છે, મખ્લૂકને તેનું જ્ઞાન ન હોવાના કારણે તે આવશે જ નહીં એવું જરૂરી નથી બનતું) અને (કયામતની જ શું વિશેષતા છે ? તેના જ્ઞાને તો દરેક વસ્તુને ઘેરી રાખેલ છે એટલે સુધી કે) કોઈ ફળ પોતાના ગિલાફ (કોચલા)માંથી નથી નીકળતું અને ન જ કોઈ સ્ત્રીને ગર્ભ રહે છે અને ન જ તે બાળક જણે છે પરંતુ આ બધી તેને ખબર હોય છે (અને આ ખબરનું કારણ તેના પોતાના જ્ઞાનની સિહ્હત ઉપર છે જે શ્રેષ્ઠ કક્ષાના દરજ્જા હોવાના કારણે સંપૂર્ણ રીતે તવહીદની દલીલ પણ છે અને દલીલ કયામતનું જ્ઞાન પણ છે, બસ આથી બંને વિષયોનું સમર્થન થઈ ગયું) અને (આગળ કયામતની એક ઘટનાનું વર્ણન છે જેનાથી તવહીદની સાબિતી તથા શિર્કનો રદિયો પણ થઈ જાય છે એટલે કે) જે દિવસે અલ્લાહ તઆલા તેઓને (એટલે કે મુશ્રિકોને) પોકારશે (અને કહેશે) કે (જેને તમે મારા ભાગીદાર ઠરાવી રાખ્યા હતા તે) મારા ભાગીદાર (હવે) ક્યાં છે ? (તેમને બોલાવો કે તમને મુસીબતથી બચાવે !) તેઓ એવું કહેશે કે (હવે તો) અમે તમને એ જ વિનંતી કરીએ છીએ કે અમારામાં કોઈ (આ માન્યતાના) દા'વેદાર નથી (એટલે કે પોતાની ભૂલનો એકરાર કરીએ છીએ, કારણ કે ત્યાં તેમના ઉપર સાચી માન્યતા જાહેર થઈ જશે, બસ આ એકરાર ભલે મજબૂરીમાં છે અથવા એટલા માટે કે તેનાથી કંઈ તેમને છુટકારાની આશા બંધાઈ હોય) અને જેની જેની આ લોકો પહેલેથી (એટલે કે દુનિયામાં) પૂજા કરતા હતા તે બધા અદૃશ્ય થઈ

જશે અને (જ્યારે આ અહેવાલ જોશે તો) આ લોકો સમજી લેશે કે તેમના માટે બચાવનું કોઈ સ્વરૂપ નથી (તે સમયે જૂઠા મઅ્બૂદો લાચાર અને બેબસ હોવાની તથા એકમાત્ર અલ્લાહ સત્ય હોવાની જાણ થઈ જશે, આગળ શિર્ક અને કુફ્રની એક ખરાબ અસર જે માનવીની પ્રકૃતિ ઉપર પડે છે તેનું વર્ણન કરે છે કે જે વ્યક્તિ તવહીદ અને ઈમાનથી બેપરવા છે તે) વ્યક્તિ(ના અખ્લાક અને અકીદાઓ તથા અમલો એવા ખરાબ હોય છે કે એક તો કોઈપણ હાલતમાં એટલે કે આર્થિક છૂટછાટ અથવા તંગી બંનેમાં તે)નું પ્રગતિની ઈચ્છાથી મન ભરાતું નથી (જે અંતિમ કક્ષાની લાલચની નિશાની છે) અને (ખાસ આર્થિક તંગી વગેરેની હાલતમાં એવી પરિસ્થિતિ હોય છે કે) જો તેને કોઈ તકલીફ પહોંચે છે તો નાઉમ્મીદ અને હતાશ થઈ જાય છે (અને આ અંતિમ કક્ષાની નાશુક્રી અને અલ્લાહ તઆલા સાથે બદ્‌ગુમાનીની નિશાની છે) અને (જ્યારે તંગી દૂર થઈ જાય છે તો એવા સમયે તેની પરિસ્થિતિ એવી હોય છે કે) જો અમે તેને કોઈ તકલીફ પછી કે જે તેના ઉપર પડી હતી પોતાની મહેરબાનીની મજા ચખાડી આપીએ છીએ તો કહે છે કે આ તો મારા માટે થવું જ જોઈતું હતું (કારણ કે તે મારી યુક્તિ અને મારી બુદ્ધિ તથા શ્રેષ્ઠતાના તકાદા સ્વરૂપે હતું અને આ પણ અંતિમ કક્ષાની નાશુક્રી અને અભિમાન છે) અને (તે નેઅ્મતમાં એટલે સુધી ફુલાતો ફરે છે અને ભૂલી જાય છે કે એવું પણ કહેવા માંડે છે કે) હું નથી ધારતો કે કયામત આવવાની છે અને જો (ધારી પણ લો કે કયામત આવવાની છે અને) હું પોતાના પરવરદિગાર પાસે પહોંચી પણ ગયો (જેમકે નબી ﷺ કહે છે) તો મારા માટે તેની પાસે પણ ભલાઈ જ છે (કારણ કે હું સત્ય ઉપર છું અને તેનો હકદાર પણ છું, કયામતનો ઈન્કાર જે અંતિમ કક્ષાનું કુફ્ર છે અને કયામત આવવાના સ્વરૂપમાં પણ એવું ધારવું કે ત્યાં પણ મને નેઅ્મતો મળશે આ અલ્લાહ તઆલાના મા'મલામાં અંતિમ કક્ષાના ધોકામાં સપડાઈ રહ્યો છે, મતલબ કે કુફ્ર અને શિર્કથી આ ખરાબ વૃત્તિ પેદા થઈ અને તે આવી બુરી વસ્તુ છે) બસ (આ લોકો અહીંયાં જે ઈચ્છે હક દા'વો કરી લે, હવે નિકટમાં જ) અમે તે ઈન્કારીઓને તેમના (આ) બધા કર્મોને જરૂર બતાવી આપીશું અને તેમને સખત અઝાબનો મજા ચખાડીશું અને (વળી કુફ્ર અને શિર્કની એક અસર એ પણ છે કે) જ્યારે અમે (આવા) વ્યક્તિને નેઅ્મત આપીએ છીએ તો (અમારાથી અને

અમારા હુકમોથી) મોઢું ફેરવી લે છે અને પડખું ફેરવી લે છે (જે અંતિમ કક્ષાની નાશુક્રી છે) અને (તંગી અને નુકસાનની હાલતમાં કુફ્ર અને શિર્કમાંથી એક નિશાની આ પણ છે કે) જ્યારે તેને તકલીફ પહોંચે છે તો (નેઅ્મત છીનવાઈ જવાથી હૈયાવરાળ કાઢવા અને કાગારોળ મચાવવા માટે ન કે નેઅ્મત આપનાર તરફ વિનંતી સ્વરૂપે) ખૂબ લાંબી લાંબી દુઆઓ કરે છે (અને આ અંતિમ કક્ષાની બેસબ્રી અને દુનિયાની મહોબ્બતમાં મૂર્ખામી છે, આગળ રિસાલત અને કુર્આનની સત્યતા તરફ આમંત્રણ આપવા માટે ફરમાવવામાં આવે છે કે હે પયગમ્બર ﷺ) તમે (તે ઈન્કારીઓને) કહો કે (હે ઈન્કારીઓ ! કુર્આનના સત્ય હોવા ઉપર જે દલીલો સ્થાપિત થઈ ચૂકી છે જેમકે તેનું મોઅ્જિઝો હોવું અને ગયૂબની ખબરો સાચી સાચી આપવી; જો તમે વિચાર ન કરવાના કારણે તેને વિશ્વાસપાત્ર નથી સમજતા તો ઓછામાં ઓછું તેની સંભાવનાના દરજ્જામાં ઈન્કાર તમે પણ નથી કરી શકતા, કારણ કે ઈન્કાર કરવાની તમારી પાસે પણ કોઈ દલીલ નથી, બસ) ભલા એવું બતાવો કે જો (પ્રસ્તુત સંભાવનાની બીનાએ) આ કુર્આન અલ્લાહના ત્યાંથી આવ્યું હોય અને પછી તમે તેનો ઈન્કાર કરો તો એવા વ્યક્તિથી વધારે કોણ ભૂલમાં હશે જે (સત્યથી) વિરોધી બની દૂર થઈ જાય (એટલા માટે ઈન્કારમાં ઉતાવળ ન કરો બલકે વિચારશક્તિ અને સમજશક્તિથી કામ લો જેથી સત્ય સ્પષ્ટ અને નિશ્ચિત થઈ જાય અને તે લોકોથી તો શું આશા રાખી શકાય કે તેઓ ચિંતન અને મનન કરે પરંતુ ખૈર) અમે (પોતે જ) નિકટમાં જ તેમને પોતાની (શક્તિની) નિશાનીઓ (કે જે કુર્આનના સત્ય હોવા ઉપર દલીલ છે) તેમની આજુબાજુમાં પણ બતાવી આપીશું (કે સમગ્ર અરબ આગાહી પ્રમાણે ફતેહ થશે) અને પોતે તેમની જાતમાં પણ (ખાસ સ્વરૂપે બતાવીશું કે બદ્રમાં તેઓ માર્યા જશે અને તેમનું રહેઠાણ મક્કા પણ ફતેહ થઈ જશે) એટલે સુધી કે (આ આગાહીઓ સાચી પડવાથી તેમની મજબૂરીએ પણ) તેમના ઉપર જાહેર થઈ જશે કે આ કુર્આન સત્ય છે (કે તેની બધી આગાહીઓ કેવા પ્રમાણમાં સત્ય સાબિત થઈ રહી છે ! ભલે તે જ્ઞાન મજબૂરીના સ્વરૂપે સ્વૈચ્છિક ખરાઈ વિના સ્વીકાર્ય નથી પરંતુ હુજ્જત પૂર્ણ થવા માટે તો તે વધારે મજબૂત થઈ જશે, મતલબ કે તેની હકીકત એક દિવસે એ રીતે જાહેર થઈ જશે, બાકી અત્યારે જે લોકો તમારી વહી અને રિસાલતનો ઈન્કાર કરી રહ્યા છે તો તમે ગમગીન ન

થાઓ કારણ કે જો આ લોકો તેના ઉપર ગવાહી આપશે નહીં તો) શું તમારા પરવરદિગારની વાત (તમારી સચ્ચાઈની ગવાહી અને તસલ્લી માટે) પૂરતી નથી કે તે દરેક (ઉપસ્થિત) વસ્તુનો ગવાહ છે (અને તેણે અનેક ઠેકાણે આપ ﷺની રિસાલતની ગવાહીઓ આપી છે, આગળ તેના ઈન્કારનું મૂળ કારણ બતાવે છે અને તેનાથી વધારે તસલ્લી પણ થઈ શકે છે) યાદ રાખો કે તે લોકો પોતાના પરવરદિગારની રૂબરૂ જવા તરફથી શંકામાં પડ્યા છે (એટલા માટે દિલમાં ડર નથી જેનાથી સત્યને તલબ કરે પરંતુ) યાદ રાખો કે તેણે (એટલે કે અલ્લાહ તઆલાએ) દરેક વસ્તુને (પોતાના જ્ઞાનના) ઘેરામાં લીધેલ છે (તેમની શંકા અને સંદેહને પણ જાણે છે અને તેના ઉપર તેમને સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

فَذُوْ دُعَآءٍ عَرِيْضٍ નો હેતુ એ છે કે કાફિર માનવીની ટેવ એવી છે કે જ્યારે અલ્લાહ તઆલા તેને કોઈ નેઅ્મત, દોલત, ઈજ્જત અને રાહત આપે છે તો તેમાં મગ્ન અને મસ્ત થઈને વાસ્તવિક ઈનામ આપનાર અલ્લાહ તઆલાથી વધારે અને વધારે દૂર થતો જાય છે તથા તેનું અભિમાન અને ગફલત વધતી જાય છે અને જ્યારે કોઈ મુસીબત પડે છે તો અલ્લાહ તઆલા પાસે લાંબી લાંબી દુઆઓ માંગવા લાગે છે, લાંબી દુઆઓને આ સ્થળે عَرِيْضٍ "લાંબી"થી ઓળખાવી એટલે કે જેમાં વધારે અતિશયોક્તિ છે, કારણ કે જે વસ્તુની પહોળાઈ મોટી હોય તેની લંબાઈ તેનાથી વધારે મોટી હોવું સ્વાભાવિક છે, એટલા માટે જન્નતની વિશાળતા વર્ણન કરવામાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, عَرْضُهَا السَّمٰوٰتُ وَالْاَرْضُ (૩:૧૩૩) એટલે કે જન્નત એટલી વિશાળ છે કે તેની પહોળાઈમાં બધા આસમાન અને જમીન સમાઈ જાય અને લાંબી દુઆઓ માંગવી જો કે એક સારી અને ભલી વાત છે જેમકે સહીહ હદીષોમાં દુઆઓના અદબમાં વર્ણન કરવામાં આવ્યું છે કે દુઆઓમાં વિનવણી અને કાકલૂદી વારંવાર કરવી બહેતર છે. (બુખારી, મુસ્લિમ) પરંતુ આ સ્થળે તે કાફિર માનવીની જે ટીકા કરવામાં આવી છે તે વાસ્તવમાં લાંબી દુઆઓ માટે નથી બલકે તેની તે સંપૂર્ણ સામૂહિક નીંદનીય ટેવની ટીકા છે કે જ્યારે તેના ઉપર અલ્લાહ તઆલા નેઅ્મતની છૂટછાટ કરે છે તો અભિમાન અને ગર્વમાં મદ્હોશ થઈ જાય છે અને જ્યારે મુસીબત આવે છે તો તે જ પરેશાનીને વારંવાર પોકારતો અને કહેતો ફરે છે જેમકે કાફિર લોકોની

આદત હોય છે કે અલ્લાહ તઆલા પાસે દુઆ કરવાનો હેતુ નથી હોતો બલકે પોતાના દુઃખડાં અને રોદરાં રડવાનો અને લોકોને કહેતા ફરવાનો હેતુ હોય છે. વલ્લાહુ અઅ્‌લમુ.

سَنُرِيهِمْ آيَاتِنَا فِي الْآفَاقِ وَفِي أَنْفُسِهِمْ એટલે કે, પોતાની સંપૂર્ણ કુદરત અને તેની હસ્તી એકમાત્ર હોવાની નિશાનીઓ તે લોકોને બતાવે છે, આસપાસના પર્યાવરણ અને પરિસ્થિતિમાં પણ અને પોતે તેમના શરીરમાં પણ آفَاق (આફાક) એ أُفُق (ઉફુક)નું બહુવચન છે, તે આસમાનના નીચલા કિનારા એટલે કે ક્ષિતિજને કહેવામાં આવે છે, આફાકનો ભાવાર્થ વિશ્વની ચારે બાજુનું એટલે કે આસપાસનું પર્યાવરણ છે. જેનો ભાવાર્થ એ છે કે સમગ્ર વિશ્વની નાની મોટી ચીજ વસ્તુઓમાંથી તથા આસમાન અને જમીનની મખ્લૂકોમાંથી તથા તેમની વચ્ચેની મખ્લૂકોમાંથી દરેક વસ્તુને જુઓ તો તે અલ્લાહ તઆલાના અસ્તિત્વ, તેના જ્ઞાન અને શક્તિના આવરણ હેઠળ ઘેરાયેલા હોવાની તથા તેના એકમાત્ર હોવાની ગવાહી આપે છે અને તેનાથી વધારે નિકટની વસ્તુ પોતે માનવીના પોતાના પ્રાણ અને શરીર છે, તેના એક એક અવયવમાં કાર્ય કરનાર નાજુક અને બારીક મશીનરીને જુઓ કે તેનામાં માનવીની રાહત અને સહૂલતની કેવી કેવી વ્યવસ્થા કરવામાં આવી છે કે બુદ્ધિ દિગ્મુધ થઈ જાય છે, પછી તે નાજુક મશીનરીને કેટલી મજબૂત બનાવી છે કે સિત્તેર એંસી વર્ષો સુધી તે ઘસાતી નથી, માનવીના સામાન્ય સાંધાઓમાં જે સ્પ્રિંગો લગાવવામાં આવી છે જો માનવીની કૃત્રિમ ધાતુની સ્પ્રિંગો હોત તો તે ઘસાયને આટલા સમયમાં ખતમ થઈ ગઈ હોત, અહીંયાં હાથોની ચામડી અને તેના ઉપરની રેખાઓ તથા છાપ પણ આખી ઉંમર ઘસાતી નથી, જે વ્યક્તિમાં સામાન્ય બુદ્ધિ અને સમજદારી હોય તે વ્યક્તિ પણ વિચાર કરશે તો તે એવો વિશ્વાસ કરવા મજબૂર થઈ જશે કે તેને પેદા કરનાર અને ટકાવી રાખનાર કોઈ એવી હસ્તી છે જેના જ્ઞાન અને શક્તિની કોઈ સીમા નથી અને જેનો કોઈ અન્ય બરાબરિયો નથી હોઈ શકતો.



સૂરએ હા-મીમ સજદહ પૂર્ણ થઈ, શનિવાર રબિઉલ આખર, હિજરી ૧૩૯૨

□□□□□□□□□□□□

તારીખ : ૨૭ ઑક્ટોબર ૨૦૧૦ મુતાબિક ૧૮ જિલ્કદ ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૪૨)

સૂરએ શૂરા

સૂરએ શૂરા મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૫૩ આયતો અને ૫ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૧ થી ૯)

اٰياتها ٨٥ ۔ ٤٠ سُوْرَةُ الْمُؤْمِنِ مَكِّيَّةٌ ٦٠ ۔ ركوعاتها ٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْعَلِيْمِ ﴿٢﴾ غَافِرِ الذَّنْبِ وَ
قَابِلِ التَّوْبِ شَدِيْدِ الْعِقَابِ ذِى الطَّوْلِ لَآ اِلٰهَ اِلَّا هُوَ اِلَيْهِ
الْمَصِيْرُ ﴿٣﴾ مَا يُجَادِلُ فِيْٓ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيْنَ كَفَرُوْا فَلَا يَغْرُرْكَ تَقَلُّبُهُمْ
فِى الْبِلَادِ ﴿٤﴾ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّالْاَحْزَابُ مِنْۢ بَعْدِهِمْ وَهَمَّتْ كُلُّ
اُمَّةٍۢ بِرَسُوْلِهِمْ لِيَاْخُذُوْهُ وَجٰدَلُوْا بِالْبَاطِلِ لِيُدْحِضُوْا بِهِ الْحَقَّ
فَاَخَذْتُهُمْ فَكَيْفَ كَانَ عِقَابِ ﴿٥﴾ وَكَذٰلِكَ حَقَّتْ كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيْنَ
كَفَرُوْٓا اَنَّهُمْ اَصْحٰبُ النَّارِ ﴿٦﴾ اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ
بِحَمْدِ رَبِّهِمْ وَيُؤْمِنُوْنَ بِهٖ وَيَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَا وَسِعْتَ كُلَّ شَيْءٍ
رَّحْمَةً وَّعِلْمًا فَاغْفِرْ لِلَّذِيْنَ تَابُوْا وَاتَّبَعُوْا سَبِيْلَكَ وَقِهِمْ عَذَابَ الْجَحِيْمِ ﴿٧﴾
رَبَّنَا وَاَدْخِلْهُمْ جَنّٰتِ عَدْنِ ِالَّتِيْ وَعَدْتَّهُمْ وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ
وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٨﴾ وَقِهِمُ السَّيِّاٰتِ
ع وَمَنْ تَقِ السَّيِّاٰتِ يَوْمَئِذٍ فَقَدْ رَحِمْتَهٗ وَذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿٩﴾ ع

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) ઐન-સીન-કાફ. (૨) આ જ રીતે તમારા તરફ વહી મોકલે છે અને તમારાથી પહેલાઓ તરફ અલ્લાહ જબરદસ્ત હિકમતોવાળો. (૩) તેનું જ છે જે કંઈ આસમાનોમાં અને જમીનમાં છે અને તે જ સર્વોપરી સૌથી મહાન છે. (૪) નિકટ છે કે આસમાન ઉપરથી ફાટી પડે; અને ફરિશ્તાઓ પવિત્રતા વર્ણન કરે છે ખૂબીઓ સાથે પોતાના પરવરદિગારની અને જમીનવાળાઓના ગુનાહોની બખ્શીશ કરાવે છે, સાંભળો છો ! તે જ છે અલ્લાહ મોટો મા'ફ કરનારો મહાદયાળુ ! (૫) અને જેમણે તેના સિવાય અન્ય વલીઓ (કાર્યસાધકો) પકડ્યા છે, અલ્લાહને તે બધું જ યાદ છે અને તમારા ઉપર તેમની કોઈ જવાબદારી નથી. (૬) અને આ જ રીતે અમે તમારા ઉપર અરબી ભાષાનું કુર્આન ઉતાર્યું કે તમે ડર સંભળાવો મોટા શહેર (મક્કા)ને અને તેની આજુબાજુવાળાઓને અને ખબર આપો ભેગા થવાના દિવસની જેમાં કોઈ શંકા નથી, (તે દિવસે) એક જૂથ જન્નતમાં અને એક જૂથ આગમાં હશે. (૭) અને જો અલ્લાહે ઈચ્છયું હોત તો બધા લોકોને એક જ ઉમ્મત બનાવી હોત અને પરંતુ તે જેને ઈચ્છે પોતાની રહમતમાં દાખલ કરે છે અને જે જાલિમો (ગુનેહગાર) છે તેમનો કોઈ હિમાયતી નથી અને ન જ મદદગાર. (૮) શું તેમણે તેનાથી ઉપરાંત અન્ય કાર્યસાધકો બનાવ્યા છે ? બસ અલ્લાહ જ કાર્યસાધક છે અને તે જ મુરદાઓને સજીવન કરે છે અને તે દરેક વસ્તુ કરી શકે છે. (૯)

તફસીર :

હા-મીમ; ઐન-સીન-કાફ. (તેનો અર્થ અલ્લાહને ખબર છે, જે રીતે દીનના સિદ્ધાંતોની તહકીક અને મહાન ફાયદાઓ માટે આ સૂરત આપ ﷺ ઉપર નાઝિલ થઈ રહી છે) એ જ પ્રમાણે તમારા ઉપર અને જે (પયગમ્બરો) તમારાથી પહેલાં થઈ ચૂકયા છે તેમના ઉપર અલ્લાહ તઆલા જે જબરદસ્ત હિકમતોવાળો છે (બીજી સૂરતો અને કિતાબોની) વહી મોકલતો રહ્યો છે (અને તેની એવી શા'ન છે કે) તેનું જ છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં

છે અને તે જ સૌથી સર્વોપરી અને મહાનતમ્ છે (તેની મહાનતાને જો કોઈ જમીનવાળા ન ઓળખે અને ન માને પરંતુ આસમાનોમાં તેની સમજ રાખનારા અને તેની મહાનતાને ઓળખનારા ફરિશ્તાઓ એટલા મોટા પ્રમાણમાં છે કે) કંઈ દૂર નથી કે આસમાન (તેમના ભારના કારણે) પોતાના ઉપરથી (કે ભાર એ બાજુથી જ પડે છે) ફાટી પડે (જેમકે હદીષમાં છે أَطَّتِ السَّمَآءُ وَحُقَّ لَهَاأَنْ تَئِطَّ مَا فِيْهَا مَوْضَعُ أَرْبَعَةِ أَصَابِعَ إِلَّا وَمَلَكٌ وَاضِعٌ جَبْهَتَهُ سَاجِدًا لِلّٰهِ –રવાહુ તિરમિઝી, ઈબ્ને માજહ. –એટલે આસમાનમાં એવી અવાજ પેદા થવા લાગી જેમકે કોઈ વસ્તુ ઉપર વધારે ભાર પડવાથી તે અવાજ આવતો હોય છે અને તેવો જ અવાજ હોવો જોઈએ, કારણ કે પૂરા આસમાનમાં ચાર આંગળી જેટલી જગ્યા પણ એવી નથી જેમાં કોઈ ફરિશ્તો પોતાની પેશાની ટેકવીને સિજ્દહમાં ન હોય!) અને (તે) ફરિશ્તાઓ પોતાના પરવરદિગારની તસ્બીહ અને વખાણ કરે છે અને જમીનવાળાઓ(માં જે લોકો તેની મહાનતાનો હક અદા નથી કરતા બલક્રે શિર્ક અને કુફ્રમાં ઓતપ્રોત રહે છે એટલા માટે તેઓ અઝાબના હકદાર છે, તે ફરિશ્તાઓ તેઓ)ના માટે (એક ખાસ સમય સુધી) મા'ફી માંગે છે (આ મર્યાદિત મા'ફી માંગવાનો ભાવાર્થ એ છે કે ફરિશ્તાઓ એવી દુઆ કરે છે કે તેમના ઉપર દુનિયામાં કોઈ સખત અઝાબ ન આવી જાય જેનાથી સૌનો નાશ થઈ જાય, દુનિયાની મા'મૂલી સજાઓ અને આખિરતનો અસલી અઝાબ આ મા'ફીના ભાવાર્થથી બહાર છે અને અલ્લાહ તઆલા ફરિશ્તાઓની આ દુઆ અને દરખાસ્તને કબૂલ કરી તેમને દુનિયામાં સર્વવ્યાપી અઝાબથી બચાવી લે છે) ખૂબ સમજી લો કે અલ્લાહ તઆલા જ મા'ફ કરનારો અને દયા કરનારો છે (જો કે કાફિરોની આ મા'ફી મર્યાદિત અને દયા માત્ર દુનિયાની મર્યાદા સુધી જ છે) અને જે લોકોએ અલ્લાહ સિવાય બીજા કાર્યસાધકો ઠરાવી રાખ્યા છે અલ્લાહ તઆલા તેઓ(ના દુષ્ટ કર્મો)ને જોઈ રહ્યો છે (જેની સજા તેમને યોગ્ય સમયે મળશે) અને તમને તેમનો કોઈ અખત્યાર આપવામાં આવ્યો નથી (કે તમે જ્યારે ઈચ્છે તેમના ઉપર અઝાબ નાઝિલ કરાવી આપો) અને (તમારે તે લોકો ઉપર તાત્કાલિક અઝાબ ન આવવાથી ગમગીન ન થવું જોઈએ, કારણ કે તમારું કામ તબ્લીગ કરવાનું છે તે તમે કરી ચૂક્યા તેથી વધારાની ચિંતા તમે ન કરો કારણ કે) અમે એ જ રીતે (જેમકે તમે જોઈ રહ્યા છો) તમારા ઉપર અરબી કુર્આન વહી દ્વારા (માત્ર

એટલા માટે) ઉતારી રહ્યા છે જેથી તમે (સૌથી પહેલાં) મક્કાના રહેનારાઓને અને જે લોકો તેની આસપાસ છે તેમને ડરાવો અને (આ ડરાવવું પણ એક મોટી વસ્તુ છે એટલે કે) ભેગા થવાના દિવસથી ડરાવો (તેનાથી ભાવાર્થ કયામત છે જેમાં બધા આગલા અને પાછલા લોકો એક મેદાનમાં ભેગા થશે) જેમાં જરા પણ શંકા નથી (જેમાં ફૈસલો એ થશે કે) એક જૂથ જન્નતમાં જશે, એક જૂથ દોઝખમાં જશે (બસ તમારું કામ માત્ર એટલું જ છે કે તે દિવસથી તેમને ડરાવો) અને (રહ્યું તેમનું ઈમાન લાવવું અથવા ન લાવવું તો તે અલ્લાહ તઆલાની ઇચ્છા ઉપર અવલંબિત છે) જો અલ્લાહ તઆલાને મંજૂર હોત તો તે સૌને એક જ માર્ગના બનાવી દીધા હોત (એટલે કે સૌને ઈમાન નસીબ થઈ ગયું હોત, જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, وَلَوْ شِئْنَا لَاٰتَيْنَا كُلَّ نَفْسٍ هُدٰهَا એટલે કે જો અમે ઇચ્છયું હોત તો દરેક વ્યક્તિને સાચી હિદાયત ઉપર પહોંચાડી દીધા હોત) પરંતુ (ઘણી બધી હિકમતોની બીનાએ તેને એ મંજૂર ન થયું બલકે) તે જેને ઇચ્છે છે (ઈમાન આપીને) પોતાની રહમતમાં દાખલ કરી લે છે (અને જેને ઇચ્છે છે તેને કુફ્ર અને શિર્ક ઉપર છોડી દે છે કે તે રહમતમાં દાખલ થતો નથી) અને (તે) જાલિમોનો (કે જે લોકો કુફ્ર અને શિર્કમાં સંડોવાયેલા છે, કયામતના દિવસે) કોઈ હિમાયતી અને મદદગાર નથી (આગળ શિર્કનો રદિયો આપવામાં આવે છે) શું તે લોકોએ અલ્લાહના સિવાય બીજા કાર્યસાધક ઠરાવી રાખ્યા છે ? બસ (જો કાર્યસાધક બનાવવા જ હોય તો) અલ્લાહ જ કાર્યસાધક (બનાવવાનો હકદાર) છે અને તે જ મુરદાઓને જીવીત કરશે અને તે જ દરેક વસ્તુ ઉપર શકિત ધરાવે છે (તો કાર્યસાધક બનાવવાપાત્ર માત્ર તે જ છે જે દરેક વસ્તુ ઉપર એટલે સુધી કે મુરદાઓને જીવીત કરવા ઉપર શકિતમાન છે, કેટલાકને અન્ય વસ્તુઓ ઉપર તો નામ પૂરતો અમુક કાબૂ દુનિયામાં પ્રાપ્ત હોય છે પરંતુ તેની કુદરતની વિશેષતા એ છે કે મુરદાઓને સજીવન કરવાની શક્તિમાં કોઈ નામ પૂરતો પણ કાબૂ ધરાવનાર નથી).

મસ્અલા અને બોધપાઠ :

يَتَفَطَّرْنَ (યતફત્તર્ન) તેમાં હદીષના હવાલાથી ઉપર વર્ણન થયું છે કે ફરિશ્તાઓની ભારથી આસમાનમાં એવો અવાજ પેદા થયો જેમકે કોઈ વસ્તુ

ઉપર ભારે બોજ રાખી દેવાથી થતો હોય છે, આથી જાણ થઈ કે ફરિશ્તાઓને પણ વજન હોય છે અને તેમાં કોઈ અયોગ્ય વાત નથી, કારણ કે એ વાત તો સ્વીકાર્ય છે કે ફરિશ્તાઓ પણ શરીર ધરાવે છે, જો કે તેમના શરીર અને અવયવો શ્રેષ્ઠ કક્ષાના છે અને શ્રેષ્ઠ કક્ષાના અવયવો જ્યારે મોટી સંખ્યામાં થઈ જાય તો તેનો ભાર પડવો કોઈ અતાર્કિક બાબત નથી. *(બયાનુલ કુર્આન)*

لِتُنْذِرَ اُمَّ الْقُرٰى (ઉમ્મુલ કુરા)ના અર્થમાં બધી જ વસ્તીઓ અને શહેરોનો પાયો અને મૂળ બુનિયાદ મક્કા શહેર છે, તેનું નામ "ઉમ્મુલ કુરા" એટલા માટે રાખવામાં આવ્યું કે આ શહેર દુનિયાના શહેરો અને વસ્તીઓમાં અને બધી જ જમીનોમાં અલ્લાહ નજીક શ્રેષ્ઠ અને સન્માનનીય છે, જેમકે ઈમામ અહમદે મુસ્નદમાં હઝરત અદી બિન હમરા ઝહરીથી રિવાયત કરી છે, તેમણે કહ્યું કે મેં રસૂલે કરીમ ﷺને તે સમયે સાંભળ્યા જ્યારે કે તેઓ (મક્કા મુકર્રમહથી હિજરત કરી રહ્યા હતા અને) મક્કાના બજારમાં હજૂરાના સ્થળ ઉપર હતા કે આપ ﷺએ મક્કા મુકર્રમહને સંબોધીને કહ્યું,

اِنَّكِ لَخَيْرُ اَرْضِ اللّٰهِ وَاَحَبُّ اَرْضِ اللّٰهِ اِلَيَّ وَلَوْ لَا اِنِّىْ اُخْرِجْتُ مِنْكِ لَمَا خَرَجْتُ

(وَرَوٰى مِثْلَهُ التِّرْمِذِىُّ وَالنَّسَائِىُّ وَ ابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِىُّ حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ)

"તું મારા નિકટ અલ્લાહની સમગ્ર જમીનથી બહેતર છે અને સમગ્ર જમીનમાં વધારે પ્રિય છે, જો મને આ જમીનથી કાઢવામાં ન આવ્યો હોત તો હું કદાપિ પોતાની મરજીથી આ જમીનને છોડત નહીં."

وَمَنْ حَوْلَهَا (વ-મન હવલહા) એટલે કે "મક્કા મુકર્રમહની આસપાસ" તેનાથી ભાવાર્થ આજુબાજુના અરબ દેશો પણ હોઈ શકે છે અને સમગ્ર પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ પણ.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૧૦-૧૧-૧૨)

وَمَا اخْتَلَفْتُمْ فِيهِ مِنْ شَيْءٍ فَحُكْمُهُ إِلَى اللَّهِ ۚ ذَٰلِكُمُ اللَّهُ رَبِّي عَلَيْهِ تَوَكَّلْتُ
وَإِلَيْهِ أُنِيبُ ﴿١٠﴾ فَاطِرُ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ جَعَلَ لَكُمْ مِنْ أَنْفُسِكُمْ أَزْوَاجًا وَمِنَ
الْأَنْعَامِ أَزْوَاجًا ۖ يَذْرَؤُكُمْ فِيهِ ۚ لَيْسَ كَمِثْلِهِ شَيْءٌ ۖ وَهُوَ السَّمِيعُ الْبَصِيرُ ﴿١١﴾
لَهُ مَقَالِيدُ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۖ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ وَيَقْدِرُ ۚ
إِنَّهُ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ﴿١٢﴾

તરજુમો :

અને તમે લોકો જે વાતમાં ઝઘડો કરો છો જે કોઈ વસ્તુ હોય તેનો ફેંસલો અલ્લાહના હવાલે છે, તે અલ્લાહ મારો પરવરદિગાર છે તેના જ ઉપર મને ભરોસો છે અને તેના જ તરફ હું રુજૂઅ્ (શરણે) છું. (૧૦) આસમાનો અને પૃથ્વીને બનાવનાર, તમારા માટે તમારામાંથી જ જોડાં બનાવી દીધા અને પ્રાણીઓમાંથી (પણ) જોડાં, આ જ રીતે તમને ફેલાવે છે; તેના જેવી અન્ય કોઈ જ વસ્તુ નથી અને તે જ છે સઘળું સાંભળનાર, બધું જોનાર. (૧૧) તેની જ પાસે છે આસમાનોની અને પૃથ્વીની ચાવીઓ, જેના માટે ઈચ્છે રોજી ફેલાવી દે છે અને (જેના માટે ઈચ્છે) માપીને આપે છે, બેશક ! તે દરેક વસ્તુની ખબર રાખે છે. (૧૨)

તફસીર :

અને (હે નબી ﷺ ! તમે તે લોકોને જે તવહીદમાં તમારી સાથે મતભેદ રાખે છે એવું કહો કે) જે જે વાતમાં તમે (સત્યવાળાઓની સાથે) મતભેદ કરો છો તે (સૌ)નો ફેંસલો અલ્લાહ તઆલાને જ હવાલે છે (અને તે દુનિયામાં દલીલો અને મોઅ્જિઝાઓ દ્વારા તવહીદનું સત્ય હોવું સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે અને આખિરતમાં ઈમાનવાળાઓને જન્નત અને ઈમાન ન લાવનારાઓને જહન્નમમાં નાંખવામાં આવશે અને) આ અલ્લાહ (જેની આવી શા'ન છે) મારો પરવરદિગાર છે (અને તમારા વિરોધ અને વિરોધીઓથી જે કંઈ પણ તકલીફ અને નુકસાન

પહોંચવાનો ભય હોઈ શકે છે તેના વિશે) તેના જ ઉપર ભરોસો રાખું છું અને (દુનિયા તથા દીનના સઘળા કામોમાં) તેના જ તરફ રુજૂઅ્ કરું છું (આથી તવહીદનો વિષય ખૂબ સ્પષ્ટ થઈ ગયો, આગળ બીજી વિશિષ્ટ સિફતોના વર્ણનથી તેની વધારે તાકીદ કરવામાં આવે છે એટલે કે) તે આસમાનો અને જમીનનો પેદા કરનારો છે (અને તમારો પણ પેદા કરનારો છે તેથી) તેણે તમારા માટે તમારી પ્રજાતિના જ જોડાં બનાવ્યા અને (એ જ પ્રમાણે) ઢોરોના પણ જોડાં બનાવ્યા (અને જોડાં બનાવીને) તેના વડે તમારા વંશને ચલાવતો રહે છે (તે પોતાની જાત અને સિફતોમાં એવો સંપૂર્ણ છે કે) કોઈ વસ્તુ તેના જેવી નથી અને તે જ દરેક વાતને સાંભળનારો જોનારો છે (બીજાઓથી વિપરીત કે તેમનું સાંભળવું અને જોવું ઘણું મર્યાદિત હોય છે, અલ્લાહના જોવા અને સાંભળવાના મુકાબલામાં તેની કોઈ વિસાત નથી) તેના જ અધિકારમાં છે આસમાનો અને પૃથ્વીની ચાવીઓ (એટલે કે તેમાં પોતાનો હુકમ ચલાવવાનો માત્ર તેને જ હક છે જેમાંથી એક અધિકાર તો એ છે કે) જેને ઈચ્છે વધારે રોજી આપે છે અને (જેને ઈચ્છે) ઓછી આપે છે, બેશક ! તે દરેક વસ્તુને સંપૂર્ણ જાણનારો છે (દરેકને તેના હિત પ્રમાણે આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

وَمَا اخْتَلَفْتُمْ فِيهِ مِنْ شَيْءٍ فَحُكْمُهُ إِلَى اللَّهِ એટલે કે કોઈ બાબત અથવા કાર્યમાં તમારા વચ્ચે પરસ્પર કોઈ મતભેદ થઈ જાય તો તેનો ફેંસલો અલ્લાહ તઆલાને જ હવાલે કરો, કારણ કે અસલ હુકમ માત્ર અલ્લાહનો જ છે, જેમકે બીજી આયતમાં ઈરશાદ છે, إِنِ الْحُكْمُ إِلَّا لِلَّهِ અને બીજી ઘણી આયતોમાં જે આજ્ઞાપાલનના હુકમમાં રસૂલને અને અમુક આયતોમાં ઉલૂલ અમ્રને પણ સામેલ કરવામાં આવ્યા છે તે આનું વિરોધાભાસી નથી, કારણ કે રસૂલ અથવા ઉલૂલ અમ્ર જે કોઈ ફેંસલો અથવા હુકમ કરે છે તે એક સ્વરૂપે અલ્લાહ તઆલાનો જ હુકમ હોય છે, જો તે વહી દ્વારા અથવા કિતાબની નુસૂસ અને સુન્નત પ્રમાણે હોય તો તેનો હુકમ અલ્લાહ તઆલાના જ હુકમ પ્રમાણે હોવું જાહેર છે અને જો પોતાના ઈજ્તેહાદથી છે તો કારણ કે ઈજ્તેહાદનો આધાર પણ કુર્આન અને સુન્નતની નુસૂસ હોય છે એટલા માટે તે પણ એક સ્વરૂપે અલ્લાહ તઆલાનો જ હુકમ છે, ઉમ્મતના મુજ્તહિદીનના ઈજ્તેહાદો પણ આ સ્વરૂપે અલ્લાહ

તઆલાના હુકમમાં જ સામેલ છે તેથી ઉલમાએ ફરમાવ્યું કે સામાન્ય વ્યક્તિ જે કુર્આન અને સુન્નતને સમજવાની ક્ષમતા ધરાવતો નથી તેના માટે મુફતીનો ફત્વો જ શરઈ ફેસલો કહેવાય છે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૧૩ થી ૧૫)

شَرَعَ لَكُمْ مِّنَ الدِّيْنِ مَا وَصّٰى بِهٖ نُوْحًا وَّالَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ وَمَا وَصَّيْنَا بِهٖٓ اِبْرٰهِيْمَ
وَمُوْسٰى وَعِيْسٰٓى اَنْ اَقِيْمُوا الدِّيْنَ وَلَا تَتَفَرَّقُوْا فِيْهِ ۭ كَبُرَ عَلَى الْمُشْرِكِيْنَ
مَا تَدْعُوْهُمْ اِلَيْهِ ۭ اَللّٰهُ يَجْتَبِيْٓ اِلَيْهِ مَنْ يَّشَاۗءُ وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ يُّنِيْبُ ﴿١٣﴾
وَمَا تَفَرَّقُوْٓا اِلَّا مِنْۢ بَعْدِ مَا جَاۗءَهُمُ الْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ ۭ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ
مِنْ رَّبِّكَ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى لَّقُضِيَ بَيْنَهُمْ ۭ وَاِنَّ الَّذِيْنَ اُوْرِثُوا الْكِتٰبَ مِنْۢ بَعْدِهِمْ
لَفِيْ شَكٍّ مِّنْهُ مُرِيْبٍ ﴿١٤﴾ فَلِذٰلِكَ فَادْعُ ۚ وَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ ۚ وَلَا تَتَّبِعْ
اَهْوَاۗءَهُمْ ۚ وَقُلْ اٰمَنْتُ بِمَآ اَنْزَلَ اللّٰهُ مِنْ كِتٰبٍ ۚ وَاُمِرْتُ لِاَعْدِلَ بَيْنَكُمْ ۭ اَللّٰهُ
رَبُّنَا وَرَبُّكُمْ ۭ لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ۭ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمْ ۭ اَللّٰهُ يَجْمَعُ
بَيْنَنَا ۚ وَاِلَيْهِ الْمَصِيْرُ ﴿١٥﴾

તરજુમો :

તમારા માટે દીનમાં તે જ માર્ગ રાખ્યો જેનો હુકમ નૂહ (અલૈ.)ને કર્યો હતો અને જેનો હુકમ અમે તમારા તરફ મોકલ્યો અને જેનો હુકમ અમે ઇબ્રાહીમ (અલૈ.)ને મોકલ્યો અને મૂસા (અલૈ.)ને અને ઈસા (અલૈ.)ને; તે એ કે દીનને કાયમ રાખો અને તેમાં મતભેદ ઊભા ન કરો, શિર્ક કરનારાઓ માટે તે વસ્તુ ભારે છે જેના તરફ તમે તેમને બોલાવો છો, અલ્લાહ પોતાના તરફથી જેને ઇચ્છે ચૂંટી લે છે અને તેના તરફ તેને માર્ગ બતાવે છે જે રુજૂઅ થઈને (શરણે) આવે. (૧૩) અને જેમણે બસ સમજમાં આવી ચૂક્યા પછી પરસ્પરની જીદથી (દીનમાં) ફૂટફાટ નાંખી અને જો એક વાત જે તારા

પરવરદિગાર તરફથી એક નિશ્ચિત વાયદા સુધી નીકળી ચૂકી ન હોત તો તેમનામાં ફેંસલો થઈ ગયો હોત અને જેમને તેમના પછી કિતાબ મળી છે તેઓ અલબત્ત તેનાથી સંદેહમાં છે જે (તેમને) ચેન પડવા દેતું નથી. (૧૪) બસ તમે એ (કુર્આન) તરફ જ બોલાવો અને (એના જ ઉપર પોતે પણ) કાયમ રહો જેમકે તમને હુકમ થયો છે અને તેમની ઈચ્છાઓ ઉપર ન ચાલો અને કહો, હું ઈમાન લાવ્યો દરેક કિતાબ ઉપર જે અલ્લાહે ઉતારી અને મને હુકમ છે કે તમારી વચ્ચે ન્યાય કરું, અલ્લાહ અમારો અને તમારો પરવરદિગાર છે, અમને અમારા કર્મો મળશે અને તમને તમારા કર્મો, અમારામાં અને તમારામાં કોઈ ઝઘડો નથી, અલ્લાહ આપણ સૌને એકઠા કરશે અને તેના જ તરફ (સૌને) પાછા વળીને જવાનું છે. (૧૫)

તફસીર :

અલ્લાહ તઆલાએ તમારા માટે તે જ દીન નક્કી કર્યો છે જેનો તેણે નૂહ (અલૈ.)ને હુકમ આપ્યો હતો અને જેને અમે તમારી પાસે વહી દ્વારા મોકલ્યો છે અને જેનો અમે ઈબ્રાહીમ અને મૂસા (અલૈ.)ને (તે સૌના અનુસરણ સાથે) હુકમ આપ્યો હતો (અને તેમની ઉમ્મતને એવું કહ્યું હતું) કે આ દીનને કામય રાખજો અને તેમાં ફૂટફાટ ન નાંખજો (આ દીનથી ભાવાર્થ દીનના તે સિદ્ધાંતો છે જે બધી જ શરીઅતોમાં સમાન છે, દાખલા તરીકે તવહીદ અને રિસાલત તથા મૃત્યુ પછીના જીવનની માન્યતા અને તેના ઉપર કાયમ રહેજો અને તેમાં હેરફેર ન કરજો અને તેને છોડશો નહીં અને એવી ફૂટફાટ ન પાડજો કે કોઈના ઉપર ઈમાન લાવો અને કોઈના ઉપર ન લાવો અથવા તો કોઈ ઈમાન લાવે અને કોઈ ન લાવે, ખુલાસો એ છે કે તવહીદ પ્રાચીન છે એટલે કે પ્રથમથી આજદિન સુધી બધી જ શરીઅતોમાં આ માન્યતા એકસમાન રહી છે અને તેના જ સંદર્ભમાં નુબુવ્વતનું પણ સમર્થન થયું, બસ થવું તો એવું જ જોઈતું હતું કે તેનો સ્વીકાર કરવામાં લોકોને જરા પણ મૂંઝવણ કે અસમંજસ ન હોત પરંતુ તો પણ) મુશ્રિકોને આ વાત (એટલે કે તવહીદ) ઘણી ભારે પડે છે જેના તરફ તમે તેમને બોલાવી રહ્યા છો (અને તેની સાથે એ પણ કે) અલ્લાહ પોતાના તરફ જેને ઈચ્છે ખેંચી લે છે (એટલે કે સત્ય દીન સ્વીકાર કરવાની તવફીક આપે છે) અને જે વ્યક્તિ (અલ્લાહ તરફ) રુજૂઅ્ કરે તેને પોતાના સુધી પહોંચ આપી દે છે (તેની ઈચ્છા

પછી .તેની પ્રેરણા થાય છે અને પ્રેરણા એટલે ઈમાનની તવફીક પછી જો આજ્ઞાપાલન અને ફરમાંબરદારી હોય તો તેના ઉપર અલ્લાહ તઆલાની નિકટતા અને સવાબ જે કદી પણ ખતમ થનાર નથી તે મળે છે, ખુલાસો એ છે કે મુશ્રિકો પોતાની હઠધર્મીના કારણે તવફીક પામતા નથી અને મો'મિનો અલ્લાહ તરફથી જ પ્રેરણા અને તવફીક મેળવે છે) અને (અમારો જે પાછલી ઉમ્મતો વિશે હુકમ હતો اَقِيْمُوا الدِّيْنَ وَلَا تَتَفَرَّقُوْا فِيْهِ તો ઘણા લોકો તેના ઉપર કાયમ ન રહ્યા અને વેરવિખેર થઈ ગયા, તેનું કારણ કોઈ શંકા કુશંકા ન હતી કે તેમની મા'જૂરીની સંભાવના જાહેર થાય બલકે) તે લોકો એ પછી કે તેમની પાસે (એટલે કે તેમને સાંભળવાની અને તર્ક કરવાની મર્યાદા સુધી સાચું) જ્ઞાન પહોંચી ચૂક્યું હતું માત્ર પરસ્પરની જીદના કારણે એકબીજાથી જુદા થઈ ગયા (એ જ રીતે કે પ્રથમ માલ અને દોલત તથા હોદા અને સત્તાની લાલચ અને સ્વાર્થના કારણે અલગ થયા, પછી તેઓ જુદા જુદા જૂથો બની ગયા અને એવા સમયે દીનને પણ બીજાઓ ઉપર મહેણા ટોણા મારવાનું તથા ટીકા કરવાનું હથિયાર બનાવ્યા કરતા હતા, અલગ અલગ સંપ્રદાયો અને વિવિધ ધર્મો થઈ જાય છે પછી ગૌણ બાબતોમાંથી મૂળ સિદ્ધાંત સુધી પહોંચી જાય છે) અને (આ લોકો આ મહાન ગુનાહમાં એ સત્યને સમજીને જુદા થઈ ગયા એવા સખત અઝાબના હકદાર થઈ ગયા હતા કે) જો તમારા પરવરદિગાર તરફથી એક નિશ્ચિત સમય સુધી(ની મહોલત આપવાની) એક વાત પ્રથમ નક્કી ન થઈ ચૂકી હોત (કે તેનો અઝાબ આખિરત સુધી મુલતવી હશે) તો (દુનિયામાં જ) તેઓ(ના મતભેદો)નો ફેંસલો થઈ ચૂક્યો હોત (એટલે કે અઝાબથી તેઓનો નાશ કરી નાંખવામાં આવ્યો હોત અને જો કે આગલી ઉમ્મતો ઉપર અઝાબ આવ્યો પરંતુ ગેરમો'મિનો ઉપર આવ્યો, મો'મિનોમાંથી જેમણે મતભેદ કર્યા ઈમાનની બરકતના કારણે તેમના ઉપર નથી આવ્યો, જો કોઈના ઉપર સાબિત થઈ જાય તો બધા ઉપર નથી આવ્યો. આ તકદીર ઉપર એવો અર્થ થશે કે જે અમુક ઉપર નથી આવ્યો તેનું કારણ તેના તકાદાવિહીન હોવું નથી બલકે તે અવરોધનું કારણ એટલે કે, اِمْهَالٌ اِلٰى اَجَلٍ مُّسَمًّى નું અસ્તિત્વ છે, આ તો આગળ પસાર થઈ ચૂકેલ ઉમ્મતોની ઘટના થઈ) અને જે લોકોને તે (ભૂતકાળની ઉમ્મતો) પછી કિતાબ આપવામાં આવી છે (તેનો ભાવાર્થ નબીએ કરીમ ﷺના સમકાલીન મુશ્રિકો છે

કે તેમના દ્વારા તેમને કુર્આન પહોંચ્યું) તે (લોકો) એ (કિતાબ) તરફથી એવી (મજબૂત) શંકામાં પડ્યા છે જેણે (તેઓને) મૂંઝવણમાં નાંખી રાખ્યા છે (મતલબ એ કે અગાઉની ઉમ્મતોમાંથી અમુકે જેમકે ઈન્કાર કર્યો હતો એ જ પ્રમાણે હવે તેમની નોબત આવી છે) બસ તમે (કોઈના ઈન્કારથી દિલગીર ન થશો બલકે જે રીતે તમે તેમને પ્રથમથી બોલાવી રહ્યા છો જેનું વર્ણન આ આયતમાં થયું છે, كَبُرَ عَلَى الْمُشْرِكِيْنَ مَا تَدْعُوْهُمْ اِلَيْهِ એટલે કે તવહીદ) એ જ તરફ (તેમને બરાબર) બોલાવ્યે જાઓ અને જે રીતે તમને હુકમ થયો છે (فَلِذٰلِكَ فَادْعُ તેના ઉપર) કાયમ રહો અને તેમની (અયોગ્ય) ઈચ્છાઓ ઉપર ન ચાલો (એટલે કે તેઓ વિરોધ કરીને એવું ઈચ્છે છે કે અમને તેઓ કહેવાનું છોડી દે તો તમે તે આમંત્રણ આપવાનું છોડશો નહીં) અને તમે કહી આપો કે (હું જે વાત તરફ તમને બોલાવું છું, હું પોતે પણ તેના ઉપર અમલ કરું છું તેથી) અલ્લાહે જેટલી કિતાબો નાઝિલ કરી છે (જેમાં કુર્આન પણ સામેલ છે) હું સૌના ઉપર ઈમાન લાવું છું (જેમકે સર્વસહમત વિષયોમાંથી એક તવહીદ પણ છે) અને મને એ (પણ) હુકમ થયો છે કે (પોતાના અને) તમારા વચ્ચે ન્યાય રાખું (એટલે કે જે વસ્તુને તમારા ઉપર વાજિબ હોવું અથવા જરૂરી હોવું કહું તેને પોતાના માટે પણ જરૂરી રાખું, એવું નથી કે તમને તકલીફમાં નાંખું અને પોતે આઝાદ રહું. આવા વિષયો અને મા'મલામાં સાલસ સ્વભાવ ધરાવનારાઓને પ્રાકૃતિક આકર્ષણ થતું હોય છે અને તેનાથી પણ જો તમારું દિલ નરમ ન થાય તો અંતિમ વાત એ છે કે) અલ્લાહ અમારો પણ માલિક છે અને તમારો પણ માલિક છે (એટલે કે તે સૌનો હાકિમ છે અને) અમારા અમલ અમારા માટે અને તમારા કર્મ તમારા માટે, અમારો તમારો કોઈ ઝઘડો નથી, અલ્લાહ (જે સૌનો માલિક છે કયામતમાં) આપણ સૌને એકઠા કરશે (તેમાં કોઈ શંકા નથી કે) તેની જ પાસે જવાનું છે (તે સૌનો ફેંસલો કર્મો પ્રમાણે કરી આપશે એટલા માટે અત્યારે તમારી સાથે ઝઘડો વ્યર્થ છે, હા ! હું દીનની તબ્લીગ ચોક્કસ કર્યે જઈશ).

મસ્અલા અને બોધપાઠ :

شَرَعَ لَكُمْ مِّنَ الدِّيْنِ مَا وَصّٰى بِهٖ نُوْحًا.... પાછલી આયતોમાં અલ્લાહ તઆલાની જાહેર અને આસમાની નેઅ્મતોનું વર્ણન હતું. અત્રેથી આધ્યાત્મિક અને ગુપ્ત નેઅ્મતોનું વર્ણન છે, તે એ કે અલ્લાહ તઆલાએ તમારા માટે એવો

મજબૂત અને સ્થાયી દીન અર્પણ કર્યો છે જે બધા જ અંબિયા (અલૈ.)માં સમાન અને સર્વસહમત છે. આયતમાં અંબિયા (અલૈ.)માંથી પાંચનું વર્ણન છે, સૌથી પહેલાં હઝરત નૂહ (અલૈ.) અને અંતે આપણા રસૂલ ખાતમુન્નબિય્યિન ﷺ તથા વચ્ચે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એટલા માટે કે તેઓ અંબિયા (અલૈ.)ના પિતામહ છે અને અરબના લોકો પોતાના કુફ્ર અને શિર્ક છતાં તેમની નુબુવ્વતની માન્યતા ધરાવતા હતા અને તેમના પછી હઝરત મૂસા અને હઝરત ઈસા (અલૈ.)નું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે કુર્આન નાઝિલ થવાના સમયે તે બે પયગમ્બરોને માનનારા યહૂદ અને નસારા મોજૂદ હતા, સૂરએ અહઝાબમાં પણ અંબિયા (અલૈ.)ના "મીષાક"ના વર્ણનમાં આ જ પાંચ નબીઓનું વર્ણન આવે છે, وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّاِبْرٰهِيْمَ وَمُوْسٰى وَعِيْسَى ابْنِ مَرْيَمَ ફરક એ છે કે સૂરએ અહઝાબમાં ખાતમુલ અંબિયા ﷺનું વર્ણન પહેલું અને નૂહ (અલૈ.)નું વર્ણન ત્યાર પછી છે અને તેમાં કદાચ ઈશારો એ તરફ છે કે ખાતમુલ અંબિયા ﷺ જો કે જન્મ અને બઅ્ષતના આધારે સૌથી અંતે છે પરંતુ નુબુવ્વત અને રિસાલતની અઝલી વહેંચણીમાં સૌથી અગ્રસ્થાને છે, જેમકે એક હદીષમાં ફરમાવ્યું છે કે હું બધા અંબિયા (અલૈ.)માં (અઝલી) સર્જનના આધારે પ્રથમ છું અને બઅ્ષતના આધારે સૌથી અંતમાં છું.

(ઈબ્ને માજહ, દારમી, બહ્ઝ બિન હકીમ દ્વારા મિશ્કાત પ્રમાણે સહીહ હદીષ, પેજ : ૫૮૪)

રહ્યો એ પ્રશ્ન કે સૌ પ્રથમ પયગમ્બર તો હઝરત આદમ (અલૈ.) છે અંબિયા (અલૈ.)ના વર્ણનમાં તેમનાથી કેમ શરૂ કરવામાં ન આવ્યું ? તેનું કારણ એ હોઈ શકે છે કે હઝરત આદમ (અલૈ.) સૌ પ્રથમ પયગમ્બર છે જેઓ દુનિયામાં સૌથી પહેલાં આવ્યા, દીનના સિદ્ધાંતો તથા હુકમોમાં જો કે તેઓ પણ સમાન હતા પરંતુ તેમના સમયમાં શિર્ક અને કુફ્ર માનવોમાં ન હતું, કુફ્ર અને શિર્કનો મુકાબલો હઝરત નૂહ (અલૈ.)થી શરૂ થયો છે, આ આધારે હઝરત નૂહ (અલૈ.) પ્રથમ પયગમ્બર છે જેમને એ પ્રકારની ઘટનાઓનો સામનો થયો જેનો પાછળથી આવનાર અંબિયા (અલૈ.)ને સામનો થવાનો હતો એટલા માટે હઝરત નૂહ (અલૈ.)થી ક્રમ શરૂ કરવામાં આવ્યો. વલ્લાહુ અઅ્લમુ.

اَنْ اَقِيْمُوا الدِّيْنَ وَلَا تَتَفَرَّقُوْا فِيْهِ આ વાક્ય પ્રથમ વાક્યનો જ ખુલાસો છે કે તે દીન જેમાં બધા અંબિયા (અલૈ.) સમાન અને સરખા છે તે દીનને કાયમ રાખો,

તેમાં મતભેદ અથવા ફૂટફાટ પાડવી જાઈઝ નથી બલકે એવું કરવું સર્વનાશ નોંતરવાનું કારણ છે.

દીનને ટકાવી રાખવો (ઇકામતે દીન) ફરજ છે અને તેમાં ફૂટફાટ પાડવી હરામ છે :

આ આયતમાં બે હુકમો ઉપસ્થિત છે, એક اِقَامَتِ دِيْن અને બીજું તેનું નકારાત્મક પાસું એટલે કે તેમાં تَفَرُّق (તફર્રુક) "ફૂટફાટ" પાડવાની મનાઈ, જ્યારે કે જમહૂર તફસીરકારોના મતે اَنْ اَقِيْمُوا الدِّيْنَ માં શબ્દ اَنْ (અન) તફસીર માટે છે તો દીનનો અર્થ નિશ્ચિત થઈ ગયો કે ભાવાર્થ તે જ દીન છે જે બધા અંબિયા (અલૈ.)માં સમાનપણે ચાલ્યો આવે છે અને એ પણ જાહેર છે કે તે દીન જે અંબિયા (અલૈ.)માં એકસમાન હતો તે અકીદાઓના મૂળ સિદ્ધાંતો જેમકે તવહીદ, રિસાલત, આખિરત ઉપર ઈમાન તથા ઈબાદતોના કાયદાઓ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાતની પાબંદી છે, વળી ચોરી, લૂંટફાટ, વ્યભિચાર, જૂઠ, ધોકાબાજી, બીજાઓને શરઈ કારણ વિના કષ્ટ પહોંચાડવું, કરારભંગ કરવો વગેરે હરામ છે જે બધા જ આકાશી ધર્મોમાં સમાન અને સર્વસહમતીપણે ચાલ્યું આવે છે અને એ પણ કુર્આનની નસથી સાબિત છે કે ગૌણ બાબતોમાં અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં અમુક ગૌણ ફરક પણ છે, જેમકે ઈરશાદ છે لِكُلٍّ جَعَلْنَا مِنْكُمْ شِرْعَةً وَّمِنْهَاجًا આ બધી ચર્ચાથી સાબિત થયું કે આયતના આ વાક્યમાં જે દીનને સ્થાપિત કરી ટકાવી રાખવાનો હુકમ છે અને તેમાં ફૂટફાટ પાડવાની મનાઈનો હુકમ ઉપસ્થિત છે એ અલ્લાહના તે જ હુકમો છે જે બધા અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં સમાન અને સર્વસંમત ચાલ્યા આવે છે, તેમાં ફૂટફાટ અથવા મતભેદ ઊભા કરવા હરામ અને ઉમ્મતોના સર્વનાશનું કારણ છે.

હદીષ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺએ અમારી સામે એક સીધી લીટી તાણી, પછી તે લીટીની જમણે ડાબે બીજી નાની લીટી ખેંચી અને ફરમાવ્યું કે આ જમણે ડાબેની લીટી તે તરીકાઓ છે જે શયતાને ઉત્પન્ન કર્યા છે અને તેના દરેક માર્ગ ઉપર એક શયતાન થોપેલો છે જે લોકોને તેના તરફ ચાલવાની પ્રેરણા આપે છે અને પછી સીધી લીટી

તરફ ઈશારો કરીને ફરમાવ્યું, وَاَنَّ هٰذَا صِرَاطِیْ مُسْتَقِیْمًا فَاتَّبِعُوْهُ (૬:૧૫૩) એટલે કે આ મારો સીધો માર્ગ છે તમે તેનું જ અનુસરણ કરો.

(રવાહુ અહમદ અને નસાઈ, દારમી, મઝહરી)

આ ઉદાહરણમાં "સિરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ)થી તે જ દીને કય્યિમનો માર્ગ છે જે બધા અંબિયા (અલૈ.)માં એકસમાન ચાલ્યો આવે છે, તેની અંદર ફાંટાઓ કાઢવાની ફૂટફાટ હરામ અને શયતાનોનું કામ છે અને તેમના સામૂહિક અને સર્વસહમત હુકમોમાં ફૂટફાટ પાડવાની સખત મનાઈ સહીહ હદીષોમાં આવી છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, مَنْ فَارَقَ الْجَمَاعَةَ شِبْرًا فَقَدْ خَلَعَ رِبْقَةَ الْاِسْلَامِ مِنْ عُنُقِهٖ *(રવાહુ અહમદ અને અબૂ દાવુદ)*

એટલે કે જે વ્યક્તિએ મુસલમાનોની જમાઅતથી એક વેંત પણ જુદાઈ અખ્ત્યાર કરી તેણે ઈસ્લામના ભરોસાનો પટ્ટો પોતાના ગળેથી ઉતારી ફેંક્યો અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, يَدُ اللّٰهِ عَلَى الْجَمَاعَةِ (રવાહુ તિરમિઝી હસન સનદ સાથે) એટલે કે અલ્લાહ તઆલાનો હાથ જમાઅત ઉપર છે અને હઝરત મઆઝ ઈબ્ને જબલ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે શયતાન માણસ માટે વરૂ છે જે રીતે વરૂ બકરીઓના ટોળા પાછળ પડે છે તો તે તે જ બકરીને પકડે છે જે પોતાના ટોળા અને સમૂહની પાછળ અથવા આમ તેમ રહી જાય એટલા માટે તમારે જોઈએ કે હંમેશા જૂથમાં સાથે રહો અને જુદા ન થાઓ.

(રવાહુ અહમદ, આ બધી હદીષો તફસીરે મઝહરીમાં છે)

કહેવાનું તાત્પર્ય એ છે કે આ આયતમાં હુકમ એ સમાન દીન અને સર્વસહમતીને કાયમ રાખવાનો છે જેના ઉપર બધા જ અંબિયા (અલૈ.) સહમત અને એકસમાન માન્યતા સાથે ચાલ્યા આવે છે, તેમાં વિરોધ કરવાને تَفَرُّق (તફર્રુક) "ફૂટફાટ"ના શબ્દ વડે ઓળખાવીને તેની મનાઈ કરવામાં આવી છે, આ જ કતઈ હુકમોમાં વિરોધ અથવા ફૂટફાટ પ્રસ્તુત હદીષોમાં ઈમાન માટે ખતરો અને સર્વનાશનું કારણ બતાવ્યું છે.

મુજ્તહિદીન ઇમામોના ગૌણ મતભેદો પ્રતિબંધિત તફરીક (ફૂટફાટ)માં સામેલ નથી :

આથી સ્પષ્ટ થઈ ગયું કે ગૌણ મસ્અલાઓમાં જ્યાં કુર્આન અને હદીષમાં

કોઈ સ્પષ્ટ હુકમ મોજૂદ નથી, કુર્આન અને સુન્નતની નુસૂસમાં કોઈ જાહેર વિરોધાભાસ છે ત્યાં મુજ્તહિદીન ઈમામોનો પોતપોતાના ઈજ્તેહાદથી હુકમ નક્કી કરી લેવામાં પરસ્પર જે મતભેદ ઉપસ્થિત થાય છે તો એવો મતભેદ થવો પોતાના અભિપ્રાય અને દષ્ટિકોણની બીનાએ જરૂરી છે, તેનો પ્રતિબંધિત તફરીક સાથે કોઈ સંબંધ નથી, આવા મતભેદો સહાબએ કિરામ (રદિ.)ના સમયમાં પોતે રિસાલતના સમયકાળથી ચાલ્યા આવે છે અને તે ફુક્હાની સહમતીએ રહમત કહેવાય છે.

ઈકામતે દીન (દીનને કાયમ રાખવા)નો ભાવાર્થ તેના ઉપર હંમેશા કાયમ રહેવું છે, તેમાં કોઈ શંકા અથવા સંદેહનો માર્ગ ન કાઢવો અને કોઈપણ હાલતમાં તેને ન છોડવો. *(કુર્તુબી)*

كَبُرَ عَلَى الْمُشْرِكِيْنَ مَا تَدْعُوْهُمْ اِلَيْهِ એટલે કે દીને હક જેમાં તવહીદ મહાન ફરજ છે, વિશ્વની શરૂઆતથી જ બધા અંબિયા (અલૈ.)ની સહમતીથી તેનું સત્ય હોવું સાબિત થઈ જવા છતાં જે લોકો શિર્કની ટેવ ધરાવી ચૂક્યા છે તેમને તમારી તવહીદની દા'વત ઘણી ભારે જણાય છે, જેનું કારણ મનેચ્છાઓ, સ્વાર્થ તથા શયતાની શિક્ષણનું અનુસરણ અને સીધા માર્ગને છોડવો વગેરે છે જેના ઉપર ઉપરોક્ત વર્ણન પ્રમાણે પ્રતિબંધ છે. આગળ ફરમાવે છે,

اَللّٰهُ يَجْتَبِىْٓ اِلَيْهِ مَنْ يَّشَاۤءُ وَيَهْدِىْٓ اِلَيْهِ مَنْ يُّنِيْبُ એટલે કે "સિરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ)ના માર્ગદર્શનની બે જ રીત છે, એક એ કે અલ્લાહ તઆલા પોતે કોઈને પોતાના દીન અને સીરાતે મુસ્તકીમ માટે ચૂંટી કાઢી તેની પ્રકૃતિ અને સ્વભાવને જ તે પ્રમાણે બનાવી દે જેમકે અંબિયા (અલૈ.) અને ખાસ ખાસ અલ્લાહ તઆલાના વલીઓ જેમના વિશે કુર્આને કરીમમાં ઈરશાદ છે, اِنَّآ اَخْلَصْنٰهُمْ بِخَالِصَةٍ ذِكْرَى الدَّارِ (૩૮:૪૬) એટલે કે અમે તેમને એક ખાસ કાર્ય માટે ખાલિસ (નિશ્ચિત) કરી દીધા છે જે આખિરતની ફિકર ચિંતા છે અને ખાસ ખાસ અંબિયા (અલૈ.) વિશે કુર્આને مُخْلَصٌ بِفَتْحِ لَامٍ (મુખ્લસ બ ફત્હે લામ) હોવાની સ્પષ્ટતા કરી છે જેનો અર્થ "ચૂંટી કાઢેલ અથવા વિશિષ્ટ હોવું" થાય છે, આ જ اَللّٰهُ يَجْتَبِىْٓ اِلَيْهِ مَنْ يَّشَاۤءُ નો ભાવાર્થ છે. આ રીત ખાસ હિદાયત અને મર્યાદિત છે તથા બીજી સામાન્ય હિદાયત પામવાની હિદાયતની રીત એ છે કે જે વ્યક્તિ અલ્લાહ તઆલા તરફ રુજૂઅ્ થાય અને તેના દીન ઉપર ચાલવાનો

ઈરાદો કરી લે તો તેને અલ્લાહ તઆલા સત્ય દીનની હિદાયત કરી આપે છે, આ અર્થ છે બીજા વાક્ય وَيَهْدِىٓ إِلَيْهِ مَن يُنِيبُ નો. ખુલાસો એ છે કે હિદાયત પામવાના માત્ર બે તરીકાઓ છે, એક ખાસ કે અલ્લાહ તઆલા કોઈને પોતે જ સિરાતે મુસ્તકીમ માટે ચૂંટી કાઢે અને બીજો જાહેર સામાન્ય તરીકો કે જે વ્યક્તિ અલ્લાહ તઆલા તરફ રુજૂઅ્ (શરણે) થાય અને તે સત્ય દીનની શોધખોળ કરે તો અલ્લાહ તઆલા તેને સીધા માર્ગના હેતુ સુધી પહોંચાડી આપે છે. મક્કાના મુશ્રિકોને તવહીદનું આમંત્રણ ભારે જણાય છે તેનું કારણ એ છે કે તેઓ દીનને સમજવાનો અને તેના ઉપર ચાલવાનો ઈરાદો પણ કરતા નથી.

وَمَا تَفَرَّقُوٓا إِلَّا مِنۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ માં શબ્દ مَا تَفَرَّقُوٓا (મા-તફર્રકુ)ની ઝમીર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ મક્કાના કુરૈશ તરફ ઢળેલ હોવાનું ફરમાવ્યું અને તેનો ભાવાર્થ એ ઠરાવ્યો કે કુરૈશના કાફિરોએ જે સત્ય દીન અને સિરાતે મુસ્તકીમથી જુદાઈ અને અલગાવ અપનાવ્યો તે આપમેળે જ સખત મૂર્ખામી હતી, વળી તેના ઉપર વધારે એ કે અલ્લાહ તઆલા તરફથી જ્ઞાન આવી ગયા પછી પણ તેમણે એવું કર્યું. જ્ઞાન આવી જવાનો ભાવાર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના મતે રસૂલે કરીમ ﷺનું આવી જવું છે જે સમગ્ર ઈલાહી જ્ઞાનનો સ્ત્રોત હતા; અને અમુક લોકોએ مَا تَفَرَّقُوٓا (મા-તફર્રકુ)ની ઝમીર પાછલી ઉમ્મતોના લોકો તરફ હોવાનું જણાવી તેનો અર્થ એ ઠરાવ્યો કે પાછલી ઉમ્મતોના લોકોએ પોતપોતાના અંબિયા (અલૈ.)ના દીનથી અલગાવ અને જુદાઈ અપનાવી એ છતાં કે તેમની પાસે અંબિયા (અલૈ.) દ્વારા સીધા માર્ગનું સાચું જ્ઞાન આવી ગયું હતું, પાછલી ઉમ્મતોને સંબોધન હોય અથવા ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના કાફિરોને; બંનેનો તકાદો એ હતો કે પોતે તો ગુમરાહીમાં પડ્યા જ છે પોતાના રસૂલોને પણ તે માર્ગ ઉપર ચલાવવાની ઈચ્છા ધરાવે છે તેથી ત્યારબાદ રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને કહેવામાં આવ્યું,

فَلِذَٰلِكَ فَادْعُ ۖ وَاسْتَقِمْ كَمَآ أُمِرْتَ ۖ وَلَا تَتَّبِعْ أَهْوَآءَهُمْ ۖ وَقُلْ ءَامَنتُ بِمَآ أَنزَلَ اللَّهُ مِن كِتَٰبٍ ۖ وَأُمِرْتُ لِأَعْدِلَ بَيْنَكُمُ ۖ اللَّهُ رَبُّنَا وَرَبُّكُمْ ۖ لَنَآ أَعْمَٰلُنَا وَلَكُمْ أَعْمَٰلُكُمْ ۖ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمُ ۖ اللَّهُ يَجْمَعُ بَيْنَنَا ۖ وَإِلَيْهِ الْمَصِيرُ.

હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે આ આયત દશ આગવા વાક્યો ઉપર આધારિત છે અને દરેક વાક્ય એક ખાસ હુકમ ઉપર આધારિત છે, જાણે કે આ એક આયતમાં હુકમોના દશ પ્રકારો ઉપસ્થિત છે, તેનો દાખલો સંપૂર્ણ કુર્આનમાં એક આયતુલ કુરશી સિવાય અન્યત્ર નથી. આયતુલ કુરશીમાં પણ દશ હુકમોના દશ પ્રકારો આવ્યા છે. પ્રથમ હુકમ فَلِذٰلِكَ فَادْعُ એટલે, જો કે મુશ્રિકો ઉપર તમારી તવહીદની દા'વત ભારે છે પરંતુ તેના કારણે તમે પોતાના આમંત્રણને ન છોડો અને સતત આ આમંત્રણનું કામ ચાલુ રાખો, બીજો હુકમ وَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ છે એટલે કે તમે આ દીન ઉપર પોતે કાયમ રહો જેની દા'વત લોકોને આપો છો અને આ કાયમ રહેવું એવું હોવું જોઈએ જેવો તમને હુકમ આપવામાં આવ્યો છે એટલે કે બધા જ હુકમો, અકીદાઓ, અમલો, વર્તણૂંક, ટેવો અને સામાજિકતામાં સાચા મધ્યમ માર્ગ ઉપર કાયમ રહો, કોઈ બાજુ અતિરેક અથવા ઉણપનું મા'મૂલી વલણ પણ ન ધરાવો અને દેખીતું છે કે આવી બાબત ઉપર કાયમ રહેવું સરળ કામ નથી એટલા માટે રસૂલે કરીમ ﷺને જ્યારે અમુક સહાબા (રદિ.)એ આપ ﷺના સફેદ બાલ આવી જવાનું વર્ણન કર્યું તો આપ ﷺએ ફરમાવ્યું, شَيَّبَتْنِىْ هُوْدٌ મને સૂરએ હૂદે ઘરડો કરી નાંખ્યો. સૂરએ હૂદમાં પણ આ જ હુકમ આ જ શબ્દો સાથે આવ્યો છે. (મઆરિફુલ કુર્આનની સૂરએ હૂદની તફસીરના સંદર્ભમાં "ઈસ્તિકામત"નો ભાવાર્થ તથા તેની મુશ્કેલીઓ અને મહત્ત્વ ઉપર એક આગવી ચર્ચા કરવામાં આવી છે ત્યાં જોઈ લેવામાં આવે.) ત્રીજો હુકમ એટલે કે, وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ પોતાની તબ્લીગના ફરજમાં તમે કોઈના વિરોધની જરા પણ પરવા ન કરો, ચોથો હુકમ قُلْ اٰمَنْتُ بِمَآ اَنْزَلَ اللّٰهُ مِنْ كِتٰبٍ એટલે કે, તમે એ'લાન કરો કે અલ્લાહ તઆલાએ જેટલી કિતાબો નાઝિલ કરી છે મારું તે બધા ઉપર ઈમાન છે, પાંચમો હુકમ اُمِرْتُ لِاَعْدِلَ بَيْنَكُمْ તેનો જાહેર ભાવાર્થ તો એ જ છે કે મારી પાસે જે પરસ્પરના મા'મલાઓ અને ઝઘડાઓ આવે તેના વિશે મને હુકમ કરવામાં આવ્યો છે કે હું તેમાં ન્યાય અને ઈન્સાફ કરું, અમુક લોકોએ અહીંયાં عَدْل (અદ્લ)નો અર્થ "બરાબરી"નો લઈને આયતોનો ભાવાર્થ એ ઠરાવ્યો છે કે હું તમારી વચ્ચે દીનના બધા હુકમોને બરાબર રાખું કે દરેક નબી અને દરેક કિતાબ ઉપર ઈમાન લાવું અને તમામ ઈલાહી હુકમોનું પાલન કરું, એવું નથી કે અમુક ઉપર ઈમાન હોય અને અમુક ઉપર ન હોય

અથવા અમુક હુકમોનું પાલન કરું અને અમુકનું ન કરું, છટ્ઠો હુકમ اَللّٰهُ رَبُّنَا (અલ્લાહુ રબ્બુના) એટલે કે અલ્લાહ આપણા સૌનો પાલનહાર છે, સાતમો હુકમ لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ એટલે કે અમારા અમલો અમને કામ આવશે, તમને તેનો કોઈ લાભ અને નુકસાન નહીં પહોંચે અને તમારા અમલો તમારા કામ લાગશે, અમને તેનો કોઈ લાભ અથવા નુકસાન પહોંચશે નહીં. અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે આ આયત મક્કા મુકર્રમહમાં તે સમયે નાઝિલ થઈ હતી જ્યારે કે કાફિરો સાથે જિહાદ કરવાનો હુકમ આવ્યો ન હતો. જિહાદના હુકમોની આયતોએ આ હુકમને મન્સૂખ (રદ) કરી નાંખ્યો, કારણ કે જિહાદનો ખુલાસો જ એ છે કે જે લોકો નસીહત અને દરખાસ્તની અસર કબૂલ ન કરે તેમની સાથે યુદ્ધ કરીને તેમને પરાજિત કરવામાં આવે, એવું નથી કે તેમને તેમના હાલ ઉપર છોડી દેવામાં આવે ! અને અમુક લોકોએ કહ્યું કે આ હુકમ મન્સૂખ નથી અને આયતોનો ભાવાર્થ એ છે કે જ્યારે આપણને સત્યની દલીલો અને સ્પષ્ટ ઈશારાઓથી સાબિત કરી દેવામાં આવ્યું તો હવે તેનું ન માનવું માત્ર દુશ્મનાવટ અને હઠધર્મીના કારણે જ હોઈ શકે છે અને દુશ્મનાવટ આવી ગઈ તો હવે દલીલોની વાતચીત વ્યર્થ થઈ ગઈ, તમારા અમલો તમારી સાથે અને મારા અમલો મારી સાથે આવશે. *(કુર્તુબી)*

આઠમો હુકમ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمْ માં حُجَّت (હુજ્જત)નો ભાવાર્થ સંવાદ અને બહસ છે, ભાવાર્થ એ છે કે સત્ય સ્પષ્ટ અને સાબિત થઈ ગયા પછી પણ જો તમે દુશ્મનાવટથી કામ લેતા હોય તો હવે વાતચીત વ્યર્થ છે, અમારા અને તમારા દરમિયાન હવે કોઈ ચર્ચા કે સંવાદ નથી, નવમો હુકમ اَللّٰهُ يَجْمَعُ بَيْنَنَا એટલે કે, કયામતના દિવસે આપણ સૌને અલ્લાહ તઆલા એકઠા કરશે અને દરેક અમલનો બદલો આપશે અને દશમો હુકમ وَاِلَيْهِ الْمَصِيْرُ એટલે કે, આપણ સૌને તેના જ તરફ પાછા વળીને લઈ જવામાં આવશે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૧૬-૧૭-૧૮)

وَالَّذِيْنَ يُحَآجُّوْنَ فِى اللّٰهِ مِنْۢ بَعْدِ مَا اسْتُجِيْبَ لَهٗ حُجَّتُهُمْ دَاحِضَةٌ عِنْدَ رَبِّهِمْ
وَعَلَيْهِمْ غَضَبٌ وَّلَهُمْ عَذَابٌ شَدِيْدٌ ﴿١٦﴾ اَللّٰهُ الَّذِيْٓ اَنْزَلَ الْكِتٰبَ بِالْحَقِّ

وَالْمِيْزَانَ ؕ وَمَا يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ قَرِيْبٌ ﴿١٧﴾ يَسْتَعْجِلُ بِهَا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِهَا ۚ

وَالَّذِيْنَ اٰمَنُوْا مُشْفِقُوْنَ مِنْهَا ۙ وَيَعْلَمُوْنَ اَنَّهَا الْحَقُّ ؕ اَلَآ اِنَّ الَّذِيْنَ يُمَارُوْنَ

فِي السَّاعَةِ لَفِيْ ضَلٰلٍ بَعِيْدٍ ﴿١٨﴾

તરજુમો :

અને જે લોકો અલ્લાહની વાતમાં ઝઘડો નાંખે છે જ્યારે કે લોકો તેને માની ચૂક્યા, તેમનો ઝઘડો તેમના પરવરદિગારના ત્યાં ખોટો છે અને તેમના ઉપર ક્રોધ છે અને તેમના માટે કઠોર અઝાબ છે. (૧૬) અલ્લાહ તે જ છે જેણે સત્ય દીન ઉપર કિતાબ ઉતારી અને ત્રાજવું પણ અને તમને શું ખબર કદાચ તે ઘડી નિકટમાં જ હોય ! (૧૭) તે લોકો તે ઘડીની ઉતાવળ કરે છે કે (જેઓ) તેના ઉપર યકીન રાખતા નથી અને જેઓ યકીન રાખે છે તેમને તેનો ડર છે અને જાણે છે કે તે સત્ય છે, સાંભળો છો ! જે લોકો તે ઘડી આવવામાં ઝઘડો કરે છે નિઃશંક તેઓ ભટકીને દૂર જઈ પડ્યા. (૧૮)

તફસીર :

અને જે લોકો અલ્લાહ તઆલા(ના દીન) વિશે (મુસલમાનોમાં) ઝઘડો ઊભો કરે છે એ પછી કે તે માની લેવામાં આવ્યો (એટલે કે ઘણા સમજદાર બુદ્ધિશાળીઓ મુસલમાન થઈને તેને માની ચૂક્યા છે અને દલીલ કાયમ થઈ ચૂક્યા પછી પણ ઝઘડો વધારે નીંદનીય છે બસ) તે લોકોની હુજ્જતબાજી તેમના પરવરદિગાર સમીપ બાતિલ છે અને તેમના ઉપર (અલ્લાહ તઆલા તરફથી) ક્રોધ (ઊતરનાર) છે અને તેમના માટે (કયામતમાં) સખત અઝાબ (થવાનો) છે (અને તેનાથી બચવાનો માર્ગ એ જ છે કે અલ્લાહને અને તેના દીનને માનો, એટલે કે તેની કિતાબ જે અલ્લાહના હકો અને બંદાના હકો બધા ઉપર વર્ચસ્વ ધરાવે છે તેના ઉપર અમલ કરવો ફરજ સમજો કારણ કે) અલ્લાહ જ છે જેણે (આ) કિતાબ (એટલે કે કુર્આન)ને અને (તેમાં જે ખાસ હુકમ છે) ન્યાય(નો તે)ને નાઝિલ ફરમાવ્યો (જ્યારે આ કિતાબ અલ્લાહની છે તો આ કિતાબને માન્યા વિના અલ્લાહને માનવું ભરોસાપાત્ર નથી, અમુક ગેરમુસ્લિમો અલ્લાહને માનવાનો દા'વો તો કરે છે પરંતુ કુર્આનને નથી માનતા તે છુટકારા માટે પૂરતું

નથી) અને (આ લોકો જે તમને કયામતના નિશ્ચિત સમય વિશે પૂછે છે તો) તમને (તેની) શું ખબર ! (પરંતુ તમને ખબર ન હોવાથી તે દિવસનો નકાર જરૂરી નથી બનતો બલકે તેનું આવવું નિશ્ચિત છે અને નિશ્ચિત સમય માટે ટૂંકમાં એટલું સમજી લેવું પૂરતું છે કે) અજબ નથી કે કયામત નિકટ હોય (પરંતુ) જે લોકો તેનો વિશ્વાસ ધરાવતા નથી (તેઓ તે દિવસથી ડરવાના બદલે ઠઠ્ઠો મશ્કરી અને ઈન્કાર સ્વરૂપે) તેનો તકાદો કરે છે (કે તે જલદી કેમ નથી આવી જતી ?) અને જે લોકો યકીન રાખનારા છે તેઓ તેનાથી (કાંપે અને) ડરે છે અને ભરોસો રાખે છે કે તે સત્ય છે, યાદ રાખો ! કે (તે બંને પ્રકારના લોકોમાં પ્રથમ પ્રકારના લોકો એટલે કે) જે લોકો કયામત(ના ઈન્કારી છે અને તેના) વિશે ઝઘડે છે ઘણી દૂર (સુદૂર)ની ગુમરાહીમાં (સંડોવાયેલા) છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં તે દીને કય્યિમ તરફ જગતના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું જેના ઉપર તમામ આસમાની કિતાબો અને અંબિયા (અલૈ.) સમાન છે અને તેના ઉપર કાયમ રહેવાની અને તેના ઉપર ટકી રહેવાની પ્રેરણા આપવામાં આવી હતી પરંતુ અમુક કાફિરો જેઓ સાંભળવા અને માનવાનો ઈરાદો જ નથી રાખતા તેમણે તેના ઉપર પણ મુસલમાનો સાથે વાદ વિવાદ શરૂ કર્યો. અમુક રિવાયતોમાં છે કે અમુક અહલે કિતાબ યહૂદીઓ અને નસારાએ એવી દલીલ રજુ કરી કે અમારા નબી તમારા નબી કરતાં પહેલાં અને અમારી કિતાબ તમારી કિતાબ કરતાં પહેલી છે એટલા માટે અમારો દીન તમારા દીન કરતાં શ્રેષ્ઠ છે અને અમુક રિવાયતોમાં છે કે આ વિષય કુરૈશના કાફિરો તરફથી વર્ણન કરવામાં આવ્યો છે, કારણ કે તેઓ પોતાને દીને ઇબ્રાહીમ (અલૈ.)ના તા'બેદાર કહેતા હતા.

કુર્આને કરીમે પ્રસ્તુત આયતોમાં તેમને ચેતવણી આપી કે દીને ઇસ્લામ અને કુર્આનની હુજ્જત લોકો ઉપર પૂર્ણ થઈ ચૂકી છે અને પોતે તમારા સમજદાર અને ન્યાયપસંદ લોકો તેને સ્વીકારીને મુસલમાન થઈ ચૂક્યા છે, હવે આ તમારી હુજ્જતબાજી બેકાર, ખોટી તથા ગુમરાહી છે જેનો કોઈ આધાર નથી, હવે જો તમે તેને માનશો નહીં તો અલ્લાહ તઆલાનો ક્રોધ તમારા ઉપર તૂટી પડશે. આગળ

કુર્આનનું અલ્લાહ તરફથી હોવાનું તથા અલ્લાહના હકો અને બંદાના હકો માટે તે એક મજબૂત કાનૂન સ્વરૂપે હોવાનું વર્ણન છે. اَنْـزَلَ الْـكِتٰـبَ بِـالْـحَقِّ وَالْمِـيْـزَانَ "કિતાબ"નો ભાવાર્થ આ સ્થળે બધી જ આસમાની કિતાબો છે જેમાં કુર્આન અને અગાઉની સૌ આસમાની કિતાબો સામેલ છે અને "હક"નો ભાવાર્થ તે "દીને હક" છે જેનું વર્ણન ઉપર આવ્યું છે; અને "મીઝાન"નો શાબ્દિક અર્થ "ત્રાજવા"નો થાય છે તે કારણ કે ન્યાય સ્થાપિત કરવા અને હક પૂરેપૂરો આપવાનું એક સાધન છે આથી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ મીઝાનની તફસીર ન્યાય અને ઈન્સાફ હોવાની કરી છે. તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ કહ્યું કે "મીઝાન"નો ભાવાર્થ તે સામાન્ય ત્રાજવું છે જેનો લોકો ઉપયોગ કરે છે અને તેનાથી ભાવાર્થ બધા હકોની સંપૂર્ણ અદાયગી તથા ન્યાય છે માટે શબ્દ "હક"માં બધા જ હુકુકુલ્લાહ (અલ્લાહના હકો) અને મીઝાનમાં બધા જ હુકુકુલ ઈબાદ (બંદાના હકો) તરફ ઈશારો થઈ ગયો.

જે એવું ફરમાવવામાં આવ્યું છે કે મો'મિનો કયામતથી ડરે છે તેનો ભાવાર્થ સ્વાભાવિક ડર છે જે કયામતના અહેવાલો વિશે છે, વળી પોતાના કર્મોની ઉણપો અને ક્ષતિઓ ઉપર દષ્ટિપાત કરવાથી તે ડર લાગવો જરૂરી હોય છે પંરતુ અમુક સમયે કોઈ મો'મિન ઉપર અલ્લાહ તઆલાની મુલાકાતનો શોખ છવાઈ જાય તો તે આ ડર ઉપર વર્ચસ્વ સ્થાપી દે છે તો એ બાબત આની વિરોધી નથી, જેમકે કબ્રમાં અમુક મુરદાંઓનું એવું કહેવું સાબિત છે કે કયામત જલદી આવી જાય; તેનું કારણ એ છે કે કબ્રમાં જ્યારે ફરિશ્તાઓ તરફથી માનવીને રહમત અને મગફિરતની ખુશખબરી મળી જશે તો કયામતનો ડર નીકળી જશે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૧૯-૨૦)

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ ۚ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿١٩﴾ مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ
الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَا لَهٗ
فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ﴿٢٠﴾

તરજુમો :

અલ્લાહ પોતાના બંદાઓ ઉપર નરમી રાખે છે, જેને ઈચ્છે રોજી આપે છે અને તે જ છે મહાબળવાન જબરદસ્ત. (૧૯) જે કોઈ આખિરતની ખેતી ઈચ્છતો હોય તેના માટે અમે તેની ખેતીને વધારે કરીએ છીએ અને જે કોઈ દુનિયાની ખેતી ઈચ્છતો હોય અમે તેને તેમાંથી કંઈક આપીએ છીએ અને તેના માટે આખિરતમાં કોઈ હિસ્સો નથી. (૨૦)

તફસીર :

(અને આ લોકો જેઓ દુનિયાની ઝાકઝમાળ અને નેઅ્મતો ઉપર ગર્વિષ્ઠ બની આખિરતને ભૂલાવી બેઠા છે અને એવું સમજે અને કહે છે કે જો અમારા અમલ અલ્લાહ તઆલાની મરજી વિરુદ્ધ હોત તો અમને આ રાહત અને આરામ કેમ આપે છે ? સારી રીતે સમજી લો કે આવું સમજવું તેમની ભૂલ છે, આ દુનિયાની દોલત અને નેઅ્મત અલ્લાહ તઆલાની ખુશીની દલીલ નથી, બલકે તેનું કારણ તો એ છે કે) અલ્લાહ (દુનિયામાં) પોતાના બંદાઓ ઉપર (સામાન્ય રીતે) મહેરબાન છે (તે જ જાહેર નેઅ્મતના કારણે બધાને રોજી આપે છે, સ્વાસ્થ્ય અને તંદુરસ્તી આપે છે જેમાં મસ્લિહતો અને હિકમતોની બીના પર ઓછું વત્તું પણ હોય છે કે) જેને (જે પ્રમાણે) ઈચ્છે છે રોજી આપે છે (પરંતુ રોજી મળવી બધામાં સમાન બાબત છે) અને (દુનિયામાં આ નરમી અને મહેરબાનીથી એવું સમજી લેવું કે તેઓ સાચા તરીકા ઉપર છે અને આખિરતમાં પણ નરમી અને મહેરબાની તેમના ઉપર ચાલુ રહેશે એ સદંતર ધોકો છે, ત્યાં તો તેમના દુષ્કર્મો ઉપર અઝાબ થશે જે કોઈ અસંભવ વાત નથી કારણ કે) તે (અલ્લાહ તઆલા) મહાશક્તિશાળી મહાબળવાન છે (મતલબ કે તેમની બધી જ ખરાબીઓની જડ દુનિયા ઉપર ગર્વિષ્ઠ થવું છે, તેઓએ તેનાથી અટકી જવું જોઈએ અને આખિરતની ચિંતા કરવી જોઈએ કારણ કે) જે વ્યક્તિ આખિરતની ખેતીનો ઈચ્છુક હોય અમે તેમને તેની ખેતીમાં વધારો આપીશું (એટલે કે નેક અમલોની ખેતી અને તેના ઉપર મળનારો સવાબ તેનું ફળ છે અને તેની પ્રગતિ એ છે કે તેનો સવાબ વધારે મળશે, જેમકે કુર્આનમાં ઈરશાદ છે, એક નેકીનો બદલો દશ ઘણો મળશે) અને જેઓ દુનિયાની ખેતીના ઈચ્છુક હોય (એટલે કે સમગ્ર અમલનો હેતુ અને મકસદ દુનિયાની માલ મતા છે; આખિરત માટે કંઈ કોશીશ ન

કરે) તો અમે તેને કંઈક દુનિયા (જો ઇચ્છીશું) આપી દઈશું અને આખિરતમાં તેનો કોઈ હિસ્સો નથી (કારણ કે તેની શરત ઈમાન છે તે તેમનામાં નથી).

મસ્અલા અને બોધપાઠ :

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ માં શબ્દ لَطِيْف (લતીફ)ના અમુક શાબ્દિક અર્થો છે. અત્રે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નો તરજુમો حَفِيّ "મહેરબાની"ના અર્થમાં અને હઝરત ઈકરીમા (રદિ.)એ بَارّ એટલે કે "ઉપકારક" તરીકે કર્યો છે.

હઝરત મકાતિલ (રહ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા પોતાના બધા બંદાઓ ઉપર મહેરબાન છે. એટલે સુધી કે ગુનેહગાર ઉપર પણ દુનિયામાં અલ્લાહ તઆલાની નેઅ્મતો વરસે છે. અલ્લાહ તઆલાની કૃપાઓ અને મહેરબાની તથા દયાઓ પોતાના બંદાઓ ઉપર અનેક પ્રકારની હોય છે એટલા માટે તફસીરે કુર્તુબીએ શબ્દ "લતીફ"ના અર્થો પણ ઘણા બધા વર્ણન કર્યા છે અને તે સૌનો ખુલાસો حَفِيّ અને بَارّ માં સામેલ છે.

અલ્લાહ તઆલાની રોજી તો સમગ્ર મખ્લૂક માટે સર્વસામાન્ય છે, દરિયા અથવા જમીનમાં રહેનારા તે જાનવરો જેને કોઈ જાણતું નથી તેને પણ તે રોજી પહોંચાડે છે. આ આયતમાં જે એવો ઈશારો કર્યો છે કે જેને ઇચ્છું છું રોજી આપું છું, તેનો ખુલાસો વધારે સ્પષ્ટ એ છે કે જેમકે તફસીરે મઝહરીએ અપનાવ્યો છે કે અલ્લાહ તઆલાની રોજીના અસંખ્ય પ્રકારો અને પદ્ધતિઓ છે. જરૂરત પ્રમાણે રોજી અને આર્થિક જરૂરિયાતો સૌના માટે સામાન્ય છે, પછી ખાસ ખાસ રોજીના પ્રકારોની વહેંચણીમાં પોતાની ઉચ્ચ કક્ષાની હિકમત વડે વિવિધ દરજ્જાઓ અને માપદંડો રાખ્યા છે. કોઈને માલ અને દોલતની રોજી વધારે આપી દીધી તો કોઈને તંદુરસ્તી અને શક્તિની તો કોઈને ઈલ્મની !

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

નોંધ

નેઅ્મતનો શુક્રિયા

– હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની સા. (રહ.)

૨૪ રબિઉલ આખર હિજરી સન ૧૩૯૨માં જુમેરાતના દિવસે સવારે "મઆરિફુલ કુર્આન"ની તફસીર અત્રે સુધી પહોંચાડયા પછી અને દારુલ

ઉલૂમના બીજા કામ કર્યા બાદ ઝુહ્‌રની નમાઝ અદા કરી અને કાગળો તકિયા નીચે દબાવીને મૂકયા કે ખાધા પછી થોડો આરામ કરીને પછી તફસીરનું કામ શરૂ કરીશ પરંતુ માનવી અને તેના ઈરાદાઓની કમજોરીનો અંદાજો એનાથી લગાવો કે આજે પૂરા ૫૬ દિવસ પછી ૨૦ જમાદિઊલ આખર હિજરી સન ૧૩૯૨ જુમેરાતના દિવસે ફરી તે કાગળો ઉપર કલમ ચલાવવાની નોબત ત્યાર પછી આવી કે એક મુદ્દત સુધી જિંદગીથી માયૂસી રહી અને કુર્આનની તફસીરનો દોઢ સિપારો જે લખવાનો બાકી હતો તેની પૂર્ણતાની વસિય્યત પોતાના પુત્ર મૌલ્વી મુહમ્મદ તકી સલ્લમહુને કરીને પોતાની હસરતની થોડી તસલ્લી કરી ચૂક્યો અને દિલને ફારિગ કરી ચૂક્યો હતો. ઘટના એવી બની હતી કે બપોરે ખાધા પછી મારી છાતીમાં સખત દુખાવો ઉપડયો જે બીજા દિવસે ડૉકટરોના નિદાન પ્રમાણે મારા હૃદય ઉપર સખત હુમલો (હાર્ટ એટેક) સાબિત થયો, મારા નિખાલસ મિત્ર મુહતરમ ડૉક્ટર સગીર અહમદ હાશમી (દા.બ.)ને અલ્લાહ તઆલાએ મારી બીજી જિંદગીનું માધ્યમ બનાવી દીધા, તેમણે પોતાની ખાસ યુક્તિથી મને તરત જ હૃદયરોગની હૉસ્પિટલમાં દાખલ કરી દીધો જ્યારે કે હું પોતાના અધિકારથી એવું કરવા ક્યારેય તૈયાર ન હતો, કારણ કે હૉસ્પિટલમાં બીમારોની સાથે વર્તનના જે નજરે જોયેલા પ્રસંગો જોતો આવ્યો હતો તેના કારણે મારું દિલ કદાપિ સંતોષિત ન હતું કે હું કોઈ હૉસ્પિટલમાં ખાસ કરીને જિંદગી અને મોતની કસ્મકસની હાલતમાં દાખલ થાઉં ! પરંતુ ડૉક્ટર સાહેબે અમુક તદ્‌બીર કરીને મને ત્યાં પહોંચાડી જ દીધા. પાછળથી સાબિત થયું કે તે જ મારી બીજીવારની જિંદગીનું જાહેર કારણ બન્યું, હૉસ્પિટલમાં રહ્યા વિના મારો ઈલાજ શકય ન હતો.

૨૫ રબિઊલ આખર હિજરી સન ૧૩૯૨ જુમેરાતના દિવસે હૃદયરોગની હૉસ્પિટલમાં દાખલ થયો અને અલ્હમ્દુલિલ્લાહ ! અહીંયાંના ડૉક્ટર નિષ્ણાત હોવાની સાથે સાથે હમદર્દ અને દયાળુ પણ સાબિત થયા. અમુક દિવસોમાં અલ્લાહ તઆલાએ ભયમુક્ત કર્યો અને વધારે કાળજીના ઈલાજ માટે ૩૨ દિવસ મારે હૉસ્પિટલમાં રહેવું પડયું. ૧૧ જુલાઈ ઈ.સ. ૧૯૭૨ના શનિવારના દિવસે મને હૉસ્પિટલથી છુટ્ટી મળી અને પોતાના સબિલીયા સ્થિત ઘરમાં અમુક અઠવાડિયા રોકાવાનો ઈરાદો કરી લીધો, અહીંયાં પણ કાળજી અને ઈલાજ ચાલુ રહ્યો. આજે ૨૦ જમાદિઊલ આખરના દિવસે જે અચાનક મારા પાકિસ્તાન

કરાચી પહોંચવાની તારીખ છે અને આજે પાકિસ્તાનમાં આવ્યે મને ૨૪ વર્ષ પૂરા થઈને ૨૫ મું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને અલ્હમ્દુલિલ્લાહ શક્તિ તંદુરસ્તી પણ હવે કંઈ ધીરે ધીરે વધી રહી છે તો અલ્લાહના નામ ઉપર આજે આ કાગળો ઉઠાવ્યા અને આ હાસિયો લખી દીધો.

તફસીરે "મઆરિફુલ કુર્આન"નું સ્વરૂપ એ છે કે જ્યારે આ ઘટના મારી સાથે બની તો હું "મઆરિફુલ કુર્આન"ને લગભગ અંતિમ કુર્આન સુધી લખી ચૂક્યો હતો. એક ખાસ કારણથી વચ્ચે છઠ્ઠી મંઝિલ રહી ગઈ હતી તેને લખવાનું કામ સૂરએ શૂરાના આ સ્થળ સુધી પહોંચ્યું હતું. આગળ લગભગ દોઢ સિપારો કુર્આને કરીમનો સૂરએ હુજરાત સુધી લખવાનો બાકી હતો. હવે અલ્લાહ તઆલાએ જાણે ફરીવાર જિંદગી અર્પણ કરી છે અને ઈલાજ કરનાર ડૉક્ટરોએ કંઈક લખવા પઢવાની છૂટ આપી દીધી છે તો નેક પુત્ર મૌલ્વી મુહમ્મદ તકીને સાથે લઈને અલ્લાહના નામથી આ કામ આજે ફરી શરૂ કર્યું છે. વલ્લાહુલ મુસ્તઆન. (નોંધ પૂર્ણ થઈ)

મઆરિફતના બીજા પ્રકારો અને પદ્ધતિઓના આધારે દરેક મનુષ્ય કોઈ બીજા મનુષ્યનો મોહતાજ પણ રહેતો હોય છે અને આ જ પરસ્પરની મોહતાજી તેમને પરસ્પર સહકાર અને સહાયતા માટે તૈયાર કરે છે જેના ઉપર માનવ સમાજના વિકાસનો પાયો રહેલ છે.

હઝરત જઅફર બિન મુહમ્મદ (રહ.)એ ફરમાવ્યું કે રોજીના મા'મલામાં અલ્લાહ તઆલાની રહમત અને મહેરબાની બંદાઓ ઉપર બે પ્રકારની છે, પ્રથમ તો એ કે દરેક સજીવને તેની યોગ્ય હાલત પ્રમાણે ખોરાક અને જરૂરિયાતો અર્પણ કરે છે, બીજું એ કે તે કોઈને તેની સંપૂર્ણ જિંદગીભરની રોજીને એકી સમયે નથી આપી દેતો નહિતર પ્રથમ તો તેનું રક્ષણ કરવું મુશ્કેલ થઈ ગયું હોત અને ગમે તેટલું રક્ષણ કરે તો પણ તે સડવાથી અને ખરાબ થઈ જવાથી ન બચી શક્યું હોત.

(મઝહરી, કુર્તુબી પ્રમાણે)

એક અસરકારક અમલ :

મવલાના શાહ અબ્દુલ ગની ફુલપુરી (રહ.)એ ફરમાવ્યું કે હઝરત હાજી

ઈમ્દાદુલ્લાહ (રહ.)થી નકલ થયેલ છે કે જે વ્યક્તિ સવારે સિત્તેર વખતે પાબંદીથી આ આયત પઢ્યા કરે તે રોજીની તંગીથી સુરક્ષિત રહેશે અને ફરમાવ્યું કે આ અમલ ખૂબ અસરકારક છે અને આયત તે જ છે જે ઉપર આવી છે.

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ۝

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૨૧ થી ૨૩)

اَمْ لَهُمْ شُرَكٰٓؤُا شَرَعُوْا لَهُمْ مِّنَ الدِّيْنِ مَا لَمْ يَاْذَنْۢ بِهِ اللّٰهُ ۭ وَلَوْلَا كَلِمَةُ
الْفَصْلِ لَقُضِيَ بَيْنَهُمْ ۭ وَاِنَّ الظّٰلِمِيْنَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۝٢١ تَرَى الظّٰلِمِيْنَ
مُشْفِقِيْنَ مِمَّا كَسَبُوْا وَهُوَ وَاقِعٌۢ بِهِمْ ۭ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فِيْ
رَوْضٰتِ الْجَنّٰتِ ۚ لَهُمْ مَّا يَشَاۗءُوْنَ عِنْدَ رَبِّهِمْ ۭ ذٰلِكَ هُوَ الْفَضْلُ
الْكَبِيْرُ ۝٢٢ ذٰلِكَ الَّذِيْ يُبَشِّرُ اللّٰهُ عِبَادَهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۭ
قُلْ لَّآ اَسْـَٔــلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى ۭ وَمَنْ يَّقْتَرِفْ حَسَنَةً نَّزِدْ لَهٗ
فِيْهَا حُسْنًا ۭ اِنَّ اللّٰهَ غَفُوْرٌ شَكُوْرٌ ۝٢٣

તરજુમો :

શું તેમના માટે અન્ય ભાગીદાર છે કે તેમણે તેમના માટે (એવા) દીનનો માર્ગ નાંખ્યો છે કે જેનો હુકમ અલ્લાહે નથી આપ્યો ? અને જો એક ફેંસલાની વાત નક્કી ન થઈ ચૂકી હોત તો તેમનામાં ફેંસલો થઈ ગયો હોત અને બેશક ! જે પાપીઓ (જાલિમો) છે તેમને દર્દનાક અઝાબ છે. (૨૧) તમે જાલિમો (ગુનેહગારો)ને જોશો કે પોતાની કમાઈથી ડરતા હશે અને તે તેમના ઉપર પડીને રહેશે અને જે લોકો ઈમાન લાવ્યા અને ભલાં કામ કર્યા જન્નતોના બગીચાઓમાં છે, તેઓ જે કંઈ ઇચ્છે તેમના માટે પોતાના પરવરદિગારની પાસે છે, આ જ મહાન ફઝ્લ (કૃપા) છે ! (૨૨) આ છે જેની ખુશખબરી અલ્લાહ પોતાના ઈમાનવાળા બંદાઓને આપે છે જેઓ ભલાં કામ કરે છે;

તમે કહો ! હું તમારી પાસેથી તેના ઉપર કંઈ બદલો નથી માંગતો પરંતુ સગપણમાં મહોબ્બત જોઈએ અને જે કોઈ નેકી કમાશે અમે તેને તેની ખુબી વધારી દઈશું, બેશક ! અલ્લાહ મા'ફ કરનારો અને કદરદાન છે. (૨૩)

તફસીર :

(સત્ય દીનને તો અલ્લાહે નિશ્ચિત અને નક્કી કરી દીધો છે પરંતુ આ લોકો જે તેને માનતા નથી તો) શું તેમના (કંઈક તજવીજ કરી રાખેલા) અમુક (અલ્લાહ તઆલાના તથાકથિત) ભાગીદારો છે જેમણે તેમના માટે એવો ધર્મ નક્કી કરી દીધો છે જેની અલ્લાહે પરવાનગી આપી નથી ? (મતલબ એ છે કે કોઈ હસ્તી એવી પાત્રતા ધરાવતી જ નથી કે અલ્લાહ તઆલા વિરુદ્ધ તેણે નક્કી કરેલ દીનને બદલી શકે) અને જો (અલ્લાહ તઆલા તરફથી) એક નિશ્ચિત વાયદો (પ્રથમથી નક્કી થયો) ન હોત (એટલે એ કે તેમના ઉપર વાસ્તવિક અઝાબ મૃત્યુ પછી થશે) તો (દુનિયામાં જ) તેમનો (અમલી) ફેંસલો થઈ ચૂક્યો હોત અને (આખિરતમાં) તે જાલિમોને અવશ્ય કષ્ટદાયક અઝાબ થશે (તે દિવસે) તમે તે જાલિમોને જોશો કે પોતાના કર્મો(ના વબાલ)થી ડરી રહ્યા હશે અને તે (વબાલ) તેમના ઉપર (અવશ્ય) પડીને રહેશે (આ તો ઈન્કારીઓની હાલત હશે) અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા કામ કર્યા (હશે) તેઓ જન્નતોના બગીચાઓ(માં પ્રવેશ) પામશે (જન્નતનું બહુવચન અત્રે એટલા માટે લાવવામાં આવ્યું છે કે જન્નતના વિવિધ તબક્કાઓ અને કક્ષાઓ છે, દરેક કક્ષા એક જન્નત છે અને દરેક તબક્કામાં અસંખ્ય બગીચાઓ છે, પોતપોતાના રૂત્બા પ્રમાણે કોઈ ક્યાં હશે તો બીજો અન્યત્ર હશે) તેઓ જે વસ્તુને ઈચ્છશે તેમના પરવરદિગારની પાસેથી તેમને મળશે, આ જ મોટું ઈનામ છે (તે ફના થનાર આરામ અને રાહત નથી જેમકે દુનિયામાં હોય છે) આ જ છે જેની બશારત અલ્લાહ જલ્લ શા'નુહૂ પોતાના બંદાઓને આપી રહ્યો છે જેઓ ઈમાન લાવ્યા અને ભલા કર્મ કર્યા (અને કારણ કે કાફિરો પૂરી વાત સાંભળતા પહેલાં જ જૂઠાડવામાં પ્રવીણ હતા, એટલા માટે આ વાતને પૂર્ણ કરતા પહેલાં જ એક વાક્યમાં કાફિરોને એક હૃદયદ્રાવક વાત સંભળાવવાનો હુકમ આપવામાં આવ્યો છે એટલે કે) તમે (તેમને) એવું કહો કે હું તમારાથી અન્ય કોઈ મતલબ નથી ઈચ્છતો માત્ર રિશ્તેદારીની મુહબ્બત સિવાય (એટલે કે એટલું ઈચ્છું છું કે તમારા સગપણના જે સંબંધો છે તેના હકનો તો

વિચાર કરો ! શું સગપણનો હક એ નથી કે મારી સાથે દુશ્મનાવટમાં ઉતાવળ ન કરો, બલકે શાંતિથી મારી પૂરી વાત સાંભળી લો અને તેને બુદ્ધિ અને દલીલના સાચા ત્રાજવાથી તોલો, જો યોગ્ય હોય તો કબૂલ કરો અને જો કોઈ શંકા હોય તો સાફ કરી લો અને જો કે અશક્ય છે પણ ધારી લો કે હું ખોટો છું તો મને સમજાવી આપો કે કઈ રીતે ? મતલબ કે જે વાત હોય ભલાઈથી હોય; ન જ કે તરત જ ભડકી ઉઠો !) અને (આગળ મો'મિનો માટે ખુશખબરી આપવામાં આવી છે એટલે કે) જે કોઈ વ્યક્તિ નેકી કરશે અમે તે (નેકી)માં ઔર ખુબી વધારી દઈશું (એટલે કે તેની ખુબીનો તકાદો સ્વાભાવિક રીતે જે પ્રમાણે સવાબ છે અમે તેને તેનાથી વધારે સવાબ આપીશું) બેશક ! અલ્લાહ (આજ્ઞાપાલક બંદાઓના ગુનાહોને) મોટો બખ્શનારો (અને તેમની નેકીઓનો) મોટો કદરદાન (અને સવાબ અર્પણ કરનાર) છે.

મસ્અલા અને બોધપાઠ :

قُلْ لَّآ اَسْـَٔـلُـكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى આ આયતની જે પ્રસ્તુત તફસીર ઉપરોક્ત ખુલાસામાં આવી ચૂકી છે તે જમહૂર તફસીરકારો દ્વારા નકલ કરવામાં આવી છે તથા પ્રચલિત છે જેનો ખુલાસો એ છે કે મારો અસલ હક તમારા સૌના ઉપર તો એ છે કે હું અલ્લાહનો રસૂલ છું, તમે તેનો સ્વીકાર કરો અને પોતાની સુધારણા તથા છુટકારા માટે મારી આજ્ઞાનું પાલન કરો પરંતુ જો મારી નુબુવ્વત અને રિસાલતનો તમે સ્વીકાર કરતા નથી તો ભલે પરંતુ મારો ઈન્સાનિયતના નાતે તથા કુટુંબના નાતે એક હક હજુ પણ બાકી છે જેનો તમે ઈન્કાર નથી કરી શકતા કે તમારા ઘણા કુટુંબોમાં મારું સગપણ અને નજીકના સંબધો છે, સગપણના હકો અને સીલારહમીની જરૂરતથી તમને પણ ઈન્કાર નથી તો હું તમને પોતાની તે સેવા જે તમારી તા'લીમ, તબ્લીગ અને અમલોની સુધારણા માટે કરું છું તેનું કોઈ વળતર પણ તમારી પાસે માંગતો નથી, માત્ર એટલું ઈચ્છું છું કે રિશ્તેદારીના હકનો તો વિચાર કરો ! વાતનું માનવું અથવા ન માનવું તમારા અખ્ત્યારમાં છે પરંતુ દુશ્મનાવટ અને અદાવતથી તો ઓછામાં ઓછા આ સગપણ અને નજીકના સંબંધો અવરોધક હોવા જોઈએ.

હવે એ વાત જાહેર છે કે સગપણના હકોની દરકાર રાખવી તે તેમની પોતાની ફરજ હતી, તેને કોઈ તા'લીમ અથવા તબ્લીગી સેવાનું વળતર કહી

શકાય નહીં. પ્રસ્તુત આયતમાં જે તેને اِسْتِثْنَاءٌ (ઈસ્તિષ્ના) દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે તો એ તો પારિભાષિક શબ્દોમાં اِسْتِثْنَاءِ مُنْقَطِع (ઈસ્તિષ્નાએ મુન્કતઅ્) છે જેમાં مُسْتَثْنٰی (મુસ્તષ્ના) એ مَجْمُوْعَهٗ مُسْتَثْنٰی مِنْهُ (મજ્મૂઅહ મુસ્તષ્ના મિન્હ)નો વિભાગ નથી હોતો અથવા તો પછી તે રૂપક અને اِدِّعَاءً مُعَاوَضَةً (ઈદ્દિઆઅન મુઆવઝહ) ઠરાવવામાં આવ્યું છે, જેનો ખુલાસો એ છે કે હું તમારી પાસેથી માત્ર એટલી વાત ઈચ્છું છું કે જો કે વાસ્તવમાં તે કોઈ વળતર નથી, તમે તેને વળતર સમજતા હોય તો તે તમારી પોતાની ભૂલ છે. આવા દષ્ટાંતો અરબી અને બિનઅરબી દરેક ભાષામાં જોવા મળે છે. મુતનબ્બી શાઈરે એક કોમની બહાદુરી વર્ણન કરતાં લખ્યું છે કે તેમનામાં કોઈ એબ નથી, માત્ર એટલી કે તેમની તલવારો યુદ્ધમાં વધારે વપરાશના કારણે ખાંડી થઈ ગઈ છે, દેખીતું છે કે બહાદૂર અને શૌર્ય માટે આ કોઈ એબ નથી બલકે એ હુનર છે, તે અરબી શે'ર આ પ્રમાણે છે,

وَلَا عَيْبَ فِيْهِمْ غَيْرَ اَنَّ سُيُوْفَهُمْ ؛ بِهِنَّ فُلُوْلٌ مِّنْ قِرَاعِ الْكَتَائِبِ

એક ઉર્દૂ શાયરે આ જ પ્રમાણે લખ્યું છે,

مجھ میں ایک عیب بڑا ہے کہ وفادار ہوں میں

મુજ મેં એક એબ બડા હૈ કે વફાદાર હું મૈં !

તેણે વફાદારીને પોતાની એબના શબ્દોથી ઓળખાવી પોતાની બેગુનાહીને ઘણી ઊંચી કરીને બતાવી છે.

ખુલાસો એ છે કે સગાઈના હકોની દરકાર રાખવી વાસ્તવમાં કોઈ વળતર નથી, હું તમારી પાસેથી તેના સિવાય કંઈ જ નથી ઈચ્છતો.

પ્રસ્તુત આયતની આ જ તફસીર સહીહૈનમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) દ્વારા નકલ થઈ છે અને તફસીરના ઈમામોમાં મુજાહિદ, કતાદહ અને ઘણા મોટા સમૂહે આ જ તફસીરને અપનાવી છે. આ બધા જ અંબિયા (અલૈ.)ની દરેક યુગમાં પુકાર રહી છે કે તેમણે પોતાની કોમને ખોલીને બતાવી આપ્યું કે અમે જે કંઈ તમારી ભલાઈ અને ખૈરખ્વાહી માટે પ્રયત્ન કરીએ છીએ તમારી પાસેથી તેનું કોઈ વળતર અમે નથી માંગતા, અમારું વળતર માત્ર અલ્લાહ તઆલા

આપનાર છે. સય્યિદુલ અંબિયા ﷺની શા'ન તો તે સૌમાં ઉચ્ચ કક્ષાની છે તેઓ કઈ રીતે કોમ પાસેથી કોઈ વળતર માંગે ?

હદીષના ઈમામ સઈદ બિન મન્સૂર, ઈબ્ને સઅદ, અબ્દ બિન હુમૈદ, હાકિમ અને બયહકીએ ઈમામ શઅ્બી (રહ.)થી આ ઘટના નકલ કરી છે અને હાકિમે તેની સનદ સહીહ કહી છે, કિસ્સો એમ છે કે ઈમામ શુઅ્બી કહે છે કે લોકોએ અમને આ આયતની તફસીર વિશે પ્રશ્નો કર્યા તો અમે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ને પત્ર લખીને તેની તફસીર પૂછી તો જવાબમાં લખ્યું કે,

اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ وَسَطَ النَّسَبِ فِيْ قُرَيْشٍ لَيْسَ بَطْنٌ مِّنْ بُطُوْنِهِمْ اِلَّا وَقَدْ وَلَدُوْهُ فَقَالَ اللّٰهُ تَعَالٰى قُلْ لَّا اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى اَىْ قُلْ لَّا اَسْئَلُكُمْ اَجْرًا عَلٰى مَا اَدْعُوْكُمْ عَلَيْهِ اِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبٰى تَوَدُّوْنِيْ لِقَرَابَتِيْ مِنْكُمْ وَتَحْفَظُوْنِيْ بِهَا. (روح)

"રસૂલે કરીમ ﷺ કુરૈશના એવા વંશ સાથે સંબંધ ધરાવતા હતા કે તેની હેઠળ આવતા દરેક કુટુંબ સાથે આપના જન્મનું સગપણ સ્થાપિત હતું, એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, તમે મુશ્રિકોને એવું કહો કે મારી દા'વત ઉપર હું કોઈ વળતર એ સિવાય નથી માંગતો કે તમે મારા સગપણનો આદર અને લિહાજ કરીને મને કોઈ તકલીફ આપ્યા વિના પોતાની વચ્ચે રહેવા દો અને મારું રક્ષણ કરો."

અને ઈબ્ને જરીર (રહ.) વગેરેએ આ શબ્દો પણ નકલ કર્યા છે,

يَا قَوْمِ اِذَا اَبَيْتُمْ اَنْ تَتَّبِعُوْنِيْ فَاحْفَظُوْا قَرَابَتِيْ مِنْكُمْ وَلَا يَكُوْنُ غَيْرُكُمْ مِنَ الْعَرَبِ اَوْلٰى بِحِفْظِيْ وَنُصْرَتِيْ مِنْكُمْ. (روح)

"હે કોમ ! જો તમે મારા અનુસરણથી ઈન્કાર કરો છો તો તમારો જે મારી સાથે સગપણનો રિશ્તો છે તેનો આદર તો કરો ! એવું ન થાય કે અરબના બીજા લોકો (જેમની સાથે મારું સગપણ નથી) મારા રક્ષણ અને મારી મદદમાં તમારા ઉપર બાજી મારી જાય !"

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી જ ઝઈફ સનદ સાથે એક રિવાયત આ પણ નકલ થઈ છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો અમુક લોકોએ રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે તમારા સગપણમાં કોણ લોકો છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલી અને ફાતિમા (રદિ.) અને તેમની અવલાદ. આ રિવાયતની સનદને દૂર્રે મન્સૂરમાં સુયૂતિએ અને હદીષોના વિવરણ કશ્શાફમાં હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ ઝઈફ ઠરાવી છે અને કારણ કે તેનો ખુલાસો એવો થાય છે કે હું પોતાની સેવાનું એટલું વળતર માંગું છું કે મારી અવલાદની તમે રિઆયત કર્યા કરો જે બધા અંબિયા (અલૈ.) ખાસ કરીને રસૂલે કરીમ ﷺની શા'નના યોગ્ય પણ નથી, એટલા માટે પ્રચલિત અને સાચી તફસીર જમહૂર ઉમ્મત નજીક તે જ છે જે ઉપર લખવામાં આવી છે. રવાફિઝોએ આ રિવાયતને ન જ માત્ર અપનાવી બલકે તેના ઉપર કિલ્લા ચણી નાંખ્યા જેનો કોઈ આધાર નથી.

આલે રસૂલ ﷺ (રસૂલે કરીમ ﷺની અવલાદ)ના સન્માન અને મહોબ્બતનો મસ્અલો :

ઉપરોક્ત જે કંઈ લખ્યું છે તેનો સંબંધ માત્ર એ વાત સાથે છે કે પ્રસ્તુત આયત દર્શાવે છે કે રસૂલે કરીમ ﷺએ પોતાની સેવાના બદલામાં કોમ પાસેથી પોતાની અવલાદની મહોબ્બત અને સન્માન માટે કોઈ દરખાસ્ત કરી નથી, કોઈના મતે તેનો એવો અર્થ નથી કે પોતાની જગ્યાએ આલે રસૂલ ﷺની મહોબ્બત અને સન્માન કોઈ મહત્ત્વ ધરાવતું નથી, એવો વિચાર કોઈ બદબખ્ત અને ગુમરાહ જ કરી શકે છે. વાસ્તવમાં મસ્અલો એવો છે કે રસૂલે કરીમ ﷺનું સન્માન અને મહોબ્બત સમગ્ર સૃષ્ટિથી વધારે હોવું ઈમાનનો ભાગ બલકે ઈમાનનો આધાર છે અને એટલા માટે જરૂરી છે કે જેને જે પ્રમાણે રસૂલે કરીમ ﷺ સાથે નજીકનો સંબંધ છે તેનું સન્માન અને મહોબ્બત પણ એ જ આધારે વાજિબ અને જરૂરી હોવામાં કોઈ શંકા નથી કે માનવીની પોતાની સગી અવલાદ સંબંધમાં સૌથી વધારે નજીક હોય છે તેથી તેમની મહોબ્બત નિઃશંક ઈમાનનો ભાગ છે પરંતુ તેનો એવો અર્થ નથી કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) (રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓ) અને બીજા સહાબએ કિરામ (રદિ.) જેમના રસૂલે કરીમ ﷺ સાથે વિવિધ પ્રકારના સગાઈ સંબંધો અને રિશ્તેદારીઓ છે તેમને ભૂલાવી દેવામાં આવે.

ખુલાસો એ છે કે "અહ્લે બયૂત" અને આલે રસૂલ ﷺના મસ્અલા સંબંધી ઉમ્મતમાં ક્યારેય મતભેદ રહ્યો નથી, સર્વસહમતી અને એકમતે સૌના નજીક તેમની મહોબ્બત અને સન્માન જરૂરી છે, મતભેદ ત્યાં પેદા થાય છે જ્યાં બીજાઓના સન્માન અને ઈજ્જત ઉપર હુમલો કરવામાં આવે છે નહિતર આલે રસૂલ ﷺ હોવાના સ્વરૂપે સામાન્ય સાદાત (સય્યિદો) ભલે તેમના વંશનો ક્રમ કેટલોય દૂરનો કેમ ન હોય તેમની મહોબ્બત અને સન્માન એ મહાન ખુશનસીબી અને સવાબનું કારણ છે અને કારણ કે ઘણા લોકો તેમાં ઉણપ વર્તવા લાગ્યા એટલા માટે ઈમામ શાફઈ (રહ.)એ અમુક શે'રોમાં તેની સખત ટીકા કરી છે, તે શે'રો આ પ્રમાણે છે અને વાસ્તવમાં આ જ જમહૂર ઉમ્મતનો મસ્લક અને અકીદહ છે.

يَا رَاكِبًا قِفْ بِالْمُحَصَّبِ مِنْ مِنًى　　وَاهْتِفْ بِسَاكِنِ خَيْفِهَا وَالنَّاهِضِ
سَحَرًا اِذَا فَاضَ الْحَجِيْجُ اِلٰى مِنًى　　فَيْضًا كَمُلْتَطِمِ الْفُرَاتِ الْفَائِضِ
إِنْ كَانَ رَفْضًا حُبُّ اٰلِ مُحَمَّدٍ　　فَلْيَشْهَدِ الثَّقَلَانِ اَنِّیْ رَافِضِیْ

એટલે કે હે ઘોડે સવાર ! મીનાની વાદીએ મુહસ્સિબ પાસે રોકાઈ જા અને જ્યારે સવારના સમયે હાજીઓનો રેલો એક મોજાં મારતા દરિયા જેમ મીના તરફ રવાના થાય તો તે ઈલાકાના દરેક નિવાસી અને દરેક વટેમાર્ગુથી પોકાર કરીને એવું કહી આપ કે જો માત્ર આલે રસૂલ ﷺની મહોબ્બતનું નામ જ "રફ્ઝ" છે તો આ સૃષ્ટિના બધા જ જિન્નાતો અને માનવો ગવાહ રહે કે હું પણ "રાફઝી" છું.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૨૪-૨૫-૨૬)

اَمْ يَقُوْلُوْنَ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ۚ فَاِنْ يَّشَاِ اللّٰهُ يَخْتِمْ عَلٰى قَلْبِكَ ؕ وَيَمْحُ اللّٰهُ الْبَاطِلَ وَيُحِقُّ الْحَقَّ بِكَلِمٰتِهٖ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿۲۴﴾ وَهُوَ الَّذِیْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَعْفُوْا عَنِ السَّيِّاٰتِ وَيَعْلَمُ مَا تَفْعَلُوْنَ ﴿۲۵﴾ وَيَسْتَجِيْبُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَيَزِيْدُهُمْ مِّنْ فَضْلِهٖ ؕ وَالْكٰفِرُوْنَ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ﴿۲۶﴾

તરજુમો :

શું તેઓ કહે છે કે તેણે અલ્લાહ ઉપર જૂઠ ઘડ્યું ? બસ જો અલ્લાહ ઈચ્છે તમારા દિલ ઉપર મહોર મારી (સીલ લગાવી) દે અને અલ્લાહ જૂઠને મિટાવે છે અને પોતાની વાતોથી સત્યને સાબિત કરે છે, બેશક ! તેને ખબર છે જે દિલોમાં છે. (૨૪) અને તે જ છે જે પોતાના બંદાઓની તવબહ કબૂલ કરે છે અને બુરાઈઓ મા'ફ કરે છે અને જાણે છે જે કંઈ તમે કરો છો. (૨૫) અને ઈમાનવાળાઓની દુઆ સાંભળે છે જેઓ ભલા કામ કરે છે અને તેમને પોતાની કૃપાથી વધારે આપે છે અને જેઓ ઈન્કારી છે તેમના માટે કઠોર અઝાબ છે. (૨૬)

તફસીર :

(હે નબી ﷺ !) શું આ લોકો (તમારા વિશે નઊઝુબિલ્લાહ !) એવું કહે છે કે તેણે અલ્લાહ ઉપર જૂઠું બોહતાન બાંધી રાખ્યું છે ? (કે નુબુવ્વત અને વહીનો અવાસ્તવિક દા'વો કર્યો છે ?) બસ (તેમનું આ નિવેદન જાતે જ એક આક્ષેપ છે એટલા માટે કે આપ ﷺની સત્ય ઉચ્ચારતી જીભ દ્વારા અલ્લાહનું આ મહાન સન્માનનીય કલામ કહેવાઈ રહ્યું છે જે સાચા નબી સિવાય કોઈની જીભ ઉપર આવી નથી શકતું, જો નઊઝુબિલ્લાહ ! તમે પોતાના રિસાલતના દા'વામાં સાચા ન હોત તો અલ્લાહ તઆલા આ કલામ તમારા ઉપર ઉતારતો ન હોત એટલા માટે) અલ્લાહ(ને એવી શક્તિ પ્રાપ્ત છે કે) જો (તે) ઈચ્છે તો તમારા દિલ ઉપર સીલ મારી દે (અને આ કલામ તમારા દિલ ઉપર ન ઉતારે, ન જ બાકી રહે બલકે તે જતું રહે અને તમે બિલકુલ ભૂલી જાઓ અને આવા સ્વરૂપમાં દેખીતું છે કે જીભ દ્વારા તે અસ્તિત્વમાં આવી જ નથી શકતું) અને અલ્લાહ (ની એવી ટેવ છે કે તે નુબુવ્વતના) જૂઠ (અને ખોટા દા'વા)ને મિટાવી દે છે (ચાલવા નથી દેતો એટલે કે એવા જૂઠા દા'વેદારોના હાથે મોઅ્જિઝાઓ જાહેર નથી થતા) અને (નુબુવ્વતના) સત્ય (દા'વા)ને પોતાના હુકમોથી સાબિત (અને ગાલિબ) કર્યા કરે છે (બસ તમે સાચા છો અને તેઓ જૂઠા છે અને કારણ કે) તે (એટલે કે અલ્લાહ તઆલા) દિલો (સુદ્ધાં)ની વાતો જાણે છે (પછી જીભથી કહેવામાં આવેલ નિવેદનો તથા શારીરિક પ્રવૃત્તિઓ તો પ્રથમ દરજ્જાએ જાણે છે, બસ અલ્લાહ

તઆલાને તે લોકોની માન્યતાઓ, નિવેદનો અને કર્મો બધાની ખબર છે, તે સૌને ભારે સજા આપશે, હા ! જે લોકો પોતાના કુફ્ર અને દુષ્કર્મોથી તવબહ કરી લે તેમને મા'ફ કરી દેશે કારણ કે આ તેનો કાનૂન છે) અને તે એવો (દયાળુ) છે કે પોતાના બંદાઓની તવબહ (અમુક શરતો સાથે) કબૂલ કરે છે અને તે (એ તવબહની બરકતથી) બધા (પાછલા) ગુનાહ મા'ફ કરી આપે છે અને જે કંઈ તમે કરો છો તે એ (સઘળું) જાણે છે (બસ તેને એ પણ ખબર છે કે તવબહ સાચા હૃદયથી કરી છે અથવા ઉપરછલ્લી !) અને (જ્યારે કોઈ વ્યક્તિ કુફ્રથી તવબહ કરીને મુસલમાન થઈ ગયો તો તેની જે ઇબાદતો પ્રથમ કબૂલ થઈ ન હતી હવે કબૂલ થવા લાગશે, કારણ કે અલ્લાહ તઆલા) તે લોકોની ઇબાદત (એ શરતે કે તે દેખાડા માટે ન હોય) કબૂલ કરે છે જેઓ ઈમાન લાવ્યા અને તેમણે નેક અમલ કર્યા (તે ઇબાદતો આ જ નેક અમલો છે અને તેને કબૂલ કરવાનો અર્થ એ છે કે તેમને સવાબ આપે છે) અને (સવાબ ઉપરાંત જે આ અમલનો સ્વાભાવિક તકાદો છે) તેમને પોતાની કૃપાથી ઓર વધારે (સવાબ) આપે છે (આ તો ઈમાનવાળાઓ માટે થયું) અને જે લોકો કુફ્ર (ઉપર હઠાગ્રહ) કરી રહ્યા છે (અને ઈમાન નથી લાવ્યા) તેમના માટે સખત અઝાબ (નક્કી) છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત તથા કુર્આનને ગલત અને અલ્લાહ તઆલા ઉપર જૂઠ ઘડ્યું હોવાનું કહેનારાઓને પોતાનો એક સામાન્ય નિયમ બતાવીને જવાબ આપ્યો છે જેનો ખુલાસો એ છે કે એવા કામ જે સ્વાભાવિક રીતે મનુષ્ય નથી કરી શકતો જેને પ્રાકૃતિક નિયમો વિરુદ્ધ ઘટેલ ઘટના અથવા મોઅ્જિઝો કહેવામાં આવે છે, જો કે અમુક જાદૂગરો અને સાહિરો પણ પોતાના સિહ્ર અને જાદૂ વડે એવા કામ કરી બતાવે છે, એ તો દેખીતું છે કે તે બંનેમાંથી કોઈ પણ અલ્લાહ તઆલાની ઇબાદત અને ઇચ્છા વિના કંઈ જ કરી શકતા નથી, અલ્લાહ તઆલા જ પોતાની કૃપા વડે અંબિયા (અલૈ.)ની નુબુવ્વત સાબિત કરવા માટે તેમને મોઅ્જિઝાઓ આપે છે જેમાં પયગમ્બરનો પોતાનો પણ કોઈ અખ્ત્યાર નથી હોતો.

એ જ પ્રમાણે જાદૂગરોનો જાદૂ પણ પોતાની હિકમત, પરીક્ષા અને

કસોટીની બીનાએ ચાલવા દે છે પરંતુ જાદૂ અને મોઅ્જિઝામાં તફાવત તથા નબી અને જાદૂગરમાં ભેદ કરવા માટે તેણે એ નિયમ લાગુ પાડી રાખ્યો છે કે જે વ્યક્તિ નુબુવ્વતનો જૂઠો દા'વો કરે તેના હાથે કોઈ જાદૂ અથવા સિહ્ર સફળ થતું નથી જ્યાં સુધી કે તે નુબુવ્વતનો દા'વો નથી કરતો તેનું જાદૂ ચાલે છે, નુબુવ્વતનો જૂઠો દા'વો કર્યા પછી અલ્લાહ તઆલા તેનું જાદૂ ચાલવા દેતો નથી.

અને જેને અલ્લાહ તઆલાએ નુબુવ્વત અને રિસાલત અર્પણ કરી છે તેમને મોઅ્જિઝાઓ પણ અર્પણ કર્યા છે અને તેમને મોઅ્જિઝાઓ પ્રગટ કરવાની શક્તિ આપે છે, એ જ પ્રમાણે તક્વીની અને તકદીરી રીતે તેમની નુબુવ્વતને સાબિત કરી આપે છે, બીજું પોતાના કલામની આયતોમાં તેમની ખરાઈ નાઝિલ કરે છે.

જ્યારે આ નિયમની જાણ થઈ તો હવે એવું સમજી લો કે કુર્આને કરીમ એક મોઅ્જિઝો છે કે સમગ્ર દુનિયાના જિન્નાતો અને માનવી તેની એક આયતનું દૃષ્ટાંત બનાવવાથી લાચાર છે જેનું સન્માન અને મહાનતા નુબુવ્વતના સમયકાળમાં જ સાબિત થઈ ચૂકી અને આજ સુધી કાયમ છે, આવો ખુલ્લો મોઅ્જિઝો કેવી રીતે જૂઠા નુબુવ્વતના દા'વેદારથી ઉપરોક્ત નિયમ પ્રમાણે અસ્તિત્વમાં આવી શકે ? તેથી રસૂલે કરીમ ﷺનો વહી અને રિસાલતનો દા'વો સાચો અને સત્ય છે, તેને ખોટો અથવા જૂઠ ઘડી કાઢેલું કહેનાર માત્ર ગુમરાહ અને બોહતાન બાંધનાર છે.

બીજી આયતમાં ઈન્કારીઓ અને વિરોધીઓને એવો બોધાપાઠ આપવામાં આવ્યો છે કે હજુ પણ કુફ્ર અને ઈન્કારથી અટકી જાઓ અને તવબહ કરી લો અલ્લાહ તઆલા ઘણો દયાળુ અને કૃપાળુ છે, તવબહ કરનારની તવબહ કબૂલ કરી લે છે અને તેમની ભૂલો મા'ફ કરી આપે છે.

તવબહની વાસ્તવિકતા :

"તવબહ"નો શાબ્દિક અર્થ "પાછા વળવું અથવા શરણે જવું" થાય છે અને શરઈ પરિભાષામાં "કોઈ ગુનાહથી અટકી જવા"ને તવબહ કહે છે, તવબહ સાચી અને ભરોસાપાત્ર હોવા માટે ત્રણ શરતો છે.

એક એ કે જે ગુનાહમાં હાલમાં સંડોવાયેલો છે તેને તરત જ છોડી દે, બીજું

એ કે ભૂતકાળમાં જે ગુનાહ થયા તેના ઉપર પસ્તાવો કરે અને ત્રીજું એ કે હવે પછી તેને છોડી દેવાનો પાકો નિર્ધાર કરે અને જો કોઈ શરઈ ફરજ છૂટી ગયો હોય તો તેને અદા કરવામાં અને કઝા કરવામાં લાગી જાય અને જે ગુનાહ બંદાના હકો વિશેનો છે તો તેમાં એક શરત એ પણ છે કે જો કોઈનો માલ પોતાના ઉપર ફરજ છે અને તે વ્યક્તિ જીવીત છે તો યા તો તેને તે માલ પાછો આપે અથવા તેની પાસે મા'ફ કરાવી લે અને જો તે જીવીત નથી અને તેના વારસદારો મોજૂદ છે તો તેમને પાછો આપે, જો તેમના વારસદારો પણ નથી તો બયતુલ માલ (ઈસ્લામી રાજ્યની સરકારી તિજોરી)માં જમા કરાવે, બયતુલ માલ પણ નથી અથવા તેની વ્યવસ્થા બરાબર નથી તો તેના તરફથી તે સદકહ કરી દે અને જો કોઈ આર્થિક બાબતો સિવાયનો હક્ક પોતાના માથે ફરજ છે, દાખલા તરીકે કોઈને નાહક સતાવ્યો છે, બુરું ભલું કહ્યું છે અથવા તેની ગીબત કરી છે તો તેને જે રીતે શક્ય હોય રાજી કરીને તેની મા'ફી પ્રાપ્ત કરે.

આ તો દરેક પ્રકારની તવબહ માટે જરૂરી છે જ કે ગુનાહને છોડવો અલ્લાહ માટે હોય, પોતાની કોઈ શારીરિક કમજોરી અથવા મજબૂરીની બીનાએ ન હોય, શરીઅતમાં મૂળ ઈચ્છનીય બાબત તો એ છે કે તવબહ બધા જ ગુનાહોથી કરવામાં આવે પરંતુ જો માત્ર કોઈ ખાસ ગુનાહની તવબહ કરવામાં આવે તો અહલે સુન્નતના મસ્લક પ્રમાણે તે ગુનાહની મર્યાદા સુધી તો મા'ફી મળી જશે પરંતુ બીજા ગુનાહોનો વબાલ માથા ઉપર રહેશે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૨૭ થી ૩૫)

وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا فِي الْاَرْضِ وَلٰكِنْ يُّنَزِّلُ بِقَدَرٍ مَّا يَشَآءُ ۭ اِنَّهٗ
بِعِبَادِهٖ خَبِيْرٌۢ بَصِيْرٌ ﴿٢٧﴾ وَهُوَ الَّذِيْ يُنَزِّلُ الْغَيْثَ مِنْۢ بَعْدِ مَا قَنَطُوْا وَيَنْشُرُ رَحْمَتَهٗ ۭ
وَهُوَ الْوَلِيُّ الْحَمِيْدُ ﴿٢٨﴾ وَمِنْ اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَثَّ فِيْهِمَا مِنْ
دَآبَّةٍ ۭ وَهُوَ عَلٰي جَمْعِهِمْ اِذَا يَشَآءُ قَدِيْرٌ ﴿٢٩﴾ وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ
اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ﴿٣٠﴾ وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ فِي الْاَرْضِ ښ وَمَا لَكُمْ مِّنْ

دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿٣١﴾ وَمِنْ اٰيٰتِهِ الْجَوَارِ فِي الْبَحْرِ كَالْاَعْلَامِ ﴿٣٢﴾ اِنْ
يَّشَاْ يُسْكِنِ الرِّيْحَ فَيَظْلَلْنَ رَوَاكِدَ عَلٰى ظَهْرِهٖ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ
شَكُوْرٍ ﴿٣٣﴾ اَوْ يُوْبِقْهُنَّ بِمَا كَسَبُوْا وَيَعْفُ عَنْ كَثِيْرٍ ﴿٣٤﴾ وَّيَعْلَمَ الَّذِيْنَ يُجَادِلُوْنَ
فِيْٓ اٰيٰتِنَا ؕ مَا لَهُمْ مِّنْ مَّحِيْصٍ ﴿٣٥﴾

તરજુમો :

અને જો અલ્લાહ પોતાના બંદાઓને રોજી ફેલાવી દે તો પ્રદેશમાં ધૂમ મચાવી દે અને પરંતુ જેટલી ઈચ્છે છે માપીને ઉતારે છે, બેશક ! તે પોતાના બંદાઓની ખબર રાખે છે, સઘળું જુએ છે. (૨૭) અને તે જ છે જે વરસાદ ઉતારે છે તે પછી કે આશા તોડી ચૂક્યા અને પોતાની રહમત ફેલાવે છે અને તે જ છે કામ બનાવનાર બધા વખાણોના પાત્ર ! (૨૮) અને એક તેની નિશાની છે આસમાનોનું બનાવવું અને જમીનનું અને જે પ્રમાણે તેમાં જાનવરો ફેલાયેલા છે અને તે જ્યારે ઈચ્છે તે સૌને એકઠા કરી શકે છે. (૨૯) અને તમારા ઉપર જે કોઈ મુસીબત પડે બસ તે તેનો બદલો છે જે તમારા હાથોએ કમાયું અને ઘણા ગુનાહો મા'ફ કરે છે. (૩૦) અને તમે પૃથ્વીમાં નાસદોડ કરી (અલ્લાહ તઆલાને) થકવનાર નથી અને તમારું અલ્લાહના સિવાય કોઈ કામ બનાવનાર નથી અને ન જ મદદગાર ! (૩૧) અને એક તેની નિશાની છે દરિયામાં જહાઝો ચાલે છે જાણે કે પહાડ. (૩૨) જો ઈચ્છે તો હવાને રોકી લે, પછી આખો દિવસ તેની પીઠ ઉપર થોભેલા રહે, બેશક ! તે વાતમાં નિશાની છે દરેક ધીરજ ધરનાર (કાયમ રહેનાર) માટે જેઓ અહેસાન માને છે. (૩૩) અથવા તેમને તબાહ કરી દે તેમની કમાઈના કારણે અને ઘણાઓને મા'ફ પણ કરી આપે. (૩૪) અને જેથી તે લોકો જાણી લે જેઓ અમારી આયતોમાં ઝઘડે છે કે તેમના માટે નાસવાની જગ્યા નથી. (૩૫)

તફસીર :

અને (અલ્લાહ તઆલાની હિકમતની સિફતની નિશાનીઓમાંથી એ છે કે

તેણે દરેકને વધારે માલ નથી આપ્યો કારણ કે) જો અલ્લાહ તઆલાએ પોતાના બધા બંદાઓ માટે (પ્રસ્તુત પરિસ્થિતિ પ્રમાણે જેવો એમનો સ્વભાવ છે) રોજી વિસ્તારી આપી હોત તો તેઓ દુનિયામાં (ખાસ કરીને) શરારત કરવા લાગ્યા હોત (કારણ કે જો બધા માણસો માલદાર થઈ ગયાં હોત તો કોઈ કોઈનો સદંતર મોહતાજ જ ન હોત તો કોઈપણ કોઈને કંઈ આપતું ન હોત) પરંતુ (એવું પણ નથી કર્યું કે બિલકુલ જ કોઈને કંઈ ન આપ્યું હોય બલકે) જેટલી રોજી ઈચ્છે છે (યોગ્ય) અંદાજથી (દરેકના માટે) ઉતારે છે (કારણ કે) તે પોતાના બંદાઓ(ની જરૂરિયાતો)ને જાણનારો (અને તેમની હાલત) જોનારો છે અને તે એવો (મહાદયાળુ) છે જે (ઘણા વખતે) લોકોના નિરાશ થઈ ગયા પછી વરસાદ વરસાવે છે અને પોતાની રહમત(ની નિશાનીઓ દુનિયામાં) ફેલાવે છે (નિશાનીઓથી ભાવાર્થ વનસ્પતિ અને ફળ ફૂલ વગેરે છે) અને તે (સૌનો) કાર્યસાધક (અને તે કાર્યસાધકપણા ઉપર) તા'રીફના લાયક છે અને તેની (કુદરતની) નિશાનીઓમાં આસમાનોનું અને જમીનનું બનાવવું છે અને સજીવોનું જે તે જમીન અને આસમાનમાં ફેલાવી રાખ્યા છે (તે છે) અને તે (કયામતના દિવસે ફરીવાર જીવીત કરીને) તે (મખ્લૂકો)ને એકઠી કરી લેવા ઉપર પણ જયારે તે (એકઠી કરવા) ઈચ્છે શક્તિમાન છે અને (તે બદલો લેનારો પરંતુ સાથે જ મા'ફ કરનારો પણ છે એટલા માટે) તમને (હે ગુનેહગારો !) જે કંઈ મુસીબત (વાસ્તવમાં) પહોંચે છે તો તે તમારા જ હાથોએ કરેલ કામોથી પહોંચે છે (અને તો પણ દરેક ગુનાહ ઉપર નહીં બલકે અમુક અમુક ગુનાહ ઉપર) અને ઘણા (ગુનાહો)થી દરગુઝર જ કરે છે (ભલે બંને દુનિયામાં અથવા માત્ર દુનિયામાં) અને (જો તે સૌના ઉપર પકડ કરવા લાગે તો) તમે જમીન(ના કોઈ ભાગ)માં (શરણ લઈને તેને) હરાવી નથી શકતા અને (એવા વખતે) અલ્લાહ સિવાય તમારો કોઈ હિમાયતી મદદગાર નથી (હોઈ શકતો) અને તેની (સંપૂર્ણ કુદરતની) નિશાનીઓમાં જહાઝ છે સમંદરમાં (એવા ઊંચા) જેમકે પહાડ, (ભાવાર્થ એ છે કે તેમનું સમંદરમાં ચાલવું અલ્લાહ તઆલાની આશ્ચર્યજનક કારીગીરીની દલીલ છે નહિતર) જો તે ઈચ્છે તો હવાને રોકી રાખે તો તે (જહાઝ) સમંદરની સપાટી ઉપર જ ઊભા રહી જાય (એ તેનું જ કામ છે કે હવાને ચલાવે છે અને તેનાથી તે જહાઝ ચાલે છે) બેશક ! તેમાં (કુદરત ઉપર દલીલો કરનારી)

નિશાનીઓ છે દરેક સબ્ર કરનાર અને શુક્ર કરનાર (એટલે કે મો'મિન) માટે (તેનો ખુલાસો સૂરએ લુકમાનના અંતિમ રુકૂઅ્માં આ પ્રમાણેની આયત હેઠળ પસાર થઈ ચૂક્યો છે, મતલબ કે જો તે ઈચ્છે તો હવાને થોભાવીને જહાઝને ઊભું કરી દે) અથવા (જો તે ઈચ્છે તો તેજ ગતિવાળી હવા ચલાવીને) તે જહાઝ(ના સવારો)ને તેમના (કુફ્ર અને શિર્ક જેવા ખરાબ) અમલોના કારણે તબાહ કરી દે અને (તેમનામાં) ઘણા વ્યક્તિઓથી દરગુઝર કરવામાં આવે (એટલે કે તે સમયે તેઓ ડૂબે નહીં ભલે આખિરતમાં તેમને સજા મળે) અને (આ તબાહીના સમયે) તે લોકોને જેઓ અમારી આયતોમાં ઝઘડો કરે છે ખબર થઈ જાય કે (હવે) તેમના માટે ક્યાંય બચાવ(નું સ્વરૂપ) નથી (એવા સમયે તેઓ પણ પોતાના આગેવાનોને લાચાર સમજે છે).

મસ્અલા અને બોધપાઠ :

શા'ને નુઝૂલ અને આયતોનો ક્રમ :

આ આયતોમાં અલ્લાહ તઆલાએ તવહીદના અકીદાને સાબિત કરવા માટે પોતાની તે ઉચ્ચ કક્ષાની હિકમતનું વર્ણન કર્યું છે જેના દ્વારા તેણે સૃષ્ટિને એક મજબૂત વ્યવસ્થામાં જકડેલ છે અને એનો મકસદ એ છે કે સૃષ્ટિની આ મજબૂત વ્યવસ્થા એ વાતની સ્પષ્ટ દલીલ છે કે કોઈ સર્વ હિકમતોનો માલિક અને સર્વજ્ઞ હસ્તી જ તેને ચલાવી રહી છે.

આ વિષયની શરૂઆત અલ્લાહ તઆલાએ પોતાની તે આર્થિક વ્યવસ્થા તરફ ઈશારો કરીને કરી છે જે તેણે પોતાની હિકમતથી દુનિયામાં લાગુ પાડી રાખી છે અને આ વિષય પાછલી આયતો સાથે એ રીતે જોડાયેલ છે કે પાછલી આયતોમાં એવું વર્ણન કરવામાં આવ્યું હતું કે અલ્લાહ તઆલા મો'મિનોની ઈબાદતને કબૂલ કરે છે જેમાં તેની દુઆઓની સ્વીકૃતિ પણ સામેલ છે, હવે અત્રે એવી શંકા થઈ શકતી હતી કે એ વાત મોટે ભાગે નજરે પડે છે કે મુસલમાન પોતાના કોઈ દુનિયવી હેતુ માટે દુઆ કરે છે પરંતુ તે હેતુ પૂર્ણ થતો નથી તો તે શંકાનો જવાબ પ્રસ્તુત ઉપરોક્ત આયતોમાંની સૌ પ્રથમ આયતમાં આપવામાં આવ્યો છે અને તેનો ખુલાસો એ છે કે માનવીની દરેક ઈચ્છા પૂર્ણ કરવી અમુક સમયે પોતે માનવીના વ્યક્તિગત અથવા સામૂહિક હિત વિરુદ્ધ હોય છે તેથી જો

કોઈ સમયે કોઈ વ્યક્તિની કોઈ દુઆ દેખીતી રીતે કબૂલ ન થાય તો તેની પાછળ સૃષ્ટિની તે મહાન મસ્લિહતો (હિતરક્ષા) હોય છે જેને તે સર્વજ્ઞ અને હકીમ સર્જનહાર સિવાય કોઈ નથી જાણતું, જો દુનિયામાં દરેક માનવીને દરેક પ્રકારની રોજી અને દરેક પ્રકારની નેઅ્મતો અતા કરવામાં આવે તો દુનિયાની આ વ્યવસ્થા હિકમત સાથે ચાલી નથી શકતી. *(તફસીરે કબીર)*

આથી અમુક રિવાયતોથી એ બાબતનું સમર્થન થાય છે કે આ આયત તે મો'મિનો વિશે નાઝિલ થઈ હતી જેઓ કાફિરોના માલ અને દોલત જોઈને તમન્ના કર્યા કરતા હતા કે આ વિશાળતા અને છૂટછાટ અમને પણ પ્રાપ્ત થઈ જાય. ઈમામ બગવી (રહ.)એ હઝરત ખબ્બાબ બિન અરત (રદિ.)નું આ નિવેદન નકલ કર્યું છે કે અમે બનુ કુરયઝા, બનુ નઝીર અને બનુ કૈનકાઅ્ના માલ અને દોલત જોઈ તો અમારા દિલોમાં પણ માલદારીની તમન્ના પેદા થઈ તેના ઉપર આ આયત નાઝિલ થઈ અને હઝરત અમ્ર બિન હરિષ (રદિ.) ફરમાવે છે કે "અસ્હાબે સુફ્ફા"માંથી અમુક લોકોએ રસૂલે કરીમ ﷺની સામે એવી ઈચ્છા પ્રગટ કરી હતી કે અલ્લાહ તઆલા અમને માલદાર બનાવી આપે તેના ઉપર આ આયત નાઝિલ થઈ. *(રૂહુલ મઆની વગેરે)*

દુનિયામાં દોલતની જાહેર છૂટછાટ ફસાદનું કારણ બને છે :

આ આયતમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે કે જો દુનિયામાં દરેક વ્યક્તિ ઉપર દરેક પ્રકારની રોજી અને દરેક પ્રકારની નેઅ્મતની છૂટછાટ કરી આપવામાં આવી હોત તો માનવીના એકબીજાના વિરુદ્ધના ફિત્ના ફસાદ હદથી વધારે થઈ ગયા હોત, એટલા માટે કે દોલતની છૂટછાટના કારણે ન તો કોઈ કોઈનો મોહતાજ હોત અને ન જ કોઈ કોઈનાથી દબાતું હોત, બીજી બાજુ માલદારીની એક ખાસિયત એ હોય છે કે જેટલી દોલત વધે છે એટલી જ દુનિયાની લાલચમાં પણ વધારો થાય છે, તેનું આવશ્યક પરિણામ એ હોય છે કે એકબીજાની મિલકતો ઉપર કબ્જો જમાવવા માટે બળજબરીનો ઉપયોગ સામાન્ય થઈ પડ્યો હોત. લડાઈ, ઝઘડા, બળવાખોરી અને બીજા પ્રકારના દુષ્કૃત્યો હદથી વધારે વધી ગયા હોત તેથી અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિને દરેક પ્રકારની રોજી અને દરેક પ્રકારની નેઅ્મત આપવાને બદલે તે નેઅ્મતોને પોતાના બંદાઓ ઉપર એ પ્રમાણે વહેંચી દીધી છે કે કોઈની પાસે માલ દોલત વધારે છે, કોઈ

તંદુરસ્તી અને શકિતમાં અન્યોથી વધારે છે, કોઈ ખુબસૂરતી અને સ્વરૂપમાં માલામાલ છે, કોઈની પાસે જ્ઞાન અને હિકમતની દોલત બીજાઓ કરતાં વધારે છે, મતલબ કે દરેક વ્યક્તિને એકબીજાના મોહતાજ રહેવું પડે છે અને આ પરસ્પરના સહયોગ ઉપર પ્રગતિની ઈમારત કાયમ છે, وَلٰكِنْ يُّنَزِّلُ بِقَدَرٍ مَّا يَشَآءُ એનો મતલબ એ જ છે કે અલ્લાહે પોતાની નેઅ્મતો એક ખાસ મકસદથી દુનિયાના લોકો ઉપર નાઝિલ કરી છે અને આગળ اِنَّهٗ بِعِبَادِهٖ خَبِيْرٌۢ بَصِيْرٌ (નિઃશંક! તે પોતાના બંદાઓને જાણનારો જોનારો છે.) ફરમાવીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે અલ્લાહ તઆલા સારી પેઠે જાણે છે કે કયા વ્યકિત માટે કઈ નેઅ્મત યોગ્ય છે અને કઈ નેઅ્મત નુકસાનકર્તા, તેથી તેણે દરેક વ્યક્તિને યોગ્ય નેઅ્મતો આપી છે અને જો કોઈનાથી કોઈ નેઅ્મત છીનવાય જાય છે તો તેના અને સમગ્ર વિશ્વના હિતની બીનાએ તે છીનવી લેવામાં આવી છે અને એવું જરૂરી નથી કે દરેકે દરેક વ્યક્તિ વિશે આ હિત શું છે તે સમજમાં આવે, કારણ કે અહીંયાં દરેક મનુષ્ય પોતાની જાણકારીના એક મર્યાદિત વર્તુળમાં રહીને વિચારે છે અને અલ્લાહ તઆલાની નજર સમક્ષ સમગ્ર સૃષ્ટિનું હિત હોય છે એટલા માટે માનવીની નજર બધી જ હિકમતો સુધી પહોંચવી શક્ય જ નથી, તેનો એક અનુભવ આધારિત દાખલો એવો છે કે એક પ્રામાણિક નિષ્ઠાવાન શાસક ઘણા સમયે એવા હુકમો લાગુ પાડે છે જે અમુક લોકો વિરુદ્ધ હોય છે અને તેના કારણે તેઓ મુસીબતોનો ભોગ બને છે, જે વ્યક્તિ આ પ્રમાણેની મુસીબતોનો શિકાર બન્યો છે તે માત્ર પોતાના લાભના એક મર્યાદિત વર્તુળમાં વિચારી રહ્યો છે એટલા માટે શક્ય છે કે તેને શાસકનું આ પગલું ખરાબ લાગે પરંતુ જે વ્યક્તિની નજર સમગ્ર દેશ અને કોમની પરિસ્થિતિ ઉપર છે અને જેઓ એવું સમજે છે કે કોઈ એક વ્યક્તિના લાભ ખાતર આખા દેશને કુરબાન નથી કરી શકાતો તે આ પગલાને ખરાબ હોવાનું વિચારતો નથી, હવે જે હસ્તી સમગ્ર સૃષ્ટિની વ્યવસ્થા ચલાવી રહી છે તેની હિકમતોનો તાગ કઈ રીતે મેળવી શકાય ? જો આ મુદ્દો દિમાગમાં રાખવામાં આવે તો તે ભ્રમણા અને વસવસો આપોઆપ દૂર થઈ શકે છે જે દુનિયામાં કોઈ વ્યક્તિને મુસીબતમાં સપડાયેલો જોઈને પેદા થાય છે.

આ જ આયતથી એ પણ જાણ થાય છે કે દુનિયાના બધા જ મનુષ્યોનું

માલ અને દોલતની બાબતમાં એકસમાન હોવું શક્ય નથી અને ન જ તે ઇચ્છનીય બાબત છે તથા તે વિશ્વની વ્યવસ્થા માટેની તક્વીની (ગુપ્ત) મસ્લિહતોના અને હિતોના તકાદા વિરુદ્ધ છે, આ મસ્અલાની સંપૂર્ણ વિગત ઇન્શાઅલ્લાહ સૂરએ ઝુખ્રુફની આયત ....نَحۡنُ قَسَمۡنَا بَيۡنَهُم مَّعِيشَتَهُمۡ હેઠળ આવશે.

જન્નત અને દુનિયાનો તફાવત :

અત્રે એવી શંકા થઈ શકે છે કે જન્નતમાં તો બધા જ માનવીઓ ઉપર દરેક પ્રકારની નેઅ્મતોની છૂટછાટ કરવામાં આવશે, ત્યાં તે ફસાદનું કારણ કેમ નહીં બને ? તેનો જવાબ એ છે કે દુનિયામાં ફસાદનું કારણ માલ અને દોલતની છૂટછાટ સાથે લોભ અને લાલસાની તે ભાવના છે જે દોલતમંદીની સાથે સાથે સામાન્ય રીતે વધતી જ રહે છે, તેનાથી વિપરીત જન્નતમાં નેઅ્મતોનો વરસાદ થશે પરંતુ લોભ અને લાલચ તથા બળવાખોરીની આ ભાવના સમાપ્ત કરી આપવામાં આવશે એટલા માટે ત્યાં આવો ફસાદ થવાની શક્યતા જ નથી. હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)એ તફસીરના ખુલાસામાં ''હાલની પરિસ્થિતિ''ના શબ્દો લખ્યા છે જે એના તરફ ઈશારો કરવા માટે વધાર્યા છે.

(બયાનુલ કુર્આન)

હવે અત્રે એવો વાંધો ઉઠાવવો સદંતર ફુઝૂલ અને વ્યર્થ છે કે દુનિયામાં પણ માલ અને દોલતની છૂટછાટ કરીને લોભ અને લાલચની ભાવના કેમ નષ્ટ કરવામાં ન આવી ? કારણ કે દુનિયાના સર્જનનો હેતુ જ એક એવું વિશ્વ પેદા કરવાનો છે જે ભલાઈ અને બુરાઈ બંને પ્રકારની શક્તિઓનું મિશ્રણ હોય, તેના વિના માનવીની તે કસોટી શક્ય જ નથી જે વિશ્વની ઉત્પત્તિનો અસલ હેતુ છે એટલા માટે જો અહીંયાં માનવોમાંથી આ ભાવના જ નષ્ટ કરવામાં આવે તો દુનિયાની ઉત્પત્તિનો મૂળ હેતુ જ નાશ પામે, એનાથી વિપરીત જન્નત માત્ર ભલાઈ ઉપર આધારિત હશે એટલા માટે ત્યાં આ ભાવનાઓ સમાપ્ત કરી દેવામાં આવશે.

هُوَ الَّذِىۡ يُنَزِّلُ الۡغَيۡثَ مِنۡۢ بَعۡدِ مَا قَنَطُوۡا "અને તે એવો છે કે લોકોના નાઉમ્મીદ થઈ ગયા પછી વરસાદ વરસાવે છે." આમ તો અલ્લાહ તઆલાની સામાન્ય ટેવ છે કે જ્યારે જમીનને પાણીની સખત જરૂરત હોય છે, વરસાદ

વરસાવે છે પરંતુ અત્રે "નાઉમ્મીદ થઈ ગયા પછી" કહીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે ક્યારેક ક્યારેક અલ્લાહ તઆલા વરસાદ વરસાવવામાં સામાન્ય ટેવ વિરુદ્ધ એટલું મોડું કરે છે જેનાથી લોકો નિરાશ થવા લાગે, એનાથી કસોટી ઉપરાંત એ વાતની ચેતવણી પણ આપવાનો હેતુ હોય છે કે વરસાદ અને દુષ્કાળ બધું જ અલ્લાહની કુદરતમાં છે, તે જ્યારે ઈચ્છે લોકોના દુષ્કર્મો વગેરેની બીનાએ વરસાદ રોકી લે છે જેથી લોકો તેની રહમત તરફ ધ્યાન આપી તેની સામે આજિઝી અને કાકલુદી કરે નહિતર જો વરસાદનો પણ કોઈ નિશ્ચિત સમય કે ટાઈમ ટેબલ હોત જેનામાં ક્યારેય નાનો સરખો ફેરબદલ ન હોત તો લોકો તેને બિલકુલ જાહેર કારણોના તા'બે સમજીને અલ્લાહ તઆલાની કુદરતથી બેધ્યાન થઈ ગયા હોત અને અત્રે "નાઉમ્મીદ" કહેવાનો ભાવાર્થ પોતાની યુક્તિઓથી નાઉમ્મીદ થઈ જવું છે નહિતર અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ થવું કે હતાશ થવું કુફ્ર છે.

وَمَا بَثَّ فِيهِمَا مِنْ دَابَّةٍ માં શબ્દ دَابَّةٌ (દાબ્બતુન) મૂળ શબ્દકોષમાં દરેક તે વસ્તુને કહેવામાં આવે છે જે પોતાના અધિકારથી હલન ચલન કરનારી હોય છે, પાછળથી આ શબ્દ માત્ર જાનવરો માટે ઉપયોગ થવા લાગ્યો. આ આયતમાં આસમાન અને જમીન બંને તરફ સંબંધ જોડીને એવું કહેવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહ તઆલાએ ઘણી બધી ચાલનારી મખ્લૂક પેદા કરી છે, જમીન ઉપર ચાલનારી મખ્લૂક તો નજર સામે છે, આસમાનમાં તેનાથી ભાવાર્થ ફરિશ્તાઓ પણ હોઈ શકે છે અને એ પણ શક્ય છે કે આસમાનોમાં અમુક એવા જાનવરો મોજૂદ છે જે હજુ પણ માનવના જ્ઞાનમાં આવ્યા નથી, મતલબ કે હેતુ એ છે કે વિશ્વની વ્યવસ્થાના હિતને નજર સમક્ષ રાખી અલ્લાહ તઆલાએ દરેક માનવીને માલ અને દોલતમાં વિશાળતા અર્પણ નથી કરી બલકે એક હિકમતયુક્ત અંદાજથી રોજીની વહેંચણી કરી છે પરંતુ સૃષ્ટિની જે નેઅ્મતો જાહેર ફાયદા માટે છે જેને દરેક વ્યક્તિ માટે સામાન્ય બનાવી દીધી જેમકે વરસાદ, વાદળ, જમીન, આસમાન અને તેનામાં રહેલ મખ્લૂક બધી જ માનવોના ફાયદા માટે પેદા કરવામાં આવી છે અને આ બધી વસ્તુઓ અલ્લાહ તઆલાની તવહીદ ઉપર દલીલ કરે છે, ત્યારબાદ કોઈ વ્યક્તિને કોઈ તકલીફ પહોંચે છે તો તે તેના પોતાના કર્મોના કારણે પહોંચે છે આથી તેણે એ બાબતે અલ્લાહને ફરિયાદ

કરવાને બદલે પોતાના ગરેબાનમાં જોવું જોઈએ. وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ નો આ જ અર્થ છે, હઝરત હસન (રદિ.)થી રિવાયત છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કસમ છે તે જાતની કે જેના કબ્જામાં મારો પ્રાણ છે ! જે વ્યક્તિને કોઈ લાકડીથી કોઈ ઉઝરડો થાય છે અથવા કોઈ નસ ધડકે છે અથવા તો કદમ લડખડાય છે, આ બધું તેના ગુનાહોના કારણે થાય છે અને દરેક ગુનાહની સજા અલ્લાહ તઆલા આપતો નથી, બલકે જે ગુનાહ અલ્લાહ તઆલા મા'ફ કરી આપે છે તે તેનાથી ઘણા વધારે છે જેના ઉપર કોઈ સજા આપવામાં આવે છે. હઝરત અશ્રફુલ મશાઈખે ફરમાવ્યું કે જે રીતે શારીરિક કષ્ટો અને તકલીફો ગુનાહોના કારણે આવે છે એ જ પ્રમાણે ગુપ્ત બીમારીઓ કોઈ ગુનાહના પરિણામે હોય છે, માનવીથી કોઈ એક ગુનાહ થઈ ગયો તો તે બીજા પ્રકારના ગુનાહમાં સપડાવાનું કારણ બને છે, જેમકે હાફિઝ ઈબ્ને કય્યિમે "અદ્દવાઉશ્શાફી"માં લખ્યું છે કે ગુનાહની એક રોકડ સજા એ હોય છે કે તેની સાથે બીજા ગુનાહોમાં સંડોવાય છે, એ જ પ્રમાણે નેકીનો એક રોકડ બદલો એ હોય છે કે એક નેકી બીજી નેકીને ખેંચી લાવે છે.

બયઝાવી વગેરેએ કહ્યું કે આ આયત એ લોકો માટે ખાસ છે જેમનાથી ગુનાહો થઈ જાય છે, અંબિયા (અલૈ.) જેઓ ગુનાહોથી માસૂમ છે અથવા નાબાલિગ બાળકો અને પાગલો જેમનાથી કોઈ ગુનાહ નથી થતો તેમને જે કષ્ટો અને મુસીબતો પહોંચે છે તે આ હુકમમાં સામેલ નથી, તેના બીજા કારણો અને હિકમતો હોય છે દાખલા તરીકે દરજ્જાઓની બુલંદી વગેરે અને વાસ્તવમાં તે હિકમતોનો તાગ માનવી મેળવી શકતો નથી. વલ્લાહુ અઅ્‌લમુ.

ખુલાસો :

હદીષની અમુક રિવાયતોથી સાબિત છે કે જે ગુનાહો ઉપર દુનિયામાં સજા આપવામાં આવે છે મો'મિન માટે તેનાથી આખિરતમાં મા'ફી થઈ જાય છે, જેમકે હાકિમે મુસ્તદરકમાં અને બગવીએ હઝરત અલી કર્રમલ્લાહુ વજ્‌હહુ દ્વારા મરફુઅન નકલ કર્યું છે. *(મઝહરી)*

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૩૬ થી ૪૩)

فَمَآ اُوۡتِيۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَمَتَاعُ الۡحَيٰوةِ الدُّنۡيَا‌ ۚ وَمَا عِنۡدَ اللّٰهِ خَيۡرٌ وَّاَبۡقٰى
لِلَّذِيۡنَ اٰمَنُوۡا وَعَلٰى رَبِّهِمۡ يَتَوَكَّلُوۡنَ‌ ۚ‏ ﴿۳۶﴾ وَالَّذِيۡنَ يَجۡتَنِبُوۡنَ كَبٰٓئِرَ الۡاِثۡمِ
وَالۡفَوَاحِشَ وَاِذَا مَا غَضِبُوۡا هُمۡ يَغۡفِرُوۡنَ‌ ۚ‏ ﴿۳۷﴾ وَالَّذِيۡنَ اسۡتَجَابُوۡا لِرَبِّهِمۡ
وَاَقَامُوا الصَّلٰوةَ وَاَمۡرُهُمۡ شُوۡرٰى بَيۡنَهُمۡ وَمِمَّا رَزَقۡنٰهُمۡ يُنۡفِقُوۡنَ‌ ۚ‏ ﴿۳۸﴾
وَالَّذِيۡنَ اِذَاۤ اَصَابَهُمُ الۡبَغۡىُ هُمۡ يَنۡتَصِرُوۡنَ‏ ﴿۳۹﴾ وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ
مِّثۡلُهَا ۚ فَمَنۡ عَفَا وَاَصۡلَحَ فَاَجۡرُهٗ عَلَى اللّٰهِ‌ ؕ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيۡنَ‏ ﴿۴۰﴾ وَلَمَنِ
انۡتَصَرَ بَعۡدَ ظُلۡمِهٖ فَاُولٰٓئِكَ مَا عَلَيۡهِمۡ مِّنۡ سَبِيۡلٍ ؕ‏ ﴿۴۱﴾ اِنَّمَا السَّبِيۡلُ عَلَى
الَّذِيۡنَ يَظۡلِمُوۡنَ النَّاسَ وَيَبۡغُوۡنَ فِى الۡاَرۡضِ بِغَيۡرِ الۡحَـقِّ‌ ؕ اُولٰٓئِكَ لَهُمۡ
عَذَابٌ اَلِيۡمٌ‏ ﴿۴۲﴾ وَلَمَنۡ صَبَرَ وَغَفَرَ اِنَّ ذٰلِكَ لَمِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ ﴿۴۳﴾ ع

તરજુમો :

બસ જે કંઈ તમને મળ્યું છે, કોઈ વસ્તુ હોય, બસ તે દુનિયાની જિંદગીમાં વર્તી (લાભ ઉઠાવી) લેવાનું છે અને જે કંઈ અલ્લાહના ત્યાં છે ઉત્તમ છે અને (હંમેશા) બાકી રહેનાર ઈમાનવાળાઓ માટે જેઓ પોતાના પરવરદિગાર ઉપર ભરોસો રાખે છે. (૩૬) અને જે લોકો કે મોટા ગુનાહોથી અને બેહયાઈ (નિર્લજ્જતા)થી બચે છે અને જ્યારે ગુસ્સો આવે તો તેઓ મા'ફ કરી દે છે. (૩૭) અને જેમણે પોતાના પરવરદિગારનો હુકમ માન્યો અને નમાઝને કાયમ કરી અને પરસ્પરના (સલાહ) મશ્વરાથી કામ કરે છે અને અમારા આપેલામાંથી કંઈક ખર્ચ કરે છે. (૩૮) અને તે લોકો કે જ્યારે તેમના ઉપર આક્રમણ થાય તો તેઓ બદલો લે છે. (૩૯) અને બુરાઈનો બદલો એવી જ બુરાઈ છે, પછી જો કોઈ મા'ફ કરે અને સુલેહ કરે બસ તેનો સવાબ અલ્લાહના ઝિમ્મે છે, બેશક તેને જાલિમો (ગુનેહગારો) પસંદ નથી. (૪૦) અને જે કોઈ પોતાના મઝલૂમ થયા પછી બદલો લે બસ તેમના ઉપર

પણ કોઈ આક્ષેપ નથી. (૪૧) આક્ષેપ તો તેના ઉપર છે જેઓ લોકો ઉપર જુલમ કરે છે અને પ્રદેશમાં નાહક ધૂમ મચાવે (અરાજકતા ફેલાવે) છે તે લોકો માટે દર્દનાક અઝાબ છે. (૪૨) અને અલબત્ત જેણે સહન કર્યું અને મા'ફ કર્યું બેશક ! આ હિંમતના કામોમાંથી છે. (૪૩)

તફસીર :

(અને તમે ઉપર સાંભળી ચૂક્યા છો કે દુનિયાના ઈચ્છુકની દુનિયાની દરેક તમન્ના પૂરી નથી થતી અને આખિરતથી વંચિત રહે છે તથા આખિરતના ઈચ્છુકની પ્રગતિ થાય છે, વળી સાંભળી ચૂક્યા છો કે વધારે માલ દોલત આપવાનું પરિણામ સારું નથી હોતું, મોટા ભાગે તેનાથી નુકસાનકારક અમલો ઉત્પન્ન થાય છે) બસ (આથી સાબિત થયું કે દુનિયા હેતુ બનાવવા લાયક નથી બલકે આખિરત સાચો હેતુ છે અને બાકી દુનિયાની વસ્તુઓમાંથી) જે કંઈ તમને આપવામાં અપાવવામાં આવ્યું છે તે માત્ર (અમુક દિવસ) દુનિયવી જિંદગીના વપરાશ માટે છે (કે જિંદગીના અંતની સાથે તેનો પણ અંત આવી જશે) અને જે (બદલો અને સવાબ આખિરતમાં) અલ્લાહના ત્યાં છે તે તેનાથી (સ્વરૂપ અને પરિસ્થિતિના આધારે પણ) ઘણું ઉત્તમ છે અને (ટકી રહેવાના આધારે પણ) વધારે સ્થાયી (એટલે કે હંમેશા રહેનાર છે, બસ દુનિયાની ઈચ્છા છોડીને આખિરતની ઈચ્છા કરો પરંતુ આખિરતની પ્રાપ્તિ માટે ઓછામાં ઓછું શરત તો ઈમાન લાવવું અને કુફ્રને છોડવું છે અને આખિરતના સંપૂર્ણ દરજ્જા માટે બધા જ વાજિબો અને ફરજો અપનાવવું તથા બધા જ ગુનાહોને છોડવું જરૂરી છે અને દરજ્જાઓની નિકટતા પ્રાપ્ત કરવા માટે નફલ આજ્ઞાઓને અપનાવવું અને જે શ્રેષ્ઠ કક્ષાના નથી એવા મબાહ કામોને છોડવું પણ પ્રિય છે તેથી) તે (સવાબ જેની વિગત ઉપર પસાર થઈ ચૂકી) તે લોકો માટે છે જેઓ ઈમાન લઈ આવે અને પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કરે છે અને જે કબીરહ ગુનાહોથી અને (તેમનામાં) બેહયાઈની વાતોથી (ખાસ રીતે વધારે) બચે છે અને જ્યારે તેમને ક્રોધ આવે છે તો મા'ફ કરી આપે છે અને જે લોકોએ પોતાના પરવરદિગારનો હુકમ માન્યો અને તેઓ નમાઝના પાબંદ છે અને તેમના દરેક (મહત્ત્વના) કામ (જેમાં અલ્લાહ તઆલા તરફથી કોઈ નિશ્ચિત હુકમ ન હોય) પરસ્પર સલાહથી થાય છે અને અમે જે કંઈ તેમને આપ્યું છે તે તેમાંથી ખર્ચ કરે છે અને જેઓ એવા

(ન્યાયી) છે કે જ્યારે તેમના ઉપર (કોઈ બાજુએથી કંઈ) જુલમ થાય છે તો તે (જો બદલો લે છે તો) સમાન બદલો લે છે (વધારે બદલો લેતા નથી અને તેનો અર્થ એવો નથી કે તેઓ મા'ફ નથી કરતા) અને (સમાન બદલો લેવા માટે અમે એવી પરવાનગી આપી રાખી છે કે) બુરાઈનો બદલો તેવી જ બુરાઈ છે (એ શરતે કે તે પ્રવૃત્તિ પોતે ગુનાહ ન હોય) પછી (બદલાની પરવાનગી છતાં) જે વ્યક્તિ મા'ફ કરી આપે અને (પરસ્પરના મા'મલાનું) સમાધાન કરી લે (જેનાથી દુશ્મની જતી રહે અને દોસ્તી થઈ જાય) તો તેનો સવાબ (વાયદા પ્રમાણે) અલ્લાહના જિમ્મે છે (અને જે બદલો લેવામાં જુલમ કરવા લાગે તો સાંભળી રાખો કે) વાસ્તવમાં અલ્લાહ જાલિમોને પસંદ કરતો નથી અને જે (બળજબરી ન કરે બલકે) પોતાના ઉપર જુલમ થઈ ચૂક્યા પછી સમાન બદલો લઈ લે બસ એવા લોકો ઉપર કોઈ આક્ષેપ નથી, આક્ષેપ માત્ર તે લોકો ઉપર છે જેઓ લોકો ઉપર જુલમ કરે છે (ભલે શરૂઆતમાં પહેલ કરે અથવા તો બદલો લેવાના સમયે) અને નાહક રીતે દુનિયામાં તોફાન (અને અભિમાન) કરે છે (અને આ જ અભિમાન જુલમ કરવાનું કારણ બની જાય છે અને નાહક એટલા માટે કહેવામાં આવ્યું કે બળજબરી અને અભિમાન હંમેશા નાહક જ હોય છે, આગળ તે આક્ષેપનું વર્ણન છે કે) તેવા લોકો માટે દર્દનાક અઝાબ (નક્કી) છે અને જે વ્યક્તિ (બીજાના જુલમ ઉપર) સહનશીલતા દાખવે અને મા'ફ કરી આપે તે અલબત્ત મોટા હિંમતના કામોમાંથી છે (એટલે કે એવું કરવું ઉત્તમ અને મહાન ઇચ્છાશક્તિનો તકાદો છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં દુનિયાની નેઅ્મતોનું અધૂરું હોવું અને નષ્ટ થનાર હોવું તથા તેના મુકાબલામાં આખિરતની નેઅ્મતોનું સંપૂર્ણ હોવાનું અને કાયમી પણ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે અને આખિરતની નેઅ્મતોની પ્રાપ્તિ માટે સૌથી મહત્ત્વની અને મોટી શરત ઈમાન છે કે તેના વિના તે નેઅ્મતો ત્યાં કોઈને મળશે નહીં પરંતુ ઈમાનની સાથે જો નેક અમલો પણ સંપૂર્ણ કાળજી સાથે કરી લીધા તો આખિરતની આ નેઅ્મતો બિલકુલ પ્રાપ્ત થશે જ; નહિતર પોતાના ગુનાહો અને ઉણપોની સજા ભોગવ્યા પછી તે નેઅ્મતો મળશે તેથી આ આયતોમાં સૌ પ્રથમ શરત તો الَّذِيْنَ اٰمَنُوْا (અલ્લઝીન આમનૂ) વર્ણન કરવામાં આવ્યું, તેના ખાસ

ખાસ અમલોનું વર્ણન કરવામાં આવ્યું, આ માપદંડ વિના આખિરતની નેઅ્મતો શરૂઆતમાં મળશે નહીં બલકે પોતાના ગુનાહોની સજા ભોગવ્યા પછી મળશે અને માપદંડ પ્રમાણે એટલા માટે કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલા ઈચ્છે તો બધા ગુનાહોને મા'ફ કરી પ્રથમથી જ આખિરતની નેઅ્મતો ગમે તેવા મોટા ગુનેહગાર ફાસિકને આપી શકે છે, તે કોઈ કાનૂનનો પાબંદ નથી. હવે તે અમલો અને લક્ષણો જુઓ જેને આ સ્થળે અગત્યતાપૂર્વક વર્ણન કરવામાં આવ્યા છે.

(૧) પ્રથમ લક્ષણ : عَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ એટલે કે દરેક કામ અને દરેક પરિસ્થિતિમાં પોતાના પરવરદિગારનો ભરોસો રાખે તેના સિવાય કોઈને સાચો કાર્યસાધક ન સમજે.

(૨) બીજું લક્ષણ : اَلَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ : એટલે કે જે કબીરહ (જઘન્ય અને મોટા) ગુનાહોથી ખાસ કરીને બેહયાઈ અને નિર્લજ્જતાના કામોથી પરહેઝ કરનારા છે. કબીરહ ગુનાહ શું છે તેની વિગત સૂરએ નિસાઅ્ વગેરેમાં અગાઉ આવી ચૂકી છે અને મુજ નાચીઝે એક નાની કિતાબમાં કબીરહ અને સગીરહ ગુનાહોની સંપૂર્ણ યાદી પણ લખી આપી છે જે ''ગુનાહે બેલજ્જત''ના નામથી પ્રકાશિત થઈ ચૂકી છે.

કબીરહ ગુનાહોમાં બધા જ ગુનાહો સામેલ હતા તેમાંથી નિર્લજ્જતાને અલગ કરીને વર્ણન કરવામાં એ હિકમત છે કે બેહયાઈ અને નિર્લજ્જતાના ગુનાહો સામાન્ય કબીરહ ગુનાહોથી વધારે સખત પણ છે અને તે એક ચેપી બીમારી છે જેનાથી બીજા લોકો પણ પ્રભાવિત થાય છે. فَوَاحِشُ (ફવાહિશ-નિર્લજ્જતા)નો શબ્દ તે કામો માટે બોલવામાં આવે છે જેનામાં બેહયાઈ હોય, જેમકે વ્યભિચાર અને તેના પ્રકારો, વળી તે ખરાબ કૃત્યો જે બેધડક અને ખુલ્લમ ખુલ્લા કરવામાં આવે તે પણ ફવાહિશ કહેવાય છે કે તેનો વબાલ પણ ઘણો સખત અને સમગ્ર માનવ સમાજને ખરાબ કરનારો હોય છે.

(૩) ત્રીજું લક્ષણ : وَاِذَا مَا غَضِبُوْا هُمْ يَغْفِرُوْنَ : એટલે કે તેઓ જ્યારે ગુસ્સે થાય છે તો મા'ફ કરી દે છે. આ શ્રેષ્ઠ સદ્વ્યવહારનો ઉત્તમ નમૂનો છે કારણ કે કોઈની મહોબ્બત અથવા કોઈનો ગુસ્સો એ બે વસ્તુઓ જ્યારે માનસપટ ઉપર છવાઈ જાય છે તો મોટા મોટા બુદ્ધિશાળી જાણકાર વ્યક્તિઓને પણ આંધળો અને

બહેરો કરી દે છે, તે જાઇઝ નાજાઇઝ, સત્ય અને અસત્ય તથા પોતાના કરેલા કર્મોના પરિણામો ઉપર વિચાર કરવાની ક્ષમતા ખોઈ બેસે છે, ગુસ્સે થનાર જેના ઉપર ગુસ્સે થાય છે તેના ઉપર ગુસ્સો ઉતારવાનો પ્રયત્ન કરે છે, મો'મિનીન અને સાલિહીનની અલ્લાહ તઆલાએ એવી સિફત વર્ણન કરી છે કે તે માત્ર એ બાબતને પૂરતી નથી સમજતા કે ગુસ્સાના સમયે સત્ય અને અસત્યની મર્યાદા ઉપર કાયમ રહે બલકે પોતાનો હક હોવા છતાં પણ મા'ફ કરી દે.

(૪) ચોથું લક્ષણ : اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِرَبِّهِمْ وَاَقَامُوا الصَّلٰوةَ માં શબ્દ اِسْتِجَابَتْ (ઈસ્તજાબત)નો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા તરફથી જે હુકમ મળે તેને તાત્કાલિક ચૂં ચા કર્યા વિના, થોભ્યા વિના સ્વીકારવા અને તેના ઉપર અમલ કરવા માટે તૈયાર થઈ જાય, ભલે તે પોતાના સ્વભાવ પ્રમાણે હોય અથવા તેનાથી વિપરીત ! દરેક પરિસ્થિતિમાં તેના ઉપર અમલ કરે, તેમાં ઈસ્લામના બધા જ ફરજોનું પાલન તથા બધા જ હરામ કાર્યો અને મકરૂહ કાર્યોથી બચવાની પાબંદી પણ સામેલ છે પરંતુ ફરજોમાં કારણ કે નમાઝ સૌથી અગત્યનો ફરજ છે અને તેમાં એવી ખાસિયત પણ છે કે તેના ઉપર અમલ કરવાથી બીજાઓના ફરજોની પાબંદી અને પ્રતિબંધિત વસ્તુઓથી બચવાની તવફીક પણ મળી જાય છે તેથી તેને વિશિષ્ટતાપૂર્વક વર્ણન કરવામાં આવ્યું, وَاَقَامُوا الصَّلٰوةَ એટલે કે આ લોકો નમાઝને તેના બધા જ વાજિબો અને અદબો સાથે સહીહ સહીહ અદા કરે છે.

(૫) પાંચમું લક્ષણ : وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ એટલે કે તેમના કામ પરસ્પર સલાહ મશ્વરાથી નક્કી થાય છે. شُوْرٰى (શૂરા) بُشْرٰى (બુશરા)ના વજન ઉપર ક્રિયાપદ છે. "તકદીરે ઈબારત" એ ذُوْشُوْرٰى (ઝુ-શૂરા) છે. ભાવાર્થ એ છે કે જે કાર્યોમાં શરીઅતે કોઈ ખાસ હુકમ નક્કી નથી કર્યો તેને નક્કી કરવામાં તેઓ પરસ્પરના સલાહ મશ્વરાથી કામ લે છે, એવા કાર્યોની શરત પોતે શબ્દ اَمْــر (અમ્ર)થી સમજમાં આવે છે, કારણ કે સામાન્ય બોલચાલમાં امر (અમ્ર) એવા જ કામો માટે બોલવામાં આવે છે જેનું મહત્ત્વ હોય, જેમકે સૂરએ આલિ ઈમ્રાનની આયત وَشَاوِرْهُمْ فِي الْاَمْرِ હેઠળ તેની વિગત પસાર થઈ ચૂકી છે, એમાં એ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે મહત્ત્વના કામોમાં રાજકાજના કામો અને રાજ્યશાસન પણ સામેલ છે અને સામાન્ય મહત્ત્વના કામો પણ. ઈબ્ને કષીર

(રહ.)એ ફરમાવ્યું કે રાજકાજના મહત્ત્વના કામોમાં મશ્વરો લેવો વાજિબ છે, ઈસ્લામમાં "અમીર"ની ચૂંટણી પણ સલાહ મશ્વરા ઉપર અવલંબિત કરીને ઈસ્લામ પહેલાંના અજ્ઞાનતાના યુગની વ્યક્તિગત બાદશાહીને ખતમ કરવામાં આવી છે જેમને રાજ્ય વિરાસત વારસા સ્વરૂપે મળતું હતું ઈસ્લામે સૌ પ્રથમ તેને સમાપ્ત કરીને સાચી લોહશાહાનો પાયો નાંખ્યો પરંતુ પશ્ચિમી લોકશાહીની જેમ સામાન્ય જનતાના દરેક પ્રકારના અધિકાર નથી રહેતા, શૂરાના સભ્યો ઉપર અમુક પ્રકારની પાબંદીઓ લગાવવામાં આવે છે એ જ પ્રમાણે ઈસ્લામની રાજ્યશાસન વ્યવસ્થા, વ્યક્તિગત બાદશાહી તથા પશ્ચિમી પદ્ધતિની લોકશાહી બંનેથી એક અલગ પ્રકારની અને મધ્યમ કક્ષાની છે, તેની વિગતવાર ચર્ચા "મઆરિફુલ કુર્આન"ના બીજા ભાગમાં થઈ ચૂકી છે ત્યાં જોઈ લેવામાં આવે.

ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે આ આયતથી સલાહ મશ્વરાનું મહત્ત્વ સ્પષ્ટ થઈ ગયું અને એ કે આપણે એનાથી બંધાયેલા છે કે કોઈ મહત્ત્વના કામોમાં ઉતાવળાપણે તથા પોતાના અભિપ્રાય મુજબ યોગ્ય સલાહ મશ્વરા વિના કામ ન કરે, બુદ્ધિશાળી અને સમજદાર લોકોથી સલાહ મશ્વરો લઈને પગલાં ભરે.

સલાહ મશ્વરાનું મહત્ત્વ અને તેની રીત :

ખતીબ બગદાદી (રહ.)એ હઝરત અલી મુર્તઝા (રદિ.)થી રિવાયત કરી છે કે તેમણે ફરમાવ્યું કે મેં રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે તમારા પછી જો અમને કોઈ એવી બાબતનો સામનો થાય જેમાં કુર્આને કોઈ ફેંસલો નથી કર્યો અને આપ ﷺથી પણ તેનો કોઈ હુકમ અમને નથી મળ્યો તો અમે કેવો અમલ કરીએ? તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَجْمِعُوا الْعَابِدِيْنَ مِنْ اُمَّتِىْ وَاجْعَلُوْهُ بَيْنَكُمْ شُوْرٰى وَلَا تَقْضُوْا بِرَاْىٍ وَاحِدٍ.

(رُوْحُ الْمَعَانِىْ - بِحَوَالَةِ خَطِيْب)

"તેના માટે મારી ઉમ્મતના ઈબાદતગુઝાર લોકોને એકઠા કરી લો અને પરસ્પર મશ્વરો કરીને નક્કી કરી લો, કોઈના આગવા અભિપ્રાયથી ફેંસલો ન કરો."

આ રિવાયતના અમુક શબ્દોમાં ફુકહા અને આબિદીન (ઈબાદત કરનાર)નો શબ્દ આવ્યો છે જેનાથી જાણ થઈ કે સલાહ મશ્વરો તે લોકો પાસેથી જ લેવો જોઈએ જેઓ ફુકહા અથવા દીનની સમજબૂઝ ધરાવનાર અને ઈબાદતગુઝાર હોય.

રૂહુલ મઆનીના કર્તાએ ફરમાવ્યું કે જે મશ્વરો એ પદ્ધતિ ઉપર નથી બલકે અજ્ઞાન અને બેદીન લોકો ઉપર આધારિત હોય તેમાં ફસાદ તેની સુધારણા ઉપર છવાયેલી રહેશે.

બયહકીએ શોઅ્બુલ ઈમાનમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિએ કોઈ કામનો ઈરાદો કર્યો અને તેમાં મશ્વરો લઈને અમલ કર્યો તો અલ્લાહ તઆલા તેને اَرْشَدِ اُمُوْرْ (અરશદે ઉમૂર) તરફ માર્ગદર્શન આપશે, એટલે કે તેની રૂહ તે જ તરફ ફેરવી દેશે જે તેના માટે પરિણામે ભલી અને બહેતર હોય, એ જ પ્રમાણેની એક હદીષ બુખારીએ "અલ અદબુલ મુફરદ"માં અને અબ્દ બિન હુમયદે મુસ્નદમાં હઝરત હસન (રદિ.)થી પણ નકલ કરી છે જેમાં આપ ﷺએ પ્રસ્તુત આયત પઢીને આવું કહ્યું,

مَاتَشَاوَرَ قَوْمٌ قَطُّ اِلَّاهُدُوْا لِاَ رْشَدِ اَمْرِهِمْ

"જ્યારે કોઈ કોમ મશ્વરાથી કામ કરે છે તો અવશ્ય તેને સાચા માર્ગ તરફ માર્ગદર્શન આપી દેવામાં આવે છે."

હદીષ :

એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યાં સુધી તમારા અમીરો અને હાકિમો એવા લોકો હશે જેઓ તમારા સૌમાં શ્રેષ્ઠ છે અને તમારા માલદાર લોકો સખી (ઉદાર) હોય (કે અલ્લાહ તઆલાના માર્ગમાં અને ગરીબ ગુરબાઓ ઉપર ખર્ચ કરે) અને તમારા કામ પરસ્પર મશ્વરાથી નક્કી થયા કરે તે સમય સુધી તમારું જમીન ઉપર રહેવું એટલે કે જીવીત રહેવું ઉત્તમ છે અને જ્યારે તમારા અમીરો અને શાસકો તમારી કોમના દુષ્ટ લોકો થઈ જાય અને તમારા માલદારો કંજૂસ બની જાય અને તમારા કામ સ્ત્રીઓના હવાલે થઈ જાય કે તેઓ

જે રીતે ઈચ્છે કરે તે સમયે તમારા માટે જમીનની પીઠના બદલે જમીનનું પેટ ઉત્તમ હશે એટલે કે જિંદગી કરતાં મોત બહેતર હશે. *(રૂહુલ મઆની)*

(૬) છટ્ઠું લક્ષણ : مِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ એટલે કે તે લોકો અલ્લાહની આપેલી રોજીમાંથી નેક કાર્યોમાં ખર્ચ કરે છે જેમાં ઝકાત, ફરજ અને નફલ સદકહ બધું સામેલ છે. સામાન્ય કુર્આનની શૈલી પ્રમાણે ઝકાત અને સદકહનું વર્ણન નમાઝ પછી આવવું જોઈતું હતું પરંતુ અહીંયાં નમાઝના વર્ણન પછી મશ્વરાનો મસ્અલો પ્રથમ વર્ણન કર્યા પછી ઝકાતનું વર્ણન આવ્યું છે તેમાં કદાચ એ તરફ ઈશારો હોય કે નમાઝ કાયમ રાખવા માટે મસ્જિદોમાં પાંચ સમયે ભેગા થવામાં આવે છે તે ભેગા થવાથી યોગ્ય બાબતોમાં સલાહ મશ્વરો લેવાનું કામ પણ લઈ શકાય છે. *(રૂહુલ મઆની)*

(૭) સાતમું લક્ષણ : وَالَّذِيْنَ اِذَآ اَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنْتَصِرُوْنَ એટલે કે જ્યારે તેમના ઉપર કોઈ અત્યાચાર કરે છે તો તેના જેટલો જ સમાન બદલો લે છે, તેમાં સમાન બદલાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી. આ લક્ષણ વાસ્તવમાં ત્રીજા લક્ષણનો ખુલાસો અને વિગત છે કારણ કે ત્રીજા લક્ષણનો વિષય એવો હતો કે આ લોકો પોતાના વિરોધીઓને મા'ફ કરી દે છે પરંતુ અમુક પરિસ્થિતિઓ એવી પણ ઉપસ્થિત થઈ શકે છે કે મા'ફ કરવાથી ફસાદ વધે છે તો ત્યાં બદલો લેવો જ બહેતર હોય છે, એનો નિયમ આ આયતમાં બતાવવામાં આવ્યો કે જો કોઈ સ્થળે બદલો લેવામાં જ હિત હોવાનું સમજવામાં આવે તો એ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે કે આ બદલો લેવામાં સમાન કક્ષાથી આગળ ન વધવામાં આવે, નહિતર તે પોતે અત્યાચાર ગણાશે, એટલા જ માટે ત્યાર પછી ફરમાવ્યું, وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثْلُهَا એટલે કે બુરાઈનો બદલો તેના સમાન બુરાઈ કરવી છે, એટલે કે જેટલું આર્થિક અથવા શારીરિક નુકસાન કોઈએ તમને પહોંચાડ્યું છે ઠીક એટલું જ નુકસાન તમે પણ પહોંચાડી દો, જેવી બુરાઈ તેણે તમારી સાથે કરી છે તેવી જ તમે પણ કરી લો પરંતુ તેમાં એ શરત છે કે તે બુરાઈ પોતે ગુનોહ ન હોય, દાખલા તરીકે કોઈ વ્યક્તિએ તમને બળજબરીએ દારૂ પીવડાવી દીધો તો તેના જવાબમાં એ જાઈઝ નથી કે તમે તેને બળજબરીએ દારૂ પીવડાવી દો.

આ આયતમાં જો કે સમાન બદલો લેવાની પરવાનગી આપી છે પરંતુ આગળ એવું પણ કહ્યું કે, فَمَنْ عَفَا وَاَصْلَحَ فَاَجْرُهٗ عَلَى اللّٰهِ એટલે કે જે મા'ફ કરી

દે અને સુલેહનો માર્ગ અપનાવે તેનો બદલો અલ્લાહના ઝિમ્મે છે, તેમાં એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે મા'ફ કરવું ઘણું શ્રેષ્ઠ છે, ત્યાર પછીની બે આયતોમાં તેની જ વધારે વિગત આંવી છે.

શારીરિક બદલામાં ન્યાયિક ફેંસલો :

હઝરત ઈબ્રાહીમ નખઈ (રહ.)એ ફરમાવ્યું કે સલફે સાલિહીન (પુરોગામી બુઝૂર્ગો) એવું પસંદ કરતા ન હતા કે મો'મિન પોતાને ફાસિક અને ફાજિર (દુષ્ટ)ની સામે અપમાનિત કરે અને તેમની હિંમત વધી જાય એટલા માટે જ્યાં એવો ભય હોય કે મા'ફ કરવાથી ફાસિક અને ફાજિરની હિંમત વધી જશે અને તે નેક લોકોને સતાવશે ત્યાં બદલો લેવો બહેતર હશે અને મા'ફીનું શ્રેષ્ઠ હોવું એવી પરિસ્થિતિમાં છે જ્યારે કે જુલમ કરનાર પોતાની પ્રવૃત્તિ ઉપર પસ્તાતો હોય અને જુલમ ઉપર તેની હિંમત વધવાનો ભય ન હોય. કાઝી અબૂબક્ર ઈબ્ને અરબી (રહ.)એ અહકામુલ કુર્આનમાં અને કુર્તુબીએ પોતાની તફસીરમાં એને જ અપનાવ્યું છે કે મા'ફી અને બદલો બંનેનો હુકમ વિવિધ પરિસ્થિતિઓના આધારે છે જે જુલમ કર્યા છતાં શરમીંદો થઈ જાય તેને મા'ફી આપવી ઉત્તમ છે અને જે પોતાની જીદ અને જુલમ ઉપર હઠાગ્રહ કરી રહ્યો હોય તેનાથી બદલો લેવો શ્રેષ્ઠ છે.

હઝરત અશરફુલ મશાઈખ (રહ.)એ બયાનુલ કુર્આનમાં તેને અપનાવીને કહ્યું કે અલ્લાહ તઆલા આ બંને આયતોમાં મો'મિનીન, મુખ્લિસીન અને સાલિહીનની બે ખાસિયતો વર્ણન કરી છે. هُمْ يَغْفِرُوْنَ (હુમ યગફિરૂન)માં એવું બતાવ્યું કે તેઓ ગુસ્સાથી પ્રભાવિત નથી થતા બલકે કૃપા અને દયા તેમના સ્વભાવ ઉપર છવાયેલી રહે છે અને તેઓ મા'ફ કરી આપે છે, هُمْ يَنْتَصِرُوْنَ (હુમ યન્તસિરૂન)માં એવું બતાવ્યું કે આ પણ તે જ સાલિહીનની વિશેષતાઓમાંથી છે કે જો જુલમનો બદલો લેવાની ભાવના ક્યારેક તેમનામાં પેદા પણ થઈ જાય અને બદલો પણ લે તો તેમાં હકથી વધારે નથી કરતા, જો કે મા'ફ કરી આપવું તેમના માટે શ્રેષ્ઠ છે.

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૪૪ થી ૫૦)

وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ وَّلِيٍّ مِّنْۢ بَعْدِهٖ ؕ وَتَرَى الظّٰلِمِيْنَ لَمَّا رَاَوُا الْعَذَابَ
يَقُوْلُوْنَ هَلْ اِلٰى مَرَدٍّ مِّنْ سَبِيْلٍ ۚ﴿۴۴﴾ وَتَرٰىهُمْ يُعْرَضُوْنَ عَلَيْهَا خٰشِعِيْنَ مِنَ
الذُّلِّ يَنْظُرُوْنَ مِنْ طَرْفٍ خَفِيٍّ ؕ وَقَالَ الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ الْخٰسِرِيْنَ الَّذِيْنَ
خَسِرُوْۤا اَنْفُسَهُمْ وَاَهْلِيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ اَلَاۤ اِنَّ الظّٰلِمِيْنَ فِيْ عَذَابٍ مُّقِيْمٍ ﴿۴۵﴾
وَمَا كَانَ لَهُمْ مِّنْ اَوْلِيَآءَ يَنْصُرُوْنَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ
سَبِيْلٍ ﴿۴۶﴾ؕ اِسْتَجِيْبُوْا لِرَبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا مَرَدَّ لَهٗ مِنَ اللّٰهِ ؕ مَا لَكُمْ
مِّنْ مَّلْجَاٍ يَّوْمَئِذٍ وَّمَا لَكُمْ مِّنْ نَّكِيْرٍ ﴿۴۷﴾ فَاِنْ اَعْرَضُوْا فَمَاۤ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ
حَفِيْظًا ؕ اِنْ عَلَيْكَ اِلَّا الْبَلٰغُ ؕ وَاِنَّاۤ اِذَاۤ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً فَرِحَ بِهَا ۚ
وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ فَاِنَّ الْاِنْسَانَ كَفُوْرٌ ﴿۴۸﴾ لِلّٰهِ
مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يَخْلُقُ مَا يَشَآءُ ؕ يَهَبُ لِمَنْ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ
لِمَنْ يَّشَآءُ الذُّكُوْرَ ۙ﴿۴۹﴾ اَوْ يُزَوِّجُهُمْ ذُكْرَانًا وَّاِنَاثًا ۚ وَيَجْعَلُ مَنْ يَّشَآءُ
عَقِيْمًا ؕ اِنَّهٗ عَلِيْمٌ قَدِيْرٌ ﴿۵۰﴾

તરજુમો :

અને જેને અલ્લાહ માર્ગ ન સૂઝાડે તો તેનું તેના સિવાય કોઈ કામ બનાવનાર નથી અને તમે જાલિમો(ગુનેહગારો)ને જુઓ જે સમયે અઝાબને જોશે, કહેશે; કોઈપણ રીતે ફરી પાછા જવાનો કોઈ માર્ગ પણ હશે ?! (૪૪) અને તમે તેમને જોશો કે આગની સામે લાવવામાં આવે, આંખો ઝુકાવેલા, ઝિલ્લતથી છુપી નજરોએ જોતા હશે; અને તે લોકો કહે જેઓ ઈમાનવાળા હતા, બેશક ! નુકસાનવાળા તે જ લોકો છે જેમણે પોતાની જાતને અને પોતાના ઘરવાળાઓને કયામતના દિવસે નુકસાનમાં નાંખ્યા, સાંભળો છો !?

જાલિમો (ગુનેહગારો) કાયમી અઝાબમાં પડયા છે ! (૪૫) અને તેમના કોઈ હિમાયતી ન થયા જેઓએ તેમની મદદ કરી હોત અલ્લાહના સિવાય અને જેને અલ્લાહ ભટકાવે તેના માટે કોઈ માર્ગ નથી. (૪૬) પોતાના પરવરદિગારનો હુકમ માનો એ પહેલાં કે તે દિવસ આવે જેને અલ્લાહના ત્યાંથી પાછા ફરવાનું નથી, તે દિવસે તમને બચાવ મળશે નહીં અને ન જ તમારો ઈન્કાર ચાલી શકશે (પ્રશ્ન કરવાની તક નહીં મળે). (૪૭) પછી જો તેઓ મોઢું ફેરવે તો અમે તેમના ઉપર તમને નિગેહબાન (રક્ષક) બનાવી નથી મોકલ્યા, તમારા ઝિમ્મે તો બસ એ જ છે પહોંચાડી દેવું; અને અમે જ્યારે માનવીને પોતાના તરફથી રહમત ચખાડીએ છીએ તો તેના ઉપર ફુલ્યો નથી સમાતો અને જો તેમને પોતાના કમાઈના બદલામાં બુરાઈ પહોંચે તો માનવી ઘણો નાશુક્રો છે. (૪૮) અલ્લાહનું જ શાસન છે આસમાનો અને જમીનમાં, જે ઈચ્છે પેદા કરે છે, જેને ઈચ્છે દિકરીઓ બખ્શે છે અને જેને ઈચ્છે દિકરાઓ બખ્શે છે. (૪૯) અથવા તેમને દિકરાઓ અને દિકરીઓ સાથે આપે છે અને જેને ઈચ્છે તેને વાંઝ રાખે છે; તે છે સઘળું જાણનાર, બધું કરી શકનાર. (૫૦)

તફસીર :

(આ હાલત તો હિદાયત કરનારાઓની હતી કે તેઓ દુનિયામાં અલ્લાહ તરફથી હિદાયત અને આખિરતમાં સવાબથી સન્માનિત થયા) અને (આગળ માર્ગ ભટકેલાઓની હાલત સાંભળો તે એ છે કે) જેને અલ્લાહ તઆલા ગુમરાહ કરે તો ત્યાર પછી તે વ્યક્તિનો (દુનિયામાં પણ) કોઈ મદદગાર નથી (કે તેને કોઈ માર્ગ ઉપર લઈ આવે) અને (કયામતમાં પણ બુરી હાલત થશે એટલા માટે તે દિવસે) તમે (તે) જાલિમોને જોશો જે વખતે કે તેઓ તેમના અઝાબને જોશે કે (ખૂબ અફસોસ અને પસ્તાવાથી તેઓ) કહેતા હશે, શું (દુનિયામાં) ફરી પાછા જવાનું કોઈ સ્વરૂપ (હોઈ શકે) છે ? (જેથી ફરી સારા અમલ કરીને પાછા આવીએ ?) અને (વળી) તમે તેમને એવી હાલતમાં જોશો કે તેઓ દોઝખની રૂબરૂ લાવવામાં આવશે, ઝિલ્લતના માર્યા ઝૂકેલા હશે (અને તે પોતાની) ત્રાંસી નજરે જોતા હશે, (જે રીતે કે કોઈ ભય પામેલ વ્યક્તિ જોતો હોય છે અને એક બીજી આયતમાં જે તેઓના આંધળા હોવાની ખબર આપવામાં આવી છે તે

હશ્રના સમયે છે અને આ ત્યાર પછીની ઘટના છે એટલા માટે ત્યાં શબ્દ نَحْشُرُهُ "નહ્‌શુરૂહુ"નો ખુલાસો છે) અને (તે સમયે) ઈમાનવાળા (પોતાના બચી જવા ઉપર શુક્ર કરવા માટે અને તેમની નીંદા કરવા માટે) કહેશે કે સંપૂર્ણ નુકસાનવાળા તે લોકો છે જેઓ પોતાની જાતથી અને પોતાના સંબંધીઓથી (આજે) કયામતના દિવસે નુકસાનમાં પડ્યા, (તેની તફસીર સૂરએ ઝુમરના બીજા રુકૂઅ્‌માં પસાર થઈ ચૂકી છે) યાદ રાખો કે જાલિમ (એટલે કે મુશ્રિક અને કાફિર) લોકો કાયમી અઝાબમાં (સપડાયેલા) રહેશે અને (ત્યાં) તેમનો કોઈ મદદગાર હશે નહીં જે અલ્લાહથી અલગ (થઈ) તેમની મદદ કરે અને જેને અલ્લાહ ગુમરાહ કરી દે તે(ના છુટકારા)ના માટે કોઈ માર્ગ છે જ નહીં (એટલે કે ન તો કોઈ બહાનું ચાલશે અને ન જ કોઈ મદદ અને ન તો બીજું કંઈ; આગળ કાફિરોને સંબોધન છે કે હે લોકો ! જ્યારે તમે કયામતની આ ભયાનક પરિસ્થિતિ સાંભળી લીધી તો) તમે પોતાના પરવરદિગારનો હુકમ (ઈમાન વગેરેનો) માની લો એ પહેલાં કે એવો દિવસ આવી પહોંચે જેના માટે અલ્લાહ તરફથી હટવાનું હશે નહીં (એટલે કે જે રીતે દુનિયામાં અઝાબ હટતો જાય છે આખિરતમાં એવી કોઈ પરિસ્થિતિ હશે નહીં અને) ન તો તમને તે દિવસે કોઈ (બીજું) શરણ મળશે અને ન જ તમારા વિશે કોઈ (અલ્લાહને) રોકટોક કરનાર હશે (કે ઓછામાં ઓછું એટલું જ પૂછી લે કે તેમની આવી હાલત શા માટે કરી ? અને હે પયગમ્બર ﷺ ! તે લોકોને આ બધું સંભળાવી આપો) પછી જો તે લોકો (આ સાંભળીને પણ) મોઢું ફેરવે (અને ઈમાન ન લાવે) તો (તમે ચિંતા અને ગમમાં ન પડો કારણ કે) અમે તમને તેમના ઉપર રક્ષક બનાવીને નથી મોકલ્યા (જેના કારણે કંઈક પૂછતાછ થવાની સંભાવના હોય કે તમારી દેખરેખમાં તેઓએ આ પ્રવૃત્તિ કઈ રીતે કરી બલકે) તમારા ઝિમ્મે તો માત્ર (હુકમનું) પહોંચાડી દેવું છે, (જેને તમે કરી રહ્યા છો પછી તમે તેમની વધારે ચિંતા શા માટે કરો છો ?) અને (તેમનું સત્યથી મોઢું ફેરવવાનું કારણ અલ્લાહ તઆલા સાથે સંબંધની કમજોરી છે જેની નિશાની એ છે કે) અમે જ્યારે (આવા પ્રકારના) વ્યક્તિને કંઈક પોતાની મહેરબાનીનો મજા ચખાડીએ છીએ તો તે તેના ઉપર (ઈતરાઈને) ખુશ થઈ જાય છે (અને નેઅ્‌મત આપનાર ઉપર દૃષ્ટિ કરીને શુક્ર અદા કરતો નથી) અને જો (આવા) લોકો ઉપર તેમના (તે ખરાબ) અમલોના બદલામાં જે પ્રથમ પોતાના હાથોએ કરી ચૂક્યા છે

કોઈ મુસીબત આવી પડે છે તો (એવો) વ્યક્તિ નાશુક્રી કરવા લાગે છે (અને એવું નથી કરતો કે ગુનાહોથી તવબહ અને મા'ફી માંગીને આજ્ઞાપાલન દ્વારા અલ્લાહ તઆલાના શરણે જાય અને આ બંને પરિસ્થિતિઓ એ બાબતની નિશાની છે કે તેનો સંબંધ પોતાની મનેચ્છાઓના આનંદ પ્રમોદ સાથે વધારે અને અલ્લાહ તઆલા સાથે ઓછો અને કમજોર છે અને તેના જ કારણે તે કુફ્રમાં સંડોવાઈ ગયો છે અને કારણ કે આ પરિસ્થિતિ એવા લોકોનો સ્વભાવ બની ગઈ છે એટલા માટે તેમનાથી તમે ઈમાનની આશા જ શા માટે રાખો છો જે ગમનું કારણ બને ? આગળ ફરી તવહીદનું વર્ણન છે કે) અલ્લાહનું જ છે (સર્વ) શાસન આસમાનોમાં અને જમીનોમાં, તે જે ઈચ્છે છે પેદા કરે છે; (એટલા માટે) જેને ઈચ્છે દિકરીઓ અર્પણ કરે છે અને જેને ઈચ્છે દિકરા અર્પણ કરે છે અથવા તેમને (જેના માટે ઈચ્છે) ભેગા કરી આપે છે (કે) દિકરાઓ પણ (આપે છે) અને દિકરીઓ પણ અને જેને ઈચ્છે અવલાદ વિહોણો રાખે છે, બેશક ! તે સઘળું જાણનાર મહાકુદરતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં શરૂઆતની આયતો તે લોકોના પરિણામ વિશે છે જેઓ મો'મિનીન સાલિહીનથી વિપરીત આખિરતની ફિકર ચિંતાના બદલે માત્ર દુનિયાના આનંદ અને રાહતના ઈચ્છુક રહ્યા, ત્યાર પછી اِسْتَجِيْبُوْا لِرَبِّكُمْ માં તેમને બોધપાઠ આપવામાં આવ્યો છે કે કયામતનો અઝાબ આવતા પહેલાં તવબહ કરી લો અને ઈમાન લઈ આવો અને પછી રસૂલે કરીમ ﷺને સાંત્વના અને દિલાસો આપવામાં આવ્યો છે કે તમારા વારંવાર પ્રચાર તથા પ્રયત્નો છતાં જો તે લોકો હોશમાં ન આવે તો તમે ચિંતા ન કરો. فَاِنْ اَعْرَضُوْا فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا નો આ જ ભાવાર્થ છે.

અંતિમ આયતોમાં لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ થી અંત સુધી સૃષ્ટિના સર્જનમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનો અને ઉચ્ચ કક્ષાની હિકમતનો જે પ્રત્યક્ષ દર્શન થાય છે જેમાં તેનો કોઈ ભાગીદાર નથી તેનું વર્ણન કરીને તવહીદનું આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ક્રમમાં આસમાનો અને જમીનના સર્જનનું વર્ણન કર્યા પછી કુદરતનો એક નિયમ વર્ણન કર્યો છે કે يَخْلُقُ مَا يَشَآءُ એટલે કે તેનામાં દરેક નાની મોટી વસ્તુ બનાવવાની સંપૂર્ણ શક્તિ છે તે જ્યારે ઈચ્છે જે

ઈચ્છે પેદા કરે છે, આ જ સિલસિલામાં માનવના સર્જનનું વર્ણન કરવામાં આવ્યું,

يَهَبُ لِمَنْ يَّشَآءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنْ يَّشَآءُ الذُّكُوْرَ ۝ اَوْ يُزَوِّجُهُمْ ذُكْرَانًا وَّاِنَاثًا ۚ

وَيَجْعَلُ مَنْ يَّشَآءُ عَقِيْمًا ۭ اِنَّهٗ عَلِيْمٌ قَدِيْرٌ

એટલે કે માનવના સર્જનમાં કોઈના ઈરાદાની અથવા અધિકારની બલકે જ્ઞાન અથવા ખબરની કોઈ દખલગીરી નથી, બલકે કોઈની દખલ તો શું હોય માણસના માં બાપ જે તેના સર્જનનું જાહેર માધ્યમ બને છે પોતે તેમના ઈરાદા અને અધિકારની પણ બાળકના પેદા થવામાં કોઈ દખલગીરી નથી, સર્જનમાં દખલ હોવી તો દૂરની વાત બાળકના જન્મ પહેલાં માતા પિતાને કંઈ ખબર પણ નથી હોતી કે તેના પેટમાં શું કેવું અને કઈ રીતે બધું થઈ રહ્યું છે; આ તો માત્ર તે અલ્લાહ તઆલાનું જ કાર્ય છે કે કોઈને પુત્રીઓ સંતાન સ્વરૂપે આપે છે તો કોઈને પુત્રો અવલાદ સ્વરૂપે બખ્શે છે, કોઈને પુત્ર અને પુત્રીઓ બંને આપે છે અને કોઈને બિલકુલ વાંઝ રાખે છે કે તેમને કોઈ અવલાદ નથી હોતી.

આ આયતોમાં બાળકોના પ્રકારો વર્ણન કરવામાં અલ્લાહ તઆલાએ પ્રથમ પુત્રીઓનું વર્ણન કર્યું છે, પુત્રોનું વર્ણન પાછળથી કર્યું છે. આ જ આયતના ઈશારા મુજબ હઝરત વાષિલા બિન અસકએ ફરમાવ્યું કે જે સ્ત્રીના પેટે પ્રથમ પુત્રી જન્મે તે મુબારક હોય છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ શૂરા : આયત નં. ૫૧-૫૨-૫૩)

وَمَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْيًا اَوْ مِنْ وَّرَآئِ حِجَابٍ اَوْ يُرْسِلَ رَسُوْلًا
فَيُوْحِيَ بِاِذْنِهٖ مَا يَشَآءُ ۭ اِنَّهٗ عَلِيٌّ حَكِيْمٌ ﴿٥١﴾ وَكَذٰلِكَ اَوْحَيْنَآ اِلَيْكَ رُوْحًا
مِّنْ اَمْرِنَا ۭ مَا كُنْتَ تَدْرِيْ مَا الْكِتٰبُ وَلَا الْاِيْمَانُ وَلٰكِنْ جَعَلْنٰهُ نُوْرًا نَّهْدِيْ
بِهٖ مَنْ نَّشَآءُ مِنْ عِبَادِنَا ۭ وَاِنَّكَ لَتَهْدِيْٓ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٢﴾ صِرَاطِ اللّٰهِ
الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ اَلَآ اِلَى اللّٰهِ تَصِيْرُ الْاُمُوْرُ ﴿٥٣﴾

તરજુમો :

અને કોઈ માનવીની તાકાત નથી કે તેની સાથે અલ્લાહ વાતો કરે પરંતુ ઈશારાથી અથવા પડદા પાછળથી અથવા કોઈ સંદેશ લાવનાર મોકલે, પછી તે તેના હુકમથી જે ઈચ્છે પહોંચાડી દે, બેશક ! તે સૌથી ઉપરવટ છે મહાન હિકમતવાળો. (૫૧) અને એ જ પ્રમાણે અમે તમારા તરફ પોતાના હુકમથી એક ફરિશ્તો મોકલ્યો, તમે જાણતા ન હતા કે કિતાબ શું છે અને ન જ ઈમાન; અને પરંતુ અમે આ (કુર્આન એક) પ્રકાશ રાખ્યો છે તેનાથી જેને ઈચ્છીએ પોતાના બંદાઓમાંથી માર્ગ સુઝાડી આપીએ છીએ અને બેશક તમે સીધો માર્ગ બતાવો છો. (૫૨) સીધો માર્ગ અલ્લાહનો; તેનું જ છે જે કંઈ છે આસમાનોમાં અને જમીનમાં, સાંભળો છો !? અલ્લાહ જ સુધી સઘળા કામો પહોંચે છે. (૫૩)

તફસીર :

અને કોઈ માનવીની (હાલની પરિસ્થિતિ મુજબ) એવી શા'ન નથી કે અલ્લાહ તઆલા તેની સાથે વાત કરે પરંતુ (ત્રણ રીતે) યા તો ઈલ્હામથી (કે દિલમાં કોઈ સારી વાત નાંખી દે) અથવા પડદાની પાછળથી (અમુક વાત સંભળાવી દે જેમકે મૂસા અલૈ.ને સંભળાવ્યું હતું) અથવા કોઈ ફરિશ્તાને મોકલી આપે કે તે અલ્લાહના હુકમથી જે અલ્લાહને મંજૂર હોય છે સંદેશ મોકલી આપે છે (તેનું કારણ એ છે કે) તે ઘણો ઉચ્ચ શા'નવાળો છે (જ્યાં સુધી તે પોતે કોઈને શક્તિ ન આપે તેની સાથે કોઈ વાતચીત કરી શકતું નથી અને તે) મોટી હિકમતવાળો (પણ) છે (તેથી બંદાઓના હિત ખાતર તેની વાત કરવાની પ્રસ્તુત ત્રણ રીતો નક્કી કરી આપી છે) અને (જે રીતે માનવી સાથે તેની વાતચીત કરવાની રીત વર્ણન કરવામાં આવી છે) એ જ પ્રમાણે (એટલે કે કાયદા પ્રમાણે હે નબી ﷺ !) અમે તમારી પાસે (પણ) વહી એટલે કે પોતાનો હુકમ મોકલ્યો છે (અને તમને નબી બનાવ્યા છે અને આ વહી એવું હિદાયતનામું છે કે તમારા અજોડ જ્ઞાનમાં તેના કારણે પ્રગતિ થઈ તેથી પહેલાં) તમને એ ખબર ન હતી કે (અલ્લાહની) કિતાબ શું વસ્તુ છે અને ન જ એ ખબર હતી કે ઈમાન(નો સંપૂર્ણ દરજ્જો જે અત્યારે પ્રાપ્ત થયો છે) શું વસ્તુ છે (ભલે એક પ્રકારનું ઈમાન

નબીઓને નુબુવ્વત પહેલાં પણ પ્રાપ્ત થતું હોય છે) અને પરંતુ અમે (તમને નુબુવ્વત અને કુર્આન આપ્યું અને) આ કુર્આનને (તમારા માટે પ્રથમ કક્ષાએ અને બીજાઓ માટે તમારા પછી) એક નૂર બનાવ્યું (જેનાથી તમને આ મહાન જ્ઞાન અને ઉચ્ચ કક્ષાનું સ્થાન પ્રાપ્ત થયું અને) જેના દ્વારા અમે પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છીએ છીએ હિદાયત કરીએ છીએ (બસ તેના મહાન પ્રકાશ હોવામાં કોઈ શંકા નથી, હવે જે આંધળો હોય તે એ પ્રકાશના લાભથી વંચિત છે બલકે તેનો ઈન્કારી છે જેવી રીતે કે આ વિરોધીઓ) અને એમાં કોઈ શંકા નથી કે તમે (આ કુર્આન અને વહી દ્વારા દરેક લોકોને) એક સીધા માર્ગનું માર્ગદર્શન કરી રહ્યા છો, એટલે કે તે અલ્લાહના માર્ગનું કે તેનું જ છે જે કંઈ છે આસમાનોમાં અને જે કંઈ છે જમીનોમાં (આગળ તે હુકમોને માનનારા અને ન માનનારાઓના બદલા અને સજાનું વર્ણન છે કે) યાદ રાખો ! બધા કાર્યો તેના જ તરફ રજુ થશે (તે દુષ્કૃત્યોની સજા અને સદ્કૃત્યોનો સારો બદલો આપશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત યહૂદીઓની એક અઘટિત માંગણીના જવાબમાં નાઝિલ થઈ છે જેમકે બગવી અને કુર્તુબી વગેરેએ લખ્યું છે કે યહૂદીઓએ રસૂલે કરીમ ﷺને કહ્યું કે અમે તમારા ઉપર કેવી રીતે ઈમાન લાવીએ જ્યારે કે તમે ન તો અલ્લાહને જુઓ છો અને ન જ તેની સામે રૂબરૂ વાતચીત કરો છો જેવી રીતે કે મૂસા (અલૈ.) વાતચીત કરતા હતા અને અલ્લાહને જોતા હતા !

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે એવું કહેવું ખોટું છે કે હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહને જોયા છે. તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેનો ખુલાસો એ છે કે કોઈ માનવી માટે અલ્લાહ તઆલા સાથે રૂબરૂ વાતચીત કરવી આ દુનિયામાં શક્ય નથી, પોતે હઝરત મૂસા (અલૈ.)એ પણ રૂબરૂ વાતચીત નથી સાંભળી બલકે પડદા પાછળથી માત્ર અવાજ સાંભળ્યો.

આ આયતમાં એ પણ બતાવવામાં આવ્યું કે કોઈ માનવી સાથે અલ્લાહ તઆલાની વાતચીત કરવાની માત્ર ત્રણ રીતો હોઈ શકે છે, એક وَحْيًا (વહ્યન) એટલે કે કોઈ વિષયને દિલમાં નાંખી દેવો, તે જાગૃતાવસ્થામાં પણ હોઈ શકે છે

અને ઊંઘમાં સ્વપ્ન સ્વરૂપે પણ; જેમકે ઘણી હદીષોમાં નકલ થયું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اُلْقِیَ فِیْ رَوْعِیْ એટલે કે આ વાત મારા દિલમાં اِلْقَاءْ કરવામાં આવી અને અંબિયા (અલૈ.)ના સ્વપ્નો પણ વહી હોય છે એમાં શયતાનની કોઈ દખલગીરી નથી હોઈ શકતી, આવા સ્વરૂપમાં શબ્દો અલ્લાહ તઆલા તરફથી હોતા નથી માત્ર એક વિષય દિલમાં આવે છે જેને તે વ્યક્તિ પોતાના શબ્દોમાં પરિભાષિત કરે છે.

બીજું સ્વરૂપ مِنْ وَّرَآءِ حِجَابٍ છે એટલે કે જાગૃતાવસ્થામાં કોઈ વાત પડદા પાછળથી સાંભળે, જેમકે હઝરત મૂસા (અલૈ.)ને તૂર પર્વત ઉપર બન્યું કે અલ્લાહ તઆલાની વાત સાંભળી પરંતુ તેમને જોયા નહીં તેથી જોવાની દરખાસ્ત કરી, رَبِّ اَرِنِیْٓ اَنْظُرْ اِلَیْکَ જેનો જવાબ નકારમાં આપવામાં આવ્યો, لَنْ تَرَانِیْ (લન તરાની) અને આ પડદો જે માનવી માટે અલ્લાહને જોવામાં અવરોધક છે તે કોઈ એવી વસ્તુ નથી જે અલ્લાહ તઆલાને છુપાવી શકે, કારણ કે તેનું નૂર مُحِیْطٌ (મુહીત) "સર્વત્ર છવાયેલ"ને કોઈ વસ્તુ છુપાવી શકતી નથી બલકે માનવીની દૃષ્ટિની કમજોરી જ માનવી માટે અલ્લાહ તઆલાને જોવાથી પડદો બની જાય છે એટલા માટે જન્નતમાં જ્યારે કે તેની દૃષ્ટિ શક્તિશાળી બનાવી દેવામાં આવશે તો ત્યાં દરેક જન્નતી અલ્લાહ તઆલાના જોવાની આહ્‌લાદકતા અનુભવશે, જેમકે સહીહ હદીષોના ખુલાસા પ્રમાણે અહલે સુન્નત વલ જમાઅતની માન્યતા છે.

આ નિયમ જે પ્રસ્તુત આયતમાં વર્ણવવામાં આવ્યો છે તે દુનિયા વિશે છે, દુનિયામાં કોઈ માનવી અલ્લાહ તઆલા સાથે રૂબરૂ વાતચીત એટલે કે વિના પડદે નથી કરી શકતો અને આ વાતચીતમાં માનવીનું ખાસ વર્ણન એટલા માટે છે કે આ વાતચીત માનવી વિશે હતી નહિતર દેખીતું એ છે કે ફરિશ્તાઓ સાથે પણ અલ્લાહ તઆલાની વાતચીત રૂબરૂ નથી થતી, જેમકે તિરમિઝીની રિવાયતમાં હઝરત જિબ્રઈલ (અલૈ.) દ્વારા નકલ થયું છે કે હું ઘણો નજીક થઈ ગયો હતો પરંતુ સિત્તેર હજાર પડદા એ છતાં રહી ગયા હતા તથા શબે મેઅ્‌રાજમાં રસૂલે કરીમ ﷺનું અલ્લાહ તઆલા સાથે રૂબરૂ વાતચીત કરવું જો સાબિત થઈ જાય જેમકે અમુક ઉલમાનો અભિપ્રાય છે તો તે તેનો નકાર નથી, કારણ કે તે વાતચીત આ દુનિયમાં નથી થઈ આસમાની દુનિયામાં થઈ હતી.

ત્રીજું સ્વરૂપ اَوْ یُرْسِلَ رَسُوْلًا છે, એટલે કે કોઈ ફરિશ્તા હઝરત જિબ્રઈલ

(અલૈ.) વગેરેને પોતાનું કલામ આપીને મોકલે અને તે રસૂલને પઢીને સંભળાવે, આ જ પદ્ધતિ સામાન્ય રીતે રહી છે. કુર્આને કરીમ પૂરેપૂરું આ જ પ્રમાણે ફરિશ્તા દ્વારા નાઝિલ થયું છે, પ્રસ્તુત વિગતમાં શબ્દ وَحِيٌ (વહી)ને માત્ર اِلْقَاءُ فِي الْقَلْبِ (ઈલ્કાઅ્ ફિલ્કલ્બ)ના અર્થમાં લેવામાં આવ્યું છે પરંતુ મોટે ભાગે આ શબ્દ બધા જ પ્રકારની રબ્બાની વાતચીત માટે ઉપયોગ થાય છે, જેમકે સહીહ બુખારીની એક લાંબી હદીષમાં વહીના પ્રકારોમાં ફરિશ્તા દ્વારા વાતચીત પણ ગણવામાં આવી છે અને તેમાં એ પણ વિગત છે કે ફરિશ્તા દ્વારા જે વહી આવે છે તેના પણ બે સ્વરૂપો હોય છે, ક્યારેક તો ફરિશ્તો પોતાના અસલી સ્વરૂપમાં હોય છે તો ક્યારેક માનવ સ્વરૂપે સામે આવે છે. વલ્લાહુ અઅ્લમુ.

مَا كُنْتَ تَدْرِىْ مَا الْكِتٰبُ وَلَا الْاِيْمَانُ وَلٰكِنْ.... આ આયત પ્રથમ આયતના વિષયની પૂર્ણતા છે, જેનો ખુલાસો એ છે કે દુનિયામાં રૂબરૂ વાતચીત ન તો કોઈની થઈ છે અને ન જ થઈ શકે છે અલબત્ત અલ્લાહ તઆલા પોતાના ખાસ ખાસ બંદાઓ ઉપર વહી મોકલે છે જેની ત્રણ રીતો પ્રથમ આયતમાં વર્ણન થઈ, આ જ ઈલાહી સુન્નત પ્રમાણે રસૂલે કરીમ ﷺ ઉપર વહી મોકલવામાં આવી છે. યહૂદીઓની એવી માંગણી કરવી કે તમે અલ્લાહ સાથે રૂબરૂ કેમ વાતચીત નથી કરતા તે એક અઘટિત માંગણી માત્ર હતી તેથી એવું કહેવામાં આવ્યું કે કોઈ માનવીને એટલે સુધી કે રસૂલને જે કંઈ પણ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે બધું જ અલ્લાહ તઆલાનું અર્પણ કરેલ છે અને જ્યાં સુધી અલ્લાહ તઆલા વહી દ્વારા તેમને બતાવી ન આપે ત્યાં સુધી ન તો તેમને કોઈ કિતાબની જાણકારી પ્રાપ્ત થઈ શકે છે અને ન જ ઈમાનની વિગતોની; કિતાબની જાણકારી વહી આવતા પહેલાં ન હોવું તો દેખીતું જ છે પરંતુ ઈમાનની જાણકારી ન હોવાનો ભાવાર્થ એ છે કે ઈમાનની વિગતો અને ઈમાનની શરતો અથવા ઈમાનનું ઉચ્ચ કક્ષાનું સ્થાન જે વહી પછી પ્રાપ્ત થાય છે તેનાથી વહી પહેલાં વાકેફ ન હતા નહિતર ઈજ્માએ ઉમ્મત દ્વારા એ વાત સાબિત છે કે અલ્લાહ તઆલા જે માણસને પોતાનો રસૂલ અથવા નબી બનાવે છે તેને શરૂઆતથી જ ઈમાન ઉપર પેદા કરે છે, તેની પ્રકૃતિ ઈમાન ઉપર આધારિત હોય છે, આ જ કારણ છે કે બધા જ અંબિયા (અલૈ.)નો જ્યારે તેમની કોમોએ વિરોધ કર્યો અને તેમના ઉપર જાતજાતના આક્ષેપો કર્યા ત્યારે કોઈપણ પયગમ્બર ઉપર કોઈપણ ઉમ્મતે એવો આક્ષેપ નથી કર્યો કે તમે

પણ તો નુબુવ્વતના દા'વા પહેલાં અમારી જેમ મૂર્તિઓની પૂજા કરતા હતા. કુર્તુબીએ પોતાની તફસીરમાં અને કાઝી અયાઝે શિફામાં આ વિષયની સંપૂર્ણ વિગત લખી છે.



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ શૂરા પૂર્ણ થઈ.


તારીખ : ૧૧ નવેમ્બર ૨૦૧૦ મુતાબિક ૪ જિલ્હજ્જ ૧૪૩૧ હિજરી

પ્રકરણ (૪૩)

સૂરએ ઝુખ્રુફ

સૂરએ ઝુખ્રુફ મક્કામાં નાઝિલ થઈ, તેની ૮૯ આયતો અને ૭ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૧ થી ૮)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) કસમ છે આ સ્પષ્ટ કિતાબની ! (૨) અમે આ કુર્આન અરબી ભાષામાં રાખ્યું જેથી તમે સમજો. (૩) અને બેશક ! આ કુર્આન લવ્હે મહફૂઝમાં અમારી પાસે છે ઉચ્ચ કક્ષાનું હિકમતોથી ભરપૂર. (૪) શું અમે તમારા તરફથી આ કિતાબ એ કારણે હટાવી દઈશું કે તમે એવા લોકો છો કે જેઓ મર્યાદામાં નથી રહેતા ? (૫) અને અમે આગલાઓમાં ઘણા નબીઓ મોકલ્યા છે. (૬) અને લોકો પાસે કોઈ સંદેશ લાવનાર નથી આવ્યા કે જેનો ઠઠ્ઠો મશ્કરી ન કરતા હોય. (૭) તો અમે આ લોકો કરતાં વધુ બળવાળાઓનો નાશ કરી નાખ્યો અને આગલાઓનું આવું દૃષ્ટાંત ચાલ્યું આવે છે. (૮)

તફસીર :

હા-મીમ; (તેનો અર્થ અલ્લાહને ખબર છે) કસમ (છે) આ સ્પષ્ટ કિતાબની કે અમે તેને અરબી ભાષાનું કુર્આન બનાવ્યું છે જેથી (હે અરબ !) તમે (સરળતાથી) સમજી લો અને તે અમારી પાસે લવ્હે મહફૂઝમાં મોટા રુત્બાવાળી અને હિકમતથી ભરેલી કિતાબ છે (બસ જ્યારે તે સમજવામાં સરળ અને ખાસ અમારા રક્ષણ હેઠળ અને સન્માનના કારણે મોટા રુત્બાવાળી અને હિકમતભર્યા વિષયો ઉપર આધારિત છે તો આવી કિતાબને અવશ્ય માનવી જોઈએ પરંતુ જો તમે ન માનો તો પણ અમે પોતાની હિકમતના તકાદાથી તેને મોકલવાનું અને તમને તેનું સંબોધન કરવાનું છોડીશું નહીં એટલા માટે ઈરશાદ છે કે) શું અમે તમારાથી આ નસીહત(નામા)ને (માત્ર) એ વાત ઉપર હટાવી દઈશું કે તમે (આજ્ઞાપાલનની) હદને વટાવનારા છો ? (અને તેને નથી માનતા, એટલે કે ભલે તમે માનો અથવા ન માનો પરંતુ નસીહત તો બરાબર કરવામાં આવશે અને આ કૃપા સંપૂર્ણ થઈને રહેશે જેથી તેનાથી મો'મિનોને લાભ થાય અને તમારા ઉપર હુજ્જત કાયમ થાય) અને અમે આગલા લોકોમાં (તેમના જૂઠાડવા છતાં) ઘણા નબી મોકલતા રહ્યા છે (એવું નથી થયું કે તેમના જૂઠાડવાના કારણે નુબુવ્વતનો ક્રમ બંધ થઈ ગયો) અને (હે પયગમ્બર ﷺ ! જેવી રીતે તેમના જૂઠાડવાની પરવા કરવામાં ન આવી એ જ પ્રમાણે તમે પણ કંઈ પરવા અને ફિકર ચિંતા ન કરો કારણ કે) તેઓની (એટલે કે આગલા લોકોની પણ આવી જ હાલત હતી કે તેઓ) પાસે કોઈ નબી એવો નથી આવ્યો જેની સાથે તેમણે ઠઠ્ઠો મશ્કરી ન કરી હોય, પછી અમે તે લોકોને કે જેઓ તેમનાથી (એટલે કે મક્કાવાળાઓથી) વધારે બળવાન હતા (જૂઠાડવાની અને ઠઠ્ઠા મશ્કરીની સજામાં) નાશ કરી નાંખ્યા અને આગલા લોકોની એવી હાલત થઈ ચૂકી છે (બસ તમે ચિંતા ન કરો કે તેમની પણ એવી જ હાલત થવાની છે જેમકે બદ્ર વગેરેમાં થયું અને તેઓએ નચિંત ન થવું જોઈએ કે નાશ પામી ચૂકેલ કોમોના નમૂનાઓ આજે પણ મોજૂદ છે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરત મક્કી છે, અલબત્ત હઝરત મકાતિલ (રહ.)નું નિવેદન છે કે આ આયત ....واسئل من ارسلنا મદની છે અને એક નિવેદન એવું પણ છે કે આ

સૂરત મેઅ્રાજના સમયે આસમાન ઉપર નાઝિલ થઈ. (રૂહુલ મઆની) વલ્લાહુ અઅ્લમુ.

وَالْكِتٰبِ الْمُبِيْنِ (કસમ છે સ્પષ્ટ કિતાબની !) તેનાથી ભાવાર્થ કુર્આને કરીમ છે, અલ્લાહ તઆલા જ્યારે કોઈ વસ્તુની કસમ ખાય છે તો સામાન્ય રીતે તે વસ્તુ પછીના દા'વાની દલીલ હોય છે, અત્રે કુર્આને કરીમની કસમ ખાઈને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે કુર્આન પોતે પોતાના સન્માનના કારણે પોતાની સત્યતાની દલીલ છે અને કુર્આનને સ્પષ્ટ અને ખુલ્લું કહેવાનો ભાવાર્થ એ છે કે તે તેના શિખામણ અને બોધપાઠ ઉપર આધારિત વિષયો સરળતાથી સમજમાં આવી જાય છે પરંતુ જ્યાં સુધી તેના દ્વારા શરીઅતના હુકમો પ્રતિપાદિત કરવાનો હુકમ છે તે નિઃશંક એક મુશ્કેલ કામ છે. ઈજ્તિહાદની સંપૂર્ણ ક્ષમતા વિના તે કરી શકાતું નથી આથી બીજી જગ્યાએ આ બાબત સ્પષ્ટ કરવામાં આવી છે, وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ (અને નિઃશંક ! અમે કુર્આનને બોધપાઠ પ્રાપ્ત કરવા માટે સરળ બનાવ્યું છે, બસ શું છે કોઈ બોધપાઠ ગ્રહણ કરનાર ?! *૫૪:૧૭*) તેમાં કહેવામાં આવ્યું છે કે કુર્આન શિખામણ પ્રાપ્ત કરવા માટે સરળ છે પરંતુ તેના દ્વારા ઈજ્તિહાદ અને શરઈ હુકમો પ્રતિપાદિત કરવાની બાબત સરળ હોવું જરૂરી નથી બલકે બીજી દલીલોથી સાબિત છે કે આ કામ માટે સંદર્ભ જ્ઞાનમાં સંપૂર્ણ નિષ્ણાત હોવું શરત છે.

મુબલ્લિગે (પ્રચારકે) નિરાશ થઈને બેસવું જોઈએ નહીં :

اَفَنَضْرِبُ عَنْكُمُ الذِّكْرَ صَفْحًا اَنْ كُنْتُمْ قَوْمًا مُّسْرِفِيْنَ (શું અમે આ નસીહતને એ વાત ઉપર હટાવી લઈશું કે તમે હદ વટાવનારા છો ?) ભાવાર્થ એ છે કે તમે પોતાની બદમાશી અને નાફરમાનીમાં ભલે હદથી કેટલાય વટી જાઓ, મર્યાદા ઓળંગો પરંતુ અમે તમને કુર્આન દ્વારા નસીહત કરવાનું છોડીશું નહીં, આથી જાણ થઈ કે જે વ્યક્તિ દા'વત અને તબ્લીગનું કામ કરતો હોય તેણે દરેક વ્યક્તિ પાસે સત્યનો સંદેશ લઈને જવું જોઈએ અને કોઈ સમૂહ અથવા જમાઅતની તબ્લીગ કરવી માત્ર એ બીનાએ છોડવી જોઈએ નહીં કે તેઓ તો અંતિમ કક્ષાના મુલ્હિદ, બેદીન અથવા ફાસિક અને ફાજીર છે, તેમને શું તબ્લીગ કરવામાં આવે ?!

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૯ થી ૨૫)

وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْأَرْضَ لَيَقُولُنَّ خَلَقَهُنَّ الْعَزِيزُ
الْعَلِيمُ ﴿٩﴾ الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ مَهْدًا وَجَعَلَ لَكُمْ فِيهَا سُبُلًا لَعَلَّكُمْ
تَهْتَدُونَ ﴿١٠﴾ وَالَّذِي نَزَّلَ مِنَ السَّمَاءِ مَاءً بِقَدَرٍ فَأَنْشَرْنَا بِهِ بَلْدَةً مَيْتًا
كَذٰلِكَ تُخْرَجُونَ ﴿١١﴾ وَالَّذِي خَلَقَ الْأَزْوَاجَ كُلَّهَا وَجَعَلَ لَكُمْ مِنَ الْفُلْكِ
وَالْأَنْعَامِ مَا تَرْكَبُونَ ﴿١٢﴾ لِتَسْتَوُوا عَلَىٰ ظُهُورِهِ ثُمَّ تَذْكُرُوا نِعْمَةَ رَبِّكُمْ إِذَا
اسْتَوَيْتُمْ عَلَيْهِ وَتَقُولُوا سُبْحَانَ الَّذِي سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهُ مُقْرِنِينَ ﴿١٣﴾
وَإِنَّا إِلَىٰ رَبِّنَا لَمُنْقَلِبُونَ ﴿١٤﴾ وَجَعَلُوا لَهُ مِنْ عِبَادِهِ جُزْءًا إِنَّ الْإِنْسَانَ لَكَفُورٌ
مُبِينٌ ﴿١٥﴾ أَمِ اتَّخَذَ مِمَّا يَخْلُقُ بَنٰتٍ وَأَصْفٰكُمْ بِالْبَنِينَ ﴿١٦﴾ وَإِذَا بُشِّرَ أَحَدُهُمْ
بِمَا ضَرَبَ لِلرَّحْمٰنِ مَثَلًا ظَلَّ وَجْهُهُ مُسْوَدًّا وَهُوَ كَظِيمٌ ﴿١٧﴾ أَوَمَنْ يُنَشَّؤُا فِي
الْحِلْيَةِ وَهُوَ فِي الْخِصَامِ غَيْرُ مُبِينٍ ﴿١٨﴾ وَجَعَلُوا الْمَلٰٓئِكَةَ الَّذِينَ هُمْ عِبٰدُ
الرَّحْمٰنِ إِنٰثًا أَشَهِدُوا خَلْقَهُمْ سَتُكْتَبُ شَهٰدَتُهُمْ وَيُسْئَلُونَ ﴿١٩﴾
وَقَالُوا لَوْ شَاءَ الرَّحْمٰنُ مَا عَبَدْنٰهُمْ مَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ إِنْ هُمْ إِلَّا
يَخْرُصُونَ ﴿٢٠﴾ أَمْ آتَيْنٰهُمْ كِتٰبًا مِنْ قَبْلِهِ فَهُمْ بِهِ مُسْتَمْسِكُونَ ﴿٢١﴾ بَلْ قَالُوا إِنَّا
وَجَدْنَا آبَاءَنَا عَلَىٰ أُمَّةٍ وَإِنَّا عَلَىٰ آثٰرِهِمْ مُهْتَدُونَ ﴿٢٢﴾ وَكَذٰلِكَ مَا أَرْسَلْنَا مِنْ
قَبْلِكَ فِي قَرْيَةٍ مِنْ نَذِيرٍ إِلَّا قَالَ مُتْرَفُوهَا إِنَّا وَجَدْنَا آبَاءَنَا عَلَىٰ أُمَّةٍ
وَإِنَّا عَلَىٰ آثٰرِهِمْ مُقْتَدُونَ ﴿٢٣﴾ قٰلَ أَوَلَوْ جِئْتُكُمْ بِأَهْدَىٰ مِمَّا وَجَدْتُمْ عَلَيْهِ
آبَاءَكُمْ قَالُوا إِنَّا بِمَا أُرْسِلْتُمْ بِهِ كٰفِرُونَ ﴿٢٤﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ فَانْظُرْ
كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِينَ ﴿٢٥﴾

તરજુમો :

અને જો તમે તમને પૂછો, કોણે બનાવ્યા આસમાનો અને જમીન ? તો કહેશે, તે જ જબરદસ્ત સઘળું જાણનારાએ બનાવ્યા. (૯) તે જ છે જેણે તમારા માટે જમીનને પાથરણું બનાવ્યું અને તેમાં તમારા માટે માર્ગો રાખ્યા જેથી તમે માર્ગ પામો. (૧૦) અને જેણે આસમાનથી માપીને પાણી ઉતાર્યું, પછી અમે તેનાથી મૃત દેશને ઉભારી ઊભો કર્યો, એ જ પ્રમાણે તમને પણ કાઢીશું. (૧૧) અને જેણે દરેક વસ્તુના જોડાં બનાવ્યા અને તમારા માટે વહાણો અને જાનવરોને (બનાવ્યા) જેના ઉપર તમે સવાર થાઓ છો. (૧૨) જેથી તમે તેની પીઠ ઉપર સવાર થાઓ, પછી પોતાના પરવરદિગારના અહેસાનને યાદ કરો જ્યારે તેના ઉપર બેસી ચૂકો અને કહો, પવિત્ર જાત છે તે જેણે તેને અમારા વશમાં કરી દીધું અને અમે (પોતે) તેને કાબૂમાં લાવી શકતા ન હતા. (૧૩) અને નિઃશંક અમારે પોતાના પરવરદિગાર તરફ પાછું જવાનું છે. (૧૪) અને તેમણે અલ્લાહના માટે તેના બંદાઓમાંથી અવલાદ ઠરાવી, ખરેખર માનવી ઉઘાડો નાશુક્રો છે ! (૧૫) શું તેણે પોતાની મખ્લૂકમાંથી દિકરીઓ રાખી લીધી અને તમને દિકરાઓ ચૂંટીને આપી દીધા !? (૧૬) અને જ્યારે તેમનામાંથી કોઈને એ(પુત્રીના જન્મ)ની ખુશખબરી મળે જેને રહમાનના નામ ઉપર લગાવી તો આખો દિવસ તેનું મોઢું કાળું રહે અને તે દિલમાં રૂંધાયેલો રહે છે. (૧૭) શું એવી વ્યક્તિ કે જે ઘરેણામાં પરવરિશ પામે છે અને તે વાદ વિવાદમાં યોગ્ય વાત (પણ) ન કહી શકે (૧૮) અને તેમણે ફરિશ્તાઓને કે જે રહમાનના બંદાઓ છે સ્ત્રીઓ ઠરાવી શું તેઓ તેમનું પેદા થવું જોતા હતા ? હવે તેમની ગવાહી લખી રાખીશું અને તેમની પૂછતાછ થશે. (૧૯) અને કહે છે, જો રહમાને ઈચ્છયું હોત તો અમે તેમને ન પૂજતા હોત; તેમને તેની કંઈ જ ખબર નથી તે બધી અટકળો દોડાવે છે. (૨૦) શું અમે તેમને આનાથી પહેલાં કોઈ કિતાબ આપી છે બસ (કે જેને) તેમણે તેને મજબૂતીથી પકડી રાખી છે ? (૨૧) બલકે કહે છે, અમે પોતાના બાપ દાદાઓને એક માર્ગ ઉપર જોયા અને અમે તેમના જ પગલાંઓ ઉપર છે માર્ગ પામેલા. (૨૨) અને એ જ પ્રમાણે અમે તમારાથી પહેલાં જે કોઈને પણ કોઈ વસ્તીમાં ડર સંભળાવનાર મોકલ્યા; બસ ત્યાંના ધનવાનો

(ખુશહાલ લોકો) કહેવા લાગ્યા, અમે તો પોતાના બાપ દાદાઓને એક માર્ગ ઉપર પામ્યા અને અમે તેમના જ પગલાંઓ ઉપર ચાલીએ છીએ. (૨૩) તેણે (નબીએ) કહ્યું, અને તેનાથી વધારે હિદાયતનો માર્ગ જેના ઉપર તમે પોતાના બાપ દાદાઓને જોયા જે હું તમને લાવી આપું તો એવું જ કહેવા લાગ્યા, અમે તમારું લાવેલું માનીશું નહીં. (૨૪) પછી અમે તેમનાથી બદલો લીધો; બસ જોઈ લો જૂઠાડનારાઓનો કેવો અંજામ થયો ! (૨૫)

તફસીર :

જો તમે તેમને પૂછો કે આસમાનો અને જમીનને કોણે પેદા કર્યા છે ? તો તેઓ અવશ્ય એવું જ કહેશે કે તેને જબરદસ્ત જાણકારે (એટલે કે અલ્લાહ તઆલાએ) પેદા કર્યા છે, (અને દેખીતું છે કે જે હસ્તીએ એકલા હાથે આ મહાન મખ્લૂકોને પેદા કરી હોય તો ઈબાદત પણ માત્ર તેની જ કરવી જોઈએ એટલા માટે તવહીદ પોતે તેમની કબૂલાતથી સાબિત થઈ ગઈ, આગળ અલ્લાહ તઆલા તવહીદની વધારે દલીલ સ્થાપિત કરવા માટે પોતાના તે કાર્યો વર્ણન કરે છે જે તવહીદ ઉપર દલીલ કરનારા છે, એટલે કે આ જમીન અને આસમાન તેણે પેદા કર્યા છે) જેણે તમારા (આરામ) માટે જમીનને (જેમકે) પાથરણું બનાવી દીધું (કે જેના ઉપર તમે આરામ કરો છો) અને તે (જમીન)માં તેણે તમારા (ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવા) માટે માર્ગો બનાવ્યા જેથી (તે માર્ગો ઉપર ચાલીને) તમે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચી શકો અને જેણે આસમાનથી પાણી એક (ખાસ) અંદાજથી (પોતાની ઈચ્છા અને હિકમત પ્રમાણે) વરસાવ્યું, પછી અમે તેનાથી (એટલે કે તે પાણીથી) સુક્કી જમીનને (યોગ્ય રીતે) જીવીત કરી (અને તેનાથી તવહીદ ઉપર દલીલ કરી, તે ઉપરાંત એવું પણ સમજી લેવું જોઈએ કે) આ જ પ્રમાણે તમે (પણ પોતાની કબરોથી) કાઢવામાં આવશો અને જેણે (વિવિધ પ્રકાર અને પ્રજાતિના) બધા જ (વિવિધ) પ્રકારો (એટલે કે સવારીઓના) બનાવ્યા અને તમારા તે વહાણો અને પશુઓ બનાવ્યા જેના ઉપર તમે સવાર થાઓ છો જેથી તમે તે (વહાણો અને પશુઓ)ની પીઠ ઉપર ટટ્ટાર (થઈ શાંતિથી) બેસો, પછી જ્યારે તેના ઉપર બેસી ચૂકો તો પોતાના પરવરદિગારની (આ) નેઅ્મતને (દિલથી) યાદ કરો અને (જીભથી દુઆ સ્વરૂપે) એવું કહો કે તેની જાત પવિત્ર છે જેણે આ વસ્તુઓને તમારા વશમાં કરી દીધી અને અમે તો એવા (શક્તિશાળી

અને હુનરવાળા) ન હતા જે તેમને કાબૂમાં કરી લઈએ (કારણ કે માનવમાં પશુઓથી વધારે શક્તિ નથી અને અલ્લાહ તઆલાના ઈલ્હામ વિના કોઈ વહાણ ચલાવવાની કળાથી વાકેફ થઈ શકતું નથી, બંને સવારીઓ વિશે અલ્લાહ તઆલાએ કળા શિખવાડી છે) અને અમારે પોતાના પરવરદિગાર તરફ પાછા જવાનું છે (એટલા માટે અમે તેના ઉપર સવાર થઈને શુક્ર કરવાથી બેદરકારી દાખવતા નથી અથવા તકબ્બુર કરતા નથી) અને (તવહીદની સ્પષ્ટ દલીલો હોવા છતાં) તે લોકોએ (શિર્ક અપનાવી રાખ્યું છે અને તે પણ એવું જુગુપ્સાપ્રેરક કે ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ કહે છે અને તેમની ઈબાદત કરે છે, બસ એક ખરાબી તો આ થઈ કે તેમણે) અલ્લાહના બંદાઓમાંથી (જે મખ્લૂક હોય છે તેને) અલ્લાહનું અંગ ઠરાવ્યું (જ્યારે કે અલ્લાહનું કોઈ અંગ હોવું તાર્કિક રીતે પણ અશક્ય છે) ખરેખર (આવો) માનવી ખુલ્લો નાશુક્રો છે (કે અલ્લાહ તઆલાની સાથે આટલું મોટું કુફ્ર કરે છે કે તેના ભાગો હોવાનું ઠરાવે છે જેનાથી અલ્લાહ તઆલાનું મઆઝલ્લાહ ! હાદિષ હોવું જરૂરી ઠરે છે, મતલબ કે એક ખરાબી એ છે કે લોકો પુત્રીને અધૂરી સમજે છે અને પછી અલ્લાહ તઆલા માટે પુત્રીઓ હોવાનું માને છે તો) શું અલ્લાહે પોતાની મખ્લૂકમાંથી (તમારી માન્યતા પ્રમાણે પોતાના માટે તો) દિકરીઓ પસંદ કરી અને તમને દિકરાઓની સાથે ખાસ કર્યા જ્યારે કે (તમે દિકરીઓને એટલી બુરી સમજો છો કે જ્યારે) તમારામાં કોઈને તે વસ્તુ થવાની ખબર આપવામાં આવે છે જેને રહમાનનો નમૂનો (એટલે કે અવલાદ) બનાવી રાખી છે (તેનો ભાવાર્થ પુત્રી છે) તો (એ પ્રમાણે નારાજ થાઓ છો કે) આખો દિવસ તેનો ચહેરો રોનક વિનાનો રહે છે અને તે દિલમાંને દિલમાં રૂંધાતો રહે છે (તો આશ્ચર્ય છે કે અલ્લાહ તઆલા તરફ ખામીનો સંબંધ જોડો છો, અહીંયાં સુધી તેમના ખોટા અકીદહનો આક્ષેપયુક્ત રદિયો હતો જેનો ખુલાસો સૂરએ સાફ્ફાતમાં પસાર થઈ ચૂક્યો છે, આગળ આ જ અકીદહનો વાસ્તવિક રદિયો આપવામાં આવે છે કે જો કે પુત્રી હોવું આપમેળે કોઈ અપમાન અથવા આળની વાત નથી જેમકે તમે સમજી રહ્યા છો પરંતુ અમને તો કોઈ શંકા નથી કે તે પોતાના મૂળ સર્જનના આધારે ઓછી બુદ્ધિ અને અભિપ્રાયમાં કમજોર અવશ્ય છે, જ્યારે એવી વાત છે તો) શું (અવલાદ બનાવવા માટે અલ્લાહે પુત્રીઓને પસંદ કરી છે ?) કે જે (સ્વાભાવિક) શણગાર (અને શોભા)માં ઉછેર પામે (જે

ઘરેણા અને શોભા શણગાર તરફ તેના આકર્ષણના કારણે હોય છે અને તેનું આવશ્યક પરિણામ બુદ્ધિ અને અભિપ્રાયની અપરિપકવતા છે) અને તે (માનસિક શક્તિની કમજોરીની બીનાએ) વાદ વિવાદમાં વક્તૃત્વ શક્તિ (પણ) ન ધરાવે (એટલા માટે એવરેજ સ્ત્રીઓ સામાન્ય રીતે પોતાની વાતને શક્તિ અને સ્પષ્ટતા સાથે વર્ણન કરવાથી પુરુષો કરતાં ઓછી શકિત ધરાવે છે, ઘણુંખરું તે અધૂરી જ વાત કહેશે અને તેમાં ફુઝૂલ વાતો ભેળવી દેશે જેને મૂળ હેતુમાં કોઈ લેવા દેવા ન હોય, આ બે ખરાબીઓ થઈ) અને (ત્રીજી ખરાબી શિર્ક આવશ્યક ઠરવા ઉપર દૃષ્ટિપાત કરીએ તો) તેમણે ફરિશ્તાઓને કે જે અલ્લાહના (મખ્લૂક) બંદાઓ છે (એટલા માટે અલ્લાહને તેમની સમગ્ર હાલતની ખબર છે અને કારણ કે તે દેખાતા નથી તેથી તેમની કોઈ સિફત અલ્લાહ તઆલાના બતાવ્યા વિના કોઈને જાણ નથી થઈ શકતી અને અલ્લાહે ક્યાંય એવું નથી બતાવ્યું કે ફરિશ્તાઓ સ્ત્રી છે પરંતુ તેમણે તેમને દલીલ વિના જ) સ્ત્રી ઠરાવી રાખ્યા છે (અને તેમના સ્ત્રી હોવા ઉપર ન તો કોઈ તાર્કિક દલીલ ઉપસ્થિત છે અને ન જ નકલ થયેલ દલીલ, તેના માટે તો નજરે જોયેલું હોવું જોઈએ તો) શું તેઓ તેમની પેદાઈશના સમયે હાજર હતા ? (અને જોઈ રહ્યા હતા ? જવાબ દેખીતો છે કે તેમણે ફરિશ્તાઓના સર્જનને નજરે જોયું નથી એટલા માટે તેમના આ મૂર્ખતાપૂર્ણ દા'વાની વાસ્તવિકતા છતી થઈ ગઈ) તેમનો આ દા'વો (દલીલ વિનાનો છે તે અમલોની ખાતાવહીમાં) લખી લેવામાં આવે છે અને (કયામતમાં) તેની પૂછતાછ થશે (આ વાતચીત તો ફરિશ્તાઓના દિકરીઓ હોવા વિશે હતી) અને (આગળ તેમના મઅ્બૂદ હોવા વિશે વર્ણન છે કે) તે લોકો એવું કહે છે કે જો અલ્લાહ તઆલા (એ વાતને ખુશીથી) ઈચ્છતો હોત (કે ફરિશ્તાઓની ઈબાદત ન થાય એટલે કે તે ઈબાદતથી તે નાખુશ હોત) તો અમે (ક્યારેય) તેમની ઈબાદત ન કરતા હોત (કારણ કે તે કરવા જ ન દે બલકે બળજબરીએ અટકાવી દીધા હોત, જ્યારે અટકાવ્યા નથી તો જાણ થઈ કે તે તેમની ઈબાદત ન કરવાથી ખુશ નથી બલકે ઈબાદત કરવાથી ખુશ છે, આગળ તેમનો રદિયો છે કે) તેમને એ(વાત)ની કોઈ જાણકારી નથી માત્ર અવાસ્તવિક વાત કરી રહ્યા છે (કારણ કે અલ્લાહ તઆલાનું પોતાના બંદાઓને કોઈ કામ ઉપર કાબૂ આપી દેવું એ વાતની દલીલ નથી કે તે આ કામ ઉપર રાજી પણ છે, જેમકે આઠમાં સિપારાના અડધાથી

પહેલી આયત ....سَيَقُوْلُ الَّذِيْنَ اَشْرَكُوْا માં તેની વિગત પસાર થઈ ચૂકી છે, હવે એવું બતાવો કે) શું અમે તેમને આ(કુર્આન)થી પહેલાં કોઈ કિતાબ આપી રાખી છે કે (આ દા'વામાં) તેની દલીલ કરે છે ? (હકીકત એ છે કે ન તો તેમની પાસે તાર્કિક દલીલ છે અને ન જ નકલ કરવામાં આવેલ દલીલ) બલકે (માત્ર પોતાના બાપ દાદાઓનું અનુસરણ કરે છે એટલા માટે) તેઓ કહે છે કે અમે પોતાના બાપ દાદાઓને એક તરીકા ઉપર જોયા છે અને અમે પણ તેમની પાછળ પાછળ એ માર્ગે ચાલી રહ્યા છે અને (જે પ્રમાણે આ લોકો દલીલ વિના બલકે દલીલ વિરુદ્ધ પોતાની પ્રાચીન પ્રથાને પ્રમાણ સ્વરૂપે રજુ કરે છે) એ જ પ્રમાણે અમે તમારાથી પહેલાં કોઈ વસ્તીમાં કોઈ પયગમ્બર નથી મોકલ્યો પરંતુ ત્યાંના ખુશહાલ લોકોએ (પ્રથમ અને તેમના અનુયાયીઓએ પાછળથી) એવું જ કહ્યું કે અમે પોતાના બાપ દાદાઓને એક તરીકા ઉપર જોયા છે અને અમે પણ તેમની જ પાછળ પાછળ ચાલી રહ્યા છે (તેના ઉપર) તેમના (આ) પયગમ્બરે (તેમને) કહ્યું કે શું (બાપ દાદાની રીત રસમોનું જ અનુસરણ કર્યે જશો ?) જો કે હું તેનાથી સારો (અને ઈચ્છિત) મંઝિલ ઉપર પહોંચાડી દેનાર તરીકો તમારી પાસે લાવ્યો છું કે જેના ઉપર તમે પોતાના બાપ દાદાઓને જોયા છે તો તેઓ (દુશ્મનાવટના માર્ગે) કહેવા લાગ્યા કે અમે તો તે(દીન)ને માનતા જ નથી જેને આપીને (તમારી માન્યતા પ્રમાણે) તમને મોકલવામાં આવ્યા છે, બસ (જ્યારે દુશ્મનાવટમાં હદથી વટી ગયા તે સમયે) અમે તેમનાથી બદલો લીધો, બસ જુઓ જૂઠાડનારાઓનો કેવો (બુરો) અંજામ થયો ?!

મસ્અલા અને બોધપાઠ :

جَعَلَ لَكُمُ الْاَرْضَ مَهْدًا (તમારા માટે જમીનને પાથરણું બનાવ્યું) ભાવાર્થ એ છે કે જમીનનું જાહેર સ્વરૂપ અને તેનો આરામ પાથરણા સમાન બનાવ્યો એટલા માટે તેનાથી પૃથ્વી ગોળ હોવાનો નકાર થતો નથી.

وَجَعَلَ لَكُمْ مِّنَ الْفُلْكِ وَالْاَنْعَامِ مَاتَرْكَبُوْنَ (અમે તમારા માટે તે વહાણો અને પ્રાણીઓ બનાવ્યા જેના ઉપર તમે સવાર છો.) માનવીની સવારીઓ બે પ્રકારની હોય છે, એક તે સવારીઓ જેને માનવી પોતાની કળા કારીગીરીથી પોતે બનાવે છે અને બીજું તે પ્રાણીઓ જેમના સર્જનમાં માનવની કળા કારીગીરીની કોઈ દખલગીરી નથી. વહાણો કહીને સવારીઓનો પ્રથમ પ્રકાર ભાવાર્થ સ્વરૂપે

છે અને પ્રાણીઓથી બીજો પ્રકાર, અલબત્ત હેતુ એ છે કે માનવના ઉપયોગની બધી જ સવારીઓ ભલે તેમની તૈયારીમાં માનવીની કળા કારીગીરીની દખલ હોય અથવા ન હોય અલ્લાહ તઆલાની ઘણી મોટી નેઅ્મત છે, પ્રાણીઓનું નેઅ્મત હોવું તો બિલકુલ જાહેર છે કે તે માનવોથી કેટલાય ઘણા વધારે શક્તિશાળી હોય છે પરંતુ અલ્લાહ તઆલાએ તેમને માનવીના એવા વશ કરી દીધા છે કે એક નાનું બાળક પણ તેના મોઢાંમાં લગામ અથવા નાકમાં નકેલ નાંખીને જ્યાં ઈચ્છે તેમને લઈ જાય છે, એ જ પ્રમાણે તે સવારીઓ પણ અલ્લાહની મોટી નેઅ્મત છે જેની તૈયારીમાં માનવીની કળા કારીગીરીની દખલગીરી હોય છે, હવાઈ જહાઝથી લઈને મા'મૂલી સાઈકલ સુધીની બધી જ સવારીઓ જો કે દેખીતી રીતે માનવે બનાવી છે પરંતુ તેની કળા કારીગીરીની પદ્ધતિ શિખવાડનાર અલ્લાહ તઆલા સિવાય કોણ છે !? તે એ સર્વશક્તિમાન જ છે જેણે માનવીના દિમાગને એવી શક્તિ અર્પણ કરી છે જે લોઢાને મીણ બનાવી દે છે, તદુપરાંત તેમની કળા કારીગીરીમાં જે કાચો માલ ઉપયોગમાં આવે છે તે અને તેના ખાસ ખાસ તત્ત્વો અને ઊર્જાઓની ધાતુઓ તો સીધે સીધું અલ્લાહ તઆલાનું જ સર્જન છે.

ثُمَّ تَذْكُرُوْا نِعْمَةَ رَبِّكُمْ (અને જેથી તમે પોતાના પરવરદિગારની નેઅ્મતને યાદ કરો) તેનાથી ઈશારો કરવામાં આવ્યો કે એક બુદ્ધિશાળી અને સભાન મનુષ્યનું કામ એ છે કે તે સાચા ઈનામ આપનારની નેઅ્મતોનો ઉપયોગ કરવાના સમયે ગફલત, લાપરવાહી અને જાણે કોઈની જરૂર જ ન હોય એ રીતે વર્તવાની બદલે એ વાતનું ધ્યાન આપે કે આ મારા ઉપર અલ્લાહ તઆલાનું ઈનામ છે તેથી મારા ઉપર તેનો શુક્ર અદા કરવો અને વિનમ્રતા તથા નરમાશ જાહેર કરવી આવશ્યક છે. એક કાફિર અને મો'મિનમાં વાસ્તવમાં આ જ ફરક છે કે સૃષ્ટિની નેઅ્મતોનો બંને ઉપયોગ કરે છે પરંતુ કાફિર તે નેઅ્મતોને ગફલત અને લાપરવાહીથી ઉપયોગ કરે છે અને મો'મિન અલ્લાહ તઆલાના ઈનામોનો ઉપયોગ કરીને પોતાનું માથું તેની સામે ઝૂકાવી દે છે, આ જ હેતુથી કુર્આન અને હદીષમાં વિવિધ કાર્યોને પૂર્ણ કરવાના સમયે સબ્ર અને શુક્રના વિષયો ઉપર આધારિત દુઆઓ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને જો માનવી પોતાના રોજીંદા જીવનમાં ઊઠતાં, બેસતાં, ચાલતાં, ફરતાં તે દુઆઓને પોતાનો નિત્યક્રમ બનાવી લે તો તેનું દરેક મબાહ કામ પણ ઈબાદત બની જાય છે. આ દુઆઓ

અલ્લામહ જઝરી (રહ.)ની કિતાબ "હસને હસીન" અને હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)ની કિતાબ "મુનાજાતે મકબૂલ"માં જોઈ શકાય છે.

મુસાફરીના સમયની દુઆઓ .

سُبۡحٰنَ الَّذِىۡ سَخَّرَ لَنَا هٰذَا.... (પવિત્ર છે તે જાત જેણે તેને અમારા કાબૂમાં કરી દીધું) આ સવારી ઉપર બેસીને પઢવાની દુઆ છે એટલા માટે રસૂલે કરીમ ﷺ દ્વારા તે વિવિધ રિવાયતોમાં નકલ થયું છે કે આપ ﷺ સવારી ઉપર બેસવાના સમયે આ શબ્દો પઢ્યા કરતા હતા અને સવાર થવાનો સંપૂર્ણ મુસ્તહબ તરીકો હઝરત અલી (રદિ.)થી એવો નકલ થયો છે કે સવારી ઉપર પગ મૂકતી વખતે બિસ્મિલ્લાહ કહે, પછી સવારી ઉપર સવાર થઈ ચૂક્યા બાદ અલ્હમ્દુલિલ્લાહ અને ત્યાર બાદ આ શબ્દો سُبۡحٰنَ الَّذِىۡ سَخَّرَ لَنَا થી لَمُنۡقَلِبُوۡنَ સુધી પઢે. (કુર્તુબી) વળી, રસૂલે કરીમ ﷺ વિશે એવી પણ રિવાયત છે કે જો આપ ﷺ કોઈ મુસાફરી ઉપર જઈ રહ્યા હોય તો પ્રસ્તુત શબ્દો પછી આવી દુઆ પણ પઢતા હતા. اَللّٰهُمَّ اَنۡتَ الصَّاحِبُ فِى السَّفَرِ وَالۡخَلِيۡفَةُ فِى الۡاَهۡلِ وَالۡمَالِ اَللّٰهُمَّ اِنِّىۡ اَعُوۡذُبِكَ مِنۡ وَّعۡثَآءِ السَّفَرِ وَكَآبَةِ الۡمُنۡقَلَبِ، وَالۡحَوۡرِبَعۡدَ الۡكَوۡرِ وَسُوۡءِ الۡمَنۡظَرِ فِى الۡاَهۡلِ وَالۡمَالِ અને એક રિવાયતમાં આ શબ્દો પણ નકલ થયા છે, اَللّٰهُمَّ لَآ اِلٰهَ اِلَّآ اَنۡتَ ظَلَمۡتُ نَفۡسِىۡ فَاغۡفِرۡ لِىۡ اِنَّهٗ لَا يَغۡفِرُ الذُّنُوۡبَ اِلَّآ اَنۡتَ (કુર્તુબી)

وَمَا كُنَّا لَهٗ مُقۡرِنِيۡنَ (અને અમે તો એવા ન હતા જે તેમને કાબૂમાં કરી લઈએ.) આ વાત યાંત્રિક સવારીઓ ઉપર પણ એ જ રીતે સચોટ બેસે છે જે રીતે પ્રાણીઓ અને પશુઓ ઉપર, કારણ કે જો અલ્લાહ તઆલાએ તેને બનાવવાનો કાચો માલ પેદા ન કર્યો હોત અથવા તેમાં તે ખાસિયતો અને અસરો ન મૂકી હોત અથવા માનવના મગજને તેની ખાસિયતો શોધવાની શક્તિ ન બખ્શી હોત તો સમગ્ર સૃષ્ટિ મળીને પણ આવી સવારીઓ પેદા કરી શકતી ન હતી.

وَاِنَّاۤ اِلٰى رَبِّنَا لَمُنۡقَلِبُوۡنَ (અને નિઃશંક ! અમે પોતાના પરવરદિગાર તરફ જ પાછા વળવાના છે) આ શબ્દો દ્વારા એવી તા'લીમ આપવામાં આવી છે કે માનવીને પોતાની દરેક દુનિયવી મુસાફરી વખતે આખિરતનો તે કઠિન સફર યાદ કરવો જોઈએ જે દરેક પરિસ્થિતિમાં આવીને રહેશે અને તેને સહૂલત સાથે પસાર કરવા માટે નેક અમલો સિવાય કોઈ સવારી હશે નહીં.

وَجَعَلُوا لَهُ مِنْ عِبَادِهِ جُزْءًا (અને તેમણે અલ્લાહના બંદાઓમાંથી અલ્લાહનું અંગ ઠરાવ્યું) અત્રે અંગથી ભાવાર્થ અવલાદ છે કે મુશ્રિકો ફરિશ્તાઓને અલ્લાહની દિકરીઓ કહ્યા કરતા હતા અને અવલાદના બદલે جُزْءً (જૂઝ્વ)નો શબ્દ અપનાવીને મુશ્રિકોના એ ખોટા દા'વાના તર્કયુક્ત રદિયા તરફ ઈશારો કરવામાં આવ્યો છે, જેનો ખુલાસો એ છે કે જો અલ્લાહ તઆલાને કોઈ અવલાદ હોય તો તે તેનું અંગ હશે કારણ કે દિકરો બાપનો અંગ હોય છે અને આ તાર્કિક કાયદો છે કે દરેક વસ્તુ પોતાના અસ્તિત્વમાં અંગનો મોહતાજ હોય છે તો તેનાથી જરૂરી ઠરે છે કે મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલા પણ પોતાની અવલાદનો મોહતાજ હોય અને દેખીતું છે કે કોઈપણ પ્રકારની ખામી અલ્લાહ તઆલાની શા'નથી બિલકુલ વિપરીત છે. ....أَوَمَن يُنَشَّأُ فِي الْحِلْيَةِ (શું જેઓ શણગારમાં ઉછેર પામે) આથી જાણ થઈ કે સ્ત્રીઓ માટે ઘરેણાનો ઉપયોગ અને શરીઅત પ્રમાણે શણગારની રીત અપનાવવી જાઇઝ છે એટલા માટે એ બાબત ઉપર ઇજ્માઅ્ છે પરંતુ સાથે જ વર્ણનની શૈલી એવું બતાવી રહી છે કે શણગારમાં એટલું ઓતપ્રોત થઈ જવું કે સવાર સાંજ શોભા શણગારમાં જ લાગેલા રહેવું યોગ્ય નથી બલકે એ બુદ્ધિની કમજોરી અને છીછરી માનસિકતાની નિશાની પણ છે અને તેનું કારણ પણ.

وَهُوَ فِي الْخِصَامِ غَيْرُ مُبِينٍ (અને તે વાદ વિવાદમાં વર્ણન કરવાની શક્તિ પણ ન ધરાવે) ભાવાર્થ એ છે કે સ્ત્રીઓની બહુમતી એવી છે કે તેઓ પોતાની ભાવનાને શક્તિ અને સ્પષ્ટતા સાથે વર્ણન કરવામાં પુરુષો સમાન કાબૂ ધરાવતી નથી હોતી એટલા માટે જો ક્યાંક વાદ વિવાદ થઈ જાય તો પોતાના દા'વાને સાબિત કરવો અને બીજાઓની દલીલોને રદ કરવી તેના માટે મુશ્કેલ હોય છે પરંતુ આ હુકમ બહુમતીના આધારે છે એટલા માટે જો અમુક સ્ત્રીઓ વક્તૃત્વકળાની માલિક હોય અને એ બાબતમાં પુરોષોથી પણ ચડિયાતી બની જાય તો તે આ આયતથી વિપરીત નથી કારણ કે બહુમતી ઉપર હુકમ લાગુ પડે છે અને સ્ત્રીઓની બહુમતી નિ:શંક આવી જ છે.

•

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૨૬ થી ૩૦)

وَاِذۡ قَالَ اِبۡرٰهِيۡمُ لِاَبِيۡهِ وَقَوۡمِهٖۤ اِنَّنِىۡ بَرَآءٌ مِّمَّا تَعۡبُدُوۡنَ ۝٢٦ اِلَّا الَّذِىۡ
فَطَرَنِىۡ فَاِنَّهٗ سَيَهۡدِيۡنِ ۝٢٧ وَجَعَلَهَا كَلِمَةًۢ بَاقِيَةً فِىۡ عَقِبِهٖ لَعَلَّهُمۡ يَرۡجِعُوۡنَ ۝٢٨
بَلۡ مَتَّعۡتُ هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمۡ حَتّٰى جَآءَهُمُ الۡحَقُّ وَرَسُوۡلٌ مُّبِيۡنٌ ۝٢٩ وَلَمَّا
جَآءَهُمُ الۡحَقُّ قَالُوۡا هٰذَا سِحۡرٌ وَّاِنَّا بِهٖ كٰفِرُوۡنَ ۝٣٠

તરજુમો :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપને અને તેની કોમને કહ્યું, હું તે વસ્તુઓથી અલગ છું જેને તમે પૂજો છો. (૨૬) પરંતુ જેણે મને બનાવ્યો બસ તે મને માર્ગ સૂઝાડશે. (૨૭) અને આ જ વાત પોતાની અવલાદમાં પાછળ છોડી ગયા જેથી તેઓ રુજૂઅ્ રહે. (૨૮) કંઈ નથી પરંતુ મેં તેમને અને તેમના બાપ દાદાઓને વર્તવા દીધા એટલે સુધી કે તેમની પાસે સાચો દીન અને ખોલીને સંભળાવી આપનાર રસૂલ પહોંચ્યા. (૨૯) અને જ્યારે તેમની પાસે સાચો દીન પહોંચ્યો કહેવા લાગ્યા, આ જાદૂ છે અને અમે તેને માનીશું નહીં. (૩૦)

તફસીર :

અને (તે સમય વર્ણનપાત્ર છે) જ્યારે કે ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપને અને પોતની કોમને કહ્યું કે હું તે વસ્તુઓ(ની ઈબાદત)થી બેઝાર (અને સંબંધ ન ધરાવનાર) છું જેની તમે ઈબાદત કરો છો પરંતુ હા ! (તે અલ્લાહ સાથે સંબંધ ધરાવું છું) જેણે મને પેદા કર્યો, પછી તે જ મને (મારા દીન અને દુનિયાના હિતો સુધી) માર્ગદર્શન કરે છે (ભાવાર્થ એ છે કે તે લોકોએ ઈબ્રાહીમ અલૈ.ની પરિસ્થિતિ યાદ કરવી જોઈએ કે તેઓ પોતે પણ તવહીદની માન્યતા ધરાવનાર હતા) અને (વસિય્યત દ્વારા) તેઓ આ (અકીદહ)ને પોતાની અવલાદમાં (પણ) એક કાયમ રાખનારી વાત કરી ગયા (એટલે કે પોતાની અવલાદને પણ વસિય્યત કરી જેની અસર કંઈ કંઈ રસૂલે કરીમ ﷺના આગમન સુધી પણ બરાબર રહી, એટલે સુધી કે ઈસ્લામ પહેલાંની અજ્ઞાનતાના સમયમાં પણ અરબોમાં અમુક

લોકો શિર્કથી નફરત કરતા હતા અને તે વસિય્યત તેમણે એટલા માટે કરી હતી) જેથી (દરેક યુગમાં મુશ્રિક) લોકો (તવહીદનો અકીદહ રાખનાર લોકો પાસેથી તવહીદનો અકીદહ સાંભળી સાંભળીને શિર્કથી) બચતા રહ્યા (પરંતુ એ લોકો તો પણ અટકતા નથી અને એ તરફ ધ્યાન આપતા નથી) બલકે મેં (જે) તેમને અને તેમના બાપ દાદાઓને (દુનિયાનો) ખૂબ સામાન આપ્યો છે (તેમાં ઓતપ્રોત અને ગાફેલ થઈ રહ્યા છે) એટલે સુધી કે (તે જ ઓતપ્રોત અને ગફલતની ઊંઘથી જાગૃત કરવા માટે) તેમની પાસે સાચું કુર્આન (જે મોઅ્જિઝો હોવાના કારણે પોતાની સચ્ચાઈની પોતે જ દલીલ છે) અને સાફ સાફ બતાવનાર રસૂલ (અલ્લાહ તરફથી) આવ્યા અને જ્યારે તેમની પાસે આ સાચું કુર્આન પહોંચ્યું (અને તેની શ્રેષ્ઠતા જાહેર થઈ) તો કહેવા લાગ્યા કે આ તો જાદૂ છે અને અમે તેને માનતા નથી.

મસ્અલા અને બોધપાઠ :

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ..... પાછલી આયતોના અંતમાં અલ્લાહ તઆલાએ એવું વર્ણન કર્યું હતું કે અરબના મુશ્રિકોની પાસે પોતાના શિર્ક ઉપર પોતાના બાપ દાદાના રીત રિવાજો સિવાય કોઈ દલીલ નથી અને એ દેખીતું છે કે સ્પષ્ટ, બૌદ્ધિક અને વર્ણન થયેલ દલીલોની ઉપસ્થિતિમાં માત્ર બાપ દાદાઓના અનુસરણ ઉપર હઠાગ્રહ કરવો સત્ય અને ન્યાયથી કેટલું દૂર છે, હવે આ આયતોમાં તે તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે જો પોતાના વડવાઓના જ માર્ગ ઉપર ચાલવા ઈચ્છતા હોય તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના માર્ગ ઉપર કેમ નથી ચાલતા જે તમારા સૌથી સન્માનનીય પિતામહ છે અને જેમની સાથે તમારો વંશીય સંબંધ છે અને તમે પોતે તેને પોતાના માટે ગર્વની બાબત સમજો છો, તેઓ ન જ માત્ર તવહીદના માનનારા હતા બલકે પોતાની અવલાદને પણ એની વસિય્યત કરતા ગયા અને પોતે તેમની જીવનશૈલી એવી બતાવી છે કે ખુલ્લી, બૌદ્ધિક અને વર્ણન થયેલી દલીલોની ઉપસ્થિતિમાં માત્ર બાપ દાદાઓનું અનુસરણ કરવું જાઈઝ નથી, જ્યારે તેઓ દુનિયામાં આવ્યા તો તેમની સમગ્ર કોમ પોતાના બાપ દાદાઓના અનુસરણમાં શિર્ક કરવામાં સંડોવાયેલી હતી પરંતુ તેમણે તેમને પોતાના બાપ દાદાઓના આંધળા અનુસરણથી બચાવ્યા અને સ્પષ્ટ દલીલોનું

અનુસરણ કરતાં પોતાની કોમથી અલગાવની જાહેરાત કરી અને કહ્યું, اِنَّنِیْ بَرَآءٌ مِّمَّا تَعْبُدُوْنَ (જે વસ્તુઓની ઈબાદત તમે કરો છો હું તેનાથી અળગો છું)

આથી એ પણ જાણ થઈ કે જો કોઈ વ્યક્તિ કોઈ દુષ્ટ અથવા ખરાબ અકીદહ ધરાવનાર સમૂહ કે જૂથ વચ્ચે રહે છે અને મૌન રહેવાના સ્વરૂપમાં એવો ભય છે કે તેને પણ તે જૂથ જેવી જ વિચારસરણી ધરાવનાર સમજવામાં આવશે તો માત્ર અકીદહ અને અમલને ઠીકઠાક કરી લેવું પૂરતું નથી, બલકે તે જૂથના અકીદાઓ અને અમલોથી પોતાના અલગાવની જાહેરાત પણ જરૂરી છે એટલા માટે અત્રે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ માત્ર એટલું જ નથી કર્યું કે પોતાના અકીદાઓ અને અમલોને મુશ્રિકોથી અમલી સ્વરૂપે અલગ કરી લીધા બલકે મૌખિક રીતે પણ તેમનાથી અળગા હોવાની જાહેરાત કરી.

وَجَعَلَهَا كَلِمَةًۢ بَاقِيَةً فِىْ عَقِبِهٖ (અને તેઓ તેમની પોતાની અવલાદમાં એક કાયમ રહેનારી વાત કરી ગયા) ભાવાર્થ એ છે કે પોતાની તવહીદની માન્યતાને તેમણે પોતાની જાત સુધી જ સીમિત ન રાખી બલકે પોતાના સંતાનોને પણ આ જ માન્યતા ઉપર કાયમ રહેવાની વસિય્યત કરી એટલા માટે તેમની અવલાદમાં એક મોટી સંખ્યા તવહીદનો અકીદહ ધરાવનાર "મુવહ્‌હિદીન"ની થઈ અને પોતે મક્કએ મુકર્રમહ અને તેના આસપાસના વિસ્તારમાં રસૂલે કરીમ ﷺના આગમનના સમય સુધી એવા ઉચ્ચ પ્રકૃતિ ધરાવનાર લોકો મોજૂદ હતા જેઓ સદીઓ પસાર થયા પછી પણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના અસલી ધર્મ ઉપર જ કાયમ રહ્યા.

આથી એ પણ જાણ થઈ કે પોતાની જાત સિવાય પોતાની અવલાદને સાચા દીન ઉપર પ્રવૃત્ત રાખવું અને તેને કાયમ રાખવાની ફિકર કરવી પણ માનવીના ફરજોમાં સામેલ છે, અંબિયા (અલૈ.)માંથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ઉપરાંત હઝરત યાકૂબ (અલૈ.) વિશે પણ કુર્આને કરીમે બતાવ્યું છે કે તેમણે વફાતના સમયે પોતાના દિકરાઓને સાચા દીન ઉપર કાયમ રહેવાની વસિય્યત કરી હતી તેથી જે સ્વરૂપે પણ શક્ય હોય અવલાદના અમલો અને વર્તણૂકની સુધારણામાં પોતાના સંપૂર્ણ પ્રયત્નો કરવા આવશ્યક પણ છે અને અંબિયા (અલૈ.)ની સુન્નત પણ; અને આમ તો અવલાદની સુધારણાની ઘણી બધી પદ્ધતિઓ છે જેને તક અનુસાર અપનાવવામાં આવી શકે છે આથી હઝરત શૈખ

અબ્દુલ વહ્હાબ શુઅ્રાની (રહ.)એ "લતાઈફુલ મિનન્ વલ્ અખ્લાક"માં લખ્યું છે કે અવલાદની સુધારણા માટે સૌથી વધારે અસરકારક પ્રવૃત્તિ એ છે કે માતા પિતા તેમની દીની સુધારણા માટે દુઆનો નિત્યક્રમ રાખે, અફસોસ છે કે આ સરળ યુક્તિથી આજકાલ બેદરકારી સામાન્ય થતી જઈ રહી છે અને તેના ખરાબ પરિણામો પોતે માતા પિતા નજરે જોઈ રહ્યા છે.

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૩૧-૩૨)

وَقَالُوا لَوْلَا نُزِّلَ هَٰذَا الْقُرْآنُ عَلَىٰ رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيمٍ ﴿٣١﴾ أَهُمْ يَقْسِمُونَ رَحْمَتَ رَبِّكَ ۚ نَحْنُ قَسَمْنَا بَيْنَهُم مَّعِيشَتَهُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا ۚ وَرَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ دَرَجَاتٍ لِّيَتَّخِذَ بَعْضُهُم بَعْضًا سُخْرِيًّا ۗ وَرَحْمَتُ رَبِّكَ خَيْرٌ مِّمَّا يَجْمَعُونَ ﴿٣٢﴾

તરજુમો :

અને કહે છે, કેમ આ કુર્આન આ બંને વસ્તીઓમાંના કોઈ મોટા પુરુષ ઉપર ન ઊતર્યું ? (૩૧) શું તેઓ તમારા પરવરદિગારની રહમતને વહેંચે છે !? અમે તેમનામાં તેમની દુનિયાની જિંદગીમાં રોજી વહેંચી આપી છે અને અમુકના અમુક ઉપર દરજ્જાઓ બુલંદ કરી દીધા કે એકબીજાને સેવક ઠરાવે છે અને તારા પરવરદિગારની રહમત તે વસ્તુઓથી ઉત્તમ છે જેને તેઓ સમેટે છે. (૩૨)

તફસીર :

(આ તો કાફિરોને કુર્આન વિશે કહ્યું) અને (રસૂલુલ્લાહ ﷺ વિશે) કહેવા લાગ્યા કે આ કુર્આન (જો ઈલાહી કલામ છે અને રિસાલત સ્વરૂપે આવ્યું તો) તે બંને વસ્તીઓ (એટલે કે મક્કા અને તાઈફના નિવાસીઓ)માંથી કોઈ મોટા વ્યક્તિ ઉપર કેમ નાઝિલ કરવામાં ન આવ્યું ? (એટલે કે રસૂલ માટે મહાન હોવું જરૂરી છે અને રસૂલે કરીમ ﷺ માલ દોલત તથા રાજ્યશાસન ધરાવતા નથી તો તેઓ પયગમ્બર નથી હોઈ શકતા, અલ્લાહ તઆલા તેમના આ સંદેહનો રદિયો

કરે છે કે) શું આ લોકો તમારા પરવરદિગારની (ખાસ) રહમત (એટલે કે નુબુવ્વત)ને (પોતે) વહેંચવા ઇચ્છે છે ? (એટલે કે એવું ઇચ્છે છે કે નુબુવ્વત તેમના અભિપ્રાય પ્રમાણે લોકોને મળવી જોઈએ, જાણે પોતે તેને વહેંચવાની ઇચ્છા અને લાલસા રાખે છે કે આ વહેંચણી તેમને સોંપવામાં આવે, જ્યારે કે આવી લાલસા નરી મૂર્ખામી છે કારણ કે) દુનિયવી જિંદગીમાં (તો) તેમની રોજી અમે (જ) વહેંચી રાખી છે અને (તે વહેંચણીમાં) અમે એકને બીજા ઉપર ઉચ્ચતા આપી રાખી છે જેથી (તે રોજી દરેકના હિત પ્રમાણે પ્રાપ્ત થાય કે) એકબીજાથી કામ લેતા રહે (અને વિશ્વની વ્યવસ્થા કાયમ રહે) અને (દેખીતી અને વિશ્વાસપાત્ર વાત એ છે કે) તમારા પરવરદિગારની (ખાસ) રહમત (એટલે કે નુબુવ્વત) તે (દુનિયવી માલ અને દોલત તથા હોદ્દો અને ઇજ્જત) કરતાં ઉત્તમ છે જેને આ લોકો સમેટતા ફરે છે (બસ જ્યારે દુનિયવી અર્થકારણની વહેંચણી અમે તેમના અભિપ્રાય ઉપર નથી રાખી જ્યારે કે તે ઊતરતી કક્ષાની વસ્તુ છે તો નુબુવ્વત જે પોતે પણ ઉચ્ચ કક્ષાની વસ્તુ છે અને તેના હિતો પણ ખૂબ મહાન દરજ્જાના છે તે કેવી રીતે તેમના અભિપ્રાય મુજબ વહેંચવામાં આવે ?!)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં અલ્લાહ તઆલાએ અરબના મુશ્રિકોના એક વાંધાનો જવાબ આપ્યો છે જે તેઓ રસૂલે કરીમ ﷺની રિસાલત ઉપર ઉઠાવ્યા કરતા હતા, વાસ્તવમાં શરૂમાં તો તે એવું માનવા માટે તૈયાર જ ન હતા કે અલ્લાહ તઆલાનો કોઈ રસૂલ માનવી પણ હોઈ શકે છે, આથી તેમનો આ વાંધો કુર્આને કરીમે અનેક ઠેકાણે વર્ણન કર્યો છે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને અમે કેવી રીતે રસૂલ માની લઈએ જ્યારે કે તેઓ સામાન્ય માનવીની જેમ ખાય પીએ છે અને બજારોમાં હરે ફરે છે પરંતુ જ્યારે કુર્આનની વિવિધ આયતો દ્વારા એવું સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે એ માત્ર રસૂલે કરીમ ﷺની વિશિષ્ટતા નથી બલકે દુનિયામાં જેટલા પણ અંબિયા (અલૈ.) આવ્યા છે તે બધા માનવો જ હતા તો હવે તેમણે પેંતરો બદલીને એવો વાંધો ઉઠાવ્યો કે જો કોઈ માનવીને નુબુવ્વત સોંપવી હતી તો રસૂલે કરીમ ﷺ આર્થિક રીતે સદ્ધર અને કોઈ મોટા માન મોભો ધરાવનાર નથી, આ હોદ્દો રસૂલે કરીમ ﷺના બદલે મક્કા અથવા તાઇફના કોઈ

મોટા દોલતમંદ અથવા આદરણીય અને માન મોભો ધરાવનાર વ્યક્તિને કેમ આપવામાં ન આવ્યો ? રિવાયતોમાં છે કે આ જ સિલસિલામાં તેમણે મક્કએ મુકર્રમહથી વલીદ બિન મુગયરહ અને ઉત્બા બિન રબીઅહને અને તાઈફથી ઉર્વહ બિન મસઊદ ષકફી, હબીબ બિન અમ્ર ષકફી, કિનાનહ બિન અબ્દિયાલિલના નામ રજુ કર્યા હતા. *(રૂહુલ મઆની)*

મુશ્રિકોના આ વાંધાઓના અલ્લાહ તઆલાએ બે જવાબો આપ્યા છે, પ્રથમ જવાબ પ્રસ્તુત આયતોમાંથી બીજી આયતમાં અને બીજો જવાબ આગલી આયતોમાં આપવામાં આવ્યો છે તેનો ખુલાસો પણ ત્યાં આવશે, આ પ્રથમ જવાબનો ખુલાસો એ છે કે તમને એ બાબતમાં દખલગીરી કરવાનો કોઈ અધિકાર જ નથી કે અલ્લાહ તઆલા નુબુવ્વતનો હોદ્દો કોને આપી રહ્યો છે અને કોને નથી આપી રહ્યો ? નુબુવ્વતની વહેંચણી તમારા હાથમાં નથી કે કોઈને નબી બનાવતા પહેલાં તમારો અભિપ્રાય લેવામાં આવે ! આ કામ સંપૂર્ણપણે અલ્લાહ તઆલાના હાથમાં છે અને તે પોતાની મહાન મસ્લિહતો પ્રમાણે તેને અંજામ આપે છે, તમારું અસ્તિત્વ, બુદ્ધિ અને સમજ તે મહાન કાર્યની ક્ષમતા જ નથી ધરાવતી કે નુબુવ્વતની વહેંચણીનું કામ તમને સોંપવામાં આવ્યું હોત અને નુબુવ્વતની વહેંચણી તો ઘણી ઉચ્ચ કક્ષાની બાબત છે, તમારી હેસિયત તથા અસ્તિત્વ અને સભાનતા તો એટલું પણ વેઠી નહીં શકે કે પોતે તમારા અર્થકારણ અને આર્થિક સાધન સામગ્રીની વહેંચણીનું કામ તમને સોંપવામાં આવી શકે, કારણ કે અમે જાણીએ છીએ કે એવું કરવામાં આવ્યું તો તમે એક દિવસ પણ વિશ્વની વ્યવસ્થા ચલાવી શકશો નહીં અને સમગ્ર વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈને રહી જશે, તેથી અલ્લાહ તઆલાએ દુનિયવી જિંદગીમાં તમારી રોજીની વહેંચણી પણ તમારા માથે નથી રાખી, બલકે આર્થિક વહેંચણીનું કાર્ય પોતે પોતાના હાથમાં રાખ્યું છે, જ્યારે આ સામાન્ય કક્ષાનું કાર્ય પણ તમારા હવાલે કરવામાં આવી નથી શકતું તો નુબુવ્વતની વહેંચણી જેવું મહાન કાર્ય તમારા હવાલે કેવી રીતે કરવામાં આવે ?! આયતોની વાતનો ભાવાર્થ તો આટલો જ છે પરંતુ મુશ્રિકોના જવાબ આપવાના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ દુનિયાની આર્થિક વ્યવસ્થા સંબંધિત જે ઈશારો કરી આપ્યો છે તેનાથી વિવિધ આર્થિક સિદ્ધાંતો પ્રતિપાદિત થાય છે, અત્રે તેનો ટૂંકમાં ખુલાસો આવશ્યક છે.

આર્થિક વહેંચણીની કુદરતી વ્યવસ્થા :

نَحْنُ قَسَمْنَا بَيْنَهُمْ مَّعِيشَتَهُمْ (અમે તેમની વચ્ચે વહેંચણી કરી છે તેમની આર્થિક બાબતોની) ભાવાર્થ એ છે કે અમે પોતાની ઉચ્ચ કક્ષાની હિકમતથી દુનિયાની વ્યવસ્થા એવી બનાવી છે કે અત્રે દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે બીજાની મદદનો મોહતાજ છે અને પરસ્પર બધા લોકો તે જ જરૂરી સહકારના સંબંધમાં બંધાઈને સમગ્ર સમાજની આવશ્યકતાઓની પૂર્ણતા કરી રહ્યા છે. આ આયતે ખોલીને એ વાત બતાવી દીધી કે અલ્લાહ તઆલાએ આર્થિક બાબતોની વહેંચણીનું કાર્ય (સામ્યવાદીઓની જેમ) કોઈ સત્તાધારી માનવસંસ્થાને સોંપ્યું નથી જે આયોજન દ્વારા એવું નક્કી કરે કે સમાજની શું જરૂરિયાતો છે, તેને કઈ રીતે પૂરી કરવામાં આવે, ઉત્પાદનના સ્ત્રોતોને કયા પ્રમાણ વડે કયા કાર્યોમાં લગાડવામાં આવે અને તેમના વચ્ચે આવકની વહેંચણી કયા આધાર ઉપર કરવામાં આવે; તેના બદલે આ બધા જ કામો અલ્લાહ તઆલાએ પોતાના હાથમાં રાખ્યા છે અને પોતાના હાથમાં રાખવાનો મતલબ એ જ છે કે દરેક વ્યક્તિને બીજાનો મોહતાજ બનાવીને દુનિયાની વ્યવસ્થા જ એવી બનાવી દીધી છે જેમાં જો (ઈજારાદારો વગેરે દ્વારા) અસ્વાભાવિક અડચણો પેદા ન કરવામાં આવે તો તે વ્યવસ્થા આપોઆપ તે બધી જ સમસ્યાઓ હલ કરી આપે છે, પરસ્પર અનિવાર્ય સહકારની આ વ્યવસ્થાને હાલની આર્થિક પરિભાષામાં "માંગ અને પૂરવઠાની વ્યવસ્થા" કહેવામાં આવે છે, માંગ અને પૂરવઠાની કુદરતી વ્યવસ્થા એવી છે કે જે વસ્તુનો પૂરવઠો ઓછો થાય અને માંગ વધે તેની કિંમત વધે છે એટલા માટે ઉત્પાદનના સ્ત્રોતો તે વસ્તુની તૈયારીમાં વધારે નફો જોઈને તે જ તરફ કેન્દ્રિત થઈ જાય છે અને જ્યારે પૂરવઠો માંગના મુકાબલામાં વધી જાય છે તો કિંમત ઘટી જાય છે એટલા માટે તે વસ્તુને તૈયાર કરવી વધારે નફો રળવા પાત્ર રહેતી નથી અને ઉત્પાદનના સ્ત્રોતો તેને બદલે કોઈ અન્ય એવા કાર્યમાં પ્રવૃત્ત થઈ જાય છે જેની આવશ્યકતા વધારે હોય, ઈસ્લામે માંગ અને પૂરવઠાની આ જ કુદરતી શક્તિઓ દ્વારા દોલતના ઉત્પાદન અને વહેંચણીનું કાર્ય લીધું છે અને સામાન્ય પરિસ્થિતિમાં આર્થિક બાબતોની વહેંચણીનું કાર્ય કોઈ માનવસર્જિત સંસ્થાના હવાલે કર્યું નથી, તેનું કારણ એ છે કે આયોજનની ગમે એટલી વિકસિત નીતિનું સંશોધન કરી લેવામાં આવે પરંતુ તેના દ્વારા અર્થવ્યવસ્થાના એક એક

વિભાગની જરૂરતનો તાગ મેળવવો શક્ય નથી અને એ પ્રકારની આર્થિક સમસ્યાઓ સામાન્ય રીતે આવી જ કુદરતી વ્યવસ્થા આધીન ચાલે છે, જિંદગીની મોટા ભાગની આર્થિક સમસ્યાઓ આ જ પ્રમાણે કુદરતી રીતે આપોઆપ પૂરી થાય છે અને તેમને હુકૂમતના આયોજનના હવાલે કરવું જિંદગીમાં એક કૃત્રિમ બંધન પેદા કરવા સિવાય કંઈ નથી, દાખલા તરીકે એ વાત કે દિવસનો સમય કામ માટે છે અને રાતનો સમય સૂવા માટે છે, કોઈ શાસન અથવા માનવસર્જિત આયોજન હેઠળ આ વાત નક્કી થઈ નથી, બલકે કુદરતની સ્વયં સંચાલિત વ્યવસ્થાએ આપમેળે આ ફેંસલો કરી લીધો છે. એ જ પ્રમાણે એ બાબત કે કયો વ્યક્તિ કોની સાથે શાદી કરે ? સ્વાભાવિક મનમેળની કુદરતી વ્યવસ્થા હેઠળ તે આપમેળે પૂર્ણ થાય છે અને તેને આયોજન દ્વારા હલ કરવાનો કોઈને વિચારસુદ્ધાં આવ્યો નથી અથવા દાખલા તરીકે એ બાબત કે કયો વ્યક્તિ જ્ઞાન અને કળાના કયા વિભાગને પોતાનું કાર્યક્ષેત્ર બનાવે ? તેના સ્વાભાવિક વલણ અને યોગ્યતાના બદલે સરકારના આયોજનના હવાલે કરવું એક ફોગટની બળજબરી છે અને તેનાથી પ્રાકૃતિક વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ શકે છે, એ જ પ્રમાણે આર્થિક વ્યવસ્થાને પણ કુદરતે પોતાના હાથમાં રાખી છે અને દરેક વ્યક્તિના દિલમાં એ જ કામ નાંખી દીધું છે જે તેના માટે વધારે યોગ્ય છે અને જેને તે સારી રીતે પાર પાડી શકે છે એટલા માટે દરેક વ્યક્તિ ભલે તે એક ઝાડુ મારનાર સાફ સફાઈ કરનાર જ કેમ ન હોય તે પોતાના કામથી ખુશ છે અને તેને જ પોતાના માટે ગર્વનો સરમાયો સમજે છે. كُلُّ حِزْبٍ بِمَا لَدَيْهِمْ فَرِحُوْنَ અલબત્ત મૂડીવાદી અર્થવ્યવસ્થાની જેમ ઇસ્લામે વ્યક્તિને એટલી સ્વતંત્રતા નથી આપી કે તે દરેક જાઇઝ અને નાજાઇઝ પદ્ધતિથી દોલત સમેટીને બીજાઓ માટે રોજીના દરવાજા બંધ કરી દે, બલકે આવકના માધ્યમોમાં હલાલ અને હરામનો તફાવત કરીને વ્યાજ, સટ્ટાખોરી, જુગાર અને સંગ્રહખોરીને પ્રતિબંતિધ ઠરાવી દીધી છે, જાઇઝ આવક ઉપર પણ ઝકાત, ઉશ્ર વગેરેની ફરજો લાગુ પાડીને તે ખરાબીઓનો તોડ કરી દીધો જે હાલની મૂડીવાદી અર્થવ્યવસ્થામાં જોવા મળે છે, તે ઉપરાંત પણ જો ક્યારેક ઈજારાદારીઓ સ્થાપિત થઈ જાય તો તેને તોડવા માટે રાજ્યશાસનની દખલગીરીને જાઇઝ ઠરાવ્યું છે, અહીંયાં તેની વિગતનો મોકો નથી, આ જ વિષય ઉપર મુજ નાચીઝની કિતાબો "મસ્લએ સૂદ" (વ્યાજનો મસ્અલો), "ઇસ્લામ કા

નિઝામે તકસીમે દોલત" (ઈસ્લામની અર્થ વહેંચણીની વ્યવસ્થા) અને "ઈસ્લામી નિઝામમેં મઆશી ઈસ્લાહાત" (ઈસ્લામી વ્યવસ્થામાં આર્થિક સુધારણા)માં જોઈ શકાય છે.

આર્થિક સમાનતાની વાસ્તવિકતા :

وَرَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ (અને અમે એકને બીજા ઉપર ઉચ્ચતા આપી રાખી છે) આથી જાણ થઈ કે આર્થિક સમાનતા (દુનિયાના બધા જ વ્યક્તિઓની આવક બિલકુલ સમાન હોય) ન તો ઈચ્છનીય છે અને ન જ તેના ઉપર અમલ કરવો શક્ય છે, તેની વિગત એવી છે કે અલ્લાહ તઆલાએ આ સૃષ્ટિના દરેક સભ્ય ઉપર કોઈને કોઈ ફરજ લાગુ પાડી છે અને અમુક હકો આપ્યા છે અને બંનેમાં પોતાની હિકમતનો એવો સુમેળ સાધી રાખ્યો છે કે જેના માથે જેટલી ફરજો છે તેના તેટલા જ હકો પણ છે, માનવી સિવાય જેટલી મખ્લૂકોમાં તેમના માથે કારણ કે ફરજો સૌથી ઓછી છે કે તેઓ શરઈ રીતે હલાલ અને હરામ તથા જાઈઝ અને નાજાઈઝના જવાબદાર નથી તેથી એમના હકો પણ સૌથી ઓછા છે માટે માનવીને તેમના મા'મલામાં વિશાળ સ્વતંત્રતા અર્પણ કરવામાં આવી છે કે તે તેમનાથી અમુક મા'મૂલી પાબંદીઓની સાથે જે રીતે ચાહે લાભ ઉઠાવી શકે છે, આથી અમુક જાનવરોને તે કાપીને ખાય છે, અમુક ઉપર સવારી કરે છે, અમુકને પાયમાલ કરે છે પરંતુ તેને તે મખ્લૂકોનો હક મારવું સમજવામાં આવતું નથી એટલા માટે કે તે મખ્લૂકો ઉપર કારણ કે ફરજો ઓછી છે તેથી તેમના હકો પણ ઘણા ઓછા છે, પછી સૃષ્ટિમાં સૌથી વધારે ફરજો માનવો અને જિન્નાતો ઉપર લાગુ પાડવામાં આવી છે કે તેઓ પોતાના દરેક નિવેદન અને પ્રવૃત્તિ તથા દરેક હલન ચલનમાં અલ્લાહ તઆલાની સામે જવાબદાર છે અને જો પોતાની જવાબદારી પૂર્ણ ન કરે તો આખિરતના અઝાબના હકદાર છે, આથી અલ્લાહ તઆલાએ માનવો અને જિન્નાતોના હકો પણ બીજી મખ્લૂકો કરતાં કેટલાય વધારે અર્પણ કર્યા છે, પછી માનવોમાં પણ એ ધ્યાન રાખ્યું છે કે જેની જવાબદારી અને ફરજો બીજાઓથી વધારે છે તેના હકો પણ વધારે છે, માનવોમાં સૌથી વધારે જવાબદારીઓ અંબિયા (અલૈ.) ઉપર હોય છે તેથી તેમને ઘણા બધા હકો પણ બીજાઓ કરતાં વધારે અર્પણ કરવામાં આવ્યા છે.

આર્થિક વ્યવસ્થામાં પણ અલ્લાહ તઆલાએ એ જ કાળજી રાખી છે કે

દરેક વ્યક્તિને એટલા આર્થિક હકો આપવામાં આવે જેથી જેટલી ફરજોની જવાબદારી તે પોતાના માથે લે અને દેખીતું છે કે ફરજોમાં સમાનતાનું પેદા થવું બિલકુલ અશક્ય છે તથા તેમાં તફાવત ન હોવો અસંભવિત બાબત છે, એવું કદાપિ થઈ શકતું નથી કે દરેક વ્યક્તિને આર્થિક અને પગારી ફરજો બીજાઓથી બિલકુલ સમાન હોય, એટલા માટે કે આર્થિક અને પગારપાત્ર ફરજો માણસની પ્રાકૃતિક ક્ષમતાઓ ઉપર આધારિત છે જેમાં તેમની શારીરિક શક્તિ, તંદુરસ્તી, તેજસ્વી દિમાગ, માનસિક માપદંડ તથા ચુસ્તી અને સ્ફૂર્તિ જેવી વસ્તુઓ સામેલ છે અને એ વાત દરેક વ્યક્તિ ખુલ્લી આંખોએ જોઈ શકે છે કે આ લક્ષણોના આધારે માનવોમાં સામ્યતા અથવા સરખાપણું પેદા કરવું મોટામાં મોટી વિકસિત સામ્યવાદી સરકારના કાબૂમાં પણ નથી હોતું, જ્યારે માનવોની ક્ષમતાઓમાં તફાવત હોવો આવશ્યક છે તો તેમની ફરજોમાં પણ અવશ્ય તફાવત હશે અને આર્થિક હકો કારણ કે તે જ ફરજો ઉપર અવલંબિત છે એટલા માટે આર્થિક હકો એટલે કે આવકનો પણ તફાવત હોવો જરૂરી છે, કારણ કે જો સૌની આવક બિલકુલ સરખી કરી દેવામાં આવે અને ફરજોમાં તફાવત રહે તો તેનાથી ક્યારેય ન્યાય અને ઈન્સાફ સ્થાપિત નથી થઈ શકતો એટલા માટે કે આવા સ્વરૂપમાં અમુક લોકોની આવક તેમની ફરજો કરતાં વધારે અને અમુકની તેમની ફરજોથી ઓછી થઈ જશે, એનાથી સ્પષ્ટ થઈ ગયું કે આવકમાં સંપૂર્ણ સામ્યતા કોઈપણ યુગમાં ન્યાય આધારિત નથી હોઈ શકતું, આથી સામ્યવાદમાં પોતાની પ્રગતિના અંતિમ તબક્કામાં (સંપૂર્ણ કૉમ્યુનિઝમમાં) પણ જે સરખાપણાનો દા'વો હતો તે કોઈપણ પરિસ્થિતિમાં ન તો અમલપાત્ર છે અને ન જ ન્યાય અને ઈન્સાફ પ્રમાણે છે. (સામ્યવાદનું કહેવું છે કે હાલમાં તો આવકની સંપૂર્ણ સામ્યતા શક્ય નથી પરંતુ જો સામ્યવાદના શરૂઆતી સિદ્ધાંતો ઉપર અમલ કરવામાં આવતો રહ્યો તો એક સમય એવો આવશે જ્યારે આવકમાં સંપૂર્ણ સામ્યતા અથવા મિલકતમાં સંપૂર્ણ સરખાપણું પેદા થઈ જશે અને તે સંપૂર્ણ સામ્યવાદનો યુગ હશે) અલબત્ત એવું નક્કી કરવું કે કોઈની ફરજો વધારે અને કોઈની ઓછી છે અને એ આધારે તેને હકો મળવા જોઈએ તે અત્યંત નાજૂક અને મુશ્કેલ કામ છે તથા માનવોની પાસે કોઈ એવું માપદંડ નથી જેનાથી તે એ વસ્તુને ઠીક ઠીક નક્કી કરી શકે, અમુક સમયે એવી અનુભૂતિ થાય છે કે એક નિષ્ણાંત અને અનુભવી એન્જિનિયરે

એક કલાકમાં એટલી આવક રળી લીધી જે એક મજૂરે આખો દિવસ ટનબંધી માટી ખોદીને પણ પ્રાપ્ત ન કરી પરંતુ જો ન્યાય પ્રમાણે જોવામાં આવે તો મજૂરના દિવસભરની મજૂરી અને મહેનતની જવાબદારી તેણે ઉઠાવેલા ભાર પ્રમાણે નથી હોતી જે જવાબદારી એન્જિનિયરે ઉઠાવેલી હોય છે, એન્જિનિયરની આ એક કલાકની આવક તેની મહેનતનો બદલો નથી બલકે વર્ષોના વર્ષો તેણે જે પોતાના માનસને તૈયાર કર્યું અને દિમાગ નિચોવ્યું તો તેના બદલાનો એક ભાગ પણ આ આવકમાં સામેલ છે અને તેણે એન્જિનિયરીંગના શિક્ષણ અને કેળવણી પાછળ, ત્યારબાદ તેના અનુભવ અને તેમાં નિપૂણ બનવામાં જે વેઠયું છે તેનો બદલો પણ સામેલ છે, સામ્યવાદે પોતાના શરૂઆતના યુગમાં આવકના આ તફાવતને સ્વીકાર્યો છે એટલા માટે બધા જ સામ્યવાદી દેશોમાં વસ્તીના વિવિધ વર્ગો વચ્ચે પગારોનો જબરદસ્ત તફાવત જોવા મળે છે પરંતુ ઠોકર ત્યાં ખાધી છે કે બધા જ ઉત્પાદનના સ્ત્રોતોને સરકારના તા'બા હેઠળ લાવીને ઉત્પાદન માધ્યમો માટે ફરજો નિશ્ચિત કરી અને પછી તેમની યોગ્યતા આધારે તેમના ઉપર આવકની વહેંચણી પણ સંપૂર્ણ રીતે સરકારના હવાલે કરી દીધી છે, જ્યારે કે જે રીતે ઉપર વર્ણન કરવામાં આવ્યું ફરજો અને હકો દરમિયાન યોગ્ય સંબંધ જાળવવા માટે માણસ પાસે કોઈ માપદંડ નથી આથી સામ્યવાદની કાર્યપદ્ધતિ હેઠળ આખા દેશના નાગરિકોની આવક નિશ્ચિત કરવી સરકારના અમુક કાર્યકર્તાઓના હાથમાં આવી ગયું છે અને તેમને એ અધિકાર મળી ગયો છે કે જે વ્યક્તિને જેટલું ઈચ્છે રોકી લે, પ્રથમ તો તેમાં ભ્રષ્ટાચાર અને સગાવાદનું એક એવું મોકળું મેદાન મળી જાય છે જેના કારણે નોકરશાહી ફળે ફૂલે છે, બીજું જો સરકારના બધા જ કાર્યકર્તાઓને ફરિશ્તા પણ કલ્પી લેવામાં આવે અને તેઓ ખરેખર પણ એવું ઈચ્છે કે દેશની આવકની વહેંચણી હક અને ન્યાયના આધારે થાય તો તેમની પાસે અંતે તે કયું માપદંડ છે જેનાથી તેઓ એવો ફેંસલો કરી શકે કે એક એન્જિનિયર અને એક મજૂરની ફરજોમાં કેટલો તફાવત છે અને તેના આધારે તેમની આવકોમાં કેટલો તફાવત ન્યાયસંગત છે.

ઘટના એમ છે કે આ વાતનો ઠીક ઠીક ફેંસલો માનવીની બુદ્ધિના વર્તુળથી બિલકુલ બહાર છે તેથી કુદરતે તેને પોતાના હાથમાં રાખ્યું છે, ચર્ચા હેઠળની આયત وَرَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ માં અલ્લાહ તઆલાએ એના જ તરફ

ઈશારો કર્યો છે કે આ તફાવત નક્કી કરવો અમે માનવોના હવાલે કરવાના બદલે પોતાના હાથમાં રાખ્યું છે અને પોતાના હાથમાં રાખવાનો ભાવાર્થ અહીંયાં પણ એ જ છે કે દુનિયામાં દરેક વ્યક્તિની જરૂરિયાત બીજાની સાથે જોડીને વ્યવસ્થા એવી બનાવી દીધી છે કે દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે બીજાને એટલું આપવા મજબૂર છે જેટલો કે તે હકદાર છે, અત્રે પણ પરસ્પર એકબીજાની અનિવાર્યતા ઉપર આધારિત માંગ અને પૂરવઠાની વ્યવસ્થા દરેક વ્યક્તિની આવક નક્કી કરે છે, એટલે દરેક વ્યક્તિ એ વાતનો ફેંસલો પોતે કરે છે કે જેટલી ફરજોને પોતાના માથે લીધી છે તેનું કેટલું વળતર મારા માટે પૂરતું છે, તેનાથી ઓછું મળે તો તે કામ કરવા રાજી નહીં થાય અને તે વધારે માંગવા લાગે તો કામ લેનારો તેની પાસેથી કામ લેશે નહીં. لِيَتَّخِذَ بَعْضُهُم بَعْضًا سُخْرِيًّا નો આ જ ભાવાર્થ છે કે અમે આવકમાં તફાવત એટલા માટે રાખ્યો છે જેથી એક વ્યક્તિ બીજા પાસેથી કામ લઈ શકે, નહિતર જો બધાની આવક એકસમાન થઈ ગઈ હોત તો કોઈ એકબીજાના કામ ન આવતું હોત.

હા અલબત્ત અમુક અસામાન્ય પરિસ્થિતિઓમાં મોટા મોટા મૂડીપતિઓ માંગ અને પૂરવઠાની આ કુદરતી વ્યવસ્થાથી અનઅધિકૃત ફાયદો ઉઠાવીને ગરીબોને એ બાબત ઉપર મજબૂર કરી શકે છે કે તે પોતાના વાસ્તવિક હકોથી ઓછા વળતર ઉપર કામ કરે, ઈસ્લામે પ્રથમ તો હલાલ, હરામ તથા જાઈઝ નાજાઈઝના વિશાળ હુકમો દ્વારા વળી નૈતિક માર્ગદર્શન અને આખિરતની માન્યતા દ્વારા આવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાથી અટકાવ્યા છે અને જો ક્યારેક કોઈ સ્થળે આવી પરિસ્થિતિ પેદા થઈ જાય તો ઈસ્લામી રાજ્યશાસનને એ અધિકાર આપ્યો છે કે આ અસામાન્ય પરિસ્થિતિઓની મર્યાદા સુધી તે વળતર નક્કી કરી શકે છે પરંતુ દેખીતું છે કે આવું માત્ર અસામાન્ય પરિસ્થિતિઓ માટે છે, એટલા માટે તે હેતુપ્રાપ્તિ માટે બધા જ ઉત્પાદનના માધ્યમો સરકારને હવાલે કરી દેવાની કોઈ જરૂરત નથી કારણ કે એના નુકસાનો તેના લાભો કરતાં અનેક ઘણા છે.

ઇસ્લામી સમાનતાનો અર્થ :

પ્રસ્તુત ઉપરોક્ત ઈશારાઓથી એ બાબત સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે કે આવકમાં સંપૂર્ણ સામ્યતા ન તો ન્યાય અને ઈન્સાફનો તકાદો છે અને ન જ કોઈ

સ્થળે તેનો અમલ સ્થાપિત થઈ શકે છે અને ન જ તે ઈસ્લામમાં ઇચ્છનીય છે, અલબત્ત ઈસ્લામે જે સમાનતાને કાયમ કરી છે તે કાનૂન, સામાજિકતા અને હકોની અદાયગીની સમાનતા છે, તેનો ભાવાર્થ એ છે કે પ્રસ્તુત ઉપરોક્ત કુદરતી પદ્ધતિ હેઠળ જે વ્યક્તિના જેટલો હકો નિશ્ચિત થઈ જાય તેને પ્રાપ્ત કરવાના કાયદાકીય, સાંસ્કૃતિક અને સામાજિક હકમાં બધા સરખા છે, આ બાબતનો કોઈ એવો અર્થ નથી કે એક માલદાર અથવા મોભા અને હોદ્દાવાળો વ્યક્તિ પોતાનો હક ઈજ્જત સાથે સરળતાથી પ્રાપ્ત કરી લે અને ગરીબને પોતાના હકો પ્રાપ્ત કરવા માટે દરબદરની ઠોકરો ખાવી પડે તથા અપમાનિત અને ઝલીલ થવું પડે, કાયદો માલદારના હકોનું રક્ષણ કરે અને ગરીબને નિઃસહાય છોડી દે, આથી જ તો હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ પોતાના ખુત્બામાં કહ્યું,

وَاللّٰهِ مَا عِنْدِىْ اَقْوٰى مِنَ الضَّعِيْفِ حَتّٰى اٰخُذَالْحَقَّ لَهٗ وَلَا عِنْدِىْ اَضْعَفَ مِنَ

الْقَوِىِّ حَتّٰى اٰخُذَ الْحَقَّ مِنْهُ

"અલ્લાહની કસમ ! મારા સમીપ એક અશક્ત વ્યક્તિથી વધારે મજબૂત કોઈ નથી ત્યાં સુધી કે હું તેનો હક તેને ન અપાવી દઉં અને મારી નિકટ એક મજબૂત વ્યક્તિથી વધારે કોઈ અશક્ત નથી જ્યાં સુધી કે હું તેની પાસેથી (અશક્તનો) હક વસૂલ ન કરી લઉં."

આ જ રીતે ઈસ્લામી દૃષ્ટિકોણથી આર્થિક બાબતોની સમાનતાનો અર્થ એ છે કે ઈસ્લામની દૃષ્ટિમાં દરેક વ્યક્તિને કમાવાની સરખી તકો પ્રાપ્ત થયેલ છે અને ઈસ્લામ એ વાતને પસંદ નથી કરતો કે અમુક મોટા મોટા માલદાર વ્યક્તિઓ માલ દોલતના ખજાનાઓ ઉપર કબ્જો કરી પોતાની ઈજારાદારીઓ સ્થાપી દે અને નાના વેપારીઓ માટે બજારમાં બેસવું પણ મુશ્કેલ બનાવી દે, એટલા માટે વ્યાજ, સટ્ટો, જુગાર, સંગ્રહખોરી અને ઈજારાદારી સ્થાપિત થતી હોય એવા વેપારી કરારોને પ્રતિબંધિત જાહેર કર્યા, વળી ઝકાત, ઉશ્ર, ખિરાજ, સદકાઓ, વાજિબ સદકાઓ અને અન્ય આર્થિક ફરજો લાગુ પાડી એવું વાતાવરણ પેદા કરવામાં આવ્યું છે જેમાં દરેક માનવી પોતાની વ્યક્તિગત આવડત, મહેનત અને મૂડી પ્રમાણે યોગ્ય કમાઈની સરખી તકો પ્રાપ્ત કરી શકે છે અને તેનાથી એક ખુશહાલ સમાજની રચના થઈ શકે છે, તદુપરાંત આવકનો જે

તફાવત બાકી રહે તે વાસ્તવમાં ટાળી ન શકાય એવી બાબત છે અને જે રીતે માનવો દરમિયાન રંગ, રૂપ, શક્તિ, તંદુરસ્તી, બુદ્ધિ, હોશિયારી તથા સંતાનોની સંખ્યાનો તફાવત મિટાવવો શક્ય નથી એ જ પ્રમાણે આ આર્થિક તફાવતને પણ મિટાવી શકાતો નથી.

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૩૩-૩૪-૩૫)

وَلَوْلَآ اَنْ يَّكُوْنَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً لَّجَعَلْنَا لِمَنْ يَّكْفُرُ بِالرَّحْمٰنِ لِبُيُوْتِهِمْ
سُقُفًا مِّنْ فِضَّةٍ وَّمَعَارِجَ عَلَيْهَا يَظْهَرُوْنَ ﴿٣٣﴾ وَلِبُيُوْتِهِمْ اَبْوَابًا وَّسُرُرًا عَلَيْهَا
يَتَّكِـُٔوْنَ ﴿٣٤﴾ وَزُخْرُفًا ۭ وَاِنْ كُلُّ ذٰلِكَ لَمَّا مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۭ وَالْاٰخِرَةُ
عِنْدَ رَبِّكَ لِلْمُتَّقِيْنَ ﴿٣٥﴾

તરજુમો :

અને જો એ વાત ન હોત કે બધા લોકો એક ધર્મ ઉપર થઈ જાય તો અમે તે લોકોને આપ્યું હોત જેઓ રહમાનના ઈન્કારીઓ છે તેમના ઘરો માટે ચાંદીનું છાપરું અને સીડીઓ જેના ઉપર તેઓ ચઢે. (૩૩) અને તેમના ઘરો માટે દરવાજા અને બાજઠ જેના ઉપર તકિયા લગાવીને બેસે. (૩૪) અને (ઘણી વસ્તુઓ) સોનાની; અને આ બધું કંઈ નથી પરંતુ દુનિયાની જિંદગીનો વપરાશ છે અને આખિરત તમારા પરવરદિગારના ત્યાં તેમના જ માટે છે જેઓ ડરે છે. (૩૫)

તફસીર :

(અને આ કાફિર લોકો માલ અને દોલતના વધારાને નુબુવ્વતની યોગ્યતાની શરત સમજે છે જ્યારે કે નુબુવ્વત એક મહાન વસ્તુ છે તેથી તેની યોગ્યતાની શરત પણ મહાન જ હોવી જોઈએ) અને (દુનિયાની દોલત તથા ઈજ્જત, મરતબો અમારા સમીપ એટલો તુચ્છ છે કે) જો એ વાત (સંભવ) ન થઈ હોત કે (લગભગ લગભગ) બધા જ વ્યક્તિઓ એક જ તરીકાના થઈ જશે (એટલે કે કાફિર થઈ જશે) તો જે લોકો અલ્લાહની સાથે કુફ્ર કરે છે (અને

અલ્લાહ નજીક સખત ધિક્કારપાત્ર છે) અમે તેઓ (બધા)ના માટે તેમના ઘરોના છાપરાં ચાંદીના કરી આપ્યા હોત અને સીડીઓ પણ (ચાંદીના કરી આપત) જેના ઉપર ચઢયા(-ઊતર્યા) કરતા હોત અને તેમના ઘરોના દરવાજા પણ (ચાંદીના કરી આપ્યા હોત) અને તખ્ત પણ (ચાંદીના કરી આપત) જેના ઉપર તકિયા લગાવીને બેસે છે અને (આ જ વસ્તુઓ) સોનાની પણ (કરી આપત એટલે કે અમુક ચાંદીની, અમુક સોનાની પરંતુ આવો સામાન બધા કાફિરોને એટલા માટે નથી આપ્યો કે ઘણા માણસોના સ્વભાવમાં માલ અને દોલતની લાલચ છવાયેલી છે અને આવી હાલક ડોલક પરિસ્થિતિમાં કુફ્ર એ માલ અને દોલતની પ્રાપ્તિનું નિશ્ચિત કારણ બન્યું હોત, બસ અમુક થોડા જ વ્યક્તિઓ છોડીને લગભગ લગભગ બધાએ કુફ્ર અપનાવી લીધું હોત એટલા માટે અમે બધા જ કાફિરોને માલ અને દોલતની આવી છૂટછાટ નથી આપી નહિતર જો આવું હિત નજર સમક્ષ ન હોત તો અમે એવું જ કર્યું હોત અને દેખીતું છે કે દુશ્મનને સન્માન અને છૂટછાટની વસ્તુ આપવામાં નથી આવતી, પછી જાણ થઈ કે દુનિયાની માલ અને દોલત હકીકતમાં કોઈ મહાન વસ્તુ જ નથી, બસ તે નુબુવ્વત જેવા મહાન હોદ્દા માટે યોગ્યતાની શરત પણ નથી હોઈ શકતી તેના બદલે નુબુવ્વતની શરત તે ઉચ્ચ કક્ષાની નૈતિક બાબતો છે જે અલ્લાહ તરફથી અંબિયા અલૈ.ને અર્પણ થાય છે અને આ લક્ષણો રસૂલે કરીમ ﷺમાં સંપૂર્ણ રીતે એકઠા છે, બસ નુબુવ્વત તેમના જ માટે શોભાસ્પદ હતી ન કે મક્કા અને ત[illegible]ના માલદારો માટે) અને (દુનિયાની તુચ્છતાનું એક બિલકુલ જાહેર કારણ વર્ણન કરે છે કે) આ સઘળો (સરસામાન જેનું ઉપર વર્ણન થયું) કંઈ પણ નથી માત્ર દુનિયાની જિંદગીના અમુક દિવસનો લાભ માત્ર છે (અંતે તે ફના થઈ જશે) અને આખિરત (કાયમી છે અને એટલા માટે તેનાથી ઉત્તમ છે તે) તમારા પરવરદિગારના ત્યાં અલ્લાહથી ડરનારાઓ માટે છે.

મસ્અલા અને બોધપાઠ :

અતિશય માલ અને દોલત શ્રેષ્ઠતાનું કારણ નથી :

કાફિરોએ જે એવું કહ્યું હતું કે મક્કા અને તાઈફના કોઈ મોટા માલદારને કેમ નબી બનાવવામાં ન આવ્યા ? આ આયતોમાં તેનો બીજો જવાબ આપવામાં

આવ્યો છે અને તેનો ખુલાસો એ છે કે નિઃશંક ! નુબુવ્વત માટે અમુક યોગ્યતાની શરતોનું હોવું આવશ્યક છે પરંતુ માલ અને દોલત વધારે હોવાના કારણે કોઈને નુબુવ્વત નથી આપી શકાતી, કારણ કે માલ અને દોલત અમારી નજરમાં એટલી તુચ્છ વસ્તુ છે કે જો બધા જ લોકોના કાફિર બની જવાનો સંદેહ ન હોત તો અમે બધા કાફિરો ઉપર સોના ચાંદીનો વરસાદ વરસાવી દીધો હોત તથા સહીહ તિરમિઝીની એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, لَوْ كَانَتِ الدُّنْيَا تَعْدِلُ عِنْدَ اللّٰهِ جَنَاحَ بَعُوْضَةٍ مَّا سَقٰى كَافِرًا مِنْهَا شَرْبَةَ مَاءٍ (એટલે કે જો દુનિયા અલ્લાહ નજીક એક મચ્છરની એક પાંખ બરાબર દરજ્જો રાખતી હોત તો અલ્લાહ તઆલા કોઈ કાફિરને પાણીનો એક ઘૂંટડો પણ ન આપત) આથી જાણ થઈ કે ન તો માલ અને દોલતની છૂટછાટ કોઈ શ્રેષ્ઠતાની વસ્તુ છે અને ન જ તેની કમી માણસના ઓછા રુત્બાની નિશાની છે, અલબત્ત નુબુવ્વત માટે અમુક ઉચ્ચ કક્ષાના લક્ષણો જરૂરી છે જે સરકારે દો આલમ ﷺમાં ઉચ્ચ કક્ષાએ જોવા મળે છે તેથી આવો વાંધો ઉઠાવવો બિલકુલ વાહિયાત અને ખોટો છે.

પ્રસ્તુત આયતોમાં જે એવું કહેવામાં આવ્યું છે કે જો કાફિરો ઉપર માલ દોલતની ખૂબ છૂટછાટ કરવામાં આવી હોત તો બધા લોકો કાફિર થઈ ગયા હોત, તેમાં ભાવાર્થ લોકોની ભારે બહુમતી છે નહિતર અલ્લાહ તઆલાના અમુક નેક બંદાઓ આજે પણ મોજૂદ છે જેઓ એવો વિશ્વાસ ધરાવે છે કે કુફ્ર અપનાવીને તેઓ માલ દોલતથી ધનવાન બની શકે છે પરંતુ તે માલ અને દોલત ખાતર કુફ્રને અપનાવતા નથી, એવા અમુક લોકો કદાચ તે સમયે પણ ઈમાન ઉપર કાયમ રહી જાય પરંતુ તેમની સંખ્યા આટામાં મીઠા સમાન હશે.

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૩૬ થી ૪૫)

وَمَنْ يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ نُقَيِّضْ لَهٗ شَيْطٰنًا فَهُوَ لَهٗ قَرِيْنٌ ﴿٣٦﴾ وَاِنَّهُمْ لَيَصُدُّوْنَهُمْ عَنِ السَّبِيْلِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٧﴾ حَتّٰٓى اِذَا جَآءَنَا قَالَ يٰلَيْتَ بَيْنِيْ وَبَيْنَكَ بُعْدَ الْمَشْرِقَيْنِ فَبِئْسَ الْقَرِيْنُ ﴿٣٨﴾ وَلَنْ يَّنْفَعَكُمُ الْيَوْمَ اِذْ ظَّلَمْتُمْ اَنَّكُمْ فِي الْعَذَابِ مُشْتَرِكُوْنَ ﴿٣٩﴾ اَفَاَنْتَ تُسْمِعُ الصُّمَّ اَوْ تَهْدِي

الْعُمْىَ وَمَنْ كَانَ فِىْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٤٠ فَاِمَّا نَذْهَبَنَّ بِكَ فَاِنَّا مِنْهُمْ مُّنْتَقِمُوْنَ ۝٤١

اَوْ نُرِيَنَّكَ الَّذِىْ وَعَدْنٰهُمْ فَاِنَّا عَلَيْهِمْ مُّقْتَدِرُوْنَ ۝٤٢ فَاسْتَمْسِكْ بِالَّذِىْٓ اُوْحِىَ

اِلَيْكَ ۚ اِنَّكَ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ۝٤٣ وَاِنَّهٗ لَذِكْرٌ لَّكَ وَلِقَوْمِكَ ۚ وَسَوْفَ

تُسْـَٔلُوْنَ ۝٤٤ وَسْـَٔلْ مَنْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُّسُلِنَآ اَجَعَلْنَا مِنْ دُوْنِ

الرَّحْمٰنِ اٰلِهَةً يُّعْبَدُوْنَ ۝٤٥ ع

તરજુમો :

અને જે કોઈ રહમાનની યાદથી આંખો ચોરે અમે તેમના ઉપર એક શયતાન નક્કી કરી દઈએ છીએ પછી તે તેનો સાથી રહે. (૩૬) અને બેશક તેઓ (શયતાનો) તેમને (સીધા) માર્ગથી રોકતા રહે છે અને તેઓ એવું સમજે છે કે અમે સીધા માર્ગ ઉપર જ છે. (૩૭) એટલે સુધી કે જ્યારે અમારી પાસે આવે (શયતાનને) કહે, કોઈપણ રીતે મારામાં અને તારામાં પૂર્વ અને પશ્ચિમ જેટલું અંતર હોત કે કેવો બુરો સાથી છે ! (૩૮) અને આજના દિવસે તમને કંઈ ફાયદો નથી જ્યારે કે તમે એ વાતથી જાલિમ ઠરી ચૂક્યા કે તમે અઝાબમાં સામેલ છો. (૩૯) બસ શું તમે બહેરાઓને સંભળાવશો અથવા આંધળાઓને સમજાવશો અને ખુલ્લી ભૂલમાં ભટકનારાઓને !? (૪૦) પછી જો ક્યારેક અમે તમને અહીંયાંથી લઈ જઈએ તો અમારે તેમનાથી બદલો લેવાનો છે. (૪૧) અથવા તમને દેખાડીએ જે તેમનાથી વાયદો ઠરાવ્યો છે તો એ અમારા કાબૂમાં છે. (૪૨) બસ તમે તેને જ મજબૂતીથી પકડી રાખો જે તમને હુકમ પહોંચ્યો, બેશક તમે સીધા માર્ગ ઉપર છો. (૪૩) અને ખરેખર આ (કુર્આન) સન્માનનીય કલામ છે તમારા અને તમારા લોકો માટે અને આગળ તમને પૂછવામાં આવશે. (૪૪) અને પૂછી જુઓ જે રસૂલો અમે તમારાથી પહેલાં મોકલ્યા, ક્યારેય અમે રહમાન સિવાય કોઈ અન્ય મઅ્બૂદો રાખ્યા છે કે પૂજવામાં આવે !? (૪૫)

તફસીર :

અને જે વ્યક્તિ અલ્લાહની નસીહત (એટલે કે કુર્આન અને વહી)થી

(જાણીબૂઝીને) આંધળો બની જાય (જેમકે આ કાફિરો છે કે સંપૂર્ણ પૂરતી દલીલો હોવા છતાં અજ્ઞાનતાથી કામ લઈ રહ્યા છે) અમે તેમના ઉપર એક શયતાન થોપી દઈએ છીએ, બસ તે (દરેક સમયે) તેની સાથે રહે છે અને તે (સાથે રહેનારા શયતાનો) તેઓ (કુર્આનથી મોઢું ફેરવનારાઓ)ને (બરાબર સત્ય) માર્ગથી અટકાવતા રહે છે (અને થોપવાની આ જ અસર છે) અને આ લોકો (તે છતાં સત્ય માર્ગથી દૂર હોવાનો) એવું સમજે છે કે તેઓ (સીધા) માર્ગ ઉપર છે (બસ જેમની ગુમરાહીનું આ સ્વરૂપ અને આ પરિસ્થિતિ હોય તેના માર્ગ ઉપર આવવાની શું આશા છે ? બસ શા માટે ફિકર ચિંતા કરવામાં આવે ? અને એ પણ ધીરજ રાખો કે તેમની આ ગફલત જલદી જ ખતમ થઈ જશે અને જલદી જ તેમને પોતાની ભૂલ જાહેર થઈ જશે, કારણ કે આ ગફલત માત્ર દુનિયા જ દુનિયા સુધી છે) એટલે સુધી કે જ્યારે આવો વ્યક્તિ અમારી પાસે આવશે (અને તેની ભૂલ જાહેર થશે) તો (તે થોપેલા શયતાનને) કહેશે, કાશ ! મારા અને તારા વચ્ચે (દુનિયામાં) પૂર્વ અને પશ્ચિમ જેટલું અંતર હોત (કારણ) કે તું (તો) ખરાબ સાથી હતો (કે તેં મને ગુમરાહ કર્યો પરંતુ આ અફસોસ તે સમયે કામ આવશે નહીં) અને (વળી તેમને કહેવામાં આવશે કે) જ્યારે કે તમે (દુનિયામાં) કુફ્ર કરી ચૂક્યા હતા તો (જે રીતે આજે અફસોસ તમારા કામ ન આવ્યો એ જ પ્રમાણે) આજે આ વાત (પણ) તમારા કામ આવશે નહીં કે તમે (અને શયતાનો) બધા અઝાબમાં ભાગીદાર થાઓ (જેમકે દુનિયામાં અમુક સમયે બીજાઓને મુસીબતમાં ભાગીદાર જોઈને એક પ્રકારનું આશ્વાસન થઈ જાય છે, ત્યાં અઝાબ ઘણો વધારે સખત હશે એટલા માટે બીજાઓ તરફ ધ્યાન પણ જશે નહીં, દરેક વ્યક્તિ પોતાની હાલતમાં સપડાયેલો હશે અને પોતાને જ સૌથી વધારે કઠોર પરિસ્થિતિમાં હોવાનું સમજશે) બસ (તમને જ્યારે તેમની આ પરિસ્થિતિની જાણ થઈ ગઈ કે તેમની હિદાયતની કોઈ આશા નથી તો) શું તમે (એવા) બહેરાઓને સંભળાવી શકો છો અથવા (એવા) આંધળાઓને અને તે લોકોને કે જેઓ ઉઘાડી ગુમરાહીમાં (સંડોવાયેલા) છે માર્ગ ઉપર લાવી શકો છો ? (એટલે કે તેમના સીધા માર્ગ ઉપર લાવવું તમારા અધિકારક્ષેત્રથી બાકાત છે, તમે દિલગીર ન થાઓ) પછી (તેમની આ બળવાખોરી ફોગટ જશે નહીં કેમકે તેના ઉપર અવશ્ય સજા લાગુ પડવાની છે, ભલે તમારી જિંદગીમાં થાય અથવા તમારી વફાત પછી થાય,

બસ) જો અમે (દુનિયાથી) તમને ઉઠાવી લઈએ તો પણ અમે તેમની પાસેથી (એટલે કે કાફિરો પાસેથી) બદલો લેનારા છે અથવા જો તેમનાથી અમે જે અઝાબનો વાયદો કરી રાખ્યો છે તે (તમારી હયાતીમાં તેમના ઉપર નાઝિલ કરીને) તમને (પણ) બતાવી આપીએ તો પણ (કંઈ અસંભવ વાત નથી કારણ કે) અમને તેમના ઉપર દરેક રીતે કાબૂ છે (મતલબ એ છે કે અઝાબ તો અવશ્ય થશે ભલે ગમે ત્યારે થાય અને જ્યારે વાત એમ છે) તો તમે (આશ્વાસન રાખો અને સંતોષપૂર્વક) આ કુર્આન ઉપર કાયમ રહો જે તમારા ઉપર વહી દ્વારા નાઝિલ કરવામાં આવ્યું છે (કારણ કે) તમે નિઃશંક ! સીધા માર્ગ ઉપર છો (મતલબ એ છે કે પોતાનું કામ કર્યે જાઓ અને બીજાઓના કામનો રંજ ગમ ન કરો) અને આ કુર્આન (જેના ઉપર કાયમ રહેવાનું અમે કહીએ છીએ) તમારા માટે અને તમારી કોમ માટે મોટી શ્રેષ્ઠતાની વસ્તુ છે (તમારા માટે તો એટલા માટે કે તે તમને સીધે સીધું સંબોધન છે અને કોમ માટે એટલા માટે કે તેમને પરોક્ષ રીતે સંબોધન છે, જ્યારે સામાન્ય રાજા મહારાજાઓ સાથે રૂબરૂ વાતચીતની મોટી ઈજ્જત સમજવામાં આવે છે તો પછી સમગ્ર સૃષ્ટિના કર્તા સાથેના સંબોધન વિશે તો કહેવું જ શું ?!) અને નિકટમાં (કયામતના દિવસે) તમને સૌને (પોતપોતાની જવાબદારીના વાજિબ હકો વિશે) પૂછવામાં આવશે (બસ તમને માત્ર તબ્લીગ વિશે પ્રશ્ન થશે જેને તમે સારી રીતે અદા કરી ચૂક્યા છો અને અમલ વિશે તેમને સવાલ થશે, બસ જ્યારે તમને તેમના અમલો વિશે પૂછતાછ થશે નહીં તો તમે શા માટે ગમ કરો છો ?) અને (અમે જે તમારા ઉપર નાઝિલ થનારી વહીને સત્ય ઠરાવી દીધી છે તેમાં કાફિરોનો સૌથી મોટો વિરોધ તવહીદના અકીદહ ઉપર છે જેના સત્ય હોવાનો તેમને મોટો વાંધો છે, બસ વાસ્તવમાં તે એવી સત્ય બાબત છે કે તેના ઉપર બધા જ અંબિયા અલૈ.ની સર્વસહમતી છે અને કારણ કે અંબિયા અલૈ. તાર્કિક અને વર્ણન કરવામાં આવેલ દલીલોમાં મજબૂત છે એટલા માટે જાણે તેના ઉપર હજારો તાર્કિક અને વર્ણન કરવામાં આવેલ દલીલો કાયમ છે, એટલા માટે જો તમારું મન ચાહે તો) તમે તે બધા પયગમ્બરોથી જેને અમે તમારાથી પહેલાં મોકલ્યા છે પૂછી લો (એટલે કે તેમની કિતાબો અને સહીફાઓથી જેના અમુક અવશેષો મોજૂદ છે તહકીક કરી લો) કે શું અમે સર્વશક્તિમાન રહમાન સિવાય (ક્યારેય પણ) અન્ય મઅ્બૂદ

ઠરાવી દીધા હતા કે તેમની ઈબાદત કરવામાં આવે!? (તેનાથી બીજાઓને સંભળાવવું મંજૂર છે કે જેનું મન ચાહે તહકીક કરી લે અને કિતાબોમાં જોવું એ રસૂલોને પૂછવાના રૂપક સ્વરૂપે કહેવામાં આવ્યું).

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહ તઆલાની યાદથી મોઢું ફેરવવાનું કારણ ખરાબ સોબત છે :

وَمَنْ يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ.... ભાવાર્થ એ છે કે જે વ્યક્તિ અલ્લાહની નસીહત એટલે કે કુર્આન અને વહીથી જાણીબૂઝીને મોઢું ફેરવે તો અમે તેના ઉપર એક શયતાન થોપી દઈએ છીએ જે દુનિયામાં પણ તેની સાથે લાગેલો રહે છે તે તેને નેકીઓથી રોકીને બુરાઈઓ ઉપર પ્રોત્સાહિત કરતો રહે છે અને આખિરતમાં પણ જ્યારે તે વ્યક્તિ કબરમાંથી ઉઠશે તો આ શયતાન તેની સાથે સાથે જ હશે, એટલે સુધી કે બંને જહન્નમમાં દાખલ થઈ જાય. (કુર્તુબી) આથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની યાદથી મોઢું ફેરવવાની આટલી સજા દુનિયામાં જ મળી જાય છે કે માણસની ખરાબ સોબત થઈ જાય છે તથા શયતાનો ભલે માનવોમાંથી હોય અથવા જિન્નાતોમાંથી તેને ભલાઈઓથી દૂર અને બુરાઈઓની નજીક કરી રાખે છે, તે સઘળા કામ ગુમરાહીના કરે છે પરંતુ એવું સમજે છે કે ઘણું સારું કરી રહ્યો છે. *(કુર્તુબી)*

અહીંયાં જે શયતાનને થોપવાનું વર્ણન છે તે એ શયતાન સિવાયનો છે જે દરેક મો'મિન અને કાફિરની સાથે લગાવવામાં આવ્યો છે, કારણ કે તે મો'મિન પાસેથી ખાસ સમયોમાં હટી પણ જાય છે, જ્યારે કે આ શયતાન હંમેશા સાથે લાગેલો રહે છે. *(બયાનુલ કુર્આન)*

وَلَنْ يَّنْفَعَكُمُ الْيَوْمَ.... આ આયતની બે તફસીરો હોઈ શકે છે, એક એ કે જ્યારે તમારું કુફ્ર અને શિર્ક સાબિત થઈ ચૂક્યું છે તો આખિરતમાં તમારી એવી તમન્ના કંઈ જ કામ ન લાગશે કે કાશ આ શયતાન મારાથી દૂર હોત ! કારણ કે તે સમયે તમે બધા અઝાબમાં ભાગીદાર હશો, આ સ્વરૂપ لِاَنَّكُمْ اَنَّكُمْ فِى الْعَذَابِ ના અર્થમાં હશે અને يَنْفَعَ (યન્ફઅ)ની ઝમીર ... فَاعِلُ مَقُوْلَهٗ يٰلَيْتَ بَيْنِىْ તરફ ઢળેલી હશે.

બીજી તફસીરમાં એવું શક્ય છે કે ત્યાં પહોંચ્યા પછી તમારું અને

શયતાનોનું અઝાબમાં ભાગીદાર હોવું તમારા માટે કંઈ લાભદાયક હશે નહીં, દુનિયામાં નિઃશંક એવું બનતું હોય છે કે એક મુસીબતમાં અમુક લોકો ભાગીદાર થઈ જાય તો દરેકનો ગમ સરખો થઈ જાય છે પરંતુ ત્યાં દરેકને પોતપોતાની પડેલી હશે અને કોઈ કોઈનું દુઃખ હટાવી શકશે નહીં એટલા માટે આ અઝાબની ભાગીદારીથી કોઈ લાભ થશે નહીં, આ સૂરતમાં ....اَنَّكُمْ એ يَنْفَعَ નો કર્તા હશે.

ભલાઈપૂર્વકની ખ્યાતિ પણ દીનમાં પસંદ કરવામાં આવેલ બાબત છે :

وَاِنَّهٗ لَذِكْرٌ لَّكَ وَلِقَوْمِكَ (અને આ કુર્આન તમારા માટે અને તમારી કોમ માટે મોટી શ્રેષ્ઠતાની વસ્તુ છે) ذِكْرٌ (ઝિક્રુન)થી અત્રે ભાવાર્થ સારી નામના છે અને ભાવાર્થ એ છે કે કુર્આને કરીમ રસૂલે કરીમ ﷺ અને આપ ﷺની કોમ માટે મહાન શ્રેષ્ઠતા અને સારી ખ્યાતિનું કારણ છે. ઈમામ રાઝી (રહ.) ફરમાવે છે કે આ આયતથી એ જાણ થઈ કે સારી ખ્યાતિ એક આકર્ષણપાત્ર વસ્તુ છે એટલા માટે અલ્લાહ તઆલાએ અત્રે તેને એક અહેસાન સ્વરૂપે વર્ણન કર્યું છે અને એટલા જ માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ દુઆ કરી હતી કે وَاجْعَلْ لِّيْ لِسَانَ صِدْقٍ فِي الْاٰخِرِيْنَ *(૨૬:૮૪)* (તફસીરે કબીર) પરંતુ એ યાદ રાખવું જોઈએ કે સારી ખ્યાતિ એવા સમયે અહેસાન છે જ્યારે તેનો મકસદ દુનિયાની જિંદગી બનાવ્યા વિના માણસના અમલોથી આપોઆપ પ્રાપ્ત થઈ જાય અને જો માણસ નેકીઓ માત્ર એવા જ હેતુ માટે કરે કે તેનાથી દુનિયામાં નામ થશે તો આ બાબત رِيَا (રિયા) "દેખાડો" છે જેનાથી નેકીઓનો સઘળો લાભ જતો રહે છે અને ઊલટાનું ગુનાહ થવું આવશ્યક બની જાય છે, આ આયતમાં "તમારી કોમ"થી ભાવાર્થ અમુક તફસીરકારોએ માત્ર કબીલએ કુરૈશ હોવાનું ઠરાવ્યું છે અને તેનાથી કુરૈશની શ્રેષ્ઠતા સાબિત કરી છે પરંતુ અલ્લામહ કુર્તુબી (રહ.) ફરમાવે છે કે સાચું એ છે કે તેનાથી ભાવાર્થ રસૂલે કરીમ ﷺની સમગ્ર ઉમ્મત છે, ભલે કોઈપણ રંગ અને વંશ સાથે સંબંધ ધરાવતી હોય, કુર્આને કરીમ તે સૌ માટે શ્રેષ્ઠતા, સન્માન તથા ભલી ખ્યાતિનું કારણ છે. *(કુર્તુબી)*

وَسْئَلْ مَنْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُّسُلِنَا (તમે તે બધા પયગમ્બરોથી જેમને અમે તમારા પહેલાં મોકલ્યા છે પૂછી લો.) અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) તો વફાત પામી ચૂક્યા, તેમને પૂછવાનો

હુકમ કેવી રીતે આપવામાં આવી રહ્યો છે ? તેનો જવાબ અમુક તફસીરકારોએ તો એવો આપ્યો છે કે આયતનો ભાવાર્થ એ છે કે જો અલ્લાહ તઆલા કોઈ મોઅ્જિઝા સ્વરૂપે પાછલા અંબિયા (અલૈ.)થી તમારી મુલાકાત કરાવી આપે તો તે સમયે તેમને એ વાત પૂછી લેજો, એટલા માટે "શબે મેઅ્રાજ"માં આપ ﷺની મુલાકાત બધા જ અંબિયા (અલૈ.) સાથે થઈ, અલ્લામહ કુર્તુબી (રહ.)એ અમુક રિવાયતો નકલ કરી છે જેનાથી જાણ થાય છે કે આપ ﷺએ અંબિયા (અલૈ.)ની ઈમામત કર્યા પછી તેમને આ જ વાત પૂછી હતી પરંતુ તે રિવાયતોની સનદ અમને જાણ ન થઈ શકી એટલા માટે ઘણા મુફસ્સિરોએ આયતનો ભાવાર્થ એ બતાવ્યો છે કે પોતે અંબિયા (અલૈ.)ને પૂછવું ભાવાર્થ સ્વરૂપે નથી, બલકે તેમના ઉપર નાઝિલ થનારા સહીફાઓથી તહકીક કરવી અને તેમની ઉમ્મતોના ઉલમાથી પૂછવું ભાવાર્થ સ્વરૂપે છે તેથી બની ઈસ્રાઈલના અંબિયા (અલૈ.)ના જે સહીફા હાલમાં ઉપસ્થિત છે તે સહીફાઓમાં ઘણા બધા ફેરફારો છતાં તવહીદનું આમંત્રણ અને શિર્કથી અળગા રહેવાની તા'લીમ સામેલ છે, દાખલા તરીકે હાલની બાઈબલના નીચેના અવતરણો ઉપર દષ્ટિપાત કરો.

અંબિયા (અલૈ.)ના સહીફાઓમાં તવહીદની તા'લીમ :

હાલની તવરાતમાં છે,

"જેથી તું જાણે કે ખુદાવંદ જ ખુદા છે અને તેના સિવાય કોઈ છે જ નથી."

(ડયુટ્રોનોમી – ૪ : ૩૫)

અને બીજે ઠેકાણે છે,

"સાંભળ, હે ઈસ્રાઈલ ! ખુદાવંદ અમારો ખદા એક જ ખુદા છે."

(ડયુટ્રોનોમી – ૬ : ૪)

હઝરત શિઅ્યા (અલૈ. જેઓ ઈસાઈય્યાહના નામથી ઓળખાય છે)ના સહીફામાં છે,

"હું જ ખુદાવંદ છું અને મારા સિવાય કોઇ ખુદા નથી જેથી પૂર્વથી પશ્ચિમ સુધી લોકો જાણી લે કે મારા સિવાય કોઈ નથી, હું જ ખુદાવંદ છું, મારા સિવાય બીજો કોઈ નથી." *(ઈસાઈય્યાહ – ૪૫ : ૫, ૬)*

હઝરત મસીહ (અલૈ.)નું આ નિવેદન હાલની બાઈબલોમાં ઉપસ્થિત છે,

"હે ઈસ્રાઈલ ! સાંભળ ખુદાવંદ આપણો ખુદા એક જ ખુદા છે અને તું ખુદાવંદ પોતાના ખુદાવંદથી પોતાના સઘળા દિલ અને પોતાના સઘળા પ્રાણ અને પોતાની પ્રિય બુદ્ધિ અને પોતાની સઘળી શકિતથી મહોબ્બત રાખ."

(માર્ક – ૧૨ : ૨૯, મેથ્યુ – ૨૨ : ૨૬)

નકલ થયું છે કે હઝરત મસીહ (અલૈ.)એ એક વખતે દુઆમાં કહ્યું,

"અને હંમેશાની જિંદગી એ છે કે તું એકમાત્ર અને સાચા ખુદાને તથા ઈસુ મસીહને જેને તેં મોકલ્યો છે જાણે." *(યુહન્ના – ૧૭ : ૩)*

These excerpts are taken from Good News Bible, Today's English Version, Published by the Bible Societies in 1976. (Muhammad Taqi Usmani)

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૪૬ થી ૫૬)

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَقَالَ اِنِّىْ رَسُوْلُ رَبِّ
الْعٰلَمِيْنَ ﴿۴۶﴾ فَلَمَّا جَآءَهُمْ بِاٰيٰتِنَآ اِذَا هُمْ مِّنْهَا يَضْحَكُوْنَ ﴿۴۷﴾ وَمَا نُرِيْهِمْ
مِّنْ اٰيَةٍ اِلَّا هِىَ اَكْبَرُ مِنْ اُخْتِهَا ۫ وَاَخَذْنٰهُمْ بِالْعَذَابِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿۴۸﴾
وَقَالُوْا يٰٓاَيُّهَ السّٰحِرُ ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنْدَكَ ۚ اِنَّنَا لَمُهْتَدُوْنَ ﴿۴۹﴾
فَلَمَّا كَشَفْنَا عَنْهُمُ الْعَذَابَ اِذَا هُمْ يَنْكُثُوْنَ ﴿۵۰﴾ وَنَادٰى فِرْعَوْنُ فِىْ قَوْمِهٖ
قَالَ يٰقَوْمِ اَلَيْسَ لِىْ مُلْكُ مِصْرَ وَهٰذِهِ الْاَنْهٰرُ تَجْرِىْ مِنْ تَحْتِىْ ۚ اَفَلَا
تُبْصِرُوْنَ ﴿۵۱﴾ اَمْ اَنَا خَيْرٌ مِّنْ هٰذَا الَّذِىْ هُوَ مَهِيْنٌ ۙ وَّلَا يَكَادُ يُبِيْنُ ﴿۵۲﴾ فَلَوْلَآ اُلْقِىَ
عَلَيْهِ اَسْوِرَةٌ مِّنْ ذَهَبٍ اَوْ جَآءَ مَعَهُ الْمَلٰٓئِكَةُ مُقْتَرِنِيْنَ ﴿۵۳﴾ فَاسْتَخَفَّ قَوْمَهٗ
فَاَطَاعُوْهُ ۭ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ﴿۵۴﴾ فَلَمَّآ اٰسَفُوْنَا انْتَقَمْنَا مِنْهُمْ فَاَغْرَقْنٰهُمْ
اَجْمَعِيْنَ ﴿۵۵﴾ فَجَعَلْنٰهُمْ سَلَفًا وَّمَثَلًا لِّلْاٰخِرِيْنَ ﴿۵۶﴾

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને અમારી નિશાનીઓ આપીને ફિરઔન અને તેના સરદારો પાસે મોકલ્યા તો તેમણે કહ્યું, બેશક ! હું સમગ્ર વિશ્વના પરવરદિગારનો મોકલેલો છું. (૪૬) પછી જ્યારે તેમની પાસે તે અમારી નિશાનીઓ લાવ્યા તો તેઓ તેમના ઉપર હસવા લાગ્યા. (૪૭) અને જે નિશાની અમે તેમને બતાવતા ગયા બસ તે આગલી(નિશાની)થી અધિક હતી અને અમે તેમને અઝાબમાં પકડ્યા જેથી તેઓ અટકી જાય. (૪૮) અને કહેવા લાગ્યા, હે જાદૂગર ! અમારા માટે તારા પરવરદિગારથી દુઆ કર જેનો તેણે તારી સાથે કરાર કર્યો છે, અમે જરૂર (આ તકલીફથી છૂટીને) માર્ગ ઉપર આવી જઈશું. (૪૯) પછી જ્યારે અમે તેમના ઉપરથી અઝાબ ઉઠાવી લેતા કે તરત જ તેઓ વચનભંગ કરવા લાગતા. (૫૦) અને ફિરઔને પોતાની કોમમાં પોકાર્યું; કહ્યું, હે મારી કોમ ! શું મારા હાથમાં મિસ્રની સત્તા નથી અને આ નહેરો મારા મહેલની નીચે ચાલી રહી છે શું તમે જોતા નથી ? (૫૧) શું હું આ વ્યક્તિ(મૂસા)થી ઉત્તમ નથી જેની કોઈ ઈજ્જત નથી અને સાફ(-સાફ) બોલી (પણ) નથી શકતો !? (૫૨) પછી કેમ તેના ઉપર સોનાના કંગન ન આવી પડ્યા અથવા કેમ તેની સાથે ફરિશ્તાઓ હાર બાંધીને (તેમની તહેનાતમાં) ન આવ્યા ? (૫૩) પછી (તેણે) પોતાની કોમની બુદ્ધિ ભ્રષ્ટ કરી નાંખી, પછી તેમણે તેનું જ કહ્યું માન્યું, નિશ્ચિત તે લોકો નાફરમાન હતા. (૫૪) પછી જ્યારે અમને ક્રોધ અપાવ્યો તો અમે તેમનાથી બદલો લીધો પછી તે સૌને ડૂબાડી દીધા. (૫૫) પછી અમે તેમને ભૂતકાળ બનાવી દીધા અને પાછળથી આવનારાઓ માટે એક દૃષ્ટાંત. (૫૬)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને પોતાની દલીલો (એટલે કે લાઠી અને ચમકતા હાથનો મોઅ્જિઝો) આપીને ફિરઔન અને તેના ઉમરાવો પાસે મોકલ્યા હતા, બસ તેમણે (તે લોકો પાસે આવીને) ફરમાવ્યું કે હું સમગ્ર વિશ્વના પરવરદિગાર તરફથી (તમારા લોકોની હિદાયત માટે) પયગમ્બર (થઈને આવ્યો) છું (પરંતુ ફિરઔન અને ફિરઔનવાળાઓએ માન્યું નહીં) પછી (અમે બીજી દલીલો

સજાઓ સ્વરૂપે તેમની નુબુવ્વત સાબિત કરવા માટે જાહેર કરી, એટલે કે દુકાળ વગેરે પરંતુ તે લોકોની તો પણ એવી હાલત રહી કે) જ્યારે મૂસા (અલૈ.) તેમની પાસે અમારી (તે) નિશાનીઓ લઈને આવ્યા (જે آيَاتٍ تِسْعَة "આયાતે તિસ્અહ" કહેવાય છે) તો તેઓ અચાનક તે(મોઅ્જિઝાઓ)ના ઉપર હસવા લાગ્યા (કે કેટલા સારા મોઅ્જિઝા છે ! માત્ર મા'મૂલી ઘટનાઓ અને પ્રસંગો છે, કારણ કે દુકાળ વગેરે આમ પણ થઈ જાય છે પરંતુ આ તેમની મૂર્ખામી હતી, કારણ કે બીજી નિશાનીઓથી સ્પષ્ટ જાણ થઈ રહી હતી કે આ ઘટનાઓ અસામાન્ય છે અને મોઅ્જિઝાઓ સ્વરૂપે બની રહી છે તેથી તેમણે હઝરત મૂસા અલૈ. ઉપર જાદૂની તોહમત લગાવી હતી જેમકે સૂરએ અઅ્રાફમાં لِتَسْحَرَنَا بِهَا ના શબ્દો તેના ઉપર ગવાહ છે) અને (તે નિશાનીઓનું સ્વરૂપ એવું હતું કે) અમે તેમને જે નિશાનીઓ બતાવતા હતા તે બીજી નિશાનીથી વધીને રહેતી હતી (મતલબ એ છે કે બધી નિશાનીઓ મોટી જ હતી અને એવો મતલબ નથી કે દરેક નિશાની બીજી દરેક નિશાની કરતાં મોટી હતી, આ એક ભાષાપ્રયોગ અને રૂપક છે જ્યારે કોઈ વસ્તુઓની વિશિષ્ટતા વર્ણન કરવા ઈચ્છીએ છીએ તો એવું જ કહેવામાં આવે છે કે "એકથી વધીને એક !" અને એવું પણ શક્ય છે કે ખરેખર પણ દરેક આવનારી નિશાની પાછલી નિશાની કરતાં અમુક પ્રમાણમાં મોટી હોય) અને અમે (તે નિશાનીઓ ઉપસ્થિત કરવાથી) તે લોકોને અઝાબમાં પકડ્યા હતા જેથી તેઓ (પોતાના કુફ્રથી) અટકી જાય (એટલે કે તે નિશાનીઓ નુબુવ્વતની દલીલ પણ હતી અને તેમના માટે સજા પણ હતી પરંતુ તે લોકો અટક્યા નહીં એ છતાં કે દરેક નિશાનીના ઉપસ્થિત થવા ઉપર તેમણે અમુક વચન પણ આપ્યા) અને તેમણે (મૂસા અલૈ.ને દરેક નિશાની ઉપર એવું) કહ્યું કે હે જાદૂગર ! (આ શબ્દ પોતાની પાછલી ટેવ પ્રમાણે વિવશ પરિસ્થિતિમાં તેમના મોઢાંથી નીકળી જતા હશે, નહિતર આવી કાકલુદીભરી દરખાસ્તના મોકા ઉપર આવો શરારતનો શબ્દ બોલવું અસંભવ જણાય છે, મતલબ કે તેમનો હેતુ એ હતો કે હે મૂસા અલૈ. !) અમારા માટે પોતાના પરવરદિગાર પાસે એ વાતની દુઆ કરી આપો જેનો તેણે તમારાથી કરાર કરી રાખ્યો છે (અને વાત એમ છે કે અમારા અટકી જવા ઉપર ક્રોધને દૂર કરી આપો તો અમે વાયદો કરીએ છીએ કે જો તમે આ અઝાબને દૂર કરી આપો તો) અમે અવશ્ય માર્ગ ઉપર આવી જઈશું પછી (જ્યારે) અમે તે

અઝાબ તેમના ઉપરથી હટાવી લીધો તો તરત જ તેમણે (પોતાનો) વાયદો તોડી નાંખ્યો (તે નવ નિશાનીઓનું વર્ણન સૂરએ અઅ્રાફમાં આવી ચૂક્યું છે) અને ફિરઔને (લગભગ એવા વિચારે કે ક્યાંક મોઅ્જિઝા જોઈને સામાન્ય લોકો મુસલમાન થઈ જશે) પોતાની કોમમાં એ'લાન કરાવ્યું (અને આ એ'લાનમાં) એવી વાત કહી (એટલે કે કહેવાડી) કે હે મારી કોમ ! શું મિસ્ર મારી સત્તા હેઠળ નથી અને (જુઓ) આ નહેરો મારા (મહેલની) નીચે વહી રહી છે શું તમે (આ વસ્તુઓ) જોતા નથી ? (અને મુસા અલૈ.ની પાસે કંઈ પણ સામાન નથી તો બતાવો ! હું શ્રેષ્ઠ અને અનુસરણ કરવા લાયક છું અથવા મૂસા અલૈ.) બલકે હું (જ) આ વ્યક્તિથી શ્રેષ્ઠ છું (એટલે કે મૂસા અલૈ.થી) કે જે (માલ અને હોદ્દાના આધારે) ઓછા દરજ્જાના (વ્યક્તિ) છે અને વાત સારી રીતે વર્ણન કરવાની શક્તિ પણ ધરાવતા નથી (અને આ વ્યક્તિ પોતાને પયગમ્બર બતાવે છે) તો તેને (હાથોમાં) સોનાના કંગન કેમ નથી નાંખવામાં આવ્યા ? (જેમકે દુનિયાના રાજાઓની ટેવ છે કે જ્યારે કોઈના ઉપર ખાસ મહેરબાની કરે છે તો તેને જાહેર દરબારમાં સોનાના કંગન પહેરાવે છે, મતલબ એ છે કે જો આ વ્યક્તિને નુબુવ્વત અર્પણ થઈ હોત તો અલ્લાહ તઆલા તરફથી તેના હાથમાં સોનાના કંગન હોત) અથવા ફરિશ્તા તેમની તહેનાતમાં હાર બાંધીને આવ્યા હોત ! (જેમકે ખાસ શાહી અમીરોનો જુલૂસ આ જ રીતે નીકળે છે) મતલબ કે તેણે (આવી વાતો કહીને) પોતાની કોમની બુદ્ધિ ભ્રષ્ટ કરી દીધી અને તેઓ તેના કહેવામાં આવી ગયા (અને) તે લોકો (પ્રથમથી પણ કંઈ) શરારતથી ભરેલા હતા (એ કારણે ફિરઔનની વાતોની તેમના ઉપર વધારે અસર થઈ) પછી જ્યારે તે લોકોએ (સતત કુફ્ર અને દુશ્મનાવટ ઉપર હઠાગ્રહ કરીને) અમને ક્રોધ અપાવ્યો તો અમે તેમનાથી બદલો લીધો અને તે બધાને ડૂબાડી દીધા અને અમે તેમના પછી આવનારાઓ માટે ખાસ સ્વરૂપે ભૂતકાળ અને (બોધપાઠ લેવાનો) નમૂનો બનાવી દીધો (ખાસ સ્વરૂપનો ભૂતકાળ બનાવવાનો ભાવાર્થ એ છે કે લોકો તેમના કિસ્સા યાદ કરીને બોધપાઠ અપાવે છે કે જુઓ ભૂતકાળમાં આવા આવા લોકો થયા છે અને તેમનો આવો હાલ થયો).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત મુસા (અલૈ.)ની ઘટના અગાઉ વારંવાર પસાર થઈ ચૂકી છે અને

આ આયતોમાં તેમની જે ઘટનાઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે તે વિગતવાર સૂરએ અઅ્રાફમાં આવી ચૂકી છે. અત્રે તેમની ઘટના યાદ અપાવવાનો હેતુ એ છે કે મક્કાના કાફિરો રસૂલે કરીમ ﷺની નુબુવ્વત ઉપર તેમના માલદાર ન હોવાના કારણે જે શંકા કરી રહ્યા છે તે કોઈ નવી શંકા ન હતી, બલકે ફિરઔન અને તેની કોમે આ જ શંકા હઝરત મૂસા (અલૈ.)ની નુબુવ્વત ઉપર કરી હતી, ફિરઔનનું કહેવું હતું કે હું મિસ્ર દેશનો માલિક છું અને મારા મહેલો નીચે નહેરો વહે છે એટલા માટે હું મૂસા (અલૈ.) કરતાં (મઆઝલ્લાહ !) શ્રેષ્ઠ છું, પછી મારા મુકાબલામાં તેમને નુબુવ્વત કઈ રીતે મળી શકે છે ? પરંતુ જે રીતે તેની આ શંકા તેના કંઈ કામ ન આવી શકી અને તે પોતાની કોમ સહિત ડૂબી ગયો એ જ પ્રમાણે મક્કાના કાફિરોનો આ વાંધો પણ તેમને દુનિયા અને આખિરતના વબાલથી બચાવી શકશે નહીં.

وَلَا يَكَادُ يُبِيْنُ (અને જે વાત વર્ણન કરવાની શક્તિ પણ ધરાવતા નથી.) જો કે હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી અલ્લાહ તઆલાએ તેમની જીભનું તોતડાવું દૂર કરી દીધું હતું પરંતુ ફિરઔનને તેમની આગલી પરિસ્થિતિ યાદ હતી એટલા માટે તેણે હઝરત મૂસા (અલૈ.) ઉપર આવી ઐબ લગાવી અને એવું પણ બની શકે છે કે અત્રે વાત વર્ણન કરવાની શક્તિથી ભાવાર્થ જીભ ચલાવવાના બદલે દલીલોની શક્તિ અથવા સ્પષ્ટતા કરવાની શક્તિ હોય અને ફિરઔનનો હેતુ એવો હોય કે હઝરત મૂસા (અલૈ.)ની પાસે એવી પૂરતી દલીલો નથી જે મને સંતોષિત કરી શકે, જ્યારે કે આ ફિરઔનની નરી આક્ષેપબાજી હતી નહિતર હઝરત મૂસા (અલૈ.)એ દલીલો અને વાતની છણાવટ કરીને ફિરઔનને સદંતર લાજવાબ કરી દીધો હતો. *(તફસીરે કબીર અને રૂહુલ મઆની)*

فَاسْتَخَفَّ قَوْمَهٗ ના બે અનુવાદ થઈ શકે છે, એક એ કે ફિરઔને પોતાની કોમને સરળતાથી પોતાની તા'બેદાર બનાવી દીધી. طَلَبَ مِنْهُمُ الْخِفَّةَ فِىْ مُطَاوَعَتِهٖ અને બીજું એ કે તેણે પોતાની કોમને બેવકૂફ બનાવી وَجَدَهُمْ خَفِيْفَةَ اَحْلَامِهِمْ *(રૂહુલ મઆની)*

فَلَمَّآ اٰسَفُوْنَا એ શબ્દ اَسَفٌ (અસફુન)થી નીકળ્યો છે જેનો શાબ્દિક અર્થ "અફસોસ" છે, એટલા માટે આ વાક્યનો શાબ્દિક અર્થ આ થયો, "બસ જ્યારે તેમણે અમને અફસોસ અપાવ્યો." અને અફસોસ મોટે ભાગે ક્રોધના અર્થમાં પણ

ઉપયોગ થાય છે એટલા માટે તેનો રૂઢિપ્રયોગ આધારિત અનુવાદ સામાન્ય રીતે આ પ્રમાણે કરવામાં આવે છે કે "જ્યારે તેમણે અમને ક્રોધ અપાવ્યો." અને કારણ કે અલ્લાહ તઆલા અફસોસ અને ગુસ્સામાં ઉદ્ભવતી પરિસ્થિતિથી પાક છે તેથી તેનો અર્થ એ છે કે તેમણે એવા કામ કર્યા જેનાથી અમે તેમને સજા આપવાનો પાકો ઈરાદો કરી લીધો. (રૂહુલ મઆની)

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૫૭ થી ૬૫)

وَلَمَّا ضُرِبَ ابْنُ مَرْيَمَ مَثَلًا اِذَا قَوْمُكَ مِنْهُ يَصِدُّوْنَ ﴿٥٧﴾ وَقَالُوْٓا ءَاٰلِهَتُنَا خَيْرٌ
اَمْ هُوَ ؕ مَا ضَرَبُوْهُ لَكَ اِلَّا جَدَلًا ؕ بَلْ هُمْ قَوْمٌ خَصِمُوْنَ ﴿٥٨﴾ اِنْ هُوَ اِلَّا عَبْدٌ اَنْعَمْنَا
عَلَيْهِ وَجَعَلْنٰهُ مَثَلًا لِّبَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿٥٩﴾ وَلَوْ نَشَآءُ لَجَعَلْنَا مِنْكُمْ مَّلٰٓئِكَةً
فِي الْاَرْضِ يَخْلُفُوْنَ ﴿٦٠﴾ وَاِنَّهٗ لَعِلْمٌ لِّلسَّاعَةِ فَلَا تَمْتَرُنَّ بِهَا وَاتَّبِعُوْنِ ؕ هٰذَا
صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٦١﴾ وَلَا يَصُدَّنَّكُمُ الشَّيْطٰنُ ۚ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٦٢﴾ وَلَمَّا
جَآءَ عِيْسٰى بِالْبَيِّنٰتِ قَالَ قَدْ جِئْتُكُمْ بِالْحِكْمَةِ وَلِاُبَيِّنَ لَكُمْ بَعْضَ الَّذِيْ
تَخْتَلِفُوْنَ فِيْهِ ۚ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿٦٣﴾ اِنَّ اللّٰهَ هُوَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ
هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٦٤﴾ فَاخْتَلَفَ الْاَحْزَابُ مِنْۢ بَيْنِهِمْ ۚ فَوَيْلٌ لِّلَّذِيْنَ ظَلَمُوْا
مِنْ عَذَابِ يَوْمٍ اَلِيْمٍ ﴿٦٥﴾

તરજુમો :

અને જ્યારે ઉદાહરણ લાવ્યા મરયમ (અલૈ.)ના પુત્રનું ત્યારે જ (એકદમ) તમારી કોમ તેનાથી શોર મચાવવા લાગ્યા. (૫૭) અને કહે છે, અમારો મઅબૂદ ઉત્તમ છે અથવા તે ? આ ઉદાહરણ જે તમારા ઉપર નાંખે છે (રજુ કરે છે) બસ માત્ર ઝઘડવા માટે બલકે આ લોકો ઝઘડાળું છે. (૫૮) તે શું છે!? એક બંદો છે કે અમે તેમના ઉપર કૃપા કરી અને તેમને બની ઈસ્રાઈલ માટે ઊભા કરી દીધા. (૫૯) અને જો અમે ઈચ્છીએ તમારામાંથી

ફરિશ્તાઓ કાઢીએ જે પૃથ્વી ઉપર તમારી જગ્યાએ રહે. (૬૦) અને નિઃશંક તેઓ (ઈસા અલૈ.) કયામત(ના જ્ઞાનના માધ્યમ)ની નિશાની છે બસ તેમાં શંકા ન કરો અને મારું કહ્યું માનો, આ એક સીધો માર્ગ છે. (૬૧) અને તમને શયતાન અટકાવી ન દે, તે તો તમારો ઉઘાડો દુશ્મન છે. (૬૨) અને જ્યારે ઈસા (અલૈ.) નિશાનીઓ લઈને આવ્યા, કહ્યું, હું તમારી પાસે પાકી વાતો લઈને આવ્યો છું અને અમુક તે વસ્તુઓ બતાવવા માટે જેમાં તમે વાદ વિવાદ કરતા હતા, બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૬૩) બેશક ! અલ્લાહ જે છે તે જ છે મારો પરવરદિગાર અને તમારો પરવરદિગાર, બસ તેની જ બંદગી કરો આ એક સીધો માર્ગ છે. (૬૪) પછી તેમનામાંના કેટલાક ફિરકાઓએ આપસમાં મતભેદ કર્યો; બસ જાલિમો (ગુનેહગારો) માટે કષ્ટદાયક અઝાબના દિવસની ખરાબી છે. (૬૫)

તફસીર :

(એક વખતે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો હતો કે અલ્લાહ તબારક વ તઆલા સિવાય જેટલાઓની પણ નાહક પૂજા કરવામાં આવે છે તેમનામાંથી કોઈનામાં પણ કોઈ ભલાઈ નથી, તેના ઉપર કુરૈશના અમુક લોકોએ એવો વાંધો ઉઠાવ્યો કે ઈસાઈ લોકો હઝરત ઈસા અલૈ.ની પૂજા કરે છે પરંતુ તેમના વિશે તમે પણ માનો છો કે તેમનામાં ભલાઈ જ ભલાઈ હતી, તેના વિશે અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે) અને જ્યારે (ઈસા) ઈબ્ને મરયમ (અલૈ.) વિશે (એક વાંધો ઉઠાવનાર તરફથી) એક અજબ પ્રકારનો વિષય વર્ણન કરવામાં આવ્યો (અજબ એટલા માટે કે ઉપરછલ્લી નજરે જ તેનું ખોટું હોવું તેનાથી જાણ થઈ શકતી હતી, બસ બુદ્ધિ ધરાવનારાઓનો આવો વાંધો ઉઠાવવું ઘણું અજબ હતું, મતલબ કે જ્યારે આ વાંધો ઉઠાવવામાં આવ્યો) તો અચાનક તમારી કોમના લોકો તે (વાંધાને સાંભળવા)થી (ખુશીના માર્યા) શોરબકોર કરવા લાગ્યા અને (તે વાંધો ઉઠાવનાર સાથે સહમત થઈને) કહેવા લાગ્યા કે (બતાવો ! તમારા સમીપ) અમારા મઅ્બૂદો વધારે સારા છે અથવા ઈસા (અલૈ. સારા છે ? હેતુ એ હતો કે તમે ઈસા અલૈ.ને તો અવશ્ય સારા સમજો છો જ્યારે કે તમે જે એ પ્રમાણે કહ્યું હતું કે અલ્લાહ સિવાય જેટલાની નાહક ઈબાદત કરવામાં આવે છે તેમાં કોઈ ભલાઈ નથી, તેનો તકાદો એ છે કે હઝરત ઈસા અલૈ.માં બિલકુલ જ ભલાઈ ન

હોવી જોઈએ, આથી એક તો તમારું નિવેદન —મઆઝલ્લાહ— ઠીક નથી રહ્યું, બીજું જાણ થઈ કે જેને તમે ભલાઈ કહો છો પોતે તેમની પણ ઈબાદત થઈ છે એટલા માટે તેનાથી શિર્ક સાચું હોવું સાબિત થઈ ગયું, આગળ આ વાંધાનો જવાબ છે પહેલાં ટૂંકમાં પછી વિગતવાર, ટૂંકમાં તો એ રીતે કે) તે લોકોએ જે આ (અજબ પ્રકારનો વાંધો) તમને વર્ણન કર્યો છે તો માત્ર ઝઘડવાના હેતુથી (ન કે સત્યની તલબ માટે નહિતર પોતે તેમના ઉપર આ વાંધાનું વ્યર્થ હોવું છુપું ન રહ્યું હોત અને તે લોકોનું ઝઘડવું કંઈ આવા જ વાંધાઓ સાથે ખાસ નથી) બલકે આ લોકો (પોતાની આદતથી) છે જ ઝઘડાળું (કે મોટે ભાગે સત્ય વાતોમાં ઝઘડા કાઢે છે, આગળ વિગતવાર જવાબ છે એટલે કે) ઈસા (અલૈ.) તો માત્ર એક એવા બંદા છે જેના ઉપર અમે (મકબૂલિયત અને નુબુવ્વતની વિશિષ્ટતા આપી પોતાની) કૃપા કરી અને તેમને બની ઈસ્રાઈલ માટે (પ્રથમ નંબરે અને અન્યો માટે બીજા નંબરે) અમે (પોતાની કુદરતનો) એક નમૂનો બનાવ્યા હતા (જેથી લોકો એવું સમજી લે કે અલ્લાહ તઆલા માટે વિના બાપે પેદા કરવું પણ કોઈ મુશ્કેલ નથી, આથી તેમના બંને વાંધાઓનો જવાબ થઈ ગયો જેનો ખુલાસો મસ્અલા અને બોધપાઠના વિભાગમાં આવશે) અને (અમે તો તેનાથી વધારે આશ્ચર્યજનક બાબતો ઉપર કાબૂ ધરાવીએ છીએ તેથી) જો અમે ઈચ્છયું હોત તો અમે તમારામાંથી ફરિશ્તાઓ પેદા કરી દીધા હોત (જે રીતે તમારામાંથી તમારા બાળકો પેદા થાય છે) કે તેઓ પૃથ્વી ઉપર (માનવોની જેમ) એક પછી એક રહ્યા કરતા હોત (એટલે કે તેમનો જન્મ પણ માણસોની જેમ થતો હોત અને મોત પણ, બસ વિના બાપે પેદા થવાથી એ જરૂરી નથી બનતું કે હઝરત ઈસા અલૈ. અલ્લાહના બંદા અને તેની કુદરતને આધીન નથી રહ્યા, એટલા માટે આ બાબત હઝરત ઈસા અલૈ.ના મઅ્બૂદ હોવાની દલીલ નથી બની શકતી બલકે એ રીતે પેદા થવામાં અમુક હિકમતો હતી જેમાંથી એક તો ઉપર વર્ણન થઈ કે તેમને પોતાની કુદરતનો એક નમૂનો બનાવ્યા હતા) અને (બીજી હિકમત એ હતી કે) તે (એટલે કે ઈસા અલૈ. આ રીતે પેદા થવામાં) કયામત(ની શક્યતા)ના યકીનનું માધ્યમ છે (એ રીતે કે કયામતમાં ફરીવાર જીવીત થવામાં તેનાથી વધારે બીજું શું અસંભવ છે કે ફરીવારની જિંદગી ભૌતિક નિયમો વિરુદ્ધ છે અને હઝરત ઈસા અલૈ.નું વિના બાપે પેદા થવાથી સાબિત થઈ ગયું કે અલ્લાહ તઆલા ભૌતિક

નિયમો વિરુદ્ધ પણ કાર્યો કરવા ઉપર શક્તિમાન છે, બસ તેનાથી કયામત અને આખિરતના અકીદાનું સાચું હોવું સાબિત થઈ ગયું અને જ્યારે તમે આખિરતના અકીદાની આ દલીલ સાંભળી લીધી) તો તમે લોકો તે(ના સત્ય હોવા)માં શંકા ન કરો અને (તવહીદ અને આખિરત વગેરે અકીદાઓમાં) તમે લોકો મારું અનુસરણ કરો, આ (બાબતો જેના તરફ હું તમને બોલાવું છું) સીધો માર્ગ છે અને તમને શયતાન (તે માર્ગ ઉપર આવવાથી) રોકવા ન પામે તે બેશક ! તમારો ખુલ્લો દુશ્મન છે (અહીંયાં સુધી તો કાફિરોના પ્રસ્તુત વાંધાનો જવાબ હતો, આગળ પોતે ઈસા અલૈ.ના આ દા'વતના વિષયથી તવહીદની સાબિતી અને શિર્કનું જૂઠા હોવાનું સમર્થ થાય છે એટલે કે) ઈસા (અલૈ. ખુલ્લમ ખુલ્લા) મોઅ્જિઝા લઈને આવ્યા તો તેમણે (લોકોને) કહ્યું કે હું તમારી પાસે સમજદારીની વાતો લઈને આવ્યો છું (જેથી તમારા અકીદાઓની સુધારણા કરું) અને જેથી અમુક વાતો (હલાલ અને હરામ અમલો વિશે કે) જેમાં તમે મતભેદ કરી રહ્યા છો તમને વર્ણન કરી આપું (જેનાથી મતભેદ અને શંકા દૂર થઈ જાય, જ્યારે હું આ રીતે આવ્યો છું) તો તમે લોકો અલ્લાહથી ડરો (અને મારી નુબુવ્વતનો ઈન્કાર ન કરો, કારણ કે આ અલ્લાહ તઆલાનો વિરોધ છે) અને મારું કહ્યું માનો (કારણ કે નુબુવ્વતના સમર્થન માટે એ જરૂરી છે અને હઝરત ઈસા અલૈ.એ એવું પણ કહ્યું કે) બેશક ! અલ્લાહ જ મારો પણ પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે, બસ (માત્ર) તેની જ ઈબાદત કરો (અને) આ જ (તવહીદ) સીધો માર્ગ છે, બસ (હઝરત ઈસા અલૈ.ના આ સ્પષ્ટ તવહીદના વર્ણન પછી પણ) વિવિધ જૂથોએ (તેના વિશે) પરસ્પર મતભેદ નાંખી દીધો (એટલે કે તવહીદ વિરુદ્ધ જાતજાતના ધર્મો ઉપજાવી કાઢ્યા, એટલા માટે તવહીદમાં ઈસાઈ અને બિનઈસાઈના મતભેદોની પણ જાણ છે) બસ તે જાલિમો (એટલે કે અહલે કિતાબ તથા બિન અહલે કિતાબ મુશ્રિકો) માટે એક કષ્ટદાયક અઝાબના દિવસથી મોટી ખરાબી (થવાની) છે (બસ હઝરત ઈસા અલૈ.ની આ દા'વતથી પોતે તવહીદનું સમર્થન થઈ ગયું એટલા માટે હઝરત ઈસા અલૈ.ની નાહક ઈબાદતથી શિર્કની સાચા હોવાની દલીલ વાહિયાત અને વ્યર્થ છે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَمَّا ضُرِبَ ابْنُ مَرْيَمَ مَثَلًا اِذَا قَوْمُكَ مِنْهُ يَصِدُّوْنَ આ આયતોના શા'ને

નુઝૂલમાં તફસીરકારોએ ત્રણ રિવાયતો વર્ણન કરી છે, એક એ કે એક વખતે રસૂલે કરીમ ﷺએ કબીલએ કુરૈશના લોકોને સંબોધન કરીને કહ્યું હતું, يَا مَعْشَرَ قُرَيْشٍ لَا خَيْرَ فِي اَحَدٍ يُّعْبَدُ مِنْ دُوْنِ اللّٰهِ એટલે કે, "હે કુરૈશના લોકો ! અલ્લાહના સિવાય જે કોઈની ઈબાદત કરવામાં આવે છે તેમાં કોઈ ભલાઈ નથી." તેના ઉપર મુશ્રિકોએ કહ્યું કે નસારા હઝરત ઈસા (અલૈ.)ની ઈબાદત કરે છે પરંતુ તમે પોતે માનો છો કે તેઓ અલ્લાહના નેક બંદા અને નબી હતા, તેમના આ વાંધાના જવાબમાં આ આયતો નાઝિલ થઈ. (કુર્તુબી) બીજી રિવાયત એ છે કે જ્યારે કુર્આને કરીમની આ આયત اِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ (નિઃશંક ! હે મુશ્રિકો, તમે અને જેની તમે ઈબાદત કરો છો તે જહન્નમનું ઈંધણ બનશે. ૨૧:૯૮) નાઝિલ થઈ તો તેના ઉપર અબ્દુલ્લાહ ઈબ્નુઝ્ઝીબ્રાએ કે તે વખતે તે કાફિર હતા એવું કહ્યું કે આ આયતનો તો મારી પાસે ઉત્તમ જવાબ મોજૂદ છે અને તે એ કે ઈસાઈઓ હઝરત મસીહ (અલૈ.)ની ઈબાદત કરે છે અને યહૂદીઓ હઝરત ઉઝૈર (અલૈ.)ની તો શું આ બંને પણ જહન્નમનું ઈંધણ બનશે ? આ વાત સાંભળીને કુરૈશના મુશ્રિોક ખૂબ ખુશ થયા, તેના ઉપર અલ્લાહે એક તો આ આયત નાઝિલ કરી اِنَّ الَّذِيْنَ سَبَقَتْ لَهُمْ مِّنَّا الْحُسْنٰى اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ (૨૧:૧૦૧) અને બીજું સૂરએ ઝુખ્રુફની પ્રસ્તતુ આયતો. *(ઈબ્ને કષીર વગેરે)*

ત્રીજી રિવાયત એ છે કે એક વખતે મક્કાના મુશ્રિકોએ એવો વાહિયાત વિચાર જાહેર કર્યો કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ખુદાઈના દા'વો કરવા ઈચ્છે છે, તેમની મરજી એ છે કે જે રીતે નસારા હઝરત મસીહ (અલૈ.)ને પૂજે છે એ રીતે અમે પણ તેમની ઈબાદત કરીએ. તેના ઉપર પ્રસ્તુત આયતો નાઝિલ થઈ અને વાસ્તવમાં ત્રણે રિવાયતોમાં કોઈ વિરોધાભાસ નથી, કાફિરોએ ત્રણે વાતો કહી હશે જેના જવાબમાં અલ્લાહ તઆલાએ આવી મજબૂત આયતો નાઝિલ કરી જેનાથી તેમના ત્રણે વાંધાઓનો જવાબ થઈ ગયો, આ અંતિમ વાંધાનો જવાબ તો પ્રસ્તુત આયતોમાં બિલકુલ સ્પષ્ટ છે કે જે લોકોએ હઝરત મસીહ (અલૈ.)ની ઈબાદત શરૂ કરી દીધી છે તેમણે ન તો કોઈ ખુદાઈ હુકમથી એવું કર્યું અને ન જ હઝરત મસીહ (અલૈ.)ની એવી કોઈ મરજી હતી અને ન જ કુર્આન તેનું સમર્થન કરે છે, તેઓ તો હઝરત ઈસા (અલૈ.)ના વિના બાપે પેદા થવાથી ભૂલમાં પડ્યા હતા અને કુર્આન આ ભૂલને રદ કરે છે, પછી એવું કેવી રીતે શક્ય છે કે રસૂલે

કરીમ ﷺ મઆઝલ્લાહ ! ઈસાઈઓના દેખાદેખી પોતાની ખુદાઈનો દા'વો કરી બેસે ?

તથા પહેલી અને બીજી રિવાયતોમાં કાફિરોના વાંધાનો હેતુ લગભગ એક જ છે, તેમનો જવાબ પ્રસ્તુત ખુલાસાથી એ રીતે નીકળે છે કે અલ્લાહ તઆલાએ જે એવું ફરમાવ્યું હતું કે અલ્લાહ તઆલા સિવાય જેટલા મઅ્બૂદ બનાવી રાખ્યા છે તે જહન્નમનું ઈંધણ બનશે અથવા રસૂલે કરીમ ﷺએ જે ફરમાવ્યું હતું કે તેમનામાં ભલાઈ નથી, તેનો ભાવાર્થ તે મઅ્બૂદ હતા જેઓ યા તો નિર્જીવ હોય જેમકે પથ્થરની મૂર્તિઓ અથવા તો સજીવ હોય પરંતુ પોતે પોતાની ઈબાદતનો હુકમ આપતા હોય અથવા તેને પસંદ કરતા હોય, જેમકે શયતાનો, ફિરઔન અને નમરૂદ વગેરે, હઝરત ઈસા (અલૈ.) તેમનામાં કેવી રીતે સામેલ થઈ શકે છે જ્યારે કે તેમણે કોઈપણ પ્રસંગે પોતાની ઈબાદત થાય એવું પસંદ કર્યું નથી, નસારા તેમની કોઈ સૂચનાની બીનાએ તેમની ઈબાદત નથી કરતા, બલકે તેમને અમે પોતાની કુદરતનો એક નમૂનો બનાવીને વિના બાપે પેદા કર્યા હતા જેથી લોકો ઉપર એવું જાહેર થઈ જાય કે અલ્લાહ તઆલાને પોતાના સર્જનમાં કાર્ય અને કારણના કોઈ માધ્યમની આવશ્યકતા નથી પરંતુ ઈસાઈઓએ તેનો ખોટો અર્થ લઈને હઝરત ઈસા (અલૈ.)ને મઅ્બૂદ બનાવી લીધા જ્યારે કે તેમનું આ મઅ્બૂદ બનાવવું તાર્કિક રીતે પણ ખોટું હતું અને હઝરત ઈસા (અલૈ.)ની દા'વતથી પણ બિલકુલ વિરુદ્ધ હતું, કારણ કે તેમણે હંમેશા તવહીદની જ તા'લીમ આપી હતી, મતલબ કે હઝરત ઈસા (અલૈ.)નું પોતાની પૂજા કરાવવાથી અળગા હોવું એ વાતનો અવરોધ છે કે તેમને બીજા બાતિલ અને જૂઠા મઅ્બૂદોની હરોળમાં સામેલ કરવામાં આવે.

આથી કાફિરોનો એ વાંધો પણ બિલકુલ સમાપ્ત થઈ ગયો જેનું વર્ણન તફસીરના ખુલાસામાં આવ્યું છે. કાફિરોનો વાંધો હતો કે જેમને આપ ﷺ પોતે ભલાઈ કહો છો (એટલે કે હઝરત ઈસા અલૈ.) તેમની પણ ઈબાદત થઈ છે તો તેનાથી જાણ થઈ કે ગયરૂલ્લાહની ઈબાદત કોઈ ખરાબ બાબત નથી પરંતુ પ્રસ્તુત આયતોમાં કાફિરોના આ વાંધાનો જવાબ સ્પષ્ટ છે કે હઝરત ઈસા (અલૈ.)ની જે ઈબાદત થઈ તે અલ્લાહના હુકમથી પણ વિરુદ્ધ હતું અને પોતે હઝરત ઈસા (અલૈ.)ની દા'વતથી પણ, એટલા માટે તેને આ બાબતની દલીલ બનાવી શકાય નહીં.

وَلَوۡ نَشَآءُ لَجَعَلۡنَا مِنكُم مَّلَٰٓئِكَةً فِى ٱلۡأَرۡضِ يَخۡلُفُونَ આ નસારાની તે ખોટી માન્યતાનો જવાબ છે જે બીનાએ તેમણે હઝરત ઈસા (અલૈ.)ને પૂજાપાત્ર ઠરાવી દીધા હતા, તેમણે હઝરત મસીહ (અલૈ.)ને વિના બાપે પેદા થવાની બાબતને તેમની ખુદાઈ ઉપર દલીલ બનાવી હતી, અલ્લાહ તઆલાએ તેના રદિયામાં ફરમાવ્યું કે આ તો અમારી કુદરતની માત્ર એક ઝલક હતી અને અમે તો તેનાથી પણ વધીને પ્રાકૃતિક કે ભૌતિક નિયમો વિરુદ્ધ કાર્ય કરવાની ક્ષમતા ધરાવીએ છીએ, વિના બાપે પેદા થવું તો કોઈ ઘણી મોટી ભૌતિક નિયમો વિરુદ્ધની વાત નથી કારણ કે હઝરત આદમ (અલૈ.) તો વિના માં બાપે પેદા થયા હતા, જો અમે ઈચ્છીએ તો એવું કામ પણ કરી શકીએ છીએ જેનું આજદિન સુધી કોઈ ઉદાહરણ નથી અને તે એ કે માનવોના પેટે ફરિશ્તા પેદા કરી આપીએ.

وَإِنَّهُۥ لَعِلۡمٌ لِّلسَّاعَةِ (અને નિઃશંક ! હઝરત ઈસા અલૈ. કયામતનો વિશ્વાસ કરવા માટે એક માધ્યમ છે.) તેની બે તફસીરો કરવામાં આવી છે, એક તે જે તફસીરના ખુલાસામાં વર્ણન થઈ, એટલે કે હઝરત ઈસા (અલૈ.)નું ભૌતિક નિયમો વિરુદ્ધ વિના બાપે પેદા થવું એ બાબતની દલીલ છે કે અલ્લાહ તઆલા જાહેર માધ્યમો વિના પણ લોકોને પેદા કરી શકે છે, તેનાથી સાબિત થયું કે મુરદાઓને ફરીવાર જીવીત કરી દેવું અલ્લાહ માટે કોઈ મુશ્કેલ કામ નથી પરંતુ ઘણા તફસીરકારોએ આ આયતનો ભાવાર્થ એ બતાવ્યો છે કે હઝરત ઈસા (અલૈ.)નું ફરીવાર આસમાનથી નાઝિલ થવું કયામતની નિશાની છે તેથી તેમનું અંતિમ યુગમાં ફરીવાર પાછું આવવું અને દજ્જાલનું કતલ કરવું મુતવાતિર હદીષોથી સાબિત છે, આ મસ્અલાની અમુક વિગતો સૂરએ આલિ ઈમ્રાનમાં આયત إِنِّى مُتَوَفِّيكَ وَرَافِعُكَ إِلَىَّ ઉપર અને અમુક સૂરએ માઈદહમાં આવી ચૂકી છે, વધુ વિગત માટે મુજ નાચીઝની કિતાબ اَلتَّصۡرِيۡحُ بِمَا تَوَاتَرَ فِىۡ نُزُوۡلِ الۡمَسِيۡحِ અને مَسِيۡحِ مَوۡعُوۡدُ كِىۡ پِهچَانۡ (મસીહે મવઊદ કી પેહચાન) વગેરે જોઈ શકાય છે.

وَلِأُبَيِّنَ لَكُم بَعۡضَ ٱلَّذِى تَخۡتَلِفُونَ فِيهِ (અને જેથી તમારી સામે અમુક તે વાતો વર્ણન કરું જેમાં તમે મતભેદ કરો છો) કારણ કે બની ઈસ્રાઈલમાં દુશ્મનાવટ અને હઠધર્મી છવાયેલી હતી તેથી તેમણે શરીઅતના અમુક હુકમોમાં ફેરફાર કરી નાંખ્યો હતો, હઝરત ઈસા (અલૈ.)એ તેની હકીકત સ્પષ્ટ કરી દીધી

અને "અમુક વાતો" એટલા માટે કહ્યું છે કે અમુક હુકમો દુનિયા સાથે સંલગ્ન હતા, હઝરત ઈસા (અલૈ.)એ કદાચ તે મતભેદો દૂર કરવાની આવશ્યકતા સમજી નહીં હોય.

(બયાનુલ કુર્આન)

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૬૬ થી ૭૭)

هَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِيَهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿۶۶﴾ اَلْاَخِلَّآءُ
يَوْمَئِذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ ﴿۶۷﴾ يٰعِبَادِ لَا خَوْفٌ عَلَيْكُمُ الْيَوْمَ وَلَآ ع
اَنْتُمْ تَحْزَنُوْنَ ﴿۶۸﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا بِاٰيٰتِنَا وَكَانُوْا مُسْلِمِيْنَ ﴿۶۹﴾ اُدْخُلُوا الْجَنَّةَ
اَنْتُمْ وَاَزْوَاجُكُمْ تُحْبَرُوْنَ ﴿۷۰﴾ يُطَافُ عَلَيْهِمْ بِصِحَافٍ مِّنْ ذَهَبٍ وَّاَكْوَابٍ
وَفِيْهَا مَا تَشْتَهِيْهِ الْاَنْفُسُ وَتَلَذُّ الْاَعْيُنُ وَاَنْتُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۷۱﴾ وَتِلْكَ الْجَنَّةُ
الَّتِيْٓ اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۷۲﴾ لَكُمْ فِيْهَا فَاكِهَةٌ كَثِيْرَةٌ مِّنْهَا تَاْكُلُوْنَ ﴿۷۳﴾
اِنَّ الْمُجْرِمِيْنَ فِيْ عَذَابِ جَهَنَّمَ خٰلِدُوْنَ ﴿۷۴﴾ لَا يُفَتَّرُ عَنْهُمْ وَهُمْ فِيْهِ
مُبْلِسُوْنَ ﴿۷۵﴾ وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ كَانُوْا هُمُ الظّٰلِمِيْنَ ﴿۷۶﴾ وَنَادَوْا يٰمٰلِكُ لِيَقْضِ
عَلَيْنَا رَبُّكَ ۭ قَالَ اِنَّكُمْ مّٰكِثُوْنَ ﴿۷۷﴾

તરજુમો :

હવે એ જ છે કે કયામતની રાહ જુએ છે કે તેમના ઉપર અચાનક આવી ઊભી થાય અને તેમને ખબર પણ ન થાય. (૬૬) જેટલા દોસ્ત છે તે દિવસે એકબીજાના દુશ્મન હશે પરંતુ જે લોકો ડરનારા છે (તેઓ પરસ્પર મિત્ર જ રહેશે). (૬૭) હે મારા બંદાઓ ! તમારા ઉપર આજના દિવસે કોઈ ડર નથી અને ન જ તમે ગમગીન થશો. (૬૮) જેઓ અમારી વાતો ઉપર ઈમાન લાવ્યા અને સંપૂર્ણ ફરમાંબરદાર રહ્યા. (૬૯) તમે અને તમારી પત્નીઓ જન્નતમાં ચાલ્યા જાઓ કે તમારું સન્માન કરવામાં આવે. (૭૦) તેમની પાસે સોનાની રકાબીઓ અને પાણીના જામ લઈ ફર્યા કરશે અને ત્યાં (બધું જ) છે

જે તેમનું મન ચાહે અને જેનાથી આંખો આરામ પામે અને તમે તેમાં હંમેશા રહેશો. (૭૧) અને આ તે જ જન્નત છે જે વારસામાં પામ્યા તે કામોના બદલામાં જે (દુનિયામાં) કરતા હતા. (૭૨) તમારા માટે તેમાં ઘણા મેવાઓ (ફળફળાદિ) છે તેમાંથી ખાતા રહો. (૭૩) અલબત્ત જે લોકો કે ગુનેહગાર (કાફિર) છે તેઓ દોઝખના અઝાબમાં હંમેશા રહેનાર છે. (૭૪) તેમના ઉપરથી (અઝાબ) હલકો થતો નથી અને તેઓ તેમાં જ હતાશ થઈ પડયા છે. (૭૫) અને અમે તેમના ઉપર જુલમ નથી કર્યો પરંતુ તેઓ જ અન્યાયી (જાલિમો) હતા. (૭૬) અને પોકારશે, હે (જહન્નમના દારોગા) માલિક ! ક્યાંક અમારા ઉપર તારો પરવરદિગાર ફેંસલો કરી ચૂકે ! તે કહેશે, તમારે હંમેશા (આ જ હાલતમાં) રહેવાનું છે. (૭૭)

તફસીર :

આ લોકો (સત્ય સ્પષ્ટ થયા છતાં જૂઠ ઉપર હઠાગ્રહ કરી રહ્યા છે તો જાણે) બસ કયામતની રાહ જોઈ રહ્યા છે કે તે તેમના ઉપર અચાનક આવી પડે અને તેમને ખબર પણ ન થાય (ઈન્કાર છતાં રાહ જોવાનો ભાવાર્થ એ છે કે તેમનું દલીલોને ન માનવું એવું છે જેમકે કોઈ વ્યક્તિ પ્રત્યક્ષ નજરે નિહાળવાની રાહ જોતો હોય કે જ્યારે આંખે જોઈ લઈશ તો માનીશ અને તે કયામતના દિવસની ઘટનાઓ એ છે કે) બધા જ (દુનિયાના મિત્રો) તે દિવસે એકબીજાના શત્રુ બની જશે અલ્લાહથી ડરનારાઓ સિવાય (એટલે કે ઈમાનવાળાઓ બાકાત રહેશે કારણ કે તે દિવસે જૂઠ સાથેની દોસ્તીના નુકસાનની અનુભૂતિ થશે તો સ્વાભાવિકપણે જ તેનાથી સૂગ અને એવા દોસ્તોથી નફરત થશે કે આ લોકો નુકસાનનું કારણ બન્યા અને સત્યની દોસ્તીનો લાભ તથા સવાબ અનુભવાશે એટલા માટે તે બાકી રહેશે અને તે મો'મિનોને અલ્લાહ તઆલા તરફથી અવાજ આપવામાં આવશે) હે મારા બંદાઓ ! તમારા ઉપર આજે કોઈ ડર(ની વાત ઉપસ્થિત થનારી) નથી અને ન જ તમે ગમગીન થશો (એટલે કે) તે બંદાઓ જેઓ અમારી આયતો ઉપર ઈમાન લાવ્યા હતા અને (જાણકારીની રૂએ તથા અમલની રૂએ અમારા) ફરમાંબરદાર હતા, તમે અને તમારી (ઈમાનવાળી) પત્નીઓ ખુશી ખુશી જન્નતમાં દાખલ થઈ જાઓ (અને જન્નતમાં ગયા પછી તેમના માટે એવું થશે કે) તેમની પાસે સોનાની રકાબીઓ (ખાવાની વસ્તુઓથી

ભરેલી) અને ગ્લાસ (પીવા માટે ભરેલા સોનાના અથવા અન્ય કોઈ વસ્તુના) લાવવામાં આવશે (એટલે કે ગીલમાન ખૂબસૂરત છોકરાઓ તેને લઈને આવશે કે) તમે અહીંયાં હંમેશા રહેશો અને (એવું પણ કહેવામાં આવશે કે) આ તે જન્નત છે જેના તમે માલિક બનાવવામાં આવ્યા (તમારાથી આ બધું ક્યારેય લઈ લેવામાં આવશે નહીં) પોતાના (નેક) અમલોના બદલામાં (અને) તમારા માટે તેમાં ઘણા મેવાઓ છે જેમાંથી ખાઈ રહ્યા છો (આ તો ઈમાનવાળાઓની હાલત થઈ, આગળ કાફિરોનું વર્ણન છે કે) બેશક ! નાફરમાન (એટલે કે કાફિર) લોકો દોઝખના અઝાબમાં હંમેશા રહેશે, તે (અઝાબ) તેમના (ઉપર)થી હલકો કરવામાં આવશે નહીં અને તેઓ તે(અઝાબ)માં જ હતાશ થઈ પડ્યા રહેશે અને (આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે કે) અમે તેમના ઉપર (જરા સરખો) જુલમ નથી કર્યો (કે નાહકનો અઝાબ આપ્યો હોય) પરંતુ તેઓ પોતે જ જાલિમ હતા (કે કુફ્ર શિર્ક કરીને પોતાનું નુકસાન કરી લીધું) અને (આગળ તેમની બાકી હાલત વર્ણન થઈ છે કે જ્યારે છુટકારાથી બિલકુલ હતાશ થઈ જશે તે સમયે મોતની તમન્ના કરશે અને દોઝખના "માલિક" નામના ચોકીદાર ફરિશ્તાને) પોકારશે કે હે માલિક ! (તમે જ દુઆ કરો કે) તમારો પરવરદિગાર (અમને મોત આપીને) અમારો અંત જ લાવી નાંખે, તે (ફરિશ્તો) જવાબ આપશે કે તમે હંમેશા આ જ હાલતમાં રહેશો (ન તો નીકળશો અને ન જ મરશો).

મસ્અલા અને બોધપાઠ :

મિત્રતા વાસ્તવમાં તે જ છે, જે અલ્લાહ માટે હોય :

اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ (બધા જ મિત્રો તે દિવસે એકબીજાના દુશ્મન થઈ જશે અલ્લાહથી ડરનારાઓ સિવાય !) આ આયતે એ વાત ખોલીને બતાવી દીધી કે આ મિત્રતાપૂર્ણ સંબંધો જેના ઉપર માનવી દુનિયામાં ગર્વ કરે છે અને જેના માટે હલાલ અને હરામ એક કરી નાંખે છે, કયામતના દિવસે ન જ માત્ર એ કે તે કંઈ કામ નહીં આવે બલકે તે દુશ્મનાવટમાં ફેરવાઈ જશે, આથી હાફિઝ ઇબ્ને કષીર (રહ.)એ આ આયત હેઠળ હઝરત અલી (રદિ.)નો આ ઈરશાદ મુસન્નીફ અબ્દુર્રઝ્ઝાક (રદિ.) અને ઈબ્ને હાતિમ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યો છે કે બે મો'મિન મિત્રો હતા અને બે કાફિર,

મો'મિન મિત્રોમાંથી એકનો ઈન્તેકાલ થયો અને તેને જન્નતની ખુશખબરી સંભળાવવામાં આવી તો તેને પોતાનો દોસ્ત યાદ આવ્યો, તેણે દુઆ કરી કે યા અલ્લાહ ! મારો ફલાણો મિત્ર મને તારી અને તારા રસૂલે કરીમ ﷺની આજ્ઞાપાલનની તાકીદ કરતો હતો, ભલાઈનો હુકમ આપતો હતો અને બુરાઈથી રોકતો હતો અને એવું યાદ અપાવતો રહેતો હતો કે મારે એક દિવસે તારી પાસે હાજર થવાનું છે એટલા માટે યા અલ્લાહ ! તેને મારા પછી ગુમરાહ ન કરજે જેથી તે પણ (જન્નતના) તે દશ્યો જોઈ શકે જે તેં મને બતાવ્યા છે અને તું જે રીતે મારાથી રાજી થયો છે એ જ પ્રમાણે તેનાથી પણ રાજી થઈ જા. આ દુઆના જવાબમાં તેને કહેવામાં આવશે, જા ! જો તને ખબર થઈ જાય કે મેં તારા તે દોસ્ત માટે કેવો બદલો રાખ્યો છે તો તું રડીશ ઓછું અને હસીસ વધારે; ત્યારબાદ જ્યારે બીજા દોસ્તની વફાત થઈ ચૂકશે તો બંનેની રૂહો ભેગી થશે, અલ્લાહ તઆલા તેમને કહેશે કે તમારામાંથી દરેક વ્યક્તિ બીજાના વખાણ કરે તો તેમનામાંથી દરેક બીજાના વિશે એવું કહેશે કે તે ઉત્તમ ભાઈ, ઉત્તમ સાથી અને ઉત્તમ મિત્ર છે.

તેનાથી વિપરીત જ્યારે બે કાફિર મિત્રોમાંથી એકનું મૃત્યુ થશે અને તેને બતાવવામાં આવશે કે તેને જહન્નમમાં નાંખવામાં આવશે તો તેને પણ પોતાનો દોસ્ત યાદ આવશે, તે સમયે તે એવી દુઆ કરશે કે યા અલ્લાહ ! મારો ફલાણો મિત્ર મને તારી અને તારા રસૂલની નાફરમાની કરવાનો હુકમ આપતો હતો, બુરાઈની તાકીદ કરતો હતો અને ભલાઈથી રોકતો હતો અને મને કહ્યા કરતો હતો કે હું ક્યારેય તારી સામે હાજર થઈશ નહીં એટલા માટે યા અલ્લાહ ! તેને મારા પછી હિદાયત ન આપજે જેથી તે પણ (દોઝખના) તે દશ્યો જુએ જે તેં મને બતાવ્યા છે અને તું જે રીતે મારાથી નારાજ થયો છે એ જ પ્રમાણે તું એનાથી પણ નારાજ થજે, ત્યારબાદ બીજા મિત્રનું પણ મૃત્યુ થશે તો બંનેની રૂહો ભેગી કરવામાં આવશે અને તેમને કહેવામાં આવશે કે તમારામાંથી દરેક વ્યક્તિ પોતાના સાથીના વખાણ કરે તો તેમનામાંથી દરેક એકબીજા વિશે કહેશે કે આ સૌથી ખરાબ ભાઈ, સૌથી ખરાબ સાથી અને સૌથી ખરાબ મિત્ર છે. (ઈબ્ને કષીર, પેજ : ૧૩૪, જિલ્દ : ૪) એટલા જ માટે દુનિયા અને આખિરત બંનેના આધારે સૌથી શ્રેષ્ઠ મિત્રતા તે જ છે જે અલ્લાહના માટે હોય, જે બે મુસલમાનોમાં માત્ર

અલ્લાહ ખાતર મહોબ્બત હોય તેમની મોટી ફઝીલતો હદીષોમાં વર્ણન થયેલ છે જેમાંથી એક એ છે કે મેદાને હશ્રમાં તે લોકો અલ્લાહના અર્શના છાંયડામાં હશે અને અલ્લાહ માટે મહોબ્બતનો ભાવાર્થ એ છે કે બીજાથી એ બીનાએ સંબંધ હોય કે તે અલ્લાહ તઆલાના દીનનો સાચો અનુયાયી છે એટલા માટે દીનનું જ્ઞાન આપનાર ઉસ્તાદો, શૈખ, મુરશદ, ઉલમા અને અલ્લાહવાળાઓથી વળી ઈસ્લામી જગતના બધા જ મુસલમાનોથી નિઃસ્વાર્થ મહોબ્બત તેમાં સામેલ છે.

આયતો : (સૂરએ ઝુખ્રુફ : આયત નં. ૭૮ થી ૮૯)

لَقَدْ جِئْنٰكُمْ بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَكُمْ لِلْحَقِّ كٰرِهُوْنَ ﴿٧٨﴾ اَمْ اَبْرَمُوْٓا اَمْرًا فَاِنَّا مُبْرِمُوْنَ ﴿٧٩﴾
اَمْ يَحْسَبُوْنَ اَنَّا لَا نَسْمَعُ سِرَّهُمْ وَنَجْوٰىهُمْ ۭ بَلٰى وَرُسُلُنَا لَدَيْهِمْ يَكْتُبُوْنَ ﴿٨٠﴾ قُلْ اِنْ
كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ ڰ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ ﴿٨١﴾ سُبْحٰنَ رَبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ رَبِّ
الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ﴿٨٢﴾ فَذَرْهُمْ يَخُوْضُوْا وَيَلْعَبُوْا حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ الَّذِيْ
يُوْعَدُوْنَ ﴿٨٣﴾ وَهُوَ الَّذِيْ فِي السَّمَاۗءِ اِلٰهٌ وَّفِي الْاَرْضِ اِلٰهٌ ۭ وَهُوَ الْحَكِيْمُ الْعَلِيْمُ ﴿٨٤﴾
وَتَبٰرَكَ الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۚ وَعِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ
وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٨٥﴾ وَلَا يَمْلِكُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الشَّفَاعَةَ اِلَّا مَنْ
شَهِدَ بِالْحَقِّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿٨٦﴾ وَلَىِٕنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَهُمْ لَيَقُوْلُنَّ اللّٰهُ
فَاَنّٰى يُؤْفَكُوْنَ ﴿٨٧﴾ وَقِيْلِهٖ يٰرَبِّ اِنَّ هٰٓؤُلَاۗءِ قَوْمٌ لَّا يُؤْمِنُوْنَ ﴿٨٨﴾ فَاصْفَحْ
عَنْهُمْ وَقُلْ سَلٰمٌ ۭ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٨٩﴾

તરજુમો :

અલબત્ત અમે તમારી પાસે સાચો દીન લાવ્યા અને પરંતુ તમે ઘણા લોકો સત્ય વાતનો તિરસ્કાર કરો છો. (૭૮) શું તેમણે એક વાત ઠરાવી રાખી છે ? તો અમે પણ કંઈક ઠરાવી રાખીશું ! (૭૯) શું તેમણે ધારણા બાંધી રાખી છે

કે અમે તેમના ભેદ નથી જાણતા અને તેમના મશ્વરા ? કેમ નહીં ! અને અમારા મોકલેલા (ફરિશ્તા) તેમની પાસે લખતા રહે છે. (૮૦) તમે કહો ! જો રહમાન માટે સંતાન હોય તો હું સૌથી પહેલાં ઈબાદત કરું ! (૮૧) પવિત્ર છે તે પરવરદિગાર આસમાનોનો અને જમીનનો અર્શનો માલિક તે વાતોથી જે તેઓ વર્ણન કરે છે. (૮૨) હવે તેમને બકવાસ કરતા અને રમતા પડયા રહેવા દો એટલે સુધી કે પોતાના તે દિવસથી મળે જેનો તેમને વાયદો કરવામાં આવ્યો છે. (૮૩) અને તે જ છે જેની બંદગી છે આસમાનોમાં અને તેની બંદગી છે જમીનમાં અને તે જ છે હિકમતવાળો સઘળું જાણનાર ! (૮૪) અને તેની ઘણી બરકત છે જેનું શાસન છે આસમાનોમાં અને પૃથ્વીમાં અને જે કંઈ તેમની મધ્યે છે અને તેની જ પાસે કયામતની ખબર છે અને તેના જ સુધી પાછા પહોંચી જશો. (૮૫) અને તે લોકો કંઈ જ અધિકાર ધરાવતા નથી જેમને તેઓ સિફારસ માટે પોકારે છે પરંતુ જેણે સાચી ગવાહી આપી અને તેમને (તે વિશે) ખબર (પણ) હતી. (૮૬) અને જો તમે તેમને પૂછો કે તેમને કોણે બનાવ્યા ? તો કહેશે, અલ્લાહે; પછી કયાંથી અવળા જાય છે ! (૮૭) કસમ છે રસૂલના તે કહેવાની કે, હે પરવરદિગાર આ લોકો છે કે ઈમાન નથી લાવતા. (૮૮) બસ તમે તેમના તરફથી મોઢું ફેરવી લો અને કહો "સલામ છે"; હવે અંતે જાણી લેશે. (૮૯)

તફસીર :

(અને ઉપરોક્ત વર્ણનમાં જે સજાઓનું વર્ણન થયું તેનું કારણ એ છે કે) અમે સાચો દીન (જેની સૌથી મોટી ફરજ તવહીદ અને રિસાલત ઉપર વિશ્વાસ છે) તમારી પાસે પહોંચાડયો પરંતુ તમે ઘણા લોકો સાચા દીનથી સૂગ રાખો છો ("ઘણા લોકો" તો એટલા માટે કહ્યું કે અમુક લોકો ભવિષ્યમાં ઈમાન લાવનારા હતા અથવા એટલા માટે કહ્યું કે સૂગ સાચા અર્થમાં અમુકને જ હતી, બીજા અમુક લોકો માત્ર તેમના અનુસરણમાં સત્ય માર્ગને છોડી બેઠા હતા અને આ સૂગ રસૂલે કરીમ ﷺના વિરોધ અને તવહીદ બંનેના વિરોધમાં સામેલ છે, આગળ બંનેની વિગત છે કે) હા ! શું તેમણે (રસૂલને નુકસાન પહોંચાડવા વિશે) કોઈ વ્યવસ્થા ઠીક કરી છે ? બસ અમે પણ એક વ્યવસ્થા ઠીકઠાક કરી છે (અને દેખીતું છે કે અલ્લાહની વ્યવસ્થા સામે તેમની વ્યવસ્થા ચાલી શકતી નથી એટલા માટે તમે

સુરક્ષિત રહ્યા અને તે લોકો નિષ્ફળ થયા અને અંતે બદ્રમાં નાશ પામ્યા, તેનું વિગતવારનું વર્ણન સૂરએ અન્ફાલમાં ચોથા રુકૂઅની..وَإِذْ يَمْكُرُ بِكَ الَّذِينَ كَفَرُوا આયતમાં છે) હા ! (આ લોકો જે તમને નુકસાન પહોંચાડવા માટે ગુપ્ત યુક્તિઓ કરે છે) શું તે લોકો એવું વિચારે છે કે અમે તેમની છાની છાની (કહેલી) વાતોને અને તેમના (ગુપ્ત) મશ્વરાઓને નથી સાંભળતા ? (અગર જો અમને સાંભળનાર સમજે છે તો પછી આવી હિંમત શા માટે કરે છે ? આગળ તેમની આ ધારણાનો રદિયો આપવામાં આવ્યો છે કે) અમે અવશ્ય સાંભળીએ છીએ અને (તદુપરાંત) અમારા ફરિશ્તા (જેઓ અમલો લખનારા છે જે) તેઓની પાસે છે તે પણ લખે છે (જો કે તેની જરૂરત નથી પરંતુ સામાન્ય રિવાજ એ છે કે અપરાધીઓ માટે પોલીસની લખેલી રિપોર્ટ સત્તાધારીના નિરીક્ષણથી વધારે આક્ષેપપાત્ર બને છે, આ તો તેમના રસૂલના વિરોધનું વર્ણન થયું, આગળ તવહીદના વિરોધ વિશે ફરમાવે છે કે હે પયગમ્બર ﷺ !) તમે (આ મુશ્રિકોને) કહો કે (તમે જો પોતાના અમુક શિર્કયુક્ત નિવેદનોમાં અલ્લાહ તઆલા તરફ સંતાનોનો સંબંધ જોડો છો તો) જો (જો કે તે અશક્ય છે પરંતુ એવું થાય તો એટલે કે) અલ્લાહ રહમાનના સંતાન હોય તો સૌથી પ્રથમ તેની ઈબાદત કરનારો હું છું (જે રીતે તમે ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની દિકરીઓ સમજીને તેમની ઈબાદત કરો છો એ જ પ્રમાણે હું પણ તે સ્વરૂપમાં અલ્લાહના સંતાનોની ઈબાદત કરતો હોત, —નઊઝુબિલ્લાહ ! મતલબ એ કે મને તમારી જેમ સત્ય વાત માનવાથી ઈન્કાર નથી, જો તમે સાબિત કરો તો સૌથી પહેલાં હું તેને માનું અને જ્યારે તેને અલ્લાહ તઆલાના સંતાન માની લઉં તો કારણ કે અલ્લાહના સંતાન પણ ખુદા જ હોવા જોઈએ અને ખુદા પૂજાપાત્ર છે એટલા માટે હું તેની ઈબાદત પણ કરું પરંતુ કારણ કે આ બાબત તદન ખોટી છે એટલા માટે ન તો હું માનીશ અને ન જ ઈબાદત કરીશ.... આગળ શિર્કથી અલ્લાહ તઆલાના પવિત્ર હોવાનું વર્ણન છે એટલે કે) આસમાનો અને જમીનનો માલિક કે જે અર્શનો પણ માલિક છે તેમની વાતોથી પવિત્ર છે જે આ (મુશ્રિક) લોકો (તેના માટે) વર્ણન કરી રહ્યા છે (જ્યારે આ લોકો સત્ય સ્પષ્ટ થયા છતાં પોતાની દુશ્મનાવટથી અટકતા નથી) તો તમે તેમને આ જ પ્રવૃત્તિ અને ખેલકૂદમાં રહેવા દો એટલે સુધી કે તેમને પોતાના તે દિવસ સાથે પનારો પડે જેનો તેમને વાયદો કરવામાં આવે છે (તે સમયે બધી હકીકત

જાણ થઈ જશે અને "રહેવા દેવા"નો ભાવાર્થ એ નથી કે તબ્લીગ ન કરો બલકે હેતુ એ છે કે તેમના વિરોધ તરફ ધ્યાન ન આપો અને તેમના ઈમાન ન લાવવાથી દિલગીર ન થાઓ) અને તે જ હસ્તી જે આસમાનોમાં પણ ઈબાદતપાત્ર છે અને જમીનમાં પણ ઈબાદતપાત્ર છે અને તે જ મહાન હિકમતવાળો અને મહાન જ્ઞાનવાળો છે (અને કોઈ જ્ઞાન તથા હિકમતમાં તેનો ભાગીદાર નથી બસ ખુદાઈ પણ તેની સાથે જ ખાસ છે) અને તે હસ્તી અતિઉચ્ચ છે જેના માટે આસમાનોની અને જમીનની અને જે (મખ્લૂક) તેમની વચ્ચે છે તેનું શાસન સાબિત છે અને (જ્ઞાન એવું સંપૂર્ણ છે કે) તેને કયામતની ખબર (પણ) છે (જેની કોઈ મખ્લૂકને ખબર નથી) અને (બદલો અને સજાનો માલિક પણ તે જ છે એટલા માટે) તમે સૌ તેની જ પાસે પાછા વળીને જશો (અને તેને હિસાબ આપશો) અને (તે સમયે અલ્લાહ તઆલા કોઈ અન્યની ભાગીદારી વિના બદલો અને સજાનો માલિક હોવાનું એવું જાહેર અને સ્પષ્ટ થઈ જશે કે) અલ્લાહના સિવાય જે મઅ્બૂદોને આ લોકો પોકારે છે તે સિફારસ (સુદ્ધાં)નો અધિકાર ધરાવશે નહીં, હા ! જે લોકોએ સત્ય વાત (એટલે કે ઈમાનના કલિમા)નો એકરાર કર્યો હતો અને તેઓ (દિલથી) સમર્થન પણ કર્યા કરતા હતા (તેઓ અલબત્ત અલ્લાહના હુકમથી ઈમાનવાળાઓની સિફારસ કરી શકશે પરંતુ તેનાથી કાફિરોને શું ફાયદો ?) અને (અમે જે ઉપર તવહીદનો વિષય વર્ણન કર્યો છે જેમાં આ લોકો વિરોધ કરે છે પણ તેની પ્રસ્તાવનાને તેઓ પણ સ્વીકારે છે એટલા માટે) જો તમે તેમને પૂછો કે તેમને (એટલે કે તમને) કોણે પેદા કર્યા છે ? તો એવું જ કહેશે કે અલ્લાહે (પેદા કર્યા છે), બસ (દેખીતું છે કે ઈબાદતનો હકદાર તે જ હોઈ શકે છે જે સર્જન કરવાની શક્તિ ધરાવે છે, બસ) આ લોકો (પ્રસ્તાવનાને તો માને છે પરંતુ પછી હેતુને માનવાના સમયે અલ્લાહ જાણે) કઈ તરફ અવળા ચાલ્યા જાય છે ! (આ બધી વાતોથી સ્પષ્ટ છે કે તે કાફિરોનો અપરાધ કેટલો સખત છે એટલા માટે સજા પણ નિશ્ચિત કઠોર હશે અને આગળ સજાની કઠોરતાને વધારે સ્પષ્ટ કરવા માટે એક બીજી વાત વર્ણન કરે છે કે જે રીતે અલ્લાહ તઆલાને કયામતની ખબર છે) એ જ પ્રમાણે તેને રસૂલ (ﷺ)ના એવું કહેવાની પણ ખબર છે કે હે મારા પરવરદિગાર! આ એવા લોકો છે કે (મારા આટલા અનથક પ્રયત્નો પછી પણ) ઈમાન નથી લાવતા (તેનાથી સજાની કઠોરતા ઔર વધી ગઈ કે અપરાધ તો

સખત હતા જ તેની સાથે સાથે ટીકા પણ ઉપસ્થિત છે, બસ સમજી લેવું જોઈએ કે કેવો સખત અઝાબ થશે ! અને જ્યારે તમને એ જાણ થઈ ગઈ કે તેમનું પરિણામ આવું થનારું છે) તો તમે તેમનાથી મોઢું ફેરવી લો (એટલે કે તેમના ઈમાનની એવી આશા ન રાખો જે પાછળથી રંજ ગમનું કારણ બને) અને (જો તેઓ તમારો વિરોધ અને અજ્ઞાનતાની વાતો કરે તો તમે બુરાઈ ટાળવા માટે) એવું કહી આપો કે તમને સલામ કરું છું (અને કશું નથી કહેતો અને ન જ કોઈ સંબંધ રાખું છું, આગળ અલ્લાહ તઆલા આશ્વાસન માટે કહે છે કે તમે થોડો સબ્ર કરો) બસ તેમને હમણા (મૃત્યુની સાથે જ) જાણ થઈ જશે.

મસ્અલા અને બોધપાઠ :

اِنْ كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ (જો રહમાનની કોઈ અવલાદ હોત તો હું સૌ પ્રથમ તેની ઈબાદત કરતો હોત) તેનો ભાવાર્થ એ છે કે મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલાની અવલાદ હોવાની કોઈપણ દરજ્જામાં કોઈ સંભાવના નથી, બલકે હેતુ વાસ્તવમાં એવો બતાવવાનો છે કે હું તમારી માન્યતાઓનો ઈન્કાર કોઈ દુશ્મનાવટ અથવા હઠધર્મીના કારણે નથી કરી રહ્યો બલકે દલીલોના કારણે કરી રહ્યો છું, જો સાચી દલીલોથી અલ્લાહ તઆલાના સંતાનોનું અસ્તિત્વ સાબિત થઈ જાય તો હું તેને અવશ્ય માની લેત પરંતુ બૌદ્ધિક અને વર્ણન કરવામાં આવેલ દલીલ તેનો રદિયો આપે છે એટલા માટે માનવાનો કોઈ પ્રશ્ન જ નથી, આથી જાણ થઈ કે જૂઠાઓ સાથે દલીલબાજીના સમયે પોતાની સત્યવાદીતાને જાહેર કરવા માટે આવું કહેવું જાઈઝ અને યોગ્ય છે કે જો તમારો દા'વો દલીલો સાથે સાબિત થતો હોત તો હું તેનો સ્વીકાર કરી લેત કારણ કે અમુક સમયે આવા વાક્યપ્રયોગોથી વિરોધીઓના દિલમાં એવી નમ્રતા પેદા થઈ શકે છે જે તેને સત્યના સ્વીકાર ઉપર પ્રોત્સાહિત કરે છે.

وَقِيْلِهٖ يٰرَبِّ اِنَّ هٰٓؤُلَآءِ قَوْمٌ لَّا يُؤْمِنُوْنَ આ વાક્ય એ વાતને સ્પષ્ટ કરવા માટે લાવવામાં આવ્યું છે કે તે કાફિરો ઉપર અલ્લાહ તઆલાનો ક્રોધ ઊતરવાના કેટલાક સખત કારણો ઉપસ્થિત છે, એક બાજુ તો તેમના અપરાધો પોતે જ ઘણા સખત છે બીજી બાજુ તેઓ રસૂલે કરીમ ﷺ જેઓ તમામ દુનિયાઓ માટે કૃપા (રહમતુલ્લિલ્ આલમીન) અને શફીઉલ મુઝનબીન બનાવીને મોકલવામાં આવ્યા છે, જ્યારે પોતે તે લોકોની ફરિયાદ કરે અને ફરમાવે કે આ લોકો વારંવારની

દરખાસ્ત છતાં ઈમાન નથી લાવતા તો અંદાજો કરી શકાય છે કે તેમણે રસૂલે કરીમ ﷺને કેટલા પ્રમાણમાં તકલીફ પહોંચાડી હશે ?! નહિતર મા'મૂલી તકલીફ ઉપર રહમતુલ્લિલ્ આલમીને અલ્લાહ તઆલાને આવી હૃદયદ્રાવક ફરિયાદ ન કરી હોત, આ તફસીર પ્રમાણે وَقِيلِهِ (વકીલિહી) એક આયત પહેલાંનો શબ્દ السَّاعَةِ (અસ્સાઅતી) ઉપર مَعْطُوف (મઅ્તૂફ) છે, આ આયતની બીજી પણ અનેક તફસીરો કરવામાં આવી છે, દાખલા તરીકે અત્રે وَاوِ عَطف (વા'વે અતફ) નથી બલકે સોગંદનો છે, يَا رَبِّ (યા રબ્બી) એ قِيلَ (કીલ)નું કર્મ છે અને ...إِنَّ هٰؤُلَاءِ (ઈન્ન હા-ઉલાઈ) એ સોગંદનો જવાબ છે. આ તફસીરોની વિગત જાણકાર લોકો રૂહુલ મઆની વગેરેમાં જોઈ શકાય છે.

وَقُلْ سَلَامٌ.... (વકુલ સલામુન) અંતે તે જ પ્રેરણા આપવામાં આવી છે કે જે દરેક સત્યના પ્રચારકને હંમેશા આપવામાં આવે છે કે વિરોધીઓની દલીલો અને શંકાઓનો જવાબ તો આપી દો પરંતુ તેઓ જે અજ્ઞાનતા, મૂર્ખામી તથા આક્ષેપબાજીની વાતો કરે તેનો જવાબ તેમની જ ભાષામાં આપવાના બદલે મૌન ધારણ કરવામાં આવે અને આ જે ફરમાવ્યું કે તમને સલામ કરું છું; તેનો હેતુ એ નથી કે તેમને "અસ્સલામુ અલયકુમ" કહેવામાં આવે કારણ કે કોઈ ગેરમુસ્લિમને આ શબ્દોથી સલામ કરવું જાઇઝ નથી, બલકે આ રૂઢિપ્રયોગ છે કે જ્યારે કોઈ વ્યક્તિ સાથે સંબંધ કાપવાનો હોય છે તો કહેવામાં આવે છે કે મારા તરફથી સલામ અથવા "તમને સલામ કરું છું." તેનાથી સાચી રીતે સલામ કરવાનો હેતુ નથી બલકે મતલબ એ હોય છે કે સારી પદ્ધતિથી તેની સાથે તમે સંબંધ કાપવા ઈચ્છો છો એટલા માટે જે લોકોએ આ આયતથી દલીલો કરીને કાફિરોને "અસ્સલામુ અલયકુમ અથવા સલામુન" કહેવું જાઇઝ ઠરાવ્યું છે તેમનું નિવેદન યોગ્ય નથી. *(રૂહુલ મઆની)*

અલ્હમ્દુલિલ્લાહ ! આજે ૩ રજ્જબ મંગળવારના દિવસે ઈશ઼ા ના સમય વખતે સૂરએ ઝુખ્રુફની તફસીર ૭ દિવસમાં પૂર્ણ થઈ.

—હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ઝુખ્રુફનો અનુવાદ પૂર્ણ થયો.


તારીખ : ૨૬ નવેમ્બર ૨૦૧૦ મુતાબિક ૧૯ જિલ્હજ્જ ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૪૪)

સૂરએ દુખાન

સૂરએ દુખાન મક્કામાં નાઝિલ થઈ તેમાં ૫૯ આયતો અને ૩ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ દુખાન : આયત નં. ૧ થી ૯)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) કસમ છે આ સ્પષ્ટ કિતાબની. (૨) અમે તેને એક બરકતવાળી રાત્રિમાં ઉતારી (કારણ કે) અમે ચેતવણી આપનારા છે. (૩) તે જ રાત્રે દરેક હિકમતવાળું કાર્ય જુદું થાય છે. (૪) અમારા તરફની આજ્ઞાથી, અમે જ (રસૂલોને) મોકલનાર છીએ. (૫) તમારા પરવરદિગારની રહમતથી; તે જ છે સઘળું સાંભળનાર, જાણનાર. (૬) પરવરદિગાર (માલિક) છે આસમાનોનો અને પૃથ્વીનો અને જે કંઈ તેમની

વચ્ચે છે જો તમને યકીન છે. (૭) તેના સિવાય કોઈની બંદગી નથી, જીવાડે છે અને મૃત્યુ આપે છે; અને પરવરદિગાર તમારો અને પરવરદિગાર તમારા પૂર્વજોનો ! (૮) કંઈ નથી ! તેઓ (એના વિશે) શંકામાં રમે છે. (૯)

તફસીર :

હા-મીમ. (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે) કસમ છે આ સ્પષ્ટ (અર્થો ધરાવનાર) કિતાબની કે અમે તેને (લવ્હે મહફૂઝથી દુનિયાના આસમાન ઉપર) એક બરકતવાળી રાત્રે (એટલે કે શબેકદ્રમાં) ઉતારી છે, (કારણ કે) અમે (લાગણીના કારણે પોતાના ઈરાદામાં પોતાના બંદાઓને) ચેતવણી આપનારા હતા (એટલે અમને એ મંજૂર થયું કે તેમને નુકસાનોથી બચાવી લેવા માટે ભલાઈ અને બુરાઈની જાણ કરી આપીએ, કુર્આનને નાઝિલ કરવાનો એ હેતુ હતો, આગળ તે રાત્રિની બરકતો અને કાયદાઓનું વર્ણન છે કે) તે રાત્રે દરેક હિકમતવાળો મા'મલો અમારી પાસેથી હુકમ (પ્રાપ્ત) થઈને નક્કી કરવામાં આવે છે (એટલે કે આખા વર્ષની ઘટનાઓ જે બધી જ હિકમત ઉપર આધારિત હોય છે જે રીતે અસ્તિત્વમાં લાવવી અલ્લાહનું મંજૂર હોય છે તે પદ્ધતિને નિશ્ચિત કરીને તેની ખબર સંબંધિત ફરિશ્તાઓને આપીને તેમને સુપુર્દ કરવામાં આવે છે, કારણ કે તે રાત આટલી બરકતવાળી છે અને કુર્આન નાઝિલ થવું સૌથી વધારે હિકમતવાળું કામ હતું તેથી તેના માટે પણ આ જ રાત ચૂંટી કાઢવામાં આવી અને આ કુર્આન એટલા માટે નાઝિલ કરવામાં આવ્યું કે) અમે રહમતના કારણે જે તમારા પરવરદિગાર તરફથી થાય છે તમને પયગમ્બર બનાવનારા હતા (જેથી તમારા મારફતે પોતાના બંદાઓને ચેતવણી આપે) બેશક ! તે સઘળું સાંભળનાર સઘળું જાણનાર છે (તેથી બંદાઓની કાળજી રાખે છે અને તે એવો છે) કે જે માલિક છે આસમાનો અને પૃથ્વીનો અને જે (મખ્લૂક) તે બંને વચ્ચે છે તેનો પણ જો તમે યકીન લાવવા ઇચ્છો (તો આ તવહીદની દલીલો યકીન લાવવા માટે પૂરતી મોજૂદ છે, આગળ તવહીદનો ખુલાસો છે કે) તેના સિવાય કોઈ ઇબાદતના લાયક નથી, તે જીવ નાંખે છે અને તે જ જીવ કાઢે છે, તે તમારો પણ પરવરદિગાર છે અને તમારા પૂર્વજોનો પણ પરવરદિગાર છે (અને આ ખુલાસા અને સ્પષ્ટતાનો તકાદો તો એ હતો કે તે લોકો તેને માની લે પરંતુ આ લોકો તો પણ માનતા નથી) અલબત્ત તેઓ (તવહીદ જેવી સચ્ચાઈ તરફથી) શંકામાં

(પડ્યા) છે, (અને દુનિયાના) ખેલ (તમાશા)માં પ્રવૃત્ત છે ! (આખિરતની ફિકર ચિંતા નથી કે સત્યનું સંશોધન કરે અને તેમાં ચિંતનથી કામ લે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ દુખાનની વિશિષ્ટતા :

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ જુમ્આની રાત્રે સૂરએ દુખાન પઢી લે તો સવારે તેના ગુનાહ મા'ફ થઈ ચૂક્યા હશે અને હઝરત ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિએ જુમ્આની રાત્રે અથવા દિવસમાં સૂરએ દુખાન પઢી લીધી, અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવશે.

(કુર્તુબી, પુઅ્લબીની રિવાયતથી)

પ્રસ્તુત આયતોમાં કુર્આનની શ્રેષ્ઠતા તથા અમુક ખાસ ગુણોનું વર્ણન છે, وَالْكِتَابِ الْمُبِينِ એટલે કે આ સ્પષ્ટ કિતાબ છે. તેનો ભાવાર્થ કુર્આન છે, આ આયતમાં અલ્લાહ તઆલાએ કુર્આનની કસમ ખાઈને ફરમાવ્યું છે કે તેને અમે એક મુબારક રાત્રે નાઝિલ કરી જેનો હેતુ ગાફેલ માનવોને જાગૃત કરવાનો છે, એ જ પ્રમાણેની કસમ આ જ શબ્દોની સાથે સૂરએ ઝુખ્રુફની શરૂઆતમાં પણ આવી ચૂકી છે ત્યાં તેનું વર્ણન આવી ચૂક્યું છે.

لَيْلَةٍ مُّبَارَكَةٍ થી ભાવાર્થ જમહૂર તફસીરકારો સમીપ શબે કદ્ર છે જે રમઝાન મુબારકના અંતિમ અશ્રહ (રમઝાન માસના ૨૧માં રોઝાથી લઈ રમઝાન પૂર્ણ થતા સુધી)માં હોય છે. આ રાતને મુબારક એટલા માટે કહી છે કે તે રાત્રે અલ્લાહ તઆલા તરફથી પોતાના બંદાઓ ઉપર અગણિત ભલાઈઓ અને બરકતો ઉતરે છે અને કુર્આને કરીમ શબે કદ્રમાં ઊતરવું કુર્આનની સૂરએ કદ્રમાં ખુલાસાવાર આવ્યું છે. إِنَّا أَنزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ (૯૭:૧) આનાથી જાહેર થયું કે અહીંયાં પણ "મુબારક રાત્રિ"થી ભાવાર્થ શબે કદ્ર જ છે અને એક હદીષમાં રસૂલે કરીમ ﷺથી એ પણ નકલ થયેલ છે કે અલ્લાહ તઆલાની જેટલી કિતાબો દુનિયાની શરૂઆતથી અંત સુધી પોતાના અંબિયા (અલૈ.) ઉપર નાઝિલ થઈ છે તે બધી જ રમઝાન માસની જ વિવિધ તારીખોમાં ઊતરી છે, હઝરત કતાદહ (રદિ.)એ હઝરત વાષિલા (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે રસૂલે કરીમ

ﷺએ ફરમાવ્યું કે ઈબ્રાહીમ (અલૈ.)ના સહીફા રમઝાનની પહેલી તારીખમાં અને તવરાત રમઝાનની છઠ્ઠી તારીખમાં અને ઝબૂર બારમી તારીખમાં, ઈન્જીલ અઢારમી તારીખમાં તથા કુર્આન ૨૪ તારીખ પસાર થયા પછી એટલે કે ૨૫ મીની રાત્રે નાઝિલ થયું. *(કુર્તુબી)*

કુર્આન શબે કદ્રમાં ઊતરવાનો મતલબ એ છે કે લવ્હે મહફૂઝ ઉપરથી સંપૂર્ણ કુર્આન દુનિયાના આસમાન ઉપર તે જ રાત્રે નાઝિલ કરી દેવામાં આવ્યું હતું, પછી ૨૩ વર્ષોની મુદતમાં થોડું થોડું રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થતું રહ્યું અને અમુક લોકોએ ફરમાવ્યું છે કે દરેક વર્ષે જેટલું કુર્આન નાઝિલ થવાનું નિશ્ચિત હતું એટલું જ શબે કદ્રમાં લવ્હે મહફુઝથી દુનિયાના આસમાન ઉપર નાઝિલ કરી દેવામાં આવતું હતું. *(કુર્તુબી)*

અમુક તફસીરકારો ઈકરીમા વગેરેથી નકલ થયેલ છે કે તેમણે આ આયતમાં لَيْلَةٍ مُّبَارَكَةٍ મુબારક રાત્રિનો ભાવાર્થ શબે બરા'ત એટલે કે અડધી શાબાનની રાતને ઠરાવી છે પરંતુ આ રાત્રે કુર્આન નાઝિલ થવું બીજી બધી જ કુર્આની નુસૂસ અને હદીષની રિવાયતોના વિરુદ્ધ છે. شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ (૨:૧૮૫)અને اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ જેવી ખુલ્લી નુસૂસના હોવાથી કોઈ મજબૂત દલીલ વિના એવું કહી શકાતું નથી કે કુર્આન શબે બરા'તમાં નાઝિલ થયું, અલબત્ત શાબાનની ૧૫મી રાત્રે અમુક હદીષની રિવાયતોમાં શબે બરા'ત અથવા لَيْلَةِ الصَّكِّ ના નામથી ઓળખવામાં આવે છે અને આ રાતનું મુબારક હોવું અને તેમાં અલ્લાહ તઆલાની રહમતો નાઝિલ થવાનું વર્ણન છે, તેની સાથે સાથે અમુક રિવાયતોમાં એ વિષય પણ આવ્યો છે જે આ સ્થળે મુબારક રાત્રિના લક્ષણમાં વર્ણન થયો છે, એટલે કે فِيْهَا يُفْرَقُ كُلُّ اَمْرٍ حَكِيْمٍ ۝ اَمْرًا مِّنْ عِنْدِنَا આ રાત્રે દરેક હિકમતવાળી બાબતનો ફેંસલો અમારા તરફથી કરવામાં આવે છે, જેનો અર્થ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ એ વર્ણન કર્યો છે કે આ રાત જેમાં કુર્આન નાઝિલ થયું એટલે કે શબે કદ્ર; તેમાં જ મખ્લૂકો વિશે બધા જ અગત્યના હુકમો જેના ફેંસલા આ વર્ષે આગલી શબે કદ્ર સુધી ઉપસ્થિત થવાના છે નક્કી કરવામાં આવે છે કે કોણ કોણ આ વર્ષમાં પેદા થશે? કોણ કોણ વ્યક્તિ તેમાં મરશે ? કોને કેટલા પ્રમાણમાં રોજી આ વર્ષમાં આપવામાં આવશે ? તફસીરના બીજા ઈમામો હઝરત કતાદહ, મુજાહિદ વગેરેથી આવું જ નકલ થયું છે અને મહેદવીએ

ફરમાવ્યું કે તેનો અર્થ એ છે કે આ બધા જ ફેંસલા જે તકદીરે ઇલાહીમાં પ્રથમથી જ નક્કી હતા તે રાતમાં સંબંધિત ફરિશ્તાઓને સુપુર્દ કરવામાં આવે છે, કારણ કે કુર્આન અને સુન્નતની બીજી "નુસૂસ" એ બાબત ઉપર ગવાહ છે કે અલ્લાહ તઆલાએ આ ફેંસલો માનવની પેદાઇશથી પણ પહેલાં "અઝલ"માં લખી દીધો છે તો આ રાત્રે તેના નક્કી કરવાનો ખુલાસો એ જ હોઈ શકે છે કે મોત અને રોજીને લાગુ પાડવું જે ફરિશ્તાઓ દ્વારા થાય છે આ રાત્રે તે વાર્ષિક હુકમો તેમને સુપ્રત કરી દેવામાં આવે છે. *(કુર્તુબી)*

કારણ કે અમુક રિવાયતોમાં હદીષમાં "શબે બરા'ત" એટલે કે શા'બાનની ૧૫ મી રાત વિશે પણ આવ્યું છે કે તેમાં જન્મ અને મોત તથા રોજીના ફેંસલા લખવામાં આવે છે તેથી અમુક લોકોએ પ્રસ્તુત આયતમાં આ મુબારક રાત્રિની તફસીર "લયલતુલ બરા'ત"ની પણ કરી છે પરંતુ એ સાચું નથી, કારણ કે અહીંયાં આ રાતમાં કુર્આનના નાઝિલ થવાનું ઝિક્ર સૌથી પહેલું છે અને તે રમઝાનમાં હોવું કુર્આનની નુસૂસ દ્વારા નિશ્ચિત છે અને શબે બરા'ત વિશે જે આ વિષય અમુક રિવાયતોમાં આવ્યો છે કે તેમાં રોજી અને ફેંસલા થાય છે પ્રથમ તો ઇબ્ને કષીર (રહ.)એ એના વિશે ફરમાવ્યું કે આ રિવાયત "મુરસલ" છે અને આવી રિવાયતો ખુલ્લી નુસૂસના મુકાબલામાં ભરોસાપાત્ર નથી હોઈ શકતી, એ જ પ્રમાણે કાઝી અબૂબક્ર બિન અરબી (રહ.)એ ફરમાવ્યું કે અડધી શા'બાનની રાત્રિ વિશે એવી કોઈ ભરોસાપાત્ર રિવાયત નથી જેનાથી સાબિત થાય કે રોજી તથા મોત અને જિંદગીના ફેંસલા તે રાત્રે થાય છે, બલકે તેમણે કહ્યું કે આ રાતની ફઝીલતમાં કોઈ ભરોસાપાત્ર હદીષ નથી આવી પરંતુ રૂહુલ મઆનીમાં એક વિના સનદની રિવાયત હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી આ વિશેની નકલ થઈ છે કે રોજી તથા મોત અને જિંદગી વગેરેના ફેંસલા અડધી શા'બાનની રાત્રે લખવામાં આવે છે અને શબે કદ્રમાં ફરિશ્તાઓના હવાલે કરવામાં આવે છે જો આ રિવાયત સાબિત થાય તો આ રીતે બંનેમાં સુમેળ થઈ જાય છે, નહિતર મૂળ વાત જે કુર્આન અને સહીહ હદીષોથી સાબિત છે તે એ જ છે કે સૂરએ દુખાનની આયતમાં "લયલહ મુબારકા" અને فِيهَا يُفْرَقُ (ફીહા યુફરિક) વગેરેના બધા શબ્દો શબે કદ્ર વિશે જ છે, રહી શબે બરા'તની ફઝીલતનો મા'મલો, બસ તે અલગ બાબત છે જે હદીષની અમુક રિવાયતોમાં નકલ થયેલ છે પરંતુ તે મોટા

ભાગે કમજોર છે એટલા જ માટે કાઝી અબૂબક્ર બિન અરબી (રહ.)એ તે રાતની કોઈ ફઝીલતનો ઈન્કાર કર્યો છે જો કે શબે બરા'તની ફઝીલત (શ્રેષ્ઠતા)ની રિવાયતો ભલે સનદના આધારે કમજોરીથી કંઈ ખાલી નથી પરંતુ વર્ણન થવાની સંખ્યા અને રિવાયતોની સંખ્યાના આધારે તેને એક પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય છે એટલા માટે ઘણા મશાઈખે તેનો સ્વીકાર કર્યો છે કારણ કે અમલની ફઝીલતોમાં ઝઈફ (કમજોર) રિવાયતો ઉપર અમલ કરી લેવાની પણ ગુંજાઈશ છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ દુખાન : આયત નં. ૧૦ થી ૧૬)

فَارْتَقِبْ يَوْمَ تَأْتِي السَّمَآءُ بِدُخَانٍ مُّبِينٍ ۝١٠ يَّغْشَى النَّاسَ ۖ هٰذَا عَذَابٌ اَلِيْمٌ ۝١١
رَبَّنَا اكْشِفْ عَنَّا الْعَذَابَ اِنَّا مُؤْمِنُوْنَ ۝١٢ اَنّٰى لَهُمُ الذِّكْرٰى وَقَدْ جَآءَهُمْ رَسُوْلٌ
مُّبِيْنٌ ۝١٣ ثُمَّ تَوَلَّوْا عَنْهُ وَقَالُوْا مُعَلَّمٌ مَّجْنُوْنٌ ۝١٤ اِنَّا كَاشِفُوا الْعَذَابِ قَلِيْلًا وقف لازم
اِنَّكُمْ عَآئِدُوْنَ ۝١٥ يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرٰى ۚ اِنَّا مُنْتَقِمُوْنَ ۝١٦ وقف لازم

તરજુમો :

બસ તમે રાહ જુઓ તે દિવસની કે આસમાન ખુલ્લો (દેખાતો) ધૂમાડો લાવે. (૧૦) જે લોકોને ઘેરી લે, આ કષ્ટદાયક અઝાબ છે. (૧૧) (ત્યારે લોકો કહેશે) હે પરવરદિગાર ! અમારા ઉપરથી આ આફત ખોલી દે (ટાળી દે), બેશક અમે ઈમાન લાવીએ છીએ. (૧૨) તેઓને ક્યાંથી સમજણ (બોધપાઠ) મળે ! અને તેમની પાસે સ્પષ્ટ સંભળાવનાર રસૂલ આવી ચૂક્યો! (૧૩) પછી તેનાથી પીઠ ફેરવી અને કહેવા લાગ્યા, શિખવાડેલો ચસકેલ છે. (૧૪) અમે આ અઝાબ થોડા સમય માટે ખોલી (ટાળી) આપીએ છીએ (તો પણ) અવશ્ય તમે તે જ કરશો. (૧૫) જે દિવસે અમે મોટી (ભારે કઠોર) પકડ કરીશું (ત્યારે) નિઃશંક ! અમે બદલો લેવાના છે.(૧૬)

તફસીર :

(અને જ્યારે આ લોકો સત્ય સ્પષ્ટ થઈ ગયા છતાં નથી માનતા) બસ તમે (તેમના માટે) તે દિવસની રાહ જુઓ કે (જ્યારે) આસમાન તરફ એક નજરે દેખાતો ધૂમાડો પેદા થાય જે તે સૌ લોકો ઉપર છવાઈ જાય એ (પણ) એક દર્દનાક સજા છે (જે તેમને થશે, તેનાથી ભાવાર્થ અનાજનો દુષ્કાળ છે જેમાં મક્કાવાળા રસૂલે કરીમ ﷺની બદ્દુઆમાં સપડાઈ ગયા હતા અને આ બદ્દુદઆ એક વખતે મક્કામાં થઈ હતી અને એક વખતે મદીનમાં અને કાયદો એ છે કે ભૂખની કઠોરતા અને દુષ્કાળમાં આસમાન અને જમીન વચ્ચે આંખોની સામે ધૂમાડા જેવું નજરે પડે છે, મતલબ કે મક્કાવાળા પોતાના પ્રાણોથી તંગ આવી ગયા અને કાકલૂદી કરવા લાગ્યા એટલા માટે આગાહી સ્વરૂપે કહેવામાં આવે છે કે તે સમયે અલ્લાહ તઆલાને વિનંતી કરશે કે) હે અમારા પરવરદિગાર! અમારાથી આ મુસીબતને દૂર કરી આપ અમે અવશ્ય ઈમાન લઈ આવીશું (એટલા માટે આગાહી એ રીતે પૂર્ણ થઈ કે અબૂ સુફિયાન અને બીજા કુરૈશીઓએ રસૂલે કરીમ ﷺને લખ્યું અને તેઓ જાતે પણ આવ્યા કે તમે દુઆ કરો અને સમામહ નામના યમામાના સરદારે કે જેણે અનાજ બંધ કરી દીધું હતું તેમને સમજાવી આપે તથા રૂહુલ મઆનીના કર્તાએ અબૂ સુફિયાનના ઈમાન લાવવાનો વાયદો પણ નકલ કર્યો છે, આગળ તેમનો આ વાયદો સાચા દિલથી ન હોવાનો ઈરશાદ થયો છે કે) તેમને (એનાથી) ક્યારે બોધપાઠ થાય છે (જેનાથી તેમના ઈમાનની અપેક્ષા કરવામાં આવે) જ્યારે કે (આનાથી પહેલાં) તેમની પાસે જાહેર શા'નવાળા પયગમ્બર આવ્યા (એટલે કે જેમની નુબુવ્વતની શા'ન જાહેર હતી) તો પણ આ લોકો તેનાથી બળવાખોરી કરતા રહ્યા અને એવું કહેતા રહ્યા કે (કોઈનું) શિખવાડેલું છે (અને) દીવાનો છે, (બસ જ્યારે આટલા મોટા રસૂલના આવવા ઉપર જેમની રિસાલતની દલીલોમાં કોઈ તા'વીલ જ નથી થઈ શકતી આ લોકો ઈમાન જ નથી લાવ્યા તો દુષ્કાળ આવવામાં અન્યાયી માણસ એવી પણ શક્યતા કાઢી શકે છે કે આ એક સામાન્ય ઘટના છે જે સ્વાભાવિક સ્વરૂપે પણ થાય છે અને કુફ્રની સજા સ્વરૂપે નથી; હવે તેમનાથી કેવી રીતે ઈમાન લાવવાની આશા રખાય ? તેમનું આવું કહેવું માત્ર કામચલાઉ સંજોગો આધારે છે પરંતુ ભલે) અમે (દલીલ પૂરી કરવા માટે) આ અઝાબને થોડો હટાવી લઈશું (પરંતુ)

તમે પોતાની એ જ (પ્રથમ) હાલત ઉપર આવી જશો (એટલા માટે આ આગાહી એ રીતે પૂર્ણ થઈ કે રસૂલે કરીમ ﷺએ દુઆ કરી અને વરસાદ થયો તથા સમામાને પણ પત્ર લખ્યો કે અનાજ આવવા દે અને મક્કાવાળાઓને છુટકારો પ્રાપ્ત થયો પરંતુ તેઓ ઈમાન તો શું લાવે ! બલકે આ નરમી અને પરાજિત પરિસ્થિતિ પણ જતી રહી, પછી તે જ જોર અને તે જ શોરબકોર અને "થોડો" એટલા માટે ફરમાવ્યું કે આ અઝાબ ટળવાની મુદ્દત માત્ર દુનિયાની જિંદગી સુધી છે, મર્યા પછી જે મુસીબત આવશે તેનો ક્યારેય અંત નથી એટલા માટે ઈરશાદ છે કે) જે દિવસે અમે ઘણી સખત પકડમાં પકડીશું (તે દિવસે) અમે (પૂરેપૂરો) બદલો લઈ લઈશું (એટલે કે આખિરતમાં સંપૂર્ણ સજા થશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં જે دُخَـانٍ مُّبِيْـنٍ (દુખાનિમ્મુબીન) "દેખાતા ધૂમાડા"નું વર્ણન આગાહી સ્વરૂપે કરવામાં આવ્યું છે કે તમે રાહ જુઓ આ ખુલ્લો ધૂમાડો જે આસમાન ઉપર હશે અને લોકો ઉપર છવાઈ જશે, તેના વિશે સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી ત્રણ નિવેદનો નકલ થયા છે. પ્રથમ એ કે આ કયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે જે કયામતની બિલકુલ નજીકમાં જાહેર થશે, આ નિવેદન હઝરત અલી મુર્તઝા (રદિ.), ઈબ્ને અબ્બાસ (રદિ.), ઈબ્ને ઉમર (રદિ.), અબૂ હુરયરહ (રદિ.) અને ઝૈદ બિન અલી (રદિ.), હસન બસરી (રહ.) તથા ઈબ્ને અબી મુલયકહ (રહ.) વગેરેનું છે અને હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) તથા હુઝયફા ઈબ્ને ઉસૈદ ગફ્ફારી (રદિ.)થી આ નિવેદન વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે જેની વિગત આગળ આવે છે.

બીજું નિવેદન એ છે કે આ આગાહી પૂર્ણ થઈ ચૂકી છે અને તે મક્કા મુકર્રમહના દુષ્કાળ સ્વરૂપે જાહેર થઈ ચૂકી છે, આ દુષ્કાળ જે રસૂલે કરીમ ﷺની બદ્દુઆથી તેમના ઉપર થોપવામાં આવ્યો હતો તેમાં તેઓ ભૂખે મરવા લાગ્યા, મરેલા ઢોર સુદ્ધાં ખાવા લાગ્યા, આસમાન ઉપર વરસાદના વાદળોના બદલે તેમને ધૂમાડો નજરે પડતો હતો. આ નિવેદન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) વગેરેનું છે.

ત્રીજું નિવેદન એ છે કે આ ધૂમાડાથી ભાવાર્થ તે ધૂળની ડમરીઓ છે જે

મક્કા વિજયના દિવસે મક્કા મુકર્રમહના આસમાન ઉપર છવાઈ ગઈ હતી, આ નિવેદન અબ્દુર્રહમાન અઅ્‌રજ વગેરેનું છે. (કુર્તુબી) વધારે પ્રખ્યાત પ્રથમ બે નિવેદનો છે, ત્રીજા નિવેદન વિશે ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું, هٰذَا الْقَوْلُ غَرِيْبٌ جِدًّا بَلْ مُنْكَرٌ એટલે કે તે કમજોર નિવેદન છે, બાકી બંનેનું વર્ણન સહીહ હદીષોમાં આવ્યું છે, રૂહુલ મઆનીએ બીજા નિવેદનને અગ્રિમતા આપી છે અને ઉપરોક્ત તફસીરનો ખુલાસો બયાનુલ કુર્આનમાં પણ અપનાવવામાં આવ્યો છે, ઈબ્ને કષીર અને કુર્તુબી (રહ.)થી પ્રથમ નિવેદન અગ્રસ્થાને હોવાનું જણાય છે. વલ્લાહુ અઅ્‌લમુ. બંને નિવેદનોની રિવાયતો નીચે પ્રમાણે છે.

સહીહ મુસ્લિમમાં હઝરત હુઝયફા બિન ઉસૈદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ એક ઝરૂખેથી અમારા ઉપર દષ્ટિ કરી, અમે પરસ્પર કયામતની નિશાનીઓનું વર્ણન કરી રહ્યા હતા. આપ ﷺએ ફરમાવ્યું કે કયામત ત્યાં સુધી કાયમ થશે નહીં જ્યાં સુધી તમે દશ નિશાનીઓ ન જોઈ લો. (૧) સૂર્યનું પશ્ચિમ તરફથી ઊગવું, (૨) ધૂમાડા, (૩) દાબ્બતુલ અર્દ (એક પ્રાણી), (૪) યાજૂજ અને માજૂજનું નીકળવું, (૫) હઝરત ઈસા (અલૈ.)નું ઊતરવું, (૬) દજ્જાલનું નીકળવું અને ત્રણ જગ્યાએથી જમીનનું ધસી જવું, (૭) એક પૂર્વના સ્થળે જમીનનું ધસી જવું, (૮) બીજું પશ્ચિમના સ્થળે જમીનનું ધસી જવું અને (૯) અરબ ટાપુ ઉપર જમીનનું ધસી જવું અને (૧૦) આગ જે ઍડનના નીચાણથી નીકળશે અને લોકોને હાંકતી ચાલશે જ્યાં રાત્રે લોકો સૂવા માટે રોકાઈ જશે અને જ્યાં બપોરે આરામ માટે રોકાશે ત્યાં તે પણ રોકાઈ જશે. *(ઈબ્ને કષીર)*

ઈબ્ને જરીર (રહ.)એ અબૂ માલિક અશઅરી (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હું તમને ત્રણ વસ્તુઓથી ડરાવું છું, એક દુખાન (એટલે કે ધૂમાડા) જે મો'મિન માટે માત્ર એક પ્રકારનું ઝુકામ પેદા કરશે અને કાફિરના બધા જ શરીરમાં ભરાઈ જશે એટલે સુધી કે તેમના શરીરના દરેક છિદ્રોમાંથી તે રેલાવા લાગશે અને બીજી વસ્તુ "દાબ્બહ" (એટલે કે દાબ્બતુલ અર્દ કોઈ અજબ પ્રકારનું પ્રાણી જમીનમાંથી નીકળશે) અને ત્રીજી બાબત દજ્જાલ. આ રિવાયતને ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું, هٰذَا اِسْنَادٌ جَيِّدٌ (ઝય્યદ સનદોવાળી છે). આ જ વિષયની એક રિવાયત ઈબ્ને અબી હાતિમ (રહ.)ના હવાલાથી હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) દ્વારા પણ ઈબ્ને કષીર (રહ.)એ

નકલ કરી છે અને ઇબ્ને અબી હાતિમના હવાલાથી હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી એ રિવાયત નકલ કરી છે કે ધૂમાડાની આગાહી પસાર નથી થઈ ચૂકી. (બલકે કયામતના નજીકના સમયે) આ ધૂમાડા મો'મિન માટે એક પ્રકારનું ઝુકામ (સર્દી) પેદા કરશે અને કાફિરોની અંદર ભરાઈ જશે એટલે સુધી કે તેમની ચામડીના દરેક છિદ્રોમાંથી નીકળવા લાગશે, આ જ પ્રકારનો વિષય ઇબ્ને જરીરના હવાલાથી હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) અને ઇબ્ને અબ્બાસ (રદિ.)થી પણ નકલ થયો છે જેને નકલ કરીને ઇબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું,

هٰذَا اِسْنَادٌ صَحِيْحٌ اِلَى ابْنِ عَبَّاسٍ حِبْرِ الْاُمَّةِ وَتَرْجُمَانِ الْقُرْاٰنِ وَهٰكَذَا قَوْلُ مَنْ وَافَقَهُ مِنَ الصَّحَابَةِ وَالتَّابِعِيْنَ مَعَ الْاَحَادِيْثِ الْمَرْفُوْعَةِ مِنَ الصِّحَاحِ وَالْحِسَانِ وَغَيْرِهِمَا الَّتِيْ اَوْرَدُوْهَا مِمَّا فِيْهِ مَقْنَعٌ وَدَلَالَةٌ ظَاهِرَةٌ عَلٰى اَنَّ الدُّخَانَ مِنَ الْاٰيَاتِ الْمُنْتَظَرَةِ مَعَ اَنَّهُ ظَاهِرُ الْقُرْاٰنِ (فَارْتَقِبْ يَوْمَ تَاْتِي السَّمَاءُ بِدُخَانٍ مُّبِيْنٍ) وَعَلٰى مَا فَسَّرَهُ ابْنُ مَسْعُوْدٍ اِنَّمَا هُوَ خَيَالٌ رَاَوْهُ فِيْ اَعْيُنِهِمْ مِنْ شِدَّةِ الْجُوْعِ وَالْجُهْدِ وَهٰكَذَا قَوْلُهُ تَعَالٰى (يَغْشَى النَّاسَ) اَيْ يَتَغَشَّاهُمْ وَيَعُمُّهُمْ وَلَوْ كَانَ اَمْرًا خَيَالِيًّا يَخُصُّ مُشْرِكِيْ اَهْلِ مَكَّةَ لَمَا قِيْلَ فِيْهِ يَغْشَى النَّاسَ.

"હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.) ઉમ્મતના મોટા વિદ્વાન અને કુર્આનના વિવરણકાર સુધી આ પ્રમાણો સાચા છે અને આ જ નિવેદન બીજા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નું છે જેઓ ઇબ્ને અબ્બાસ (રદિ.) સાથે અભિપ્રાયમાં સામ્યતા રાખે છે, તેની સાથે તે વિગતવારની હદીષો જેમાં અમુક સાચી, અમુક "હસન" છે તે પણ એ સાબિત કરવા માટે પૂરતી છે કે "દુખાન" (ધૂમાડો) તે કયામતની નિશાનીઓમાંથી છે જેની રાહ જોવાઈ રહી છે હજુ આવી નથી, ખાસ કરીને જ્યારે કે કુર્આનના જાહેર શબ્દો પણ એ બાબત ઉપર સાક્ષી છે અને હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ (રદિ.)ની તફસીર પ્રખ્યાત છે, જે ધૂમાડાનું વર્ણન છે તે તો એક ભ્રમ હતો જે ભૂખની કઠોરતાના કારણે તેમની આંખોએ અનુભવ્યો હતો, એટલા માટે શબ્દ يَغْشَى النَّاسَ અસંભવ જણાય છે,

કારણ કે આ ધૂમાડાની ભ્રમણા તો મક્કાના લોકો માટે ખાસ હતી અને يَغْشَى النَّاسَ ના શબ્દો એવું બતાવે છે કે તે તમામ લોકો ઉપર જાહેર સ્વરૂપે છવાઈ જશે."

પ્રથમ એટલે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત સહીહૈન, મુસ્નદે અહમદ, તિરમિઝી અને નસાઈ વગેરેમાં આ રીતે આવી છે, હઝરત મસ્રૂકે રિવાયત કરી છે કે એક દિવસે અમે કુફાની મસ્જિદમાં દાખલ થયા જે કિન્ડાહના દરવાજાઓ પાસે છે, ત્યાં જોયું કે એક વઅ્ઝ (ભાષણ) કરનાર લોકોને વઅ્ઝ સંભળાવી રહ્યો હતો અને આ આયત એટલે કે يَوْمَ تَاْتِي السَّمَاءُ بِدُخَانٍ مُّبِيْنٍ વિશે તેણે શ્રોતાઓને પ્રશ્ન કર્યો કે તમે જાણો છો કે આ "દુખાન" (ધૂમાડા)થી શું ભાવાર્થ છે ? પછી કહ્યું કે આ એક ધૂમાડો હશે જે કયામતના દિવસે નીકળશે જે મુનાફિકોના કાનો અને આંખોને લઈ લેશે (ખૂંચવી લેશે) અને મો'મિનને તેનાથી માત્ર શરદી જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થશે.

મસ્રૂક કહે છે કે વઅ્ઝ કરનારની આવી વાત સાંભળી અમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) પાસે ગયા અને તેમને વર્ણન કર્યું, તેઓ સૂતા હતા, ગભરાઈને ઉઠયા અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ તમારા નબી ﷺને આ હિદાયત કરી છે, قُلْ مَآ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ وَّمَآ اَنَا مِنَ الْمُتَكَلِّفِيْنَ (૩૮:૮૬) એટલે કે હું તમારાથી તમારી સેવા, તા'લીમ અને તબ્લીગનું કોઈ વળતર નથી માંગતો અને ન જ હું તે લોકોમાંથી છું જેઓ કોઈ જૂઠી વાત ઘડી કાઢે એટલા માટે જ્ઞાનનો તકાદો છે કે વ્યક્તિ જે વસ્તુને નથી જાણતો તેના વિશે સાફ સાફ કહી આપે કે હું નથી જાણતો, તેનું જ્ઞાન અલ્લાહને જ છે. (વાતને પોતાના તરફથી ઘડી ન કાઢે) પછી ફરમાવ્યું કે હવે તમને આ આયતની તફસીરની એક ઘટના સંભળાવું છું, તે એ કે જ્યારે કુરૈશે રસૂલે કરીમ ﷺના ઈસ્લામના આમંત્રણને સ્વીકારવાથી ઈન્કાર કર્યો અને પોતાના કુફ્ર ઉપર હઠાગ્રહ કર્યો તો રસૂલે કરીમ ﷺએ તેમના માટે બદ્દુઆ કરી કે યા અલ્લાહ ! તેમના ઉપર એવો દુષ્કાળ નાંખી દે જેવો કે તેં હઝરત યૂસુફ (અલૈ.)ના સમયમાં નાંખ્યો હતો, આ બદ્દુઆની અસર એવી થઈ કે તે લોકો સખત દુકાળમાં સપડાઈ ગયા એટલે સુધી કે હાડકાં અને મરેલા ઢોર સુદ્ધાં ખાવા લાગ્યા, તે લોકો આસમાન તરફ નજરો ઉઠાવતા હતા તો ધૂમાડા સિવાય ક્યાંય કશું નજરે પડતું ન હતું અને એક

રિવાયતમાં છે કે તેમનો કોઈ વ્યક્તિ આસમાન તરફ નજર ઉઠાવતો હતો ત્યારે ભૂખની કઠોરતાથી તેને ધૂમાડા જેવું નજરે પડતું (ભ્રમ થતો), ત્યારબાદ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ દલીલોમાં આ આયત તિલાવત કરી, فَارْتَقِبْ يَوْمَ تَاْتِي السَّمَآءُ بِدُخَانٍ مُّبِيْنٍ જ્યારે આ પ્રસંગ ઉપસ્થિત થયો તો લોકો રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને દરખાસ્ત કરી કે પોતાના કબીલએ મુઝર માટે વરસાદની દુઆ કરો નહિતર તે બધા નાશ પામશે, રસૂલે કરીમ ﷺએ દુઆ કરી તો અલ્લાહ તઆલાએ વરસાદ વરસાવ્યો, એના ઉપર આ આયત નાઝિલ થઈ, اِنَّا كَاشِفُوا الْعَذَابِ قَلِيْلًا اِنَّكُمْ عَآئِدُوْنَ એટલે કે અમે તમારા ઉપરથી આ અઝાબને થોડા દિવસ માટે હટાવી લઈએ છીએ (પરંતુ જ્યારે તમે મુસીબતથી છુટકારો પામશો) તો ફરી પોતાના કુફ્ર તરફ પાછા ફરશો; તેથી એવું જ થયું, પછી તેઓ પોતાની પાછલી હાલત તરફ પાછા ફર્યા તો અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી, يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرٰى اِنَّا مُنْتَقِمُوْنَ એટલે કે જે દિવસે અમે કઠોર પકડમાં પકડીશું તે દિવસથી ડરો. પછી ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ કહ્યું કે આ بَطْشَةُ كُبْرٰى એટલે કે મોટી સખત પકડ ગઝ્વએ બદ્રમાં થઈ ચૂકી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ આ ઘટના નકલ કર્યા પછી ફરમાવ્યું કે પાંચ વસ્તુઓ પસાર થઈ ચૂકી છે, એટલે કે (૧) ધૂમાડો, (૨) રૉમનો(ની હાર), (૩) ચંદ્ર(નું ટૂકડા કરવું), (૪) ઘેરાઈ જવું અને (૫) લિઝામ. (ઈબ્ને કષીર) "દુખાન"નો ભાવાર્થ આ તફસીર પ્રમાણે મક્કાનો દુષ્કાળ છે અને રૉમથી ભાવાર્થ તે આગાહી છે જે સૂરએ રૂમમાં તેમના વિજય વિશે આવી છે. وَهُمْ مِّنْ بَعْدِ غَلَبِهِمْ سَيَغْلِبُوْنَ અને ચંદ્રથી ભાવાર્થ ચંદ્રના ટૂકડા કરવું છે જેનું વર્ણન اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ માં છે અને بَطْشَةُ(ભારે સખત પકડ) પ્રસ્તુત તફસીર પ્રમાણે ગઝ્વએ બદ્રમાં કુરૈશના કાફિરોનો અંજામ છે અને લિઝામથી ઈશારો આ આયત તરફ છે, فَسَوْفَ يَكُوْنُ لِزَامًا "હવે જ્યારે તમે (સત્યને) જૂઠાડ્યું તો અઝાબ તમારા ઉપરથી ટળવાનો નથી." (૨૫:૭૭)

પ્રસ્તુત આયતોમાં વિચાર કરો તો તેમાં અમુક આગાહીઓ છે, પ્રથમ ધૂમાડાનું આસમાન ઉપર જાહેર થવું અને બધા લોકો ઉપર છવાઈ જવું, બીજું મુશ્રિકોનું આ અઝાબથી લાચાર થઈને ઈમાનનો વાયદો કરીને અલ્લાહ તઆલા પાસે દુઆ માંગવી અને ત્રીજું તેમના વાયદાનું જૂઠા હોવું અને પાછળથી ફરી જવું,

ચોથું અલ્લાહ તઆલાનું તેમના જૂઠા વાયદા ઉપર પણ હુજ્જત પૂર્ણ કરવા માટે અમુક સમય સુધી તેમના ઉપરથી અઝાબનું હટાવી લેવું અને એવું બતાવી દેવું કે તમે આ વાયદા ઉપર કાયમ રહેવાના નથી, પાંચમું ફરી બીજીવાર તેમને સખત પકડમાં પકડી લેવું. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)ની તફસીર પ્રમાણે આ બધી જ આગાહીઓ પૂર્ણ થઈ ચૂકી છે. પ્રથમ ચાર તો મક્કાવાળાઓ ઉપર સખત દુષ્કાળ થોપીને અને પછી તેને દૂર કરવામાં પૂરી થઈ અને પાંચમી ગઝ્વએ બદ્રમાં પૂરી થઈ પરંતુ આ તફસીર કુર્આનના જાહેર શબ્દોથી એવી દૂર જણાય છે કે ભૂખની કઠોરતાના કારણે આસમાન ઉપર ભ્રામક ધૂમાડો નજરે પડવાને કુર્આને કરીમે تَأْتِي السَّمَاءُ (આકાશ આવશે) અને دُخَانٍ مُّبِينٍ (ખુલ્લો ધૂમાડો) અને يَغْشَى النَّاسَ (લોકોને ઘેરી લેશે)ના શબ્દોથી ઓળખાવ્યું છે, કારણ કે દેખીતી રીતે તે શબ્દોથી જાહેર આસમાન ઉપર ખુલ્લો ધૂમાડો છવાઈ જવું અને બધા લોકોનું તે ધૂમાડાથી પ્રભાવિત થવાનું જણાય છે. પ્રસ્તુત તફસીરમાં ન તો આસમાન ઉપર ધૂમાડાનું છવાઈ જવું સાબિત થાય છે અને ન જ લોકોનું એ ધૂમાડાથી પ્રભાવિત થવાનું જણાય છે બલકે આ ધૂમાડો દેખાવું તો પોતે તેમની પોતાની મુસીબતની કઠોરતાની અસર હતી એટલા માટે હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ કુર્આનના જાહેર શબ્દો પ્રમાણે એ બાબતને અગ્રિમતા આપી છે કે આ "દુખાનુમ્મુબીન" (જાહેર સ્પષ્ટ ધૂમાડો) કયામતની નિશાનીઓમાંથી છે અને તેને અગ્રિમતા એટલા માટે પણ આપી છે કે આ રિવાયત મરફૂઆથી સાબિત છે તે માત્ર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)નું પોતાનું નિવેદન છે પરંતુ આ તફસીર ઉપર દેખીતી રીતે إِنَّا كَاشِفُوا الْعَذَابِ قَلِيلًا إِنَّكُمْ عَائِدُونَ થી એ શંકા થાય છે કે કયામતમાં તો કાફિરો ઉપરથી કોઈ અઝાબ હટાવવામાં આવશે નહીં, અહીંયાં અમુક દિવસ માટે અઝાબ હટાવી દેવાનું વર્ણન કેવી રીતે ઠીક ગણાય ? ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે તેના બે ભાવાર્થ હોઈ શકે છે, એક એ કે તેનાથી ભાવાર્થ એ હોય કે જો અમે તમારા કહેવા પ્રમાણે અઝાબ હટાવી દઈએ અને તમને પાછા દુનિયામાં મોકલીએ તો તમે ફરી તે જ કુફ્ર અને ઈન્કાર કરવા લાગશો જેમકે બીજી એક આયતમાં આ જ વિષય આ પ્રમાણે આવ્યો છે. وَلَوْ رَحِمْنَاهُمْ وَكَشَفْنَا مَا بِهِمْ مِنْ ضُرٍّ لَلَجُّوا فِي طُغْيَانِهِمْ يَعْمَهُونَ (૨૩:૭૫) અને એક અન્ય આયતમાં ફરમાવ્યું, وَلَوْ رُدُّوا لَعَادُوا لِمَا نُهُوا عَنْهُ (૬:૨૮) બીજો ભાવાર્થ એ હોઈ

શકે છે કે كَاشِفُواالْعَذَابِ માં كَشْفِ عَذَابِ થી ભાવાર્થ એ હોય કે જો કે અઝાબ આવવાના કારણો સંપૂર્ણ થઈ ચૂક્યા અને અઝાબ તમારી પાસે આવી ચૂક્યો છે પરંતુ અમુક દિવસ માટે અમે તેને મુલતવી કરી આપીએ છીએ, જેમકે કોમે યૂનુસ (અલૈ.) વિશે આવ્યું છે. كَشَفْنَا عَنْهُمُ الْعَذَابَ જ્યારે કે કોમે યૂનુસ (અલૈ.) ઉપર અઝાબ આવી ચૂક્યો ન હતો, માત્ર અઝાબના ચિહ્નો નજરે પડયા હતા, તેને كَشْفِ عَـــــذَابِ થી ઓળખાવવામાં આવ્યું છે. ખુલાસો એ છે કે જો ધૂમાડાની આગાહીને કયામતની નિશાનીઓમાં સામેલ કરી લેવામાં આવે તો كَاشِفُواالْعَذَابِ ના શબ્દોથી તેના ઉપર કોઈ શંકા નથી રહેતી અને આ તફસીર ઉપર يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرٰى થી ભાવાર્થ કયામતની પકડ હશે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની તફસીરમાં જે ગઝ્વએ બદ્રની પકડને ફરમાવ્યું છે તે પોતાની જગ્યાએ સાચું છે તે પણ એક સખત પકડ જ હતી પરંતુ તેનાથી એ જરૂરી નથી બનતું કે આગળ કયામતમાં તેનાથી મોટી પકડ ન થાય અને એમાં પણ કંઈ અસંભવ નથી જણાતું કે કુર્આને કરીમે મક્કાના કાફિરોને એક આવનારા અઝાબથી આ આયતોમાં ડરાવ્યા હોય, ત્યારબાદ જે પણ અઝાબ તેમના ઉપર આવ્યો તેને કોઈને કોઈ દરજ્જામાં તેનું સમર્થન સમજીને સહાબએ કિરામ (રદિ.)એ આ આયતોનું વર્ણન કરી દીધું હોય જેનાથી તે કયામતની નિશાનીઓમાંથી હોવાનો નકાર થતો નથી, જેમકે રૂહુલ મઆનીમાં અલ્લામહ સુફ્ફારીની (રહ.)ની કિતાબ اَلْبُحُوْرُالذَّاخِرَةُ ના હવાલામાં પોતે હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત થઈ છે.

هُمَا دُخَانَانِ مَضٰى وَاحِدٌ وَالَّذِىْ بَقِىَ يَمْلَأُ مَابَيْنَ السَّمَاءِ وَالْاَرْضِ وَلَا يُصِيْبُ الْمُؤْمِنَ اِلَّابِالزُّكْمَةِ وَاَمَّا الْكَافِرُ فَيَشُقُّ مَسَامِعَهُ فَيَبْعَثُ اللّٰهُ تَعَالٰى عِنْدَ ذٰلِكَ الرِّيْحَ الْجُنُوْبَ مِنَ الْيَمَنِ فَتَقْبِضُ رُوْحَ كُلِّ مُؤْمِنٍ وَّيَبْقٰى شِرَارُالنَّاسِ. (رُوْح)

"دُخَـــانٌ (દુખાન) "ધૂમાડા" બે છે, એક આવી ચૂક્યો (એટલે કે મક્કાના દુષ્કાળના સમયે) અને બીજો જે બાકી છે તે આસમાન અને જમીનના વચ્ચેના અવકાશને ભરી દેશે અને મો'મિનોને તેનાથી માત્ર શરદીની પરિસ્થિતિ ઉત્પન્ન થશે અને કાફિરોના શરીરના બધા જ છિદ્રોને ફાડી નાંખશે, તે સમયે અલ્લાહ

તઆલા યમન તરફથી દક્ષિણની હવા મોકલી આપશે જે દરેક મો'મિનની રૂહ કબ્જે કરી લેશે અને માત્ર કાફિરો અને લોકોમાંના બુરા માણસો બાકી રહી જશે.''

જો કે રૂહુલ મઆનીના કર્તાએ પોતાની આગવી તફસીર પ્રમાણે આ રિવાયતની ખરાઈ વિશે પોતાની શંકા જાહેર કરી છે પરંતુ આ રિવાયત સાબિત થઈ જાય તો જવાહિરે કુર્આન (કુર્આનના જાહેર શબ્દો) અને હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત વચ્ચે કોઈ વિરોધાભાસ રહેતો નથી. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ દુખાન : આયત નં. ૧૭ થી ૩૩)

وَلَقَدْ فَتَنَّا قَبْلَهُمْ قَوْمَ فِرْعَوْنَ وَجَآءَهُمْ رَسُولٌ كَرِيمٌ ﴿١٧﴾ أَنْ أَدُّوٓا إِلَىَّ عِبَادَ اللهِ
إِنِّى لَكُمْ رَسُولٌ أَمِينٌ ﴿١٨﴾ وَأَن لَّا تَعْلُوا عَلَى اللهِ إِنِّىٓ ءَاتِيكُم بِسُلْطٰنٍ مُّبِينٍ ﴿١٩﴾
وَإِنِّى عُذْتُ بِرَبِّى وَرَبِّكُمْ أَن تَرْجُمُونِ ﴿٢٠﴾ وَإِن لَّمْ تُؤْمِنُوا لِى
فَاعْتَزِلُونِ ﴿٢١﴾ فَدَعَا رَبَّهُ أَنَّ هٰٓؤُلَآءِ قَوْمٌ مُّجْرِمُونَ ﴿٢٢﴾ فَأَسْرِ بِعِبَادِى لَيْلًا
إِنَّكُم مُّتَّبَعُونَ ﴿٢٣﴾ وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا إِنَّهُمْ جُندٌ مُّغْرَقُونَ ﴿٢٤﴾ كَمْ تَرَكُوا مِن
جَنّٰتٍ وَّعُيُونٍ ﴿٢٥﴾ وَّزُرُوعٍ وَّمَقَامٍ كَرِيمٍ ﴿٢٦﴾ وَّنَعْمَةٍ كَانُوا فِيهَا فٰكِهِينَ ﴿٢٧﴾
كَذٰلِكَ وَأَوْرَثْنٰهَا قَوْمًا ءَاخَرِينَ ﴿٢٨﴾ فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْأَرْضُ وَمَا
كَانُوا مُنظَرِينَ ﴿٢٩﴾ وَلَقَدْ نَجَّيْنَا بَنِىٓ إِسْرَآءِيلَ مِنَ الْعَذَابِ الْمُهِينِ ﴿٣٠﴾
مِن فِرْعَوْنَ إِنَّهُ كَانَ عَالِيًا مِّنَ الْمُسْرِفِينَ ﴿٣١﴾ وَلَقَدِ اخْتَرْنٰهُمْ عَلٰى عِلْمٍ
عَلَى الْعٰلَمِينَ ﴿٣٢﴾ وَءَاتَيْنٰهُم مِّنَ الْءَايٰتِ مَا فِيهِ بَلٰٓؤٌا مُّبِينٌ ﴿٣٣﴾

તરજુમો :

અને અમે તેમનાથી પહેલાં ફિરઓનની કોમને અજમાવી ચૂક્યા છે અને

તેમની પાસે ઈજ્જતવાળો રસૂલ આવ્યો હતો. (૧૭) કે અલ્લાહના બંદાઓ (બની ઈસ્રાઈલ)ને (મારા) હવાલે કરો હું તમારી પાસે આવ્યો છું મોકલેલો, ભરોસાપાત્ર. (૧૮) અને એ કે અલ્લાહ સમક્ષ શિરજોરી ન કરો હું તમારી પાસે ખુલ્લી સનદ (પ્રમાણ) લાવું છું. (૧૯) અને હું શરણ (આશ્રય) લઈ ચૂક્યો પોતાના પરવરદિગાર અને તમારા પરવરદિગારથી એ વાતથી કે તમે મને સંગસાર કરી (પથ્થર મારી મારીને મારી) નાંખો. (૨૦) અને જો તમે મારા ઉપર યકીન નથી કરતા તો મારાથી દૂર થઈ જાઓ. (૨૧) પછી પોતાના પરવરદિગારથી દુઆ કરી કે આ લોકો ગુનેહગાર છે. (૨૨) પછી રાત્રે મારા બંદાઓને લઈને નીકળો; અલબત્ત તેઓ તમારો પીછો કરશે. (૨૩) અને દરિયાને સ્થિર થયેલો છોડી જાઓ અલબત્ત તે લશ્કર ડૂબનારું છે. (૨૪) ઘણા બગીચાઓ અને ઝરણાઓ છોડી ગયા. (૨૫) અને ખેતીઓ અને ઉમદા ઘરો. (૨૬) અને આરામનો સામાન જેમાં તેઓ મોજમજા કરતા હતા. (૨૭) એવું જ થયું અને તે બધું અમે એક બીજી કોમના હાથ લગાડી દીધું (વારસ બનાવી દીધા). (૨૮) પછી તેમના ઉપર આસમાન અને જમીન રડ્યા નહીં અને તેમને મહોલત ન મળી. (૨૯) અને અમે બની ઈસ્રાઈલને અપમાનિત કરનાર મુસીબતથી છુટકારો આપ્યો. (૩૦) જે ફિરઔન તરફથી હતી, બેશક ! તે ચઢેલો (અહંકારી) હદથી વધી જનાર હતો. (૩૧) અને અમે તેમને (બની ઈસ્રાઈલને) જાણીબૂઝીને દુનિયાના લોકોમાં પસંદ કર્યા. (૩૨) અને અમે તેમને નિશાનીઓ આપી જેમાં ઉઘાડી મદદ હતી. (૩૩)

તફસીર :

અને અમે તેમનાથી અગાઉ ફિરઔનની કોમને અજમાવ્યા હતા અને (તે અજમાયશ એ હતી કે) તેમની પાસે એક સન્માનનીય પયગમ્બર (એટલે કે હઝરત મૂસા અલૈ.) આવ્યા હતા (પયગમ્બરના આવવાથી અજમાયશ એ થાય છે કે કોણ ઈમાન લાવે છે અને કોણ નથી લાવતું અને તેમણે આવીને ફિરઔન અને ફિરઔનની કોમને કહ્યું) કે તે અલ્લાહના બંદાઓ (એટલે કે બની ઈસ્રાઈલ)ને (જેમને તમે જાતજાતની તકલીફોમાં સપડાવી રાખ્યા છે) મારા હવાલે કરી આપો (અને તેમનાથી હાથ ધોઈ નાંખો કે હું જ્યાં અને જેવી રીતે

યોગ્ય સમજું તેમને આઝાદ કરીને રાખું) હું તમારા તરફ (અલ્લાહ તઆલાનો) મોકલેલો છું (અને) પ્રમાણિક છું, (કોઈ વાત વહીથી ઓછી વધતી નથી કરતો, જે હુકમ થાય છે પહોંચાડું છું બસ તમારે માનવું જોઈએ) અને એ (પણ કહ્યું) કે અલ્લાહથી શિરજોરી ન કરો (ઉપરોક્ત હુકુકૂલ ઈબાદનો હુકમ હતો, અહીંયાં અલ્લાહ તઆલાના હકનું વર્ણન છે), હું તમારી સામે એક સ્પષ્ટ દલીલ (પોતાની નુબુવ્વતની) રજૂ કરું છું (તેનાથી ભાવાર્થ લાઠી અને ચળકતા હાથના મોઅ્જિઝા છે) અને (જ્યારે ફિરઔન અને ફિરઔનવાળાઓએ ન માન્યું બલકે પરસ્પર તેમને કતલ કરવાનો મશ્વરો થયો તે સમયે તે સાંભળીને મૂસા અલૈ.એ કહ્યું કે) હું પોતાના પરવરદિગાર અને તમારા પરવરદિગારનું શરણ લઉં છું એનાથી કે તમે લોકો મને પથ્થર (વગેરે)થી મારી નાંખો અને જો તમે મારા ઉપર ઈમાન નથી લાવતા તો તમે મારાથી અળગા જ રહો (એટલે કે મને તકલીફ પહોંચાડવાનો પ્રયાસ ન કરો, કારણ કે મને તો કોઈ નુકસાન પહોંચશે નહીં, મને તો અલ્લાહે વાયદો કર્યો છે .... فَلَا يَصِلُوْنَ اِلَيْكُمَا પરંતુ તમારો અપરાધ વધારે સખત થઈ જશે તેથી હું તમારી ભલાઈ ખાતર કહું છું કે એવું ન કરો પરંતુ તે લોકો ક્યાં માનવાના હતા !?) ત્યારે મૂસા (અલૈ.)એ પોતાના પરવદગારથી દુઆ કરી કે આ ઘણા સખત અપરાધી લોકો છે (કે અપરાધથી અટકતા નથી હવે તેમનો ફેંસલો કરી નાંખ, હુકમ થયો કે અમે દુઆ કબૂલ કરી અને તેમના ફેંસલાનો સમય આવી ગયો) તો હવે મારા બંદાઓ(એટલે કે બની ઈસ્રાઈલ)ને તમે રાતોરાત લઈને ચાલ્યા જાઓ (કારણ કે) તમારા લોકોનો (ફિરઔન તરફથી) પીછો (પણ) થશે (એટલા માટે રાત્રે નીકળી જવાથી એટલા દૂર તો નીકળી જશો કે પીછો કરનાર તમને પામી શકે નહીં) અને (મુસાફરીના સમયે જે સમુદ્ર માર્ગમાં પડશે) તમે તે સમુદ્રને (પ્રથમ લાઠી મારજો કે તે સુકાઈને માર્ગ આપી દેશે, પછી સામે પાર ઊતર્યા બાદ જ્યારે તેને તે જ હાલત ઉપર જુઓ તો ચિંતા ન કરજો કે એ જ રીતે ફિરઔન પણ કદાચ પાર થઈ જશે ! બલકે તમારે તેને એ જ) સ્થિર હાલતમાં (એટલે કે પાણી હટી જવા અને માર્ગના સુક્કા થઈ જવાની જે સમુદ્રની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે એ જ પરિસ્થિતિ ઉપર) છોડી દેજો (અને નચિંત રહેજો, કારણ કે તેના આવી હાલતમાં રહેવાની એ હિકમત છે કે) તે (ફિરઔનીઓ)નું સમગ્ર લશ્કર (તે દરિયામાં) ડૂબાડવામાં આવશે (એ પ્રમાણે કે

તેઓ તેમાં ઘુસી જશે અને જ્યારે તેમાં આવી જશે તો ચારે બાજુથી પાણી ભેગું થઈ જશે એટલા માટે એવું જ થયું કે મૂસા અલૈ. પાર થઈ ગયા અને ફિરઔનીઓ ડૂબી ગયા અને) તે લોકો કેટલાય બગીચાઓ અને (કેટલાય) ઝરણાંઓ (એટલે કે નહેરો) અને (કેટલીય) ખેતીઓ અને (કેટલાય) ઉમદા મકાનો (અને કેટલોય) આરામનો સામાન જેમાં તેઓ ખુશ રહ્યા કરતા હતા છોડી ગયા, (આ બધું) એ જ પ્રમાણે બન્યું અને અમે એક બીજી કોમને તેમના માલિક બનાવી દીધા (ભાવાર્થ બની ઈસ્રાઈલ છે) બસ (કારણ કે તેઓ અત્યંત નીંદાપાત્ર કોમ હતી એટલા માટે) ન તો તેમના ઉપર આસમાન અને જમીનને રડવું આવ્યું અને ન જ તેમને (અઝાબથી કંઈક) મહોલત આપવામાં આવી (એટલે કે જો થોડું વધારે જીવ્યા હોત તો જહન્નમના અઝાબથી થોડા દિવસ બચેલા રહ્યા હોત) અને અમે (આ રીતે) બની ઈસ્રાઈલને સખત અપમાનના અઝાબ એટલે કે ફિરઔન(ના જુલમ)થી છુટકારો અપાવ્યો, ખરેખર તે (ફિરઔન) ઘણો બળવાખોર (અહંકારી અને બંદા તરીકેની) હદથી વધી જનારાઓમાંથી હતો (એક નેઅ્મત તો બની ઈસ્રાઈલ ઉપર આ થઈ) અને (તે ઉપરાંત) અમે બની ઈસ્રાઈલને (બીજી પણ નેઅ્મતો આપીને) પોતાના જ્ઞાન (અને હિકમત)ની રૂએ (અમુક બાબતોમાં બધી) દુનિયાવાળાઓ ઉપર (અથવા બધી જ બાબતોમાં મખ્લૂકના એક મોટા વિભાગ ઉપર દાખલા તરીકે તે સમયના લોકો ઉપર) શ્રેષ્ઠતા બખ્શી અને (તે નેઅ્મતોના ઈનામ થવા ઉપરાંત અલ્લાહ તઆલાની કુદરત ઉપર દલીલ પણ હતી જેનો ખુલાસો એ છે કે) અમે તેમને (પોતાની કુદરતની) એવી (મોટી મોટી) નિશાનીઓ આપી જેમાં ઉઘાડા ઈનામ (જોવા મળતા) હતા (એટલે કે જે અહેસાનો તેમના ઉપર કરવામાં આવ્યા તેમાં તે લક્ષણો જોવા મળતા હતા, ઈનામ હોવું પણ અને કુદરતની દલીલ હોવું પણ, પછી તેમને એવી નેઅ્મતો આપી હતી જેમકે ફિરઔનથી છુટકારો અપાવવો અને અમુક એવી નેઅ્મતો હતી જેમકે જ્ઞાન, કિતાબ, મોઅ્જિઝાઓ, કુદરતના સાક્ષાત્કારો વગેરે).

મસ્અલા અને બોધપાઠ :

وَاِنِّیْ عُذْتُ بِرَبِّیْ وَرَبِّکُمْ اَنْ تَرْجُمُوْنِ (હું મારા પરવરદિગાર અને તમારા પરવરદિગારનું શરણ લઉં છું એનાથી કે તમે મને "રજમ" કરો.) "રજમ"નો

અર્થ "સંગસાર કરવો" એટલે કે પથ્થરથી મારી મારીને મારી નાંખવાનો પણ થાય છે અને કોઈને ગાળ આપવાનો તથા બુરું ભલું કહેવાનો પણ. અત્રે બંને અર્થો ભાવાર્થ સ્વરૂપે હોઈ શકે છે પરંતુ પ્રચલિત એ છે કે અહીંયાં સંગસાર કરવું ભાવાર્થ સ્વરૂપે છે, કારણ કે ફિરઔનની કોમ હઝરત મૂસા (અલૈ.)ને કતલ વગેરેની ધમકીઓ આપી રહી હશે.

وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا (અને સમુદ્રને સ્થિર સ્થિતિમાં છોડી આપો.) رَهْوًا (રહ્‌વુન)નો અર્થ "સ્થિર" થાય છે, વાસ્તવમાં હઝરત મૂસા (અલૈ.) અને તેમના સાથીઓ પાર થઈ ગયા પછી તેમને સ્વાભાવિક રીતે ઈચ્છા એવી થવી જોઈતી હતી કે સમુદ્ર ફરી પોતાની મૂળ પરિસ્થિતિ ઉપર આવી જાય જેથી ફિરઔનનું લશ્કર સામે પાર આવી ન શકે, એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને ચેતવણી આપી કે પોતે પાર કર્યા પછી સમુદ્રને તેની સ્થિર સ્થિતિ ઉપર જ છોડી દેજો અને ફરીવાર પાણી રહેવાની ચિંતા ન કરજો જેથી ફિરઔન સૂક્કો માર્ગ બનેલો જોઈને સમુદ્રની વચ્ચોવચ પહોંચી જાય તે સમયે અમે સમુદ્રને વહાવી દઈશું અને તે લશ્કર ડૂબી જશે. *(ઈબ્ને કષીર)*

وَاَوْرَثْنٰهَا قَوْمًا اٰخَرِيْنَ (અને અમે તેમના વારસ એક બીજી કોમને બનાવ્યા.) સૂરએ શુઅ્‌રામાં ખુલાસો છે કે આ "બીજી કોમ"થી ભાવાર્થ બની ઈસ્રાઈલ છે અને તેના ઉપર જે સંદેહ કરવામાં આવ્યો છે કે પ્રખ્યાત થયેલ ઈતિહાસથી ક્યાંય સાબિત નથી થતું કે બની ઈસ્રાઈલ બીજીવાર મિસ્રમાં વસ્યા હોય, તેનો જવાબ પણ સૂરએ શુઅ્‌રાની તફસીરમાં પસાર થઈ ચૂક્યો છે.

જમીન અને આસમાનનું રડવું (કલ્પાંત) :

فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ (બસ તેના ઉપર આસમાન અને જમીનને રડવું આવ્યું નહીં.) ભાવાર્થ એ છે કે તેમણે જમીન ઉપર કોઈ એવા સદ્‌કાર્યો કર્યા ન હતા કે તેમના મર્યા પછી જમીન રડે અને ન જ તેમના કોઈ સદ્‌કર્મો આસમાન સુધી પહોંચ્યા હતા કે તેમના ઉપર આસમાન રડે અને આ વાત અનેક રિવાયતોથી સાબિત છે કે કોઈ નેક બંદાની મોત ઉપર આસમાન અને જમીન રડે છે, હાફિઝ અબૂ યઅ્‌લા (રહ.)એ હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી રસૂલે કરીમ ﷺનું આ ફરમાન નકલ કર્યું છે કે આસમાનમાં દરેક

બંદા માટે બે દરવાજા નક્કી છે, એકથી તેની રોજી નાઝિલ થાય છે અને બીજાથી તેના અમલ અને તેની વાતચીત ઉપર પહોંચે છે એટલા માટે જ્યારે તે બંદો મરે છે તો આ દરવાજા તેને યાદ કરીને રડે છે, ત્યારબાદ આપ ﷺએ (સાક્ષી સ્વરૂપે) આ જ આયત તિલાવત કરી કે فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْأَرْضُ હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી પણ આ જ પ્રકારની રિવાયતો નકલ થઈ છે. (ઇબ્ને કષીર) એક અન્ય હદીષમાં જે હઝરત શુરયહ બિન ઉબયદ હઝરમી (રદિ.)થી રિવાયત છે કે આપ ﷺએ ફરમાવ્યું કે જે મો'મિન પણ એવી દારૂણ પરિસ્થિતિમાં મૃત્યુ પામે છે કે તેના ઉપર કોઈ રડનારું ન હોય તો તેના ઉપર આસમાન અને જમીન રડે છે, તેના ઉપર પણ આપ ﷺએ આ જ આયત તિલાવત કરી અને ફરમાવ્યું કે આ જમીન અને આસમાન કોઈ કાફિર ઉપર નથી રડતા. (ઇબ્ને જરીર) હઝરત અલી (રદિ.)થી પણ નકલ થયું છે કે તેમણે નેક માણસના મૃત્યુ ઉપર આસમાન અને જમીનના રડવાનું વર્ણન કર્યું છે. *(ઇબ્ને કષીર)*

અમુક લોકોએ આયતના શબ્દોને રૂપક અથવા અલંકાર ઠરાવ્યો છે, તેઓ કહે છે કે આસમાનો અને જમીનનું ખરેખર રડવું ભાવાર્થ સ્વરૂપે નથી, બલકે હેતુ એ છે કે તેમનું અસ્તિત્વ એવું ધ્યાન આપવાપાત્ર ન હતું કે તેમના નાશ પામવા ઉપર કોઈને રંજ ગમ થાય પરંતુ પ્રસ્તુત રિવાયતોના પ્રકાશમાં પ્રચલિત એ જ જણાય છે કે અત્રે આસમાન અને જમીનનું હકીકતમાં રડવું ભાવાર્થ સ્વરૂપે છે, કારણ કે જ્યારે આયતનો વાસ્તવિક અર્થ શક્ય છે અને રિવાયતોથી પણ તેનું સમર્થન થાય છે તો જાણીબૂઝી તેને રૂપક અથવા ભાષાકીય અલંકાર સમજવાની જરૂર નથી, રહી એ શંકા કે આસમાન અને જમીનમાં સમજદારી ક્યાં હોય છે કે તેઓ રડી શકે ?! તો તેનો જવાબ દેખીતો છે કે સૃષ્ટિની દરેક મખ્લૂકમાં કંઈકને કંઈ સમજદારી અવશ્ય ઉપસ્થિત છે જેમકે કુર્આને કરીમની આયત اِنْ مِّنْ شَيْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ થી જાણ થાય છે અને હવે ધીરે ધીરે આધુનિક વિજ્ઞાન પણ એવા જ પરિણામ ઉપર પહોંચી રહ્યું છે, હા ! એ જરૂરી નથી કે આસમાન અને જમીનનું રડવું એવું જ હોય જેમકે મનુષ્યોનું રડવું હોય છે, તેમના રડવાનું સ્વરૂપ ચોક્કસ અલગ સ્વરૂપનું હશે જેની વાસ્તવિકતા આપણને ખબર નથી.

وَلَقَدِ اخْتَرْنٰهُمْ عَلٰى عِلْمٍ عَلَى الْعٰلَمِيْنَ (અને અમે બની ઈસ્રાઈલને પોતાના જ્ઞાનની રૂએ દુનિયાવાળાઓ ઉપર શ્રેષ્ઠતા બખ્શી.) તેનાથી બની

ઈસ્રાઈલનું ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ ઉપર શ્રેષ્ઠ હોવું જરૂરી નથી બનતું, કારણ કે તેનો ભાવાર્થ તે સમયની દુનિયાના લોકો છે અને તે સમયે નિ:શંક ! તેઓ બધી કોમોથી શ્રેષ્ઠ હતા અને આ એવું જ છે જેમકે હઝરત મરયમ (અલૈ.) માટે نِسَاءِ الْعَالَمِيْنَ (નિસાઉલ આલમીન) "સમગ્ર વિશ્વની સ્ત્રીઓ" ઉપર શ્રેષ્ઠતાનું કુર્આને કરીમે વર્ણન કર્યું છે અને એવું પણ શક્ય છે કે કોઈ ખાસ પાસાથી બની ઈસ્રાઈલને સમગ્ર દુનિયા અને દરેક સમયના લોકો ઉપર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત હોય પરંતુ સામૂહિક સ્વરૂપે શ્રેષ્ઠતા ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને જ પ્રાપ્ત છે. (વિગત માટે ઈબ્ને કષીર વગેરે જોવામાં આવે) અને عَلٰى عِلْمٍ (અલા ઈલ્મીન) "પોતાના ઈલ્મની રૂએ"નો ભાવાર્થ એ છે કે અમારા દરેક કામમાં હિકમત હોય છે, બસ તેમને શ્રેષ્ઠતા આપવી કારણ કે અમારા જ્ઞાનમાં હિકમત અને હિતનો તકાદો હતો એટલા માટે અમે તેમને શ્રેષ્ઠતા બખ્શી.

وَاٰتَيْنٰهُمْ مِّنَ الْاٰيٰتِ مَافِيْهِ بَلٰٓؤٌا مُّبِيْنٌ (અને અમે તેમને એવી નિશાનીઓ આપી જેમાં ખુલ્લા ઈનામ હતા.) "નિશાનીઓ"થી ભાવાર્થ લાઠી અને ચમકતો હાથ વગેરે મોઅ્જિઝાઓ છે અને بَلٰٓؤٌا (બલાઉન)ના બે અર્થો આવે છે, એક ઈનામ અને બીજું આજમાયશ, અત્રે બંને અર્થો કોઈ અવરોધ વિના શક્ય છે.

(કુર્તુબી)

આયતો : (સૂરએ દુખાન : આયત નં. ૩૪ થી ૪૨)

اِنَّ هٰٓؤُلَآءِ لَيَقُوْلُوْنَ ۙ﴿۳۴﴾ اِنْ هِيَ اِلَّا مَوْتَتُنَا الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُنْشَرِيْنَ ﴿۳۵﴾ فَاْتُوْا بِاٰبَآئِنَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۳۶﴾ اَهُمْ خَيْرٌ اَمْ قَوْمُ تُبَّعٍ ۙ وَّالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ اَهْلَكْنٰهُمْ اِنَّهُمْ كَانُوْا مُجْرِمِيْنَ ﴿۳۷﴾ وَمَا خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿۳۸﴾ مَا خَلَقْنٰهُمَآ اِلَّا بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۳۹﴾ اِنَّ يَوْمَ الْفَصْلِ مِيْقَاتُهُمْ اَجْمَعِيْنَ ۙ﴿۴۰﴾ يَوْمَ لَا يُغْنِيْ مَوْلًى عَنْ مَّوْلًى شَيْئًا وَّلَا هُمْ يُنْصَرُوْنَ ۙ﴿۴۱﴾ اِلَّا مَنْ رَّحِمَ اللّٰهُ ؕ اِنَّهٗ هُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿۴۲﴾ ع

તરજુમો :

બેશક આ લોકો કહે છે (૩૪) બીજું કંઈ નથી; અમારું અહીંયાં જ પ્રથમ મરવાનું છે અને અમારે ફરી ઉઠવાનું નથી. (૩૫) વારું, લઈ આવો તો અમારા બાપદાદાઓને જો તમે સાચા છો ! (૩૬) ભલા આ (લોકો) બહેતર છે અથવા તુબ્બઅ્ની કોમ અને જે તેમનાથી પહેલાં હતા ? અમે તેમનો નાશ કરી નાંખ્યો, નિઃશંક તેઓ મુજરીમ (ગુનેહગાર) હતા. (૩૭) અને અમે જે આસમાનો અને જમીન બનાવ્યા અને જે તેમની વચ્ચે છે (કંઈ) રમત (તમાશો) નથી બનાવ્યા ! (૩૮) અમે તો તેમને સત્ય (હેતુ) સાથે બનાવ્યા પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૩૯) નિઃશંક ફૈસલાનો દિવસ તે સૌનો વાયદો છે. (૪૦) જે દિવસે કોઈ સંબંધી કોઈ સંબંધીને કંઈ પણ કામ લાગે નહીં અને ન જ તેમને મદદ પહોંચે. (૪૧) પરંતુ જેના ઉપર અલ્લાહ મહેરબાની કરે બેશક ! તે જ છે જબરદસ્ત રહમવાળો. (૪૨)

તફસીર :

આ લોકો (કયામતની ધમકીઓ સાંભળીને કયામતનો ઈન્કાર કરે છે અને) કહે છે કે અંતિમ હાલત બસ આ જ અમારું દુનિયાનું મરવું છે અને અમે ફરીવાર જીવીત થઈશું નહીં (મતલબ એ છે કે અંતિમ પરિસ્થિતિ તે આખિરતની જિંદગી નથી, બલકે આ દુનિયાનું મોત જ અંતિમ પરિસ્થિતિ છે, ત્યારપછી કંઈ થવાનું જ નથી) બસ (હે મુસલમાનો !) જો તમે (આખિરતના દા'વામાં) સાચા છો તો (રાહ કોણ જુએ ! હમણા જ) અમારા બાપદાદાઓને (જીવીત કરાવી) લાવીને હાજર કરો (આગળ તેમના કુફ્ર ઉપર ધમકી છે કે તેમણે થોડું વિચારવું જોઈએ કે) તમે લોકો (શક્તિ અને શા'નમાં) વધારે ચઢિયાતા થયા છે અથવા તુબ્બઅ્ (યમનના બાદશાહ)ની કોમ અને જે કોમો તેમનાથી પહેલાં થઈ ચૂકી છે (દાખલા તરીકે આદ અને ષમૂદ વગેરે એટલે કે તે કોમો વધારે ચઢિયાતી થઈ છે પરંતુ) અમે તેમનો (પણ) નાશ કરી નાંખ્યો (માત્ર એટલા માટે કે) તેઓ નાફરમાન હતા (બસ આ લોકો જો નાફરમાનીથી અટકશે નહીં તો તેઓ કેવી રીતે પોતાને બચાવી લેશે ?) અને (આગળ કયામતની સચ્ચાઈ અને હિકમતનું વર્ણન થયેલ છે કે) અમે આસામાનો અને જમીનને અને જે કંઈ તેમની વચ્ચે છે તેમને

એ રીતે નથી બનાવ્યું કે અમે ખેલ તમાશો કરનાર હોય (બલકે) અમે તે બંનેને (બીજી મખ્લૂકો સહિત) કોઈ હિકમતથી જ બનાવ્યા છે (દાખલા તરીકે તેનાથી અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત ઉપર દલીલ થાય છે, બીજું બદલા અને સજાની સાબિતી મળે છે) પરંતુ ઘણા લોકો નથી સમજતા (કે જે હસ્તી આવા મહાન પદાર્થોને શરૂઆતમાં પેદા કરવાની શક્તિ ધરાવે છે તે તેમને ફરીવાર સર્જવા પણ શક્તિમાન છે) બેશક ! ફેંસલાનો દિવસ (એટલે કે કયામતનો દિવસ) તે સૌ(ને ફરીવાર જીવીત થવાનો અને બદલાનો તથા સજા મળવા)નો સમય નિશ્ચિત છે (જેનું આવવું પોતાના મોકા ઉપર અવશ્ય બનશે જ, આગળ કયામતની અમુક ઘટનાઓ છે એટલે કે) જે દિવસે કોઈ ઈલાકાવાળો કોઈ ઈલાકાવાળાને જરા પણ કામ આવશે નહીં (અને ન જ બીજા કોઈના તરફથી, દાખલા તરીકે તેમના ઘડી કાઢેલા જૂઠા ખુદાઓ તરફથી) તેમની કંઈ મદદ કરવામાં નહીં આવે, હા ! પરંતુ જેના ઉપર અલ્લાહ રહમ કરે (કે રહમતથી તેના માટે અલ્લાહ તઆલાની પરવાનગીથી કરવામાં આવેલ સિફારસ કામ લાગશે અને અલ્લાહ તઆલા તેમનો મદદગાર હશે) તે (અલ્લાહ તઆલા) જબરદસ્ત છે (કાફિરોથી બદલો લેશે) મહેરબાન છે (મુસલમાનો ઉપર મહેરબાની કરશે).

મસ્અલા અને બોધપાઠ :

فَأْتُوا بِآبَائِنَا إِنْ كُنْتُمْ صٰدِقِيْنَ (જો તમે સાચા છો તો અમારા બાપ દાદાઓને લાવી હાજર કરો) કુર્આને કરીમે તેમના આ વાંધાઓનો જવાબ એટલા માટે નથી આપ્યો કે એ બિલકુલ જાહેર હતું અને તે એ કે બધા જ મનુષ્યોને ફરીવાર જીવીત કરવાનો દા'વો આખિરતમાં કરવામાં આવી રહ્યો છે તે જ વખતે અલ્લાહ તઆલા બધાને સજીવન કરશે. દુનિયામાં જિંદગી અને મોત કુદરતના ખાસ કાયદાઓ અને મસ્લિહતોની પાબંદ છે. જો અલ્લાહ તઆલા તે સમયે કોઈને બીજી જિંદગી અર્પણ નથી કરી રહ્યો તો તે એ બાબતની દલીલ કેવી રીતે બની ગઈ કે આખિરતમાં પણ તે ફરીવાર જીવીત કરી શકશે નહીં ?! તર્કની પરિભાષામાં તેનો જવાબ એવી રીતે ઓળખાવી શકાય છે કે કોઈ ચોક્કસ વસ્તુનો નકાર સર્વસામાન્ય વસ્તુનો નકાર કરવા માટે લાગુ પડવો જરૂરી નથી. "The negation of a particular thing does not necessarity imply the negation of a general thing." *(બયાનુલ કુર્આન)*

કોમે તુબ્બઅની ઘટના :

أَهُمْ خَيْرٌ أَمْ قَوْمُ تُبَّعٍ (શું આ લોકો શા'ન અને દરજ્જાના આધારે ચઢિયાતા થયા છે અથવા તુબ્બઅ્ની કોમ ?) કુર્આને કરીમમાં કોમે તુબ્બઅ્નું વર્ણન બે સ્થળે આવ્યું છે, એક અહીંયાં અને બીજું સૂરએ કા'ફમાં; પરંતુ બંને સ્થળોએ તેનું માત્ર નામ જ ઉપસ્થિત છે કોઈ વિગતવાર ઘટના વર્ણવાઈ નથી તેથી તેના વિશે તફસીરકારોએ લાંબી ચર્ચાઓ કરી છે કે તેનાથી કોણ ભાવાર્થ સ્વરૂપે છે. ઘટના એ છે કે તુબ્બઅ્ કોઈ એક વ્યક્તિનું નામ નથી બલકે એ યમનના તે હિમૈર બાદશાહોનું ઘણી મોટી સંખ્યામાં વપરાયેલું ઉપનામ રહ્યું છે જેમણે એક લાંબા સમય સુધી યમનના પશ્ચિમી વિભાગને પાટનગર બનાવી અરબ, સિરીયા, ઈરાક અને આફ્રિકાના અમુક ભાગ ઉપર શા'સન કર્યું એટલા માટે "તુબ્બઅ્"નું બહુવચન "તબાબિઅહ" આવે છે અને તે બાદશાહોને "તબાબિઅહે યમન" કહેવામાં આવે છે. અત્રે આ તબાબિઅહમાંથી કયો તુબ્બઅ્ ભાવાર્થ સ્વરૂપે છે તેના વિશે હાફિઝ ઈબ્ને કષીર (રહ.)નું સંશોધન વધારે સત્ય તરફ જણાય છે કે તેનાથી ભાવાર્થ "તુબ્બએ અવસદ" (Middle Tubba) જેનું નામ અસ્અદ અબૂ કુરૈબ બિન મદીકર્બ યમાની છે. આ બાદશાહ રસૂલે કરીમ ﷺના આગમનથી ઓછામાં ઓછા ૭૦૦ વર્ષ પહેલાં પસાર થયો છે, હિમૈરી બાદશાહોમાં તેનો શાસનકાળ સૌથી વધારે રહ્યો છે, તેણે પોતાના શાસનકાળમાં ઘણા પ્રદેશો જીતી લીધા એટલે સુધી કે સમરકંદ સુધી પહોંચી ગયો. મુહમ્મદ બિન ઈસ્હાક (રહ.)ની રિવાયત છે કે આ જ વિજયો વચ્ચે તે એક વખતે મદીના મુનવ્વરહની વસ્તીએથી પસાર થયો અને તેના ઉપર ચઢાઈ કરવાનો ઈરાદો કર્યો, મદીનાવાળાઓએ એ રીત અપનાવી કે દિવસના સમયે તેની સાથે યુદ્ધ કરતા અને રાત્રે તેની મહેમાની કરતા, એનાથી તેને શરમ આવી અને તેણે મદીનાવાળાઓ સાથે લડાઈનો ઈરાદો છોડી દીધો, તે જ દરમિયાન ત્યાંના બે યહૂદી આલિમોએ તેને ચેતવણી આપી કે આ શહેર ઉપર તેનું જોર ચાલી શકશે નહીં એટલા માટે કે આ આખિરુઝ્ઝમાં ﷺનું હિજરતનું સ્થળ છે એટલા માટે તે આ યહૂદીઓને સાથે લઈને યમન ચાલ્યો આવ્યો અને તે યહૂદીઓની તા'લીમ અને તબ્લીગથી પ્રભાવિત-થઈને તેણે "દીને મુસવી"ને કબૂલ કરી લીધો જે તે સમયે સત્ય દીન હતો, પછી તેની કોમ પણ તેનાથી પ્રભાવિત થઈને ઈસ્લામ લઈ આવી પરંતુ

તેના મૃત્યુ પછી આ કોમ ફરી ગુમરાહ થઈ ગઈ અને તેમણે મૂર્તિપૂજા અને અગ્નિપૂજા શરૂ કરી દીધી જેના પરિણામે તેમના ઉપર અલ્લાહનો તે કહેર નાઝિલ થયો જેનું વિગતવાર વર્ણન સૂરએ સબામાં આવી ચૂક્યું છે. (તફસીરે ઇબ્ને કષીરનો ખુલાસો, પેજ : ૧૪૪, જિલ્દ : ૨) આ ઘટનાથી જાહેર થાય છે કે જે તુબ્બઅ્ વિશે વર્ણન થયું છે તે પોતે ઇસ્લામ લઈ આવ્યો હતો, અલબત્ત તેની કોમ પાછળથી ગુમરાહ થઈ ચૂકી હતી, આ જ કારણ છે કે કુર્આને કરીમમાં બંને સ્થળે "કોમે તુબ્બઅ્"નું વર્ણન આવ્યું છે, માત્ર "તુબ્બઅ્"નું નહીં. તેનું સમર્થન હઝરત સહલ બિન સઅદ (રદિ.) અને હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતોથી પણ થાય છે જેમણે ઇબ્ને અબી હાતિમ, ઇમામ અહમદ અને તબરાની (રહ.) વગેરેથી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો, لَا تَسُبُّوْا تُبَّعًا فَاِنَّهٗ قَدْ كَانَ اَسْلَمَ તુબ્બઅ્ને બુરું ભલું ન કહો કારણ કે તે ઇસ્લામ લઈ આવ્યો હતો.

(હવાલો ઉપર પ્રમાણે)

مَا خَلَقْنٰهُمَآ اِلَّا بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ (અમે તે બંને એટલે કે જમીન અને આસમાનને કોઈ હિકમતથી જ બનાવ્યા છે પરંતુ ઘણા લોકો સમજતા નથી). મતલબ એ છે કે જો વિચારનારી, સમજનારી બુદ્ધિ હોત તો આસમાનો અને જમીન તથા તેની અંદર જે મખ્લૂકો પેદા કરવામાં આવી છે તે બધું ઘણી બધી વાસ્તવિક બાબતો ઉપર દલીલ કરે છે, દાખલા તરીકે એક તો અલ્લાહ તઆલાની કુદરત, બીજું આખિરતની સંભાવના ઉપર દલીલ; કારણ કે જે હસ્તીએ આ મહાન પદાર્થોને ન હોવામાંથી અસ્તિત્વ અર્પણ કર્યું તે નિશ્ચિત એ બાબત ઉપર પણ શક્તિ ધરાવે છે કે તેમને એક વખતે ફના કરી બીજી વાર પેદા કરી આપે, ત્રીજું બદલો અને સજાની આવશ્યકતા ઉપર દલીલ; કારણ કે જો આખિરતનો બદલો અને સજા ન હોય તો આ સમગ્ર કારખાનાનું અસ્તિત્વ જ વ્યર્થ થઈ જાય છે તેથી સર્જનની હિકમત જ એ છે કે તેને કસોટીનું ઘર બનાવવામાં આવે અને ત્યારબાદ આખિરતમાં બદલો અને સજા આપવામાં આવે નહિતર નેક અને ખરાબ બંનેનું પરિણામ એકસમાન હોવું જરૂરી બની જાય છે જે અલ્લાહ તઆલાની હિકમતની શા'નથી ખૂબ દૂર છે, ચોથું એ કે આ સૃષ્ટિ વિચાર કરનાર અને સમજનારને અલ્લાહ તઆલાની આજ્ઞાપાલન ઉપર પ્રેરિત કરનાર

પણ છે કારણ કે આ સમગ્ર મખ્લૂકો તેના ઘણા મોટા ઈનામો છે અને બંદા ઉપર ફરજ છે કે આ નેઅ્મતનો આભાર તેના સર્જકનું આજ્ઞાપાલન કરીને માને.

આયતો : (સૂરએ દુખાન : આયત નં. ૪૩ થી ૫૯)

إِنَّ شَجَرَتَ الزَّقُّومِ ﴿٤٣﴾ طَعَامُ الْأَثِيمِ ﴿٤٤﴾ كَالْمُهْلِ يَغْلِي فِي الْبُطُونِ ﴿٤٥﴾ كَغَلْيِ
الْحَمِيمِ ﴿٤٦﴾ خُذُوهُ فَاعْتِلُوهُ إِلَىٰ سَوَاءِ الْجَحِيمِ ﴿٤٧﴾ ثُمَّ صُبُّوا فَوْقَ رَأْسِهِ مِنْ
عَذَابِ الْحَمِيمِ ﴿٤٨﴾ ذُقْ إِنَّكَ أَنتَ الْعَزِيزُ الْكَرِيمُ ﴿٤٩﴾ إِنَّ هَٰذَا مَا كُنتُم بِهِ تَمْتَرُونَ ﴿٥٠﴾
إِنَّ الْمُتَّقِينَ فِي مَقَامٍ أَمِينٍ ﴿٥١﴾ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿٥٢﴾ يَلْبَسُونَ مِن سُندُسٍ
وَإِسْتَبْرَقٍ مُّتَقَابِلِينَ ﴿٥٣﴾ كَذَٰلِكَ وَزَوَّجْنَاهُم بِحُورٍ عِينٍ ﴿٥٤﴾ يَدْعُونَ
فِيهَا بِكُلِّ فَاكِهَةٍ آمِنِينَ ﴿٥٥﴾ لَا يَذُوقُونَ فِيهَا الْمَوْتَ إِلَّا الْمَوْتَةَ الْأُولَىٰ
وَوَقَاهُمْ عَذَابَ الْجَحِيمِ ﴿٥٦﴾ فَضْلًا مِّن رَّبِّكَ ذَٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿٥٧﴾ فَإِنَّمَا
يَسَّرْنَاهُ بِلِسَانِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٥٨﴾ فَارْتَقِبْ إِنَّهُم مُّرْتَقِبُونَ ﴿٥٩﴾

તરજુમો :

નિઃશંક ઝક્કુમનું ઝાડ; (૪૩) મહાપાપીઓનો ખોરાક હશે. (૪૪) જેમકે પીગળેલું તાંબુ પેટમાં ખદખદે છે, (૪૫) જાણે છછરતું પાણી. (૪૬) (હુકમ થશે) તેને પકડો અને ધક્કા મારીને લઈ જાઓ દોઝખની વચ્ચોવચ્ચ ! (૪૭) પછી તેના માથા ઉપર નાંખો ઉકળતા પાણીનો અઝાબ. (૪૮) (હવે) આ ચાખ ! તું જ છે મોટો ઈજ્જતવાળો સરદાર !? (૪૯) ખરેખર આ તે જ છે જેના વિશે તમે સંદેહમાં પડ્યા હતા. (૫૦) નિઃશંક ડરનારાઓ શાંતિના ઘરમાં હશે. (૫૧) બગીચાઓમાં અને ઝરણાઓમાં. (૫૨) બારીક રેશમી પોશાક પહેરશે અને ઘટ્ટ એકબીજાની સામે. (૫૩) એ જ પ્રમાણે થશે; અને અમે મોટી કાળી આંખોવાળી હૂરો તેમને પરણાવીશું. (૫૪) શાંતિપૂર્વક ત્યાં દરેક (પ્રકારના) મેવાઓ (ફળફળાદિ) મંગાવશે. (૫૫) ત્યાં મોત(નો

સ્વાદ) ચાખશે નહીં પરંતુ જે પ્રથમ (એક વખતે દુનિયામાં) આવી ચૂકી અને તેમને દોઝખના અઝાબથી બચાવ્યા (૫૬) તારા પરવરદિગારની કૃપાથી આ જ છે મોટી સફળતા પામવી. (૫૭) બસ આં કુર્આન અમે તમારી બોલીમાં સરળ કર્યું જેથી તેઓ યાદ રાખે. (૫૮) હવે તમે રાહ જુઓ બરેખર તેઓ પણ (પરિણામની) રાહ જોઈ રહ્યા છે. (૫૯)

તફસીર :

બેશક ! ઝક્કુમનું ઝાડ (જેની હકીકત સૂરએ સાફ્ફાતના બીજા રુકૂઅમાં પસાર થઈ ચૂકી છે) મોટા ગુનેહગારો (એટલે કે કાફિરો)નો ખોરાક હશે જે(નું જાહેર સ્વરૂપ) ઊકળતા તેલ જેવું હશે, (અને) તે પેટમાં એવું ખદખદશે જેમકે ખૂબ ગરમ છછરતું પાણી ખદખદે છે (અને ફરિશ્તાઓને હુકમ થશે કે) તેને પકડો, પછી ઘસેડીને દોઝખની વચ્ચોવચ સુધી લઈ જાઓ, પછી તેના માથા ઉપર કષ્ટ આપનાર ગરમ પાણી છોડો (અને તેને ઠઠ્ઠા કટાક્ષ સ્વરૂપે કહેવામાં આવશે કે) લે ચાખ ! તું ઘણો સન્માનનીય મોભાવાળો છે !? (આ તારું સન્માન થઈ રહ્યું છે જેમકે તું દુનિયામાં પોતાને આદરણીય અને સન્માનનીય સમજીને અમારા હુકમોથી મોઢું ફેરવ્યા કરતો હતો અને દોઝખીઓને કહેવામાં આવશે કે) આ તે જ વસ્તુ છે જેમાં તમે શંકા (અને તેનો ઈન્કાર) કર્યા કરતા હતા (આ તો કાફિર દોઝખીઓની હાલત થઈ, આગળ ઈમાનવાળાઓનું વર્ણન છે કે) બેશક ! અલ્લાહથી ડરનારા શાંતિ (અને સુકૂન)ના સ્થળમાં હશે (એટલે કે) બગીચાઓમાં અને નહેરોમાં (અને) તેઓ બારિક પોષાક પહેરશે અને ઘટ્ટ રેશમનો; સામે સામે બેઠા હશે, (અને આ) વાત એ જ રીતે છે; અને અમે તેમને (રૂપવંતી) મોટી મોટી આંખોવાળી હૂરોથી પરણાવીશું (અને) ત્યાં શાંતિથી દરેક પ્રકારના મેવાઓ મંગાવતા હશે (અને) ત્યાં તે એ મોત સિવાય કે જે દુનિયામાં આવી ચૂક્યું હતું બીજા મોતની મજા ચાખશે નહીં (એટલે કે મરશે નહીં) અને અલ્લાહ તઆલા તેમને દોઝખથી (પણ) બચાવી લેશે, (અને) આ બધું જ આપનાર પરવરદિગારની કૃપાથી થશે, મોટી સફળતા આ જ છે (અને હે પયગમ્બર ﷺ ! તમારું કામ એટલું છે કે તમે તેમને કહેતા રહો) બસ, (આ જ હેતુથી) અમે આ કુર્આનને તમારી ભાષા (અરબી)માં સરળ કરી દીધું જેથી તેઓ (તેને સમજીને તેનાથી) બોધપાઠ ગ્રહણ કરે તો (જો આ લોકો ન માને તો) તમે

(તેમના ઉપર મુસીબતો ઊતરવાની) રાહ જુઓ એ લોકો પણ (તમારા ઉપર મુસીબતો ઊતરવાની) રાહ જુએ છે (બસ તમે તબ્લીગની વધારે ફિકર ચિંતામાં ન પડો અને ન જ વિરોધીઓ ઉપર ગમ કરો, તેમનો મા'મલો અલ્લાહ તઆલાને સોંપીને ધૈર્ય દાખવો, તે પોતે તેમનાથી સમજી લેશે).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં આખિરતના અમુક અહેવાલ વર્ણન કરવામાં આવ્યા છે અને ટેવ પ્રમાણે અહીંયાં પણ કુર્આને કરીમે દોઝખ અને જન્નત બંનેની પરિસ્થિતિઓ એક પછી એક વર્ણન કરી છે.

اِنَّ شَجَرَتَ الزَّقُّوْمِ "ઝક્કુમ" (એક વૃક્ષ)ની હકીકત વિશે અમુક જરૂરી વાતો સૂરએ સાફ્ફાતની તફસીરમાં લખવામાં આવી ચૂકી છે ત્યાં જોઈ શકાય છે, અહીંયાં એટલી વાત વર્ણનપાત્ર છે કે કુર્આને કરીમની આયતોથી એટલું જાહેર અને સ્પષ્ટ થાય છે કે કાફિરોને ઝક્કુમ દોઝખમાં દાખલ થતાં પહેલાં જ ખવડાવવામાં આવશે, કારણ કે અહીંયાં ઝક્કુમ ખવડાવ્યા પછી એ હુકમ પ્રસ્તુત છે કે "તેને ખેંચીને દોઝખની વચ્ચોવચ લઈ જાઓ." તદુપરાંત સૂરએ વાકિઅહની આયત هٰذَا نُزُلُهُمْ يَوْمَ الدِّيْنِ થી પણ અમુક લોકોએ એ જ સમજ્યું છે કારણ કે نُزُل (નુઝૂલ) "ઊતરવું" તેમના સમીપ મૂળ મહેમાનની તે સેવા ચાકરીને કહેવામાં આવે છે જે અસલ દા'વત પહેલાં કરવામાં આવે, પાછળથી ખાવાને ضِيَافَةٌ (ઝિયાફત) અથવા مَأْدُبَةٌ કહેવામાં આવે છે, આમ કુર્આની શબ્દોમાં તેની સંભાવના એ પણ છે કે ઝક્કુમને ખવડાવવાની ક્રિયા જહન્નમમાં દાખલ પછી હોય, આવા સ્વરૂપમાં نُزُل (નુઝૂલ)નો ઉપયોગ દા'વતના મૂળ ખાવાના અર્થમાં ગણાશે અને આયતની નીચે પ્રમાણેની તફસીરમાં જે તેને ઘસેડીને જહન્નમ તરફ લઈ જવાનું વર્ણન છે તેનો અર્થ એ થશે કે તે હતો તો પહેલાં પણ જહન્નમમાં જ ! પરંતુ ઝક્કુમ ખવાડ્યા પછી વધારે અપમાનિત અને કષ્ટ પહોંચાડવા માટે દોઝખની વચ્ચોવચ લઈ જવામાં આવશે. વલ્લાહુ અઅ્લમુ. *(બયાનુલ કુર્આનમાંથી)*

اِنَّ الْمُتَّقِيْنَ فِيْ مَقَامٍ اَمِيْنٍ આ આયતો દ્વારા જન્નતની રાહતબખ્શ નેઅ્મતો તરફ ઈશારો કરવામાં આવ્યો છે અને નેઅ્મતોમાં લગભગ બધા જ લક્ષણોને

એકઠા કરી દેવામાં આવ્યા છે, કારણ કે માનવીય જરૂરતની વસ્તુઓ મોટે ભાગે આ હોય છે. (૧) ઉમદા રહેઠાણ, (૨) ઉમદા પોશાક, (૩) ઉત્તમ પ્રકારનો જીવનસાથી, (૪) ઉત્તમ પ્રકારનો ખોરાક, (૫) પછી તે બધી નેઅ્મતો બાકી રહેવાની જામીનગીરી અને (૬) ગમ અને તકલીફથી સંપૂર્ણ રીતે સલામત રહેવાની નિશ્ચિતતા. અત્રે આ છ વાતોને જન્નતવાળાઓ માટે સાબિત કરવામાં આવી છે, જેમકે આ છ આયતો ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ જાહેર છે, અત્રે જન્નતવાળાઓના રહેઠાણને اَمِیۡن (અમીન) "શાંતિવાળું" કહીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે માનવના રહેઠાણનું સૌથી વખાણપાત્ર લક્ષણ તેનું શાંતિવાળું હોવું એટલે કે ભયથી સુરક્ષિત હોવું છે.

سُنۡدُسٍ وَّاِسۡتَبۡرَقٍ આ બંને રેશમી કપડાંઓના નામ છે. سُنۡدُس (સુન્દુસ) બારિક રેશમનું કપડું છે અને اِسۡتَبۡرَقٌ (ઈસ્તબરક) એ ઘટ્ટ રેશમનું કપડું છે.

وَزَوَّجۡنٰهُمۡ بِحُوۡرٍ عِيۡنٍ માં تَزۡوِيۡجٌ (તઝ્વીજ)નો અર્થ મૂળ કોઈને કોઈનું જોડું ઠરાવી દેવાનો થાય છે, પાછળથી આ શબ્દ નિકાહ કરાવવાનો અર્થમાં મોટે ભાગે ઉપયોગ થવા લાગ્યો છે, આ સ્થળે તેના બંને અર્થ હોઈ શકે છે, બીજા અર્થના આધારે ભાવાર્થ એ થશે કે જન્નતી પુરુષોના "હૂરે ઐન" સાથે કાયદેસર નિકાહ કરાવવામાં આવશે અને જો કે જન્નતમાં કોઈ વ્યકિત હુકમોનો જવાબદાર હશે નહીં પરંતુ આ નિકાહની વિધી સન્માન અને આદર સ્વરૂપે થશે એટલા માટે તેમાં કોઈ શંકા નથી; અને જો પ્રથમ અર્થ લેવામાં આવે તો ભાવાર્થ એ થશે કે "હૂરે ઐન"ને જન્નતી પુરુષોનું જોડું ઠરાવી દેવામાં આવશે અને તે જન્નતી સ્ત્રીઓ ભેટ સ્વરૂપે તેમને અર્પણ કરવામાં આવશે અને તેના માટે નિકાહ જેવી વિધીની આવશ્યકતા હશે નહીં.

لَا يَذُوۡقُوۡنَ فِيۡهَا الۡمَوۡتَ اِلَّا الۡمَوۡتَةَ الۡاُوۡلٰى ભાવાર્થ એ છે કે જે મોત એક વખતે આવી ચૂકી બસ તે આવી ચૂકી; ત્યારબાદ તેના ઉપર કોઈ મોત આવશે નહીં અને આ વાત જો કે જહન્નમવાળાઓને પણ પ્રાપ્ત થશે પરંતુ દેખીતું છે કે તે તેના માટે ઔર વધારે તકલીફનું કારણ બનશે અને જન્નતવાળાઓ માટે રાહત અને આનંદમાં વધારાનું કારણ હશે, કારણ કે નેઅ્મત ભલે ગમે એટલી મોટી હોય તેના ખતમ થઈ જવાની કલ્પના અવશ્ય દુઃખનું કારણ હોય છે અને જન્નતવાળા જ્યારે એવી કલ્પના કરશે કે આ નેઅ્મતો ક્યારેય અમારી પાસેથી

છીનવી લેવામાં આવશે નહીં તો તેનાથી તેમના આનંદમાં ઔર વધારો થશે.

અલ્હમ્દુલિલ્લાહ ! આજે તા. ૬ રજ્જબ સન હિજરી ૧૩૯૨ જુમેરાતના દિવસે ઈશાની નમાઝના સમયે સૂરએ દુખાનની તફસીર પૂર્ણ થઈ.

وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلًا وَّاٰخِرًا وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهٖ

وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ

– (હઝરત મવલાના) મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ દુખાનનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૦૩ ડિસેમ્બર ૨૦૧૦ મુતાબિક ૨૬ જિલ્હજ્જ ૧૪૩૧ હિજરી.

Jehangir

પ્રકરણ (૪૫)

સૂરએ જાષિયહ

સૂરએ જાષિયહ મક્કામાં નાઝિલ થઈ તેમાં ૪૭ આયતો અને ૪ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૧ થી ૧૧)

اٰياتها ٣٧ ۞ ٤٥ سُوْرَةُ الْجَاثِيَةِ مَكِّيَّةٌ ٦٥ ۞ ركوعاتها ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۚ (١) تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ (٢) اِنَّ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
لَاٰيٰتٍ لِّلْمُؤْمِنِيْنَ (٣) وَفِيْ خَلْقِكُمْ وَمَا يَبُثُّ مِنْ دَآبَّةٍ اٰيٰتٌ لِّقَوْمٍ
يُّوْقِنُوْنَ (٤) وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَمَآ اَنْزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ مِنْ رِّزْقٍ
فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا وَتَصْرِيْفِ الرِّيٰحِ اٰيٰتٌ لِّقَوْمٍ
يَّعْقِلُوْنَ (٥) تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ۚ فَبِاَيِّ حَدِيْثٍ بَعْدَ
اللّٰهِ وَاٰيٰتِهٖ يُؤْمِنُوْنَ (٦) وَيْلٌ لِّكُلِّ اَفَّاكٍ اَثِيْمٍ (٧) يَّسْمَعُ اٰيٰتِ اللّٰهِ تُتْلٰى عَلَيْهِ ثُمَّ
يُصِرُّ مُسْتَكْبِرًا كَاَنْ لَّمْ يَسْمَعْهَا ۚ فَبَشِّرْهُ بِعَذَابٍ اَلِيْمٍ (٨) وَاِذَا عَلِمَ مِنْ اٰيٰتِنَا
شَيْـًٔا اتَّخَذَهَا هُزُوًا ۭ اُولٰۗىِٕكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ (٩) مِنْ وَّرَاۗىِٕهِمْ جَهَنَّمُ ۚ وَلَا
يُغْنِيْ عَنْهُمْ مَّا كَسَبُوْا شَيْـًٔا وَّلَا مَا اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اَوْلِيَاۗءَ ۚ وَلَهُمْ
عَذَابٌ عَظِيْمٌ (١٠) هٰذَا هُدًى ۚ وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ لَهُمْ عَذَابٌ مِّنْ رِّجْزٍ اَلِيْمٌ (١١) ع

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) કિતાબનું ઉતારવું અલ્લાહના તરફથી છે જે જબરદસ્ત છે હિકમતોવાળો. (૨) બેશક ! આસમાનોમાં અને જમીનમાં માનનારાઓ માટે ઘણી નિશાનીઓ છે. (૩) અને તમારા સર્જનમાં અને જે પ્રમાણે પ્રાણીઓ ફેલાવી રાખ્યા છે નિશાનીઓ છે તે લોકો માટે જેઓ શ્રદ્ધા રાખે છે. (૪) અને રાત અને દિવસના પરિવર્તનમાં અને તેમાં જે અલ્લાહે આસમાનથી રોજી ઊતારી, પછી જમીનને તેના મૃત (સુક્કી) થઈ ગયા પછી જીવીત કરી દીધી અને હવાઓના પરિવર્તનમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ સમજદારીથી કામ લે છે. (૫) આ અલ્લાહની આયતો છે, અમે તમને સત્યતાપૂર્વક સંભળાવીએ છીએ, પછી અલ્લાહ તથા તેની આયતોને છોડીને તેઓ કઈ વાતને માનશે !? (૬) ખરાબી છે દરેક જૂઠા ગુનેહગાર માટે. (૭) કે અલ્લાહની વાતો સાંભળે છે કે જે તેની પાસે પઢવામાં આવે છે, પછી અભિમાનથી હઠાગ્રહ કરે છે જાણે સાંભળતો જ નથી ! બસ તેને ખુશખબરી સંભળાવી દો એક દર્દનાક અઝાબની ! (૮) અને જ્યારે અમારી આયતો પૈકીમાંથી કોઈ બાબતની ખબર પામે તેને હાંસીપાત્ર ઠરાવે; એવા જ લોકો માટે ઝિલ્લત (અપમાન)નો અઝાબ છે. (૯) તેમની સામે દોઝખ છે અને તેમના કંઈ પણ કામ લાગશે નહીં જે તેઓ કમાયા હતા અને ન જ તેઓ કે અલ્લાહને છોડીને જેમને કાર્યસાધક (આશ્રયદાતા) બનાવ્યા હતા અને તેમના માટે મોટો અઝાબ છે. (૧૦) આ માર્ગદર્શન આપી દીધું; અને જેઓ પોતાના પરવરદિગારની આયતોથી ઈન્કારી છે તેમના માટે એક કઠોર દુઃખદાયક અઝાબ છે. (૧૧)

તફસીર :

હા-મીમ; (તેનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે) આ ગાલિબ હિકમતવાળા અલ્લાહ તરફથી નાઝિલ કરેલ કિતાબ છે (અને જ્યારે આ આવી કિતાબ છે તો તેના વિષયોને ખૂબ ધ્યાનથી સાંભળવા જોઈએ એટલા માટે આ સ્થળે એક વિષય તો તવહીદનો છે જેનું વર્ણન એ છે કે) આસમાનો અને

જમીનમાં ઈમાનવાળાઓને (દલીલ) માટે ઘણી બધી દલીલો (કુદરત અને તવહીદની) છે અને (એ જ પ્રમાણે) પોતે તમારા અને તે પ્રાણીઓનું સર્જન કરવામાં જેમને (પૃથ્વીમાં) ફેલાવી રાખ્યા છે (વળી કુદરત અને તવહીદની) દલીલો છે તે લોકોના (સમજવા) માટે જેઓ યકીન રાખે છે અને (એ જ પ્રમાણે) એક પછી એક રાત અને દિવસના આવવા જવામાં અને (એ જ પ્રમાણે) તે રોજી(ના સ્ત્રોતો) જેને અલ્લાહ તઆલાએ આસમાનથી ઉતારેલ છે (તેનાથી ભાવાર્થ વરસાદ છે) પછી તે (વરસાદ)થી જમીનને હરિયાળી કરી તેના સુકાઈ ગયા પછી અને (એ જ પ્રમાણે) હવાઓના બદલાવામાં (દિશા અને તેની ગતિ અને પરિવર્તનના હિસાબે કે ક્યારેક પૂર્વીય પવનો છે તો ક્યારેક પશ્ચિમી પવનો છે, ક્યારેક ગરમ હવા હોય છે તો ક્યારેક ઠંડી, મતલબ કે આ બધી વસ્તુઓમાં કુદરત અને તવહીદની) દલીલો (ઉપસ્થિત) છે તે લોકો માટે જેઓ (શુદ્ધ) બુદ્ધિ ધરાવે છે (તેનાથી તવહીદ ઉપર દલીલની રીત બીજા પારામાં ..اِنَّ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ પસાર થઈ ચૂક્યું છે અને બીજો વિષય નુબુવ્વતનો છે જેનું વર્ણન એ છે કે) આ અલ્લાહની આયતો છે જે સત્યતાપૂર્વક અમે તમને પઢીને સંભળાવીએ છીએ (જેનાથી નુબુવ્વત સાબિત થાય છે પરંતુ આટલી મોટી ચમત્કારિક દલીલ છતાં પણ જો આ લોકો નથી માનતા) તો પછી અલ્લાહ અને તેની (આવી) આયતો પછી કઈ વાત (તેનાથી વધીને હશે જેના) ઉપર આ લોકો ઈમાન લાવશે ? (અને ત્રીજો વિષય આખિરતનો છે જેમાં તે સત્યના વિરોધીઓને સજા પણ થશે જેનું વર્ણન એ છે કે) ઘણી ખરાબી થશે દરેક એવા વ્યક્તિ માટે જેઓ (અકીદાઓ સંબંધી નિવેદનોમાં) જૂઠા હોય (અને અમલોમાં) નાફરમાન હોય, જેઓ (એ છતાં કે) અલ્લાહની આયતોને સાંભળે (પણ) છે જ્યારે કે તે તેની રૂબરૂ પઢવામાં આવે છે (અને) તો પણ તે અભિમાન કરીને (પોતાના કુફ્ર ઉપર) એ રીતે મક્કમ રહે છે જેમકે તેણે તે(આયતો)ને સાંભળી જ નથી ! બસ એવા વ્યક્તિને એક દુ:ખદાયક અઝાબની ખબર સંભળાવી આપો અને (એવા વ્યક્તિની શરારતની હાલત એવી છે કે) જ્યારે તે અમારી આયતોમાંથી કોઈ આયતની ખબર પામે છે તો તેની હાંસી ઉડાવે છે એવા લોકો માટે (આખિરતમાં) ઝિલ્લતનો અઝાબ (થવાનો) છે, (મતલબ એ કે જે આયતોને તિલાવતમાં સાંભળે છે તેને પણ જૂઠાડે છે અને જે આયતોની એમ જ ખબર સાંભળી લે છે તેને પણ જૂઠાડે છે, મતલબ કે

આયતોને જૂઠાડવામાં ઘણો જ આગળ વધેલો છે, આગળ તે અઝાબને નિશ્ચિત કરવામાં આવે છે એટલે કે) તેમની આગળ જહન્નમ (આવી રહી) છે અને (તે સમયે) ન તો તેમને તે વસ્તુઓ જરા પણ કામ આવશે જે (દુનિયામાં) કમાઈ ગયા હતા (તેમાં માલ અને અમલો બધું જ આવી ગયું) અને ન જ તે (કામ લાગશે) જેને તેમણે અલ્લાહ સિવાય કાર્યસાધક (અને મઅ્બૂદ) બનાવી રાખ્યા હતા અને તેમના માટે મોટો અઝાબ હશે (અને આ અઝાબનું કારણ એ છે કે) આ કુર્આન સ્પષ્ટ હિદાયત છે (અને સ્વીકાર કરવું ફરજ છે) અને (તેનો તકાદો એ જ છે કે) જે લોકો પોતાના પરવરદિગારની (તે) આયતોને નથી માનતા તેમને કઠોર દુઃખદાયક અઝાબ થશે.

મસ્અલા અને બોધપાઠ :

આ સમગ્ર સૂરત મક્કી છે, માત્ર એક નિવેદન છે કે આ આયત قُلْ لِّلَّذِيْنَ اٰمَنُوْا يَغْفِرُوْا لِلَّذِيْنَ لَا يَرْجُوْنَ اَيَّامَ اللّٰهِ મદની છે અને બાકીની મક્કી છે પરંતુ જમહૂરના નિવેદન પ્રમાણે સમગ્ર સૂરત હિજરત પહેલાં જ નાઝિલ થઈ છે અને બીજી મક્કી સૂરતોની જેમ તેમાં પાયાનો વિષય અકીદાઓની સુધારણા જ છે એટલા માટે તેમાં તવહીદ, રિસાલત અને આખિરતના અકીદાઓને જ વિવિધ પદ્ધતિઓથી દલીલ કરવામાં આવ્યા છે, ખાસ સ્વરૂપે આખિરતની સાબિતીઓની દલીલો, ઈન્કારીઓની શંકાઓ અને નાસ્તિકોનો રદિયો તેમાં વધારે વિગતપૂર્વક આવ્યો છે.

اِنَّ فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ لَاٰیٰتٍ لِّلْمُؤْمِنِیْنَ આ આયતોથી તવહીદની સાબિતીઓ હેતુ સ્વરૂપે છે, તેનાથી મળતી આવતી આયતો બીજા સિપારાના રુકૂઅ્ .....اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ માં પસાર થઈ ચૂકી છે, ત્યાં તેની વિગતવાર તફસીર ઉપસ્થિત છે અને એ પણ કે તે વસ્તુઓથી તવહીદ કઈ રીતે સાબિત થાય છે ! બંને સ્થળોમાં વિષયનો જે થોડો થોડો તફાવત છે તેના વિશે ઈમામ રાઝીની તફસીરે કબીરમાં જોઈ શકાય છે, અલબત્ત એક વાત વર્ણનપાત્ર છે કે અહીંયાં સૃષ્ટિની વિવિધ નિશાનીઓ વર્ણન કરીને એક સ્થળે એવું કહેવામાં આવ્યું છે કે તેમાં "ઈમાન લાવનારાઓ માટે" નિશાનીઓ છે, બીજા સ્થળે "યકીન કરનારાઓ માટે" નિશાનીઓ છે અને ત્રીજા સ્થળે વર્ણન છે કે "બુદ્ધિ ધરાવનારઓ માટે" નિશાનીઓ છે, તેમાં વર્ણનશૈલીની શ્રેષ્ઠતા ઉપરાંત એ બાજુ

પણ ઈશારો છે કે તે નિશાનીઓથી સંપૂર્ણ લાભ તો તે વ્યક્તિ જ ઉઠાવી શકે છે જે ઈમાન લઈ આવે, બીજા નંબર ઉપર તે એવા લોકો માટે લાભકારક બની શકે છે જેઓ ભલે તાત્કાલિક ઈમાન ન લાવે પરંતુ તેમના દિલમાં યકીન પેદા થઈ જાય કે આ વસ્તુઓ તવહીદ ઉપર દલીલ કરી રહી છે, કારણ કે આવી શ્રદ્ધા કોઈને કોઈ દિવસે ઈમાનનું કારણ બની શકે છે અને ત્રીજા દરજ્જામાં તે લોકો માટે લાભકારક છે જેઓ ભલે અત્યારે ન તો મો'મિન છે અને ન જ શ્રદ્ધા ધરાવનારા છે પરંતુ શુદ્ધ બુદ્ધિ ધરાવે છે અને તેમાં સમજદારીપૂર્વક ચિંતન કરે છે, કારણ કે બુદ્ધિ અને સમજદારીપૂર્વક જ્યારે પણ આ નિશાનીઓ ઉપર વિચાર કરવામાં આવશે અંતે તેનાથી ઈમાન અને યકીન અવશ્ય પેદા થઈને રહેશે, હા ! જે લોકો શુદ્ધ બુદ્ધિ ધરાવતા ન હોય અને આવી બાબતોમાં બુદ્ધિને તકલીફ આપવાનું જ પસંદ ન કરે તેમની સામે હજાર દલીલો રજુ કરી લો સઘળું અપૂરતું જ રહેશે.

وَيْـلٌ لِّـكُـلِّ اَفَّـاكٍ اَثِيْـمٍ (મોટી ખરાબી હશે તે વ્યક્તિ માટે જે જૂઠો અને નાફરમાન હોય) આ આયતના શા'ને નુઝૂલમાં અનેક રિવાયતો છે, અમુકથી જાણ થાય છે કે એ નઝર બિન હારિષ માટે નાઝિલ થઈ, અમુકથી રિવાયત છે કે તે હારિષ બિન કલ્દહ વિશે નાઝિલ થઈ અને અમુકનું કહેવું છે કે તેનાથી ભાવાર્થ અબૂજહલ અને તેના લોકો છે. (કુર્તુબી) અને વાસ્તવમાં કુર્આની ભાવાર્થના ખુલાસા માટે કોઈ એક વ્યક્તિને નિશ્ચિત કરવાની આવશ્યકતા નથી. كُـــــلّ (કુલ)નો શબ્દ બતાવી રહ્યો છે કે ભલે આયતના નાઝિલ થવાની પશ્ચાદ્‌ભૂમિકામાં આ ત્રણે વ્યક્તિઓ હોય પરંતુ તેનો ભાવાર્થ દરેક તે વ્યક્તિ છે જે આવા લક્ષણો ધરાવતો હોય.

مِنْ وَّرَآئِهِمْ جَهَنَّمُ માં وَرَاءٌ (વરાઅ્)નો શબ્દ અરબીમાં "પાછળ" માટે વધારે અને "સામે" માટે ઓછો ઉપયોગ થાય છે પરંતુ ઘણા તફસીરકારોએ અત્રે "સામે"નો અર્થ ઠરાવ્યો છે એટલા માટે તફસીરના ખુલાસામાં આ જ પ્રમાણે અનુવાદ કરવામાં આવ્યો છે, અલબત્ત અમુક તફસીરકારોએ "પાછળ"નો અર્થ લીધો છે અને ભાવાર્થ એ ઠરાવ્યો છે કે દુનિયામાં તેઓ જે મિથ્યાભિમાન અને ઘમંડ સાથે જિંદગી પસાર કરી રહ્યા છે તેની પાછળ એટલે કે ત્યાર બાદ જહન્નમ આવવાની છે. (કુર્તુબી)

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૧૨ થી ૧૫)

ٱللَّهُ ٱلَّذِى سَخَّرَ لَكُمُ ٱلْبَحْرَ لِتَجْرِىَ ٱلْفُلْكُ فِيهِ بِأَمْرِهِۦ وَلِتَبْتَغُوا۟ مِن فَضْلِهِۦ وَلَعَلَّكُمْ
تَشْكُرُونَ ﴿١٢﴾ وَسَخَّرَ لَكُم مَّا فِى ٱلسَّمَٰوَٰتِ وَمَا فِى ٱلْأَرْضِ جَمِيعًا مِّنْهُ ۚ إِنَّ فِى
ذَٰلِكَ لَءَايَٰتٍ لِّقَوْمٍ يَتَفَكَّرُونَ ﴿١٣﴾ قُل لِّلَّذِينَ ءَامَنُوا۟ يَغْفِرُوا۟ لِلَّذِينَ لَا يَرْجُونَ
أَيَّامَ ٱللَّهِ لِيَجْزِىَ قَوْمًۢا بِمَا كَانُوا۟ يَكْسِبُونَ ﴿١٤﴾ مَنْ عَمِلَ صَٰلِحًا فَلِنَفْسِهِۦ ۖ وَمَنْ
أَسَآءَ فَعَلَيْهَا ۖ ثُمَّ إِلَىٰ رَبِّكُمْ تُرْجَعُونَ ﴿١٥﴾

તરજુમો :

અલ્લાહ તે છે જેણે સમુદ્રને તમારા આધીન કર્યો કે તેમાં તેના (અલ્લાહ તઆલાના) હુકમથી જહાઝ ચાલે અને જેથી તેના ફઝ્લ(રોજી)માંથી શોધખોળ કરો અને જેથી તમે આભાર માનો. (૧૨) અને સૌને પોતાના તરફથી તમારા કામે લગાડી દીધા જે કંઈ આસમાનોમાં અને પૃથ્વીમાં છે, તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ લક્ષ આપે છે. (૧૩) ઈમાનવાળાઓને કહી આપો, તેમનાથી દરગુઝર કરે જેઓ અલ્લાહના દિવસોની આશા નથી સેવતા જેથી તે સજા આપે એક કોમને તેનો બદલો જે તેઓ કમાતા હતા. (૧૪) જેણે ભલા કામ કર્યા તો પોતાના માટે અને જેણે બુરું કર્યું તો તે પોતાના માટે, પછી પોતાના પરવરદિગારની તરફ પાછા વાળવામાં આવશો. (૧૫)

તફસીર :

અલ્લાહ જ છે જેણે તમારા (લાભ) માટે દરિયાને આધીન કર્યા જેથી તેના હુકમથી તેમાં વહાણો ચાલે અને જેથી (તે વહાણોમાં) મુસાફરી કરીને તેની રોજીની શોધખોળ કરો અને જેથી (તે રોજી પ્રાપ્ત કરીને) તમે શુક્ર કરો અને (એ જ પ્રમાણે) જેટલી વસ્તુઓ આસમાનોમાં છે અને જેટલી વસ્તુઓ જમીનમાં છે તે સૌને પોતાના તરફથી (એટલે કે પોતાના હુકમ અને કૃપાથી) આધીન બનાવ્યા (જેથી તમારા લાભનું કારણ બને) બેશક ! આ વાતોમાં તે લોકો માટે (કુદરતની)

દલીલો છે જેઓ વિચાર કરતા રહે છે (અને કાફિરોની શરારતો ઉપર અમુક સમયે મુસલમાનોને ક્રોધ આવી જતો હતો, આગળ તેમને દરગુઝર કરવાનો હુકમ છે) તમે ઈમાનવાળાઓને કહી આપો કે તે લોકોથી દરગુઝર કરે જેઓ અલ્લાહ તઆલાના મા'મલા (એટલે કે આખિરતના બદલા અને સજા)નું યકીન નથી રાખતા જેથી અલ્લાહ તઆલા એક કોમને (એટલે કે મુસલમાનોને) તેમના (આ નેક) અમલનો (સારો) બદલો આપે (કારણ કે ત્યાંનો સનાતન કાયદો છે કે) જે વ્યક્તિ નેક કામ કરે છે બસ પોતાના વ્યક્તિગત લાભ (અને સવાબ) માટે (કરે છે) અને જે વ્યક્તિ બુરું કામ કરે છે તેનો વબાલ તેના ઉપર જ પડે છે (પછી બધા સદ્કાર્યો અને દુષ્કૃત્યો આચર્યા પછી) તમારે પોતાના પરવરદિગારની પાસે પાછા જવાનું છે (બસ ત્યાં તમને તમારા સારા અમલો અને અખ્લાકનો ઉત્તમ બદલો અને તમારા વિરોધીઓને તેમના કુફ્ર અને ગુનાહો ઉપર અત્યંત ખરાબ સજા આપવામાં આવશે એટલા માટે તમારે અહીંયાં સહનશીલતા દાખવવી યોગ્ય છે).

મસ્અલા અને બોધપાઠ :

فَضْلِ اللّٰهُ الَّذِىْ سَخَّرَلَكُمُ الْبَحْرَ (٧) وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ કુર્આને કરીમમાં (ફઝ્લ)ને શોધખોળ કરવાનો સામાન્ય ભાવાર્થ રોજી રોટીનો સંઘર્ષ હોય છે. અત્રે તેનો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે તમને સમુદ્રમાં વહાણ ખેડવા ઉપર એટલા માટે કાબૂ આપવામાં આવ્યો જેથી તેના દ્વારા તમે વેપાર કરી શકો અને એ પણ શક્ય છે કે રોજી શોધવાનો સંબંધ વહાણવટા સાથે ન હોય બલકે આ સમુદ્રને આધીન કરવું એક આગવો પ્રકાર હોય અને હેતુ એ હોય કે સમુદ્રમાં અમે ઘણી બધી લાભદાયક વસ્તુઓ પેદા કરીને સમુદ્રને તમારા વશમાં કરી દીધો છે જેથી તમે તેમાં શોધખોળ કરીને લાભ ઉઠાવો એટલા માટે આધુનિક વિજ્ઞાનની રૂએ એવું જણાય છે કે સમુદ્રમાં એટલા બધા ખનીજોના સંગ્રહો તથા પૃથ્વીની છુપી દોલતો છે કે એટલી પૃથ્વીના સમુદ્ર સિવાયના પટમાં નથી.

قُلْ لِّلَّذِيْنَ اٰمَنُوْا يَغْفِرُوْا لِلَّذِيْنَ لَا يَرْجُوْنَ اَيَّامَ اللّٰهِ (તમે ઈમાનવાળાઓથી કહી આપો કે તે લોકોથી દરગુઝર કરે જે અલ્લાહ તઆલાના મા'મલામાં શ્રદ્ધા નથી ધરાવતા) આ આયતના શા'ને નુઝૂલમાં બે રિવાયતો છે, એક એ કે મક્કએ

મુકર્રમહમાં કોઈ મુશ્રિકે હઝરત ઉમર (રદિ.)ને અપશબ્દો કહ્યા હતા, હઝરત ઉમર (રદિ.)એ તેના બદલામાં તેને કોઈ કષ્ટ પહોંચાડવાનો ઈરાદો કર્યો તેના ઉપર આ આયત નાઝિલ થઈ. આ રિવાયત પ્રમાણે આ આયત મક્કી છે, બીજી રિવાયત એ છે કે "ગઝ્વએ બનુ મુસ્તલિક"ના પ્રસંગે રસૂલે કરીમ ﷺ અને આપ ﷺના સહાબા (રદિ.)એ મુરાયશી નામના એક કૂવા પાસે પડાવ નાંખ્યો હતો, મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પણ મુસલમાનોના લશ્કરમાં સામેલ હતો, તેણે પોતાના ગુલામને કૂવેથી પાણી ભરવા મોકલ્યો, તેને પાછા આવવામાં મોડું થઈ ગયું. અબ્દુલ્લાહ બિન ઉબયે કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે હઝરત ઉમર (રદિ.)નો એક ગુલામ કૂવાના એક કિનારા ઉપર બેઠેલો હતો, તેણે કોઈને ત્યાં સુધી પાણી ભરવાની પરવાનગી ન આપી જ્યાં સુધી કે રસૂલે કરીમ ﷺ અને હઝરત અબૂબક્ર (રદિ.)ની મશકો ભરાઈ ન ગઈ, આથી અબ્દુલ્લાહ બિન ઉબયે કહ્યું કે "અમારા ઉપર અને તે લોકો ઉપર તો તે જ દૃષ્ટાંત ઠીક બેસે છે سَمِّنْ كَلْبَكَ يَأْكُلْكَ (પોતાના કૂતરાને તાજા કરો તો તે તમને ખાઈ જશે)" હઝરત ઉમર (રદિ.)ને તેની જાણ થઈ તો તેઓ ખુલ્લી તલવાર લઈ અબ્દુલ્લાહ બિન ઉબય તરફ ચાલ્યા, તેના ઉપર આ આયત નાઝિલ થઈ. આ રિવાયત પ્રમાણે આ આયત મદની છે. (કુર્તુબી અને રૂહુલ મઆની) આ રિવાયતોની સનદની તહકીકથી જો બંનેની ખરાઈ સાબિત થઈ જાય તો બંનેમાં સુમેળ આ રીતે સાધી શકાય છે કે વાસ્તવમાં આ આયત મક્કા મુકર્રમહમાં નાઝિલ થઈ ચૂકી હતી, પછી જ્યારે ગઝ્વએ બનુ મુસ્તલિકના પ્રસંગે તેનાથી જ મળતી આવતી ઘટના ઉપસ્થિત થઈ તો રસૂલે કરીમ ﷺએ આ આયતને એ પ્રસંગે પણ તિલાવત કરીને ઘટનાને તેનો પણ સંદર્ભ હોવાનું ઠરાવ્યું અને શા'ને નુઝૂલની રિવાયતોમાં એવું મોટા ભાગે ઘણું થયું છે અથવા તો પછી એવું પણ શક્ય છે કે હઝરત જિબ્રઈલ (અલૈ.) યાદ અપાવવા માટે ગઝ્વએ બનુ મુસ્તલિકના પ્રસંગે આ આયત ફરીવાર લઈને આવ્યા હોય કે આ મોકો આ આયત ઉપર અમલ કરવાનો છે, તફસીરના સિદ્ધાંતોની પરિભાષામાં તેને "નુઝૂલે મુકર્રર" (પુનરાવર્તિત સ્વરૂપે ઊતરવું) કહેવામાં આવે છે, આ આયતમાં أَيَّامَ اللّٰهِ (અય્યામુલ્લાહ)ના શબ્દથી ભાવાર્થ ઘણા મુફસ્સિરો સમીપ અલ્લાહ તઆલાના તે વ્યવહારો છે જે તે આખિરતમાં મનુષ્યો સાથે કરશે એટલે કે બદલો અને સજા;

કારણ કે أَيَّامَ (અય્યામ)નો શબ્દ ઘટનાઓ અથવા વ્યવહારોના અર્થમાં અરબી ભાષામાં મોટા ભાગે ઉપયોગ થાય છે.

અત્રે બીજી બાબત ધ્યાનપાત્ર એ છે કે વાત એમ પણ કહી શકાતી હતી કે "તમે ઈમાનવાળાઓને કહી આપો કે તેઓ મુશ્રિકો સાથે દરગુઝર કરે." તેના બદલે એવું કહેવામાં આવ્યું છે કે "તે લોકોથી દરગુઝર કરવામાં આવે જેઓ અલ્લાહ તઆલાના મા'મલાઓનું યકીન ધરાવતા નથી." તેનાથી કદાચ એ વાત તરફ ઈશારો હોય કે તે લોકોને અસલ સજા આખિરતમાં આપવામાં આવશે અને કારણ કે આ લોકો આખિરતની શ્રદ્ધા ધરાવતા નથી એટલા માટે આ સજા તેમના માટે અનઅપેક્ષિત અને અણધારી હશે; અને અનઅપેક્ષિત તકલીફ ઘણી વધારે હોય છે તેથી તેમને પહોંચનારો અઝાબ ઘણો કઠોર હશે અને તેના દ્વારા તેમના બધા જ દુષ્કૃત્યોનો પૂરેપૂરો બદલો લઈ લેવામાં આવશે, દુનિયામાં તમે તે નાની નાની વાતો ઉપર તેમની પકડની ચિંતા ન કરો.

અમુક લોકોએ કહ્યું કે આ આયતનો હુકમ જિહાદના હુકમો નાઝિલ થઈ ગયા પછી મન્સૂખ (રદ) થઈ ગયો પરંતુ ઘણા સંશોધનકાર તફસીરકારોનું કહેવું છે કે આયતનો જિહાદના હુકમ સાથે કોઈ સંબંધ નથી, આ તો સામાન્ય જાહેર સમાજમાં નાની નાની વાતોનો બદલો ન લેવાની તા'લીમ છે જે દરેક યુગ માટે સર્વસામાન્ય છે અને આજે પણ તેનો હુકમ બાકી છે એટલા માટે તેને મન્સૂખ ઠરાવવું ઠીક નથી, ખાસ કરીને જો તેનો શા'ને નુઝૂલ ગઝ્વએ બનુ મુસ્તલિકની ઘટના હોય તો જિહાદની આયતો તેના માટે નાસિખ (રદ કરનાર) નથી બની શકતી કારણ કે જિહાદની આયતો તેનાથી પહેલાં નાઝિલ થઈ ચૂકી હતી.

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૧૬ થી ૨૦)

وَلَقَدْ اٰتَيْنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ الْكِتٰبَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ

وَفَضَّلْنٰهُمْ عَلَى الْعٰلَمِيْنَ ۝١٦ وَاٰتَيْنٰهُمْ بَيِّنٰتٍ مِّنَ الْاَمْرِ ۚ فَمَا اخْتَلَفُوْٓا اِلَّا مِنْۢ بَعْدِ

مَا جَآءَهُمُ الْعِلْمُ ۙ بَغْيًاۢ بَيْنَهُمْ ۭ اِنَّ رَبَّكَ يَقْضِيْ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ

يَخْتَلِفُونَ ﴿١٧﴾ ثُمَّ جَعَلْنٰكَ عَلٰى شَرِيْعَةٍ مِّنَ الْاَمْرِ فَاتَّبِعْهَا وَلَا تَتَّبِعْ اَهْوَآءَ
الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿١٨﴾ اِنَّهُمْ لَنْ يُّغْنُوْا عَنْكَ مِنَ اللّٰهِ شَيْـًٔا ۭ وَ اِنَّ الظّٰلِمِيْنَ
بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۚ وَاللّٰهُ وَلِيُّ الْمُتَّقِيْنَ ﴿١٩﴾ هٰذَا بَصَآئِرُ لِلنَّاسِ وَهُدًى
وَّرَحْمَةٌ لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿٢٠﴾

તરજુમો :

અને અમે બની ઈસ્રાઈલને કિતાબ અને હુકૂમત અને પયગમ્બરી આપી અને ખાવા માટે પવિત્ર (સ્વચ્છ) વસ્તુઓમાંથી આપ્યું અને તેમને જગત ઉપર શ્રેષ્ઠતા આપી. (૧૬) અને તેમને દીનની ખુલ્લી (સ્પષ્ટ) વાતો (દલીલો) આપી, પછી તેમણે જે સમજમાં આવી ચૂક્યા પછી પરસ્પરની હઠધર્મીના કારણે વિવાદ કર્યો નિ:શંક તારો પરવરદિગાર તેમની વચ્ચે કયામતના દિવસે ફેંસલો કરશે જે વાતમાં તેઓ (વાદ–)વિવાદ કરતા હતા. (૧૭) પછી અમે તમને એક માર્ગ ઉપર રાખ્યા દીનના કામ માટે; બસ તમે તેના જ ઉપર ચાલો અને નાદાનોની મનેચ્છાઓ ઉપર ન ચાલો. (૧૮) અને ખરેખર અલ્લાહ સમક્ષ કદાપિ તેઓ તમારા કંઈ કામ લાગશે નહીં અને નિ:શંક જાલિમો એકબીજાના મિત્ર છે અને અલ્લાહ મુત્તકીઓ (અલ્લાહ તઆલાથી ડરનારાઓ)નો કાર્યસાધક (આશ્રયદાતા) છે. (૧૯) આ સમજદારીની વાતો છે લોકો માટે અને હિદાયતની અને રહમત છે તે લોકો માટે જેઓ શ્રદ્ધા ધરાવે છે. (૨૦)

તફસીર :

અને (નુબુવ્વત કોઈ અનોખી વસ્તુ નથી જેથી તેનો ઈન્કાર કરવામાં આવે એટલા માટે આથી પહેલાં) અમે બની ઈસ્રાઈલને (આસમાની) કિતાબ અને હિકમત (એટલે કે ઈલ્મ અને હુકમો) તથા નુબુવ્વત આપી હતી (એટલે કે તેમનામાં અંબિયા અલૈ. પેદા કર્યા હતા) અને અમે તેમને સ્વચ્છ પવિત્ર વસ્તુઓ ખાવા આપી હતી (એ રીતે કે તીહના મેદાનમાં "મન્ન અને સલવા" ઉતાર્યું અને તેમને સિરીયા દેશના માલિક બનાવ્યા જે પૃથ્વી ઉપર બરકતોવાળું છે) અને અમે

(અમુક બાબતોમાં દાખલા તરીકે સમુદ્રને ફાડવું, વાદળોનો છાંયડો કરવો વગેરે) તેમને જગતવાળાઓ ઉપર શ્રેષ્ઠતા આપી અને અમે તેમને દીન વિશે ખુલ્લી ખુલ્લી દલીલો આપી (એટલે કે તેમને ઘણા ખુલ્લા મોઅૂજિઝાઓ બતાવ્યા, મતલબ કે આસમાની, રૂહાની અને જ્ઞાનની દરેક પ્રકારની નેઅૂમતો આપી) બસ (તેમણે તો ખૂબ આજ્ઞાપાલન કરવું જોઈતું હતું પરંતુ) તેમણે જ્ઞાન આવ્યા પછી જ પરસ્પર મતભેદ કર્યો પરસ્પરના હઠાગ્રહના કારણે (જેનું વર્ણન બીજા સિપારાના "સલ બની ઈસ્રાઈલ" રુકૂઅૂમાં આવી ચૂક્યું છે, મતલબ એ છે કે જે જ્ઞાન મતભેદ સમાપ્ત કરવાનું કારણ બનવું જોઈતું હતું તેમણે પોતાની મનેચ્છાઓના કારણે ઊલટાનું મતભેદનું કારણ બનાવી લીધું બસ) તમારો પરવરદિગાર તેમની વચ્ચે કયામતના દિવસે તે બાબતોમાં (પ્રેક્ટિકલ) ફેંસલો કરી આપશે જેમાં તેઓ પરસ્પર મતભેદ કર્યા કરતા હતા, પછી (બની ઈસ્રાઈલમાં નુબુવ્વતનો યુગ સમાપ્ત થયા પછી) અમે તમને (નુબુવ્વત આપી અને તમને) દીનના એક ખાસ માર્ગ ઉપર કરી દીધા, બસ તમે તે જ માર્ગ ઉપર ચાલ્યા કરો (એટલે કે અમલમાં પણ અને તબ્લીગમાં પણ) અને આ જાહિલોની ઈચ્છાઓ ઉપર ન ચાલો (એટલે કે તેમની ઈચ્છા તો એવી છે કે તમે તબ્લીગ છોડી દો અને એટલા જ માટે તેઓ તમને અનેક પ્રકારે પરેશાન કરે છે જેથી તમે તંગ આવીને તબ્લીગને છોડી દો, બસ તમારાથી જો કે એવું થવાની સંભાવના જ નથી પરંતુ તબ્લીગનું કાર્ય કરતા રહેવાની કાળજી માટે તમને ફરી એનો હુકમ થાય છે. આગળ આ જ શૈલીમાં આ હુકમનું પરિણામ ફરમાવવામાં આવે છે કે) આ લોકો અલ્લાહના મુકાબલામાં તમને સહેજ પણ કામ નથી લાગી શકતા (બસ તેમનું અનુસરણ ન થવા પામે) અને જાલિમ લોકો એકબીજાના મિત્ર હોય છે (અને એકબીજાનું કહ્યું માને છે) અને અલ્લાહ પરહેઝગારોનો દોસ્ત છે (અને પરહેઝગારો તેનું કહ્યું માન્યા કરે છે, બસ જ્યારે તમે જાલિમ નથી બલકે પરહેઝગારોના સરદાર છો તો તમને તેના અનુસરણ સાથે શું સંબંધ ?! અલબત્ત અલ્લાહના હુકમોના અનુસરણ સાથે ખાસ સંબંધ છે, મતલબ કે તમે નુબુવ્વતવાળા અને સાચી શરીઅતવાળા છો અને) આ કુર્આન (જે તમને મળ્યું છે તે) સામાન્ય લોકો માટે સમજદારીનું કારણ અને હિદાયતનું માધ્યમ છે અને યકીન (એટલે કે ઈમાન) લાવનારાઓ માટે મોટી રહમત(નું કારણ) છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોનો વિષય રસૂલે કરીમ ﷺની રિસાલતની સાબિતીઓ છે અને તેના સંદર્ભમાં કાફિરોનો પીડા પહોંચાડવા ઉપર આપ ﷺને આશ્વાસન પણ આપવામાં આવ્યું છે. ....إِنَّ رَبَّكَ يَقْضِي بَيْنَهُمْ એટલે સુધી કે આયતોના વિષયથી બે વાતો જાણવા મળી, એક તો બની ઈસ્રાઈલને નુબુવ્વત અને કિતાબ આપવાથી રસૂલે કરીમ ﷺની નુબુવ્વતનું સમર્થન, બીજું આપ ﷺને આશ્વાસન કે બની ઈસ્રાઈલના વિરોધનું જે કારણ સામે આવી રહ્યું હતું તે જ તમારી કોમના તમારી સાથે મતભેદ કરવામાં સામે આવી રહ્યું છે, એટલે કે "દુનિયાની મહોબ્બત તથા ઈર્ષ્યા અને મનેચ્છાઓ." એવું નથી કે તમારી દલીલોમાં કોઈ ઉણપ હોય ! બસ તમે ગમ ન કરો. *(બયાનુલ કુર્આન)*

આપણા માટે પાછલી ઉમ્મતોના શરીઅતોના હુકમની સ્થિતિ :

ثُمَّ جَعَلْنٰكَ عَلٰى شَرِيْعَةٍ مِّنَ الْاَمْرِ (પછી અમે તમને દીનના એક ખાસ માર્ગ ઉપર કરી દીધા) અત્રે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે દીને ઈસ્લામના અમુક તો મૂળભૂત અકીદાઓ છે, દાખલા તરીકે તવહીદ અને આખિરત વગેરે અને અમુક વ્યવહારુ જિંદગી સાથે સંલગ્ન હુકમો છે, જ્યાં સુધી મૂળભૂત માન્યતાઓનો સંબંધ છે તે તો દરેક નબીની ઉમ્મતમાં સરખા રહ્યા છે અને તેમાં ક્યારેય પરિવર્તન અથવા સુધારો થયો નથી પરંતુ વ્યવહારુ જિંદગીના હુકમો વિવિધ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં પોતપોતાના સમય અનુસાર બદલાતા રહ્યા છે, પ્રસ્તુત આયતમાં આ જ બીજા પ્રકારના હુકમોને "દીનના એક ખાસ માર્ગ"થી ઓળખાવવામાં આવ્યા અને એ જ કારણે ફુકહાએ આ આયતથી એ પરિણામ કાઢ્યું છે કે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે માત્ર શરીઅતે મુહમ્મદી ﷺના જ હુકમો ઉપર અમલ કરવો ફરજ છે, પાછલી ઉમ્મતોને જે હુકમો આપવામાં આવ્યા હતા તે આપણા માટે એ સમય સુધી અમલ કરવા ફરજ નથી જ્યાં સુધી કુર્આન અને સુન્નત વડે તેનું સમર્થન ન થાય, પછી સમર્થનનું એક સ્વરૂપ તો એ છે કે કુર્આન અથવા હદીષમાં સ્પષ્ટ રીતે એવું કહેવામાં આવ્યું હોય કે ફલાણા નબીની ઉમ્મતનો હુકમ આપણા માટે પણ અમલ કરવો ફરજ છે અને બીજું સ્વરૂપ એ છે કે કુર્આને કરીમ અથવા રસૂલે કરીમ ﷺ અથવા કોઈ

પાછલી ઉમ્મતનો કોઇ હુકમ વખાણ સ્વરૂપે અથવા ભલી રીતે વર્ણન કરવામાં આવ્યો હોય તેના વિશે એવું કહેવામાં ન આવ્યું હોય કે આ હુકમ આપણા સમયમાં મન્સૂખ થઈ ગયો છે એનાથી પણ એવી જાણ થાય છે કે આ હુકમ આપણી શરીઅતમાં પણ ચાલુ છે અને વાસ્તવમાં એ હુકમનો અમલ કરવો વાજિબ હોવું પણ આ સ્વરૂપમાં શરીઅતે મુહમ્મદી ﷺનો એક વિભાગ હોવાના સ્વરૂપે જ હોય છે, અત્રે આટલી વાત મસ્અલાની વાસ્તવિકતા સમજવા માટે પૂરતી છે, વિગતો ફિક્હના નિયમોની કિતાબોમાં ઉપસ્થિત છે.

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૨૧-૨૨)

اَمْ حَسِبَ الَّذِيْنَ اجْتَرَحُوا السَّيِّاٰتِ اَنْ نَّجْعَلَهُمْ كَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ
سَوَآءً مَّحْيَاهُمْ وَمَمَاتُهُمْ ۭ سَآءَ مَا يَحْكُمُوْنَ ﴿٢١﴾ وَخَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَ
الْاَرْضَ بِالْحَقِّ وَلِتُجْزٰى كُلُّ نَفْسٍۭ بِمَا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٢﴾

તરજુમો :

શું જેમણે બુરાઈ કમાઈ છે એવી ધારણા રાખે છે કે અમે તેમને તે લોકો સમાન કરી દઈશું કે જેઓ ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા !? તેમનું જીવવું અને મરવું એક સમાન છે ! ઘણા બુરા દા'વા (ફૈસલા) છે જે તેઓ કરી રહ્યા છે. (૨૧) અને અલ્લાહે આસમાનો અને જમીન સત્યતાપૂર્વક (જેવા હોવા જોઈએ એવા હિકમતથી) સર્જ્યા છે અને જેથી દરેક પોતાની કમાઈનો બદલો પામે અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૨૨)

તફસીર :

આ (કયામતનો ઇન્કાર કરનારા) લોકો જે દુષ્કૃત્યો (કુફ્ર, શિર્ક, જુલમ અને ગુનાહો) કરે છે શું એવું ધારે છે કે અમે તેમને તે લોકો બરાબર રાખીશું જેમણે ઈમાન અને નેક અમલો અપનાવ્યા કે તે સૌનું જીવવું અને મરવું એકસમાન થઈ જાય !? (એટલે કે મો'મિનોનું મરવું અને જીવવું એ અર્થમાં એકસમાન થઈ જાય કે જે રીતે મો'મિનો જિંદગીમાં આનંદ પ્રમોદથી લાભાન્વિત

ન થયા એ જ પ્રમાણે મોત પછી પણ તેઓ વંચિત રહે અને કાફિરોનું મરવું જીવવું પણ આ અર્થમાં મો'મિનો સમાન થઈ જાય કે જે રીતે આ જિંદગીમાં અઝાબ અને તકલીફોથી બચેલા રહ્યા એ જ પ્રમાણે મર્યા પછી પણ અઝાબથી સલામત રહે, ભાવાર્થ એ છે કે તેમના આખિરતના ઈન્કારથી એ માન્યતા જરૂરી બને છે કે આજ્ઞાપાલક બંદાઓને ક્યારેય આજ્ઞાપાલનનું ફળ ન મળે અને વિરોધીઓ ઉપર ક્યારેય વિરોધ કરવાનો વબાલ ન પડે પરંતુ તેઓ) આ ઘણો ખરાબ (વાહિયાત) ફેંસલો કરે છે અને અલ્લાહ તઆલાએ આસમાનો અને જમીનને હિકમત સાથે પેદા કર્યા (એક હિકમત તો એ છે કે તે મહાન મખ્લૂકના સર્જન ઉપર કાબૂ ધરાવવું નજર સમક્ષ આવી જવાથી દરેક બુદ્ધિશાળી એવું પણ સમજી લેશે કે જે પ્રથમ વખતે આ વસ્તુઓને પેદા કરી શકે છે તે તેમને નષ્ટ કરીને ફરીવાર પણ એ જ રીતે મોજૂદ કરી શકે છે જેથી કયામત અને આખિરતનું અસ્તિત્વ સાબિત થાય) અને (બીજી હિકમત એ છે કે) જેથી દરેક વ્યક્તિને તેના કર્યાનો બદલો આપવામાં આવે (અને આ બધું જાણીએ છીએ કે દુનિયામાં સંપૂર્ણ બદલો છે જ નથી એટલા માટે આખિરતનું હોવું જરૂરી બની ગયું) અને (આ બદલામાં) તેમના ઉપર જુલમ કરવામાં આવશે નહીં.

મસ્અલા અને બોધપાઠ :

આખિરતની દુનિયા; તેમાં બદલો અને સજા પામવું તાર્કિક રીતે પણ આવશ્યક છે :

પ્રસ્તુત બે આયતોમાંથી પ્રથમ આયતનો ખુલાસો બદલાનો દિવસ જરૂરી હોવા ઉપર એક તાર્કિક દલીલ છે, તે એ કે એ વાત તો દરેક વ્યક્તિની નજર સમક્ષ છે, કોઈને તેનો ઈન્કાર કરવાની સંભાવના નથી કે દુનિયામાં સદ્કર્મો અને દુષ્કર્મોનો બદલો સંપૂર્ણ નથી મળતો, બલકે સામાન્ય રીતે કાફિરો, દુષ્ટો, દુનિયાની દોલત અને આનંદ પ્રમોદમાં જીવન પસાર કરે છે અને અલ્લાહ તઆલાના આજ્ઞાપાલક બંદાઓ ગરીબી, ભૂખ અને મુસીબતો તથા આફતોમાં સપડાયેલા રહે છે, પ્રથમ તો દુનિયામાં દુષ્ટ ગુનેહગારોના અપરાધની જાણ જ મોટે ભાગે નથી થતી અને જો જાણમાં આવી જાય તો પણ તેઓ પકડાતા નથી, જો ક્યારેક પકડાઈ પણ જાય તો હલાલ-હરામ, સાચ-જૂઠની પરવા કર્યા વિના

સજાથી બચવાના માર્ગ શોધી લે છે અને સો માંથી કોઈ એકને સજા પણ કરવામાં આવે તો તે પણ તેના દુષ્કૃત્યની સંપૂર્ણ સજા નથી હોતી, આ રીતે અલ્લાહ તઆલાના બાગી પોતાની મનેચ્છાઓની પૂરતી આ દુનિયવી જિંદગીમાં છડેચોક કરતા રહે છે અને બીચારા મો'મિનો શરીઅતના પાબંદ ઘણી બધી દોલત અને આનંદ પ્રમોદની બાબતોને તો હરામ સમજીને છોડી દે છે તથા મુસીબતો અને આફતોથી બચવા માટે પણ માત્ર જાઇઝ પદ્ધતિઓ અપનાવે છે એટલા માટે દુનિયામાં તેમનું મોટી રાહતો અને આનંદ પ્રમોદથી વંચિત રહેવું દેખીતું છે અને જ્યારે એ જાણ થઈ કે આ દુનિયામાં કર્મોનો સંપૂર્ણ બદલો નથી મળતો તો જો હવે આ દુનિયા પછી બીજી આખિરતની દુનિયા અને તેમાં ફરીવારની જિંદગી તથા બદલો અને સજાનું લાગુ પડવું ન હોય તો પછી દુનિયામાં કોઈ ચોરી, લૂંટમાર, વ્યભિચાર, હત્યા વગેરેને ગુનોહ કહેવું મૂર્ખાઈ સિવાય બીજું શું છે ? આ લોકો તો મોટે ભાગે દુનિયામાં ઘણી સફળ જિંદગી વ્યતિત કરે છે, એક ચોર, ડાકૂ એક રાતમાં એટલી દોલત પ્રાપ્ત કરી લે છે જે એક ગ્રેજ્યુએટ વર્ષો વર્ષની નોકરી અને મહેનતથી પ્રાપ્ત નથી કરી શકતો તો જો આખિરત અને તેનો હિસાબ કિતાબ કોઈ બાબત જ ન હોય તો આ ચોર ડાકૂને તે ડાહ્યા ગ્રેજ્યુએટ કરતાં ઉત્તમ અને સારો કહેવો પડશે કે આ બાબતને કોઈ સમજદાર પસંદ નથી કરી શકતો, રહ્યું એવું કહેવું કે આ લોકો ઉપર દુનિયામાં કઠોર સજાઓ દરેક સરકારે નક્કી કરી રાખી છે પરંતુ આજકાલ અનુભવ એવું બતાવી રહ્યો છે કે અપરાધીઓ માત્ર તે જ પકડમાં આવે છે જેઓ મૂર્ખા હોય, હોશિયાર અને રીઢા ગુનેગારો માટે સજાથી બચવાના માર્ગો ખુલ્લા છે, એક લાંચ રુશ્વતનો ચોર દરવાજો તેમના છૂટી જવા માટે પૂરતો છે, ખુલાસો એ છે કે યા તો એવું સ્વીકારી લેવામાં આવે કે દુનિયામાં કોઈ ભલાઈ–બુરાઈ નેકી–બદી કોઈ વસ્તુ જ નથી ! પોતાનો સ્વાર્થ જે રીતે પણ સધાતો હોય તે સવાબ છે પરંતુ આ દુનિયામાં એવું કોઈ માનતું નથી અને જ્યારે નેકી–બદીનો તફાવત સ્વીકારવામાં આવે છે તો પછી બંનેનું પરિણામ કઈ રીતે બરાબર હોઈ શકે ?! બલકે દુષ્ટ અને અપરાધીઓ નેક અને ભલા વ્યક્તિ કરતાં વધારે આરામમાં કઈ રીતે રહે !? તેનાથી મોટો અત્યાચાર તો કોઈ નથી હોઈ શકતો ! આથી જ કુર્આને કરીમે પ્રસ્તુત આયતમાં ફરમાવ્યું કે શું તમે એવું ઈચ્છો છો કે ગુનેહગાર અને બિનગુનેહગાર બંનેને દુનિયા અને આખિરતમાં એકસમાન

કરી દેવામાં આવે ?! سَوَاءً مَّحْيَاهُمْ وَمَمَاتُهُمْ આ અત્યંત મૂર્ખતાપૂર્ણ ફેંસલો છે તો જ્યારે કે દુનિયામાં નેકી-બદીનો બદલો અને સજા સંપૂર્ણ નથી મળતી તો આખિરતની બીજી જિંદગી અને તેમાં બદલો અને સજા હોવું આવશ્યક છે, બીજી આયતમાં પણ આ જ વિષયની પૂર્ણતા માટે કહેવામાં આવ્યું, وَلِتُجْزَىٰ كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُونَ એટલે કે જુલમ અને બળજબરીને ખતમ કરવા તથા ન્યાયને સ્થાપિત કરવા માટે બદલાના દિવસનું હોવું આવશ્યક છે, રહી એ શંકા કે દુનિયામાં જ દરેક કર્મોનો બદલો સારો અથવા ખરાબ કેમ પૂર્ણ કરી દેવામાં ન આવે ! આ એ તકવીની હિકમતના વિરુદ્ધ છે કે આ દુનિયાને અલ્લાહ તઆલાએ કર્મોનું સ્થળ તથા કસોટીનું ઘર બનાવ્યું છે, બદલાનું સ્થળ નથી બનાવ્યું. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૨૩ થી ૨૬)

أَفَرَءَيْتَ مَنِ اتَّخَذَ إِلَٰهَهُۥ هَوَىٰهُ وَأَضَلَّهُ ٱللَّهُ عَلَىٰ عِلْمٍ وَخَتَمَ عَلَىٰ سَمْعِهِۦ
وَقَلْبِهِۦ وَجَعَلَ عَلَىٰ بَصَرِهِۦ غِشَٰوَةً فَمَن يَهْدِيهِ مِنۢ بَعْدِ ٱللَّهِ ۚ أَفَلَا تَذَكَّرُونَ ﴿٢٣﴾
وَقَالُوا۟ مَا هِىَ إِلَّا حَيَاتُنَا ٱلدُّنْيَا نَمُوتُ وَنَحْيَا وَمَا يُهْلِكُنَآ إِلَّا ٱلدَّهْرُ ۚ وَمَا لَهُم
بِذَٰلِكَ مِنْ عِلْمٍ ۖ إِنْ هُمْ إِلَّا يَظُنُّونَ ﴿٢٤﴾ وَإِذَا تُتْلَىٰ عَلَيْهِمْ ءَايَٰتُنَا بَيِّنَٰتٍ مَّا كَانَ
حُجَّتَهُمْ إِلَّآ أَن قَالُوا۟ ٱئْتُوا۟ بِـَٔابَآئِنَآ إِن كُنتُمْ صَٰدِقِينَ ﴿٢٥﴾ قُلِ ٱللَّهُ يُحْيِيكُمْ ثُمَّ يُمِيتُكُمْ
ثُمَّ يَجْمَعُكُمْ إِلَىٰ يَوْمِ ٱلْقِيَٰمَةِ لَا رَيْبَ فِيهِ وَلَٰكِنَّ أَكْثَرَ ٱلنَّاسِ لَا يَعْلَمُونَ ﴿٢٦﴾

તરજુમો :

ભલા જુઓ તો જેણે પોતાનો મઅ્બૂદ પોતાની મનેચ્છાને ઠરાવી લીધો અને અલ્લાહે (પણ) જાણી લઈને તેને ગુમરાહ રાખ્યો; અને તેના કાન (શ્રવણ શક્તિ) ઉપર અને દિલ ઉપર મહોર લગાવી દીધી અને તેની આંખો ઉપર પડદો નાંખી દીધો, પછી તેને અલ્લાહના સિવાય કોણ માર્ગ ઉપર લાવે !? બસ શું તમે વિચાર નથી કરતા !? (૨૩) અને કહે છે, બીજું કંઈ જ નથી;

બસ આ જ છે અમારું દુનિયાનું જીવવું, અમે મરીએ છીએ અને જીવીએ છીએ અને અમે જે મરીએ છીએ બસ યુગ (કાળચક્ર) પ્રમાણે ! અને તેમને તેની કંઈ જ ખબર નથી માત્ર અટકળો ચલાવે છે. (૨૪) અને જ્યારે તેમને અમારી ખુલ્લી (સ્પષ્ટ) આયતો સંભળાવવામાં આવે તેમની અન્ય કોઈ દલીલ નથી પરંતુ એ જ કે કહે છે, અમારા બાપદાદાઓને લઈ આવો જો તમે સાચા છો ! (૨૫) તમે કહો કે અલ્લાહ જ તમને જીવાડે છે પછી તમને મૃત્યુ આપશે, પછી કયામતના દિવસે તમને ભેગા કરશે; એમાં કોઈ શંકા નથી પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૨૬)

તફસીર :

બસ શું (તવહીદ અને આખિરતના આ સ્પષ્ટ વર્ણનો પછી) તમે તે વ્યક્તિની હાલત પણ જોઈ જેણે પોતાનો મઅ્બૂદ પોતાની મનેચ્છાઓને બનાવી રાખ્યો છે (કે જે દિલમાં આવે છે તેની જ પાછળ ચાલતો રહે છે) અને અલ્લાહ તઆલાએ જેને જાણી લીધા છતાં ગુમરાહ કરી દીધો છે (કે સત્યને સાંભળે અને સમજે પણ છે પરંતુ મનેચ્છાઓના અનુસરણથી માર્ગ ભટકી ગયો) અને (અલ્લાહ તઆલાએ) તેના કાન અને દિલ ઉપર સીલ મારી દીધું છે અને તેની આંખ ઉપર પડદો નાંખી દીધો છે (એટલે કે મનેચ્છાઓની પૂજાના કારણે સત્યના સ્વીકાર કરવાની ક્ષમતા અત્યંત મંદ પડી ગઈ) બસ આવા વ્યક્તિને અલ્લાહ(ના ગુમરાહ કરી દીધા) પછી કોણ માર્ગ બતાવે !? (તેમાં આશ્વાસન પણ છે, આગળ તે ઈન્કારીઓની શા'ન ઠેકાણે લાવવા માટે સંબોધન છે કે) શું તમે (આ વર્ણનો સાંભળ્યા) પછી પણ નથી સમજતા ? (એટલે કે એવું સમજવું જે લાભદાયક હોય જો કે સામાન્ય અર્થના આધારે તેઓ આ બાબત સમજતા હતા) અને આ (કયામતના ઈન્કાર કરનારા) લોકો એવું કહે છે કે દુનિયાની આ જિંદગી સિવાય અમારી અન્ય કોઈ જિંદગી (આખિરતમાં) નથી, અમારે (અહીંયાં જ એક મોતે) મરવાનું છે અને (અહીંયાં જ એક જીવન) જીવવાનું છે, (હેતુ એ છે કે મોતની જેમ જિંદગી પણ દુનિયાની જ સાથે ખાસ છે) અને અમને માત્ર કાળચક્ર અનુસાર મોત આવે છે (મતલબ એ છે કે સમય પસાર થવાની સાથે સાથે શારીરિક શક્તિઓ નબળી થઈ જાય છે અને સ્વાભાવિક કારણોસર મોત આવે છે અને એ જ રીતે જિંદગીનું કારણ પણ સ્વાભાવિક અને ભૌતિક છે, બસ જ્યારે મોત અને

જિંદગી સ્વાભાવિક અને ભૌતિક કારણોના તા'બે છે અને ભૌતિક કારણો આખિરતની જિંદગીનો તકાદો નથી કરતા તો આખિરતની જિંદગી હશે જ નહીં) અને તે લોકોની પાસે તેના ઉપર કોઈ દલીલ નથી, માત્ર અટકળો હાંકી રહ્યા છે (એટલે કે આખિરતની જિંદગીના નકાર ઉપર કોઈ દલીલ નથી) અને (ન જ સત્યવાળાઓની દલીલનો તેઓ કંઈ જવાબ આપી શકે છે એટલા માટે) જે સમયે (આ વિશે) તેમની સામે અમારી ખુલ્લી ખુલ્લી આયતો પઢવામાં આવે છે (જે હેતુ સાબિત કરવા માટે પૂરતી છે) તો તેમનો (એના ઉપર) તેના સિવાય અન્ય કોઈ જવાબ નથી હોતો કે કહે છે કે અમારા બાપ દાદાઓને (સજીવન કરીને) સામે લઈ આવો જો તમે (આ દા'વામાં) સાચા છો ! (અને આ જવાબ સિવાય અન્ય કોઈ જવાબ આપી શકતા નથી, દાખલા તરીકે એ કે કોઈ તાર્કિક દલીલથી તેનું તાર્કિક રીતે અશક્ય હોવું સાબિત કરી આપે) તમે (તેમના જવાબમાં) એવું કહી આપો કે અલ્લાહ તઆલા તમને (જ્યાં સુધી ઇચ્છે છે) જીવીત રાખે છે, પછી (જ્યારે ઇચ્છશે) તમને મોત આપશે, પછી કયામતના દિવસે જે(ના ઉપસ્થિત થવા)માં જરાય શંકા નથી તમને (જીવીત કરીને) એકઠા કરશે (બસ તે દિવસના જીવીત કરવાનો દા'વો છે અને દુનિયામાં મૃત લોકોને જીવીત ન કરવાથી તે દિવસે સજીવન કરવાનો નકાર જરૂરી બનતો નથી) પરંતુ ઘણા લોકો સમજતા નથી (અને વિના દલીલે સત્યનો ઇન્કાર કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰهُ એટલે કે, તે વ્યક્તિ જેણે પોતાની મનેચ્છાઓને પોતાનો મઅ્બૂદ બનાવી લીધો, એ તો દેખીતું છે કે કોઈ કાફિર પણ પોતાની મનેચ્છાઓને પોતાનો ખુદા અથવા મઅ્બૂદ નથી કહેતો પરંતુ કુર્આને કરીમની આ આયતે બતાવ્યું કે ઇબાદત વાસ્તવમાં આજ્ઞાપાલનનું નામ છે, જે વ્યક્તિ અલ્લાહની આજ્ઞાપાલનના મુકાબલામાં કોઈ અન્યના આજ્ઞાપાલનને અપનાવે તે જ તેનો મઅ્બૂદ કહેવાશે તો જે વ્યક્તિને હલાલ અને હરામ તથા જાઇઝ અને નાજાઇઝની પરવા ન હોય, અલ્લાહ તઆલાએ જેને હરામ કર્યું છે તે તેમાં અલ્લાહનો હુકમ માનવાને બદલે પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરે તો ભલે એ પોતાની મનેચ્છાને પોતાના મુખે પોતાનો મઅ્બૂદ ન કહે પરંતુ વાસ્તવમાં તે જ તેનો મઅ્બૂદ થયો, આ જ વિષયને કોઈ વલીએ આ શે'રમાં કહ્યું છે,

سودہ گشت از سجدۂ راہِ بتاں پیشانیم چند بر خود تہمت دینِ مسلمانی نہم

તેમાં મનેચ્છાઓને મૂર્તિઓથી ઓળખાવવામાં આવી છે જેણે પોતાની મનેચ્છાઓને જ પોતાના ઇમામ અને અનુસરણ કરવાપાત્ર બનાવી લીધું અને તેની પાછળ ચાલવા લાગ્યા તો જાણે આ મનેચ્છાઓ જ તેની મૂર્તિઓ છે. હઝરત અબૂ ઉમામહ (રદિ.)એ ફરમાવ્યું કે મેં રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળ્યું છે કે આસમાનની નીચે દુનિયામાં જેટલા મઅ્બૂદોની ઇબાદત કરવામાં આવી છે તેમાં સૌથી વધારે તિરસ્કૃત અલ્લાહ તઆલા સમીપ هَــــــوٰى "હવા" (એટલે કે મનેચ્છાઓ) છે, હઝરત શદ્દાદ બિન ઔષ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે બુદ્ધિશાળી તે વ્યક્તિ છે જે પોતાના નફ્સને કાબૂમાં રાખે અને મોત પછીના જીવન માટે અમલ કરે અને દુષ્ટ તે છે જે પોતાના નફ્સને તેની મનેચ્છાઓ પાછળ છોડી દે અને તે છતાં અલ્લાહ તઆલા પાસે આખિરતની ભલાઈની તમન્ના કરતો રહે, હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરી (રહ.)એ ફરમાવ્યું કે તમારી બીમારી તમારી મનેચ્છાઓ છે, હા ! જો તમે તેનાથી ઊલટું કરો તો આ બીમારી જ તમારી દવા પણ છે. (આ બધી રિવાયતો કુર્તુબીમાંથી લેવામાં આવી છે.)

وَمَا يُهْلِكُنَآ اِلَّا الدَّهْرُ માં શબ્દ دَهْرَ (દહ્ર) અસલમાં સમયના તે કાળચક્રનું નામ છે જે આ વિશ્વની ઉત્પત્તિથી લઈ અંત સુધીનો ગાળો છે અને ક્યારેક ઘણી લાંબી મુદતના કાળને પણ "દહ્ર" કહેવામાં આવે છે, કાફિરોએ આ નિવેદન દલીલ સ્વરૂપે રજુ કર્યું છે કે અમારી મોત અને જિંદગીનો અલ્લાહ તઆલાના હુકમ અને ઇચ્છા સાથે કોઈ સંબંધ નથી, બલકે તે સ્વાભાવિક અને ભૌતિક કારણોના તા'બે છે જેનું પ્રત્યક્ષ અવલોકન મોત વિશે તો બધા કરી શકે છે કે શરીરના અવયવો અને તેની શક્તિઓ વપરાવાથી ઘસાતાં રહે છે અને એક સમયકાળે લાંબો સમય પસાર થયા પછી તે બિલકુલ સમાપ્ત થઈ જાય છે અને તેનુ જ નામ મોત છે, એના જ ઉપર જિંદગીને પણ અનુમાનિત કરી લો કે તે પણ કોઈ અલ્લાહના હુકમથી નથી બલકે ભૌતિક કારણો અને પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થયેલ છે. આ ઇન્કારીઓની દલીલ હતી.

دَهْرَ (દહ્ર) અથવા સમયને ખરાબ કહેવું સારું નથી :

કાફિરો અને મુશ્રિકો સમયચક્રને જ સમગ્ર સૃષ્ટિ અને તેની સારી

પરિસ્થિતિનું કારણ ઠરાવતા હતા અને તેના જ તરફ સંબંધ જોડતા હતા, જેમકે આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે, જ્યારે કે વાસ્તવમાં આ બધી પ્રવૃત્તિઓ અલ્લાહ જલ્લ શા'નુહૂની શક્તિ અને ઇરાદાથી થાય છે એટલા જ માટે સહીહ હદીષોમાં "દહ્ર અથવા સમય"ને ખરાબ કહેવાની મનાઈ આવી છે, કારણ કે કાફિરો જે શક્તિને "દહ્ર" શબ્દથી ઓળખાવ્યા કરતા હતા વાસ્તવમાં તે શક્તિ અને કુદરત અલ્લાહ તઆલાની જ છે એટલા માટે દહ્રને ખરાબ કહેવાનું પરિણામ વાસ્તવમાં અલ્લાહ તઆલા સુધી પહોંચે છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે "દહ્ર"ને બુરો ન કહો કારણ કે દહ્ર વાસ્તવમાં અલ્લાહ જ છે, તેનો ભાવાર્થ એ છે કે આ જાહિલો જે કાર્યને દહ્રનું કાર્ય કહે છે તે વાસ્તવમાં અલ્લાહ તઆલાની જ શક્તિ અને કુદરતનું કાર્ય છે, દહ્ર કોઈ વસ્તુ નથી આથી એવું જરૂરી નથી બનતું કે દહ્ર અલ્લાહ તઆલાના નામોમાંથી કોઈ નામ હોય, કારણ કે અહીંયાં રૂપક સ્વરૂપે અલ્લાહ તઆલાને "દહ્ર" કહેવામાં આવેલ છે.

આયતો : (સૂરએ જાષિયહ : આયત નં. ૨૭ થી ૩૭)

وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يَوْمَىِٕذٍ
يَّخْسَرُ الْمُبْطِلُوْنَ ۝ وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةً ۣ كُلُّ اُمَّةٍ تُدْعٰٓى اِلٰى كِتٰبِهَا ۭ
اَلْيَوْمَ تُجْزَوْنَ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝ هٰذَا كِتٰبُنَا يَنْطِقُ عَلَيْكُمْ بِالْحَقِّ ۭ
اِنَّا كُنَّا نَسْتَنْسِخُ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ فَيُدْخِلُهُمْ رَبُّهُمْ فِيْ رَحْمَتِهٖ ۭ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْمُبِيْنُ ۝ وَاَمَّا الَّذِيْنَ
كَفَرُوْا ۣ اَفَلَمْ تَكُنْ اٰيٰتِيْ تُتْلٰى عَلَيْكُمْ فَاسْتَكْبَرْتُمْ وَكُنْتُمْ قَوْمًا مُّجْرِمِيْنَ ۝
وَاِذَا قِيْلَ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّالسَّاعَةُ لَا رَيْبَ فِيْهَا قُلْتُمْ مَّا نَدْرِيْ
مَا السَّاعَةُ ۙ اِنْ نَّظُنُّ اِلَّا ظَنًّا وَّمَا نَحْنُ بِمُسْتَيْقِنِيْنَ ۝ وَبَدَا لَهُمْ سَيِّاٰتُ
مَا عَمِلُوْا وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝ وَقِيْلَ الْيَوْمَ نَنْسٰىكُمْ كَمَا نَسِيْتُمْ

لِقَآءَ يَوْمِكُمْ هٰذَا وَمَاْوٰىكُمُ النَّارُ وَمَا لَكُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٣٤﴾ ذٰلِكُمْ بِاَنَّكُمُ
اتَّخَذْتُمْ اٰيٰتِ اللّٰهِ هُزُوًا وَّغَرَّتْكُمُ الْحَيٰوةُ الدُّنْيَا ۚ فَالْيَوْمَ لَا يُخْرَجُوْنَ مِنْهَا
وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿٣٥﴾ فَلِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ رَبِّ
الْعٰلَمِيْنَ ﴿٣٦﴾ وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۖ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٣٧﴾ ع

તરજુમો :

અને અલ્લાહનું જ શાસન છે આસમાનોમાં અને જમીનમાં અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે જૂઠાઓ નુકસાનમાં હશે. (૨૭) અને તમે દરેક ઉમ્મતને જોશો કે ઘૂંટણભેર બેઠેલ છે, દરેક ઉમ્મત પોતપોતાના દફતર (આ'માલનામા)ની પાસે બોલાવવામાં આવશે, આજે બદલો પામશો જેવું તમે કરતા હતા. (૨૮) આ અમારું દફતર છે તમારા કાર્ય સત્યતાપૂર્વક ઉચ્ચારે છે, અમે લખાવતા જતા હતા જે કંઈ તમે કરતા હતા. (૨૯) બસ જે લોકો ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા, બસ તેમને તેમનો પરવરદિગાર પોતાની રહમતમાં દાખલ કરશે, આ જ છે ખુલ્લી સફળતા પામવી. (૩૦) અને જેઓ ઈન્કારી થયા, શું તમને મારી વાતો સંભળાવવામાં આવતી ન હતી પછી તમે અભિમાન કર્યું અને તમે લોકો પાપી બની ગયા ! (૩૧) અને જ્યારે કહેવામાં આવતું કે અલ્લાહનો વાયદો સાચો છે અને કયામતમાં કોઈ શંકા નથી, તમે કહેતા હતા, અમે નથી સમજતા કયામત શું છે; અમને એક વિચાર તો આવે છે અને અમને (મૂળેથી) વિશ્વાસ નથી થતો. (૩૨) અને તેમના ઉપર તેમના કર્મોની બુરાઈઓ ખુલી જાય જે કર્યા હતા અને તેમના ઉપર તે વસ્તુ ઊંધી વળે (ઘેરી લે) જેની હાંસી ઉડાવતા હતા. (૩૩) અને હુકમ થશે કે આજે અમે તમને ભૂલાવી દઈશું જેવું તમે પોતાના તે દિવસની મુલાકાતને ભૂલાવી દીધું હતું અને તમારું રહેઠાણ દોઝખ છે અને કોઈ તમારો મદદગાર નથી. (૩૪) આ તમારા ઉપર એટલા માટે છે કે તમે અલ્લાહની આયતોની હાંસી ઉડાવી અને દુનિયાની જિંદગી ઉપર ધોકામાં રહ્યા, બસ આજે ન તો તેમને ત્યાંથી કાઢવાનું મંજૂર છે અને ન જ તેમનાથી

તવબહની માંગણી થશે. (૩૫) બસ અલ્લાહના જ માટે છે સઘળા વખાણ જે પરવરદિગાર છે આસમાનોનો અને પરવરદિગાર છે જમીનનો, પરવરદિગાર છે સમગ્ર વિશ્વનો. (૩૬) અને તેના જ માટે મહાનતા છે આસમાનોમાં અને જમીનમાં અને તે જ છે જબરદસ્ત હિકમતવાળો. (૩૭)

તફસીર :

અને (ઉપરોક્ત જે કહેવામાં આવ્યું છે કે "અલ્લાહ તઆલા તમને એકઠા કરશે" તો તેને કંઈ જ મુશ્કેલ સમજવામાં ન આવે કારણ કે) અલ્લાહનું જ શાસન છે આસમાનોમાં અને જમીનમાં (તે જે રીતે ઈચ્છે કરી શકે છે, બસ તમને મોત પછી સજીવન કરીને એકઠા કરવું પણ તેના માટે કોઈ મુશ્કેલ નથી) અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે જૂઠાઓ (ખોટી માન્યતા ધરાવનારાઓ) નુકસાનમાં પડશે અને (તે દિવસે) દરેક ઉમ્મતને જોશો કે (ડરના માર્યા) ઘૂંટણભેર પડેલા હશે, દરેક ઉમ્મત પોતાના નામએ આ'માલ(–કર્મોના હિસાબ કિતાબના દફતરમાં લખેલા અમલોના હિસાબ) તરફ બોલાવવામાં આવશે (આ નામએ આ'માલ તરફ બોલાવવાનો ભાવાર્થ છે નહિતર નામએ આ'માલ તો પોતે તેમની પાસે જ હશે અને તેમને કહેવામાં આવશે કે) આજે તમને તમારા કર્મોનો બદલો મળશે (અને કહેવામાં આવશે કે) આ (નામએ આ'માલ) અમારું (લખાવેલું) દફતર છે જે તમારા મુકાબલામાં સત્ય ઉચ્ચારી રહ્યું છે (અને તમારા કર્મોને જાહેર કરી રહ્યું છે અને) અમે (દુનિયામાં) તમારા (સઘળા) કર્મોને (ફરિશ્તાઓ પાસે) લખાવતા રહેતા હતા (અને આ તે બધાનો જ સંગ્રહ છે) બસ (હિસાબ પછી ફેંસલો એ થશે કે) જે લોકો ઈમાન લાવ્યા હતા અને તેમણે સારા કર્મો કર્યા હતા તો તેમને તેમનો પરવરદિગાર પોતાની રહમતમાં દાખલ કરશે અને આ ઉઘાડી સફળતા છે અને જે લોકો કાફિર હતા (તેમને કહેવામાં આવશે કે) શું મારી આયતો તમને પઢીને સંભળાવવામાં આવતી ન હતી ? બસ તમે (તેના સ્વીકાર કરવાથી) અભિમાન કર્યું હતું અને (એ કારણે) તમે મોટા મુજરિમ (પાપી) હતા અને (તમારી એવી હાલત હતી કે) જ્યારે (તમને) કહેવામાં આવતું હતું કે અલ્લાહનો વાયદો (ફરીવાર જીવીત કરવાનો, બદલો અને સજા આપવાનો) સત્ય છે અને કયામતમાં કોઈ શંકા નથી તો તમે (અત્યંત લાપરવાહીથી) કહ્યા કરતા હતા કે અમે નથી જાણતા કયામત શું વસ્તુ છે ? માત્ર

(સાંભળવા સંભળાવવાથી) એક વિચાર જેવું તો અમને પણ થાય છે અને અમને (તેની) શ્રદ્ધા નથી અને (તે સમયે) તેમના ઉપર પોતાના બધા બુરા કર્મો જાહેર થઈ જશે અને જે(અઝાબ)ની સાથે તેઓ ઠઠ્ઠો મશ્કરી કર્યા કરતા હતા તે તેમને ઘેરશે અને (તેમને) કહેવામાં આવશે કે આજે અમે તમને ભૂલાવી આપીએ છીએ (એટલે કે રહમતથી વંચિત કરી દઈએ છીએ જેને ભૂલાવવું રૂપક સ્વરૂપે કહેવામાં આવ્યું છે) જેમકે તમે પોતાના આ દિવસના આવવાને ભૂલાવી રાખ્યું હતું અને (આજથી) તમારું ઠેકાણુ જહન્નમ છે અને કોઈ તમારો મદદગાર નથી, આ (સજા) એટલા માટે છે કે તમે અલ્લાહ તઆલાની આયતોની હાંસી ઉડાવી હતી અને તમને દુનિયવી જિંદગીએ ધોકામાં નાંખી રાખ્યા હતા (કે તેમાં મશ્ગૂલ થઈને આખિરતથી બિલકુલ ગાફેલ બલકે તેના ઈન્કારી થઈ ગયા હતા), બસ આજે આ લોકો ન તો દોઝખમાંથી કાઢવામાં આવશે અને ન જ તેમને અલ્લાહના ક્રોધથી છુટકારો પૂછવામાં આવશે (એટલે કે એવો મોકો આપવામાં નહીં આવે કે તવબહ કરીને અલ્લાહ તઆલાને રાજી કરી લે, જ્યારે આ બધા જ વિષયો સાંભળી લીધા) તો (એનાથી એ પણ સમજમાં આવી ગયું કે) બધી જ ખુબીઓ અલ્લાહના જ માટે (સાબિત) છે જે પરવરદિગાર છે આસમાનોનો અને પરવરદિગાર છે જમીનનો (અને આસમાન અને જમીનની શું વિશેષતા છે !) તે તો પરવરદિગાર છે સમગ્ર વિશ્વનો અને તેની જ મોટાઈ છે (જે નિશાનીઓ અને સાબિતીઓથી જાહેરાત) આસમાન અને જમીનમાં (થઈ રહી છે) અને તે જ જબરદસ્ત છે હિકમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةً માં جَاثِيَةً (જાષિયહ) શબ્દ جُثُوٌ (જુષૂ)થી બનેલ છે જેનો અર્થ "ઘૂંટણીયે પડી જવાનો" થાય છે અને હઝરત સુફિયાને ફરમાવ્યું, "જુષૂ" એ રીતે બેસવાને કહે છે કે જમીન ઉપર માત્ર ઘૂંટણ અને પગના પંજા ટેકવાઈ જાય એ પ્રમાણેની બેઠક હશે અને આવું ડરના કારણે હશે અને كُلَّ اُمَّةٍ (કુલ્લ ઉમ્મતિન)ના શબ્દથી એ જાહેર થાય છે કે આ ડરની હાલત મહશરમાં બધા જ ઉપસ્થિત લોકો મો'મિન અને કાફિર, નેક અને ખરાબ સૌની હશે અને અમુક બીજી આયતો તથા રિવાયતોમાં જે મહશરના ડર અને ભયથી અંબિયા (અલૈ.) તથા નેક લોકો બાકાત હોવાનું ઠરાવવામાં આવ્યું છે તે આનાથી વિપરીત

નથી, કારણ કે શક્ય છે કે આ ભય અને દહેશત થોડા સમય માટે અંબિયા (અલૈ.) અને નેક લોકો ઉપર પણ છવાઈ જાય પરંતુ થોડીવાર ખૂબ અલ્પ પ્રમાણમાં હોવાના કારણે તેને ન હોવાના હુકમમાં રાખવામાં આવ્યું છે અને એવું પણ હોઈ શકે છે કે كُلَّ اُمَّةٍ (કુલ્લ ઉમ્મતિન)થી ભાવાર્થ સામાન્ય મહશરવાળા ન હોય બલકે બહુમતી લોકો ભાવાર્થ સ્વરૂપે હોય, જેમકે كُـــلُ (કુલ) અમુક સમયે બહુમતી માટે પણ બોલવામાં આવે છે અને ઘણા તફસીરકારોએ جَـــــاثِيَـــــةً (જાષિયહ)નો અર્થ એવી બેઠકને કહ્યું છે જેમકે નમાઝમાં હોય છે તો પછી તે શંકા આપોઆપ જ સમાપ્ત થઈ જાય છે, કારણ કે આ બેઠક ડરની નથી હોતી, અદબ અને શિસ્તની હોય છે. كُلُّ اُمَّةٍ تُدْعٰٓى اِلٰى كِتٰبِهَا માં كِتَابُ (કિતાબ)નો ભાવાર્થ આ સ્થળે ઘણા તફસીરકારો સમીપ તે નામએ આ'માલ છે જે ફરિશ્તાઓ દુનિયામાં લખતા રહ્યા હતા અને હવે મહશરમાં આ કર્મોનો ચોપડો ઉડાવવામાં આવશે અને દરેક વ્યક્તિનું નામએ આ'માલ તેના હાલમાં પહોંચી જશે અને તેને કહેવામાં આવશે, اِقْـرَاْ كِتَـابَكَ كَفٰى بِنَـفْسِكَ الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا એટલે કે પોતાનું નામએ આ'માલ પઢી લો અને પોતે જ હિસાબ લગાવો કે તમને આ કર્મોનો શું બદલો મળવો જોઈએ ? અને આ નામએ આ'માલ તરફ બોલાવવાનો અર્થ તેમના હિસાબ તરફ બોલાવવાનો છે, જેમકે તફસીરના ખુલાસામાં આવી ચૂક્યું છે. વલ્લાહુ અઅ્લમુ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ જાષિયહ રજ્જબ સન હિજરી ૧૩૯૨માં પૂરી થઈ.

□□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ જાષિયહનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૮ ડિસેમ્બર ૨૦૧૦ મુતાબિક ૦૧ મુહર્રમ ૧૪૩૨ હિજરી.

Jehangir

•

પ્રકરણ (૪૬)

સૂરએ અહકાફ

સૂરએ અહકાફ મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૩૫ આયતો તથા ૪ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૧ થી ૬)

પારહ : ૨૬

اٰیاتها ٣٥ ﴿٤٦﴾ سُوْرَةُ الْاَحْقَافِ مَکِّیَّةٌ ٦٦ رکوعاتها ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

٢٦ حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿٢﴾ مَا خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ
وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ۭ وَالَّذِيْنَ كَفَرُوْا عَمَّآ اُنْذِرُوْا مُعْرِضُوْنَ ﴿٣﴾
قُلْ اَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ اَرُوْنِيْ مَاذَا خَلَقُوْا مِنَ الْاَرْضِ اَمْ
لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ۭ اِيْتُوْنِيْ بِكِتٰبٍ مِّنْ قَبْلِ هٰذَآ اَوْ اَثٰرَةٍ مِّنْ عِلْمٍ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤﴾ وَمَنْ اَضَلُّ مِمَّنْ يَّدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَنْ لَّا يَسْتَجِيْبُ لَهٗٓ
اِلٰى يَوْمِ الْقِيٰمَةِ وَهُمْ عَنْ دُعَاۗىِٕهِمْ غٰفِلُوْنَ ﴿٥﴾ وَاِذَا حُشِرَ النَّاسُ كَانُوْا
لَهُمْ اَعْدَاۗءً وَّكَانُوْا بِعِبَادَتِهِمْ كٰفِرِيْنَ ﴿٦﴾

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

હા-મીમ. (૧) કિતાબનું ઉતારવું જબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી

છે. (૨) અમે જે આસમાનો અને જમીન બનાવ્યા અને જે તેમની વચ્ચે છે બસ સત્યતાપૂર્વક અને એક નિશ્ચિત વાયદા ઉપર; અને જે લોકો ઈન્કારી છે તેઓ ડર સાંભળીને મોઢું ફેરવી લે છે. (૩) તમે કહો ! ભલા જુઓ તો જેને તમે અલ્લાહના સિવાય પોકારો છો મને બતાવો તો તેમણે શું બનાવ્યું જમીનમાં ? અથવા તેમની કંઈ ભાગીદારી છે આસમાનોમાં !? મારી પાસે કોઈ કિતાબ લાવો આના પહેલાંની અથવા કોઈ જ્ઞાન જે ચાલ્યું આવતું હોય જો તમે સાચા છો ! (૪) અને એનાથી વધીને ગુમરાહ કોણ જે અલ્લાહના સિવાય એવાને પોકારે કે તે તેના પોકારે કયામતના દિવસ સુધી ન પહોંચે અને તેઓ(ઘડી કાઢેલા મઅ્બૂદો)ને તેમની માંગણીની ખબર પણ ન થાય. (૫) અને જ્યારે લોકો (હશ્રના દિવસે) એકઠા થશે તેઓ તેમના દુશ્મન હશે અને તેઓની પૂજાનો ઈન્કાર કરશે. (૬)

તફસીર :

હા-મીમ. (તેનો અર્થ અલ્લાહને ખબર છે) આ કિતાબ અલ્લાહ જબરદસ્ત હિકમતવાળા તરફથી મોકલવામાં આવી છે (એટલા માટે તેના વિષયો વિચારપાત્ર છે, આગળ તવહીદ અને આખિરતનું વર્ણન છે કે) અમે આસમાન અને જમીનને અને તે વસ્તુઓને જે તેમની વચ્ચે છે હિકમતપૂર્વક અને એક નિશ્ચિત સમય (સુધી) માટે પેદા કરી છે અને જે લોકો કાફિર છે તેમને જે વસ્તુથી ડરાવવામાં આવે છે (દાખલા તરીકે તવહીદના ઈન્કાર ઉપર તમને કયામતમાં અઝાબ થશે તો) તેઓ તેનાથી લાપરવાહી (અને બેદરકારી) દાખવે છે (અને તવહીદનો સ્વીકાર કરતા નથી) તમે (તેમને તવહીદ વિશે) કહો કે એ તો બતાવો જે વસ્તુઓને તમે અલ્લાહ(ની તવહીદ)ને છોડી ઈબાદત કરો છો (તો તેઓ ઈબાદતના હકદાર હોવાની શું દલીલ છે ? જો તાર્કિક દલીલ છે તો) મને એ બતાવો કે તેમણે કઈ જમીન પેદા કરી છે અથવા તેમનો આસમાનો(ના પેદા કરવા)માં શું હિસ્સો છે ? (અને દેખીતું છે કે તમે પણ તેમને સર્જનહાર નથી માનતા કે જે પૂજાપાત્ર હોવાની દલીલ બની શકે, બલકે તેમને મખ્લૂક કહો છો કે જે ઈબાદતના હકદાર હોવાથી વિરુદ્ધ છે, બસ તાર્કિક દલીલ તો પાંગળી પુરવાર થઈ અને જો તમારી પાસે કોઈ વર્ણન કરેલ દલીલ છે તો) મારી પાસે કોઈ (સાચી) કિતાબ (લાવો જેમાં શિર્કનો હુકમ હોય અને) જે આ(કુર્આન)થી

પહેલાંની હોય (કારણ કે તમે પણ જાણો છો કે કુર્આનમાં શિર્કનો નકાર છે, બસ કોઈ અન્ય કિતાબની આવશ્યકતા છે) અથવા (કિતાબ ન હોય તો) કોઈ અન્ય (ભરોસાપાત્ર) વિષય (જે મૌખિક) નકલ થયેલ (થતો ચાલ્યો આવ્યો હોય અને કિતાબ સ્વરૂપે લેખિતમાં ન હોય) લાવો જો તમે (શિર્કના દા'વામાં) સાચા છો (મતલબ એ કે તાર્કિક દલીલો સમર્થનપાત્ર અને પ્રમાણિત હોવું જરૂરી છે કે જે કોઈ નબીની કિતાબમાં હોય અથવા તેમનું મૌખિક નિવેદન હોય) અને (દેખીતું છે કે આવી દલીલ કોઈ રજુ નથી કરી શકતું પરંતુ જે પોતાના બાતિલ અકીદાઓથી તો પણ અટકે નહીં એવા વ્યક્તિ વિશે કહેવામાં આવે છે કે) એવા વ્યક્તિથી વધારે કોણ ગુમરાહ હશે જે (દલીલ લાવવાથી લાચાર હોવા તથા તેના વિરુદ્ધ દલીલ સ્થાપિત થઈ જવા છતાં) અલ્લાહને છોડીને એવા મઅ્બૂદોને પોકારે જે કયામત સુધી પણ તેમનું કહ્યું ન કરે અને તેમના એ પોકારવાની પણ (તેમને) ખબર (સુદ્ધાં) ન થાય અને (પછી) જ્યારે (કયામતમાં) બધા વ્યક્તિઓ (હિસાબ માટે) એકઠા કરવામાં આવે તો તે (મઅ્બૂદ) તે(ઈબાદત કરનારા)ઓના દુશ્મન થઈ જાય અને તેમની ઈબાદતનો જ ઈન્કાર કરી બેસે (બસ એવા મઅ્બૂદોની ઈબાદત કરવાથી વધારે શું ભૂલ છે કે ઈબાદત કરવાનું કોઈ યોગ્ય કારણ નથી અને ઈબાદત ન કરવાના કારણો તો ઘણા બધા છે).

મસ્અલા અને બોધપાઠ :

قُلْ اَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ આ આયતોમાં મુશ્રિકોના શિર્કના દા'વાને રદ કરવા માટે તેમની પાસેથી તેમના દા'વા ઉપર દલીલની માંગણી કરવામાં આવી છે, કારણ કે કોઈ દા'વો ગવાહી અને દલીલ વિના તાર્કિક રીતે અથવા શરઈ રીતે અમલપાત્ર નથી હોતો, પછી તેમાં જેટલા પણ દલીલોના પ્રકારો હોઈ શકે છે સૌને એકઠા કરવામાં આવ્યા છે અને સાબિત કરવામાં આવ્યું છે કે તમારા દા'વા ઉપર કોઈ પ્રકારની પણ દલીલ અને ગવાહી ઉપસ્થિત નથી તેથી આ વિના દલીલના દા'વા ઉપર કાયમ રહેવું ગુમરાહી છે, આ આયતમાં દલીલોના ત્રણ પ્રકારો કરવામાં આવ્યા છે, એક તાર્કિક દલીલ જેના રદિયા માટે આ આયત છે اَرُوْنِیْ مَاذَا خَلَقُوْا مِنَ الْاَرْضِ اَمْ لَهُمْ شِرْكٌ فِی السَّمٰوٰتِ બીજા પ્રકારની દલીલ વર્ણન કરેલ દલીલ છે અને એ દેખીતું છે કે અલ્લાહ તઆલાની

બાબતમાં વર્ણન કરેલ દલીલ તે જ ભરોસાપાત્ર હોઈ શકે છે જે પોતે અલ્લાહ તઆલા તરફથી આવી હોય, જેમકે આસમાની કિતાબો, તવરાત, ઈન્જીલ અને કુર્આન વગેરે અથવા તે લોકોના નિવેદનો જેમને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ અને નબી ચૂંટી કાઢયા છે, આ બંને પ્રકારોમાંથી પ્રથમ પ્રકારનો રદિયો તો આ રીતે કર્યો. اِيْتُوْنِىْ بِكِتٰبٍ مِّنْ قَبْلِ هٰذَآ એટલે કે જો તમારી પાસે મૂર્તિપૂજાની વર્ણન કરેલ દલીલ મોજૂદ છે તો કોઈ આસમાની કિતાબને રજુ કરો જેમાં મૂર્તિપૂજા અને શિર્કની પરવાનગી આપવામાં આવી હોય અને બીજો પ્રકાર એટલે કે અંબિયા (અલૈ.)ના નિવેદનો માટે ફરમાવ્યું, اَوْ اَثٰرَةٍ مِّنْ عِلْمٍ અર્થાત્ જો અલ્લાહ તઆલાની કોઈ કિતાબમાં તમે શિર્ક અથવા મૂર્તિપૂજાની કોઈ દલીલ અને ગવાહી નથી બતાવી શકતા તો ઓછામાં ઓછું અંબિયા (અલૈ.)માંથી કોઈનું નિવેદન બતાવો જે પ્રમાણિત સમજ સાથે તેમનાથી કહેવાયું હોવાનું સાબિત થાય અને જ્યારે તમે એ પણ રજુ નથી કરી શકતા તો તમારા નિવેદનો અને પ્રવૃત્તિઓ માત્ર ગુમરાહી સિવાય અન્ય શું હોઈ શકે છે ? વાક્ય اَثٰرَةٍ مِّنْ عِلْمٍ માં શબ્દ اَثٰرَة (અષારહ) એ (મસદર બર વજન શુજાઅત સમાહત--Which is an infinitive in the sense of 'reporting') ક્રિયાપદ છે જેનો અર્થ વર્ણન અને રિવાયત કરવાનો થાય છે એટલા જ માટે ઈકરીમા અને મકાતિલે اَثٰرَةٍ مِّنْ عِلْمٍ ની તફસીરમાં તે અંબિયા (અલૈ.)ની રિવાયત હોવાનું કહ્યું છે અને કુર્તુબીએ તેની તફસીર પ્રમાણિત સનદો હોવાની કરી છે. ખુલાસો એ થયો કે વર્ણન કરેલ દલીલના બે પ્રકારો ભરોસાપાત્ર છે, એક આસમાની કિતાબ જે અલ્લાહ તઆલાએ કોઈ પયગમ્બર ઉપર નાઝિલ કરી, બીજો પ્રકાર પયગમ્બરોનું નિવેદન જે ભરોસાપાત્ર દલીલો સાથે પયગમ્બર (અલૈ.)થી સાબિત હોય, اَثٰرَةٍ مِّنْ عِلْمٍ નો આ જ ભાવાર્થ છે. આ બધા વિષયો તફસીરે કુર્તુબીમાંથી લેવામાં આવ્યા છે અને આ જ તફસીર સ્પષ્ટ અને મજબૂત છે, અમુક લોકોથી اَثٰرَةٍ مِّنْ عِلْمٍ ની તફસીરમાં બીજા નિવેદનો પણ નકલ થયા છે પરંતુ તે સાબિત નથી અને કુર્આનની વર્ણનશૈલી અનુરૂપ પણ નથી એટલા માટે જમહૂરે અપનાવેલ નથી. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૭ થી ૧૦)

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلْحَقِّ لَمَّا جَآءَهُمْ ۙ هٰذَا
سِحْرٌ مُّبِيْنٌ ۷ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ۭ قُلْ اِنِ افْتَرَيْتُهٗ فَلَا تَمْلِكُوْنَ لِيْ مِنَ اللّٰهِ شَيْـًٔا ۭ
هُوَ اَعْلَمُ بِمَا تُفِيْضُوْنَ فِيْهِ ۭ كَفٰى بِهٖ شَهِيْدًۢا بَيْنِيْ وَبَيْنَكُمْ ۭ وَهُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۸
قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ اَدْرِيْ مَا يُفْعَلُ بِيْ وَلَا بِكُمْ ۭ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى
اِلَيَّ وَمَآ اَنَا اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ۹ قُلْ اَرَءَيْتُمْ اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ وَكَفَرْتُمْ بِهٖ
وَشَهِدَ شَاهِدٌ مِّنْۢ بَنِيْٓ اِسْرَاۗءِيْلَ عَلٰي مِثْلِهٖ فَاٰمَنَ وَاسْتَكْبَرْتُمْ ۭ اِنَّ اللّٰهَ لَا
يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ۱۰

તરજુમો :

અને જ્યારે તેમને અમારી ખુલ્લી(-ખુલ્લી સ્પષ્ટ) આયતો સંભળાવવામાં આવે, ઈન્કારીઓ સાચી વાતને જ્યારે તેમના સુધી પહોંચી કહે છે, આ તો ઉઘાડો જાદૂ છે. (૭) શું કહે છે ? આ (કુર્આન) ઘડી લાવ્યો છે ! તમે કહો, જો હું ઘડી લાવ્યો છું તો તમે મારું અલ્લાહની સામે જરા પણ ભલું નથી કરી શકતા, તેને સારી પેઠે ખબર છે જે વાતોમાં તમે લાગી રહ્યા છો, તે મારા અને તમારા વચ્ચે સત્ય બતાવનારો પૂરતો છે; અને તે જ છે મહાન મા'ફ કરનારો મહેરબાન ! (૮) તમે કહો ! હું કંઈ નવો રસૂલ નથી આવ્યો અને મને ખબર નથી મારાથી અને તમારાથી શું થવાનું છે, હું તેના જ ઉપર ચાલું છું જે મને હુકમ આવે છે અને મારું કામ તો એ જ છે ખોલી(-ખોલી)ને ડર સંભળાવી આપવો. (૯) તમે કહો ! વારું, જુઓ તો ! જો આ અલ્લાહના ત્યાંથી આવ્યું હોય અને તમે તેને ન માન્યું અને બની ઈસ્રાઈલનો એક ગવાહ એક આવી કિતાબની ગવાહી આપી ચૂક્યો પછી તે ઈમાન લાવ્યો અને તમે અભિમાન કર્યું, બેશક ! અલ્લાહ જાલિમ (ગુનેહગાર) લોકોને હિદાયત નથી આપતો.(૧૦)

તફસીર :

અને જ્યારે અમારી ખુલ્લી ખુલ્લી આયતો (કે જે મોઅ્જિઝો હોવાના કારણે રિસાલતની દલીલ છે) આ (રિસાલતના ઈન્કારી) લોકો સામે પઢવામાં આવે છે તો આ ઈન્કારી લોકો એ સાચી વાત વિશે જ્યારે કે તે તેમના સુધી પહોંચી છે (એવું) કહે છે કે આ તો ખુલ્લો જાદૂ છે (જ્યારે કે જાદૂનું ઉદાહરણ શકય હોવું અને આ કુર્આનનું ઉદાહરણ શક્ય ન હોવું તેમના આ નિવેદનના રદિયાની ખુલ્લી દલીલ છે અને તેનાથી વધીને સાંભળો) શું આ લોકો એવું કહે છે કે તેણે (એટલે કે રસૂલે કરીમ ﷺએ નઊઝુબિલ્લાહ) આ(કુર્આન)ને પોતાના તરફથી બનાવી કાઢયું છે (અને તેને અલ્લાહ સાથે જોડી દીધું, આગળ આ નિવેદનનો જવાબ છે કે) તમે કહી આપો કે જો હું તેને પોતાના તરફથી ઘડી લાવ્યો હોઉં (અને જો મેં તેને અલ્લાહના માથે મઢી દીધું હોય) તો (અલ્લાહ તઆલા પોતાની આદત પ્રમાણે લોકોને ધોકાથી બચાવવા માટે મને નુબુવ્વતનો જૂઠો દા'વો કરવાના કારણે જલદી જ હલાક કરી દેશે) પછી (જ્યારે તે મારો નાશ કરવા લાગશે તો) તમે (અથવા અન્ય) લોકો મને અલ્લાહ(ના અઝાબ)થી જરા પણ બચાવી શકતા નથી (મતલબ એ કે નુબુવ્વતના જૂઠા દા'વા ઉપર અઝાબ થવો એવો આવશ્યક છે કે મારો કોઈ સહાયક અથવા મદદગાર પણ તેને રોકી નથી શકતો પરંતુ મને અઝાબ થયો નહીં તે એ બાબતની દલીલ છે કે હું મારા નુબુવ્વતના દા'વામાં જૂઠો નથી અને જ્યારે હું જૂઠો નથી તો એવું સમજી રાખો કે) તે સારી પેઠે જાણે છે તમે કુર્આનમાં જે વાતો બનાવી રહ્યા છો (એટલા માટે તમને સજા થશે મતલબ કે) મારા અને તમારા વચ્ચે (સાચ અને જૂઠનો ફેંસલો કરવા માટે) તે પૂરતો ગવાહ (એટલે કે બધી જ ખબર રાખનાર) છે (એટલા માટે જો હું જૂઠો હોઈશ તો મને તરત અઝાબ આપશે અને જો તમે જૂઠા હશો તો તમને વહેલો મોડો અઝાબ આપશે) અને (જો કોઈને એવી શંકા હોય કે જ્યારે તે અમારી વાતોથી વાકેફ છે અને તો પણ અમારા ઉપર અઝાબ નથી આવ્યો તો જે રીતે નુબુવ્વતના દા'વેદાર ઉપર અઝાબ ન આવવું તેની સચ્ચાઈની દલીલ છે એ જ પ્રમાણે અમારા ઈન્કારીઓ ઉપર અઝાબ ન આવવું અમારી સચ્ચાઈની દલીલ બની શકે છે તો તેનો જવાબ એ છે કે) તે મહાન મા'ફ કરનારો છે (એટલા માટે મા'ફ કરવાના અમુક પ્રકારો દાખલા તરીકે દુનિયામાં કાફિરો ઉપર અઝાબ ન આવવો પણ

ઉપસ્થિત કરી આપે છે અને) મોટી રહમતવાળો છે (એટલા માટે રહમતના અમુક પ્રકારો પણ જેને જાહેર રહમત કહેવામાં આવે છે કાફિરો માટે પણ ઉપસ્થિત કરી આપે છે, એટલા માટે ઈન્કારીઓને તેના ઉપર દુનિયામાં અઝાબ ન થવો તેમની સચ્ચાઈની દલીલ નથી, એનાથી વિપરીત નુબુવ્વતના દા'વેદારને કે ત્યાં જૂઠો દા'વો અને અઝાબ નાઝિલ થવો બંને આવશ્યક અને જરૂરી છે કારણ કે નુબુવ્વતનો જૂઠો દા'વો કરનારને દુનિયામાં અઝાબ ન આપવો લોકોના માર્ગ ભટકવાનું કારણ બની શકે છે જ્યારે કે અન્ય અપરાધીઓથી એવું નથી બનતું, આગળ નુબુવ્વતની સાબિતીઓની તાકીદ છે કે) તમે કહી આપો કે હું કોઈ નવો રસૂલ તો નથી ! (કે તમારા માટે આશ્ચર્યની વાત હોય કારણ કે મારાથી પહેલાં ઘણા પયગમ્બરો આવી ચૂક્યા છે જેમની ખબર ઘણા બધા લોકોથી તમે પણ સાંભળી છે) અને (એ જ રીતે કોઈ અન્ય આશ્ચર્યજનક વાતનો પણ હું દા'વો નથી કરતો જેમકે ઈલ્મે ગયૂબ છે, એટલા માટે હું પોતે કહું છું કે મને ગયૂબની વાતોમાંથી માત્ર તે જ ખબર છે જે વહી દ્વારા મને બતાવવામાં આવી છે, ગયૂબની અન્ય કોઈ વાતની ખબર મને નથી એટલે સુધી કે) હું નથી જાણતો કે મારી સાથે શું કરવામાં આવશે અને ન જ (એ ખબર છે કે) તમારી સાથે (શું શું કરવામાં આવશે, એટલા માટે જ્યારે મારી અને તમારી આવનારી પરિસ્થિતિઓના જ્ઞાનનો હું દા'વો નથી કરતો તો દૂરની ગયૂબની વાતો વિશે હું શું દા'વો કરું ! અલબત્ત જે બાબતોનું જ્ઞાન વહી દ્વારા થઈ ગયું છે ભલે તે મારા વિશે હોય અથવા અન્ય વિશે અને ભલે તે દુનિયાની પરિસ્થિતિઓ હોય અથવા આખિરતની; તેનું જ્ઞાન બેશક ! પૂરેપૂરું છે એટલા માટે આગળ કહેવામાં આવ્યું છે કે) હું તો (જ્ઞાન અને અમલમાં) માત્ર તેનું જ અનુસરણ કરું છું જે મારી પાસે વહી દ્વારા આવ્યું છે અને (તેની જ તબ્લીગ પણ કરું છું અને જો તમે તેને નથી માનતા તો મારું કોઈ નુકસાન નથી કારણ કે) હું તો માત્ર સ્પષ્ટ ડરાવનારો છું (જેને હું દલીલો વડે સાબિત કરી ચૂક્યો છું અને ઉપર જે કુર્આનને ઘડી કાઢવાના તેમના નિવેદનનો રદિયો, هُوَ اَعۡلَمُ بِمَا تُفِيۡضُوۡنَ فِيۡهِ દ્વારા ટૂંકમાં આપવામાં આવ્યો હતો આગળ તેના ખુલાસા સ્વરૂપે કહેવામાં આવ્યું છે કે) તમે કહી આપો કે તમે મને એ બતાવી આપો કે જો આ કુર્આન અલ્લાહ તરફથી હોય અને (પછી) તમે તેના ઈન્કારી હોય અને (કોઈ દલીલથી તેના અલ્લાહ તઆલા તરફથી હોવાનું

વધારે સમર્થન પણ થઈ જાય, દાખલા તરીકે આ જ દલીલથી કે) બની ઈસ્રાઈલ(ના ઉલમા વિદ્વાનો)માંથી કોઈ (ભરોસાપાત્ર) ગવાહ (જે જ્ઞાન અને પ્રમાણિકતાના આધારે ભરોસાપાત્ર અને સ્વીકાર્ય હોય અને એક હોય અથવા વધારે, ભૂતકાળમાં થયા હોય અથવા વર્તમાનમાં અથવા ભવિષ્યમાં) આના જેવી કિતાબ (એટલે કે આ કુર્આન અલ્લાહ તઆલા તરફથી હોવા) ઉપર ગવાહી આપીને ઈમાન લઈ આવે અને તમે (અજ્ઞાન હોવા છતાં આ કિતાબ ઉપર ઈમાન લાવવાથી) અભિમાનમાં જ રહો (તો આવા સ્વરૂપમાં તમારાથી વધારે અન્યાયી કોણ હશે !? અને અન્યાયી લોકોની એ હાલત છે કે) બેશક ! અલ્લાહ તઆલા અન્યાયી લોકોને (તેમની દુશ્મનાવટના કારણે) હિદાયત નથી કર્યા કરતો (બલકે હંમેશા ગુમરાહીમાં રહે છે અને ગુમરાહીનું પરિણામ આગ છે).

મસ્અલા અને બોધપાઠ :

وَمَآ اَدۡرِىۡ مَا يُفۡعَلُ بِىۡ وَلَا بِكُمۡ ؕ اِنۡ اَتَّبِعُ اِلَّا مَا يُوۡحٰٓى اِلَىَّ આ આયતમાં વાક્ય اِنۡ اَتَّبِعُ અપવાદ સ્વરૂપે છે, એટલે કે "હું નથી જાણતો એના સિવાય કે જે મારા ઉપર વહી કરવામાં આવે." આ જ કારણે તફસીરના ઈમામ જહ્હાકે આ આયતની તફસીર એ નકલ કરી છે જે તફસીરના ઉપરોક્ત ખુલાસામાં અપનાવવામાં આવી છે, જેનો ખુલાસો એ છે કે ગયૂબની વાતોનું જ્ઞાન મને માત્ર વહી દ્વારા થઈ શકે છે, જે બાબત વિશે વહી દ્વારા મને જ્ઞાન ન હોય ભલે તે મારી જાત વિશે હોય અથવા ઉમ્મતના મો'મિન અને કાફિર લોકો વિશે અને ભલે તે દુનિયાનો મા'મલો હોય અથવા આખિરતનો; તેની મને કંઈ ખબર નથી. ગયૂબની બાબતો વિશે હું જે કંઈ પણ કહું છું તે બધું અલ્લાહની વહી દ્વારા કહું છું, એટલા માટે કુર્આને કરીમમાં પોતે આવ્યું છે કે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને બેશુમાર જ્ઞાન ગયૂબની બાબતો વિશે અર્પણ કર્યું છે. تِلۡكَ مِنۡ اَنۡۢبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهَآ اِلَيۡكَ (૧૧:૪૯)નો આ જ અર્થ છે, આખિરતની બાબતો દોઝખ-જન્નત, હિસાબ-કિતાબ, બદલો-સજા વિશે જે વિગતો પોતે કુર્આને કરીમમાં અનેક પ્રમાણમાં ઉપસ્થિત છે અને દુનિયામાં ભવિષ્યમાં ઉપસ્થિત થનાર ઘટનાઓની ઘણી બધી વિગતો સહીહ મુતવાતિર હદીસોમાં રસૂલે કરીમ ﷺથી નકલ થયેલ છે જેનાથી સાબિત થયું કે પ્રસ્તુત આયતોનો ખુલાસો માત્ર એટલો જ છે કે હું ગયૂબની બાબતોના સર્વત્ર છવાયેલ જ્ઞાનમાં અલ્લાહ તઆલા જેવો નથી અને

તેના જ્ઞાનમાં હું પોતે મુખ્ત્યાર નથી, બલકે મને અલ્લાહ તઆલાની વહી દ્વારા જે કંઈ બતાવવામાં આવે છે હું તેનું વર્ણન કરી આપું છું.

તફસીરે રૂહુલ મઆનીમાં આ નિવેદનને નકલ કરીને લખ્યું છે કે મારું ઈમાન એ છે કે રસૂલે કરીમ ﷺ આ દુનિયામાંથી તે સમય સુધી રુખસત નથી થયા જ્યાં સુધી કે અલ્લાહ તઆલાની જાત અને સિફતો તથા આખિરત અને દુનિયામાં ઉપસ્થિત થનાર મહત્ત્વની બાબતોની આપ ﷺને વહી દ્વારા જાણ કરવામાં ન આવી હોય, રહી વાત વ્યક્તિગત અથવા સામૂહિક નાની અથવા મોટી વ્યક્તિગત પરિસ્થિતિઓ અને ઘટનાઓના જ્ઞાનની કે ફલાણો કાલે શું કામ કરશે અને તેનું પરિણામ શું થશે ? ફલાણો પોતાના ઘરમાં શું શું કામ કરી રહ્યો છે અથવા શું કરશે ? આ પ્રકારના ગયબની બાબતોનું જ્ઞાન ન તો કોઈ વિશિષ્ટતા છે અને ન જ તેના હોવા અથવા ન હોવાથી નુબુવ્વતની વિશિષ્ટતામાં કોઈ ફરક પડે છે.

રસૂલે કરીમ ﷺના ઇલ્મે ગયબ (અદષ્ય-ગુપ્ત બાબતોની જાણકારી) વિશે શિષ્ટાચારનો તકાદો :

રસૂલે કરીમ ﷺના ઈલ્મે ગયબ વિશે શિષ્ટાચારનો તકાદો એ છે કે એવું કહેવામાં ન આવે કે આપ ﷺ ગયબ જાણતા ન હતા, બલકે એવું કહેવામાં આવે કે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને ગયબની બાબતોનું ઘણું બધું જ્ઞાન આપ્યું હતું જે અંબિયા (અલૈ.)માંથી કોઈ બીજાને નથી મળ્યું અને અમુક તફસીરકારોએ જે એવું લખ્યું છે કે આ આયતમાં જ્ઞાનનો નકાર માત્ર દુનિયાની બાબતો વિશે છે, આખિરતની બાબતોના ઈલ્મે ગયબનો નકાર તેમાં સામેલ નથી, (કુર્તુબી પ્રમાણે) તેમણે લગભગ إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰ વાક્યને અપવાદના અર્થમાં નથી ગણ્યું એટલા માટે ઈલ્મે ગયબના નકારને દુનિયાની બાબતો સાથે ખાસ ઠરાવ્યું, કારણ કે આખિરત વિશે તો ખુલ્લી રીતે બતાવી આપ્યું કે કાફિરો દોઝખમાં અને મો'મિનો જન્નતમાં જશે.

وَشَهِدَ شَاهِدٌ مِّنْ بَنِىٓ إِسْرَآئِيلَ عَلَىٰ مِثْلِهِ فَآمَنَ وَاسْتَكْبَرْتُمْ આ આયતનો વિષય લગભગ તે જ છે જે સૂરએ શુઅરાના અંતિમ રુકૂઅની આયતનો છે, أَوَلَمْ يَكُن لَّهُمْ آيَةً أَن يَعْلَمَهُ عُلَمَٰٓؤُا بَنِىٓ إِسْرَآءِيلَ (૨૬:૧૯૭) જેનો ખુલાસો એ છે

કે આ જાહિલ યહૂદીઓ અને નસારા જે રસૂલુલ્લાહ ﷺની રિસાલત અને કુર્આનનો ઈન્કાર કરે છે તેઓ પોતે જ પોતાની કિતાબોથી પણ નાવાકેફ અને અજ્ઞાન છે, કારણ કે ઘણા બની ઈસ્રાઈલના ઉલમા પોતાની કિતાબોમાં રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને આપ ﷺની નિશાનીઓનું અવલોકન કરીને આપ ﷺ ઉપર ઈમાન લઈ આવ્યા છે, શું તે ઉલમાની ગવાહી પણ આ જાહિલ લોકો માટે પૂરતી નથી ? આ આયતમાં એ ઈશારો છે કે તમે જે એવું કહો છો કે મારી રિસાલતનો દા'વો અને કુર્આન અલ્લાહની કિતાબ હોવું ખોટી અને નરી ઘડી કાઢેલ વાત છે તો પ્રથમ તો તે ખોટું હોવા માટે એ વાત પૂરતી છે જે પ્રથમ હમણા વર્ણન કરવામાં આવી છે કે જે વ્યક્તિ અલ્લાહ માટે એવું ખુલ્લમ ખુલ્લું જૂઠ ઘડી કાઢે કે મને તેણે નબી બનાવીને મોકલ્યો છે અને વાસ્તવમાં હું નબી નથી તો તેવા વ્યક્તિ ઉપર આ દુનિયામાં જ અઝાબનું આવી જવું અને તેનો નાશ કરી નાંખવું આવશ્યક છે જેથી સામાન્ય લોકો ધોકાથી બચી શકે; અને ધારી લો કે તમે તેને પણ નથી માનતા તો ઓછામાં ઓછું આ સંભાવનાને તો ઉપેક્ષિત ન કરો કે જો મારો દા'વો સાચો હોય અને આ કિતાબ અલ્લાહ તરફથી જ હોય અને તમે કુફ્ર અને ઈન્કાર ઉપર અડગ રહો તો તમારું શું પરિણામ થશે ? ખાસ કરીને એવા સ્વરૂપમાં કે પોતે તમારી કોમ બની ઈસ્રાઈલમાંથી જ કોઈ મોટો વ્યક્તિ તેના અલ્લાહ તરફથી હોવાની ગવાહી આપે અને મુસલમાન થઈ જાય અને તમે એ જાણકારી પછી પણ પોતાની જીદ અને અભિમાન ઉપર અડગ રહો તો તમે કેટલા અઝાબના મુસ્તહિક છો !? (તેનું ભાન છે ?)

આ આયતના શબ્દોમાં બની ઈસ્રાઈલના કોઈ ખાસ આલિમનું નામ નથી લેવામાં આવ્યું અને ન જ એવું નિશ્ચિત કરવામાં આવ્યું છે કે આ ગવાહી આ આયતના નાઝિલ થતાં પહેલાં લોકો સામે આવી ચૂકી છે અથવા ભવિષ્યમાં આવનારી છે, બલકે એક શરતી વાક્ય સ્વરૂપે ફરમાવ્યું છે કે જો ભૂતકાળમાં અથવા તો ધારી લો કે ભવિષ્યમાં આવું થઈ જાય તો તમારે પોતાની ફિકર કરવી જોઈએ કે તમે અઝાબથી કેવી રીતે બચશો, તેથી આયતનો વિષય સમજવો એ બાબત ઉપર અવલંબિત નથી કે બની ઈસ્રાઈલના ઉલમામાંથી કોઈ નિશ્ચિત ગવાહને તેના અર્થ સ્વરૂપે ઠરાવવામાં આવે; બલકે જેટલા લોકો યહૂદ અને નસારામાંથી ઈસ્લામમાં દાખલ થયા જેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ

(રદિ.) વધારે પ્રખ્યાત છે તે સૌ તેમાં સામેલ છે, જો કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.)નું ઈમાન લાવવું આ આયત નાઝિલ થયા પછી મદીના મુનવ્વરહમાં થયું અને આ સમગ્ર સૂરત મક્કી સૂરત છે. *(ઈબ્ને કષીર)*

અમુક રિવાયતોમાં જે હઝરત સઅદ (રદિ.)થી નકલ થયું છે કે આ આયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.) વિશે નાઝિલ થઈ. (રવાહુ બુખારી, મુસ્લિમ અને નસાઈ માલિકની હદીષ પ્રમાણે) વળી હઝરત ઈબ્ને અબ્બાસ, મુજાહિદ, ઝહ્હાક, કતાદહ (રદિ.) વગેરે તફસીરના ઈમામોએ સર્વસહમતીથી કહ્યું છે કે આ આયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.) વિશે નાઝિલ થઈ છે તો તેનાથી આ આયતના મક્કી હોવાથી વિપરીત નથી કારણ કે આવા સ્વરૂપમાં આ આગાહી ભવિષ્ય માટેની થઈ જશે. *(ઈબ્ને કષીર પ્રમાણે)*

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૧૧-૧૨)

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْا لَوْ كَانَ خَيْرًا مَّا سَبَقُوْنَآ اِلَيْهِ ؕ وَاِذْ لَمْ
يَهْتَدُوْا بِهٖ فَسَيَقُوْلُوْنَ هٰذَآ اِفْكٌ قَدِيْمٌ ﴿۱۱﴾ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا
وَّرَحْمَةً ؕ وَهٰذَا كِتٰبٌ مُّصَدِّقٌ لِّسَانًا عَرَبِيًّا لِّيُنْذِرَ الَّذِيْنَ ظَلَمُوْا ۖۗ
وَبُشْرٰى لِلْمُحْسِنِيْنَ ﴿۱۲﴾

તરજુમો :

અને ઈન્કારીઓ ઈમાનવાળાઓ વિશે કહેવા લાગ્યા કે જો આ દીન (ઈસ્લામ) સારો હોત તો તેઓ (કમજોરો અને ગરીબો) એના ઉપર અમારાથી પહેલાં ન દોડયા હોત અને જ્યારે (તેઓ) તે (કુર્આન)ના બતાવવાથી (પણ) માર્ગ ઉપર નથી આવ્યા તો તેઓ હવે (ઈસ્લામ વિશે) કહેશે, આ તો (બધું) પ્રાચીનકાળનું જૂઠાણું છે. (૧૧) અને આનાથી પહેલાં મૂસા (અલૈ.)ની કિતાબ હતી માર્ગદર્શક અને રહમત અને આ કિતાબ તેની ખરાઈ કરે છે અરબી ઝુબાનમાં જેથી ગુનેહગાર (જાલિમો)ને ડર સંભળાવે અને નેક લોકોને ખુશખબરી. (૧૨)

તફસીર :

અને આ કાફિર ઈમાનવાળાઓ(ને ઈમાન લાવવા) વિશે એવું કહે છે કે જો આ કુર્આન (જેના ઉપર આ લોકો ઈમાન લાવ્યા છે) કોઈ સારી (એટલે કે સાચી) વાત હોત તો આ (ઓછા દરજ્જાના) લોકો તેના તરફ અમારા કરતાં આગળ ન દોડ્યા હોત (એટલે કે અમે લોકો ઘણા બુદ્ધિશાળી છે અને આ લોકો મંદબુદ્ધિના છે અને સાચી વાતને બુદ્ધિશાળીઓ પ્રથમ કબૂલ કરે છે અને જો તે સત્ય હોત તો અમે તેમના કરતાં પહેલું માની લીધું હોત, જ્યારે અમે તેને નથી માન્યું તો તે સત્ય નથી, આ લોકો મૂર્ખાઈથી આમતેમ દોડવા લાગ્યા છે, કાફિરોનું આ નિવેદન તેમના અંતિમ કક્ષાના અભિમાનની દલીલ છે જેનું વર્ણન ઉપર اِسۡتَكۡبَرۡتُمۡ "ઈસ્તકબરતુમ"માં આવ્યું છે) અને જ્યારે (દુશ્મની અને અભિમાનના કારણે) આ લોકોને કુર્આનથી હિદાયત પ્રાપ્ત ન થઈ તો (પોતાની દુશ્મની અને હઠાગ્રહની બીનાએ) એવું જ કહેશે કે આ (પણ) પ્રાચીન (જૂઠા વિષયોનું એક ઉદાહરણ સ્વરૂપ) જૂઠ છે અને આ(કુર્આન)થી પહેલાં મૂસા (અલૈ.)ની કિતાબ (નાઝિલ થઈ ચૂકી) છે જે (મૂસા અલૈ.ની ઉમ્મત માટે જાહેર) માર્ગદર્શક (હતી) અને (ઈમાનવાળાઓ માટે વિશિષ્ટરૂપે) રહમત હતી (અને જે રીતે તવરાતમાં તેની આગાહી થઈ છે) આ (એ જ પ્રમાણેની) એક કિતાબ છે જે તે(આગાહી)ને સાચી કરે છે (અને) અરબી ભાષામાં (છે) જાલિમોને ડરાવવા માટે અને નેક લોકોને ખુશખબરી આપવા માટે (નાઝિલ થઈ છે).

મસ્અલા અને બોધપાઠ :

لَوۡ كَانَ خَيۡرًا مَّا سَبَقُوۡنَاۤ اِلَيۡهِ અભિમાન અને ગર્વ માણસની બુદ્ધિને પણ નષ્ટ કરી નાંખે છે, અભિમાની વ્યક્તિ પોતાની બુદ્ધિને અને પોતાના કાર્યને બુરા, ભલા, શ્રેષ્ઠ અથવા ઊતરતી કક્ષાનું માપદંડ સમજવા લાગે છે, જે વસ્તુ તેને પસંદ ન હોય ભલે બીજા લોકો તેને કેટલીય સારી સમજે આવો વ્યક્તિ તે બધાને મૂર્ખ સમજે છે જ્યારે કે તે પોતે મૂર્ખ હોય છે, કાફિરોના મિથ્યાભિમાન અને ગર્વના આ જ દરજ્જાનું આ આયતમાં વર્ણન છે કે ઈસ્લામ અને ઈમાન કારણ કે તેમને પસંદ ન હતો એ કારણે અન્ય લોકો જે ઈમાન લાવ્યા હતા તેમને એવું કહેતા હતા કે જો આ ઈમાન કોઈ સારી વસ્તુ હોત તો સૌ પ્રથમ તે અમને પસંદ આવી હોત, આ બીજા ગરીબ ફકીર લોકોની પસંદગીનો શું ભરોસો !?

ઈબ્ને મુંઝિર વગેરેએ એક રિવાયત નકલ કરી છે કે હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.) જ્યારે મુસલમાન થયા ન હતા ત્યારે તેમની એક કનીઝ જેનું નામ ઝુનયરહ હતું તે પહેલેથી મુસલમાન થઈ ચૂકી હતી; હઝરત ઉમર તેના ઈસ્લામ લાવવા ઉપર તેને મારતા અને ધમકાવતા હતા કે કોઈપણ રીતે તે ઈસ્લામ છોડી દે અને કુરૈશના કાફિરો કહ્યા કરતા હતા કે ઈસ્લામ જો કોઈ સારી વસ્તુ હોત તો ઝુનયરહ હકસી તુચ્છ સ્ત્રી તેમાં અમારાથી આગળ ન હોત, તેના વિશે પ્રસ્તુત આયત નાઝિલ થઈ. *(મઝહરી)*

مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ તો وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا وَّرَحْمَةً આ વાક્યમાં એક તો ની સાબિતી મળી કે તમે કોઈ નવા રસૂલ અને કુર્આન કોઈ નવી કિતાબ નથી કે તેના ઉપર ઈમાન લાવવામાં લોકોને શંકા હોય, બલકે તમારાથી અગાઉ હઝરત મૂસા (અલૈ.) રસૂલ બનીને આવી ચૂક્યા છે અને તેમના ઉપર તવરાત નાઝિલ થઈ ચૂકી છે જેનો આ કાફિરો, યહૂદ અને નસારા બધા સ્વીકાર કરે છે, બીજું ઉપર જે شَهِدَ شَاهِدٌ આવ્યું છે તેનું પણ સમર્થન થઈ ગયું, કારણ કે મૂસા (અલૈ.) અને તવરાત પોતે કુર્આન અને રસૂલ ﷺ ની સચ્ચાઈનું ગવાહ છે.

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૧૩ થી ૨૦)

اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۱۳﴾
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۴﴾ وَوَصَّيْنَا
الْاِنْسَانَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ۗ حَمَلَتْهُ اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ۗ وَحَمْلُهٗ
وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا ۗ حَتّٰٓى اِذَا بَلَغَ اَشُدَّهٗ وَبَلَغَ اَرْبَعِيْنَ سَنَةً ۙ قَالَ
رَبِّ اَوْزِعْنِيْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِيْٓ اَنْعَمْتَ عَلَيَّ وَعَلٰى وَالِدَيَّ
وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَصْلِحْ لِيْ فِيْ ذُرِّيَّتِيْ ۚ اِنِّيْ تُبْتُ اِلَيْكَ
وَاِنِّيْ مِنَ الْمُسْلِمِيْنَ ﴿۱۵﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَا عَمِلُوْا وَ
نَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ فِيْٓ اَصْحٰبِ الْجَنَّةِ ۗ وَعْدَ الصِّدْقِ الَّذِيْ كَانُوْا

يُوْعَدُوْنَ ⑯ وَالَّذِيْ قَالَ لِوَالِدَيْهِ اُفٍّ لَّكُمَآ اَتَعِدٰنِنِيْٓ اَنْ اُخْرَجَ وَقَدْ خَلَتِ
الْقُرُوْنُ مِنْ قَبْلِيْ ۚ وَهُمَا يَسْتَغِيْثٰنِ اللّٰهَ وَيْلَكَ اٰمِنْ ۖ اِنَّ وَعْدَ اللّٰهِ
حَقٌّ ۚ فَيَقُوْلُ مَا هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ⑰ اُولٰٓئِكَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ
الْقَوْلُ فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِمْ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ؕ اِنَّهُمْ كَانُوْا خٰسِرِيْنَ ⑱
وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ۚ وَلِيُوَفِّيَهُمْ اَعْمَالَهُمْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ⑲ وَيَوْمَ
يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَذْهَبْتُمْ طَيِّبٰتِكُمْ فِيْ حَيَاتِكُمُ الدُّنْيَا وَاسْتَمْتَعْتُمْ
بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ
الْحَقِّ وَبِمَا كُنْتُمْ تَفْسُقُوْنَ ⑳ ع

તરજુમો :

બેશક ! જેમણે કહ્યું, અમારો પરવરદિગાર અલ્લાહ છે, પછી અડગ રહ્યા તો તેમના ઉપર ન તો ભય છે અને ન જ તેઓ ગમગીન થશે. (૧૩) તે જ જન્નતવાળા લોકો છે, સદાય તેમાં રહેશે; આ તે કામોનો બદલો છે જે તેઓ કરતા હતા. (૧૪) અને અમે માનવીને પોતાના માં બાપ સાથે ભલાઈ કરવાનો હુકમ કરી દીધો, તેની માંએ તેને પેટમાં તકલીફ ઉઠાવીને રાખ્યો અને તેને તકલીફ ઉઠાવી જન્મ આપ્યો અને તેનું ગર્ભમાં રહેવું અને દૂધ છોડાવવું ત્રીસ મહિનામાં છે, એટલે સુધી કે શક્તિશાળી (યુવાન) થઈ ગયો અને ચાલીસ વર્ષે (ઉંમરે) પહોંચી ગયો, કહેવા લાગ્યો, હે મારા પરવરદિગાર ! મારી કિસ્મતમાં (એવું) કર કે હું તારા અહેસાનનો શુક્ર અદા કરું જે તેં મારા ઉપર અને મારા માતા પિતા ઉપર કર્યું અને એ કે નેક કામ કરું જેનાથી તું રાજી થાય અને મને મારા (લાભ) માટે નેક અવલાદ આપ, મેં તારા તરફ તવબહ કરી અને હું આજ્ઞાપાલક (મુસ્લિમ) છું. (૧૫) આ જ તે લોકો છે જેમનાથી અમે બહેતરથી બહેતર કામ કબૂલ કરીએ છીએ જે તેમણે કર્યા છે અને અમે તેમની બુરાઈઓ દરગુઝર કરીએ છીએ, જન્નતના

રહેનારા લોકોમાં હશે; સાચો વાયદો જે તેમને કરવામાં આવતો હતો. (૧૬) અને જે વ્યક્તિએ પોતાના માં બાપને કહ્યું, અફસોસ (ધિક્કાર) છે તમારા ઉપર, શું મને વાયદો આપો છો કે હું (ફરી જીવીત કરી) કબ્રમાંથી કાઢવામાં આવીશ !? અને મારા પહેલાં ઘણા સમૂહો પસાર થઈ ચૂક્યા અને તેઓ બંને અલ્લાહને ફરિયાદ કરે છે કે હાય ખરાબી તારી ! તું ઈમાન લઈ આવ, બેશક અલ્લાહનો વાયદો સત્ય છે; પછી તે કહે છે, આ બધી આગલાઓની નકલો છે. (૧૭) આ તે લોકો છે કે જેમના ઉપર અઝાબની થયેલી વાત સાબિત થાય છે જિન્નાતોના અને મનુષ્યોના તે સમૂહો સાથે જેઓ તેમનાથી પહેલાં ગુઝરી ચૂક્યા છે, બેશક ! તેઓ નુકસાનમાં પડ્યા હતા. (૧૮) અને દરેક સમૂહોના પોતાના કર્મો પ્રમાણેના કેટલાય (જુદા જુદા) દરજ્જાઓ છે અને જેથી તેમના કર્મો તેમને પૂરા આપે અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૧૯) અને જે દિવસે ઈન્કારીઓને આગના કિનારા ઉપર લાવવામાં આવશે (ત્યારે તેમને કહેવામાં આવશે) તમે દુનિયાની જિંદગીમાં (તમારા ભાગની) મોજમજા મેળવી લીધી અને તેને ખૂબ માણી લીધી, હવે આજે ઝિલ્લતનો અઝાબ પામશો, તેનો બદલો જે તમે પૃથ્વીમાં નાહક અભિમાન કરતા હતા અને તેનો જે તમે નાફરમાની કરતા હતા. (૨૦)

તફસીર :

જે લોકોએ (સાચા દિલથી) કહ્યું કે અમારો પરવરદિગાર અલ્લાહ છે (એટલે કે તવહીદની તા'લીમ રસૂલના આપ્યા પ્રમાણે કબૂલ કરી) પછી (તેના ઉપર) કાયમ રહ્યા (એટલે કે તેને છોડયું નહીં) બસ (તેનું પરિણામ એ છે કે) તે લોકો ઉપર (આખિરતમાં) કોઈ ડર(ની વાત ઉપસ્થિત થનારી) નથી અને ન જ તે (ત્યાં) દિલગીર થશે (આ તો તેમના નુકસાનથી બચવાનું વર્ણન હતું, આગળ તેમના લાભનું વર્ણન છે જે તેમને મળનારો છે કે) આ લોકો જન્નતવાળા છે જેઓ તેમાં હંમેશા રહેશે તે (નેક) કર્મોના બદલામાં કે જે તેઓ કરતા હતા (જેમકે ઈમાન લાવ્યા અને તેના ઉપર કાયમ રહ્યા જેનું વર્ણન ઉપર થઈ ગયું) અને (જે રીતે અમે અલ્લાહ તઆલાના હકો વાજિબ કર્યા છે તેનું વર્ણન થઈ ચૂક્યું એ જ પ્રમાણે બંદાના હકો વાજિબ કર્યા છે તેથી તેમાંથી ઘણો જ મોટો હક માતા પિતાનો છે એટલા માટે) અમે ઈન્સાનને પોતાના માં બાપની સાથે નેક વર્તાવ

કરવાનો હુકમ આપ્યો છે (અને ખાસ કરીને માંની સાથે વધારે કારણ કે) તેની માંએ તેને ઘણી મુશ્કેલી સાથે પેટમાં રાખ્યો અને (પછી) ઘણી મુશ્કેલી સાથે તેને જન્મ આપ્યો અને તેને પેટમાં રાખવું અને તેનું દૂધ છોડાવવું (ઘણું ખરું) ત્રીસ મહિના(માં પૂરું થાય) છે (એટલા દિવસો જાત જાતની મુસીબતો ઉઠાવે છે અને ઓછે વત્તે અંશે આ મુસીબતોમાં પિતાની પણ ભાગીદારી હોય છે પરંતુ મોટા ભાગે વ્યવસ્થાની જવાબદારી સ્વાભાવિક રીતે પિતાને જ કરવી પડે છે અને પોતાના આરામમાં ખલેલ આવી જવો એ બંનેને સરખી રીતે સામે આવે છે, એટલા માટે પણ માતા પિતાનો હક માનવી ઉપર વધારે વાજિબ કરવામાં આવ્યો છે, મતલબ કે ત્યાર પછી જ માણસનો ઉછેર થાય છે) એટલે સુધી કે જ્યારે (ઉછેર પામી) પોતાની યુવાનીએ (એટલે કે બાલિગ હોવાની અવસ્થાએ) પહોંચી જાય છે અને (પછી યુવાની પછી એક સમયમાં) ચાલીસ વર્ષ(ની ઉંમર) સુધી પહોંચે છે તો (જે નેક હોય છે તે) કહે છે કે હે મારા પરવરદિગાર મને એ બાબત નસીબ કર કે હું તારી તે નેઅ્મતોનો શુક્રિયા અદા કરું જે તેં મને અને મારા માતા પિતાને અર્પણ કરી છે (જો માતા પિતા મુસલમાન હોય તો દીનની નેઅ્મત પણ આવી ગઈ નહિતર દુનિયાની નેઅ્મતો તો દેખીતી જ છે અને માતા પિતાની નેઅ્મતનો અસર અવલાદને પણ પહોંચે છે તેથી તેમનું અસ્તિત્વ અને તેમનું ટકી રહેવું જે દુનિયાની નેઅ્મત છે તેના પ્રતાપે જ પોતે અવલાદનું અસ્તિત્વ પણ હોય છે અને દીની નેઅ્મતોની અસર એ હોય છે કે તેમની તા'લીમ અને કેળવણી તેના માટે જ્ઞાન અને કર્મનું માધ્યમ બનતું હોય છે) અને (એવું પણ કહે છે કે મને તેની પાબંદી પણ નસીબ કર કે) હું નેક કામ કર્યા કરું જેનાથી તું ખુશ થાય અને મારા સંતાનોમાં પણ મારા (લાભ) માટે ક્ષમતા પેદા કરી આપ (દુનિયવી લાભ એ કે જોઈ જોઈને રાહત થાય અને દીની લાભ એ કે બદલો અને સવાબ પ્રાપ્ત થાય અને) હું તારી સમક્ષ (ગુનાહોથી પણ) તવબહ કરું છું અને હું (તારો) ફરમાંબરદાર છું (તેનો હેતુ પોતાની ગુલામીનો એકરાર છે ન કે તેનો દા'વો કરવો, આગળ તે કર્મોનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે કે) આ તે લોકો છે કે અમે તેમના નેક કામોને કબૂલ કરી લઈશું, અમે તેમના ગુનાહોથી દરગુઝર કરીશું એ રીતે કે તેઓ જન્નતવાળાઓમાંથી હશે (અને આ બધું) તે સાચા વાયદાના કારણે (થયું) જેનો તેમને (દુનિયામાં) વાયદો કરવામાં આવતો હતો (અહીંયાં સુધી

અહેસાન માનનારા ખુશકિસ્મત લોકોનું વર્ણન હતું, આગળ જાલિમ અને બદ્‌બખ્ત લોકોનું વર્ણન છે) અને જેણે (અલ્લાહ તઆલાના હકો અને બંદાના હકો બંનેને પાયમાલ કરી દીધા જેમકે તેની આ હાલતથી જાણ થાય છે કે તેણે) પોતાના માં બાપને કહ્યું (જેમના હકોની હુકૂકુલ ઈબાદમાં સૌથી વધારે તાકીદ છે ખાસ કરીને જ્યારે કે તેઓ મુસલમાન પણ હોય અને ખાસ કરીને જ્યારે કે તે તેને પણ ઈસ્લામનું આમંત્રણ આપી રહ્યા હોય) કે ધિક્કાર છે તમારા ઉપર કે શું તમે મને એ વાયદો (એટલે કે ખબર) આપો છો કે હું (કયામતમાં ફરીવાર જીવીત થઈને) કબ્રથી કાઢવામાં આવીશ જ્યારે કે મારાથી પહેલાં ઘણી બધી ઉમ્મતો ગુઝરી ચૂકી ! (જેમને દરેક યુગમાં તેમના પયગમ્બર આવી જ ખબરો આપતા ચાલ્યા આવ્યા પરંતુ આજ સુધી કોઈ બાબત જાહેર થઈ નથી, આથી જાણ થાય છે કે આ બધી નરી વાતો જ વાતો છે) અને તે બંને (ગરીબ માં બાપ તેના આ ઈન્કારથી કે જે મહાન કુફ્ર છે ગભરાઈને) અલ્લાહને ફરિયાદ કરી રહ્યા છે (અને ખૂબ વિનમ્રતાથી દુઃખી હૃદયે તેને કહી રહ્યા છે કે) અરે તારો નાશ થાય, ઈમાન લાવ (અને કયામતને પણ સાચી સમજ) બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે; તો તે (માણસ એ બાબત ઉપર પણ) કહે છે કે આ પ્રમાણ વગરની વાતો આગલાઓથી નકલ થતી ચાલી આવી છે (મતલબ એ કે એવો બદનસીબ છે કે કુફ્ર અને માં બાપની સાથે દુર્વ્યવહાર બંને બુરાઈઓ આચરે છે અને દુર્વ્યવહાર પણ એ કક્ષાનો કે માતા પિતાનો વિરોધ કરી તેમની સાથે વાતચીત કરવામાં પણ બદ્‌તમીઝી કરે છે, આગળ તેમના આવા કર્મોનું પરિણામ બતાવવામાં આવ્યું છે કે) આ તે લોકો છે કે તેમના હકમાં પણ તે લોકોની સાથે અલ્લાહનો કૌલ (એટલે કે અઝાબનો વાયદો) પૂરો થઈને રહ્યો જે તેમનાથી પહેલાં જિન્નાતો અને માનવો (કાફિર) થઈ ગુઝર્યા છે, બેશક ! એ (બધા) નુકસાનમાં રહ્યા અને (આગળ ઉપરોક્ત વિગતનો ખુલાસો ટૂંકમાં વર્ણન થયો છે કે પ્રસ્તુત બંને સમૂહોમાંથી) દરેક (સમૂહ) માટે તેમના (જુદા જુદા) અમલોના કારણે અલગ અલગ દરજ્જાઓ (કોઈને જન્નતનો દરજ્જો તો કોઈને દોઝખનો દરજ્જો) મળશે અને (જુદા જુદા દરજ્જાઓ એટલા માટે મળશે કે) જેથી અલ્લાહ તઆલા સૌને તેમના કર્મો(ના બદલા) પૂરા કરી આપે અને તેમના ઉપર (કોઈ પ્રકારનો) જુલમ થશે નહીં અને (ઉપર અહેસાન માનનારાઓના બદલામાં તો જન્નતને નિશ્ચિત સ્વરૂપે

વર્ણન કરવામાં આવ્યું હતું પરંતુ જાલિમોનો અઝાબ નક્કી કરીને બતાવવામાં આવ્યો ન હતો, ટૂંકમાં કહેવામાં આવ્યું હતું, حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ અને كَانُوْا خٰسِرِيْنَ એટલા માટે આગળ અઝાબને નિશ્ચિત કર્યો છે કે તે દિવસ યાદ કરવાપાત્ર છે) જે દિવસે કાફિરો આગ સામે લાવવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) કે તમે પોતાની લિજ્જતની વસ્તુઓ પોતાની દુનિયાની જિંદગીમાં પ્રાપ્ત કરી ચૂક્યા (અહીંયાં કોઈ લિજ્જત કે મોજ મજા તમને નસીબ થશે નહીં) અને તેને ખૂબ માણી ચૂક્યા (એટલે સુધી કે તેમાં પડીને અમને પણ ભૂલી ગયા) બસ આજે તમને ઝિલ્લતની સજા આપવામાં આવશે (તેથી સજા માટે આગ છે અને અપમાન માટે આ નીંદા અને ધિક્કાર છે) એ કારણે કે તમે દુનિયામાં નાહક અભિમાન કર્યા કરતા હતા (અભિમાનથી ભાવાર્થ એવું અભિમાન છે જેણે ઈમાનથી અટકાવી રાખ્યા, કારણ કે કાયમી અઝાબ તેની જ સાથે ખાસ છે) અને એ કારણે કે તમે નાફરમાનીઓ કરતા હતા (તેમાં કુફ્ર, દુષ્કૃત્યો, જુલમ અને તેના દરેક પ્રમાણો સામેલ થઈ ગયા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પ્રથમ બે આયતો તો પાછલી જ વાતની પૂર્ણતા છે જે એમાં પ્રથમ આયતોમાં આવ્યું છે કે જાલિમો માટે અઝાબની ધમકી અને નેક મો'મિનો માટે સફળતાની ખુશખબરી હતી, પ્રથમ આયત એટલે કે اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا માં ઉચ્ચ વર્ણનશૈલી સાથે સંપૂર્ણ ઈસ્લામ અને ઈમાન તથા નેક અમલો સૌને એકઠા કરી દેવામાં આવ્યા. رَبُّنَا اللّٰهُ (રબ્બનલ્લાહુ)નો એકરાર પૂરેપૂરું ઈમાન છે અને તેના ઉપર કાયમ રહેવામાં ઈમાન ઉપર મૃત્યુ સુધી કાયમ રહેવું પણ સામેલ છે અને તેના તકાદાઓ ઉપર પૂરેપૂરો અમલ પણ અને તેના ઉપર અડગ રહેવું પણ; આ બાબતનો મહત્ત્વનો ખુલાસો "સૂરએ હા-મીમ સજદહ"માં વર્ણન થઈ ચૂક્યો છે, પ્રસ્તુત આયતમાં ઈમાન અને અડગ રહેવા ઉપર એવો વાયદો કરવામાં આવ્યો છે કે આવા લોકોને ન તો ભવિષ્યમાં કોઈ તકલીફ અને પરેશાનીનો ભય હશે અને ન જ ભૂતકાળની તકલીફ ઉપર ગમ અને અફસોસ રહેશે, પછીની આયતમાં આ અદ્વિતિય રાહતના કાયમીપણાની અને કદી પૂર્ણ ન થવાની ખુશખબરી આપવામાં આવી છે, ત્યારબાદની ચાર આયતોમાં માનવીને તેના માતા પિતા સાથે સદ્‌વર્તાવનું માર્ગદર્શન અને તેના વિરુદ્ધ કરવાની

નીંદા અને તે સંદર્ભમાં માનવી ઉપર તેના માં બાપના ઉપકારોનું અને સંતાનો માટે તેમનું સખત મહેનત અને મુસીબતો બરદાસ્ત કરવાનું વર્ણન તથા મોટી ઉંમરે પહોંચવાની સાથે જ માનવીને અલ્લાહ તઆલાના શરણે જવાની તથા તેની ખાસ વિનમ્રતાપૂર્વક મહેરબાની માંગવાની પ્રેરણા આપવામાં આવી છે, પાછલી આયતોથી તેનું જોડાણ અને સંબંધ ઈબ્ને કષીરના નિવેદન પ્રમાણે એ છે કે કુર્આને કરીમની સામાન્ય શૈલી એ છે કે તે જ્યાં માનવીને અલ્લાહ તઆલાની ઈબાદત અને આજ્ઞાપાલન તરફ દા'વત આવે છે તો સાથે સાથે જ માતા પિતા સાથે સદ્‌વર્તાવ. સેવા અને આજ્ઞાપાલનના હુકમો પણ આપે છે, કુર્આને કરીમની ઘણી બધી આયતો વિવિધ સૂરતોમાં આ બાબત ઉપર ગવાહ છે, આથી જ વર્ણનશૈલી પ્રમાણે અત્રે પણ અલ્લાહ તઆલાની તવહીદની દા'વતની સાથે સાથે માતા પિતાની સાથે સદ્‌વર્તાવનું વર્ણન કરવામાં આવ્યું અને કુર્તુબીએ કુશયરીના હવાલાથી તેના સંદર્ભનું વર્ણન એ કર્યું છે કે તેમાં રસૂલે કરીમ ﷺ માટે એક આશ્વાસનનું પાસું એ છે કે તમે ઈમાન અને તવહીદનું આમંત્રણ આપતા રહો, કોઈ કબૂલ કરશે અને કોઈ કબૂલ નહીં કરે તમે તેનાથી ચિંતિત અને ગમગીન ન થાઓ, કારણ કે માનવીની હાલત એ જ છે કે દરેકનો વર્તાવ પોતાના માતા પિતા સાથે એકસમાન નથી હોતો, અમુક સદ્‌વર્તાવ કરે છે અને અમુક તેમની સાથે પણ દુર્વ્યવહાર કરે છે. વલ્લાહુ અઅ્‌લમુ.

અલબત્ત આ ચાર આયતોમાં મૂળ વિષય માનવીને પોતાના માતા પિતા સાથે સદ્‌વર્તાવની પ્રેરણા આપવાનો છે અને ટૂંકમાં બીજી કેળવણી પણ આવી ગઈ છે, જો કે અમુક હદીષની રિવાયતોથી આ આયતો હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની શા'નમાં નાઝિલ થવાની જાણ થાય છે અને એ જ બીનાએ તફસીરે મઝહરીએ وَوَصَّيْنَا الْإِنسَانَ માં الْإِنسَانُ ના اَلِفْ لَامْ (અલિફ-લામ)ને વાયદાનો ઠરાવીને તેનો ભાવાર્થ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને ઠરાવ્યા છે પરંતુ એ જાહેર છે કે જો કોઈ કુર્આનની આયતના ઊતરવાની પૂર્વભૂમિકાને કોઈ ખાસ વ્યક્તિ અથવા કોઈ ખાસ પ્રસંગ હોય તે છતાં પણ હુકમ સૌને માટે જાહેર હુકમ જ હોય છે, શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) હઝરત સિદ્દીકે અકબર (રદિ.) હોય અને ઉપરોક્ત આયતો તેમના જ વિશિષ્ટ લક્ષણો હોય તો પણ આયતનો હેતુ જાહેર કેળવણીનો જ છે અને જો મૂળ આયતોને જાહેર તા'લીમ ઠરાવવામાં આવે એમાં

પણ સિદીકે અકબર (રદિ.) આ તા'લીમના પ્રથમ વ્યક્તિ ઠરશે જે યુવાનીમાં અને ચાલીસ વર્ષની ઉંમર થયા પછીની જે વિશિષ્ટતા આ આયતોમાં ઉપસ્થિત છે તે વિશિષ્ટતા દૃષ્ટાંત સ્વરૂપે હશે, હવે પ્રસ્તુત આયતોના ખાસ ખાસ શબ્દોનો ખુલાસો જુઓ.

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ إِحْسَانًا શબ્દ وَصِيَّتْ (વસિય્યત) તાકીદી હુકમના અર્થમાં આવે છે અને إِحْسَانْ (અહેસાન) એ સદ્‌વ્યવહાર છે જેમાં માતા પિતાની સેવા અને આજ્ઞાપાલન પણ સામેલ છે તથા તેમનું સન્માન અને ઈજ્જત પણ.

حَمَلَتْهُ أُمُّهُ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا માં શબ્દ كُرْهًا بِضَمِّ الْكَافْ તે તકલીફને કહે છે જે માનવીને કોઈ કારણે બરદાસ્ત કરવી પડે અને كَرْهًا بِفَتْحِ كَافْ આ તે મહેનત અને તકલીફનું નામ છે જેના ઉપર તેને કોઈ બીજો વ્યક્તિ મજબૂર કરે, તેનાથી જ إِكْرَاهْ (ઈકરાહ) "બળજબરી" શબ્દ બનેલ છે, પ્રથમ વાક્યમાં માતા પિતા સાથે જે સદ્‌વ્યવહારનો હુકમ આપવામાં આવ્યો છે એ વાક્ય એ તાકીદ માટે છે કે માતા પિતાની સેવા અને આજ્ઞાપાલન આવશ્યક હોવાનું એક કારણ એ પણ છે કે તેમણે તમારા જન્મથી લઈને યુવાની સુધી તમારા માટે ઘણી તકલીફો બરદાસ્ત કરી છે, ખાસ કરીને માં ની મહેનત અને તકલીફ ઘણી ઉઘાડી છે એટલા માટે અહીંયાં વર્ણન માત્ર માં ની તકલીફનું કરવામાં આવ્યું છે કે તેણે એક લાંબા સમય સુધી એટલે કે નવ મહિના સુધી પોતાના પેટમાં તમને ઉઠાવી રાખ્યા જેમાં તેને જાતજાતની તકલીફો અને મુશ્કેલીઓ બરદાસ્ત કરવી પડી પછી જન્મ સમયે સખત દર્દ અને તકલીફની સાથે તમે આ દુનિયામાં અસ્તિત્વમાં આવ્યા.

માતાનો હક પિતા કરતાં વધારે છે :

આયતની શરૂઆતમાં સદ્‌વર્તનનો હુકમ માતા અને પિતા બંને માટે છે પરંતુ આ સ્થળે માત્ર માતાની મહેનત અને મુશ્કેલીનું વર્ણન કરવામાં હિકમત એ છે કે માતાની મહેનત અને તકલીફ આવશ્યક અને જરૂરી છે, ગર્ભના સમયકાળની તકલીફો પછી ગર્ભના વિકાસના તબક્કામાં અને જન્મ સમયની તકલીફ; દરેક પરિસ્થિતિમાં દરેક બાળક માટે એ અવશ્ય હોય છે જે માત્ર માં ની જ મહેનત છે, પિતા માટે ભરણ પોષણની મહેનત કરવી એટલું આવશ્યક અને

જરૂરી નથી હોઈ શકતું કે કોઈ પિતાને સંતાનોની કેળવણીમાં કોઈ પણ મહેનત અને તકલીફ ઉઠાવવી પડે, ખાસ કરીને જ્યારે કે માલદાર અને નોકર ચાકરવાળો અમીર હોય, બીજાઓ પાસે પોતાના સંતાનોની સેવાનું કામ કરાવે અથવા તો તે કોઈ બીજા દેશમાં ચાલ્યો જાય અને ખર્ચ મોકલતો રહે, આ જ કારણ છે કે રસૂલે કરીમ ﷺએ અવલાદ ઉપર માં ના હકોને સૌથી વધારે રાખ્યા છે, એક હદીષમાં ઈરશાદ છે, صِلْ اُمَّکَ ثُمَّ اُمَّکَ ثُمَّ اُمَّکَ ثُمَّ اَبَاکَ ثُمَّ اَدْنَاکَ فَاَدْنَاکَ (મઝહરી) એટલે કે સીલારહમી (ભલાઈનો વ્યવહાર) અને સેવા કરો પોતાની માતાની, પછી પોતાની માતાની, પછી માતાની ત્યારબાદ પોતાના બાપની અને ત્યારબાદ જે નજીકનો સગો વહાલો હોય તેની, પછી જે તેના પછી હોય.

وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا આ વાક્યમાં પણ માં ની મહેનત અને તકલીફનું જ વર્ણન છે કે બાળકના ગર્ભ અને ગર્ભના વિકાસની તકલીફ પછી પણ માં મહેનતથી ફારેગ થઈ જતી નથી, કારણ કે ત્યાર પછી બાળકના ખોરાકને પણ કુદરતે માતાની છાતીઓમાં ઉતાર્યું છે તે તેને દૂધ પીવડાવે છે, પ્રસ્તુત આયતોમાં ઈરશાદ એ ફરમાવ્યો છે કે બાળકનો ગર્ભ અને દૂધ છોડાવવું ત્રીસ મહિનામાં છે, હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ આ આયતથી એ વાત ઉપર દલીલ કરી છે કે ગર્ભની મુદ્દત ઓછામાં ઓછા છ મહિનાની છે, કારણ કે કુર્આને કરીમે મોટા ભાગે દૂધ પીવાડવાની મુદ્દત તો સંપૂર્ણ બે વર્ષ નિશ્ચિત કરી દીધી છે જેમકે ઈરશાદ છે وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ (૨:૨૩૩) અને ગર્ભ તથા દૂધ પીવાડવું બંનેની મુદ્દત ત્રીસ મહિના ઠરાવવામાં આવી તો દૂધ પીવાડવાના બે વર્ષ એટલે કે ૨૪ મહિના નીકળ્યા પછી છ મહિના જ બાકી રહી જાય છે જેને ગર્ભની ઓછામાં ઓછી મુદ્દત ઠરાવવામાં આવી, એક રિવાયતમાં છે કે હઝરત ઉસ્માન ગની (રદિ.)ના સમયમાં સ્ત્રીના પેટે છ મહિના થઈ ગયા પછી બાળક પેદા થયું જ્યારે કે પ્રાકૃતિક નિયમ નવ મહિનામાં અને ઓછામાં ઓછા સાત મહિનામાં બાળક પેદા થવાનો છે, હઝરત ઉસ્માન ગની (રદિ.)એ તેના ગર્ભને નાજાઈઝ ઠરાવીને સજાનો હુકમ આપ્યો, હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુને તેની જાણ થઈ તો તેમણે હઝરત ઉસ્માન (રદિ.)ને આ સજાની મનાઈ કરી અને ફરમાવ્યું કે કુર્આનમાં ગર્ભ અને દૂધ પીવાડવાની ભેગી મુદ્દત ત્રીસ મહિના છે, પછી દૂધ પીવાડવાની મુદ્દતના ૨૪ મહિના હોવા બીજા સ્થળે નક્કી કરવામાં આવ્યા છે

એટલા માટે બાકીના છ મહિનાની મુદ્દત જ ઓછામાં ઓછા ગર્ભની મુદ્દત છે, હઝરત ઉસ્માન ગની (રદિ.)એ તેમની દલીલને સ્વીકારીને પોતાનો હુકમ પાછો લીધો. *(કુર્તુબી)*

એટલા જ માટે ઓછામાં ઓછા હમલની મુદ્દત વિશે બધા જ ઉમ્મતના ઈમામો સહમત છે કે તે છ મહિના હોઈ શકે છે, ઘણી લાંબી મુદ્દત કેટલી છે તેમાં ઈમામોના મતભેદ છે, કુર્આને તેના વિશે કોઈ ફેંસલો નથી આપ્યો.

ખુલાસો :

આ આયતમાં ગર્ભની ઓછામાં ઓછી મુદ્દતનુ વર્ણન કરવામાં આવ્યું અને દૂધ પીવાડવાનું વધારેમાં વધારે મુદ્દતનું, તેમાં ઈશારો છે કે ગર્ભની ઓછામાં ઓછી મુદ્દત છ મહિના છે તેનાથી ઓછા મહિનામાં સાજું તંદુરસ્ત બાળક પેદા નથી થઈ શકતું પરંતુ વધારેથી વધારે બાળક ગર્ભમાં કેટલો સમય રહી શકે છે તેમાં વિવિધ શારીરિક પ્રકૃતિઓ જવાબદાર છે અને તે નિશ્ચિત નથી, એ જ પ્રમાણે દૂધ પીવાડવાની વધારેથી વધારે મુદ્દત નિશ્ચિત છે કે બે વર્ષ સુધી દૂધ પીવાડી શકાય છે, ઓછામાં ઓછી મુદ્દત કંઈ નિશ્ચિત નથી, અમુક સ્ત્રીઓને દૂધ આવતું જ નથી, અમુકનું દૂધ થોડા મહિનાઓ પછી સુકાઈ જાય છે, અમુક બાળકો માં નું દૂધ વધારે નથી પીતા અથવા તેમના માટે નુકસાનકારક હોય તો તેમને ઉપરનું બીજું દૂધ પીવડાવવું પડે છે.

ગર્ભના વિકાસની વધારેમાં વધારે મુદ્દત અને દૂધ પીવાડવાની વધારેમાં વધારે મુદ્દતમાં ઉમ્મતના ફુક્હાનો મતભેદ :

વધારેમાં વધારે ગર્ભની મુદ્દત ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.) નજીક બે વર્ષ છે, ઈમામ માલિક (રહ.)થી વિવિધ રિવાયતો નકલ થઈ છે, ચાર વર્ષ, પાંચ વર્ષ, સાત વર્ષ. ઈમામ શાફઈ (રહ.) નજીક ચાર વર્ષ. ઈમામ અહમદની મશ્હૂર રિવાયત ચાર વર્ષની જ છે. (મઝહરી) અને દૂધ પીવાડવાની વધારે મુદ્દત જેની સાથે દૂધ પીવાડવું હરામ હોવાના હુકમમાં સંબંધિત હોય છે, જમહૂર ફુકહા નજીક બે વર્ષ છે. ઈમામ માલિક, શાફઈ અને અહમદ બિન હમ્બલ (રહ.) અને હનફી ઈમામોમાંથી અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ (રહ.) બધા એના ઉપર સહમત છે અને સહાબએ કિરામ (રદિ.)માંથી હઝરત ઉમર,

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું પણ આ જ નિવેદન છે. (રવાહુ દારે કુતની) હઝરત અલી મુર્તઝા (રદિ.) તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)નું પણ એવું જ કહેવું છે. (ઈબ્ને અબી શયબહ) માત્ર ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.)થી એવું નકલ થયેલ છે કે અઢી વર્ષ સુધી બાળકને દૂધ પીવડાવી શકાય છે જેનો ખુલાસો જમહૂર હનફીઓ નજીક એ છે કે જો બાળક અશક્ત હોય, માં ના દૂધ સિવાય કોઈ ખોરાક બે વર્ષનો થવા છતાં પણ ન લેતું હોય તો વધારે છ મહિના દૂધ પીવડાવવાની પરવાનગી છે, કારણ કે એ બાબત ઉપર બધાની સહમતી છે કે દૂધ પીવડાવવાની મુદત પૂરી થયા પછી માં નું દૂધ બાળકને પીવાડવું હરામ છે પરંતુ હનફી ફુકહાના ફતાવાની પણ જમહૂર ઈમામોના મત સાથે સહમતી છે કે બે વર્ષના સમય પછી જો દૂધ પીવડાવવામાં આવ્યું તો તેનાથી દૂધ પીવડાવવાના હરામ હોવાના હુકમો સાબિત થશે નહીં, સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ બયાનુલ કુર્આનમાં લખ્યું છે કે જો કે ફતાવો જમહૂરના નિવેદન ઉપર છે પરંતુ અમલમાં કાળજી રાખવી બહેતર છે કે અઢી વર્ષની મુદતની અંદર જે બાળકને દૂધ પીવડાવવામાં આવ્યું છે તેની સાથે નિકાહમાં કાળજી રાખવી જોઈએ, આયત وَحَمْلُهُ وَفِصٰلُهُ ثَلٰثُوْنَ شَهْرًا થી ઈમામે આ'ઝમ (રહ.)ના નિવેદન પ્રમાણે દૂધ પીવડાવવાની વધારેમાં વધારે મુદત અઢી વર્ષની સાબિત કરવાની કોશીશ કરી છે, તફસીરે મઝહરીમાં કહેવામાં આવ્યું છે કે એ ઠીક નથી કારણ કે સહાબએ કિરામ (રદિ.)ની જમાઅત અલી મુર્તઝા (રદિ.), ઉસ્માન ગની (રદિ.)એ આયતની તફસીર નિશ્ચિત કરી દીધી છે કે તેમાં છ મહિના ઓછામાં ઓછી મુદત હમલની અને ૨૪ મહિના દૂધ પીવડાવવાની મુદત ભાવાર્થ સ્વરૂપે છે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે કુર્આને કરીમે ગર્ભ અને દૂધ પીવડાવવાની ભેગી મુદત ત્રીસ મહિના બતાવી છે, દરેકની અલગ અલગ હદ નથી બતાવી, તેનું કારણ એ છે કે સામાન્ય ટેવ એવી હોય છે કે બાળક નવ મહિનામાં પેદા થાય છે અને જ્યારે બાળક પૂરા નવ મહિને પેદા થાય તો માં ને દૂધ પવાડવાની જરૂરત માત્ર ૨૧ મહિના રહી જાય છે અને જો બાળક સાત મહિનામાં પેદા થઈ જાય તો ૨૩ મહિના દૂધ પીવાડવાની જરૂરત હોય છે અને જો બાળક છ મહિનામાં પેદા થાય તો ૨૪ મહિના એટલે કે સંપૂર્ણ બે વર્ષ દૂધ પીવાડવાની જરૂરત હશે. *(મઝહરી)*

حَتّٰی اِذَا بَلَغَ اَشُدَّهٗ وَبَلَغَ اَرْبَعِیْنَ سَنَةً માં શબ્દ اَشُدّ (અશુદ)નો શાબ્દિક અર્થ "શક્તિ" થાય છે, સૂરએ અનૂઆમમાં حَتّٰی یَبْلُغَ اَشُدَّهٗ હેઠળ તેની તફસીર "બાલિગ થવું" કરવામાં આવી છે, એટલે કે જ્યારે બાળક બાલિગ થવાની નજીક પહોંચી જાય. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે بُلُوْغِ اَشُدّ નો ભાવાર્થ અઢાર વર્ષની ઉંમરે પહોંચવું છે, પ્રસ્તુત આયતમાં પણ અમુક લોકોએ سِنِّ بُلُوْغ નો ભાવાર્થ આ જ લીધો છે કે બાળક બાલિગ થવાની ઉંમરે પહોંચી જાય અને ત્યાર પછી بَلَغَ اَرْبَعِیْنَ سَنَةً ને એક આગવો ઉંમરનો પડાવ ઠરાવવામાં આવ્યો, આ નિવેદન શુઅ્બી અને ઈબ્ને ઝૈદનું છે અને હઝરત બશીર (રહ.)એ بُلُوْغِ اَشُدّ અને بَلَغَ اَرْبَعِیْنَ બંનેને સમાન અર્થવાળા અને بَلَغَ اَشُدَّهٗ ની بَلَغَ اَرْبَعِیْنَ તફસીર અને તાકીદ ઠરાવી છે. *(કુર્તુબી)*

વાક્ય રચનાનું બંધારણ એવું છે કે પ્રથમ બાળકના ગર્ભનો, પછી ગર્ભના જન્મનો, પછી દૂધ પીવડાવવાનો સમયગાળો વર્ણન કર્યા પછી حَتّٰی اِذَا بَلَغَ ફરમાવવામાં ખુલાસો આ છે فَعَاشَ وَاسْتَمَرَّتْ حَیَاتُهٗ حَتّٰی اِذَا اکْتَهَلَ وَاسْتَحْكَمَ قُوَّتُهٗ وَعَقْلُهٗ (રુહુલ મઆની). એટલે કે દૂધ છૂટ્યા પછી બાળક જીવીત રહે અને લાંબી ઉંમર પામે, એટલે સુધી કે તે બાલિગ (યુવાવસ્થા) અને મજબૂત થઈ ગયો અને તેની શક્તિ અને બુદ્ધિ સંપૂર્ણ થઈ ગઈ તો હવે તેને પેદા કરનાર અને પાલવનાર તરફ રુજૂઅ્ થવાની (શરણે જવાની) તવફીક નસીબ થઈ અને તે આ પ્રમાણે દુઆઓ માંગવા લાગ્યો કે,

رَبِّ اَوْزِعْنِیْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِیْٓ اَنْعَمْتَ عَلَیَّ وَعَلٰی وَالِدَیَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰهُ وَاَصْلِحْ لِیْ فِیْ ذُرِّیَّتِیْ ؕ اِنِّیْ تُبْتُ اِلَیْكَ وَاِنِّیْ مِنَ الْمُسْلِمِیْنَ،

"હે મારા પાલનહાર ! તું મને તવફીક અર્પણ કર કે હું તારી તે નેઅ્મતનો શુક્રિયા અદા કરું જે તેં મારા ઉપર ઉતારી છે અને જે મારા માતા પિતા ઉપર ઉતારી અને મને એવી તવફીક આપ કે હું તે અમલ કરું જેનાથી તું રાજી થઈ જાય અને મારા માટે મારી સંતતિની પણ સુધારણા કરી આપ; હું તારા તરફ રુજૂઅ્ થાઉં છું અને હું તારા ફરમાનના તા'બે મુસલમાનોમાંથી છું."

કુર્આને આ સ્થળે حَتّٰی اِذَا بَلَغَ اَشُدَّهٗ થી લઈ مِنَ الْمُسْلِمِیْنَ સુધી બધા ભૂતકાળના ક્રિયાપદોનો ઉપયોગ કર્યો છે જેનાથી જાહેર થાય છે કે આ વર્ણન કોઈ

ખાસ ઘટના અને કોઈ ખાસ વ્યક્તિનું છે જે આયત નાઝિલ થવાના સમયે બની ચૂક્યું છે, એટલા માટે તફસીરે મઝહરીએ તેને જ અપનાવ્યું છે કે આ બધી પરિસ્થિતિઓ હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ની છે, તેમના જ વર્ણનના જાહેર શબ્દો એ હિકમતથી કરવામાં આવ્યા છે કે બીજા મુસલમાનોને પણ એ બાબતનું પ્રોત્સાહન મળે કે તેઓ પણ એવું જ કર્યા કરે અને એની દલીલ તે રિવાયત છે જે કુર્તુબીએ હઝરત અતાઅ્ અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કરી છે કે રસૂલે કરીમ ﷺએ જ્યારે પોતાની વીસ વર્ષની ઉંમરમાં હઝરત ખદીજા (રદિ.)ના માલથી વેપાર કરવાનો ઈરાદો કર્યો અને સિરીયા દેશની મુસાફરી કરી તો આ મુસાફરીમાં હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) આપ ﷺ સાથે હતા, તે સમયે તેમની ઉંમર અઢાર વર્ષની હતી જે بَلَغَ اَشُدَّهٗ ની ખરાઈ છે, પછી આ મુસાફરીમાં તેમણે રસૂલે કરીમ ﷺની એવી પરિસ્થિતિઓ જોઈ કે તેઓ એટલા ગાઢ મૈત્રી ધરાવતા થઈ ગયા કે મુસાફરીથી પાછા ફર્યા પછી દરેક સમયે આપ ﷺની સાથે રહેવા લાગ્યા, એટલે સુધી કે જ્યારે આપ ﷺની ઉંમર ચાલીસ વર્ષની થઈ ગઈ અને આપ ﷺને અલ્લાહ તઆલાએ નુબુવ્વત અને રિસાલતની પ્રતિષ્ઠા અર્પણ કરી તે સમયે હઝરત અબૂબક્ર (રદિ.)ની ઉંમર ૩૮ વર્ષની હતી, પુરુષોમાં સૌથી પહેલાં તેમણે ઈસ્લામ સ્વીકાર્યો, પછી જ્યારે તેમની ઉંમર ચાલીસ વર્ષની થઈ ગઈ તો તેમણે આ દુઆ માંગી જે ઉપર વર્ણન થઈ છે, بَلَغَ اَرْبَعِيْنَ سَنَةً નું સમર્થન છે અને જ્યારે આ દુઆ رَبِّ اَوْزِعْنِىٓ અને આ જ માંગી اَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰهُ તો અલ્લાહ તઆલાએ આ દુઆ કબૂલ ફરમાવી તેમને એવા ગુલામો ખરીદીને આઝાદ કરવાની તવફીક બખ્શી કે જેઓ મુસલમાન થઈ ગયા હતા અને તેમના માલિકો ઈસ્લામ લાવવાના કારણે તેમને જાતજાતની પીડાઓ આપતા હતા, આ જ રીતે તેમની દુઆ اَصْلِحْ لِىْ فِىْ ذُرِّيَّتِىْ પણ કબૂલ થઈ, તેમની અવલાદમાં કોઈ એવું ન રહ્યું જે ઈમાન ન લાવ્યું હોય, એ જ પ્રમાણે સહાબએ કિરામ (રદિ.)માં આ વિશિષ્ટતા અલ્લાહ તઆલાએ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને આપી કે તેઓ પોતે પણ મુસલમાન થયા, તેમના માં બાપ પણ અને અવલાદ પણ અને સૌને નબીએ કરીમ ﷺની સોબતની પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત થઈ અને તફસીરે રૂહુલ મઆનીમાં છે કે એનું સમર્થન એ વાતથી પણ થાય છે કે બધા જ સહાબએ કિરામ (રદિ.) મુહાજિરો અને અન્સારોમાં તે સમયે આ

વિશિષ્ટતા માત્ર હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની જ હતી કે તેઓ પોતે પણ મુસલમાન થયા અને તેમના માતા પિતા પણ મુસલમાન થઈ ગયા, રહ્યો એ સવાલ કે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ના પિતા અબૂ કુહાફા ફત્હે મક્કા પછી મુસલમાન થયા છે અને આ સૂરત પૂરેપૂરી મક્કી છે એટલા માટે આ આયત પણ મક્કામાં નાઝિલ થઈ, તે સમયે તેમના માતા પિતા ઉપર અલ્લાહની નેઅ્મતો ઊતરવાનું વર્ણન કઈ રીતે યોગ્ય ઠરશે ? બસ તેનો જવાબ એ છે કે અમુક લોકોએ આ આયતોને મદની કહી છે તો તેના ઉપર કોઈ શંકા રહેતી નથી અને જો મક્કી પણ હોય તો તેનો ભાવાર્થ ઈસ્લામની નેઅ્મતથી પ્રતિષ્ઠિત થવાની દુઆ માંગી. (રૂહુલ મઆની) આ તફસીરની રૂએ જો કે તે બધી પરિસ્થિતિઓ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની વર્ણન થઈ પરંતુ આયતોનો હુકમ જાહેર છે, બધા જ મુસલમાનોને તેનાથી માર્ગદર્શન આપવું હેતુ સ્વરૂપે છે કે માનવીની ઉંમર જ્યારે ચાલીસ વર્ષની નજીક પહોંચે તો તેના ઉપર આખિરતની ફિકર છવાઈ જવી જોઈએ, પાછલા ગુનાહોથી તવબહનું નવીનીકરણ કરે અને ભવિષ્ય માટે તેનાથી બચવાની પૂરી કાળજી લે, કારણ કે સામાન્ય ટેવ અને અનુભવ એવો છે કે ચાલીસ વર્ષની ઉંમરમાં જે સ્વભાવ અને આદતો કોઈ વ્યક્તિની બની જાય છે પછી તેનું બદલાવું ઘણું મુશ્કેલ હોય છે.

હઝરત ઉસ્માનગની (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યારે મો'મિન બંદો ચાલીસ વર્ષની ઉંમરે પહોંચી જાય છે તો અલ્લાહ તઆલા તેનો હિસાબ સરળ કરી આપે છે અને જ્યારે ૬૦ વર્ષની ઉંમરે પહોંચે છે તો તેને પોતાના તરફ રુજૂઅ્ થવાનું તથા આજ્ઞાપાલક થવાનું નસીબ કરે છે અને જ્યારે સિત્તેર વર્ષની ઉંમરે પહોંચી જાય છે તો બધા જ આસમાનવાળા તેનાથી મહોબ્બત કરવા લાગે છે અને જ્યારે એંસી વર્ષની ઉંમરે પહોંચે છે તો અલ્લાહ તઆલા તેના ભલા કાર્યોને કાયમ કરી આપે છે અને તેની બુરાઈઓને મિટાવી દે છે અને જ્યારે ૯૦ વર્ષની ઉંમરનો થઈ જાય તો અલ્લાહ તઆલા તેના બધા આગલા પાછલા ગુનાહ મા'ફ કરી આપે છે અને તેને પોતાના ઘરવાળાઓ સંબંધી સિફારસ કરવાનો હક આપે છે અને આસમાનમાં તેના નામની સાથે લખી દેવામાં આવે છે કે આ اَسِيْرُ اللّٰهِ فِى الْاَرْضِ વ્યક્તિ છે, એટલે કે પૃથ્વીમાં અલ્લાહ તઆલા તરફથી કેદી છે. *(ઈબ્ને કષીર –અબૂ યઅ્લા અને મુસ્નદે અહમદ વગેરે)*

આ દેખીતું છે કે તેનો ભાવાર્થ તે જ મો'મિન બંદો છે જેણે પોતાની જિંદગી શરીઅતના હુકમોના તા'બે થઈને તકવા સાથે પસાર કરી છે, ઈબ્ને કષીરે કારણ કે પ્રથમ તફસીરને અપનાવી છે કે ભાવાર્થ સામાન્ય માનવી છે તો જે શબ્દો વિશિષ્ટતા સ્વરૂપે તેમાં આવ્યા છે જેમકે .... حَتّٰی اِذَابَلَغَ اَشُدَّهٗ وَبَلَغَ اَرْبَعِيْنَ سَنَةً તે બધા દષ્ટાંત સ્વરૂપે છે જેમાં એવું માર્ગદર્શન આપવાનો હેતુ છે કે માનવી જ્યારે ચાલીસ વર્ષની ઉંમરે પહોંચી જાય તો તેના ઉપર પોતાની સુધારણા અને પોતાના બાળ બચ્ચાંની સુધારણા તથા આખિરતની ચિંતા છવાઈ જવી જોઈએ. વલ્લાહુ અઅ્લમુ.

اُولٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَا عَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ એટલે કે એવા મો'મિન મુસલમાન જેમની એવી હાલત હોય જે ઉપર વર્ણન થઈ છે તેમની ભલાઈઓ સ્વીકારી લેવામાં આવે છે અને ગુનાહો મા'ફ કરી દેવામાં આવે છે, આ હુકમ સર્વસામાન્ય છે, જો તેના નાઝિલ થવાનું કારણ હઝરત સિદ્દીકે અકબર (રદિ.) હોય તો તે સંબોધન પ્રથમ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને લાગુ પડશે, હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુના નીચે આપેલા વર્ણનથી પણ આયતનો ભાવાર્થ સર્વસામાન્ય હોવાની જાણ થાય છે, હઝરત ઈબ્ને કષીરે પોતાની તફસીરમાં સનદ સાથે મુહમ્મદ ઈબ્ને હાતિબ (રહ.)ની આ રિવાયત નકલ કરી છે કે હું એક વખતે અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)ની સેવામાં હાજર હતો, તે સમયે તેમની પાસે અમુક બીજા લોકો પણ હાજર હતા જેમણે હઝરત ઉસ્માન (રદિ.) ઉપર કંઈ ઐબ લગાવી તેના ઉપર હઝરત અલી (રદિ.)એ ફરમાવ્યું કે,

كَانَ عُثْمَانُ رَضِىَ اللّٰهُ عَنْهُ مِنَ الَّذِيْنَ قَالَ اللّٰهُ تَعَالٰى فِيْهِمْ اُولٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَاعَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ فِىْٓ اَصْحٰبِ الْجَنَّةِ ؕ وَعْدَالصِّدْقِ الَّذِىْ كَانُوْا يُوْعَدُوْنَ، قَالَ وَاللّٰهِ عُثْمَانُ وَاَصْحَابُ عُثْمَانَ رَضِىَ اللّٰهُ عَنْهُمْ، قَالَهَا ثَلَاثًا. (اِبْنُ كَثِيْر)

"હઝરત ઉસ્માન (રદિ.) તે લોકોમાંથી હતા જેમના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે اُولٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَاعَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ فِىْٓ اَصْحٰبِ الْجَنَّةِ ؕ وَعْدَالصِّدْقِ الَّذِىْ كَانُوْا يُوْعَدُوْنَ *"આ એવા લોકો છે જેમનાથી તેમણે જે શ્રેષ્ઠ કર્યું તેને અમે સ્વીકારીએ છીએ અને તેમના ગુનાહોને*

નજરઅંદાજ કરીએ છીએ (જેથી) તેઓ જન્નતવાળાઓમાં હશે જેનો તેઓને સાચો વાયદો કરવામાં આવ્યો હતો.'' (૪૬:૧૬) ખરેખર આ આયત હઝરત ઉસ્માન (રદિ.) અને તેમના સાથી ઉપર લાગુ પડે છે, આ વાત હઝરત અલી (રદિ.)એ ત્રણ વખતે કહી.''

وَالَّذِىْ قَالَ لِوَالِدَيْهِ اُفٍّ لَّكُمَا પાછલી આયતોમાં માતા પિતાની સેવા અને આજ્ઞાપાલનના હુકમો હતા, આ આયતમાં તે વ્યક્તિના અઝાબ અને સજાનું વર્ણન થયેલ છે જે પોતાના માતા પિતા સાથે દુર્વ્યવહાર અને બદ્ઝુબાની સાથે રજુ થાય છે, ખાસ કરીને જ્યારે કે માતા પિતા તેને ઈસ્લામ અને સદ્કર્મો તરફ આમંત્રણ આપતા હોય ત્યારે તેમની વાત ન માનવી બમણો ગુનોહ છે. ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે આયતનો ભાવાર્થ જાહેર છે, જે વ્યક્તિ પણ પોતાના માતા પિતા સાથે દુર્વ્યવહાર કરે છે તેને તે લાગુ પડે છે.

મરવાને જે આ આયત હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબૂબક્ર (રદિ.)ને લાગુ પડવાનું પોતાના કોઈ પ્રવચનમાં કહ્યું હતું તેનો રદિયો સહીહ બુખારીમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી નકલ થયેલ છે, સાચી વાત એ છે કે આયતનો ભાવાર્થ જાહેર છે, કોઈ સહીહ રિવાયત કોઈ ખાસ વ્યક્તિને આ આયત લાગુ પડવા વિશે નકલ થયેલ નથી.

اَذْهَبْتُمْ طَيِّبَاتِكُمْ فِىْ حَيَاتِكُمُ الدُّنْيَا એટલે કે કાફિરોને સંબોધન કરીને કહેવામાં આવશે કે તમે જે કંઈ સારા કર્મો દુનિયામાં કર્યા હતા તો તેનો બદલો પણ તમને દુનિયાની નેઅ્મતો અને રાહતો સ્વરૂપે આપવામાં આવી ચૂક્યો છે, હવે આખિરતમાં તમારો કોઈ હિસ્સો બાકી નથી રહ્યો, આ સંબોધન કાફિરોને છે જેનાથી જાણ થાય છે કે કાફિરોના નેક કર્મો જે ઈમાન ન લાવવાના કારણે અલ્લાહ તઆલા સમીપ સ્વીકૃત નથી આખિરતમાં તો તેની કોઈ કિંમત હશે નહીં પરંતુ દુનિયામાં અલ્લાહ તઆલા તેને તે કર્મોનો બદલો આપી દે છે, કાફિરો અને દુષ્ટોને માલ દોલત અને ઈજ્જત તથા હોદ્દો વગેરે જે દુનિયામાં મળે છે તે તેમના નેક અમલો સખાવત, હમદર્દી, સચ્ચાઈ વગેરેનો બદલો હોય છે, મો'મિનો માટે એ હુકમ નથી કે જો દુનિયામાં તેમને કોઈ નેઅ્મત માલ અને દોલત મળી જાય તો આખિરતના હકથી વંચિત થઈ જાય.

દુનિયાના આનંદ પ્રમોદ અને જાહોજલાલીથી બચવાનું ઉત્તેજન :

આ આયતમાં કાફિરોને ક્રોધ અને સજાનું તેમના દુનિયાના આનંદ પ્રમોદમાં ઓતપ્રોત રહેવાની બીના ઉપર કરવામાં આવ્યું તેથી રસૂલે કરીમ ﷺ, સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)એ દુનિયાની લિજ્જતોને છોડવાની ટેવ બનાવી લીધી, જેમકે તેમના જીવન ચરિત્ર આ બાબત ઉપર ગવાહ છે અને રસૂલે કરીમ ﷺએ હઝરત મઆઝ (રદિ.)ને યમન મોકલતી વખતે એવી વસિય્યત કરી હતી કે દુનિયાના આનંદ પ્રમોદથી બચતા રહેવું, હઝરત અલી (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ અલ્લાહ તઆલાથી થોડી રોજી લેવા ઉપર રાજી થઈ જાય તો અલ્લાહ તઆલા પણ તેના થોડા અમલથી રાજી થઈ જાય છે. *(મઝહરી –અનલ બગવી)*

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૨૧ થી ૨૬)

وَاذْكُرْ اَخَا عَادٍ ۭ اِذْ اَنْذَرَ قَوْمَهٗ بِالْاَحْقَافِ وَقَدْ خَلَتِ النُّذُرُ مِنْۢ بَيْنِ يَدَيْهِ
وَمِنْ خَلْفِهٖٓ اَلَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ ۭ اِنِّىْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿۲۱﴾
قَالُوْٓا اَجِئْتَنَا لِتَاْفِكَنَا عَنْ اٰلِهَتِنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿۲۲﴾
قَالَ اِنَّمَا الْعِلْمُ عِنْدَ اللّٰهِ ڮ وَاُبَلِّغُكُمْ مَّآ اُرْسِلْتُ بِهٖ وَلٰكِنِّيْٓ اَرٰىكُمْ
قَوْمًا تَجْهَلُوْنَ ﴿۲۳﴾ فَلَمَّا رَاَوْهُ عَارِضًا مُّسْتَقْبِلَ اَوْدِيَتِهِمْ ۙ قَالُوْا هٰذَا عَارِضٌ مُّمْطِرُنَا ۭ
بَلْ هُوَ مَا اسْتَعْجَلْتُمْ بِهٖ ۭ رِيْحٌ فِيْهَا عَذَابٌ اَلِيْمٌ ﴿۲۴﴾ ۙ تُدَمِّرُ كُلَّ شَيْءٍۢ
بِاَمْرِ رَبِّهَا فَاَصْبَحُوْا لَا يُرٰٓى اِلَّا مَسٰكِنُهُمْ ۭ كَذٰلِكَ نَجْزِي الْقَوْمَ
الْمُجْرِمِيْنَ ﴿۲۵﴾ وَلَقَدْ مَكَّنّٰهُمْ فِيْمَآ اِنْ مَّكَّنّٰكُمْ فِيْهِ وَجَعَلْنَا لَهُمْ سَمْعًا وَّ
اَبْصَارًا وَّاَفْـِٕدَةً ڮ فَمَآ اَغْنٰى عَنْهُمْ سَمْعُهُمْ وَلَآ اَبْصَارُهُمْ وَلَآ اَفْـِٕدَتُهُمْ مِّنْ
شَيْءٍ اِذْ كَانُوْا يَجْحَدُوْنَ ۙ بِاٰيٰتِ اللّٰهِ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿۲۶﴾ ع

તરજુમો :

અને યાદ કરો આદના ભાઈને જ્યારે પોતાની કોમને અહકાફમાં ડરાવ્યા અને ડરાવનારા પસાર થઈ ચૂક્યા હતા તેમની આગળથી અને પાછળથી કે અલ્લાહના સિવાય કોઈની બંદગી ન કરો, હું તમારા ઉપર એક મોટા દિવસની આફતથી ડરું છું. (૨૧) બોલ્યા, શું તું અમારી પાસે આવ્યો છે કે અમને અમારા મઅ્બૂદોથી ફેરવી દે ? બસ અમારા ઉપર લઈ આવ જે વાયદો કરે છે જો તું સાચો છે ! (૨૨) કહ્યું, એ ખબર તો અલ્લાહને જ છે અને હું તો જે કંઈ મારા હાથે મોકલવામાં આવ્યું પહોંચાડી આપું છું પરંતુ હું જોઉં છું તમે લોકો નાદાની કરો છો. (૨૩) પછી જ્યારે તેમણે તે વાદળને પોતાની ખીણો તરફ આવતા જોયું; તેમણે કહ્યું, આ વાદળ છે, અમારા ઉપર વરસસે; (હૂદ અલૈ.એ કહ્યું) કંઈ નથી, આ તે વસ્તુ છે જેની તમે ઉતાવળ કરતા હતા, હવા(નું વાવાઝોડું) છે જેમાં દર્દનાક અઝાબ છે. (૨૪) દરેક વસ્તુને પોતાના પરવરદિગારના હુકમથી ઉખેડી ફેંકશે, પછી કાલે એવા થઈ ગયા કે તેમના ઘરો સિવાય કોઈ દેખાતું ન હતું, આ રીતે અમે ગુનેહગાર કોમને સજા આપીએ છીએ. (૨૫) અને ખરેખર અમે તેમને શક્તિશાળી સ્થિતિમાં સ્થાપિત કર્યા હતા જેવી શક્તિશાળી સ્થિતિમાં તમને સ્થાપિત કર્યા નથી અને અમે તેમને કાન (શ્રવણશક્તિ) અને દૃષ્ટિ તથા દિલ આપ્યા હતા, પછી ન તો તેમના કાન કંઈ તેમના કામ આવ્યા અને ન જ તેમની દૃષ્ટિ અને ન જ તેમના દિલ કોઈ વસ્તુમાં; એટલા માટે કે તેઓ અલ્લાહની આયતોથી ઈન્કારી થતા હતા અને જે(અઝાબ)ની તેઓ મશ્કરીઓ કરતા હતા તેમના ઉપર ઊંધી વળી. (૨૬)

તફસીર :

અને તમે કોમે આદના ભાઈ (એટલે કે હૂદ અલૈ.)નું (તેમને) વર્ણન કરો જ્યારે કે તેમણે પોતાની કોમને કે જે એવા સ્થળ ઉપર રહેતી હતી કે ત્યાં રેતીના ઊંચા ટેકરાઓ હતા (આ સ્થળ તરફ એટલા માટે આંગળી ચીંધવામાં આવી છે કે જોનારાઓના માનસમાં ડર પેદા થાય) એ (વાત) ઉપર (અલ્લાહ તઆલાના અઝાબથી) ડરાવ્યા કે તમે અલ્લાહ સિવાય કોઈની ઈબાદત ન કરો (નહિતર

તમારા ઉપર અઝાબ ઊતરશે) અને (આ એવી જરૂરી અને સાચી વાત છે કે) તેમનાથી (એટલે કે હઝરત હૂદ અલૈ.થી) પહેલાં અને તેમના પછી (આ જ વિષય વિશે) ઘણા ડરાવનારા (પયગમ્બરો અત્યાર સુધી) પસાર થઈ ચૂક્યા છે (અને એ કોઈ આશ્ચર્યની વાત નથી કે હૂદ અલૈ. અલ્લાહ તઆલા તરફ આમંત્રણ આપવામાં તે સૌની સાથે સહમત હોય, તેમની સામે તેમણે વર્ણન પણ કર્યું જેથી વાક્ય وَقَدْ خَلَتِ النُّذُرُને વચમાં વધારી દેવું આ લાભો માટે છે કે દા'વતના વિષયની તાકીદ થઈ જાય તથા હૂદ અલૈ.ના ડરાવવામાં એવું કહેવામાં આવ્યું કે) મને તમારા ઉપર એક મોટા (કઠોર) દિવસના અઝાબનો ભય છે (જો તેનાથી બચવું છે તો તવહીદનો સ્વીકાર કરી લો) તેઓ કહેવા લાગ્યા, શું તમે અમારી પાસે એવા ઈરાદે આવ્યા છો કે અમને અમારા મઅ્બૂદોથી (એટલે કે પૂજ્યોથી) ફેરવી આપો ? બસ (અમે તો ફરનારા નથી બાકી) જો તમે સાચા હોવ તો જે(અઝાબ)નો તમે અમને વાયદો કરો છો તેને અમારા ઉપર લાવી દો, તેમણે ફરમાવ્યું કે સંપૂર્ણ જ્ઞાન તો અલ્લાહને જ છે (કે અઝાબ ક્યાં સુધીમાં આવશે) અને મને તો જે સંદેશ આપીને મોકલવામાં આવ્યો છે હું તમને તે પહોંચાડી આપું છું (એટલા માટે તેમાં મને એવું પણ કહેવામાં આવ્યું કે તમારા ઉપર અઝાબ આવશે, મેં તમને જાણ કરી દીધી તેનાથી વધારે ન તો મને જ્ઞાન છે અને ન જ કાબૂ) પરંતુ હું તમને જોઉં છું કે તમે લોકો નરી જહાલતની વાતો કરો છો (કે એક તો તવહીદને સ્વીકારતા નથી પછી પોતાના મોઢેથી આફત માંગો છો પછી મને તેની ફરમાઈશ કરો છો, અલબત્ત હું પોતાની સચ્ચાઈનો દા'વેદાર છું અને તેના ઉપર દલીલ કાયમ કરી ચૂક્યો છું અને જે ઘટનામાં તમને સંદેહ છે તેનો સમય મને બતાવવામાં નથી આવ્યો, હા ! જ્યારે તે આવવાનો હુકમ અલ્લાહ તઆલા આપવાનું ઈચ્છશે ત્યારે જોઈ લેજો ! મતલબ કે જ્યારે કોઈપણ રીતે તેમણે સત્યને ન માન્યું તો હવે અઝાબનો એ રીતે સામાન શરૂ થયો કે પ્રથમ એક વાદળ ઊઠયું) બસ તે લોકોએ જ્યારે તે વાદળને પોતાની ખીણો તરફ આવતું જોયું, કહેવા લાગ્યા કે આ તો વાદળ છે જે અમારા ઉપર વરસી પડશે (ઈરશાદ થયો કે) નહીં ! (આ વરસનારું વાદળ નથી) બલકે આ તે જ (અઝાબ) છે જેની તમે ઉતાવળ કરતા હતા (કે તે અઝાબ જલદી લાવો અને તે વાદળમાં) એક આંધી છે જેમાં દર્દનાક અઝાબ છે, તે (વાવાઝોડું) દરેક વસ્તુને (જેને નાશ કરવાનો હુકમ થયો હશે)

પોતાના પરવરદિગારના હુકમથી નાશ કરી નાંખશે તેથી (તે વાવાઝોડું ખેતીને તથા માણસોને અને પશુઓને ઉઠાવી ઉઠાવીને પટકી દેતું હતું જેનાથી) તેઓ એવા (તબાહ) થઇ ગયા કે તેમના મકાનો સિવાય અન્ય કોઈ વસ્તુ (માણસો અથવા પશુઓ કે કોઈ સજીવ ચીઝ) દેખાતી ન હતી, અમે ગુનેહગારોને આ જ રીતે સજા આપીએ છીએ અને અમે તેમને (એટલે કે આદની કોમના લોકોને) તે વાતોની શક્તિ આપી હતી કે તમને તે વાતોમાં શક્તિ નથી આપી (આ વાતોથી ભાવાર્થ તે શક્તિ છે જે શારીરિક શક્તિ અને આર્થિક શક્તિ ઉપર આધારિત છે) અને અમે તેમને કાન અને આંખો અને દિલ (બધું જ કંઈ) આપ્યું હતું, બસ કારણ કે તે લોકો અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા તેથી (જ્યારે તેમના ઉપર અઝાબ આવ્યો તો) ન તો તેમના કાન તેમને જરા પણ કામ આવ્યા અને ન જ તેમની આંખો અને ન જ તેમના દિલ અને જે (અઝાબ)ની તેઓ હાંસી ઉડાવ્યા કરતા હતા તેણે જ તેમને ઘેરી લીધા (એટલે કે ન તો તેમની શારીરિક શક્તિઓ તેમને અઝાબથી બચાવી શકી અને ન જ તેમની યુક્તિઓ જે બુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે અને ન જ તેમની શક્તિ કંઈ કામ લાગી, બસ પછી તમારી શું વિસાત છે?)

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૨૭-૨૮)

وَلَقَدْ اَهْلَكْنَا مَا حَوْلَكُمْ مِّنَ الْقُرٰى وَصَرَّفْنَا الْاٰيٰتِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢٧﴾

فَلَوْلَا نَصَرَهُمُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ قُرْبَانًا اٰلِهَةً ۭ بَلْ ضَلُّوْا عَنْهُمْ ۚ

وَذٰلِكَ اِفْكُهُمْ وَمَا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٨﴾

તરજુમો :

અને અમે વિનાશ કરી ચૂક્યા છે જેટલી તમારી આસપાસની વસ્તીઓ છે અને (તે પહેલાં) અમે વારંવાર પોતાની નિશાનીઓ તેઓને દેખાડી હતી કે જેથી તેઓ (કુફ્રથી) પાછા ફરે. (૨૭) પછી કેમ તેમને મદદ ન પહોંચી તેમના તરફથી જેમને અલ્લાહને છોડીને મોટો દરજ્જો પામવા મઅબૂદ તરીકે પકડયા હતા; બલકે તેમનાથી અલોપ થઈ ગયા અને તે તેમનું જૂઠાણું હતું અને જે પોતાની જાતે ઘડી લેતા હતા. (૨૮)

આયતોનો ક્રમ :

ઉપર કોમે આદનો કિસ્સો વિગતવાર વર્ણન થયો હતો, આગળ બીજી એવી જ કોમોનું વર્ણન છે જેમના ઉપર કુફ્ર અને અંબિયા (અલૈ.)ના વિરોધના કારણે અઝાબ આવ્યો અને તેમનો વિનાશ થયો, તેમની ઉજ્જડ વસ્તીઓના ખંડેરો પણ મક્કાના નિવાસીઓની મુસાફરીના સમયે માર્ગમાં આવતા હતા, તેનાથી બોધપાઠ ગ્રહણ કરવા માટે તેમનો ટૂંક અહેવાલ પ્રસ્તુત આયતોમાં આવ્યો છે.

તફસીર :

અને અમે તમારી આસપાસની અન્ય વસ્તીઓનો પણ (તે કુફ્ર અને શિર્કના કારણે) વિનાશ કરી નાંખ્યો છે (જેમકે ષમૂદ અને કોમે લૂત કે સિરીયાના પ્રદેશમાં જતી વખતે મક્કાના કાફિરો તે વસ્તીઓ ઉપરથી પસાર થતા હતા અને જેમકે મક્કાની એક બાજુ યમન છે, બીજી બાજુ સિરીયા છે એટલા માટે مَاحَوْلَكُمْ કહેવામાં આવ્યું) અને અમે તેમનો વિનાશ કરતા પહેલાં (તેમને માર્ગ ઉપર લાવવા માટે) વારંવાર પોતાની નિશાનીઓ (તેમને) બતાવી દીધી હતી જેથી તેઓ (કુફ્ર અને શિર્કથી) પાછા ફરે (પરંતુ પાછા ન ફર્યા અને નાશ પામ્યા) બસ અલ્લાહના સિવાય જે જે વસ્તુઓને તેમણે અલ્લાહની નજદીકી પામવા માટે પોતાના મઅ્બૂદ બનાવી રાખી હતી (કે તેઓ મુસીબતમાં અમારા કામ લાગશે પરંતુ વિનાશ અને અઝાબના સમયે) તેમણે તેમની મદદ કેમ ન કરી ? બલકે તે સૌ તેમનાથી ગાયબ થઈ ગયા અને તે(ઓનું મઅ્બૂદ અને સિફારસ કરનાર હોવાનું સમજવું) માત્ર તેમની ઘડેલી અને ઉપજાવી કાઢેલી વાતો છે (અને તેઓ વાસ્તવમાં ન તો સિફારસ કરનાર હતા અને ન જ પૂજાપાત્ર હતા).

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૨૯ થી ૩૨)

وَاِذْ صَرَفْنَآ اِلَيْكَ نَفَرًا مِّنَ الْجِنِّ يَسْتَمِعُوْنَ الْقُرْاٰنَ ۚ فَلَمَّا حَضَرُوْهُ قَالُوْٓا اَنْصِتُوْا ۚ

فَلَمَّا قُضِيَ وَلَّوْا اِلٰى قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿٢٩﴾ قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا كِتٰبًا اُنْزِلَ

مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِيْٓ اِلَى الْحَقِّ وَاِلٰى طَرِيْقٍ
مُّسْتَقِيْمٍ ﴿٣٠﴾ يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ وَاٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ
وَيُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٣١﴾ وَمَنْ لَّا يُجِبْ دَاعِيَ اللّٰهِ فَلَيْسَ بِمُعْجِزٍ فِي
الْاَرْضِ وَلَيْسَ لَهٗ مِنْ دُوْنِهٖٓ اَوْلِيَاۗءُ ۭ اُولٰۗىِٕكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٢﴾

તરજુમો :

અને (યાદ અપાવો) જે સમયે અમે તમારા તરફ કેટલાયને જિન્નાતોમાંથી ધ્યાનિત કરી દીધા, કુર્આન સાંભળવા લાગ્યા, પછી જ્યારે ત્યાં (નજીક) પહોંચી ગયા; બોલ્યા, ચૂપ રહો; પછી જ્યારે પૂરું થયું, (ત્યારે) પાછા ફર્યા પોતાની કોમને ડર સંભળાવતા. (૨૯) બોલ્યા, હે અમારી કોમ ! અમે એક કિતાબ સાંભળી જે મૂસા (અલૈ.) પછી ઊતરી છે, બધી આગલી કિતાબોને સાચી ઠેરવનારી, સાચા દીનની દોરવણી કરે છે અને એક સીધા માર્ગની. (૩૦) હે અમારી કોમ ! અલ્લાહના "દાઈ"(આમંત્રણ આપનાર)ને માનો અને તેના ઉપર ઈમાન લાવો કે (અલ્લાહ) તમને તમારા કંઈ ગુનાહ બખ્શે અને તમને એક દર્દનાક અઝાબથી બચાવે. (૩૧) અને જે કોઈ અલ્લાહના બોલાવનારને માનશે નહીં તો તે પૃથ્વીમાં દોડીને (અલ્લાહને) થકાવી શકશે નહીં અને તેનો તેના (અલ્લાહના) સિવાય કોઈ સહાયક નથી અને તે લોકો ખુલ્લી ગુમરાહીમાં છે. (૩૨)

તફસીર :

(હે નબી ﷺ !) અને (તે સમયના પ્રસંગને વર્ણન કરો) જ્યારે કે અમે જિન્નાતોના એક સમૂહને તમારા તરફ લઈ આવ્યા જેઓ (અત્રે પહોંચીને) કુર્આન સાંભળવા લાગ્યા હતા, મતલબ કે જ્યારે તે લોકો કુર્આન(પઢવાના સ્થળ) પાસે આવી પહોંચ્યા તો (પરસ્પર) કહેવા લાગ્યા કે ચૂપ રહો ! (અને આ કુર્આનને સાંભળો) પછી જ્યારે કુઆન પઢવામાં આવી ચૂક્યું (એટલે કે જેટલું તે વખતે પયગમ્બર ﷺએ નમાઝમાં પઢવાનું હતું તે પૂરું થઈ ચૂક્યું) તો તે લોકો (તેના ઉપર ઈમાન લઈ આવ્યા અને) પોતાની કોમની પાસે (તેની) ખબર પહોંચાડવા

માટે પાછા ગયા (અને જઈને તેમને) કહેવા લાગ્યા, હે અમારી કોમ ! અમે એક (વિસ્મયકારી) કિતાબ સાંભળીને આવ્યા છે જે મૂસા (અલૈ.) પછી ઉતારવામાં આવી છે જે પોતાનાથી આગલી કિતાબોની ખરાઈ કરે છે (અને) સત્ય (દીન) અને સીધા માર્ગ તરફ દોરવણી કરે છે (આ તો દીને ઈસ્લામની સચ્ચાઈની સાબિતી અને તેની જાહેરાત છે, આગળ તેના કબૂલ કરવાનો હુકમ છે, પ્રથમ પ્રોત્સાહન સ્વરૂપે અને પછી ધમકી સ્વરૂપે એટલે કે) હે અમારી કોમ ! તમે અલ્લાહ તરફ બોલાવનારનું કહ્યું માનો (આ અલ્લાહ તરફ બોલાવનારનો ભાવાર્થ "દાઈ" એટલે કે કુર્આન અથવા તો નબી અથવા નિશાનીઓ છે) અને (કહેવું માનવું એ છે કે) તેના ઉપર ઈમાન લઈ આવો (તેમાં ઈશારો થયો છે કે તે ઈમાન લાવવું અલ્લાહ તરફ આમંત્રણ આપનારની વાતનું માનવું છે અને કોઈ દુનિયવી સ્વાર્થ તરફ નહીં; બસ જો તમે એવું કરશો તો) અલ્લાહ તઆલા તમારા ગુનાહો મા'ફ કરી દેશે અને તમને કષ્ટદાયક અઝાબથી સુરક્ષિત રાખશે અને જે વ્યક્તિ અલ્લાહ તરફ બોલાવનારનું કહ્યું માનશે નહીં તો તે પૃથ્વી(ના કોઈ ભાગ)માં (નાસભાગ કરી અલ્લાહ તઆલાને) હરાવી શકશે નહીં (એટલે એ રીતે કે પકડાઈ ન શકે; એવું શક્ય જ નથી) અને (જેમકે તે પોતે નથી બચી શકતો એ જ પ્રમાણે) અલ્લાહ સિવાય અન્ય કોઈ તેનો હિમાયત કરનાર હશે નહીં (કે તે તેમને બચાવી શકે અને) એવા લોકો ચોખ્ખી ગુમરાહીમાં (સંડોવાયેલા) છે (કે દલીલો સ્થાપિત થઈ ગયા પછી અને આમંત્રણ આપનારના સત્ય હોવાનું સાબિત થઈ ગયા પછી પણ તેને ન માને).

મસ્અલા અને બોધપાઠ :

મક્કાના કાફિરોને સંભળાવવા માટે આનાથી આગળની આયતોમાં કુફ્ર અને અભિમાનની નીંદા અને તે નુકસાનકારક હોવાનું વર્ણન થયું છે, પ્રસ્તુત આયતોમાં મક્કાના નિવાસીઓને સ્વમાન યાદ અપાવવા માટે જિન્નાતોના ઈમાન લાવવાનો કિસ્સો વર્ણન કરવામાં આવ્યો છે કે જિન્નાતો તો અભિમાન અને ગર્વમાં તમારાથી પણ વધારે છે પરંતુ કુર્આન સાંભળીને તેમના દિલ પણ નરમ થઈ ગયા, તેઓ મુસલમાન થઈ ગયા, તમને તો અલ્લાહ તઆલાએ જિન્નાતોથી વધારે બુદ્ધિ અને સમજદારી બખ્શી છે પરંતુ તે છતાં તમે ઈમાન નથી લાવતા અને જિન્નાતના કુર્આન સાંભળવાની અને ઈમાન લાવવાની ઘટનાનું વર્ણન સહીહ

હદીષોમાં આ રીતે આવ્યું છે કે રસૂલે કરીમ ﷺના આગમન સમયે જ્યારે જિન્નાતોને આસમાનોની ખબરો સાંભળવાથી અટકાવી દેવામાં આવ્યા હતા તો આપ ﷺની નુબુવ્વત અને બઅ્ષત પછી જે જિન્નાતો આસમાની ખબરો સાંભળવા માટે ઉપર જતા તો તેના ઉપર شُهُبٌ ثَاقِبٌ (ઊલ્કાપિંડો) ફેંકીને તેમને ભગાવી દેવામાં આવતા, જિન્નાતોમાં તે વાતનું એ વર્ણન થયું કે આ બાબતનું કારણ જાણવું જોઈએ કે કઈ એવી ઘટના દુનિયામાં બની છે જેના કારણે જિન્નાતોને આસમાની ખબરોથી અટકાવી દેવામાં આવ્યા, જિન્નાતના વિવિધ સમૂહો દુનિયાના વિવિધ પ્રદેશોમાં આ બાબતની તહકીક માટે ફેલાઈ ગયા, તેમનો એક સમૂહ હિજાજ તરફ પણ પહોંચ્યો, તે દિવસે રસૂલે કરીમ ﷺ પોતાના અમુક સહાબા (રદિ.)ની સાથે બત્ન નખ્લહના સ્થળે ઉપસ્થિત હતા અને ઊકાજના વેપારી મંડી તરફ જવાનો ઈરાદો હતો, (અરબ લોકો વ્યાપારિક અને સામાજિક બાબતો માટે વિવિધ સ્થળો ઉપર ખાસ ખાસ દિવસોમાં બજાર લગાવતા હતા જેમાં દરેક પ્રદેશના લોકો એકઠા થતા, દુકાનો લગાવતા અને ઈજ્તેમાઓ અને સભાઓ થતી હતી, જેમકે આપણા સમયમાં પણ આ જ પ્રમાણેના પ્રદર્શનો અનેક ઠેકાણે થાય છે, તેમાંથી એક બજાર "ઊકાજ"ના સ્થળે પણ લગાવવામાં આવતું હતું, રસૂલે કરીમ ﷺ લગભગ દા'વત અને તબ્લીગ માટે ત્યાં જઈ રહ્યા હતા) આ સ્થળ "બત્ન નખ્લહ"માં આપ ﷺ સવારની નમાઝ પઢાવી રહ્યા હતા કે તે જિન્નાત ત્યાં પહોંચ્યા અને કુર્આન સાંભળી કહેવા લાગ્યા કે બસ તે નવી વાત આ જ છે જે અમારી અને આસમાની ખબરો વચ્ચે અવરોધ બની છે.

(રવાહુ ઈમામ અહમદ, બુખારી, મુસ્લિમ, તિરમિઝી, નસાઈ –ઈબ્ને અબ્બાસ દ્વારા)

એક રિવાયતમાં છે કે જ્યારે અહીંયાં આવ્યા તો પરસ્પર કહેવા લાગ્યા કે ચૂપ રહી કુર્આન સાંભળો, જ્યારે આપ ﷺ નમાઝથી ફારેગ થયા તો ઈસ્લામની સચ્ચાઈ ઉપર યકીન કરીને ઈમાન લાવીને પોતાની કોમની પાસે પાછા ગયા અને તેમને આ ઘટનાના મૂળ કારણની અને આ બાબતની ખબર આપી કે અમે તો મુસલમાન થઈ ગયા, તમારે પણ ઈમાન લઈ આવવું જોઈએ, પરંતુ રસૂલે કરીમ ﷺને તે જિન્નાતોના આવવા જવા અને કુર્આન સાંભળી ઈમાન લઈ આવવાની ખબર ન થઈ, એટલે સુધી કે સૂરએ જિન નાઝિલ થઈ જેમાં આપ ﷺને આ ઘટનાની ખબર આપવામાં આવી. *(રવાહુ ઈબ્ને મંઝર –અબ્દુલ મલિક દ્વારા)*

એક રિવાયતમાં છે કે આ જિન્નાતો "નસીબીન"ના સ્થળે રહેતા હતા અને કુલ નવ અથવા અમુક રિવાયતો પ્રમાણે સાત હતા, જ્યારે તેમણે પોતાની કોમને આ ખબર સંભળાવી અને ઈમાન લાવવાથી પ્રોત્સાહન આપ્યું તો પછી તેમનામાંથી ત્રણસો વ્યક્તિઓ ઈસ્લામ લાવવા માટે સેવામાં હાજર થયા. (રવાહુ અબૂ નઈમ, વાકદી –કઅ્બ બિન અહ્બાર દ્વારા અને રૂહુલ મઆનીમાંથી આ રિવાયતો લેવામાં આવી છે.) અને બીજી હદીષોમાં જિન્નાતોના આવવાની રિવાયત બીજા પ્રકારની પણ આવી છે પરંતુ કારણ કે આ વિવિધ ઘટનાઓ વિવિધ સમયોમાં બની છે એટલા માટે તેમાં કોઈ વિરોધાભાસ નથી અને તેનું સમર્થન એ રિવાયતથી પણ થાય છે જે તબરાનીએ અવષતમાં હઝરત ઈબ્ને મરદૂયાએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરી છે કે જિન્નાત રસૂલે કરીમ ﷺની સેવામાં વારંવાર હાજર થયા.

ખફ્ફાઝીએ કહ્યું છે કે હદીષોની રિવાયત એકઠી કરવાથી જાણ થાય છે કે જિન્નાતોના રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને લાભ ઉઠાવવાની ઘટનાઓ છ વખતે બની છે. (કઝા ફિ રૂહ, બયાનુલ કુર્આનમાંથી) આ જ ઘટનાની વિગત પ્રસ્તુત આયતોમાં વર્ણન કરવામાં આવી છે.

كِتٰبًا اُنْزِلَ مِنْۢ بَعْدِ مُوْسٰى તેમાં بَعْدِ مُوْسٰى (બઅ્દી મૂસા)ની શરતથી અમુક લોકોએ સમજ્યું છે કે આ જિન્નાતો યહૂદી હતા, કારણ કે હઝરત મૂસા (અલૈ.) પછી તો હઝરત ઈસા (અલૈ.) ઉપર ઈન્ઝીલ નાઝિલ થઈ, તેનું વર્ણન નથી કર્યું પરંતુ તેની કોઈ ખુલ્લી રિવાયત ઉપસ્થિત નથી અને ઈન્ઝીલનું વર્ણન ન કરવાથી તેમના યહૂદી હોવા ઉપર દલીલ અપૂરતી છે, કારણ કે ઈન્ઝીલનું વર્ણન ન કરવાનું એ કારણ પણ હોઈ શકે છે કે ઈન્ઝીલના મોટા ભાગના હુકમો તવરાતના તા'બે છે અને કુર્આન તવરાતની જેમ આગવી કિતાબ છે, તેના હુકમો અને શરીઅત તરાવતથી ઘણી અલગ પ્રકારની છે તો એવું બતાવવાનો હેતુ હોય કે તવરાત જેવી એક આગવી કિતાબ કુર્આન જ છે.

يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ માં શબ્દ مِنْ (મિન) "અમુક" વાસ્તવમાં تَبْعِيْض એટલે કે جُزْئِيَّت (અમુક)ના અર્થમાં આવે છે, જો કે અહીંયાં આ જ અર્થ લેવામાં આવે તો શબ્દ مِنْ (મિન)ને વધારવાનો ખુલાસો એ થશે કે ઈસ્લામ કબૂલ કરી

લેવાથી હુકૂકુલ ઈબાદત મા'ફ નથી થતા, એટલા માટે એવું ફરમાવવું યોગ્ય હશે કે અમુક ગુનાહ એટલે કે હુકૂકુલ્લાહ મા'ફ થઈ જાય છે અને અમુક લોકોએ આ શબ્દ مِنْ (મિન)ને વધારાનો ઠરાવ્યો છે જે અર્થઘટનની અત્રે જરૂરત નથી રહેતી.

આયતો : (સૂરએ અહકાફ : આયત નં. ૩૩-૩૪-૩૫)

أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَلَمْ يَعْيَ بِخَلْقِهِنَّ بِقَادِرٍ
عَلَىٰ أَنْ يُحْيِيَ الْمَوْتَىٰ ۚ بَلَىٰ إِنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٣٣﴾ وَيَوْمَ يُعْرَضُ الَّذِينَ كَفَرُوا
عَلَى النَّارِ ۖ أَلَيْسَ هَٰذَا بِالْحَقِّ ۖ قَالُوا بَلَىٰ وَرَبِّنَا ۚ قَالَ فَذُوقُوا الْعَذَابَ بِمَا
كُنْتُمْ تَكْفُرُونَ ﴿٣٤﴾ فَاصْبِرْ كَمَا صَبَرَ أُولُو الْعَزْمِ مِنَ الرُّسُلِ وَلَا تَسْتَعْجِلْ لَهُمْ ۚ
كَأَنَّهُمْ يَوْمَ يَرَوْنَ مَا يُوعَدُونَ لَمْ يَلْبَثُوا إِلَّا سَاعَةً مِنْ نَهَارٍ ۚ بَلَاغٌ ۚ
فَهَلْ يُهْلَكُ إِلَّا الْقَوْمُ الْفَاسِقُونَ ﴿٣٥﴾

તરજુમો :

અને શું જોતા નથી કે તે અલ્લાહ જેણે આસમાનો અને જમીન બનાવી અને તેને બનાવવામાં થાક્યો નહીં, તે સંપૂર્ણ શકિત ધરાવે છે કે મુરદાઓને સજીવન કરે, કેમ નહીં !? તે દરેક વસ્તુ કરી શકે છે ! (૩૩) અને જે દિવસે ઈન્કારીઓને આગની સામે લાવવામાં આવે (ત્યારે કહેવામાં આવશે), શું આ સત્ય નથી !? તેઓ કહેશે, કેમ નહીં ! અમારા પરવરદિગારની સોગંદ છે, (તો) કહેવામાં આવશે, તો ચાખો અઝાબ એનો બદલો જે તમે ઈન્કારી થતા હતા. (૩૪) બસ તમે ધૈર્ય દાખવો જેવું ધૈર્ય દૃઢ નિશ્ચયી રસૂલ દાખવે છે અને તેમની બાબતમાં ઉતાવળ ન કરો, આ લોકો જે દિવસે તે વસ્તુને જોઈ લેશે જેનો તેમને વાયદો છે, (તો તેઓને લાગશે) જેમકે ઢીલ પામી ન હતી પરંતુ દિવસની એક પળ ! તમારે પહોંચાડી દેવાનું છે, હવે તે જ લોકો નાશ પામશે જેઓ નાફરમાન છે. (૩૫)

તફસીર :

શું તે લોકોએ એ ન જાણ્યું કે જે અલ્લાહ તઆલાએ આસમાનો અને જમીનને પેદા કર્યા અને તેના પેદા કરવામાં જરા પણ થાક્યો નહીં ! તે એવી શક્તિ ધરાવે છે કે મુરદાઓને (કયામતમાં) સજીવન કરી દે (અને તે તેના ઉપર શક્તિમાન) કેમ ન હોય ! બેશક તે (તો) દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છે (આ તો સંભાવના સાબિત થઈ) અને જે દિવસે (તે ઉપસ્થિત થશે અને) તે કાફિર લોકો દોઝખની સામે લાવવામાં આવશે (અને તેમને પૂછવામાં આવશે કે) શું આ દોઝખ સત્ય હકીકત નથી ? (જેમકે દુનિયામાં તેના સત્ય હોવાનો નકાર કર્યા કરતા હતા كَمَا كَالَ تَعَالٰى عَنْهُمْ وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ) તેઓ કહેશે કે અમને પોતાના પરવરદિગારની કસમ ! અવશ્ય તે સત્ય હકીકત છે, ઈરશાદ થશે (વારું) પોતાના કુફ્રના બદલામાં (જેમાં દોઝખનો ઈન્કાર પણ સામેલ છે) આ (દોઝખ)નો અઝાબ ચાખો (આગળ રસૂલે કરીમ ﷺને આશ્વાસન આપવામાં માટે કહેવામાં આવ્યું કે જયારે તેમનાથી કુફ્રનો બદલો લેવાની જાણ થઈ) તો તમે (એવી જ) ધીરજ ધરો જેમકે અન્ય હિંમતવાળા (ઈચ્છાશક્તિ ધરાવનાર) પયગમ્બરોએ ધીરજ ધરી હતી અને તે લોકો માટે (અલ્લાહ તઆલાના બદલાની) ઉતાવળ ન કરો (જેને તમે મુસલમાનોના આશ્વાસન માટે ઈચ્છતા હતા અને આશ્ચર્યજનક બાબત એ છે કે તે અઝાબના હકદારો પોતે ઉતાવળ કરે છે અને તે આશ્ચર્યજનક હોવું દેખીતું છે કે વાદી જો પ્રતિવાદીની સજા જલદી ઇચ્છે તો એ સ્વાભાવિક છે પરંતુ પોતે પ્રતિવાદી જ સજાની ઉતાવળ કરે તો તે અત્યંત આશ્ચર્યની વાત છે, બસ જો કે અલ્લાહની હિકમતના કારણે તાત્કાલિક અઝાબ થશે નહીં પરંતુ નજરે જોવાના સમયે તેનો અસર તે જ થશે જે તાત્કાલિક અઝાબનો થાય છે કારણ કે) જે દિવસે આ લોકો તે વસ્તુને (એટલે કે અઝાબને) જોશે જેનો તેમને વાયદો કરવામાં આવે છે તો (તે સમયે અઝાબની કઠોરતા એવી જણાશે કે) જાણે આ લોકો (દુનિયામાં) દિવસની એક ક્ષણ જ રહ્યા છે (એટલે કે દુનિયાનો લાંબો સમયગાળો ખૂબ ટૂંકો જણાશે અને એવું લાગશે કે જાણે તાત્કાલિક જ અઝાબ આવી ગયો, આગળ કાફિરોને ચેતવણી આપવામાં આવે છે કે) આ (અલ્લાહ તઆલા તરફથી દલીલોની પૂર્ણતા માટે) પહોંચાડી દેવું છે (જે રસૂલે કરીમ ﷺ મારફત પહોંચી ચૂક્યું) બસ (ત્યારબાદ) તે જ બરબાદ થશે જે

નાફરમાની કરશે (કારણ કે આમંત્રણ પહોંચ્યા પછી કોઈ બહાનું બાકી ન રહ્યું અને રસૂલ ﷺનું તેમાં કોઈ નુકસાન નથી, આથી તાકીદ અને આશ્વાસન પણ થઈ ગયું).

મસ્અલા અને બોધપાઠ :

أُولُو الْعَزْمِ مِنَ الرُّسُلِ માં مِنَ الرُّسُلِ માં શબ્દ مِنْ (મિન) નિષ્ણાતોના મતે બધા રસૂલો હોવાની ચોખવટ દર્શાવવાનો છે, ન કે તેમાંથી અમુક રસૂલો હોવાના અર્થમાં છે, ભાવાર્થ એ છે કે બધા જ રસૂલો ઊંચી ઇચ્છાશક્તિ ધરાવનાર અને હિંમતવાળા જ થયા છે, જાણ થઈ કે દૃઢ નિર્ધાર ધરાવનાર હોવું અથવા હિંમતવાળા હોવું બધા જ અંબિયા (અલૈ.)નું લક્ષણ રહ્યું છે, અલબત્ત રસૂલો વચ્ચે સિફતોના દરજ્જામાં અમુક તફાવત અને ઓછું વત્તું હોવું કુર્આનના ઇરશાદોથી સાબિત થયેલ છે. تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ (૨:૨૫૩) એટલા માટે જે અંબિયા (અલૈ.) ઊંચી ઇચ્છાશક્તિ અને હિંમતની સિફતમાં બીજાઓથી વધારે વિશિષ્ટતા ધરાવતા હોય ખાસ તે રસૂલો માટે આ લકબ (ઉપનામ) સ્વરૂપે મશ્હૂર થઈ ગયું અને તેમને નિશ્ચિત કરવામાં પણ મતભેદ રહ્યો છે અને ઘણા લોકોનું નિવેદન એ છે કે ઊલૂલ અઝ્મ લકબ જેને આપવામાં આવ્યો છે તે તેઓ છે જેમનું વર્ણન સૂરએ અહઝાબમાં આવ્યું છે, وَإِذْ أَخَذْنَا مِنَ النَّبِيِّينَ مِيثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُوحٍ وَإِبْرَاهِيمَ وَمُوسَىٰ وَعِيسَى ابْنِ مَرْيَمَ.... (૩૩:૭) હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે દુનિયાના આનંદ પ્રમોદ અને નેઅ્મતો અને મુહમ્મદ (ﷺ) અને મુહમ્મદ (ﷺ)ની અવલાદ માટે શોભાસ્પદ નથી, કારણ કે અલ્લાહ તઆલા ઊલૂલ અઝ્મ (દૃઢ નિર્ધારવાળા ઉચ્ચ કક્ષાની ઇચ્છાશક્તિ ધરાવનાર)થી સબ્ર સિવાય અન્ય કોઈ વસ્તુ ઉપર રાજી નથી અને મને આ જ હુકમ આપ્યો છે, فَاصْبِرْ كَمَا صَبَرَ أُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ

સૂરએ અહકાફ પૂર્ણ થઈ. ૨૨ રજ્જબ સન હિજરી ૧૩૯૨ શનિવાર.



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ અહકાફનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૨૧ ડિસેમ્બર ૨૦૧૦ મુતાબિક ૧૪ મુહર્રમ હિજરી સન ૧૪૩૨.

મૂળ ઉર્દૂ મઆરિફુલ કુર્આનની સાતમી જિલ્દ પૂર્ણ થઈ.

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

❁ અનુક્રમણિકા ❁

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

કિતાબનું નામ : **મઆરિફુલ કુર્આન (ગુજરાતી)**

ભાગ : ૯ (નવ)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ – ૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)
સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : નવેમ્બર ૨૦૧૩ બ મુતાબિક મુહર્રમ ૧૪૩૫ હિજરી

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::	:: ઇંગ્લેન્ડમાં ::
જામિઅતુલ બનાત ટંકારીઆ મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ ફોન નંબર : (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨	Maulana Ismail Bhuta 101, Windsor Road, London E7 ORA (U.K.) Ph. (Fax) 020 8471 7866

ભાગ ૯

بسم الله الرحمن الرحيم

કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન


(પારહ : ...૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬...) ગુજરાતી

મૂળ લેખક

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ (રહ.)

અનુવાદક

ઇલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)



પ્રકાશક

હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ

ગુજરાત (ઇન્ડિયા)